1953 - 1963

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાનેવારી ૧, ૧૯૬૩, મંગળવાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

આફ્રિકા માટે શિલિંગ ૮

છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ફ વીર બનો: મહાવીર બનો! ફ

[તા. ૧૬-૧૨-૧૯૬૨ના 'ભૂમિપુત્ર'માં પ્રગટ થયેલ વિનોબાજીનું આ પ્રવચન-સંકલન ઉપયોગી અને મનનીય વાંચન પુરું પાડતું હોવાથી પ્રબુદ્ધ જીવનના વાચકો માટે તે અહીંયા સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. તંત્રી]

જ્યારે ચીનનું આક્રમણ થયું ત્યારે મેં ખૂબ શાંતિથી ને તટસ્થ ભાવે તે અંગે વિચાર્યું, તો હું એવા નિર્ણય પર આવ્યો કે આ નર્યું આક્રમણ છે અને અનુચિત છે. એ ભારત જેવા એક મિત્ર—રાષ્ટ્ર પરનું આક્રમણ છે, જેણે કેવળ મૈત્રીની ભાવના રાખી છે. ભારત હમેશાં વાટાઘાટને માટે તૈયાર હતું, તેમ છતાંયે ચીન તરફથી આજે આક્રમણ થયું છે તે બિલકુલ અયોગ્ય છે. સામ્યવાદી વિચારસરણી મુજબ પણ તે શોભાસ્પદ નથી. આ સામ્યવાદ નહીં પણ નરી રાજ્ય-વિસ્તારની લાલસા જ છે, પ્રદેશ—ભૂખ (Expansionism) જ છે.

આજના જમાનામાં આ પ્રકારની લાલસા ઘાતક છે. ભારતને માટે એ ગૌરવની વાત છે કે એણે રાજ્યવિસ્તારની લાલસા રાખી નથી. ભારતના ઈતિહાસમાં પણ એ ક્યાંય જોવા મળતી નથી. બાર વર્ષથી હું જનતા વચ્ચે ફરી રહ્યો છું, પરંતુ આવા પ્રકારની કોઈ લાલસા મેં ભારતમાં ક્યાંય જોઈ નથી. હું આ એક ભારતીય તરીકે નથી કહેતો પણ 'જય જગત્' ના સંદર્ભમાં આ કહું છું.

પંડિત નેહરુએ એમ સૂચવ્યું હતું કે બંને દેશોનો દાવો જે પ્રદેશ પર છે એટલા પ્રદેશમાંથી બીજાનો કબજો ઉઠાવી લેવામાં આવે અને બંને પક્ષ પોતપોતાના દાવા રજૂ કરે. ત્યારબાદ વાટા-ઘાટો ચાલે, જરૂર પડે તો લવાદીનો આશરો લેવાય અને આખરી ફેંસલો કરાય. મને લાગે છે કે, આ સૂચન બિલકુલ નિર્મળ છે અને તેમ છતાં જો આ સૂચનનો સ્વીકાર કરવામાં નથી આવતો તો મારા જેવા તટસ્થ માણસના ચિત્ત પર પણ તેની અસર થાય છે કે, ભારત પર આ લડાઈ લાદવામાં આવી રહી છે. અને આવી રીતે આક્રમણ થતું રહે તો કોઈ દેશ તે સહન ન કરી શકે, બલ્કે સહન કરવાથી દેશ આગળ ન વધી શકે. એટલા વાસ્તે મારી સ્પષ્ટ સહાનુભૂતિ ભારતની સાથે છે. જો કે, મને યુદ્ધમાં વિશ્વાસ નથી અને હું માનું છું કે, શસ્ત્ર-યુદ્ધથી નુકસાન થાય છે, છતાં યે મને લાગે છે કે, ભારત સામે આજે આ એક ધર્મયુદ્ધ આવી રહ્યું છે.

આવે વખતે મને સૌથી ઉપયોગી ગ્રન્થ ગીતા લાગે છે. ગીતા આધ્યાત્મિક, આંતરિક યુદ્ધની સાથોસાથ બહારના યુદ્ધને પણ ખ્યાલમાં રાખે છે. તે કોઈને નિર્વીર્ય નથી બનવા દેતી. એનો સંદેશ એ છે કે આપણામાં ક્રૂરતા, કઠોરતા ને કાયરતા ન હોવા જોઈએ, પણ વીરતા હોય. જે વીર હશે તે જ મહાવીર બનશે.

મહાવીરનો અર્થ છે—પ્રેમના આક્રમણથી સામેવાળાના દિલને જીતી લેવું. જ્યાં પ્રેમ હોય છે, ત્યાં પૂર્ણ નિર્ભયતા હોય છે. જે કાયર હોય છે તે મહાવીર નથી બની શકતો. જ્યારે નિર્વૈરતા ને નિર્ભયતા બંને હોય ત્યારે માણસ મહાવીર બને છે. મને લાગે છે કે, ભારતને પ્રથમ વીર બનાવીને પછી મહાવીર બનાવવાની ભગવાનની આ યોજના છે.

વીરતા ને ક્રૂરતામાં ફરક છે. ક્રૂર તે છે જે પોતાના સ્વાર્થ માટે બીજાનો સંહાર કરે છે અને વીર તે છે જે ન ક્રૂરતા રાખે છે, ન ડર રાખે છે, પણ ન્યાય ને માનવતાના રક્ષણ માટે મરી ફીટે છે. એટલા વાસ્તે વીરતાનો અહિંસાની સામે કોઈ વિરોધ નથી. અહિંસાનો વિરોધ ક્રૂરતા ને સ્વાર્થની સામે છે. વીરોને બચાવને માટે ધર્મ-યુદ્ધ કરવું પડે તો તેમાં તેમને અહિંસાનો ટેકો હોય છે. અહિંસા એ વીરતાનું ખંડન નથી, પણ તે વીરતાથીયે ઉપરની ચીજ છે. વીરતા અહિંસાની નજીક છે, એટલે તેને અહિંસાનો ટેકો પ્રાપ્ત થાય છે.

અહિંસા તો વીરોની હોય છે. આજ સુધી જે અહિંસા ચાલી તેમાં યે છેવટે ગાંધીજીએ જોયું કે, તે નિર્બળોની અહિંસા હતી. તેઓ તો ઈચ્છતા હતા કે વીરોની અહિંસાનું આચરણ થાય, પણ લોકોએ જે અહિંસા ચલાવી તે વીરોની નહીં પણ લાચારીની હતી. એવી હાલતમાં અહિંસા ક્યાંથી પાંગરે? જ્યારે વીરતા આવે ત્યારે અહિંસાનો વિકાસ થાય. કૉલેજમાં કોણ જાય? જે મેટ્રિક પાસ કરે તે જ કૉલેજમાં જઈ શકે. એટલે આજે અહિંસાને માટે આ એક મોકો આવ્યો છે.

ક્રૂરતા અને કાયરતા છોડવાથી જ બહાદુરી આવે છે. જે ક્રૂર નથી અને કાયર પણ નથી યાને નિર્ભયતાથી જે સામનો કરે છે તે વીર છે. જે કોઈ પણ પ્રકારના શસ્ત્ર વિના મરવા માટે તૈયાર થાય છે અને બીજાને મારવાની કલ્પના સુદ્ધાં નથી કરતો તે મહાવીર છે. આપણે ભારતમાં સહુને વીર બનાવવા છે અને બની શકે તો મહાવીર પણ. મહાવીર બનવાનો આદર્શ સામે રાખીશું તો ઓછામાં ઓછા વીર તો બનીશું જ. સંતોના રાહ પર ચાલીને મહાવીર બનો અને મહાવીર ન બની શકતા હો તો વીરોની પરંપરાએ ચાલીને વીર બનો. આ આદર્શ આજે ભગવાને આપણી સામે રાખી દીધો છે.

('બંગાળ-યાત્રા' નાં
પ્રવચનોમાંથી સંકલિત.)

વિનોબા

વિજ્ઞાનની દોટ

એ સત્ય કાજે ન ઘડીય જંપવું.
જવાળામુખીના મુખમાં પ્રવેશવું,
ઢંઢોળવાં ઉન્નત શૃંગ અદ્રિનાં
ને પેંગડામાં સ્થળકાળને લઈ,
બ્રહ્માંડ કેરાં તળિયાં તપાસવાં
તૂટો, તૂટો, સૌ ભ્રમમાળ તૂટો,
જૂઠા તૂટો કીરત કોટ સર્વ.
તૂટો ભલે સૌ સ્થળકાળ ભીંતડાં,
કે ચિત્ત તૂટો મુજ વિશ્વ માપતું.
પરંતુ પાયા સતના તૂટો ના,
ને ભાવી આશા લગીરે ખૂટો ના.

ઉમાશંકર જોશી.

‘પુણ્યવિજયજી સાથેની મારી પરિચયકથા’

(પહેલી ડીસેંબરના અંકથી ચાલુ)

ધર્મ અને વિદ્યાને લગતા વિચારો

મહારાજશ્રી પુણ્યવિજયજી જૈન ધર્મની પરંપરાના તેમ જ પ્રાચ્ય-વિદ્યાના સંશોધનવિકાસની પરંપરાના એક વિશિષ્ટ પ્રતિનિધિ કહી શકાય એવી વ્યક્તિ છે. તેથી તેમની આ જયંતી પ્રસંગે ધર્મ અને વિદ્યાને લગતા થોડાક વિચારો રજૂ કરવાનું પ્રસ્તુત લેખાય.

અહીં જૈનેતરો વિશેષ હશે, છતાં જૈન ગણ પ્રધાન હોવાનો, તેથી જૈનપરંપરાને લક્ષીને કહું તો પણ તે બધી પરંપરાને લાગુ પડી શકે એ દૃષ્ટિએ જ જે કાંઈ કહેવાનું છે તે કહેવા ધારું છું.

ધાર્મિક વિકાસનો માર્ગ

વ્યક્તિ અને સમષ્ટિના જીવનમાં સામાન્ય રીતે ધર્મની ત્રણ અવસ્થાઓ ક્રમથી આવે છે. પહેલી અવસ્થા બાહ્ય આચાર, ઉપાસના અને બાહ્ય ક્રિયાકાંડની હોય છે. બુદ્ધિ અને સમય પાકતાં એમાં સમજણ, જ્ઞાન યા તત્ત્વચિંતનનું તત્ત્વ ઉમેરાય છે અને સંસ્કારોનો ઠીક ઠીક પરિપાક થતાં જીવનશુદ્ધિનું મૌલિક ઝરણું પણ ઉદયમાન થાય છે. સામાન્ય રીતે આ ત્રણ અવસ્થાઓ બધી જ ધર્મપરંપરાઓમાં જોઈ શકાશે. પણ અહીં આ વસ્તુ સમજાવવા ખાતર ગુજરાતના પ્રાચીન ભક્ત કવિ નરસિંહ મહેતાનો દાખલો સૌને ઉપયોગી થઈ પડે તેવો છે.

નરસિંહ મહેતાએ પોતાનાં અનેક પદોમાં વૈષ્ણવભક્ત તરીકે શ્રીકૃષ્ણના ગુણોનું ગાન કર્યું છે, પણ સાથે સાથે કેટલાંય પદોમાં તેમણે તિલક, તુલસીની માળા અને નૈવેદ્ય આદિને વૈષ્ણવભક્તના વિશિષ્ટ લક્ષણ તરીકે ગાઈ તેનો સમાજમાં પુરસ્કાર કર્યો છે. આ તેમની વૈષ્ણવધર્મની પ્રાથમિક યા બાહ્ય ઉપાસના થઈ. પણ નરસિંહ મહેતાનો જીવ એ ભૂમિકાએ જ થંભી જાય તેવો પ્રમત્ત ન હતો. તેથી જ્યારે તેઓ જ્ઞાન અને વિચારના ઊંડાણમાં ઉતરે છે, ત્યારે તેમની ભૂમિકા બદલાઈ જાય છે. એમનાં ભજન—પ્રભાતિયાં આ વાતનું પ્રકાશમાન ઉદાહરણ છે. “જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં.” ઈત્યાદિ ભજનો માત્ર પ્રભાતમાં જ નહિ, પણ ગમે ત્યારે ગાતાં ગાનારના જીવનમાં સમજણનું પ્રભાત ઊઘાડે તેવાં છે. નરસિંહ મહેતા આ તત્ત્વચિંતનની ભૂમિકામાંય થોભતા નથી; અને એને “તત્ત્વજ્ઞાનનું ટીપણું” કહી એથી આગળ વધે છે. ખરો વૈષ્ણવ કોણ—કે ખરો હરિજન કોણ એ પ્રશ્ન એમના મનમાં ઊઠે છે. હવે એ પ્રશ્નનો ઉત્તર તેઓ બાહ્ય ટીલાં—ટપકાં કે તત્ત્વજ્ઞાનના ટીપણામાંથી નથી આપતા, પણ તેઓ જીવનને કસોટીએ ચડાવે એવા જીવનશુદ્ધિપ્રેરક, સદાચાર અને ઉદાત્ત માનવીય સદ્‌ગુણો દ્વારા આપે છે. તેઓ કહે છે કે, “જે પરની પીડા જાણે અને બીજાનાં દુઃખ નિરભિમાનપણે નિવારે તે જ વૈષ્ણવજન.’ અને જે કોઈ હરિ એટલે પ્રભુ યા પરમાત્માને ભજે તે ગમે તે દેશ, કાળ કે જાતિના હોય—બધા જ હરિના જન. એમણે વૈષ્ણવજન કે હરિજન પદની વ્યાખ્યા ‘વૈષ્ણવ જન તો તેને કહીએ’ એમાં આપી છે. તેઓ પોતે વૈષ્ણવ પરંપરામાં જન્મેલા અને સંસ્કાર પામેલા. લોકો પણ તેમને વૈષ્ણવ તરીકે ઓળખતા. તેથી એમણે ‘વૈષ્ણવ જન’ શબ્દ લઈ તેની વ્યાખ્યા કરી; પણ એ વ્યાખ્યા એમણે એવા અલૌકિક અને ઉદાત્ત ભાવથી કરી, અને એમાં પોતાના ઊંચ-નીચ ભાવને સર્વથા ભૂલી જઈ સમાન ભાવે વ્યવહાર કરવાનું એવું બળ પૂર્યું કે, જેથી એ ‘વૈષ્ણવ’ શબ્દ સાંપ્રદાયિક હોવા છતાં ખરા અર્થમાં સાચી માનવતાનો દ્યોતક બની ગયો. સાચી માનવતાનો દ્યોતક એટલે કોઈ પણ ધર્મ-પરંપરાનો અનુયાયી વૈષ્ણવ જનને બદલે જૈન જન, બૌદ્ધ જન, શૈવ જન, મુસલમાન કે ખ્રિસ્તી એ શબ્દો વાપરીને પણ એ ભજનને પોતાનું કરી ગાઈ શકે.

ધાર્મિક વ્યક્તિનું જીવન કેવી રીતે વિકાસ પામે છે તેનો આ એક જાણીતો દાખલો છે. પણ આવા જ્ઞાની અને સંત બધી જ ધર્મપરંપરાઓમાં નાની સંખ્યામાં પણ મળી આવે છે. સામાન્ય સમાજ બહારના આચારો અને ક્રિયાકાંડોમાં રચ્યો પચ્યો રહે છે. અને આવા ક્રિયાકાંડો ગ્રંથ અને ફિરકાભેદે જુદા પડવાના. આ જુદાઈ જોઈ એક ધર્મસમાજ બીજા ધર્મસમાજને પોતાથી ભિન્ન અને ઘણી વાર વિરુદ્ધ લેખવાના સંસ્કારો પોષતો હોય છે, અને તેમાંથી માત્ર વિવાદો જ નહિ, પણ ક્લેશો યુદ્ધો જન્મે છે.

ધર્મનો મુખ્ય હેતુ માણસને સાંકડા મનમાંથી મોટા મનનો બનાવવાનો છે, અને મોટું મન બન્યા સિવાય માણસ, બીજી ગમે તેટલી અને ગમે તેવી સગવડ હોવા છતાં, શાંતિ કે સંતોષ મેળવી શકતો નથી. એટલે જેઓ ખરી રીતે ધર્મની આરાધના અલ્પાંશે પણ કરવા ઈચ્છતા હોય તેમણે બહારનાં વિધિ—વિધાનો માત્રમાં રચ્યાપચ્યા ન રહેતાં પોતાના મનને વિકસિત કરવાનું પ્રાપ્ત થાય છે.

જૈન હોય કે જૈનેતર, દરેક પોતાના પંથમાં રહ્યા છતાં જો ઉપરની વાત ધ્યાનમાં રાખે તો પડોશમાં અને એક જ દેશ કે પ્રદેશમાં વસવા છતાં ધર્મની બાબતમાં જે એકબીજાથી સાવ અજાણ્યાપણું અને અતડાપણું કેળવાય છે તે દૂર થાય. જે ધર્મ માણસજાતને એક કુટુંબી તરીકે સાંધવા ઉદ્‌ભવ્યો છે તે જ ધર્મની અધૂરી અને એકાંગી સમજણથી માણસજાત એકબીજાથી સાવ વિખૂટી જેવી પડી ગઈ છે. એટલે ધર્મની સાચી સમજણ કેળવવી, એ એક જ ધ્યેય ધાર્મિકોનું હોઈ શકે. આવું ધ્યેય સમજાવવા કબીર, આનંદઘન, તુકારામ આદિ સંતોએ પ્રયત્ન કર્યો છે. છેલ્લો પ્રયત્ન મહાત્મા ગાંધીજીનો કહી શકાય. આજના પ્રસંગે આપણે સર્વધર્મ-સમભાવની દિશામાં આટલું સમજીએ તો મહારાજશ્રીની જયંતી ઊજવવાનું થોડુંક પણ સાર્થક્ય થયું ગણાય.

વિદ્યાવિકાસનો માર્ગ

હું અત્યારે જાણીને જ કેવળ જૈન પરંપરાને અનુલક્ષીને વિદ્યા-વિષે કાંઈક કહેવા ધારું છું. આમ તો મારા મનમાં જૈન પરંપરાના બધા ફિરકા સમાનભાવે વર્તમાન છે. પણ આજના પ્રસંગે કેવળ શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરાને અનુલક્ષીને જ કહું તો તે વિશેષ ઉપયોગી ગણાય. અલબત, મારા આ કથનમાંથી બીજા ફિરકાઓ પણ, કાંઈક ગ્રાહ્ય લાગે તો, તે ઉપર વિચાર કરી શકે.

શ્વે. મૂ. પરંપરાની કેટલીક વિશેષતાઓ

શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરાની કેટલીક વારસાગત લાંબા કાળની વિશેષતાઓ છે, જે અમુક અંશે અત્યારે પણ સુરક્ષિત છે અને તે જાણવી જરૂરી છે. પહેલી વિશેષતા એમના ભંડારોની સમૃદ્ધિ છે. હું જાણું છું ત્યાં સુધી, આ પરંપરાના ભંડારો જેવા સમૃદ્ધ અને અનેક વિષયને સ્પર્શતા તેમ જ અનેક ઈતર પરંપરાઓના સાહિત્યનો પણ સંગ્રહ ધરાવતા ભંડારો કદાચ ઈતર જૈન ફિરકા-ઓ પાસે નથી. અલબત્ત, દિગંબર પરંપરા પાસે ભંડારની સમૃદ્ધિ ઠીક ઠીક છે અને તે પ્રાચીન પણ છે; છતાં શ્વેતામ્બરીય ભંડારોમાં છે તેટલી વિશેષતા એમાં નથી.

બીજી વિશેષતા એ છે કે, આ પરંપરામાં સાધુઓની અવિચ્છિન્નતા બરાબર સચવાઈ છે. ભલે ગણ, ગચ્છ, આદિના ભેદો અને વિસંવાદો રહ્યા હોય, છતાં સાધુપરંપરાનો વિચ્છેદ ક્યારેય થયો નથી.

ઉપરની બે વિશેષતાઓને કારણે આ પરંપરાએ સાધુગણમાં વિદ્યાની ઉપાસનાને ઠીક ઠીક મોકળાશ આપી છે અને અત્યારે પણ એ ઉપાસનાનો પ્રવાહ ચાલુ છે જ.

કેટલીક નબળાઈઓ

આમ છતાં આ પરંપરામાં વિશેષતાઓ સાથે જે દુઃખદાયક નબળાઈઓ પોષાતી રહી છે, અને ઉત્તરોત્તર વધારે ને વધારે

પોષાતી જાય છે, એ તરફ વિશેષ લક્ષ આપવાની જરૂર છે. એ સિવાય, આપણે સૌ ઈચ્છીએ છીએ તેમ, વિદ્યાબળ કે ચારિત્રબળ ન સચવાઈ શકે, ન વિકસી શકે.

પહેલી નબળાઈ તો ગણ-ગચ્છનો ભેદ વિરોધમાં પરિણમ્યો છે તે છે. આ વિરોધમાંથી એકબીજા પ્રત્યે બહુમાનની અગર ગુણગ્રાહિતાની દૃષ્ટિ લગભગ લોપાયા જેવી થઈ ગઈ છે. સાથે આહારવિહારની વાત તો બાજુએ રહી, સહવાસ સુદ્ધામાં અને વિદ્યાના વિનિમયમાંય એ વિરોધના ઓળા પથરાયેલાં છે. એક જ ગચ્છના જુદા જુદા આચાર્યોના સમુદાયોમાં પણ પારસ્પરિક, સાધુત્વયોગ્ય ઉદારતા ભાગ્યે જ રહી છે; એટલું જ નહીં, એ દોષે એક જ આચાર્યના સમુદાયમાં વર્તતા મુનિઓ વચ્ચે પણ માનસિક ઐક્ય નબળું પાડ્યું છે અને જાણે દરેક મુનિ પોતાની આવડત અને શક્તિનો પરચો, પોતાનો જુદો ચોકો જમાવવામાં જ બતાવતો ન હોય એવી સ્થિતિ દેખાય છે. આ આજની કરુણ સ્થિતિ એકાએક નથી આવી. સેંકડો વર્ષ પહેલેથી આનાં બીજ પોષાતાં આવ્યાં છે, અને અત્યારે, જ્યારે વિદ્યા તેમજ ચારિત્ર્યની દૃષ્ટિએ વધારે સુસ્થિર અને સબળ થવાની જરૂરિયાત ઊભી થઈ છે, ત્યારે ઉપરનો સૂચિત દોષ વધારે સાલે છે અને આગળ વધતાં અટકાવે છે.

ઉપરની નબળાઈનાં દેખીતાં પરિણામો આ છે:—

(૧) કોઈ વિદ્વાન અને સમર્થ અભ્યાસી સાધુ હોય તો તેને કોઈ યોગ્ય શીખનાર મળે નહીં, અને એ વ્યક્તિના જીવન સાથે જ એની બધી વિદ્યાતપસ્યાનો અંત આવે છે.

(૨) કોઈ ઉત્કટ જિજ્ઞાસુ અને બુદ્ધિશાળી શિષ્ય હોય, અને તેના પરિવારમાં કોઈ સમર્થ અભ્યાસી ગુરુ ન હોય તો એ જિજ્ઞાસુ અને સુપાત્ર મુનિની જિજ્ઞાસા પણ મહદંશે વણસંતોષાયેલ રહે છે. એકની પક્કવ વિદ્યાનો લાભ પડોસમાં રહેતા અને વિચરતા બીજા પરિવારના યોગ્ય સાધુ પણ લઈ ન શકે એવી એક જાતની, અણસમજની દીવાલ ઊભી થઈ છે!

(૩) પોતપોતાના શિષ્યોને જ ભણાવવાની ચિંતામાં ગુરુઓ અને વડા સાધુઓ એટલા બધા વ્યસ્ત રહે છે કે, તેમને અધ્યાપક આદિની સારી સગવડ મેળવવા સુખી સદ્‌ગૃહસ્થોનું યોગ્ય કે અયોગ્ય, અનેક જાતનું અનુસરણ કરવું પડે છે. અને જે જે વિષયો યોગ્ય જૈન વિદ્વાન સાધુઓ પાસેથી શીખી શકાય એવું હોય તે તે વિષયોમાં પણ ઈતર અધ્યાપકોને શરણે જવું પડે છે. આ શરણાગતિ ચિરકાલીન ગુલામી જેવી પણ બની ગઈ છે.

(૪) વિદ્યાવિનિયમના આ મહાન અંતરાયો કહેવાય. આ અંતરાયોએ બીજો દોષ એ જન્માવ્યો છે કે, સૌને જેમ પોતપોતાના જુદા ગ્રંથસંગ્રહો; તેમ દરેક લેખક-સંપાદક સાધુને પોતપોતાની જુદી જુદી ગ્રંથમાળાઓ. આ ગ્રંથમાળાઓમાંથી પરિગ્રહવૃત્તિ એવી જન્મે છે કે, જેની સાથે પાંચ મહાવ્રત પૈકી અપરિગ્રહ-મહાવ્રતનો કોઈ મેળ રહેતો જ નથી.

(૫) જે રીતે અત્યારે શાસ્ત્રીય અધ્યયન-અધ્યાપન સાધુગણમાં ચાલે છે તે મુખ્યપણે પ્રાચીન દૃષ્ટિને અનુસરીને ચાલે છે. એ દૃષ્ટિમાં જેમ ઈતર દર્શન-સંપ્રદાયોમાં હતું તેમ, જૈન સંપ્રદાયમાં પણ પરમતખંડન અને સ્વમતસ્થાપનની મુખ્ય વૃત્તિ રહેલી છે. સમાલોચના કરવી એ એક વસ્તુ છે, અને યેન કેન પ્રકારેણ પરમતનું નિરાકરણ કરવું એ જુદી વસ્તુ છે. માત્ર નિરાકરણ કરવું હોય ત્યારે દોષદૃષ્ટિ ખીલે છે, અને સમત્વ તેમ જ ગુણદૃષ્ટિ, જે સાધુતાનો પાયો છે, તે રૂંધાય છે. ખંડનમંડનની આ દૃષ્ટિનો વિકાસ એટલે સુધી થયો છે કે, જૈન પરંપરાના ચારે ફિરકાઓમાં આંતરિક સૌહાર્દ જેવું ભાગ્યે જ દેખાય છે.

(૬) ખંડનપરાયણ પ્રાચીન દૃષ્ટિએ થતા અધ્યયન—અધ્યાપનના સંભારમાંથી અત્યારની પ્રજાને જે જોઈએ છે તે ઉચ્ચ દૃષ્ટિબિંદુ તો લાધતું જ નથી; ઉપરાંત, માત્ર જુદા જુદા ફિરકાઓ વચ્ચે જ નહીં પણ એક જ ફિરકાના જુદા જુદા સમુદાયો વચ્ચે પણ સુમેળ સાધવાનું કામ અઘરું બની ગયું છે. અને નવા યુગનાં બળો તેમજ નવીન વિદ્યાઓના ઉપક્રમો તરફ તો ભાગ્યે જ કોઈ વિદ્વાન ગણાતા મુનિનું ધ્યાન પણ જતું હશે.

(૭) છેલ્લાં સવાસો વર્ષમાં પાશ્ચાત્ય વિદ્વાનોએ બધી જ ભારતીય વિદ્યાઓની શાખાઓને લગતું મૂલ્યવાન સંશોધન અને લેખન-કાર્ય કર્યું છે. એ બધાની વાત બાજુએ રાખીએ, અને માત્ર જૈન પરંપરાને અનુલક્ષીને પાશ્ચાત્ય વિદ્વાનોએ કરેલા સંશોધન અને લેખનને ઉદ્દેશીને કહેવું હોય તો પણ એમ કહી શકાય કે સમગ્ર જૈન પરંપરામાંથી એ નવયુગીન સંશોધન-લેખનને પૂર્ણપણે અવગત કર્યું હોય એવો કોઈ આચાર્ય કે સામાન્ય સાધુ ભાગ્યે જ મળશે. આવી જ્ઞાનવિચારદરિદ્ર પરિસ્થિતિમાં આશા રાખવી કે આપણો વિદ્વાન અને વિદ્યારસિક મુનિવર્ગ આધુનિક દૃષ્ટિને સમજી નવયુગને સંતોષી શકે એવાં વિદ્યાવિષયક કાર્યો કરે, તે અત્યારે તો અસ્થાને લાગે છે.

સાધુ-સાધ્વીઓ માટેના વિદ્યાલયની જરૂર

પરંતુ યુગબળ અને લોકોની જિજ્ઞાસાનું ઉત્કટ બળ એટલું બધું દબાણ કરી રહ્યું છે કે, હવે આ દિશામાં સમજદાર જૈન ગૃહસ્થને કે શાસનભક્ત મુનિગણને વિચાર્યા વિના અને કાંઈક એને અનુરૂપ પગલું ભર્યા વિના ચાલે તેમ જ નથી. આ રીતે વિચાર કરતાં આપણે એવે તબક્કે પહોંચીએ છીએ કે જેમાં કાંઈક રચનાત્મક એવું કામ કરવું જોઈએ, કે જેને લીધે પ્રથમ સૂચવેલ વિશેષતાઓ સંચવાય, નબળાઈઓ દૂર થાય અને નવોદિત વિદ્યાપ્રવાહોને ઝીલી આત્મસાત્ કરી શકાય. આ માટે મને અત્યારે એક જ વિચાર મુખ્યપણે રજૂ કરવાનું મન થાય છે; અને તે વિચાર સાધુ-સાધ્વીઓના વ્યવસ્થિત, સર્વગ્રાહી અને નવીન વિદ્યાપ્રવાહોનો પૂરો લાભ લઈ શકાય તેવા અભ્યાસની યોજના કરવાનો, અને તે માટે એક વિશિષ્ટ કહી શકાય એવા વિદ્યાલયની જવાબદારી લેવાનો.

સૂચિત વિદ્યાલય અમદાવાદ જેવા સ્થાનમાં જ યોગ્ય રીતે ચલાવી શકાય. ક્રમે ક્રમે બીજાં સ્થાનોને પણ આવરી શકાય. આવા વિદ્યાલયને સ્થાપવાનો અને ચલાવવાનો નિર્ણય લેવાય, તે પછી જ તેને લગતી બંધારણ, નિયામાવળી, અભ્યાસના વિષયો, એનો ક્રમ અને અધ્યાપક આદિ બાબતો વિશે વિશેષ વિચાર કરી શકાય અને જરૂર પડતાં આ વિચારણાને અંગે સુયોગ્ય સાધુ કે ઈતર વિદ્વાનો સાથે ચર્ચા પણ કરી શકાય. અત્યારે તો આવા વિદ્યાલયની કાંઈક ઝાંખી થઈ શકે એટલો જ નિર્દેશ ઉપર્યુક્ત ગણાય.

વિદ્યાલયની થોડીક રૂપરેખા

વિદ્યાલયના બે ભાગ હોય: એક સાધુઓને લગતો અને બીજો સાધ્વીઓને લગતો. પરંપરામાં સાધ્વીઓની સંખ્યા બહુ મોટી છે, અને તે વધતી પણ જાય છે. એમાં આધુનિક સ્કૂલ અને કૉલેજનું ઓછું-વધતું શિક્ષણ પામેલ બહેનો પણ હોય છે. એમાંથી કેટલીક સાધ્વીઓની જિજ્ઞાસા અને બુદ્ધિશક્તિ માન ઉપજાવે એવી પણ દેખાય છે. તેના પ્રમાણમાં તેને યોગ્ય રીતે સંતોષવા કે વિકસાવવાની કોઈ વ્યસ્થિત યોજના નથી. એવી સુયોગ્ય સાધ્વીઓની પૂર્વાશ્રમમાંની સહચરી બહેનો જ્યારે મહાવિદ્યાલય કે વિશ્વવિદ્યાલયના ઉચ્ચ શિક્ષણ દ્વારા સ્પૃહણીય યોગ્યતા મેળવે છે અને ઉચ્ચ વિદ્યાસ્થાનોમાં શાસ્ત્રીય વિદ્યાઓનું અધ્યાપન કરે છે, તેમ જ વધારામાં સૌનું ધ્યાન ખેંચે એવાં પુસ્તકો પણ લખે છે, ત્યારે એ જ કક્ષાની જિજ્ઞાસા અને બુદ્ધિશક્તિ ધરાવતી સાધ્વીઓ એવા વિદ્યાના ઉચ્ચ લાભથી તદ્દન વંચિત રહે છે. જૈન પરંપરામાં તો એક મૂળભૂત સિદ્ધાંત છે કે, સ્ત્રીશક્તિ એ પુરુષશક્તિ જેવી જ મહત્ત્વની છે. એક યા બીજે કારણે સાધ્વીઓની પરંપરામાં આ શક્તિ વિકાસ પામી નથી. આ યુગમાં, જ્યારે ચોમેર સ્ત્રીશક્તિનો વિકાસ થઈ રહ્યો છે, ત્યારે ગુરુપદ ધરાવતી સાધ્વીઓ એ ક્ષેત્રમાં પ્રછાત રહે

એ આધ્યાત્મિક દૃષ્ટિએ અને વ્યવહારદૃષ્ટિએ પણ તદ્દન અયોગ્ય ગણાય. એટલે સાધ્વીઓ માટેના એક સ્વતંત્ર વિદ્યાસ્થાનનું બહુ મહત્ત્વ છે.

સાધુઓને લગતા વિદ્યાલયમાં સામાન્ય રીતે એટલું તો હોવું જ જોઈએ કે જૈન પરંપરાની બધી જ પ્રાચીન - અર્વાચીન વિદ્યાશ્રેણીઓ અને બીજી વિશેષતાઓનું ઉંડું અધ્યયન - અધ્યાપન થતું રહે. પણ વધારામાં તે સાથે પાશ્ચાત્ય વિદ્વાનો દ્વારા કરાયેલ સંશોધન આદિનો યોગ્ય રીતે કાર્યસાધક પરિચય પણ કરાવવામાં આવે. સામાન્ય રીતે એવું દેખાય છે કે, સાધુ—સમુદાયમાં ભૂમિકારૂપ સામાન્ય જ્ઞાન બહુ અધૂરું હોય છે, અને કેટલીક વાર વિપર્યસ્ત પણ. આ યુગમાં એ ભૂમિકા વધારે ઊંચી અને વાસ્તવિક સધાય એ જાતનો પ્રબંધ વિદ્યાલયમાં આવશ્યક બની રહે છે.

અત્યાર લગી જે ખંડનપરાયણ દૃષ્ટિ રહી છે અને જે કેટલીક આવશ્યક વિદ્યાઓની તદ્દન ઉપેક્ષા થઈ છે, તે ત્રુટી હવે પછી ન રહે એ દૃષ્ટિએ અભ્યાસના દૃષ્ટિબિંદુમાં પરિવર્તન ઉપર તેમજ ઉપેક્ષિત વિદ્યાઓના પરિશીલન ઉપર પણ સવિશેષ ધ્યાન આપવામાં આવે. દા. ત. જૈન પ્રાચીન તેમજ મધ્યકાલીન વાઙ્મયના સહોદર જેવા સમાંતર બૌદ્ધ વાઙ્મયને લઈ કહેવું હોય તો એમ કહી શકાય કે, પ્રસ્તાવિત વિદ્યાલયમાં બૌદ્ધ થેરવાદ અને મહાયાન, એ બન્ને પ્રવાહોનું તેમના મૂળ ગ્રંથો દ્વારા જ અધ્યયન - અધ્યાપન આવશ્યક છે, જેથી જૈન આગમિક સાહિત્ય અને દાર્શનિક સાહિત્યની ઉચ્ચ ભૂમિકા ઉપર ઐતિહાસિક દૃષ્ટિએ તુલના કરી શકાય તેમજ કેટલીક ખૂટતી કડીઓની બન્ને પરંપરામાં પૂર્તિ પણ કરી શકાય.

પ્રસ્તુત વિદ્યાલયમાં વૈદિક વાઙ્મયની બધી જ મહત્ત્વપૂર્ણ શાખાઓનું, તેના મૂળ ગ્રંથો દ્વારા જ, અધ્યયન - અધ્યાપન ચાલે. આ તો ભારતીય પ્રાચીન વિદ્યાઓની વાત થઈ; પણ અત્યારે તો ભારતમાં બીજી પણ મહત્ત્વની ધર્મપરંપરાઓ સુસ્થિર છે. દા. ત.. પારસીઓની અવેસ્તા-પરંપરા, ક્રિશ્ચિયનોની ઉત્તરકાલીન તત્ત્વપરંપરા ઈત્યાદિ. જેમ પાશ્ચાત્ય દેશોનાં મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં ઉચ્ચ કક્ષાએ બધી જ ધર્મપરંપરાઓના અધ્યયન - અધ્યાપનની જોગવાઈ હોય છે, અને ભારતમાં પણ કેટલેક સ્થળે છે, તેવી જોગવાઈ પ્રસ્તુત વિદ્યાલયમાં હોય તો જ એ વિદ્યાલય આ યુગના નવીન વિદ્વાનોને આકર્ષી શકે.

સાધુપરંપરામાં અત્યારે કેટલાક સુવિદ્વાનો છે. તેમાં ય થોડાક તો એવા છે કે, જેમના તરફ કોઈપણ સુવિદ્વાન આકર્ષિત થયા વિના ન રહે. તે તે વિષયના આવા સુવિદ્વાન સાધુઓનો વિદ્યાલયને લાભ મળે, અને તે દ્વારા અત્યાર લગી પોષાયેલી સંકુચિત દૃષ્ટિનો અંત આવે, એ દૃષ્ટિએ વિદ્યાલયે તેવા વિદ્વાનોનો ઘટતો ઉપયોગ કરવાનો રહેશે. વૃદ્ધ હોય, પ્રૌઢ હોય કે તરુણ, પણ જે મુનિ પોતાના વિષયમાં નિષ્ણાત હોય અને આવા વિદ્યાલય મારફત પોતાની વિદ્યાનું વિતરણ કરવા ઈચ્છતા હોય, તેમને આ વિદ્યાલય પૂરતો અવકાશ આપે. અને અમુક ઉંમર કે સાધુજીવનની મર્યાદાને કારણે શીખનાર અને શીખવનારનો વિદ્યાલયના સ્થાનમાં સમાગમ મુશ્કેલ દેખાય ત્યાં સ્થૂલિભદ્ર ને ભદ્રબાહુના વિદ્યાવિનિમયના પ્રાચીન માર્ગનો અત્યારની દૃષ્ટિએ ઉપયોગ પણ થઈ શકે. રીત ગમે તે સ્વીકારાય, પણ એનો ઉદ્દેશ એક જ હોય કે, સાચા વિદ્વાનની આજન્મ સંચિત વિદ્યાનો વારસો કોઈપણ રીતે લોપ ન પામે. દા. ત. સર્વત્ર વિશ્રુત અને વયોવૃદ્ધ ઈતિહાસજ્ઞ ધન્યાસ કલ્યાણવિજયજીને ઉદ્દેશી કહેવું હોય તો એમ કહી શકાય કે તેઓ જ્યાં પણ વિદ્યમાન હોય ત્યાં ઉત્કટ જિજ્ઞાસુ, પરિશ્રમી અને વિનીત એવા ઉમેદવાર કે ઉમેદવારોને મોકલી આ વિદ્યાલય તેમની વિદ્યાઓનો વારસો સાચવે. મુનિશ્રી જંબુવિજયજી જેવા તરુણ - પ્રૌઢ સુવિદ્વાન મુનિ હોય, તો તેમને તો વિદ્યાલયમાં ઉપસ્થિત રહીને શિક્ષણ આપવા ને સંશોધનકાર્ય આગળ વધારવા આમંત્રિત કરવામાં આવે, એટલું જ નહીં પણ, એવા વિદ્વાન મુનિઓને પણ આગળ વધવા માટે જે જે વિદ્યાવિષયક સાધનસામગ્રીની જરૂર હોય તે વિદ્યાલય પૂરી પાડે. સાર એ છે કે, નવશિખાઉ શીખે, સુશિક્ષિત હોય તે શીખવે અને પોતાનો પણ વધારે વિકાસ કરે - એવી જોગવાઈ આ વિદ્યાલયમાં હોય.

આ વિદ્યાલયમાં એવી કક્ષાના પણ પ્રાધ્યાપકો કાયમ માટે અગર મર્યાદિત સમય માટે રોકવામાં આવે, કે જેના નામ અને કામથી કોઈ પણ સંસ્થા વિદ્યાલયની પ્રવૃત્તિનો લાભ લેવા લલચાય.

પ્રસ્તુત વિદ્યાલયમાં સંપાદન, લેખન અને પ્રકાશનને લગતી એવી જોગવાઈ કરવી ઘટે કે જેથી સંપાદિત, લિખિત અને પ્રકાશિત પુસ્તકો છીછરાં ન રહે, અને અત્યારની બધી સગવડનો પૂરો લાભ લઈ તેની ગુણવત્તા સધાય.

મહારાજશ્રીની ધર્મ અને વિદ્યાવિષયક જે વૃત્તિ અને ભૂમિકાનો મને થોડો પરિચય છે, એને જ બળે મેં આ અવસરે ધર્મ અને વિદ્યાની પ્રવૃત્તિના વિકાસને અનુલક્ષીને મારો વિચાર સંક્ષેપમાં દર્શાવવાનું યોગ્ય લેખ્યું છે.

શુભેચ્છા અને ટકોર

વિદ્યાસંપન્ન મુનિ શ્રી પુણ્યવિજયજીના જન્મજયંતીના ઉત્સવ પ્રસંગે મને આમંત્રણ મળ્યું તેને હું મારું અહોભાગ્ય માનું છું. એ મુનિશ્રી લાંબા વખત લગી શારીરિક અને માનસિક આરોગ્યપૂર્વક પોતાની વિદ્યાપ્રવૃત્તિ ચાલુ રાખી શકે એવી હાર્દિક અભિલાષા હું સેવું છું અને એ પ્રભુ પ્રત્યે પ્રાર્થના પણ કરું છું.

હું મુનિશ્રી પુણ્યવિજયજીના આરોગ્ય અને દીર્ઘ આયુષ્યની અભિલાષા સેવું છું એમ જ્યારે કહું છું ત્યારે, મારા મનમાં એ માટે જે જે કરવું ઘટે અને જે રીતે વર્તવું ઘટે એનો પણ ટુંકો નકશો છે, તે આ પ્રસંગે રજૂ કરવો જોઈએ. આરોગ્ય, દીર્ઘ આયુષ્ય અને તે સાથે તેમના હાથે અનેક કામો થવાની આશા છે—એ બધું સફળ ત્યારે જ થાય, જો એમનાં સમય, શક્તિ આદિનો નિરર્થક વ્યય ન થાય, તેમ જ એમના એકલા ઉપર કામનો અતિ ભાર પણ ન પડે. મેં એમની સાથેના લાંબા સહવાસ દરમ્યાન જોયું છે કે, જેમ ઈતર સાધુઓ પાસે, તેમ એમની પાસે પણ દિવસ-રાત જોયા વિના લોકોની અવરજવર ચાલુ રહે છે. મુનિશ્રી પોતે અતિ સરળ અને ઉદાર હોઈ કોઈને રોકી શકતા નથી; અને આવનાર પોતે એમનાં સમયશક્તિનો નિરર્થક વ્યય કેમ થઈ રહ્યો છે તે સમજતા નથી. પરિણામે મુનિશ્રીને છેવટે રાત્રે બબ્બે વાગ્યા સુધી જાગવું પડે છે, અને હાથ પરનું કામ પતાવવું પડે છે. તેઓશ્રી રાત્રે જાગે અને કામ કરે એ જુદી વાત છે, પણ દિવસ અને રાતના લાંબા સમય દરમ્યાન બીજાઓ સાથેની વાતચીત દરમ્યાન જે શક્તિ ખર્ચાય અને જે તાજગી ઓછી થાય તેનો બદલો તો બીજી કોઈ રીતે વાળી શકાતો નથી, અને પરિણામે આરોગ્ય તેમ જ જીવન ઉપર એની માઠી અસર થયા વિના રહી શકતી જ નથી.

આપણે ગાંધીજી જેવાને જોયા છે. તેઓ નાના મોટા, ભણેલ અભણ બધાને સમય આપતા; પણ એમની રીત એવી હતી કે તેઓ પોતાનો નિયત કાર્યકાળ અને પોતાની તાજગી સાચવી શકતા. મુનિશ્રી સ્વભાવે મિલનસાર અને ઉદાર હોઈ કોઈને આવતા કે મળતા રોકી ન શકતા હોય, તો આપણે આપણા તરફથી એવી ગોઠવણ કરવી જોઈએ કે જેથી ગમે તે માણસ ફાવે ત્યારે મુનિશ્રીની શક્તિને નિરર્થક ન વેડફે. આ માટે અમુક ચોક્કસ સમય નિર્ધારિત કરી શકાય. જો આવી કોઈ પાકાપાયાની ગોઠવણ ન હોય તો પછી આપણે તેમના હાથે અનેક મહત્વનાં કામો થવાની ધારણા સેવીએ તે માત્ર ઔપચારિક જેવી બની રહે. હું પોતે ગંભીર શાસ્ત્રવ્યવસાય કરનાર વ્યક્તિની શક્તિ કેવી રીતે સચવાઈ શકે તે અલ્પાંશે જાણું છું. અને મુનિશ્રીને હાથે અનેક ગંભીર કામો કરાવવાની અભિલાષા પણ સેવું છું. તેથી જ મેં ચોમાસામાં એકવાર મુનિશ્રીને વિસ્રબ્ધ સાથી તરીકે પત્ર લખેલો, જેમાં મેં વિનવણી કરેલી કે આપનો સવાર, બપોર અને રાતનો સમય બીજાઓ સાથેની અનેકવિધ ચર્ચામાં કે વ્યાખ્યાન આદિમાં જાય છે, તેમાંથી શક્ય હોય તેટલો ભાર ઓછો કરી હાથમાં લીધેલ કામ અને આરોગ્ય ભણી ધ્યાન આપો, જેથી ઉજાગરા કરવા ન પડે. આ ભાવનો મેં અનધિકાર ચેષ્ટા દાખવતો પત્ર લખેલો, જેનો ઉત્તર મળવો હજી બાકી છે.

મુનિશ્રી અંગેના મારા મનના ભાવો અને અન્ય આનુષંગિક વિચારો રજૂ કરવાની તક આપવા માટે કપડવંજના જૈન સંઘનો આભાર માનીને મારું આ વક્તવ્ય સમાપ્ત કરું છું.

સમાપ્ત

પંડિત સુખલાલજી

☆ વહેમનું સામ્રાજ્ય ☆

('મંગળ પ્રભાત'માં પ્રગટ થયેલ હિંદી લેખનો અનુવાદ)

નીચેનો કાગળ આવ્યાને બે મહિના થઈ ગયા. લેખકે સરળ ભાવે પોતાના વિચારો અને ગુંચવણો તેમાં વ્યકત કરી છે. લેખકે જે માનસિક સ્થિતિનું વર્ણન કર્યું છે તેવી હાલત આપણા દેશના લાખો તો શું પણ કરોડો લોકોની હશે. મને તેનો કાગળ સારો લાગ્યો પણ અષ્ટગ્રહના વિષયમાં હમણાં જ મેં લખ્યું છે એટલે જ્યોતિષના જ વિષયમાં ફરીને લખવાને મન વધ્યું નહિ.

એટલામાં મુંબઈથી એક હેંડબીલ આવ્યું, જેમાં મુંબઈના બે વિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષિઓનું સન્માન કરવાનું વિચારાઈ રહ્યું છે એમ જણાવીને પછી એ બન્નેની યોગ્યતાની બાબતમાં પણ કેટલુંક લખ્યું છે.

આ બે જ્યોતિષિઓમાંથી એકને હું ઓળખું છું. તે એક બહુ સરળ અને નિરભિમાની સજ્જન છે, અને જ્યોતિષિ હોવા છતાં લોભી નથી. એમનો મારા ઉપર વિશેષ પ્રભાવ પડયો હતો. ફલજ્યોતિષ પર જેવો એમને વિશ્વાસ છે તેવો મને નથી; હું રાખી શકતો નથી. જ્યોતિષ, હસ્ત સામુદ્રિક, મુખ સામુદ્રિક, શકુન, ભવિષ્યવાણી, ગેબી પ્રેરણા વગેરે બાબતો વિષે નાનપણથી હું સાંભળતો આવ્યો છું. તેના ઉપર વિશ્વાસ રાખવાના પ્રયત્નો કરી જોયા. અવિશ્વાસ રાખીને પણ અનુભવ કરી જોયો. સૂર્ય સિદ્ધાન્ત, ભૃગુસંહિતા વગેરે ગ્રન્થો વિષે પણ ઘણું સાંભળ્યું. ભૂતપ્રેતો સાથે વાતો કરવાનું સાધન પ્લેંચેટનો પણ ઉપયોગ કરી જોયો. ભૂતોની ખોજ કરવા માટે અમાસની મધરાતે સ્મશાનમાં જઈ આવ્યો ને ઊંડા કુવાઓ પણ શોધી આવ્યો. 'નરસોંબાની વાડી' વગેરે તીર્થસ્થાનોમાં જઈ ત્યાં એકઠા થતા ભૂતપ્રેતથી પીડાતા લોકોને પણ જોયા. Night Shade of Life જેવાં પુસ્તકો પણ વાંચ્યાં. દેશી ભાષામાં તો ભૂતોના ચમત્કારો વર્ણવનારાં કોણજાણે કેટલાયે ગ્રન્થો છે. હુલૂસ, દેવચાર, બ્રહ્મ-સમંધ, જીન, ફિડલ વગેરેના વિષયમાં નાનપણથી સાંભળતો આવ્યો છું. કહેવાની જરૂર નથી કે આ બધી બાબતો વિષે મેં ચિંતન પણ પુષ્કળ કર્યું છે.

લોકો મને પૂછે છે, "આપ ફલજ્યોતિષમાં માનો છો? ભૂત પ્રેતયોનિ ઉપર આપને વિશ્વાસ છે? જે ઉપનિષદોની આપના મન ઉપર આધ્યાત્મિક અસર પડી છે તેમાં પણ 'ગંધર્વ ગૃહિતા' કન્યાની હકીકત આવે છે. તેના ઉપર વિશ્વાસ રાખવાનું આપને માન્ય છે કે નહિ?" આવા આવા સવાલોના જવાબ અનેકવાર હું આપી ચૂકયો છું. એ જ જવાબ અહીં ટૂંકામાં હું આપવા ઈચ્છું છું, પણ તે પહેલાં ઉપર જણાવેલો પત્ર અહીં આપવો જરૂરી છે. તેમાં તે ભાઈ લખે છે:—

"ફલજ્યોતિષ સંબંધમાં શંકાઓ હોવા છતાં પૂર્વસંસ્કાર-વશ થઈને તેના ચક્કરમાં મન ખેંચાઈ જાય છે. મારા અને મારા પરિવારના સંબંધમાં જન્મપત્રી દેખાડવી, દીકરા દીકરીઓનાં સગપણ કરતી વખતે કુંડલીઓ મેળવવી વગેરેની ખટપટમાં હું પડી જાઉં છું. અને તેના પરિણામે ભવિષ્ય વિષે શંકા કુશંકા કરતું મન તત્કાળ યોગ્ય નિર્ણય કરી શકતું નથી.

"હું અંતઃકરણથી ઈચ્છું છું કે, આ માનસિક મુંઝવણો ટાળવા માટે આપના તરફથી કંઈક બૌદ્ધિક આધાર મળે. આપના જ્ઞાન અને અનુભવના આધારે આ બાબતમાં જો મને સવિસ્તર સમ-જાવવાની કૃપા કરો તો મારા ઉપર મોટો ઉપકાર કર્યો માનીશ, જેથી કરીને વહેમથી મુકત થઈને ભવિષ્યમાં તર્કબદ્ધ આધાર પર ચાલતાં હું શીખું."

આકાશના તારાઓ જોવા અને તેની ત્રિકોણ, ચતુષ્કોણ વગેરે આકૃતિઓ રચવી તેનો મને બચપણથી શોખ છે. ખુલ્લી બળદ-ગાડીમાં રાતના સૂતા સૂતા મુસાફરી કરવાના પ્રસંગો અનેકવાર મને મળ્યા છે, એટલે આકાશના તારાઓનો ને નક્ષત્રોનો તો હું ઘનિષ્ઠ સ્નેહિ થઈ ગયો છું. દૂર્બિનથી નક્ષત્રો જોવા, તેના વિષયમાં વાંચવું, સનાતન કાળથી આ ગ્રહ નક્ષત્રોમાં ભગવાનનું જે અજર અમર કાવ્ય રચાતું આવ્યું છે તેનો આનંદ માણવો અને તે રીતે વિશ્વ-નાથ ભગવાન ઉપરની ભકિત વિશેષ દૃઢ કરવી એ તો મારો સદાનો આનંદ રહ્યો છે.

આ ગ્રહ—નક્ષત્રોને નાનપણથી જોતો આવ્યો છું, ઓળખતો આવ્યો છું, એમની સાથે દોસ્તી કરી છે અને સહૃદય મિત્રો સાથે એ વિષયમાં ચર્ચાઓ પણ કરી છે. તારાઓનું સ્વરૂપ, એની ગતિ, એનું પ્રમાણ, એમનો પરસ્પરનો સંબંધ, એ બધું સમજવા માટે જરૂરી ગણિત અને વિજ્ઞાનનો પરિચય પણ સાધ્યો. આને લીધે મારો કાવ્યાનંદ વધ્યો, અને ભગવાનની ભકિતમાં એક નવી ખુશબો દાખલ થઈ. મેં મને પોતાને કલ્પનામાં એક વિરાટ પુરુષ કલ્પીને સૂર્યનો ગ્રહ પોતપોતાના ચન્દ્રો સાથે કેવી રીતે આસપાસ ઘૂમતો હશે, શનિનું વલય કેવું હશે, અનેકાનેક ચંદ્રોના કારણે તરેહતરેહનાં ગ્રહણો કેમ થતાં હશે, સૂર્યના પૃથ્વીની આસ-પાસના ભ્રમણના કારણે દિવસ, રાત્રિ, ઋતુ એ બધું કેમ નિપજતું હશે, સમુદ્રમાં ભરતી-ઓટ કેમ આવતી હશે એ બધાનું પ્રત્યક્ષ દર્શન કરવા લાગ્યો. તે પછી તેનાથી પણ અતિ વિરાટ પુરુષ કલ્પીને અસંખ્ય તારા, તેની નિહારિકાઓ અને આકાશગંગાના વિશાળતમ જગતનું વિશ્વરૂપ દર્શન પણ મેં મારી કલ્પનાની આંખોએ કર્યું. તારાઓના વિજ્ઞાનની ચોપડીઓ વાંચીને એક એક તારાના પેટમાં કેટલી ઉષ્ણતા છે, તપ્ત ધાતુઓનું તાંડવ કેવું ચાલે છે તેનો પણ અદ્‌ભુત સાક્ષાત્કાર મેં કર્યો.

અને તારાઓના સર્જક જે પરબ્રહ્મ, તેની નિહારિકાઓમાં પ્રવેશ કરવા તો મારી કલ્પનાની પણ હિંમત ન ચાલી. જેની દિશા પણ ન જાણીએ તેના આશીર્વાદ તો કયાંથી જ મળે? એમ ચીંતવી મારે પાછું ફરવું પડયું. સચરાચરમાં સર્વવ્યાપી એવી કલ્પના પણ જ્યાં થાકી જાય છે એવા અનંતકોટિ બ્રહ્માંડોનો ખ્યાલ કરવો એ પણ વેદાન્તની એક અદ્વૈત સાધના છે. વૈદિક ઋષિ અઘમર્ષણ કહે છે કે એવી સાધનાથી પાપ ધોવાઈ જાય છે. આ ત્યારે થાય કે, જ્યારે જ્યોતિષના વિરાટ વિશ્વરૂપ દર્શનની સાથે ઋત અને સત્યનો સાક્ષાત્કાર થાય.

ભૌતિક જ્યોતિષ અને ગણિત જ્યોતિષની સાથે માનવજાતિએ ફલજ્યોતિષના સંબંધમાં પણ પ્રયત્નો કર્યા છે. પણ એમ તો નહિ કહી શકાય કે, મનુષ્યજાતિના આ પ્રયત્નો તેની પરાકાષ્ટાએ પહોંચ્યા છે. ગ્રહો અને તારાઓની મનુષ્યજીવન પર અસર પડી શકે છે એવું અનુમાન કર્યા બાદ એ બધા ગ્રહોને જીવન્ત પુરુષો માની તેમને વ્યકિતત્વ આપવા માટે એ ગ્રહોની શાંતિના ઉપાયો શોધી કાઢયા.

જ્યારે આપણે નજરે જોઈએ છીએ કે, સૂર્ય—ચંદ્રની અસર સમુદ્રના પાણી ઉપર થાય છે, વનસ્પતિની નસોમાં વધઘટ થતા રસો ઉપર થાય છે, ત્યારે આપણે કેવી રીતે કહી શકીએ કે ગ્રહોની આપણા શરીર ઉપર કંઈ જ અસર નથી થતી? જે ઋતુમાં મનુષ્યનો જન્મ થયો હોય તે ઋતુની અસર તેના શરીરની સપ્તધાતુઓ ઉપર કંઈક તો પડે જ છે. વાત, પિત્ત અને કફ પર ઋતુની અસર થાય છે એ જેટલું સત્ય છે તેટલું એ પણ સત્ય છે કે આ અ—ક્ષરોની વૈજ્ઞાનિક શોધખોળ હજુ સુધી થઈ નથી. ઋષિમુનિઓના અતીન્દ્રિય યોગ-સામર્થ્યની આણ આપીને આપણે કેવળ કલ્પના, અવૈજ્ઞાનિક અનુ-માન અને ચોકખા વહેમોનો સેંકડો વરસો થયા બચાવ કરતા આવ્યા છીએ, અને લોકોની અંધશ્રદ્ધા, લોભ અને ભયને પોષ્યા કર્યા છે. પણ ન તો આપણા જ્ઞાનમાં વૃદ્ધિ થઈ છે કે ન જનતાનાં સ્વાસ્થ્ય કે કલ્યાણમાં કંઈ ફરક પડયો છે.

ફલજ્યોતિષના સંબંધમાં લોકો જ્યારે એકદમ વિશ્વાસપૂર્વક અને બહુ ભાર મૂકીને વાત કરે છે ત્યારે મારા જેવાઓને તેના ઉપર ઘૃણા ઉપજે છે અને એ લોકો પણ અમારી એ વૃત્તિને અશ્રદ્ધા અને નાસ્તિકતાનું નામ આપી જનમાનસને અમારી વિરુદ્ધ કેળવવાના પ્રયત્નો કરે છે. આ લીલા હંમેશા ચાલ્યા કરવાની છે.

જન્મપત્રિકા તૈયાર કરીને જન્મલગ્ન પ્રમાણે ફલ બતાવનારા અને તેના ઉપર વિશ્વાસ રાખનારા ઘણા લોકોને મેં જોયા છે. જેમ ભૂત ઉપર વિશ્વાસ રાખનારી જનતા તેવી વાતો શ્રદ્ધાથી સાંભળે છે તેમ ગ્રહોની અસર ઉપર વિશ્વાસ રાખનારા માણસો ગ્રહોની વાત પણ એટલા જ વિશ્વાસ રાખવાના આગ્રહ સાથે સાંભળે છે. અવિશ્વાસ રાખવાથી ગ્રહોનો શાપ ઉતરશે એવો ભય બતાવનારા લોકો તો હોય જ છે.

કહેવાય છે કે, ચંદ્રની આસપાસ કોઈ વાયુમંડળ નથી. ત્યાં ગરમી અને ઠંડી ધીમે ધીમે નથી વધતી, ચંદ્ર ઉપર સૂકો મહાસાગર છે. મૃત થયેલા જ્વાલામુખી પણ હશે. જે પ્રકારની જીવસૃષ્ટિને આપણે જાણીએ છીએ તેવા પ્રકારની જીવસૃષ્ટિ ચંદ્ર ઉપર નથી, હોઈ શકે પણ નહિ. એવા નિર્જીવ અને નિષ્પ્રાણ ચંદ્રમામાં મનુષ્ય જેવા રાગદ્વેષાદિ હોય તે આપણી જેવાઓ માટે માનવું મુશ્કેલ છે. જેઓ માનતા હોય તેઓને એમની શ્રદ્ધા મુબારક.

જ્યારે લોકો એમ કહે છે કે, મનુષ્યજીવન ઉપર ચંદ્રની અસર થાય છે, ત્યારે મારા મનમાં તરત વિચાર આવે છે કે, હું સજીવ, પ્રાણવાન, ચૈતન્યમૂર્તિ છું. મારી અસર અવશ્ય ચંદ્ર ઉપર થતી હશે. એનો હિસાબ બતાવનારા ગ્રન્થો આપણી પાસે કેમ નથી? જરૂર કોઈ એમ કહેશે કે એના ગ્રન્થો ચંદ્રલોકમાં હશે. હું એવા લોકો સાથે વાદવિવાદમાં નહિ ઉતરું.

ફલજ્યોતિષના ગ્રન્થો વાંચીને આપણા જીવન ઉપર ગ્રહોની થતી અસરની જે લોકો વાતો કરે છે તેમના ઉપર મને વિશ્વાસ નથી. કાકતાલીય ન્યાયે કદાચ કોઈ એકાદ બે વાત સાચી નીકળે તો પણ તેના ઉપર વિશ્વાસ રાખવાને હું તૈયાર નથી.

પંચાંગમાં એક 'અવકહડા ચક્ર' આપવામાં આવે છે. એ ચક્રની કોર ઉપર ગ્રીક વર્ણમાળા જેવા કેટલાક અક્ષરો લખેલા હોય છે. જોષીઓ આ ચક્રની મદદથી નવજાત બાળકના નામની રાશિ, તેનો દેવ, મનુષ્ય કે રાક્ષસ ગણ વગેરે બતાવે છે. આ બધાંની ચર્ચા અને તેની ભવિષ્યવાણી વગેરે સાંભળીને મારો તો પાકો નિશ્ચય થઈ ગયો છે કે આ બધું પાખંડ છે. જન્મપત્રી જોઈને લગ્ન નક્કી કરવા એ બિલકુલ ગલત વાત જણાય છે. જે લોકોએ જોષીઓને પૂછીને દીકરા દીકરીઓ પરણાવ્યા છે અને જેઓએ પૂછયા વગર પરણાવ્યા છે એ લોકોના અનુભવ પરથી સ્પષ્ટ થાય છે કે, જેમણે જન્માક્ષરની અનુકૂળતા જોઈને લગ્નો કર્યા છે તેમનાં લગ્નો વિશેષ સફળ થયાં છે એવું કશું જ નથી. વરકન્યાનાં કૂળ, પરંપરાગત રીત રિવાજ, કૌટુંબિક ઈતિહાસ, તેમના સ્વભાવ વગેરેનો ખ્યાલ કરીને લગ્નો નક્કી કરવાં જોઈએ. ગ્રહોની વાત વચમાં લાવીને માબાપ અને બીજાઓ પોતાની સાચી જવાબદારી ભૂલી જાય છે અને માને છે કે, ગ્રહોની અનુકૂળતા જોઈ લીધા પછી બીજું કંઈ જોવાની જરૂર નથી.

બાળકના જન્મ સાથે જ એની જન્મકુંડળી બનાવવી, અને એના ઉપરથી તેનું ભવિષ્ય વિચારી કોઈપણ નિર્ણય લેવો એ ખરેખર જીવનદ્રોહ છે. અંધ વિશ્વાસ રાખવો અને બાળકની બાબતમાં પહેલેથી અભિપ્રાય બાંધી લેવો એ ખરેખર બાળકો પ્રતિ અન્યાય છે.

વરસાદ ક્યારે થશે એનો અંદાજ કાઢવાનું એક વિજ્ઞાન છે. અંગ્રેજીમાં તેને—Meteorology. મીટીઓરોલોજી કહે છે. આપણા દેશમાં ખેડૂતોએ દીર્ઘકાળના અનુભવ પછી અને કંઈક નવા નવા અનુમાનો જોડીને પોતાનું એક ગ્રહમાન વિજ્ઞાન બનાવ્યું છે, જેને "સહદેવ - ભડલી - વાક્ય" કહે છે. ભોળા લોકોના યુગની આ એક વૈજ્ઞાનિક પદ્ધતિ હતી. એની કદર કરવી જોઈએ એ ખરું, પણ જો કોઈ ખેડૂત ગામના કોઈ જોષીને પૂછીને ખેતરમાં વાવણી કરે તો તે બુદ્ધિમાનનું કામ ન કહેવાય. લગ્નમાં મૂહૂર્ત જોવા, પ્રયાણ માટે જોષીને મુહૂર્ત પૂછવું એ એક વહેમનું અંગ છે.

આસામના ઈતિહાસમાં મેં વાંચ્યું છે કે, યુદ્ધ કરવા જતા લશ્કરની સાથે એક જોષી પણ રહેતો. તેને પૂછયા વિના સૈન્ય કંઈ કરી શકતું નહિ. એક વખત સેનાપતિ લાછિતફૂકનને લાગ્યું કે શત્રુ પર છાપો મારવાનો અનુકૂળ મોકો છે, તેણે જોષીને પૂછયું. જોષી મહારાજે મીન—મેષ ગણીને કહ્યું, "હમણા મુહૂર્ત સારું નથી, ગ્રહ અશુભ છે, મોટું નુકસાન થશે." સેનાપતિ ડાહ્યો હતો. એણે તો જોષીને ધમકી આપીને કહ્યું, "હમણા ને હમણા મુહૂર્ત કાઢી દે, નહિ તો તારું માથું ઉડાવી દઈશ." જોષી મહારાજને ગ્રહની અસર કરતાં સેનાપતિની તલવારની અસર વધારે થઈ અને ઝટ મુહૂર્ત કાઢી દીધું. સેના તે જ ક્ષણે રવાના થઈ ગઈ.

ફલજ્યોતિષ, સામુદ્રિક અને શકુન આદિ વહેમોની પાછળ કંઈ સત્ય છે કે નહિ એ પ્રશ્નનો ઉત્તર આપવો વ્યર્થ છે. હું તો બધાને કહું છું કે, આવા વહેમો રાખનારા માણસોના મન ઉપર—ગ્રહોની કહો કે એવા વહેમો કહો - બહુ મોટી અસર થાય છે. તે પોતાની નિર્ણયશક્તિ ખોઈ બેસે છે. પરિસ્થિતિને સમજી લેવાનું પોતાનું કર્તવ્ય તે ખોઈ બેસે છે અને અંધવિશ્વાસ વધી જવાથી તેનું વ્યક્તિત્વ દયા અને તિરસ્કારને પાત્ર બને છે. ફલજ્યોતિષની પાછળ પડનારને પારાવાર નુકસાન થાય છે, તેની વિચારસરણી દયાપાત્ર બની જાય છે અને બીજાઓને તેના તરફ આદર રાખવો મુશ્કેલ લાગે છે. ઉપર મેં જે બે જ્યોતિષિઓનો ઉલ્લેખ કર્યો છે એમણે શુદ્ધ ગણિત કરીને ફલજ્યોતિષનાં ગ્રન્થ વાંચી વિચારીને અષ્ટગ્રહયોગ શરૂ થયા પહેલાં જ જાહેર કર્યું હતું કે, આ અષ્ટગ્રહનો યોગ એ એક બહુ સામાન્ય પ્રસંગ છે, તે અનર્થસૂચક નથી, તેમ જ એ યોગમાં એવું કંઈ સામર્થ્ય નથી કે જેનાથી સાધારણ નાના મોટા પણ સંકટના પ્રસંગો ઊભા થાય. જો જનતાએ એમની આ વાત માની હોત તો હવનોમાં ઘી હોમીને હજારો રૂપિયાનું પાણી ન થાત. છતાં પણ જો હું એમ કહું કે એ બે જ્યોતિષિઓના નિર્ણય ઉપર કે એમની ભવિષ્યવાણી ઉપર વિશ્વાસ રાખ્યો તો મારી આખી ભૂમિકા તૂટી જાય. મેં ગણિત કર્યા વિના અને જોષીઓને પૂછયા વિના જાહેર કર્યું હતું કે "આ અષ્ટગ્રહયોગના કારણે કંઈ ખાસ બને તેમ હું માનતો નથી." ફલજ્યોતિષ વગેરે પ્રવૃતિઓએ આપણા સમાજને બહુ નુકસાન કર્યું છે. આવી પ્રવૃત્તિઓ છોડી દઈને મનુષ્યે વૈજ્ઞાનિક રીતે જીવવાનો નિશ્ચય કરવો જોઈએ.

લોકો કહે છે; જ્યોતિષમાં કંઈક તો હશે જ. હું કહું છું કદાચ કંઈએ ન હોય. દરેક વસ્તુનો પ્રયોગ કરીને નિર્ણય કરવો જોઈએ. અશ્રદ્ધાએ જેટલું મનુષ્યજાતિનું નુકસાન કર્યું છે તેના કરતાં હજારગણું વધારે અંધશ્રદ્ધાએ કર્યું છે. સૌથી મોટું નુકસાન એ છે કે વહેમો પર વિશ્વાસ રાખનારો માણસ લઘુ અને ડરપોક બની જાય છે, નિર્ણય કરવાની શક્તિ ખોઈ બેસે છે અને સમાજને પણ નીચે લઈ જાય છે.

જે કોઈને આવા વિષયોમાં રસ હોય તેણે પહેલાં તર્કશાસ્ત્ર અને અનુમાનશાસ્ત્ર સારી રીતે શીખવા જોઈએ. ડિડકટીવ લૉજિક અને ઈન્ડકટીવ લૉજિક—નિગમનિક તર્ક અને આગમન તર્ક અને હેત્વાભાસ એ ત્રણેનો સારી રીતે અભ્યાસ કરવો, પછી વૈજ્ઞાનિક નિષ્ઠાથી હજારો અને લાખો ઉદાહરણો તપાસવા અને પછી ચોકકસ નિર્ણય પર આવે અને લોક સમક્ષ પૂરા સાહિત્ય સાથે તે રજુ કરે. અગર કોઈ વાત સાચી પણ હોય, પણ જ્યાં સુધી ઊંડાણમાં ઉતરી તેની તપાસ ન કરી હોય ત્યાં સુધી તે વહેમ જ છે, અને અંધશ્રદ્ધાથી તેનો સ્વીકાર કરવો ખતરનાક છે.

અનુવાદક : **મેનાબહેન નરોત્તમદાસ** મૂળ હિંદી : **કાકા કાલેલકર**

અસંદિગ્ધ થઈએ; નિ:સંશય થઈએ.

(અખિલ ભારત સર્વોદય સંમેલનની ખુલ્લી બેઠક ગયા નવેમ્બર માસની તારીખ ૨૩ તથા ૨૪ મીએ મળેલી. તે પહેલાંના દિવસો દરમિયાન સર્વોદય કાર્યકરોની સભા મળી રહી હતી અને ચીની હુમલાની તત્કાલીન પરિસ્થિતિમાં અહિંસાલક્ષી પ્રજાજનોને શું માર્ગદર્શન આપવું એ બાબતની ખૂબ મથામણ ચાલી રહી હતી. આ ચર્ચા દરમિયાન શ્રી મનુભાઈ પંચોળીએ કરેલું પ્રવચન નીચે આપવામાં આવે છે. આ પ્રવચનની વિશેષતા તેમાં પ્રગટ થતી ચિંતન અને નિરૂપણની વિશદતામાં રહેલી છે. આજે જ્યારે હિંસા કે અહિંસા અને સશસ્ત્ર પ્રતિકાર કે નિ:શસ્ત્ર પ્રતિકાર તેને લગતા પ્રશ્નોની ખૂબ ચર્ચા ચાલે છે ત્યારે આ ચર્ચામાં રસ ધરાવતા મિત્રોને આ વિવેચન તેમની વિચારણામાં જરૂર ઉપયોગી થશે એવી આશા છે. **પરમાનંદ**)

ચીનના આક્રમણની પરિસ્થિતિમાં આપણે સૌનો ધર્મ શું છે તેનું મંથન ગઈ કાલથી કરીએ છીએ. ભોજન સમયે વાત કરતાં કરતાં એક કાર્યકર ભાઈ કહેતા હતા કે, "હજુ કાંઈ સ્પષ્ટ થતું નથી. દીવો ઘડીક ઝબકે ને પાછો ઓલવાઈ જાય, સૂર્ય વાદળાં સોંસરવો ઘડીક પ્રકાશે ને ફરી ધૂમ્મસ પથરાઈ વાતાવરણ ધુંધળું થઈ જાય તેવું કાંઈક થયા કરે છે." સામૂહિક ચિંતનમાં આમ બને તે સ્વાભાવિક છે; પણ અહીંથી બધા જઈએ ત્યારે ધૂમ્મસ વિખરાઈ ગયું હોય ને આપણાં કર્તવ્યનો સૂર્ય નિરભ્ર પ્રકાશતો હોય તે જરૂરી છે. કારણ કે આપણે સૌ માત્ર કવેકરોના જેવો સંપ્રદાય બાંધીને બેઠા નથી, કે માત્ર મુમુક્ષુઓ નથી. આપણી પાસેથી માર્ગદર્શન માગનાર એક અતિ વિશાળ વર્ગ છે. આમાંના દરેક કાર્યકરની સામે મીટ માંડીને બેઠેલા દસ-વીશ હજાર બીજા પ્રજાજનો છે. આ પ્રજાજનોને આપણે આજ દિવસ સુધી કેવી ખેતી કરવી, ગાય રાખવી કે ભેંશ, ખાદી લેવી કે મીલનું કાપડ લેવું—અરે પાયખાનાં કેવાં બાંધવાં—એવી બાબતમાં પણ સલાહ આપતા આવ્યા છીએ ને હવે જ્યારે દેશ પર કશાએ વ્યાજબી કારણ સિવાય વિશાળ આક્રમણ થયું છે ત્યારે "તારું અંત:કરણ કહે તેમ કર" તેવી સલાહ આપવાથી આપણો ધર્મ ચૂકીશું અને નામોશીને પાત્ર થઈશું. એવી સલાહ માટે અહીં સુધી આવવાનું કોઈને પ્રયોજન નથી. એટલે આપણો ધર્મ છે કે, આપણે અહીંથી વિખરાઈએ તે પૂર્વે કાર્યકર્તાઓ અને તેની સલાહ માગતી પ્રજાને નિ:સંદેહ અને અસંદિગ્ધ માર્ગદર્શન આપીએ.

આવી અસંદિગ્ધ ને નિ:સંદેહ સલાહ આપવાનું જેમ આપણી અત્યાર લગીની ચર્ચામાં કેમ નથી આવતું તેનું મને જે કારણ દેખાય છે તે આપની પાસે અદબપૂર્વક રજૂ કરું છું.

અહીં આપણે પરસ્પરવિરોધી એવાં ત્રણ પ્રતિપાદનો કર્યાં છે.

(૧) ચીનનું આક્રમણ થયું છે અને આક્રમણ સામે વિરોધ થવો જોઈએ.

(૨) સામૂહિક અહિંસક પ્રતિકાર કરવાની શકિત હજુ આ દેશમાં પેદા કરી શકયા નથી.

(૩) હિંસા કે યુદ્ધ માત્ર ખરાબ છે.

કાર્યકર્તા અહીં આ ત્રણે પ્રતિપાદનો સાંભળે છે, ને પ્રબંધ-સમિતિએ મૂકેલ ઠરાવમાં પણ આ ત્રણે વાત વાંચી શકાય છે.

જો આપણે બીજું પ્રતિપાદન ન કર્યું હોત તો પણ દ્વિધા ન થાત. પણ સત્યનિષ્ઠ સમૂહ તરીકે આપણી જે નબળાઈ છે તે સ્વીકારવાનું આપણને સુયોગ્ય લાગ્યું છે.

બીજી બાજુથી હિંસા કે યુદ્ધથી કોઈ જ પ્રશ્ન ઉકલતો નથી તેમ પણ આપણે કહીએ છીએ.

અહિંસાની શકિત છે નહિ, હિંસા તો પ્રશ્ન ઉકેલતી નથી, અને છતાં આક્રમણનો પ્રતિકાર થવો જોઈએ.

બિચારો કાર્યકરસમૂહ મૂંઝાય નહીં તો શું થાય?

મને લાગે છે કે ત્રીજું પ્રતિપાદન ખોટું છે. એકેએક યુદ્ધ ખરાબ છે તેમ કહેવું તેમાં અતિવ્યાપ્તિ દોષ છે. ઈતિહાસ એ પ્રતિપાદનનું સમર્થન કરતો નથી.

જગતમાં બે પ્રકારનાં યુદ્ધો થયાં દેખાય છે: આક્રમક ને બીજું સંરક્ષણ માટેનું. એક તિરસ્કારને પાત્ર છે, બીજું બિરદાવવા પાત્ર છે.

ઔરંગઝેબના અત્યાચારો સામે શિવાજી મહારાજે જે સંગ્રામ ખેડયો તે શું ખોટું હતું? તેનાથી હિંદુધર્મ ઊપરના આક્રમણનો પ્રશ્ન શું ઉકલ્યો નહીં? "શિવાજી ન હોત તો સુન્નત હોત સબકી" ભૂષણનું એ વાક્ય શું જુઠું છે? શિવાજી અને તેને પગલે ચાલીને બુંદેલા છત્રસાલ, રાઠોડવીર દુર્ગાદાસ ને બીજાઓએ મુગલાઈ આક્રમણને જે રીતે પડકાર્યું, થંભાવ્યું, ને છેવટે મિટ્ટી દાણાદાણ કરી નાંખી તે જો ન થયું હોત તો હિંદુધર્મવ્યવસ્થાને ભારે ફટકો પડયો હોત તે વાતનો કોઈ પણ તટસ્થ માણસ ઈન્કાર કરી શકે તેમ છે?

બીજા મહાયુદ્ધમાં જો હિટલરનો સંયુકત સામનો ન થયો હોત ને હિટલર જ જીત્યો હોત તો દુનિયાની શું દશા થઈ હોત? ૬૦ લાખ યહૂદીઓને ગેસ—ચેમ્બરમાં ભસ્મ કરી નાંખનારને હાથે દુનિયાની સૂરત કેવી બદસૂરત થાત તે કલ્પી શકાય તેવું નથી કે?

એટલે મારું આપ સૌને નમ્ર નિવેદન છે કે, યુદ્ધથી કોઈ પ્રશ્ન ઉકલતા નથી **ને બધાં યુદ્ધો સરખાં જ ખરાબ છે** તે માન્યતા વજૂદવગરની છે. સંરક્ષણાત્મક યુદ્ધમાં માનવજાતિનું ગૌરવ પ્રગટ થતું આવ્યું છે, ને આક્રમણકારોને જબ્બે કરી એણે સંસ્કૃતિનું રક્ષણ કર્યું છે. મને લાગે છે કે, આવો જ કાંઈક અસ્પષ્ટ ખ્યાલ હશે એટલે ચીની આક્રમણ સામે આ દેશની પ્રજામાં જે ઉત્સાહ પ્રગટ થયો છે તેનું આ ઠરાવમાં ગૌરવ કરવામાં આવ્યું છે.

આપણે ચીનની ઈંચ જમીન પણ લીધી નથી. આપણે સલાહ—મસલત કરવા હંમેશાં તૈયાર રહ્યા છીએ, આપણે ચીનને યુ. નો. ના દરબારમાં મોભાભર્યું સ્થાન અપાવવા મહેનત કરી છે, દુનિયાની કોઈ પણ નિષ્પક્ષ અદાલતની પાસે આપણે ઊભા રહેવા તૈયાર રહ્યા છીએ, અને છતાં આપણી માતૃભૂમિને રોળવામાં આવી છે. આ Unprovoked Aggression નો પ્રજા અહિંસક સામનો કરે તે અત્યંત ઈષ્ટ છે, પણ તેવી હાલ તૈયારી નથી, તો શું તેનો હિંસક સામનો કરવાની આપણે સલાહ આપવાના નથી? ગાંધી કરતાં આપણે વધી ગયા છીએ? ગાંધી કરતાં વધારે અહિંસા—પ્રેમી પુરુષ ભાગ્યે જ વિચર્યો હશે, પણ એણે પણ નાત્સી ધાડાં સામે લડતા પોલેંડની પીઠ થાબડી, એટલું જ નહીં પણ, એના હિંસક સામનાને લગભગ અહિંસક કહ્યો. શા માટે? આક્રમણને ન વેઠી લેવાય. જ્યાં આક્રમણને વશ થવાય ત્યાં અહિંસા ન રહે. Freedom is essential for non-violence. અહિંસાનો જન્મ સ્વાતંત્ર્ય પછી જ થઈ શકે છે. ભય—દમદાટી—જુલ્મ નીચે અહિંસાનો છોડ વિકસતો નથી, એટલું જ નહિ, જન્મી પણ શકતો નથી.

એટલે આપણે આક્રમક ને સંરક્ષણાત્મક હિંસા વચ્ચે ભેદ કરવો પડશે. નારાયણાસ્ત્ર અર્જુન અને અશ્વત્થામા બંનેના હાથમાં છે. પણ બંને સમાન નથી. અશ્વત્થામા ઉત્તરાના ગર્ભને હણવા માટે નારાયણાસ્ત્ર લઈને ઊભો છે, અર્જુન ઉત્તરાના ગર્ભને સરંક્ષવા ઊભો છે. હરગિજ બન્ને સમાન નથી—આ વાત અસંદિગ્ધ મને આપણે પ્રજાને કહેવી જોઈએ.

પણ કાલે દલીલ એ થઈ હતી કે આજના આણ્વયુગમાં સંરક્ષણાત્મક અને આક્રમણાત્મક યુદ્ધના ભેદો નથી રહ્યા; ને દરેક સ્થાનિક યુદ્ધમાંથી વિશ્વયુદ્ધ થઈ જાય છે.

અત્યંત વિનય સાથે આપની પાસે હું મૂકીશ કે ૧૯૪૫થી આજ સુધીનો ઈતિહાસ તેને સમર્થન નથી આપતો. બલ્કે એથી ઉલટું જ કહે છે.

૧૯૪૫માં લડાઈ બંધ પડી ને તરત જ ગ્રીસમાં કોમ્યુનિસ્ટ ગોરીલાઓ દાખલ થયા. સ્થાનિક અને પડખેના ગ્રીસની સરકાર તેનો સામનો કરી શકે તેવું ન રહ્યું. ઈંગ્લાંડ પણ પૂરી મદદ કરી શકે તેવી સ્થિતિમાં નહોતું, તેણે અમેરિકાને ગ્રીસની મદદે આવવા કહ્યું,

અમેરિકનો મદદે ગયા, એ વખતે કેટલાંકે કહ્યું આ રહેવા દો, આમાંથી વિશ્વયુદ્ધ થઈ જશે. પણ વિશ્વયુદ્ધ ન થયું. બર્લિનની નાકાબંધી થઈ, અમેરિકાએ બર્લિન શહેરનું અગિયાર મહિના સુધી રક્ષણ કર્યું, વિશ્વયુદ્ધ ન થયું, કોરિયામાં વિશ્વયુદ્ધ ન થયું, ઈઝરાઈલ-આરબ વચ્ચે યુદ્ધ થયું પણ વિશ્વયુદ્ધ ન થયું. વિયેટનામ, કોંગો ને ગઈ કાલે ક્યુબા, કોઈ ઠેકાણે વિશ્વયુદ્ધ નથી થયું. વિશ્વયુદ્ધનો ભય બતાવીને શસ્ત્ર વડે આત્મરક્ષણ કરવાના અધિકારને આપણે શા માટે ઢાંકી દઈએ ?

દરેક સ્થાનિક યુદ્ધ જો કુશળતાથી ખેલાય તો વિશ્વયુદ્ધ નથી થતું—જો તેમ થતું હોય તો આજ સુધીમાં દસ વિશ્વયુદ્ધો થઈ ગયાં હોત.

શા માટે નથી થતું તેનું કારણ પણ સમજી લેવું જોઈએ. તેનું કારણ એ છે કે, બંને સત્તાઓ પાસે એકબીજાનો નાશ કરવાની શકિત પડી છે તે બંને જાણે છે. વિનાશ સામાવાળાનો જ થાય તેમ છે તેવી સ્થિતિ હોત તો વિશ્વયુદ્ધ કદાચ થાત—પણ ભગવાનનો એ પાડ માનવો જોઈએ કે બંને સત્તાઓમાં એકબીજાનો નાશ કરવાની (વીશ મિનિટ વહેલાં કે મોડાં) શકિત છે, ને બંનેમાં નિર્જીવિષાની અદમ્ય આકાંક્ષા છે. એટલે જાગતિક આણ્વયુદ્ધનો ભય બતાવીને, હવે યુદ્ધમાત્ર નિસંદેહ ખરાબ છે તેવું પ્રતિપાદન સાબૂત પાયા પર ઊભું નથી. શાંતિ સારી ચીજ છે જ, તે માટેના પ્રયત્નો પણ સારી જ વસ્તુ છે, પણ સ્વરક્ષણના અધિકારને ભોગે તે સાચી ચીજ નથી.

અહીં હમણાં જ બોલી ગયેલ એક કાર્યકરે કહ્યું કે, "સર્વોદયપાત્ર મૂકાવવા જતો ત્યારે તેમાં નયો પૈસો નાખવામાં પણ લોકો સંકોચાતા ને વોરફંડમાં દશ-વીશ- પચ્ચીશ - પચાસ રૂપિયા આપતાં અચકાતા નથી એ જોઈને મને નવાઈ લાગે છે."

નવાઈ પામવા જેવું નથી. લોકો પૈસા પણ આપશે, અને જાત પણ આપશે, કારણકે જે વાત પંડિતોને અટપટી લાગે છે તે ઘણી વાર બાળકોને સરલ લાગે છે.

એરીસ્ટોટલે તેના રાજનીતિના ગ્રંથમાં શરૂમાં જ કહ્યું છે કે "There should be life before good life." રાજ્યનું ધ્યેય શીલવાન જીવનવિકાસનું છે, પણ સારા જીવન પહેલાંયે જીવન તો હોવું જોઈએ ને? લોકો કહે છે કે, જીવશું તો સમાજવાદ, સર્વોદય કે કલ્યાણરાજ ગમે તે પસંદ કરશું, પણ જીવશું તો ને? લોકોને There should be life before good life તે વાત સહજ લાગે છે.

અહિંસામાં માનનાર કાર્યકરને ધર્મ શું છે તેના સંશોધનમાં આટલો બધો વખત શા સારું જાય છે તેની મને નવાઈ લાગે છે. અહિંસામાં માનનાર વ્યકિત તરીકે મારો ધર્મ આ આક્રમણનો અહિંસક પ્રતિકાર કરવાનો છે, હું આક્રમકો પર ગોળી નહિ જ છોડું, કારણકે તેને માર્યા પછી તેની સન્મતિ જગાડવાનો કશો અવકાશ રહેતો નથી. અને અહિંસક માણસ માને છે કે જો તેનામાં અહિંસાનો વિકાસ થયો હોય તો રાક્ષસમાં પણ સન્મતિ પેદા કરાવી શકાય છે.

તેનો આ વ્યકિતગત ધર્મ સ્પષ્ટ છે; તે ચીનાને ગોળી નહિ મારે, પણ તે સિવાયની બધી જ રીતે તે આક્રમણનો ઉત્કટ પ્રતિકાર કરશે.

પણ આ વ્યકિતધર્મ ઉપરાંત તેનો કાર્યકર તરીકેનો ધર્મ છે. પ્રજામાં આવું હૃદયપરિવર્તન કરાવવાની શકિત ન હોય; ને નથી તેમ આપણે જાણીએ છીએ, તો તેવા સંજોગોમાં તે લોકોને હિંસક સામનો કરવાની - તેની પૂર્વતૈયારીમાં લાગી જવાની—સલાહ આપે જ. કારણ કે લોકોનો ધર્મ જુદો છે. આમાં અસંગતતા કે વિરોધ નથી. શિક્ષક વિદ્યાર્થીની શકિત ને પ્રકૃતિ જોઈને વિદ્યાર્થીનો ધર્મ નકકી કરે છે, પોતાની શકિત કે પ્રકૃતિને જોઈને નહીં.

મહાભારતકારની ત્રિકાલદષ્ટિથી આવું સંભવિત હતું. એટલે તેમણે મહાભારતના યુદ્ધમાં શ્રી કૃષ્ણને નિઃશસ્ત્ર છતાં પક્ષકાર પાંડવોને દોરનાર તરીકે કલ્પ્યા છે. શ્રી કૃષ્ણે હથિયાર ઉપાડવાની ના પાડી, પણ પાંડવોના તે સલાહકાર અને સારથી થયા; શંકા - કુશંકાથી ઘેરાયેલા, હારણ મનોદશાવાળા અર્જુનને તેમણે પાણી ચડાવ્યું. ભીષ્મ-દ્રોણનો વધ કરવાની આજ્ઞા આપી. કારણ કે અર્જુનનો તે સ્વધર્મ હતો, કારણ કે દ્રૌપદીનાં ચીર ખેંચાયાં હતાં, કારણ કે વિદુરની વાતને ઠોકર મારવામાં આવી હતી, કારણ કે એ રક્ષણાત્મક યુદ્ધ હતું.

છેલ્લે એક બીજી વાત કરીને પૂરું કરીશ.

બાબાએ ઠીક ઠીક કહ્યું છે કે આ સંઘર્ષ જમીન માટેનો નથી. બે વિચારસરણીનો છે. આ વાત ભારે મર્મવાળી છે. ચીનાઓ પાસે કંઈ બંદુક છે તેટલું જ જાણવાથી પતશે નહીં, તેઓ કઈ વિચારસરણી લઈને આવે છે ને તે વિચારસરણી અને તેની કાર્યપદ્ધતિ કેટલી ભયાનક છે તે સમજી લેવું જોઈએ. આ વિષેની આપણી ઊણપ પહેલાં દૂર કરવી જોઈશે.

૧૯૩૫ સુધી મનાતું કે, દુનિયાનું દારિદ્ર, અસમાનતા અને યુદ્ધો અટકાવવા માટેનો એક જ માર્ગ છે ને તે સામ્યવાદ. નાન્યઃ પંથાઃ બીજો માર્ગ જ નથી. તે સંજોગોમાં સામ્યવાદનું એક વ્યાજબી આકર્ષણ હતું. પણ ૧૯૩૫ પછીના જગતે જોયું કે, "દારિદ્ર, અસમાનતા કે, યુદ્ધ અટકાવવા માટે આપખુદ, વર્ગસરમુખત્યારીવાળો સામ્યવાદ અનિવાર્ય નથી. લોકશાહી, સમાજવાદ, કલ્યાણ રાજ્ય, સહકારપ્રધાન મિશ્ર અર્થરચના, લોકોનો અંકુશિત મૂડીવાદ, આ બધા જ માર્ગો તે તે દેશની કક્ષાઓ જોતાં ઉપયોગી થઈ શકે છે. ને સામ્યવાદનું જાદુ હઠી ગયું છે. યુરોપમાં આજે સામ્યવાદની વૈચારિક પકડ નથી રહી, એટલે તેને હંગેરી કે પોલેંડમાં કે રૂમાનિયામાં ટેંકોના જોરે સામ્યવાદ લાવવો પડે છે. યુરોપમાં વિચાર તરીકે સામ્યવાદનાં વળતાં પાણી છે. અમેરિકામાં તો તેનાં ચઢતાં પાણી કદી હતાં જ નહિ.

એ સંજોગોમાં એશિયા ને આફ્રિકાના કરોડોને સ્વાતંત્ર્યપ્રતિજ્ઞ લોકશાહીથી વિમુખ કરી પોતાની પકડમાં લેવા, ને તેની સંખ્યાના જોરે દુનિયા પર વર્ચસ્વ જમાવવું તે ચીનની ઊધાડી નેમ છે.

આ નેમને નિષ્ફળ બનાવે તેવી શકયતાં હિંદમાં તેને દેખાઈ છે. હિંદમાં વૈચારિક, ધાર્મિક અને સંઘસ્વાતંત્ર્ય છે અને છતાં હિંદની પ્રગતિ થતી રહે છે. જો આમ ને આમ જ ચાલે તો એશિયા ને આફ્રિકાના કરોડો લોકો હિંદને જ અનુસરે. કારણકે સ્વાતંત્ર્ય વિનાની સલામતી કરતાં સ્વાતંત્ર્ય અને સલામતિ બંને મળે તે હરેક નાગરિક વધારે જ પસંદ કરે તે ઉઘાડું છે.

જો ખરેખર આમ થાય તો સામ્યવાદને યુરોપની જેમ જ એશિયામાંથી પણ જાકારો મળે.

બે વિચારસરણીના સંઘર્ષનો મર્મ અહીં પડયો છે.

આપણને એ સ્પષ્ટ થાય કે, સ્વાતંત્ર્યમાંથી સલામતી આવે છે, પણ સ્વાતંત્ર્ય વગરની સલામતી સલામત નથી, તો આપણને આપણો ધર્મ સૂજી જશે.

એક ત્રીજી વાત તરફ પણ આપ સૌનું લક્ષ ખેંચું. બીજા મહાયુદ્ધ પહેલાં એક સૂત્ર પ્રચલિત થયું હતું 'Peace is indivisible.'-શાંતિ અખંડ રહે તે અનિવાર્ય છે. જગતના એક ખૂણામાં થતી અશાંતિ પણ આખરે જગતશાંતિને વિઘ્નરૂપ નીવડે છે. આપણે નવેસરથી એમ કહેવું પડશે કે, 'Freedom is indivisible', જ્યારે જ્યારે કોઈ પણ દેશનું સ્વાતંત્ર્ય આક્રમકોને હાથે ખંડિત થાય કે થવાનો સંભવ લાગે ત્યારે આપણે ઉચ્ચસ્વરે આપણું જ સ્વાતંત્ર્ય જતું હોય તેવી ઉત્કટતાથી કહેવું પડશે, તો જ આપણું સ્વાતંત્ર્ય પણ સલામત રહેશે. ફ્રેંચો અને અંગ્રેજોએ ઈજીપ્ત પર આક્રમણ કર્યું ત્યારે પંડિતજીએ ને આપણા દેશે તેનો વિરોધ કર્યો, તેનું પરિણામ સુખદ આવ્યું જ. પણ હંગેરી પર પણ આક્રમણ થયું હતું ત્યારે શું બોલ્યા? તિબેટ પર આક્રમણ થયું ત્યારે કૃપલાણીએ અવાજ ઉઠાવ્યો. ધન્ય છે તેમને ! પણ આપણે તેમને સમર્થન ન આપ્યું, આપણે સમર્થન ન આપીને ભારે ભૂલ કરી. કારણ કે, આક્રમણ કોણ કરે છે, ને કોના પર થાય છે તે જોવાનું આપણે ન હોય. આક્રમણનો સંયુકત વિરોધ તે જ આક્રમણ અટકાવવાનો પૂર્વઉપાય છે; બદતર હિંસા ઉછૃંખલ થતી રોકવાનો તે જ લોકમાર્ગ છે.

આપણી પરદેશનીતિને આ સરાણે આપણે કસવી પડશે, પણ એમ કરતાં પહેલાં આપણે આપણી નીતિને કસવી પડશે. **નીતિવાન** માણસ તરીકે આપણે આપણાં પરના આ આક્રમણ વખતે તો એ વાત નકકી કહેવી પડશે કે, Freedom is indivisible. પછી તે અલ્જીરિયાનું હોય કે, પૂર્વ યુરોપમાં રશિયાની એડી નીચે કચડાતા, ચીસ પાડતા, ટળવળતા પૂર્વ જર્મનીનું હોય. આપણે વર્ગ, જાતિ, વર્ણ, કે રાષ્ટ્રના ભેદથી પર જે માનવ છે તેના અકુંઠિત સ્વાતંત્ર્ય ને સલામતી માટે ઊભા છીએ. **મનુભાઈ પંચોળી**

યુદ્ધપરિસ્થિતિ અંગે અહિંસાધર્મીઓનું કર્તવ્ય

[ભાવનગર ખાતે શ્રી જૈન આત્માનંદ સભાના ઉપક્રમે તે સંસ્થાના સ્વર્ગસ્થ પ્રમુખ શેઠ ગુલાબચંદ આણંદજીના તૈલચિત્રના અનાવરણ નિમિત્તે તા. ૧૬—૧૨—૬૨ના રોજ મુંબઈવાસી શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહના પ્રમુખપણા નીચે એક જાહેર સમારંભ ગોઠવવામાં આવ્યો હતો અને પ્રસ્તુત તૈલચિત્રનું મુંબઈવાસી શ્રી. ચંદુલાલ ટી. શાહે અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે મારા ભાગે સભાજનોને ઉદ્દેશીને કાંઈક કહેવાનું પ્રાપ્ત થયું હતું. સ્વ. ગુલાબચંદ આણંદજી જેઓ મારા કાકા થાય, તેઓ એક શીલસંપન્ન વ્યક્તિ હતા; ભાવનગરના અગ્રગણ્ય નાગરિક હતા. તેમણે આ સભાની વર્ષો સુધી એકધારી અને અજોડ સેવા કરી હતી. તેમને ઉચિત શબ્દોમાં અંજલિ આપીને તેમ જ જે પેઢીના તેઓ લગભગ છેલ્લા પ્રતિનિધિ જેવા હતા તે પેઢીએ ભાવનગરના જૈન સમાજના અભ્યુત્થાનમાં જે અતિ મહત્ત્વનો ફાળો આપ્યો હતો તેનો કાંઈક ખ્યાલ આપીને પછી આજની યુદ્ધપરિસ્થિતિ અંગે જૈનોનું શું કર્તવ્ય છે તે અંગે કેટલાક જૈન મુનિવરો તરફથી ઉપરછલ્લું—અધકચરું—અહિંસાના તત્વની ઊંડી સમજણ વિનાનું—જે માર્ગદર્શન અપાઈ રહ્યું છે તે સંબંધમાં મેં કેટલાક વિચારો રજુ કર્યા હતા. આ વિચારોની વ્યવસ્થિત નોંધ નીચે આપવામાં આવે છે. પરમાનંદ]

આજે જ્યારે અહીં આપણે સંમેલનના રૂપમાં એકઠા થયા છીએ ત્યારે જે બાબત આપણા સર્વના મગજ ઉપર છેલ્લા બે ત્રણ મહિનાથી તોળાઈ રહી છે તેનો એટલે કે ભારત ઉપર ચીને કરેલા યુદ્ધસદશ આક્રમણનો ઉલ્લેખ, કદાચ અપ્રસ્તુત ગણાય તો પણ, કર્યા વિના હું રહી શકતો નથી. આ ઉલ્લેખ, જે સમાજનું આ સંમેલન છે તે સમાજનો વિચાર કરતાં, કદાચ પ્રસ્તુત પણ છે; કારણ કે આ સંમેલન જૈનોનું છે, અને તેમના ધર્મને અહિંસાના તત્વ સાથે પાયાનો સંબંધ છે, અને આજે જે ચીન—ભારત વચ્ચેનો સંઘર્ષ ચાલી રહ્યો છે તે જેમ આત્મરક્ષણની દૃષ્ટિએ આપણી તાકાતને પડકારરૂપ છે, તેવી જ રીતે આપણે જેને પરમધર્મ રૂપે જગત આગળ ધરી રહ્યા છીએ તે અહિંસાના આચારવિચારને પણ એટલો જ પડકારરૂપ છે. આજે આપણા સ્વાતંત્ર્ય ઉપર—સાર્વભૌમત્વ ઉપર—જે હુમલો થઈ રહ્યો છે તેનો પ્રતિકાર કરવો એ સર્વ ભારતવાસીઓનો અનિવાર્ય ધર્મ છે. અને આવી કટોકટીના ટાણે સશસ્ત્ર પ્રતિકાર સિવાય બીજો કોઈ માર્ગ હોઈ જ ન શકે એમ સૌ કોઈ વિચારે અને વર્તે એ સ્વાભાવિક છે. એમ છતાં અહિંસામાં જેને ઊંડી નિષ્ઠા હોય એ શું કરે એ એક મોટી સમસ્યા ઊભી થઈ છે. તેણે પણ શું શસ્ત્ર ધારણ કરીને ચીનનાં સૈન્યનો સામનો કરવા દોડી જવું? અલબત્ત, જેની માન્યતા ઉપરછલ્લી હોય, સગવડ અનુસાર જે પોતાની માન્યતાને વળાંક આપી શકતો હોય તેના માટે વિકલ્પની કોઈ મુંઝવણ હોઈ શકતી જ નથી. જે સૌ કરે છે તે પોતાને કરવાનું છે, એમ તે સ્વીકારે છે અને અન્યને એ મુજબ ઉપદેશ આપે છે. આવી વિચારણા કેટલાક જૈન મુનિવરો વ્યાખ્યાનપીઠ ઉપરથી રજુ કરતાં સંભળાય છે. સામુદાયિક રક્ષણ માટે અનિવાર્ય હિંસા એ અહિંસા છે અથવા તો એવી હિંસા ધર્મસંમત છે, આવા વખતે ભારત સરકારને સર્વ પ્રકારની મદદ કરવી અને જેનાથી બની શકે તેણે રણમોરચે જવાને તૈયાર થવું એ જૈનોની ફરજ છે—આવી મતલબના ઉદ્‌ગારો સંભળાતાં રહે છે. સામાન્ય પ્રજાજનો માટે આ બધું બરોબર છે, પણ જેના દિલમાં અહિંસાની જડ બેઠેલી છે તે આમ એકાન્તપણે બોલી કે વિચારી શકતો નથી. તેણે આજની કટોકટી અને તે અંગે પ્રાપ્ત થતા પ્રતિકારધર્મનો વધારે ઊંડાણથી, વધારે ઝીણવટથી વિચાર કરવો ઘટે છે.

આ વિચારણાનાં અનુસંધાનમાં ગાંધીજી યાદ આવે તે સ્વાભાવિક છે. ગાંધીજીના આગમન પહેલાં એ સર્વસ્વીકૃત અભિપ્રાય હતો કે અન્યાયપૂર્ણ આક્રમણનો સામુદાયિક પ્રતિકાર કરવો જ જોઈએ. અને આ સામુદાયિક પ્રતિકાર હિંસાત્મક જ હોઈ શકે. ભગવદ્‌ગીતામાં જે ધર્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેનું સ્વરૂપ પણ કાંઈક આવું જ છે. આપણી વચ્ચે ગાંધીજી આવ્યા અને રાષ્ટ્રજીવનની શોષક એવી અંગ્રેજી હકુમતનો પ્રતિકાર કરવાનો તેમણે આપણને આદેશ આપ્યો, પણ તે પ્રતિકારની ઢબ હિંસક નહિ પણ અહિંસક હોવી જોઈએ—આમ પ્રતિકારનો એક નવો માર્ગ તેમણે આપણને ચીંધ્યો, અને એમણે ઉપદેશેલા માર્ગને અનુસરીને આપણે અંગ્રેજી હકુમતને નાબુદ કરી અને આઝાદી પ્રાપ્ત કરી. ત્યારબાદ આક્રમણનો જ્યારે જ્યારે પ્રતિકાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે ત્યારે આ પ્રતિકારનું રૂપ શું હોવું જોઈએ, કેવું હોવું જોઈએ એ પ્રશ્ન ઊભો થયા વિના રહેતો જ નથી. જે પ્રશ્નનો અમુક જૈન મુનિવરો તરંગી ને ફડ જવાબ આપે છે કે સામુદાયિક રક્ષણાર્થે સશસ્ત્ર પ્રતિકાર અનિવાર્ય છે, એટલું જ નહિ પણ, સર્વપ્રકારે ઉચિત છે, ધર્મ—સંમત છે, તેનો જવાબ શોધવા માટે અહિંસાની ભૂમિકા ઉપર સર્વ સમસ્યાઓનો વિચાર કરવાનું વલણ ધરાવતા સર્વોદય કાર્યકરોને તાજેતરમાં વેડછી ખાતે ભરાયેલા સર્વોદય સંમેલનમાં ચાર ચાર દિવસ લાગ્યા અને અહિંસાના વિચાર સાથે સંવાદી એવું તેમણે એક નિવેદન બહાર પાડ્યું.

આજની પરિસ્થિતિમાં જેમ સશસ્ત્ર પ્રતિકારનો વિચાર કરવામાં આવે છે તેમ નિઃશસ્ત્ર અહિંસક પ્રતિકારની કલ્પના થઈ તો શકે જ છે. અને આજે ગાંધીજી હયાત હોત તો કદાચ આવો કોઈ માર્ગ ભારતની પ્રજા સમક્ષ તેમણે રજુ પણ કર્યો હોત. પણ આજના સંજોગોમાં, જે નિવેદનનો મેં ઉલ્લેખ કર્યો તેમાં સ્વીકારવામાં આવ્યું છે તે મુજબ, નિઃશસ્ત્ર સામુદાયિક પ્રતિકારની કોઈ શક્યતા લાગતી નથી; કારણ કે પ્રજાજનોમાં અહિંસાની એવી કોઈ જડ જામી નથી અને એવા પ્રતિકારની દોરવણી આપે એવો કોઈ નેતા દેખાતો નથી અને તેથી તે દિશાના વિચારને અવકાશ નથી. તો તેની અવેજીમાં અહિંસાનિષ્ઠ વ્યક્તિએ શું કરવું? આ સબંધમાં એમ સૂચવવામાં આવ્યું છે કે અહિંસાવાદીઓએ સશસ્ત્ર પ્રતિકારમાં સીધો ભાગ લેવો નહી પણ એ પ્રતિકારથી ઈતર એવી અને અહિંસાના વિચારને બાધક નહિ એવી સર્વ કોઈ સામુદાયિક પ્રવૃત્તિમાં ભાગ લેવો. આક્રમણ જે પ્રદેશ ઉપર ઝઝુમતું હોય તે પ્રદેશમાં વસતા લોકોને ધીરજ આપવી, અહિંસક પ્રતિકારની પદ્ધતિ સમજાવવી, જ્યાં જ્યાં શાંતિ જોખમાવાનો સંભવ લાગતો હોય ત્યાં ત્યાં પહોંચી જઈને શાંતિ જાળવવા પ્રયત્ન કરવો, ઘાયલ સૈનિકોની સેવા કરવી, તેમનાં કુટુંબોને રાહત આપવી, ગામડાંઓને તેમની જરૂરિયાતો પૂરતા નિર્ભર બનાવવા, સ્થળે સ્થળે ચોકી કરવી, શાંતિ સેનાઓ ઊભી કરવી—આવી અનેક પ્રવૃત્તિઓ છે કે જે અહિંસાના વિચાર સાથે સંવાદી છે અને જે ભારત સરકારનાં સંરક્ષણ પ્રયત્નોની પૂરક છે. અહિંસાધર્મીઓએ આજની પરિસ્થિતિમાં પોતાનાં કર્તવ્યનો આ રીતે ઊંડાણથી વિચાર કરવો ઘટે છે. એ બાબત તરફ આપનું ધ્યાન ખેંચવાના આશયથી આ બાબત ચર્ચવાનું મેં આજના પ્રસંગે ઉચિત ધાર્યું છે.

આટલા વિવેચન પછી જે વ્યક્તિવિશેષના તૈલચિત્રનું આજે અનાવરણ કરવામાં આવનાર છે તેમને મારા અંતરની અંજલિ આપીને મારું વક્તવ્ય સમાપ્ત કરું છું.

ભાવનગર
તા. ૧૬-૧૨-૬૨ પરમાનંદ

વિષયસૂચિ

		પૃષ્ઠ
વીર બનો, મહાવીર બનો	વિનોબા	૧૬૭
વિજ્ઞાનની દોટ	ઉમાશંકર જોશી	૧૬૭
પૂણ્યવિજયજી સાથેની મારી પરિચયકથા	પંડિત સુખલાલજી	૧૬૮
વહેમનું સામ્રાજ્ય	કાકા કાલેલકર	૧૭૧
અસંદિગ્ધ થઈએ, નિઃસંશય થઈએ.	મનુભાઈ પંચોળી	૧૭૩
યુદ્ધપરિસ્થિતિ અંગે અહિંસાવાદીઓનું કર્તવ્ય	પરમાનંદ કાપડિયા	૧૭૫
'વ્યાપક અને સુસંગઠિત શાન્તિસેના રચો'		૧૭૬
ચાહું ના હું—	ગીના પરીખ	૧૭૬

❋ વ્યાપક ને સુસંગઠિત શાંતિ-સેના રચો! ❋

(વેડછી ખાતે મળેલ સર્વ સેવા સંઘના અધિવેશનમાં શાંતિ-સેનાને વ્યાપક બનાવવા પર ખૂબ ભાર મૂકાયો. દેશની આજની પરિસ્થિતિના સંદર્ભમાં તો સુસંગઠિત ને વ્યાપક શાંતિ-સેનાની આવશ્યકતા સવિશેષ સ્પષ્ટ થઈ ચૂકી છે. અધિવેશનમાં શાંતિ-સૈનિકનું જે નવું પ્રતિજ્ઞાપત્ર માન્ય થયું અને તે પર જે ચર્ચા થઈ તેનો સાર નીચે આપવામાં આવ્યો છે.—સં.)

શાંતિ-સૈનિકનું પ્રતિજ્ઞાપત્ર

(૧૮ વર્ષથી મોટી ઉંમરનો કોઈ પણ ભારતીય નાગરિક, જે નીચે લખેલી ઘોષણા ને પ્રતિજ્ઞા કરશે, તે શાંતિ-સૈનિક બની શકશે.)

હું વિશ્વાસ રાખું છું કે:—

૧. સત્ય અને અહિંસા પર આધારિત નવો સમાજ રચાવો જોઈએ.

૨. સમાજમાં ઊભા થનારા બધા સંઘર્ષ અહિંસક સાધનોથી ઊકલી શકે છે અને ઊકલવા જોઈએ, ખાસ કરીને આ અણુયુગમાં.

૩. માનવમાત્રમાં મૂળભૂત એકતા છે.

૪. યુદ્ધ માનવતાના વિકાસમાં બાધક છે અને તે અહિંસક જીવન-પદ્ધતિનો વિપર્યય છે.

તેથી હું પ્રતિજ્ઞા કરું છું કે:—

૧. શાંતિને માટે કામ કરીશ અને જરૂર પડશે તો મારા પ્રાણ સમર્પણ કરવા તૈયાર રહીશ.

૨. જાતિ, સંપ્રદાય, રંગ અને પક્ષ વગેરેના ભેદોથી ઉપર ઊઠવાની પૂરેપૂરી કોશિશ કરીશ, કેમ કે આ ભેદો મનુષ્યની એકતાને માનવાની ના પાડે છે.

૩. કોઈ પણ યુદ્ધમાં સામેલ નહીં થાઉં.

૪. સંરક્ષણના અહિંસક સાધનો તથા વાતાવરણ નિર્માણ કરવામાં મદદ કરીશ.

૫. નિયમિત રીતે મારો થોડો સમય મારા માનવબંધુઓની સેવામાં આપીશ.

૬. શાંતિ-સેનાના અનુશાસનમાં માનીશ.

—સહી

નામ: .....

સરનામું: .....

જાતિ, સંપ્રદાય, રંગ, પક્ષ વિગેરે બધા ભેદોથી ઉપર ઊઠવાની કોશિશ કરીશ એમ કહ્યું છે, એ બધું છોડીશ એમ નથી કહ્યું.

દાખલા તરીકે જાતિમાં જ મારું લગ્ન થયું છે તો હું જાતિને કેવી રીતે છોડી શકવાનો? એવી જ રીતે સંપ્રદાયને છોડવાની વાત લઈએ તો હું તો કાશીવિશ્વનાથના મંદિરમાં જવાનું નહીં છોડું. અને કોઈ મુસલમાન નમાજ પઢવાનું છોડી દેવા પણ નહીં ઈચ્છે. એટલે વાસ્તે એ બધું છોડવાનું નથી કહ્યું, પણ માત્ર એટલું જ કહ્યું છે કે હું એ બધાંથી ઉપર ઊઠવાની કોશિશ કરીશ.

એવી જ રીતે હવે શાંતિ-સૈનિક બનવા માટે પક્ષ છોડવાની જરૂર નથી, પણ પક્ષમાં રહેવા છતાંયે તેનાથી ઉપર ઊઠવાની કોશિશ કરવાની છે, અર્થાત્ જ્યારે પક્ષનિષ્ઠા ને રાષ્ટ્રનિષ્ઠા વચ્ચેથી પસંદગી કરવાની આવે ત્યારે રાષ્ટ્રનિષ્ઠાને વિશેષ મહત્ત્વ આપવાનું છે.

છેવટે તો આપણે એમ કરવું છે ને કે નાગરિક અને શાંતિસૈનિક એવા બે જુદા વર્ગ જ ન રહે. બધા જ નાગરિક શાંતિસૈનિક હોય, પરંતુ સામાન્ય નાગરિકને ત્યાં સુધી પહોંચાડવાની એક પ્રક્રિયા હશે. એટલે આપણે બીજું કોઈ બંધન નાંખ્યા વિના સામાન્ય નાગરિકને એમ કહીએ છીએ કે આ બધા ભેદોથી ઉપર ઊઠવાની કોશીશ કરે ત્યારે તે મુકત થઈ જાય છે અને પક્ષમુકિત વગેરે તરફ ડગ માંડે છે. આ પ્રક્રિયાને સહજભાવે થવા દઈએ.

આ પ્રતિજ્ઞાપત્રમાં યુદ્ધ અહિંસક જીવનપદ્ધતિનો વિપર્યય છે એમ કહેવાની જરૂર એટલે વાસ્તે પડી કે અહિંસામાં માનનારા ધર્મોએ પણ યુદ્ધનો નિષેધ નથી કર્યો. એટલે આ વાતનો ખાસ ઉલ્લેખ અહીં કરાયો છે.

હવે યુદ્ધમાં સામેલ ન થવું એટલે શું? કેમ કે આજની પરિસ્થિતિમાં તો આપણે રાજ્યને કરવેરો આપીએ છીએ, જકાત આપીએ છીએ અથવા તો ઓછામાં ઓછું જેના પર રાજ્ય તરફથી કરવેરો ને જકાત લેવાતી હોય એવી ચીજવસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ. તો આમ પ્રવાસ લેતાંયે આપણે રાજ્યને તેની યુદ્ધ-તૈયારીમાં આડકતરી મદદ નથી કરતાં? વળી યુદ્ધ ચાલતું હોય ત્યારે તો આપણે ભલે સીધી નાણાંની કે એવી બીજી કોઈ મદદ ન કરી હોય પણ આપણે કાંઈ ને કાંઈ ઉત્પાદન ને વ્યવસાયમાં રોકાયેલા હોઈએ અને તે બધું યુદ્ધ-મોરચા પરના સૈનિકોને પુરવઠો પહોંચાડવામાં મદદરૂપ નથી થતું?

અહીં દાદાએ કહ્યું કે આ ચીજને આટલી તાણવી જોઈએ નહીં. અને એમણે એક દાખલો આપ્યો કે ગોડસેને દુનિયાના એક સૌથી મહાન પુરુષને મારવા માટે ફાંસીની સજા કરવામાં આવી. પરંતુ તેને એ સજા થઈ ત્યારથી તે તેને ફાંસી અપાઈ ત્યાં સુધીના ગાળામાં શું આપણે તેને ખવડાવતા-પિવડાવતા નહોતા? એક માનવ તરીકે જીવનનો તેને અધિકાર હતો. તેવી જ રીતે એક સૈનિકને પણ જીવવાનો અધિકાર છે.

ટૂંકમાં શાંતિસૈનિક પોતે સીધો યુદ્ધમાં સામેલ નહીં થાય. બાકીની બધી વાત તેની અહિંસાની ભૂમિકા પર નિર્ભર રહેશે. શાંતિસૈનિક થનાર સહુ અહિંસાના ઉપાસક છે. તેમાં ભૂમિકા થોડી આગળ પાછળ હોઈ શકે, પણ સહુએ પૂર્ણ અહિંસા તરફ જવું છે. એટલે દરેકના વિવેક પર છોડયું છે. જડ નિયમ બનાવી મૂકવાથી સમૂહના સહજ વિકાસની પ્રક્રિયા રૂંધાવા સંભવ છે. એવી જ રીતે છેલ્લે સહીની સાથે સાક્ષી હોવી જોઈએ કે નહીં એ મુદ્દો પણ ઉપસ્થિત થયેલો. તે અંગે એમ ઠર્યું કે આ એક નૈતિક પ્રતિજ્ઞાપત્ર છે, કાનૂની નહીં અને એટલે તેમાં સાક્ષીની જરૂર નથી.

(ભૂમિપુત્રમાંથી સાભાર ઉધ્ધૃત)

ચાહું ના હું-

('વિકાસ'માંથી ઉદ્ધૃત)

પ્રિયે! ચાહું ના હું જગતભરના સાગર મહા
ઉછાળી મોજાં જે જલ ગજવતાં જાય નભમાં
ખરે લાગે ખ્યાલ હૃદયસર નાનું તવ જ્યહાં
મને અંકાયેલી નિરખું મધુરાં શાંત જલમાં.
મીઠાશો જે નાનાં સરવરતણાં નીર ધરતાં,
મહા—તોયે ખારા—સમદર કદીયે શું વરતાં?

ગીતા પરીખ.

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાનેવારી ૧૬, ૧૯૬૩, બુધવાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

આફ્રિકા માટે શિલિંગ ૮

છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

આપણા મહામાનવ મુનશી


ડૉ. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ ૭૫ વર્ષ પૂરાં કરીને તાજેતરમાં ૭૬ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. આટલી લાંબી જીંદગી દરમિયાન અનવરત પરિશ્રમ અને અદમ્ય તમન્ના-પૂર્વક તેમણે અસાધારણ સામર્થ્ય દાખવીને જે કામ કર્યું છે અને રાજકીય, સામાજિક તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે દેશના વિકાસમાં તેમણે જે ફાળો આપ્યો છે તે ધ્યાનમાં લેતાં કોઈ પણ ભારતીય—વિશેષ કરીને કોઈ પણ ગુજરાતી—તેમના વિષે ઊંડો આદર અનુભવ્યા વિના રહી શકે તેમ છે જ નહિ. આટલી લાંબી જીંદગી દરમિયાન તેઓ અનેક આરોહ અવરોહમાંથી પસાર થયા છે; તેમણે પુરુષાર્થનાં અનેક સીમાચિહ્નો સર કર્યાં છે; તેઓ કોઈ વાર ચડયા છે તો કોઈ વાર પડયા છે અને તે કારણે પ્રકૃતિના અવનવા રંગો તેમના જીવનમાં પ્રગટ થતા રહ્યા છે. જાહેર જીવનમાં મુનશી હંમેશાં એક controvesial figure —વિવાદાસ્પદ વ્યક્તિ—રહ્યા છે. તેમના ઉપર પ્રશંસાના પુષ્પો વરસ્યાં છે અને પ્રતિકૂળ ટીકા-ટીપ્પણીના ઝંઝાવાતોનો પણ તેમને અનેકવાર સામનો કરવો પડયો છે. આ બધું છતાં પણ; તેમણે એક સતત કર્મયોગીનું જીવન જીવી બતાવ્યું છે, એક બહાદુર યોદ્ધાની માફક તેઓ પ્રતિકૂળ બળો સામે ઝુઝતા રહ્યા છે.

તેમના વિચાર અને વલણોમાં સમયે સમયે મહત્ત્વના ફેરફારો થતા રહ્યા છે, એક કાળે ઉગતી પ્રજાએ તેમનામાં પ્રખર ક્રાંતિકારનાં દર્શન કર્યાં હતાં. અને વ્યાસપીઠ ઉપરથી જીવનમૂલ્યોના પરિવર્તનની ઉદ્‌ઘોષણાઓ કરીને તેમણે યુવાન પ્રજાને ભારે પ્રભાવિત કરી હતી; આજે સનાતન ધર્મના સંરક્ષક બનીને જીવનનાં શાશ્વત મૂલ્યો તેઓ આગળ ધરતા દેખાય છે. આ જે હો તે હો, પણ મહાન શક્તિના વહેતા સ્રોત જેવું તેમનું જીવન બન્યું છે. ભાવનાના આવેગથી તેમનું અંતર સતત ધબકતું રહ્યું છે. અનેક રંગો વડે તેમનું જીવન રંગાતું રહ્યું છે. કંઈ ને કંઈ કરવાની અસ્વસ્થાએ--તમન્નાએ—તેમને આજ સુધી સતત ક્રિયાશીલ રાખ્યા છે. તેમને કદિ સ્થિર— static —કલ્પી શકાતા જ નથી. આજે તેમની શારીરિક ક્ષમતા ઉપર વૃદ્ધાવસ્થાની કાંઈક અસર દેખાવા લાગી છે; એમ છતાં તેઓ સદા યુવાન છે અને જીંદગીની છેલ્લી ઘડી સુધી યુવાન રહેવાના છે.

શ્રીમતી લીલાવતીબહેન સાથેનું—વર્ષો પહેલાં નિર્માણ થયેલું તેમનું લગ્ન તત્કાલીન પ્રણાલિકાભંગની તેમની તમન્નાના પ્રતીકરૂપ હોઈને તે દિવસોમાં ખૂબ વિવાદાસ્પદ બન્યું હતું. કોઈએ તેમની આ હિમત માટે તેમને ભારોભાર ધન્યવાદ આપ્યા હતા; કોઈએ તેને એક પ્રકારનો અક્ષમ્ય સ્વછંદ લેખીને તેમને વખોડી નાખવામાં બાકી રાખી નહોતી. આ લગ્નજીવન દ્વારા નિર્માણ થયેલા અપૂર્વ સાહચર્યની કથા આજે સર્વતોમુખી પ્રશંસાની પાત્ર બની છે. તેમણે કહેવાતા સ્વછંદને જાણે કે પૂરા અર્થમાં સાર્થક — Justified —કર્યો હોય એવા ઐક્ય અને અન્યોન્ય નિષ્ઠાનાં તેમણે આપણને દર્શન કરાવ્યાં છે. આ માટે એ બન્ને ધન્યવાદના અધિકારી બને છે.

ગુજરાતમાં—ગુજરાતીઓમાં—આજે તેમની જોડે ઉંમ્મર સાથે કર્મકુશળતાની દ્રષ્ટિએ સરખાવી શકાય તેવી અન્ય કોઈ વ્યકિત નજરે પડતી નથી. તેમની આ ૭૬ મી વર્ષગાંઠના પ્રસંગે 'પ્રબુદ્ધજીવન' ના વાચ- કોને તેમનો સમગ્ર રૂપે પરિચય થાય તે હેતુથી તેમની ૭૬ મી વર્ષગાંઠ ઉદ્યાપન સમિતિના પ્રમુખ તરીકે મહારાષ્ટ્રના શિક્ષણમંત્રી શ્રી શાંતિલાલ હ. શાહે મુંબઈ ખાતે તા. ૩૦મી ડિસેમ્બરના રોજ નેશનલ સ્પોર્ટસ ક્લબ ઓફ ઈન્ડિયાના ચોગાનમાં એકઠા થયેલા મુનશીના મિત્રો અને પ્રશંસકોના ઘણા બહોળા સમુદાય સમક્ષ જે સ્વાગત પ્રવચન કર્યું હતું તેનો તથા શ્રી મુનશીએ પોતાના આભારનિવેદનમાં જે કાંઈ કહ્યું હતું તેનો અનુવાદ આપવો ઉચિત ધર્યો છે. એકમાં મુનશીના આજ સુધીના જીવનની સંક્ષિપ્ત, સુમધુર અને મિતભાષી આલોચના છે; અન્યમાં આજે જ્યારે જીવન આથમણી દિશા તરફ નજર કરી રહ્યું છે અને સતત ક્રિયાશીલ પ્રકૃતિ વિરામ તરફ ઢળી રહી છે ત્યારે શ્રી મુનશી પોતે પોતાની લાંબી જીવનકારકીર્દીને કેવી રીતે નિહાળે છે તેનું, તેમની ભાવનાશીલ વાણીમાં, આપણને સુભગ દર્શન થાય છે. આપણા મહામાનવને યથાસ્વરૂપે આપણે ઓળખવા જોઈએ એ દ્રષ્ટિએ આ બન્ને ઉપયોગી છે એમ મને લાગે છે.

પરમાનંદ



શ્રી કનૈયાલાલ મુનશી

શ્રી શાંતિલાલ શાહનું સ્વાગતપ્રવચન

"**માન્યવર મહાશય,** આ સદીની શરૂઆતમાં, જેમ એ દિવસોમાં અનેક ઉગતા યુવાનો મુંબઈ આવતા હતા તેમ, આપનું પણ અહીં ખાતે દ્રવ્યોપાર્જનાર્થે આવવાનું બન્યું હતું. અસાધારણ બુદ્ધિપ્રતિભા અને ઈશ્વર વિષે ઊંડી નિષ્ઠાના બળે અને ખંત તથા પરિશ્રમપૂર્વક આપ જલ્દીથી આગળ વધવા લાગ્યા, જે વિષે આપના સાથી મિત્રો ગૌરવ અનુભવી રહ્યા હતા.

મુંબઈમાં આપ કાયદાનો અભ્યાસ કરવા માટે આવેલા અને જોતજોતામાં ઍડવોકેટની પદવી આપે પ્રાપ્ત કરી. આ કાયદાના વ્યવસાયમાં ધુરંધર લેખાતા કાયદાશાસ્ત્રીઓની ચેમ્બરમાં કામ કરતાં કરતાં, કાયદાશાસ્ત્રીઓના મંડળમાં આપે જલ્દીથી મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું અને એ ધંધાના એક અગ્રણી તરીકે આપ ઓળખાવા

લાગ્યા. બાકીના જીવન દરમિયાન કાયદાના વ્યવસાયને લગતા અનેક ક્ષેત્રોમાં આપે નામના પ્રાપ્ત કરી છે.

વકીલાતના ધંધામાં જે પડે છે તે પછી તેમાંથી ભાગ્યે જ બહાર નીકળી શકે છે. આમ છતાં પણ આપની ચંચળ અને મહત્વાકાંક્ષી પ્રકૃતિ એ વ્યવસાયના ક્ષેત્રમાં જ પુરાયલી રહી શકી નહિ. આપના યૌવનકાળના પ્રારંભથી આપ પત્રકાર તો હતા જ, એ પત્રકારત્વના વ્યવસાયમાં વર્ષોના વહેવા સાથે આપની માતૃભાષા ગુજરાતીના તેમ જ અંગ્રેજીના માધ્યમ દ્વારા આપે આપની સાહિત્યક પ્રતિભાનું દર્શન કરાવ્યું અને સાહિત્ય ક્ષેત્રમાં આપને ઉત્તરોત્તર સફળતા મળતી રહી. ગુજરાતી સાહિત્યની અનેકવિધ સેવાઓ દ્વારા આપે ગુજરાતી ભાષાને નવો વળાંક અને નવી દિશા આપી છે અને આજના ગુજરાતી સાહિત્ય ઉપર તેની કદિ ન ભૂંસાય એવી છાપ અંકિત થઈ છે. પારવિનાનાં અને સતત તકેદારીની અપેક્ષા રાખતાં ધંધાકીય રોકાણો આડે, આપ સાહિત્યક પ્રવૃત્તિઓ પાછળ શી રીતે સમય કાઢી શક્યા હશો—અને એ એવી પ્રવૃત્તિઓ કે જે દ્વારા ચિરન્તન મૂલ્ય ધરાવતું પુષ્કળ સાહિત્ય નિર્માણ થયું છે અને જે દ્વારા આપે આપની જાતને અભિવ્યકત અને સાર્થક કરી છે—આ મારા માટે હંમેશાં એક આશ્ચર્યનો વિષય રહ્યો છે.

દેશમાં બીજા અનેકની માફક, આપે પણ આઝાદીના જંગમાં ઝંપલાવ્યું હતું. આપની દેશભક્તિ પાછળ રાજકારણી માત્ર નહિ એવી બીજી અનેક ભાવનાઓ પ્રેરક બળ તરીકે કામ કરી રહી હતી. આપની બાબતમાં દેશપ્રેમે એક ધર્મનું રૂપ ધારણ કર્યું છે, જેને લગતી માન્યતાઓ આપે દેશના ઋષિ મુનિઓમાંથી તારવી છે, કેળવી છે. સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાની નીચે ચાલી રહેલા બારડોલી સત્યાગ્રહમાં આપે ભજવેલો મહત્ત્વનો ભાગ અને દિવસાનુદિવસ બગડતી જતી પરિસ્થિતિને સુધારી લેવા માટે, બહુ મોડું થાય તે પહેલાં, દરમિયાનગીરી કરવાનો આગ્રહ કરતો મુંબઈના ગવર્નરને એ દિવસોમાં આપે લખેલો પત્ર—આ બન્નેની ઈતિહાસના પાનાઓમાં નોંધ કરવામાં આવી છે. હોમ રૂલ લીગ દ્વારા આપે રાજકારણના ક્ષેત્રમાં સીધો પ્રવેશ કર્યો હતો. અને સમય જતાં ગાંધીજીના માર્ગદર્શન નીચે સંચાલિત થઈ રહેલી કોંગ્રેસના આપ એક આગેવાન સભ્ય બન્યા હતા, અને આમ છતાં પણ, ગાંધીજીના આપ કદિ અંધ અનુયાયી બન્યા નહોતા. જ્યારે આપને લાગતું કે, આપે જુદા પડવું જોઈએ ત્યારે, અનેક દિશાઓથી થતી પ્રતિકૂળ ટીકાઓ અને આક્ષેપ-પ્રતિઆક્ષેપોનું જોખમ ખેડીને પણ, કોંગ્રેસથી અને ગાંધીજીથી પણ જુદા પડવાની આપે હિમત અને પ્રમાણીકતા દાખવી હતી.

આઝાદીજંગની પૂર્ણાહુતિએ અને સ્વાતંત્ર્યના ઉદયે આપનામાં રહેલી રચનાત્મક કાર્ય માટેની તાકાતને બહાર આવવાની તક આપી હતી. કોંગ્રેસના ત્રણ મુખીઓ—મહાત્માજી, જવાહરલાલજી અને સરદારે આપણા દેશનું બંધારણ ઘડવાના કામમાં મહત્ત્વનો ભાગ ભજવવા માટે આપની પસંદગી કરી હતી. હૈદરાબાદના પ્રકરણ દરમિયાન, ઘણી જોખમભરી અને ભારે જટિલતાયુકત એવી પરિસ્થિતિમાં આપે જે કુનેહભરી અને હિમતભરી કામગીરી બજાવી હતી તે દ્વારા આપનામાં એક કુશળ મુત્સદ્દીનું—રાજપુરુષનું—દેશે દર્શન કર્યું હતું.

સ્વરાજ્યનાં મંડાણ મંડાયાં અને આપણી હસ્તક રાજ્યકારભાર સ્થિરપણે ચાલવા લાગ્યો, ત્યાર બાદ આપને દેશના અનાજ અને ખેતીવાડી ખાતાના પ્રધાનની જવાબદારી સોંપવામાં આવેલી. દેશની તત્કાલીન પરિસ્થિતિમાં આ જવાબદારીને પહોંચી વળવાનું કામ અત્યંત વિકટ હતું. આમ છતાં પણ, આપે મુંબઈના ગૃહખાતાના પ્રધાન તરીકેના સમય દરમિયાન જે કુનેહ અને તકેદારી આપે પરિચય કરાવ્યો હતો તે જ કુનેહ અને તકેદારી આપે આ કાર્યમાં દાખવી હતી અને તત્કાલીન સમસ્યાઓની વૈજ્ઞાનિક સમજણ ઉપર આધારિત એવા કાર્યક્રમો આપે અમલમાં મૂક્યાં હતાં.

આપનામાં જે રાષ્ટ્રીય ભાવના અને ઊંડી દેશભક્તિ છે તે રાજકારણ કે રાજ્યવહીવટની સીમાઓમાં મર્યાદિત રહી શકે તેમ હતું જ નહિ. આપની પ્રવૃત્તિના કોઈ પણ ક્ષેત્રમાં આપે જે કાંઈ કર્યું છે તે બધાં પાછળ, આપણા ભૂતકાળનો સાંસ્કૃતિક વારસો આપણા લોકોને પાછો મળે, વર્તમાનની જરૂરિયાત મુજબ તેને નવો આકાર મળે, અને તેમના દૈનિક જીવન અને વ્યવહારમાં આ સાંસ્કૃતિક મૂલ્યોની સમજણ અને સ્વીકાર અંગે જરૂરી એવું તેમને શિક્ષણ મળે—આવી આપની ઈચ્છા અને આકાક્ષા રહેલી છે. આ જ આપની સર્વ પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ રહ્યો છે. આપણી પુરાણી સંસ્કૃતિને તેના ભિન્ન ભિન્ન અંગોપૂર્વક પુનઃ પ્રતિષ્ઠિત કરવાની આપની ભાવનાને મૂર્તરૂપ આપવાનો આપને ૧૯૩૮ ની સાલમાં વિચાર આવ્યો. એનું પરિણામ ભારતીય વિદ્યાભવનના નિર્માણમાં આવ્યું છે. આ ભારતીય વિદ્યાભવને ભૂતકાળની આપણી સિદ્ધિઓને અને ભવિષ્યની આપણી આકાંક્ષાઓને મૂર્ત રૂપ આપતી એક આગળ પડતી રાષ્ટ્રીય સંસ્થાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. દિવસ અને રાત, સતત ચિંતા અને પારવિનાના પરિશ્રમપૂર્વક, આ આપની કલ્પનાના બાળકનું આપે આપના અગણ્ય મિત્રોના સહકાર વડે સંવર્ધન કર્યું છે. પુનરુદ્ધાર પામેલા સોમનાથના મંદિરની સાથોસાથ, આપે જે ઉત્કૃષ્ટ ભાવના અને ઉદાત્ત ખ્યાલોપૂર્વક ભારતીય વિદ્યાભવનનું નિર્માણ કર્યું છે તે એક મહાન સંસ્થા તરીકે કંઈ કાળ સુધી ચિરંજીવ રહેશે. આજે જ્યારે ભારતીય ભાષાઓનું સામુદાયિક સંગઠ્ઠન થઈ રહ્યું છે ત્યારે પવિત્ર અને પુરાણી સંસ્કૃત ભાષાનું સર્વોત્કૃષ્ટ સ્થાન પુનર્જીવિત થાય એ હેતુથી, આપની દીર્ઘદ્રષ્ટિ અને ભક્તિભાવનામાંથી પેદા થયેલ 'સંસ્કૃત વિશ્વ પરિષદ' એ નામની—અસાધારણ રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી—બીજી એક પ્રવૃત્તિનો, આજના સંદર્ભમાં ઉલ્લેખ કરવાનું મારે ભૂલવું ન જોઈએ.

આપની બુદ્ધિપ્રતિભામાંથી ઉભી થયેલી અનેક પ્રવૃત્તિઓ વડે આપે દેશને સંપત્તિમાન બનાવ્યો છે. તે સર્વની વિગતો આપવા બેસું તો મને ઘણો વખત લાગે. એ સર્વ પ્રવૃત્તિઓ, આપની ચેતનવંતી પ્રજ્ઞા કે જે વડે એનો ઉદભવ થયો છે અને સર્વ કોઈ વિઘ્નોને પડકારતી અડગ સમર્થ આપની નિર્ધારશકિત જે વડે તેમને મૂર્ત રૂપ મળ્યું છે—આ બન્નેની સચોટ પ્રતીતિ કરાવે છે. આમ છતાં પણ આપની સિદ્ધિઓનું રહસ્ય આપની પ્રજ્ઞા અને આપની નિશ્ચયલક્ષી શકિતથી પણ વધારે ઊંડા એવા તત્વમાં રહેલું છે. એ રહસ્ય આપના અંતસ્તત્વમાં રહેલા ઉષ્માભર્યા હૃદયમાં રહેલું છે, જે વડે આટલી બધી સફળતાપૂર્વક આપે પાર પાડેલી અનેક યોજનાઓના અમલને વરેલા એવા સંખ્યાબંધ મિત્રોને સાથીઓને આપ આકર્ષી શકયા છો. આપે ઉત્કૃષ્ટ વિશ્વ—સાહિત્યના અનેક ક્ષેત્રોમાં તેમ જ આપણી દુનિયાના અનેક દેશોમાં વ્યાપક પ્રવાસ કર્યો છે અને તેના પરિણામે વિરલ માનવીઓમાં સંભવે એવી પ્રમાણબુદ્ધિ અને ઉદારતા—Perspective and forbearance with men— આપનામાં વિકાસ પામ્યાં છે. આપની પ્રકૃતિમાં જે touch of the romantic છે—સ્વૈરવિહારનો ભાવ અથવા તો પ્રભાવ છે—તેથી આપના પ્રત્યે અનેક માનવીઓ ભક્તિભાવપૂર્વક આકર્ષાતા રહ્યા છે. આપને સૌ કોઈ સરળતાથી મળી શકે છે અને ઉંમર કે અધિકારના કશા પણ ભેદભાવ સિવાય, આપના વિશાળ કુટુંબના માનવીઓના ક્ષેમકુશળની આપ

સતત ચિન્તા સેવતા રહો છો—આ બન્ને કારણોને લીધે આપ કોઈ વિશાળ કુટુંબના મુખી—મુરબ્બી હો એવી આભાનું આપનામાં દર્શન થાય છે.

પોતાની રાજગાદીનો ત્યાગ કરતાં ઈંગ્લાંડના આઠમા એડવર્ડે દર્દપૂર્વક પોતાના ભાઈને લખ્યું હતું કે, "મારી સરખામણીએ તમને એક વિશેષ લાભ છે...ઊંડા પ્રેમથી ચાહતી એવી પત્ની સાથે સુખપૂર્ણ ગૃહસ્થજીવન તમે ભોગવી રહ્યા છો. મને લાગે છે કે, જે સ્ત્રીને હું ચાહું છું તેના સાથ વિના રાજા તરીકેની જવાબદારી હું સંભાળી શકું તેમ નથી." જાહેર જીવનને વરેલી વ્યક્તિના જીવનમાં પોતાને સમજતી અને ચાહતી પત્ની કેટલો મહત્ત્વનો અને અર્થપૂર્ણ ભાગ ભજવી શકે છે તે આ કિસ્સા ઉપરથી આપણને માલુમ પડે છે. આ બાબતમાં, જેમનામાં લાવણ્ય અને ઉપાસના છે અને જેમણે આપને જીવનના એક ભાગીદાર તરીકે આપના સર્વ કાર્યોમાં પૂરો સાથ અને સહકાર આપેલ છે એવાં શ્રીમતી લીલાવતીબહેનને જીવનસાથી તરીકે આપે પ્રાપ્ત કર્યા છે એ આપનું પરમ સદ્‌ભાગ્ય છે.

જે કલ્યાણ--ગુણો વડે આપના પરિચયમાં આવેલ સૌ કોઈના આપ પ્રેમપાત્ર બની શક્યા છો તે ગુણોનું વધારે વિવરણ કરવાની જરૂર નથી. આજે અહીં આ જે સંમેલન એકત્ર થયું છે, તે આપની પ્રત્યે આદર અને સ્નેહ વડે આકર્ષિત થયેલા અનેકના દિલમાં જે પ્રેમ અને સદ્‌ભાવ આપે પેદા કર્યો છે તેનું સાક્ષીરૂપ છે. આ જે પ્રેમ અને સદ્‌ભાવ આપની તરફ વહી રહ્યો છે તે માટે આપના બીજા અનેક ગુણો કરતાં એક ગુણ જેને આપના જીવનના શાસક સિદ્ધાંત તરીકે આપે સ્વીકાર્યો છે તે સવિશેષ જવાબદાર છે. આ ગુણ ઉપનિષદમાં જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે છે 'तेन त्यक्तेन भूंजीथाः।'—'ત્યાગ કરીને ભોગવો.' આ ત્યાગની ભાવના વડે આપનું જીવન શાસિત બન્યું છે અને જ્યારે આપે તાજેતરમાં જ ભવનને આપની બાકી રહેલી સૌથી છેલ્લી સ્થાવર મિલ્કત અર્પણ કરી ત્યારે આપની આ ત્યાગભાવના પૂર્ણ રૂપે અભિવ્યક્ત થઈ છે.

માન્યવર મહાશય, આપની આ ૭૬ મી વર્ષગાંઠના દિવસે ભારતભરમાં વસતા આપના મિત્રો અને પ્રશંસકોની વતી આપને અમારી સ્નેહભરી શુભેચ્છાઓ નિવેદિત કરું છું અને અર્થસભર જીવનની સર્વાંગી પરિપૂર્તિની દિશાએ વર્ષો સુધી આપનું આરોગ્ય અને બળ સુરક્ષિત રહે એવી પરમાત્માને પ્રાર્થના કરું છું.

આમ કરતાં, આપનો જેના વિષે પક્ષપાત છે એવા વ્યાસ મુનિના--અમરત્વની ખાત્રી આપતા--શ્લોકનું ઉચ્ચારણ કરવું સમુચિત ધારું છું. તેમણે કહ્યું છે કે:

"दिवं स्पृशति भूमिं च, शब्दः पुण्यस्य कर्मणः।
यावत् स शब्दो भवति, तावित् पुरुष उच्यते ।।

પુણ્યકર્મની કીર્તિ પૃથ્વી ઉપર ફેલાય છે અને સ્વર્ગ સુધી પહોંચે છે. એ કીર્તિ જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી એ પુરુષ જીવે છે."

ત્યાર બાદ મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી એચ. વી. પતાસ્કર, મહારાષ્ટ્ર હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી એચ. કે. ચૈનાની, આસામના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી જયરામદાસ દોલતરામ, મહારાષ્ટ્ર રાજ્યના અર્થસચિવ શ્રી. એસ. જી. બર્વે, બનારસ હિંદુ યુનિવર્સિટીના વાઈસ-ચેન્સેલર શ્રી એન. એચ. ભગવતી તથા વિધાનપરિષદના સભ્ય શ્રી મોઈનુદ્દીન હેરીસે ડૉ. કનૈયાલાલ માણેકલાલ મુનશીને પ્રસંગોચિત શબ્દોમાં ઊંડા ભાવભરી અંજલિ આપી. જન્મમહોત્સવ સમારોહ સંમેલનના પ્રમુખ ડૉ. સી. પી. રામસ્વામી આયરે ઉપસંહાર કરતું પ્રવચન કર્યું અને ત્યાર બાદ ડૉ. કનૈયાલાલ મુનશીએ નીચે મુજબ આભારપ્રવચન કર્યું.

શ્રી મુનશીનું આભારનિવેદન

"આજના પ્રસંગે જે મિત્રોએ મારા વિષે આટલા બધા સદ્‌ભાવભર્યા ઉદ્‌ગારો રજૂ કર્યા છે તેમના માયાળુપણાના કારણે તેમ જ આજે પ્રગટ કરવામાં આવેલ પ્રશસ્તિ ગ્રન્થમાં વિશિષ્ટ કક્ષાના સમકાલીન મહાશયોએ લખાણો લખીને મારા કાર્યની ઉદારતાભરી કદર કરી છે તે વડે મારું ચિત્ત અત્યંત અભિભૂત બન્યું છે, મારું દિલ ભરાઈ આવ્યું છે અને તેથી તેના ઉત્તર રૂપે શું કહેવું તેની મને સૂઝ પડતી નથી.

આમ છતાં પણ અમુક ઉપચારની તો આપણાથી ઉપેક્ષા થઈ શકતી નથી. પણ હું શું કહું? ચોગઠા મુજબના ઉદ્‌ગારો શુષ્ક ભાવવિહોણા લાગશે. આપનો આભાર માનું છું—Thank you એમ કહેવું એ પણ કેવળ ચાલુ ચીલા જેવું ગતાનુગતિક અને સામાન્ય લાગશે. જો મારી રીતે જ કહેવાની મને છૂટ હોય તો હું એટલું જ કહીને સંતોષ માનું કે, "મને આવા માયાળુ મિત્રો મળવા બદલ ઈશ્વરનો હું આભાર માનું છું."

જો મારે બોલવાનું જ હોય તો, આ પ્રસંગે હું અંદરથી જે અનુભવું છું તે જ કહેવાની મને છૂટ હોવી જોઈએ—જો કે, આ પ્રકારનું વકતવ્ય ચાલુ ઉપચાર સાથે બંધબેસતું નહિ હોય.

મને આમ લાગે છે: જે કાંઈ હું બોલ્યો છું, મેં લખ્યું છે, અથવા તો સાધ્યું છે, જે રીતે મેં આજ સુધીનું જીવન પસાર કર્યું છે, તે મારા લીધે નથી, પણ મારા સમસ્ત જીવન દરમિયાન જે બળોએ મને ઘડયો છે અને પ્રેર્યો છે તેમને આભારી છે.

આજની જેવા અવસર ઉપર અનેક વિચારો, સંસ્કારો, અને સ્મરણો મારા ચિત્તમાં જાગૃત થાય છે. એવી અનેક અને ભિન્ન ભિન્ન કોટિની વ્યક્તિઓ અને શક્તિઓ છે જેમણે મને જીવનના મહાસાગર ઉપર આમથી તેમ ઉછાળ્યો છે, ધકેલ્યો છે. જીવનનો સમગ્રપણે વિચાર કરતાં તે દરેક વ્યક્તિએ અને શક્તિએ મારા ઉપર અસર પાડી છે. તે સર્વેએ મારા ઉપર, ઓછી કે વધતી સ્થાયી છાપ પાડી છે અને તેમાંની કેટલીક તો કદી પણ ન ભૂંસાય એવી છે.

સૌથી પ્રથમ, આપણી આ મહાન નગરી—ગીચ અને ગંદા રહેઠાણો, મહાલયો, અને મંદિરોની આ નગરી—જ્યાં દ્રવ્યોપાર્જનના નિમિત્તે હું ૧૯૦૭ ના જૂન માસમાં આવી ચડયો હતો— એવી આ મહાન નગરી પ્રત્યે મારું બહુ મોટું ઋણ છે. તેનું અશાંત ધમાલભરેલું જીવન એક અતિ સામાન્ય, અર્થહીન, મિત્રહીન, આગન્તુકને પડકારરૂપ બને છે. તેની ગલીઓ અને શેરીઓમાં ફરતાં ફરતાં, તેનાં મફત પુસ્તકાલયોમાંથી પુસ્તકો મેળવીને વાંચતાં વાંચતાં, તેની ગંદી અસુઘડ નાટકશાળાઓની રંગભૂમિ ઉપર ભજવાતાં નાટકો જોવાની ભૂખ શમાવતાં શમાવતાં, અનુકુળ તેમ જ પ્રતિકૂળ આઘાત—પ્રત્યાઘાતોમાંથી પસાર થતાં થતાં મેં સતત કામ કરવાની તાકાત અને તમન્ના કેળવી હતી.

બહુ ઊંચું ધોરણ ધરાવતા અને અનેક સુવિખ્યાત વિભૂતિઓને પોતામાં સમાવતાં મુંબઈના બારે, —હાઈકોર્ટમાં કામ કરતા વકીલો, બૅરિસ્ટરો અને સૉલિસિટરોની સંસ્થાએ—મને આવકાર્યો, તેમાં મને પ્રવેશ આપ્યો. સાધારણ રીતે ત્યાં નવા માણસને જલ્દિથી આવકાશ મળતો નથી એવી તેની ખ્યાતિ હોવા છતાં, તેણે મને પોતાની છત્રછાયા નીચે લીધો અને ખૂબ સખત અને અત્યંત જટિલ એવું કામ કરવા માટે અવકાશ આપ્યો અને તેના વૈવિધ્યયુક્ત વિશાળ જીવનમાં જે રાગ અને દ્વેષ, લોભ અને મત્સર, પ્રલોભનો અને આશાઓ ભરેલાં છે તેના સીધા સંપર્કમાં હું આવ્યો.

અદાલતી પ્રક્રિયા દ્વારા સંપત્તિ એક વ્યક્તિના હાથમાંથી બીજી વ્યક્તિના હાથમાં કેવી રીતે પસાર થાય છે, કેવળ મત્સર-પ્રેરિત લીટીગેશન (કૉર્ટને લગતી કાર્યવાહીઓ) દ્વારા એકમેકનો કેવી રીતે નાશ નોતરવામાં આવે છે, સાચો ન્યાય કેવી રીતે આપવામાં આવે છે તેમ જ તેને કેવી રીતે ડૂબાડવામાં આવે છે—આ બધાથી હું સુપરિચિત બન્યો.

વકીલાતના વ્યવસાય દ્વારા આ શહેરની વ્યાપારી દુનિયા કે, જ્યાં પોતાની કશી પણ ભૂલ કે વાંક વિના માણસો પૈસો ગુમાવે છે અને

કશી પણ લાયકાત સિવાય માણસો ધન રળે છે—આવી વ્યાપારી દુનિયાના હું સીધા સંપર્કમાં આવ્યો.

જેના અવલંબન વડે અત્યંત ગૂઢ એવી હોશિયારીથી અથવા તો ધંધા—વ્યવસાયના કાયદા કાનૂન અને નિયમ અંગેની સહજ એવી સૂઝ વડે ધન રળવામાં આવે છે એવો એક પણ ધંધો કે વ્યવસાય નથી કે જેના સીધા સંબંધમાં, એક વકીલ તરીકે, મારે આવવાનું બન્યું ન હોય. આ દુનિયાના પરિચયે સમર્થ, કુશળ, ઉદાર એવા અનેક મિત્રો મને આપ્યા. તેમનામાંનાં કેટલાકે, જે ઉમળકાથી શ્રી કૃષ્ણે, શામળશા તરીકે, નરસિંહ મહેતાની હૂંડીઓ સ્વીકારી હતી, તેવા જ ઉમળકાથી તેમની સમક્ષ મૂકાયેલી મારી માગણીઓને મંજૂર કરી હતી.

શહેરનાં પુસ્તકાલયોએ સાહિત્યવિષયક અને સંશોધન—પરાયણ દુનિયાનું મને દર્શન કરાવ્યું, કેટલાંક નવોદિત વિદ્યાપ્રિય માનવીઓએ મને ગુજરાતીમાં લખવાનું—પ્રોત્સાહન આપ્યું. તેના પ્રેસે અને સામયિકોએ મને તે વખતે બહુ જરૂરી એવી આર્થિક રાહત આપી, અને પ્રૂફ જોવાની, અગ્રલેખો અને બીજાં લખાણો લખવાની અને નવલકથાઓ નિર્માણ કરવાની મને સગવડ આપી, સમય પાક્યો ત્યારે, એવા ઘણા મિત્રો હતા કે, જેમના આદરભાવે સાહિત્ય દ્વારા મારા આત્માને અભિવ્યક્ત કરવાની દિશાએ વધારે ને વધારે આગળ વધવાની, ઊંચે ઉઠવાની મને પ્રેરણા આપી હતી.

મુંબઈના રાજકારણી જીવને મને જાહેર સેવા તરફ આકર્ષ્યો, તેના રાજકારણી આગેવાનોમાંના કેટલાકે મને સ્વાતંત્ર્ય પ્રાપ્તિની ઝૂંબેશ તરફ વાળ્યો, મુંબઈની ભાવનાશીલ અને શ્રદ્ધા-પ્રધાન પ્રજાએ મને આત્મભોગના કાંટાળા માર્ગ તરફ આકર્ષ્યો.

૧૯૩૦—'૪૦ ના ગાળામાં મુંબઈની યુનિવર્સિટીએ મારી માતૃ સંસ્થાએ—મને ઉચ્ચ શિક્ષણના કાર્યપ્રદેશ અંગે અને તેને લગતી ટેકનિક અંગે દૃષ્ટિ આપી—સૂઝ આપી, ઉગતા યુવાનોનાં માનસ અને ચારિત્ર્ય કેમ ઘડાય છે તેને લગતાં રહસ્યો મારી સમક્ષ ખુલ્લાં કર્યાં અને 'शीलव्रतफलं श्रुतं' શ્રુત એટલે જ્ઞાનનું ફળ શીલ અને વ્રત છે—આ પ્રકારનું જ્ઞાન આપવાની દિશાએ પ્રયોગો કરવાની મારામાં પ્રેરણા નિર્માણ કરી.

આ રીતે, મુંબઈ મારા જીવનને ઘડનારી શાળા બની હતી. તેણે મને માર્ગ દેખાડયો હતો અને કામ કરવાનું અવકાશ આપ્યો. એ મારા માટે સ્પ્રીંગ બોર્ડ સમાન-કૂદકો મારવાના પાટિયા સમાન-બની હતી, જ્યાંથી મેં જીવનના અનેક સાહસોમાં ઝંપલાવ્યું હતું.

જે કોઈ સિદ્ધિઓનો આપે મને યશ આપ્યો છે તે, હું ફરીથી જણાવું છું કે, મારી નથી. હું ભારતીય પુનરુત્થાન—Indian Renaissance ના જોધભેર વહેતા પૂરમાંથી ફેંકાયેલી એક છીપ જેવો છું. જેમણે મને વેગ આપ્યો અને દિશા દેખાડી તેઓ તેના મારા મહાન ઘડવૈયા હતા: દયાનંદ સરસ્વતી, જેમણે મારામાં આપણી પુરાણી જાતિ અને અમર સંસ્કૃતિ વિષે મને ગૌરવ અનુભવતો કર્યો; બંકિમચંદ્ર, જેમણે મારી સ્વૈરવિહારી કલ્પનામાં નવી દુનિયાની શોધમાં જવાની તમન્ના જગાડી; શ્રી અરવિંદ, જેમણે મારામાં ભારત માતા—સનાતન માતા—વિષે ભક્તિભાવ જાગૃત કર્યો, અને આધ્યાત્મિક સાધના અંગે મારામાં તીવ્ર આકાંક્ષા પેદા કરી. પછી ગાંધીજી આવ્યા; તેમણે જેની પ્રાપ્તિ માત્ર સમર્પિત જીવન દ્વારા જ થઈ શકે તેમ છે તેવાં રાષ્ટ્રીય મહત્તાનાં અવનવાં સોપાનો રજૂ કર્યાં.

Indian Renaissance ને -- ભારતીય પુનરુત્થાનને, આપ જાણો છો કે, રાજકારણી, સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક—એવી અનેક બાજુઓ છે. હું તે સર્વથી મુગ્ધ બન્યો હતો અને તેની અભિવ્યક્તિનું નબળું અને અપૂર્ણ—એવું પણ એક વાહન બનવાનો મનોરથ સેવતો થયો હતો.

કશા પણ ખ્યાલ વગર, હું રાજકારણી સંઘર્ષના ક્ષેત્રમાં ઘસડાયો હતો, જેલમાં ગયો હતો, પ્રાદેશિક ધારાસભામાં, બંધારણ સભામાં અને લોકસભામાં મેં પ્રવેશ કર્યો હતો, મહત્ત્વભર્યા અધિકારો મને હસ્તગત થયા હતાં.

એવી જ રીતે હું રોમાન્સના—સ્વૈરવિહારના—ક્ષેત્ર તરફ વિચરતો થયો હતો અને જે રહસ્યોએ ભારતીય સંસ્કૃતિને આટલું બળ અને ટકી રહેવાની તાકાત આપી હતી તે ગૂઢ રહસ્યોની ખોજ તરફ ખેંચાયો હતો.

મારા જીવનની પાછળ દૃષ્ટિ કરતાં, મને તે એક સાહસ જેવું લાગે છે. આ સાહસ ક્ષણ બે ક્ષણ ઝબકારા મારતા કોઈ ખરતા તારા જેવું નહિ, પણ અનેક રંગોથી ભરેલા એવા એક ચિત્રપટ જેવું લાગે છે. જ્યારે તે પોતાના અંત સમીપ જઈ રહ્યું છે. ત્યારે, એક વહેતા પ્રવાહના કિનારા ઉપર ઊભો રહીને જોતો હોઉં એવી રીતે, હું મારા જીવનનેં નિહાળી રહ્યો છું.

એમ કહું કે આ 'મારું' સાહસ છે તો તે અહંકાર-સૂચક લેખાય. આશાઓ અને નિરાશાઓ, સફળતાઓ અને નિષ્ફળતાઓ, જે મારા માર્ગમાં આવી અને ગઈ તે મારી નહોતી; તે તો ઊંચે રહેલી શક્તિની ઈચ્છાની અભિવ્યક્તિ રૂપ હતી.

આમ છતાં પણ, આ મારું જીવનસાહસ સતત રસપ્રદ બનતું રહ્યું છે, પંચોતેર વર્ષ જેટલાં લાંબા પટ ઉપર પથરાયલા તે જીવનમાં અનેક રોમાંચો નિર્માણ થયાં છે. બંગાળના ભાગલા થયા અને ઉદ્દામ રાષ્ટ્રવાદનો—Militant Nationalism નો ઉદય થયો ત્યારે, હોમ રૂલની હીલચાલનો અને લોકવ્યાપી જાગૃતિનો ઉદ્‌ભવ થયો ત્યારે, બારડોલી સત્યાગ્રહ વખતે અને અહિંસક પ્રતિકારના જન્મ સમયે, આઝાદીનો જન્મસિદ્ધ હક્ક હાંસલ કરવા માટે લોકો હજારોની સંખ્યામાં જેલવાસી બન્યા ત્યારે, વિરાટ સભાઓમાં દેશભક્તિની ભાવનાથી ક્ષુબ્ધ બનેલા હજારો —લાખો માનવીઓ એકઠા થતા હતા ત્યારે, રાજ્યની ધુરા વહન કરવાની અને દેશભરમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી આવી ત્યારે, અંગ્રેજોએ આપણને સત્તાની સોંપણી કરી અને પૂરી કસોટી અને યાતનાની વૈતરણીમાંથી આપણને પસાર થવું પડ્યું ત્યારે, બંધારણ સભાની ભવ્ય કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે, ખટપટ અને અનેક ભયસ્થાનોથી ભરેલાં હૈદરાબાદના પ્રકરણમાંથી આપણે પસાર થયા ત્યારે—આ સર્વ મારા માટે અદ્‌ભૂત રોમાંચના પ્રસંગો હતા, જેનું સ્મરણ પણ મને આજે રોમાંચનો અનુભવ કરાવે છે.

આવો જ રોમાંચ—આધ્યાત્મિક ક્ષોભ—હું તાજેતરમાં અનુભવી રહ્યો છું, જ્યારે ચીની આક્રમણના પડકાર રૂપ રાષ્ટ્રના પ્રતિકારાત્મક નિશ્ચયનું વિરાટ આંદોલન—ભારતના ઈતિહાસમાં પૂર્વે કદિ જોવામાં આવ્યું નહોતું તેવું—દેશભરમાં ચોતરફ ફેલાઈ રહેલું માલુમ પડે છે. મને કોઈ શક નથી કે, પ્રતિકાર કરવાની નિશ્ચયાત્મક વૃત્તિ જે દેશ આખામાં વિકસી રહી છે તે આપણી માતૃભૂમિને પહેલાં હતી તે કરતાં વધારે મહાન અને વધારે બળવાન બનાવશે.

મને સંતોષ થાય છે કે, આપણા સામાજિક જીવનમાં થયેલી વિસ્મયજનક ક્રાંતિ જેણે આપણી સ્ત્રીઓને બંધનમુક્ત બનાવી છે અને અસ્પૃશ્યતાના અનિષ્ટને નાબૂદ કર્યું છે તે સામાજિક ક્રાંતિના નિર્માણ સાથે તેમ જ વિદ્યા અને સંસ્કૃતિનાં ધામો—જેમાંનું ભારતીય વિદ્યા ભવન એક છે—ઊભાં કરવાને લગતા સર્જનાત્મક અને સહકારી પુરુષાર્થ સાથે સક્રિયપણે જોડાયેલા હોવામાં મેં મારા જીવનની ફળસભરતા અનુભવી છે.

સાથે સાથે, એવી કેટલીએ બાબતો છે કે, જેની યોજના કરવા છતાં ઊંધી પડી છે અને નહિ યોજાયેલી યા કલ્પાયેલી એવી

અનેક બાબતો સિદ્ધ થઈ છે—આ કારણે હું Mystery ની એક પ્રકારની ગૂઢતાની—અકળતાની—લાગણી અનુભવું છું. પણ આ બધી બાબતોમાં ઈશ્વરનો જ હાથ રહેલો છે.

મારું આ જીવનસાહસ માત્ર રસપ્રદ નીવડ્યું છે એમ નથી. તે માનવી હૃદયની ઉષ્માની અનુભૂતિઓથી પણ ભરેલું બન્યું છે. સમસ્ત જીવન દરમિયાન, ઈશ્વરે મને મિત્રો આપ્યા છે જેમના નિશ્ચળ વિશ્વાસે અને સહકારે મારા કાર્યને હળવું બનાવ્યું છે, યુવાન ભાઈઓ તથા બહેનો આપેલ છે જેમણે માત-પિતાને યોગ્ય એવો પ્રેમ આપીને મારા જીવનને સમૃદ્ધ બનાવ્યું છે, અને એવું કુટુંબ આપ્યું છે કે, જે મારી આસપાસ ચિંતા અને આદરપૂર્વક એકસરખું વિટળાયેલું રહ્યું છે. આ બધા માટે હું સૌ કોઈનો અત્યંત ઋણી છું.

ત્રણ સન્નારીઓ જેમણે મને અમાપ પ્રેમ અને નિષ્ઠાનો અનુભવ કરાવ્યો છે, જેમનો મને યોગ થયો ન હોત તો મારું જીવન જે જેવું હતું અને છે તે તેવું કદિ પણ બન્યું નહોત:

પહેલી સન્નારીએ મને જન્મ આપ્યો અને મારા શરૂઆતના ઓગણપચ્ચાસ વર્ષની ઉમર સુધી વિરલ એવા શાણપણ અને વાત્સલ્યપૂર્વક મારા જીવનનું ઘડતર કર્યું, મને માર્ગદર્શન આપ્યું.

બીજા સન્નારીએ અજોડ એવા આત્મસમર્પણ પૂર્વક સંઘર્ષ અને સફળતાથી ભરેલા શરૂઆતનાં વર્ષોમાં મને પૂરો સાથ અને સહકાર આપ્યો.

અને છેલ્લી સન્નારી એવા ઐક્યની ભાવનાપૂર્વક મારી મથામણ અને સિદ્ધિઓની ભાગીદાર બની કે જે ઐક્યની મેં નવલકથાઓમાં કલ્પના કરી હતી, પણ જેનો જીવનમાં સાક્ષાત્કાર કરવાની બહુ ઓછી આશા રાખી હતી. મને તેનું પ્રદાન કરીને ઈશ્વરે મારા ક્ષુધિત આત્માને જોઈતું સત્ત્વ આપ્યું છે અને વર્ષોના વહનને આનંદયાત્રાસમું બનાવી દીધું છે.

જીવનના આ સાહસને અપૂર્વ સૌન્દર્યથી અંકિત એવી એક બાજુ પણ છે. વાસ્તવિક દુનિયાની સાથે સાથે, હું મારી પોતાની દુનિયામાં—જેમાં બીજા કોઈની ભાગીદારી નથી—૧૯૧૦ની સાલથી આજ સુધી હું વસી રહ્યો છું, વિચર્યો છું—એ દુનિયા કે, જેમાં વૈદિક અને મહાભારત કાળના સમર્થ મહામાનવો અને મહાન સ્ત્રીઓ વસેલી છે:

વસિષ્ટ, વિશ્વામિત્ર, પરશુરામ, અગસ્ત્ય અને લોપામુદ્રા, કૃષ્ણ અને રુક્મણી, બલરામ અને ઉદ્ધવ.

ગુજરાતના ચાલુક્ય યુગના સુવર્ણકાળનાં સ્ત્રી—પુરુષો: મુંજાલ, કાક, રા' ખેંગાર, રાણક, મંજરી, ચૌલા, બડા મહારાજ.

તેમની જીવનપ્રક્રિયા, રીતભાત અને સાહસોને મારી નબળી એવી વાણીમાં ઉતારવાના—મૂર્તિમંત કરવાના—પ્રયત્નમાં મને જીવન સાફલ્યનો અનુભવ થયો છે. માનવીના સ્મરણપટ ઉપર તેઓ અંકાયલાં રહેશે કે કેમ તેની સાથે મને કોઈ નિસબત નથી, પણ હું તેમના સુખ-દુ:ખનો, આનંદ-વિષાદનો ભાગીદાર બન્યો છું. અને તેને લીધે મારું જીવન સૌન્દર્યના પ્રતિક સમા ધનુષ્યના સપ્ત રંગો વડે રંગાતું રહ્યું છે. ઓછા વધતા અંશે, જે સ્વપ્નોએ અને જે આદર્શોએ મને પ્રેરણા આપી છે તે સ્વપ્નો અને આદર્શો, મને લાગે છે કે, ભારતની સનાતન અને સદાનૂતન એવી સભ્યતા અને સંસ્કૃતિને ટકાવી રાખવા માટે પણ એટલાં જ મહત્ત્વનાં છે. અને આપની અનુમતિપૂર્વક મને એ આશા વ્યકત કરવા દો કે, મેં જે કાંઈ વિચાર્યું છે અને અમલમાં મૂક્યું છે તે પાછળ રહેલી પ્રેરણા જેઓ મારા સીધા સંપર્કમાં આવ્યા છે તેમને જ માત્ર નહિ, પણ તેમના સંબંધમાં બીજા જે કોઈ ભવિષ્યમાં આવશે તેમને પણ સચેતન, સક્રિય બજાવશે—મેં પણ Inspiration ની—પ્રેરણાની ક્ષણો અનુભવી છે, જેમકે જ્યારે આપણી સંસ્કૃતિના હાર્દનું મને **તપમાં** એટલે કે મન અને શરીરને પવિત્ર રાખવાના સતત પ્રયત્નમાં અને **ઈશ્વર-પ્રણિધાનમાં** એટલે કે ઈશ્વરની ઈચ્છાનું સંપૂર્ણ શરણ સ્વીકારીને તેના સાનિધ્યમાં સતત રહેતા શિખવામાં દર્શન થયું છે. અને એ ક્ષણોમાં, હું નમ્રતાપૂર્વક એ શિખ્યો છું કે, તેની ઈચ્છા કેવળ આપણા જીવનસાહસને અને તેના પરિણામને નક્કી કરે છે; આપણે તો માત્ર તેના સાધન છીએ, હથિયાર છીએ.

એ શ્રદ્ધાપૂર્વક હું આજસુધી જીવ્યો છું અને હવે પછી જીવવા માંગું છું. અને જ્યારે તેનો હુકમ આવે ત્યારે હું અહિંથી વિદાય લેવાને અને સમાનધર્મી આત્માઓને આદરેલું કામ આગળ ચલાવવા માટે સુપ્રત કરવાને તૈયાર છું.

એકવાર ફરીથી હું ઈશ્વરનો અને આપ સર્વનો ઉપકાર માનું છું."

પ્રકીર્ણ નોંધ

શ્રી ભારતીય વિદ્યાભવનનો રજત મહોત્સવ

શ્રી ભારતીય વિદ્યાભવને તાજેતરમાં ૨૫ વર્ષ પૂરાં કરીને ૨૬મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ પ્રસંગને અનુલક્ષીને મુંબઈ ખાતે એક બહુ મોટા પાયા ઉપર ભવનનો રજત મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. અને આ રજત મહોત્સવના અનુસંધાનમાં ગયા ડિસેંબર માસની ૨૦મી તારીખથી ૩૧મી તારીખ સુધી એમ બાર દિવસનો એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ, ભારત ઉપર ચીની આક્રમણના કારણે દેશભરમાં ઉભી થયેલી તંગદિલીને ધ્યાનમાં લઈને, શકય તેટલો સાદી રીતે ઉજવવામાં આવ્યો હતો. તેની સાથે કોઈ ભોજનસમારંભો કે રોશનીનો ઠાઠમાઠ જોડવામાં આવ્યો નહોતો. આમ છતાં સાંસ્કૃતિક જિજ્ઞાસા અનુભવતા મુંબઈના નરનારીઓ માટે બાર દિવસનો આ મહાન ઉત્સવ એક Feast જેવો—ઉજાણી સમાન—હતો. આ રજતમહોત્સવનું ઉદ્‌ઘાટન ભારતના રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના હાથે કરવામાં આવ્યું હતું. તેના ભવ્ય કાર્યક્રમમાં સ્વામી અખંડાનંદ સરસ્વતીના ઉપનિષદ ઉપર ૬ વ્યાખ્યાનો, શ્રી ચક્રવર્તી રાજગોપાલાચાર્યનાં ૩ વ્યાખ્યાનો, ડૉ. સંપૂર્ણાનંદના ૩ વ્યાખ્યાનો, અને સ્વામી રંગનાથાનંદના ૩ વ્યાખ્યાનોનો સમાવેશ થતો હતો. ૨૯મી તારીખે સાંજે ચીની આક્રમણ અને તેના ભારત ઉપર પડનારા આઘાત—પ્રત્યાઘાતો ઉપર એક સીમ્પોઝિયમ-ચર્ચા-સંમેલન ગોઠવવામાં આવ્યું હતું, જેમાં કાર્ડિનલ ગ્રેશિયાસ, સર સી. પી. રામસ્વામી આયર, ડૉ. ભગવતી, શ્રી જયરામદાસ દોલતરામ, તથા સ્વામી રંગનાથાનંદે ભાગ લીધો હતો અને ડૉ. કનૈયાલાલ માણેકલાલ મુનશી પ્રમુખસ્થાને બિરાજ્યા હતા. તા. ૩૦મી ડિસેમ્બરની સાંજે શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીની ૭૬મી વર્ષગાંઠને અનુલક્ષીને નેશનલ સ્પોર્ટસ ક્લબ ઑફ ઈન્ડિયાના ચોગાનમાં ડૉ. સી. પી. રામસ્વામી આયરના પ્રમુખપણા નીચે એક ભવ્ય ઉદ્યાપનસમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ રીતે ભારતીય વિદ્યાભવને છેલ્લાં ૨૫ વર્ષમાં જે વિકાસ સાધ્યો છે અને એક મહાન વટવૃક્ષ માફક ભારતના મુખ્ય મુખ્ય નગરોમાં તેની વડવાઈઓ મૂળ નાંખી રહી છે અને નવાં નવાં કેન્દ્રો ઊભાં થઈ રહ્યાં છે, અને એ ઉપરાંત ભારતીય સંસ્કૃતિના ભિન્ન ભિન્ન ક્ષેત્રે તે જે પ્રવૃત્તિઓ ચલાવી રહેલ છે અને સાથે સાથે ઉત્કૃષ્ટ કોટિનાં સંખ્યાબંધ પુસ્તકોનું તે દ્વારા પ્રકાશન થઈ રહ્યું છે—આ સર્વને અનુરૂપ એવો રજત મહોત્સવ ગયા ડિસેમ્બર માસના આખરના દિવસોમાં ઉજવાયો હતો અને તેમાં ભાગ લેવાનું જેને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું તેના ચિત્ત ઉપર અનેક મીઠાં મધુરાં સ્મરણો—સંસ્કારો મૂકી ગયો હતો. આવો ભવ્ય સમારોહ યોજવા માટે ભારતીય વિદ્યાભવનના પ્રમુખ સંચાલક શ્રી. કે. એમ. મુનશીને અને તેમના સહકાર્યકર્તાઓને અનેક ધન્યવાદ ઘટે છે.

ધર્મયુદ્ધ અને અહિંસક યુદ્ધ વચ્ચેનો તફાવત

જ્યારે કેવળ સત્તાના જોરે અને કેવળ અન્યાય—અધર્મ ભાવનાથી પ્રેરિત બનીને કોઈપણ એક દેશ અન્ય દેશ ઉપર અથવા તો કોઈ પણ એક સમુદાય અન્ય સમુદાય ઉપર આક્રમણ કરે ત્યારે આક્રમણના ભોગ બનતા દેશ કે સમુદાયને જે પ્રતિકાર કરવો પડે તેને સાધારણ રીતે ધર્મયુદ્ધ તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે પાંડવ—કૌરવ વચ્ચેના સંઘર્ષમાં કૌરવોના પક્ષે અન્યાય હતો અને અધર્મ હતો એમ આપણે માનીએ છીએ અને તેથી પાંડવોના કૌરવ સાથેના યુદ્ધને આપણે ધર્મયુદ્ધ તરીકે વર્ણવીએ છીએ. આજના સંદર્ભમાં ચીની આક્રમણને પણ આપણે આ જ દૃષ્ટિથી

નહાળીએ છીએ અને આપણા તેમની સાથેના યુદ્ધને આપણે ધર્મયુદ્ધ તરીકે વર્ણવીએ છીએ.

આવી જ રીતે અંગ્રેજ સરકાર સામે આપણું જે યુદ્ધ ચાલતું હતું—તેની હકુમત આ દેશમાં નાબૂદ કરવા માટે—તે પણ એક પ્રકારનું ધર્મયુદ્ધ જ હતું. કારણ કે તેમની આપણા ઉપરની હકુમત એ જ એક પ્રકારના અધર્મનો વર્તાવ હતો. આમ છતાં અંગ્રેજ સરકાર સાથેની લડત અને ચીનાઓ સાથેની લડતમાં જે તફાવત છે તે આપણા ધ્યાન બહાર હોવો ન જોઈએ. બન્ને એક પ્રકારના પ્રતિકારો જ છે, એમ છતાં ચીનાઓ સામે કરવામાં આવેલો પ્રતિકાર હિંસક છે, જ્યારે અંગ્રેજો સામેના પ્રતિકારનું રૂપ અહિંસક હતું.

આજે અન્યની સરસાઈમાં જ્યારે જ્યાં ત્યાં જૈન મુનિવરો પણ વ્યાસપીઠ ઉપરથી ચીનાઓ સાથેના આપણા લશ્કરી સંઘર્ષને ધર્મયુદ્ધ તરીકે વર્ણવીને સંરક્ષણનિધિમાં ફાળો આપવાનો અનુરોધ કરે છે ત્યારે ઉપર જણાવેલ તફાવતની ઉપેક્ષા કરતા હોય એમ જણાય છે, ચીનાઓ સામેના સશસ્ત્ર પ્રતિકારમાં ફાળો આપવા સામે કોઈ વાંધો છે જ નહિ. ઉલટું આજના સંયોગોમાં એક ભારતીય નાગરિક તરીકે આપણી આ ફરજ છે એમ પણ આપણે કહી શકીએ, પણ અહિંસાને અગ્રસ્થાન આપીને ચાલનાર સાધુસન્તે આ બાબતમાં લોકોને માર્ગદર્શન આપવામાં જરા વિવેક વાપરવો ઘટે છે.

આ તફાવત તરફ ધ્યાન ખેંચવાની જરૂર એટલા માટે છે કે, આજે અમુક જૈન સાધુઓ તેમ જ સાધ્વીઓ યુદ્ધ સંરક્ષણ ફાળો એકઠો કરવામાં સક્રિય ભાગ લઈ રહ્યા છે. તાજેતરમાં મુંબઈના રાજ્યપાલને જૈન ઉપાશ્રયમાં બોલાવીને આવી રીતે એકઠી કરવામાં આવેલી આશરે રૂા. ૬૦,૦૦૦ ની રકમ ધર્મયુદ્ધના તત્વને આગળ કરીને અર્પણ કરવામાં આવી છે. બીજી રીતે આ બધું બરોબર છે, પણ તેમણે લીધેલા સર્વવિરતિભાવ—સૂચક અહિંસાના મહાવ્રત સાથે આ કેટલું સુસંગત છે એ એક પ્રશ્ન છે. કોઈ પણ પરિસ્થિતિ-પ્રાપ્ત કર્તવ્ય અંગે ઈનકાર, તાટસ્થ્ય અથવા સ્વીકાર—ત્રણ પ્રકારનાં વિકલ્પો વિચારી શકાય છે. અહિંસાવ્રતી જૈન મુનિઓ માટે આવા પ્રસંગે તાટસ્થ્ય વધારે ઉચિત લાગે છે.

'જય જગત્'નું વિશ્લેષણ

તા. ૧૬-૧૨-'૬૨ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ 'સર્વોદય સંમેલનની ફલશ્રુતિ' એ મથાળાના લેખમાં 'જય જગત્' એ પ્રકારના સામુદાયિક પોકાર સંબંધમાં જણાવવામાં આવ્યું હતું કે "જ્યારે કોઈ ઘટકનો જય પોકારવામાં આવે છે ત્યારે તેવા કોઈ સમકક્ષાના ઘટકોના સંદર્ભમાં અથવા તો વધારે વ્યાપક કક્ષાના ઘટકના અનુસંધાનમાં જય પોકારવામાં આવે છે. જેમ કે 'જય હિંદ' એમ આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે હિન્દ એ અન્ય દેશોની અપેક્ષાએ આપણો પોતાનો દેશ છે અને તેનો અન્ય દેશોની અપેક્ષાએ સવિશેષ જય થાઓ, ઉત્કર્ષ થાઓ એવો ભાવ આપણે વ્યકત કરીએ છીએ. આમ હિંદને આપણે અન્ય દેશોથી અલગ તારવીએ છીએ અને તેને પ્રાધાન્ય આપીએ છીએ. 'જય જગત્'માં જગત્ને અન્ય કોઈ વિશાળ વધારે વ્યાપક ઘટકથી તારવવામાં છે જ નહિ અને તેથી 'જય જગત્' એ પ્રકારના પોકારનો કોઈ અર્થ જ નથી."

આવી જ રીતે 'જય શ્રી કૃષ્ણ', 'જય જય રામ', 'જય જિનેંદ્ર' એનો પણ જરૂર કાંઈક અર્થ છે; કારણ કે આવો જય પોકારીને આપણે એક ઈષ્ટદેવને અન્ય ઈષ્ટદેવથી અલગ તારવીએ છીએ અને એકની અપેક્ષાએ અન્યનો જગત ઉપર વધારે પ્રભાવ પડો, એમાં જગતનું સવિશેષ શ્રેય છે એવો ભાવ આપણે સુચવીએ છીએ. પણ આવી રીતે 'જય ઈશ્વર' એમ કોઈ બોલે તો તેનો કોઈ અર્થ છે કે નહિ એ પ્રશ્ન છે, કારણ કે ઈશ્વર જ જ્યાં સર્વ કાંઈનો કર્તાહર્તા છે, ત્યાં ઈશ્વરને સવિશેષ જય ઈચ્છવાનો કે પ્રાર્થવાનો કોઈ અર્થ દેખાતો નથી.

અલબત્ત અહિં સ્પષ્ટ કરવાની જરૂર છે કે ઈશ્વરને લગતી ખ્રિસ્તી ધર્મની કલ્પના મુજબ 'ઈશ્વરનો જય થાઓ' એ સૂત્રનો કાંઈક અર્થ છે ખરો, કારણ કે ઈશ્વરના પ્રતિસ્પર્ધી બળ તરીકે સૈતાનને લગતી એ ધર્મમાં એક માન્યતા રહેલી છે અને ઈશ્વરની ઈચ્છાના અમલમાં અન્તરાયો ઉભા કરતાં રહેવું એ જ સૈતાનનું હંમેશનું કર્તવ્ય લેખવામાં આવે છે. પણ હિન્દુ ધર્મની માન્યતા મુજબ શિવ અને અશિવ એ બંને તત્વો ઉપરનું તત્વ ઈશ્વર છે. આ જગતમાં જે કાંઈ ઈષ્ટ તેમ જ અનિષ્ટ લેખવામાં આવે છે તે સર્વ તેને આભારી છે અને તેનાથી નિયંત્રિત છે. આમ સદા જેનો કેવળ જય જ વર્તે છે તેનો વિશેષપણે જય ઈચ્છવાનો કે પ્રાર્થવાનો કોઈ અર્થ જ નથી.

જેમ અમુક દેશ, અમુક ઈષ્ટદેવ તેમ જ અમુક ભાવનાનો પણ જય ઈચ્છવામાં આવે છે: જેમકે 'સત્યનો જય થાઓ,' 'અહિંસાનો જય થાઓ' એમ બોલીએ ત્યારે તેનો પણ ચોક્કસ અર્થ છે, કારણ કે દિનપરદિનના આપણા ચાલુ અનુભવમાં અસત્યને જય પામતું, અહિંસાને પરાભવ પામતી આપણે જોઈએ છીએ. અને તેથી આપણી સતત પ્રાર્થના હોય છે કે અસત્યનાં બળો પરાભવ પામતા રહો અને સત્યનાં બળો વિજયવન્ત બનો; હિંસા-ભાવ ક્ષીણ બનો અને અહિંસાભાવ વધતો રહો. આમ જ્યાં દ્વંદ્વની કલ્પના કરવામાં આવે છે: સત્ય—અસત્ય, અહિંસા—હિંસા, સુન્દર—અસુન્દર, પ્રેમ—વૈર, કરુણા-નિષ્ઠુરતા-ત્યાં એકનો ઉત્કર્ષ અને અન્યનો અપકર્ષ ઈચ્છવા માટે એકના જયની ઘોષણા કરવામાં આવે છે.

આવું કોઈ દ્વંદ્વ 'જગત'ના સંદર્ભમાં કલ્પનામાં જ આવતું નથી અને તેથી 'જયજગત્'ના પોકારની સાર્થકતા વિવાદાસ્પદ બને છે, સિવાય કે એ દ્વારા માત્ર એમ સુચવવાનો આશય હોય કે એવો પોકાર કરનાર વ્યકિતના દિલમાં હવે આ મારો દેશ કે આ પારકો દેશ એવો ભેદભાવ રહ્યો નથી. આજે જ્યારે રાષ્ટ્રવાદના કારણે ચોતરફ અલગતાની ભાવના ઘર ઘાલીને બેઠી છે ત્યારે તે ભાવનામાં રહેલી સંકીર્ણતાથી દુનિયાના પ્રજાજનોએ ઉંચે ઉઠવાની અવશ્ય જરૂર છે અને એવી વિશાળ અને ઉદાર દષ્ટિપૂર્વક પણ પોતપોતાના સમાજનો તેમ જ રાષ્ટ્રના હિતાહિતનો વિચાર થઈ શકે છે, પણ જ્યાં સુધી આ દેશ મારો છે, આ દેશનો હું છું અને તેના પ્રત્યે મારું સવિશેષ ઋણ છે આવી ભાવનાપૂર્વક આપણે બધું વિચારીએ છીએ અને બોલીએ છીએ ત્યાં સુધી મંત્રોચ્ચારની માફક—કારણ કે વાસ્તવિકતાને તેની સાથે કોઈ સંબંધ નથી—'જય જગત્' પોકારવાનો કોઈ અર્થ નથી, ઊલટું તેથી સ્વપરવંચના પેદા થવાનો સંભવ છે.

પૂરક નોંધ: એક જ વિષય ઉપર વિચારો દર્શાવ્યા બાદ પણ, તે વિષે ચિંતન ચાલતું હોય છે અને અન્ય મિત્રો સાથે ચર્ચા કરવાનું ચાલું રહેતું હોય છે તો કદિ કદિ તે વિષે નવું દ્રષ્ટિબિંદુ પ્રાપ્ત થવાનો યોગ ઊભો થાય છે. 'જય જગત્' વિષે એક મિત્ર સાથે ચર્ચા કરતાં તેમણે જણાવ્યું હતું કે, "એક બીજા દ્રષ્ટિકોણથી પણ વિનોબાજી 'જય જગત્'ના ઔચિત્યનો વિચાર કરતા હોય. આપણે ત્યાં ઈહલોકનો વિચાર ગૌણ કરીને અથવા તો છોડીને પરલોકનો વિચાર કરવાની આદત સુપ્રચલિત છે અને ઈહલોકની અપેક્ષાએ પરલોકકલ્યાણના વિચારને —otherworldliness — ને વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે. આ વલણ બરોબર નથી—જે જગતમાં આપણે વસીએ છીએ અને વિચરીએ છીએ તેના

ઉત્કર્ષનો જ આપણે મુખ્યપણે વિચાર કરવો જોઈએ. આ બાબત ઉપર ભાર મૂકવા માટે તેઓ 'જય જગત્', સૂત્રને આપણી આગળ ધરતા હોય, જગત્ એટલે ઈહલોક, તેથી ઈતર લોક એટલે પરલોક. આ દ્વંદ્વની કલ્પના કરી પરલોકની અપેક્ષાએ ઈહલોકનો જય એટલે કે ઉત્કર્ષ ઉપર આપણું ચિત્ત કેન્દ્રિત કરવાનો તેમનો આશય હોઈ શકે છે." આનો અર્થ એ થયો કે, 'આ દેશ મારો છે.' 'આ દેશ પારકો છે.' આવા ભેદભાવનો, જ્યારે દુનિયા વૈજ્ઞાનિક રીતે લગભગ એક થઈ ચૂકી છે, અને આધ્યાત્મિક રીતે તેને એક થયા સિવાય છૂટકો નથી ત્યારે, આપણે હવે ત્યાગ કરવો જોઈએ અને સાથે સાથે પરલોકવાદને ભૂલી જઈને ઈહલોકવાદ તરફ આપણા ચિત્તને ઢાળવું જોઈએ—એવો સંદેશ, સંભવ છે કે, તેઓ 'જય જગત્' મારફત આપણને આપવા માગતા હોય. 'જય જગત્'નું સૂત્ર વિનોબાજી દ્વારા પ્રચલિત થયું છે તો તેઓ આ વિષયમાં સ્પષ્ટતા કરે તો કેવું સારું ?

ડૉ. અમીચંદ છગનલાલ શાહનો સ્વર્ગવાસ

ગયા ડીસેંબર માસની ૩૧ મી તારીખે સુરતનિવાસી ડૉ. અમીચંદ છગનલાલનો એક કે બે દિવસના હૃદય રોગના હુમલાના પરિણામે ૭૯ વર્ષની ઉમરે એકાએક સ્વર્ગવાસ થયો. તેમના અવસાનની નોંધ લેતાં અંગત રીતે હું ઊંડી ખિન્નતા અનુભવું છું. કારણ કે, મુંબઈમાં ૧૯૩૪ ની સાલમાં જૈન યુવક પરિષદનું પહેલું અધિવેશન ભરવામાં આવેલું તે અધિવેશનનું પ્રમુખસ્થાન તેમણે શોભાવ્યું હતું અને તે કારણે અને ત્યારથી તેમની સાથેના મારા પરિચયની શરૂઆત થઈ હતી, જે પરિચય આજ સુધી અખંડ કાયમ રહ્યો હતો. તેઓ એ વખતની L. C. P. S. ડીગ્રી ધરાવતા ડૉકટર હતા. તેમણે દશેક વર્ષ વૈદ્યકીય ધંધો કરેલો. મોટા ભાગે તેમના દર્દીઓ ગરીબ હતા. આ ગરીબ દર્દીઓની ગરીબી જોઈને ન પૈસા લઈ શકાય, ન પૈસા છોડી શકાય એવી આન્તરિક મુંઝવણથી અકળાઈને તેમણે વૈદ્યકીય ધંધો છોડયો અને વ્યાપારઉદ્યોગ તરફ પોતાના મનને વાળ્યું અને સુરતમાં પાવરલુમની એક વિવિંગ, ફેકટરી તેમણે ઊભી કરી. આ ફેકટરી સતત વિકસતી રહી, તેમાં લુમો વધતી ચાલી અને તે દ્વારા આર્થિક સમૃદ્ધિ તેમણે સારા પ્રમાણમાં સિદ્ધ કરી.

આમ છતાં પણ તેઓ કેવળ ઉદ્યોગ વ્યવસાયને જ વરેલા નહોતા. સુરતના જાહેર જીવનમાં તેમ જ જૈન સમાજને લગતી અનેક પ્રવૃત્તિઓમાં તેઓ વર્ષોથી આગળ પડતો ભાગ લઈ રહ્યા હતા. વિચારમાં તેઓ સ્વતંત્ર મીજાજના અને અન્યની અપેક્ષાએ આગળ પડતા હતા. આના કારણે ઉપર જણાવ્યું તે મુજબ ૧૯૩૪ માં મુંબઈ ખાતે ભરાયલી જૈન યુવક પરિષદના પ્રમુખસ્થાને તેમની વરણી કરવામાં આવી હતી અને એ પરિષદે દેવદ્રવ્યના સામાજિક ઉપયોગનું સમર્થન કરતા, વિધવાપુનર્લગ્નને અનુમોદન આપતા, અયોગ્ય દીક્ષાનો તીવ્ર વિરોધ કરતા, સ્ત્રી-પુરુષની સમાનતા ઉપર ભાર મૂકતા તેમ જ જૈન સમાજની એકતાને સબળ પૃષ્ટિ આપતા—એ વખતે ક્રાન્તિકારક લેખાતા ઠરાવો પસાર કરીને જૈન સમાજના એ સમયના વાતાવરણમાં ભારે ગરમી પેદા કરી હતી. અમીચંદભાઈનો મુખ્યતયા સુરતમાં નિવાસ હતો. તેમણે થોડાં વર્ષો પહેલાં જરૂરી સંશોધનપૂર્વક બટેટા કંદમૂળ નથી એવું પુરવાર કરી આપતી એક પત્રિકા પ્રગટ કરીને જૈન સમાજમાં - ખાસ કરીને સુરતના જૈન સમાજમાં—ભારે ક્ષોભ પેદા કર્યો હતો.

૭૯ વર્ષની ઉંમરે કોઈ એક માનવી આ દુનિયામાંથી વિદાય થાય તો તેવા મૃત્યુને મંગળ મૃત્યુ લેખવું ઘટે. આમ છતાં પણ જીંદગીના અન્તિમ દિવસ સુધી તેઓ પ્રવૃત્તિપરાયણ—ક્રિયાશીલ—હતા, અને તેમના શરીરની તાકાત પણ ખૂબ જ જળવાઈ રહી હતી અને સતત કાર્યરૂઢ હતા અને વિદાય લેવાની ઘડી હજી ઘણી દૂર છે એમ સૌ કોઈને લાગતું હતું. આ કારણે તેમના અણધાર્યા મૃત્યુએ સ્વજન—સંબંધીઓમાં સખ્ત આઘાતનું સંવેદન પેદા કર્યું છે. એક આદર્શ ગૃહસ્થને શોભે તેવું તેમનું શીલ અને સૌજન્ય હતું; જીવનમાં સાદાઈ, નમ્રતા અને સરળતા હતી; મિત્રો વિષે તેમનું હૃદય ઉષ્માથી ભરેલું હતું. તેઓ પોતાની પાછળ એક સંસ્કારસંપન્ન પરિવાર મૂકી ગયા છે, અને બહોળા સ્વજનસમુદાયના ચિત્ત ઉપર ઊંડી સુવાસ અંકિત કરી ગયા છે.

'સેવાભાવી' શુભવિજયજીનો અશુભ દેહવિલય

મુંબઈ ખાતે તા. ૭ મી જાન્યુઆરીના રોજ જૈન મુનિ શુભવિજયજીનું ૭૪ વર્ષની ઉમ્મરે અવસાન થયું. તેઓ અમદાવાદના વતની હતા. યૌવનના પ્રારંભમાં તેમણે કેટલોક સમય કાપડનો વ્યાપાર કર્યો હતો. પછી ૨૭ વર્ષની ઉમ્મરે સ્વ. વિજયવલ્લભસૂરિના કોઈ શિષ્ય પાસે તેમણે દીક્ષા લીધેલી. થોડા સમય બાદ તેમનો સમુદાય છોડીને અન્ય કોઈ સાધુના તેઓ દીક્ષિત બનેલા. તેમની સાથે પણ તેમની પ્રકૃતિના કારણે તેમને લાંબો વખત નભ્યું નહિ અને તેઓ એકલવિહારી સાધુ બનીને થરાદ ગામે આવ્યા. ત્યાંથી કચ્છમાં આવેલ ભદ્રેશ્વર તરફ તેઓ આકર્ષાયા.. તેમના જીવનનું પ્રેરક બળ સેવા હતું અને એ સેવાભાવનાને મૂર્તરૂપ આપવાની હવે તેમને તક મળવા લાગી. ભદ્રેશ્વરમાં શરૂઆતમાં તેમણે એક ભોજનશાળા ઊભી કરી. ભદ્રેશ્વર એક યાત્રાધામ છે અને ત્યાં અનેક યાત્રિકો આવે જાય છે. તેમના માટે આ ભોજનશાળા આશીર્વાદ રૂપ થઈ પડી છે. પછી તેમણે ભદ્રેશ્વરમાં જ એક આંબેલ ખાતું ખોલ્યું, જેનો પણ સારો લાભ લેવામાં આવે છે. પછી તેઓ માંડવી બાજુ ગયા અને ત્યાં તેમણે લુલા લંગડા, અશકત, આંધળા, તેમજ વૃદ્ધો માટે એક અશકતાશ્રમ ઊભું કર્યું. આ અશકતાશ્રમનો આજે ૨૦૦ ભાઈઓ લાભ લઈ રહ્યા છે. તેમના જીવનનું આ એક ચિરસ્મરણીય કાર્ય ગણાય છે.

ત્યાર બાદ તેઓ મુંબઈ આવ્યા. કચ્છના કાર્યને લીધે તેઓ મુંબઈના કચ્છી સમાજના ખૂબ પ્રેમપાત્ર બન્યા હતા. મુંબઈમાં પાલાગલીમાં તેમણે કચ્છી ભાઈઓ માટે એક ભોજનશાળા ઊભી કરી. જ્યારે બીજી લોજોમાં ૪૦ અને ૫૦ રૂપિયા આપતાં પણ સારું અને સરખું ખાવાનું મળતું નહોતું ત્યારે શુભવિજયજીએ માસિક રૂા. ૩૦ માં સવાર સાંજનું ભોજન આપવાનો પ્રબંધ કર્યો. દાણાના કચ્છી વ્યાપારીઓ સાથેના સંબંધના કારણે આ ભોજનમાં અનાજ તો ચોખ્ખું અને સારું મળતું જ હતું, પણ જેનું આજે કોઈ ઠેકાણે દર્શન થતું નથી એ ચોખ્ખું ઘી પણ પીરસવામાં આવતું હતું. સમયાન્તરે એ જ વિભાગમાં તેમણે 'સર્વોદય કેન્દ્ર'ની યોજના કરી. આ માટે એક પાંચ માળનું મોટું મકાન ડૉ. મૈશરી રોડ ઉપર તેમણે બંધાવ્યું. અહીં ભોજનશાળા, આરામગૃહ છાત્રાલય, લાઈબ્રેરી, તેમ જ ક્લીનીક (વૈદ્યકીય ઉપચાર કેન્દ્ર)-આટલી બધી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો. આ ભોજનશાળાનો આજે ૭૦૦ ભાઈઓ લાભ લે છે.ભાવ વધવાના કારણે હાલ ભોજનશાળામાં માસિક બે ટંકના ભોજન માટે રૂ. ૩૮ લેવામાં આવે છે, જ્યારે બીજે રૂા. ૬૦ અથવા તેથી વધારે લેવામાં આવે છે. છાત્રાલયમાં આજે લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ રહે છે. તાજેતરમાં ચેંબુર બાજુએ, દેવનાર કતલખાના માટે નક્કી કરવામાં આવેલી જગ્યાની બાજુએ આશરે ૭,૦૦૦ એકર જમીનનો તેમણે સોદો કર્યો હતો અને ત્યાં સામાન્ય સ્થિતિના કુટંબો માટે એક મોટી વસાહત ઊભી કરવાની તેમણે યોજના વિચારી હતી, એટલું જ નહિ પણ, જાહેર સમક્ષ મૂકી હતી. પણ આ યોજનાને અમલી રૂપ મળે તે પહેલાં તેમણે આપણી વચ્ચેથી એકાએક વિદાય લીધી છે.

ઉપર, જણાવી તે તો તેમની મુખ્ય મુખ્ય સેવાની યાદી છે, પણ આ ઉપરાંત તેમના હાથે બીજાં અનેક નાની મોટી સેવાનાં

કાર્યો થયાં છે. જણાવતાં દુ:ખ થાય છે કે, આવી એક સેવાપરાયણ કારકિર્દીનો અન્ત આપઘાતથી આવ્યો છે. આ આપઘાત માટે શુભવિજયજીની ઉગ્ર પ્રકૃતિ, સંસ્થાના વહીવટમાં કાંઈક ગેરવ્યવસ્થા અને સહકાર્યકર્તાઓ સાથેની અથડામણ જવાબદાર હોય એમ લાગે છે. આ જે હો તે હો, પણ એક સેવાપરાયણ જીવનનો આવો અન્ત આવે એ ખરેખર શોચનીય--અત્યન્ત ગ્લાનિજનક--છે.

શુભવિજયજીના જીવનમાં સેવા હતી, પણ સાધના નહોતી. મુનિના વેશમાં જતી ગોરજી જેવો તેમનો જીવન વ્યવહાર હતો. તેમણે કામો ઘણાં મોટા કર્યા; અનેકને અસાધારણ રાહત આપી પણ તેમને કોઈ દર્શન નહોતું, ઊંડી સમજણ નહોતી, કોઈ શિક્ષણ કે તાલીમ નહોતી. વળી તેમની પ્રકૃતિ ભારે તેજ હતી. બોલે ત્યારે કદિ કદિ જીભ ઉપરનો કાબુ છુટી જતો હતો. તેમનું જીવન એકાંગી હતું. આ બધું છતાં તેમનામાં ભારે સાહસ અને પુરુષાર્થ હતો. અને હિમત પણ હતી. જેઓ દીક્ષા પાળી ન શકે એવા અનેકને તેમણે ગૃહસ્થજીવનમાં સ્થિર કર્યા હતા. તેઓ એક મજૂર માફક કામ કરી જાણતા હતા. તેમની શુભનિષ્ઠામાં લોકોને વિશ્વાસ હતો. લોકોએ તેમને ઢગલાબંધ ધન આપ્યું, તેમણે ઢગલાબંધ કામ આપ્યું. પરિણામે જે સામાજિક વર્તુલમાં--મોટા ભાગે કચ્છી સમાજમાં--તેમણે કામ કર્યું તેમાં તેઓ 'સેવાભાવી શુભવિજય' તરીકે આજ સુધી ઓળખાતા રહ્યા. તેઓ ગયા તેની સાથે તેમની ત્રુટીઓ પણ ગઈ, પણ તેમને ચિરસ્મરણીય બનાવે તેવાં તેમનાં સેવાકાર્યો ઊભાં રહ્યાં. તેને ચલાવવા, ટકાવવા, વધારવા એ જવાબદારી જે સમાજ માટે તેમણે કાયા ઘસી નાખીને સેવા કરી છે તે સમાજના આગેવાન કાર્યકર્તાઓનું છે. આ ભાઈઓ આ બધાં કાર્યોની જવાબદારી સંભાળી લઈને તેમના અશાન્ત આત્માને શાન્તિ આપે એવી તેમને પ્રાર્થના છે.

માંદગી પ્રસંગે સ્વજનોની અવરજવરનો ત્રાસ

સવાએક મહિનો મુંબઈથી બહાર ફરીને પાછા આવતાં ખબર પડી કે મારા એક સ્વર્ગસ્થ વડીલ મિત્રનાં પત્ની વચગાળે બહુ બીમાર પડી ગયાં હતાં. તેમને મળવા અને ખબર કાઢવા હું ગયો ત્યારે બીજી કેટલીક વાતચીત બાદ તેમની માંદગીને અનુલક્ષીને તેમણે જણાવ્યું કે, "વચમાં હું ઠીક માંદી પડી ગઈ હતી, હવે સારું લાગે છે. પણ આ માંદગી દરમિયાન અમારા આખા ઘરે જોવા આવનારાઓનો જે ત્રાસ ભોગવ્યો છે તે તરફ હું તમારું ખાસ ધ્યાન ખેંચવા માગું છું. સગાવહાલાંઓ ન જુએ કોઈ સમય, ન જુએ દિવસ કે ન જુએ રાત. મારી ખબર કાઢવા માટે લોકો કતારબંધ ચાલ્યા જ આવતા. આપણે ત્યાં આ કારણે આવતા જતા માટે ચા-પાણી કંઈક તો કરવું જ રહ્યું. એમાંથી સારવાર કરનારા ઊંચા જ ન આવે. પાંચ કપ ઉતાર્યા અને છ કપ ચઢાવ્યા. આમ ચાલ્યા જ કરે. કેટલાક તો બપોર થાય અને હંમેશાં નિયમિત રીતે આવતા જ હોય. એમ દિવસો સુધી ચાલ્યા કર્યું. હું સમજું છું કે, તેઓ ભલા ભાવથી આવે છે, પણ તેમનો ભલો ભાવ આપણા માટે કેટલી મુંઝવણ, અકળામણ પેદા કરે છે તેનો તેમને કોઈ ખ્યાલ જ હોતો નથી. આમાં નથી દર્દીને આરામ મળતો અને સારવાર કરનારને આવતા જતાંને સંભાળવા પાછળ આખો દિવસ ઊભા પગે રહેવું પડે છે. મુંબઈ જેવા સ્થળમાં સંકડાશમાં રહેતા હોઈએ, નોકરચાકરની અગવડ સગવડ હોય, દર્દીને વખતસર દવા દારૂ આપવાના હોય, તેનું ખાવાપીવાનું જોવાનું હોય, તે બધા વચ્ચે સગાસંબંધીઓની ચાલુ અવરજવર કેટલી ત્રાસરૂપ બની જાય છે તેનો એ લોકોને કેમ ખ્યાલ નહિ આવતો હોય? પ્રબુદ્ધ જીવનમાં આ માટે તમે કાંઈ લખો નહિ?"

આ તેમની ફરિયાદ આપણે સર્વેએ ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે. જેનું સગું સંબંધી હૉસ્પિટલમાં એકાદ વાર પણ વૈદ્યકીય ઉપચાર માટે ગયું આવ્યું હશે તેને આ ત્રાસનો પૂરો ખ્યાલ હશે. ઘરમાં સુવાવડ આવી હોય ત્યારે હરખ કરવા આવતાં લોકોનો ત્રાસ તો હદ વટાવી જાય છે. અલબત્ત, આપણા સગાસંબંધીની માંદગી પ્રસંગે તેની દરકાર કરવી, મદદ રૂપ થવું, તેની એકાદ બે વાર જાતે ખબર કાઢવી એ આપણી ફરજ છે, પણ આ દરકારનો જે અતિરેક થાય છે અને જે રાહતરૂપ બનવાને બદલે ત્રાસ રૂપ બની જાય છે તે તો અટકવું જ જોઈએ. આમ સ્વજનની માંદગી પ્રસંગે અન્ય સ્વજનો પૂરો વિવેક દાખવતા થાય એ બાબત ઉપર જેટલો ભાર મુકાય તેટલો ઓછો છે.

પરમાનંદ

વિશ્વશાન્તિની ભીક્ષા માગતા બે ભારતીય પદયાત્રીઓ

[દિન પર દિન બનતી ઘટનાઓથી જેઓ વાકેફગાર રહે છે તેમને સ્મરણ હશે કે ૧૯૬૨ ના જૂન માસની પહેલી તારીખે દિલ્હીથી શ્રી સતીશકુમાર અને શ્રી ઈ. પ્રભાકર મેનન મોસ્કો તથા વોશિંગટન પહોંચવાના લક્ષ્યપૂર્વક યુદ્ધવિરોધી શાન્તિયાત્રા ઉપર પગપાળા નીકળ્યા હતા. આમાંના ભાઈ સતીશકુમારે તેરાપંથી સંપ્રદાયના જૈન આચાર્ય તુલસીના દીક્ષિત સાધુ તરીકે ૮—૯ વર્ષ પસાર કર્યા છે. જૈન દીક્ષા છોડયા બાદ ક્રામણ, વિશ્વધર્મ તથા આચાર જેવા માસિક પત્રો તેમ જ પત્રિકાઓ દ્વારા તેમના વિચારોનો ભારતની જનતાને સારો પરિચય થતો રહ્યો છે. આજે વિશ્વની જે સ્થિતિ છે તેથી સૌ કોઈ પરિચિત છે. વિભિન્ન દેશોના જનમાનસનું નિકટથી અધ્યયન અને અનુભવ કરતા આ બન્ને યાત્રિકો આગળ ને આગળ પગપાળા વધતા ઈરાન વટાવીને આજે રશિયામાં પ્રવેશ કરી ચૂકયા છે. અહિંસા અને માનવીય એકતાની ધારા દેશ અને કાળની સીમાઓ વટાવીને સર્વત્ર એકસમાન વહી રહી છે એનો એમને નિરન્તર સાક્ષાત્કાર થઈ રહ્યો છે. તેઓ ઈરાનમાં પ્રવાસ કરી રહ્યા હતા એ દરમિયાન નવેંબર માસની શરૂઆતમાં ભાઈ સતીશકુમારે લખી મોકલેલા નીચેના લેખમાં અહિંસાની ધાર્મિક તેમ જ ઐતિહાસિક પૃષ્ટ ભૂમિને ધ્યાનમાં રાખીને કાંઈક કર્તવ્યનિર્દેશ કરવામાં આવેલ છે, જે સંબંધમાં વિચારવાન લોકોએ સવિશેષ વ્યાપક દૃષ્ટિથી વિચાર કરવો ઘટે છે. **પરમાનંદ**]

અહિંસા, શાન્તિ તેમ નિ:શસ્ત્રીકરણ—આ શબ્દો ભ મહાવીર. સાથે એ રીતે જોડાયેલા છે કે જે રીતે ભ. ઈશુ સાથે પ્રેમ શબ્દ અને મહાત્મા ગાંધી સાથે સત્યાગ્રહ શબ્દ જોડાયેલો છે. ભ. મહાવીરનું સંપૂર્ણ જીવનદર્શન અહિંસાની બુનિયાદ ઉપર પ્રસ્થાપિત છે. આમ હોવાથી આજે બર્ટ્રાન્ડ રસેલ તથા તેમના સાથીઓ દ્વારા ચલાવવામાં આવતા આણુશસ્ત્રવિરોધી તથા યુદ્ધવિરોધી આન્દોલનને અથવા વિનોબાજી અને તેમના સાથીઓ દ્વારા ચલાવવામાં આવતા શાન્તિસેનાના આન્દોલનને આગળ વધારવાની દિશાએ ભ. મહાવીરના અનુયાયી ઉપર એક વિશિષ્ટ જવાબદારી રહેલી છે.

આજે ભારતમાં સર્વસેવા સંઘ, ગાંધી શાન્તિ પ્રતિષ્ઠાન તથા એ પ્રકારની અનેક સંસ્થાઓએ પોતાના હજારો યુવક કાર્યકર્તાઓની સાથે શાન્તિસેના અને નિ:શસ્ત્રીકરણના કાર્યને વેગપૂર્વક ચાલુ કરી દીધું છે. પણ આપણે કે જેઓ પોતે મહાવીરના અનુયાયી હોવાનું માનીએ છીએ તેઓ શાન્તિમહાયજ્ઞમાં ઝંપલાવવાને બદલે ચૂપચાપ પોતપોતાના વ્યાપારધંધામાં ગુંથાયલા રહ્યા છીએ.

માત્ર ભારતમાં જ નહિ પણ વિદેશોમાં પણ આ શાન્તિકાર્યે ઊંડી જડ નાંખી છે. લંડનમાં આ કાર્ય માટે અનેક સંસ્થાઓ સ્થાપિત થઈ ચૂકી છે. આ સંસ્થાઓના નેતૃત્વ નીચે ત્યાં બરાબર સક્રિય કાર્યક્રમ ચાલે છે, પ્રદર્શનો યોજાય છે, યાત્રાઓ નિર્માણ થાય છે, સરઘસો નીકળે છે અને આ આયોજનોમાં હજારો યુવક—યુવતીઓ ભાગ લે છે. સ્વયં બર્ટ્રાન્ડ રસેલની સાથે અનેક યુવક—યુવતીઓએ આ યુદ્ધ તેમ જ આણુશસ્ત્રવિરોધી કાર્યક્રમના અનુસંધાનમાં પોલીસની મારપીટ તેમ જ જેલયાત્રા સુધીની યાતનાઓનો સહર્ષ સ્વીકાર કર્યો છે. લંડનની માફક જાપાન તથા જર્મનીમાં પણ આ કાર્ય માટે અનેક સંગઠ્ઠનો કામ કરી રહ્યાં છે.

અમેરિકા આજે દુનિયાનો સર્વોચ્ચ આણ્વિક તાકાતવાળો દેશ છે એમ માનવામાં આવે છે. એમ છતાં ત્યાં પણ અનેક યુવક-યુવતીઓએ મળીને યુદ્ધવિરોધી સંગઠ્ઠનો ઊભાં કર્યા છે. એક મંડળીએ અમેરિકાથી રશિયા સુધીની પદયાત્રા કરીને આ આન્દોલનને બૃહત્ સ્વરૂપ આપ્યું છે. જ્યારે અમેરિકા સમુદ્રમાં આણુશસ્ત્રોનું પરીક્ષણ કરી રહ્યું હતું ત્યારે આ યુવકોએ એબ્રીમેન—૧ એ નામના જહાજમાં બેસીને આ પરીક્ષણ—સ્થળ ઉપર જવાનો નિર્ણય કર્યો હતો. તેમણે ઘોષણા કરી હતી કે "દુનિયાને હિંસા અને યુદ્ધના ભયંકર

ઝંઝાવાતોમાં ધકકેલવા પહેલા અને આ આણુવિક પરીક્ષણોના કારણે ઉત્પન્ન થતાં અને ફેલાતાં કિરણોત્સર્ગી રજકણોના ઝેરથી માનવજાતિને વિનષ્ટ કરવા પહેલાં અમારી ઉપર આણુબોંબ ફેંકો!" એ યુવકોને અમેરિકન સરકાર દ્વારા ગિરફતાર કરવામાં આવ્યા હતા, તેમને પરીક્ષણ—સ્થળ સુધી જવા દેવામાં નહોતા આવ્યા, અને આજે પણ તેઓ જેલમાં જીવન વ્યતીત કરી રહ્યા છે. અમેરિકાની સરકારે એ વખતે જાહેર કર્યું હતું કે "અમારા માથે આ યુવકોની સુરક્ષાની જવાબદારી પણ રહેલી છે." આ ઉપરથી તેનો બીજો એક સાથી ફરીથી એક બીજા પરીક્ષણના સમય ઉપર એબ્રીમેન—૨ જહાજ લઈને ઉપડયો હતો અને તેણે જાહેર કર્યું હતું કે "જો આપને સમગ્ર માનવજાતિને સુરક્ષિત રાખવાની ચિન્તા ન હોય, જો આપ એક આણુપરીક્ષણના બદલામાં લાખો માતાઓના સંતાનોને વિકળ તેમ જ અપંગ કરવાનો જઘન્ય અપરાધ કરવા માગતા હો, તો પછી કૃપા કરીને અમારી ઉપર કૃત્રિમ દયા ન દેખાડો! આ માનવજાતિ માટે અમને અમારું બલિદાન આપવા દો!" આખરે તેને પણ ગિરફતાર કરવામાં આવ્યો હતો. હમણાં તાજેતરમાં આ આણુપરીક્ષણો વિરુદ્ધ એબ્રીમેન—૩ જહાજ લંડનથી નીકળ્યું હતું. આ રીતે આ દેશો કે જ્યાં અહિંસાના મોટા ચિન્તકોનો તેમ જ દાર્શનિકોનો અભાવ હોવાનું માનવામાં આવે છે ત્યાં અહિંસા અંગે સૌથી વધારે કાર્ય થઈ રહ્યું છે. આ કાર્યને ધ્યાનમાં લઈને આપણે ભારતવાસી અહિંસાવાદીઓએ અને તેમાં પણ વિશેષે કરીને ભ. મહાવીરના સિદ્ધાંતોમાં માનવાવાળા તેમના અનુયાયીઓએ પ્રેરણા લેવી ઘટે છે. જ્યાં સુધી યુદ્ધની સંભાવના સમાપ્ત ન થાય, જ્યાં સુધી આણુવિક હથિયારો જેવાં હિંસક શસ્ત્રોનું નિર્માણ રોકાવામાં—અટકાવવામાં—ન આવે, ત્યાં સુધી અહિંસાનો વિચાર પાકી જડ ઘાલી શકવાનો નથી.

૧૯૬૨ના જૂન માસની પહેલી તારીખના રોજ જ્યારે અમે નવી દિલ્હી ખાતે રાજઘાટ ઉપર આવેલી બાપુ—સમાધિથી યુદ્ધવિરોધી શાન્તિયાત્રા ઉપર નીકળ્યા ત્યારે અમારા ચિત્તમાં મહાવીર, બુદ્ધ, ગાંધી અને એ પ્રકારના અન્ય સર્વ મહાપુરુષોના જીવનની પ્રેરણા નિહિત હતી કે જેમણે અહિંસાનો મૂળભૂત વિચાર દુનિયાની સામે પોતાના જીવનનું બલિદાન આપીને પણ ઉપસ્થિત કર્યો હતો. સાથે સાથે આજના વખતમાં બટ્રેન્ટ રસેલ, વિનોબા અને તેમની પદ્ધતિએ કામ કરવાવાળા ભારતીય તથા વિદેશી યુવકોના ત્યાગ, નિષ્ઠા તેમ જ તીવ્રતાએ પણ અમારા મનમાં એક પ્રકારની ઉત્કટતા પેદા કરી હતી. આવા વખતે શું આપણને મુંગા બની બેસવાનો અધિકાર છે? આ પ્રશ્ને અમારા દિલમાં અકળામણ પેદા કરવા માંડી હતી અને તેના પરિણામે અમે જે કામો પાછળ હવે પછીનાં બે વર્ષ ગાળવાનો નિર્ણય કર્યો છે તે નીચે મુજબ છે:—

(૧) યુદ્ધ અને આણુશસ્ત્રો વિરુદ્ધ ગામડે ગામડે વાતાવરણ પેદા કરવું.

(૨) લોકોના દિલમાં હિંસા, વિશ્વબંધુત્વ અને કરુણાનો વિચાર ઉતારવો.

(૩) સતત પગપાળા યાત્રા કરીને મોસ્કો તથા વૉશિંગ્ટન સુધી પહોંચવું.

(૪) ત્યાં કુશ્ચોવ તથા કેનેડી સુધી જનતાની વતી શાન્તિ-સંદેશ પહોંચાડવો.

(૫) આણુવિક આયુધો તથા યુદ્ધકીય તૈયારીઓના વિરોધ તરીકે પોતાની પાસે એક પણ પૈસો ન રાખવો, એટલે કે સર્વ પ્રકારે લોકપ્રેમ ઉપર આધારિત એવી જીવનચર્યા સ્વીકારવી.

આ પ્રકારના નિર્ણયની સાથે અમારી યાત્રાનો પ્રારંભ થયો. દિલ્હીથી પંજાબ થઈને અમે પાકીસ્તાન આવ્યા. લગભગ એક મહિનો પાકિસ્તાનમાં અમારી શાન્તિ—પદયાત્રા ચાલી. ત્યાંથી પછી લગભગ બે મહિના અમે અફઘાનિસ્તાનમાં ફર્યા અને ત્યાર બાદ બે મહિનાથી અમો ઈરાનમાં ફરી રહ્યા છીએ. આ રીતે છેલ્લા છ મહિનાથી અમારો આ કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ છ મહિનામાં લગભગ ૩,૦૦૦ માઈલની પદયાત્રા થઈ ચૂકી છે.

આ મુસ્લિમ દેશોમાં અમને શાકાહારના બંધનને લીધે કેટલીક મુશ્કેલીઓ ભોગવવી પડે છે. કારણ કે અમે પોતાની પાસે પૈસા રાખતા નથી કે જે વડે મનપસંદ શાકાહારી ચીજો અમે ખરીદી શકીએ. આને લીધે અમને બધી રીતે લોકોના આતિથ્ય ઉપર નિર્ભર રહેવું પડે છે. અહિંના લોકોને લગભગ એ ખબર નથી કે માંસ વિના માનવીનું ભોજન સંપૂર્ણ બની શકે છે. આવી સ્થિતિમાં પણ સર્વત્ર લોકો તરફથી પ્રેમપૂર્ણ આતિથ્ય મળી રહે છે અને દરેક સ્થળે અમને એમ સાંભળવા મળે છે કે "તમે જે કામ ઉપર જઈ રહ્યા છો, તે સમસ્ત માનવ—જાતિનું કામ છે. તમે અમારા પ્રતિનિધિ છો. તો તમે કુશળતાપૂર્વક પધારો, આગળ વધો અને દુનિયાની મોટી શકિતઓ સમક્ષ અમારો એ સંદેશ રજૂ કરો કે અમે શાન્તિ ચાહીએ છીએ. યુદ્ધ અને આણુબોંબની નહિ પણ રોટી, કપડાં, મકાન, શિક્ષા, ચિકિત્સા વગેરેની અમને જરૂર છે. તમે એ કામ માટે જઈ રહ્યા છો, એ માટે તમને દરેક રીતે સહાય કરવી એ અમારું કર્તવ્ય છે."

આજે વાતો શાન્તિની થાય છે, પણ પ્રતિદિન મોટા મોટા આણુવિક આયુધોનાં પરીક્ષણ ચાલી રહ્યાં છે. એ પાછળ મોટા મોટા રાષ્ટ્રોની શકિત કેન્દ્રિત થઈ રહી છે. એ રાષ્ટ્રો પાસે અપરિમિત ધન છે, બળ છે અને પ્રભુત્વ છે. તેનો વિરોધ કરવાવાળાની શકિત અત્યન્ત સીમિત છે. એવી સ્થિતિમાં સમગ્ર વિશ્વના જનમતને જાગૃત કરવો એ અમારું પ્રમુખ કાર્ય છે. વિશ્વ-જનમતની સામે એક દિવસ આ મોટી મોટી શકિતઓને નમવું પડશે. વર્ષોથી નિ:શસ્ત્રીકરણ—સંમેલનો ભરાઈ રહ્યાં છે. હજારો સભાઓ ભરાઈ ચૂકી છે. આમ છતાં પણ બન્ને પક્ષ પોતપોતાના આગ્રહ અને દષ્ટિકોણ ઉપર મક્કમપણે ઊભા છે. એક તરફ નિ:શસ્ત્રીકરણ-સંમેલન ચાલે છે; બીજી બાજુ આણુપરીક્ષણ ચાલે છે. આવી દશામાં વિશ્વ—જનમત આ મોટા મોટા રાજ્યનેતાઓનો કેવી રીતે વિશ્વાસ કરી શકે? આમ હોવાથી સર્વ શાન્તિવાદીઓ અને અહિંસાવાદીઓના માથે એ સૌથી મોટી જવાબદારી છે કે તેઓ એકત્ર થઈને, આ માનવતાવિરોધી કામની સામે સંગઠિત બનીને અવાજ ઉઠાવે.

આજ ભારત પોતે એક અકલ્પિત સીમાસંઘર્ષમાં ધકકે-લાયું છે. માત્ર અમને જ નહિ પણ કોઈ પણ દેશના લોકોને ભાગ્યે જ એવી કલ્પના આવે કે જે ભારતમાં શાન્તિ અને અહિંસાની જડ આટલી ઊંડી બેઠેલી હતી તે જ ભારત દેશને યુદ્ધ માટે તૈયાર થવું પડશે. પણ સંયોગની વિચિત્રતાએ આ બધું સંભવિત બનાવી દીધું છે અને હૃદયથી સદૈવ શાન્તિ માટે પ્રયત્ન કરવાવાળા નહેરુજી પણ યુદ્ધના દ્વાર ઉપર આવીને ઊભા છે. આમાંથી કોઈને એક દોકડો પણ સંદેહ નહિ હોય કે નહેરુજી શાન્તિપૂર્વક સમસ્યાનો ઉકેલ લાવવા ચાહે છે અને યુદ્ધ એમના માટે ભારે મોટી મુંઝવણનો સવાલ બન્યો છે. શાન્તિવાદીઓનું એ કર્તવ્ય છે કે આ મુંઝવણ ઊભી કરતી દશાને શિઘ્ર સમાપ્ત કરવાના ઉપાયો વિષે તેઓ ગંભીરતાપૂર્વક વિચાર કરે અને ભારતમાં અહિંસાની સદીઓથી જે સાધના થઈ રહી છે તેને ક્ષત-વિક્ષત થવા ન દે.

અનુવાદક: **પરમાનંદ** મૂળ હિન્દી: **શ્રી. સતીશકુમાર**

સત્યમેવ જયતે

ઓફિસ કેરા પેડ પર
શોભી રહે છે બરાબર
'સત્યમેવ જયતે'
સરસ મુદ્રાલેખ છે.
ગોઠવી તો ઠીક દીધો છે,
પણ કદી વિચાર કીધો છે?
સત્ય જો જીતશે
આપનું શું થશે?

નાથાલાલ દવે

મારી કેટલીક વિધાન-ક્ષતિઓનું નિરાકરણ

મારા આગળનાં લખાણો વાંચી જતાં એ લખાણોમાં રહેલી બે ત્રણ ક્ષતિઓ તરફ મારું ધ્યાન ખેંચતો એક પત્ર આબુમાં વસતા સ્વામી પ્રણવતીર્થ તરફથી કેટલાએક સમય પહેલાં મળેલો. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને ઉપયોગી થાય તેવો તેમાંનો ઉપયોગી ભાગ નીચે આપતાં આનંદ અનુભવું છું:—

'શ્વેતબિન્દુ' નહિ, પણ 'સેતુબંધ' રામેશ્વર

મારા એક લખાણમાં, દક્ષિણના પ્રદેશોનું વર્ણન કરતાં 'શ્વેતબિન્દુ રામેશ્વર' એવો પ્રયોગ મેં કરેલો તેના સ્થાને 'સેતુ-બંધ રામેશ્વર' એવો પ્રયોગ હોવો ઘટે એમ સૂચવીને તેઓ જણાવે છે કે "તે સ્થળેથી સામે લંકાની તલાઈ મનારની ભૂશિર સુધી રામચંદ્રજીએ સેતુ બાંધ્યો હતો. તે સ્થળ રામેશ્વરની નજીક છે અને તેને વિશિષ્ટ રૂપે 'સેતુબંધ રામેશ્વર' કહેવામાં આવે છે.

"नायमात्मा बलहीनेन लभ्यः"

આ કથન સ્વામી વિવેકાનંદનું છે એમ મેં મારા એક લેખમાં જણાવેલું, તે વિધાનને સુધારતાં તેઓ જણાવે છે કે "આ મુંડક ઉપનિષદની ઋચાની પ્રથમ પંકિત છે. તે આખી ઋચા નીચે મુજબ છે:—

नायमात्मा बलहीनेन लभ्यो
न च प्रमादात् तपसाप्यलिंगात्।
एतैरुपायैः यतते यस्तु विद्वान्
तस्यैष आत्मा विशते ब्रम्हधाम॥

ભાવાર્થ: આ જે સચ્ચિદાનંદ સ્વરૂપ પરમ તત્ત્વ—આત્મા—તે મનઃપ્રાણાદિના બળ વગરનાને મળી શકે તેમ નથી, તેમ પ્રમાદ કે ઢંગધડા વિનાના તપથી પણ એ પ્રાપ્ય નથી; પરંતુ (પૂર્વોકત તપ, બ્રહ્મચર્ય, સત્ય, સમ્યક્ જ્ઞાન) એ ઉપાયો વડે જે વિદ્વાન (જ્ઞાનસાધક) સંયમપૂર્વક તેને અંતરમાં શોધે છે તેનો આત્મા આપમેળે નિત્ય નિરન્તર બ્રહ્મસંજ્ઞક સુખધામમાં સ્થિત કરે છે."

'मासानां मार्गशीर्षोऽहम्'

આ પંકિત ભગવદ્ગીતાની છે. તેની પછીની પંકિત ऋतूनां कुसुमाकरः। એ મુજબની છે. બાર મહિનામાં માગશર મહિનાને આવું પ્રાધાન્ય આપવાનું કોઈ કારણ નથી અને કુસુમાકર એટલે કે વસન્ત ઋતુ સાથે તેને કોઈ સંબંધ નથી. એમ સમજીને આ કેવળ અનુપ્રાસલક્ષી પદરચના છે એવો ભાવ સુચવતું મારા કોઈ એક લેખમાં મેં વિધાન કર્યું હશે તે ધ્યાન ઉપર આવતાં નવો જ પ્રકાશ પાડતી નોંધ સ્વામીજીએ પોતાના પત્રમાં લખી મોકલી છે જે નીચે મુજબ છે:—

'मासानां मार्गशीर्षोऽहम्' માં ચમક ખાતર કે એવા કોઈ કારણથી માગશર નથી કહ્યો. હકીકતમાં આપણે ત્યાં વસન્તનિપાતનો મહિનો વર્ષભરમાં શ્રેષ્ઠ મનાયો છે. પહેલાં ચૈત્રમાં વસન્તનિપાત થતો ને હવે ફાગણમાં થાય છે. તે કારણે જ ભારતમાં એ બે મહિનાઓ વર્ષારંભના લેખાય છે. મહાભારતને કાળે વસંતનિપાત માગશરમાં થતો હોવાથી તે વસંત-ઋતુનો આરંભ હતો; અને તે ઉપરથી જ્યોતિષી ગણતરીએ ગીતાકાળ આજથી ૪૫૦૦ વર્ષ ઉપરનો ગણાયો છે. વિદ્વાનો આ રીતે ગ્રન્થોના રચ્યાકાળના હિસાબ આન્તરિક પુરાવા વડે કરે છે. એવી જ રીતે, ભીષ્મના દેહત્યાગ પરત્વે ઉત્તરાયણનો જે માસ તથા તિથિ અંગે ઉલ્લેખ શાન્તિપર્વમાં છે, તેની કાળગણતરી પણ આ માગશરના વસંતનિપાત સાથે બેસે છે. (આનો ઉલ્લેખ સ્વ. મણિલાલ નભુભાઈવાળી ગીતાની પ્રસ્તાવનામાં સારી રીતે કરવામાં આવ્યો છે.) એ ધોરણે બાલગંગાધર ટિળકે ઋગ્વેદમાંનાં ઉષા—સૂકતોમાં Aurora Borealis તથા છ મહિનાના ઉષઃકાળ ઈત્યાદિના થોકબંધ ઉલ્લેખો ઉપરથી કાળગણતરી ઈત્યાદિ કરીને પોતાના મૃગશીર્ષ (અંગ્રેજીમાં 'Orion') ગ્રન્થમાં આર્યોનું મૂળ સ્થાન છેલ્લા Ice age પહેલાં ઉત્તર ધ્રુવમાં હોવાનું પ્રતિપાદન કર્યું છે અને Ice age ના આગમન સાથે સ્થળાન્તર કરીને તેઓ 'ઊતરી આવેલા' હોવાનો મત આપે છે. તે પ્રમાણે તે કાળે કારતકમાં વસન્તનિપાત હતો, જે ઈ. સ. પૂર્વે ૬૦૦૦ વર્ષથી પણ વધારે પાછળ ઋગ્વેદનાં કેટલાંક સૂકતોની રચનાને લઈ જાય છે, અને તે જ હિસાબે ઈરાનમાં તેનો એક ભાગ જતાં, ઝરથુસ્ત્રે તેનું ૬ થી ૭ હજાર વર્ષ પહેલાં એક વ્યવસ્થિત ધર્મ તરીકે સંપાદન કર્યું હોવાનું મનાય છે.

"પરન્તુ વિષયાન્તર થાય છે. ટુંકામાં, ગીતાકથિત માગશર તે કાળે વસન્તના મંડાણનો મહિનો હશે અને તેથી જ કૃષ્ણે પૂર્ણ ગંભીરતાથી, પોતાની જવાબદારી સમજીને—નહિ કે માત્ર મનોરંજન કે રોચકતા ખાતર—એ માસનો ઉલ્લેખ કર્યો હશે એમ સમગ્ર ગીતાનો 'મિજાજ' જોતાં માનવમાં કાંઈ અત્યુકિત નથી."

આ સંશોધનાત્મક લખાણ મારી જ્ઞાનોપાસનાની બહારનો વિષય હોઈને તેની કોઈ વિશેષ આલોચના કરવાનું મારા માટે શકય નથી. એમાં કોઈ શક નથી કે જે કોઈ આ વિષયના અભ્યાસી છે તેમના માટે આ લખાણનું વિશિષ્ટ મહત્વ છે.

પરમાનંદ

'આપણા જીવનમાં હિમાલયનું સ્થાન'

જાહેર વ્યાખ્યાન

૧૮મી જાન્યુઆરી શુકવાર સાંજના છ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સ્વામી પ્રવણતીર્થ "આપણા જીવનમાં હિમાલયનું સ્થાન" એ વિષય ઉપર સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ), જાહેર વ્યાખ્યાન આપશે. સંઘના સભ્યોને તેમ જ આ વિષયમાં રસ ધરાવતા ભાઈ બહેનોને નિમંત્રણ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

વિષયસૂચિ

		પૃષ્ઠ
આપણા મહામાનવ મુનશી		૧૭૭
પ્રકીર્ણ નોંધ: શ્રી. ભારતીય વિદ્યાભવનનો રજત મહોત્સવ, ધર્મયુદ્ધ અને અહિંસક યુદ્ધ વચ્ચેનો તફાવત, 'જય જગત'નું વિશેષ વિશ્લેષણ, ડૉ. અમીચંદ છગનલાલ શાહનો સ્વર્ગવાસ. સ્વ. 'સેવાભાવી' શુભવિજયજી, માંદગી પ્રસંગે સ્વજનોની અવરજવરનો ત્રાસ. વિશ્વશાન્તિની ભીક્ષા માગતા બે ભારતીય પદયાત્રીઓ.	પરમાનંદ	૧૮૧
સત્યમેવ જયતે	શ્રી. નાથાલાલ દવે	૧૮૫
મારી કેટલીક વિધાન-ક્ષતિઓનું નિરાકરણ.	પરમાનંદ	૧૮૬

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જૈન નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧, ૧૯૬૩, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

'PRAYERFUL ACTION'—'સમર્પણપૂર્ણ કર્મ'

ગાંધીજી સાથેનો છેલ્લો ઇન્ટરવ્યુ

['માગરિટ - બોર્ક - વ્હાઈટ' નામની 'લાઈફ' મેગેઝીનની કોરસ-પોન્ડન્ટ (સમાચાર પત્ર -લેખક) તથા ફોટોગ્રાફર અમેરિકન સન્નારીએ ૧૯૫૦ ની સાલમાં પ્રગટ કરેલ 'Halfway to Freedom' 'આઝાદીના અરધે માર્ગે'—એ નામના પુસ્તકના અન્તિમ ભાગમાં આવેલા એક પ્રકરણના છેવટના વિભાગનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ સન્નારી એક ઉચ્ચ કોટિની લબ્ધપ્રતિષ્ટ લેખિકા છે અને ફોટોગ્રાફીની કળામાં પણ તે એટલી જ નિષ્ણાત છે. ૧૯૪૬—૪૭—૪૮ ના વર્ષો દરમિયાન 'લાઈફ' મેગેઝીન તરફથી ભારતમાં બની રહેલી ઐતિહાસિક ઘટનાઓને લગતા સમાચારો તથા ફોટોગ્રાફો મોકલવા માટે તેને ભારત ખાતે મોકલવામાં આવી હતી. તે એ વર્ષો દરમિયાન અહીં ઘણો સમય રહી હતી. એક હાથમાં કેમેરા અને બીજા હાથમાં કલમ લઈને સ્થળે સ્થળે તેણે ભ્રમણ કર્યું હતું અને ભારતની અનેક અગ્રેસર વ્યક્તિઓના તે સીધા સંપર્કમાં આવી હતી. તેણે રાજા મહારાજાઓને તેમના બાદશાહી ઠાઠમાઠમાં નિહાળ્યા હતા, અસ્પૃશ્યોની દુર્દશા જાતે જોઈ હતી, ઉદ્યોગમજૂરોની હાડમારીઓ પોતાની આંખે નીરખી હતી, અને એ સંબંધમાં ઉદ્યોગ-પતિઓના ખુલાસાઓ તેમના મોઢેથી સાંભળ્યા હતા, ખેડૂતો, ધર્મા-ચાર્યો, ક્રાન્તિકારીઓ સાથે, પંડિત નહેરુ, ઝીણા, વલ્લભભાઈ પટેલ અને મહાત્મા ગાંધી સાથે પણ તેણે ચર્ચા—વાર્તાલાપ કર્યા હતા.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેણે 'લાઈફ'ના કોરસપોન્ડન્ટ અને ફોટોગ્રાફર તરીકે આફ્રિકા, ઈંગ્લાંડ, ફ્રાન્સ, ચીન, રશિઆ અને જર્મનીમાં પ્રવાસ કર્યો હતો, અને યુરોપના દેશોની યુદ્ધ દરમિયાનની અને ત્યારબાદની રાજકારણી તેમ જ સામાજિક પરિસ્થિતિ વિષે તેણે કેટલાંક પુસ્તકો લખ્યાં હતાં.

પોતાના આ પુસ્તકને 'Halfway to Freedom' 'આઝાદીના અરધે માર્ગે'—એવું નામ આપીને આ લેખિકા એમ સૂચવવા માગે છે કે, અંગ્રેજી હકૂમતને દૂર કરીને ભારતે અધુરી આઝાદી પ્રાપ્ત કરી છે. આ પુસ્તક ૧૯૫૦ ની સાલમાં પ્રગટ થયેલું. તે સમયને લક્ષમાં રાખીને આ લેખિકા જણાવે છે કે, હજુ રાજ્યવહીવટનું માળખું એનું એ રહ્યું છે, હજુ મૂડીવાદી-ઓનું વર્ચસ્ સ્પર્સ્યાસ્પર્શ્યના ભેદો, શોષક—શોષિતના વર્ગો, સામાજિક અસમાનતાનાં તત્ત્વો એના એ જ રહ્યાં છે. આ બધા ભેદો નાબુદ થાય, સામાજિક અસમાનતા સર્વત્ર સ્થાપિત થાય, ચાલુ સમાજરચનામાં પાયાનું પરિવર્તન થાય, દરેક પ્રજાજનને આગળ વધવામાં નાત, જાત કે સંપ્રદાયની કોઈ રોકટોક ન રહે ત્યારે જ આ દેશને પૂરા અર્થમાં આઝાદી પ્રાપ્ત થઈ ગણાય.

પોતાના દિલ્હીનિવાસ દરમિયાન શ્રીમતી માર્ગરિટ બોર્ક વ્હાઈટ ૧૯૪૮ ના જાન્યુઆરી માસમાં દેશના અન્ય રાજકારણી આગેવાનોને મળ્યા બાદ ગાંધીજી સાથે વાર્તાલાપની તક શોધી રહી હતી. તેના મનમાં અનેક પ્રશ્નો ઘોળાઈ રહ્યા હતા અને તે અંગે ગાંધીજીને શું કહેવું છે તે જાણવા તે ખૂબ આતુર હતી. આખરે જાન્યુઆરી માસની ૩૦ મી તારીખે બપોરના ભાગમાં ગાંધીજીને મળવાનો તેને સમય આપવામાં આવ્યો હતો. એ મુજબ તે ગાંધીજી પાસે ગઈ હતી. તેમની સાથે જે વાર્તાલાપ થયો તેની વિગતવાર નોંધ ઉપર જણાવેલ પુસ્તકમાં તેણે આપી છે. બહારની કોઈ વ્યકિત સાથે ગાંધીજીનો આ ઈન્ટરવ્યુ—તેમનું આ મિલન—કદાચ છેલ્લું હતું. તેનો વાર્તા-લાપ પૂરો થયો, તેણે વિદાય લીધી અને થોડા સમયમાં તેઓ પ્રાર્થનાસ્થળ ઉપર જવા નીકળ્યા અને ગોડ્સેની ગોળીએ તેમના પ્રાણ હરી લીધા. આ વાર્તાલાપમાંથી માત્ર છેવટનો મહત્ત્વનો ભાગ તારવીને તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. આ અનુવાદ ગાંધીજીની મૃત્યુતિથિના અવસર ઉપર પ્રગટ થઈ રહ્યો છે, તેથી હું એક પ્રકારનો સંતોષ અનુભવું છું. પરમાનંદ.]

એ શિયાળાની બપોરના મધુરા સૂર્યપ્રકાશમાં ગાંધીજી અને હું વાતો કરતા બેઠાં હતાં, અને ગાંધીજી કાંતતા હતા, અને હું મારા સવાલોના જવાબ ટપકાવી રહી હતી. આ વાતો દરમિયાન ખેતીવાડીમાં વિજ્ઞાન અને યંત્રોનો ઉપયોગ કરવા સામે આપનો વિરોધ છે કે કેમ એવો મેં પ્રશ્ન કર્યો. તેમણે મક્કમપણે જવાબ આપ્યો કે, "હા, હું તેનો એટલા માટે વિરોધ કરું છું કે, ટ્રેક્ટર માણસની મજૂરીની જગ્યા લે છે." રાજ્યનિયંત્રિત હોય અથવા તો જેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હોય તેવા ઉદ્યોગોના ઔચિત્ય સંબંધમાં તેમણે જણાવ્યું કે, "આનું પરિણામ રાષ્ટ્રને 'ગુલામોની પ્રજા' બનાવવામાં આવે." મેં તેમને પૂછ્યું કે, "ભારતની પ્રજાની ગરીબાઈ અને પછાતપણું દૂર કરવા માટે શું કરવું ઘટે?" તેના જવાબમાં તેમણે જણાવ્યું કે, "એનો ઉપાય લોકોને હાથકારીગરી મારફત પોતાના હાથ અને મગજ વાપરતા કરવા તે છે. આથી હિન્દ, દુનિયાના અમેરિકા સમેત બીજા કોઈ પણ દેશ કરતાં વધારે સુખી થાય એમ હું માનું છું." આમ કહેતાં કહેતાં તેઓ હસી પડયા અને બોલ્યા કે, "આ બધી મોટી મોટી વાતો છે."

મેં કહ્યું, "નહિ નહિ, આ કાંઈ હસી કાઢવા જેવી મોટી વાત નથી. આ દિવસોમાં અમેરિકા બધી રીતે સુખી છે એમ છે જ નહિ." અને પછી જે વિષય ગાંધીજી સાથે ચર્ચવાને હું ખૂબ ઝંખી રહી હતી તે વિષય મેં કાઢયો.

અમોએ પ્રાપ્ત કરેલા નવા અને ભયંકર આણુવિષયક જ્ઞાનનો જે બોજો અમારા માથા ઉપર છે તે વિષે—તેમના આણુવિક યુદ્ધના ઉત્તરોત્તર વધતા જતા ભય વિષે—મેં તેમની સાથે ચર્ચા કરવાની શરૂઆત કરી. હિંસાની પરાકોટિએ પહોંચેલા અમને અહિંસાના પયગંબર પાસેથી કાંઈક માર્ગદર્શન મળે એવી મને અપેક્ષા હતી.

અમે આ બાબતની ચર્ચા કરવાની શરૂઆત કરી એ દરમિયાન ગાંધીજી પ્રત્યેના મારા વલણમાં થઈ રહેલા ફેરફાર વિષે હું એકાએક સભાન બની. અત્યારે મારી સામે Bullock — Cart Culture — બળદગાડાના યુગની સંસ્કૃતિ — અને સર્વથા અસ્વીકાર્ય એવા ૧૯ મી સદીના જરીપુરાણા વિચારો ધરાવતો વિચિત્ર કઢંગો લાગતો કોઈ સામાન્ય માનવી નહિ, પણ એક મહાન ભવ્ય મહામાનવના સાન્નિધ્યમાં હું છું એ પ્રકારનું તીવ્ર સંવેદન મારા ચિત્તને સ્પર્શી રહ્યું હતું.

જેમને લાખો માનવીઓએ બાપુ તરીકે સ્વીકાર્યા હતા એવા આ પુરુષની—કોઈથી પણ ઈનકાર થઈ ન શકે એવી—ભવ્યતાની પ્રતીતિ થતાં, મારે કબૂલ કરવું જોઈએ કે, મને બે વર્ષ લાગ્યાં હતાં. હું એક અમેરિકન હોઈને, યંત્રયુગને લગતા તેમના વિરોધી પુરાણા વિચારોને—અને હજુ પણ મને એ વિચારો એટલા જ પુરાણા—જુનવાણી—લાગે છે—મારા મગજમાં સ્થિર કરવા એ મારા માટે ઘણું વધારે કઠણ કામ હતું, કારણ કે આધુનિક યંત્ર મને આ જમાનાની હંમેશાં એક મહાન સિદ્ધિ લાગી છે. જ્યારે અરાજકતામાંથી—અનવસ્થામાંથી—તાકાત અને હિંમતપૂર્વક તેમને માર્ગ કાઢતા મેં જોયા ત્યારે જ આ દેશમાં ગાંધીજીનું કેવું અજોડ સ્થાન અને અનુપમ મૂલ્ય છે તેની મને વધારે ઊંડી સુઝ પ્રાપ્ત થઈ. તાજેતરના મહિનાઓ દરમિયાન હિંદને સર્વથી વધારે મહત્ત્વના તબક્કાઓમાંના એક એવા તબક્કામાંથી પસાર થતું હું જોઈ રહી હતી કે જ્યારે, ધર્મને લગતા વેરઝેરની ભયાનક જ્વાળાઓમાંથી દેશને બચાવી લેવા માટે ગાંધીજીએ પોતાની જીંદગીને હોડમાં મૂકી હતી અને જ્યારે, નહેરુએ જણાવ્યું હતું તે મુજબ, 'પ્રલય તરફ ધસી રહેલી આ દુનિયામાં તેઓ ખડક સમાન ઊભા હતા અને દીવાદાંડી માફક સત્યનો ચોતરફ પ્રકાશ ફેલાવી રહ્યા હતા.' દુનિયાની અમારી બાજુએ, આપણી દુનિયા પ્રલયના જોખમ તરફ ધસી રહી હતી અને એમની ધીરગંભીર વાણીમાંથી અમને કોઈ સંદેશો-કોઈ માર્ગદર્શન-કદાચ પ્રાપ્ત થશે એવી આશા હું સેવી રહી હતી.

મેં ગાંધીજીને પૂછ્યું કે, "અમેરિકા આણ્વબોંબ બનાવવાનું બંધ કરશે એમ આપ માનો છો?" તેમણે જરા પણ અચકાયા સિવાય જવાબ આપ્યો, "અમેરિકાએ બંધ કરવું જ જોઈએ."

અમારી આ વાત ચાલી રહી હતી; ગાંધીજી વિચારપૂર્વક, કદિ કદિ અચકાતા અટકતા, અત્યન્ત ગંભીર ઊંડાણમાંથી બોલી રહ્યા હતા; તેમના શબ્દો હું ટપકાવી રહી હતી; અને અમારામાંના કોઈને પણ મનમાં ખ્યાલ સરખો પણ નહોતો કે, દુનિયાને તેમના છેલ્લા સંદેશાઓમાંનો એક - કદાચ આ સૌથી છેલ્લો—સંદેશો હતો.

આ અત્યન્ત મહત્ત્વના દિવસ બાદ ઘણા લોકોએ મને પૂછ્યું છે કે, "ગાંધીજીની સમીપમાં બેઠી હોઉં ત્યારે એક અસાધારણ કોટિના પુરુષ સમક્ષ હું બેઠી છું એવી લાગણીનો મને અનુભવ થતો હતો ખરો?" મારો જવાબ છે કે "હા, ખરેખર તેમની હાજરીમાં હું હંમેશા આવી જ કાંઈક લાગણી અનુભવતી હતી." અને આ લાગણી આ દિવસે સૌથી વધારે તીવ્ર બની હતી કે જ્યારે મને મુંઝવતી તેમનામાં દેખાતી કેટલીયે પરસ્પરવિરોધી બાબતો મારા મનમાંથી સંપૂર્ણપણે સરી ગઈ હતી અને જે ભયાનક સમસ્યા આપણ સર્વને મુંઝવી--અકળાવી--રહેલ છે તે સમસ્યાના ઊંડાણને સ્પર્શવા ગાંધીજી મથામણ કરી રહ્યા હોય એમ હું જોઈ રહી હતી. નહેરુએ ગાંધીજી વિષે કહ્યું છે કે "એ નિર્વિવાદ છે કે ગાંધીજી ચાલુ ઢાળામાં ઢળાયલા કોઈ સામાન્ય આદમી નથી, પણ તદ્દન જુદા અને વિરલ ઢાળાની તે પેદાશ છે." અને અમારા વાર્તાલાપની છેલ્લી ઘડીઓ દરમિયાન, નહેરુએ જણાવ્યું છે તે મુજબ, મને લાગતું હતું કે, "કદિ કદિ the unknown — અગમ્ય તત્વ - તેમની આંખો દ્વારા અમારી સામે તાકી રહ્યું હતું."

મેં ગાંધીજીને પૂછ્યું કે, "આપ એટમ બોંબનો શી રીતે સામનો કરો? તેનો અહિંસા વડે સામનો થઈ શકે ખરો?"

તેમણે જવાબ આપ્યો કે, "આનો ઉત્તર શું આપું?" થોડી વાર ચરખો તેમના ચપળ હાથમાં વેગપૂર્વક ફરી રહ્યો અને પછી તેઓ બોલ્યા "હું તેનો સમર્પણપૂર્ણ કર્મ—'prayerful action' વડે સામનો કરું!" તેમણે 'કર્મ' ઉપર ભાર મૂક્યો અને મેં પૂછ્યું કે, "આ કર્મ કેવું રૂપ ધારણ કરે?"

'હું ભૂગર્ભમાં નહિ સંતાઉ, સુરક્ષિત સ્થાનમાં પ્રવેશ નહિ કરું, પણ હું ખુલ્લામાં આવું અને મારા મોઢા ઉપર પાયલટ સામે લેશ માત્ર તિરસ્કારનો--આણગમાનો--ભાવ નથી એ બરોબર તે જોઈ શકે એમ સ્થિરપણે ઊભો રહું."

આગળ બોલતાં પહેલાં થોડી ક્ષણ તેઓ ચરખો ચલાવવામાં રોકાયા અને પછી બોલ્યા:—

"હું જાણું છું કે એટલી ઊંચાઈએથી પાઈલટ મારા મોઢાને જોઈ ન જ શકે, પણ તે આપણને ઈજા કરવા માટે ન જ આવે એવી મારા ઊંડા દિલની ભાવના તેને જરૂર સ્પર્શે અને તેની આંખો જરૂર ઉઘડે. હિરોશીમામાં જે હજારો માણસો માર્યા ગયા તેઓ જો ઊંડા દિલના આ સમર્પણપૂર્ણ કર્મ—' prayerful action '-- પૂર્વક ખૂલ્લી રીતે મરી ગયા હોત તો લડાઈનો અન્ત જે અવહેલનાપૂર્વક આવ્યો તેવો આવ્યો ન હોત. આ વિજેતાઓ ખરેખર વિજેતા છે કે"--તેઓ બહુ ધીમા અવાજે બોલી રહ્યા હતા અને શબ્દો પકડવાનું મુશ્કેલ બનતું હતું--"આપણ સર્વમાં રહેલા દુષ્ટ વિકારો અને ત્રુટિઓના તેઓ પણ ભોગ બનેલા છે એ એક સમસ્યા છે. કારણ કે દુનિયામાં આજે શાન્તિ નથી"--તેમનો અવાજ એકદમ ધીમો પડી ગયો હતો--"દુનિયાનું ભાવી હજુ પણ ખૂબ ભયાનક દિસે છે."

મને અપાયલો સમય પૂરો થવા આવ્યો હતો અને તેથી તેમની રજા લેવા હું ઊભી થઈ. નમસ્કાર કરવાની રીતે મેં મારા બે હાથ ભેગા કર્યા--પશ્ચિમની માફક જુદા પડવાને વખત પરસ્પર હસ્તધૂનન કરવાને બદલે ભારતવાસીઓ સાધારણપણે આ રીતે હાથ જોડીને છૂટા પડે છે—પણ ગાંધીજીએ મારી સામે પોતાનો હાથ લંબાવ્યો અને પશ્ચિમની ઢબે મારી સાથે ખૂબ ઉમળકાપૂર્વક—હાર્દિકતાપૂર્વક--હસ્તધૂનન કર્યું. હું આથી ખૂબ પ્રભાવિત બની, જરા ઉભી રહી, ઊંચે જોયું અને "good bye-good luck" "નમસ્કાર, આપનું શુભ થાઓ!" એમ બોલી હું તેમનાથી છુટી પડી.

થોડાક જ કલાક બાદ આ માનવી કે જે એમ માનતો હતો કે એટમ બોંબનો પણ અહિંસા વડે સામનો થઈ શકે છે તે એક રીવોલ્વરની ગોળી વડે વીંધાઈ ગયો. અને આ કમનસીબ ઘડીએ જેઓ તેમની પાસે હતા તેઓ મારફત જાણવા મળે છે કે જેવા તેઓ પડ્યા કે તેમના પ્રાર્થના કરતા હાથ ઉંચે જોડાયા અને 'હે રામ' શબ્દો તેમના હોઠ ઉપર ફરકી રહ્યા.

અનુવાદક : **પરમાનંદ** મૂળઅંગ્રેજી: **માર્ગરેટ બોર્ક—વ્હાઈટ**

રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિની આલોચના

તા. ૪-૨-૬૩ સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ 'રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય પરિસ્થિતિ'ની આલોચના કરશે. આ વિષયમાં રસ ધરાવતા ભાઈ-બહેનોને આ જાહેર વ્યાખ્યનનો લાભ લેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

વિષયસૂચિ

		પૃષ્ઠ
સમર્પણપૂર્ણ કર્મ	માર્ગરેટ-બોર્ક-વ્હાઈટ	૧૮૭
બે અવલોકનો	ગૌરીપ્રસાદ ચુ. ઝાલા	૧૮૯
સ્વામી વિવેકાનંદ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૯૦
સ્વામી પ્રણવતીર્થનો પરિચય	પરમાનંદ	૧૯૨
મુક્ત જીવનના માર્ગે	વિમલા ઠકાર	૧૯૩
ભારતની આંતર-બાહ્ય પરિસ્થિતિનું આકલન	વિમલા ઠકાર	૧૯૪
અભય, અસંગ, અહિંસા	ડૉ. રાધાકૃષ્ણન	૧૯૫

બે અવલોકનો

(સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુ. ઝાલાએ ઑલ ઈન્ડિયા રેડીઓ મુંબઈ ઉપરથી ડૉ. રમણલાલ શાહ સંપાદિત જંબૂસ્વામી રાસનું તથા પરિચય પુસ્તિકાનું અવલોકન કર્યું હતું. તે ઑલ ઈન્ડિયા રેડીઓ મુંબઈની અનુમતિપૂર્વક નીચે ક્રમશઃ પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

જંબૂસ્વામીનો રાસ

આજે જે પહેલા ગ્રંથનો પરિચય અહીં આપવાનો છે તે છે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત "જંબૂસ્વામી રાસ," આ કૃતિનું સંપાદન ડૉ. રમણલાલ ચીમનલાલ શાહે કર્યું છે અને પ્રકાશક છે શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ, સૂરત. કિંમત રૂપિયા બે.

પ્રાચીન કે મધ્યકાલીન કૃતિઓનું સંપાદનકાર્ય શાસ્ત્રીય પ્રવૃત્તિ-રૂપનું છે. આપણે ત્યાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પ્રાચીન ગુજરાતી ગ્રંથમાળામાં પ્રકાશિત થયેલી કૃતિઓના સંપાદનમાં ડૉ. ભોગીલાલ સાંડેસરાએ શાસ્ત્રીય ચીલો પાડી આપ્યો છે. આવા સંપાદનમાં ગ્રંથકર્તાના દેશ, કાલ અને જીવન તેમજ અન્ય કૃતિઓ વિષે શક્ય તેટલી ઉપલબ્ધ પ્રમાણસામગ્રી એકઠી કરીને શાસ્ત્રીય પદ્ધતિએ નિરૂપણ થવું જોઈએ. કૃતિની હસ્તપ્રતોની શાસ્ત્રીય રીતે વિગતવાર માહિતી અપાવી જોઈએ. એ કૃતિ જે સાહિત્યપ્રકારમાં સમાવેશ પામતી હોય તે સાહિત્યપ્રકાર કે સ્વરૂપનું ઐતિહાસિક વિકાસરેખાઓ દોરીને નિરૂપણ થવું જોઈએ. આ બાબતોમાં ક્યાંય પણ વિદ્વાનોમાં મતભેદ હોય તો તેનું પણ સમાકલન અને સમાધાન કરવાનો યથાવકાશ યત્ન થયો હોવો જોઈએ. કૃતિના પાઠભેદો નોંધવા જોઈએ. આ ઉપરાંત વિવરણાત્મક કે વિવેચનાત્મક ટિપ્પણ પણ હોય અને શબ્દોની વ્યુત્પત્તિ અને અર્થચ્છાયા રજૂ કરતી શબ્દસૂચી કે કોશ પણ હોય.

ડૉ. રમણલાલ શાહે શાસ્ત્રીય પદ્ધતિ સ્વીકારીને જ આ કૃતિનું સંપાદન કર્યું છે. પ્રસ્તાવનાના આરંભમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજીનું જન્મસ્થળ ઉત્તર ગુજરાતમાં મહેસાણાથી પાટણને રસ્તે ધીણોજ ગામથી ચારેક માઈલને અંતરે આવેલું કનોડું ગામ હતું એમ પ્રધાનપણે "સુજસવેલી ભાસ" નામની કૃતિને આધારે દર્શાવ્યું છે. તેના પિતાનું નામ નારાયણ અને માતાનું નામ સૌભાગદે હતું. નાના જસવન્તકુમારને સદગુરુ નયવિજયજીના ઉપદેશથી વૈરાગ્યવૃત્તિ જાગી અને તેણે અણહિલપુર જઈને તે ગુરુ પાસે દીક્ષા લઈ યશોવિજય—જસવિજય—નામ ધારણ કર્યું. કર્તાના જન્મ-સમયના પ્રશ્નમાં બે પરસ્પરવિરોધી પ્રમાણો ઉપલબ્ધ છે તેની ચર્ચા કરીને શ્રી યશોવિજયજીનો જન્મ સંવત ૧૬૭૯-૮૦ માં થયો હોવો જોઈએ એવું અનુમાન સંપાદકે કર્યું છે.

જીવન-નિરૂપણ કરતાં ડૉ. શાહે શ્રી યશોવિજયજીની અસાધારણ સ્મરણશક્તિ વિષે પ્રચલિત દંતકથાનો ઉલ્લેખ કર્યો છે. શ્રી યશોવિજયજી વિદ્યાભ્યાસ માટે કાશીમાં ત્રણ વર્ષ રહ્યા હતા. ત્યાં તેમણે ન્યાય, મીમાંસા, સાંખ્ય, વૈશેષિક ઈત્યાદિ દર્શનોનો અભ્યાસ કર્યો હતો અને ન્યાયવિશારદ અને તાર્કિકશિરોમણિનાં બિરુદ પણ પામ્યા હતા. વિદ્યાભ્યાસ પૂરો કરીને તે અમદાવામાં આવ્યા અને મુસલમાન સૂબા મહોબતખાનની સમક્ષ અષ્ટાદશ અવધાનનો પ્રયોગ કરી બતાવ્યો. શ્રી યશોવિજયજી અને આનંદઘનના સમાગમની અને અહોભાવવૃત્તિથી શ્રી યશોવિજયજીએ રચેલી અષ્ટપદીની ચર્ચા સંપાદકે કરી છે. શ્રી યશોવિજયજીની ગુરુ શિષ્ય પરંપરાની નોંધ પણ લીધી છે. શ્રી. યશોવિજયજીનો સ્વર્ગવાસ ડભોઈમાં સં. ૧૭૪૩ માં થયો હશે એમ "સુજસવેલી ભાસ" ને આધારે સૂચવ્યું છે. તે પછી શ્રી યશોવિજયજીની સંસ્કૃત પ્રાકૃત રચનાઓ વિષે તેમજ ગુજરાતી ભાષામાં રચેલાં સ્તવનો, સઝઝાયો, ગીતો, પદો રાસો, સંવાદો વગેરે વિષે માહીતી આપી છે. આ ખંડના અંતમાં સંપાદકે શ્રી યશોવિજયજીનાં પાંડિત્ય, તુલનાશક્તિ, સૂક્ષ્મ દૃષ્ટિ વગેરે વિશિષ્ટ ગુણોને બિરદાવતો પંડિત સુખલાલજીનો અભિપ્રાય ટાંક્યો છે. કૃતિના વિષયભૂત શ્રી જંબૂસ્વામી વિષે સંસ્કૃત, પ્રાકૃત, અપ-ભ્રંશ અને ગુજરાતીમાં રચાયેલી કૃતિઓનો નિર્દેશ પણ કર્યો છે. ત્યાર પછીના ખંડમાં "જંબૂસ્વામી રાસ" નું વસ્તુ, એ વસ્તુ ઉપર પુરોગામી લેખકોનું ઋણ અને પ્રભાવ વગેરે વિષયોની ચર્ચા કરતાં સંપાદક નોંધે છે કે, શ્રી યશોવિજયજીએ સં. ૧૭૩૮ માં "શ્રી જંબૂસ્વામી બ્રહ્મગીતા" નામની ૨૯ કડીમાં વિસ્તરેલી લઘુરચના કરી હતી. તે પછી ૧૭૩૯માં આ રાસની રચના તેમણે કરી. નિરૂપણ-વિષય તરીકે એક જ વ્યક્તિનું જીવન સ્વીકારાયેલું હોવા છતાં આ બ્રહ્મગીતા અને રાસની વચ્ચે કલ્પના, અલંકાર કે તર્કની દૃષ્ટિએ બહુ સામ્ય નથી, જો કે કોઈક વિરલ દાખલામાં કલ્પના કે શબ્દનું સામ્ય નજરે આવે છે. શ્રી યશોવિજયજીએ "જંબૂસ્વામી રાસ" નું વસ્તુ હેમચન્દ્રાચાર્યના "ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર" ના પરિશિષ્ટપર્વમાં આપેલા જંબૂસ્વામીચરિત્ર ઉપર મુખ્યત્વે આધારિત કર્યું છે એમ વિધાન કરીને સંપાદકે વિગતવાર એ બંને કૃતિમાં સમાવાયેલા પ્રસંગોની તુલનાત્મક સમીક્ષા કરી છે. ત્યાર પછી સંપાદકે આ કૃતિની સાહિત્યકૃતિ તરીકે આલોચના કરી છે. તેમાં આવતી અનેક આડકથાઓ અને તેમની સાર્થકતા, શૃંગાર રસ અને શાંતરસના આલેખન દ્વારા અંતે સંયમ અને વૈરાગ્ય-ના વિજયનું નિરૂપણ, પ્રસંગ-આલેખન કે પાત્ર નિરૂપણમાં અનેક સ્થળે વ્યક્ત થતી ઉચ્ચકોટીની કવિપ્રતિભા, ઉપમા-ઉત્પ્રેક્ષાદિક અલંકારોની સમૃદ્ધિ વગેરે ગુણપક્ષે સ્વીકારવાયોગ્ય લક્ષણોનું યથા-વકાશ અવતરણો આપીને સંપાદકે સારું નિરૂપણ કર્યું છે. આ કૃતિ શ્રી યશોવિજયજીના પોતાના હસ્તાક્ષરમાં લખેલી ઉપલબ્ધ થઈ છે. તેથી પ્રેમાનંદના સમયમાં ગુજરાતી ભાષાનું કેવું સ્વરૂપ હશે એ જાણવાનું પ્રમાણભૂત સાધન આપણને મળી રહે છે. આ કૃતિમાં પ્રમાણ-ભૂત રીતે સચવાયેલું ભાષા-સ્વરૂપ ધ્યાનમાં લેતાં આજે ઉપલબ્ધ થતી પ્રેમાનંદકૃતિઓની ભાષામાં કેટલી વિકૃતિઓ પેસી ગઈ છે એ સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે. શ્રી યશોવિજયજી વિદ્યાભ્યાસ માટે કાશી ગયા હતા. તે પછી આગ્રામાં રહ્યા હતા. ગુજરાત ઉપરાંત રાજસ્થાનમાં પણ જૈન સાધુઓ વિહાર કરે છે તે કારણે આ રાસામાં પણ ક્યાંક ક્યાંક હિંદી અને મારવાડી ભાષાની અસર નજરે આવે છે. પ્રસ્તાવના પછી સંપાદકે રાસની વાચના આપી છે. કર્તાના હસ્તાક્ષરમાં જ મળેલી પ્રતિ ઉપરથી વાચના તૈયાર કરી છે. તેથી પાઠાન્તરોનો સંકુલ પ્રશ્ન સદ્‌ભાગ્યે અહીં ઊભો થતો નથી, જો કે કેટલેક સ્થળે કેવળ માનવસુલભ અનવધાનતાને કારણે નજીવા લેખનદોષો પ્રતિમાં નજરે આવે છે તેનું સંપાદકે તર્કપુરઃસર સંસ્કરણ કરી લીધું છે: જેમ કે પાંચમા અધિકારની ૨૫ મી કડીના ઉત્તરાર્ધમાં "કામ ધામ લીલા ઉદ્દામ, સકલ કલા કેરો વિશ્રામ' માં 'ઉદ્દામ' ને બદલે મૂળ પ્રતમાં "ઉદાસ' છે તે દેખીતી રીતે જ સંભવિત નથી. એ જ અધિકારની ૨૩ મી કડીમાં "ન છું વિષયરસમીન" એમ મૂળ કૃતિના પાઠને સુધારીને 'ન છું વિષયરસલીન' સ્વીકાર્યું છે એ પણ યોગ્ય લાગે છે.

રાસની વાચના પછી સંપાદકે 'સુજસવેલી ભાસ' અને તેનો ગદ્ય અનુવાદ અવતાર્યો છે. આ કૃતિમાં સંગ્રહાયેલી વિગતો શ્રી યશોવિજયજીના જીવન વિષે મહત્ત્વની માહિતી આપે છે તેથી અભ્યા-સીઓને આ ખંડ ઉપયોગી નીવડશે. અંતમાં સંપાદકે ટીપ્પણ આપ્યું છે, જેમાં શબ્દોના અર્થ આપીને ઢાલ કે દુહાનું મુખ્ય વ્યક્તવ્ય આપવામાં આવ્યું છે. તે પછી કંઈ વિશેષ આવશ્યક વિવરણ માગી લેતી હોય તેવી કડીઓનું વિવરણ પણ કર્યું છે.

આમ આ કૃતિના સંપાદનમાં ડૉ. રમણલાલ શાહે શાસ્ત્રીય પદ્ધતિનો સ્વીકાર કર્યો છે, જે મહત્વનો મુદ્દો છે અને આ સંપાદનને અધિકૃત કૃતિ તરીકે રજૂ કરે છે. આ પરિચય સમાપ્ત કરું તે પહેલાં એક બે મુદ્દાઓનો ઉલ્લેખ કરું. આ કૃતિની ભાષા અને શબ્દ-સ્વરૂપો મધ્યકાલીન રૂપનાં વધારે લાગે છે. ઉદાહરણ તરીકે, "ગોખનઈ સંમુખિ સા ગઈ", "નૃપ પૂછઈ હુઉ કુણહેત," "હવઈ જયસિરિ વાણી વદઈ રે, સુણિ પિઉ સાચઈ સિદ્ધિ, ગુણરા જ્ઞાતા, નાગશ્રી પરિ સ્યું કહઈ રે, કૂટ કથા અપ્રસિદ્ધ, રંગરા રાતા." વગેરે. ભાષાનું સ્વરૂપ સમજવામાં સાહાય્ય આપે તેવું વ્યાકરણ—વિશેષે કરીને વિભક્તિ પ્રત્યયોનું નિરૂપણ--આપ્યું હોત તો વધારે યોગ્ય અને ઉપકારક નીવડત. બીજું, ટિપ્પણમાં શબ્દોના પર્યાયો કે અર્થો આપવાને બદલે વ્યુત્પત્તિની દિશાનું પણ નિયમ તરીકે સૂચન કર્યું હોત તો ટિપ્પણ પણ વધારે દ્યોતક નીવડત. કદાચ આર્થિક મર્યાદાને કારણે આવું સવ્યુત્પત્તિક શબ્દાર્થ-દર્શન શક્ય નહીં બન્યું હોય. ડૉ. શાહ યુવાન અભ્યાસી છે. પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાં અને તેના ભાષાવિષયક પરિશીલનમાં બહુ ઓછા અભ્યાસીઓને રસ પડે છે. શ્રી શાહનો આ રસ ચાલુ રહે અને અભ્યાસ વધારે ગાઢ અને પરિનિષ્ઠિત બને.

અપૂર્ણ

ગૌરીપ્રસાદ ચુ. ઝાલા

સ્વામી વિવેકાનંદ

(સ્વામી વિવેકાનંદ જયન્તી—તા. ૧૭—૧—૬૩—ના રોજ ઑલ ઈન્ડિયા રેડીયો, મુંબઈના મથકેથી પ્રસારિત કરવામાં આવેલ વ્યાખ્યાનને તેની ઉદાર અનુમતિપૂર્વક આ વ્યાખ્યાનને લેખકે થોડુંક વિસ્તાર્યું છે. નીચે આપવામાં આવે છે. —તંત્રી)

સ્વામી વિવેકાનંદની જન્મશતાબ્દિ, ભારત વર્ષમાં સ્થળે સ્થળે અને વિદેશોમાં ઊજવાઈ રહી છે. ઓગણીસમી સદી દરમિયાન, ભારતના પુનરુત્થાનમાં જે મહાપુરુષોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો તેમાં સ્વામી વિવેકાનંદ અગ્રસ્થાને છે. રાજા રામમોહનરાય, મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર, કેશવચંદ્ર સેન વગેરે મહાનુભાવોએ બ્રહ્મો સમાજની સ્થાપના કરી, પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનો સમન્વય કરવા પ્રયત્ન કર્યો. પણ ભારતનો આત્મા જેમાં પૂર્ણપણે પ્રકટ થયો અને ભારતની આમજનતાનું હૃદય જેમણે જીતી લીધું તે તો હતા સ્વામી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી દયાનંદ સરસ્વતી. બન્નેનું કાર્ય અત્યારે આપણી સમક્ષ મોજુદ છે, રામકૃષ્ણ આશ્રમ અને આર્ય સમાજ મારફત.

સ્વામી રામકૃષ્ણ પરમહંસ ખરેખર એક અવતારી પુરુષ હતા. નિરક્ષર બ્રાહ્મણ, કાલીમાતાના પૂજારી, પણ ચૈતન્ય પ્રભુ જેવા પરમભક્ત અને શંકરાચાર્ય જેવા પ્રખર જ્ઞાની. આત્મસાક્ષાત્કાર સાધી, સંખ્યાબંધ બુદ્ધિશાળી અને શિક્ષિત પુરુષોને પોતાના તરફ તેમણે આકર્ષ્યા. પણ તેમાં સર્વશ્રેષ્ઠ હતા નરેન્દ્ર દત્ત, પાછળથી જે સ્વામી વિવેકાનંદને નામે વિખ્યાત થયા. જેમ સોક્રેટીસનો સંદેશ આપણને તેના શિષ્ય પ્લેટો મારફત મળ્યો છે, તેમ સ્વામી રામકૃષ્ણનો દિવ્ય સંદેશ જગતે સ્વામી વિવેકાનંદ મારફત જાણ્યો.

સ્વામી વિવેકાનંદ પરમહંસના શિષ્ય કેવી રીતે થયા તે પણ એક રોમાંચક કથા છે. સ્વામી રામકૃષ્ણ કલકત્તા નજીક દક્ષિણેશ્વરમાં રહેતા હતા ત્યારે તેમની ખ્યાતિ સાંભળી, સેંકડો સ્ત્રી-પુરુષો તેમનાં દર્શને જતાં. નવેમ્બર ૧૮૮૦ માં, એક ભજન મંડળીમાં, ૧૮ વર્ષની ઉંમરના નરેન્દ્રે એક ભજન ગાયું. રામકૃષ્ણ પરમહંસ હાજર હતા. પરમહંસની વેધક દ્રષ્ટિએ આ યુવાનના અંતરતમ ઊંડાણનું માપ તરત કાઢી લીધું અને તેને દક્ષિણેશ્વર મળવા આવવા કહ્યું. કેટલાક દિવસ પછી નરેન્દ્ર કેટલાક મિત્રો સાથે મળવા ગયો. નરેન્દ્રનો કંઠ બુલંદ અને ભાવવાહી હતો. પરમહંસે ભજન ગાવા કહ્યું અને નરેન્દ્રે ગાયું. પછી શું બન્યું તે સ્વામી વિવેકાનંદના શબ્દોમાં જ કહેવા જેવું છે :—

"મેં ગાયું પછી તેઓ ઊઠયા અને મારો હાથ પકડી ઓત્તરાદી ઓસરી તરફ મને લઈ ગયા અને દ્વાર બંધ કર્યું. અમે બન્ને એકલા હતા. આશ્ચર્યથી હું તેમને નિહાળી રહ્યો અને તેમના મુખ ઉપર હર્ષનાં અશ્રુ વહી રહ્યાં હતાં. દીર્ઘ સમયથી મને ઓળખતા હોય તેમ મને તેઓ જોઈ રહ્યા અને મૃદુતાથી કહ્યું, "મારી પાસે આવવામાં આટલો બધો વિલંબ કેમ કર્યો? આટલો સમય મને રાહ કેમ જોવડાવી? મારી આધ્યાત્મિક અનુભૂતિ સમજી શકે એવી વ્યક્તિનાં અંતરમાં મારું હૃદય ઠાલવવા હું તલસી રહ્યો છું. તું નારાયણનો અવતાર છે. માનવજાતના દુઃખ દૂર કરવા આ પૃથ્વી ઉપર તેં જન્મ લીધો છે." હું આભો થઈ ગયો. હું શું સાંભળું છું? આ કાંઈ ગાંડપણ તો નથી ને? હું વિશ્વનાથ દત્તનો પુત્ર. આ મને શું કહે છે? ફરીથી આવવાનું મારી પાસેથી વચન લીધું અને તેમનાથી છૂટવા મેં વચન આપ્યું."

પછી તો વિવેકાનંદને આવો વિચિત્ર અનુભવ અનેક વખત થયો. બુદ્ધિ ના પાડે, હૃદય આકર્ષણ કરે; અનિચ્છાએ આવે, મુગ્ધ થાય. વળી શંકા-કુશંકામાં ડૂબી જાય, વળી આકર્ષાય. એક વખત પરમહંસને કહેતા સાંભળ્યા :—

"ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે છે. હું અત્યારે તારી સાથે બોલું છું અને તને જોઉં છું તેવી જ રીતે તું ઈશ્વરને જોઈ શકે, તેની સાથે બોલી શકે. પણ તેમ કરવાનો સાચો પ્રયત્ન કોણ કરે છે? પોતાના સ્ત્રી-પુત્ર કે માલ મિલકત માટે લોકો રડે છે, પણ ઈશ્વરને પામવા કોણ રડે છે? પણ તેને પામવાની ખરી તાલાવેલી જાગે તો તેનો સાક્ષાત્કાર થાય જ."

અને નરેન્દ્રના હૃદયમાં આ અને આવાં અનેક વચનોએ ચોંટ પકડી. પણ "शिष्यस्तेऽहं शाधि माम् त्वाम् प्रपन्नम्" એ ભાવ જાગતાં પહેલાં, લગભગ પાંચ વર્ષ સુધી, એક પ્રકારનો ગજગ્રાહ ચાલ્યો. બુદ્ધિવાદી નરેન્દ્રને ભક્તિની લાગણીવિવશતાનો અણગમો હતો. શ્રદ્ધાથી કાંઈ પણ સ્વીકારવા તે તૈયાર ન હતો. He questioned everything. He never allowed his reason to abdicate. —તે દરેક બાબત વિષે તર્ક કરતો રહ્યો. તેણે કદિ પોતાની બુદ્ધિને પદભ્રષ્ટ થવા ન દીધી. કૉલેજમાં તત્વજ્ઞાન, વિજ્ઞાન, ઈતિહાસ વગેરેનો તે અભ્યાસ કરતો. પ્રખર બુદ્ધિશાળી હતો. તેજ સ્વભાવ, પ્રચંડ કાયા, ક્ષાત્ર લોહી, દરેક રીતે પરમહંસ વિરોધી પ્રકૃતિ હતી. તેના અંતરમાં તમુલ યુદ્ધ હતું, કાંઈક સ્વપ્નાઓ તે સેવતો. કોઈ વખત લક્ષ્મી, કીર્તિ, અને સત્તાના શિખરે પહોંચવાની મહત્ત્વાકાંક્ષા તેનામાં જાગતી, તો બીજી વખત ભભૂત લગાવી, લંગોટ પહેરી, સંન્યાસી બનવાની ઈચ્છા થતી, અને બન્ને શક્ય છે તેમ લાગતું. અંતે બીજા સ્વપ્ને તેના અંતરને ઘેરી લીધું. પણ તેમ થતાં પહેલાં કાંઈક યાતનાઓ તેણે વેઠી.

જમીનદાર પિતાનો પુત્ર, તેની ૨૧ વર્ષની વયે, પિતાનું અવસાન થયું અને છ સાત જણના ભરણપોષણનો બોજો તેના પર આવી પડયો. ઉડાઉ પિતાએ લેણદારોનો ભાર જ વારસામાં આપ્યો હતો. નોકરીની શોધમાં સફળતા ન મળી અને દુઃખના ડુંગર માથે જ તૂટી પડયા. જીવનની કઠોર વાસ્તવિકતાનો અનુભવ થયો અને તે પોકારી ઊઠયો કે, "આ જીવનમાં નિર્બળ કે ગરીબ કે ત્યજાયેલાંઓ માટે કોઈ સ્થાન નથી." ઈશ્વર ઉપરની શ્રદ્ધા રહી નહીં અને "The world seemed to me the creation of a Devil" "દૂનિયા સેતાનનું નિર્માણ હોય એમ તેને લાગ્યું," પણ તેના લખવા મુજબ "Ramkrishna was the only one who had unwavering faith in me. His unshakable confidence bound me to him forever. He alone knew the meaning of love". —"રામકૃષ્ણ એક જ એવી વ્યક્તિ હતી કે, જેને મારામાં અવિચળ શ્રદ્ધા હતી. તેમના સુદૃઢ વિશ્વાસના પરિણામે હું તેમની સાથે સદાને માટે બંધાયો. પ્રેમતત્વનું રહસ્ય માત્ર તેઓ જ જાણતા હતા." અને અંતે એ દિવસ આવ્યો કે, જ્યારે નરેન્દ્રના બધા સંશયોનું નિવારણ થયું. Suddenly it seemed as if the folds enveloping his soul were rent asunder and there was light. — આત્માને આવરી રહેલા બધા પડદા એકાએક ચિરાઈ ગયા અને જ્ઞાનનો સૂર્ય ઊગ્યો. પછી તો આત્માની મુક્તિની તાલાવેલી જાગી અને નિર્વિકલ્પ સમાધિમાં પરબ્રહ્મ સાથે એકતાન થવા તેનો જીવ તલસી રહ્યો. પણ પરમહંસની આજ્ઞા થઈ કે, "તારે માત્ર તારો સ્વાર્થ અને તારી મુક્તિ શોધવાની નથી, તારે જગતનું કલ્યાણ કરવાનું છે" અને નરેન્દ્રે આ આજ્ઞા સ્વીકારી.

૧૫ મી ઑગષ્ટ ૧૮૮૬ ના દિને પરમહંસનું અવસાન થયું. પછી તેમના શિષ્યગણના નરેન્દ્ર સ્વાભાવિક રીતે જ નેતા થયા. શું

કરવું તે કોઈને સૂઝતું ન હતું. નિવૃત્તિમય જીવન સ્વીકારીને આત્મ-સાધના કરવાની ઘણાની ઈચ્છા હતી.

૧૮૮૬ના ૨૫ મી ડિસેમ્બરની રાત્રે તાપણું કરી સૌ બેઠા હતા. વિવેકાનંદે જીસસ ક્રાઈસ્ટની જીવનકથા કહી અને પછી તેમણે જગતકલ્યાણ માટે પોતાનું જીવન સમર્પણ કરવા સૌને આદેશ આપ્યો. અને સૌએ સંન્યાસની પ્રતિજ્ઞા લીધી. પણ એ સંન્યાસ જુદા પ્રકારનો હતો. એ સંન્યાસ માત્ર આત્મસાધનામાં નિમગ્ન થવાનો જ નહિ પણ માનવસેવાનો સંન્યાસ હતો. It combined the ideal of contemplotion with the ideal of human service. તે સંન્યાસની કલ્પનામાં ધ્યાનના આદર્શ સાથે માનવસેવાના આદર્શનો મેળ જોડવામાં આવ્યો હતો.

પણ આ પ્રતિજ્ઞાને આકાર આપતા બીજાં ૧૧ વર્ષ વહી ગયાં. તે પહેલાં વિવેકાનંદે ઘણું જાણવાનું હતું, ઘણું કરવાનું હતું. પરમહંસના અવસાન સમયે વિવેકાનંદની ઉંમર માત્ર ૨૩ વર્ષની હતી. ભારતની ભૂમિ, તેની જનતા અને તેના આત્માનો તેણે પરિચય કરવાનો હતો. આ માટે તેમણે પરિભ્રમણ આદર્યું, પાંચ વર્ષ સુધી આ મહાપરિવ્રાજક તિબેટથી કન્યાકુમારી સુધી ફરી વળ્યા, ભારતવર્ષની ભયંકર ગરીબાઈનો અનુભવ કર્યો અને તેનો આત્મા કકળી ઊઠ્યો. મારા દેશબાંધવો માટે હું શું કરું છું તે એક જ નાદ તેના અંતરને ચીરી રહ્યો. તેને એક વિચાર સ્ફુર્યો કે, પશ્ચિમમાં જઈ વેદાંતનો સંદેશ તે પ્રજાને આપું અને તેની પાસેથી લક્ષ્મી લાવી ભારતની પ્રજાની ગરીબાઈ ઓછી કરું. અને તેમને એ તક મળી. શીકાગોમાં વિશ્વ ધર્મ પરિષદ થવાની છે તે સાંભળ્યું અને ત્યાં જવાનો તેમણે નિર્ણય કર્યો. આ સમયે નરેન્દ્ર મટી તેઓ સ્વામી વિવેકાનંદ થયા.

સ્વામી વિવેકાનંદે ૧૮૯૩ માં કરેલી અમેરિકાની યાત્રા એક અદ્ભુત પરાક્રમ હતું. તેમણે સાહસથી ઝંપલાવ્યું. વિશ્વ ધર્મ પરિષદ વિષે કોઈ ચોક્કસ માહિતી તેમને ન હતી. ક્યાં અને ક્યારે ભરાવાની છે તેની ખબર ન હતી. તેમાં કોને સ્થાન છે તે જાણતા ન હતા. તેમની પાસે કોઈ પરિચયપત્રો ન હતા. એક માત્ર ઈશ્વર-માં શ્રદ્ધા રાખી પોતાના આત્મવિશ્વાસથી ૩૦ વર્ષનો આ સંન્યાસી ઉપડ્યો અને ફરતાં ફરતાં અઢી મહિને શિકાગો શહેરમાં આવીને ઊભો રહ્યો. એની સમૃદ્ધિ અને દોડધામ આશ્ચર્યચકિત થઈને તે જોઈ રહ્યો.

માહિતી ખાતામાં ખબર કરી તો જાણ્યું કે પરિષદ ભરાવાને હજી બે મહિનાની વાર છે. વિશેષ જાણ્યું કે, પ્રતિનિધિઓનાં નામ નોંધાવાનો સમય વીતી ગયો છે, અને કોઈ સંસ્થા તરફથી મોકલાયેલ ન હોય તેવી કોઈ વ્યક્તિ પ્રતિનિધિ થઈ શકે નહિ. પણ નિરાશ થાય એ વિવેકાનંદ નહિ. ભગવો ઝભ્ભો, ફેંટો, અને તેમાં તેમનો ભવ્ય દેહ સૌનું ધ્યાન ખેંચતો. બોસ્ટનમાં પ્રો૦ રાઈટ તેમને મળી ગયા. તેમણે સર્વ ધર્મ પરિષદમાં વિવેકાનંદની હાજરી માટે વ્યવસ્થા કરી. બોસ્ટનથી શિકાગોની ટિકિટ કઢાવી આપી. ટ્રેઈન મોડી પહોંચી. અને શિરનામું ગુમાઈ ગયું હતું. ક્યાં જવું તેની ખબર ન હતી. કોઈ માર્ગ બતાવે નહિ. રાત્રે સ્ટેશન પર પડી રહ્યા સવારે ઊઠ્યા શહેરમાં ભમ્યા પણ કોઈ મદદ કરે નહિ. અને થાકેલા રસ્તા પર બેસી ગયા. પણ ઈશ્વરનો સંકેત હતો જ કે આ સંન્યાસીએ વિશ્વ ધર્મ પરિષદમાં જવું. એક ભલી બાઈ મળી. તેણે તેમને ઘરમાં બોલાવ્યા. ત્યાં સ્નાન કર્યું અને છેવટે પરિષદમાં તેઓ હાજર થયા. જુદા જુદા ધર્મના પ્રતિનિધિઓ વચ્ચે સ્થાન લીધું, ભારતમાંથી બ્રહ્મોસમાજના પ્રતાપચંદ મઝુમદાર હતા, થીઓસોફિસ્ટ ચક્રવર્તી હતા, બુદ્ધ ધર્મના ધરમપાલ હતા, જૈન ધર્મના વીરચંદ રાઘવજી ગાંધી હતા અને એ બધાની વચ્ચે, કોઈનો પ્રતિનિધિ નહિ એવો આ યુવાન સંન્યાસી હતો અને શું થયું? રોમાં રોલાંના શબ્દોમાં કહું તો :

"The unknown of yesterday, the beggar, the man despised for his colour by a world, wherein the dregs of more than half a dozen of the peoples of the world meet, at first glance, was to impose his sovereign genius."— —"દુનિયાના અરધા દેશોના લોકોનો ઉતાર જ્યાં ભેગો થાય છે અને જ્યાં કાળા રંગ સામે સૂગ છે એવા આ સ્થળમાં ગઈ કાલ સુધી જેને કોઈ જાણતું નહોતું, એક ભિક્ષુક, ચામડીના રંગના કારણે તિરસ્કૃત એવો આ માનવી પોતાની તેજસ્વી પ્રતિભા વડે પરિષદમાં એકઠા થયેલા લોકોને પ્રથમ દર્શને જ અભિભૂત કરવાનો હતો, આંજી નાખવાનો હતો."

આવી મહાન પરિષદ સમક્ષ પ્રથમવાર તેને બોલવાનું હતું. અંતરમાં ખળભળાટ હતો, એક પછી એક પ્રતિનિધિ ઊઠી, પોતાની ઓળ-ખાણ આપે અને વિદ્વતાભર્યું ભાષણ કરે. આમ લગભગ આખો દિવસ વીતી ગયો. અને અંતે આ સંન્યાસી ઊઠ્યો. તેણે કોઈ તૈયારી કરી ન હતી. કોઈ ભાષણ લખ્યું ન હતું પણ—

Hardly had he pronounced the very simple open-ing words "Sisters & Brothers of America" the hundreds arose in their seats and applanded.

"અમેરિકાના ભાઈઓ અને બહેનો" એટલા જ શબ્દ તેણે ઉચ્ચાર્યા કે તરત જ સેંકડો સભાજનો પોતાની બેઠક ઉપરથી ઊભા થઈ ગયા અને તેને વધાવી લીધો. અને પછી ધોધ વહ્યો એની વાણીનો, એના અંતરાત્માના નાદનો. His speech was a tongue of flame —તેની વાણીમાં આગ ભરી હતી. દરેક પ્રતિનિધિ પાંડિત્યભર્યું ભાષણ કરે. પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે, તે ધર્મ મારફત જ મોક્ષ મળે, પોતાનો ઈશ્વર જ મનુષ્યનો ઉદ્ધાર કરે છે એમ પુરવાર કરવા પ્રયત્ન કરે. આ સંન્યાસીએ બુલંદ અવાજે પોકાર્યું કે ઈશ્વરને પહોંચવાના ઘણા માર્ગો છે અને દરેક માર્ગ ઈશ્વરના દરબારમાં લઈ જાય છે. વિશ્વધર્મ પરિષદમાં સાચા વિશ્વધર્મનો—માનવધર્મનો—સંદેશ આ એક પ્રતિનિધિએ આપ્યો અને પરિષદ સાર્થક કરી. પછી તો તેમણે પરિષદમાં અને પરિષદના વિવિધ વિભાગોમાં ૮-૧૦ બીજાં વ્યાખ્યાનો હિંદુ ધર્મ, વેદાંત, વગેરે વિષયો ઉપર આપી સૌને મંત્રમુગ્ધ કર્યા. જનતા જે ભાષા સમજે તે ભાષામાં ધર્મનો સાચો સંદેશ ભારતના આ પ્રતિનિધિએ અમેરિકાને આપ્યો.

પરિષદની પૂર્ણાહુતિ પછી અમેરિકામાં એ લગભગ બે વર્ષ રહ્યા. રાજયોગ, કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, વેદાંત, હિંદુધર્મ વગેરે વિષયો ઉપર વ્યાખ્યાનો આપ્યાં. વોલ્ટ વ્હીટમેન, ઈમર્સન અને થૉરૉના અમેરિકામાં પૂર્વનો આ સંદેશ ઝીલવા કેટલાક સાચા જિજ્ઞાસુ જીવો હતાં, તેમ કેટલાક કુતૂહલથી આકર્ષાયેલા પણ હતા. રાજયોગથી શરીરસૌન્દર્ય વધે છે તેમ જાણી સૌન્દર્ય ધામોની કેટલીક સુંદરીઓ પણ રાજયોગની અભ્યાસી થવા તૈયાર થઈ. આવા દંભ પ્રત્યે વિવેકાનંદનો રોષ ઊતર્યો. પછી યુરોપમાં ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની વગેરે સ્થળોએ પ્રવાસ કરી ત્યાં મેક્સમુલર, ડોયસન જેવા પૌર્વાત્ય વિદ્વાનોને મળ્યા, તેમજ વેદાંત અને તત્ત્વજ્ઞાન ઉપર વ્યાખ્યાનો આપ્યા. ચાર વર્ષનો પ્રવાસ પૂરો કરી, સ્વામીજી સ્વદેશ પાછા ફર્યા ત્યારે તેમના દેશબાંધવોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. ગુરુભાઈઓ મળ્યા અને ભવિષ્યના કાર્યની વિચારણા કરી. ૧૮૯૭ના મે માસમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. બે વર્ષ પછી ફરીથી લગભગ દોઢ વર્ષ યૂરોપનો પ્રવાસ કર્યો. શારીરિક શક્તિનો જે અસ્ખલિત વ્યયય કર્યો હતો તેથી શરીર ભાંગ્યું અને ફરીથી તેમનામાં શાંતિની

ઝંખના જાગી વિવેકાનંદ પોકારી ઊઠયા—"Pray for me that my work stops for ever, and my whole soul be absorbed in the Mother." મારા માટે પ્રાર્થના કરો કે મારું કામ હંમેશને માટે સમાપ્ત થાય, અને મારો આત્મા માતામાં સમાઈ જાય." દેશ પાછા ફર્યા પછી પણ સતત કામમાં રોકાયા અને મિશનનું કામ અને ગુરુભાઈઓને માર્ગદર્શન આપતા રહ્યા. ૪ થી જુલાઈ, ૧૯૦૨ ને દિવસે, પ્રફુલ્લ ચિત્તે ઊઠયા, ત્રણ કલાક ધ્યાન ધર્યું. દિવસનું કાર્ય કર્યું. સાંજે સાત વાગે, આરતી સમયે, ફરીથી સમાધિમાં બેઠા, અને એક કલાકને અંતે, દીર્ઘશ્વાસ લઈ, ૩૯ વર્ષની વયે, પોતાનું જીવનકાર્ય પૂરું કરી, ચિર શાંતિમાં પોઢયા.

સ્વામી વિવેકાનંદે ભારત વર્ષને અને જગતને સંદેશ આપ્યો તે શું હતો? ટૂંકમાં એમના પોતાના શબ્દોમાંજ એ રજુ કરીશ. તેમણે કહ્યું છે "મારો આદર્શ હું થોડાં જ શબ્દોમાં રજુ કરી શકું છું. માનવ માત્રને એના દિવ્ય સ્વરૂપનું ભાન કરાવવું અને જીવનની પ્રત્યેક ક્રિયામાં એ સ્વરૂપને મૂર્ત કરાવતા રહેવું. મુક્તિની મને કોઈ ઝંખના નથી. શાંત ઝરણાની જેમ લોકહિતાર્થે કામ કરતાં કરતાં અગર હજાર વાર જન્મ લેવો પડે તો ભલે લેવો પડે. એ જ છે મારો ધર્મ. મરીશ ત્યાં લગી હું અવિરત કામ કરતો રહીશ. અને મૃત્યુ પછી પણ જગહિતાર્થે પ્રવૃત્ત રહીશ." માનવીનું અંતિમ ધ્યેય, સર્વ ધર્મોનો છેડો તો એક જ છે—પરમાત્મા સાથેનું તાદાત્મ્ય, દિવ્ય તત્ત્વ કે જે દરેક માનવીની અસલ પ્રકૃતિ છે તેની સાથેનો સુભગ સમાગમ. જનસમાજમાંથી એક વાર ધર્મ ખસેડી લઈએ તો પછી રહેશે શું? રાની પશુઓથી ભરેલું જંગલ જ રહેશે. ઈન્દ્રિય સુખ એ જનસામાજનું ધ્યેય નથી. જીવનનું ધ્યેય છે જ્ઞાન. પણ આ ધ્યેય સિદ્ધ કેમ થાય? નિવૃત્તિમય જીવનથી? સ્વામી વિવેકાનંદે કહ્યું, "ઈશ્વરની ઉપાસના, જનકલ્યાણના કાર્યોથી થઈ શકે છે. ઈશ્વરની ખોજમાં તમારે ક્યાં જવું છે? જે દીન છે, દરિદ્ર છે, જે અપંગ છે તે સહુ ભગવાન નથી શું? મારો ઈશ્વર એ છે જે દુષ્ટોમાં છે, જે કંગાળોમાં છે, જે સર્વ જાતિઓના અને પ્રાણીમાત્રના દરિદ્રોમાં રહેલો છે—એ જ મારો આરાધ્ય દેવ છે." સ્વામી વિવેકાનંદ મહાન કર્મયોગી હતા. તેમણે સંન્યાસધર્મને નવું સ્વરૂપ આપ્યું અને સંન્યાસ મારફત જનકલ્યાણનો માર્ગ બતાવ્યો. અપરિગ્રહ અને બ્રહ્મચર્યનાં વ્રતોને સ્વીકારી જ્ઞાન અને માનવસેવામાં અવિરત જીવન સમર્પણ કરતા શિક્ષિત સંન્યાસીનો નવો વર્ગ તેમણે ભારતને આપ્યો.

તેમનો બીજો સંદેશ છે સર્વ ધર્મ સમભાવનો. આ જગતમાં ધર્મને નામે ઘણા કલહો થયા છે. પોતાનો ધર્મ જ સાચો અને એ જ મુક્તિનો માર્ગ છે એવો હઠાગ્રહ અને ઝનૂન ધર્મને લજવે છે. તે ધર્મ નહિ પણ પંથ છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસે પોતાના દેહમાં સર્વ ધર્મોનો સાક્ષાત્કાર કર્યો અને તેમનો વારસો વિવેકાનંદે જાળવી રાખ્યો.

સ્વામીજી પરમ દેશભક્ત હતા અને ભારતના ઉદ્ધાર માટે તેમણે ભગીરથ પુરુષાર્થ સેવ્યો છે. વિદેશથી પાછા ફર્યા ત્યારે તેમણે કહ્યું "ભારત છોડીને હું પરદેશ ગયો ત્યારે આ ભૂમિ માટે મને પ્રેમ હતો, અને હવે જ્યારે અર્ધા જગતના પ્રવાસેથી પાછો ફર્યો છું ત્યારે ભારતની ધૂળ પણ મારે મન પવિત્ર છે." આમ છતાં પણ રાજકારણથી સ્વામીજી હંમેશા દૂર રહ્યા હતા.

દરેક પ્રકારની નિર્બળતા - શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક—તેના સ્વામીજી કટ્ટર વિરોધી હતા. તેમણે કહ્યું છે, "નાસ્તિક તે છે કે જેને પોતાનામાં વિશ્વાસ નથી. ઈશ્વરને ન માને તે નાસ્તિક તે વાત હવે જૂની થઈ. નવો ધર્મ શીખવે છે કે પોતાની જાતમાં જેને વિશ્વાસ નથી તે જ નાસ્તિક છે." એમનો સંદેશ એક જ વાક્યમાં કહેવો હોય તો:

"ઉત્તિષ્ઠિત, જાગ્રત, પ્રાપ્યવરાન્ નિબોધત:"

ચીમનલાલ ચકુભાઈ શાહ

આપણા જીવનમાં હિમાલયનું સ્થાન
સ્વામી પ્રણવતીર્થનો પરિચય

આ વિષય ઉપર તા. ૧૮—૧—'૬૩, શુક્રવારના રોજ સ્વામી પ્રણવતીર્થનું શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. સ્વામીજીનો પરિચય આપતાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિઆએ જણાવ્યું કે, "આજથી સવા વર્ષ પહેલાં સ્વામીજીનું લખેલું 'ઉત્તરાપથ' નામનું એક પુસ્તક મારા વાંચવામાં આવ્યું. આ પુસ્તકમાં બદ્રીનાથ, કેદારનાથ તેમજ ગંગોતરી તથા જમ્નોતરી એ હિમાલયનાં ચાર પ્રસિદ્ધ તીર્થોની સ્વામીજીએ કરેલી યાત્રાનું વર્ણન હતું. હિમાલય વિષે મારા મનમાં હંમેશાં એક પ્રકારનું કુતુહલ રહ્યું છે, તેથી જ્યારે પણ તે પ્રદેશનાં વર્ણનો વાંચવાનું બને છે ત્યારે ચિત્ત ઊંડો આનંદ અને પ્રસન્નતા અનુભવે છે. ઉપરનું પુસ્તક વાંચતાં લેખકનો પરિચય સાધવાનું મને મન થયું અને એ પરિચય પહેલાં પત્રવ્યવહાર દ્વારા સધાયો અને પછી તો ગયા જાન્યુ-આરી માસમાં તેઓ અહિં આવ્યા ત્યારે તેમના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું બન્યું. તેમની સાથે વાત કરતાં માલુમ પડયું કે, તેમનાથી હું સાવ અપરિચિત નહોતો. આગળના વર્ષો દરમિયાન તેમને બે-ત્રણ વાર મળવાનું બન્યું હતું. તેમની આજે ૬૬ વર્ષની ઉમ્મર છે. તેમનું કૉલેજશિક્ષણ વડોદરામાં પ્રાપ્ત થયેલું. ૨૯ વર્ષની ઉમ્મરે તેઓ બર્મા-રંગુન—ગયેલા ત્યાં તેઓ એક યા બીજા સામયિકના સંપાદન સાથે જોડાયેલા હતા. તેઓ તે વખતે 'રમેશ રંગનાથ ધારેખાન' ના નામથી ઓળખાતા હતા. રંગુન મેઈલ ત્યાંનું બહુ જાણીતું છાપું હતું. તેનું સંપાદનકાર્ય સ્વીકારીને પણ તેમણે કેટલોક સમય કામ કર્યું હતું. આ ઉપરાંત તેમના તરફથી જુદા જુદા વિષય ઉપર લખાયેલાં પુસ્તકો પણ પ્રગટ થઈ રહ્યાં હતાં. આમ સામયિક તેમ જ સાહિત્ય પ્રવૃત્તિ પાછળ તેમણે રંગુનમાં ૧૫ વર્ષ ગાળેલાં. ત્યાર બાદ તેઓ ભારત ખાતે પાછા ફર્યા અને વડોદરા સરકારના સમાચાર-ખાતાના અધિકારી તરીકે તેમણે કામ કર્યું, ૧૯૪૮ માં તેમણે સંન્યાસ ધારણ કર્યો. અને ત્યારથી તેઓ 'સ્વામી પ્રણવતીર્થ' ના નામથી ઓળખાવા લાગ્યા. હાલ કેટલાએક સમયથી તેઓ માઉંટ આબુ ખાતે રહે છે. તેમની લેખનપ્રવૃત્તિ ચાલુ જ છે. વર્ષમાં મુંબઈ બે વાર આવે છે અને પોષ મહિનો તથા શ્રાવણ મહિનો મુંબઈમાં ગાળે છે. બ્રહ્મદેશ, ભ્રમણ, વૃત્ત, વિવેચન, ઉત્તરાપથ, દક્ષિણ કૈલાસ (લંકા) દર્શન, કહેવત કથાનકો, વેદાંત સંજ્ઞાર્થ સંગ્રહ કોશ, સાધના, ઝાંખી, Immortality, Says Yagnavalkya અને આ ઉપરાંત કેટલીક નવલકથાઓ અને વાર્તાસંગ્રહો—તેમના તરફથી પ્રગટ કરવામાં આવેલ છે. આમ અનેક ક્ષેત્રને સ્પર્શતી તેમની વર્ષોથી અખંડપણે ચાલી રહેલી સાહિત્યપ્રવૃત્તિ છે. તાજેતરમાં તેમનું લખેલું 'કૈલાસ' નામનું પુસ્તક છપાઈ રહ્યું છે. આ રીતે તેઓ એક મોટા સાહિત્યકાર તો છે જ, પણ એ ઉપરાંત ધર્મશાસ્ત્રોના તેઓ ઊંડા અભ્યાસી છે અને પુરાતત્વ સંશોધનમાં પણ તેઓ ઊંડો રસ ધરાવે છે. આવી એક વિશેષ વ્યકિતને સંઘ તરફથી આવકારતાં મને ખૂબ આનંદ થાય છે. તેઓ અહીં પંદર વીસ દિવસથી આવ્યા છે. આ તકનો લાભ લઈને સંઘના સભ્યોને તેમનો લાભ મળે એ હેતુથી તેમનું વ્યાખ્યાન રાખવા મેં તેમને વિનંતિ કરી. એ વિનંતિના સ્વીકારના પરિણામે તેઓ આજે અહીં આપણી વચ્ચે ઉપસ્થિત થયા છે, આ માટે તેમનો આભાર માનીએ, તેમને આજના વિષય ઉપર વ્યાખ્યાન આપવા હું વિનંતિ કરું છું."

ત્યાર બાદ સ્વામીજીએ 'આપણા જીવનમાં હિમાલયનું સ્થાન' એ વિષય ઉપર લગભગ સવા કલાક સુધી ધારાવાહી પ્રવચન કર્યું અને અનેક માહિતીઓથી ભરેલા અને હિમાલયના ગૌરવ વિષે શ્રોતાઓને સભાન બનાવતા વ્યાખ્યાન વડે શ્રોતા ભાઈ—બહેનોને અત્યંત પ્રભાવિત કર્યા. આ પ્રવચનને સંક્ષેપમાં સમાવિષ્ટ કરતી નોંધ સ્વામીજીએ લખી મોકલવાનું કબૂલ કર્યું છે. તેથી તેની વિગતો અહીં આપવામાં આવતી નથી.

છેવટે સંઘના અન્ય મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે સ્વામીજીનો આભાર માન્યો અને સભા વિસર્જન કરવામાં આવી.

મુક્ત જીવનના માર્ગે

('પ્રબુદ્ધ જીવન'ના વાચકોને યાદ હશે કે, શ્રીમતી વિમલા ઠકારના ત્રણ લેખો પ્રબુદ્ધ જીવનના તા. ૧-૫-૬૨ થી તા. ૧-૯-૬૨ સુધીના અંકોમાં ક્રમસર પ્રગટ કરવામાં આવ્યા હતા અને એ વર્ષોજુનાં ભૂદાન કાર્યકરના જીવનમાં કેમ પલટો આવ્યો હતો, જેના પરિણામે તેઓ ભૂદાન પ્રવૃત્તિથી છુટાં થયાં હતાં અને તેમણે મુકત જીવનના માર્ગે પદાર્પણ કર્યું હતું—આ તેમના જીવનની એક મહત્ત્વની ઘટનાનો અને તે પાછળ શ્રી જે. કૃષ્ણમૂર્તિની વિશિષ્ટ વિચારણાથી પ્રભાવિત એવી તેમની વિચારક્રાન્તિનો તે લેખો દ્વારા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને ખ્યાલ આપવામાં આવ્યો હતો. તે વાંચીને, પછી તેમનું શું થયું, તેમણે શું કર્યું વગેરે બાબતો અંગે પ્રબુદ્ધ જીવનના વાચકો જરૂર જિજ્ઞાસા - કૂતુહલ - અનુભવતા હશે. આ જિજ્ઞાસા અમુક અંશે તૃપ્ત થાય એ હેતુથી તેમના તરફથી હીલવર્સમ, હોલાન્ડથી અંગ્રેજીમાં લખેલો તા. ૧-૧-૬૩ નો એક પત્ર આવ્યો છે. તેમાંના ઉપયોગી ભાગનો નીચે અનુવાદ આપવામાં આવે છે. અહિં જણાવતાં આનંદ થાય છે કે,એ લેખો પ્રગટ થયા ત્યારબાદ જૂન માસમાં તેઓ યુરોપ ગયાં હતાં અને ત્યાંથી ગત જાન્યુઆરી માસની ૨૭ મી તારીખે તેઓ સુખરૂપ મુંબઈ ખાતે પાછા ફર્યા છે અને હવેથી તેઓ કાશી છોડીને માઉન્ટ આબુમાં સ્થાયીપણે રહેવા ધારે છે. તેમની સાથે સંપર્ક સાધવામાં જેમને રસ હોય તેઓ 'શિવ કોઠી, માઉન્ટ આબુ રાજસ્થાન', એ સરનામે તેમની સાથે પત્રવ્યવહાર કરી શકે છે. પરમાનંદ)

જીવન કેવું વહી રહ્યું છે?

જીવન કોઈ વિચિત્ર માર્ગે વહી રહ્યું છે. ૧૯૬૨ ની સાલ પુરી થઈ છે. ૧૯૬૨ ના જાન્યુઆરીમાં હું કાશીમાં હતી. ફેબ્રુઆરીમાં મારા માતાપિતા તથા પુરાણા મિત્રોને મળવા માટે હું મધ્યપ્રદેશમાં ગઈ હતી. માર્ચમાં ગોવા ખાતે હું પ્રવાસ કરી રહી હતી. એપ્રિલ માસમાં હું વિનોબાજી સાથે આસામમાં હતી. મે માસ દરમિયાન આસામમાં જ રહીને એ બાજુના સીમાપ્રદેશોમાં હું ફરી રહી હતી. જુનમાં હું કાશી પાછી આવી અને ત્યાંથી મુંબઈ આવી. જુન માસની ૨૪ મી તારીખે ત્રણ માસ ગાળવાના ઈરાદાથી હું યુરોપ તરફ વિદાય થઈ.

જુલાઈની ૯ મી તારીખે હું ઝુરીચ પહોંચી. એ વખતે ઈન્ફ્લુએન્ઝાના આક્રમણથી હું પરેશાન થઈ રહી હતી. એ કારણે લગભગ અઠવાડિયું મારે બીછાનામાં સુઈ રહેવું પડયું. આ સાત દિવસ દરમિયાન કાંઈક ન સમજાય - ન કલ્પનામાં આવે—એવું બનવા લાગ્યું. મેં કાવ્યો લખવાની શરૂઆત કરી. ખરૂં કહું તો આ પ્રવૃત્તિ મેં સભાનપૂર્વક શરૂ નહોતી કરી. કાવ્યપંક્તિઓ અદમ્ય એવા આવેગથી મારી અંદર સ્ફુરાયમાન થવા લાગી હતી. ૧૬ મી જુલાઈએ મેં 'Fountain of Life' એ શિર્ષક કાવ્ય લખ્યું. પછી લગભગ હંમેશાં એક એક કાવ્યનું નિર્માણ થતું રહ્યું. ૨૫ મી જુલાઈએ, જ્યારે હું સાનન પહોંચી ત્યારે સાત કાવ્યો લખાઈ ચૂક્યાં હતાં.

હોલાંડ અને સ્વીટ્ઝરલેન્ડથી આવેલા કેટલાક મિત્રો સાથે સાનન ખાતે હું એક ઝુંપડીમાં રહેતી હતી. મને કાવ્યો લખતી જોઈને તેમણે મારાં કાવ્યો વાંચી સંભળાવવા મને વિનંતિ કરી. તેમને મારા કાવ્યો ખૂબ ગમ્યાં, જેથી મને પણ આનંદ થયો. સાનનમાં એક મહિનો રહી તે દરમિયાન ઘણાં વધારે કાવ્યો લખાયાં. હોલાંડ અને સ્વીટ્ઝરલેન્ડથી આવેલા મારા મિત્રોએ એક પુસ્તિકાના આકારમાં મારાં કેટલાક કાવ્યો પ્રગટ કરવાનો નિર્ણય કર્યો.

ઈંગ્લાંડ, નૉર્વે, જર્મની અને હોલાન્ડના મિત્રોએ મારા માટે વ્યાખ્યાનસભાઓ ગોઠવવાનો વિચાર કર્યો, અને મને ભાવભર્યાં નિમંત્રણો મોકલ્યાં. આથી મને ભારે આશ્ચર્ય થયું. આ રીતે યુરોપ ખાતેનો મારો નિવાસ લંબાયો.

મેં ઈંગ્લાંડમાં છ અઠવાડિયાં, નોર્વેમાં બે અઠવાડિયાં, જર્મનીમાં દશ દિવસ અને હોલાંડમાં ત્રણ અઠવાડિયાં ગાળ્યાં. આમ બધું થઈને મેં ૨૫ સભાઓમાં ભાષણો કર્યાં. આ વાર્તાલાપોને સારો આવકાર મળ્યો. ચર્ચાઓ પણ સારા પ્રમાણમાં રસમય બની. આ પ્રવૃત્તિનો પૂરો ખ્યાલ આપવા માટે મને સાંભળવા આવતા શ્રોતાવર્ગને હું ત્રણ વિભાગમાં વહેંચવા છ્ચ્છું :—

(૧) આ સભાઓમાં ભાગ લેતું એક મંડળ કેટલાક યુવાનોનું હતું. મને તેઓ ખૂબ ધ્યાનથી સાંભળતા હતા. તેઓ અનેક શંકાઓ સાથે આવ્યા હતા. હું જે કાંઈ કહું તેને પડકારવાના મનોભાવપૂર્વક તેઓ આવ્યા હતા. સભા પૂરી થવાના સમયે કાં તો ત્યાં આવવા બદલ તેઓ સંતોષ અનુભવતા હતા અથવા તો મારી સામે તેઓ ટકી ન શકયા એ બદલ દુ:ખ તથા અકળામણ અનુભવી રહ્યા હતા. હું જીવનને સીધો સ્પર્શ કરતા મારા પોતાના વિચારો રજુ કરી રહી હતી. અહિં શાસ્ત્રીય દલીલો અને વિચારસરણીઓ અપ્રસ્તુત બની જતી હતી. કેટલાક મને વ્યકિતગત રીતે મળવા આવ્યા હતા અને મારી સાથે તેમણે અંગત રીતે ચર્ચા કરી હતી. આ મુલાકાતથી મને ખૂબ લાભ થયો હતો.

(૨) બીજું મંડળ કહેવાતા ધાર્મિક અને અધ્યાત્મલક્ષી લોકોનું હતું. પૂર્વથી આવેલા કોઈ નવા પયગંબરને કે કોઈ નવા તારણહારને મળવાની આશાથી તેઓ આવ્યા હતા. તેઓ મારા વિષે નિરાશ થયા હતા, જે તદ્દન સ્વાભાવિક હતું. તેમણે મારી સામે સર્વ પૂરાણા પયગંબરો અને તેમના નામ સાથે જોડાયેલા ધર્મશાસ્ત્રો રજુ કર્યા હતા. તેમના સવાલોએ અને તેમની સાથે થયેલી ચર્ચાઓએ મારા દિલને ગમગીન બનાવી દીધું હતું.

(૩) ત્રીજું મંડળ કૃષ્ણમૂર્તિના પ્રશંસકોનું હતું. તેઓ તેમને ૧૯૨૦ ની સાલથી જાણતા હતા. તેઓ પણ મને પડકારવાના આશયથી આવ્યા હતા. બીજું કોઈ સત્યને શી રીતે પ્રાપ્ત કરી શકે? આના અધિકારી તો માત્ર કૃષ્ણમૂર્તિ જ હોઈ શકે. તેમનું કહેવું હતું કે, "અમે તમારા વિષે કશું સાંભળ્યું નથી. અમે તમને કદિ જોયા નથી. તમે કૃષ્ણમૂર્તિના અનુયાયી છો? તમે તેમની મશાલ ઉપાડીને આવ્યા છો? અથવા તો તેમણે નીમેલા તમે તેમના વારસદાર છો?" પૂરી નમ્રતાપૂર્વક મારે આવા લોકોને જણાવવું પડતું કે, આવા કોઈ અધિકારનો મારો દાવો નથી. જીવતા કે ન જીવતા એવા કોઈ પણ પયગંબર કે ગુરૂનો ઉપદેશ સમજાવવાનો કે પ્રચારવાનો મારો કોઈ હેતુ નથી. પણ હું તો માત્ર, જીવન તત્ત્વને જે રીતે હું સમજું છું તે રીતે તમને સમજાવવાના આશયથી તમારી સમક્ષ ઉપસ્થિત થઈ છું.

કેટલાકે મને ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી; કેટલાકે મનમાં ને મનમાં મારી હાંસી કરી; કેટલાકે ભાર દઈને જણાવ્યું કે, હું કૃષ્ણમૂર્તિની જ અનુયાયી અને સંદેશવાહક છું.

વાર્તાલાપો અને મુલાકાતો ઉપરાંત અહિં તહિં ચાલી રહેલા મારા પરિભ્રમણના દિવસો દરમિયાન કેટલાંક કાવ્યો રચાયાં હતાં. કેટલાક મિત્રોની મદદથી એક નાનો સરખો કાવ્યસંગ્રહ પ્રગટ કરવાનો મેં નિર્ણય કર્યો અને એ રીતે 'The Eloquent Ecstasy' પ્રકાશિત થયું છે. હું ગદ્યમાં એક પુસ્તક લખી રહી છું. મારા પ્રવાસ દરમિયાન માત્ર થોડાંક પ્રકરણો હું લખી શકી છું. ભારત પાછી ફરું ત્યાર બાદ તે પુરૂ કરવાનું રહેશે.

મેં હવે કાશીથી માઉન્ટ આબુમાં સ્થિર થવાનો નિર્ણય કર્યો છે અને ત્યાં શાંન્તિમય જીવન ગુજારવાની હું આશા રાખું છું. આ માટે અહિંથી થોડા સમયમાં ભારત આવી પહોંચવા ધારૂં છું.

વિમલા ઠકાર

ભારતની આંતરબાહ્ય પરિસ્થિતિનું આકલન

(બહેન વિમલા ઠકારે એ જ પત્રમાં આગળ ચાલતાં ભારતની આંતરબાહ્ય રાજકારણી પરિસ્થિતિનું નીચે મુજબ આકલન કર્યું છે.)

૧૯૬૨ ના જૂનમાં મેં ભારત છોડ્યું ત્યારની અને આજની ભારતીય પરિસ્થિતિમાં ઘણો ફરક પડ્યો છે. આ છ મહિનામાં ઘણાં મહત્ત્વના ફેરફારો બનવા પામ્યા છે. ચીનના આક્રમણ સાથે શાંતિમય સહઅસ્તિત્વની અને તટસ્થતાની નીતિનો અંત આવ્યો છે. ભારતને લડવાની ફરજ પડી છે અને આખી દુનિયા જાણીને ચકિત થઈ છે કે, ભારત આવા યુદ્ધ માટે બિલકુલ તૈયાર નહોતું. ભારતના સૈન્યને તત્કાળ હાર ખાઈને પાછા ફરવું પડ્યું તે યુદ્ધસામગ્રી, બીજી જરૂરી વસ્તુઓનો પૂરવઠો અને જરૂરી સડકોનો અભાવ—આ કારણોને લીધે બનવા પામ્યું છે. એક શાંતિચાહક દેશ તરીકે ભારતે રાષ્ટ્ર—રાષ્ટ્ર વચ્ચે ઊભા થતા સંઘર્ષોનો શાંતિમય નિકાલ વડે અંત લાવવાની નીતિ ધારણ કરી હતી,

આવા દેશને પોતાને જ યુદ્ધનો સામનો કરવાનો વખત આવ્યો છે, તેને પોતાના મિત્રો પાસેથી મદદ મેળવવાની ફરજ પડી છે અને તેને લશ્કરી મદદ મળી છે પણ ખરી. આ બધું ચાલુ પરિસ્થિતિની કાયાપલટ જેવું બન્યું છે.

ચીની આક્રમણ દ્વારા એક બીજી ચકિત કરે એવી બાબત આગળ આવી છે. ગાંધીવાદી આંદોલન સમગ્ર પ્રતિકારનો બીજો કોઈ અહિંસક વિકલ્પ રજૂ કરી શક્યો નથી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અહિંસાના તત્ત્વને લાગુ પાડવાની તેમણે ઘણી વાતો કરી હતી, પણ ભારતની પ્રજાને તેઓ અહિંસક પ્રતિકાર માટે તૈયાર કરી શક્યા નથી.

આ રીતે નવેમ્બર અને ડિસેમ્બર એ બે મહિનાઓ દરમિયાન સમગ્ર ભારતનું વાતાવરણ યુદ્ધવાદની અનુમોદના વડે ગાજી ઊઠ્યું હતું, સંકુલિત બની બેઠું હતું. સર્વ સેવા સંઘે પણ વાર્ષિક સંમેલનના નિવેદનમાં લોકોની એકતા (?) નાં વખાણ કર્યાં હતાં, ભારત સરકારને નૈતિક ટેકો આપ્યો હતો.

આ જે કાંઈ બન્યું છે તેના મહત્ત્વનો જો આપણે વધારે ગંભીરતાથી વિચાર કરીશું તો માલુમ પડશે કે, ભારતમાં ચાલી રહેલ શાંતિલક્ષી આંદોલન, ૧૯૧૪ની સાલથી યુરોપમાં જે પ્રકારે શાંતિલક્ષી આંદોલન ચાલી રહ્યું છે તે જ સ્થિતિમાં આવીને ઊભું છે. કાં તો શાંતિલક્ષી કાર્યકરો રાષ્ટ્રીય દેશાભિમાનનો ખ્યાલો અને એવી બીજી સાંકડી બાબતોથી ઉપર ઉઠે અથવા તો તે આંદોલનને હંમેશાને માટે ખતમ કરે.

ભારતની પરદેશ નીતિ અંગે એમ કહી શકાય કે તેને નિષ્ફળતા કરતાં સફળતા વધારે મળી છે. આ બે મહિના દરમિયાન દુનિયાનો વિચારપ્રવાહ કઈ રીતે વહી રહ્યો છે તે જેમણે ધ્યાન ઉપર લીધું નથી તેવા લોકો માટે મને ખેદ થાય છે, ચીન અને રશિયાના પરસ્પર સંબંધો ઉપર બીજા તત્ત્વોની જે કાંઈ અસર પડી હોય તેને બાજુએ રાખીએ, પણ સોવિયેટ રશિયાએ ચીન-ભારત વચ્ચેના યુદ્ધની બાબતમાં એક પ્રકારની તટસ્થતાનું જે વલણ ધારણ કર્યું છે તે મુખ્યત્વે કરીને નહેરુની નીતિ અને વ્યક્તિત્વને આભારી છે. ઈન્ડોનેશિઆ, ઘાણા, ઈજીપ્ત, અને સિલોન જેવા તટસ્થ દેશો 'તટસ્થનો—' 'neutrality' નો સાચો અર્થ ઘટાવવામાં ભારે નિષ્ફળ નીવડ્યા છે. તેમણે ચીન-ભારત સંઘર્ષ સંબંધમાં જે ઠરાવો કર્યા છે તેમાં આ આક્રમણના કાર્યને વખોડી નાંખતો એવો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ઈન્ડોનેશીઆએ, સંભવ છે કે, ચીનના ભયને લીધે આમ કર્યું હોય. પણ નાસર વિષે શું કહેવું? નેકુમા વિષે શું વિચારવું? અને ટીટો પણ ભારતને નૈતિક ટેકો આપવામાં આટલો બધો ઠંડો દેખાય છે એ પણ આશ્ચર્યજનક છે. તટસ્થ રાજનીતિના મુખ્ય પુરસ્કર્તા અને નેતાને ટેકો આપવાની બાબતમાં તટસ્થ રાષ્ટ્રો એક પ્રકારની આનાકાની દાખવી રહ્યાં છે, ખચકાઈ રહ્યા છે! આ એક રીતે તટસ્થતાને લગતી પ્રતિજ્ઞાનો ઈનકાર કરવા બરોબર—દ્રોહ કરવા બરોબર—છે.

ઈંગ્લાંડ અને અમેરિકાની સરકારોએ ભારતને મદદ કરવાની ઈચ્છા અને અનુકૂળતા દાખવી છે, જો કે આ સક્રિય સહાનુભૂતિ ભર્યા વલણ વિશે તે તે દેશોના પ્રજાજનો પૂરા અનુકુળ હોય એમ લાગતું નથી. આ દેશોના મોખરે રહેલા કુશળ રાજકારણી પુરુષોએ તેમ જ પશ્ચિમ જર્મની અને ફ્રાન્સના રાજકારણી સૂત્રધારોએ સામ્યવાદી ચીન સામેના રક્ષણકાર્યમાં ભારતને પૂરા મદદરૂપ થવાનું મહત્ત્વ બરોબર સમજી લીધું છે અને વિના વિલંબે સ્વીકારી લીધું છે.

આમ હોવાથી ચીન-ભારત વચ્ચેનો સંઘર્ષ એ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક અસાધારણ મહત્ત્વની ઘટના બની છે. તેણે ચીન અને રશિયા વચ્ચે ચાલી રહેલા અણબનાવને વધારે ઉગ્ર બનાવ્યું છે. તેને લીધે યૂરોપના અને એશિયાના સામ્યવાદી વચ્ચે દેશો અંતર ખૂબ વધ્યું છે, અને તેણે સુલેહશાંતિની ચાહક ભારતીય પ્રજાને લશ્કરી તાકાત અને પ્રભુતાની પુજા કરતું બનાવ્યું છે.

પશ્ચિમમાં, ક્યુબાની કટોકટી એ પણ એટલા જ અસાધારણ મહત્ત્વની ઘટના બની છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને સોવિયેટ રશિયાએ 'Brinkmanship'નો—યુદ્ધની કટોકટી સુધી દુનિયાને લઈ જવી, પણ યુદ્ધ થવા ન દેવું—આ પ્રકારની જે વ્યુહરચના ચાલે છે તેનો—એક પ્રયોગ કરી બતાવ્યો છે. ઓક્ટોબર માસ દરમિયાન આખી દુનિયા આણ્વિક યુદ્ધના ઝંઝાવાતમાં ફેંકાઈ જવાની અણી ઉપર આવીને ઊભી હતી. એ કટોકટી ટાળી શકાઈ, પણ તે પાછળની સમસ્યા હજુ સંતોષકારક ઉકેલની અપેક્ષા રાખી રહી છે.

ક્યુબાની કટોકટીએ એ પુરવાર કર્યું છે કે, રશિયા આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનો શાંતિમય ઉકેલ લાવવા ઈતેજાર છે અથવા બીજી રીતે કહીએ તો વિશ્વયુદ્ધનું જોખમ ખેડવાને તે બિલકુલ ચાહતું નથી. રશિયાની આવી નીતિએ રશિયા અને યુગોસ્લાવીઆને એકમેકની ઘણા નજીક આણ્યા છે. ટીટોએ રશિઆને આપેલી મુલાકાત અને કુશ્ચેવે ટીટોનું કરેલું આટલા બધા ઉમળકા ભર્યું આતિથ્ય—આ બન્નેએ દુનિયાની સામ્યવાદી હીલચાલને એક નવો આકાર—નવું વલણ—આપ્યું છે. ૧૨ મી ડિસેમ્બરના પોતાના ભાષણમાં કુશ્ચેવે જાહેર કર્યું હતું તે મુજબ સામ્યવાદને revisionism (સમય પ્રમાણે પોતાની રીતભાત અને વલણમાં ફેરફાર કરતા રહેવાની નીતિ) કરતાં sectarian dogmatism—સાંપ્રદાયિક મતાગ્રહના કારણે વધારે જોખમ રહેલું છે. તેણે બહુ સ્પષ્ટતાપૂર્વક કહ્યું હતું કે, યુદ્ધનું અવલંબન લીધા સિવાય સામ્યવાદ પોતાનો હેતુ સિદ્ધ કરી શકે તેમ છે.

ફ્રાન્સ અને જર્મની વચ્ચે ગાઢ બનતી જતી મૈત્રી એ આ ૧૯૬૨ ની સાલની એક મહત્ત્વની ઘટના છે. એ બન્ને દેશો યૂરોપ માટે એક આણ્વિક રક્ષણ દળ ઊભું કરવા માગે છે. તેઓ ગ્રેટ બ્રિટનને પોતાની સાથે લેવા માગતા નથી. તેવી રીતે ગ્રેટ બ્રિટન પણ તેમની સાથે જોડાવા માટે બહુ આતુર નથી. આ રીતે પશ્ચિમની દુનિયામાં ત્રણ આણ્વિક દળો ઊભા થવાનો સંભવ છે: અમેરિકન, બ્રિટિશ અને યુરોપિયન. આ પ્રકારનાં દળો નભાવવા અતિશય ખર્ચાળ હોઈને, પ્રમુખ કેનેડીએ બહામા ખાતે પ્રસારિત કરવામાં આવેલા પોતાના વાર્તાલાપમાં ભાર મૂકીને જણાવ્યું હતું કે, પશ્ચિમના બધા રાષ્ટ્રો વચ્ચે માત્ર એક જ આણ્વિક રક્ષણ દળ હોવું ઘટે છે. પણ પશ્ચિમ યૂરોપના રાષ્ટ્રવાદી માનસને આ વાત સ્વીકાર્ય બને એમ લાગતું નથી. અને દરેક દેશ પોતાનું સ્વતંત્ર રાષ્ટ્રીય આણ્વિક રક્ષણ દળ ઊભું કરવા ઈચ્છતું હોય એમ જણાય છે. મારા અભિપ્રાય મુજબ આ બધા પ્રયત્નો નિષ્ફળ નીવડવા સંભવ છે. આર્થિક દ્રષ્ટિએ આ વ્યવહારૂ નથી અને રાજકારણી દ્રષ્ટિએ સંયુક્ત આણ્વિક દળ ઊભું કરવામાં આવે એ અત્યંત જરૂરી છે. જો તેને એક શાસન નીચે—એક કમાન્ડ નીચે—નિયંત્રિત અને વ્યવસ્થિત કરવામાં નહિ આવે તો રશિયા સામે પશ્ચિમ ટકી શકે એ સંભવિત નથી. પણ બ્રિટનથી માંડીને ફ્રાન્સ અને પશ્ચિમ જર્મની સુધીના બધા દેશો યુનાઈટેડ સ્ટેટસની આગેવાની અને સાર્વભૌમત્વ સામે ભારે અણગમો—તીવ્ર રોષ—ધરાવે છે. તેઓ યુનાઈટેડ સ્ટેઈટ્સ અને રશિયા વચ્ચે buffer nuclear deterrent—બન્નેના આવેગનો અવરોધ કરતું એવું આણ્વિક બળ—ઊભું કરવાને આતુર છે. આ બધાં સાંકડાં અને સ્વલક્ષી વલણો યૂરોપને ક્યાં લઈ જવા માંગે છે તેનું મને આશ્ચર્ય થાય છે.

આફ્રિકાના કેટલાક ભાગોમાં જે જાગૃતિનો જુવાળ આવ્યો છે તે પણ એક બીજી અગત્યની બીના છે. પણ તે વિષે હવે હું અહીં વિસ્તારથી લખવા નથી માગતી. **વિમલા ઠકાર**

અભય, અસંગ, અહિંસા

(તા. ૨૦-૧૨-૬૨ થી તા. ૩૧-૧૨-૬૨ સુધી એમ બાર દિવસના ભરચક સાંસ્કૃતિક કાર્યક્રમથી ભરેલા એવા શ્રી ભારતીય વિદ્યાભવનના રજત મહોત્સવનું તા. ૨૦-૧૨-૬૨ ના રોજ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને ઉદ્‌ઘાટન કરતાં જે મંગળ પ્રવચન કર્યું હતું તેના પ્રારંભમાં તેમણે ડૉ. કનૈયાલાલ મણિકલાલ મુનશીને તેમની અનેકવિધ સેવાઓને ઉલ્લેખપૂર્વક ભાવભરી અંજલી આપી હતી અને ભારતીય વિદ્યાભવન વિષે પણ પ્રશસ્તીપૂર્ણ ઉલ્લેખ કર્યો હતો. ત્યાર બાદ તેમણે અભય, અસંગ, અને અહિંસા એ ત્રણ તત્ત્વોને અનુલક્ષીને જે પ્રેરક વિવિરણ કર્યું હતું તેનો નીચે અનુવાદ આપવામાં આવે છે. **તંત્રી**)

આપણે ભારતીય વિદ્યા વિષે બોલીએ છીએ, વિચારીએ છીએ તો આ ભારતીય વિદ્યા છે શું? ભારતીય વિદ્યા એટલે ભારતીય પ્રજ્ઞા, ભારતીય સંસ્કૃતિ. આપણે ત્યાં વિકસેલા વિજ્ઞાનનો વિચાર કરીએ, પદાર્થ સાયણશાસ્ત્ર, ખનિજશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ઉપનિષદમાં ગણાવેલી બધી વિદ્યાઓ, ક્ષાત્ર વિદ્યા, નક્ષત્ર વિદ્યા-આ બધાનો વિચાર કરીએ, તો તેમાં આપણા દેશનું ખાસ લાક્ષણિક કહી શકીએ અથવા તો આ બધા વિજ્ઞાનવિષયોમાં ખાસ ભારતીય કહી શકીએ એવું કશું જ નથી. પણ આ બધા પાછળ એક એવી બાબત છે કે, જે ભારતીય સંસ્કૃતિને અને ભારતીય પ્રજ્ઞાને અનોખું - અન્યથી અલગ એવું—રૂપ આપે છે. તે સર્વમાંથી જે એક વસ્તુ ફલિત થાય છે તે એ છે કે, અહિની આ બધી વિદ્યાઓ પાછળ - વૈજ્ઞાનિક સંશોધનો પાછળ વસ્તુઓના તત્ત્વને - ગૂઢ રહસ્યને - પ્રગટ કરવાનો હેતુ રહેલો છે.

सर्वशास्त्रप्रयोजनं तत्वदर्शनम् ।

સર્વ શાસ્ત્રોનું પ્રયોજન તત્ત્વનું—અન્તિમ સત્‌નું—Ultimate Reality નું—દર્શન કરાવવું તે છે. ગીતા કહે છે તે મુજબ अध्यात्मविद्या विद्यानां । બધી વિદ્યાઓમાં આધ્યાત્મ વિદ્યા શ્રેષ્ઠ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આપણને પ્રારંભથી એક પ્રકારનો આધ્યાત્મિક સંસ્કાર મળેલો છે—એ સંસ્કાર કે જે Ultimate Reality ને—અન્તિમ સતને—સમસ્ત વિશ્વના મૂળ તરીકે લેખે છે.

અભય

જો આપણે જગતના પદાર્થોને માત્ર ઉપર ઉપરથી નિહાળીએ, એ પદાર્થો કે જે દેખાય છે અને અલોપ થાય છે જ્યારે સર્વભક્ષી કાળ સર્વ કાંઈને આવરી લેતો માલુમ પડે છે, એ પદાર્થો કે જે વિનશ્વર છે, અને જન્મ, જરા, વ્યાધિ અને મરણને આધીન છે - આ પદાર્થોને જો આપણે માત્ર ઉપર ઉપરથી નિહાળીએ તો આપણે નિરાશાવાદી બની જઈએ અને આપણી સામે એ પ્રશ્ન આવીને ઊભો રહે કે પદાર્થ માત્રનો શું આ જ અન્ત છે, આ જ હેતુ છે? આ બધું શું કેવળ ક્ષણિક, ભ્રામક અને અર્થશૂન્ય છે? માનવી જન્મે છે, મોટો થાય છે, માંદો પડે છે, ક્ષીણ થાય છે, મરણ પામે છે. વસ્તુ માત્રનો જન્મવું, ક્ષણ બે ક્ષણ ટકવું અને વિનાશ પામવો—એ જ માત્ર હેતુ છે? વસ્તુની બહારના દેખાવ પાછળ નજર પહોંચાડવાનું જો આપણા માટે શક્ય ન હોય, આ બધો બહારનો દેખાવ જેના ઉપર આધારિત છે એવી કોઈ અન્તિમ વાસ્તવિકતાના - પરમ સતના-સ્વરૂપને સમજવાનું આપણા માટે શક્ય ન હોય, આ સતત પરિવર્તનશીલ દ્રશ્યને પ્રેરતા સજીવ બનાવતા, ચેતના આપતા કોઈ પાયાના તત્ત્વની ઝાંખી કરવાનું આપણા માટે શક્ય ન હોય, આવી કોઈ અનુભૂતિ આપણને થાય તેમ ન જ હોય તો આપણે કેવળ ભયના ભોગ બની જઈએ, આપણું જીવન ભયવ્યાકુળ બની જાય.

જો ભયમુક્તિ, 'અભય' ની પ્રાપ્તિ અપેક્ષિત હોય તો આપણા માટે એ જાણવું અતિ આવશ્યક છે કે, આપણી આંખ સામે દેખાતી સતત પરિવર્તનશીલ જીવનલીલા એ સંપૂર્ણ દર્શન નથી, પણ તે પાછળ કાંઈક એવું સ્થાયી તત્ત્વ છે કે જે આપણે જાણવાનું—સમજવાનું અને ગ્રહણ કરવાનું છે. એ કદાચ પુરું સમજી ન શકાય તો પણ એ સમજવાની આપણા દિલમાં જિજ્ઞાસા હોવી જરૂરી છે. એ બાબતની શોધ તો હોવી જ જોઈએ. એ શોધ સિદ્ધિમાં આખરે પરિણમે કે ન પરિણમે, તો પણ એ શોધની વૃત્તિ જ એક એવી વસ્તુ છે જે માનવીને અન્ય જીવોથી અલગ તારવે છે.

તો પછી, જો આપણે શાન્તિ, સ્વસ્થતા, ભયમુક્તિને ઈચ્છતા હોઈએ તો, આપણા દિલમાં એ ઊગવું જોઈએ કે, આ દુનિયાનું—આ દ્રશ્ય જગતનું—મૂળ અન્ય કોઈ પાયાના તત્ત્વમાં રહેલું છે. અને આપણા દેશના મહાન ઋષિઓ, દ્રષ્ટાઓ એ છે કે જેમણે આ પાયાના સત્યને સ્વીકાર્યું હતું અને જેમણે એ સત્યની ઉપાસના ખાતર ઉગ્રમાં ઉગ્ર તપસ્યા કરી હતી અને જીવનને શૂન્યવત્ બનાવી દીધું હતું અને પોતાની કાયાને ક્ષીણ કરી નાખી હતી અને એ ખાતર જેમણે તરેહ તરેહના ધર્મસ્થાનોમાં, મઠોમાં, મંદિરોમાં વાસ કર્યો હતો અને અનેક પર્વત શિખરોને પદાક્રાન્ત કર્યા હતાં અને એ રીતે પોતાની જાતને-પોતાના જીવનને—પૂર્ણતાની પરાકોટિએ પહોંચાડ્યું હતું. જ્યારે આપણે અપૂર્ણતાના ભોગ બનેલા આમ તેમ ભવભ્રમણ કરી રહ્યા છીએ ત્યારે તેઓ પૂર્ણતા પ્રાપ્ત કરીને પૂર્ણ માનવી બન્યા હતા.

આ ભારતીય વિદ્યાનો જો કે, આ દેશમાં ઉદ્‌ભવ થયો છે, એમ છતાં તેનું દર્શન આપણા દેશ પૂરતું સીમિત રહ્યું નથી, તેને કોઈ એક કે અન્ય પ્રદેશ સાથે મર્યાદિત સંબંધ નથી. અસીમ વિશ્વ - વ્યાપક એવું તેનું દર્શન છે. આપણને મળેલા આ વારસાનું મૂળ અવાસ્તવિક એવા આ જાગતિક પ્રપંચ વિષેના અસંતોષમાં રહેલું છે અને એ અસંતોષ જ Ultimate Reality ને—અન્તિમ સતને—પ્રાપ્ત કરવા માટે આ દેખાતા જગતનાં મૂળમાં જવાને આપણને પ્રેરે છે, આવ્હાહન કરે છે. જેઓ અધ્યાત્મના ઉત્તુંગ શિખરોએ પહોંચવાની યાત્રા શરૂ કરે છે—પછી તેઓ ગમે તે ધર્મના અનુયાયીઓ હોય—તેઓ એકમેકને ઓળખી કાઢે છે, ચઢાણ પાર કરે છે, અને એક જ કુટુંબના હોય એવો તેઓ અનુભવ કરે છે.

અહિ સામે જ એ પુસ્તક પડ્યું છે, જેના પ્રકાશનની આજે જાહેરાત કરવાની છે, તે પુસ્તકનું નામ છે "All Religions Are True" (બધા ધર્મો સાચા છે). તેમાં આ વિષયને લગતા મહાત્મા ગાંધીના લેખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. જ્યારે તેઓ એમ કહે છે કે, બધા ધર્મો સાચા છે, ત્યારે તેઓ એમ કહેવા માગે છે કે જો દરેક ધર્મે પોતપોતાની રીતે નક્કી કરેલી સાધનાના ક્રમને માનવીઓ અમલમાં મૂકે અને સુચવાયલા શિસ્ત મુજબ પોતાનો આચાર વ્યવહાર ઘડે તો તેમાંની સર્વ કોઈ વ્યકિત જીવનના અન્તિમ ધ્યેયને જરૂર સિદ્ધ કરી શકે છે અને પરમ તત્ત્વની અનુભૂતિ કરી શકે છે. જ્યારે આ અનુભૂતિને તર્કબદ્ધ શાબ્દિક આકાર આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે જ મુશ્કેલી ઊભી થાય છે. એટલા માટે આપણા મહાન દ્રષ્ટા ઋષિમુનિઓએ કહ્યું છે કે, 'અન્તિમ રહસ્યને શબ્દોમાં અને વાક્યોમાં વ્યકત કરવાનો પ્રયત્ન ન કરતા'.

एतो वांचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।

એ રહસ્યને સમજવાને તમારા મન સાથે વાણી નિષ્ફળ નીવડે છે. ભગવાન બુદ્ધ કહે છે કે:

अनक्षरस्य धर्मस्य श्रुतिः का देशनाकरा ।

એ પર ધર્મ, એ પરમ સત્ય કે જે અક્ષરો દ્વારા વ્યકત થઈ શકતું નથી. તો પછી ધર્મશાસ્ત્રો અને ઉપદેશોની ઉપયોગીતા શું? સિદ્ધિ તો વ્યકિતના પોતાના પુરુષાર્થનું જ પરિણામ છે. ગુરૂ કે ધર્મશાસ્ત્ર આપણને માર્ગ બતાવે છે, પણ માર્ગ ઉપરનો પ્રવાસ તો વ્યકિતએ પોતે જ ખેડવાનો છે. ભારતીય સંસ્કૃતિની આ દ્રષ્ટિ છે કે જે આપણા

જીવનદર્શનને અત્યન્ત વિશાળ અને સર્વગ્રાહી બનાવે છે તેને કોઈ સિદ્ધાન્તો, માન્યતાઓ કે ક્રિયાકાંડો સાથે વાંધો વિરોધ નથી. ભારતીય સંસ્કૃતિના પાયામાં રહેલું આ વિચારવલણ એવું છે કે, જે તેના અનુયાયીને—અનુસરનારને—સહજમાં વિશ્વવલક્ષી બનાવે છે. આપણા સામર્થ્યનું, આપણી તાકાતનું એક રહસ્ય આ છે. જો આમ છે તો પછી, દુનિયાની યાતનામાં, વિશ્વ જીવનના પરિવર્તનમાં સર્વત્ર વ્યાપી રહેલ ઉપાધિઓમાં અને સંઘર્ષોમાં આપણે ભાગીદાર બનવું ઘટે છે. આ સંસારકાર્યથી અલગ રહેવાનું કે બનવાનું આપણા માટે યોગ્ય નથી. સંસારકાર્યમાં આપણે ભાગ લેવો જ રહ્યો. સંસારયાત્રા એ જ મોક્ષયાત્રા છે. (मोक्षायते संसारः।) સંસારના માર્ગે પ્રવાસ કરતાં કરતાં મોક્ષરૂપી ધ્યેયને પહોંચી શકાય છે. એ દ્વારા જ અનન્ત આનંદની—સુખની—શ્રેયની પ્રાપ્તિ શક્ય બને છે. આ સંસારને—આ જગતને એક માયા કે ભ્રાન્તિ સમાન લેખવી ન ઘટે. જો તેની પાછળ પાયાનું કોઈ તત્ત્વ ન હોત તો તે જરૂર માયારૂપ કે ભ્રાન્તિરૂપ હોત. આ વિચારવલણનો ધીમો ધીમો પણ સતત અનવરત વિકાસ થઈ રહ્યો છે. શંકરાચાર્યે નીચે મુજબ કહ્યું છે:

एकस्यापि कूटस्थस्य चिन्तनतारतम्यात् ज्ञानैश्वर्याणामपि व्यक्तिः परेण परेण भूयसी भवति ।

એક જ પાયાનું તત્ત્વ છે કે જે પુદ્‌ગળતા, સજીવતા, પશુતા, બુદ્ધિમત્તા અને આધ્યાત્મિકતા—એમ ઉત્તરોત્તર ઉર્ધ્વલક્ષી ક્રમમાં પ્રગટ થતું રહે છે. આધ્યાત્મિક શ્રેયપ્રાપ્તિના કિનારે ઊભેલા એવા આપણે બુદ્ધિમાન પ્રાણીઓ છીએ. આપણને પૂર્ણતા પ્રાપ્ત કરવાનો આદેશ છે, કારણ કે, આપણે આ જે કાંઈ છીએ તે અપૂર્ણતાસૂચક છે. આમ હોવાથી આ વિશ્વના કાર્યમાં આપણે ભાગ લેવાનો છે. પણ તે અનાસક્તિપૂર્વક, 'અસંગ' ભાવપૂર્વક, જે કાર્યો આપણે કરી રહ્યા હોઈએ તેમાં ખુપી ગયા સિવાય.

અસંગ

અભય ઉપરાંત આપણે બીજો વિચાર 'અસંગ'નો કરવાનો છે. આપણા ગુરુઓમાં પણ સર્વશ્રેષ્ઠ એવા એ પુરુષો હતા કે જેમણે આસક્તિથી કેમ મુક્ત રહીને જીવન જીવવું, આચરણ કેળવવું એ શિખવ્યું હતું.

विवेकी सर्वदा मुक्तः कुर्वतो नास्ति कर्तृता ।
अलेपवादमाश्रित्य श्रीकृष्णजनकौ यथा ।

જેવી રીતે શ્રી કૃષ્ણે અને રાજા જનકે લેપાયા વિના, અંદર ખુંપી ગયા સિવાય, પરિસ્થિતિપ્રાપ્ત કર્તવ્ય બજાવ્યું હતું, તેવી રીતે આપણામાંના દરેકે—તે સાધક હોય કે સિદ્ધ—અનાસક્તિપૂર્વક પોતાને પ્રાપ્ત કર્તવ્ય કરતા રહેવાનું છે. એ રાજા જનક હતા કે જેમણે એમ કહેલું કે:

"मिथिलायां प्रदीप्तायां न मे दह्यति किञ्चन ।"

'મિથિલા બળી રહી છે એમાં મારું કશું બળતું નથી." બીજા શબ્દોમાં તેમણે એવી આશા વ્યક્ત કરી હતી કે જે ખરેખર તેનું પોતાનું છે તે પુનઃ પ્રાપ્ત થવાનું છે અને આ એ આશા હતી કે જે વડે તેઓ એમ માનવાને પ્રેરાયા હતા કે મિથિલા પોતાની ગુમાવેલી ભવ્યતા જરૂર પુનઃ પ્રાપ્ત કરશે.

અહિંસા

આમાંથી જે ત્રીજો ગુણ વિચારવાનો પ્રાપ્ત થાય છે તે છે અહિંસા. અહિંસા એટલે શું તે સમજવાની જરૂર છે. तत्सन्निधौ वैरत्यागः। વૈરનો ત્યાગ કરવો એનું નામ અહિંસા. તેનો અર્થ એમ નથી કે તમારે કોઈને ઈજા પહોંચાડવી નહિ. એનો અર્થ એમ નથી કે જ્યારે કોઈ અમુક પ્રવૃત્તિ હાથ ધરવાની જરૂર પડે ત્યારે તમારે બીકણ બનીને પ્રવૃત્તિથી પાછા હઠીને હાથ પગ જોડીને બેસી રહેવાનું છે. તે એમ કહે છે કે, જે કાંઈ કરો તે દ્વેષ વિના કરો. મત્સર વિના કરો, વૈરભાવ વિના કરો, તમારા ધોરણથી નીચા ન ઉતરો, પશુ જેવા ન બની બેસો, જરૂર હોય ત્યારે પૂરો પ્રયત્ન કરો, કરવા યોગ્ય સર્વ કરો, સર્વ પ્રત્યે પ્રેમનું—અવૈરનું—વૈરત્યાગનું—વલણ ધારણ કરો, વૈરભાવયુક્ત એવા મન વડે એક પણ કાર્ય ન કરો. માત્ર આટલો જ તેનો આશય અને અર્થ છે.

'અભય,' 'અસંગ,' અને 'અહિંસા'—ભારતીય વિદ્યાના આ ત્રણ મુખ્ય સિદ્ધાન્તો છે. આ સિદ્ધાન્તોનો આધાર ઉપર આપણે સેંકડો વર્ષોથી ટકી રહ્યા છીએ. તે કોઈ લશ્કરી તાકાત નથી, કોઈ ઔદ્યોગિક અથવા તો કૃષિવિષયક ઉત્કર્ષ નથી કે જે વડે, અનેક પ્રતિકૂળ પરિવર્તનમાંથી પસાર થતો હોવા છતાં, સદીઓ સુધી આ દેશ ટકી રહ્યો છે. આ બની શક્યું છે અમુક થોડી વ્યક્તિઓએ આ પાયાના સિન્દ્ધાન્તોનું નિષ્ઠાપૂર્વક અનુપાલન કર્યું તેથી, એ થોડી વ્યક્તિઓ કે જેઓ આપણી સંસ્કૃતિના પુરસ્કર્તા હતા, અગ્રેસર જ્યોતિર્ધરો હતા. ગમે તેવી સમસ્યાઓ હોય કે જે આપણને ક્ષુબ્ધ બનાવી રહી હોય, ગમે તેવા સવાલો હોય કે જે આપણા ચિત્તને રૂંધી રહ્યા હોય, આજની પરિસ્થિતિની ગમે તેવી માંગ હોય, આપણે એ કદિ ન ભૂલીએ કે, આપણા પાયાના તત્ત્વો આપણામાં પ્રકૃતિનું સમધારણ, અનાસક્તિ અને અહિંસાના ગુણો વિકસાવવાની અપેક્ષા રાખે છે.

જો આપણે આ આદર્શો મુજબ જીવી શકીએ તેમ હોય તો આપણને એ બાબતની પૂરી શ્રદ્ધા અને પ્રતીતિ હોવી જોઈએ કે જેમ આપણો દેશ હજારો વર્ષથી આજ સુધી ટકી રહ્યો છે તેમ હવે પછી પણ અનેક સૈકાઓ સુધી આપણો દેશ ટકી રહેવાનો છે. અને તેનું તત્ત્વદર્શન પ્રજા - પ્રજાના માનસ ઉપર અંકિત થયેલા વ્રણને—ઘારાંઓને—રૂઝવી નાંખશે, અને લોકોને એકમેકની સમીપ લાવશે, અને જગવ્યાપી ઐક્યનું નિર્માણ કરશે.

આપણા સર્વ માનવીઓ એકમેકના બંધુઓ છીએ. અહિંસાનો સિદ્ધાન્ત એ એક પાયાનો સિદ્ધાન્ત છે. આમ છતાં પણ આજે ચોતરફ પ્રવર્તતા ભ્રાન્તિજનક ખ્યાલોને લીધે રાષ્ટ્રો એકમેક પ્રત્યે શત્રુતા દાખવી રહ્યા છે, ધર્મો કદિ કદિ એકમેક સાથે ઝગડી રહ્યા છે, અને જો માનવતા એક છે, અખંડ છે, અવિભાજ્ય છે એ પાયાનું સત્ય આપણે સમજવા માગતા હોઈએ અને જીવનમાં તેને અમલી બનાવવા ઈચ્છતા હોઈએ તો, આ બધી ભ્રમણાઓ, ભ્રાન્તિઓ, ગેરસમજુતિઓ નાબૂદ કરવી ઘટે છે, નિર્મૂળ કરવી ઘટે છે. આજનો આ આદર્શ છે, જે આપણને ક્ષિતિજ ઉપરથી સાદ પાડી રહ્યો છે. એમ થવું જ જોઈએ. ઈશ્વરનો એ જ હેતુ છે. દુનિયાની આ જ ઈચ્છા છે, માંગ છે. એ જ પાયો છે કે જેના ઉપર ભારતીય વિદ્યાની ઈમારત ઊભેલી છે.

જો આપણે આ બાબતો બરોબર યાદ રાખતા થઈએ, તો મને કોઈ શક નથી કે, જે ફેરફારો અને ઉપાધિઓ આપણી સામે ડોકીયું કરી રહેલ છે, આપણને ભડકાવી રહેલ છે, તેમાંથી આપણે જરૂર સહીસલામત પાર ઉતરી શકીશું, અને ઈષ્ટ સિદ્ધિને આપણે સત્વર હસ્તગત કરી શકીશું.

અનુવાદક : પરમાનંદ મૂળ અંગ્રેજી: ડૉ. રાધાકૃષ્ણન્

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૬૩, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

વ્યથિતહૃદય જવાહર



આ પણ વ્યથિતહૃદય મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરૂનું આ ચિત્ર છે. આ ચિત્ર, જ્યારે ચીને ભારતની અગ્નિકોણ સરહદ ઉપર મોટા પાયાનો હુમલો કર્યો હતો તે દિવસો દરમિયાન, તા. ૧૨-૧-'૬૨ ના 'ન્યુ લીડર'માં મૂળ પ્રગટ થયું હતું. "મેં આજ સુધી દુનિયામાં જ્યાં ત્યાં યુદ્ધો અટકાવવાનો—ખાળવાનો—પ્રયત્ન કર્યો અને મારા દરવાજે જ આ ધાડ આવી અને એ કોના તરફથી? જેની મૈત્રીને મેં આજ સુધી ઝંખી હતી, અને એ ભાવનાને વશ થઈને જેનાં સરહદી આક્રમણોની આ જ સુધી મેં ઉપેક્ષા કરી હતી—એવી આશાએ કે લગભગ નિર્જન એવા એ પ્રદેશ પૂરતી ગમે ત્યારે બાંધછોડ કરીને ચીન સાથે સમાધાન કરી લઈશું—આવા ચીન દેશે ભારત ઉપર હુમલો કર્યો અને વાટાઘાટ દ્વારા ગમે તેવા સંઘર્ષોનો ઉકેલ લાવવો જોઈએ એવો આગ્રહ દાખવનાર મારી સામે રાષ્ટ્ર રક્ષણાર્થે સશસ્ત્ર પ્રતિકાર સિવાય બીજો વિકલ્પ રહેવા ન દીધો!" આવું મનોમંથન અનુભવી રહેલા નહેરૂનું આ ચિત્રમાં આપણને આબેહુબ દર્શન થાય છે. આ જ ચિત્ર ઉપર નોંધ લખતાં શ્રી મગનભાઈ દેસાઈ તા. ૫-૧-'૬૩ ના 'સત્યાગ્રહ'માં જણાવે છે કે, "ચીની ચઢાઈ અહિંસા અને શાંતિની આપણી પ્રાચીન પ્રકૃતિને (કે સંસ્કૃતિને કહો તો તેમ) પડકાર રૂપ છે; એ પડકારને ઝીલવા માટે વેર અને અસૂયાના ઝનૂન ભરેલા યુદ્ધજવરનો સામાન્ય રસ્તો તો પરાપૂર્વથી જાણીતો છે. આજેય જગત એ રસ્તે જ હજી છે. હિંદની ચિન્તા એ છે કે, હિંદ માટે પણ શું એ જ પંથ છે? એ લેવો પડે તોય—યુદ્ધ લડવું જોઈએ તોય—તે વિગતજ્વર ધર્મયુદ્ધ ન હોવું જોઈએ? ચિત્રમાં ચહેરા ઉપર યુદ્ધજ્વર નથી, પરંતુ શાંત, ઊંડી અનુશોચના આલેખાઈ છે. તે અર્થે તેમના હાથ પૂંઠ પાછળ જોડાયા છે—યુદ્ધ અર્થે ઉગ્ર થઈને ઊંચા અને મારવા આગળ નથી આવ્યા. તથા આંખમાં ક્રોધનો આવેશ નથી; તેમ જ વેરની ભારેલી આગ કે અસૂયાની બળતરા કે ઝેરનું ઘેન નથી; પણ આકાશમાંથી કોઈ ગેબી મંત્રની મદદ મળી જાય તો તે માટે ઊર્ધ્વ દૃષ્ટિ—ઉત્કંઠ અભિલાષા—ચીતરી છે. અને એમ છતાં ચહેરા ઉપર વ્યગ્ર વિમાસણ કે અમૂંઝવણ નથી, પણ ધીર અમર અપેક્ષા છે; અને તે ફળવી જ જોઈએ એવી શાંત આત્મિક સ્થિરતા છે. ચહેરાની કળી કરમાયલી—મ્લાન તથી, જો કે, તેમાં અમુક વિષાદની છાયા જરૂર કહેવાય, હિંદના નસીબે આ પીડા ક્યાંથી આવી?—એવો ઉદ્‌ગાર પણ કંઈક આલેખાયો હોય, પણ તે ખેદની ગ્લાનિ કરતાં અંતરાત્મામાંથી કદીક કદીક પ્રગટતો ભારતીય વિષાદયોગ હોય."

પરમાનંદ

☆ ☆ ☆

કોણે કહ્યું?

કોણે કહ્યું, પૂરો થયો સંગ્રામ છે?
કોણે કહ્યું આવી ઘડી આરામની?
ભાઈ! ના હથિયાર હેઠાં મેલશો,
વાત સંભારો નહિ વિક્રામની.
એક તૂટી શંખલા અન્યાયની,
બીજા ઘણા છાતી ઉપર આ ભાર છે.

ડગમગી ભાસે દીવાલો અસતની
ભેદવા બાકી ઘણા અંધાર છે.
જીંદગીમાં એક જ્યાં ચડિયે શિખર
ત્યાં શિખરમાળા બીજી થાતી છતી,

સાથીઓ! યાત્રા ન થંભો આપણી
ચરણની ઢીલી નહિ થાજો ગતિ.
ધન્ય! આરોહણ લખાયાં જે લલાટે
તિમિરમાંથી પરમ જ્યોતિના પ્રતિ.

નાથાલાલ દવે.

☆ ☆ ☆

☆ ☆ ☆

દિલ્હી–પેકીંગ મૈત્રીયાત્રા

[દૈનિક પત્રો દ્વારા એ સુવિદિત છે કે, તાજેતરમાં World Peace Brigade—વિશ્વશાંતિ સેના—તરફથી એક દિલ્હી—પેકીંગ યાત્રા યોજવામાં આવી છે. આ યાત્રાની આગેવાની જાણીતા સર્વોદય કાર્યકર શ્રી શંકરરાવ દેવ લેવાના છે અને આગામી માર્ચ માસની પહેલી તારીખે દિલ્હીથી આશરે પંદર યાત્રિકોની બનેલી આ યાત્રામંડળીની પગપાળા કૂચ શરૂ થવાની છે. આ પદયાત્રાની શું ભૂમિકા છે તેનો ખ્યાલ આપવા માટે તા. ૭-૨-'૬૨ ગુરુવારના રોજ સાંજના સમયે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના ઉપપ્રમુખ શ્રી. લીલાવતીબહેન દેવીદાસના નિવાસસ્થાને શ્રી શંકરરાવ દેવનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત થયેલા શ્રી શંકરરાવ દેવને આવકાર આપતાં સંઘના મંત્રી તરીકે મેં જણાવ્યું કે, "વિશ્વશાંતિ સેના તરફથી આવી લાંબી મૈત્રીયાત્રા શા માટે ગોઠવવામાં આવી છે, તેનાથી શું લાભ થવાની કલ્પના છે, તે પાછળ કેવી વિચારણા કાર્ય કરી રહી છે, તે વિષે અહિં એકત્ર થયેલાં અમો ભાઈ—બહેનોને ભારે કૌતુક છે અને તેના લાભાલાભ વિષે અમારા દિલમાં તર્કવિતર્ક ચાલી રહ્યા છે. આ કારણે દશેક દિવસ પહેલાં શંકરરાવજીને મુંબઈમાં 'મણિભુવન' ખાતે મળવાનું બન્યું ત્યારે મેં સંઘના ઉપક્રમે તેમનો એક વાર્તાલાપ ગોઠવવા વિનંતિ કરી. તેમની પણ, ખાસ કરીને જૈન મિત્રો સમક્ષ, પ્રસ્તુત યાત્રા અંગેની વિચારણા રજૂ કરવાની ઈચ્છા હતી—એમ સમજીને કે, જૈન ધર્મમાં રહેલી મૈત્રીભાવનાને અનુરૂપ આ યાત્રા હોઈને તે ધર્મના અનુયાયીઓ આ યાત્રાને સવિશેષ આવકારશે. આ રીતે એક પરિમિત આકારનું આ સંમેલન યોજવામાં આવ્યું છે. શંકરરાવજીએ આપણું આમંત્રણ સ્વીકાર્યું તે માટે તેમનો સંઘ તરફથી આભાર માનું છું અને તેમનું વક્તવ્ય રજૂ કરવા વિનંતિ કરું છું." ત્યાર બાદ શ્રી શંકરરાવજીએ, જાણે કે અંગત મિત્રો સાથે loud thinking કરતા હોય—મનમાં સ્ફુરતા જતા વિચારોને વાણીમાં ઉતારતા જતા હોય—એ પ્રકારનું અને એમ છતાં સંકલનાબદ્ધ એવું લગભગ દોઢ કલાક સુધી પ્રવચન કર્યું અને તેમની ભાવનાપ્રચૂર વાણીથી સૌ કોઈ અત્યંત પ્રભાવિત બન્યા. તેમના પ્રવચનના મુદ્દાઓની ટૂંકી નોંધ ઉપરથી નીચેનું લખાણ તૈયાર કર્યું છે. આ લખાણને તેમની પાસે અનુમત કરાવવાનો અવકાશ નથી. તેમની વાણી યથાસ્વરૂપે આ લખાણમાં પ્રતિબિંબિત થઈ શકી છે કે નહિ તે તો તેમને જેણે સાંભળ્યા હતા તે કહી શકે. તે જે હો તે હો, શંકરરાવ દેવના આ મહાન પુરુષાર્થને પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ આ રીતે રજૂ કરતાં હું ઊંડો સંતોષ અનુભવું છું. વિનોબાજીએ આ યાત્રાને 'મૈત્રીની શોધ' તરીકે ઓળખાવી છે અને અભિનન્દી છે. આપણા પણ શંકરરાવદેવને હાર્દિક અભિનંદન અને અંતરની શુભેચ્છા હો! તેઓ જે હેતુથી જઈ રહ્યા છે તે હેતુ પાર પડો, અનેક અગવડો, સંકટો, અને મુશ્કેલીઓની જ્યાં સંભાવના છે એવો લાંબા સમયનો અને અનેક પ્રદેશોને આક્રાન્ત કરતો પ્રવાસ નિર્વિઘ્ને પાર પડો અને પરિણામે, આજે એકમેકથી દૂર જઈ રહેલા આ બે દેશો—બે દેશના પ્રજાજનો—એકમેકની વધારે સમીપ આવો—આવી આપણા ઊંડા દિલની પ્રાર્થના હો! આ યાત્રાની આર્થિક જવાબદારી ભારત સરકાર ઉપર નહિ, પણ જનતા ઉપર આધારિત કરવામાં આવી છે. તો જેના દિલને આ યાત્રાનું તત્ત્વ સ્પર્શે તેને પોતાનો ઉદાર હાથ આને લગતા ફાળા તરફ લંબાવવા વિનંતિ છે. પરમાનંદ]

હું પરમાનંદભાઈને આઠ કે દસ દિવસ પહેલાં મળ્યો ત્યારે આ અમારી મૈત્રીયાત્રા વિષે તેમની સાથે કેટલીક ચર્ચા થઈ હતી. તે દરમિયાન જે વર્તુલ સાથે તેમનો સંબંધ છે તેમની સાથે આ મૈત્રીયાત્રા વિષે વાર્તાલાપ કરવાનો પ્રસંગ ગોઠવાય તો મને આનંદ થશે એમ મેં તેમને જણાવ્યું હતું અને તેમના દિલમાં પણ આવો પ્રસંગ ગોઠવવાની ઈચ્છા હતી જ. પરિણામે આજે આપ ભાઈ બહેનોનાં દર્શનનો લાભ મને પ્રાપ્ત થયો છે અને તે કારણે હું ઊંડી પ્રસન્નતા અનુભવું છું.

પરમાનંદભાઈ સાથે મારી મૈત્રી બહુ જુની છે. વીલે પારલેમાં ૧૯૩૦ ની સાલમાં સવિનય સત્યાગ્રહની લડતના મંડાણ થયાં ત્યારથી અમારી મૈત્રીનો પ્રારંભ થયો છે. ત્યાર પછીની લડતના બંન્ને ગાળા દરમિયાન અમે સાથે જેલવાસી હતા. ત્યારથી વિચાર—આચારની દિશા અમારી મળતી રહી છે અને કોઈ કોઈ બાબતમાં અમારી વચ્ચે મતભેદ થયો હોય તો પણ અમારી મૈત્રી અખંડપણે જળવાઈ રહી છે. વળી, પ્રબુદ્ધજીવન હું વર્ષોથી નિયમિત વાંચતો રહ્યો છું અને એ કારણે પણ અમારી વચ્ચેનું જોડાણ કાયમ રહ્યું છે. તેમની મારફત આપ ભાઈ—બહેનો સાથે વિચાર વિમર્શની મને તક મળી છે. આવા વિચારવિમર્શનું મારે મન ઘણું મોટું મહત્ત્વ છે. જે મૈત્રી—યાત્રાનો વિચાર થઈ રહ્યો છે તેમાં તમારી સહાનુભૂતિ તો હોય જ એમ માની લઉં છું, આમ છતાં પણ તેને લગતી વિચારભૂમિકા શું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આ મૈત્રીયાત્રામાં રસ ધરાવતા ભાઈ-બહેનોને હોય એ અમારા માટે બહુ જરૂરી છે. આ આજના વાર્તાલાપનો વિષય છે.

આજની દુનિયા એ પરિસ્થિતિએ પહોંચી છે કે, દુનિયાના કોઈ પણ વિભાગની નાની સમસ્યા હવે નાની ન રહેતાં જોત-જોતામાં મોટી બની જાય છે અને વિશ્વની સમસ્યામાં પરિણત થઈ જાય છે, વળી, આજે વિજ્ઞાને માનવીના હાથમાં એટલી બધી શક્તિ મૂકી દીધી છે કે, તે ધારે તો એકલો આખી દુનિયાને ખતમ કરી શકે છે. આજની દુનિયાના ટકાવ કે વિનાશનો આધાર જાણે કે, બે વ્યક્તિઓના દિમાગ ઉપર અવલંબિત બન્યો છે: કુશ્ચેવ અને કેનેડી. એ બેમાંથી એકના દિમાગમાં ખોટો વિચાર આવે, એક ખોટું પગલું ભરાય અને આંખના પલકારામાં સૃષ્ટિનો સંહાર થઈ બેસે એવી કોઈ વિચિત્ર કટોકટી વચ્ચે આપણે જીવી રહ્યા છીએ, અને તેથી આ બેમાંથી કોઈના માનસમાં વિકૃતિ પેદા ન થાય એની સૌ કોઈ ચિંતા સેવે છે. થોડા સમય પહેલાં ઊભી થયેલી ક્યુબાની કટોકટીનો વિચાર કરો. કુશ્ચેવ અને કેનેડી એકમેક સાથે ટકરાઈ રહ્યા હતા. એક dictator — સરમુખત્યાર — હતો; બીજો free world —મુક્ત દુનિયા—નો અધિનાયક હતો. કેનેડીએ જો સોવિયટ રશિયાના જહાજો આગળ વધે તો આણ્વયુદ્ધ શરૂ કરી દેવાનો હુકમ આપી દીધો હતો અને એમ છતાં મનથી ઈચ્છતો હતો કે, આવું યુદ્ધ શરૂ કરવાની સ્થિતિમાં કુશ્ચેવ તેને ન મૂકે તો સારું. કુશ્ચેવે આ કટોકટીની ભીષણતા તેના પૂર્ણ સ્વરૂપમાં પીછાણી લીધી અને વખતસર પીછેહઠ કરીને દુનિયાને આણ્વયુદ્ધની અગ્નિ-જ્વાળામાં હોમાઈ જતી બચાવી. આવી પીછેહઠની વખતસર સૂઝ દાખવનાર કુશ્ચેવને—ભલેને તે તાનાશાહીનો પુરસ્કર્તા હોય તો પણ—આપણે ધન્યવાદ આપીશું કે નહિ?

આ રીતે આપણે વિચારીએ છીએ તો આપણને સ્પષ્ટ-પણે ભાસે છે કે, વિવેકપૂર્વકના વિચારનું મહત્ત્વ આજની દુનિયાને જેટલું છે તેટલું મહત્ત્વ આગળ ઉપર કદિ પણ નહોતું. ચિત્તશુદ્ધિની જેટલી જરૂર અધ્યાત્મના ઉપાસકને—સત્યના શોધકને—છે તેટલી જ જરૂર આજના પોલીટીશયનને—રજાકારણી પુરુષને—સ્ટેટ્સમેનને—પણ છે. ચિત્તશુદ્ધિ—મનનું સમધારણ—આજના જમાનાની આજના સમયની ઉત્કટ માંગ છે. આજના ધર્મોને પણ હવે આ ચેલેન્જ છે—પડકાર છે. તે મુઠ્ઠીભર માણસોનો હવે ઈજારો રહ્યો નથી. વિજ્ઞાન અને આત્મજ્ઞાનનો આજે સંગમ થઈ રહ્યો છે, જે અપેક્ષા આત્મજ્ઞાનની છે તે જ અપેક્ષા વિજ્ઞાનની છે, અને તે એ છે કે કોઈ જવાબદાર આદમીના ચિત્તમાં અશુભ ભાવ પેદા ન થાય. કારણ કે તેનાં ભૌતિક પરિણામો આજે ભારે ખતરનાક નિવડવા સંભવ છે. આત્મશાન્તિ—આત્મસંતોષ તેમ જ વિશ્વશાંતિ—વિશ્વસંતોષ ઉભય માટે શુદ્ધ વિચારની—શુદ્ધ આચારની—જરૂર છે. આ ભૂમિકા ઉપર આપણે આજના સવાલનો વિચાર કરવાનો છે. ભારતના ધડતરમાં વિશ્વમૈત્રીની ભાવનાની ઊંડી જડ રહેલી છે. आत्मवत् सर्वभूतेषु, यः पश्यति सः पश्यति। અથવા તો उदारचरितानां तु, वसुधैव कुटुंबकम्। આવાં સૂત્રો આપણી

સંસ્કૃતિમાં વણાયલા છે. मित्ति मे सव्व भूएसु वैहं मज्झ न केणई આ જૈન ધર્મનો સંદેશ કેવળ જૈનોનો નથી, સમગ્ર ભારતનો છે. વૈરથી વૈર શમતું નથી—આ બૌદ્ધધર્મ પ્રતિપાદિત સૂત્રનું અનુપાન આપણને ગળથુથીમાં મળ્યું છે. આથી આગળ વધીને ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને સલાહ આપે છે કે, युद्धस्व विगतज्वरः । આ પંક્તિ એમ સૂચવે છે કે, અમુક સંયોગોમાં યુદ્ધ અનિવાર્ય ધર્મરૂપે પ્રાપ્ત થાય તો પણ રાગદ્વેષરૂપી કશા પણ જ્વર વગર યુદ્ધ કર - આમ અવ્યવહારૂ જેવી દેખાતી છતાં માનવી જીવનના ઊંડા સત્યને રજુ કરતી આ ભાવના એ ભારતીય પ્રજ્ઞાની વિશેષતા છે. આવી વિચારણા અન્ય કોઈ દેશની સંસ્કૃતિ કે સભ્યતામાં જોવા નહિ મળે.

આમ જ્યારે હું બોલી રહ્યો છું ત્યારે તેમાંથી અન્ય દેશો કરતાં ભારત ચડિયાતો આવો કોઈ ભાવ ન તારવે એવી મારી આપને પ્રાર્થના છે. દેશ દેશની એક યા બીજી ખાસિયત હોય છે. ભારતની આ ખાસિયત છે. Any claim of speciality and on that account any claim of superiority is not a quality. It is arrogance. કોઈ પણ વિશેષતાનો અને તે કારણે અન્ય દેશો કરતાં ચડિયાતા હોવાનો દાવો એ કોઈ ગુણ નથી, એ નર્યું અભિમાન છે. જેમ બીજા દેશોની ભિન્ન ભિન્ન ખાસિયત હોય છે, વિશેષતા હોય છે, તેમ આ દેશની આ ખાસિયત છે, વિશેષતા છે એટલું જ જણાવવાનો મારો આશય છે.

હવે આજની દુનિયામાં આપણે જોઈ રહ્યા છીએ કે આજનો મિત્ર આવતી કાલનો શત્રુ બને છે અને આજનો શત્રુ આવતી કાલનો મિત્ર બને છે. આ મિત્ર અને શત્રુભાવ પાછળ જે માનવતાસૂચક મન છે તે હણાવું ન જોઈએ. અને તેથી આજનો શત્રુ આવતી કાલે મિત્ર બનવા માગતો હોય તો તેને મિત્ર તરીકે સ્વીકારવા આપણે તૈયાર ન હોઈએ એમ બનવું ન જોઈએ. આ જાતની ચિત્તની ઉદાત્તતા એ ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે. તેને આપણે જાળવવી જોઈએ, સુરક્ષિત રાખવી જોઈએ. મૈત્રી અને શત્રુતા એ બહારની વસ્તુ છે, પણ માનવતા સર્વને સ્પર્શતી સમાન વસ્તુ છે. એવી જ રીતે ચીન—ભારતનો વિચાર કરીએ તો આપણી અને તેની વચ્ચે ઉપસ્થિત થયેલી અથડામણ વધે, ઘટે કે સમયાન્તરે શમી પણ જાય, આમ છતાં પણ તેની સાથેનું આપણું પાડોશીપણું કોઈ પણ રીતે અને કોઈ પણ કાળે ટાળી શકાય તેમ છે જ નહિ. આ વાસ્તવિકતાની આપણે કદી પણ ઉપેક્ષા કરી ન જ શકીએ. એવી જ રીતે આજે તેની સાથે આપણને સંઘર્ષ હોય તો પણ સમય પાકતાં આપણે તેની સાથે peaceful settlement —શાન્તિભર્યું સમાધાન—કરવું જ રહ્યું. આ આજના જીવનની તેમ જ આજના વિજ્ઞાનની માંગ છે તે આપણા લક્ષ્ય બહાર જવું ન ઘટે.

સત્ય, અહિંસા, કરુણા, પ્રેમ, જેને આપણે ધર્મનાં મૂળતત્ત્વો સમજીએ છીએ તે તત્વોનો સ્વીકાર એ આજના વિજ્ઞાનની પણ એટલી જ ઉત્કટ માંગ છે. આ બરોબર સમજી લઈને તેની આપણે વિશેષ ખોજ કરીએ. આ ખોજ વસ્તુતઃ ભારતની વિશેષતા છે. આ દેશમાં પ્રાચીનકાળથી તેનો પ્રયોગ ચાલી રહ્યો છે. તેની આ દેશમાં અખંડ પરંપરા વહી રહી છે. अहिंसा परमो धर्मः એ સૂત્ર આ દેશનું છે. કરુણા અને પ્રેમને ઉપદેશતા ભગવાન બુદ્ધ અહિં થયા. અહિંસાને સૌથી વધારે આગળ ધરતા ભગવાન મહાવીર પણ અહિં થયા. જૈન ધર્મ જેવો અહિંસા-લક્ષી ધર્મ માત્ર આ દેશની પેદાશ છે. I am extending this spirit of non-violence to the field of politics - આ અહિંસાની ભાવનાને રાજકીય ક્ષેત્ર સુધી હું લંબાવી રહ્યો છું. એમ કહેનાર ગાંધીજી પણ આ દેશમાં પાક્યા. વિનોબાજી પણ ભૂદાન—ગ્રામદાન દ્વારા non-violent economic revolution—અહિંસા દ્વારા આર્થિક ક્રાંતિને જ આગળ ધરી રહ્યા છે. આમ દુનિયા સામે અહિંસા—વિશ્વમૈત્રી ઉપર આધારિત એવી એક પછી એક ચીજો આ દેશમાંથી જ મુકાતી રહી છે. હવે જ્યારે ચીન અને ભારત વચ્ચે સંઘર્ષ ઊભો થયો છે ત્યારે ભારત શું કરે છે, કેમ વર્તે છે એ દુનિયા જોઈ રહી છે. અલબત્ત, ચીની આક્રમણનો સામુદાયિક મુકાબલો કરવાનો બીજો કોઈ ઉપાય ન દેખાય ત્યાં સુધી ભારત સરકાર ભલે તેનો સશસ્ત્ર મુકાબલો કરે અને સશસ્ત્ર મુકાબલામાં પ્રજાના જે મોટા ભાગને શ્રદ્ધા છે તે તેમાં ભલે સાથ આપે. આમ છતાં પણ આપણી અને તેની વચ્ચે સંઘર્ષ ઊભો થયો છે એટલે પરસ્પર મૈત્રીની વાત કરવી ગલત છે એમ જો કોઈ કહે તો એમ કહેનાર ભારતીય સંસ્કૃતિના હાર્દને સમજતો નથી એમ નમ્રતા સાથે મારે કહેવું પડે છે.

પ્રસ્તુત મૈત્રીયાત્રા આજના સંઘર્ષનો ઉકેલ લાવશે એવો કોઈ અમારો દાવો નથી, એ જાણીતું કથન છે કે, Peace and war are built in the minds of men - શાન્તિ અને યુદ્ધ માનવીના મનની પેદાશ છે. આ મનને - સામુદાયિક ચિત્તને શાન્તિ - અભિમુખ કરવું, સ્નેહ—અભિમુખ કરવું, મૈત્રી-અભિમુખ બનાવવું એ અમારી આ મૈત્રીયાત્રાનો આશય છે. આ સંદેશ લઈને એક પછી એક ગામ અને શહેર વટાવતાં આગળ અને આગળ જવું, ગામેગામ અને શહેર શહેરની જનતાને સમજવી અને અમારી આ મૈત્રીની—પ્રેમની સ્નેહની વાત તેમને સમજાવવી આ અમારું લક્ષ્ય છે.

સંભવ છે કે, આ અમારી મૈત્રીયાત્રાને કોઈ ભાઈ યા બહેન ચીન સામેના અહિંસક પ્રતિકારની એક પ્રક્રિયાના રૂપમાં સમજે, તો અહિં મારે સ્પષ્ટ કરવું જોઈએ કે, આ મૈત્રીયાત્રા પાછળ કોઈ પણ પ્રકારના પ્રતિકારનો વિચાર કે ભાવના છે જ નહિ, ભલે પ્રતિકારનું રૂપ અહિંસક હોય તો પણ પ્રતિકાર તે પ્રતિકાર જ છે અને તે સામા પક્ષના દિલમાં એક પ્રકારનું resistance —સંઘર્ષની લાગણી—પેદા કરે છે અને આમાંથી સંઘર્ષ—પ્રતિસંઘર્ષનું વર્તુલ પેદા થયા વિના રહેતું નથી. મૈત્રીયાત્રાને અંગે અમારા દિલનો ભાવ શુદ્ધ સ્નેહનો—શુદ્ધ પ્રેમનો—છે અને તે ભાવની ભારત તેમ જ ચીનની પ્રજાને પ્રતીતિ કરાવવી, તેમના દિલમાં ઓસરતી જતી મૈત્રીની ભાવનાને સવિશેષ જાગૃત કરવી, પ્રેમની ઓલવાતી જતી જ્યોતમાં સ્નેહરૂપી તેલનૂ સીંચન કરીને તે જ્યોતને સંકોરવી, પ્રજ્વલિત કરવી એ છે. અમારા દિલમાં ઉઠેલી આવી તમન્ના એ જ અમારું પ્રેરક બળ છે.

અમે જ્યાં જઈએ ત્યાંના લોકો અમને મિત્રભાવે આવકારે, સ્વીકારે અને સાંભળે તો તેટલા પૂરતી અમારી યાત્રા સાર્થક બને—આવી અમારી માન્યતા છે.

અહિં બીજી પણ એક સ્પષ્ટતા કરું. ચીન—ભારત સંઘર્ષના સંદર્ભમાં અમારું વલણ war-resisters નું—યુદ્ધવિરોધીનું—નથી. એટલે કે, અત્યારે જે યુદ્ધપ્રયત્ન ચાલે છે તેનો કોઈ વિરોધ કરવાનું નથી. આજના સંઘર્ષનો જેમ બને તેમ જલદીથી અન્ત આવે અને બન્ને રાજ્યના શાસકો વચ્ચે સ્થાયી સમાધાન પેદા થાય એ બન્ને પક્ષે ઈચ્છવાયોગ્ય છે. બન્ને પ્રજા વચ્ચે જેટલી કટુતા ઓછી હશે અને મૈત્રીભાવની માત્રા વધારે હશે તેટલી બન્ને વચ્ચેના સમાધાનની શક્યતા વધશે અને તેટલું સુખદ અને સ્થાયી બન્ને વચ્ચે સમાધાન થશે. આવું વાતાવરણ બન્ને પ્રજા વચ્ચે ઊભું કરવું એ અમારી મૈત્રીયાત્રાનું પ્રયોજન છે.

આપને જાણીને આનંદ થશે કે, આપણા મહાઅમાત્યને અમારી આ દિલ્હી - પેકીંગ મૈત્રીયાત્રાનો ખ્યાલ ખૂબ પસંદ

પડયો છે. તેને સમાધાનલક્ષી યુદ્ધનો વિરોધી નહિ પણ પૂરક માન્યો છે અને તેને તેમના હાર્દિક આશીર્વાદ છે. આ યાત્રા કોઈ સરકાર દ્વારા આયોજિત નથી. તેથી સરકારી તોર ઉપર તેમને આ અંગે કશું કરવાપણું નથી. એમ છતાં અમને બનતી સગવડ આપવી અને અગવડો દૂર કરવા જ્યાં જેને લખવું—કહેવું ઘટે તે મુજબ કરવા તેમણે તૈયારી દાખવી છે.

આ મૈત્રીયાત્રાનું સ્વરૂપ આન્તરરાષ્ટ્રીય છે. તેમાં ભારતના પાંચ યાત્રિકો, યુરોપ - અમેરિકાનાં પાંચ યાત્રિકો અને એશિયા-આફ્રિકાના પાંચ યાત્રિકો એમ આશરે ૧૫ સ્થાયી યાત્રિકોનો આ—યાત્રામાં સમાવેશ થવાનો છે. World peace Brigade વિશ્વશાન્તિ સેનાના એક અધ્યક્ષ રેવરન્ડ માઈકલ સ્કૉટ આ યાત્રામાં જોડાવાના છે.

આપમાંથી કોઈ ભાઈ યા બહેનને એવો પ્રશ્ન જરૂર થાય કે ભારત, પૂર્વ પાકિસ્તાન અને બર્મા સુધી તો અમને કશી રૂકાવટ થવાનો સંભવ નથી, પણ ચીન પોતાની સરહદમાં અમને પ્રવેશ કરવા દેશે કે નહિ? અમને શ્રદ્ધા છે કે, અમારી આ મૈત્રીયાત્રાનો આશય કોઈ પણ આક્ષેપ - પ્રતિઆક્ષેપનો કે કોઈ પણ ગુણ-દોષ - વહેંચણીનો નથી, શુદ્ધ અને સાચા દિલની મૈત્રીનો છે. તેથી અમારી યાત્રાને કોઈ પણ દિશાએથી રૂકાવટ કરવામાં નહિ આવે. આ બાબતમાં ચીન સાથે પણ પત્રવ્યવહાર ચાલે જ છે અને ચીન તરફથી અનુકુળ જવાબ આવી જવાની અમને આશા છે. અને એમ છતાં ધારો કે ચીનની સરહદમાં અમને પ્રવેશવા દેવામાં ન આવે. એ સંયોગોમાં અમે શું કરીશું તેનો આજે કોઈ જવાબ વિચાર્યો નથી. એવો સંયોગ ઊભો થયે યોગ્ય નિર્ણય સુઝી રહેશે એવી અમને આશા તેમજ શ્રદ્ધા છે. આમ છતાં, એટલું જણાવવું અસ્થાને નહિ ગણાય કે, એવી કોઈ પ્રવેશબંધી સામે આજે જેને 'સત્યાગ્રહ'ના નામે ઓળખવામાં આવે છે, તેવો ચીની સરકાર સામે કોઈ સત્યાગ્રહ કરવાનું અમે કદિ નહિ વિચારીએ. કારણ કે એવો સત્યાગ્રહ, જે spirit of friendship —મૈત્રીભાવ-નાથી પ્રેરિત બનીને અમે આ યાત્રાનો વિચાર કરી રહ્યા છીએ તે મૈત્રીભાવનાનો વિરોધી છે.

અમારી આ મૈત્રીયાત્રા એક પ્રકારની પદયાત્રાના સ્વરૂપની રહેશે. આઠથી દશ માઈલનો સાધારણ રીતે પડાવ રહેશે. એમ છતાં દરેક યાત્રિકે સતત ચાલતા જ રહેવું એવો આગ્રહ નહિ રહે. સાથે વાહનની સગવડ રહેશે જ. એટલે શારીરિક કમજોરી કે નાદુ-રસ્તીના કારણે વાહનનો ઉપયોગ કરી શકાશે. દિલ્હીથી પેકીંગ એટલે ૩૫૦૦ થી ૪૦૦૦ માઈલનો આ પગપાળા પ્રવાસ હોવાનો. આમાં જોડાનાર બધા યાત્રિકોએ આ પદયાત્રામાં ઠેઠ સુધી જોડાયેલા રહેવું જ પડશે એવો આગ્રહ સેવવામાં નહિ આવે. વચ્ચેથી પણ અમુક અન્તર માટે આ યાત્રામાં સામેલ થવા ઈચ્છ-નાર યાત્રાના અધિનાયકની પરવાનગીથી જોડાઈ શકશે. વર્ષથી સવા વર્ષની મુદત આ યાત્રા અંગે વિચારાયલી છે. યાત્રિકો માટે ખાનપાન વિગેરેનો ભિન્ન ભિન્ન કોટિના યાત્રિકોની ખાસિયતો અને જરૂરિયાતોનો ખ્યાલ કરીને જરૂરી પ્રબંધ અમારે કરવાનો રહેશે. આ મૈત્રીયાત્રા પાછળ આશરે રૂા. ૫૦૦૦૦ નો ખર્ચ થવાનો અંદાજ છે. આ મૈત્રીયાત્રાના આયોજન સાથે ભારત સરકારને કોઈ સીધો સંબંધ નહિ હોવાથી તે આર્થિક મદદ કરી શકે નહિ તેમજ તેવી અપેક્ષા આપણાથી રખાય પણ નહિ. આ રકમ આ મૈત્રીયાત્રામાં જેને રસ હોય એવા સુસ્થિત ભાઈ બહેનો પાસેથી મેળવવાની રહે છે.

અહિ એકત્ર થયેલાં ભાઈ - બહેનો મોટા ભાગે જૈન છે એમ હું સમજું છું. જૈનધર્મનો પાયો વિશ્વમૈત્રી ઉપર—મિત્તિ મે સવ્વ ભુએસુ ઉપર—છે તેથી તે ધર્મના અનુ-યાયીઓને આવા એક પવિત્ર ભાવપ્રેરિત સાહસમાં વિશેષ દિલ-ચસ્પી હોવી ઘટે છે. અમારી મૈત્રીયાત્રાની મુખ્ય મુખ્ય વિગતો આપની સમક્ષ મેં નિર્મળ ભાવે રજુ કરી છે. આપ ભાઈ-બહેનોના સદ્‌ભાવની, સહાનુભૂતિની, શુભ પ્રાર્થનાની અમને અપેક્ષા છે. शुभास्ते पंथानः सन्तु । આવી અમને આશિષ આપો અને એ આશિષના બળ સાથે અમે વિદાય લઈએ, વિદાય થઈએ એ જ પ્રાર્થના!

શંકરરાવ દેવ

રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિની આલોચના

(તા. ૪-૨-૧૯૬૨ સોમવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ઉપર જણાવેલ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું તેની સંક્ષિપ્ત નોંધ નીચે આપવામાં આવે છે. તંત્રી)

આપણી ઉત્તર સરહદ ઉપર યુદ્ધવિરામ

ભારતની ઉત્તર સરહદ ઉપર ચીને ૧૯૬૨ ના સપ્ટેમ્બરની શરૂઆતમાં ખાસ કરીને નેફા વિભાગમાં મોટા પાયા ઉપરનું આક-મણ શરૂ કર્યું હતું. ત્યાર બાદ ગત વર્ષના ડિસેમ્બરની પહેલી તારીખથી ચીને એકાએક એકપક્ષી યુદ્ધવિરામ જાહેર કર્યું છે અને નેફા વિભાગનો થાગલા રીજ અને લૉંગ્જુ સિવાયનો બધો આક્રાન્ત પ્રદેશ ખાલી કર્યો છે અને લડાખમાં પણ અમુક પ્રદેશ પૂરતું પાછું ખસ્યું છે. ભારતે આ યુદ્ધવિરામનો સરકારી તોર ઉપર સ્વીકાર કર્યો નથી. એમ છતાં આ યુદ્ધવિરામમાં ભારતે જરા પણ દખલગીરી કરી નથી. એટલે વાસ્તવિક રીતે બન્ને બાજુએ તત્કાળ યુદ્ધવિરામની સ્થિતિ પ્રવર્તે છે.

આ એકપક્ષી યુદ્ધવિરામનો અર્થ એ છે કે, બેમાંથી કોઈ પણ પક્ષ યુદ્ધની એકાએક અન્ય પક્ષને જણાવ્યા સિવાય શરૂઆત કરી શકે છે. જો ઉભયપક્ષી યુદ્ધવિરામ જાહેર કરવામાં આવેલ હોય તો પછીનું કાર્ય કાયમી સુલેહ માટે વાટાઘાટો શરૂ કરવાનું હોય છે. આપણે હજુ યુદ્ધવિરામનો જાહેર રીતે સ્વીકાર કરેલો નહિ હોઈને એ વાટાઘાટો શરૂ કરવાની કક્ષા હજુ ઊભી થઈ નથી. આ સ્થિતિ ઊભી કરવા માટે આપણી એ માગણી હતી કે, ૧૯૬૨ ના સપ્ટે-મ્બરની આઠમીથી ચીની હુમલાની શરૂઆત થઈ તો તે પહેલાં જે જ્યાં હતું ત્યાં તેણે પાછા હઠી જવું. ચીનની એ દરખાસ્ત છે કે ૧૯૫૯ ના નવેમ્બરની ૧૭ મી તારીખે જે સ્થિતિ હતી એ સ્થિતિ ઉપર આવીને બન્ને પક્ષોએ ઊભા રહેવું. નેફા પૂરતો--આ બન્ને દરખાસ્તોમાં લૉંગ્જુ અને થાગ્લા રીજ એ બે નાના મથકો સિવાય—બીજો કોઈ મહત્ત્વનો ફરક રહેતો નહોતો. આમાં પણ લૉંગ્જુનો કબજો તો ચીને ૧૯૬૨ ના સપ્ટેમ્બરની ૮ મી તારીખ પહેલાં લઈ લીધો હતો. થાગ્લા રીજનો કબજો પછી લીધો હતો. લડાખની બાબતમાં આપણી અને ચીનની દરખાસ્તો વચ્ચે ૨૫૦૦ ચોરસ માઈલનો ફરક રહે છે.

કોલંબોની દરખાસ્તો

ત્યાર બાદ સિલોન આદિ છ તટસ્થ રાજ્યોના પ્રતિ-નિધિઓએ એકઠા મળીને યુદ્ધવિરામ અને પછીની વાટાઘાટો અંગે સંયુકત દરખાસ્તો—Colombo Proposals —ચીન અને ભારત સમક્ષ રજૂ કરી છે. એ દરખાસ્તોમાં રહેલી અસ્પષ્ટતા દૂર કરવા માટે એ છ રાજ્યો તરફથી અમુક ખુલાસાઓ Clarificatians—પણ નિશ્ચિત આકારમાં રજૂ કરવામાં આવ્યા છે. આ ખુલાસાઓ સાથે દરખાસ્તોનો ભારતે સંપૂર્ણપણે સ્વીકાર કર્યો છે. કારણ કે, તેનો જો અમલ કરવામાં આવે તો સપ્ટેમ્બર આઠમીની હરોળ સુધી ચીને ખસી જવાની આપણી માગણીનો લૉંગ્જુ અને થાગલા રીજ સિવાય નેફા વિસ્તાર પૂરતો સ્વીકાર આવી જાય છે અને લડાખમાં પણ ચીન તે મુજબ પાછું ફરે તો

બહુ લાંબા તકાવત સિવાય વાસ્તવમાં આઠમી સપ્ટેમ્બરની હરોળનો સ્વીકાર આવી જાય છે અને ખુલાસાઓ સાથેની કોલંબો દરખાસ્તો મુજબ લડાખનો કેટલોક પ્રદેશ demilitarised Zone - જેમાં કોઈ પણ પક્ષનું લશ્કર ન હોય એવા પ્રદેશ—તરીકે ગણવાનો છે અને આ પ્રદેશમાં બન્ને પક્ષના civil posts —લશ્કરી નહિ એવા પોલીસ થાણાં જેવા—સરખી સંખ્યામાં ગોઠવવાના છે. આમ બધે તેથી લડાખ પૂરતી પણ આઠમી સપ્ટેમ્બરની હરોળના લગભગ સ્વીકાર જેવી સ્થિતિ ઊભી થાય છે. શ્રી નહેરુએ કહ્યું છે કે, ૮ મી સપ્ટેમ્બરની પરિસ્થિતિ કરતાં, કોલંબો દરખાસ્તો તેના ખુલાસા સાથે, વધારે સારી છે કારણ કે, પહેલામાં બંનેના સૈન્યો સંલગ્ન રહે છે, જ્યારે બીજામાં Demilitarised Zone થી ઘર્ષણનો સંભવ ઓછો થાય છે. ૮ મી સપ્ટેમ્બરની પરિસ્થિતિ ઉપર ચીન જવા તૈયાર હોય તો વાટાઘાટો કરવાની આપણે શરૂઆતથી ખાત્રી આપી છે, એટલે કોલંબો દરખાસ્તોનો સ્વીકાર આપણા માટે અનિવાર્ય છે. ચીને કોલંબો દરખાસ્તોનો તો સ્વીકાર કર્યો છે, પણ તેના ખુલાસાઓને સ્વીકારવાને તે હજુ તૈયાર નથી. તે એમ કહે છે કે, કોલંબો દરખાસ્તનો વિશેષ અને વિગતવાર અર્થ નક્કી કરવા માટે આપણે વાટાઘાટના ટેબલ ઉપર એકઠા થઈએ. આજે આ બાબત અહીં આવીને અટકી છે. મને લાગે છે કે, ખુલાસા સાથેની કોલંબો દરખાસ્તોને ચીન પણ કદાચ સ્વીકારશે. નહિ સ્વીકારે તો તેનું દુનિયામાં બૂરું દેખાશે અને તે કેવળ સમાધાનીનો દેખાવ કરે છે, સમાધાની તેને ખપની નથી—આવી છાપ ચીન વિષે દુનિયાના દિલમાં ઊઠશે. જો ખુલાસાઓ સાથેની કોલંબોની દરખાસ્તોનો ચીન સ્વીકાર કરશે અને તે મુજબનો અમલ કરશે તો પછી પરસ્પર વાટાઘાટોની કક્ષા શરૂ થશે.

અલબત્ત, આ રીતે બન્ને દેશ વચ્ચે યુદ્ધવિરામ થાય તો પણ પરિણામ તો એ આવે કે, ચીનનું આક્રમણ પાંચ વર્ષથી શરૂ થયું છે અને તેને આપણે border dispute ગણીને સહન કરતા રહ્યા છીએ અને તે દરમિયાન તેણે લડાખમાં લગભગ ૧૨૦૦૦ ચોરસ માઈલનો પ્રદેશ પોતાને કબજે કર્યો છે તે તેના હાથમાં જ રહે. જ્યાં જ્યાં cease – fire—યુદ્ધ-વિરામ થયેલ છે—દા. ત. કાશ્મીરની સરહદ ઉપર ભારત અને પાકિસ્તાન વચ્ચે, ઈઝરાઈલ અને આરબ દેશો વચ્ચે, ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે, વીએટ નામ અને લાઓસમાં—ત્યાં ત્યાં બધે યુદ્ધવિરામ બાદ જે પ્રકારની સ્થિતિ પ્રવર્તે છે એટલે કે યુદ્ધવિરામ વખતે જે પ્રદેશ જેના હાથમાં હોય તે પ્રદેશ તેના કબજામાં વર્ષો સુધી ચાલુ રહે, સમાધાનની વાટાઘાટો ચાલ્યા કરે અને છતાં તેનો કોઈ છેડો ન આવે, બન્ને પક્ષો વચ્ચે ઠંડા યુદ્ધની પરિસ્થિતિ એકસરખી ટકી રહે—આવી જ પરિસ્થિતિ, આપણે ત્યાં જો બન્ને બાજુએ યુદ્ધવિરામનો સ્વીકાર થાય તો, ચીન—ભારત વચ્ચે ઊભી થવાની. આ કોઈ સુખદ સમાધાન નથી. આથી આપણા દેશને કોઈ લાભ થવા સંભવ નથી. જ્યાં સુધી ચીને આક્રમિત કરેલી તસુએ તસુ જમીન પાછી ન મળે, ત્યાં સુધી અમે જંપીને નહિ બેસીએ—આવી આપણા તરફથી કરવામાં આવેલી જાહેરાત નિષ્ફળ સાબીત થાય. આમ સમજીને આપણે ત્યાં સ્વતંત્ર પક્ષ તથા જનસંઘ આવી પરિસ્થિતિ સ્વીકારવાને તૈયાર નથી અને તેથી તે પક્ષનો એવો આગ્રહ છે કે, યુદ્ધવિરામ ન સ્વીકારો, પાશ્ચાત્ય દેશોની પૂરી મદદ લ્યો અને આપણા તરફથી આક્રમણ શરૂ કરીને ગુમાવેલો પ્રદેશ પાછો મેળવો. એ તો દેખીતું છે કે પાશ્ચાત્ય દેશોની મદદ સિવાય આપણા પોતાના પગ ઉપર ઊભા રહીને ચીન સામે આક્રમણ કરવું અથવા તો ચીનના આક્રમણને હઠાવવું એ શક્ય નથી. એટલી આપણી આર્થિક તાકાત પણ નથી. તેથી કોઈ પણ જૂથ સાથે નહિ જોડાવાની આપણી નીતિનો ત્યાગ કરવાનું અને પશ્ચિમના દેશો સાથે military pacts - લશ્કરી કરાર—કરવાનો તેઓ આગ્રહ કરે છે. આ સામે નહેરુ અને દેશના મોટા ભાગના લોકોનો વિરોધ છે. મને પણ લાગે છે કે, આપણે આ પ્રકારની તટસ્થતાની નીતિ છોડવી ન જોઈએ. એ છોડવાથી રશિયા અને આફ્રિકાની સહાનુભૂતિ આપણે ગુમાવીશું અને દુનિયાના રાજકારણમાં ઠંડા યુદ્ધના વાતાવરણને જોર મળશે. વળી, એ પશ્ચિમી જૂથ સાથે ન જોડાઈએ તો પણ જ્યારે જરૂર ઊભી થશે ત્યારે એ દેશો મદદ નહિ કરે એમ માનવાનું કારણ નથી. એ ખાતર આજે કોઈ એક જૂથ સાથે લશ્કરી કરારમાં જોડાવાની કોઈ જરૂર નથી. ઈતિહાસની દૃષ્ટિએ જોતાં આ આપણો એક major decision છે. તે નિર્ણય સાચો છે કે ખોટો છે તે ભવિષ્યનો ઈતિહાસ નક્કી કરશે. તેનો આધાર વિશ્વનું રાજકારણ ભવિષ્યમાં કેવો વળાંક લે છે તેના ઉપર છે. આજે આપણે ત્યાં ઉપર જણાવ્યા મુજબ બે પ્રકારના મતો અથવા તો વલણો પ્રવર્તે છે, એ તરફ આપનું હું ધ્યાન ખેંચું છું.

પાકિસ્તાન સાથેની વાટાઘાટો

પાકિસ્તાન સાથે આપણો સંબંધ સુધરે નહિ ત્યાં સુધી તે બાજુનો આપણા માથે લશ્કરી બોજો કાયમ રહેવાનો, જે ચીન સાથેની સંઘર્ષમય પરિસ્થિતિમાં આપણને મુંઝવ્યા જ કરવાનો છે. આમ સમજીને નમતું મૂકીને પણ તેની સાથે પનાવટ કરવી જરૂરી છે એમ રાજગોપાલાચારી માને છે. આ સંબંધમાં પશ્ચિમનું પણ આપણા ઉપર ઠીક ઠીક દબાણ છે. કાશ્મીર અંગે પાકિસ્તાનનો દાવો વધારે સબળ છે એવી છાપ પશ્ચિમના દેશો ઉપર રહેલી છે. જો કાશ્મીર વેલી પાકિસ્તાનને સોંપી દેવામાં આવે તો પછી લડાખનો આપણા માટે કોઈ પ્રશ્ન જ રહેતો નથી, કારણ કે, કાશ્મીર વેલી જ લડાખનું પ્રવેશદ્વાર છે. ભારત આ સ્વીકારી ન જ શકે. એક એવી સૂચના છે કે, કાશ્મીર વેલીને autonomous state —સ્વાયત્ત રાજ્ય—બનાવવામાં આવે અથવા તો ભારત અને પાકિસ્તાનનો તે ઉપર સમાન અધિકાર સ્થાપિત થાય—ત્યાં જવા આવવાનો બન્નેને સમાન અધિકાર હોય. આવો તોડ કાઢવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. પણ આવો તોડ શ્રી નહેરુના ગળે ઉતરે એમ લાગતું નથી. આમ પાકિ-સ્તાન સાથે સમાધાન થાય એ બન્ને દેશો માટે ઈષ્ટ અને આવશ્યક લાગવા છતાં હજુ સુધી એવા કોઈ સમાધાનની આશા બંધાતી નથી.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે—ઈંગ્લાંડ અને અમેરિકા

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે છેલ્લા છ માસ દરમિયાન ઘણો વિસ્મયકારક પલટો આવ્યો છે. ક્યુબામાં સોવિયેટ રશિયાએ નમતું જોખ્યું. અમેરિકાનો એ રીતે એક મોટો વિજય થયો. એ કારણે અમેરિકાની નીતિમાં વેગ આવ્યો અને પ્રેસિડેન્ટ કેનેડીના વર્ચસ્‌માં ખૂબ વધારો થયો. તેણે વધારે જોરદાર નીતિ અખત્યાર કરી છે. અમેરિકાનો યુરોપના અન્ય દેશો કરતાં ઈંગ્લાંડ સાથે વધારે મેળ છે. બન્ને એકજ પ્રજા છે; બન્નેની જીવનદૃષ્ટિ પણ લગભગ સમાન છે. વળી, ઈંગ્લાંડને અમેરિકા ઉપર અનેક બાબતોમાં ઘણો આધાર રાખવો પડે છે. હમણાં જે કેનેડી અને મેકમિલન વચ્ચે કરારો થયા તે બતાવે છે કે, ઈંગ્લાંડ પૂરતું અમે-રિકા પોતે ધારે તેમ કરી શકે તેમ છે. આણુશસ્ત્રો ઉપર અમેરિકાનું જ સ્વામિત્વ છે. ઈંગ્લાંડ પાસે સ્કાઈબોલ્ડ હતું તે પણ તેને છોડવું પડ્યું.

તદુપરાંત અમેરિકા અને રશિયા એકમેકની વધારે નજીક આવતા હોય એમ લાગે છે. રશિયા સહઅસ્તિત્વનું તત્ત્વ સ્વી-કારીને બધા દેશો સાથે સંબંધો ટકાવી રાખવા કેળવવા માંગે છે.

ઈંગ્લાંડ અને યુરોપિયન કોમન માર્કેટ

યુરોપના અન્ય દેશોનું વલણ જુદું છે. યુરોપિયન કોમન્સ માર્કેટમાં જોડાયેલા છ દેશોએ પોતાનું એક સ્વતંત્ર જૂથ ઊભું કર્યું

છે. તે જૂથ અમેરિકાના પ્રભાવથી મુકત થવા ઈચ્છે છે અને તે છ દેશોમાં થઈ રહેલાં વિકાસના જોરે પોતાના પગ ઉપર ઊભા રહેતા થવાની આશા સેવે છે. આ છ દેશોમાં ફ્રાન્સ અને જર્મની અને તેમાં પણ ફ્રાન્સ વધારે બળવાન, વધારે જોરદાર છે. તાજેતરમાં આ જૂથમાંના પાંચ દેશોનું અનુકૂળ વલણ હોવા છતાં ફ્રાન્સના માથા-ભારે વલણના કારણે બ્રીટનને યુરોપિયન કોમન-માર્કેટ ના જૂથમાં પ્રવેશ મળી શક્યો નથી. જે ઈંગ્લાંડ એક વખત યુરોપમાં સૌથી વધારે પ્રભાવશાળી રાષ્ટ્ર હતું, તે ઈંગ્લાંડ માટે આ એક ભારે નામોશીભરી ઘટના છે. ફ્રાંસ સત્તા અને સમૃદ્ધિના ક્ષેત્રમાં એકદમ આગળ વધી રહ્યું છે તેનું કારણ તેને એક અસાધારણ પ્રતિભા ધરાવતો નેતા મળ્યો છે—જનરલ ડ' ગોલ. ઈંગ્લાંડ પાસે આવી પ્રભાવશાળી નેતાગીરી નથી. ઈંગ્લાંડને યુરોપીય જૂથમાં નહિ લેવાનું કારણ એ છે કે, ઈંગ્લાંડ પાછળ અમેરિકા છે અને બ્રિટિશ કોમનવેલ્થના દેશો છે. યુરોપના આ છ દેશો આવાં આડકતરાં બળોથી મુકત બનીને આગળ વધવા માગે છે.

યુરોપનું પલટાતું ચિત્ર

દુનિયાની પરિસ્થિતિમાં—વિશેષતઃ—યુરોપના રાજકારણમાં-અણકલ્પ્યો પલટો આવી રહ્યો છે. ઈંગ્લાંડ અને ફ્રાન્સ વર્ષોજુના સાથી તે આજે એકમેકની સામે ગોઠવાઈ રહ્યા છે. ફ્રાન્સ અને જર્મની વચ્ચે વર્ષોજૂનું વૈમનસ્ય. બે વિશ્વયુદ્ધ એકમેકની સામે ઊભા રહીને તેઓ લડયા. આજે તેઓ નજીક આવી રહ્યા છે, મિત્રો બની રહ્યા છે. આમ યુરોપની પલટાતી જતી પરિસ્થિતિમાં એક નવું ચિત્ર ઊભું થઈ રહ્યું છે. યુરોપના દેશોનો સીધી રીતે રશિયા સાથે સંબંધ સુધરે અને તેમાં અમેરિકાની ન કોઈ ગરજ રહે કે ન કોઈ દખલગીરી—ફ્રાન્સના દ'ગોલ અને જર્મનીના એડેનોર યુરોપનું આવું જ કોઈ ચિત્ર કલ્પી રહ્યા છે. રશિયા પણ આ જાણે છે અને તેને ગમતી વાત છે. યુરોપ સાથે રશિયાનો સંબંધ સુધરે તો રશિયાને અમેરિકા તરફનો આણ્વિક યુદ્ધનો ભય ઓછો થઈ જાય. એ રીતે આખા યુરોપની સુરત પલટાઈ જાય. આ સાથે ઈંગ્લાંડનું વર્ચસ્ સારા પ્રમાણમાં ઘટે.

આજે ફ્રાન્સ અને જર્મની, અમેરિકા અને ઈંગ્લાંડ સામે આંખો કાઢી રહ્યા છે. આ એક વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ છે. ફ્રાન્સને ઉંચે લાવવામાં ઈંગ્લાંડે અને ખાસ કરીને અમેરિકાએ ઘણો સાથ આપ્યો છે. જર્મની આટલું બધું ઊંચે આવ્યું છે તે પણ અમેરિકાની લશ્કરી તેમ જ આર્થિક પારાવાર મદદને લીધે. આમ છતાં આ પશ્ચિમી જૂથમાં આજે મોટું ભંગાણ પડી રહ્યું દેખાય છે. આવી જ રીતે સામ્યવાદી જૂથમાં પણ મોટી તડ પડી છે. રશિયા અને ચીન વચ્ચેનાં સંબંધો બગડતા ચાલ્યા છે અને બન્ને વચ્ચે તંગદિલી વધતી જાય છે. રશિયા અને ચીન વચ્ચેનું ભંગાણ haves and have nots--એક દેશ સમૃદ્ધ છે અને બીજો દેશ પ્રમાણમાં ઘણો પાછળ છે તેનું છે. જે સમૃદ્ધ છે તેને પોતાની સમૃદ્ધિ ટકાવી રાખવાની અને તે ખાતર અન્ય દેશો સાથે સારાસારી રાખવાની ચિંતા છે. જેને બીજાની વચ્ચે માથું કાઢીને આગળ આવવું છે, સમૃદ્ધ બનવું છે તેને સંઘર્ષ યુદ્ધ ઈષ્ટ લાગે છે. આમ રશિયા અને ચીન વચ્ચેના દ્રષ્ટિકોણમાં આજે બહુ મોટો ફરક ઊભો થયો છે. વિશ્વશાંતિની દ્રષ્ટિએ વિચારતાં, સંભવિત છે કે, આજની દુનિયાના બે મોટા બળવાન જૂથોમાં અંદર અંદર ભંગાણ પડે અને એ રીતે જૂથો નિર્બળ બને તેના પરિણામે ત્રીજા વિશ્વયુદ્ધનું જોખમ ઓછું થાય. આ એક અનુમાન છે. બાકી ભાવીના ગર્ભમાં શું છે—અને તે પણ આજે સતત પલટાતી દુનિયાના ભાવીના ગર્ભમાં શું છે—તે વિષે નિશ્ચિતપણે કોણ કહી શકે તેમ છે?

કોંગો—કટંગા

હવે એક બાબતનો ઉલ્લેખ કરીને આ આલોચના પૂરી કરીશ. કોંગોમાં છેલ્લાં ત્રણ વર્ષથી જે આંતરવિગ્રહ ચાલી રહ્યો હતો અને તેમાંના એક ભાગ કટંગાને જનરલ શોંબેની આગેવાની નીચે કોંગોથી અલગ કરવાની જે હીલચાલ ચાલી રહી હતી તેનો સંયુકત રાષ્ટ્રસંસ્થા—યુનો—ની દરમિયાનગીરીના પરિણામે અને તેના સેક્રેટરી જનરલ યુ થાનના કુશળ સૂત્રસંચાલનને લીધે અંત આવ્યો જણાય છે, શોંબે યુનો ના શરણે આવ્યો છે અને કોંગોના ભાગલા પડવાની શક્યતા, હવે એમ કહી શકાય કે, ઠીક સમય માટે દૂર થઈ છે. યુનોની અને તેના સેક્રેટરી જનરલની આ એક મોટી સિદ્ધિ છે અને આ સિદ્ધિનો અમુક યશ ભારતના ફાળે પણ જાય છે, કારણ કે, ભારતે પોતાનું સૈન્ય મોકલીને યુનોના આ પ્રયાસમાં ખૂબ મદદ કરી છે.

આના પરિણામે આફ્રિકાના રાજકારણમાં ઘણો મોટો પલ્ટો આવશે. આજે આફ્રિકાના દેશો એક પછી એક સ્વતંત્ર થવા લાગ્યા છે. ન્યાસાલેન્ડ તાજેતરમાં સ્વતંત્ર થયું છે. ટાંગાનાયકા થોડા સમય પહેલાં સ્વતંત્ર બન્યું છે. ઘાણાને સ્વતંત્ર થયાને ઠીક ઠીક સમય થયો છે. કેનિયા સ્વતંત્રતાની ખૂબ સમીપ જઈ રહ્યું છે. કોંગોના એકીકરણને લીધે બાકી રહેલા પરતંત્ર દેશોની પ્રજામાં સ્વતંત્ર થવાની તમન્નાને નવો વેગ મળશે અને જે દેશ સ્વતંત્ર થશે તે દેશને અંદરથી વિભાજિત કરવાની યુરોપના સામ્રાજ્યવાદી દેશોની વૃત્તિ ફાલવા—ફૂલવાનો હવે કોઈ અવકાશ રહેશે નહિ.

આવી રીતે સતત પલટાતા વિશ્વના રાજકારણને અનુલક્ષી વિશ્વશાંતિ અને ભારતનું હિત લક્ષમાં રાખી, આપણી વિદેશનીતિ ઘડવાની રહે છે. કોઈ ટૂંકા તાત્કાલિક લાભને ખાતર, આ અંતિમ લક્ષ્ય ભૂલાવું ન જોઈએ.

ચીમનલાલ ચકુભાઈ શાહ

સન્માન સંમેલન

સર મણિલાલ બાલાભાઈ નાણાવટી આપણા સમાજની એક વયોવૃદ્ધ વિશિષ્ટ વ્યકિત છે. અખંડ કર્મયોગ અને જ્ઞાન-યોગને મૂર્ત કરતી તેમની ઉજ્વળ જીવનકારકીર્દી છે. આજે તેમણે ૮૬ વર્ષ પૂરા કર્યા છે. આ પ્રસંગે તેમનું અભિવાદન કરવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ચાલુ ફેબ્રુઆરી માસની તારીખ ૨૨ શુક્રવાર સાંજના પાંચ વાગ્યે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં એક સન્માન સંમેલન યોજવામાં આવ્યું છે. આ સન્માન સંમેલનમાં ભાગ લેવા સંઘના સભ્યોને વિનંતિ છે.

—મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો પ્રતિ

આપની ઉપર પ્રબુદ્ધ જીવન નિયમિત રીતે મોકલવામાં આવે છે. એ આપને બરોબર નિયમિત રીતે મળતું રહે એટલા માટે આપને વિનંતિ કરવાની કે:

(૧) જ્યારે પણ પ્રબુદ્ધ જીવનનો અંક આપને ન મળે ત્યારે સંઘના કાર્યાલયનું તે વિષે તરત ધ્યાન ખેંચશો.

(૨) સરનામામાં કાંઈ પણ ભૂલચૂક રહી જતી હોય તો તે સુધારવા માટે સંઘના કાર્યાલયને સત્વર જણાવશો.

- વ્યવસ્થાપક, પ્રબુદ્ધ જીવન

સંઘના સભ્યો માટે યોજાયલો નૌકાવિહાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમનાં કુટુંબીજનો માટે આગામી માર્ચ માસની તા. ૫ મંગળવાર રાત્રીના ૮ થી ૧૧ એપોલો બંદર ઉપર 'શોભના' સ્ટીમરમાં નૌકાવિહાર ગોઠવવામાં આવ્યો છે. આ નૌકાવિહારમાં જવા ઈચ્છનાર સભ્યે વ્યકિતદીઠ રૂા. ૨.૫૦ આપવાના છે. આ માટે સંઘના કાર્યાલય સાથે સત્વર સંપર્ક સાધવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

મંત્રદ્વારા સર્પવિષનિવારણ અંગે વિશેષ સ્પષ્ટીકરણ

'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને યાદ હશે કે તા. ૧૬-૧૦-૬૨નાં 'પ્રબુદ્ધ જીવન'માં 'સર્પદંશ અને મંત્રશક્તિ વિષે પૂજ્ય કેદારનાથજી સાથેની ચર્ચા—વિચારણા' એ મથાળા નીચે આચાર્ય શ્રી અમૃતલાલ ભ. યાજ્ઞિકનો એક લેખ પ્રગટ કરવામાં આવ્યો હતો, અને તે અંકમાં તેમ જ પછીના અંકમાં પ્રગટ કરવામાં આવેલી તે સંબંધે તેને લગતી મારી નોંધોમાં મેં કેટલાક મુદ્દાઓ ઉઠાવ્યા હતા. આ લેખ તેમજ એ નોંધો તરફ અનેકનું ધ્યાન ખેંચાયું હતું. પરિણામે આ વિષય સંગે પૂ. નાથજી પાસેથી કાંઈક વધારે સ્પષ્ટીકરણની તેઓ આશા સેવે છે એમ હું જોઈ રહ્યો છું.

આ સંબંધમાં જાન્યુઆરી માસના બીજા પખવાડીઆ દરમિયાન પૂ. કેદારનાથજીને પ્રત્યક્ષ ત્રણ વાર મળવાનું બન્યું હતું અને આ પ્રશ્નની તેમની સાથે વિગતવાર ચર્ચા કરવાની મને તક સાંપડી હતી. આ ચર્ચાના સારરૂપે મને એમ જાણવા મળ્યું છે કે કેદારનાથજીએ આ મંત્ર કોઈ પવિત્ર વ્યકિત પાસેથી ૧૭—૧૮ વર્ષની વયે પ્રાપ્ત કર્યો હતો અને એ મંત્ર દર્શાવનાર ગુરૂએ ખાનપાનને લગતા તથા આચારવિચારને લગતા કેટલાક નિયમોનું કડક અનુપાલન સૂચવ્યું હતું. આ મંત્રની સામર્થ્યરક્ષા માટે પવિત્ર જીવન અતિ આવશ્યક છે અને જેના સર્પદંશનું નિવારણ કરવાનું હોય તેની પાસેથી કોઈ પણ પ્રકારના ઐહિક લાભની મંત્રોપચાર કરનારે જરા પણ આશા કે અપેક્ષા રાખવાની નથી. દા. ત. આ પ્રયોગ કરતી વખતે તેના ઘરનાં અન્નજળ પણ તેણે લેવાનાં નથી.

આશરે બાવન વર્ષ પહેલાં કે જ્યારે રત્નાગિરિ જિલ્લામાં આવેલા પોતાના ગામમાં તેઓ સ્થાયીપણે રહેતા હતા તે દરમિયાન તેમના ગામની આસપાસના પ્રદેશોમાં સર્પદંશની ઘટનાઓ અવારનવાર નિપજતી હતી અને તેથી નાથજીના હાથે મંત્રોપચાર દ્વારા વિષનિવારણના અનેક પ્રસંગો ઊભા થતા હતા. ત્યારબાદ આવા પ્રસંગો બહુ વિરલ બની ગયા છે. નાથજીના કહેવા પ્રમાણે આજ સુધી કરવામાં આવેલા એક પણ મંત્રપ્રયોગમાં—દંશ કરનાર સર્પ કોબ્રા જાતિનો હોય તો પણ—તેમને કદિ નિષ્ફળતા મળી નથી, અને તેથી તેમના હાથે આ જે કાંઈ પરિણામ આવે છે તે અને પ્રસ્તુત મંત્ર વચ્ચે કોઈને કોઈ પ્રકારનો કાર્યકારણ સંબંધ હોવો જોઈએ એમ તેઓ માને છે. મંત્ર દ્વારા આ વિષનિવારણ કેમ થાય છે તેને લગતી બધી પ્રક્રિયાઓ તેઓ બારીકીથી જોતા રહ્યા છે, એમ છતાં, આ કાર્યકારણ સંબંધની કડીઓ તેમને હજુ હાથ લાગી નથી. અલબત્ત, આ સંશોધન પાછળ જે એકાગ્રતાની જરૂર છે એવી એકાગ્રતા, છેલ્લા પચ્ચાસ વર્ષ દરમ્યાન બીજી અનેક બાબતોમાં રોકાયલા હોઈને, પ્રસ્તુત સંશોધનકાર્યને તેઓ અર્પિત કરી શકયા નથી અને હવે એવા સંશોધન પાછળ જે શારીરિક અને માનસિક સ્ફુર્તિ અને ક્ષમતાની જરૂર છે એવી સ્ફુર્તિ અને ક્ષમતા, તેમના જણાવવા મુજબ, હવે પોતાનામાં રહી નથી. આમ છતાં પણ આ વિષયનું યોગ્ય રીતે સંશોધન થાય અને આવા મંત્રનું આવું નક્કર ભૌતિક પરિણામ કેમ આવે છે તેનું બુદ્ધિપૂર્વકનું આકલન થાય એમ તેઓ ઈચ્છે છે. આ માટે તેમની પાસેનો મંત્ર કોઈ પણ યોગ્ય વ્યકિતને આપવા—શિખવવા તેઓ તૈયાર છે. પણ એ મંત્ર જાણ્યે કશું વળે તેમ નથી. તે સાથે જે આચારવિચારનું અનુપાલન અપેક્ષિત છે તે અનુપાલન માટે ભાગ્યે જ કોઈ તૈયાર હોય છે.

મંત્ર દ્વારા થતા વિષનિવારણ દરમિયાન દર્દી ઉપર થતી પ્રક્રિયાઓ જણાવતાં તેમણે પેલા લેખમાં એમ જણાવ્યું છે કે, મંત્રપ્રયોગ શરૂ થતાં સર્પદષ્ટ માનવીના શરીરમાં સર્પનો જીવ આવે છે અને માનવીની વાણી દ્વારા જવાબ આપે છે વગેરે. આ બધું તેમનો કેવળ એક તર્ક છે, કલ્પના છે, અનુમાન છે. તે પાછળ પ્રતીતિસૂચક કોઈ જ્ઞાન હોવાનો તેમનો લેશમાત્ર દાવો નથી. સંભવ છે કે, સર્પદષ્ટ માનવી જે કાંઈ બોલે છે અને ચેષ્ટા કરે છે તેનું કારણ કોઈ બીજું જ હોય, જેની હજુ પોતાને ખબર નથી.

આના અનુસંધાનમાં તેમણે જે જણાવ્યું તે તેમના જ શબ્દોમાં મૂકું તો "આપણામાં ભૂતપ્રેતના વળગાડની લગભગ સર્વવ્યાપી માન્યતા છે. આવા એક બે વળગાડવાળા કીસ્સાઓમાં પણ મેં મંત્રપ્રયોગ કરીને તે તે માનવીને વળગાડમુકત કરેલ છે. આમ છતાં ભૂતપ્રેત એવી કોઈ સ્વતંત્ર યોનિ છે અને તે માણસને વળગે છે એવું કોઈ સ્પષ્ટ જ્ઞાન કે પ્રતીતિનો હું જરા પણ દાવો કરતો નથી. એ એક પ્રકારની માનસિક વિકલતા હોઈ શકે છે. અને તે દૂર કરવામાં મારા મંત્રપ્રયોગે ભાગ ભજવ્યો હોય એમ બનવાજોગ છે. આખરે, આ વળગાડમુકિત તેમ જ મંત્રદ્વારા થતા વિષનિવારણનો પ્રશ્ન મનોવૈજ્ઞાનિક સંશોધનનો વિષય છે. આપણામાં વ્યવહારપ્રણત મન ઉપરના સ્તર ઉપર કામ કરે છે. આથી વધારે મહત્ત્વનું એવું આન્તર મન છે અને તેમાં પારવિનાની શક્યતાઓ ભરેલી છે. આના રહસ્યને લગતા સંશોધનનો હજુ પ્રારંભ થયો છે. આ સંશોધનમાં પ્રગતિ થતાં બીજાં અનેક ગૂઢ રહસ્યોનાં તેમ જ આધિદૈવિક તથા આધ્યાત્મિકના નામે ઓળખાતી અનેક અનુભૂતિઓનાં મર્મો ખુલવાનો સંભવ છે."

તેઓ એમ પણ જણાવે છે કે, જે નિયમો પાળવાનું તેમને સુચવવામાં આવ્યું છે તે નિયમોમાંનો કોઈ પણ એક યા અન્ય નિયમ ન પળાય તો તેનું મંત્રશકિત ઉપર કાંઈ પ્રતિકૂળ પરિણામ આવે છે કે નહિ તે પ્રકારનો તેમણે કદિ પ્રયોગ કર્યો નથી. સંશોધન કરનારે આ રીતે પણ મંત્રને ચકાસવો જોઈએ. પણ એવી ચકાસણી સહેલી નથી, કારણ કે આ પ્રયોગને માનવીના જીવનમરણ સાથે સીધો સંબંધ છે.

તેમના કહેવા મુજબ આવા મંત્રો કોઈ પણ પ્રચલિત ભાષાના અમુક શબ્દોના બનેલા હોય છે. તે મંત્રની તાકાતને તે મંત્રના શબ્દાક્ષર સાથે ચોક્કસ સંબંધ હોય છે. તે શબ્દોની જગ્યાએ તેના પર્યાય શબ્દો મૂકવાથી મંત્રનું મંત્રત્વ નષ્ટ થવાનો સંભવ છે. મંત્રમાં કેમ અને ક્યાંથી શકિત આવે છે તેની સૂઝ હજુ સુધી તેમને પ્રાપ્ત થઈ નથી, પણ મંત્રોમાં ચોક્કસ પરિણામો નિપજાવવાની શકિત તો હોય જ છે. આ પ્રકારની તેમની અનુભવસિદ્ધ પ્રતીતિ છે.

આમ મંત્રને પ્રતિષ્ઠા આપતાં, તેઓ કબૂલ કરે છે કે, મંત્રતંત્રના નામે દંભ અને પાખંડ ચલાવનારા અનેક ધૂર્ત માણસો તેનો ખોટો લાભ ઊઠાવે એમ બનવાજોગ છે, આમ છતાં પણ, આ જોખમનો ડર રાખીને જે વાસ્તવિક અનુભવનો વિષય છે તેનો ઈનકાર કે અસ્વીકાર થઈ ન જ શકે. આવી બાબતમાં આવો દાવો કરનાર માણસો સાથે વ્યવહાર કરતાં આપણે પૂરા જાગૃત રહેવું, સાવધાન થઈને ચાલવું એ અત્યંત જરૂરી છે અને એ માણસો કોણ છે, કેવા છે એ ધ્યાનમાં રાખવું એ પણ, એટલું જ જરૂરી છે.

આ મંત્ર સાથે, તેમની સમજણ મુજબ, કોઈ દેવ-દેવીનો સંબંધ નથી અથવા તો એવો કોઈ સંબંધ હોય તો તેનો તેમને કોઈ ખ્યાલ નથી.

સર્પજાતિ અંગે તેમને પૂછતાં તેમણે જણાવ્યું કે, અન્ય પશુપ્રાણી કરતાં સર્પ કોઈ વિશિષ્ટ કોટિનો જીવ છે એવી કોઈ તેમની માન્યતા નથી. પણ સર્પ અને માનવી વચ્ચે જે અનાદિકાળનો વૈરભાવ ચાલ્યો આવે છે તેવો વૈરભાવ અન્ય કોઈ પ્રાણી અને

માનવી વચ્ચે ઊભો થયાનું જાણવામાં નથી અને સર્પ માત્ર કરડવાથી માનવીને જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતો બનાવી શકે છે—આ કારણે સર્પનું અને તેના વિષનિવારણનું વિશિષ્ટ મહત્ત્વ છે.

છેવટે તેમણે એ બાબત સ્પષ્ટપણે જણાવી કે, મંત્રદ્વારા વિષનિવારણની પ્રક્રિયા માનવીબુદ્ધિની બહારનો વિષય છે એમ તેઓ કહેતા જ નથી. માનવીની બુદ્ધિ હજી સુધી તેના મર્મને પકડી શકી નથી એટલું જ તેમનું કહેવું છે. જેવી રીતે સ્વીચ દાબવાથી-ચાંપ દાબવાથી—વીજળીની બત્તી થાય છે એ કોઈ સામાન્ય માણસને પણ ખબર હોય છે, પણ તે પાછળ રહેલી વિદ્યુત શક્તિની પ્રક્રિયાની અને કાર્યકારણનો સંબંધ સૂચવતી કડીઓની તેને સુઝ હોતી નથી, તેવી સ્થિતિ, તેમના જણાવવા મુજબ, મંત્રપ્રયોગ અને તેના ફળ રૂપ વિષનિવારણ અંગે તેમની છે. આમ છતાં આ રહસ્ય બુદ્ધિગમ્ય થવું જ જોઈએ અને તે કાર્ય હવે પછીના જિજ્ઞાસુ સંશોધકોનું છે—આમ તેઓ ભારપૂર્વક જણાવે છે.

પૂજ્ય નાથજીની આવા વિષયો અંગેની વિચારસરણી યથાસ્વરૂપે સમજવામાં ઉપયોગી થશે એમ સમજીને તેમના સમગ્ર વિચારોને સુગ્રથિત રૂપમાં રજૂ કરતો ગ્રન્થ 'વિવેક અને સાધના' માંથી એક ફકરો અહીં અવતરિત કરીને તેમણે અનુમત કરેલું આ નિવેદન હું પૂરું કરું છું. 'મનઃશક્તિની શોધ' એ મથાળાના છેલ્લા પ્રકરણના છેવટના ભાગમાં તેઓ નીચે મુજબ જણાવે છે:—

"આ બધાંનું સત્ય જ્ઞાન થયા વગર તેમ જ તેને શાસ્ત્રીય રૂપ મળ્યા વગર આ વિષયમાં એક બાજુથી અંધવિશ્વાસ અને બીજી બાજુથી નાસ્તિકતા જેવી પરસ્પરવિરોધી વસ્તુઓ પેદા થયેલી છે. તે દૂર નહિ થાય. એ બન્ને વસ્તુઓ જીવનના ઉત્કર્ષની અને ઉન્નતિની દ્રષ્ટિથી બાધક છે. કોઈ પણ વિષયના સત્ય અને યથાર્થ જ્ઞાનથી, તે જ્ઞાનના સામર્થ્યથી અને યોગ્ય પ્રસંગે તેનો યોગ્ય રીતે ઉપદેશ કરવાથી માનવીજીવન ઉત્કર્ષ અને ઉન્નતિ તરફ પ્રગતિ કરે છે. માનવી મનનું સામર્થ્ય કેવી રીતે જાગૃત અને બુદ્ધિગત કરવું અને જેમ શરીર અને બુદ્ધિની શક્તિનો ઉપયોગ કરીને આપણું જીવન સુખી કરવાનો પ્રયત્ન કરીએ છીએ તેમ તે સામર્થ્યનો પણ જીવનનાં અનેક ક્ષેત્રોમાં ઉપયોગ કરીને આપણું જીવન નિર્દોષ, દુઃખરહિત અને સુખમય કેવી રીતે બનાવવું એ જ આને અંગે સવાલ છે. સદ્‌ગુણોને રૂપે આપણામાં વિકાસ પામેલી માનસિક શક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં આપણને ઉપયોગી થાય છે એમાં શંકા નથી. પરંતુ આ સિવાય બીજી રીતે મનની શક્તિને વિકસાવીને તે બધી શક્તિ જો શુદ્ધ સંકલ્પમાં કેન્દ્રિત કરી શકાય અને તે સંકલ્પની દ્રઢતા, તીવ્રતા અને એકાગ્રતા વધારીને વિશ્વશક્તિની સાથે—પરમાત્માની સાથે—સમરસ થવાનું જો માણસ સિદ્ધ કરી શકે તો તેનામાં કોઈક વિશેષ શક્તિ સંચરવા માંડે છે; અને તે શક્તિની મદદથી કેટલીક મુશ્કેલ બાબતો પણ સહેજે સિદ્ધ થઈ શકે છે. આમાં કશી અદ્‌ભુતતા નથી. એમાં ચમત્કાર નથી. સૃષ્ટિના અનેક ધર્મો પ્રમાણે માનવી મનનો પણ એ એક ધર્મ છે. વિદ્યુત વગેરે સૃષ્ટિના ધર્મો જેમ અમુક સંયોગોમાં પ્રગટ થાય છે, તે જ પ્રમાણે માનવી મનનો આ ધર્મ પણ યોગ્ય પ્રયત્નથી પ્રગટ થાય છે. આપણે અભ્યાસી, પ્રયત્નશીલ અને નિષ્ટાવાન બનીએ તો ચમત્કારના ભ્રમથી અથવા ખરેખર બનેલા ચમત્કારથી આશ્ચર્યચકિત ન થતાં, ભોળી શ્રદ્ધાથી ભાવનાવશ ન થતાં તેના કાર્યકારણભાવની શોધ કરીને, સૃષ્ટિના અને મનઃશક્તિના ગુણધર્મો ઓળખીને તેનું સશાસ્ત્રજ્ઞાન મેળવીએ, અને તેનો માનવી જીવનમાં ઉપયોગ કરતા રહીએ. તેમ થાય તો તેમાંની વિશેષતા અને તે સાથે જ લોકોની ભોળી શ્રદ્ધા નાશ પામશે અને આપણું જીવન સહેજે સમૃદ્ધ થશે.

"માનવજાતિની સર્વાંગી ઉન્નતિ વિષે તાલાવેલી, જ્ઞાનની અભિરુચી, પ્રાણી માત્ર વિષે પ્રેમ, દુઃખિયાને વિષે કરુણા, પવિત્રતા, સંયમ અને સદ્‌ગુણો તરફ સ્વાભાવિક વલણ, પોતે કષ્ટ વેઠીને બીજાઓને સુખી જોવાની ઈચ્છા, જીવનસિદ્ધિ વિષે મહત્ત્વાકાંક્ષા, પ્રયત્નના સાતત્ય માટે જરૂરી ચીવટ, શોધકપણું, ધૈર્ય, ગાંભીર્ય વગેરે અનેક પ્રકારની પાત્રતા જેનામાં હોય છે તેને માટે આ મુશ્કેલ નથી. અને સૌથી મહત્ત્વનો ગુણ તે ઈશ્વરનિષ્ઠા છે. તે જેનામાં હશે તેને કશું જ મુશ્કેલ નથી. કોઈ પણ સિદ્ધિ આપણે સંકલ્પશક્તિથી સિદ્ધ કરી શકતા હોઈએ તો પણ, સર્વ શક્તિનો અને સર્વ સામર્થ્યનો અનન્ત ભંડાર જે પરમાત્મા તેની પાસેથી જ કોઈ પણ શક્તિ આપણામાં સંચરે છે અને આવિર્ભાવ પામે છે. તેના પરની નિષ્ઠા વિના આપણે તે અનન્ત શક્તિમાંથી આપણા પોતાનામાં કોઈ વિશિષ્ટ શક્તિ લાવી શકતાં નથી, તેમ જ ધારણ પણ કરી શકતા નથી. એટલા માટે પોતાનો ક્ષુદ્ર અહંકાર ફેંકી દઈને, પોતાપણું ભૂલી જઈને, નમ્રતા, અનન્યતા અને એકનિષ્ઠતાથી આપણે વિશ્વશક્તિ સાથે સમરસ થઈ શકીએ તો તેમાંથી જ આગળ ઉપર પ્રાપ્ત થનારી મહાજાગૃતિમાં આપણામાં સંકલ્પિત જ્ઞાનની અને શક્તિની સ્ફુરણા અને સંચાર થયા વિના નહીં રહે. જીવનની બધી સિદ્ધિનું સૂત્ર આમાં જ છે."

પરમાનંદ

પૂરક અંગત નોંધ

આ નિવેદનના અનુસંધાનમાં એક અંગત એકરાર કરવો જરૂરી લાગે છે. જ્યારે પણ આપણી બુદ્ધિ અને તર્કશક્તિ સાથે ટકરાય એવાં વિધાનો કોઈ વિશેષ વ્યક્તિ તરફથી કરવામાં આવે છે ત્યારે બુદ્ધિ અને તર્કને અગ્રસ્થાને રાખીને વિચારવાને ટેવાયેલ વ્યક્તિને તેવાં વિધાનો પડકાર જેવાં લાગે છે અને તે પડકાર સામે પ્રતિપડકાર કરવાને તે પ્રેરાય છે. પૂજ્ય નાથજીની વિચારણાને અમુક રીતે પડકારતી એવી જે નોંધો પ્રબુદ્ધ જીવનના ઉપર જણાવેલ અંકોમાં પ્રગટ કરવામાં આવી હતી તે પાછળ આવી પ્રતિપડકારની વૃત્તિ કામ કરી રહી હતી એમ આજે મને લાગે છે. પૂજ્ય નાથજી સાથે વર્ષોજૂનો ઊંડો સદ્‌ભાવ અને સ્નેહભર્યો મારો સંબંધ છે અને અમારી બન્ને વચ્ચે કોઈ એક યા અન્ય બાબતમાં વિચારસામ્ય હોય યા ન હોય, એમ છતાં, વસ્તુતત્ત્વને વિચારવાનું અમો બન્નેનું ધોરણ લગભગ એક સરખું રહ્યું છે—આમ હું તેમના વિષે માનતો—સમજતો—રહ્યો છું. તો પછી આ વિષય અંગે કાંઈ પણ લખવા પહેલાં મારે તેમને પ્રત્યક્ષ મળવું જોઈતું હતું. તેમને મળ્યા બાદ આ વિષયમાં મને યોગ્ય લાગે તે લખવાનો મારો હક્ક યા અધિકાર અબાધિત હતો. આમ છતાં તેમને પ્રત્યક્ષ મળવાને બદલે, એક પ્રકારની બૌદ્ધિક પ્રગલ્ભતાને વશ થઈને, પ્રતિપડકારનો ભાવ દાખવતી નોંધો લખી નાખવામાં મેં ઉતાવળ કરી હતી અને જેમના વિષે મારા દિલમાં પૂજ્યભાવ હતો તેમના પ્રતિ મેં કાંઈક અવિનય આચર્યો હતો એમ આજે મને લાગે છે. મારી નોંધોમાં ઉપસ્થિત કરેલા ઘણાખરા મુદ્દાઓનો ઉપરના સ્પષ્ટીકરણમાં સીધો કે આડકતરો જવાબ આવી જાય છે. તેથી તેને લગતી ચર્ચાનો આ નિવેદન સાથે અંત આવે છે.

પરમાનંદ

વિષયસૂચિ

		પૃષ્ઠ
વ્યથિતહૃદય જવાહર	પરમાનંદ	૧૯૭
દિલ્હી—પેકીંગ મૈત્રીયાત્રા	શંકરરાવ દેવ	૧૯૮
રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિની આલોચના	ચીમનલાલ ચકુભાઈ શાહ	૨૦૦
મંત્રદ્વારા સર્પનિવારણ અંગે વિશેષ સ્પષ્ટીકરણ	પરમાનંદ	૨૦૩
પરિસ્થિતિને યથાસ્વરૂપે પીછાણીયે, તેની માંગને સર્વપ્રકારે વધાવીએ.	ખીમજી માડણ ભુજપુરિયા	૨૦૧
બે અવલોકનો	ગૌરીપ્રસાદ ચુ. ઝાલા	૨૦૬

પરિસ્થિતિને યથાસ્વરૂપે પિછાણીયે! તેની માંગને સર્વ પ્રકારે પહોંચી વળીએ!

[શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ મુંબઈના છુટક અનાજના દુકાનદારોનું મહામંડળ—ધી ઈન્ડિયન ગ્રેન ડીલર્સ ફેડરેશન—ના વર્ષોથી પ્રમુખ છે અને અનાજના પ્રશ્ન ઉપર બોલવા કહેવાના તેઓ પૂર્ણ અધિકારી છે. તા. ૧૧-૨-૬૩ ના રોજ ઑલ ઈન્ડિયા રેડીઓ મુંબઈ ઉપરથી 'સજ્જ થાઓ' એ વ્યાખ્યાનમાળાના ક્રમમાં પ્રસારિત કરવામાં આવેલ તેમનો વાર્તાલાપ ઑલ ઈન્ડિયા રેડીઓની અનુમતિપૂર્વક નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

ગુલામીની જંજીરો ફગાવીને ૧૫ વર્ષ પહેલાં આપણો ભારત દેશ આઝાદ થયો. દેશની આ આઝાદીની સાથે સાથે ભારતવાસીઓનાં સૈકાજૂનાં સુષુપ્ત સ્વપ્નાંઓ પણ જાગૃત થયાં. આવેલી આઝાદીનું અભિવાદન કરવા, આઝાદ દેશને છાજે એ પ્રકારે જીવનનું ધોરણ ઉંચું લાવવા, જગતના પ્રગતિશીલ રાષ્ટ્રોની હરોળમાં પહોંચવા અને જીવનના દરેક ક્ષેત્રમાં સર્વાંગી ઉન્નતિ સાધવા એક મહાયજ્ઞનો આરંભ થયો.

આ સમયે દેશને તૈયાર થવાનું હતું દેશની તાત્કાલિક જરૂરિયાતો પૂરી કરવા. રહેઠાણના પ્રશ્નો, ઔદ્યોગિક વિકાસના પ્રશ્નો અને બેકારીના પ્રશ્નો તો હતા જ, પણ તેમાં સૌથી મુખ્ય પ્રશ્ન હતો દેશને અનાજની બાબતમાં સ્વાવલંબી બનાવવાનો.

આપણો દેશ ખેતીપ્રધાન દેશ ગણાય છે. ધનધાન્યના ભંડારો ભારતની ધરતિ પર સદાકાળ ભરપૂર રહ્યા છે, પરંતુ થોડાક દાયકા એવા પણ આવ્યા કે જેમાં આપણો દેશ ઉપરાઉપરી અનાજની આંધીમાં સપડાયો. ખેડૂતોની નબળી પડી ગયેલી ખેતી અને તેને મળવા જોઈતાં ઉત્તેજન અને આધુનિક સાધનોના અભાવે ભારતની ધરતિ પર અછતના ઓળા ઉતર્યા અને વરસે વરસે આપણા દેશમાં અનાજની ખાધના આંકડાઓ ઉપર ને ઉપર ચડતા ગયા. પારકાની ભૂખ ભાંગવાની શકિત ધરાવનાર ભારત દેશને પોતાની ભુખ ભાંગવા અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને બર્મા જેવાં દેશોનો આશરો લેવો પડયો.

આઝાદી પછી દેશે સર્વપ્રથમ કમર કસી દેશની અનાજની અછતનું દૂષણ ટાળવા, દેશના ખાલી થયેલા અનાજના ભંડારો પુનઃ ભરપુર કરવા. ખેડાઉ જમીનની તસુએ તસુનો કઈ રીતે ઉપયોગ કરી શકાય અને કુદરતી સાધનો અને વિજ્ઞાનની શકિતને કઈ રીતે કામે લગાડી શકાય તે માટે આપણા સૂત્રધારોએ મનોમંથન શરૂ કર્યું. અનાજના ઉત્પાદનમાં ક્યાં નડતર છે, ક્યાં કચાશ છે તેનો નિષ્ણાતોએ તલસ્પર્શી અભ્યાસ કર્યો. ખેડૂતોને ઉત્તમ પ્રકારનું બિયારણ, વૈજ્ઞાનિક પદ્ધતિનું ખાતર, પદ્ધતિસરના ઓજારો તથા આર્થિક સહાય મળી રહે તે અંગેની અને સિંચાઈ માટે નદીઓ નાથવાની જંગી યોજનાઓ અમલમાં આણી, પરિણામે માત્ર પંદર વર્ષના ટૂંકા ગાળામાં ભારત દેશે અનાજની બાબતમાં ઠીક ઠીક સિદ્ધિઓ પ્રાપ્ત કરી. જેને જેટલું જોઈએ તેટલું અનાજ પૂરું પાડવાની શકિત દેશે સંપાદન કરી. વર્ષોવર્ષ અનાજના ઉત્પાદનનો આંકડો ઉંચો ને ઉંચો જતો ગયો અને સાથે સાથ આપણને પરદેશી હુંડિયામણ મેળવી આપવામાં સહાયભૂત થતા રોકડિયા પાકનું ઉત્પાદન પણ વધતું ચાલ્યું. આઝાદી પછીના શરૂઆતના વર્ષોની સરખામણીમાં હવે આપણી અનાજ અને રોકડિયા પાકની પેદાશનું પ્રમાણ લગભગ બમણું થઈ ગયું છે. બીજા શબ્દોમાં કહીએ તો ચારથી પાંચ કરોડ ટન અનાજની જ્યાં ઉપજ થતી હતી ત્યાં ઉપજનો આંકડો લગભગ સાત થી આઠ કરોડ ટન જેટલે પહોંચ્યો છે. ગયા વરસના ઉપજના આંકડાએ ભૂતકાળના તમામ વર્ષોની ઉપજના આંકડાઓ ઉપર સરસાઈ મેળવી છે. અમુક રાજ્યોમાં કુદરતી કોપના કારણે કેટલેક સ્થળે પાક નષ્ટ થઈ ગયો હોવા છતાં, ગત વર્ષની ઉપજનો સરવાળો વિક્રમ નોંધાવી જાય છે. વળી ઓસ્ટ્રેલિયા અને બર્માથી આયાત થતા ઘઉં—ચોખા અને અમેરિકી સરકાર સાથે ભારત સરકારના થયેલા કરાર મુજબ ૧૭૦ લાખ ટનમાંનો અનાજનો જથ્થો સતત આપણે ત્યાં આવી રહ્યો છે. પરિણામે દેશમાં આજે અનાજની પરિસ્થિતિ સંપૂર્ણ સંતોષજનક છે. તેમાંય વિશેષ સંતોષની વાત તો એ છે કે, આજે જીવનધોરણનો આંક ઠીક ઠીક ઉંચો ચડી ગયો હોવા છતાં, અનાજના ભાવોમાં નજીવો જ વધારો થવા પામ્યો છે. આમ દેશમાં આજે અનાજની પ્રાપ્તિ સુલભ બની છે. અનાજની બાબતમાં આપણે સ્વાવલંબી બની રહ્યા છીએ.

પરંતુ જ્યારે અનાજની બાબતમાં સ્વાવલંબી બનવાની અણી ઉપર આપણે આવી રહ્યા છીએ ત્યારે જ આપણા દેશની સરહદ પરે ચીને આક્રમણ કર્યું છે. ચીને ભારતની ધરતિ પર પગપેસારો કરીને ભારતની ધરતિને અભડાવી છે. દેશ પર થયેલા આ આક્રમણને કારણે આપણી યોજનાઓના અમલમાં વિક્ષેપ પડયો છે અને આપણી યોજનાઓ અને પુરુષાર્થને જુદો વળાંક આપવાની આપણા પર ફરજ આવી પડી છે. દેશની સર્વાંગી ઉન્નતિનાં આપણે જે સ્વપ્નો સેવ્યાં હતાં તેના પર દુશ્મને જબરો ઘા કર્યો છે. દુશ્મનના આ પડકારને હવે આપણે ઝીલી લેવાનો છે. તેનાં દુષ્ટ કૃત્યોનો આપણે જડબાતોડ જવાબ આપવાનો છે. સદ્‌ભાગ્યે આ જવાબ આપવા સૌ દેશવાસીઓનાં અંતઃકરણ આજે ઉછળી રહ્યાં છે અને દશે દિશામાં ફરી એક વાર બુલંદ અવાજે એ સૂર ગુંજી રહ્યો છે કે દેશની આઝાદીના રક્ષણ કાજે સૌ તત્પર બનો, તૈયાર થાઓ!

તૈયાર થાઓ ... દેશવાસીઓ તૈયાર થાઓ ... નો બુલંદ અવાજ આજે દેશના દરેક ક્ષેત્રમાં ઝીલાયો છે. આજે દેશભરમાં એવી જાગૃતિનો સંચાર થયો છે કે જે જાગૃતિ દેશે આ પહેલાં કયારેય નહોતી અનુભવી. એકતા પણ એવી જોવાય છે કે જે એકતા આ પૂર્વે કયારેય નહોતી દેખાઈ.

અને ખરેખર આજે એકતાની અસાધારણ આવશ્યકતા છે. દેશ આજે આત્મસમર્પણ માગે છે, શ્રમ માગે છે, કાર્યતત્પરતા માગે છે. આપણી પાસેથી કોઈક એવી તૈયારીની—એવા કાર્યની અપેક્ષા રાખે છે કે, જેની આ પૂર્વે કયારે જરૂર નહોતી જણાઈ. આપણે દુશ્મનના પડકારને ઝીલવો છે, આપણી આઝાદીનું જતન કરવું છે, પણ માત્ર તોપ અને દારૂગોળાથી યુદ્ધનો મોરચો સર નથી કરી શકાતો. દેશની સીમાઓના રક્ષણની જવાબદારી જેમ આપણા સંરક્ષક દળોએ અદા કરવાની હોય છે, તેમ તેમની જરૂરિયાતો પૂરી કરવાની અને દેશની આંતરિક પરિસ્થિતિ સુદૃઢ અને સુવ્યવસ્થિત રાખવાની જવાબદારી આપણી—સૌ નાગરિકોની—છે. આ જવાબદારી શ્રમજીવીઓએ વધુ શ્રમ કરીને, ઉદ્યોગપતિઓએ ઉત્પાદન વધારીને, ખેડૂતોએ વધુ અન્ન-ધાન ઉપજાવીને, વ્યાપારીઓએ ભાવની સપાટી જાળવીને અને આમજનતાએ વસ્તુ અને નાણાંનો દુર્વ્યય અટકાવીને અદા કરવાની હોય છે. આનંદ ને સંતોષની વાત છે કે, દેશવાસીઓ પોતાની આ ફરજ બજાવવામાં સાવધાન રહીને દેશ પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરી રહ્યા છે.

ચીની આક્રમણના કારણે જ્યારે કટોકટીની પરિસ્થિતિ જાહેર થઈ ત્યારે જનતામાં એવા ભયનો સંચાર થયો હતો કે કદાચ અનાજની અછત ફરી ઊભી થશે, જીવનજરૂરિયાતની ચીજોની તાણ પડશે, અને ભાવો વધશે. પરિણામે દેશમાં અસ્થિરતાની પરિસ્થિતિ સર્જાશે. પરંતુ આપણી સરકારની દીર્ઘદૃષ્ટિએ અને વેપારી વર્ગની વફાદારીની ભાવનાએ જનતાનો આ ભય દૂર કર્યો છે. વેપારીઓ આજે પોતાના નફાનું પ્રમાણ ઘટાડીને, સંગ્રહખોરીની ભાવનાને તિલાંજલી આપીને, વસ્તુની અછત વર્તાવા દીધા વગર ભાવની

સપાટી જાળવી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં તો ભાવોનો આંક નીચે જવા પામ્યો છે. જીવનની નાડ સમા અનાજની બાબતને આ વસ્તું મુખ્યતઃ સ્પર્શે છે. જેમ કેંદ્ર સરકાર જાગૃત છે તેમ આપણા મહારાષ્ટ્ર રાજ્યમાં આ સમતોલપણું જાળવી રાખવા રાજ્ય સરકારના મોવડીઓ અને વ્યાપારી આલમના પ્રતિનિધિઓ સૌ સાથે મળીને સતત પ્રયત્નશીલ રહ્યા છે. ૧૭૦ ચોરસ માઈલમાં વિસ્તરેલા મુંબઈ શહેરમાં, કે જ્યાં અછત, સંગ્રહખોરી કે ભાવવધારાનો ભય મોટા પ્રમાણમાં સેવાતો હતો અને જેમા છાંટા આખાય રાજ્યમાં ને દેશમાં ઉડવાની સંભાવના હતી, ત્યાં આજે જથ્થાબંધ બજારના મંડળો સાથે છૂટક અનાજના દુકાનદારોનું મહામંડળ, ધી ઈન્ડિયન ગ્રેન ડીલર્સ ફેડરેશન અને તેના હસ્તકની ૭ સભ્ય સંસ્થાઓના ૭૦૦૦ જેટલા દુકાનદારો પણ સ્વેચ્છાએ અને પૂરી સાવધાનીપૂર્વક ભાવની સપાટી જાળવીને પરિસ્થિતિને પહોંચી વળવા સઘળા શક્ય પ્રયત્નો કરી રહ્યાં છે. આમ છતાં વેપારી વર્ગની આટલી કોશિષથી જ આ પ્રશ્ન પૂરેપૂરો હલ થઈ જતો. જનતાએ પણ કંઈક કરવાનું હજી બાકી રહે છે. એટલે કે જેમ જમીનની એકેએક તસુ તેનું વ્યવસ્થિત ખેડાણ માગે છે તેમ અનાજનો એક એક દાણો તેનો સદુપયોગ માગે છે. વેપારીનું કર્તવ્ય જેમ અન્નની સંગ્રહખોરી અટકાવવાનું છે કે ભાવોની સપાટી જાળવી રાખવાનું છે એ જ પ્રકારે આમજનતાનું કર્તવ્ય, જો ભયની લાગણી પ્રસરતી હોય તો, તે અટકાવવાનું, સંગ્રહખોરીથી બચવાનું અને સૌથી વિશેષ અન્નના દાણેદાણાનો દુર્વ્યય થતો અટકાવવાનું છે. ગૃહલક્ષ્મીઓ પણ આ કાર્યમાં પોતાનો સુંદર ફાળો આપીને લાખો મણ અનાજ બચાવી શકે છે.

અને આ પ્રશ્ન માત્ર અન્નની બાબતને જ નથી લાગુ પડતો. વસ્તુમાત્રનો દુર્વ્યય અટકાવવો એ આજની પરિસ્થિતિમાં આપણું મુખ્ય સૂત્ર હોવું જોઈએ—પછી તે રોજિંદા જરૂરિયાતની વસ્તુઓનો હોય, સમયનો હોય, નાણાંનો હોય કે શક્તિનો હોય.

આજનો અવસર આપણાં તમામ સાધનો, તમામ શક્તિઓ અને આપણો તમામ સમય દેશની આઝાદીના રક્ષણ કાજે સમર્પિત કરી દેવાનો છે. પરિસ્થિતિ ગમે તેવી સર્જાય, તેના માટે પૂરેપૂરા તૈયાર રહેવાનો છે.

સમય આપણને પુકારી રહ્યો છે કે (૧) જરૂર હોય તેટલું જ ખરીદો, (૨) વધુ ને વધુ નાણાંની બચત કરો, (૩) અફવાઓ ફેલાતી અટકાવો, (૪) સમારંભોનું પ્રમાણ મર્યાદિત કરો, (૫) સોના પરનો મોહ ઓછો કરો, અને (૬) સંરક્ષણ નિધિમાં ફાળો આપવાનું ચાલુ રાખો.

સમયના આ અવાજને ઝીલીને આપણે સૌ તૈયાર થઈએ એ જ છેલ્લે અભ્યર્થના ! જય હિંદ !

ખીમજી માડણ ભુજપુરીઆ

ભિખારી ન બનો, દુકાન ન બનાવો!

આપણે બધા ભિખારી છીએ, કોઈનું થોડું કામ કર્યું કે તેના બદલાની આશા રાખીએ છીએ. આપણે બધા દુકાનદારી કરીએ છીએ, સદ્‌ગુણોમાં દુકાનદારી, ધર્મમાં દુકાનદારી, અને પ્રેમમાં પણ આપણે દુકાનદારી કરીએ છીએ. દુકાનદારીમાં ખરીદી અને વેચાણ આવે છે, લેણદેણ હોય છે.

કશું માગો નહિ, કોઈ પ્રકારના બદલાની આશા ન કરો. તમારે જે આપવાનું હોય તે આપી દો, પરંતુ બદલાની આશા રાખીને ભિખારી ન બનો, દુકાન ન બનાવો !

'શક્તિ-દલ'માંથી ઉધ્ધૃત સ્વામી વિવેકાનંદ

બે અવલોકનો

પરિચયપુસ્તિકા—પ્રવૃત્તિ

(ગતાંકથી ચાલુ)

આપણું મધ્યકાલીન પ્રજાજીવન સ્થિતિપ્રધાન હતું એમ કહીએ તો આજનું આપણું પ્રજાજીવન ગતિપ્રધાન છે એમ કહી શકીએ. આનું એક પરિણામ એ આવ્યું છે કે પ્રજાની જિજ્ઞાસા ખૂલી છે, ખૂલી છે, એટલું જ નહિ પણ, 'યુગતરસ્યા જગકંઠ'ની પેઠે વણછીપી જ રહેતી નજરે આવે છે. પચ્ચીસ—ત્રીસ વર્ષ પહેલાંની પ્રકાશન પ્રવૃત્તિની સાથે આજની પ્રકાશન પ્રવૃત્તિની સરખામણી કરીએ તો આનો સહેજ ખ્યાલ આવે. નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓ સ્વતંત્ર પ્રકાશન પામવા ઉપરાંત સામયિકોમાં પણ બહોળી સંખ્યામાં પ્રકાશિત થાય છે. દૈનિક, સાપ્તાહિક, માસિક વગેરે સામાયિકોમાં સામાજિક, ધાર્મિક, રાજકારણીય, આંતરરાષ્ટ્રીય વિષયોનાં નિરૂપણો ઉપરાંત વૈજ્ઞાનિક, અર્થશાસ્ત્રીય અને સાહિત્યવિષયક લેખોની સંખ્યા જોતાં પ્રજાને આજે જીવનનાં દરેક ક્ષેત્ર વિષે જ્ઞાનપ્રાપ્તિની કેવી ઝંખના જાગી છે તે સમજી શકાય છે. આજનો જમાનો સાયન્ટીફિક ટેમ્પરવાળો--વૈજ્ઞાનિક મીજાજવાળો--છે. પ્રજાને વિજ્ઞાનના દરેક ક્ષેત્રમાં રસ પડે છે એમ સામયિકોમાં પૂછવામાં આવતા પ્રશ્નો ઉપરથી તારવી શકાય. પ્રજાની આ ઉત્કટ જિજ્ઞાસાને સંતોષવાની પ્રવૃત્તિ ચોમેર હાથ ધરવામાં આવે ત્યારે બહોળી પેદાશ થાય તેની સાથે જ ગુણવત્તાનું ધોરણ નીચું જવાનો ભય ઊભો થાય. પ્રજાની આ માનસિક ગતિને પ્રગતિનું સ્વરૂપ મળે એ આવશ્યક છે, તેને દિશા મળવી જોઈએ, માર્ગદર્શન પણ મળવું જોઈએ. પ્રજાની વિચારશક્તિને ઉત્તેજે, કેળવે, વિશ્વસનીય માહીતી પૂરી પાડે અને સુરૂચિ અને વિવેકશક્તિનો વિકાસ સાધવામાં સહાયભૂત થાય એવી પ્રકાશનપ્રવૃત્તિ સર્વથા આવકારપાત્ર ગણાય. "પરિચય ટ્રસ્ટ" તરફથી યોજાયેલી "પરિચયપુસ્તિકા--પ્રવૃત્તિ" આ પ્રકારની આવકારપાત્ર પ્રવૃત્તિ છે. આજ સુધીમાં આ સંસ્થાએ પ્રકાશિત કરેલી પુસ્તિકાઓની સંખ્યા એક્સોની આસપાસ પહોંચી છે. અધિકૃત લેખકો દ્વારા જૂદા જૂદા વિષયો વિષે સંક્ષિપ્ત રૂપની માહીતી આપવી એવી નેમ ટ્રસ્ટના સંચાલકોએ રાખી છે. વ્યવહારિક દૃષ્ટિએ એ ડહાપણભરી નેમ છે. બત્રીસ બત્રીસ પાનાંની સુઘડ છપાઈવાળી આ પુસ્તિકાઓમાં નિરૂપાયેલા વિષયોનું વૈવિધ્ય પણ કેવું છે! તેમાંનાં કેટલાંક શીર્ષકો આ પ્રમાણે છે: વર્તમાનપત્ર કેવી રીતે તૈયાર થાય છે?, હૃદયની સંભાળ, લોકશાહી જ શા માટે ?, ઘરની જીવાત, વેવિશાળની સમસ્યા, સ્પુટનિક અને રોકેટ, સુવાવડ પહેલાંની સંભાળ, જીવ ક્યાંથી આવ્યો ?, ચામડીની સંભાળ, ટેલિવિઝન શું છે?, ભાડુત અને મકાનમાલિક, અવકાશની યાત્રા, નક્ષત્ર પરિચય, ઉંઘવાની કળા, બાળકો ક્યારે ગુના કરે છે?, સિધી સાહિત્યમાં ડોકિયું, ભારતીય સંસ્કૃતિ શું છે?. દરેક પુસ્તિકામાં તે તે વિષયના નિષ્ણાત કે અભ્યાસી લેખકે સામાન્ય વાચકવર્ગ સમજી શકે તેવી ભાષા અને શૈલીની યોજના કરીને સંક્ષેપમાં વિષયનિરૂપણ કર્યું છે. એક મુદ્દા તરફ લક્ષ દોરવું આવશ્યક છે એમ લાગે છે. જેમ ધર્મના ક્ષેત્રમાં દંતકથાઓ અને પુરાણકથાઓના ઢગ સર્જાયા હતા તેમ વિજ્ઞાનના ક્ષેત્રમાં એવી પુરાણકથા કે દંતકથાની વૃત્તિ પ્રવેશ ન પામે તે તરફ કાળજી રાખવી જોઈશે. "જીવ ક્યાંથી આવ્યો?" આ પ્રશ્ન કેવળ ભૌતિક વિજ્ઞાનનો છે એમ વૈજ્ઞાનિકો પણ નિશ્ચિત રીતે આજે માનતા નથી. વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઉત્ક્રાન્તિનું નિરૂપણ કરીને જડ-નિર્જીવ તત્ત્વોની રાસાયણિક પ્રક્રિયાથી ચેતનની ઉત્પત્તિ થઈ છે એ વિધાન હજી આજે ઉપપત્તિવાળું નથી; કલ્પનાને એમાં અવકાશ ન હોવો જોઈએ. "પરિચય પુસ્તિકા"નો સેટ દરેક કુટુંબમાં વસાવવા યોગ્ય છે એમ કહી શકાય.

સમાપ્ત ગૌરીપ્રસાદ ચુ. ઝાલા

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સમેન પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧, ૧૯૬૩, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

આપણા જીવનમાં હિમાલયનું સ્થાન

(જેમના વ્યાખ્યાનનો તા. ૧—૨—૬૩ ના પ્રબુદ્ધ જીવનમાં ઉલ્લેખ કર્યો છે તે સ્વામી પ્રણવતીર્થના વ્યાખ્યાનની તેમણે લખી મોકલેલી નોંધ નીચે આપવામાં આવે છે. તંત્રી)

એક હકીકત તો નિર્વિવાદ છે કે, હિમાલય આપણા ભારતીઓને મન ઘણી મોટી વસ્તુ છે—કદમાં જ નહિ પરંતુ પ્રીતિભાવે, પૂજ્યભાવે પણ. કદ તો, દ્રશ્ય લક્ષણ હોઈ, દુનિયાને મંજૂર છે, પરંતુ પૂજ્યભાવ પરત્વે તેવું ભાગ્યે જ કહી શકાય. ત્યારે, એમ કેમ હશે? એ આદર નિષ્કારણ તો ન જ હોય. ટિબેટને રાજ્યકારણ અંગે કે લોકની જાત જોતાં, આપણી સાથે શી નિસબત છે? છતાં તત્રસ્થ કૈલાસ તથા તેને ફરતો પ્રદેશ કેમ સાવ આપણો પોતીકો હોવાનો ઉમળકાભર્યો ભાવ આપણને રહે છે?

હિમાલયનાં દર્શનને કોણ નથી ઝંખતું? તેને નામે કોને ઉલ્લાસ નથી થતો? ... એમ કેમ? ... શા માટે છેક દક્ષિણની તળેટીના અનેક ટીંબાથી માંડીને છેક ૧૫૦ થી ૨૦૦ માઈલ ઉત્તરે ગાંગરીપાર સુધીનો પહોળો ને ૨૦૦૦ માઈલ લાંબો આ પથરાપટાણાનો ઢગલો ત્રણેય ભારતીય હિંદુ પ્રસ્થાનોને આવો તીર્થસ્વરૂપ અને પ્યારો હશે?

જરા બુદ્ધિથી વિચારવાયોગ્ય છે, આ કૃપાળો પ્રશ્ન - તીર્થભાવનાની પાછળ પણ કોઈ અત્યંત વ્યવહારોપયોગી સામાજિક મહત્ત્વનો હેતુ રહેલો છે, જેનો વિચાર, પુણ્ય કમાવા નીકળતા લાખો પ્રાકૃત જાત્રાળુઓમાંથી ભાગ્યે જ કોઈ કરતું હશે.....

આપણે જરા કલ્પના, જરા વૈજ્ઞાનિક માહિતી તથા જરા ખુલ્લા દિલથી આ હિમાલયને જોઈએ. ટિબેટે વેદોમાં ઉપલબ્ધ પ્રમાણોને આધારે 'મૃગશીર્ષ'માં સ્પષ્ટતા કરી છે કે, ઇ. સ. પૂર્વે ૬૦૦૦ વર્ષોથી પણ પહેલાં આર્યોનો વાસ, તે કાળે હરિયાળા ફળદ્રુપ ઉત્તરધ્રુવના પ્રદેશમાં હોવો જોઈએ. તે કાળે બરફ યુરોપ ખંડ ઉપર હતો, તે ભૂસ્તરવિદ્યા આજે કહે છે તેમ, ખસતો ખસતો ઉત્તર ધ્રુવે પહોંચ્યો, એટલે ભરવાડ આર્યો પૂર્વ તથા દક્ષિણ તરફ નીકળી પડ્યા. ...આગળ એ લોક, ને પાછળ હિમકાળ. માર્ગમાં આવતા, દક્ષિણે નોર્વે, સ્વીડન, જર્મની, ઈ. ભૂમિઓમાં તેમની કેટલીક ટોળીઓ ઉતરતી ગઈ ... પછી બેબર, વગેરે ધાટોમાં થઈને પંચનદમાં કેટલાકો ગયા. ત્યાંથી, હિમાલયની ઉત્તરે ચાલતા ચાલતા, કેટલાકો આજના નીતિ, નિલંગ ઈ. ઘાટોમાં થઈને ભારતમાં ઉતર્યા. વળી આવ્યું તિબેટનું મેદાન, ત્યાં અવર્ણનીય સુંદર વનો, જળાશયો ઈ. વિસ્તર્યાં હતાં. તેમનાં પ્રમુખસ્થાને વિરાજ્યો હતો કૈલાસ! ત્યાં આપણાં એ પૂર્વજોના ડેરામુકામ પડ્યા...માનસસરને કાંઠે, રાવણહૃદયને તટે. ... ને કૈલાસ થયો તેમનું રાજભવન ... આપણા એ મહાતેજસ્વી પૂર્વજો, તે દેવો; તેમનાં ઉપવનો તે નંદનવન. તેમનો દેશ તે ત્રિવિષ્ટપ અર્થાત દેવભૂમિ, આપણું 'સ્વર્ગ'. ... ત્યાં ખૂબ માણ્યા - મા'લ્યા, આપણે તો!

પરન્તુ હિમે પૂંઠ છોડી ન હતી. એ આવી જ પહોંચ્યો; ને 'આપણે' પાર કરવો પડ્યો હિમાલયનો મધ્યસ્થ ઉંબરો. કૈલાસવાળી પર્વતશ્રેણી, તે ગાંગરીની કતાર હતી. હવે આવ્યા હિમાલયની વચલી ધારને પાર કરવા ... પાર કરી. ... એ તરફની ભોંય ૧૫૦૦૦ ફીટ ઊંચી, એટલે ત્યાં ચડવાનું ઓછું હતું. પરંતુ દક્ષિણે તો, હજારો, લક્ષાવધિ ટીંબા ઉપર ટીંબાની અપાર ભૂલભૂલામણી હતી! એમાં કબીલાને વસવા - વિકસવાની કે સુખે જીવવાની જોગવાઈ નહોતી ... ત્યારે, હવે શું કરવું?

તેમના રાજા સગરે નિરીક્ષણ—ટોળીઓ નીચેનાં મેદાનોમાં મોકલી, તપાસ કરવા, કે ક્યાંય સરખી ભોમ મળે છે. પરંતુ નીચે તો સૂકાં મેદાન જ મેદાન હતાં. તેમાં સગરના પુત્રસમા અનેક પ્રજાજનો તરસે મરી ગયા. એક મહા વિચક્ષણ વિજ્ઞાની કપિલ મુનિ તે સમયે બિહાર સુધી વિસ્તરેલા સાગરકાંઠા સુધી પહોંચી ગયા હતા. તેમણે સગરને ખબર આપી, કે જો હિમાલયમાંથી એકાદ નદી ખેંચી લાવો, તો કામ બને, નહિ તો આપણો કોઈ બેલી નથી! આ પડકાર ઝીલીને રાજા સગરે માંડ્યા નદી નીચે ઉતારવાના પ્રયત્નો. આર્યો માટે એ પ્રાણપ્રશ્ન હતો ... ચોથી પેઢીએ ભગીરથે છેવટે ગંગાને 'સ્વર્ગ'થી 'અવનિ' ઉપર ઉતારી ... ઓહો! એ કેવી અદ્‌ભૂત પરાક્રમગાથા બની !...

અને નિર્જન ભૂમિમાં આર્યો ગંગાકાંઠે વસ્યા. પ્યારા કૈલાસનાં સંભારણાં ત્યારનાં આપણાં દિલમાં રમે છે! હિમાલય આગળ હિમનો ધસારો અટક્યો, ને આપણને ભારતે અંકે લીધા ... હજારો વર્ષો સુધી હિમવાન દાદાએ આપણને જાળવ્યા છે. ગંગાએ તથા સગરવંશના પ્રયત્નોના ફળસ્વરૂપ ઉતરી આવેલી અન્ય અનેક સરિતાઓએ તેનાં અમી લાવી લાવીને આપણને પાળ્યા-પોષ્યા છે. હિમાલય આપણું સર્વસ્વ છે. એ આપણું વતન છે. ત્યાં જવા કોનું દિલ નથી તલસતું? એનો પ્રેમ આપણી નસેનસમાં વહે છે.

આજે પણ, ચીનાઓના આક્રમણને લીધે અનેક પ્રશ્નો ચર્ચાય છે; પરંતુ ભારતનાં કરોડો માનવીઓને તો મુખ્યત: એક જ પ્રશ્ન કઠે છે - હે ત્યારે, શું હિમાલય નહિ જઈ શકાય? ત્યાંની જાત્રાઓ બંધ થશે? ... શું હવે હિમાલય આપણો નહિ રહે?

હું પાંચેક વાર દાદાના ખોળા ખૂંદી વળ્યો છું. ઘણી વાર ઉઘાડે પગે, ઉંચા ઉંચા પર્વતોનાં મસ્તક ઊભા ઊભા મેં વિચાર કર્યો છે—આ તરફ એ પડ્યો પાકિસ્તાન, આ બાજુ રશિયા, ને આ લંબાયો ચીનનો પ્રચંડ અજગર; આપણા દેશના માથાને એણે કેવો ભરડો લીધેલો છે! ધારો કે એ ત્રાટકે, તો? ... એમ કહેવાય છે કે હવે હિમાલયનું ભારતના સંરક્ષક તરીકે મહત્ત્વ આજના આકાશયાનના જમાનામાં લુપ્ત થયું છે, પરંતુ એમ નથી. જરા વિચારો, કે ફતેહ ઉપર ફતેહ કરતાં ચીની ધાડાં દાદાને પાર કરીને આસામમાં આવ્યાં; તો પછી એ દુમ દબાવીને પાછાં કેમ નાઠાં? ભારતના દાદાએ તેમને પોતાનાં હજારો શિખરોમાં એવા દાબ્યા, એવા દાબ્યા... કે આપમેળે, એ જીતેલા ચીના ભાગ્યા! ના ના, હજી પણ દાદો આપણી ભાળ રાખે છે હો, જગત પરિવર્તનશીલ છે. ભોંયના ખંડોની માલિકીઓ પલટાય છે. થોડા કાળ પહેલાં હતા જ નહિ તેવા 'દેશો' પ્રકટ્યા છે, ને કેટલાક જે હતા, તેનાં નામોનિશાં નથી ... કાળનું ચક્ર એમ ફરે છે; ફરશે જ. ભલે ફરે, પરંતુ જ્યાં સુધી ભારત ભારત છે, ને આપણે આપણે છીએ, ત્યાં સુધી, વસમો છતાં દિલદાર પ્યારો પૂજ્ય હિમાલય આપણને પ્યારો ને પૂજ્ય રહેવાનો જ. ... આપણે જ્યાં સુધી આપણે રહીશું ત્યાં સુધી !

સ્વામી પ્રવણતીર્થ

(વાર્તાલાપમાં ઉપસેલાં અનેક મનનીય તથા આહ્‌લાદક પાસામાંથી નમૂનારૂપે આટલું જ નોંધી શકાયું છે, કેમકે સામયિક પત્રની સ્થળમર્યાદા તો હિમાલયથી યે અધિક અનુલ્લંઘનીય છે. પરન્તુ આજકાલમાં વડોદરા યુનિવર્સીટી દ્વારા પ્રકટ થનાર સ્વામીજીના 'કૈલાસ'માં આ વિષયને જરા વધારે વિગતે રમાડેલો જોવા મળશે. તંત્રી)

અદ્યતન યુદ્ધ પરિસ્થિતિ અને અહિંસાવ્રતધારી જૈન સાધુઓ

પૂર્વભૂમિકા

તા. ૧૬-૧-૧૯૬૩ ના પ્રબુદ્ધ જીવનમાં 'ધર્મયુદ્ધ અને અહિંસક યુદ્ધ વચ્ચે તફાવત' એ મથાળા નીચે મારી લખેલી એક નોંધ પ્રગટ થઈ હતી. તે નોંધમાં ધર્મયુદ્ધ અને અહિંસક યુદ્ધ વચ્ચે નીચે મુજબ તફાવત દર્શાવવામાં આવ્યો હતો:—

"જ્યારે કેવળ સત્તાના જોરે અને કેળવ અન્યાય—અધર્મ-ભાવનાથી પ્રેરિત બનીને કોઈ પણ એક દેશ અન્ય દેશ ઉપર અથવા તો કોઈ પણ એક સમુદાય અન્ય સમુદાય ઉપર આક્રમણ કરે ત્યારે આક્રમણના ભોગ બનતા દેશને કે સમુદાયને જે પ્રતિકાર કરવો પડે તેને સાધારણ રીતે ધર્મયુદ્ધ તરીકે ઓળખવામાં આવે છે. જેમ પાંડવ-કૌરવ વચ્ચેના સંઘર્ષમાં કૌરવોના પક્ષે અન્યાય હતો અને અધર્મ હતો એમ આપણે માનીએ છીએ અને તેથી પાંડવોના કૌરવો સાથેના યુદ્ધને આપણે ધર્મયુદ્ધ તરીકે વર્ણવીએ છીએ. આજના સંદર્ભમાં ચીની આક્રમણને આપણે આ જ દૃષ્ટિથી નિહાળીએ છીએ અને આપણા તેમની સાથેના યુદ્ધને આપણે ધર્મયુદ્ધ તરીકે વર્ણવીએ છીએ.

"આવી જ રીતે અંગ્રેજ સરકાર સામે આપણું જે યુદ્ધ ચાલતું હતું તે પણ એક પ્રકારનું ધર્મયુદ્ધ જ હતું, કારણ કે, તેમની આપણા ઉપરની હકૂમત એ જ એક પ્રકારનો અધર્મભર્યો વર્તાવ હતો. આમ છતાં અંગ્રેજ સરકાર સાથેની લડત અને ચીનાઓ સાથેની લડતમાં જે તફાવત છે તે આપણા ધ્યાન બહાર હોવો ન જોઈએ. બન્ને એક પ્રકારના પ્રતિકારો જ છે, એમ છતાં ચીનાઓ સામે કરવામાં આવેલો પ્રતિકાર હિંસક છે, જ્યારે અંગ્રેજો સામેના પ્રતિકારનું રૂપ મોટા ભાગે અહિંસક હતું.

"આ તફાવત તરફ ધ્યાન ખેંચવાની જરૂર એટલા માટે છે કે, આજે અમુક જૈન સાધુઓ તથા સાધ્વીઓ યુદ્ધ સંરક્ષણ ફાળો એકઠો કરવામાં સક્રિય ભાગ લઈ રહ્યા છે. બીજી રીતે તો આ બરોબર છે, પણ તેમણે લીધેલા સર્વવિરતિભાવ—સૂચક અહિંસાના મહાવ્રત સાથે આ કેટલું સુસંગત છે એ એક પ્રશ્ન છે. કોઈ પણ પરિસ્થિતિપ્રાપ્ત કર્તવ્ય અંગે ઈનકાર, તાટસ્થ્ય અથવા સ્વીકાર એમ ત્રણ પ્રકારના વિકલ્પો વિચારી શકાય છે. અહિંસાવ્રતી જૈન મુનિઓ માટે આવા પ્રસંગે તાટસ્થ્ય વધારે ઉચિત લાગે છે."

મુનિ જનકવિજયજીનો પત્ર

આ નોંધ વાંચીને પંજાબ, બાજુએ વિચરતા સ્વ—વિજય-વલ્લભસૂરિના શિષ્ય વિજયસમુદ્રસૂરિના શિષ્ય મુનિ જનકવિજયજી તરફથી નકોદર (જિલ્લો જલંધર) થી નીચે મુજબનો પત્ર મળ્યો હતો:—

શુક્રવાર, તા. ૧-૨-૧૯૬૩.

શ્રીયુત પરમાનંદભાઈ

નકોદરથી લી૦ જનકવિજય તરફથી ધર્મલાભ.

પ્રબુદ્ધ જીવનમાં "ધર્મયુદ્ધ અને અહિંસક યુદ્ધ વચ્ચેનો તફાવત" બાબત આપના વિચારો વાંચ્યા. અંતમાં આપે એમ પણ જણાવ્યું છે કે, અહિંસાવ્રતી જૈન મુનિવરો માટે આવા પ્રસંગે તાટસ્થ્ય વધારે ઉચિત લાગે છે.

જૈનધર્મમાં ઉત્સર્ગ અને અપવાદોનું વિશદ વર્ણન કરવામાં આવ્યું છે. જૈન દર્શનની વિચારધારા દરેક સમયે લાભાલાભનો વિચાર કરી કામ કરવાની આજ્ઞા આપે છે. જૈન મુનિની નદી પાર કરવાની આજ્ઞા તીર્થંકરોએ આના લીધે જ આપી છે.

ધર્મ, સમાજ તથા સંઘની રક્ષા માટે મહાન આચાર્યોએ અપવાદોનું સેવન કરી કર્તવ્યપાલન કર્યું છે. કેમકે ઉત્સર્ગ (એટલે કે નિયમ) ની અને અપવાદની પાછળ શુભ પરિણામનું જ ધ્યેય હોય છે, વિષ્ણુ મુનિએ અન્યાયી નમુચીને વૈક્રિય રૂપ ધારણ કરી દંડ આપી દેશમાં શાંતિ સ્થાપી હતી. કાલિકાચાર્ય પોતાની બેન સાધ્વી સરસ્વતીની દુષ્ટ આતતાયી ગર્દભભિલ્લ રાજાથી રક્ષા માટે પોતે સ્વયં ચારિત્ર્યને ગૌણ કરી યુદ્ધમાં ઉતર્યા હતા.

આપણા ઈતિહાસમાં ઉપર મુજબ પ્રેરક અનેક ઘટનાઓ હોવા છતાં, જો જૈનમુનિ દેશ તથા સમાજને તન-મન અને ધન અર્પણ કરવા પ્રેરણા ન કરે તો તેમના માટે અનુચિત ન કહેવાય! આવા પ્રસંગે તટસ્થ રહેવું એ તો એક પ્રકારની કાયરતા અને દેશ-સેવાના કર્તવ્યથી ભાગવા જેવું લેખાય.

હાલની સંકટગ્રસ્ત દશામાં સાધુઓને યુદ્ધમાં જવાની વાત તો છે જ નહિ. ફક્ત પ્રેરણા અને ત્યાગીઓથી બીજું કાંઈ બની શકે તો જેઓ સર્વસ્વ અર્પણ કરી ધર્મયુદ્ધમાં લડી રહ્યા છે તેમના જીવનદાન માટે લોહી આપવું એ ત્યાગીઓનું પરમ કર્તવ્ય છે એમ અમારું માનવું છે.

અત્યારે સાધુઓનું જીવન એકાંત નિવૃત્તિપ્રધાન નથી રહ્યું. વર્તમાનમાં અમારું જીવન સમાજ સાથે પ્રાયઃ ઓતપ્રોત થઈ ગયું છે. અમો સમાજથી અન્ન, વસ્ત્ર, મકાનની સાથે દવા, ઈન્જેક્શન તથા ઑપરેશન આદિ બધી જ જાતની સુખ—સુવિધાઓનો આકાય લેતા રહીએ છીએ. તો જ્યારે પોતાના માટે અપવાદરૂપમાં બધું જ સ્વીકાર્ય હોય તો શું ધાયલ જવાનો માટે સાધુઓ પોતાનું રક્ત-દાન ન કરી શકે? ભ. મહાવીરે થાણાંગ સૂત્રમાં દશ પ્રકારના ધર્મોમાં રાષ્ટ્રધર્મનું વર્ણન કર્યું છે તે આપના ધ્યાનમાં હશે જ. રાષ્ટ્રધર્મ બધાથી મોટો છે તેનો તો આપ પણ સ્વીકાર કરો છો જ.

સંત વિનોબાજી, મુનિ સંતબાલ, કાકા કાલેલકર આદિ બધા અહિંસાનિષ્ઠ મહાપુરુષો વર્તમાન યુદ્ધને ધર્મયુદ્ધ કહે છે. જ્યારે આપણે એમ નિશ્ચિતપણે માનીએ છીએ કે, આ યુદ્ધ ધર્મયુદ્ધ છે, અને આ અન્યાયપૂર્ણ આક્રમણનો પ્રતિકાર આપણે અહિંસક પદ્ધતિએ કરવા શક્તિમાન નથી, બધા જ શાંતિપૂર્ણ માર્ગ બંધ છે તો પછી પરિસ્થિતિના કારણે ધર્મયુદ્ધ વધારે હિંસાવાળું હોય તો પણ તે ક્ષમ્ય જ લેખાય. એથી અસહયોગ કરવો અથવા મૌન રહેવું તે સાચા દેશસેવકો માટે યોગ્ય ન જ કહેવાય. આપ જેવા ક્રાંતિપ્રેમી, સુધારાવાદી, ચિંતનશીલ વ્યક્તિના તરફથી તાટસ્થ્યના વિચારો વાંચી અમોને તો ખૂબ જ આશ્ચર્ય થયું છે."

મુનિશ્રી જનકવિજયજીના પત્રનો જવાબ

ઉપર મુજબ મુનિ જનકવિજયજી તરફથી પત્ર મળ્યા બાદ તેમની ઉપર જે જવાબ મોકલવામાં આવ્યો તેની નકલ, પ્રબુદ્ધ જીવનના વાચકોને પ્રસ્તુત વિષય અંગે વિચારવાયોગ્ય સામગ્રી મળે તે હેતુથી, નીચે પ્રગટ કરવામાં આવે છે:—

મુંબઈ, તા. ૨૦-૨-૬૩

મુનિશ્રી જનકવિજયજી,

આપનો તા. ૧-૨-૧૯૬૩ નો પત્ર વખતસર મળ્યો હતો. એ પત્રની પહોંચ તો મેં લખી છે. વિગતવાર જવાબ લખવામાં બીજાં કેટલાંક રોકાણોને લીધે વિલંબ થયો છે તે માટે ક્ષમા કરશો.

આપનો પત્ર ધ્યાનપૂર્વક વાંચી ગયો. એમાં ઉઠાવેલા મુદ્દાઓ વિચારણીય છે. "ધર્મયુદ્ધ અને અહિંસકયુદ્ધ વચ્ચેનો તફાવત" એ મથાળા નીચે તા. ૧૬-૧-૧૯૬૩ ના "પ્રબુદ્ધ જીવન" માં પ્રગટ થયેલી મારી નોંધ વાંચતાં દિલમાં ઉઠેલા પ્રત્યાઘાતો આપે આપના પત્રમાં જણાવ્યા છે. આપના આ પત્રને આવકારું છું, કારણ કે એ નોંધ વાંચીને અન્ય જૈન સાધુઓના દિલમાં પણ એવા પ્રત્યા-ઘાતો પેદા થયાનું મારી જાણમાં આવ્યું છે, અને તેથી આપના પત્રના કારણે મારી નોંધના મુદ્દાને વધારે વિસ્તારથી સ્પષ્ટ કરવાની મને તક પ્રાપ્ત થઈ છે.

આપનો પત્ર વાંચતાં મારાં મન ઉપર મુખ્ય છાપ એ પડે છે કે, આપની દૃષ્ટિ અહિંસાના તત્ત્વનો લાભાલાભના ધોરણે

વિચાર કરવાની છે, અને નહિ કે અહિંસાને સર્વથા સમર્પિત એવી જીવનનિષ્ઠાના ધોરણે. અને એમ હોવાના કારણે જ આપ ઉત્સર્ગ એટલે કે નિયમ જેટલું જ અપવાદને મહત્ત્વ આપો છો અને આજે જે કાંઈ ચાલી રહ્યું છે—જૈન સાધુઓ તેમ જ સાધ્વીઓ રાષ્ટ્રસંરક્ષણ ફંડ માટે ફાળો એકઠો કરે છે અને સરકારી યુદ્ધપ્રયત્નોને સીધી રીતે મદદ કરે છે તે બધું આપ અપવાદના નામે અહિંસાવૃત્તિ સાથે સુસંગત હોવાનું માનો છો, જણાવો છો. પણ આજની પરિસ્થિતિનો જે વધારે ઊંડાણથી વિચાર કરે છે તેને સહજપણે માલુમ પડે છે કે, ચીની આક્રમણના કારણે આજે આપણા દેશનો સરહદી પ્રદેશ જ માત્ર જોખમમાં મૂકાયો છે એમ નથી. પણ એ સાથે, જે અહિંસાની ભાવના આપણે ત્યાં સદીઓથી કેળવાતી રહી છે, જે અહિંસાનાં મૂલ્યો આજ સુધી સ્વીકારાતાં આવ્યાં છે અને આપણા જીવનમાં સીંચાતા રહ્યાં છે તે બધું ભૂંસાવા બેઠું છે, જાણે કે અહિંસા આપણા દેશમાંથી વિદાય લેવા બેઠી ન હોય! રાષ્ટ્રની રક્ષા કરતાં પણ આ અહિંસાવૃત્તિની રક્ષાનો સવાલ અહિંસાનિષ્ઠ લેખાતા જૈન મુનિ માટે વધારે મહત્ત્વનો હોવો ઘટે છે. આ દૃષ્ટિએ વિચારતાં આજે ઊભી થયેલી પરિસ્થિતિ અહિંસા-લક્ષી વ્યક્તિ માટે 'સૂપી વચ્ચે સોપારી' જેવી અથવા તો 'હા કહે તો હાથ કપાય અને ના કહે તો નાક કપાય' એ પ્રકારની મૂંઝવણ પેદા કરનારી બની છે. જેને અહિંસા સાથે સૈદ્ધાન્તિક નિસબત નથી, જેના માટે અહિંસા માત્ર રૂચિનો જ સવાલ છે પણ નિષ્ઠાનો સવાલ નથી, સગવડ મુજબ અહિંસાનું પાલન-અપાલન એ જ જેનું આચાર-ધોરણ છે તેના માટે આજે કોઈ મૂંઝવણ કે મથામણનો સવાલ જ નથી. અલબત્ત, જે સંયોગોમાં ચીને આપણા દેશ ઉપર આક્રમણ કર્યું છે તે સંયોગોનો વિચાર કરતાં તેનો કશો પ્રતિકાર જ ન કરવો એમ કોઈ સમજુ માણસ કદિ કહે કે વિચારે જ નહિ, પણ આવા સંયોગોમાં જ્યારે સામાન્ય માણસો સશસ્ત્ર પ્રતિકારનો જ વિચાર કરતા હોય છે, ત્યારે અહિંસાનિષ્ઠ વ્યક્તિ ગાંધીજીએ ચીંધેલા અહિંસક સામુદાયિક પ્રતિકારની ખોજમાં પડે છે, અને કોઈ ને કોઈ સામુદાયિક ઉપાય યોજના શોધી કાઢે છે, અને ધારો કે એવો કોઈ ઉપાય કે યોજના તેને ન સૂઝે તો તેની અહિંસાનિષ્ઠા સાથે વિસંવાદી ભાસતા એવા સશસ્ત્ર પ્રતિકાર અને તેના ફંડફાળા અંગે તે તટસ્થ રહીને, યુદ્ધપરિસ્થિતિ અંગે જે બીજી અનેક બાબતો ઊભી થાય છે—જેમ કે સૈનિક રાહત ફંડ, ઘાયલ સૈનિકોને પાટાપીંડી, યુદ્ધપરિસ્થિતિ અંગે ઊભી થતી મોંઘવારીમાં રાહત, સ્થળ સ્થળની શાંતિરક્ષા અને તદર્થે શાંતિસેનાની યોજના અને હોમ-ગાર્ડની પ્રવૃત્તિ, દેશના સામાજિક તેમ જ આર્થિક જીવનમાં પ્રવર્તતી અસમાનતાનું—અન્યાયનું નિવારણ—આવી અનેક બાબતો છે કે જેને અહિંસાનિષ્ઠાની રક્ષા સાથે કોઈ વિરોધ નથી— આવી બાબતોમાં શક્ય તેટલો સહકાર આપવા તે ઉદ્યુકત બને છે. આજની પરિસ્થિતિમાં અહિંસાવ્રતી જૈન મુનિઓ માટે જે પ્રકારની તટસ્થતા હું સૂચવું છું તે તટસ્થતાની મારી કલ્પના ઉપર મુજબની છે. આ તટસ્થતા સશસ્ત્ર પ્રતિકાર અને તેને લગતા ફંડફાળા સિવાય બીજી અનેક બાબતોમાં ક્રિયાશીલતાની પૂરી અપેક્ષા રાખે છે.

જૈન મુનિઓનો હું સમગ્રપણે વિચાર કરું છું ત્યારે જે નામાં દેખાતો ઊંડી વિચારણાનો—કોઈ પણ પ્રકારના મનોમંથનનો—લગભગ અભાવ મને ખૂબ સાલે છે. સાધારણ રીતે આસપાસ શું ચાલે છે તે વિષે તેમનામાં ઉદાસીનતા પ્રવર્તતી હોય છે. વિશાળ સમાજ અને તેના પ્રશ્નોથી જાણે કે તેઓ સાવ અલગ હોય તેવી રીતે તેઓ વર્તતા હોય છે અને આ બાબતો ગૃહસ્થોના જીવનને લગતી છે, સંસારીઓની છે, તેમાં આ કરો અને આ ન કરો એવા વિધિનિષેધ સૂચવવા, તે પ્રકારનું માર્ગદર્શન આપવું એ અમારું કામ નથી—આવી પરંપરાગત ગતાનુગતિકતા તેમના બોલવા ચાલવામાં અને માનવી સમાજ સાથે વ્યવહારમાં મોટા ભાગે દૃષ્ટિગોચર થાય છે. આવી ઉદાસીનતા છોડીને તેમનામાંના કોઈ કોઈ આજકાલ જનતાના જીવનને સ્પર્શતા વિષયોમાં રસ લેતા દેખાય છે. આ જરૂર આનંદદાયક છે તેમ જ આવકારપાત્ર છે. ચાલુ ઘરેડમાંથી આ રીતે બહાર નીકળવાની હિંમત દાખવવા બદલ તેમનું અભિનંદન કરવાનું પણ મન થઈ આવે છે. આમ છતાં પણ આ બાબતોનું તેમનું દર્શન બહુધા ઉપરછલ્લું, ચિંતનના કોઈ પણ ઊંડાણ વિનાનું, ગતાનુગતિક સમું માલુમ પડે છે. આજે ચીને ભારત ઉપર હુમલો કર્યો છે, દેશની રક્ષા ખાતર સર્વ પ્રકારનાં બલિદાન આપવાની જરૂર છે, તેના ફંડફાળામાં ભરાણું કરવાની આવશ્યકતા છે— આવું આજે ચોતરફ વાતાવરણ છે, લોકમાનસનો આવો ઓક છે તો તે સંબંધી ઊંડો વિચાર કરવાને બદલે આવા જૈન મુનિઓ રાષ્ટ્રસંરક્ષણ ફંડના લગભગ પ્રચારક જેવા બની જાય છે. પોતે સ્વીકારેલી સર્વાંગી અહિંસાનિષ્ઠા સાથે આ પ્રચાર બંધબેસતો છે કે નહિ, જૈન ધર્મના પાયા રૂપ અહિંસા સાથે આજની યુદ્ધલક્ષી પ્રવૃત્તિનો મેળ બેસે છે કે નહિ, આ બાબતો અંગે તેમને વિચાર સરખો પણ આવતો દેખાતો નથી. લોકોને આ ગમે છે, સરકાર આ માગે છે, લોકપ્રિયતા મેળવવાનો આ સગવડભર્યો માર્ગ છે, ચાલો, આપણે પણ આની ઝુંબેશમાં સાથ આપીએ—આવી—આધુનિક વિચારવલણ તરફ ઢળેલા કેટલાક જૈન મુનિઓની—મનોદશા જોવામાં આવે છે. દેશની તેમજ દુનિયાની અદ્યતન પરિસ્થિતિ અંગે અહિંસાનિષ્ઠ વ્યક્તિનું મનોમંથન કેવું હોય અને તેની ખોજમાંથી અહિંસાનિષ્ઠા સાથે બંધબેસતી કેવી કેવી વાતો તેને સૂઝે તે બધું આજ કાલ વિનોબાજી, જયપ્રકાશજી, કાકાસાહેબ કાલેલકર, દાદા ધર્માધિકારી જેવી વ્યક્તિઓ જે કાંઈ બોલી યા લખી રહેલ છે તેમાંથી આપણને સૂચન રૂપે જાણવા મળે છે. જેનોમાંના જ એક ભાઈ સતીશકુમાર તથા શ્રી ઈ. પી. મેનન કેટલાક સમયથી વિશ્વશાંતિના પ્રચારાર્થે દિલ્હીથી મોસ્કો—વૉશિંગ્ટનની પદયાત્રા ઉપર નીકળ્યા છે અને આજે મોસ્કો સુધી પહોંચી ગયા છે તે પાછળ આ જ વૃત્તિ કામ કરી રહી છે. આ માર્ચ માસની પહેલી તારીખે શંકરરાવ દેવ અને રેવરન્ડ માઈકલ સ્કૉટની આગેવાની નીચે પંદર યાત્રિકો દિલ્હી—પેકિંગની યાત્રાએ પગપાળા ઉપડનાર છે તેની પાછળ પણ આ જ ખોજ રહેલી છે. આજના ચીન—ભારત સંઘર્ષના જાગતિક પરિસ્થિતિના સંદર્ભમાં તેઓ કેવી રીતે વિચાર કરે છે, વિશ્વમૈત્રીની ભાવનાને ચીન-ભારત સંઘર્ષના સંદર્ભમાં તેઓ કેવું અમલી રૂપ આપે છે તેનો પ્રબુદ્ધજીવનના ગતાંકમાં પ્રગટ થયેલ શ્રી શંકરરાવ દેવનું પ્રવચન જે વાંચશે તેને જરૂર ખ્યાલ આવશે. આજીવન અહિંસાવ્રતને વરેલા જૈન મુનિઓ પાસેથી આવી ખોજની—આવા મનોમન્થનની અને એ દ્વારા સૂઝતા એવા માર્ગદર્શનની—કર્તવ્યકર્મની—હું અપેક્ષા રાખું છું.

પણ આ બધું વાંચીને આપ કહેશો કે, આજના જૈન સાધુઓ પાસેથી હું આ બધી વધારે પડતી આશા રાખી રહ્યો છું. જો આમ જ હોય તો તેમની પામરતા તેમને મુબારક હો! આથી બીજું શું કહું?

અહિંસાની રૂચિ એક ચીજ છે. અહિંસાની નિષ્ઠા અને તે પાછળ રહેલી અહિંસાને લગતી ઊંડી સૂઝ એ બીજી જ ચીજ છે. સામાન્ય રીતે માનવીનું દિલ અહિંસા—અભિમુખ હોય છે, પણ તે અભિમુખતામાં કોઈ ખાસ આગ્રહ હોતો નથી. કોઈ પણ કસોટી કે ક્રોસ્કોટીની પળે અહિંસાને ફેંકી દેતાં અને હિંસાનું અવલંબન લેતાં તે અચકાતો નથી. તાત્કાલિક હિતાહિત, લાભાલાભ, શ્રેયા-શ્રેયની દૃષ્ટિએ પોતાના કર્તવ્યકર્મનો તે નિર્ણય કરતો હોય છે અને તે મુજબ વર્તન કરતો હોય છે. આજના જૈન સાધુઓ અહિંસા-નિષ્ઠાનો દાવો કરતા હોય છે, પણ ઉપર જણાવી તે પ્રકારની અહિંસારૂચિ કરતાં તેની નિષ્ઠામાં વધારે ઊંડાણ કે ગાંભીર્ય નજરે પડતું નથી.

એ હું કબુલ કરું છું કે અહિંસાની વિચારણામાં તેમ જ અમલમાં અપવાદોનો વિચાર અનિવાર્ય છે, કારણ કે અહિંસા એ આદર્શ છે, જ્યારે વાસ્તવિક જીવન કોઈ ને કોઈ હિંસા ઉપર નિર્ભર છે. પણ આ અપવાદના ક્ષેત્રનો સંકોચ—વિસ્તાર વ્યક્તિ વ્યક્તિની અહિંસાનિષ્ઠાની તરતમતા ઉપર અથવા તો ઉત્કટતા—મંદતા ઉપર આધારિત છે. જૈનધર્મશાસ્ત્રોમાં ઉત્તરોત્તર સૂચવાયલા નવા નવા અપવાદો અમુક અમુક સંયોગોમાં અનિવાર્ય લાગતી એવી એક યા બીજા પ્રકારની હિંસાને અહિંસાવ્રતના ચોગઠામાં બેસાડવાના પ્રયત્નમાંથી [નિર્માણ થતા રહ્યા છે. સાથે સાથે, 'નિશીથ સૂત્ર' (જેમાં અહિંસાવિષયક અપવાદોનું જ મોટા ભાગે નિરૂપણ કરવામાં આવ્યું છે) વાંચતાં માલુમ પડ્યું છે તે મુજબ, અહિંસાનિષ્ઠામાં ક્રાળક્રમે આવતી ગયેલી મંદતાનું પણ આ આપવાદોમાં વિસ્મયજનક દર્શન થાય છે.

આ અપવાદો ગમે તે હોય, પણ આજની રૂઢ માન્યતા મુજબ વિચાર કરતાં કોઈ એક જૈન મુનિ માંસાહારને કદિ પણ સંમત કરે એ જેમ કલ્પી શકાતું નથી, તેમ ધર્મયુદ્ધના નામે પણ જ્યાં માનવી માનવીના સામુદાયિક સંહારની જ વાતો હોય ત્યાં અહિંસાવ્રતધારી જૈન મુનિ કોઈ પણ એક પક્ષના હાથે થતા સામુદાયિક સંહારનો પક્ષકાર બની શકે એ કલ્પનામાં ઉતરતું નથી. તેના અહિંસાવ્રતમાં અને તે પાછળ સૂચવાતી અહિંસાનિષ્ઠામાં, જે રીતે અમો સામાન્ય માણસો વિચારીએ છીએ અને વર્તીએ છીએ તે રીતે માણસ માણસ વચ્ચે શત્રુ અને મિત્ર એ પ્રકારના ભેદભાવને કોઈ અવકાશ જ હોઈ ન શકે એમ લાગે છે. આવી પરિસ્થિતિમાં અમારા જેવાની અપેક્ષાએ તેનું ચિત્ત સ્વાભાવિક રીતે તટસ્થતાનું અવલંબન શોધે, પરસ્પર ઊભા થયેલા વૈરનું સત્વર શમન કેમ થાય તે જ માત્ર તેની સતત ચિંતા અને પ્રાર્થનાનો વિષય બને, અને ઘાયલ થયેલા શત્રુમિત્ર લેખાતા માનવીઓના પાટાપીંડી કરવામાં, વૈરપ્રણત બનેલા સમુદાયમાનસની દુરસ્તી કરવામાં આવો જૈન મુનિ પોતાના જીવનની સાર્થકતા સમજે—અહિંસાવ્રતધારી જૈન મુનિ વિષે ચિત્તમાં આ સિવાય બીજી કોઈ કલ્પના સ્થિર થતી નથી.

આપના પત્રમાં આપેલ વિષ્ણુમુનિ અને નમુચિનું દૃષ્ટાંત એક પ્રકારનો ચમત્કારયુક્ત પ્રતિકાર રજૂ કરે છે, પણ તેને અહિંસક કોટિના પ્રતિકારમાં મૂકી ન જ શકાય. કાલિકાચાર્યનું દૃષ્ટાંત, એક જૈન મુનિ કોઈ એક રાજાના અધર્મમય આચરણને મૂંગા મોઢે સહન કરી લેવાની નિર્માલ્યતા ન દેખાડતાં તેનો યુદ્ધ દ્વારા સમર્થ પ્રતિકાર કરી શકે છે—આવી શકયતા સૂચવવા પૂરતું જરૂર ઉપયોગી છે, પણ બીજી રીતે વિચારીએ તો પોતાની પત્ની ઉપર કરવામાં આવેલ આક્રમણનો બદલો લેવા માટે ગુજરાતનો મંત્રી માધવ દિલ્હીથી અલાદ્દીન ખીલજીને લઈ આવે છે અને ગુજરાત નરેશ રાજા કરણના હાલ બેહાલ કરે છે તેમાં અને—પોતાની સાધ્વી—ભગિની ઉપર કરવામાં આવેલ આક્રમણનો બદલો લેવા માટે કાલિકાચાર્ય પરદેશી હુણ રાજાનું સૈન્ય લઈ આવે છે અને રાજા ગર્દભભિલ્લને પરાસ્ત કરે છે—આ ઘટનામાં નૈતિક મૂલ્યવત્તાની દૃષ્ટિએ મને કોઈ ખાસ ફરક લાગતો નથી. આજના ગાંધીયુગમાં આવા પરાક્રમ વિષે દિલ કોઈ ખાસ ગૌરવ અનુભવતું નથી.

હું માનું છું કે, આપનાં પત્રમાંના ઘણાખરા મુદ્દાઓનો જવાબ આ લખાણમાં આવી જાય છે. ઘાયલ સૈનિકોને ઉપયોગી થાય એ માટે સાધુઓ રકતદાન આપે કે તે માટે શ્રાવકોને પ્રેરણા આપે તેમાં સાધુધર્મની દૃષ્ટિએ મને જરા પણ અજુગતું લાગતું નથી. અહિંસાના વિચાર સાથે તેવું રકતદાન પૂરેપૂરું સંવાદી છે.

પૂજ્ય આચાર્યશ્રીને મારાં વંદન કહેશો.

આપનો પરમાનંદ

પ્રસ્તુત પ્રશ્ન અંગે પંડિત સુખલાલજીના વિચારો

મુનિ જનકવિજયજીના ઉપર આપેલ પત્રની એક નકલ પંડિત સુખલાલજી ઉપર મોકલવામાં આવી હતી અને તે પત્રમાં ઉઠાવેલા મુદ્દાઓ સંબંધમાં તેઓ શું ધારે છે, વિચારે છે તે લખી મોકલવા વિનંતિ કરવામાં આવી હતી. તેના જવાબમાં તેમના તરફથી મારાથી જરા ભિન્ન એવું દૃષ્ટિબિન્દુ રજુ કરતો નીચે મુજબ પત્ર મળ્યો હતો:—

અમદાવાદ, તા. ૧૧-૩-'૬૩

"શ્રીમુત સ્નેહી પરમાનંદભાઈ,

તમારો પત્ર મળ્યો. જવાબ લખવામાં જરા વિલંબ થયો છે. જેમ જૈન સાધુઓ માટે પ્રશ્ન છે તેમ દેશના અનેક સંપ્રદાયોના બાવા, સાધુ અને સંન્યાસીઓનો પણ પ્રશ્ન છે. જૈન ન હોય એવા ત્યાગીઓ પણ સંસારને મિથ્યા માની નીકળેલ હોય છે, અથવા ઘર, કુટુંબ ને દેશની મમતા ત્યાગવાના ઉદ્દેશથી નીકળેલ હોય છે, તેમાં અનેક પ્રમાણિક પણ હોય છે જ. હવે જ્યારે ધર્મયુદ્ધ અને અહિંસક યુદ્ધનો પ્રશ્ન આવે ત્યારે માત્ર જૈન પરંપરાને અનુલક્ષીને વિચાર કરી ન શકાય. એક તો એવા વિચારમાં જૈન સાધુઓનું જાણેઅજાણે ઉત્કૃષ્ટ અધ્યાત્મ તેમ જ ઉત્કૃષ્ટ અહિંસકપણું ધારી લેવામાં આવે છે, અને જૈનો એ રીતે માનવા ટેવાયા પણ છે, જ્યારે ખરી વસ્તુ બાહ્ય દેખાવ સિવાય તેવી નથી જ હોતી.

નવકોટિ પ્રતિજ્ઞા લેવાય છે તે એક રૂઢિ છે. લેનાર અને દેનાર બંને તે વખતે અથવા પાછળથી જાણે જ છે કે નવકોટિ એ તો માત્ર પરંપરાગત વિધિ છે. તેથી નવકોટિ પ્રતિજ્ઞાને સાચી માની તેને વફાદાર રહેવાની દૃષ્ટિએ વિચારણા કરીએ તો માત્ર યુદ્ધની બાબતમાં જ નહિ, પણ અનેક નાની મોટી બાબતોમાં પણ સાધુઓના વ્યવહાર વિષે ચિંતવવું તેમ જ કહેવું પડે.

વારસાગત જે અહિંસાનો સંસ્કાર પ્રાપ્ત છે અને જે સાંપ્રદાયિક રીતિઓ દ્વારા પોષાય છે અને કેટલીક વાર વિકૃત રીતે પોષાય છે તે સંસ્કારને સાચી અહિંસા અને પૂર્ણ અહિંસા માનીને રૂઢ સમાજ વર્તે છે, પણ અહિંસાના સાચા સ્વરૂપના મૂળમાં જે સર્વ પ્રત્યે સમભાવની લાગણી અગર કુણી વૃત્તિ યા ઉદાત્તતા હોવી જોઈએ તે ભાગ્યે જ દેખાય છે. અલબત્ત એ રૂઢ સંસ્કારનું કાંઈક મૂલ્ય છે, પણ સાર્વજનિક ક્ષેત્રે અને વિશાળ જવાબદારીની દૃષ્ટિએ એનું મૂલ્ય નથી જ અથવા નહિવત્ છે. આવી માત્ર રૂઢ અહિંસાને સાચી અહિંસા માની, તેમાંથી ઉદ્ભવતા નિયમો સ્વીકારી ચાલનાર ત્યાગી વર્ગ એટલો બધો નિષ્ક્રિય, ભીરૂ અને પેટભરો થઈ જાય છે કે તે પોતાના બધા દોષો તટસ્થતાથી ઉજળી બાજુ બતાવી ઢાંકી દે છે અને સમાજ તે બધું નિભાવી લઈ છેવટે પૂર્ણ સ્વાર્થી છતાં ધર્મી દેખાવાનો જાણે-અજાણે ડોળ પણ કરે છે. તેથી જ્યારે અસ્વીકાર, સ્વીકાર અને તટસ્થતાના વિકલ્પોની વાત કરીએ ત્યારે વ્યકિત અને વર્ગના અધિકારને તેમજ તેની સચ્ચાઈને લક્ષમાં રાખીને જ વાત કરવી જોઈએ.

યુદ્ધ અંગેની કોઈ પણ જવાબદારીનો અસ્વીકાર તો એજ માણસ કરી શકે કે જે પોતે ક્યાંય પણ રહી કોઈની પણ મદદની કે આશ્રયની મનથી પણ ચાહના ન કરે. એવી જવાબદારીનો સ્વીકાર પણ વ્યકિત કે સમુદાય માટે સાપેક્ષ અને અધિકાર પ્રમાણે જ હોવાનો. વળી તટસ્થતા એ કાંઈ ક્રિયાશૂન્યતા નથી. સાચી અને સમજવાળી તટસ્થતામાં તો પહેલાના બે વિકલ્પો કરતાં પણ કંઈક વધારે કરવાનું પ્રાપ્ત થાય છે. હિંસામાં તટસ્થ રહેનારે ખરી રીતે મુશ્કેલીને પહોંચી વળવા અહિંસક ક્રિયાશીલ માર્ગ શોધવો જ રહે છે. સાચો તટસ્થ એ શોધી પણ લે છે. ગાંધીજીનો દાખલો તાજો છે. આ રીતે અત્યારના સાધુ સંન્યાસીના વર્ગને લક્ષી વિચાર કરીએ તો એમાં કોઈ જાગૃત તટસ્થ નજરે નથી પડતો. અને જૈન સાધુ વર્ગ તો જાણે સાવ નિષ્ક્રિય છતાં આપરખો થઈ ગયો છે. આવી સ્થિતિમાં તે વર્ગે શું કરવું એ પ્રશ્ન છે.

મારી દૃષ્ટિએ સાવ નિષ્ક્રિય અને ધર્મઠોંગી થઈ બેસે તે કરતાં કાંઈક ક્રિયાશીલતા દાખવે તે એમને માટે, સમાજ માટે અને

દેશ માટે પણ સારું છે. માનવતાની દૃષ્ટિએ કોઈ વ્યકિત એવી નીકળી આવે કે, દુશ્મનનાં સામે કે તેના દેશમાં જઈને ત્યાં પણ ખરૂં કામ કરે તો એ વસ્તુ ઈચ્છવા જેવી છે.

પરંતુ આજે જૈન સાધુમાં તો કોઈ એવી વ્યકિત દેખાતી નથી અને ભૂતકાળમાં એવી થઈ હોય તેમ જોવામાં આવતું નથી. વળી, જૈન સાધુઓ નવકોટિ વ્રતો લે છે ત્યારે અનેક આગારો સંકલિત હોય છે જ. બીજા અધ્યાહ્રત પણ હોય છે જ. રાજા - અભિયોગ આદિ આગારો આ જ પ્રકારના છે. અલબત્ત, કોઈ માનવતાવાદી જિનકલ્પી સાધુ હોય તે કાંઈ આવા આગારો ન રાખે, પણ એને તો જીવન અને મરણ બંને તદ્દન સમાન હોય છે.

આપણે જે ક્ષાના સાધુસમુદાય અને તેના અનુયાયીઓની વાત કરીએ છીએ તે ક્ષા સાવ પ્રાથમિક છે. એટલે ઉપરથી પ્રતિજ્ઞાઓ ગમે તેટલી મોટી લદાયેલી હોય, છતાં ક્ષા તો સામાન્ય જ છે. આવી સ્થિતિમાં એ ક્ષાનો સાધુવર્ગ સાવ નિષ્ક્રિય રહે તે કરતાં જે સૂઝે તે કરે અને કાંઈ ને કાંઈ વિચારે એ મને સારું લાગે છે. અલબત્ત, આની સાથે એનામાં કાંઈક વિચારજાગૃતિ વહેલા મોડા આવશે. ઘણામાં નહિ તો કોઈકમાં આવશે. જૈન નહિ તો જૈનેતરમાં આવશે. અને ખરી જાગૃતિ તો પ્રાણાપૌણ કરવાની અને વિવેક ન ચૂકવાની સ્થિતિ આવે ત્યારે જ આવશે. અત્યારે હિમાલયના પ્રદેશમાં કે એ બાજુ અથવા તો દેશના અંદરના સહિસલામત ભાગમાં પણ અનેક જાતની રચનાત્મક સેવાઓ કરવાનું કામ ઉપસ્થિત છે અને તે અહિંસાની ભૂમિકા ઉપર એને પોષક થાય એ રીતે કરી શકાય એવું છે. છતાં, સાધુવર્ગ તો સુખશીલ થઈ ઓદીની પેઠે જ્યાં બધું તૈયાર મળે ત્યાં જ રહી અહિંસાની સુફિયાણી વાતો કરે છે. આ સ્થિતિમાંથી નિકળવાના અનેક માર્ગો પૈકી સંરક્ષણ ફંડમાં અને બીજા કાર્યોમાં કાંઈ ને કાંઈ મદદ કરવી—કરાવવી એ મને અત્યારની ઘડીએ કર્તવ્ય લાગે છે. તેથી પંજાબમાં કે મુંબઈમાં જે કેટલાક સાધુઓ આ તરફ ઢળ્યા છે તે, બીજો એનાથી વિશેષ ઉત્કૃષ્ટ માર્ગ ન દેખાય અને તેવા અધિકારી નીકળી ન આવે ત્યાં લગી, કાંઈ અનિચ્છવા જેવું નથી. નિર્ભય બની દેશ બહાર જવું નહિ, યુદ્ધક્ષેત્ર સમીપે ઘાયલોને આશ્વાસન આપવા કે તેમની સારવાર કરવા પણ ન જવું, શત્રુ લેખાતા સૈન્યની પાટાપીંડી કરવાની વાત પણ નહિ અને સુરક્ષિત દેશ, સમાજ, ગામ અને ધર્મસ્થાન એ બધાની ઝંખના સેવવી એ અહિંસા સાથે કે તટસ્થતા સાથે સંગત નથી. અલબત્ત, અત્યારે રકતદાન આદિનો ઉપદેશ કે પ્રચાર નવો લાગે, પણ એ બધાં કામ કેવળ સદ્‌ભાવ અને માનવતાની દૃષ્ટિએ કરવામાં આવે તો સંકુચિત રાષ્ટ્રવાદ પણ ધર્મક્ષેત્ર બની શકે અને જ્યારે એક દેશમાં અને એક પંથમાં મોટો ત્યાગીવર્ગ કશું જ કર્યા વિના બેસી રહે અને બીજી મોટી મોટી વાતો કરે, બીજા પંથ કરતાં પોતાને શ્રેષ્ઠ માને અને સર્વસામાન્ય સંકટ વખતે અહિંસાનો નવો ક્રિયાશીલ માર્ગ ન જ સૂઝવાને લીધે અગર અશકિતને લીધે ચૂપ બેસી રહે ત્યારે, મને એમ લાગે છે કે, અત્યારે સાધુઓમાં જે થોડી ઘણી ધર્મયુદ્ધની દિશામા ...ાત દેખાય છે તેનો વિરોધ કરવો અસ્થાને છે.

દેશ આઝાદ થવા સાથે દેશના ભાગલા પડયા અને જે દુર્ઘટનાઓ બની અને ત્યાર બાદ દેશમાં જે કાંઈ બની રહ્યું છે તેને લીધે અને તાજેતરમાં ચીને ભારત ઉપર હુમલો કર્યો અને દેશ આખામાં જે અસાધારણ સંક્ષોભ પેદા થયો તેને લીધે કેટલાક જૈન સાધુઓનું કોચલા—માનસ ભેદાયું છે, ચાને ઉપાશ્રયની દુનિયાની બહાર તેઓ જોતા થયા છે એ આવકારયોગ્ય લાગે છે. સતીશકુમારની પેઠે ધીરે ધીરે જ્યાં ત્યાં વિચારજાગૃતિ તો દેખાય જ છે. આ ક્યાં સુધી ટકશે એ કહેવું કઠણ છે. એકંદરે બહારની ગરમી જ જૈનોને ગરમ કરે છે.

વિશ્વમૈત્રીની ભાવના તો જૈન વ્યકિતના સંસ્કારમાં છે જ. એ કરૂણાવૃત્તિ પણ ધરાવે છે. એટલે કોઈ માણસની હત્યામાં એને સહજ રસ આવી ન શકે. તેમ છતાં દેશની દૃષ્ટિએ કાંઈક કરવાનું મન થાય ત્યારે સામાન્ય રીતે એમ સમજાય છે કે તેઓ પોતાની મદદને, માનવકલ્યાણમાં વપરાશે એવી આશા અજાણપણે પણ તેઓ સેવતા હોય. સમજણપૂર્વક અનાસકિત કેળવવી અને ક્રિયાશીલ રહેવું એ તો વિરલનું કામ છે, પણ ઘણી વાર બહારના દબાણોથી માણસમાં ચેતના સ્ફુરે છે. જો ધર્મયુદ્ધનો અર્થ એવો કરીએ કે, અન્યાયને તેમ જ આક્રમણને વશ ન થવું તો એમાંથી છેવટે ફલિત એ જ થવાનું છે કે કાં તો જાતે મરવું અને કાં તો સામાને ગમે તે રીતે શિકસ્ત આપવી. પહેલો વિકલ્પ અમલમાં આણનાર અત્યારે તો ક્યાં છે? શાંતિસેનાની વાત છે ખરી, તેમાં શ્રાવકોને જોડાવા સતત અને સાચી પ્રવૃત્તિ કરનાર પણ ક્યાં છે? એટલે કાંઈક ને કાંઈક કરવું અને સૌના ટીકાપાત્ર ન બનવું એવી મનોવૃત્તિમાંથી પણ આ મદદનો સૂર નીકળ્યો હોય.

છેવટે આપણે એટલું જ કહી શકીએ કે, મદદ આપવી હોય તો ઘાયલો કે બીજા એવા સંકટગ્રસ્તોને દવા દારૂ, કપડાં કે ખોરાક આદિ દ્વારા મદદ આપવી, પણ આનોય અર્થ પરોક્ષ રીતે હિંસક યુદ્ધમાં ભાગ લેવા જેવો કોઈક કરે તો ના પાડી શકાય નહિ. એટલે મને તો વિચાર કરતાં એમ લાગે છે કે, આપણી પાસે આપણી કાંઈક આગવી અને મક્કમ નીતિ ન હોય તો કેવળ બીજાનો વિરોધ કરવાથી માત્ર બુદ્ધિભેદ થાય અને જે નિષ્ક્રિય છે તેને ધર્મના નામે તેમ જ અહિંસાના નામે નિષ્ક્રિયતા પોષવાનું સાધન મળી રહે. અસ્તુ!

લી૰ સુખલાલ

ત્યારે મને ખરેખર અત્યંત દુઃખ થાય છે

આપણે તો બુદ્ધિ જેવી વસ્તુને જ નથી માનતા અને ગ્રહને માનીએ છીએ ત્યાં સુધી રોગચાળો, દુષ્કાળ અને ભૂખમરા જેવા ઉપદ્રવ મૂંગે મોંએ સહી લેવા સિવાય બીજો કોઈ ઉપાય નથી એમ કહીએ છીએ. પશ્ચિમના લોકો જે શારીરિક અને માનસિક શકિત, આરોગ્ય અને વૈભવ ભોગવી રહ્યા છે તે તમે જુઓ તો તમને પોતાને આશ્ચર્ય થયા વિના ન રહે. એનું મુખ્ય કારણ એ છે કે અન્ન, વસ્ત્ર અને આરોગ્ય તો પોતાની બુદ્ધિથી જ ઉપજાવી શકાય એમ તેઓ માને છે—ગ્રહની કૃપા કે અકૃપા પર એનો આધાર છે એમ કોઈ નથી માનતું. શીતળા જેવા ભયંકર રોગચાળા ઉપર પણ તેમણે વિજય મેળવ્યો છે. આજે જો કે, કેન્સર જેવા રોગ સામે એમનું બહુ બળ નથી ચાલતું, પરંતુ તેઓ ખાતરીપૂર્વક માને છે કે, જો હૃદયપૂર્વક વિજ્ઞાને બતાવેલા માર્ગે પ્રયત્ન કરવામાં આવે તો એક દિવસે એ અસાધ્ય ગણાતા દર્દ ઉપર પણ વિજય મેળવી શકાય.

આ બધી બાહ્ય વાત થઈ. માણસની એક બીજી બાજુ પણ છે—એને આંતરિક અથવા આત્મિક કહી શકાય. પાપપુણ્યનો સંબંધ એની સાથે છે. જે રિપુઓ વિશ્વાત્મા સાથેના આપણા સંબંધને વિકૃત બનાવે એને આપણે પાપ કહીએ છીએ.

પાપને બાહ્ય વસ્તુ માનવાથી જ બાહ્ય વિધિ, અનુષ્ઠાન કે પ્રાયશ્ચિત્ત વડે પાપને ધોઈ નાખી શકાય એવી ભ્રામણા જન્મે છે, અને એથી જ ગ્રહ, ગોર અને માનતાનું પાખંડ વળગે છે. તમે દેવની પૂજા—ભકિત કરો એ સમજી શકાય, પણ જ્યારે તમે વિચાર કરતા આચારને, બુદ્ધિ કરતાં પરંપરાને અને પુરુષાર્થ કરતાં પણ ગ્રહદશાને વધુ મહત્ત્વ આપો, અને એમાં જ સાચો હિંદુધર્મ છે એમ કહો ત્યારે ખરેખર ઘણું દુઃખ થાય છે.—તમારા એકના જ માટે નહિ, પણ શકિતહીન, બુદ્ધિહીન બની બેઠેલા આ સારાયે મોહાછન્ન દેશને માટે ખૂબ લાગી આવે છે.

રવીન્દ્રનાથ ટાગોર

સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો પ્રતિ

આ પત્રી ઉપર પ્રબુદ્ધ જીવન નિયમિત રીતે મોકલવામાં આવે છે. એ આપને બરોબર નિયમિત રીતે મળતું રહે એટલા માટે આપને વિનંતિ કરવાની કે:

(૧) જ્યારે પણ પ્રબુદ્ધ જીવનનો અંક આપને ન મળે ત્યારે સંઘના કાર્યાલયનું તે વિષે તરત ધ્યાન ખેંચશો.

(૨) સરનામામાં કાંઈ પણ ભૂલચૂક રહી જતી હોય તો તે સુધારવા માટે સંઘના કાર્યાલયને સત્વર જણાવશો.

(૩) અને જો આપનું લવાજમ હજુ પણ બાકી હોય તો તે સત્વર મોકલી આપવા કૃપા કરશો.

વ્યવસ્થાપક, પ્રબુદ્ધ જીવન

卐 અનેકાંતવાદ 卐

(ગત પર્યુષણ વ્યાખ્યાન માળામાં અપાયલા વ્યાખ્યાનને જરા વિસ્તારીને નીચેનું લખાણ તૈયાર કરવામાં આવ્યું છે. **તંત્રી**)

(૧)

જીવન અને વિચારમાં અનિવાર્ય

એકાંત એટલે એક છેડો. ગુજરાતીમાં આપણે કહીએ છીએ કે એ તો છેલ્લે પાટલે બેઠો છે. તાત્પર્ય એ કે હઠે ચડયો છે. કોઈ પણ વસ્તુ વિષે એક રીતે જ વિચારવું અને તે વિષે બીજા દૃષ્ટિબિન્દુને લક્ષ્યમાં લેવું જ નહિ—આવી હઠાગ્રહી, કદાગ્રહી વૃત્તિમાંથી એકાંતવાદ જન્મે છે. તત્ત્વ વિષેના, જીવ-જગત અને ઈશ્વર આદિ વિષેના આવા હઠાગ્રહો એકાંતવાદ છે અને તેથી વિરોધી તે અનેકાંતવાદ છે. જીવનમાં જેમ કેવળ હઠાગ્રહથી ચાલતું નથી, માંડવાળ કરવી પડે છે તેમ દાર્શનિક વિચારોમાં પણ એવી માંડવાળની વૃત્તિમાંથી અનેકાંતવાદનો જન્મ થાય છે.

હાથીની એક મોટી હાર ઊભી હોય. બધા હાથીઓની સૂંઢ પૂર્વ દિશામાં અને પૂછડું પશ્ચિમ દિશામાં હોય. માત્ર સૂંઢને જોનારને એ ખ્યાલ નહિ આવે કે હાથીને પૂંછડું પણ છે અને પૂછડાં જોનારને એ ખ્યાલ નહિ આવે કે તેને સૂંઢ પણ છે. હાથીની એક બાજુ જોઈ શકનાર માટે આમ થવું સ્વાભાવિક છે. પણ તેથી કાંઈ હાથીનું પૂછડું કે સૂંઢ મટી જતાં નથી. જોનારની મર્યાદાને કારણે એકાંગી દર્શન થયું છે, પણ જોનારની મર્યાદાને વધારવામાં આવે, તેને એવી જગ્યાએ ઊભો કરવામાં આવે કે તે હાથીના ઉક્ત બન્ને અવયવો જોઈ શકે તો પછી તેને વિવાદનું સ્થાન નહિ રહે. આ જ પ્રમાણે વસ્તુ વિશેના તત્ત્વવિચારમાં પણ છે. મનુષ્યની જ્ઞાનમર્યાદા જેમ જેમ વધે છે તેમ તેમ તે એક જ વસ્તુના નવાં નવાં રૂપોને જાણતો થાય છે. પણ જો પ્રથમ તેણે વસ્તુમાં જે જોયું કે માન્યું તેને જ પકડીને બેસી રહે અને એથી આગળ જોવાને તૈયાર જ ન થાય તો તેને આપણે એકાંતવાદી કહીએ. અને જે વસ્તુ વિષે એક બાજુનો નહિ, પણ સંભવની બધી બાજુનો પોતાની શક્તિ અનુસાર વિચાર કરવા તૈયાર હોય તે અનેકાંતવાદી છે.

જીવનવ્યવહારમાં જો મનુષ્ય એકાંતવાદી કે હઠાગ્રહી થાય તો જીવનવ્યવહાર ચાલે જ નહિ અને જીવવું જ મુશ્કેલ થઈ પડે, એટલે તેને હઠાગ્રહી થવું પાલવે નહિ—એમ અનેક અનુભવોથી આપણે શીખ્યા છીએ, પણ જીવનમાંથી ફલિત થતી એ શીખ તત્ત્વવિચારમાં તત્ત્વજ્ઞો કે દાર્શનિકોએ સર્વાંશે સ્વીકારી નથી. કેટલીકવાર એ શીખ વિચારક્ષેત્રમાં પણ જાણ્યેઅજાણ્યે કામ કરતી જ હોય છે, પણ-તેમનો હઠાગ્રહ તે સ્વીકારવાની ના પાડે છે.

અનેકાંતવાદની સમજૂતી આપવા અંધગજન્યાયનો ઉલ્લેખ શાસ્ત્રોમાં આવે છે. અનેક અંધજનો હાથી કેવો છે તેનું વર્ણન હાથીની સૂંઢ, પૂછડું, પગ, કાન આદિ જુદા જુદા અવયવોને સ્પર્શ કરીને કહે છે, ત્યારે તેમાં જે વિવાદ ઊભો થાય છે, તે પ્રકારનો વિવાદ વસ્તુના આંશિક દર્શનથી થાય છે અને તેથી એકાંત વાદોનો ઉદ્‌ભવ થાય છે. પણ જેમ એ બધા અંધોનો વિવાદ દષ્ટા શમાવી શકે છે, જે હાથીના પૂરા રૂપને જોઈને તેનું વર્ણન તેઓ સમક્ષ કરવા સમર્થ છે, તેમ અનેકાંતવાદ પણ આંશિકદર્શનથી થતા વિવાદને વસ્તુના પૂર્ણરૂપને સ્વીકારીને શમાવી શકે છે. આથી અનેકાંતવાદમાં અનેક વિરોધી મન્તવ્યોનો સમાવેશ હોઈ દેખીતો વિરોધ ગળી જાય છે એમ માનવું જોઈએ.

તરાજુની દાંડી એની એજ છે, પણ ગ્રાહક અને વિક્રેતા તેની દાંડીના ઊંચાનીચાપણામાં જુદો જુદો અર્થ તારવે છે. વસ્તુવાળું ત્રાજવું નીચું જાય તેમાં ગ્રાહકને પોતાનું હિત જણાય છે જ્યારે વિક્રેતાને નુકસાન. આ બે વિરોધને શમાવવાનો માર્ગ એ છે કે, ત્રાજવું સમધારણ રહે. ત્રાજવાના નીચાપણામાં દૃષ્ટિભેદને કારણે બે વ્યક્તિઓમાં લાભ-અલાભ વિષે વિવાદ થાય એ સ્વાભાવિક છે; કારણ તેઓ એકબીજાનું દૃષ્ટિબિંદુ સમજવા પ્રયત્નશીલ નથી. બન્ને પોતાના જ લાભનો વિચાર કરે છે. સામાના ગેરલાભનો નહિ. પણ જો તેઓ માત્ર પોતાના લાભનો જ નહિ, પણ ઔચિત્ય કે ન્યાયનો વિચાર કરે, તો તરત જ તેમને સ્પષ્ટ થશે કે ત્રાજવું જો સમધારણ રહે તો જ બન્ને પક્ષે ન્યાય થાય છે. આવું જ આપણા વિચારો વિષે બને છે. આપણે કોઈ એક બાબતમાં આપણા જ વિચારની સત્યતા જો સ્વીકારતા હોઈએ તો સામા પક્ષના સત્યને દેખી શકતા નથી; પણ જો મનને સમ-વજનીલ કે મધ્યસ્થ બનાવી દે તો તરત જ સામાના વિચારમાં પણ સત્યનું દર્શન થાય છે. આવા સત્યદર્શનની તાલાવેલીમાંથી જ અનેકાંતવાદ વિકસે છે.

તિબેટમાં માત્ર બૌદ્ધ ધર્મનો જ પ્રચાર હતો અને ખ્રીસ્તી લોકો પોતાના ધર્મનો પ્રચાર કરવા દેવાની છૂટ માગવા ત્યાંના રાજા પાસે ગયા. ત્યાંના રૂઢ કારભારીઓ અને એવા જ પ્રજાજનોના અગ્રણીઓએ રાજાને ખ્રિસ્તી લોકોને ધર્મપ્રચારની છૂટ ન આપવા સલાહ આપી, પણ રાજાએ તેમને ઉત્તર આપ્યો કે, - "આપણે તેમની વાત સાંભળીશું, આપણામાં જ, આપણા ધર્મમાં જ બધું કહેવાઈ ગયું છે અને હવે કાંઈ નવું જાણવા જેવું છે જ નહિ એમ કેમ કહેવાય? આપણા માર્ગે આપણે ચાલીએ છીએ. તેમના માર્ગે તેઓ ચાલે છે, પણ જો આપણે તેમના માર્ગના અનુભવો સાંભળીશું અને તેમાં પણ કાંઈ તથ્ય અને યોગ્ય હશે તો તેનો મેળ આપણા માર્ગમાં આપણે કરી લઈશું અને તેથી આપણો માર્ગ પણ સરલ બનશે. આથી બીજાને સાંભળવામાં અંતે તો આપણે જ ફાયદામાં રહીશું, તો શા માટે તેમને અવકાશ ન આપવો? વળી આપણો ધર્મ તો આપણી રગેરગમાં ઊતરી ગયો છે તે તે ત્યાંથી ખસી જવાનો કોઈ ભય નથી, તો બીજાને સાંભળવામાં શું નુકસાન છે?"

રાજાએ તો પોતાની ઉદારતા બતાવી પણ ખ્રિસ્તીઓ એવી ઉદારતા બતાવી શક્યા નથી. જ્યાં જાય ત્યાંના ધર્મના દૂષણો શોધવાનું જ કામ કરે છે. આથી અંતે વિવિધ ધર્મોવાદી પ્રજાઓ સાથે એકરસ થઈ શકતા નથી. તિબેટી રાજાની ઉદારતાનો લાભ ઉઠાવી અંતે તેમણે તો રાજાને જ મરાવી નાખ્યો. રોમમાં ખ્રીસ્તીઓએ બાઈબલ અને તેને લગતા સાહિત્ય સિવાય બીજા ધર્મના સાહિત્યની હોળી કરી છે. આવું જ પાપ મુસલમાનો પણ કરે છે. તેમને પણ કુરાન સિવાય અન્યત્ર ધર્મ દેખાતો જ નથી. જો કે સ્વયં કુરાનમાં ઘણી જ ઉદારતા બતાવવામાં આવી છે, પણ મુસલમાનોમાં અન્ય ધર્મ પ્રત્યે સહિષ્ણુતાનો સદંતર અભાવ જ દેખાયો છે અને જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં ત્યાં વિરોધી ધર્મો નેસ્તનાબૂદ કરવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. આથી તેઓ પણ અન્ય ધર્મીઓ સાથે એકરસ થઈ શક્યા નથી. કોઈ પણ સાચો ધાર્મિક પુરુષ પોતાના માનીલીધેલા ધર્મમાં એકાંત બંધાઈ ન રહેતાં, જ્યાંથી પણ તેને જે સાચું અને યોગ્ય મળે તેને સ્વીકારતો રહે, તો તે અંતે તો પોતાના જ ધર્મની પુષ્ટિ કરે છે. આ વસ્તુની સચ્ચાઈ કોઈ પણ ધર્મના ઈતિહાસમાંથી પ્રમાણો સાથે સિદ્ધ કરી શકાય છે. અને જે ધર્મોએ આવી ઉદારતા નથી દેખાડી તેઓ પૃથ્વી પટ ઉપરથી નાબુદ પણ થઈ ગયા છે અથવા પૂર્ણ પ્રતિષ્ઠા જમાવી શક્યા નથી.

જે સમાજ પોતાને સનાતની તરીકે ઓળખાવતો હોય તેમાં પોતાની રૂઢ માન્યતાઓમાં સ્વૈચ્છિક પરિવર્તન કે પરિમાર્જન કરવાની તમન્ના નથી હોતી, પણ આસપાસનાં પરિબળો તેમને તેવું પરિવર્તન કે પરિમાર્જન કરવાની ફરજ પાડે છે, અને અંતે તેના નેતાઓ પોતાના રૂઢ મન્તવ્યોને કાયમ રાખીને પણ તેવું પરિવર્તન કાળબળને નામે સ્વીકારી તો લે છે, પણ ગુણગાન તો રૂઢ માન્યતાઓનાં જ કરે છે.

પ્રત્યેક ધાર્મિક સમાજની આ એક ખાસીયત હોય છે. આથી રૂઢ સનાતન માર્ગમાં નવું નવું સત્ય સ્વીકાર કરવાના આગ્રહ ધરાવતા અનેકાંતવાદના પ્રવેશને બહુ જ ઓછો અવકાશ રહે છે. અનેકાંતવાદનો પ્રવેશ ત્યાં જ સહજ બને છે, જે સમાજ પ્રગતિશીલ હોય. આ દૃષ્ટિએ સનાતની હિન્દુ વૈદિક સમાજ કરતાં જૈન ધર્મને વધારે પ્રગતિશીલ ગણવો જોઈએ. જૈન ધર્મના અનુયાયીઓમાં પણ વૈદિકોની અસર જેવી તેવી નથી થઈ, તેઓ પણ પોતાના સનાતનપણાના સમર્થનમાં અનેક દલીલો કરતા થઈ ગયા છે, પણ સમગ્ર ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે, જૈનદર્શને અને ધર્મે પોતાને સનાતની કહેવરાવવામાં રાચવા છતાં સત્ય સ્વીકાર માટેનાં પોતાનાં દ્વારો હંમેશા ખુલ્લાં જ રાખ્યાં છે. અને સમાજના આચરણમાંથી કે આસપાસના દાર્શનિક વિચારોમાંથી જે કાંઈ ઉચિત જણાયું, સત્ય જણાયું તેને પોતાના આચાર અને દર્શનમાં સ્વીકારીને આત્મસાત્ કરી લીધું છે, અને તેમ કરવામાં ગૌરવનો જ અનુભવ કર્યો છે. આનું કારણ જૈન દર્શનની પ્રકૃતિમાં જ અનેકાંતવાદની ભાવના મૂળથી જ રહી છે તે છે. આથી નિઃસંશય કહી શકાય કે ભારતીય વિવિધ સમાજોમાં જૈન સમાજ પ્રગતિશીલતાની દૃષ્ટિએ અગ્રણી મનાવો જોઈએ.

દાર્શનિકોમાં એક યા બીજી રીતે વિચારક્ષેત્રમાં અનેકાંતવાદનો આશ્રય લીધા વિના ચાલતું જ નથી, પણ જૈનદર્શને જ અનેકાંતવાદની ભૂમિકા ઉપર જ પોતાનાં સમગ્ર દાર્શનિક વિચારોને ગોઠવ્યા છે. તેથી તે વાદ જૈનોનો પોતાનો થઈ ગયો હોઈ, બીજા દાર્શનિકો જૈનોની જેમ અનેકાંતવાદી બનવામાં ગૌરવનો અનુભવ નથી કરતાં, પણ ગૌરવનો અનુભવ કરે કે ન કરે, તેથી કાંઈ અનેકાંતવાદનું ગૌરવ ઘટતું નથી. વિચારવિકાસ સાથે અનેકાંતવાદનો સર્વ ક્ષેત્રે સ્વીકાર કર્યા વિના કોઈ બીજો રસ્તો છે જ નહિ.

કટ્ટર સામ્યવાદીઓ પણ આજે પંચશીલ અને સહઅસ્તિત્વમાં સલામતીનો અનુભવ કરતાં થઈ ગયા છે, એ સમન્વયભાવના કે અનેકાંતવાદનો જ રાજકીય ક્ષેત્રે પ્રસાર છે. આપણે જાતિ-પાંતિના ભેદ વિના પણ જીવનની સુચારુતા અનુભવવા લાગ્યા છીએ એ સામાજિક ક્ષેત્રમાં માંડવાળવૃત્તિનું વિસ્તરણ જ છે. અને દાર્શનિક ક્ષેત્રમાં પણ એકાંત આગ્રહો ઢીલા થઈ જ રહ્યા છે. અન્યથા સત્યની શોધ દુષ્કર બની જાય છે.

(૨)

જૈન દર્શનના અનેકાંતવાદનું મૂળ અહિંસા

આટલી અનેકાંતવાદની સામાન્ય ચર્ચા પછી જૈનદર્શન અનેકાંતવાદની ભૂમિકા ઉપર જ કેમ ઊભું થયું એ વિચારવાનું પ્રાપ્ત થાય છે. ભગવાન મહાવીરના જીવનનો મંત્ર એક જ હતો અને તે છે અહિંસા. ભગવાન મહાવીરે જગતના આણુઆણુમાં જીવોનો વાસ જોયો. તેમનું સંવેદનશીલ સમભાવી હૃદય અનુભવવા લાગ્યું, કે જીવન મને જેમ પ્રિય છે, તેમ આ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુઓને પણ પ્રિય છે, મને દુઃખ ગમતું નથી તેમ એ સર્વને પણ દુઃખ અપ્રિય છે. તો મારે જીવનવ્યવહાર એવી રીતે ગોઠવવો જોઈએ, જેથી અન્ય જીવની હિંસા થાય નહિ. આવી તીવ્ર સંવેદનમાંથી મહાવીરે અહિંસક જીવનવ્યવહાર અપનાવ્યો અને લોકજીવનમાં સંયમનો ઉપદેશ દીધો. અહિંસક જીવનવ્યવહારમાંથી જ બીજાના વિચારોને ઠેસ ન પહોંચાડવાની વૃત્તિનો જન્મ થાય છે; કારણ કે એ અનુભવની વાત છે કે, સૌને મન પોતાની બાહ્ય સંપત્તિની જેમ વિચારસંપત્તિનું પણ બહુમૂલ્ય હોય છે. એ પણ અનુભવાય છે કે માણસની બાહ્ય સંપત્તિ ભલે ફના થતી હોય, પણ પોતે નક્કી કરેલ વિચાર કે મંતવ્યને છોડવા તે ઝટ તૈયાર થતો નથી. આમ પોતાનાં મત, મંતવ્ય કે વિચાર પ્રતિ વ્યક્તિને એક પ્રકારની નિષ્ઠા અને મમતા હોય છે. એની એ નિષ્ઠાને કે મમતાને જ્યારે આપણે ઝટ વગર વિચાર્યે જૂઠી કહી દઈએ છીએ ત્યારે તે આંચકો અનુભવે છે, તેને તીવ્ર દુઃખ થાય છે અને તેનો પ્રતિકાર કરવા તે તૈયાર થઈ જાય છે. અને પોતાના સાચા-ખોટા મંતવ્યોને વધારે બળપૂર્વક વળગી રહેવા તૈયાર થાય છે. સામી વ્યક્તિ પણ પોતાના મંતવ્યોને તે જ પ્રમાણે વળગી રહેવા તૈયાર હોય છે. આથી વાદ-વિવાદની, વૈર-પ્રતિવૈરની પરંપરા જ વધે છે, અને આ હિંસા જ છે. આ વૈચારિક હિંસાના નિવારણરૂપે જ અનેકાંતવાદનો વિકાસ કરવાનું ભગવાન મહાવીરે ઉચિત માન્યું અને તેમણે પોતાના દર્શનને અનેકાંતવાદની ભૂમિકા ઉપર જ વિકસાવ્યું. જીવની હિંસા જો વર્જ્ય હોય તો જીવનના કોઈ પણ મંતવ્યને ઝટ દઈ ખોટું કહી દઈ તેને દુઃખ પહોંચાડવું, એ પણ હિંસા જ છે અને તેથી તેમ કરવું વર્જ્ય ગણાવું જોઈએ. આથી કોઈ મંતવ્યને જો ખોટું ન કહેવું હોય તો તેમાંથી સત્ય શોધવાની પ્રવૃત્તિ કરવી જ જોઈએ. જ્યાં સુધી વિરોધીના મંતવ્યને અસત્ય માનતા હોઈએ ત્યાં સુધી તે મંતવ્ય આદરપાત્ર તો બને જ નહિ. એટલે તેમાંથી સત્ય શોધવાનો પ્રયત્ન અનિવાર્ય બને છે. આ પ્રયત્નમાંથી એક દૃષ્ટિએ નહિ પણ અનેક દૃષ્ટિએ વસ્તુનું નિરીક્ષણ કરવાની પ્રવૃત્તિ વધે છે અને તે જ અનેકાંતવાદને જન્મ આપે છે. આમ અહિંસાની ભૂમિકા ઉપર જ અનેકાંતવાદનો પ્રાસાદ ઊભો થાય છે.

આચાર્ય સિદ્ધસેને કહ્યું છે કે, જેટલાં વચનમાર્ગો છે તેટલા જ નયો છે અને જેટલા નયો છે તેટલા જ પરદર્શનો છે. આ જ વાતને આગળ વધારીને જિનભદ્રે સ્પષ્ટ કરી છે કે જેટલાં પરદર્શનો છે તે મળીને જૈનદર્શન બને છે. પરસ્પરવિરોધી મંતવ્યોમાં વિરોધ ત્યાં સુધી જ છે જ્યાં સુધી એ બધાને સંગત કરી તેમને એક સમગ્ર — પૂર્ણ દર્શનરૂપે સમન્વય ન કરવામાં આવે. વિરોધનો આધાર પરસ્પરમાં રહેલ દોષો કે ન્યૂનતાઓ છે. પણ જેમ કોઈ મંતવ્યમાં દોષ કે ન્યૂનતા હોય છે, તેમ તેમાં ગુણ અને વિશેષતા પણ હોય છે. જે ક્ષણે એ ગુણ અને વિશેષતા તરફ ધ્યાન આપવામાં આવે છે તે ક્ષણે જ વસ્તુદર્શનનો એ પણ એક પ્રકાર છે, નય છે, એમ સ્પષ્ટ થાય છે અને વસ્તુદર્શનની પૂર્ણતામાં એ પણ એક અંગ બની જાય છે. જેમ નાના પ્રકારના પ્રથક રંગના મોતીઓ જ્યાં સુધી પૃથક્ હોય છે ત્યાં સુધી તેમની જુદાઈ તરફ જ વિશેષ ધ્યાન જાય છે અને તેમની એકતાને બદલે પાર્થક્ય વિષે જ મત દૃઢ બનતો જાય છે. પણ એ બધા મોતીઓનો જ્યારે એક હાર બનાવવામાં આવે છે ત્યારે તેઓ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ખોઈને એક હારના અંગ રૂપે બની જાય છે, તેમાં એક નવા જ પ્રકારની સંગતિ તેઓ ઊભી કરે છે. આ જ રીતે જ્યાં સુધી ભિન્ન ભિન્ન દર્શનો પોતાની સચ્ચાઈ વિષે જ આગ્રહ રાખે ત્યાં સુધી તે દર્શનો મિથ્યા કહેવાય, કારણ તેઓ આંશિક સત્યને પૂર્ણ સત્ય માનીને રાચતા હોય છે. પણ જ્યારે તેઓમાંથી પૂર્ણતાનો આગ્રહ દૂર કરીને તેમને પૂર્ણદર્શનના અંગ તરીકે, નય તરીકે કે એક પ્રકાર તરીકે જૈનદર્શનમાં મૂકવામાં આવે છે ત્યારે તેઓ મિથ્યા મટીને સત્ય બની જાય છે. અને એવા આંશિક સત્યોને એકત્ર કરીને વિવિધ નયોમાંથી જૈનદર્શનનો પ્રાસાદ ખડો કરવામાં આવે છે. એટલે તે મિથ્યામાંથી ઊભો થયેલ છતાં પોતે મિથ્યા નથી, એટલું જ નહિ પણ, પ્રથમ જે મિથ્યા હતા તેમાંથી પણ મિથ્યાતત્ત્વને ગાળી નાખનાર છે.

સમુદ્રમાંથી જેમ અનેક દિશામાંથી આવનારી નદીઓ મળીને એક થઈ જાય છે, પોતાનું અસ્તિત્વ ખોઈ નાખે છે તેમ અનેકાંતવાદમાં પણ અનેક એકાંતવાદી મતો મળી જાય છે અને પોતાનુ અસ્તિત્વ ખોઈ નાખે છે. અર્થાત્ તેઓ જુદા હતા ત્યારે મિથ્યા કહેવાતા, પણ જ્યારે અનેકાંતમાં સમન્વિત થઈ ગયા ત્યારે તેમનું જુદું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે અને સત્યના એક ભાગ તરીકે જ વર્તમાન રહે છે. આથી તેઓ મિથ્યા મટી જાય છે. અનેકાંતવાદની સંજીવની શક્તિ એવી છે કે, એ મતોને નવતર

રૂપ આપી દે છે, તેમાંથી કદાગ્રહનું વિષ નીકળી જતું હોઈ તે મિથ્યા રહેતા નથી; સત્યના એક અંશ તરીકે નવજીવન પ્રાપ્ત કરે છે.

જૈન દર્શનની આ સંજીવની જેમનામાં હાડોહાડ વ્યાપી ગઈ છે તેવા આચાર્ય હરિભદ્ર કે હેમચંદ્રને કહેવાતા મિથ્યાદર્શનમાં કે મિથ્યાત્વી દેવમાં કશો જ દોષ જણાતો નથી. અને તેથી આપણે જોઈએ છીએ કે આચાર્ય હરિભદ્ર અન્ય દર્શનોના કપિલ આદિ પ્રણેતાઓને પણ જૈન તીર્થંકરની કોટિથી ઉતરતા ગણવા તૈયાર નથી, અને આચાર્ય હેમચંદ્ર જે ભક્તિભાવથી તીર્થંકરની સ્તુતિ કરે છે એ જ ભક્તિભાવથી શિવની પણ સ્તુતિ કરી શકે છે. એમને શિવ પણ એક વીતરાગી દેવ તરીકે જ દેખાય છે. આ છે અનેકાંતવાદની સંજીવની શક્તિ.

દેવોમાં એકતાનું ભાન કરવું એ કદાચ મનુષ્યની ઉદારતા હોય તો પણ સંભવે, પરંતુ વિભિન્ન મતોમાં સામંજસ્ય સ્થાપવું એ સરલ નથી. સામાન્યપણે એમ કહી દેવું કે, બધા દર્શનોનો સમૂહ એ જૈનદર્શન છે, પણ એ બધાનો સમન્વય કરીને એક વ્યવસ્થિત દર્શન ઊભું કરવું એ અત્યંત કઠણ કામ છે. કારણ કે, અનેક વિરોધી મંતવ્યોમાં રહેલ એકતા શોધવાનું કાર્ય સરલ નથી. પણ જૈન દાર્શનિક આચાર્યોએ એ પોતાનું ધ્યેય જ બનાવ્યું છે કે પોતાના સમય સુધી જે જે નવા નવા મંતવ્યો ઊભા થયા હોય છે તે સૌને યથાસંભવ તાર્કિક સમન્વય કરીને તેને એકાંતવાદના વિશાળ પ્રાસાદમાં યોગ્ય સ્થાન આપી દેવું. આમ કરવામાં તેમની તાર્કિકતાની અને મધ્યસ્થપણાની પૂરી કસોટી થઈ જાય છે. કારણ, આ માટે સમગ્ર ભારતીય દર્શનની પૃષ્ઠભૂમિમાં તે તે મંતવ્યનું સ્થાન, સમગ્ર દાર્શનિક વિકાસક્રમમાં તેપનું ઉપર્યુક્ત સ્થાન, તે તે મંતવ્યોના ઉત્થાનનાં અનિવાર્ય કારણો, તે તે મંતવ્યોના ગુણ-દોષો, તે તે મંતવ્યોમાં પરસ્પરનો વિરોધ, અને છેવટે સમન્વયનો માર્ગ—આટલી બાબતોની વિચારણા અનિવાર્ય થઈ પડે છે. આ વિના અનેકાંતવાદના પ્રાસાદમાં તે તે મંતવ્યનું સ્થાન નિશ્ચિત થઈ શકતું નથી.

અનેકાંતવાદના પ્રાસાદની ભવ્ય રચના અને વિકાસ માટે ભગવાન મહાવીરથી માંડીને ઉપાધ્યાય યશોવિજય સુધી બરાબર કાળક્રમે પ્રયત્ન થતો રહ્યો છે. પરિણામે એમ નિઃસંકોચ કહી શકાય કે ભારતીય સમગ્ર દર્શનોના વિકાસ સાથે સાથે જૈનદર્શન પણ તે સૌને આત્મસાત્ કરતું ભારતીય દર્શનોની વૈજયન્તી લહેરાવે છે. અને એ એક જ દર્શનનો અભ્યાસ કરવામાં આવે તો સમગ્ર ભારતીય દર્શનના વિકાસનો તાદૃશ ઈતિહાસ વાચક સમક્ષ ખડો થઈ જાય છે.

સંપૂર્ણ

દલસુખ માલવણિયા.

કોસમાડ બોરડી પર્યટણ

આગામી વસન્તપૂર્ણિમાના અનુસંધાનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે મુંબઈથી આવરે ૧૪૦ માઈલ દૂર આવેલા કોસમાડ—હીલ તથા બોરડી જવા આવવાનું તા૦ ૯મી તથા તા. ૧૦ મી માર્ચ શનિ-રવિ એમ બે દિવસનું પર્યટણ ગોઠવવામાં આવ્યું છે. આ માટે પર્યટણમાં જોડાવા ઈચ્છનાર સભ્યે વ્યકિત દીઠ રૂા. ૧૮ અને દશ વર્ષ નીચેનાં બાળકોના રૂા. ૧૨ આપવાના રહેશે. આ પર્યટણ માટે નક્કી કરવામાં આવેલી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ પાયધુની પોલીસ સ્ટેશન ઉપરથી તા૦ ૯ મી માર્ચના રોજ બપોરના બાર વાગ્યે ઉપડશે, અને રોયલ ઓપેરા હાઉસ નજીકમાં, દાદર બોરદાદ સર્કલના બસ સ્ટોપ આગળ, કીંગ સર્કલ પહેલા જૈન મંદિર આગળ ઊભી રહેશે અને બીજે દિવસે સાંજના પાછી ફરશે. પર્યટણમાં જોડાનાર ભાઈ-બહેનોએ ટોર્ચ અને જરૂરી બેડિંગ સાથે લેવાનાં રહેશે. આ પર્યટણ પરિમિત સંખ્યા માટે યોજાયેલું હોઈને તા૦ ૬ ઠ્ઠી સાંજના પાંચ વાગ્યા સુધીમાં પર્યટણમાં જોડાવા ઈચ્છનાર સભ્યોએ સંઘના કાર્યાલયમાં નિયત દર મુજબની રકમ ભરી જવાની રહેશે.

મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

પહેલી માર્ચથી શરૂ થતી દિલ્હી-પેકિંગ મૈત્રીયાત્રા

દિલ્હી—પેકિંગ મૈત્રીયાત્રા ચાલુ થતા માર્ચ માસની પહેલી તારીખે દિલ્હી રાજઘાટ ઉપર આવેલ ગાંધીજીની સમાધિથી શરૂ થઈ ચુકી હશે. આગ્રા, કાનપુર, અલ્હાબાદ, કાશી, પટણા, દરભંગા, પૂર્ણિયા, પૂર્વ પાકિસ્તાન, આસામ થઈને સ્ટીવેલ રોડ દ્વારા બ્રહ્મદેશ અને ત્યાંથી બર્મા રોડ દ્વારા ચીન—એ મુજબ આ યાત્રાનો માર્ગ નક્કી કરવામાં આવ્યો છે. ચીન પહોંચતાં આશરે એક વર્ષ લાગશે—આવો અંદાજ છે.

આ યાત્રામાં સામેલ થવા માટે શાંતિસેના મંડળે સૂચવેલી વ્યકિતઓનાં નામ નીચે મુજબ છે:—

(૧) શ્રી શંકરરાવ દેવ, (૨) શ્રી જવાહરલાલ જૈન, (૩) ડૉ૦ આરમ્, (૪) શ્રીમતી જાનકી શર્નૈલ, (૫) શ્રી ત્રિપુરા-શરણ, (૬) શ્રી ચંદ્રશેખર, (૭) શ્રીમતી તારા ભાગવત, (૮) શ્રી એસ. આર.સુબ્રહ્મણ્યમ્.

અન્ય દેશોમાંથી નીચેની વ્યકિતઓ આ પદયાત્રામાં સામેલ થનાર છે:—

(૧) રેવરન્ડ માઈકલ સ્કૉટ, વિશ્વશાંતિ સેનાના અધ્યક્ષ, (૨) મૅક્સ બીલ (ઈંગ્લાંડ), (૩) શ્રી બર્ટ બિગેલ, (૪) શ્રી ઑડ લૉજર (અમેરિકા), (૫) શ્રી જિરહાર્ડ શર્નૈલ (ઑસ્ટ્રેલિયા.)

ભારત સિવાય એશિયા ખંડમાંના તેમ જ આફ્રિકા ખંડમાંના દેશોના યાત્રિકોનાં નામ હજુ સુધી પ્રસિદ્ધ કરવામાં આવ્યા નથી.

આ યાત્રામાં સામેલ થનારાં બધાં ભાઈબહેનો ૨૫ મી ફેબ્રુઆરીના રોજ દિલ્હી પહોંચી ગયાં હશે અને ત્યાં ત્રણ દિવસ પ્રસ્તુત યાત્રા વિષે વિચારવિનિમય કરવામાં આવ્યો હશે.

આ યાત્રા સંબંધમાં એક વ્યવસ્થા સમિતિ સ્થાપિત કરવામાં આવી છે. તેમાં (૧) શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા, (૨) શ્રી નારાયણ દેસાઈ, (૩) શ્રી રાધાકૃષ્ણન, મંત્રી સર્વસેવા સંઘ, (૪) શ્રી ગોવિંદરાવ દેશપાંડે, આ સમિતિના મંત્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ યાત્રા સંબંધી શ્રી બરટ્રાન્ડ રસેલ જણાવે છે કે "આ યાત્રાને હું પૂરા ઉત્સાહપૂર્વક આવકારું છું અને આશીર્વાદ આપું છું. આ યાત્રામાં હું જોડાઈ શકતો નથી તેનું મને દુઃખ છે. આપ મારી ઉમ્મર જો ૨૦ વર્ષ કમી કરી શકો તો હું આ પદયાત્રામાં આનંદપૂર્વક જોડાવાને તૈયાર છું."

આ મૈત્રીયાત્રા સંબંધમાં એમ જાણવા મળે છે કે આ મૈત્રી-યાત્રાને લગતા ખર્ચનો જરૂરી પ્રબંધ કર્યા સિવાય—ચાલુ પરિભાષામાં કહીએ તો કેવળ ઈશ્વરના ભરોસે—આ યાત્રિકોએ પેકિંગ ભણી પ્રસ્થાન શરૂ કર્યું છે. આ માટે ઓછામાં ઓછા રૂા. ૫૦૦૦૦ની રકમ એકઠી કરવાની રહે છે. આ માટે શ્રી જયપ્રકાશ નારાયણ, શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા વગેરે આગેવાન સર્વોદય કાર્યકરો પ્રયાસ કરી રહ્યા છે. પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રસ્તુત મૈત્રીયાત્રા પાછળ રહેલી ભાવના અને યોજનાને યથાસ્વરૂપે વ્યકત કરતું શ્રી શંકરરાવ દેવનું પ્રવચન પ્રગટ કરવામાં આવ્યું છે. એ પ્રવચનથી જે કોઈ ભાઈ યા બહેન પ્રભાવિત થયાં હોય અને આ મૈત્રીયાત્રાને લગતા ફાળામાં આર્થિક રીતે મદદરૂપ થવા ઈચ્છતા હોય તેમને ફૂલ યા તો ફૂલની પાંખડી, મુંબઈ, ગામદેવી, લેબર્નમ રોડ ઉપર આવેલા મણિ ભુવનમાં, સર્વ સેવા સંઘનું કાર્યાલય છે ત્યાં પહોંચતી કરવા વિનંતી છે. મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પણ આવી રકમ યોગ્ય સ્થળે પહોંચતી કરવામાં આવશે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ—૩ મંત્રી, પ્રબુદ્ધજીવન

નૌકા વિહાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે આગામી માર્ચ માસની તા૦ ૫ મી મંગળવાર રાત્રીના ૮ થી ૧૧ સુધી એપોલો બંદર ઉપર 'શોભના' સ્ટીમરમાં નૌકાવિહાર ગોઠવવામાં આવ્યો છે. આ નૌકાવિહારમાં જોડાવા ઈચ્છનાર સભ્યે વ્યકિત દીઠ રૂા. ૨.૫૦ આપવાના રહે છે. પાણી પીવા માટે સાથે પ્યાલો લાવવો જરૂરી છે. આ માટે સંઘના કાર્યા-લય સાથે સત્વર સંપર્ક સાધવા વિનંતિ છે.

મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

'પરમેનન્ટ મેગ્નેટ્સ લિમિટેડ'નો ઉદ્‌ઘાટન સમારંભ

મુંબઈ મુકામે બોરીવલી ખાતે તા. ૧૬-૨-૬૩, શનિવારના રોજ શ્રી કાન્તિલાલ મોરારજી દેસાઈ તરફથી ઊભું કરવામાં આવેલ 'ધી પરમેનન્ટ મેગ્નેટ્સ લીમીટેડ' એ નામની લોહચુંબક બનાવવાની ફેક્ટરીનું પૂજ્ય શ્રી રવિશંકર મહારાજના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય ઉદ્‌ઘાટન-સમારંભના પ્રમુખસ્થાને જાણીતા ઉદ્યોગપતિ શ્રી જી. ડી. બિરલા બિરાજ્યા હતા અને સંરક્ષણપ્રધાન શ્રી વાઈ. બી. ચવ્હાણ આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત થયા હતા. આ સમારંભમાં ભારત સરકારના નાણાંપ્રધાન શ્રી મોરારજી દેસાઈ, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી કન્નમવાર, ગૃહ ખાતાના પ્રધાન શ્રી પી. કે. સાવંત, મુંબઈના નગરપતિ ડૉ. નગીનદાસ શાહ, મુંબઈના શેરીફ શ્રી ખંડેલવાલ, મુંબઈ કૉંગ્રેસના પ્રમુખ શ્રી ભાનુશંકર યાજ્ઞિક તથા અન્ય આગેવાન નાગરિકો, ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓ હાજર રહ્યા હતા. પુત્રના સાહસને અભિનન્દવા માટે—આશીર્વાદ આપવા માટે—માન્યવર મોરારજીભાઈની આ પ્રસંગે ઉપસ્થિતિ હોય એ સ્વાભાવિક છે. અન્ય મહાનુભાવોની હાજરી કેમ હોય તે પણ સમજી શકાય તેમ છે. પણ સન્ત લેખાતા—ગુજરાતના બહુમાન્ય સાધુપુરુષ—પૂજ્ય રવિશંકર મહારાજ આવા એક કાર્ય માટે અમદાવાદ બાજુએથી મુંબઈ સુધી આવે તે ન સમજી શકાય એવી એક ઘટના છે. કારણ કે, આ એક ખાનગી સાહસ છે અને તે પાછળ કેવળ અર્થોપાર્જનની દૃષ્ટિ રહેલી છે. અલબત્ત, આ રીતે દેશમાં આવો એક નવો ઉદ્યોગ શરૂ થાય અને અનેકને રોજી મળે એમાં દેશને અમુક પ્રકારનો લાભ રહેલો છે એમ જરૂર વિચારી શકાય, પણ આ લાભ તેનું આડકતરું પરિણામ છે. જેમ બીજાં અનેક કારખાનાંઓ દેશમાં નિકળે છે અને તે દ્વારા ધનિકો વધારે ધનવાન બને છે તેમ આ કારખાનું ઊભું કરવા પાછળ પણ મુખ્ય ધ્યાન અને ધ્યેય બને તેટલા દ્રવ્યોપાર્જનનું રહેલું છે. આ વિષે બે મત હોવાને કોઈ કારણ નથી.

અને દિનપ્રતિદિન વધતા જતા કાનૂની રાજ્યમાં કાનૂની મર્યાદામાં રહીને કોઈ પણ ઉદ્યોગ વ્યવસાય આજે ચલાવવો લગભગ અશક્ય થઈ પડ્યો છે. નૈતિક સિદ્ધાન્તો સાથેની બાંધછોડ કર્યા સિવાય વ્યાપાર-ઉદ્યોગમાં આગળ વધવું અને ઢગલાબંધ ધન રળવું એ પણ આજે એટલું જ અશક્ય બન્યું છે. ન્યાયોપાર્જિત ધનવૈભવ એ શાસ્ત્રકારોનું એક સ્વપ્ન બની ગયું છે. આ આજની વાસ્તવિકતા છે. 'પરમેનન્ટ મેગ્નેટ લીમીટેડ'ની રીતરસમ અન્ય કારખાનાંઓના અને તે અંગે ઊભી કરવામાં આવતી લીમીટેડ કંપનીઓના વહીવટ અને સંચાલન કરતાં જુદા પ્રકારની હશે એમ માની લેવાને કોઈ જ કારણ નથી.

આ બધું સર્વત્ર સુવિદિત હોવા છતાં શ્રી રવિશંકર મહારાજ જેવી વ્યક્તિને આવા એક કારખાનાનું ઉદ્‌ઘાટન કરવા માટે બોલાવવામાં આવે એ વિસ્મયજનક છે, તેમના હાથે કરવામાં આવેલું આવું ઉદ્‌ઘાટન એક સન્ત પુરુષની સાધુતાને exploit કરવા બરોબર-તેનો અનુચિત લાભ ઉઠાવવા બરોબર—છે. આપણા સાધુ-સન્તોનો આપણે આવો ઉપયોગ કરીએ તે યોગ્ય નથી. પણ અર્થ-પરાયણ વૈશ્યવૃત્તિમાં આવી વિવેકની આશા રાખવી તે વધારે પડતું છે. તે કેવળ લાભાલાભને જ જુએ છે. એટલે આ બાબતની આપણે વધારે ચર્ચા ન કરીએ.

પણ રવિશંકર મહારાજ આવા એક સ્વાર્થલક્ષી દુન્યવી કાર્ય માટે મુંબઈ પધારે એ તો, તેમને કોઈ બોલાવે તે કરતાં પણ, વધારે વિસ્મયજનક અને દુઃખદ છે. કોઈ પરોપકારલક્ષી જાહેર સંસ્થાનું ઉદ્‌ઘાટન હોય, શિક્ષણસંસ્થાનો સમારંભ હોય, ખાદી પ્રવૃત્તિ, હરિજન ઉદ્ધાર, ત્યકતા સ્ત્રીઓને રાહત આપવાનું કાર્ય, હૉસ્પીટલ કે પ્રસૂતિગૃહનું શિલારોપણ, ભૂદાન શિબિર, નયી તાલીમ પ્રબંધ, છેવટે કોઈ નહિ તો તરસ્યાની તરસ છીપાવતી એક પાણીની પરબનું ઉદ્‌ઘાટન—આવી કોઈ જનકલ્યાણલક્ષી પ્રવૃત્તિ સાથે તેમનું મુંબઈ સુધીનું આગમન સંકળાયલું હોય તો તેમાં કશું જ કહેવાપણું કે વિચારવાપણું ન હોય, પણ એક સ્વાર્થમૂલક મૂડીવાદી પ્રવૃત્તિ કે જેના સંચાલન માટે આજના સંયોગોમાં નૈતિક બાંધછોડ લગ-ભગ અનિવાર્ય જેવી છે તેવી પ્રવૃત્તિને તેઓ આશીર્વાદ આપવા આવે એ રવિશંકર મહારાજ અંગે આપણા ચિત્ત ઉપર ઉઠેલા અને વર્ષોથી સ્થિર થયેલા કલ્પનાચિત્ર સાથે સુસંગત નથી. મહારાજને આપણી વિનંતિ હો કે, તેઓ પોતાની જાતને આટલી સોંઘી ન બનાવે અને જે પ્રવૃત્તિને કેવળ અંગત અર્થસાધના સાથે સંબંધ હોય તેવી કોઈ પણ પ્રવૃત્તિને તેમના આશીર્વાદની પ્રતિષ્ઠા ન આપે.

આ જ ઉદ્‌ઘાટનસમારંભને લગતી બીજી એક બાબતનો પણ ઉલ્લેખ કરવાનું અનિવાર્ય છે. આજે ભારત સરકાર તેમજ પ્રાદેશિક સરકાર તરફથી આપણાં ખર્ચા કમી કરવાનું, આપણા સમારંભો સાદા કરવાનું, સામુદાયિક ભોજનોને બને તેટલાં મર્યા-દિત બનાવવાનું કહેવામાં આવે છે. બીજી બાજુએ આ ઉદ્‌ઘાટન—સમારંભના આયોજન અંગે એમ જાણવા મળે છે કે, તેમાં ઘણી મોટી સંખ્યા માટે—મળેલી માહીતી મુજબ આશરે ૨૫૦૦ મહે-માનો માટે—પ્રસંગને અનુરૂપ એવા ઉપાહારની—refreshments ની—ગોઠવણ કરવામાં આવી હતી અને એમ છતાં આ સમારંભમાં ધાર્યા કરતાં ઘણા ઓછા મહેમાનોએ હાજરી આપી હતી અને તેમાંથી પણ બહુ ઓછા માણસોએ આ ઉપાહારને ન્યાય આપ્યો હતો. આટલા મોટા પાયા ઉપરના ઉપાહારની ગોઠવણ અને તેનો આટલો મોટો બગાડ—આ બન્ને હકીકત અત્યન્ત દુઃખદ છે. અલબત્ત, આ ઠઠારાને અને આ બગાડને માન્યવર મોરારજી-ભાઈના નામ સાથે જોડવું ઉચિત નથી. સંભવ છે કે આ મોટા પાયા ઉપરના ઉપાહાર-પ્રબંધની મોરારજીભાઈને ખબર સરખી પણ ન હોય. પણ સામાન્ય લોકો આવો ઊંડો વિવેક કરતા હોતા નથી. તેઓ સહેજે પિતાની પ્રવૃત્તિને પુત્રના નામ સાથે અને પુત્રની પ્રવૃત્તિ-ને પિતાના નામ સાથે જોડી દેતા હોય છે. આમ હોવાથી, જેમની પ્રતિષ્ઠાને લોકઅભિપ્રાય સાથે સીધો કે આડકતરો સંબંધ હોય છે તેવા આપણા અગ્રગણ્ય રાજપુરુષોએ, અન્ય લોકોને બને ત્યાં સુધી આંગળી ચીંધવાનું નિમિત્ત ન મળે તે માટે, આવી નાની મોટી બધી બાબતોમાં વધારે જાગૃત, વધારે સાવધ અને વધારે કડક બનવાની જરૂર છે. પરમાનંદ

'રજિસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬'ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિ સ્થળ : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા.
કયા દેશના : ભારતીય.
ઠેકાણું : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
૪. પ્રકાશકનું નામ : } ઉપર મુજબ.
કયા દેશના : }
ઠેકાણું : }
૫. તંત્રીનું નામ : } ઉપર મુજબ.
કયા દેશના : }
ઠેકાણું : }
૬. સામયિકના માલિકનું નામ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.
તા. ૧-૩-'૬૩. પરમાનંદ કુંવરજી કાપડિયા, તંત્રી.

ગાંધીજી સાથેના છુટાછવાયા પ્રસંગોની નોંધ

[તા. ૧૬—૧૦—૬૨ના પ્રબુદ્ધ જીવનમાં 'ગાંધીજી સાથે મહાસતી ઉજ્જવળકુમારીનો વાર્તાલાપ' એ મથાળા નીચે પ્રગટ થયેલા લેખમાં આજથી ૧૮ વર્ષ પહેલાં જ્યારે મહાત્મા ગાંધીજી કાયદે આઝમ ઝીણા સાથે હિન્દુ મુસલમાન સમસ્યાના ઉકેલ અંગે વાટાઘાટ કરવા આવ્યા હતા ત્યારે મહાસતી ઉજ્જવળકુમારીને ગાંધીજીના પરિચયનો લાભ મળ્યો હતો તે પ્રસંગના કેટલાંક સ્મરણો રજુ કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત તેમનાં બીજાં થોડાક છુટાછવાયા સ્મરણોની નોંધ નીચે આપવામાં આવે છે. તંત્રી.]

मौनं सर्वार्थसाधनम्

જ્યારે હું વિલેપારલેમાં શ્રી ખુશાલભાઈ ખેંગારના બંગલામાં થોડો સમય રહી હતી ત્યારે એક વખત મહાત્માજી એ બંગલા આગળથી પસાર થવાના હોઈને મારી સાથે પણ થોડો વાર્તાલાપ કરવાનું એમણે ગોઠવ્યું હતું. પણ સવારના જતી વખતે બંગલો એમને બરાબર ધ્યાનમાં ન રહ્યો ને તેઓ આગળ ચાલી ગયા. સાંજે પાછા ફરતી વખતે તેઓ આવ્યા અને કહ્યું, "મહાસતીજી! હું બંગલો ભૂલી ગયો."

"ઓહો! ત્યારે સવારના આપ બંગલો ભૂલી ગયા હતા?"

"હા, પણ આવી ભૂલ જો થયા કરે તો ભારતના શા હાલ થાય" એમની સાથે સહદના ગાંધી ખાન અબ્દુલગફારખાન હતા. એમની સાથે મારો તેમણે પરિચય કરાવ્યો. પછી ટંડનબાબુ સાથે પરિચય કરાવતાં એમણે કહ્યું: "સતીજી! ટંડનબાબુ મોટા બળવાખોર છે." મેં કહ્યું, "અત્યારે તો એવા અહિંસક બળવાખોરોની ભારતને જરૂર પણ છે ને?"

તે દિવસના વાર્તાલાપમાં મહાત્માજીએ પોતાના મૌન લેવાના આશય વિષે સમજાવતાં કહ્યું કે, "મૌનથી વિશ્રામ તો મળે છે અને સાથે સાથે मौनं सर्वार्थसाधनम् પણ છે જ ને?"

"હું શ્રાવક બની ગયો છું."

એક વખતે મૌનના સમયમાં મહાત્માજીને વિચાર આવ્યો કે હું પણ સતીજીને આહારપાણી વહોરાવવાનો લાભ લઉં. પણ પછી તેમના મનમાં પ્રશ્ન ઉઠ્યો કે અમે તેમના હાથનું લઈ શકીએ ખરા? એટલે બીજે દિવસે એ વાત એમણે મને કરી. મેં કહ્યું, 'અમારા આચાર વિચાર પ્રમાણે આપ આપના હાથે જે કાંઈ વહોરાવો તે લેવામાં મને કશી પણ હરકત નથી.' આમ મારી સંમતિ મળવાથી બિરલાજી દરરોજ ચાંદીનાં થાળી વાટકાઓમાંથી જુદી જુદી ચીજો મહાત્માજીના હાથમાં આપતા ને મહાત્માજી મને વહોરાવતા. એક દિવસ સરદાર વલ્લભભાઈ આવી ગયા. મહાત્માજીએ એમને કહ્યું, "વલ્લભભાઈ! જુઓ, હું શ્રાવક બની ગયો છું. તમે આવો તો તમને પણ મારા જેવા શ્રાવક બનાવી દઉં."

એક વખત મહાત્માજી મને દહીં વહોરાવતા હતા ત્યારે મેં કહ્યું, "મહાત્માજી! આપ આ મારું પાત્ર હાથમાં લઈને એમાં દહીં નાંખી દો તો બહાર છાંટા ઉડવાનો સંભવ નહિ રહે." ગાંધીજીએ મારું પાત્ર હાથમાં લઈ લીધું અને એમના વિનોદી સ્વભાવ મુજબ દહીં ઠાલવતાં બોલ્યા, "સતીજી! આવું પાત્ર હાથમાં લેવાનો પ્રસંગ મારા ભાગ્યમાં ક્યાંથી? જો એમ થાય તો દુનિયાની આ બધી જંજાળ ટળી જાય અને શાંતિથી જીવન વીતાવું."

મહાત્માજીને મને વહોરાવવાની એક ધૂન લાગી ગઈ હતી. વિલે પારલેમાં ખુશાલભાઈના બંગલામાં એક દિવસ સાંજે મારી પાસે આવી ચઢેયા. ત્યારે પોતાની ભાવના દર્શાવતાં બોલ્યા: "આજ તો તમને વહોરાવવાને મારી પાસે કંઈ નથી." મેં કહ્યું, "હવે તો સંધ્યા થઈ ગઈ છે; અત્યારે અમને કોઈ વસ્તુનો ખપ પણ નથી."

પૂનામાં પણ મહાત્માજીએ મને વહોરાવવાનો ક્રમ ચાલુ રાખ્યો હતો. એક દિવસ મહાત્માજી મને વહોરાવી રહ્યા હતા ત્યારે ડૉ. દીનશા મહેતાનાં ધર્મપત્નીએ પૂછ્યું: "જેવી રીતે આપના હાથે મહાસતીજી વહોરે છે; તેવી રીતે મારા હાથે પણ વહોરે ખરા?" ગાંધીજીએ કહ્યું "હું તો હરિજન છું, અને મારા હાથનું વહોરવામાં મહાસતીજીને હરકત નથી તો પછી તમારા હાથનું લેવામાં એમને શું વાંધો હોય?" આ આહારવિષયક ચર્ચા થતાં મેં મહાત્માજીને કહ્યું કે મોટા શ્રીમંતો પણ સાધુ સાધ્વીને વહોરાવવામાં પોતાનું જીવન ધન્ય માને છે, અને કોઈ દિવસ અમે કોઈને ઘેર ન જઈએ, અથવા તો કંઈ વ્રત હોય ને ન જઈએ તો તે દિવસે એમને મનમાં બહુ ગ્લાનિ થાય છે. પણ મને મનમાં એમ થાય છે કે આ શ્રીમંતો જેમ ધર્મગુરુઓને ઉત્સાહથી વહોરાવે છે, તેમ અન્ય હિતકારી કાર્યોમાં એટલી જ ઉદારતા અને ઉત્સાહ દાખવે તો તેમનું પોતાનું અને સમાજનું કેટલું કલ્યાણ થાય?"

"આપણે બધાં શ્રીમંતોની પકડમાં છીએ."

એક દિવસ મેં ગાંધીજીને કહ્યું, "મહાત્માજી! બિરલાજી ઉદ્યોગપતિ છે, અને યંત્રવાદના સમર્થક પણ છે. આપ એમના મહેમાન કેમ થઈ શકો?" "મહાત્માજીએ કહ્યું, મહાસતીજી! હું, આપ અને આપણે બધા એક ચક્કરના ચક્રાવામાં પડી ગયા છીએ. હું બિરલાજીને ત્યાં છું તો આપ એવા જ ઉદ્યોગપતિ શેઠ શાંતિદાસ આસકરણના બંગલામાં છો. શ્રીમંતોની પકડમાંથી છૂટવાની ભાવના તો રહે છે, પણ લાચારીવશ એમની મહેમાનદારી સ્વીકારવી પડે છે. એવી પરિસ્થિતિમાં ઉચિત એ છે કે અનાસકત ભાવે રહીને ઉદાસીનતા તરફ ગતિ કરતા રહેવું."

સન્તહૃદય બાપુની અસાધારણ વત્સલતા

એક વખત સ્વામી આનંદે મને કહ્યું, "અમેરિકાથી જો કોઈ વ્યકિત આવે અને ગાંધીજી સાથેની મુલાકાતનો સમય માગે તો ગાંધીજી એને પંદર મીનીટનો સમય પણ મુશ્કેલીથી આપે છે. પરંતુ આપની સાથે અહિંસાની ચર્ચા કરવામાં તો તેઓ લગાતાર ઓગણીસ દિવસ સુધી રસ લઈ રહ્યા છે. આ એમની ધાર્મિક લગન અને સન્તહૃદયનો પુરાવો છે."

મુંબઈની મુલાકાતો વખતે મહાત્માજી મને હંમેશા કહ્યા કરતા કે "આપ જો કોઈ કારણવશ આવી ન શકો તો આપ સ્વતંત્ર છો, પણ હું બંધાએલો છું. કેમકે આપની સાથે વાર્તાલાપ કરવાનો આ સમય વિશેષે કરીને મેં નિશ્ચિત કરેલો છે, એટલે આ સમયમાં બીજાઓ સાથે હું વાતચીત કરી શકું નહિ." આવી હતી એમની સહૃદયતા અને સરલતા.

એક દિવસ શ્રી. રાજગોપાલાચારીએ કેટલીક બાબતો વિષે વિચારવિનિમય કરવા માટે પ્રાતઃકાળનો સમય આપવા કહ્યું, ત્યારે મહાત્માજીએ કહ્યું, "પ્રતઃકાળનો સમય તો ધાર્મિક ચર્ચા કરવા માટે કેવળ મહાસતીજીની સાથે જ નકકી કર્યો છે. એ સમય તમને કેવી રીતે આપી શકું?"

મહાસતી ઉજ્જવળકુમારી

સન્માનસંમેલન

તા૦ ૨૨-૨-૬૩ શુક્રવારના રોજ સર મણિલાલ બાલાભાઈ નાણાવટીને અનુલક્ષીને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજવામાં આવેલ સન્માનસંમેલનનો વિગતવાર અહેવાલ પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

તંત્રી, પ્રબુદ્ધ જીવન

વિષયસૂચિ

		પૃષ્ઠ
આપણા જીવનમાં હિમાલયનું સ્થાન	સ્વામી પ્રવાસતીર્થ	૨૦૭
અદ્યતન યુદ્ધ પરિસ્થિતિ અને અહિંસાવ્રતધારી જૈન સાધુઓ.		૨૦૮
અનેકાન્તવાદ	દલસુખ માલવણિયા	૨૧૨
પહેલી માર્ચથી શરૂ થતી દિલ્હી-પેકીંગ મૈત્રી યાત્રા		૨૧૪
'પરમેનન્ટ મેગ્નેટ્સ લિમિટેડ'નો ઉદ્‌ઘાટનસમારંભ	પરમાનંદ	૨૧૫
ગાંધીજી સાથેના છુટાછવાયા પ્રસંગોની નોંધ	મહાસતી ઉજ્જવલ કુમારી	૨૧૬

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧૬, ૧૯૬૩, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

સર મણિલાલ બાલાભાઈ નાણાવટી: એક પરિચયચિત્ર

(તા. ૨૨-૨-૧૯૬૩ શુક્રવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સર મણિલાલ બાલાભાઈ નાણાવટીનું અભિવાદન કરવા અર્થે યોજવામાં આવેલા સન્માનસંમેલનમાં સર મણિલાલ નાણાવટીની લાંબી જીવનકારકીર્દિનો પરિચય આપતાં મેં જે કહેલું તેનો જરા વિસ્તાર કરીને તૈયાર કરેલું લખાણ નીચે આપવામાં આવે છે. **પરમાનંદ**)

માન્યવર સર મણિલાલ બાલાભાઈ નાણાવટી, જેમની સાથેના વર્ષોજુના સંબંધના કારણે 'મણિભાઈ' એવા આત્મીયતાસૂચક નામથી સંબોધવાનો મને મહાવરો છે, તેમના સમગ્ર જીવનનો પરિચય આપવા માટે તેને ચાર ભાગમાં વહેંચવું ઘટે: (૧) જન્મથી માંડીને તેમણે અભ્યાસ પૂરો કર્યો ત્યાં સુધીનો ગાળો, (૨) વડોદરા રાજ્યની ૧૯૦૪થી ૧૯૩૬ સુધી તેમણે સેવા કરી તે ૩૩ વર્ષનો ગાળો, (૩) ત્યાર બાદ પાંચ વર્ષ સુધી રીઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર તરીકે તેમણે કામ કર્યું તે ગાળો, (૪) ૧૯૪૧ થી ૧૯૫૯ સુધી સોસાયટી ઓફ એગ્રિકલ્ચરલ ઈકૉનોમિક્સના પ્રમુખસ્થાને રહીને તેમણે જે કાર્ય કર્યું અને ત્યાર પછીથી આજ સુધીનો સમય.

(૧)

તેમનો જન્મ અમદાવાદ ખાતે ૧૮૭૭ ના જાન્યુઆરી માસની તા. ૧૨ મીએ થયો. તેમના પિતા સ્વ૦ બાલાભાઈ નાણાવટી મૂળ અમદાવાદના વતની.વડોદરા રાજ્યના વૈદ્યકીય ખાતાની નોકરીના કારણે તેમણે જીંદગીનાં ઘણાં વર્ષો વડોદરામાં ગાળેલાં અને પછીથી મણિભાઈ સાથે તેઓ મુંબઈ આવીને વસેલા. વડોદરામાં તેઓ ચીફ મેડીકલ ઓફિસરના હોદ્દા સુધી પહોંચેલા. વર્ષો પહેલાં મુંબઈમાં ભરાયેલ જૈન શ્વે૦ મૂ૦ કૉન્ફરન્સના અધિવેશનનું પ્રમુખસ્થાન તેમણે શોભાવેલું. તેમના ત્રણ પુત્રોમાં મણિભાઈ સૌથી મોટા હતા. સ્વ૦ બાલાભાઈ નાણાવટી એક સંસ્કારી, નિષ્ઠાવાન, શીલસંપન્ન સદ્‌ગૃહસ્થ હતા. તેમણે પોતાનાં સંતાનોની કેળવણીમાં ખૂબ સક્રિય રસ લીધો હતો અને ઘણા ઊંચા સંસ્કારનો પોતાના સંતાનોને વારસો આપ્યો હતો. શ્રી મણિભાઈએ પોતાનો પ્રાથમિક અભ્યાસ અમદાવાદ ખાતે પૂરો કર્યો, માધ્યમિક અભ્યાસ તેમણે વડોદરામાં કર્યો હતો અને કૉલેજનું શિક્ષણ તેમણે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રાપ્ત કર્યું હતું. ૧૯૦૦ ની સાલમાં તેઓ બી. એ. થયા હતા અને ૧૯૦૪ ની સાલમાં તેમણે એલ. એલ. બી. ની પરીક્ષા પસાર કરી હતી.

(૨)

૧૯૦૪ ની સાલમાં તેઓ વડોદરા રાજ્યના ન્યાયખાતામાં જોડાયા અને થોડો સમય કામ કર્યા બાદ તેમનું મન વ્યાપાર-વ્યવસાય તરફ વળ્યું અને એક વર્ષ મુંબઈમાં રહીને તેમણે મોટા પાયા ઉપરનો વ્યાપાર-વ્યવસાય ખેડેલો. તેમાં કેટલીક પ્રતિકુળતાઓ ઊભી થતાં ધંધો બંધ કરીને ૧૯૦૫ માં તેઓ વડોદરા પાછા આવ્યા અને ન્યાયખાતામાં ફરીથી જોડાયા. આ કામગીરી દરમિયાન તેમણે, વડોદરા મહારાજાએ કરેલા પ્રબંધ મુજબ, ત્રણ માસ સુધી riding અને shooting — ઘોડેસ્વારી અને બંદુકબાજીની મીલીટરી તાલીમ લીધેલી. આમ રાજ્યની નોકરીમાં ફરી વાર જોડાયા બાદ તરતમાં જ મણિભાઈ જૈન છે એ જાણીને, જૈનોમાં જ્ઞાતિબંધારણનું સ્વરૂપ કેવું છે તે વિષે સંશોધન કરીને એક નિબંધ તૈયાર કરવા મહારાજાએ ફરમાવ્યું. આ સંબંધમાં જરૂરી તપાસ તથા અધ્યયન કરીને તેમણે નિબંધ તૈયાર કર્યો અને મહારાજાને વાંચી સંભળાવ્યો. આથી મહારાજા બહુ રાજી થયા અને તે નિબંધ છપાવવા

સર મણિલાલ બાલાભાઈ નાણાવટી



૧૯૩૬માં શ્રી મણિભાઈ જાપાન ગયા ત્યારે તેમના સહપ્રવાસી જાણીતા કલાગુરુ શ્રી રવિશંકર મહાશંકર રાવળે દોરેલું તેમનું રેખાચિત્ર.

તેમણે હુકમ કર્યો. આ કામ પૂરું થયા બાદ જૈનોમાં મૂર્તિપૂજા ક્યાંથી આવી એ વિષે સંશોધન કરવા મહારાજાએ તેમને ફરમાવ્યું. આ વધારે કઠણ કામ હતું. આ માટે તેમણે વિદ્વાન જૈન મુનિઓનો—અને તે પણ ત્રણે ફિરકાના વિદ્વાન મુનિઓનો—સંપર્ક સાધવાનો હતો. આ કામ ઠીક ઠીક આગળ ચાલ્યું. અને જૈન ધર્મના જાણકાર મુનિઓ પાસેથી માહિતી મેળવીને કેટલીક નોંધો તેમણે તૈયાર કરી, પણ એ દરમિયાન મહારાજાએ વ્યાપાર—ઉદ્યોગ અને બેંકીંગના અભ્યાસ માટે મણિભાઈને અમેરિકા મોકલવાનો વિચાર કર્યો અને આ કામ અધુરું રહ્યું. ૧૯૦૯ની સાલમાં મણિભાઈ અમેરિકા ગયા અને ત્યાં બે વર્ષ રહ્યા અને વીસકોન્સીન અને કોલંબિયા યુનિવર્સિટીના એમ. એ. થયા. ત્યાર બાદ અમેરિકામાં તેમજ યુરોપના દેશોમાં ઠીક ઠીક પ્રવાસ કરીને અને પોતાને પ્રિય વિષયો અંગે સારો અનુભવ મેળવીને ૧૯૧૧ની સાલમાં તેઓ પાછા ફર્યા. અને વ્યાપાર-ઉદ્યોગ ખાતું, આંકડા ખાતું તથા સહકારી ખાતું એ ત્રણે ખાતાં તેમને સોંપાયાં. આ ત્રણ ખાતાનું કામ વધી જવાથી ૧૯૧૯માં ત્રણે ખાતાને અલગ કરવામાં આવ્યાં અને મણિભાઈને માત્ર વ્યાપાર-ઉદ્યોગ ખાતું સોંપવામાં આવ્યું. ૧૯૨૦ માં તેમને જોઈંટ સર સુબા નિમવામાં આવ્યા તેમ જ પ્રગતિ અધિકારી—Development Officer ના હોદ્દા ઉપર તેમની નિમણૂંક કરવામાં આવી.

એ વર્ષો દરમિયાન વડોદરાના મહારાજા મોટા ભાગે યુરોપ રહેતા હતા અને ત્યાં બેઠાં બેઠાં પોતાના આખા રાજ્યનું સંચાલન કરતા હતા. ૧૯૨૨ માં મહારાજાએ મણિભાઈને યુરોપ બોલાવ્યા અને તેમના સેક્રેટરી અને ચીફ ઓફિસરની જવાબદારી તેમને સોંપી. આ રીતે બે વર્ષ કામ કર્યા બાદ તેઓ ભારત ખાતે પાછા ફર્યા અને નવસારીના સુબા તરીકે નિમાયા. આ અધિકાર ઉપર તેમણે બે કે ત્રણ વર્ષ કામ કર્યું તે દરમિયાન તે પ્રદેશમાં વ્યાપી રહેલ મેલેરિયાનું નિવારણ કરવા શક્ય તેટલા પ્રયાસ કર્યા; ગ્રામ-નેતાશિક્ષણના વર્ગો શરૂ કર્યા અને ૭૦ કાર્યકરો તૈયાર કર્યા; આરોગ્ય સપ્તાહ અને આરોગ્યપ્રદર્શનનું આયોજન કરી ત્યાંની જનતાને આરોગ્યલક્ષી બનાવી. ૧૯૨૬ ની સાલમાં ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, મહાદેવ દેસાઈ વગેરે સાથે નવસારી આવેલાં. એ દિવસોમાં દેશનું રાજકીય વાતાવરણ ગરમ બનતું જતું હતું અને ગાંધીજી સરકારની નજરમાં કણાની માફક ખૂંચતા હતા અને તેમના સંબંધમાં જે કોઈ અમલદાર આવે તેના ઉપર અંગ્રેજ સરકારની નાખુશી ઉતરવાનું જોખમ રહેતું. આમ છતાં પણ ગાંધીજીને પોતાને ત્યાં મણિભાઈએ બોલાવ્યા હતા અને તેમણે તથા તેમના સાથીઓએ મણિભાઈના બંગલામાં એક રાત પસાર કરી હતી.

૧૯૨૬માં મણિભાઈને ફરીથી વ્યાપાર-ઉદ્યોગ ખાતાના મુખ્ય અધિકારી બનાવવામાં આવ્યા અને ડેવલપમેન્ટ અધિકારી—પ્રગતિ અધિકારી—ની જવાબદારી પણ તેમને સોંપવામાં આવી. અહીં તેમણે ચારેક વર્ષ કામ કર્યું તે દરમિયાન સૌરાષ્ટ્રના વાયવ્ય ખૂણે આવેલા ઓખાનું અથાગ પરિશ્રમ લઈને તેમણે એક અદ્યતન બંદરમાં રૂપાંતર કર્યું અને ત્યાં સિમેન્ટના ઉદ્યોગનો પણ તેમની દ્વારા ઉદ્‌ભવ થયો, જેમાંથી સમય જતાં તાતા કેમિકલ વર્ક્સ એ નામથી ઓળખાતા જંગી કારખાનાની સ્થાપના થઈ. ઓખા બંદરના ઉદ્‌ભવ અને વિકાસ સાથે મણિભાઈનું નામ હંમેશાને માટે જોડાએલું રહેશે. આ પદાધિકાર દરમિયાન તેમને ઓખા બંદરના કામને અંગે બે વાર યુરોપ જવાનું બન્યું હતું.

૧૯૩૦ ની સાલમાં તેઓ વડોદરા રાજ્યના એકાઉન્ટન્ટ જનરલ થયા અને વડોદરા સરકારે નિમેલી બેંકીંગ ઈન્કવાયરી કમિટીના પ્રમુખ તરીકે તેમણે કામ કર્યું. ૧૯૩૨ માં તેઓ રેવન્યુ કમિશનર થયા અને એ હોદ્દા ઉપર રહીને તેમણે ગ્રામવિકાસ, પંચાયત અને સહકારી પ્રવૃત્તિના વિકાસની દિશાએ ખૂબ મહત્ત્વનું કામ કર્યું. આ દિવસોમાં વડોદરા રાજ્યે બાલ દીક્ષા અટકાયત ધારો કર્યો હતો. આ ધારાને યોગ્ય આકાર આપવા પાછળ મણિભાઈએ સારો પરિશ્રમ ઉઠાવ્યો હતો. તદુપરાંત વડોદરા નજીક આવેલા "આટલાદરા" નામના ગામડાની સમગ્ર સુધારણા પાછળ તેમણે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. અને આખા ગામને આરોગ્ય, શિક્ષણ, ખેતી, ગૃહ ઉદ્યોગ વિગેરે અનેક બાબતોમાં ઊંચે લાવવા માટે દોઢ વર્ષ સુધી અસાધારણ પ્રયત્ન કર્યો. આ 'આટલાદરા' ગામનું ઉદ્ધારકાર્ય તેમણે અધિકારની રૂઈએ નહિ પણ કેવળ અંગત જવાબદારી અને ભાવનાથી કર્યું અને તે પાછળ સમય, શક્તિ તથા ધનનો સારો વ્યય કર્યો. આજે ગ્રામસુધારણાના વિષય ઉપર જે ચિન્તન અને આયોજન ચાલી રહ્યું છે તેનું પૂર્વદર્શન તેમના આટલાદરાના ઉદ્ધારકાર્યમાં થાય છે. આવી તેમની વિવિધ સેવાઓની કદર રૂપે તેમને 'રાજ્યરત્ન'નો રાજ્ય તરફથી ઈલ્કાબ આપવામાં આવ્યો.

૧૯૩૬ માં તેઓ વડોદરા રાજ્યના ડેવલપમેન્ટ મિનિસ્ટર બન્યા. એ જ વર્ષમાં તેઓ જાપાનના પ્રવાસે ગયા અને ત્યાંથી દેશને ઉપયોગી એવી ખૂબ માહિતી અને અનુભવ લઈ આવ્યા અને દેશમાં પાછા આવ્યા બાદ તેમણે આ વિષય ઉપર ખૂબ લખ્યું અને ભાષણો કર્યાં. આવી તેમની અનેકવિધ કુશળતાથી પ્રસન્ન થઈને વડોદરા મહારાજાએ 'અરુણાદિત્ય' જે રાજ્ય પાસે સૌથી મોટો ઈલ્કાબ હતો તે ઈલ્કાબથી મણિભાઈને વિભૂષિત કર્યા અને તેમની ખ્યાતિ વડોદરા રાજ્યની બહાર સરકારી હિંદમાં પસરવા લાગી.

(૩)

આ અરસામાં અંગ્રેજ સરકારે નવી સ્થાપાયલી રીઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નરના પદ ઉપર નીમવા માટે મણિભાઈની માગણી કરી અને તે માગણી સ્વીકારવામાં મણિભાઈનું વિશેષ હિત છે એમ સમજીને વડોદરા મહારાજાએ તેમને કમને છૂટા કર્યા અને મણિભાઈ રીઝર્વ બેંકમાં જોડાયા અને ડેપ્યુટી ગવર્નરના પદ ઉપર તેમણે પાંચ વર્ષ સુધી કામ કર્યું. આ દરમિયાન બેંકના કર્મચારીઓનું તેમણે ભારતીયકરણ કર્યું, રીઝર્વ બેંકના ખેતી ઉપરના ધીરાણના ખાતાની સ્થાપના કરી, કોડીનાર તાલુકાના સહકારી બેંકિંગ યુનિયનની તપાસ હાથ ધરી અને સહકારી પ્રવૃત્તિની સમાલોચના કરી. તેમની પાંચ વર્ષની કામગીરીથી ખૂબ સંતુષ્ટ થતાં અંગ્રેજ સરકારે તેમને સર નાઈટહૂડના ઈલ્કાબથી નવાજ્યા, એટલું જ નહિ પણ, તેઓ આ પદ ઉપરથી નિવૃત્ત થયા ત્યારે રીઝર્વ બેંકે તેમના કાર્યની વિશિષ્ટ કદર તરીકે, હિંદી સરકારની ખાસ પરવાનગી મેળવીને ૮૦ તોલા સોનાની એક સુંદર પ્લેટ તૈયાર કરાવી તેમને ભેટ આપી.

(૪)

રીઝર્વ બેંકથી છૂટા થવા સાથે તેમની ઈન્ડિયન સોસાયટી ઓફ એગ્રિકલ્ચરલ ઈકોનોમિક્સના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી. કૃષિવિષયક અર્થશાસ્ત્રની દિશાએ આપણા દેશમાં એ સમયે બહુ જ થોડું ચિંતન અને વ્યવસ્થિત કાર્ય થયું હતું અને આપણા દેશના ઘણા મોટા ભાગનું જીવન કૃષિ સાથે જોડાએલું હોવા છતાં, તે વિષયનું મહત્ત્વ આપણા અર્થશાસ્ત્રીઓ અને રાજદ્વારી પુરુષોની સમજણમાં બહુ ઓછા પ્રમાણમાં ઉતર્યું હતું અને તેથી આ સંસ્થામાં પ્રમુખ તરીકે તેમને ઘણું પાયાનું કામ કરવાનું હતું. આ પ્રમુખસ્થાન ઉપર તેઓ સતત ૧૯૫૯ સુધી એટલે કે, ૧૮ વર્ષ સુધી ચાલુ રહ્યા અને તે સ્થાન ઉપર રહીને તેમણે કૃષિ, સહકારી બેંકિંગ અને પંચાયતના વિષયમાં અનેક સંશોધનો કર્યાં તેમ જ કરાવ્યાં. ૧૯૪૫ માં તેઓ બેંગોલ ફેમીન કમિશનના સભ્ય નિમાયા અને તે સ્થાન ઉપર તેમણે મહત્ત્વની કામગીરી બજાવી. ૧૯૪૬માં ગુજરાતમાં આવેલા ભુવેલ ગામની એક તરુણ દંપતી મારફત આર્થિક તેમ જ સામાજિક તપાસ કરાવી. એ જ સાલમાં હિંદી સરકારે ભારત માટે અનાજ મેળવવા માટે તેમને અમેરિકા મોકલ્યા. ૧૯૪૮માં તેઓ એગ્રિક-

ગ્યરલ ઈકૉનોમિક્સના અર્થશાસ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય પરિષદના ઉપ-પ્રમુખ નિમાયા. ૧૯૫૦/૫૧ માં કોડીનાર બેંકિંગ યુનિયનની તપાસ તેમની મારફત હાથ ધરવામાં આવી. ૧૯૫૪માં ઓછી આવક ધરાવતા ખેડૂતો અને ઓછી આવક આપતા ખેતરોને લગતી તપાસ હાથ ધરવામાં આવી.

તેઓ વડોદરા રાજ્યની નોકરીમાં હતા એ દરમિયાન ૧૯૧૫ ની સાલમાં તે રાજ્યમાં પેટલાદ તાલુકામાં આવેલા ભડકદ ગામની તપાસ તેમણે હાથ ધરેલી, પણ એ વખતે તે તપાસ ચલાવવામાં ઘણી મુશ્કેલીઓ આવી હતી અને એ કામ અધુરૂં રહ્યું હતું. ૧૯૫૫ની સાલમાં સોસાયટી તરફથી આ કામ ફરીથી હાથ ધરવામાં આવ્યું અને તે તપાસ મણિભાઈના માર્ગદર્શન નીચે શ્રી નટવરલાલ કેશવલાલ દલસુખભાઈ પરીખ મારફત કરવામાં આવી. બે વર્ષ સુધી ચાલેલી આ તપાસનો અહેવાલ એક દળદાર પુસ્તકના આકારમાં પ્રગટ કરવામાં આવ્યો છે અને ગામડાના પ્રશ્નોમાં રસ ધરાવતા કાર્યકરો માટે આ પુસ્તક અનેક રીતે માર્ગદર્શક બને તેમ છે. આવી જ રીતે કરજણ તાલુકાની સહકારી પ્રવૃત્તિની તપાસ ૧૯૫૬ માં હાથ ધરવામાં આવી હતી.

જે સોસાયટીનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સોસાયટી તરફથી, મણિભાઈની તે સોસાયટીના પ્રમુખ તરીકેની કારકીર્દિ દરમિયાન, કૃષિવિષયક અર્થશાસ્ત્ર સાથે સંબંધ ધરાવતા વિષયો ઉપર ૩૨ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે. આ પ્રકાશનોમાં મણિભાઈ તથા અધ્યાપક શ્રી જે. જે. અંજારિયા—બન્નેએ સાથે મળીને ૧૯૫૧ ની સાલમાં પ્રગટ કરેલ The Indian Rural Problem —એ નામના પુસ્તકને મુંબઈ યુનિવર્સિટીએ પોસ્ટગ્રેજ્યુએટ સ્ટડીઝ માટે પાઠયપુસ્તક તરીકે સ્વીકારેલ છે.

આ ઉપરાંત વાર્ષિક સંમેલનો ભરવાં, કૃષિઅર્થશાસ્ત્રનું ત્રિમાસિક ચલાવવું, સંશોધનો અને તપાસો હાથ ધરવી, સેમીનારો ગોઠવવી યુનિવર્સિટીઓના શિક્ષણક્રમમાં કૃષિવિષયક અર્થશાસ્ત્રના વિષયને સ્થાન અપાવવું અને તેને લગતાં પાઠયપુસ્તકો તૈયાર કરાવવાં —સોસાયટીની આવી અનેક પ્રવૃત્તિઓ રહી છે. ૧૯૫૮ની સાલમાં agricultural economists— કૃષિવિષયક અર્થશાસ્ત્રીઓ—ની ૧૦મી આંતરરાષ્ટ્રીય પરિષદ આ સોસાયટીના તથા ભારત સરકારના અન્ન તથા કૃષિવિષયક ખાતાના સંયુકત ઉપક્રમે માઈસોર ખાતે ભરવામાં આવી હતી. આ પરિષદમાં સોસાયટીના પ્રમુખ તરીકે મણિભાઈએ ભારે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ગયા વર્ષે કૃષિવિજ્ઞાનના ક્ષેત્રમાં મણિભાઈએ કરેલા આટલાં બધાં સંશોધનોથી પ્રભાવિત બનીને આણંદની સરદાર વલ્લભભાઈ યુનિવર્સિટીએ મણિભાઈને ડૉકટરેટની પદવી અર્પણ કરીને તેમનું બહુમાન કર્યું હતું. આ પદવીપ્રદાને મણિભાઈના ગૌરવમાં વધારો કર્યો છે એમ કહેવા યા વિચારવાને બદલે, જેનાથી વધારે યોગ્ય વ્યકિત ન મળે એવી એક વિશિષ્ટ વ્યકિતને ડૉકટરેટની પદવીનું પ્રદાન કરીને પ્રસ્તુત યુનિવર્સિટીએ પોતાના ગૌરવમાં વધારો કર્યો છે અથવા તો પોતાના અસ્તિત્વને સાર્થક કર્યું છે એમ કહેવું વધારે ઉચિત લેખાશે.

વડોદરાની નોકરીથી નિવૃત્ત થયા બાદ મણિભાઈ મુંબઈ આવીને વસ્યા છે અને જુહુના કિનારે બંધાવેલાં બંગલામાં રહે છે. તેમના અન્ય કુટુંબીઓ વીલેપારલેમાં વસતા હોવાથી વીલેપારલે સાથે તેમનો વિશેષ સંબંધ રહ્યો છે. વીલેપારલેના જાહેર જીવનમાં આ નાણાવટી કુટુંબ વર્ષોથી અગ્રસ્થાને રહ્યું છે. આ કુટુંબ તરફથી ૧૯૩૭ની સાલમાં નાણાવટી ફેમીલી ચેરીટી ટ્રસ્ટ એ નામનું એક સખાવતી ટ્રસ્ટ ઊભું કરવામાં આવ્યું છે. આ ટ્રસ્ટની શરૂઆત મણિભાઈના લઘુબંધુ સ્વ૦ ચંદુલાલ બાલાભાઈ નાણાવટીએ બે લાખ રૂપિયા આપીને કરેલી. અણધારી આફતો વખતે સમાજને મદદ કરવી, નાતજાતના ભેદ વગર કેળવણી આપવી, વૈદ્યકીય અને સમાજસેવાની સંસ્થાઓને મદદ કરવી—આવા વ્યાપક તેના ઉદ્દેશો રાખવામાં આવ્યા છે. આ ટ્રસ્ટફંડમાં અન્ય કુટુંબી જનો તરફથી એક બાજુએ વધારો થતો રહ્યો છે અને બીજી બાજુએ અનેક શૈક્ષણિક તેમ જ વૈદ્યકીય તેમ જ રાહતજનક કાર્યોમાં આ ટ્રસ્ટ તરફથી મદદ અપાતી રહી છે. આ ટ્રસ્ટ દ્વારા છેલ્લાં બાર તેર વર્ષ દરમિયાન બે મોટાં કાર્યો થયાં છે: (૧) વીલેપારલેમાં એક હૉસ્પિટલ ઊભું કરવા માટે આ ટ્રસ્ટ તરફથી ચાર લાખની રકમ આપવામાં આવી અને એ રકમને કેન્દ્રમાં રાખીને ૧૯૫૧ ની સાલમાં ડૉ. બાલાભાઈ નાણાવટીના નામ સાથે જોડીને હૉસ્પિટલ ઊભું કરવામાં આવ્યું છે. આ હૉસ્પિટલનો છેલ્લાં બાર વર્ષ દરમિયાન ખૂબ વિકાસ કરવામાં આવ્યો છે અને તે પાછળ નાણાવટી કુટુંબ તરફથી તેમ જ અન્ય દાતાઓ તરફથી આજ સુધીમાં મળેલાં આશરે ૪૦ લાખ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. આ હૉસ્પિટલ મુંબઈની પશ્ચિમ બાજુએ વસતા પ્રજાજનો માટે મહાન આશીર્વાદ રૂપ બન્યું છે. શરૂઆતમાં મણિભાઈ આ હૉસ્પિટલનું સંચાલત કરતા હતા. હાલ કેટલાક સમયથી તેમના પુત્ર ભાઈશ્રી રતિલાલ સંચાલન કરે છે. (૨) સમયાન્તરે ઉપર જણાવેલ નાણાવટી ચેરીટી ટ્રસ્ટ ફંડમાંથી અઢી લાખની પ્યાયની રકમ આપીને 'શ્રી ચંદુલાલ નાણાવટી વિમેન્સ ઈન્સ્ટીટયુટ એન્ડ ગર્લ્સ હાઈસ્કૂલ' નામની સંસ્થા ઊભી કરવામાં આવી છે અને આ સંસ્થા તરફથી "શ્રી ચંદુલાલ નાણાવટી કન્યા વિનય મંદિર" એ નામની એક શૈક્ષણિક સંસ્થા ૧૯૫૪ની સાલમાં નિર્માણ કરવામાં આવી છે. આ વિનય મંદિરમાં ભણતી વિદ્યાર્થિનીઓ ભવિષ્યમાં સુજ્ઞ ગૃહિણી બની શકે તે હેતુથી વિનયમંદિરના અભ્યાસના વિષયોમાં ગૃહવિજ્ઞાનને મહત્ત્વનો વિષય Basic craft તરીકે ગણીને શિક્ષણની યોજના કરવામાં આવી છે. આમ માધ્યમિક કક્ષાએ કામ કરતી નઈ તાલીમની શાળા તરીકે આ સંસ્થા કેળવણીકારોમાં, શિક્ષકોમાં તથા કેળવણી ખાતામાં મુંબઈ શહેર તેમ જ બહાર જાણીતી થઈ છે.

આ હૉસ્પિટલ તથા કન્યામંદિરના ઉદ્‌ભવ તેમ જ વિકાસમાં મણિભાઈનો ફાળો અનેક રીતે અસાધારણ મહત્ત્વનો છે. અહીં જ્યારે નાણાવટી કુટુંબ તરફથી કરવામાં આવતાં સેવાકાર્યોનો ઉલ્લેખ કરવામાં આવે છે ત્યારે જેમનું જીવન શુદ્ધ જનસેવા અને રચનાત્મક કાર્યને સમર્પિત છે એવા સ્વ. ચંદુલાલ નાણાવટીનાં પત્ની શીલમૂર્તિ શ્રી મણિબહેન નાણાવટીનો તેમ જ વિલેપારલે ખાતે કેટલાક સમયથી ઊભી કરવામાં આવેલી 'સરલા સર્જન' એ નામની સહશિક્ષણને અપનાવતી શિક્ષણસંસ્થાના સ્થાપક શ્રી રતિલાલ મણિલાલ નાણાવટી તથા સૌ. સરલાબહેન રતિલાલ નાણાવટીનો નામોલ્લેખ અસ્થાને નહિ ગણાય.

આજે સોસાયટી ઓફ એગ્રિકલ્ચરલ ઈકૉનોમિકસના પ્રમુખસ્થાને તેમની જગ્યાએ અધ્યાપક દાંતવાળા છે, એમ છતાં એ સંસ્થાની પ્રવૃત્તિ સાથે મણિભાઈ હજુ પણ સારી રીતે સંકળાએલા છે અને અઠવાડિયામાં બે કે ત્રણ વાર મુંબઈમાં આવેલા સોસાયટીના કાર્યાલયમાં તેઓ હાજરી આપે છે અને ઘરમાં બેઠાં બેઠાં તેને લગતું લખાણ વાંચન ચાલ્યા જ કરે છે.

ઉપસંહાર

તેમનું જીવન અનૂટ કામગીરીથી ભરેલું છે અને તે પાછળ અસાધારણ સંશોધન અને અધ્યયન રહેલું છે એ બાબતનો ખ્યાલ આવે એ માટે તેમના જીવનની આટલી બધી વિગતો ક્રમસર આપવાનું ઉચિત ધાર્યું છે. તેમનું જીવન કેવળ ભૌતિક વિષયોની વિચારણા અને તેને લગતી પ્રવૃત્તિઓને જ વરેલું છે એમ નથી. કૉલેજજીવન દરમિયાન વસાવેલાં ડૉ. મીસીસ બિસેન્ટનાં પુસ્તકોનું અમુક નિમિત્ત ઊભું થતાં, તેમણે ૧૯૩૦ માં મનનપૂર્વક વાંચન કર્યું અને ત્યારથી તેઓ યોગ અને અધ્યાત્મ તરફ આકર્ષાતા રહ્યા છે અને એના જાણકાર સાધુ, સંન્યાસી અથવા યોગીઓનો સમાગમ તેઓ શોધતા રહ્યા છે, એટલું જ નહિ પણ, એક પ્રકારની સાધના અને ઉપાસનાનો

તંતુ તેમના જીવન સાથે વર્ષોથી જોડાયેલો રહ્યો છે, જે વિષે તેમની નજીકના લોકો પણ બહુ ઓછું જાણે છે. આમ તેમના જીવનનો સમગ્રપણે વિચાર કરીએ તો તેમાં આપણને જ્ઞાનયોગ અને કર્મયોગની અખંડ ઉપાસના નજરે પડે છે. તેવી જ રીતે તેમના જીવનમાં બુદ્ધિમત્તા, કામપરાયણતા અને સેવાનિષ્ઠાનો અપૂર્વ સંગમ—સમન્વય જોવા મળે છે. કૃષિ, સહકારી પ્રવૃત્તિ, પંચાયત રાજ્ય, ગ્રામ જીવનની સમસ્યા, અને તેના અનુસંધાનમાં બેંકિંગ—આ વિષયોમાં તેમના જેટલી નિષ્ણાત વ્યક્તિ આપણા દેશમાં બહુ વિરલ જોવા મળે તેમ છે. વડોદરા રાજ્યની તેમની કામગીરી જોતાં તેઓ એક able administrator હતા—સમર્થ વહીવટી પુરુષ હતા—એમ સૌ કોઈએ કબૂલ કરવું જ રહ્યું.

તેમના જીવનને ધાર્મિક કહી શકાય કે નહિ તે 'ધાર્મિકતા'નો આપણે શું અર્થ કરીએ છીએ તેના ઉપર આધાર રાખે છે. જો ધાર્મિકતા એટલે ક્રિયાકાંડ, જપ, તપ, વ્રત, ઉપવાસ એવો અર્થ આપણે કરીએ તો એ પ્રકારની ધાર્મિકતા આપણને કદાચ મણિભાઈના જીવનમાં જોવા ન મળે. પણ જીવનમાં ઊંચા મૂલ્યોનો સ્વીકાર અને તદનુસાર આચાર, કાર્યનિષ્ઠા અને કર્તવ્યપરાયણતા, નિરપવાદ ચારિત્ર્ય અને શીલસંપન્નતા—આ બાબતોને આપણે ધાર્મિકતા તરીકે ઓળખતા હોઈએ તો મણિભાઈ પૂરા અર્થમાં એક ધાર્મિક પુરુષ છે એમ આપણે વિના સંકોચે કહી શકીએ. ૧૯૧૮ ની સાલમાં, એટલે કે, મણિભાઈની ૪૧ વર્ષની ઉમ્મર હતી ત્યારે, તેમનાં સહધર્મચારિણી ચાર સંતાનો મૂકીને ગુજરી ગયેલાં. આવી સ્થિતિ પ્રાપ્ત થતાં આવી ઉંમરે બીજી વાર લગ્ન કરવું એ એ સમયમાં તદ્દન સ્વાભાવિક લેખાતું હતું અને એ બાબતનું સ્વજનોએ તેમના ઉપર ખૂબ દબાણ પણ કરેલું. એમ છતાં બીજા લગ્નનો તેમણે કદિ વિચાર સરખો પણ કર્યો નહોતો. આમ ધનવૈભવથી પરિવૃત્ત અને એમ છતાં એક પ્રકારની સાદાઈ તથા સંયમથી શોભતું, પ્રસન્નતાની પ્રફુલ્લતા દાખવતું અને અનેક પ્રવૃત્તિઓથી સભર અને સાર્થક બનતું રહેતું—આવું જીવન તેઓ જીવી રહ્યા છે. આજે ૮૬ વર્ષની ઉંમરે પણ, જો કે શરીર ઉપર વૃદ્ધાવસ્થાની અસર ઠીક ઠીક દેખાવા લાગી છે એમ છતાં, બૌદ્ધિક જાગૃતિમાં કે વૈચારિક સામર્થ્યમાં હજુ કશો ફેર પડ્યો જણાતો નથી. ભૂતકાળ વિષે સંતોષ અનુભવતું, વર્તમાન વિષે પ્રસન્નતા દાખવતું અને ભવિષ્ય વિષે શ્રદ્ધા વ્યક્ત કરતું એવું તેમનું સાંપ્રત જીવન છે. તેમની પેઢીના વૃદ્ધ પુરુષોમાં અને મણિભાઈમાં એક મોટું અંતર જોવામાં આવે છે અને તે એ છે કે જ્યારે આ વૃદ્ધ પુરુષો મોટે ભાગે નિરાશાવાદના ભોગ બનેલા જણાય છે, વર્તમાનને વખોડતા હોય છે અને ભવિષ્યમાં તેમને બધું અંધારું જ દેખાતું હોય છે, ત્યારે મણિભાઈમાં કોઈ નિરાશાવાદને સ્થાન જ નથી, વર્તમાનની તેઓ પૂરી કદર કરે છે અને તેને અપનાવે છે અને ભવિષ્ય વિષે, અનેક ચિંતાજનક સંયોગો છતાં, તેઓ હંમેશાં આશાવાદી હોય છે. તેમને ઘન અંધકારમાં પણ આશાનાં કિરણો દેખાતાં જ હોય છે.

મેં થોડા સમય પહેલાં મારા લખાણમાં શ્રી મુનશીને 'આપણા મહા માનવ' તરીકે વર્ણવ્યા હતા. આજે આ પુરુષ માટે એ જ શબ્દ-પ્રયોગ સર્વથા ઉચિત લાગે છે. અલબત્ત, બન્નેના વ્યક્તિત્વમાં ઘણું અંતર છે. તે અંતરનું વિશ્લેષણ કરવા બેસું તો એક નાનો લેખ થઈ જાય. પણ ટુંકાણમાં એમ કહી શકાય કે, એકમાં સૂર્યનો ઉષ્ણ આતપ છે; અન્યમાં ચંદ્રની શીતળ રોશની છે. એક વેગપૂર્વક વહેતો ધુધવાટ કરતો જળપ્રવાહ છે; અન્ય નિરવપણે વહેતું નિર્મળ જળને વહન કરતું જળઝરણ છે. એકમાં મહત્ત્વાકાંક્ષાને કોઈ સીમા નથી; અન્યમાં સંયોગ અને સ્થિતિપ્રાપ્ત જવાબદારીને પહોંચી વળવા પાછળ પૂરો યોગ લગાડવો એ સિવાય બીજી કોઈ આકાંક્ષા નથી. એમ છતાં પણ બન્નેમાં માનવ વિભૂતિની પરમ સીમાના આપણને સમાનપણે સુભગ દર્શન થાય છે. આવા આજના આપણા મહેમાન મણિભાઈને, તેમણે આજે ૮૬ વર્ષ પૂરાં કરીને ૮૭ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે, તેમનું અંતરથી અભિવાદન કરીએ, આરોગ્યપૂર્વકનું ચિરાયુષ્ય ઈચ્છીએ અને તેમના આપણી ઉપર આશીર્વાદ ઉતરતા રહો એવી પ્રાર્થના કરીએ!

પરમાનંદ.

શ્રી મુંબઇ જૈન યુવકસંઘ દ્વારા આયોજિત સર મણિલાલ નાણાવટીનું સન્માનસંમેલન

તા. ૨૨-૨-૬૩ શુક્રવારના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી, ગુજરાતી સમાજના અગ્રગણ્ય રાજપુરુષ સર મણિલાલ બાલાભાઈ નાણાવટીએ તાજેતરમાં ૮૬ વર્ષ પુરાં કર્યા છે એ બાબત અંગે તેમનું અભિવાદન કરવા માટે, એક સન્માનસંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના સભ્યોએ તથા સર મણિલાલનાં સ્વજનોએ તેમ જ પ્રશંસકોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. સંમેલનના પ્રમુખસ્થાને સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસ બીરાજ્યા હતા. પ્રારંભમાં સૌ. નિર્મળાબહેને મંગળમય પ્રાર્થના સંભળાવી હતી. ત્યારબાદ શ્રી. લીલાવતીબહેને થોડા શબ્દોમાં વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને ચારિત્ર્યવાન એવા સર મણિલાલ નાણાવટીને સંઘ તરફથી આવકાર આપ્યો હતો.

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે, "સર મણિલાલ બાલાભાઈ નાણાવટી અથવા તો તેમની સાથેના વર્ષોના પરિચયના કારણે જેમને હું 'મણિભાઈ'ના નામથી સંબોધતો રહ્યો છું અને એ મુજબ જેમની સાથે વ્યવહાર કરતો રહ્યો છું એવા શ્રી મણિભાઈ વિદ્વતા, વહીવટી અનુભવ, ચારિત્ર્ય તેમ જ ઉમ્મરની દૃષ્ટિએ આપણા સમાજમાં એક અજોડ પુરુષ છે એમ સમજીને સંઘ તરફથી તેમનું બહુમાન કરવાનો પ્રસંગ યોજવાનો કેટલાય સમયથી હું વિચાર કરી રહ્યો હતો. આ અંગે અનુકૂળ સમય નક્કી કરવા માટે હું જ્યારે જ્યારે તેમને મળતો ત્યારે અનુરોધ કરતો હતો, પણ આવી જાહેરાત અને બહુમાનથી બને ત્યાં સુધી દૂર રહેવાની વૃત્તિવાળા મણિભાઈ આ મારી માંગણી તરફ બહુ ધ્યાન આપતા નહોતા. થોડા સમય પહેલાં ભારતીય વિદ્યાભવનમાં ગોઠવાયેલા કોઈ એક મેળાવડામાં અમે એકઠા થયેલા અને ત્યાંથી તેઓ મારા ઘેર આવ્યા, સાથે મારા મિત્ર દુર્લભજી ખેતાણી હતા. આ વખતે ઉપર જણાવેલ માંગણી મેં ફરી વાર તેમની સમક્ષ રજૂ કરી, દુર્લભજીભાઈએ તેનું જોરદાર સમર્થન કર્યું અને અચકાતા મને પણ મારી માંગણી તેમણે સ્વીકારી અને પરસ્પર અનુકૂળ એવો દિવસ સમય નક્કી કરવાનું ઠરાવ્યું. આના પરિણામે આજનું સંમેલન યોજી શકાયું છે અને મુરબ્બી મણિભાઈની અહીં ઉપસ્થિતિ શક્ય બની છે. તેમણે મારું-અમારા સંઘનું—નિમંત્રણ આ રીતે સ્વીકાર્યું તેથી અમને બધાંને ખૂબ આનંદ થયો છે અને અમારા સંઘ તરફથી હું તેમનું હાર્દિક સ્વાગત કરું છું. આ સંમેલનનો આશય માત્ર તેમનું બહુમાન કરવું એટલો જ નથી, પણ તેમને આપણે બધા બહુ સારી રીતે જાણીએ છીએ છતાં ભરચક કામગીરીથી ભરેલી ૮૬ વર્ષની લાંબી અને અતિ ઉજ્જવલ એવી તેમની કારકિર્દીની વિગતોથી આપણામાંના ઘણા ખરા અજાણ છે. તો તેમની ભવ્ય જીવનપ્રતિભાનો સંઘના સભ્યોને ખ્યાલ આપવો, પરિચય કરાવવો એ પણ આ સંમેલન યોજવા પાછળ રહેલો એક હેતુ છે." આમ જણાવીને શ્રી પરમાનંદભાઈએ તેમના આજ સુધીના જીવનને લગતી અનેક વિગતો ક્રમશ: રજૂ કરી, જે આ અંકમાં અન્યત્ર આપવામાં આવી છે.

શ્રી મોહનલાલ સોપાન

ત્યારબાદ 'સુકાની' ના તંત્રી શ્રી મોહનલાલ સોપાને શ્રી મણિભાઈનું અભિવાદન કરતાં જણાવ્યું કે "મણિભાઈના નિકટ પરિચયમાં હું આવ્યો નથી, પણ વર્ષોથી એમનાં નામ અને કામથી હું પરિચિત છું. સ્વ. સાક્ષર રમણલાલ વસંતલાલ દેસાઈએ પણ મને જણાવેલું કે, મણિભાઈના અનુભવમાંથી તેમને ઘણું જાણવાનું મળ્યું છે અને તેમની જાણીતી નવલકથા 'ગ્રામલક્ષ્મી' માટે તેમને મણિભાઈમાંથી પ્રેરણા મળી છે. વળી સ્વ. અમૃતલાલ શેઠ ૧૯૬૬ની

સાલમાં જાપાન ગયેલા અને ત્યાંની ખેતીની પદ્ધતિથી તેઓ બહુ પ્રભાવિત થયેલા અને 'જાપાનની ખેતી' એ નામનું પુસ્તક તેમણે લખેલું. તેની પ્રસ્તાવના તેમના સહપ્રવાસી મણિભાઈએ લખી આપેલી, જે વાંચીને હું ખૂબ પ્રભાવિત બન્યો હતો. આપણી વચ્ચેથી તાજેતરમાં સ્વર્ગવાસી બનેલા શ્રી વિશ્વેશ્વરૈયા અને કર્વેની શતાબ્દિ આપણે ઊજવી હતી. તે મુજબ આજે આપણે જેમનું સન્માન કરી રહ્યા છીએ એવા મણિભાઈની પણ શતાબ્દિ ઊજવવાને આપણે ભાગ્યશાળી થઈએ એવી તેમના વિષે આપણી પ્રાર્થના હો!"

શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી

ત્યારબાદ શ્રી દુર્લભજી ખેતાણીએ જણાવ્યું કે, "પ્રતિષ્ઠા કે સંપત્તિ પાછળ મુ. મણિભાઈની કદિ દોડ દેખાઈ નથી, પણ ભણતર પછી ગણતર અને ચણતર અને તે દ્વારા જીવનનું સાચું ઘડતર—માનવી જીવનના આ વિકાસક્રમનું મણિભાઈના જીવનમાં આપણને સાચું દર્શન થાય છે. આ રીતે તેઓ આપણા સમાજ માટે ગૌરવરૂપ બન્યા છે અને તેમણે પોતાના જીવનને સુન્દર તેમજ સુવાસિત બનાવ્યું છે. આવી વ્યકિત સૌ કોઈ માટે પ્રેરણારૂપ બને એ માટે આવી વ્યકિતનું યોગ્ય રીતે સન્માન કરવું એ આપણો ધર્મ છે. એ રીતે આજના સન્માનસમારંભમાં ભાગ લેતાં હું ખૂબ આનંદ અનુભવું છું અને હજુ પણ તેમનું વર્ષો સુધી આરોગ્ય સચવાઈ રહે અને તેમના અનુભવભંડારનો આપણને લાભ મળતો રહે એવી મારા અન્તરની પ્રાર્થના કરું છું."

શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી

ત્યાર બાદ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ પ્રસંગોચિત વિવેચન કરતાં જણાવ્યું કે, "મણિભાઈ ગુજરાતના એક સપુત છે, એટલું જ નહિ પણ, તેમનું આજ સુધીનું જીવન જોતાં મારે મન તેઓ ભારતના એક મહર્ષિ છે. આજે જ્યારે તેમનું સન્માન થઈ રહ્યું છે ત્યારે આજથી ૩૦ વર્ષ પહેલાંનો સમય મને યાદ આવે છે. એ વખતે વડોદરા રાજ્યમાં બાલદીક્ષાની અટકાયતનો ધારો ઘડાઈ રહ્યો હતો અને આ ધારો તૈયાર કરવામાં સ્વ. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ સાથે આપણા મુરબ્બી મણિભાઈએ ઘણો મહત્વનો ભાગ ભજવ્યો હતો, એટલું જ નહિ પણ, એ દિવસોમાં માત્ર બાલદીક્ષા જ નહિ પણ અયોગ્ય દીક્ષા અટકાવવા માટે ગુજરાત કાઠિયાવાડમાં તેમજ મુંબઈના જૈન શ્વે. મૂ. સમાજમાં ભારે પ્રચંડ આન્દોલન ચાલી રહ્યું હતું. મુંબઈનો જૈન યુવક સંઘ આ આન્દોલનમાં મોખરે હતો અને આ જ હેતુથી ગુજરાત કાઠિયાવાડમાં સ્થળે સ્થળે જૈન યુવક સંઘો તથા મંડળો ઊભાં થયાં હતાં અને આ બધાં સંઘો તેમ જ મંડળોની પ્રવૃત્તિઓને એકત્રિત અને સંગઠિત કરવા માટે ૧૯૩૩ની સાલના ઑગસ્ટ કે સપ્ટેમ્બર માસમાં વડોદરા ખાતે જુદા યુવક સંઘો અને મંડળોના પ્રતનિધિઓનું એક સંમેલન ભરવામાં આવ્યું હતું, જેમાં મેં પણ હાજરી આપી હતી. આ સંમેલનમાં, આજના આપણા મહેમાન શ્રી મણિભાઈની દોરવણી અને માર્ગદર્શન નીચે, જૈન યુવક સંઘોનું તથા મંડળોનું એક મહામંડળ ઊભું કરવામાં આવ્યું હતું. જૈનોમાં જ્ઞાતિઓના વાડાઓ ઉપર તેમ જ મૂર્તિપૂજા ઉપર તેમણે ખૂબ સંશોધન કરીને નિબંધો તૈયાર કર્યા હતા. આવા આપણા મણિભાઈ ઉમ્મર વધવા છતાં હંમેશા નવા વિચારોને ઝીલતા અને વેગ આપતા રહ્યા છે અને તેથી ઉમ્મર વૃદ્ધ હોવા છતાં વિચારમાં તેઓ જુવાન રહ્યા છે."

શ્રી દિલીપ કોઠારી

ત્યાર બાદ શ્રી દિલીપ કોઠારીએ મણિભાઈને અંજલિ આપતાં જણાવ્યું કે, "હિન્દુસ્તાનનું હાર્દ ગામડામાં ગાંધીજીએ જોયું એટલી જ ઉત્કટતાથી મણિભાઈએ જોયું છે અને તેથી ખેતી અને ખેડૂત એ એમનો પ્રિય વિષય બન્યો છે અને વડોદરા રાજ્યની નોકરી દ્વારા, રીઝર્વ બૅંકની કામગીરી દ્વારા કે સોસાયટી ઑફ એગ્રીકલ્ચરલ ઈકૉનોમિકસ દ્વારા તેમણે ખેતી, ખેડૂત અને ગામડાના પ્રશ્નોનો જે વિચાર કર્યો છે અને એ હેતુ લક્ષમાં રાખીને તેમણે સોસાયટીને ઊંચે લાવવા પાછળ લોહી ને પાણી એક કર્યાં છે તેમ મેં જોયું છે. મહારાજા સયાજીરાવ એ અદ્વિતીય માનવવિભૂતિ હતા અને માનવીરત્નોના સાચા પરીક્ષક હતા. શ્રી અરવિંદ ઘોષની તેજસ્વીતા તરફ સૌથી પહેલાં તેમનું ધ્યાન ગયું હતું, અને પોતાના અંગત મંત્રી તરીકે રોકી લીધા હતા. આવી રીતે તેમણે અનેક માનવી રત્નોને પોતા તરફ ખેંચ્યા હતા અને પોતાના રાજ્યને વિકસાવવામાં તેનો પૂરો ઉપયોગ કર્યો હતો. આવાં માનવીરત્નોમાંના એક



સન્માનસંમેલન દરમિયાન સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતી બહેન દેવીદાસ શ્રી મણિભાઈને પુષ્પહાર પહેરાવી રહ્યાં છે એ પ્રસંગનું ચિત્ર

આપણા માનનીય મુરબ્બી મણિભાઈ છે; મણિભાઈના જીવનમાં સૌથી વધારે તરી આવતો ગુણ તેમની કાર્યનિષ્ઠા છે. તેમણે પૈસો કમાવાની કે લાગવગથી આગળ વધવાની કદિ પણ પરવા કરી નથી. અપૂર્વ કાર્યનિષ્ઠાએ તેમને ઘડયા છે અને તે ઘડતરના કારણે જ આજે તેમનામાં વિરલ એવી માનવવિભૂતિનું આપણને દર્શન થાય છે. તેમનું જીવન એ એક જીવતો ગ્રંથ છે. તેમાં પાર વિનાના અનુભવો અને અધ્યયનો ભરેલાં છે. આપણે આજે તેમની પાસે માગણી કરીએ કે તેઓ પોતાનાં સંસ્મરણોને શબ્દબદ્ધ કરીને કોઈ એક પુસ્તકના રૂપમાં આપણને આપે કે જેથી આપણી વચ્ચે એક કેવી મહાન વ્યક્તિ જીવી રહી છે તેનો સામાન્ય પ્રજાને ખ્યાલ આવે."

સર મણિલાલ નાણાવટીનું નિવેદન

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતીબહેને તેમને પુષ્પ-હાર અર્પણ કરીને તેમનું બહુમાન કર્યું અને પછી શ્રી મણિભાઈએ લગભગ અઢી કલાક સુધી મૌખિક નિવેદન કર્યું. આ નિવેદન નીચે મુજબ છે:—

"આપે, આજે મારા માટે આવું સન્માનસંમેલન યોજ્યું તે માટે આપના મુંબઈ જૈન યુવક સંઘનો હું આભાર માનું છું. ભાઈ પરમાનંદભાઈ ઘણા વખતથી મને કહી રહ્યા હતા કે આ રીતે મારે આપને મળવું અને મારા જીવનના અનુભવો વિષે આપની સાથે વાર્તાલાપ કરવો. અને દર વખતે હું એ બાબત ટાળતો હતો, કારણ કે, મને એમ જ લાગતું હતું કે, મારા જીવનમાં મારે કંઈ ખાસ કહેવા જેવું નથી. પણ થોડા દિવસ પહેલાં અમારે મળવાનું બન્યું અને એમણે એ જ માગણી મારી સમક્ષ મુકી અને એ નબળાઈની ઘડીએ મારાથી હા કહેવાઈ ગઈ. એના પરિણામે આજે હું આપની સમક્ષ આ રીતે ઉપસ્થિત થયો છું.

આ તેમની માંગણી જ્યારથી મેં સ્વીકારી ત્યારથી હું મારી જાત વિષે - મારા સમગ્ર જીવન વિષે—ઊંડાણથી વિચાર કરવા લાગ્યો અને ખરેખર તેમાં એવું કાંઈ છે ખરું કે જે આપની સમક્ષ હું રજુ કરી શકું ? આવો પ્રશ્ન મારી જાતને પૂછવા લાગ્યો. આ રીતે વિચાર કરતાં મને એમ લાગ્યું કે મારી આખી કારકીર્દીમાં મને ભાગ્યે જ નિષ્ફળતા મળી હોય—આવી એકધારી સફળ કારકીર્દીનું કોઈક વિશેષ કારણ હોવું જોઈએ. આમ મારા આજ સુધીના જીવનનું સંશોધન કરતાં કરતાં મારા મનમાં ધીમે ધીમે કડીઓ ગોઠવાવા લાગી અને મારા જીવનને સફળ બનાવવામાં જે વિશિષ્ટ સંયોગોએ અને નિમિત્તોએ ભાગ ભજવ્યો છે તેનું મને સ્પષ્ટ દર્શન થવા માંડ્યું.

મારા બાલ્ય જીવનમાં બનેલી અગત્યની બીનાઓ પરમાનંદ-ભાઈએ આપની સમક્ષ મૂકી છે. તે પાછળ કયાં બળોએ કામ કર્યું છે તેની રૂપરેખા આપની સમક્ષ હું મૂકવા માગું છું. આ સંમે-લન, મેં ૮૬ વર્ષ પૂરાં કર્યાં એ હકીકતને આગળ ધરીને યોજ-વામાં આવ્યું છે. પણ મારા પિતાશ્રી ૮૯ વર્ષની ઉમરે ગુજરી ગયા એ જોતાં આ ઉંમર વધારે પડતી ન કહેવાય. આમ છતાં સામાન્ય લોકોની આવરદાનો વિચાર કરતાં આ ઉમ્મર અને તે સાથે શારીરિક તેમ જ માનસિક શક્તિ આટલા પ્રમાણમાં જળવાઈ રહે એ જરૂર અસામાન્ય ગણાય. આમ બનવામાં મને સૂઝે છે તે કારણો નીચે મુજબ છે. :—

(૧) અમે નાના હતા ત્યારે અમારા પિતાશ્રીએ અમો ત્રણ ભાઈઓ માટે ઘરમાં એક અખાડો બનાવ્યો હતો અને વડોદરાના એક સારા મલને રાખીને દરરોજ સવારના દંડ, બેઠક, મલખમ, અને કુસ્તીની કેળવણી અમને આપવામાં આવી હતી અને એ સાથે અમને સારો પૌષ્ટિક ખોરાક મળતો રહે એ બાબત તરફ પૂરું ધ્યાન આપવામાં આવતું હતું. આ કેળવણી બે ત્રણ વર્ષ ચાલી અને અમારા શરીર અને સ્નાયુઓ સુદૃઢ બન્યાં તે પછી ઘર બદલવાનું બનતાં અખાડાની આ સગવડ ન રહી. એમ છતાં અમારી નિશાળમાં સીંગલ બાર, ડબલ બાર અને મલખમની કસરતો મેં ચાલુ રાખી. આગળ જતાં ક્રિકેટ અને પછી ટેનીસ શરૂ કરી. કોલેજ છોડયા બાદ પણ વરસો સુધી ટેનીસ ચાલુ રાખી. વડોદરા રાજ્યની નોકરીમાં દાખલ થવા બાદ મહારાજાએ યોજેલા કોર્સ મુજબ ત્રણ માસ માટે riding અને shooting મીલીટરી ટ્રેનીંગનો લાભ મને મળ્યો. આમ શરીરની સ્ફુર્તિ અને તે સાથે જોડાયલી મનની સ્ફુર્તિ એક સરખી કાયમ રહી અને તેણે ગમે તેટલાં કઠણ કામોને પહોંચી વળવામાં મને ખૂબ યારી આપી.

(૨) મારા શરીરઘડતર સાથે મારા જીવનઘડતરમાં પણ મારા પિતાશ્રીનો ઘણો મોટો ફાળો છે. તેઓ એક ભવ્ય સંસ્કારી પુરુષ હતા. તેમનું જીવન આદર્શ કોટિનું હતું. તેમણે પણ વડોદરા રાજ્યના વૈદકીય ખાતામાં અને મહારાજાના અંગત દાક્તર તરીકે ઘણાં વર્ષો સુધી નોકરી કરી હતી. અમો ત્રણ ભાઈઓમાં મને તેમની છત્રછાયા નીચે રહેવાનો સૌથી વધારે લાભ મળ્યો હતો. ૧૯૦૪ થી ૧૯૪૩ની સાલ કે જ્યારે તેમનું અવસાન થયું ત્યાં સુધી અમે બન્ને સાથે રહ્યા હતા. અમારું કુટુંબ ઘણું મોટું હતું. ભાઈબહેનોનો વિસ્તાર ચોતરફ પથરાયલો હતો, પણ જે કોઈ કુંટુબીજન—ભાઈ, ભત્રીજો કે ભાણેજ—માંદું સાજું થાય કે જેને આરામની અગર કેળવણીની જરૂર હોય તે અમારા ઘરમાં આવીને રહેતું. આ રીતે અમારું ઘર જતાં આવતાં કુટુંબીજનો માટે ઉપ-ચારગૃહ, આરામગૃહ કે હોસ્ટેલ જેવું જ બની રહેતું. અને સૌના ઉપર મારા પિતાશ્રીનો એકસરખો વાત્સલ્યભાવ વરસતો રહેતો. આવા પિતાના સાન્નિધ્યમાં મને સાચી જીવનદૃષ્ટિ અને શિસ્ત-બદ્ધતા મળી એમ હું માનું છું.

(૩) મારા પિતાશ્રીની રાજ્યની નોકરીના કારણે બદલી થયા કરતી એટલે કોલેજના ભણતર દરમિયાન મારે મોટા ભાગે વડોદરા કોલેજની હોસ્ટેલમાં રહેવાનું બનતું. હું આમ સાધારણ કોટિનો વિદ્યાર્થી હતો, પણ કોલેજનાં વર્ષો દરમિયાન ગુજરાતી, અંગ્રેજી તેમ જ સંસ્કૃત સાહિત્યના શોખીન એવા કેટલાક વિદ્યાર્થીઓના નિકટ પરિચયમાં આવવાનું બન્યું અને તેમની દ્વારા મારામાં સાહિત્યની રૂચિ કેળવાઈ. અને ત્રણે ભાષાનું ઘણું સાહિત્ય વાંચવાની મને તક મળી. એ દિવસોમાં અમને વિદ્યાર્થીઓને અન્ત્યા-ક્ષરી અથવા તો અન્તકડી રમવાનો બહુ શોખ હતો. આમાં મોટા ભાગે ગુજરાતી, ઘણીવાર અંગ્રેજી અને કોઈ કોઈ વાર સંસ્કૃત ભાષાનાં પણ કાવ્યોનો ઉપયોગ કરવામાં આવતો. આ રીતે કેટલીયે સુન્દર અને સંસ્કારપોષક કાવ્યપંકિતઓ મોઢે થઈ જતી, એટલું જ નહિ પણ જીવનમાં જડાઈ જતી. સમયાન્તરે ડો. મીસીસ બીસેન્ટના યોગવિષયક પુસ્તકોના વાંચને મને યોગ અને અધ્યાત્મ તરફ વાળવામાં અગત્યનો ભાગ ભજવ્યો. સાંસ્કૃતિક વિકાસનાં મૂળ મારામાં આ રીતે રોપાયાં.

(૩) ઈ. સ. ૧૯૦૪ માં વડોદરા રાજ્યની નોકરીમાં હું જોડાયો કે તરત જ મહારાજા સયાજીરાવે મારી ખૂબ કસોટી કરવા માંડી અને એક પછી એક જવાબદારી વાળાં કામો સોંપવા માંડ્યાં. He was a very hard task-master. આ રીતે મને અસાધારણ તાલીમ મળવા લાગી. અધિકારની જવાબદારી તો સંભાળવાની જ હોય, પણ એ સિવાય બહારનાં પણ કામો માથા ઉપર આવવા લાગ્યાં. દાખલા તરીકે હું જૈન છું એમ સમજીને શરૂઆતમાં જ જૈનોમાં જ્ઞાતિબંધારણ કયાંથી આવ્યાં એ વિષય ઉપર નિબંધ તૈયાર કરવાનું મને ફરમાવ્યું. એ તૈયાર કરીને આવ્યો, એટલે જૈનોમાં મૂર્તિપૂજા કયાંથી આવી એ વિષયનું સંશોધન કરવાનો તેમણે હુકમ કર્યો. આમ એક પછી એક ઘણાં સંશોધનોનું કામ વર્ષો સુધી મને સોંપવામાં આવેલું. આ નિવેદનો તૈયાર કરવાનું કામ સામાન્ય ખાતાંઓના

કામ ઉપરાંતનું હતું. આ બધાં કામ અને જવાબદારીઓને પહોંચી વળવામાં મેં કદિ પાછી પાની ન કરી. મહારાજાને પણ મારા કામથી સંતોષ થતો રહ્યો. આ કામગીરીએ મારા ઘડતરમાં ઘણો મોટો ભાગ ભજવ્યો. એમણે જ મને વ્યાપાર ઉદ્યોગની વિશેષ કેળવણી લેવા માટે અમેરિકા મોકલેલો. ત્યાંના બે વરસના વસવાટના કારણે મારા દૃષ્ટિબિંદુમાં અને કાર્યપદ્ધતિમાં મહત્ત્વનો ફેરફાર થયો. આ ઉપરાંત ૧૯૨૩ તથા ૧૯૨૪ એમ બે સાલ વડોદરા મહારાજાના અંગત મંત્રી તરીકે યુરોપમાં મહારાજાના હાથ નીચે કામ કરવાની મને તક મળી. એ બે વર્ષનો અનુભવ પણ મારા ઘડતરમાં બહુ ઉપકારક નિવડ્યો.

વડોદરા રાજ્યની મારી સમગ્ર કામગીરી પાછળ મનથી વિચારી રાખેલા નીચેના ચાર સિદ્ધાંતો મને દોરી રહ્યા હતા.

(ક) મારા કામ માટે— I am a daily wage-earnner—હું એક રોજીંદો નોકર છું—આવી મારી ભાવના રહેતી. આનો અર્થ એ કે મને દરરોજનું વેતન મળે છે અને તેથી આજનું કામ મારે આજે સારી રીતે પૂરું કરવું જ જોઈએ—આવી નિષ્ઠાથી હું કામ કરતો અને તેથી મારા કામમાં arrears જેવું—ચઢેલા કામ જેવું—કદિ રહેતું નહિ. આજનું કામ આજે જ મારે પૂરું કરવું જોઈએ—એ સિવાય મને ચેન જ ન પડે—આવો મારો સ્વભાવ અને આવી મારી નિષ્ઠા મારા કામને અંગે રહેતી.

(ખ) મારા ભાગે જે કાંઈ કામ આવતું તે પૂરી ખંત અને ઉદ્યમથી કરતો અને તેથી હું પૂરો સંતોષ અનુભવતો. ખટપટ કરીને આગળ વધવાનો કે ઊંચા હોદ્દા પર ચઢવાનો કોઈ વખત વિચાર પણ ન આવતો.

(ગ) જે કામને અંગે જે પગાર મળે તેથી પૂરો સંતોષ અનુભવતો. મને વધારે આર્થિક વળતર મળે એવી ઝંખના કદિ પણ મારા ચિત્તને સ્પર્શી નહોતી.

(ઘ) જે વિષયનું કામ આપવામાં આવે તે વિષયનો હું પૂરો અભ્યાસ કરતો અને તેમાં પૂરી કુશળતા મેળવવા પ્રયત્ન કરતો. પરિણામે કોઈ પણ કામ routine તરીકે—જેમ ચાલે છે તેમ પૂરું કરી નાખવાનું છે એ રીતે—કદિ પણ પતાવવાની વૃત્તિ રહેતી નહિ. એમાં સુધારો કેમ થાય એ જ ભાવના મનમાં હંમેશાં રહેતી.

આ ચાર કારણોને લીધે મારા કામમાં મને સદા ઉત્સાહ અને ઉમંગ રહ્યો છે અને સંપૂર્ણ efficiency—વ્યવસ્થિતતા—રહી છે. અને દરેક કામમાં મને સફળતા મળતી રહી છે. વળી, જીવનમાં ઉત્તરોત્તર વધતી જતી જવાબદારીનાં કામો એમજ—વણમાગ્યાં—વણશોધ્યાં—આવતાં જ રહ્યાં છે અને એક કામ પૂરું થવાની અણી ઉપર હોય ત્યાં કલ્પનામાં પણ ન હોય એ રીતે વધારે ગંભીર જવાબદારીનું બીજું કામ સામે આવીને ઉભું રહ્યું છે. દાખલા તરીકે ૧૯૩૬ ના છેવટના ભાગમાં, જ્યારે હું વડોદરા રાજ્યના developement minister તરીકે કામ કરતો હતો તે દરમિયાન, હિંદી સરકારે વડોદરા રાજ્યને જણાવ્યું કે, તેમનો વિચાર રીઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર તરીકે મારી નિમણૂંક કરવાનો છે તો તે માટે મને વડોદરા રાજ્યથી છૂટો કરવામાં આવે. હિંદી સરકારના આ ઈરાદા પાછળ કોઈ પણ જાતની લાગવગ વાપરવામાં આવી નહોતી—સિવાય કે એ જગ્યા માટે કેટલાક મિત્રોએ મારું નામ સૂચવ્યું હતું અને તે માટે બીજા પણ કેટલાક ઉમેદવારો હતા, જેમાંથી હિંદી સરકારે મારી પસંદગી કરી હતી. વડોદરાના મહારાજા મને છોડવાને કોઈ પણ રીતે રાજી નહોતા, પણ સાધારણ રીતે હિંદી સરકાર દેશી રાજ્યોને જરૂર પડે ત્યારે અમલદારો પૂરા પાડતી હતી—આ ચાલું રવૈયો હતો, જ્યારે આ પ્રસંગે હિંદી સરકાર દેશી રાજ્ય પાસે એક અમલદારની માગણી કરતી હતી અને રીઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નરની જવાબદારી લેવા માટે મને છૂટો કરવો એમાં વડોદરા રાજ્યનું ગૌરવ હતું એમ સમજીને મહારાજાએ મને ત્યાં જવાની મંજૂરી આપી.

આવી જ રીતે ડેપ્યુટી ગવર્નર માટેની પાંચ વર્ષની મુદત પૂરી થવા આવી એટલામાં જ સોસાયટી ઓફ એગ્રીકલ્ચરલ ઈકોનોમિકસના પ્રમુખની જવાબદારી માથા ઉપર આવી અને તે કામને—તે સોસાયટીના કાર્યને નક્કર રૂપ આપવા પાછળ ૧૮ વર્ષ મેં પસાર કર્યા.

આવી રીતે મારું જીવન એક શાંત રીતે અને સ્વસ્થ ભાવે વહેતી જતી સરિતા જેવું એકસરખું વહી રહ્યું છે. આજે પણ ભૂતકાળ ઉપર નજર દોડાવતાં ચિત્ત સંતોષ અને પ્રસન્નતાની લાગણી અનુભવે છે. થોડા વખત ઉપર મેં આવો જ ભાવ વ્યક્ત કરતાં જણાવેલું કે, Life has flown like a song and there is no regret-જીવન સંગીતના એક લય માફક વહેતું રહ્યું છે અને તે વિષે મનમાં કોઈ ખેદ કે ખટકો નથી. હવે પછીના ભવિષ્ય માટે મેં મારા મનમાં આ એક સૂત્ર કોરી રાખ્યું છે: "What thou livest, live well; how long or short, permit to heaven".—"તું જેટલું જીવે તે સારી રીતે જીવી જાણ, લાંબું કે ટૂંકું એ ઈશ્વર ઉપર છોડી દે."

છેવટમાં આપના મુંબઈ જૈન યુવક સંઘનો, આ રીતે આપ સર્વને પ્રત્યક્ષ મળવાનો અવસર ઉભો કરવા બદલ, ફરીથી હું આભાર માનું છું. આ સંઘ સાથે મારો સંબંધ ૧૯૩૩—૩૪ ની સાલથી શરૂ થયો છે અને આજ સુધી કાયમ રહ્યો છે. સંઘ તરફથી બહાર પડતું 'પ્રબુદ્ધ જીવન' હું વર્ષોથી નિયમિત રીતે વાંચતો રહ્યો છું અને તેમાંના ઘણાં લખાણો મારા માટે પ્રેરણાદાયી બન્યાં છે. આ સંઘનો સદા ઉત્કર્ષ થતો રહે એવી મારી પ્રાર્થના છે."

મંત્રીનું આભારનિવેદન

શ્રી મણિભાઈનું નિવેદન પૂરું થયા બાદ સંઘના મંત્રી **શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે** આભાર નિવેદન કરતાં જણાવ્યું કે, "જે પ્રસંગ યોજવાની અમો કેટલાય સમયથી પ્રતીક્ષા કરી રહ્યા હતા તે પ્રસંગ આજે આટલી સુન્દર રીતે ઊજવાઈ શકયો છે તેથી અમે ખૂબ સંતોષ અનુભવીએ છીએ. આ માટે સર મણિલાલ નાણાવટી તકલીફ વેઠીને અહિં આવ્યા અને અમોને પ્રેરણા આપે એવું માર્ગદર્શન પ્રવચન તેમણે સંભળાવ્યું તે અંગે તેમના વિષે અમારા અન્તરની કૃતાર્થતા હું જાહેર કરું છું. આ માટે તેમનો તથા અમારા નિમંત્રણને માન આપીને પધારેલાં અન્ય સજ્જનો અને સન્નારીઓનો હું અન્તઃકરણપૂર્વક આભાર માનું છું."

ત્યાર બાદ યોજવામાં આવેલા ઉપાહારને ન્યાય આપીને એકત્ર થયેલાં ભાઈ - બહેનો વીખરાયાં હતાં.

—૦—

જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના પ્રમુખ શ્રી અભયરાજજી બલદોટાનું બહુમાન

તા. ૨૩—૩—૬૩ શનિવારના રોજ સાંજના ૬—૩૦ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩) જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના પ્રમુખ શ્રી અભયરાજજી બલદોટાનું મુંબઈ જૈન યુવક સંઘ તરફથી બહુમાન કરવામાં આવશે. સંઘનાં સભ્યોને વખતસર હાજર રહેવા વિનંતિ છે.

મંત્રીઓ, **મુંબઈ જૈન યુવક સંઘ**

વિષયસૂચિ

		પૃષ્ઠ
સર મણિલાલ બાલાભાઈ નાણાવટી: એક પરિચયચિત્ર.	પરમાનંદ	૨૧૭
શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત સર મણિલાલ નાણાવટીનું સન્માન સંમેલન		૨૨૦
સ્વર્ગસ્થ ડૉ. રાજેન્દ્રપ્રસાદને અંજલિ	શાંતિલાલ હ. શાહ	૨૨૪
પ્રકીર્ણ નોંધ: અસાધારણ કાંતણનિષ્ઠા, એક અપ્રસિદ્ધ વ્યક્તિના હાથે કરવામાં આવેલો શિક્ષણસંસ્થાનો શિલારોપણ વિધિ, વિધવા માતાને પ્રતિષ્ઠા—પ્રદાન, એક અસામાન્ય લગ્નઘટના, શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત નૌકાવિહાર.	પરમાનંદ	૨૨૫
કાગળ અને અમલદાર	નાથાલાલ દવે	૨૨૭

સ્વર્ગસ્થ ડૉ. રાજેન્દ્રપ્રસાદને અંજલિ

(મહાન માનવવિભૂતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદનું તા. ૨૮—૨—૬૩ની રાત્રે અવસાન થયું. તેમને મહારાષ્ટ્રના શિક્ષણમંત્રી શ્રી. શાન્તિલાલ હ. શાહે, ઑલ ઈન્ડિયા રેડિયો—મુંબઈ દ્વારા નીચે મુજબ અંજલિ આપી હતી.—તંત્રી)

ઘણાં વરસો પહેલાંની વાત છે. તે વખતે તો શ્રી. મોતીલાલ નહેરૂ પણ જીવતા હતા અને એમનું અલ્હાબાદ ખાતેનું આનંદ-ભુવન કૉંગ્રેસી પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું. રાજેન્દ્રબાબુને કૉંગ્રેસ કારોબારીની એક બેઠક માટે અલ્હાબાદ જવાનું હતું. સમયસર પહોંચી જવાશે એમ ધારીને એમણે પોતાના આગમન અંગે કોઈને ખબર નહોતી આપી. પણ ગાડી મોડી પડી અને રાજેન્દ્રબાબુ સમયસર અલ્હાબાદ પહોંચી શક્યા નહીં. ઠેઠ મધરાતે તેઓ અલ્હાબાદ સ્ટેશને ઉતર્યા અને એક ટાંગો કરીને આનંદભુવન પહોંચ્યા. ચોકીદાર તો એમને જોઈને હાંફળો ફાંફળો થઈ ગયો, પણ એમણે એને કહ્યું કે કોઈને તારે ઉઠાડવા નહીં, મોતીલાલજીને પણ નહીં અને જવાહરલાલજીને નહીં. આ વરન્ડામાં જ મારો બિસ્તર બિછાવી દે. ચોકીદારે તો બિચારાએ એને જેમ કહેવામાં આવ્યું હતું તેમ કર્યું, પણ રાત ઠંડી હતી અને રાજેન્દ્રબાબુને દમની બિમારી હતી, એટલે થોડી વારમાં જ એમને ખૂબ ખાંસી ચઢી અને એ ખાંસીએ જવાહરલાલને જગાડી દીધા. કોણ ખાંસી ખાય છે એ જોવા જવાહરલાલ નીચે આવ્યા અને જુએ છે તો રાજેન્દ્રબાબુ ટૂંટિયું વાળીને બેઠા છે ને ખાંસી ખાય છે! જવાહરલાલ તો એકદમ રાજેન્દ્રબાબુને ઉધડા લેવા મંડ્યા. "અહીં તે વળી સૂવાનું હોય! અમારી લાગણીનો કાંઈ ખ્યાલ છે કે નહીં? અંદર આવી જાઓ એકદમ! તમારા ગુંગળાવનારા ખ્યાલો છોડી દો!" આ બોલાચાલી ચાલતી હતી ત્યાં જ મોતીલાલજી પણ જાગ્યા અને નીચે આવ્યા. એમણે જવાહરલાલને ધીમેથી કહ્યું: "અરે બેટા, આવા ઉદાત કૃત્યો જ માનવતાના અરૂણોદય સમા હોય છે."

રાજેન્દ્રબાબુના વ્યક્તિત્વની આ એક ઝલક, કેવી મૃદુ માટીના તેઓ ઘડાયા હતા તે બતાવવા માટે, પૂરતી છે. પરંતુ આ મૃદુ માટી, વખત આવ્યે કેવી વજ્ર જેવી કઠોર બની શકતી હતી તે તો સૌથી વધુ કદાચ એ વખતના બ્રિટિશ શાસકો જ જાણતા હશે! આપણી સ્વાતંત્ર્યની લડતના ઈતિહાસને પાને પાનેથી એમનું નામ હિરાકણીની જેમ ચળકે છે તે તો એ ઈતિહાસના બધા જાણકારો જાણે જ છે ને!

રાજેન્દ્રબાબુએ ધાર્યું હોત તો એશઆરામમાં પોતાનું જીવન વ્યતીત કરી શક્યા હોત. વિદ્યાર્થી તરીકેની અત્યંત તેજસ્વી કારકીર્દિ, વકીલ તરીકેની કારકીર્દિમાં મહિનાના ચાર પાંચ હજારની પ્રેક્ટીસ સુધી પહોંચવાની સિદ્ધિ, કૌટુંબિક સુખ એ બધું એશ-આરામી જીવનનું વાતાવરણ પ્રેરે એવું હતું, પરંતુ રાજેન્દ્રબાબુ તો લોકોત્તર વ્યકિત હતા. ચંપારણ્યના ગળી—ખેડૂતોની દુર્દશા સામે લડત આપનાર મોહનદાસ કરમચંદ ગાંધી અને એમની સાદાઈ એમને વધારે આકર્ષક લાગી હતી. એમના પગલે ચાલીને પોતાની બધી અસ્કયામત ગરીબોની સહાય માટે તેમણે અર્પણ કરી હતી. આખરે જ્યારે, ગાંધીજીએ વકીલોને પણ વકીલાત છોડીને સત્યાગ્રહમાં જોડાવાનું આહ્વાન કરેલું ત્યારે, એ આહ્વાનને માથે ચઢાવીને લડતમાં ઝૂકાવનાર એ યુવાન વકીલ પાસે બેંકમાં પંદર રૂપિયા પણ જમા ન હતા. આ ઈતિહાસને પાને નોંધાયેલી હકીકત છે.

ગાંધીજી સાથેની રાજેન્દ્રબાબુની પહેલી મુલાકાતનું જે વર્ણન રાજેન્દ્રબાબુએ પોતાની આત્મકથામાં આપ્યું છે તે પણ કેવું લાક્ષણિક છે? રાજેન્દ્રબાબુ કહે છે: "મારા મન પર એ મુલાકાતની સારી છાપ નહોતી પડી." કેવી પ્રામાણિકતા! અને છતાં એ મુલાકાત પછી ગાંધીજીએ જે કામ તેમને સોંપ્યું હતું તે તો તેમણે કરી જ આપ્યું હતું. એ કામ હતું ચંપા-રણ્યના એક પીડિત કિસાન અંગે કાનુની કારવાઈ કરવાનું. એ કામ પડ્યે જ ગાંધીજી તથા રાજેન્દ્રબાબુ વચ્ચેના સંપર્કની શરૂઆત થઈ હતી. ગાંધીજીએ રાજેન્દ્રબાબુને જ આ કામ કેમ સોંપ્યુ તે હજી આજે પણ સ્પષ્ટ થયું નથી. કદાચ એમાં કોઈ ઈશ્વરી સંકેત જ હશે અને આ સંકેત અનુસાર શરૂ થયેલો ગાંધીજી અને રાજેન્દ્રબાબુ વચ્ચેનો સંપર્ક આખરે એવા ગાઢ સંબંધમાં પરિણમ્યો હતો કે રાજેન્દ્રબાબુ ગાંધીજીના નિકટતમ અંતેવાસીઓમાંના એક ગણાવા લાગ્યા હતા. શ્રીમતી સરોજિની નાયડુએ રાજેન્દ્રબાબુ માટે લખ્યું છે: "તેઓ તો મહાત્મા ગાંધીના નિકટતમ અંતેવાસી-ઓમાંના એક છે, જેમ સંત જહોન ભગવાન ખ્રિસ્તના નિકટતમ અનુયાયીઓમાંના એક હતા તેમ."

સંત જહોન સાથે રાજેન્દ્રબાબુની સરખામણી કરવામાં, સરો-જિનીદેવીએ જેમ કવિસુલભ ઉપમાનો ઉપયોગ કર્યો છે તેમ સાચી વાસ્તવિકતા ઉપર પણ આંગળી મૂકી દીધી છે. કારણ કે રાજેન્દ્રબાબુ એ સંત જ હતા. હા, ૧૯૫૦ના જાન્યુઆરીની ૨૬મી તારીખથી ૧૯૬૨ના મેની ૧૨મી તારીખ સુધી તેઓ પ્રજાસત્તાક ભારતના રાષ્ટ્રપતિપદે રહ્યા અને તે દરમિયાન એ પદને અનુરૂપ એવો ઠાઠમાઠ પણ તેમણે ચાલવા દીધો, છતાં એમનું હૈયું તો એક સંતનું જ રહ્યું હતું. એની પ્રતીતિ તો એ પછી પણ એમણે ઘણી વાર આપણને કરાવી આપી છે. પોતાના પગારના ૧૦,૦૦૦ રૂપિયા જતા કરીને તેઓ માત્ર ૨૫૦૦ રૂપિયા જ વાપરતા એ આ કથનના અનુસંધાનમાં યાદ રાખવા જેવી વાત છે. ગાંધીજીએ તો રાજેન્દ્રબાબુ અને ચંપારણ્ય સત્યાગ્રહ સમયના વ્રજકિશોર બાબુ અંગે લખ્યું છે કે: "આ બંને અપ્રતિમ વ્યતિઓ છે— They are a matchless pair."ગાંધીજી પાસેથી આવું પ્રમાણપત્ર મેળવવું કેટલું મુશ્કેલ હતું તે તો ગાંધીજીને ઓળખનારા બધા જાણતા જ હશે.

રાજેન્દ્રબાબુ ગાંધીજીના ભકત હતા, છતાં એમની એ ભકિત અંધભકિત નહોતી. ગાંધીજી સાથે જ્યારે જ્યારે તેઓ સહમત નહોતા થઈ શકતા, ત્યારે ત્યારે તેઓ ગાંધીજીને દલીલ કરીને થકવી નાખતા અને જ્યારે બેમાંથી એકના મનનું સમાધાન થતું ત્યારે જ દલીલનો અંત આવતો. ૧૯૩૦ના દાંડીસત્યાગ્રહ અંગે આવું જ થતું હતું. રાજેન્દ્રબાબુને અંતે એ અંગેની પોતાની વિચા-રણા ભૂલભરેલી હતી એ કબૂલ કરવું પડ્યું હતું, પરંતુ એ કબુલ કરી લેવા જેટલી મહત્તા એમનામાં હતી જ.

રાજેન્દ્રબાબુની વ્યવસ્થાશકિત અદ્‌ભુત હતી અને ૧૯૩૪ના બિહારના ધરતીકંપ વખતે આ વ્યવસ્થાશકિતનો પૂરેપૂરો ઉપયોગ થયો હતો. ભલભલા વિદેશી અધિકારીઓ પણ એમનું કાર્ય જોઈને મોંમાં આંગળાં નાખી ગયા હતા.

રાજેન્દ્રબાબુ ૧૯૩૪માં, ૧૯૩૯માં, અને ૧૯૪૭—૪૮માં, કૉંગ્રેસના પ્રમુખ બન્યા હતા. ૧૯૨૩માં તેઓ કૉંગ્રેસના મહામંત્રી બન્યા હતા અને ૧૯૩૬માં પાર્લામેન્ટરી બોર્ડના મંત્રી બન્યા હતા. તેઓ રાષ્ટ્રપતિ બન્યા ત્યાં સુધી કૉંગ્રેસ સાથેનો તેમનો સંબંધ ગાઢ રહ્યો હતો.

આઝાદી પછીના રચનાત્મક કાળમાં રાજેન્દ્રબાબુની પ્રતિભા-શકિત ઑર ખીલી ઉઠી હતી અને તેમણે, બંધારણસભામાં, અપ્રતિમ દક્ષતાપૂર્વક કામ કરીને એક આગવી સિદ્ધિ સંપાદન કરી હતી. ભારતના બંધારણના ઘડતરમાં, રાજેન્દ્રબાબુનો જે હિસ્સો છે તે નાનોસુનો નથી.

અને બંધારણ કે રાજકારણ જ કેવળ એમના રસના વિષયો હતા એવું પણ નહોતું. હિંદી સાહિત્યસંમેલનના તેઓ બે વાર પ્રમુખ બની ચૂક્યા હતા, ભારતીય ઈતિહાસ પરિષદના તેઓ એક અગ્રણી હતા અને બિહાર વિદ્યાપીઠ તથા સદાકત આશ્રમના તો તેઓ સ્થાપક હતા. "સર્ચલાઈટ" "દેશ" વગેરે અખબારો પણ તેમણે શરૂ કર્યાં હતાં. તેમની લેખિની પ્રતિભાવંત હતી. તેમણે ચંપારણ્યના સત્યાગ્રહ વિશે અને રચનાત્મક કાર્યક્રમ વિશે પુસ્તકો લખવા ઉપરાંત, પોતાની જીવનકથા પણ લખી છે, અને "ઈન્ડીયા ડિવાઈડેડ" તથા "એટ ધી ફીટ ઓફ ધી મહાત્મા" નામનાં બે સુંદર પુસ્તકો પણ લખ્યાં છે.

રાજેન્દ્રબાબુ વિશે બીજું શું કહેવું? અનેકોએ રાજેન્દ્રબાબુને અનેક પ્રકારની અંજલિ આપી છે, પણ સૌથી મૃદુ અને મધુર અંજલિ તેમને સરોજિનીદેવીએ આપી છે. તેમણે લખ્યું છે: "રાજેન્દ્રબાબુના અજોડ વ્યકિતત્વ વિશે લખવું હોય તો સોનાની કલમ જોઈએ અને મધની શાહી જોઈએ," સાચી વાત. જેમનું જીવન સુવર્ણ જેવું ચમકદાર અને મધ જેવું મીઠું હોય તેમને માટે તો એમ જ હોય ને?

એ વિભૂતિને આપણાં હજાર વંદન હો! ઈશ્વર એમના આત્માને ચિર શાંતિ આપો!

ઑલ ઈન્ડિયા રેડિયો—મુંબઈની ઉદાર અનુમતિપૂર્વક

શાન્તિલાલ હ. શાહ

☆ પ્રકીર્ણ નોંધ ☆

અસાધારણ કાંતણનિષ્ઠા

તા. ૨૬-૨-'૬૩ ના રોજ બપોરના ભાગમાં હું ઘરમાં આરામ કરતો હતો એવામાં સર્વ સેવાસંઘ, મુંબઈ શાખાના અગ્રગણ્ય કાર્યકર્તા શ્રી બદ્રીનારાયણ ગાડોદિયા મને મળવા આવ્યા અને આવતા માર્ચ માસની પહેલી તારીખે શ્રી શંકરરાવ દેવની આગેવાની નીચે પંદર યાત્રિકોની એક મંડળી દિલ્હીથી પેકિંગ તરફ પગપાળા ઉપડનાર છે અને તેનો ખર્ચ આશરે રૂા. ૫૦,૦૦૦ નો અંદાજવામાં આવ્યો છે તે અંગે મુંબઈમાંથી મિત્રો પાસેથી કાંઈ ને કાંઈ રકમ મેળવી આપવાનો પ્રયત્ન કરવા તેમણે મને વિનંતિ કરી. પ્રસ્તુત મૈત્રીયાત્રા વિષે મારી પૂર્ણ સહાનુભૂતિ હોવા છતાં પૂરી આર્થિક સગવડ સિવાય આવું સાહસ ઊઠાવવું નહોતું જોઈતું એમ મેં જણાવ્યું. તદુપરાંત આ મૈત્રી યાત્રાનો વિચાર, જેઓ આર્થિક સહાય આપી શકે એવા છે એમાંના બહુ જુજ માણસોને સ્પર્શ્યો હોય એમ લાગે છે અને તેથી બહુ મોટી રકમ એકઠી થવાની કોઈ આશા નથી એમ પણ મેં જણાવ્યું. અને આમ છતાં જો કાંઈ થઈ શકશે તે કરી છૂટવાની મેં તૈયારી દેખાડી. આમ અમારી વાત પૂરી થઈ રહી હતી અને તેઓ ઊઠવાની તૈયારીમાં હતા એવામાં અન્ય કોઈ ગૃહસ્થ મને મળવા આવ્યા. પ્રથમદર્શને મેં તેમને ઓળખ્યા નહિ, પણ પછી તેમની વાત ઉપરથી માલૂમ પડ્યું કે, તેમના પુત્ર ઝવેરી બજારમાં ધંધો કરે છે અને અમારા મુંબઈ જૈન યુવક સંઘના સભ્ય પણ છે. આમ જેમને મેં દૂરના અજાણ્યા માણસ લેખ્યા હતા તે તો બહુ નજીકના હોવાની જાણ થતાં મને વિશેષ આનંદ થયો. મને મળવા આવવા અંગે તેમનો આશય બરોબર સમજવા માટે તેમના મોઢેથી જાણવા મળેલો તેમનો થોડોક પરિચય આપવો જરૂરી લાગે છે.

તેઓ મૂળ પાલનપુરના વતની, પણ હાલ કેટલાંક વર્ષોથી મુંબઈમાં રહે છે. આજે તેમની ઉંમર ૭૭ વર્ષની છે. ગાંધીજી હયાત હતા એ દરમિયાન તેમણે ખાદીપ્રવૃત્તિને લગતું ખૂબ કામ કર્યું હતું અને કાંતવા તરફ પણ કંઈ સમયથી તેઓ વળેલા હતા. ધંધો સારી રીતે ચાલતો હોવાથી એમના પુત્રે કેટલાંક વર્ષથી ધંધાના કોઈ પણ કામકાજથી તેમને સર્વથા નિવૃત્ત કર્યા છે અને આ નિવૃત્તિ સમયનો તેઓ મોટા ભાગે કાંતવામાં ઉપયોગ કરે છે. તેઓ સવારના પાંચ વાગ્યા લગભગ ઊઠે છે, નિયમિત સામાયિક કરે છે અને પ્રાતઃકર્મ પતાવ્યા બાદ સાતથી અગિયાર એમ સતત ચાર ક્લાક અને બપોરના બે ક્લાક એમ કુલ છ ક્લાક ચરવડા ચક્ર ઉપર કાંતે છે અને હંમેશાં સૂતરની ત્રણ આંટી ઉતારે છે. આ રીતે મહિનામાં ઓછામાં ઓછી ૯૦ આંટી તૈયાર થાય છે. પોતાની વપરાશ માટે જરૂરી ખાદી તો આ સૂતરમાંથી તૈયાર થાય જ છે, પણ એ ઉપયોગ ઉપરાંત પુષ્કળ આંટીઓ ભેગી થતી જાય છે. આમ ૧૦૦ આંટી ભેગી થાય એટલે તે સુતરમાંથી ખાદી તૈયાર કરાવીને ગરીબ માણસોને વહેંચી દેતી કોઈ સંસ્થાને એક આંટીના પાંચ આનાના ભાવે તેઓ વેચે છે, અને તેના તેમના હાથમાં રૂા. ૩૧ આવે છે. આ પોતાની હાથમજૂરીની કમાણી છે એમ તેઓ માને છે અને તે વિષે એક પ્રકારનું ગૌરવ અનુભવે છે. આમ એકઠી થતી રકમ તેઓ દયા દાનમાં વાપરી નાખે છે અથવા તો કોઈ સારી પ્રવૃત્તિમાં આપી દે છે. આમ લગભગ ૨૫ વર્ષથી ચાલે છે. તેમના કહેવા મુજબ અવકાશના સમયમાં તેઓ ગાંધીજી તથા વિનોબાનું સાહિત્ય વાંચે છે અને શ્રીમદ્ રાજચંદ્ર અને તેમનાં લખાણો વિષે તેમને ભારે આદરભાવ છે. સામાયિકોમાં પ્રબુદ્ધ જીવન, સત્યાગ્રહ, ભૂમિપુત્ર અને જૈન પ્રકાશ તેઓ નિયમિત રીતે વાંચે છે અને આ ઉપરાંત અખંડ આનંદ, કુમાર, જીવન માધુરી વગેરે માસિકો તરફ પણ તેઓ અવાર-નવાર નજર નાખે છે.

તેમનું શરીર પાતળું, કદ જરાક નીચું, ખાદીનો પહેરવેશ અને તન્દુરસ્તીની દૃષ્ટિએ દેખાવ ૭૭ નહિ પણ ૬૫ વર્ષની ઉમ્મર જેટલો લાગે. જે રીતે તેઓ સમય પસાર કરે છે તે કારણે તેમનામાં પૂરો સંતોષ અને પ્રસન્નતા હોય એમ તેમની સાથેની વાતચિત ઉપરથી લાગે છે. આ ઉમ્મરના માણસોને સમય કેમ ગાળવો તે સૌથી મોટો પ્રશ્ન હોય છે, જ્યારે આમનો સમય સરળપણે વહી જાય છે અને જીવનનો સંધ્યાકાળ જાણે કે માણતા હોય એવી છાપ તેમની સાથેની વાતચિત ઉપરથી આપણા મન ઉપર પડે છે. આમ તેમનું જીવન કશા પણ ક્રિયા કાંડના અવલંબન વિના એક સુશ્રાવકની પ્રતીતિ કરાવતું સહજપણે ધાર્મિક બની ગયું હોય એમ ભાસે છે.

તાજેતરમાં તેમણે વેચેલી ૧૦૦ આંટીના તેમના હાથમાં રૂા. ૩૧ આવ્યા હતા. તે રકમ આજના યુદ્ધ સંરક્ષણ ફાળામાં આપવાનો તેમના મનમાં વિચાર ચાલી રહ્યો હતો. એવામાં તા. ૧૬-૨-'૬૩ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ દિલ્હી—પેકિંગ મૈત્રીયાત્રા ઉપર શ્રી શંકરરાવ દેવનું પ્રવચન વાંચીને તેઓ ખૂબ પ્રભાવિત થયા અને એ મૈત્રીયાત્રાના ખર્ચ પેટે મારી મારફત આ રકમ શંકરરાવજીને પહોંચાડવાના હેતુથી ઉપર જણાવ્યું તે મુજબ તેઓ મને મળવા આવ્યા હતા. બદ્રીનારાયણજી આ હેતુ માટે જ મારી પાસે આવ્યા હતા. એટલે મારી વિશેષ દરમિયાનગીરી સિવાય આ રકમ બદ્રીનારાયણજીને સીધેસીધી આપીને તેમણે સંતોષ અનુભવ્યો. બદ્રીનારાયણજીને મન દિલ્હી—પેકિંગ મૈત્રીયાત્રા માટે એકઠો કરવા ધારેલા ફાળામાં સૌથી પહેલી આવી એક સાધુચરિત વયોવૃદ્ધ વ્યકિતના હાથે કાંતેલા સૂતરમાંથી મેળવાયેલા રૂા. ૩૧ ની રકમ મળે એ એક બહુ સુંદર મુહૂર્ત થયું, અને તેથી તેમના આનંદનો પાર ન રહ્યો. મારા પક્ષે, સામાન્ય જનતાને અગોચર એવા એક માનવી-રત્નનો અણધાર્યો પરિચય થયો અને તેમનામાં રહેલી વિલક્ષણ અને અસાધારણ એવી કાંતણનિષ્ઠાનું દર્શન થયું. એ કારણે મેં પણ ઊંડી પ્રસન્નતા અનુભવી.

આ ગૃહસ્થનું નામ છે શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા.

એક આપ્રસિદ્ધ વ્યકિતના હાથે કરાવવામાં આવેલો

શિક્ષણસંસ્થાનો શિલારોપણવિધિ

ભાવનગરમાં મેસર્સ જગજીવન ફૂલચંદ એ નામની એક વ્યાપારી પેઢી છે. તે પેઢી વર્ષોથી કાપડનો વ્યવસાય કરે છે. આ પેઢીના મૂળ સ્થાપક શ્રી જગજીવન ફૂલચંદનો વર્ષોથી સ્વર્ગવાસ થયો છે અને આજે તે પેઢીનો વહીવટ તેમના બે પુત્રો ભાઈ મોહનલાલ અને નંદલાલ કરે છે. તે બે ભાઈઓએ પોતાના પિતાના સ્મરણમાં એક ચેરીટી ટ્રસ્ટ ઊભું કર્યું છે અને તે દ્વારા તેમણે એક ગર્લ્સ હાઈ સ્કુલ—કન્યા વિનય મંદિર—બે કે ત્રણ વર્ષથી શરૂ કર્યું છે અને તે સાથે તેમણે પિતાનું નામ જોડ્યું છે. આજે આ કન્યા વિનય મંદિર ભાડાના મકાનમાં ચાલે છે. સંસ્થાનું પોતાનું મકાન બનાવવા માટે કૃષ્ણનગર વિભાગમાં તેમણે એક જમીન લીધી છે.

તાજેતરમાં તા. ૧૩-૨-૬૩ ના રોજ તેમના તરફથી તે મકાનનું શિલારોપણ કરવાને લગતો સમારંભ યોજવામાં આવ્યો હતો. આ શિલારોપણ સમારંભની વિશેષતા એ હતી કે, આવા શિલારોપણ કાર્ય માટે સાધારણ રીતે રાજકારણના ક્ષેત્રમાં મહત્ત્વ ધરાવતી કોઈ ને કોઈ વિશેષ વ્યકિતને બોલાવવામાં આવે છે—પછી તે શિક્ષણમંત્રી હોય, કલેકટર હોય કે કૉંગ્રેસી આગેવાન હોય. આમ ચાલુ ચીલે ન ચાલતાં આ ભાઈઓએ જેમની પાસે પોતાનો બાળપણમાં ધાર્મિક શિક્ષણ લીધેલું એવાં એક જૈન પંડિત જેઓ વર્ષોથી અંધ છે અને જેમની આજે ૭૦ વર્ષ લગભગની ઉંમરે છે અને જેમને જૈન સમાજમાંના એક નાના વર્તુળની બહાર ભાગ્યે જ બહારના લોકો જાણે છે એવા એક જૈન પંડિત શ્રી જગજીવન પોપટલાલ સંઘવી પાસે કરાવ્યું હતું.

આ પ્રસંગે જાણીતા કૉંગ્રેસ આગેવાન શ્રી જાદવજી મોદી પ્રમુખસ્થાને બિરાજ્યા હતા. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહ ઉપસ્થિત થયા હતા અને જાણીતા સામાજિક કાર્યકર્તા શ્રી આત્મારામ ભટ્ટે આ સમારંભમાં ભાગ લીધો હતો. આમ વિશિષ્ઠ લેખાતી વ્યકિતઓ સહજ સુલભ હોવા છતાં આ બે ભાઈઓએ શિલારોપણ વિધિ માટે એક અદના લેખાતા છતાં સરસ્વતીના અખંડ ઉપાસક, સાઠેક વર્ષ પહેલાં સ્વ૦ જૈનાચાર્ય વિજયધર્મસૂરિએ કાશીમાં સ્થાપેલી સંસ્કૃત પાઠશાળામાં ભણીને 'વ્યાકરણતીર્થ'ની પદવી પામેલા, અને શ્રી જૈન ધર્મપ્રસારક સભા હસ્તક ચાલતી શ્રી ગંભીરવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં વર્ષોથી અધ્યાપનનું કાર્ય કરી રહેલા, આર્થિક તંગીને વરેલા, વળી ચારેક વર્ષ પહેલાં પડી જવાથી થાપાનું હાડકું ભાગી જતાં અને પગે ખોડ આવી જતાં ઘરવશ બનેલા અને એમ છતાં ઘરમાં બેસીને પણ એ વિદ્યાવિતરણનો અખંડ યજ્ઞ ચલાવતા એવા પોતાના જ્ઞાનગુરુની પસંદગી કરી તે માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે.

વિધવા માતાને પ્રતિષ્ઠા—પ્રદાન

સ્ત્રીવર્ગ પ્રત્યે છેલ્લાં પચ્ચીસ વર્ષ દરમિયાન સામાન્ય સમાજના વલણમાં મહત્ત્વનો ફેરફાર થઈ રહ્યો છે. જ્યાં અસમાનતા વ્યાપક હતી ત્યાં સમાનતાનું ધોરણ સ્વીકારાતું જાય છે. રાજ્યના

નવા બંધારણમાં સ્ત્રીઓને પુરુષસમાન સ્થાન આપવામાં આવ્યું છે અને હિંદુ કાયદામાં પાયાના ફેરફારો કરીને વિધવા તથા પુત્રીને વારસા હક્ક આપવામાં આવ્યો છે. અવગણનાના સ્થાને આદર વધતો જાય છે અને અનેક વ્યવસાયોમાં તેમજ સરકારી નોકરીઓમાં બહેનોને હવે સારા પ્રમાણમાં શોકવામાં આવે છે. શિક્ષણના ક્ષેત્રમાં તો કોઈ ભેદ રહ્યો જ નથી. આમ છતાં પણ વિધવા પ્રત્યેના અમુક વલણમાં હજુ સુધી બહુ ફેર પડયો નથી. વાણી-વ્યવહારમાં સમાજે વિધવાને "ગંગાસ્વરૂપ" વિશેષણથી બીરદાવી; ગાંધીજીએ તેને 'ત્યાગમૂર્તિ' કહી પ્રતિષ્ઠિત બનાવી; આમ છતાં કોઈ પણ મંગળ પ્રસંગે વિધવા સ્ત્રી આગળ આવતાં અચકાય છે. વિધવા સાથે અપશુકનનો ભાવ સમાજમાનસમાં જડાયેલો છે. લગ્ન જેવા શુભ પ્રસંગે પ્રૌઢ દીકરાને પોંખવા માટે વિધવા માતાના સ્થાને નજીકની પણ સધવા સ્ત્રીની જ પસંદગી કરવામાં આવે છે. આવી વર્તમાન પરિસ્થિતિમાં તાજેતરમાં બનેલી એક શુભ ઘટનાને આવકારવાનું સહેજે મન થાય છે.

થોડા સમય પહેલાં મુંબઈમાં વસતા માંગરોળના જૈન સમાજમાં જાણીતા શેઠ લાલદાસ જમનાદાસને ત્યાં તેમના નાનાભાઈ સ્વર્ગસ્થ કાંતિલાલના દીકરા ભાઈ ધીરેન્દ્રનાં લગ્ન હતાં. ચાલુ રિવાજ પ્રમાણે જે સ્ત્રી સૌભાગ્યવતી હોય તે જ નવપરિણીત દંપતીને પોંખી શકે. આમ આ ચાલુ માન્યતા અને પરંપરાને અવગણીને શ્રી લાલદાસ શેઠે અને તેમનાં પત્ની શ્રી હીરાબહેને ભાઈ ધીરેન્દ્રના વિધવા માતા બહેન ધીરજબહેનને જણાવ્યું કે, "ચિ. ભાઈ ધીરેન્દ્રના લગ્ન વખતે, તમે તેમનાં માતુશ્રી હોઈને, વર-કન્યાને તમારે જ પોંખવાના છે." શ્રી ધીરજબહેન આ સાંભળીને દિગ્મૂઢ થયાં, જેઠની આવી ઈચ્છા જાણીને ચકિત થયા અને શું કરવું તેની વિમાસણમાં પડયા, પણ જેઠનો આ બાબતનો મક્કમ આગ્રહ છે એમ જ્યારે તેમને પ્રતીતિ થઈ ત્યારે તેમનો ખચકાટ ઓસરી ગયો, તેમના આનંદનો પાર ન રહ્યો અને નવપરિણીત પુત્ર તથા પુત્ર-વધુને અંતરના ઉમળકાથી પોંખ્યા. ચાલુ પરંપરામાં આવો ફેરફાર કરવા માટે તથા વિધવા માતાની પુનઃ પ્રતિષ્ઠા કરવા માટે શ્રી લાલ-દાસ શેઠને તથા તેમના પત્નીને અનેક ધન્યવાદ ઘટે છે.

આ ઘટના નાની છે, એમ છતાં આજની સામાજિક પરિસ્થિતિમાં તેનું ઘણું મહત્ત્વ છે. એ સમય હવે પાકી ગયો છે કે, જ્યારે સમાજે સધવા—વિધવા વચ્ચેનો ભેદભાવ ભૂલી જવો જોઈએ અને વાસ્ત-વિકતા એ ભેદ કદાચ જલ્દિથી ભૂલવા ન દે તો પણ પુત્ર કે પુત્રીના લગ્નપ્રસંગે વિધવા કે સધવા કોઈ પણ સ્વજન લેખાતી સ્ત્રી કરતાં માતા વિધવા હોય તો પણ તેની યોગ્યતા સૌથી વધારે છે—એટલી વાત સર્વત્ર સ્વીકારાવી ઘટે છે. જમાઈ પરણવા આવે ત્યારે સાસુ વિધવા હોય તો પણ તેણે જ જમાઈને પોંખવો જોઈએ અને દીકરો પરણીને ઘેર આવે ત્યારે માતા વિધવા હોય તો પણ તેણે જ વરઘોડિયાને—નવપરિણિત દંપતીને—પોંખવા જોઈએ—આવો આગ્રહ, જ્યાં આવી પરિસ્થિતિ ઉભી થાય ત્યાં, સમજુ કુટુંબી-જનોએ સેવવો જોઈએ. દરેક માતાનો આ અબાધિત અધિકાર છે. તેનો ઈનકાર કરવો એ માતૃત્વનું અપમાન કરવા બરોબર છે.

એક અસામાન્ય લગ્નઘટના

પહેલાના સમયમાં વિવાહસંબંધો નિર્માણ કરવામાં નાત, જાત, ધર્મ, સંપ્રદાય, તડ અને ઘોળની જે તરેહ તરેહની વાડાબંધી હતી તે હવે ધીમે ધીમે તૂટવા લાગી છે અને આન્તરજ્ઞાતીય વિવાહસંબંધો બંધાવા શરૂ થયા છે, એટલું જ નહિ પણ, હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી તેમ જ પારસીઓ વચ્ચે પણ પરસ્પર વિવાહસબંધો નક્કી થતા સંભળાય છે અને યુરોપ—અમેરિકા જતા આવતા વિદ્યાર્થીઓ ત્યાંની જ કોઈ કન્યા સાથે લગ્નસબંધથી જોડાયાના દાખલાઓ પણ હવે અવારનવાર સાંભળવા મળે છે. આમ છતાં કોઈ યુવાને વિધવા સાથે લગ્ન કર્યાનું ભાગ્યે જ સંભળાય છે. ઊલટું મોટી ઉમ્મરે વિધુર થયેલો પૂરુષ પણ મોટી ઉમ્મરની કુંવારી કન્યાને લગ્નસંબંધ માટે શોધતો માલુમ પડે છે. વિધવા તો કંઈ કાળથી અપશુકનિયાળ ગણાતી આવી છે અને તેના વિષેનો અણગમો—તુચ્છકારવૃત્તિ—હિન્દુ સમાજના પુરુષ માનસમાં કંઈ કાળથી જડાયેલી છે અને આટલું બધું ઉદાર શિક્ષણ મળવા છતાં સમાજમાનસમાં રહેલી આ તુચ્છકારવૃત્તિ હજુ ભુંસાતી નથી. બાળક સાથેના વિધુરને કન્યા મળે છે, પણ બાળક સાથેની વિધવા માટે તો લગ્નજીવનની હજુ સુધી કોઈ આશા જ સંભવતી નથી.

સમાજની આવી પરિસ્થિતિ વચ્ચે પાંચ-છ વર્ષના બાળક સાથેની વિધવાના થોડા સમય પહેલાં એક ૨૭-૨૮ વર્ષના કુંવારા યુવાન સાથે લગ્ન થયાની હકીકત મારા જાણવામાં આવી અને મેં ભારે વિસ્મય અને આનંદ અનુભવ્યાં. તા. ૯-૧૦ માર્ચના રોજ મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજવામાં આવેલ કોસબાડ પર્યટન માટે નક્કી કરવામાં આવેલી બસમાં એક કચ્છી કુટુંબ અમારી સાથે જોડાયેલું હતું. કુટુંબ એટલે પતિ, પત્ની અને એક બાળક. તે કોણ છે એ વિષે પૂછતાં માલુમ પડયું કે તેમાંના ભાઈ અમારા સભ્યના નાના ભાઈ હતા. તેમણે પેલાં બહેન જેમની ઉમર આશરે ૨૨ વર્ષની હશે તેમની સાથે ગયા જાન્યુઆરી માસની ૨૭મી તારીખે લગ્ન કર્યું હતું. તે બહેનનું ૧૫—૧૬ વર્ષની ઉમ્મરે પહેલું લગ્ન થયું હતું, એક બે વર્ષમાં બાળક પ્રાપ્ત થયું હતું અને બે કે ત્રણ વર્ષ બાદ તેમના પતિનો દેહાન્ત થયો હતો. તે બહેન મેટ્રીક સુધી ભણેલાં. વૈધવ્ય પ્રાપ્ત થયા બાદ તેમણે ભણવાનું શરૂ કર્યું અને ઈન્ટર સુધી પહોંચ્યાં. આ દરમિયાન બાબો પાંચ—છ વર્ષનો થયો. ભાઈ બી. એસ. સી. સુધી પહોંચેલા અને હાલ કોઈ શાળામાં શિક્ષક તરીકે કામ કરે છે. બાઈ તથા ભાઈનાં કુટુંબો એકમેક સાથે ઠીક ઠીક સમયથી પરિચિત હતાં. બાઈનાં માત પિતા અને સાસરિયાં તથા ભાઈના કુટુંબીજનોની પૂરી સંમતિથી ભાઈએ ઉપર જણાવ્યું તે મુજબ ગયા જાન્યુઆરી માસની ૨૭ મી તારીખે લગ્ન કર્યું અને બાઈના બાળકને ભાઈએ પૂરા ભાવથી અપનાવી લીધું. આપણા સમાજની સામાન્ય પરિસ્થિતિ જોતાં આવો લગ્નસંબંધ નિર્માણ થાય તે એક અસામાન્ય ઘટના ગણાય.

સમાજમાં આ પ્રકારની ઘટના ક્વચિત્ ક્વચિત્ બનતી સંભળાય છે, પણ મોટા ભાગે તેવી ઘટના પાછળ સ્વચ્છંદનું તત્વ હોય છે અને એ પ્રકારનું લગ્ન ખાનગી રીતે પતાવવામાં આવે છે. પ્રસ્તુત ઘટના અંગે એમનાં સ્વજનો ખાત્રી આપે છે કે આ લગ્નસંબંધ પાછળ કોઈ સ્વચ્છંદનું તત્વ નહોતું અને લગ્ન તો બધાં વડીલોની સંમતિ અને આશીર્વાદપૂર્વક જાહેર રીતે કરવામાં આવ્યું હતું. લગ્નગાંઠથી આવી રીતે જોડાનાર યુવક યુવતીને—વિશેષે કરીને બાળક સાથેની વિધવાને અપનાવનાર યુવકને તેની ભાવનાશાલીતા માટે સમાજના ધન્યવાદ ઘટે છે. તેમનો સંસાર સુખ, આરોગ્ય અને ઐશ્વર્યથી સંભર અને સાર્થક બને અને તેમનું દંપતીજીવન અખંડ પ્રેમભાવ વડે સદા સુવાસિત રહે એવી આપણી પ્રાર્થના હો !.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત નૌકાવિહાર

તા. ૫—૩—૬૩ મંગળવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજવામાં આવેલ નૌકાવિહારમાં ત્રણસો ભાઈબહેનો તથા બાળકોએ લાભ લીધો હતો. ફાગણ શુદ ૧૦ ની રાત હતી એટલે સમુદ્રપટ ઉપર ચંદ્રની મધુર રોશની પથરાઈ ચુકી હતી. દરિયો શાન્ત પ્રસન્ન હતો. પ્રવાસીઓના કલરવથી શોભના સ્ટીમર ગાજી ઉઠી હતી. સ્ટીમરના નીચેના ભાગમાં ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણ કરવામાં આવી હતી. ગાનતાનનાં રસિયાં ભાઈ-બહેનો તે આસપાસ ગોઠવાઈ ગયાં હતાં. માઈક દ્વારા ગીતો, ભજનો અને વાર્તાવિનોદ પ્રસારિત થઈ રહ્યો હતો. બાળકો બહુ સારી સંખ્યામાં જોડાયાં હતાં અને તેમનો કલ્લોલ તેમના દિલમાં સમાતો નહોતો. જુદાં જુદાં કુટુંબો પોતપોતાનાં મંડળો રચીને સમુદ્રવિહારને માણી રહ્યાં હતાં. પવનલહરિઓ સુસવાટ કરી રહી હતી અને તેની શીતળતા સૌ કોઈને પ્રસન્ન કરતી હતી. વિશાળ સમુદ્રપટ ઉપર સ્થિર બનેલી મોટી મોટી સ્ટીમરો અને લડાયક વહાણોની બાજુએ થઈને 'શોભના' નિયત માર્ગ ઉપર આગળ વધી રહી હતી. આમ આનંદ કલ્લોલમાં દોઢેક કલાક પસાર થયા બાદ ઈડલી, વડાં અને આઈસ્ક્રીમનો ઉપાહાર પીરસવામાં આવ્યો હતો. આથી સર્વની પ્રસન્નતામાં વધારો થયો હતો. રાત્રીના બરોબર ૮—૧૫ વાગ્યે શોભના એપોલો બંદર ઉપરથી ગતિમાન થઈ હતી અને ૧૧—૧૫ વાગ્યે ત્રણ કલાકનો પ્રવાસ પૂરો કરીને કિનારે લાંગરી હતી. આ ત્રણ કલાક કેમ ગયા તેની જાણે કે કોઈને ખબર ન પડી અને શું હવે કિનારો આવ્યો અને ઉતરવાનું આવ્યું એવા પ્રશ્નપૂર્વક સ્ટીમરની નીસરણી ઉપરથી સૌએ ઉતરવા માંડયું અને જે ગેઈટ વે ઓફ ઈન્ડિયામાં પ્રવેશ કરીને શોભનામાં દાખલ થયા હતા તે ગેઈટ વે ઓફ ઈન્ડિયામાંથી બહાર નીકળી ત્રણ કલાકના અત્યન્ત સુખદ નૌકાવિહાર વિષે તૃપ્તિ અનુભવતાં ભાઈબહેનો અને બાળકો પોતપોતાનાં નિવાસસ્થાન તરફ અભિમુખ બન્યાં.

પરમાનંદ.

કાગળ અને અમલદાર

એક સંવાદ

[નીચેનો સંવાદ ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ કવિ અને શિક્ષણશાસ્ત્રી શ્રી નાથાલાલ દવેના 'જાહ્નવી' એ શિર્ષક કાવ્યસંગ્રહ (વિક્રેતા: ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ કિંમત રૂા. ૨/૫૦) માંથી ઉદ્‌ધૃત કર્યો છે, આ એક પ્રકારનું કટાક્ષકાવ્ય છે અને તે કેવળ કાગળો અને ફાઈલો સાથે રમત કરતી અને નીકાલ કરતાં મુલતવીકરણને વધારે મહત્ત્વ આપતી આજની અમલદારશાહીને તેના યથાર્થ સ્વરૂપમાં રજુ કરે છે, 'જાહ્નવીમાં' આવાં કટાક્ષકાવ્યો તો બહુ થોડાં છે, પણ તેમાં બીજા અનેક કાવ્યો છે કે, જેનું વાચન કવિહૃદયની ઉત્તમ કોટિની સંવેદનશીલતાનો મધુર અનુભવ કરાવે છે, આજે પ્રગટ થતાં કાવ્યો મોટા ભાગે દુર્બોધ માલુમ પડે છે, જ્યારે ભાઈશ્રી નાથાલાલ દવેનાં આ કાવ્યો તેના ભાવને સામાન્ય વાચકો સહજપણે પકડી શકે તેવાં રોચક અને રંજક છે. પરમાનંદ]

કાગળ : હું કાગળનો ટુકડો કેવળ,
ના અવાજ, ના રૂપ રંગ, ના ઘાટ,
નહિ વ્યકિતત્વ, ન જીવન પરિમલ .....હું૦
મણના ભાવે સરકારી સ્ટેશનરી ખાતું વિનામૂલ્યે જે વહેંચે.
જેના પર દિન-રાત ગમે તે સહી ને શેરા ખેંચે,
ક્ષુલ્લક, અલ્પ, નકામો, નિર્બળ .....હું૦
પણ મનમાં હું પામું વિસ્મય,
તમે કોણ છો? જરા તમારો દેશો પરિચય?
મારી સામે મીટ માંડીને કયમ બેસો દિન રાત?
દિલ ખોલીને જરા કહેશો આજ તમારી વાત?

અમલદાર : હું અમલદાર, હાકેમ આવડી હકૂમત તણો કહાવું,
આ ખુરશી પર બેઠો બેઠો રાજ્ય ચલાવું;
કરું આયોજન, થોકે થોકે પત્રક પર પત્રક મંગાવું;
મારા હુકમે સ્ટાફ બેસીને સાંજ લગી કરતો સરવાળા,
આઉટવર્ડ ને ઈનવર્ડની અનંત એ ચાલે ઘટમાળા.
બદલી, બઢતી ને હક્કોના હૈયે રમે હિસાબ,
છટા અનોખી, ચાલ અનોખી, રાખું કડક રુઆબ;
હું જાણું સહુ ભેદ અટપટા વહીવટના જંગલના,
હું જાણું સહુ દાવપેચ કાગળ પરના દંગલના,
ચાલબંધી મુજ ચોક્કસ પૂરી અગાઉથી અંદાજ કરેલી,
હું ગઝેટેડ, કેટેગરી પહેલી.

કાગળ : વાત તમારી સુણી મન મહીં પામું હું આશ્વાસન!
શા હેતુથી વિધિએ નિર્મ્યું હશે આપણું મિલન!
અસમ પ્રાન્તના ઘોર અરણ્યે બ્રહ્મપુત્રને તીરે
વાંસવને મુજ જન્મ; સુમંજુલ શીતલ શાંત સમીરે
મધુર મર્મરે વીત્યું શૈશવ, નિર્ઝરના કલસૂરે
વિહગ તણા કલ્લોલે.
માન્યું આમ જ જશે જિંદગી
નિબિડ નીલ એ વનરાજીના મધુર અંકમાં
કિંતુ એક દિન પડી કુઠાર, કઠોર દારુણ વજ્રપાત!
જે વસમી વિચ્છેદ વેદના હજી સાંભરે મર્માંતિક આઘાત!
વિચિત્ર ચાલી જીવનયાત્રા, ભાગ્ય તણી કૈં પડી થપાટ,
છુંદાયો, પિસાયો યંત્રે, બન્યો હું ચોરસ ને સપાટ,
ગઈ તાકાત, ખુમારી ગઈ ને ગયાં જ શમણાં,
કોઈ કૃષ્ણના અધરે મુરલી થઈ રમવાનાં
આવ્યો કાગળ થઈ તમ પાસે, કહો હવે, શી કથા તમારી?
હું જોઉં તમારો વેશ, મને ના કંઈ સમજાતું,
અને તમારી બોલી સાંભળી મન મૂંઝાતું,
છે કિયો તમારો દેશ?

અમલદાર : લાગું છું પરદેશી જેવો?
જન્મ થયો છે ભારતમાં, પણ અમે વિદેશી વેશ સજ્યો છે,
અસ્ત થયેલી સલ્તનત તણી યાદ સમો લેબાશ અમે ના હજી તજ્યો છે,
અમે ભણ્યા ભણતર એવું કે, દૂર દૂર ચાલ્યા જનતાથી
અંગ્રેજોનું રાજ્ય ગયું, પણ ભાષા એની પકડી રાખી.
છોડી ન છૂટે,
મનની સાંકળ તોડી ન તૂટે.
અને હોય નહિ અંગ્રેજી તો પછી અમારી શીરૂહે કિંમત?
પરદેશી ભાષાને ઓથે ભૂલો છુપાતી, બઢતી કિંમત.
એમાં તો ભારે સગવડ છે!
જેના ઉપર રાજ્ય કરો તે વહીવટના ભેદ ન જાણે,
દૂર રહે ને ડરતા ચાલે, આંટીઘૂંટી કૈં ન પિછાને.
ઠરાવ, કાનૂન, જે કહીએ તે પવિત્ર માની પૂજા કરે,
વળી કોઈ ભાવિક આવે તો ધૂપ દીપ નૈવેદ્ય ધરે.
આમ અમારી ગાડી ગબડે.
ગાજ્યા કરતી ભલે હવામાં સર્વોદયની, શોષણમુકિત-કેરી વાતો;
અહીં અમારી એ જ રસમ, ને છતાં વાળ ના વાંકો થાતો.

કાગળ : મહિને મહિને થતી હશે મુશ્કેલી ભારે,
કર ભરનારી જનતાને રાખો અંધારે,
વેતન ચૂકવે કોણ તમારું?

અમલદાર : પગાર નિશ્ચિત પહેલી તારીખે, એમાં ફિકર નથી
એ તો મંજૂર થાય ઉપરથી
શિક્ષણને બદલે ચાલે છે અહીં ડિગ્રીના જાદુમંતર,
પરીક્ષા તણી ઊંચી એક નિસરણી પર
રાષ્ટ્ર તણું યૌવન અહીં કરતું ચડઉતર.
શો સ્વભાવ ને શા સદ્‌ગુણ એ કોઈ ન પૂછે,
નહિ જરૂર જીવન જોવાની,
નિશાળનું દફ્તર મૂકીને મેળવી લેવું આ દફ્તર
નજર માંડવી પુસ્તકમાંથી કાગળ પર,
આવી જવાનું બેન્ચ ઉપરથી ખુરશી પર.
રાજમાર્ગ જે પ્રાપ્ત કરે છે આ નિષ્ક્રિય નિર્વાહ તણો,
બસ, એનો બેડો પાર ગણો.

કાગળ : મનમાં મુજને અચરજ મોટું, મારી સામે નજર કરી બસ રહો નિહાળી,
એવી તે શું તમે મોહની મુજમાં ભાળી?
ઘોળે દિવસે બળતી બત્તી, ફરતા પંખા, બજે ટકોરી
ટાઈપ પર ટપ ટપ છપાય છે પરિપત્રો મુદ્દામ જરૂરી.
દિવસે દિવસે વધ્યે જાય ફાઈલોના ગંજ,
તમને ના કંઈ થાય વિમાસણ? ના કંઈ મનમાં રંજ?
રૂપ તણા ભંડાર સમી છે દુનિયા, ગગને નવલખ તારા,
મેઘધનુષના રંગ સુકોમળ, પ્રકૃતિની રંગીન ફૂલમાળા
હરિયાળાં ઝાડોનાં ઝુંડો, ગાતાં ઝરણાં, અદ્રિશિખર વાદળ—ઢંકાયા.
છાતી ગગને અષાઢની ઘનઘોર મેઘલી છાયા,
શાંત ચાંદની રાત રૂપેરી, પ્રસન્ન નીરે સભર સરોવર
શ્યામ અપાર વિસ્તર્યા વિશ્વમાં રૂપરૂપના સાગર!
સૃષ્ટાએ સરજેલું જાણે નાજુક ઊર્મિગીત સરલ,

બાળકનું સસ્મિત સોહામણું વદન મનોહર,
અને પ્રિયાનાં નેહનીતરતાં નયનો નિર્મળ —
એ જોવા વરદાન સમી બે આંખો પ્રભુએ દીધી,
પણ તમે તો મુજ શું મોહ્યા, દુનિયા નજર ભરી ના જોઈ;
રાત - દિવસ બેઠા મુજ સામે મીટ માંડીને એક ધ્યાન,
મુજ જેવા નાચીજનું કીધું ખરેખરું બહુમાન,
મનમાં માનું છું ઉપકાર,
મારે ખાતર તમે બધાં અરમાન વિસાર્યા,
તુચ્છ ગણ્યો સંસાર,
બંધ બારીઓ, બળતી બત્તી, ફરતા પંખા અને
લખાયે જાય તુમાર,
માત્ર એટલો ખેદ, વધે છે તમ ચશ્માનો નંબર,
અને બહાર ઘુઘવાટ કરે છે ઘેરો જીવનસમંદર,

અમલદાર : બેસ હવે, તું શું સમજે અરમાનોમાં,
મનની નાજુક વાતોમાં ?
સુકકો, લુખ્ખો તું બરછટ કાગળનો ટુકડો,
તું શું સમજે વળી ચાંદની રાતોમાં !

કાગળ : કોઈ ન શુષ્ક, ન કોઈ જ નીરસ
અરમાનોની વાત એવી છે કે બસ,
જગમાં જેવી જેની ગુંજાઈશ,
તેવી કરી લે સહુ અજમાયશ.
મને હતું કે ભલે મળી આ કાગળ જેવી કાયા,
સાર્થક જીવ્યું થશે, કોઈની પામીશ મનની માયા
પ્રેમપત્ર થઈ ભાવ કસુંબલ ઝીલું કોઈ મુગ્ધાના મનના
સુગંધથી મઘમઘતા નાના નાજુક કવર મહીં,
વહીશ વાર્તા બે દિલના ધબકાર તણી.
કે પામીશ પ્રસાદ વિરલ કોઈ ફિલ્સૂફના ચિંતનના,
કોઈ રંગનો જાદુગર વા પૂરી જશે રંગોળી
અગર લાડીલો કવિ કોઈ મુજ પર
કોઈ ઝવેરી, સ્નેહરશ્મિ, વા સુંદરમ્ કે ઉમાશંકર
રસમસ્તી હૃદયરંગની છાલક દેશે ઢોળી,
રે શું સંભારું? કોને કહું? વીતી ચાલ્યો અવતાર,
હું કેવળ કાગળનો ટુકડો, કેવળ બન્યો તુમાર,
ક્યાં રસ ને ક્યાં મસ્તી!
હું તો કેવળ પસ્તી!
ભલે, એમ તો એમ, જીવવું શું જીવ બાળી ?
ભલે શાહી છંટાય, થાય છો કાયા કાળી;
ભાગ્ય જડાયું મુજ તમ સાથે, બંનેયે સરખા હતભાગી,

અમલદાર : કરુણ તારી કથા હશે, પણ મુજને કેમ ગણે હતભાગી ?
આ ખુરશી માટે તો મોટી બેકારોની લંગર લાગી,
પગાર કેરો આંક સાંભળી,
જાય કૈંકના ગર્વ ગળી;
ટી. એ. ડી. એ. ને ઘરભાડું ને પેન્શન વળી છેવાડે,
આવી જગ્યા જડે નહિ કંઈ સહુને આડે દહાડે.

કાગળ : એ સાચું, પણ જન્મ ધર્યો શું ટી. એ. ડી. એ. ના
હિસાબ કરવા ?
સાત સમંદર સાદ કરે છે મોજાં સાથે બાથ જ ભરવા.
વિશાળ ધરતીનાં મેદાનો, વસુંધરા રત્નો દેનારી,
ને ઉત્તુંગ શિખર પહાડોનાં જ્યાં પૌરુષને રહે પડકારી.
અહો મહેનત માનવની! જે ઉજ્જડ ભોમે નંદનવન સરજે,
રેતી કેરા રણને કરે રસાળ,
થંભાવે સરિતાનાં પાણી,
માટીનું સોનું નિપજાવે;
મારગ સરજે પહાડો તોડી અંતર ભેદે દેશદેશના;
આગે બઢતી બાહુબળે જીવનારાની વણઝાર,
જિંદગીથી ભરપૂર, છલકતી, મસ્ત, શરદની ગંગા જેવી
અહો તૂટતાં તિમિર!
પ્રગટતાં પ્રભાત! હારે નિશા અંધારી!
વિસ્તરતી જીવનની ક્ષિતિજે: નીરખું રાષ્ટ્ર તણો અભ્યુદય!
પૂર્વ તણા આ ઉદયગિરિ પર સ્વાધીન ભારતનો
અરુણોદય!
મહાન આ પ્રાચીન પ્રજાનાં આજ પુણ્ય ઉત્થાન!
બુલંદ એનો શાંતિમંત્ર
ધ્વનિત થતો આતુર ધરતીને ખંડે ખંડે.
કાળ અહીં કરવટ બદલે છે,
પલટાયે છે ભાગ્ય સૃષ્ટિનું !...
અરે! પણ કોની આગળ વાત કરું છું ?
તમને શું આ બદલાતી દુનિયાથી નિસ્બત!
વિરાટ વિશ્વ તણું આહ્વાન
ગાજે જે ચોમેર વાયુમાં શે પહોંચે તમ કાન?
બેસી ગયા છો બી. સી. એસ. આર. મહીં જ પરોવી ધ્યાન!
તમ પુરુષાર્થ તણું અહીં આવ્યું પૂર્ણ વિરામ.
ધરતીનો છેડો આ ટેબલ ભારે શોધી જગ્યા સલામત!
સહીઓ કરવી એ જ મહેનત!
મનમાં આશા માત્ર પ્રમોશન ને પેન્શનની.
બેઠાં બેઠાં જાય જિંદગી,
કાંચન જેવી કાયા ઉપર કાટ ચડે,
પરાક્રમો જે કાંઈ કરો તે કેવળ કલમ વડે.
શ્રમ ને સાહસ થકી ડરી,
જઈ બેઠા ઠંડી છાયામાં, તાપ ધૂપ જ્યાં નહીં નડે.
વાંસ મટીને હું થયો કાગળ;
અને તમે, હા, તમે થયા સરકારી અફસર!

અમલદાર : તું કાગળનો નાચીજ ટુકડો બટબટ બોલે,
શો આવ્યો છ જમાનો!
જેનાં તેનાં મગજ બદલતાં, છટકી જતી કમાનો!
લોકશાહીની આ છે તકલીફ
જબાન સહુની થઈ ગઈ છુટ્ટી!

કાગળ : કોપ ન કરશો, જીવનભર સાથે રહેવું છે.
તમે અમલદાર, હું કાગળ!
જુદા પડીને ક્યાં જવાના ?
એક - બીજા વિણ એકબીજાનું ઘડી ન ચાલે,
ધીરજ રાખો, બોલ સહો બે મારા,
જથમ સહન કરું છું રોજ શાહીના આ છંટકાવ તમારા.

અમલદાર : રાખ હવે કર બંધ લવારી,
બહુ સાંભળી વાતો તારી.
નીચે એક ગોડાઉન ભર્યો જૂના દફ્તરનો,
થપ્પી પર થપ્પી કરેલ રેકર્ડ ભર્યું જ્યાં,
તને મોકલી આપું છું ત્યાં.
જ્યાં નહિ પવન, નહિ અજવાળું, ભેજ ભર્યા અંધારે,
ઊધઈનો ખોરાક બનીને શૂન્ય થવાનું તારે.

કાગળ : ઘમંડ તમારો જોઈ મને હસવું આવે છે.
કુદરત પણ કેવાં આશ્ચર્યો સરજાવે છે!
આ ફાઈલોના ગંજ, તુમારોના ઢગ જે બંધાયા,
અણમૂલા આયુષ્યતણાં સહુ વરસ તમારાં અંદર છે અટવાયાં.
ઊધઈ મારું જે દિન કરશે ભોજન,
જીવનભરનું કાર્ય તમારું મારી સાથે થશે વિસર્જન;
થશે પંચાવન પૂરાં, ઊઠશો આ ખુરશીથી જ્યારે,
તમ જીવનનો સાર લઈ હું જઈશ નીચેના ભેજભર્યા
અંધારે
ઊધઈ સદા જ્યાં રાહ જુએ છે —
અને ત્યાં લગી ટાંક ચલાવો, બટન દાબો, કરો ટકોરી,
અંગ્રેજીમાં ટાઈપ કરાવો પરિપત્રો મુદ્દામ જરૂરી.

નાથાલાલ દવે

૨૨-૭-૬૩

ટિપ્પણ: આઉડવર્ડ—જાવક, ઈનવર્ડ—આવક, ટી. એ.—પ્રવાસ ભથ્થું, ડી. એ.—મોંઘવારી ભથ્થું. બી. સી. એસ. આર.—મુંબઈ સીવીલ સર્વીસ રૂલ્સ. કેટેગરી—કક્ષા.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ખત્તરગલી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧, ૧૯૬૩, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

અનેકાન્તવાદ

(૩) અનેકાન્ત દૃષ્ટિએ વિવિધ મતોનો સમન્વય

(ગતાંકથી ચાલુ) -

જૈનદર્શનના અનેકાંતવાદની ભાવના વિષે આટલો વિચાર કર્યા પછી તેનું અવતરણ કેવા કેવા માર્ગે ક્યાં ક્યાં જૈનોએ કર્યું છે તે વિષે સંક્ષેપમાં વિચાર કરી લઈએ.

સૌ ધર્મોમાં પોતપોતાના શાસ્ત્રોની જે પ્રતિષ્ઠા હોય છે તે અનુપમ છે. જૈનધર્મમાં પણ પોતાના શાસ્ત્રની પ્રતિષ્ઠા અનુપમ છે જ. છતાં પણ ત્યાં અનેકાંતભાવના કેવી નિરાગ્રહ-વૃત્તિ ધારણ કરી શકે છે તેનું ઉદાહરણ જૈનોનું નંદીસૂત્ર નામનું શાસ્ત્ર પૂરું પાડે છે. નંદીસૂત્રમાં સમ્યક્‌શાસ્ત્ર અને મિથ્યાશાસ્ત્રની કસોટી આપવામાં આવી છે. તેમાં કહ્યું છે કે, સ્વયં વ્યક્તિ જો સમ્યક્‌ત્વી—અર્થાત્‌ વિવેકી, જ્ઞાની હોય તો તેને માટે જૈન આગમો કે અજૈન મહાભારત આદિ શાસ્ત્રો એ બધા જ સરખી રીતે સમ્યક્‌ શાસ્ત્રો છે. પણ જો વ્યક્તિ સ્વયં મિથ્યાત્વી—અર્થાત્‌ અવિવેકી અજ્ઞાની હોય તો તેને માટે જૈન-અજૈન સર્વશાસ્ત્રો મિથ્યાશ્રુત—મિથ્યાશાસ્ત્રો બની જાય છે. આમ માનવાનું કારણ એ છે કે, એકની એક વસ્તુ જેમ દષ્ટાની ભાવના પ્રમાણે વિવિધ રૂપો ધારણ કરે છે તેમ શાસ્ત્રો પણ દષ્ટાની ભાવના પ્રમાણે જ વિવિધ રૂપો ધારણ કરે છે. આથી કોઈ એક શાસ્ત્ર એકાંત સમ્યક્‌ કે મિથ્યા છે એવો નિયમ કરી શકાય નહિ.

સૂર્ય પ્રકાશ આપે છે ખરો, પણ ઘૂવડને એ કશા કામનો નથી, ચોરોને એ પોતાની ઈષ્ટ સિદ્ધિમાં બાધક જ બને છે, તેમ તીર્થંકરો કે મહાપુરુષો વિષે પણ છે. સર્વજનહિતનું ધ્યેય લઈ ચાલવા છતાં તેઓ સરખી રીતે સૌના પૂજ્ય બનતા નથી; કારણ ગ્રાહકની યોગ્યતા—અયોગ્યતાને લીધે તેમના પ્રત્યે આકર્ષણ—વિકર્ષણ થાય છે. એટલે તીર્થંકર પણ સૌને માટે તીર્થંકરરૂપ સરખી રીતે બની શકતા નથી. આ જ ન્યાય સૌ વસ્તુ વિષે અનુભવાય છે. વસ્તુ એની એ છતાં, દષ્ટાના દષ્ટિબિંદુ પ્રમાણે વિવિધ દર્શનો તે ઊભા કરે છે.

જૈન આચાર્યોએ ભગવાન મહાવીરને અનુસરીને વસ્તુ-દર્શનના જે નાના પ્રકારો છે એ બધાનું વર્ગીકરણ બે દૃષ્ટિ કે બે નયોમાં કર્યું છે—એક છે ભેદ દર્શન અને બીજું છે અભેદ દર્શન; એક છે વિશેષગામી દર્શન અને બીજું છે સામાન્યગામી દર્શન; એક છે અનેકત્વનું દર્શન અને બીજું છે એકત્વનું દર્શન. દર્શન ગમે તે હોય પણ તે આ બેમાંથી ગમે તે એકમાં સમાવિષ્ટ થઈ જ જવાનું. જૈનપરિભાષામાં અભેદ દર્શનને દ્રવ્યાર્થિક નય અને ભેદ-દર્શનને પર્યાયાર્થિક નય કહે છે. ભારતીય તો શું પણ વિશ્વના કોઈ પણ દાર્શનિક મન્તવ્યનો આ બેમાંથી ગમે તે એકમાં સમાવેશ થઈ શકે છે એવો દાવો જૈન આચાર્યોનો છે અને તેમણે અત્યાર સુધીમાં ઊભા થયેલા તેમને જ્ઞાત સમગ્ર દર્શનોને આ બેમાંથી ગમે તે એકમાં કેવી રીતે સમાવી શકાય છે તે યુક્તિપૂર્વક બતાવ્યું પણ છે. એ બે નયોના અવાંતરભેદો સાત કરવામાં આવ્યા છે અને તે સાત નયોમાં ભારતીય દર્શનોના સમગ્ર વિસ્તારને સમાવી લેવામાં આવ્યો છે.

દ્રવ્યાર્થિક નયના એક ભેદ તરીકે વ્યવહાર નય માનવામાં આવે છે. વ્યવહારનું તાત્પર્ય છે કે લોકવ્યવહારને પ્રમાણ માનીને ચાલવું. લોકવ્યવહાર વસ્તુગત સૂક્ષ્મ ભેદોને ધ્યાનમાં લીધા વિના જ સ્થૂલ અભેદ માનીને ચાલે છે. આથી વ્યવહારનય દ્રવ્યાર્થિકનો ભેદ છે અને જ્ઞાનને નહિ, પણ અજ્ઞાનને મહત્ત્વ આપે છે. ચાર્વાકો વ્યવહારનયવાદી જ છે, કારણ કે તેઓ પણ માત્ર ભૂતોને જ માને છે અને સ્વતંત્ર એવા જ્ઞાનમય ચૈતન્ય આત્માને માનતા નથી, કારણકે તેઓ લોકવ્યવહારને જ પ્રમાણ માનીને ચાલે છે. આત્મા જેવી સૂક્ષ્મ વસ્તુના વિચારમાં પડતા નથી. આથી તેઓ અજ્ઞાનવાદનો જ આશ્રય લે છે. ચાર્વાકનો વિરોધ તો સૌ દાર્શનિકોએ આત્મતત્ત્વ સ્વતંત્ર માનીને કર્યો જ છે. જૈનદર્શનમાં જીવ અને અજીવ તત્ત્વોની માન્યતા સ્થિર થયેલી છે. આથી જડ ભૌતિક વસ્તુ પૂરતું ચાર્વાક દર્શન સાચું છે, પણ ચૈતન્ય વિષેની તેની માન્યતા ભ્રામક છે. એટલે તે પણ એક નયને અનુસરે છે એમ માનવું રહ્યું. અને એક નયમાં પૂર્ણ સત્ય પ્રગટ થતું નથી, પણ સર્વનયોમાં પૂર્ણ સત્ય પ્રગટ થાય છે. આથી ચાર્વાકને પણ એકાંત અસત્ય દર્શન કહી શકાય નહિ. તેમાં પણ આંશિક સત્ય છે જ એમ જૈન દર્શન કહે છે. સંસારી જીવાત્મામાં અધિકાંશ એવા છે જેમને આત્મ અનાત્મનો વિવેક છે જ નહિ. અને તેઓ અજ્ઞાનને કારણે શરીરને જ આત્મા માનીને વ્યવહાર કરે છે. આ વ્યવહાર ચાર્વાક દર્શનને આધારે છે એમ જ કહેવું જોઈએ. વ્યવહારનયનું મન્તવ્ય છે કે પ્રમાણોના વિવિધ લક્ષણો જે દાર્શનિકો દ્વારા આપવામાં આવ્યાં છે તે એકબીજાથી જુદા પડે છે. એટલે એમાંથી કોને સાચું માનવું ? પ્રમાણ કોને માનવું ? —એ જ્યાં નક્કી થઈ શકતું ન હોય, ત્યાં તે દ્વારા વસ્તુ તત્વનું જ્ઞાન કરવા જવું, એ વળી, તદ્દન અશક્ય છે. માટે લોકમાં સાચું માનીને જે વ્યવહાર ચાલે છે તે ઉચિત છે, વસ્તુતત્ત્વનું યથાર્થ જ્ઞાન અશક્ય જ છે, જ્ઞાન થઈ શકતું નથી, માટે અજ્ઞાન જ શ્રેય છે—આમ વ્યવહારનયને આશ્રયે અજ્ઞાનવાદનું ઉત્થાન છે.

લોકમાં આવા અજ્ઞાનવાદનો આશ્રય આપણે જ્યાં ત્યાં જોઈએ જ છીએ અને શાસ્ત્રોમાં પણ એનું સમર્થન કરે એવા વાક્યો છે. ઋગ્વેદમાં જ કહ્યું છે:—

"को अद्धा वेद - .... कुत आजाता कुत इयं
विसृष्टि : : । ..... यो अस्याध्यक्ष : परमे व्योमन् सो अङ्ग
वेद यदि वा न वेद ।"

ભર્તૃહરીએ કહ્યું છે:—

"यत्नेनानुमितोऽप्यर्थः कुशलैरनुमातृभिः। अभियुक्ततरैरन्यैरन्यथैवोपपाद्यते॥

એક કુશલ પુરુષ એક રીતે અનુમાનથી વસ્તુજ્ઞાન કરે છે, પણ તેથી વધારે કુશલ પુરુષ હોય તો તેના એ અનુમાન જ્ઞાનને ઉથલાવી પાડે છે. ત્યાં કોના અનુમાન જ્ઞાન ઉપર ભરોસો કરવો? જૈનશાસ્ત્રોમાં પણ અજ્ઞાનવાદનો ક્રિયાવાદ આદિ ચાર વાદોના એક ભેદ તરીકે ઉલ્લેખ આવે જ છે. આમ અજ્ઞાનવાદ ખરી રીતે મનુષ્ય જાતિ જેટલો જ જુનો ગણી શકાય. વળી મીમાંસકોએ તો જ્ઞાન કરતાં કર્મને જ મહત્ત્વ આપ્યું છે અને તે રીતે જ્ઞાન નહિ તે અજ્ઞાન એ અર્થમાં તેમનો કર્મવાદ પણ એક પ્રકારનો અજ્ઞાનવાદ જ છે. આ બધા પ્રકારના અજ્ઞાનવાદનો સમાવેશ જૈનસંમત વ્યવહાર નયમાં છે. અને તે મતનો સમન્વય જૈનોએ જીવ અને અજીવ તત્ત્વ માનીને તથા આત્મામાં—સંસારી આત્મામાં જ્ઞાન—અજ્ઞાન બન્ને માનીને કરેલ છે. પરમ તત્ત્વનું ભલે પ્રત્યક્ષ જ્ઞાન ન હોય, પંતુ પરોક્ષ જ્ઞાન એ કાંઈ અજ્ઞાન જ છે એમ કહી ન શકાય. વળી અજ્ઞાનવાદીએ દાર્શનિકોના લક્ષણોમાં વિરોધ દર્શાવ્યો છે, પણ તે વિરોધદર્શનને તો તેણે જ્ઞાન જ માનવું પડે છે, અન્યથા વિરોધ સિદ્ધ નહિ થાય. આમ લોકવ્યવહારમાં પણ જ્ઞાન-અજ્ઞાન બન્નેથી કાર્યસિદ્ધિ થાય છે, નહિ કે એકલા અજ્ઞાનના આશ્રયથી. વેદોનું તાત્પર્ય કર્મમાં ભલે મીમાંસક માને, પણ એ કર્મ વિષે તો યથાર્થ જ્ઞાન જોઈએ જ ને? આમ કર્મ પોતે ભલે જ્ઞાન રૂપ ન હોય, પણ તે વિષેનું જ્ઞાન જો ન હોય અને અજ્ઞાન જ હોય તો અમુક જ કર્મમાં પ્રવૃત્તિ અને અમુકમાં નિવૃત્તિ કેવી રીતે થાય? માટે મીમાંસકોએ પણ એકાંત કર્મ નહિ પણ જ્ઞાનને પણ માનવું જરૂરી છે. માત્ર દવા લેવાની ક્રિયા-કર્મમાત્રથી રોગમુક્તિ નથી થતી, પણ યોગ્ય દવા કઈ એ જાણીને દવા લેવાથી રોગમુક્ત થવાય છે. માટે જ્ઞાન—કર્મસમુચ્ચયનો માર્ગ એ જ હિતાવહ છે.

મીમાંસકોએ વેદોને અપૌરુષેય માન્યા. તેમાં પણ અજ્ઞાનવાદનો જ આશ્રય છે. ક્યા પુરુષે અને ક્યારે તે રચ્યા તે જાણી શકાતું નથી માટે તે અપૌરુષેય છે. પણ તેથી વિરુદ્ધ જૈનોનું કહેવું છે કે, વિદ્યાઓ ભલે અનાદિ હોય, અને એ દૃષ્ટિએ તે તે વિદ્યાનો આદિ ઉપદેષ્ટા જ્ઞાત નથી. માટે તે દૃષ્ટિએ ભલે તેને અપૌરુષેય કહો, પણ તે તે વિદ્યાઓને નવું નવું રૂપ આપનાર તે પુરુષો જ છે અને તેઓ જ્ઞાત પણ છે. ઋચાના અમુક મંત્રોના દૃષ્ટા અમુક ઋષિઓને માનવામાં આવે જ છે તો પછી એ દૃષ્ટિએ વેદોને પૌરુષેય માનવામાં શો બાધ છે? જૈનોના બાર અંગો વિષે પણ જૈનોની ધારણા છે કે, તે અનાદિ અનંત છે અને છતાં વિદ્યમાન અંગો ભગવાન મહાવીરના ઉપદેશને અનુસરીને ગણધરોની રચના છે. આમ તે પણ પૌરુષેય અને અપૌરુષેય સિદ્ધ બને છે.

એક તરફ ચાર્વાક છે જેણે માત્ર જડ તત્ત્વો જ માન્યા. પણ તેથી વિરુદ્ધ વેદાંત કે ઔપનિષદ દર્શન છે જેણે માત્ર ચૈતન્યને જ માન્યું. એ વેદાંત દર્શનનો સમાવેશ જૈનસંમત સંગ્રહ નયમાં છે. લોકમાં જે કાંઈ છે તે સર્વનો સંગ્રહ—સમાવેશ સત્ તત્ત્વમાં થઈ શકે છે, કારણ તે બધુ સત્ તો છે જ—એમ સંગ્રહનય પણ માને છે. વેદાંત દર્શનતત્ત્વને માત્ર સત્ કહીને જ સંતુષ્ટ નથી થતું પણ તે સત્ ચૈતન્યરૂપ જ છે, જે પુરુષ કે બ્રહ્મ કે આત્મા કહેવાય છે—આમ પણ આગ્રહ ધરાવે છે. જૈનદર્શન ચૈતન્યતત્ત્વના અસ્તિત્વમાં તો સંમત છે જ, પણ તે માને છે કે, ચૈતન્ય ઉપરાંત અચેતન કહી શકાય તેવું તત્ત્વ પણ હોવું જોઈએ, અન્યથા ચૈતન્યમાં બંધ અને મોક્ષ, સંસાર અને નિર્વાણની ઘટના સંભવે નહિ. વેદાંતમાં માયા, મિથ્યાત્વ, અજ્ઞાનને ચૈતન્યવિરોધી માનવામાં આવે છે, પણ માયાને સત્ શબ્દથી કહેવામાં તેઓ સંમત નથી, પણ તેને અનિર્વાચ્ય કહે છે તે એટલા માટે કે, બ્રહ્મથી માયાને ભિન્ન પણ નહિ તેમ જ અભિન્ન પણ નહિ એવી તેઓ માને છે. એ ગમે તે હો, પણ માયા જેવું કાંઈક, ભલે તેને તેઓ સત્ શબ્દથી કહેવા ન માગે, પણ માન્યા વિના તો ચાલતું જ નથી. એ જ તો, જૈનો કહે છે કે, જડ તત્ત્વ છે, જેને કારણે આત્મા બંધનમાં પડે છે. માયાને જો સત્ માનવામાં આવે તો બ્રહ્મ અને માયા એમ બે સત્ થાય તો અદ્વૈત સિદ્ધ ન થાય અને જો માયાને અસત્ કહેવામાં આવે તો અસત્થી પ્રપંચ કેમ ઘટે? આત્મા આત્માથી બંધાય નહિ પણ અનાત્માથી બંધાય, માટે આત્મા અને અનાત્મા—અજીવ તત્ત્વ બન્ને સ્વીકારવાં આવશ્યક છે. આથી વેદાંત દર્શનને પણ આંશિક સત્યરૂપે સંગ્રહનયમાં જૈનાચાર્યોએ સમાવિષ્ટ કર્યું છે.

જૈનોની જેમ જ સાંખ્યો પણ જીવ અને અજીવ એ બે તત્ત્વોને પુરુષ અને પ્રકૃતિ રૂપે માને છે. અને પ્રકૃતિમાંથી જ સમગ્ર જડસૃષ્ટિનો વિકાસ પુરુષ સંપર્કને કારણે સ્વીકારે છે. નૈયાયિકાદિ દર્શનો પણ જીવ અને જડ સૃષ્ટિ સ્વીકારે છે. આથી કેવળ જીવ-આત્મા માનવો એ જૈન દૃષ્ટિએ આંશિક સત્ય છે. પૂર્ણ સત્ય જીવ અને અજીવ બન્ને માનવામાં આવે તો બને.

આ જ ન્યાયે કેવલ વિજ્ઞાનવાદ, શૂન્યવાદ અને શબ્દાદ્વૈતવાદને પણ જૈનો આંશિક સત્ય માની સંગ્રહનયમાં સ્થાન આપે છે.

વેદાન્તને મતે સત્ તે કહેવાય જે ત્રૈકાલિક હોય. પણ તેથી વિરુદ્ધ બૌદ્ધોએ કહ્યું કે, સત્ તે જ કહેવાય જે માત્ર વર્તમાનકાલિક હોય, અન્ય નહિ. વેદાંતને મતે સર્વપ્રપંચનો સંગ્રહ એક બ્રહ્મમાં—એક સામાન્ય સત્માં—થઈ જાય છે. તેથી પૃથક્ કાંઈ રહેતું નથી. પણ તેથી વિરુદ્ધ બૌદ્ધોએ કહ્યું કે, સામાન્ય જેવી વસ્તુ કોઈ છે જ નહિ જે સર્વ સંગ્રાહક હોય, માત્ર વિશેષો જ છે, અને તે સૌ પૃથક્ પૃથક્ છે, અને ક્ષણિક છે, સંસારમાં નિત્ય એવી વસ્તુ જ કોઈ નથી. બૌદ્ધોનો આ વાદ પર્યાયનયના એક ભેદ ઋજુસૂત્રમાં સમાવિષ્ટ છે. બૌદ્ધ અને વેદાંત પરસ્પરવિરોધી મંતવ્યો છે. પણ જૈનોએ એ બન્નેને આંશિક સત્ય માની પોતાના દ્રવ્ય-પર્યાયવાદમાં સમાવી લીધા છે. દ્રવ્ય એ ત્રૈકાલિક સત્ નિત્ય છે, પણ તેનાં પરિણામો, પર્યાયો, વિશેષો અનિત્ય છે, એમ કહી ઉકત બન્ને વિરોધી વાદોનો સમન્વય કર્યો છે. વેદાંતનો જૈન સંમત સંગ્રહનયમાં સમાવેશ છે, તો બૌદ્ધોનો પર્યાયનયના એક ભેદ ઋજુસૂત્ર નામના નયમાં છે. જૈનો વસ્તુને સામાન્ય—વિશેષાત્મક માને છે. આથી તે બન્ને નયોને તેમાં સ્થાન છે.

વેદાંતને મતે સત્ તે જ કહેવાય જે ત્રૈકાલિક હોય. આની સામે ન્યાય—વૈશેષિક દર્શનની માન્યતા છે કે આત્મા આદિ પદાર્થો ત્રૈકાલિક સત્ છે, પણ બધાં કાર્યદ્રવ્યો ત્રૈકાલિક સત્ નથી હોતાં. તેઓ તો પ્રથમ અસત્ હોય, પણ પછી સત્ થાય અને પાછાં અસત્ થઈ જાય. વળી કેટલાક પદાર્થો માત્ર સામાન્ય છે, કેટલાક માત્ર વિશેષ છે અને કેટલાક સામાન્ય—વિશેષ છે. પણ વેદાંતની જેમ જે કાંઈ સત્ છે તે માત્ર સામાન્ય જ છે, અર્થાત્ સર્વસંગ્રહી જ છે, એક જ છે—એમ ન્યાય—વૈશેષિકો માનતા નથી. વૈશેષિકોના આ મંતવ્યને જૈનદર્શને નૈગમનય કહ્યો છે, એટલે કે તેઓ સામાન્ય અને વિશેષ બન્નેને માને છે, માત્ર સામાન્ય કે માત્ર વિશેષને નહિ, પંતુ આમ છતાં તેઓ એક જ વસ્તુને સામાન્ય—વિશેષાતાત્મક તો નથી જ માનતા, જેવી રીતે જૈનો માને છે. આથી તેઓનો મત પણ એક સ્વતંત્ર નય છે. જૈનોનું મંતવ્ય છે કે, સામાન્ય વિના વિશેષ ન હોઈ શકે અને વિશેષ વિના

સામાન્ય ન હોઈ શકે. આથી બન્ને પરસ્પરાશ્રિત હોઈ સ્વતંત્ર નથી. એક જ વસ્તુના બે પાસા છે.

વેદાંતની જેમ જ સાંખ્યો પણ સત્‌ને ત્રૈકાલિક જ માને છે. આથી તેમના મતે કોઈ પણ કાર્ય નવું ઉત્પન્ન થતું નથી, પણ તલમાંથી તેલની જેમ માત્ર આવિર્ભાવને પામે છે. વેદાંતના બ્રહ્મની જેમ સાંખ્યોની પ્રકૃતિ સર્વપ્રપંચાત્મક છે. પ્રકૃતિમાંથી નવાં નવાં પરિણામો—કાર્યો આવિર્ભૂત થાય છે અને તેમાં જ પાછાં વિલીન થઈ જાય છે. આ બધાં કાર્યોનો સમન્વય એક જ પ્રકૃતિમાં હોઈ બધા એક જ રૂપ છે. આથી કોઈ પણ વસ્તુનો ક્યાંય પણ અભાવ નથી. સર્વ સર્વાત્મક એવી માન્યતા સાંખ્યોની છે. તેમના આ વાદને સત્‌કાર્યવાદ કહેવામાં આવે છે. આથી વિરુદ્ધ નૈયાયિકો વૈશેષિકો અને બૌદ્ધો અસત્‌કાર્યવાદી છે. તેમને મતે કાર્ય જો ઉત્પત્તિની પહેલાં પણ સત્‌ હોય તો તેના ઉત્પાદનો પ્રયત્ન વ્યર્થ લેખાય. માટે કાર્યને ઉત્પત્તિની પૂર્વ અને વિનાશ પછી અસત્‌ જ માનવું જોઈએ. આ બન્ને વિરોધી મંતવ્યોનો સમન્વય જૈનોએ દ્રવ્ય પર્યાયવાદથી જ કર્યો છે. દ્રવ્યરૂપે કાર્ય સત્‌ છતાં પર્યાયરૂપે અસત્‌ માનવું જોઈએ. માટી એની એ જ છતાં તેમાંથી નવાં નવાં પાત્રો બનાવી શકાય છે. સુવર્ણ એનું એ છતાં તેમાંથી નવા નવા ઘાટ ઘડાવી શકાય છે. માટે માટી કે સુવર્ણ રૂપે નિત્ય સ્થિર છતાં જુદા જુદા ઘાટો તો નવા બનતા—બગડતા હોઈ તે તે રૂપે તે અનિત્ય પણ છે. આ વિવાદ પણ દ્રવ્ય—પર્યાય નયોનો છે.

વસ્તુવિચાર કરનારા અર્થનયો છે, પણ વ્યવહારાતા શબ્દોનો અર્થ કેવી રીતે કરવો એમાં પણ વિવિધ મંતવ્યો છે. એ બધાનો સમાવેશ શબ્દનયોમાં છે. ઉપર જેમને વિષે વિચાર કર્યો છે તે બધા અર્થનયો છે. એટલે કે, નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર એ અર્થનયો છે, જ્યારે શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ શબ્દનયો છે. બધા જ શબ્દનયો પર્યાયાર્થિક નયમાં ગણાય છે, કારણ કે, તે સામાન્ય—દ્રવ્યને નહિ, પણ વિશેષને પોતાનો વિષય બનાવે છે. શબ્દનયોમાંના પ્રથમ શબ્દનયનો એવો અભિપ્રાય છે કે, ઈન્દ્ર શબ્દથી જે અર્થનો બોધ થાય છે તે જ અર્થનો બોધ શચીપતિ શબ્દથી પણ થાય છે. માત્ર કારકભેદે કે કાલભેદે અર્થભેદ છે, પર્યાયભેદે નહિ. પણ સમભિરૂઢ તો પર્યાયભેદે પણ અર્થભેદ સ્વીકારે છે. એટલે કે, સમભિરૂઢના મત પ્રમાણે કોઈ બે શબ્દનો એક જ અર્થ હોઈ શકે નહિ. આથી ઈન્દ્ર અને શચીપતિ એક નથી, કારણ શબ્દોની વ્યુત્પત્તિ જુદી જુદી હોય છે. આથી પણ વધારે સૂક્ષ્મતાથી શબ્દાર્થની વિચારણા એવંભૂત નય કરે છે. તેના મતે તો શબ્દની વ્યુત્પત્તિ જે ક્રિયાને લઈ હોય તે ક્રિયાનો અર્થ જો વસ્તુમાં ન મળે તો તેને તે શબ્દનો અર્થ કહી શકાય નહિ.

જેમકે ગૌ શબ્દના મૂળમાં ગમનક્રિયા છે, એટલે કે ગમન કરે તે ગૌ. તો પછી એવંભૂતના મત પ્રમાણે બેઠેલી હોય ત્યારે તે ગાય ન કહેવાય, પણ જો ચાલતી હોય તો જ ગૌ કહેવાય. આમ આ શબ્દનયો પણ આંશિક સત્યો ઉપર ભાર આપે છે, પણ તેમને અનેકાંતવાદમાં સ્થાન છે. તેમાંના એક પણ નયનો નિરાસ જૈન દર્શન કરતું નથી, પણ તે સૌનો સ્વીકાર કરી યથાસ્થાને ગોઠવે છે.

અને આ રીતે આપણે જોયું તેમ તે પોતાની સર્વ નયમયતા સાધે છે અને આચાર્ય જિનભદ્રની એ ઉક્તિ કે, જૈનદર્શન એ સર્વદર્શનોના સમૂહરૂપ છે તેને સાચી ઠરાવે છે.

આ અનેકાંતની વિચારણાની પુષ્ટિ અર્થે જ સાત ભંગોની રચના કરી વસ્તુના ધર્મોનું પ્રતિપાદન કરવાની એક ખાસ પ્રણાલી પણ જૈનદર્શનમાં અપનાવવામાં આવી છે અને તેમાં સ્યાત્‌ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, તે એટલા માટે કે, જે કોઈ પ્રતિપાદન છે તે એક કોઈ અપેક્ષાએ છે, કોઈ એક નય પ્રમાણે છે, નહિ કે, એકાંતે.—આમ સ્યાત્‌ શબ્દના પ્રયોગને કારણે અનેકાંતવાદનું બીજું નામ સ્યાદ્વાદ પણ પ્રસિદ્ધ થયું છે.

અપૂર્ણ

દલસુખભાઈ માલવણિયા

પાળે તેનો ધર્મ

વિલાયતમાં 'દરિદ્રતા સામું યુદ્ધ' (વૉર ઑન વૉંટ) નામની એક પ્રવૃત્તિ ચાલુ છે. એને અંગે વિલાયતનાં ત્રણ ગામે આપણા દેશનાં ચોવીસ ગામડાંને 'દત્તક' લીધાં છે. આ માહ્યલાં બે ગામડાં સાતપુડા પર્વતમાં છે ને બીજાં બાવીશ આંધ્રપ્રદેશમાં કડપા જિલ્લામાં છે.

વિલ્ટશાયરમાં બ્રૅડફર્ડ ઑન એવોન નામે નાનકડું શહેર છે તેણે સાતપુડામાં ડોમખેડી નામનું ગામડું દત્તક લીધું છે અને તેને સ્વાવલંબી બનવામાં સહાયતા કરવા, કરવા ધારેલા ફાળા (૪૦૦ પાઉંડ)નો અર્ધો ભાગ, એટલે ૨૦૦ પાઉંડ (આશરે સાડી છવીસસો રૂપિયા) ઉઘરાવી લીધા છે. સાતપુડામાં જ બીજું એક ગામ છે તે વેઈલ્સમાં ફ્લિટ શહેરે દત્તક લીધું છે. અને રૂા. ૨૦,૦૦૦ ભેગા કરવા ધાર્યા છે, તેમાંથી ૬,૦૦૦ રૂા. ફ્લિટના નગરસભાપતિ આગળ આવી ગયા છે.

ગ્લૂસ્ટર નામે મોટું શહેર છે. તેણે આંધ્ર પ્રદેશમાં બાવીસ ગામડાં દત્તક લીધાં છે; અને ત્યાં કરવા ધારેલાં કામને નિમિત્તે સવા લાખ રૂા. ભેગા કરવાની ધારણા કરી છે; નિશાળો તથા દેવળોમાં દાનપેટી ફેરવીને આ માહ્યલા રૂા. ૮,૦૯૦ ઊભા કરી લીધા છે.

આ ૨૪ ગામડાં ઉપરાંત આપણાં બીજાં ૨૦૦ ગામડાં આ રીતે દત્તક લેવાઈ ચૂક્યાં છે.

આ પ્રવૃત્તિની એક કાર્યકર્ત્રી મિસ બેટર્સબી કહે છે કે, અમે કરેલી માગણીનો જે જવાબ મળ્યો છે તે આશ્ચર્યજનક છે.

° ° ° °

'વૉર ઑન વૉંટ' વાળા અંગ્રેજ લોકો બીજા દેશોમાં પણ પરદુઃખભંજનનું કામ કરે છે:

(૧) અંગોલામાં ફ્રિંગી (પોર્ચુગીઝ) લોકોના જુલમથી ત્રાસી ગયેલા લગભગ દોઢ લાખ માણસ કોંગોમાં ભાગી આવ્યા છે એનાં છોકરાંને ભણાવવાની સોઈ આ લોકો કરે છે ને એક એક નિશાળિયાનો વાર્ષિક ભણતરખરચનો એક એક પાઉંડ વિલાયતમાં ઉઘરાવે છે.

(૨) અલ્જીરિયામાં પચાસ લાખ લોકો સાવ નધરા ને નિર્ધન થઈ ગયા છે; હજારો મરવાની અણી ઉપર છે. એ માહ્યલા ૬-૮ માણસ માય એવડું એક એક તંબુ ઊભું કરવા માટે આ લોકો ૧૫-૧૫ પાઉંડ વિલાયતમાં ઉઘરાવે છે.

(૩) ઈરાનમાં ધરતીકંપ થયો તેને લીધે ત્યાં અન્ન, વસ્ત્ર, ઓસડ-પાણી, ખેતીનાં હથિયાર તથા બીજની ભારે તંગી છે. ધરતીકંપગ્રસ્ત એક એક કુટુંબને એના પગ ઉપર પાછું ઊભું કરવા માટે આ લોકો ૨૫-૨૫ પાઉંડ વિલાયતમાં ઉઘરાવે છે.

(૪) ધરબાર વિનાનાં અનાથ છોકરાં કેન્યાના શહેરોમાં ખાવાનું કાંઈક જડી જાય એટલા સારુ કચરાના ઢગલા વરખોળે છે. એવાં ૧૦—૧૦ છોકરાંને માટે ૧—૧ રહેઠાણ ઊભું કરવા માટે આ લોકો ૧૦૦-૧૦૦ પાઉંડ વિલાયતમાં ઉઘરાવે છે.

આપણને આવું આવું કેમ સૂઝતું નહિ હોય? આંખ છતાં આપણે કેમ દેખતા નહિ હોઈએ ને કાન છતાં કેમ સાંભળતા નહિ હોઈએ? નાનું-મોટું પેટ ભરવામાં જ આપણી પ્રવૃત્તિનું પર્યવસાન કેમ આવી જાય છે? ધર્મ સૂત્રનો પોપટપાઠ જ આપણે કેમ કરીએ છીએ?

દેસાઈ વાલજી ગોવિંદજી

સંઘના સભ્યોને સૂચના

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજવામાં આવતી સભાઓ, સંમેલનો તેમ જ પર્યટનોની ખબર સભ્યોને લોકલ પોસ્ટકાર્ડ દ્વારા આપવામાં આવી હતી. હવે લોકલ પોસ્ટકાર્ડનો દર બમણો થવાથી આવી ખબરો મોટા ભાગે માત્ર પ્રબુદ્ધ જીવન દ્વારા સભ્યોને આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

ચીની આક્રમણના સંદર્ભમાં—

(તા. ૧૩-૩-૬૩ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં 'India Re-visited' એ મથાળા નીચે ભારતના વર્ષોજૂના મિત્ર અને ભારતની આઝાદીના સમર્થ સમર્થક શ્રી એલ. એફ. રશબ્રુક વિલિયમ્સનો લેખ દેશની આજની પરિસ્થિતિ ઉપર વેધક પ્રકાશ પાડતો હોઈને તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

થોડા માસના ગાળામાં ભારતના કિનારે પહેલી વાર પગ મૂક્યાને મને અડધી સદી થશે - એ ભારત કે જેને તે દિવસથી હું — 'my second home'— 'મારું બીજું ઘર' લેખતો આવ્યો છું. એ દિવસોના મારા સમકાલીનો કરતાં હું કદાચ વધારે ભાગ્યશાળી છું, કારણ કે આ દેશની મારી કામગીરીનો અંત આવ્યો ત્યાર પછી પણ મારા મિત્રો સાથેનો તેમ જ ભારતમાં બનતી અવનવી ઘટનાઓ સાથેનો મારો સંપર્ક કદિ તૂટ્યો નથી. બીજા વિશ્વયુદ્ધના પ્રારંભથી અન્ત સુધીનો એક એવો ગાળો હતો કે, જ્યારે સૌથી લાંબો સમય મારે ભારતની બહાર રહેવાનું બન્યું હતું, પણ આ ગાળો પ્રમાણમાં ટૂંકો હતો અને ભારત આઝાદ થયું ત્યાર પછી તો દર વર્ષે લગભગ એક વાર હું ભારત આવતો જતો રહ્યો છું.

આ રીતે ભારત સાથે જોડાયેલાં અને ચિત્તમાં સંચિત થયેલાં પુષ્કળ સ્મરણો મારા પોતાના માટે જ અત્યન્ત રસપ્રદ છે, પણ એમ છતાં, ભૂતકાળની વાતો સંભારી સંભારીને બીજાને કહ્યા કરવાનું મને ગમતું નથી. અને તો પણ, રાજાજી સાથે થોડા સમય પહેલાં થયેલી વાતચિત દરમિયાન તેમણે મને લોકમાન્ય તિલક, ખાપર્ડે, સુરેન્દ્રનાથ બેનરજી, બીપીનચંદ્ર પાલ, મોતીલાલ ઘોષ-આવા ભારતીય રાષ્ટ્રવાદનો પાયો નાંખનારા કેટલાક મહાપુરુષોને લગતાં અને તેમાં પણ નહેરુ કુટુંબ કે જેણે, તેજબહાદર સપ્રુ સાથે એક કુટુંબીજન જેવો સંબંધ બંધાવાને કારણે, અલ્હાબાદના તેમના નિવાસસ્થાનમાં એક અધ્યાપક તરીકે મને આવકાર્યો હતો. એ નહેરુ કુટુંબના સભ્યોને લગતાં સંસ્મરણોને શબ્દબદ્ધ કરવા માટે અતિ આગ્રહપૂર્વક મને અનુરોધ કર્યો હતો—એ યા કરતાં હું આનંદ અનુભવું છું.

ઑલ સોલ્સ કૉલેજ (ઈંગ્લાંડ) માંથી સીધા ભારત આવીને આવા મહાપુરુષોના વર્તુલ વચ્ચે બેસવાનું અને રાષ્ટ્રલક્ષી ચર્ચા વિચારણાના વાતાવરણમાં સતત રહેવાનું બને એ કાંઈ નાનુસૂનું ભાગ્ય ન લેખાય. આ સંદર્ભે મને અનેક આજીવન મિત્રો મળી આવ્યા છે અને આધુનિક ભારત જે અનેક બાબતો અંગે અનોખી રીતે વિચારે છે અને જેને સમજવામાં અંગ્રેજો તથા અમેરિકનો અનેક વાર ગૂંચવાડો અનુભવે છે તેવી બાબતો મારા દેશવાસીઓ સમક્ષ યથાસ્વરૂપે રજૂ કરવાના કાર્યમાં મને મદદ કરી છે.

Non-alignment— જુથબંધીથી અલગ રહેવાપણું

આ ક્ષેત્રમાં આન્તરરાષ્ટ્રીય બાબતો અંગે અખત્યાર કરવામાં આવેલી—જૂથબંધીથી અગલ રહેવાની—જે નીતિ દુનિયા વિષેના તમારા મહાઅમાત્યના દૃષ્ટિકોણને જુદી જ ભાત આપે છે તે નીતિ સાથે જોડાયેલી ગેરસમજૂતીમાંની કેટલીક દૂર કરવાનું કામ મારા માટે સૌથી વધારે અઘરું બન્યું છે. પશ્ચિમના અમો લોકો, આ ઠંડા યુદ્ધ દરમિયાન સ્વીડન અને સ્વીટઝર્લેન્ડ જેવા દેશોની અક્કડ અને છતાં વિનયયુક્ત એવી તટસ્થતાની નીતિથી સારી રીતે પરિચિત છીએ અને તે પ્રત્યે અમારી પૂરી સહાનુભૂતિ હોય છે, પણ નહેરુ પોતાની નીતિ અંગે અવારનવાર જે જાહેરાતો કરે છે તે જાહેરાતોને આ જ શબ્દોમાં સમજાવવાનું કાર્ય હંમેશાં એટલું સરળ હોતું નથી. જો કે વ્હાઈટ હાઉસ કે વૉશિંગ્ટનનાં આન્તરિક વર્તુલો આ બાબતો અંગે વધારે સારી રીતે જાણતા હશે, એમ છતાં પણ, નહેરુની કેટલીક જાહેરાતો જે છાપ અંગ્રેજો અને અમેરિકનોનાં મન ઉપર ઊભી કરે છે તે એ પ્રકારની હોય છે કે, જ્યારે સામ્યવાદી જૂથને તબેલામાંથી આખે આખો ઘોડો ઉઠાવી જવાની તક આપવામાં આવે છે, એટલે કે, તે જે કાંઈ કરે તે સામે આંખ આડાકાન કરવામાં આવે છે ત્યારે પશ્ચિમી સત્તાઓને, તબેલાના બારણા સામે નજર સરખી કરવા માટે પણ, સખત રીતે ધમકાવી નાખવામાં આવે છે. ભારત, આરબ, એશિયન તથા આફ્રિકન જૂથનું માત્ર આગેવાન નેતા છે, એટલું જ નહિ પણ, તે જૂથનું તેણે એ પ્રકારે નિર્માણ કર્યું છે અને સંસ્થાનવાદનો કટ્ટર વિરોધ એ આ બધા દેશોને જોડનારી સમાન કડી છે. આ વાસ્તવિકતાને પૂરેપૂરી ધ્યાનમાં લેવી જ જોઈએ, અને એમ છતાં પણ, પશ્ચિમમાં વસતો સામાન્ય રાહદારી કદિ કદિ પૂછે છે કે યુરલ પર્વતની પૂર્વમાં આવેલા એક વખતના સ્વતંત્ર પ્રદેશોની આર્થિક સંપત્તિ અને સ્થાનિક દેશાભિમાનની લાગણી ઉપર સૉવિયેટ યુનિયને જે ધીમે ધીમે સત્તા જમાવી દીધી છે અને પોતાને તાબે કરી લીધી છે તેનો કોઈ દિવસ ઉલ્લેખ સરખો પણ કેમ કરવામાં આવતો નથી?

આ ઉપરાંત, આ જ રાહદારી સારી રીતે જાણે છે કે, સ્વીડન અને સ્વીટ્ઝરલેન્ડની તટસ્થતાને નાના પણ અદ્યતન શસ્ત્રોથી સજ્જ એવા સૈન્યથી એવી રીતે સુરક્ષિત કરવામાં આવી છે કે, તેના ઉપર આક્રમણ કરવા ઈચ્છનારે, ત્યાંનો અસમ પ્રદેશ અને સ્થાનિક સામનાને ધ્યાનમાં લઈને, આક્રમણ કરતાં પહેલાં દશ વાર વિચાર કરવો પડે તેમ છે. આ શાણપણભરી નીતિથી ભારતની રીતરસમ તદ્દન જ અલગ પ્રકારની માલુમ પડે છે. તેણે પોતાની લશ્કરી તાકાતને અદ્યતન ધોરણ ઉપર લાવવાનો વિચાર જ કર્યો નહિ. પરિણામે તે ગુણવત્તામાં ઘસાતી ચાલી અને સાથે સાથે તે સૌ કોઈને એમ કહેતું રહ્યું કે, "સૌ કોઈ સાથે મૈત્રી અને કોઈને વિષે વૈરભાવ નહિ." આવી તેની નીતિ હોઈને, પોતાના સંરક્ષણ માટે પૂરતી તૈયારી રાખવાની ભારતને કોઈ જરૂર નથી અને તે એવી એક રાગદ્વેષને વરેલી દુનિયામાં કે જેના વિષે મેકિયાવેલીએ સૈકાઓ પહેલાં એમ જણાવેલું કે, જે સરકાર અથવા તો જે નેતા વસ્તુઓ જેવી છે અને જેવી હોવી જોઈએ એ બે વચ્ચે ભ્રમમાં પડે છે અને 'હોવી જોઈએ' એવી વસ્તુસ્થિતિને 'છે' એમ માનવાની ભ્રાન્તિમાં પડે છે તે સરકાર અથવા તો તેનો નેતા દેશની સલામતીને જોખમાવે છે અને વિનાશને નોતરે છે.

આજની કટોકટીના સમયે ભારત આવવાનું બનતાં હું સવિશેષ આનંદ અનુભવું છું, કારણ કે, જે ભયજનક ગૂંચવાડાનો મેકિયાવેલીએ ઉલ્લેખ કર્યો છે તે ગૂંચવાડા વિષે—ભ્રામકતા વિષે—વધારે સભાનતાનો ઉદય થયાનું, વાસ્તવિકતાનો જવાબદાર વ્યક્તિઓને યથાસ્વરૂપે ખ્યાલ આવ્યાનું મને માલુમ પડે છે. સરહદની સમગ્ર પટ્ટી, ઉપર ચીની આક્રમણે અત્યન્ત કરુણાજનક પરિસ્થિતિ પેદા કરી છે. ભારતના અત્યન્ત બહાદુર જવાનોમાંથી કેટલાકનાં, જાનની ખુવારી થઈ. આ ખુવારીના સમાચાર સાંભળીને, હું નિઃશંકપણે કહી શકું છું કે, આજે નિવૃત્ત થયેલા બ્રિટિશ ઑફિસરો-અમલદારો—કે જેમણે આ જવાનોના પિતાઓ અને પિતામહોની પણ સરદારી કરેલી તેમની આંખોમાં આવેશ અને ગ્લાનિનાં આંસુઓ આવ્યા હતાં. આ ખુવારી તો થઈ, પણ એ ઉપરાંત, ઉધાર બાજુએ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે દેશની પ્રતિષ્ઠાને—આબરૂને-જે ધક્કો લાગ્યો અને જે આન્તરબાહ્ય સાધન-સંપત્તિનો તૃતીય પંચવર્ષીય યોજના અને તે પછીની યોજનાઓના અમલ પાછળ ઉપયોગ કરવાનો હતો તે સાધનસંપત્તિના પ્રવાહને સંરક્ષણકાર્ય

પાછળ અનિવાર્યપણે વાળવો પડયો—આની પણ ગણતરી નોંધાવી ઘટે છે. આ ઉપરાંત, આજની અર્થરચના કે જે, મારા જેવા બહારનાની દૃષ્ટિએ કેટલાંક વર્ષોથી તાણના—ખેંચના—અકળામણનાં સ્પષ્ટ ચિહ્નો દાખવી રહી હતી તેના ઉપર વધારે અસહ્ય બોજો આવી પડયો છે.

Scapegoat—કોઈનો દોષ કોઈના માથે

આવી પરિસ્થિતિમાં દોષનો—આફતનો—ટોપલો કોઈના માથે નાંખવાની વૃત્તિ માનવી પ્રકૃતિમાં સર્વત્ર નજરે પડે છે. પણ કેટલાક ઉચ્ચ સ્થાનોમાં, ભારતને જે લશ્કરી પીછેહઠ કરવી પડી અને પારાવિનાનું નુકસાન વેઠવું પડયું તે સંબંધે જે એક એવો વિચિત્ર આક્ષેપ કરવામાં આવે છે કે બ્રિટિશ હકૂમતના દિવસોમાં પહાડી પ્રદેશોમાં ભારતીય લશ્કરને લડવાની અપાવી જોઈતી તાલીમની ઉપેક્ષા કરવામાં આવી હતી—આવો આક્ષેપ અત્યન્ત દુઃખજનક અને અણઘટતો છે. આપણી યાદદાસ્ત શું એટલી બધી કાચી છે કે વાયવ્ય સરહદ ઉપર લડવામાં આવેલાં મહાન યુદ્ધો સાવ ભૂલી જવાયાં છે અને દરેક લશ્કરી ટૂકડીને પહાડી પ્રદેશો તેમ જ નીચેના સપાટ પ્રદેશો-બન્નેની પરિસ્થિતિનો પૂરો અનુભવ હોવો જોઈએ-આ પ્રકારના નિયમ ઉપર બ્રિટિશ રાજ્ય દરમિયાન ખાસ ભાર મૂકવામાં આવતો હતો તે પણ સ્મરણમાંથી સાવ સરકી ગયું છે? અને હજુ તાજેતરમાં જ ભારતની ભૂમિ ઉપર-air-bases -હવાઈ મથકો ઊભા કરવાના બ્રિટન અને યુનાઈટેડ સ્ટેટ્સના કહેવાતા પ્રયત્ન સામે બેદિલી પેદા કરતું આન્દોલન ચાલવા દેવામાં આવ્યું અને જે એંગ્લો-અમેરિકન મિશન ભારતના અસરકારક હવાઈ સંરક્ષણને લગતી જરૂરિયાતોની તપાસ કરવા માટે આવ્યું હતું તે ન્યુ દિલ્હીની ખાસ વિનંતિના પરિણામે આવું હતું—આ પ્રકારની શક વિનાની હકીકત-જેનો પાછળથી ધીમે ધીમે સ્વીકાર કરવામાં આવ્યો હતો-તે હકીકતને શરૂઆતમાં જ પ્રગટ કરીને ઉપર જણાવેલા આંદોલનને દાબી દેવામાં ન આવ્યું એ પણ મને કોઈ પણ રીતે યોગ્ય કે વ્યાજબી લાગતું નથી.

ચીની આક્રમણનો એક લાભ

આમ છતાં પણ, આવી વિવાદાસ્પદ ઘટના કે જે ભારતના મિત્રોને બેચેન બનાવે છે અને તેના ટીકારોને એક પ્રકારનો મશાલો પૂરો પાડે છે—આવી ઘટનાઓને બાજુએ રાખીને જોતાં માલુમ પડે છે કે, ચીની આક્રમણે ભારતના નિર્મળ ક્ષિતિજ ઉપર જે કાળાં અને ભયજનક વાદળો ઉતાર્યાં છે તેની જરૂર એક વધારે ઉજળી બાજુ પણ છે. આનો એક ચોકકસ ફાયદો જેનો મેં ઉપર ઉલ્લેખ કર્યો છે તે એ છે કે, બહારની દુનિયા વિષેની ભારતની સમજણમાં વાસ્તવિકતાના તીવ્ર દર્શનનો ઉદય થયો છે. કોઈ પણ મહાન દેશની પરદેશ નીતિ—આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે તેના ગમે તેટલાં ગંભીર પ્રત્યાઘાતો હોય તો પણ—તેના પોતાના સાર્વભૌમ અધિકારનો વિષય છે. ભારતે નક્કી કરેલી બીનજોડાણની નીતિને ન કોઈ પડકારી શકે છે કે સમજણ ધરાવતા ન કોઈએ તેને પડકારવી જોઈએ. એમ છતાં પણ, એ શક્ય તેમ જ ઈષ્ટ પણ છે કે, હિંદની અત્યન્ત કમનસીબ ઘડીએ બ્રિટન અને અમેરિકાએ જે તત્કાલ કશો પણ હિસાબ કર્યા સિવાય અને કશી પણ સરત આગળ ધર્યા સિવાય લશ્કરી મદદ કરી હતી તે ઉપરથી -non-alignment—-બીનજોડાણની નીતિનો ખરેખર શું અર્થ છે તેની પુનઃ વિચારણા કરવામાં આવે અને પરિણામે ભારત પ્રત્યેના શુભ ઈરાદાઓ જે માત્ર સોવિયેટ યુનિયનનો જ ઈજારો હોવાનું લેખવામાં આવે છે એ શુભ ઈરાદાઓનો યથ અમુક અંશે પશ્ચિમના દેશોને પણ મળવો ઘટે છે—આવું વિચારવલણ સ્વીકારવામાં આવે. જો ભવિષ્યમાં બીનજોડાણની, નીતિ એટલે સિદ્ધાન્ત તેમ જ વ્યવહારમાં સાચી નિષ્પક્ષ બુદ્ધિ એવો કરવામાં આવે અને objective goodwill— નિરપેક્ષ સદ્‌ભાવ, જે સામ્યવાદી તથા પશ્ચિમી જૂથ બન્ને પ્રત્યે સમભાવથી જુએ અને જેના પરિણામે તાજી મળેલી આઝાદીથી પ્રમત્ત બનેલા અને ઉગ્રપણે પશ્ચિમ વિરોધી બનેલાં રાષ્ટ્રોની પ્રીતિ ગુમાવવાનું જોખમ કદાચ ખેડવું પડે—આવા નિરપેક્ષ, સદ્‌ભાવપૂર્વક દુનિયાની સમસ્યાઓને જોવા વિચારવાનો નિશ્ચય કરવામાં આવે તો આન્તરરાષ્ટ્રીય ચર્ચાવિચારણા અને વાટાઘાટોમાં ભારતની પ્રતિભા ઘણી વધારે અસરકારક નીવડે.

આફતનો એક બીજો લાભ

ભારતની પરિસ્થિતિને તેના પશ્ચિમી મિત્રો હવે પછીથી વધારે સારી રીતે સમજી શકશે એ ભારત ઉપર આવેલી આ આફતમાંથી એક બીજો લાભ થવાનો સંભવ છે. ભારત સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું ત્યાર બાદ બીજા દેશોની મુશ્કેલીઓના પ્રસંગે ભારત પોતાના નૈતિક ચડિયાતાપણા વિષે અભિમાન ચિન્તવતું અને ઊંચું મસ્તક રાખીને ચાલતું હોય, અન્ય રાજકારણી પુરુષો આખરે સામાન્ય માનવી હોઈને પોતાની મૂંઝવણો અને આફતો વડે અકળાતા હોય ત્યારે ભારત 'holier than thou' — 'તારા કરતાં હું વધારે ઊંચો, વધારે પવિત્ર' આવા રૂઆબથી વર્તતું હોય—આવો ખ્યાલ ભારત વિષે ખોટી રીતે કે સાચી રીતે અન્ય દેશોમાં પ્રસરેલો માલુમ પડતો હતો. આવી કઠોર ભાષામાં રજૂ કરાતો આવો આક્ષેપ જરૂર ગેરવ્યાજબી છે, ભારતને અન્યાયકર્તા છે, પણ આ આક્ષેપમાં અમુક તથ્ય રહેલું છે, જેના પરિણામે તાજેતરનાં વર્ષોમાં બ્રિટન અને અમેરિકામાં ભારત વિષે એક એવી લાગણી—એક એવી માન્યતા—ઊભી થઈ હતી કે, જે આફતો બીજા દેશો પોતાની અણસમજ, બેવકૂફી અને અન્ય ત્રુટિઓના કારણે લગભગ નોતરતા રહ્યા છે તેવી આફતોની સંભવિતતાથી ભારત, તેની અસાધારણ ગુણવત્તાના કારણે, તેની સંસ્કૃતિની ઉત્કૃષ્ટતાના કારણે તેમ જ તેના રાજનીતિજ્ઞ પુરુષોના ઊંડી સમજણના કારણે મુક્ત હોવાનો દાવો કરી રહ્યું છે. ભારત, અન્ય દેશો માફક, વણનોતરી આફતોનો ભોગ બની શકે છે, તેના ઉપર હુમલો થઈ શકે છે, આક્રમણ કરી શકાય છે, તેને આવી આફતના વખતે અન્યની સહાયની જરૂર પડે છે અને તે સહાયનો ઈનકાર કરે એવો કોઈ તેનામાં અહંકાર નથી—આ બાબતોની સર્વત્ર જાણ તથા સ્વીકાર થતાં ઉપર જણાવેલી લાગણી અને માન્યતા એક સાથે અને હંમેશને માટે નાબૂદ થઈ છે.

આફતનો સૌથી મોટો લાભ: એકતાની સિદ્ધિ

આમ છતાં પણ ચીની આક્રમણે, ભાવી ઈતિહાસકારોના નિષ્પક્ષ અભિપ્રાય મુજબ, ભારતને જે કાંઈ ફાયદાઓ કર્યા છે તેમાં સૌથી મોટો અને મહત્ત્વનો ફાયદો એ છે કે, સંકટગ્રસ્ત માતૃભૂમિના સંરક્ષણના કારણે ભારતની અનેક જાતિઓ અને ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓને વરેલા વર્ગોમાં દેશદાઝનો—રાષ્ટ્રીય ભાવનાનો—જુઆળ આવ્યો છે. હોમગાર્ડઝ, રાઈફલ ક્લબો, ફ્રેંટ કોરો અને જીવનના ભોગે પણ આક્રમણનો સામનો કરવાના નિશ્ચયને દાખવતી બીજી અનેક પ્રવૃત્તિઓને નજરે નિહાળતાં, મારા દેશબંધુઓએ છેલ્લાં બે વિશ્વયુદ્ધ દરમિયાન જે જુસ્સો, ત્યાગ અને સમર્પણ ભાવ દાખવ્યો હતો તેનું મને સ્મરણ થાય છે. આ એક ભારે પ્રેરણાદાયી દૃશ્ય છે. તદુપરાંત રાષ્ટ્રીય એકતા કે જેની, મને લાગે છે કે, ભારતને અત્યંત જરૂર હતી તેની આ એક ભવ્ય અભિવ્યક્તિ છે. ભાષાકીય પ્રદેશરચનાના અને સ્થાનિક સંસ્કૃતિઓને આપવામાં આવેલી ઉત્તેજનાના ગમે તે લાભો હોય—અને તે લાભો સામે કશું કહેવાનું નથી—એમ છતાં પણ તાજેતરનાં વર્ષો દરમિયાન, એમાં કોઈ શક નથી કે, આ બધી બાબતોએ એકમેકમાં જુદાઈની અલગતાની લાગણીઓ પેદા કરતી પરિસ્થિતિને ખૂબ ઉત્તેજન આપ્યું છે. જે એકતા ઉપર ભારતનું બળ આધારિત છે તે એકતા જાળવી રાખવી હોય તો ઉપરે જણાવેલ પરિસ્થિતિને કાબૂમાં લાવવાની—નિયંત્રિત કરવાની—ખૂબ જ જરૂર

હતી. સર્વસામાન્ય દેશાભિમાનના કારણે તેમ જ સર્વસાધારણ બલિદાનમાં સૌ કોઈની ભાગીદારીના એક પ્રકારના બંધુત્વની જે લાગણી દેશભરમાં પ્રસરી ગઈ છે તેણે પ્રજામાનસને વિભાજિત કરતી આ લાગણીઓની—માનસિક વલણોની—તીવ્રતાને બહુ સારા પ્રમાણમાં હળવી બનાવી છે.

ભારતમાં આજે જે પરિસ્થિતિ ઊભી થઈ છે તેણે તેની પ્રાદેશિક સરકારો અને ખાસ કરીને મધ્યવર્તી સરકાર ઉપર એકાએક અસાધારણ જવાબદારીઓ નાંખી છે. જે બીજા દેશોનો મને અંગત પરિચય છે તેમાંના ઘણાખરા દેશોમાં, જે સંયોગોમાંથી આજની કટોકટી ઊભી થઈ છે તે સંયોગોમાં, જરૂર સામાન્ય ચૂંટણી થયા વિના રહી ન હોત અને શાસનપરિવર્તન પણ, એટલું જ નિશ્ચિતપણે, અનિવાર્ય બન્યું હોત. ભારતમાં એમ બન્યું નથી. ભારતની પાર્લમેન્ટ—લોકસભાનું કામકાજ બહુ સુંદર રીતે ચાલે છે અને તેમાં ચર્ચાઓ પણ મુક્ત રીતની અને એમ છતાં સંયમપૂર્વકની ચાલતી હોય છે. આ રીતે આ પાર્લમેન્ટને જરૂર એક નમૂનેદાર પાર્લમેન્ટ કહી શકાય. આમ છતાં પણ પાર્લમેન્ટના બે કાર્ય હોય છે—જે કોઈ પ્રશ્ન તેની સમક્ષ આવે તેની મુદ્દાસરની અને પ્રૌઢતા દાખવતી ચર્ચાવિચારણા અને જે શાસક પક્ષે પોતાના વહીવટ દરમિયાન ગંભીર ભૂલો કરેલી હોવાનું માલૂમ પડે તેના સ્થાને અન્ય પક્ષની સરકારની સ્થાપના. આ બીજું કાર્ય ભારતની પાર્લમેન્ટ હજુ સાધી શકી નથી. ભારતમાં જે સંયોગો ઊભા થયા તેવા સંયોગોમાં પશ્ચિમી ધોરણ અનુસાર, માત્ર દફતરોનો ફેરફાર પૂરતો લેખાતો નથી. નવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે અમે નવી સરકાર ઊભી કરવાનું પસંદ કરીએ છીએ. પણ કૉંગ્રેસ હજુ અન્ય કોઈ મજબૂત હરીફના અભાવે સર્વસત્તાધીશ હોઈને તે જ પક્ષ સત્તા ઉપર ચાલુ રહ્યો છે.

કટોકટીની સત્તાનો અનિયંત્રિત ઉપયોગ

અને કેવી સત્તા ઉપર? છેલ્લાં બે વિશ્વયુદ્ધો દરમિયાન બ્રિટનમાં જે જુદા જુદા સંરક્ષણધારાઓ અમલમાં આવ્યા હતા તે ધારાઓ, આજે ભારત સરકાર આ જ પ્રકારના ધારાઓ મારફત જેના ઉપર તેની હકૂમત પ્રવર્તે છે તે લોકોના જાનમાલ ઉપર જે અનિયંત્રિત સત્તાઓ ભોગવે છે તેના પ્રમાણમાં, હળવા હતા. આ સત્તાનો સૌથી વધારે ધ્યાન ખેંચે એવો દાખલો સુવર્ણ નિયમન અને તેને લગતા ધારા-ધોરણો દ્વારા આપણને જોવા મળે છે. આ બાબતમાં સૈકાઓજૂની એક ભારતીય પરંપરાનો રાષ્ટ્રીય બચાવ માટે જેને વધારે મહત્ત્વની જરૂરિયાત લેખવામાં આવે છે તે ખાતર એક ક્લમના ઘોદે પાયામાંથી ઉખેડી નાખવામાં આવી છે. મારી જેવા ઈતિહાસવેત્તાને, આર્થિક સાધનો દ્વારા રાજકીય હેતુઓ સિદ્ધ કરવાની Keynesian theary -જાણીતા અમેરિકન અર્થશાસ્ત્રી કીન્સના નામ સાથે જોડાયેલી વિચારસરણીનો સ્તબ્ધતા પેદા કરે એવો આ દાખલો છે.

ભારતવાસીઓની દેશભક્તિ દેશને આ કટોકટીમાંથી આબાદ પાર લઈ જશે એ ચોક્કસ છે. ભારત સરકાર પોતાની હકુમત નીચેના લોકો અંગે જે જવાબદારીનો બોજો ઉઠાવી રહેલ છે તે ભારે ચોંકાવનારો છે. ભારતના એક જૂના અને એમ છતાં એક નમ્ર મિત્ર તરીકે, હું એટલી જ પ્રાર્થના કરું કે, તેની સત્તાને યોગ્ય રીતે મર્યાદિત કરતું રહે તેવું શાણપણ તેને પ્રાપ્ત થતું રહે! જે સત્તાસ્થાને આરૂઢ થયેલા છે તેમના માટે, shortcuts ટૂંકા રસ્તા—લેવાનું અને જેને બહુમતીનો ટેકો ન હોય એવી ટીકાઓની—તે બીજી રીતે ગમે તેટલી પ્રસ્તુત હોય તો પણ—ઉપેક્ષા કરવાનું, અવગણના કરવાનું પ્રલોભન ઘણું મોટું છે અને એમ છતાં આ પ્રલોભનને વશ થવું તે જરૂર, વર્ષો પહેલાંના મારા પરિચિત એવા ભારતીય આઝાદીના નિર્માતાઓએ જે માટે આશા સેવી, કાર્ય કર્યું અને સહન કર્યું તે સર્વની હાંસી ઉડાવવા બરોબર લેખાશે.

અનુવાદક: **પરમાનંદ** મૂળ અંગ્રેજી: **શ્રી રથબ્રુક વિલિયમ્સ.**

શેઠ કસ્તુરભાઈ લાલભાઈને ધન્યવાદ

કાળની ગતિ કેવી વિચિત્ર છે? આજથી ૩૦-૩૫ વર્ષ પહેલાં જૈન સાધુઓની શિથિલતા અને બાલદિક્ષા તેમ જ અયોગ્ય દિક્ષા સામે જૈન શ્વે. મૂ. વિભાગના યુવક વર્ગમાં એક જબરદસ્ત આંદોલન ઊભું થયું હતું. સાધુઓની શિથિલતા અને સત્તાશાહી સામે પોકાર ઊઠાવવા માટે સ્થળે સ્થળે જૈન યુવક સંઘો ઊભા થયા હતા. મુંબઈ જૈન યુવક સંઘની એ જ અરસામાં એ જ હેતુ માટે સ્થાપના થઈ હતી અને સાધુસંસ્થાની અનેક પ્રકારની-શિથિલતા સામેના આંદોલનને વેગવાન બનાવવામાં તેણે જોરદાર આગેવાની લીધી હતી. તેની પત્રિકાઓમાં જૈન સાધુઓના પાખંડ, દંભ અને શિથિલતાને ખુલ્લાં પાડનારાં અનેક લખાણો પ્રગટ થતાં હતાં, અને જરૂર પડે ત્યાં તેમને પડકારતી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવતી હતી. એ જ કાર્ય એ વખતના પ્રચંડ સુધારક લેખાતા શ્રી ધીરજલાલ ટોકરશી શાહ સંપાદિત 'જૈન જ્યોતિ' પણ ભારે નિડરતાપૂર્વક બજાવતું હતું. એ વખતે આ યુવકોને, સ્થિતિચુસ્ત જૈન આગેવાનો જેમાંના આજે પણ કેટલાક હયાત છે તેમણે ધર્મવિરોધી, સાધુવિરોધી, ધર્મદ્રોહી, નાસ્તિક, મિથ્યાત્વી, સાધુદ્વેષી એવાં એવાં વિશેષણો વડે નવાજીને વખોડી કાઢયા હતા અને સાધુ વિરુદ્ધ એક પણ શબ્દ ઉચ્ચારવો એ ધર્મ ઉપર પ્રહાર ક્યા બરોબર લેખવામાં આવતું હતું. સાધુઓની નબળાઈઓને—શિથિલતાને—ઢાંકવી, છૂપાવવી એમાં જ સાચી ધર્મસેવા મનાતી હતી.

આજે ત્રીશ પાંત્રીશ વર્ષનાં ગાળે એ જ આગેવાનોની આંખો ઉઘડે છે, સાધુઓની એક યા અન્ય પ્રકારની શિથિલતાની વાતો સાંભળીને ચમકે છે, આવા તેમજ અન્ય ધર્મ વિરોધી લેખાતા વિચારો દર્શાવવા માટે સંઘબહાર કરવાની પ્રવૃત્તિમાં આગેવાની લેનાર શેઠ કસ્તુરભાઈ લાલભાઈ હવે આ શિથિલતા અંગે આકુળ-વ્યાકુળ બને છે અને આ બાબતમાં કાંઈક કરવું જ જોઈએ એમ તેમને તીવ્રપણે લાગવાથી, તેમણે પોતાની સહીથી અમદાવાદ ખાતે એપ્રિલ માસની ૧૩ મી તથા ૧૪ મી તારીખે શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રમણોપાસક સંઘનું એક સંમેલન બોલાવ્યું છે. "આપણા શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં, એટલે કે, આપણા શ્રમણ સંઘમાં તેમ જ શ્રાવક સંઘમાં ક્યાંક ક્યાંક જે કંઈ પણ ક્ષતિઓ પ્રવેશી ગઈ છે અને સમસ્ત શ્રી સંઘના સંગઠનમાં પણ જે ખામી આવી ગઈ છે એ સમગ્ર પરિસ્થિતિની વિચારણા કરી એ માટે જરૂરી ઉપાયો શોધવા વિચારવા યોજવા" એ મુજબ આ સંમેલનનો હેતુ દર્શાવવામાં આવ્યો છે. આ માટે આખા દેશમાંથી શેઠ કસ્તુરભાઈએ પોતાને યોગ્ય લાગી તેવી આશરે ૫૦૦ વ્યક્તિઓને નિમંત્રણ પાઠવ્યા છે. આ સંમેલનમાં શું વિચારવામાં આવે છે અને નક્કી કરવામાં આવે છે તે તો એ સંમેલન ભરાઈ ગયા બાદ જે સમાચારો પ્રગટ કરવામાં આવશે તે ઉપરથી ખબર પડશે. પણ જે બાબત તરફ આજથી ૩૦-૩૫ વર્ષ પહેલાં જૈન સમાજના યુવકો ઢોલ નગારાં બજાવીને ધ્યાન ખેંચી રહ્યા હતા તે જ બાબત તરફ આજે આ શાણા વયોવૃદ્ધ આગેવાનોનું ધ્યાન ખેંચાય છે, એટલું જ નહિ પણ, સક્રિય પગલાં ભરવાનું તેઓ વિચારી રહ્યા છે તે અતિશય આનંદની વાત છે.

દિગંબર સમાજમાં સાધુઓની સંખ્યા અતિ અલ્પ હોઈને તેમના માટે આ કોઈ જીવતો પ્રશ્ન નથી. તેરાપંથી સમાજમાં આચાર્ય તુલસીના પ્રાણવાન અને સતત જાગૃત નેતૃત્વ નીચે આખો સાધુ સમુદાય —જેમાં સાધ્વીઓનો પણ સમાવેશ થાય છે— અત્યંત સુગ્રંથિત અને સુનિયંત્રિત છે. સ્થાનકવાસી કોન્ફરન્સ છેલ્લાં કેટલાંક વર્ષોથી પોતાના સંપ્રદાયના સાધુઓ તેમ જ સાધ્વીઓને એક તંત્ર અને એક વ્યક્તિના નેતૃત્વ નીચે લાવવાનો પ્રયત્ન કરી રહેલ છે, પણ હજુ સુધી તેમાં તેમને જોઈતી સફળતા મળી નથી. સૌથી વધારે અનિયંત્રિત શ્વે૦ મૂ૦ સંપ્રદાયમાંનો સાધુસમાજ છે. તેને સંગઠિત કરવો—નિયંત્રિત કરવો તે દેડકાની પાંચ શેરીની પ્રચલિત કહેતી મુજબ અત્યન્ત કઠણ કાર્ય છે. આ બાબતનું શેઠ કસ્તુરભાઈએ બીડું ઝડપ્યું છે, તેમને આપણે ધન્યવાદ આપીએ અને આ બાબતમાં તેમને સફળતા મળે એમ આપણે ઈચ્છીએ!

પરમાનંદ

કોસબાડની જ્ઞાનયાત્રા

કોસબાડ હીલનું નૈસર્ગિક સૌન્દર્ય

અમારા કોસબાડ પર્યટનનું વર્ણન શરૂ કરું તે પહેલાં કોસબાડ અંગેની ભૌગોલિક માહિતી આપવી જરૂરી છે, કારણ કે, એવાં ઘણાં ભાઈબહેનો છે કે, જેમને કોસબાડ ક્યાં આવ્યું તેની જ ખબર નથી અને તેથી પર્યટન માટે આવું અજાણ્યું સ્થળ કેમ પસંદ કરવામાં આવ્યું તે વિષે તેઓ આશ્ચર્ય અનુભવે છે.

મુંબઈથી વેસ્ટર્ન રેલ્વે લાઈન ઉપર ૮૦ માઈલના અંતરે ઘોલવડ નામનું સ્ટેશન આવે છે. તેની પશ્ચિમ બાજુએ દોઢ બે માઈલના અંતરે સમુદ્રકિનારે બોરડી ગામ આવેલું છે અને તેની પૂર્વ બાજુએ બે ત્રણ માઈલના અંતરે કોસબાડ ગામ છે અને તેની બાજુએ એક નાની સરખી ટેકરી છે જે 'કોસબાડ હીલ' ના નામથી ઓળખાય છે. આ સ્થળ મુંબઈથી મોટર માર્ગે આશરે ૧૨૦ માઈલ દૂર છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આ નિસર્ગરમ્ય સ્થળનું—ગયા માર્ચ માસની ૯ તથા ૧૦ મી તારીખ એમ બે દિવસનું—એક પર્યટન ગોઠવવામાં આવ્યું હતું. આ માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની એક બસ રોકવામાં આવી હતી. આ પર્યટનમાં ૨ બાળકો, ૯ બહેનો, અને ૩૩ ભાઈઓ એમ કુલ ૪૪ ભાઈ,બહેનો તથા બાળકો જોડાયાં હતાં. આગળથી નક્કી કર્યા મુજબ પાયધુની ઉપર એકઠા થયેલા પ્રવાસીઓને લઈને બપોરના ૧૨-૧૨ા વાગ્યે બસ ઉપડી હતી, રસ્તામાં જુદી જુદી જગ્યાએથી પ્રવાસીઓને લેવામાં આવ્યા હતા અને આગ્રા રોડ ઉપર બસ આગળ વધી રહી હતી. થાણા પાસે બસ નાસિક બાજુના રસ્તે ફંટાણી. ગ્રીષ્મની શરૂઆત હોઈને થોડી ગરમી લાગતી હતી અને ગરમ પવન પણ વાતો હતો. ૨ા થી ૩ આસપાસ ભીવંડી અમે પહોંચ્યાં. ત્યાં બધાંએ ચા પીધી. પછી નાસિક તરફનો રસ્તો છોડીને આગળ ચાલ્યાં. થોડે દૂર જતાં વજ્રેશ્વરીનો રસ્તો બાજુએ ફંટાયો અને અમે મુંબઈ-અમદાવાદના રસ્તે આગળ વધવા લાગ્યાં. રસ્તો મોટા ભાગે સીમેન્ટનો હોઈને તથા આ રસ્તા ઉપર વાહનોની અવર-જવર પ્રમાણમાં બહુ જૂજ હોઈને અમારી બસ સારી ગતિથી માર્ગ કાપી રહી હતી. હવે નમતો પહોર થવા લાગ્યો અને ઠંડી હવા વહેવા વલાગી. વજ્રેશ્વરીનો રસ્તો વટાવ્યા બાદ જંગલો વીંધીને અમારે આગળ વધવાનું હતું. વળી રસ્તામાં ટેકરા ટેકરીઓ આવતી હોઈને, અમારી બસ, જ્યાં ત્યાં વળાંક અને ઢાળ ઢોવાળ વટાવ્યે જતી હતી. આને લીધે અમે કોઈ ગાઢ પહાડી પ્રદેશમાં અથવા તો ગીર પ્રદેશના જંગલોમાં પ્રવાસ કરી રહ્યા હોઈએ એવી અનુભૂતિ થતી હતી. બસ આમ વળે, તેમ વળે, ઊંચે ચઢે, નીચે ઊતરે, એવામાં વળી કોઈ એક નદી કે નાળું આવતાં આંખો સામે નવું જ દ્રશ્ય નિર્માણ થાય અને પાકા બાંધેલા પૂલ ઉપરથી પસાર થતાં ચિત્ત પ્રસન્નતાનો રોમાંચ અનુભવે. કોઈ કોઈ નદીમાં, ઉનાળો શરૂ થઈ ચૂકેલો હોવા છતાં, વિપુલ જળનાં વહેણો જોવા મળતાં અને તે વડે આંખ ઠંડક અનુભવતી. આ રસ્તે સારી ઊંચાઈવાળા પહાડો પણ આવતા અને પસાર થતા અને એ પહાડોની કોરે કોરે બાંધેલી સડક ઉપરથી આગળ વધતાં સતત બદલાતા જતા દ્રષ્યનો આનંદ અનુભવવા મળતો. રસ્તામાં વાડા નામનું એક મોટું મથક આવ્યું. આગળ જતાં એક વિશાળ પટ વાળી, નદી આવી. તેની બાજુએ બસ ઊભી રાખી અને સૌએ નાસ્તો કર્યો. આગળ જતાં મુંબઈ-અમદાવાદનો અને જવાહર ગામનો રસ્તો અમારી જમણી બાજુએ ફંટાયો અને અમારી સ્વારી દહેણું તરફ આગળ વધી. હવે તો હવામાનમાં સારી ઠંડક અનુભવાતી હતી. પશ્ચિમ ક્ષિતિજ ઉપર ઉતરી રહેલ સૂર્યના આ તાપમાંથી ઉષ્ણતા ઓગળી ગઈ હતી અને માત્ર સંધ્યાકાળના ઝળહળતા પ્રકાશ વડે સૂર્ય પોતાના અસ્તિત્વમાં તે અમને ભાન કરાવતો હતો. હવે જંગલો ઓસરી ગયાં અને સમુદ્ર નજીક આવતો હોવાના કારણે ખારા પટમાં થઈને બસ આગળ ચાલવા લાગી. થોડી વારમાં દહેણું આવ્યું અને જાણે કે કોઈ મોટા બગીચાઓમાંથી પસાર થઈ રહ્યા હોઈએ એવો, દહેણુંમાં આવેલી ફળફૂલની ઝાડીઓને લીધે, અનુભવ થવા લાગ્યો. દહેણુંથી ચાર કે પાંચ માઈલ દૂર આવેલ કોસબાડ પહોંચતા કેટલી વાર લાગે ? થોડી વારમાં કોસવાડ પહોંચ્યાં અને કોસબાડ હીલના ચઢાણ ઉપર થોડું આગળ વધીને અમારી બસ ઉભી રહી.

બાલશિક્ષણની પ્રવૃત્તિ સાથે સ્વ૦ ગિજુભાઈનાં સહકાર્યકર્ત્રી તરીકે વર્ષો સુધી જેમણે કામ કર્યું હતું એવા શ્રી તારાબહેન મોડકને સૌરાષ્ટ્ર, ગુજરાત તથા મુંબઈમાં કોણ નથી ઓળખતું ? આ સ્થળ ઉપર તેમના હસ્તક ચાલતું 'ગ્રામ બાલ-શિક્ષા કેન્દ્ર' આવેલું છે. ત્યાં અમારે નિવાસ કરવાનો હતો. એટલે અમે અહીં નીચે ઉતર્યા અને થોડુંક આગળ ચાલીને અમારા નિવાસસ્થાન સમીપ આવી પહોંચ્યાં.

અહીં પહોંચ્યાં ત્યારે સૂર્ય અસ્ત પામવાની તૈયારી કરી રહ્યો હતો. એટલે પશ્ચિમ બાજુએ દૂર દેખાતા અરબીસમુદ્રના વિશાળ જળરાશિ ઉપર સૂર્યબિંબ તોળાઈ રહ્યું હતું અને નિર્મળ વારિમાં પ્રતિબિંબિત થઈ રહ્યું હતું અને એ જ વખતે પૂર્વ દિશાએ, આજે ફાગણ મહિનાના શુક્લ પક્ષની ચતુર્દશી હોઈને, ચંદ્રનું ગોળાકાર બિંબ થોડે દૂર આવેલા પહાડોની કોર પાછળથી ધીમે ધીમે ઊંચે આવી રહ્યું હતું. આમ અસ્ત પામતા સૂર્યને અને ઉદય પામતા ચંદ્રને એક સાથે નજરે નિહાળતાં—આવું દ્રષ્ય મુંબઈમાં આપણને ભાગ્યે જ જોવા મળે છે—અમારું ચિત્ત આનંદ અને વિસ્મયની લાગણીઓ વડે અત્યન્ત પ્રભાવિત બન્યું.

અમે જોવા અહીં પહોંચ્યા કે, તારાબહેને અમને ભાવભર્યો આવકાર આપ્યો અને અમારા માટે કરવામાં આવેલી સગવડ અંગે અમને માહિતગાર કર્યા. એક વિશાળ સભાગૃહ, જેનો રંગ-ભૂમિ તરીકે પણ ઉપયોગ થઈ શકે તેમાં અમને ઉતારો આપ્યો. આ સભાગૃહમાં એક છેડે સ્ટેજ હતું. સ્ટેજ અને હૉલ વચ્ચે પડદો લટકતો હતો અને તે રીતે ભાઈઓ તથા બહેનો માટે અલગ સુવા બેસવાની સગવડ હતી. બપોરે બાર વાગ્યે મુંબઈથી નીકળેલાં સાંજે સાત વાગ્યા લગભગ અમે કોસબાડ હીલ ઉપર પહોંચેલાં, તેનો બધાંને થોડોક થાક લાગે તે સ્વાભાવિક છે. વહેતા નળના પાણીથી બધાંએ મોં માથાં ધોયાં, સાફ કર્યાં અને થોડી-વારમાં સૌ સ્વસ્થ થયાં. ત્યારબાદ થોડા સમયમાં ભોજનનો ઘંટ વાગ્યો અને ભોજનશાળામાં સૌ એકઠાં થયાં. પુરી, શાક, કઢી, ભાત, પાપડ વગેરે રસોઈ કરવામાં આવી હતી. ભોજન પતાવ્યા બાદ સૌ બહાર આવ્યાં અને આમતેમ ફરવા લાગ્યાં.

હવે તો ચંદ્ર પણ પૂર્વાકાશમાં ઊંચે આવ્યો હતો અને આસ-પાસના પ્રદેશ ઉપર શ્વેતસુધા વરસાવી રહ્યો હતો. મુંબઈમાં મ્યુનિસિ-પાલિટીની રોશની આડે ચાંદની દેખાતી નથી અને સ્વચ્છ આકાશ પણ જોવા મળતું નથી. અહીં આકાશમાં ચંદ્રનું પૂર્ણબિંબ વિરાજી રહ્યું અને આસપાસના વિશાળ પ્રદેશ ઉપર સરમુખત્યાર માફક પોતાની હકુમત જમાવી રહ્યું હતું.

ભોજન પતાવ્યા બાદ અમારામાંના કેટલાંક નિવાસગૃહમાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ જવામાં રોકાયાં; કેટલાંક આમ તેમ લટાર મારવા લાગ્યાં; અમે બે ત્રણ જણાં તારાબહેન સાથે વાતો કરવામાં રોકાયાં. રાત્રીના નવેક વાગ્યે બધાં એકઠાં થયાં અને અમારા નિવાસગૃહથી જરા ઊંચાણના ભાગમાં આવેલી સીમેન્ટની

એક મોટી ટાંકી હતી ત્યાં ગયાં અને તે ઉપર બધાં ગોઠવાયાં. અહીં બેઠાં બેઠાં અત્યન્ત વિસ્તૃત ક્ષેત્રફળને આવરી લેતું જે દ્રશ્ય નજરે પડતું હતું તે ભારે અદ્‌ભુત રોમાંચજનક હતું. ટાંકીની એક બાજુ સ્વામી આનંદ જેઓ કેટલાંએક સમયથી કોસબાડ બાજુએ વસે છે તેમને રહેવા માટે ભાઈ જયાનંદ ખીરાએ બંધાવી આપેલું નાનું નાજુક નિવાસસ્થાન હતું. બીજી બાજુએ તારાબહેનની સંસ્થાના મકાનોની લાંબી હારમાળા હતી. પૂર્વ બાજુએ નાનીસરખી ખીણ હતી, જેના વિશાળ ફલક ઉપર છુટાછવાયાં ગામડાંઓ વસેલાં હતા અને તેની પાછળ પશ્ચિમ ઘાટના નાનામોટાં પહાડોની હારમાળા હતી. આકાશમાં પૂર્ણ ચંદ્ર પૂરબહારમાં પ્રકાશી રહ્યો હતો અને ચારે બાજુના સમગ્ર પ્રદેશોને અજવાળી રહ્યો હતો. પશ્ચિમ દિશાએ આવેલા સપાટ પ્રદેશ ઉપર દૂર દૂર સુધી જતી નજર નીલવર્ણી સમુદ્રપટ્ટીથી શોભતા ક્ષિતિજને સ્પર્શતી હતી. આ બાજુએ પણ દેખાતા દીવાઓનાં ઝુમખાં નાનાંમોટા ગામડાંઓનાં અસ્તિત્ત્વનું ભાન કરાવતાં હતાં. બેએક માઈલ દૂર આવેલી રેલ્વે લાઈન ઉપર અવારનવાર પસાર થતી ટ્રેનોની સર્પાકાર દીપમાળા અમારું સવિશેષ ધ્યાન ખેંચતી હતી અને તેનો આછો ઘર્ઘર અવાજ અમારા શ્રવણને આનંદ આપતો હતો. આજે હોળીનો દિવસ હોઈને જુદા જુદા ગામડાઓમાં પ્રગટાવવામાં આવેલી હોળીની અગ્નિશિખાઓ પ્રાદેશિક અલૌકિકતામાં ઓર વધારો કરતી હતી. આખા પ્રદેશ ઉપર, અવારનવાર સંભળાતા આસપાસ વસેલી વસ્તીના અવાજો અને કદિ કદિ ઉત્તર યા દક્ષિણ બાજુએ પસાર થતી રેલ્વે ટ્રેનના આછા ઘરઘરાટ સિવાય પ્રગાઢ શાન્તિ પ્રસરેલી હતી અને તેની નિરવતાને ચંદ્રમાંથી વહી રહેલી તેજોવર્ષા જાણે કે મુખરિત બનાવતી હોય એવી મધુર ભ્રાન્તિ અમારું ચિત અનુભવતું હતું. આમ ચોતરફ દેખાતું અપાર રમ્યતાભર્યું અદ્‌ભુત દ્રશ્ય અમે જાણે કે કોઈ અન્ય સૃષ્ટિ ઉપર ઉતરી પડ્યા હોઈએ કે જ્યાં આ દુનિયાની આધિ, વ્યાધિ, ઉપાધિને કોઈ સ્થાન ન હોય, અને જ્યાં કેવળ શાન્તિ, આનંદ અને સૌંદર્યની પ્રસન્નતા વ્યાપી રહેલી હોય—આવી અનુભૂતિનું સુખદ સંવેદન અમારા ચિત્તમાં નિર્માણ કરતું હતું.

અહીં અમે ગાનતાન, વાર્તાવિનોદમાં અને એકમેકનો પરિચય આપવા લેવામાં દોઢેક કલાક ગાળ્યો અને પછી આરામ લેવા માટે અમે અમારા નિવાસસ્થાન ઉપર આવી પહોંચ્યા. અમારામાંનાં ઘણાંખરા સુવાની તૈયારી કરવા લાગ્યાં, થોડાંક ભાઈઓ ચાંદનીમાં બહાર ફરવા નીકળી પડ્યા. મેં, સભાગૃહ સામે એક ચોતરો હતો અને તેની મધ્યમાં એક નાનું સરખું વડનું ઝાડ હતું ત્યાં ખુલ્લામાં સુવાનો—રાત્રિ પસાર કરવાનો—વિચાર કર્યો, અને ચોતરા ઉપર મારું બીછાનું લાવીને પાથર્યું. આ જોઈને અમારા સંઘના સહમંત્રી શ્રી ચીમનભાઈએ પણ પોતાનું બીછાનું લાવીને મારી બાજુએ પાથરી દીધું. આ રીતે રજતવર્ષામાં નહાતાં નહાતાં-ઘડી જાગતા ઘડી ઊંઘતાં—જાગું ત્યારે નિર્મળ આકાશમાં વિચરી રહેલા ચંદ્રના તેજનિતરતા બિબને નીહાળી નીહાળીને કૃતાર્થતા અનુભવું અને નિદ્રાધીન બનું ત્યારે કોઈ સ્વપ્નસૃષ્ટિમાં ઉડવા માંડું—આ રીતે એક પ્રકારનો સતત રોમાંચ અનુભવતાં મેં રાત્રી પસાર કરી. વહેલી સવારે સહપ્રવાસીઓની અવરજવર શરૂ થઈ અને તેને લીધે મારી આંખ પણ ઊઘડી ગઈ. આ સમયે ચંદ્ર પશ્ચિમ ક્ષિતિજ તરફ નીચે ઉતરી રહ્યો હતો અને વિશાળ સમુદ્રપટને રૂપેરી રંગે રસી રહ્યો હતો.

આમ ધીમે ધીમે સૌ કોઈ ઊઠ્યા અને નિત્યકર્મ આટોપવામાં નિમગ્ન બન્યાં. પૂર્વાકાશ ઉદય પામી રહેલા સૂર્યને લીધે પ્રકાશિત બન્યું હતું અને આખા પ્રદેશ ઉપર સૂર્યનું અજવાળું પથરાઈ રહ્યું હતું. વાતાવરણમાં પ્રસન્નતા વ્યાપી રહી હતી અને પ્રાતઃકાળની—જરા પ્રકંપનો અનુભવ કરાવતી—ઠંડી વિદાય થયેલી શિશિરની યાદ આપતી હતી. કલરવ કરતાં પંખીઓ વસંતના આગમનની જાહેરાત કરતાં હતાં અને કોયલનો મીઠો ટહુકો અમારા ચિત્તને પુલકિત કરતો હતો.

નિત્યકર્મ પતાવ્યા બાદ બધાં સવારના નાસ્તા માટે ભોજનશાળામાં એકઠાં થયાં. આ વખતે અમારામાંના એક ભાઈ, આજે તો હોળીનો દિવસ છે તો હોળીની પ્રસાદી બધાંને કાંઈક ચખાડવી જોઈએ એમ સમજીને, ગુલાલનું એક પડીકું સાથે લાવેલા હતા. પણ અમારી ગંભીર દેખાતી મંડળીમાં આગળ વધવાની તેની હિંમત ચાલતી નહોતી. આ તરફ અમારા મંત્રી ચીમનભાઈનું ધ્યાન ખેંચાતાં તેમણે તે ભાઈના હાથમાંથી પડીકું લઈ લીધું અને અમો સર્વ પર ગુલાલ છાંટવાનું શરૂ કર્યું. એટલામાં એક ભાઈએ ઊઠીને ચીમનભાઈનું મોઢું ગુલાલથી ભરી દીધું. ચીમનભાઈએ તેમના ઉપર ગુલાલનો સારા પ્રમાણમાં છંટકાવ કર્યો. આ જોઈને અમારામાંનાં એક મિત્રના સભ્યતાલક્ષી આળાપણાએ આઘાત અનુભવ્યો. તેમને લાગ્યું કે આ હવે આગળ વધે તે ઠીક નહિ, એટલે તેઓ જોરથી બોલી ઊઠ્યા કે 'બસ હવે બહુ થયું—બંધ કરો' અને તેમના હાકોટાથી અમારું હોળીખેલન એકાએક બંધ થઈ ગયું. આ જે થયું તે ઠીક જ થયું. કહેવાનો આશય એટલો જ છે કે, જે રંગછાંટણાથી મુક્ત રહેવાની અપેક્ષાપૂર્વક અમે પર્યટન માટે આ દિવસો ખાસ પસંદ કર્યા હતા તે રંગછાંટણાથી, આટલે દૂર આવવા છતાં, અમે મુક્ત રહી ન શક્યા. આ આવકારપાત્ર રંગછાંટણાએ અમારાં મનને હળવાં બનાવ્યાં અને વાતાવરણમાં આનંદ ઉલ્લાસની જમાવટ થવા લાગી.

આ આનંદલક્ષી પર્યટનને 'કોસબાડની જ્ઞાનયાત્રા' એવું ભારે મથાળું શા માટે આપવામાં આવ્યું છે તે હવે પછીના હફતાઓ વાંચવાથી માલુમ પડશે.

અપૂર્ણ

પરમાનંદ

—:૦૦:—

ચિંચવડ પર્યટન

પૂના નજીક આવેલા ચિંચવડ મુકામે જૈન વિદ્યાપ્રસારક મંડળ તરફથી કેટલીક શિક્ષણસંસ્થાઓનું સંચાલન કરવામાં આવે છે. આ શિક્ષણસંસ્થાઓનો સંઘના સભ્યોને પરિચય થાય એ હેતુથી ઉપરોક્ત મંડળની વતી શ્રી રિષભદાસ રાંકાએ સંઘના સભ્યોને નિમંત્રણ આપ્યું છે. તેમના નિમંત્રણનો સાદર સ્વીકાર કરીને એપ્રિલ માસની તા. ૬ તથા ૭-શનિ, રવિ—એમ બે દિવસનું સંઘના સભ્યો તેમ જ તેમનાં કુટુંબીજનો માટે એક પર્યટણ ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટણ માટે વ્યકિત દીઠ રૂા. ૧૫-૦૦ નક્કી કરવામાં આવ્યા છે. આ માટે નક્કી કરવામાં આવેલી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ પાયધુની પોલીસ સ્ટેશન આગળથી ૬ ઠ્ઠી તારીખ શનિવારે બપોરના બે વાગ્યે ઊપડશે અને રોયલ ઑપેરા હાઉસ નજીકમાં, દાદર-ખોદાદાદ સર્કલના બસ સ્ટોપ આગળ તથા કિંગ સર્કલ જૈન મંદિર પાસે ઊભી રહેશે અને સોમવારે સવારે મુંબઈ ખાતે પાછી ફરશે. પર્યટનમાં જોડાનાર ભાઈ—બહેનોએ ટોર્ચ, જળપાત્ર અને જરૂરી, બેડીંગ સાથે લેવાનાં રહેશે. આ પર્યટણ પરિમિત સંખ્યા માટે યોજાએલું હોઈને તેમાં ભાગ લેવા ઈચ્છનાર સભ્યોને સંઘના કાર્યાલયમાં નિયત દર મુજબની રકમ ભરી નામ લખાવી જવા વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

વિષયસૂચિ

		પૃષ્ઠ
અનેકાન્તવાદ	દલસુખ માલવણિયા	૨૨૯
પાળે તેનો ધર્મ	વાલજી ગોવિંદજી દેસાઈ	૨૩૧
ચીની આક્રમણના સંદર્ભમાં	રશબ્રુક વિલિયમ્સ	૨૩૨
શેઠ કસ્તુરભાઈ લાલભાઈને અભિનંદન	પરમાનંદ	૨૩૪
કોસબાડની જ્ઞાનયાત્રા	પરમાનંદ	૨૩૫
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત બહુમાન—સંમેલન		૨૩૭

મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત બહુમાન સંમેલન

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કૉન્ફરન્સનું ગયા જાન્યુઆરી માસની આખર તારીખોમાં પાલીતાણા ખાતે ૨૨ મું અધિવેશન મળેલું. તે અધિવેશનના પ્રમુખસ્થાને બિરાજેલા **શ્રી અભયરાજજી બલદોટાનું** સન્માન કરવાના હેતુથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૨૨–૩–૬૩ શુક્રવારના રોજ સાંજના સમયે સંઘના કાર્યાલયમાં એક સંમેલન ભરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં કૉન્ફરન્સના અન્ય અધિકારીઓ તેમ જ કાર્યકારિણીના કેટલાક સભ્યો ઉપસ્થિત થયાં હતાં. અન્ય ભાઈબહેનો પણ સારી સંખ્યામાં હાજર થયા હતા.

શ્રી. લીલાવતીબહેન દેવીદાસ

પ્રારંભમાં સંમેલનના પ્રમુખસ્થાને બિરાજેલાં શ્રી લીલાવતી બહેન દેવીદાસે શ્રી અભયરાજજીને આવકાર આપતાં જણાવ્યું કે "કૉન્ફરન્સની સંસ્થાને અસ્તિત્વમાં આવ્યાને ૬૦ વર્ષ થવા આવ્યા છે તે દરમિયાન આ સંસ્થાએ અનેક ચડતીપડતી જોઈ છે અને અનેકના હાથમાં તેનું સુકાન ગયું છે અને બદલાતું રહ્યું છે. આમ છતાં પણ આ સંસ્થા ટકી રહી છે. આવી કૉન્ફરન્સને આજના આપણા મહેમાન અભયરાજજી બલદોટા જેવી આપબળે આગળ વધેલી વ્યક્તિ સુકાની તરીકે સાંપડી છે. તેઓ વિદ્વાન તેમ જ શ્રીમાન છે અને સાથે સાથે જુવાન છે. તેમના નેતૃત્વ નીચે કૉન્ફરન્સનું નાવ સુરક્ષિત બને અને સંસ્થા વધારે કાર્ય કરતી થાય એવી શુભેચ્છા વ્યક્ત કરીને તેમને અમારા સંઘ તરફથી હું આવકાર આપું છું."

શ્રી રિષભદાસ રાંકા

ત્યાર બાદ શ્રી રિષભદાસ રાંકાએ શ્રી અભયરાજજીનો પરિચય આપતાં જણાવ્યું કે "ઉરૂલી કાંચન અભયરાજજીની જન્મભૂમિ છે. તેમણે ઉચ્ચ શિક્ષણ મુંબઈમાં પ્રાપ્ત કર્યું છે. બી. એ. એલએલ. બી. સુધીનો તેમણે અભ્યાસ કર્યો છે. વિદ્યાર્થી તરીકેની તેમની કારકીર્દિ પ્રથમ કક્ષાની રહી છે. ત્યારબાદ થોડો સમય તેમણે વકીલાત કરી, પણ તેમાં ચિત્ત ન લાગ્યું એટલે તેઓ વ્યાપાર તથા ઉદ્યોગ તરફ વળ્યા છે. એક બાજુએ આયાત નિકાસનો તેમ જ નૉન-ફેરસ મેટલનો તેમનો વ્યાપાર મોટા પાયા ઉપર ચાલે છે. બીજી બાજુએ મુંબઈ, દિલ્હી, શિલોંગ વગેરે સ્થળોએ તેમની ફેક્ટરીઓ છે. વ્યાપાર ઉદ્યોગે તેમને ત્યાં ધનનો પ્રવાહ પણ વહેતો કર્યો છે. આમ શ્રી અને સરસ્વતીનો—વ્યાપાર અને સંસ્કારિતાનો—તેમના જીવનમાં સુંદર મેળ આપણને જોવા મળે છે. તેઓ હંમેશા હસતા હોય છે, તેમની પ્રકૃતિ મધુર અને સરળ છે અને એટલા જ તેમની રીતભાતમાં તેઓ નમ્ર છે. તેઓ એક ભાવનાશાળી સજ્જન છે અને અદ્યતન વિચારધારાને વરેલા છે. તેમની ઉમ્મર આજે ૪૫ વર્ષની છે. ઉરૂલી કાંચનમાં તેમના તરફથી એક પ્રસૂતિગૃહ ચાલે છે. વળી કુદરતી ઉપચાર કેન્દ્ર માટે ગાંધીજીએ ઉરૂલીકાંચન પસંદ કર્યું તે કેન્દ્રને ઊભું કરવામાં તેમ જ વિકસાવવામાં તેમણે ખૂબ મદદ કરી છે. મહારાષ્ટ્ર તથા રાજસ્થાનનાં અનેક છાત્રાલયોને તેમણે ઉદાર હાથે આર્થિક સહાય આપી છે. વૈદ્યકીય રાહત આપવા પાછળ પણ તેઓ ખૂબ નાણું ખરચે છે. ભારત જૈન મહામંડળની કાર્યવાહક સમિતિ ઉપર તેઓ વર્ષોથી નિયુક્ત થતા રહ્યા છે અને જૈનોમાં એકતા સાધવામાં તેઓ ઊંડી દિલચસ્પી ધરાવે છે. કુલ ચાર ભાઈઓમાં તેઓ બીજા છે અને એ રીતે તેમનો પરિવાર બહોળો છે, એમ છતાં તેમના સંયુક્ત વ્યાપાર ઉદ્યોગમાં તેમનું જ મુખ્ય વર્ચસ્ છે. જૈન શ્વે. મૂ. સમાજમાં તેઓ બહુ જાણીતા નથી, એટલે તેમની કૉન્ફરન્સના પ્રમુખ તરીકેની વરણીથી કેટલાકને આશ્ચર્ય થયેલું, પણ તેમણે પાલીતાણા અધિવેશનના પ્રમુખ તરીકે જે કાર્ય કર્યું અને જે રીતે કામ લીધું તેથી સૌ કોઈ અત્યન્ત પ્રસન્ન થયા છે અને આપણને—આપણા સામાજિક કાર્યને—એક નવી શક્તિશાળી વ્યક્તિનો લાભ મળ્યો છે—આવી સુખદ લાગણી સૌ કોઈએ અનુભવી છે. આપણે ઇચ્છીએ કે જે કૉન્ફરન્સમાં ગતિશીલતાનો આજે અભાવ દેખાય છે તે કૉન્ફરન્સને તેમના નેતૃત્વ વડે ગતિશીલતા પ્રાપ્ત થાય અને સમાજ આગળ વધે."

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

ત્યારબાદ સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ પ્રસંગને અનુલક્ષીને જણાવ્યું કે "જેમણે તાજેતરમાં પાલીતાણામાં ભરાયેલા જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના અધિવેશનના પ્રમુખસ્થાનને શોભાવ્યું છે તેમનું આપણે સન્માન કરીએ અને તેમનાથી આપણે પરિચિત બનીએ એ હેતુથી આજનું સંમેલન ગોઠવવામાં આવ્યું છે. આપણામાંના ઘણાખરા માટે તેઓ અપરિચિત જેવા છે. તેમણે જે સંસ્થાના નેતૃત્વની જવાબદારી લીધી છે તે સંસ્થા સાથે મારો તેમજ અમારામાંના કેટલાકનો વર્ષોજૂનો સંબંધ છે. આ સંસ્થા આજે ગતિશીલ નથી એ હકીકત છે. તેને ગતિશીલ કેમ બનાવવી તે એક મોટી સમસ્યા છે. જે શ્વે. મૂ. સમાજની આ કૉન્ફરન્સ પ્રતિનિધિસંસ્થા છે તે સમાજના આર્થિક, સામાજિક તેમજ શૈક્ષણિક પ્રશ્નો મધ્યમ વર્ગના નામે ઓળખાતા અન્ય સમાજો સાથે સમાન કોટિના છે અને કેટલાક પ્રશ્નો તેની અમુક વિશિષ્ટ જવાબદારીને લગતા છે. એક તો આ વિભાગનાં અલગ એવાં અનેક જૈન મંદિરો અને જૈન તીર્થો છે. બીજું આ વિભાગની અલગ એવી સાધુસંસ્થા છે. ત્રીજું આ વિભાગનું અલગ લેખી શકાય એવું વિપુલ ધર્મસાહિત્ય છે. આ જૈનમંદિરોની અને તીર્થોની જાળવણી, સુરક્ષા અને સમારકામ એ શ્વે. મૂ. વિભાગની જવાબદારીનો વિષય છે; જૈન સાધુ-સંસ્થાના યોગક્ષેમ અને તેમના આચાર વ્યવહારના ઉચ્ચ ધોરણની જાળવણી એ પણ શ્વે. મૂ. વિભાગની જવાબદારીનો વિષય છે. અને એ જ પ્રકારે ધર્મ સાહિત્યની રક્ષા અને વૃદ્ધિ એ પણ આ વિભાગની જવાબદારીનો વિષય છે. આ બધી જવાબદારીઓને પહોંચી વળવા માટે અખિલ ભારતીય પ્રતિનિધિત્વ દાખવી શકે એવી—કૉન્ફરન્સ જેવી-એક સંસ્થાની જરૂર છે. વળી આ વર્ગ એક અસાધારણ આર્થિક ભીંસમાંથી પસાર થઈ રહ્યો છે. બદલાતા જતા દેશકાળ સામે તે કેમ ટકી રહે એ આજની એક વિકટ સમસ્યા છે. આ માટે ઉદ્યોગ, હાથમજૂરી અને વૈજ્ઞાનિક શિક્ષણ તરફ વળ્યા સિવાય ચાલે તેમ નથી એ આજની હકીકત છે. આ દિશાએ શક્ય તે પ્રયત્નો કરવા માટે સામાજિક સંગઠ્ઠનની જરૂર છે અને આવું સામાજિક સંગઠ્ઠન પોતાને પ્રસ્તુત એવા વર્તુળને અનુલક્ષીને ઊભું કરવાની યોગ્યતા કૉન્ફરન્સ જેવી સંસ્થા ધરાવે છે. પણ આ તો જ બની શકે કે જો કૉન્ફરન્સ ગતિશીલ હોય, તેને પ્રસ્તુત સમાજનો પૂરો સાથ હોય. પણ આ સાથ કૉન્ફરન્સને હજુ સુધી સાંપડ્યો નથી અથવા તો બહુ જ ઓછા પ્રમાણમાં સાંપડ્યો છે. આનાં બે કારણો છે: એક તો એ કે આ કૉન્ફરન્સને સાધુ-સંસ્થાનો ટેકો નથી. કેટલાક સાધુઓએ આજ સુધી તેને તોડી પાડવાનું જ કામ કર્યું છે. બીજું સમાજ ઉપર જે વ્યક્તિઓનો પ્રભાવ છે તેમાંના ઘણા ખરા કૉન્ફરન્સ વિષે ઉદાસીન રહ્યા છે; કેટલાકે તેને નિર્બળ બનાવવાનું કામ કર્યું છે. વળી કૉન્ફરન્સ પાસે પણ સબળ કાર્યકર્તાઓનું એક પાકું જૂથ નથી. આજનો આગેવાન પોતાને પ્રતિકૂળ એવું કાંઈ બનતાં કાં તો રીસાઈ જાય છે અથવા તો અલગ થઈ બેસે છે. આમ બાહારથી તેને જોઈએ

તેટલો ટેકો નથી; અંદરથી તેને પ્રાણવાન નેતાગીરી અને જૂથબંધી પ્રાપ્ત થતી નથી. આ કારણે કૉન્ફરન્સમાં ગતિશીલતા આવતી નથી. કૉન્ફરન્સ અંગે મારું આ નિદાન છે. અંદરથી પ્રાણવાન અને સમર્પણશીલ નેતાગીરી પેદા થાય અને એકલોહીયા કાર્યકરોનું જૂથ ઊભું થાય તો તેનો જૈન સમાજ ઉપર પ્રભાવ પડ્યા વિના ન રહે અને બહારના પ્રતિકૂળ તત્ત્વો માટે અનુકૂળ બનવા સિવાય બીજો વિકલ્પ ન રહે.

"આજે જેમને કૉન્ફરન્સનું નેતૃત્ત્વ પ્રાપ્ત થયું છે તે સદ્‌ભાગ્યે યુવાન છે; તેમના વિષે કોઈ પૂર્વગ્રહો કે અભિનિવેશો નથી. કાદવમાં ખૂંચેલા કૉન્ફરન્સના નાવને તરતું કરવામાં આ તેમને અનુકૂળતા છે. તેમના કાર્યમાં સફળતા મળે એવી અમારી તેમને શુભેચ્છા છે; તેઓ જે કાંઈ કરશે તેમાં કોઈ સંકુચિતતાને કે કોમી સંકીર્ણતાને સ્થાન નહિ હોય, વિશાળ અને ઉદાર ભાવનાથી પ્રેરિત હશે એવી અમારી તેમના વિષે શ્રદ્ધા છે અને આ શ્રદ્ધાના આધાર ઉપર તેઓ જે કાંઈ કરશે તેને અમારો પૂરો ટેકો રહેશે, એવી અમે ખાત્રી આપીએ છીએ.

"આ સંમેલનનો હેતુ માત્ર બલદોટાનું સન્માન કરવાનો નથી, પણ એ નિમિત્ત લઈને કૉન્ફરન્સની આજની પરિસ્થિતિ અને તેની ઉપયોગીતા વિષે વિચારવિનિમય કરવાનો હેતુ પણ રહેલો છે. આ હેતુ ધ્યાનમાં લઈને કૉન્ફરન્સ અંગે કેટલાક વિચારો અહીં રજુ કરવાનું મેં યોગ્ય ધાર્યું છે.

રતિલાલ ચીમનલાલ કોઠારી

ત્યાર બાદ શ્રી રતીલાલ ચીમનલાલ કોઠારીએ જણાવ્યું કે, "મારી પહેલાં પરમાનંદભાઈએ જે કાંઈ કહ્યું છે તે સાથે હું સંપૂર્ણત: સહમત થાઉં છું. મારી આપને એટલી જ વિનંતિ છે કે, કૉન્ફરન્સ રૂઢિચુસ્તોના સકંજામાં આવી ન જાય, મઠાધિપતિ બની બેઠેલા આચાર્યોની પકડમાં પુરાઈ ન જાય અને સમાજને કૉન્ફરન્સ સાચી દોરવણી આપે એવી કૉન્ફરન્સ વિષે મારી અપેક્ષા છે. મધ્યમ વર્ગ આજે પીસાઈ રહ્યો છે. તેને બને તેટલી રાહત પહોંચાડવાનું કામ કૉન્ફરન્સનું છે. આજની રહેણીકરણીમાં રીતરીવાજમાં ફેરફાર કરવાનું, નવા વિચારોને અપનાવવાનું, ચાલુ જીવનમાં સુધારા કરવાનું લોકોને ગમે છે, પણ તેને કોઈ દોરવણી આપનાર જોઈએ છીએ. આ કામ કૉન્ફરન્સનું છે, આ અધિકાર કૉન્ફરન્સનો છે. આ માટે કૉન્ફરન્સ સજીવન થવી જોઈએ, તેણે જનસમાજ સાથે સંપર્ક સાધવો જોઈએ, અને તે માટે તેના કાર્યકર્તાઓએ ભારતભરમાં પ્રવાસ કરવો જોઈએ. સદ્‌ભાગ્યે જેના વિષે સમાજના દિલમાં આગળ પાછળની ગાંઠો નથી એવા બલદોટાજી જેવા યુવાન પ્રમુખ અને મહીપતભાઈ અને જયરાજ જૈન જેવા યુવાન મંત્રીઓ મળ્યા છે એને કૉન્ફરન્સનું હું મોટું સદ્‌ભાગ્ય લેખું છું. અને તેઓ જ્યારે માંગે ત્યારે મુંબઈ જૈન યુવક સંઘના એક નમ્ર સૈનિક તરીકે તેઓને સાથ આપવા હું તૈયાર છું."

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી

ત્યાર બાદ મુંબઈ રાજ્યની વિધાનસભાના સભ્ય શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીએ આજના સન્માનકાર્યમાં સુર પૂરાવતાં જણાવ્યું હતું કે, "અમુક સાઠમારીઓને લીધે કૉન્ફરન્સ પાછળ પડી છે તેને ઊંચે લાવવી તે આપણું કર્તવ્ય છે. સંસ્થા કાર્ય કરી બતાવે તો તેને પૈસાની કદિ ખેંચ પડતી જ નથી—આ મારો આજ સુધીનો અનુભવ છે. તો કૉન્ફરન્સ કોઈની શેહમાં ન તણાતાં સમાજની સાચી સેવા કરે, તેને આગળ વધારે એવી મારી સૂચના અને શુભેચ્છા છે."

શ્રી અભયરાજજી બલદોટા

ત્યાર બાદ શ્રી અભયરાજજી બલદોટાએ પોતાનું આવું સન્માન કરવા બદલ મુંબઈ જૈન યુવક સંઘનો આભાર માનતાં જણાવ્યું કે, "હજુ અમે કશું કાર્ય કર્યું નથી. કાર્ય કરવા પહેલાં આવા સન્માનનું નિમંત્રણ સ્વીકારતાં મને સંકોચ થયો હતો, પણ આ નિમિત્તે આપ ભાઈ-બહેનોને મળવાનો યોગ ઊભો થશે એમ સમજીને આ નિમંત્રણનો મેં સ્વીકાર કર્યો છે.

"કૉન્ફરન્સ અંગે અહીં કેટલીક વાતો કહેવામાં આવી છે. હું પણ કબૂલ કરું છું કે, તેની ૬૦ વર્ષની કાર્યવાહીમાં છેલ્લાં ૧૦-૧૫ વર્ષ દરમિયાન તેમાં ઉદાસીનતા જ આવી છે. આમ છતાં પણ અખિલ ભારતીય દરજ્જાનો દાવો કરે એવી જૈન શ્વેતામ્બર મૂ. વિભાગની કોઈ સંસ્થા હોય તો તે આ કૉન્ફરન્સ જ છે. અને તેથી તેમાં પ્રાણ પૂરીને આપણે તેને સજીવન બનાવવી જ જોઈએ. આ ધ્યેયપૂર્વક શક્ય તેટલું કાર્ય કરવાની મારી ધારણા છે.

"આજના અતિ પ્રતિકૂળ સંયોગો વચ્ચે જૈનોની આર્થિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ઉન્નતિ કરવી એ એવરેસ્ટ પર્વત ચઢવા જેવું દુ:સાધ્ય કામ છે. એમ છતાં એ દિશાએ શક્ય હોય એવા પ્રયત્નો આપણે હાથ ધરવા જ જોઈએ અને એ માટે આપણે બધાએ એકત્ર બનવું જોઈએ, સંગઠિત બનવું જોઈએ અને ઝઘડાઓથી દૂર રહેવું જોઈએ.

"સાધુસંસ્થાનો પ્રશ્ન અતિ મહત્ત્વનો છે; તેમનો આપણી સંસ્થા ઉપર ખૂબ જ પ્રભાવ છે; તેમની આચારશુદ્ધિ ઉપર જેટલો ભાર મૂકાય તેટલો ઓછો છે. તેમની શિથિલતા આપણે ચલાવી લેવી ન જોઈએ. આમ છતાં પણ કૉન્ફરન્સ જે નાજુક સ્થિતિમાંથી પસાર થઈ રહી છે તેનો ખ્યાલ કરીને હાલ તુરત આવા પ્રશ્નને હાથ ન લગાડીએ અને આર્થિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે કૉન્ફરન્સની શક્તિ કામે લગાડીએ એ વધારે ઈચ્છવાયોગ્ય છે.

"આ અંગે ચાર-પાંચ બાબતો હાથમાં લેવાનું અમે વિચાર્યું છે:—

(૧) જે પ્રદેશમાં શક્ય હોય ત્યાં જૈન સહકારી બૅંક ઊભી કરવી અને તે દ્વારા ઉદ્યોગ ઉપર ચઢવા માગતા જૈન ભાઈઓને લોનના રૂપમાં આર્થિક ટેકો આપવો.

(૨) Employment Exchange દ્વારા આપણા ભાઈ-બહેનોને નોકરીઓ અપાવવાનો પ્રયત્ન કરવો.

(૩) મુંબઈમાં કૉન્ફરન્સ ઉદ્યોગગૃહ છે તેવી સંસ્થાઓ સ્થળે સ્થળે ઊભી કરવા પ્રયત્ન કરવો.

(૪) અર્થના અભાવે કોઈ જૈન વિદ્યાર્થી ભણતો અટકી ન જાય તેવી પરિસ્થિતિ ઊભી કરવા પ્રયત્ન કરવો.

(૫) જૈન વિદ્યાર્થીઓને મોટા શહેરોમાં રહેવા ખાવા માટે છાત્રાલયની રાગવડો આજે અતિ પરિમિત છે તેમાં બને તેટલો વધારો કરવા માટે સક્રિય પગલાં હાથ ધરવાં.

"વિચારવામાં આવેલા આવા કાર્યક્રમને પહોંચી વળવા માટે આપણે ખૂબ પ્રચાર કરવો પડશે અને પ્રાંતિક શાખાઓ ઊભી કરવી પડશે. આ કાર્ય પ્રચારમંત્રી તરીકે નિયુક્ત થયેલા શ્રી પોપટલાલ રામચંદ્ર શાહ મારફત સારા પ્રમાણમાં પાર પડશે એવી હું આશા સેવું છું. આ નિમિત્તે આપ બધાં ભાઈ-બહેનોને મળવાની મને તક મળી અને આપ સૌએ અમારા કાર્યને પૂરો ટેકો આપવાની ખાત્રી આપી એ અંગે હું મારા અંતરનો ઊંડો સંતોષ જાહેર કરું છું અને આપનો ફરીથી આભાર માનું છું.

શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહ

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે આભારનિવેદન કરતાં જણાવ્યું કે, "આજની આપણી સભા લગભગ પોણા બે કલાક સુધી ચાલી છે તેના વાતાવરણની મારા ચિત્ત ઉપર એટલી બધી અસર થઈ છે કે, આ સભા મુંબઈ જૈન યુવક સંઘની છે કે કૉન્ફરન્સની છે એ વિષે હું ભ્રમ અનુભવી રહ્યો છું. આ નિમિત્તે જૈન સમાજના એક પેટા વિભાગની—અખિલ ભારતીય પ્રતિનિધિત્વ ધરાવતી—કૉન્ફરન્સની પરિસ્થિતિ તેમ જ પ્રવૃત્તિ અંગે જે છણાવટ થઈ છે તે મને ખરેખર ખૂબ આવકારપાત્ર લાગી છે. આ પ્રસંગના કારણે આજના મુખ્ય મહેમાન શ્રી બલદોટાજીને મેં પહેલી જ વાર જોયા છે અને તેમને જોઈને તેમ જ તેમની પ્રસન્ન વાણી સાંભળીને તેમ જ તેમના સૌભાગ્ય વ્યક્તિત્વથી પરિચિત બનીને મને ઘણો આનંદ થયો છે. સમય કાઢીને તેઓ અહીં આવ્યા તે માટે તેમનો તેમ જ અહીં ઉપસ્થિત થયેલા અન્ય નિમંત્રિત મહેમાનોનો અમારા સંઘ વતી હું હાર્દિક આભાર માનું છું."

ત્યાર બાદ પુષ્પહાર સમર્પણ તથા અલ્પાહારને ઈન્સાફ આપી સંમેલન વિસર્જિત કરવામાં આવ્યું હતું.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧૬, ૧૯૬૩, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ભગવાન મહાવીરના જીવનના પ્રેરક પ્રસંગો

(આકાશવાણી મુંબઈ કેન્દ્ર તરફથી મહાવીર જયન્તી પછીના દિવસે એટલે કે, તા. ૭—૪—૬૩ રવિવારના રોજ સવારના ૧૦ વાગ્યાના 'બહુરૂપી' શિર્ષક કાર્યક્રમમાં 'ભગવાન મહાવીરના જીવનના પ્રેરક પ્રસંગો'એ વિષય ઉપર વાર્તાલાપ આપવાનું નિમંત્રણ આવેલું. આ વાર્તાલાપ ૧૬ વર્ષની નીચેની ઉમ્મરના વિદ્યાર્થીઓ એટલે કે જૈન શાસ્ત્રની પરિભાષામાં જેને 'બાલજીવો' કહેવામાં આવે છે તેમને અનુલક્ષીને ગોઠવવાનો હતો. એ લક્ષ્યપૂર્વક તૈયાર કરવામાં આવેલું લખાણ નીચે પ્રગટ કરવામાં આવે છે. પ્રસ્તુત નિરૂપણમાં ઉપર જણાવેલ બાલજીવોને ધ્યાનમાં રાખીને ભગવાન મહાવીરની પરંપરાગત કથામાં રહેલી થોડીક ચમત્કારપૂર્ણ ઘટનાઓ અન્તર્ગત કરવામાં આવી છે. આવી ઘટનાઓ લોકોત્તર પુરુષોના ચરિત્રમાં લગભગ સર્વત્ર જોવામાં આવે છે. તેનું સ્થાન મૂર્તિ ઉપરના અલંકારોને—શોભાશણગારને—મળતું છે અને તે વડે કથાનિરૂપણ પરીઓની કથાઓ માફક બાલજીવો માટે રોચક અને સુગ્રાહ્ય બને છે. આવી ઘટનાઓને વાસ્તવિક બનેલી માની લેવાની જરૂર નથી. આકાશવાણી મુંબઈ કેન્દ્રે આપેલી સાત મીનિટની સમયમર્યાદા અનુસાર આ મૂળ લખાણમાં ઠીક પ્રમાણમાં કાપકૂપ કરવામાં આવેલ છે. પરમાનંદ.)

ગઈ કાલે ભારતભરમાં મહાવીર જયન્તી ઊજવાઈ ગઈ. તે ભગવાન મહાવીર કોણ હતા તે વિષે આજે આપણે વાર્તાલાપ કરવાનો છે. જૈન ધર્મમાં ૨૪ તીર્થંકરોની એક પરંપરા કલ્પવામાં આવી છે તે પરંપરાના છેલ્લા અને ૨૪મા તીર્થંકર તે ભગવાન મહાવીર છે. આજે જૈન ધર્મનું જે સ્વરૂપ અને માન્યતા છે તે તેમણે કરેલી ધર્મતત્વને લગતી વિશિષ્ટ પ્રરૂપણાને આભારી છે.

ભગવાન મહાવીરનો જન્મ આજથી ૨૪૯૯ વર્ષ પહેલાં ચૈત્ર શુદ ૧૩ના દિવસે બિહારમાં આવેલા ક્ષત્રીયકુંડ નગરમાં થયો હતો. તેમના પિતાનું નામ રાજા સિદ્ધાર્થ અને તેમનાં માતાનું નામ રાણી ત્રિશલા. તેમને ભગવાન મહાવીરથી મોટો એવો નંદીવર્ધન નામનો પુત્ર હતો અને સુદર્શના નામની પુત્રી હતી.

ભગવાન મહાવીરનું ગર્ભધારણ થયા બાદ, ધર્મશાસ્ત્રોની કથા મુજબ, ત્રિશલા રાણીને નિદ્રાવસ્થામાં હાથી, વૃષભ, સિંહ, લક્ષ્મી, માળા, ચંદ્ર, સૂર્ય, મહાધ્વજ, પૂર્ણ કુંભ, પદ્મ સરોવર, સમુદ્ર, વિમાન, રત્નરાશિ, નિર્ધુમ અગ્નિ એમ અનુક્રમે ચૌદ સ્વપ્નાં દેખાયેલાં. આ વિષે જ્યોતિષીઓને પૂછતાં તેમણે આગાહી કરેલી કે આવા અસાધારણ સ્વપ્નના પરિણામે ત્રિશલા રાણીના પેટે કાં તો કોઈ મહાન ચક્રવર્તીનો અથવા તો જગદુદ્ધારક તીર્થંકરનો જન્મ થશે. આ જાણીને રાજા—રાણીને પાર વિનાનો આનંદ થયો.

ગર્ભાવસ્થા દરમિયાન માતાના ઉદરમાં હલનચલન કરવાથી માતાને દુઃખ થાય છે, પીડા થાય છે એમ વિચારીને ભગવાન મહાવીરે હાલવું ચાવવું બંધ કર્યું. પરિણામે ત્રિશલા રાણી ભારે ચિન્તામાં પડ્યાં કે મારા ગર્ભને શું થયું હશે અને તેમની તેમ જ સિદ્ધાર્થ રાજાની ગમગીનો પાર ન રહ્યો. અન્ત:પુરમાં આનંદવિનોદ બધા વિસર્જિત કરવામાં આવ્યા. વાતાવરણ શોકથી ભરપુર બની ગયું. ભગવાનનું આ પરિસ્થિતિ તરફ ધ્યાન ખેંચાતાં ભગવાને અંગુઠો હલાવ્યો અને તેથી પોતાનો ગર્ભ સહીસલામત છે એમ ત્રિશલા માતાને પ્રતીતિ થઈ અને તેઓ હર્ષપુલકિત બન્યાં. "પોતે હજુ અદૃષ્ટ હોવા છતાં માતાપિતાનો આટલો બધો સ્નેહ છે તો જન્મ ધારણ કર્યા બાદ યોગ્ય ઉમ્મરે જો હું સંસારત્યાગ કરીશ તો તેમનાથી એ સહન જ નહિ થાય" એમ વિચારીને "માતાપિતાની હયાતી સુધી હું સંસારત્યાગ નહિ કરું" એવો તેમણે ગર્ભાવસ્થામાં જ મનથી નિર્ણય કર્યો. આમ તેમની પ્રચલિત જીવનકથામાં જણાવવામાં આવ્યું છે.

યોગ્ય કાળે ભગવાન મહાવીરનો જન્મ થયો. આથી સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો. કેદીઓને છોડી મૂકવામાં આવ્યા, સ્થળે સ્થળે મંડપ તોરણો બંધાયા. નગરજનોમાં રાજ્ય તરફથી મીઠાઈ વહેંચવામાં આવી. ભગવાનના જન્મ સાથે રાજ્યમાં ખૂબ આબાદી થઈ હતી તેથી તેમનું 'વર્ધમાન' એવું નામ પાડવામાં આવ્યું હતું.

આ વર્ધમાનસ્વામીના જીવન સાથે અનેક ચમત્કારિક ઘટનાઓ જોડવામાં આવી છે. આવી એક ઘટના તેમનો જન્મ થયો ત્યારે તેમના બાલદેહને દેવો મેરૂપર્વત ઉપર લઈ ગયા અને તેમનો અભિષેક કર્યાને લગતી છે. મેરૂપર્વતના શિખર ઉપર દેવોના સ્વામી સૌધર્મ ઈન્દ્રના ખોળામાં ભગવાન બાળસ્વરૂપે બિરાજ્યા હતા. અભિષેકની તૈયારી ચાલી રહી હતી તે દરમિયાન કોઈ એક દેવના મનમાં વિચાર આવ્યો કે આવો નાનો બાલદેહ આટલા બધા પાણીભરેલા ઘડાઓનો અભિષેક શી રીતે સહન કરી શકશે? આ દેવનો તર્ક પોતાના જ્ઞાન વડે ભગવાને જાણી લીધો અને તેના તર્કનું નિરાકરણ કરવા માટે ડાબા પગના અંગુઠા વડે મેરૂપર્વતને તેમણે દબાવ્યો કે તુરત જ મેરૂપર્વત કંપાયમાન થવા લાગ્યો અને ધરતી ધ્રુજવા લાગી. આ જોઈને પેલા દેવનો તર્ક શમી ગયો.

ભગવાનની બાલ્યાવસ્થાનાં અનેક પરાક્રમો તેમની કથામાં નોંધાયેલાં છે. એક મસ્તરગ્રસ્ત દેવ સર્પનું રૂપ ધારણ કરીને, ભગવાન અનેક રાજકુમારો સાથે ક્રીડા કરતા હતા તેમની વચ્ચે આવીને પડ્યો. આને જોઈને રાજકુમારો ભય પામીને આમતેમ નાસભાગ કરવા લાગ્યા. કુમાર વર્ધમાને જરા પણ ન ડરતાં, ન ગભરાતાં સર્પને હાથમાં પકડીને દૂર દૂર ફેંકી દીધો. વળી પાછા કુમાર વર્ધમાને રાજકુમારો સાથે અમુક રમત રમવી શરૂ કરી. આ રમતમાં પેલો મત્સરગ્રસ્ત દેવ પણ રાજ-

કુમાર બનીને દાખલ થઈ ગયો. આ રમતમાં એવી સમજુતી હતી કે, જે જીતે તેને બીજા કુમારો પોતાની પીઠ ઉપર ચઢાવીને આસપાસ ફેરવે. આ રમતમાં કુમાર વર્ધમાન જીત્યા એટલે તેમને પીઠ ઉપર ચઢાવીને અન્ય રાજકુમારો ફેરવવા લાગ્યા. અનુક્રમે રાજકુમારનો વેશ ધારણ કરી રહેલ પેલા દેવનો વારો આવ્યો. તેની પીઠ ઉપર કુમાર વર્ધમાન આરૂઢ થયા એટલે એ દેવે રાજકુમારનું રૂપ બદલી નાખીને ભયંકર વિકરાળ રૂપ ધારણ કર્યું અને શરીર વિસ્તારવા માંડયું. આ જોઈને ભગવાને તેના પૃષ્ટ ભાગ ઉપર મુષ્ટિ મારી તેને ભોંયભેગો કરી નાખ્યો. આ દેવ આખરે હારીને, શરમાઈને, ભગવાનની માફી માગીને પોતાના સ્થાનકે ચાલી ગયો.

કુમાર વર્ધમાન આઠ વર્ષના થયા એટલે તેમના પિતાએ તેમને નિશાળે મૂક્યા. પણ તેમને આ બધું જ્ઞાન તો સ્વયં ઉપલબ્ધ હતું, તેથી તેમને શિખવવા જેવું કશું છે જ નહિ એમ માલૂમ પડતાં શિક્ષકે તેમને પોતાના ગુરુસ્થાને બેસાડયા અને તેમનું બહુમાન કર્યું. અનુક્રમે યોગ્ય ઉમ્મર થતાં માતપિતાએ તેમનો વિવાહ કરવાનો વિચાર કર્યો. યુવાન વર્ધમાન આ વિષે ઉદાસીન હતા. તેમનું દિલ ત્યાગ અને વૈરાગ્ય તરફ અને આત્મસાધના તરફ વળેલું હતું. આમ છતાં પણ માતપિતાનો અતિ આગ્રહ જોઈને તેઓ સંમત થયા. યશોદા નામની રાજકન્યા સાથે લગ્ન કર્યાં. તેને પ્રિયદર્શના નામની પુત્રી પ્રાપ્ત થઈ, જેનું સમયાન્તરે જમાલિ નામના રાજપુત્ર સાથે લગ્ન કરવામાં આવ્યું હતું.

યુવાન વર્ધમાનની ૨૮ વર્ષની ઉંમર થતાં તેમના માતપિતા સ્વર્ગવાસી બન્યાં અને વર્ધમાન હવે સંસાર છોડવાને આતુર બન્યા. ગાદીએ આવેલા મોટા ભાઈ નંદીવર્ધનના આગ્રહથી બે વર્ષ સુધી એક ત્યાગી તપસ્વી માફક બધા ભોગવિલાસ છોડીને તેઓ સંસારમાં રહ્યા અને પોતાની પાસે જે કાંઈ હતું તે સર્વનું દાન કરી દીધું અને ૩૦ વર્ષની ઉંમરે તેમણે સંન્યાસદીક્ષા ધારણ કરી; આભૂષણો તથા વસ્ત્રોનો ત્યાગ કર્યો; માથાના વાળનો લોચ કર્યો અને ભિક્ષાવૃત્તિ ધારણ કરીને અનિકેત—અનાગાર—બનીને તેમણે એકલા વિચરવાનું શરૂ કર્યું.

આ રીતે તેમની આત્મસાધના શરૂ થઈ અને બાર વર્ષ સુધી તરેહ તરેહની તપસ્યા કરતા, અનેક સંકટોનો સામનો કરતા, અવજ્ઞા અપમાન સહન કરતા, અને એક સ્થાનેથી બીજા સ્થાને, જંગલો અને ઉપવનોમાં, ગામડામાં અને શહેરોમાં તેઓ વિચરતા રહ્યા. આવું દુઃસહ તપ અને યાતના ભાગ્યે જ કોઈ સાધકના જીવનમાં જોવામાં આવે છે. તેમણે વેઠેલાં કષ્ટોની વિગતો આપવા માટે અહીં અવકાશ નથી. એમ છતાં એક બે ઘટનાનો ઉલ્લેખ કરું.

વર્ધમાન સ્વામી અથવા તો ભગવાન મહાવીર વિહાર કરતાં કરતાં પણ માની ગામે ગયા. ત્યાં ગામ બહાર ધ્યાનસ્થ બનીને તેઓ બેઠા હતા. ત્યાં એક ગોવાળ પોતાનાં બળદો ચરાવતો હતો. ભગવાનને બેઠેલા જોઈને 'આ મારા બળદ સંભાળજે' એમ કહીને પોતાની ગાયો દોવા માટે ગામમાં ગયો. એ કામ પતાવીને તે આવે છે અને જુએ છે તો બળદો મળે નહિ. તે ચરતા ચરતા જંગલમાં દૂર ચાલી ગયા હતા. ભગવાનને ભળાવી જવા છતાં, તેમણે કાંઈ ધ્યાન ન આપ્યું એ જોઈને, તેમના ઉપર પેલા ગોવાળને ખૂબ ચીડ ચડી, ક્રોધ આવ્યો અને તેમનાં બે કાનમાં એક એક શૂળ જોરથી ખોસી દીધી અને શૂળનો બહાર રહેલો ભાગ ભાંગી નાખ્યો. આને લીધે ભગવાનની વેદનાનો પાર ન રહ્યો. વિચરતા વિચરતા તેઓ મધ્યમ અપાપા નગરીમાં આવી ચઢયા અને ભિક્ષા માટે સિદ્ધાર્થ વણિકને ઘેર ગયા. ભગવાનના કાનમાં ઘોંચવામાં આવેલી શૂળની વેદનાથી તેમને ખૂબ પીડાતા જોઈને પોતાનો એક વૈદ્યમિત્ર જે શસ્ત્રક્રિયામાં પણ કુશળ હતો તેને બોલાવ્યો. તેણે કેટલીક વૈદ્યકીય પ્રક્રિયા કર્યા બાદ કાનમાં રહેલા શૂળને ઢીલા કરીને સાણસી વડે ખેંચી કાઢયા અને ભગવાન અસહ્ય વેદનાથી મુક્ત બન્યા.

ભગવાનના તપનો એક પ્રકાર અભિગ્રહ ધારણ કરવાનો હતો. અભિગ્રહ એટલે મનમાં અમુક સંયોગો નક્કી કરવા અને એ સંયોગોની પરિપૂર્તિ થાય તો જ ભિક્ષા ગ્રહણ કરવી. એ સંયોગોની પરિપૂર્તિ ન થાય ત્યાં સુધી અનશન—ઉપવાસ ચાલ્યા કરે. આવા કેટલાક અભિગ્રહોમાંનો એક અભિગ્રહ નીચે મુજબનો હતો :

એક દિવસ તેમણે એવો અભિગ્રહ ચિંતવ્યો કે, કોઈ ઊંચા કુળની કન્યા કે રાજકુમારી કર્મવશાત્ દાસીપણાને પામી હોય, ઘરના ઉંમરામાં બેઠી હોય, ઘરમાં વધ્યું ઘટયું ખાવાની તૈયારી કરતી હોય—આવી કન્યા યા રાજકુમારી સ્વેચ્છાએ પોતાના અન્નમાંથી ભિક્ષા આપે ત્યારે જ પારણું કરવું, ત્યાં સુધી બિલકુલ અન્ન ગ્રહણ કરવું નહિ. આવો ભીષણ અભિગ્રહ શી રીતે પૂરો થાય? અને એ પૂરો ન થાય ત્યાં સુધી ભગવાન પારણું શી રીતે કરે? આમ ઉપવાસમાં અને ઉપવાસમાં દિવસો ઉપર દિવસો વીતવા લાગ્યા; મહિના ઉપર મહિના વ્યતીત થવા લાગ્યા; આમ છ મહિના પૂરા થવાને માત્ર પાંચ દિવસ બાકી હતા એવામાં ઉપર જણાવેલ અભિગ્રહની આ રીતે પરિપૂર્તિ થઈ.

બનેલું એમ કે, કોઈ એક દેશ ઉપર અન્ય કોઈ નરપતિએ આક્રમણ કરેલું અને તે દેશના રાજાને હરાવેલો. તેની ચંદનબાળા નામની એક રૂપાળી રાજકુમારી કોઈ લૂંટારાના હાથમાં આવી. તેણે ધનાવહ શેઠ નામના કોઈ એક વ્યાપારીને વેચેલી. તે રાજકુમારીને ધનાવહ શેઠ પોતાને ઘેર લઈ આવ્યા. આ રાજકુમારીનું રૂપ જોઈને પેલા શેઠની મૂલા નામની સ્ત્રીના દિલમાં ઈર્ષ્યા પેદા થઈ અને તેને કોઈ રીતે ખતમ કરવાનો વિચાર કરવા લાગી. આ દરમિયાન ધનાવહ શેઠને એકાએક બહારગામ જવાનું થયું. આ તકનો લાભ લઈને મૂલા શેઠાણીએ ચંદનબાળાનું માથું મુંડાવી નાંખ્યું અને પગમાં બેડી પહેરાવીને ઘરની બહાર દૂર આવેલી એક ઓરડીમાં તેને પૂરી દીધી—એ અપેક્ષાએ કે, ખાધાપીધા વિના તે એમ ને એમ મરી જાય. પછી મૂલા શેઠાણી પિયર ચાલી ગયાં. પણ ધનાવહ શેઠ અણધાર્યા એ જ દિવસે પાછા આવ્યા. શેઠે ચંદનબાળાની શોધ કરવા માંડી, પણ શેઠાણીના ડરના માર્યા કોઈ નોકર-ચાકર તેનો પત્તો આપે નહિ. આખરે તપાસ કરતાં ત્રીજા દિવસે ચંદનબાળાની તેમને ભાળ લાગી. તે જ્યાં હતી ત્યાંથી તેને ઊઠાડીને ઘરના આંગણામાં બેસાડી. બપોરનો વખત હતો. રસોઈ પતી ગયું હતું. અડદના બાકળા વધેલા પડયા હતા તે સુપડામાં નાંખીને ચંદનબાળાને ખાવા આપ્યા અને શેઠ બેડી તોડવા માટે લુહારને તેડવા ગયા. એટલામાં વર્ધમાનસ્વામી ત્યાં આવી ચઢયા. ચંદનબાળાને જોતાં પોતાનો અભિગ્રહ હવે પૂરો થશે એમ વિચારીને 'ધર્મલાભ' કહીને ચંદનબાળાની સમક્ષ ઊભા રહ્યા. ચંદનબાળા પણ જન્મજાત ધર્મસંસ્કારવાળી હતી. ભોજન સમયે કોઈ અભ્યાગતને કંઈ ને કંઈ ભિક્ષા આપ્યા સિવાય તે કદિ ખાતી નહિ. આવો તેનો ચાલુ નિયમ હતો. આજે ત્રણ દિવસની તે ઉપવાસી હોવા છતાં ચંદનબાળા કોઈ સાધુ ભિક્ષુકના આગમનની રાહ જોતી બેઠી હતી. એવામાં સમીપ આવી ઊભા રહેલા દિવ્ય પુરુષને જોઈને તેના આનંદનો પાર ન રહ્યો. પોતાને ધન્યભાગ્ય માનતી ચંદનબાળાએ ભગવાન મહાવીરને ભક્તિપૂર્વક સૂપડામાંના બાકળા વહોરાવ્યા. ભગવાને ત્યાં ઊભા ઊભા લગભગ છ માસના અનશનનું પારણું કર્યું. ચંદનબાળા ઊંડી કૃતાર્થતા અનુભવી રહી. આ ચંદનબાળા, ભગવાન મહાવીરે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ ધર્મતીર્થનું સ્થાપન કર્યું ત્યારે, તેમની સૌથી પ્રથમ સાધ્વી—શિષ્યા બની. આમ સાડાબાર વર્ષ સુધી તેમણે કલ્પનાતીત એવી તપશ્ચર્યા કરી, આત્મસાધના કરી. આ દરમિયાન તેઓ બહુધા મૌન સેવતા, કદિ કોઈને ઉપદેશ કરતા નહિ, શત્રુમિત્ર પ્રત્યે સમભાવ દાખવતા, અને ધ્યાનચિંતનમાં કાયોત્સર્ગમાં મોટા ભાગે સમય વીતાવતા. આ સાડાબાર વર્ષ દર-

મિયાન તેમણે બે દિવસથી માંડીને ત્રણ, આઠ, પંદર, ચાતુર્માસ અને એક વાર લગભગ છ માસ સુધીના એમ જુદા જુદા ગાળાનાં અનશન કરેલાં અને આ સાડાબાર વર્ષના ગાળામાં માત્ર ૩૪૯ દિવસ તેમણે અન્ન લીધેલું એમ શાસ્ત્રકારો જણાવે છે. આ કારણે તેમને 'દીર્ઘતપસ્વી' એ નામથી ઓળખવામાં આવે છે.

આખરે આ અતિ ઉત્કટ તપશ્ચર્યાના—સાધનાના—પરિણામે વૈશાખ શુદ ૧૦ ના દિવસે ઋજુવાળુકાના તીરે ચાર ઘાતી કર્મોનો ક્ષય થતાં તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. કેવળજ્ઞાન એટલે જ્ઞાનનો પરમ પ્રકર્ષ, સર્વજ્ઞત્વ, બૌદ્ધ ધર્મમાં જેને પ્રજ્ઞા પારમિતા કહે છે તેની પ્રાપ્તિ. આથી જાણવાયોગ્ય સર્વ કાંઈ તેમણે જાણી લીધું. સમગ્ર સંસારનો ઉદ્ધાર કરે—માનવજાતિને પરમ ઉપકારક બને—એવું જીવનદર્શન તેમને પ્રાપ્ત થયું. આવો પરમ પુરુષાર્થ સાધવા બદલ હવે તેઓ 'મહાવીર' ના નામથી ઓળખાવા લાગ્યા.

આમ પૂર્ણત્વને પ્રાપ્ત કર્યા બાદ તેઓ અપાપા નગરીમાં પધાર્યા. અહીં તેમણે પહેલવહેલી ધર્મદેશના આપી. આ નગરીમાં આ સમયે ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ વગેરે અગિયાર પંડિતો એક શ્રેષ્ઠીએ યોજેલા યજ્ઞનું સંચાલન કરી રહ્યા હતા. ભગવાન મહાવીરને જોવા સાંભળવા જઈ રહેલા સંખ્યાબંધ નરનારીઓને જોઈને આ પંડિતો ચકિત બન્યા અને 'આ અહીં કોણ આવ્યું છે?' એમ આવતા જતા લોકોને પૂછવા લાગ્યા. ભગવાન મહાવીરનો મહિમા સાંભળીને તેઓ તેમની તરફ આકર્ષાયા અને ભગવાનને જોઈને અત્યંત પ્રભાવિત બન્યા અને તે અગિયારે પંડિતો પોત-પોતાના શિષ્યપરિવાર સાથે ભગવાન મહાવીરના દીક્ષિત બન્યા. આ અગિયાર પંડિતો તેમના પ્રમુખ શિષ્યો એટલે કે ગણધર કહેવાયા. ચંદનબાળાને ભગવાન મહાવીરને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયાની ખબર પડી એટલે અનેક રાજકુમારીઓ સાથે ભગવાન મહાવીર વિચરતા હતા ત્યાં આવી ચઢી અને તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. અનેક નરનારીઓ તેમના અનુયાયી બન્યા અને આ રીતે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા—એમ ચતુર્વિધ સંઘની ભગવાન મહાવીરે સ્થાપના કરી.

ત્યાર બાદ ત્રીશ વર્ષ સુધી ભગવાન મહાવીરે ઉત્તર પ્રદેશ, બિહાર તથા બંગાળમાં સતત વિહાર કરીને જૈનધર્મનો ફેલાવો કર્યો. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવા પાંચ મહાવ્રતો ઉપર સાધુનો આચારધર્મ પ્રતિષ્ઠિત કર્યો, સમ્યગ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર—એ ત્રણના પાયા ઉપર રહેલા મોક્ષમાર્ગનું નિરૂપણ કર્યું, અનેકાંતવાદની પ્રરૂપણા સાથે જૈન ધર્મને સર્વગ્રાહી બનાવ્યો, હિંસાપ્રચુર એવા યજ્ઞયાગાદિનો નિષેધ કર્યો, બ્રાહ્મણની સર્વોપરિતાનો વિરોધ કરીને બધા વર્ણોને સમાનતાની ભૂમિકા ઉપર સ્થાપિત કર્યા, વેદની અપૌરૂષેયતાનો અસ્વીકાર કરીને સદ્—અસદ્નો વિવેક કરતી માનવીની પ્રજ્ઞાનું બહુમાન કર્યું, 'જીવો અને જીવવા દો' એ સૂત્ર ઉપર માનવીના જીવનવ્યવહારને આધારિત કર્યો. આ રીતે એ વખતની વિચારજડ તેમ જ આચાર-જડ જનતાને નવું જીવનદર્શન આપ્યું, તેનામાં વિચાર જાગૃતિ પેદા કરી અને સર્વોદયલક્ષી—તીર્થની સ્થાપના કરી. આવા પરમોપકારક જગદુદ્ધારક ભગવાન મહાવીરનું ૭૨ વર્ષની ઉંમરે નિર્વાણ થયું. તેમનો જીવનદીપ ઓલવાયો, પણ તેમણે પ્રગટાવેલો વિચાર-દીપ આજે પણ સ્થિરપણે પ્રકાશી રહ્યો છે, પોતાનો પ્રકાશ ફેલાવી રહ્યો છે, અને અનેકને માર્ગદર્શક-પથપ્રદર્શક બની રહ્યો છે. આવા ભગવાન મહાવીરને આપણાં અનેકશઃ વંદન હો!* **પરમાનંદ**

*આ કથા શ્વેતાંબર પરંપરા અનુસાર લખવામાં આવી છે. તંત્રી

સંઘના સભ્યો તેમ જ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને—

સરનામા નવા છપાવવાના હોઈ સભ્યો તથા ગ્રાહકોને પોતાના સરનામામાં જે કાંઈ ફેરફાર હોય અથવા નજીવી પણ ભૂલ રહેતી હોય તો તે સત્વર કાર્યાલયને જણાવવા આથી વિનંતિ કરવામાં આવે છે.

હજુ ઘણા સભ્યોના ચાલુ સાલ ૨૦૧૯ના વર્ષના લવાજમો વસૂલ આવ્યા નથી તો તે પણ સત્વર મોકલી આપવા તેમને વિનંતિ કરવામાં આવે છે. **વ્યવસ્થાપક**

☆ અનેકાન્તવાદ ☆

(૪) આક્ષેપ પરિહાર

(ગતાંકથી ચાલુ)

સાંપ્રદાયિક અભિનિવેશને કારણે અનેકાંતવાદ જે જીવનમાં સ્વાભાવિક છે અને તેથી જ દર્શનમાં જે અનિવાર્ય છે, તે વિષે દાર્શનિકોએ માત્ર ખંડનદૃષ્ટિ અપનાવીને તેનો જે નિરાસ કર્યો છે, તે સર્વથા અનુચિત છે. શંકરાચાર્ય જેવા મહાન દાર્શનિક ગણાતા આચાર્યે પણ અનેકાંતવાદમાં ગુણ જોવાને બદલે પોતાની સાંપ્રદાયિકતાને કારણે દોષો જોયા છે અને તેનું જે ખંડન કર્યું છે તે તેમની કીર્તિને ઉજ્જવલ કરનાર તો નથી જ. સ્યાદ્વાદને સંશયવાદ કહેવો તે તો જ સાચું ઠરે, જો જૈનો બે ધર્મો વિષે ડોલાયમાન સ્થિતિમાં હોય અને બેમાંથી એક વિષે પણ નિર્ણય આપી શકતા ન હોય. જૈનોએ બે વિરોધી ધર્મોની અપેક્ષાભેદે સિદ્ધિ જ કરી છે તો પછી તેમાં સંશય જેવું ક્યાં રહ્યું? સામે ઉભેલ સ્ત્રીમાં માતૃત્વ અને પત્નીત્વ એ બન્ને ધર્મ વિષે નિશ્ચિત મત હોય અને એ બન્ને ધર્મ વિષે નિશ્ચિત દલીલો પણ હોય, તો પછી તે બન્ને ધર્મો માનવામાં સંશયને સ્થાન નથી જ. તે રીતે જ તેમાં વિરોધ પણ નથી. કારણ કે એને માતા માનવામાં અને પત્ની માનવામાં અપેક્ષાઓ જુદી જુદી છે. એક જ અપેક્ષાએ તેમાં માતૃત્વ—પત્નીત્વ માનવામાં વિરોધ જરૂર આવે, પણ તેમ તો જૈનો માનતા જ નથી. વસ્તુમાં એકતા, નિત્યતા માનવામાં દ્રવ્યદૃષ્ટિને આશ્રય છે અને અનેકતા, અનિત્યતા માનવામાં પર્યાય દૃષ્ટિનો આશ્રય છે. તો પછી વિરોધ ક્યાં રહ્યો?

અનેકાંતની ભાવના તો ઋગ્વેદ જેટલી જૂની મળે છે. જ્યારે અનેક દેવવાદ ચાલ્યો ત્યારે ઈન્દ્રદેવ મોટા કે વરુણ મોટા એ વિવાદ શરૂ થયો. ભક્તો પોતપોતાના ઈષ્ટદેવને ઊંચા ઠરાવવા પ્રયત્ન કરે તે સ્વાભાવિક છે. પણ અંતે એ વિવાદનો અંત તો અનેકાંત જ કરી આપે છે. દીર્ઘતમા ઋષિએ કહ્યું કે—"एकं सत् विप्रा बहुधा वदन्ति" (ઋગ્વેદ ૧. ૧૬૪. ૪૬) પરમ સત્ એક જ છે, પણ કવિઓ તેમને જુદા જુદા નામે કહે છે. આમ અનેક દેવોનો સમન્વય એકમાં કરવામાં આવ્યો. ક્યાં વરુણ અને ક્યાં ઈન્દ્ર—એ બેનો અને તેવા જ બીજા અનેક દેવોનો દેખીતો વિરોધ ગાળીને તેમને સૌને એક બનાવી દેવામાં આવ્યા અને વિવાદને શમાવી દેવામાં આવ્યો. આમ કરવામાં ઋષિને અનેકાંત-વાદમાં ન તો અજ્ઞાનવાદની ઝાંખી થઈ કે ન સંશયવાદ દેખાયો અને ન વિરોધ પણ દેખાયો. તો પછી શંકરાચાર્ય જેવા વિદ્વાન દાર્શનિકને જૈન અનેકાંતમાં એ બધા દોષો શા માટે દેખાયા? ઉત્તર શંકરાચાર્યની સાંપ્રદાયિક દૃષ્ટિમાંથી જ મળી રહે છે.

એજ શંકરાચાર્ય જેમને જૈન અનેકાંતમાં સંશય, અજ્ઞાન, વિરોધ આદિ દોષો દેખાયા છે, તેમણે જ્યારે ઉપનિષદની ટીકા કરી છે ત્યારે અનેકાંતના એ દોષોને ભૂલી જાય છે. બ્રહ્મને ઉપનિષદમાં સત્, અસત્ જેવા વિરોધી શબ્દો વડે કહેવામાં આવ્યું છે, એટલું જ નહિં, પણ, તેનું પૃથ્વી, પાણી, વાયુ આદિ સાથે પણ એકત્વ માનવામાં આવ્યું છે અને ઉપનિષદોના એવા અનેક વિરોધી મન્તવ્યોનો સમન્વય એક માત્ર બ્રહ્મમાં સ્વયં શંકરાચાર્યે કરીને વેદાંત દર્શનને સ્થિર કર્યું છે. બ્રહ્મને "अणोरणीयान् महतो महीयान्" (કઠ. ૧-૨-૨૦)—તે બ્રહ્મ આણુથી પણ આણુ અને મહત્ થી પણ મહત્ છે. વળી "क्षरमक्षरं च व्यक्ताव्यक्तम्" (શ્વેતાશ્વતર ૧-૮)—તે બ્રહ્મ ક્ષર પણ છે અને અક્ષર પણ છે, વ્યક્ત પણ છે અને અવ્યક્ત પણ છે; "तदेजति तन्नैजति" ૮—ઈશાવાસ્ય ૫—તે ચંચલ છે અને અચંચલ પણ છે—આવા અનેક વિરોધી ધર્મો વડે ઉપનિષદોમાં જણાવવામાં આવ્યું છે અને એ બધા વિરોધોનું સમાધાન શંકરાચાર્યે ઉપનિષદોની ટીકામાં આપ્યું છે. તેમાં તેમને તે સમન્વય કરવામાં કોઈ દોષ દેખાયો નથી. પણ જૈનો જ્યારે વસ્તુને તેવા જ વિરોધી

ધર્મોવાળી સિદ્ધ કરે છે ત્યારે તેમને અનેકાંતમાં—સમન્વયવાદમાં—અનેક સંશયાદિ દોષો સુઝે છે—આ તેમની સાંપ્રદાયિક દૃષ્ટિનું જ પરિણામ છે.

આપણા રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનની વિશેષતા એ છે કે તેઓ આધુનિક કાળના એક મોટા સમન્વયદર્શી પુરુષ છે. તેમના લખાણોમાં બીજા દાર્શનિકોની જેમ ધર્મ વિષે કે દર્શન વિષે કદાગ્રહ જવલ્લે જ દેખાય છે. આથી તેઓ પૂર્વ અને પશ્ચિમના ધર્મો અને દર્શનોના મહાન સમન્વેતા તરીકે પ્રખ્યાત થયા છે. તેમને અનેકાંતમાં વિરોધ આદિ દોષો ન જણાય તે સ્વભાવિક છે, પણ તેમના ઉપર પણ અદ્વૈતબ્રહ્મનો પ્રભાવ અજબ પડયો છે. આથી તેમણે અનેકાંતવાદ વિષે ટીકા કરતાં કહ્યું છે કે અનેકાંતવાદમાં ત્રુટિ હોય તો તે એક જ છે અને તે એ કે તેમાં absolute ને (પરમતત્વ—બ્રહ્મ જેવા એકાંત તત્ત્વને) સ્થાન નથી. અહીં બહુજ નમ્રતાપૂર્વક જણાવવાનું કે અનેકાંતમાં absolute ને સ્થાન ન હોય તે અનેકાંતવાદનું દૂષણ નથી પણ ભૂષણ છે. અનેક પ્રકારના absolute નો વિરોધ કરવા માટે જ તો અનેકાંતવાદ (non-absolute)નો જન્મ થયો છે. તો પછી તેમાં તેવા એકાંત તત્ત્વને પરમતત્ત્વ રૂપે સ્થાન કેવી રીતે હોઈ શકે? તેમને મતે તો પરમતત્ત્વ absolute જે કાંઈ હોય તે non-absolute અનેકાંતાત્મક જ હોઈ શકે. વળી તેવા absolute ને અનેકાંતમાં અવકાશ જ નથી એમ પણ કહી શકાય તેમ છે નહિ. કારણ કે પહેલાં જણાવી ગયા તેમ અદ્વૈતવેદાંતસંમત બ્રહ્મની કલ્પનાને—absolute ને જૈનોએ પોતાના સંગ્રહનયમાં આંશિક સત્ય તરીકે સ્થાન આપ્યું જ છે. અનેકાંતવાદ આવા અનેક પ્રકારના કલ્પિત absolute માંથી જ ઊભા થાય છે અને તેમને તેમનું સ્થાન સંપૂર્ણ સત્યમાં ક્યાં છે તે નિશ્ચિત કરી આપે છે. આવા અનેક absolute નો સમન્વય જો કરવામાં ન આવે તો અનેકાંતવાદનું ઉત્થાન પણ ન થઈ શકે. આ પ્રમાણે ડૉ. રાધાકૃષ્ણનનો આક્ષેપ પણ તેમના બ્રહ્મ વિશેના અભિનિવેશને લઈને જ છે એમ માન્યા વિના છૂટકો નથી.

એ સાચું જ છે કે વિવાદ શબ્દવ્યવહારને કારણે જ થાય છે અને ઉત્કૃષ્ટ ધ્યાનની ભૂમિકામાં જ્યાં વિતર્ક કે વિચારને અવકાશ નથી અને વળી જ્યાં ધ્યાનના વિષયભૂત એકમાત્ર આત્મતત્ત્વ કે એવા જ કોઈ ધ્યેયપદાર્થનું સાક્ષાત્કરણ છે ત્યાં અખંડ બોધ થાય છે અને એવા બોધને absolute નિર્વિકલ્પ શબ્દથી વર્ણવવામાં આવે છે. પણ એજ નિર્વિકલ્પનું જ્યારે વર્ણન કરવામાં આવે છે ત્યારે વિકલ્પો ઊભા થાય છે. આમ નિર્વિકલ્પ અને સવિકલ્પનો પણ અનેકાંતવાદમાં સ્વીકાર છે જ. બીજા શબ્દોમાં વસ્તુની વાચ્યતા અને અવાચ્યતા બન્નેનો સ્વીકાર અનેકાંતવાદમાં છે જ. આ રીતે પણ absolute ને અનેકાંતવાદમાં સ્થાન નથી એમ કહેવું તે મારા નમ્ર મત પ્રમાણે વિચારણીય ઠરે છે. અનેકાંતમાં absolute ને સ્થાન છે જ પણ absolute ને જ સ્થાન નથી. આમ અનેકાંતવાદના સ્વરૂપને કારણે બને છે. અનેકાંતવાદની એ વિશેષતા છે કે તે ધ્યાનગમ્ય અને ઈન્દ્રિયગમ્ય વસ્તુની સચ્ચાઈનો નિષેધ કરતો નથી. તેને મતે નિશ્ચિયનય જેમ સાચો છે તેમ વ્યવહારનય પણ સાચો છે. વસ્તુવ્યવસ્થા કેવળ નિશ્ચયથી કે કેવળ વ્યવહારથી જૈન દર્શનમાં નથી. આથી જ આત્માને અરસ—અગન્ધ આદિ વિશેષણોથી નવાજવા સાથે સંસારી આત્મામાં રૂપ, રસ, ગંધ આદિનો સ્વીકાર પણ છે. આત્માનો મોક્ષ કે આત્માની મુક્તાવસ્થા જેટલી સાચી છે તેટલી જ સાચી સંસારાવસ્થા પણ છે. ભેદ છે તો તે એ કે એક ત્યાજ્ય છે જ્યારે બીજી ઉપાદેય છે. પણ આથી બન્નેની સચ્ચાઈમાં ભેદ નથી. અદ્વૈતવેદાંત અને જૈન દર્શનમાં અહિં જ ભેદ પડે છે. અદ્વૈતવેદાંત કહે છે કે જે મુક્તાત્મા-બ્રહ્મ છે તે જ સત્ય છે અને સંસારાવસ્થા મિથ્યા છે, ત્યારે જૈન દર્શન આત્માની મુક્તાવસ્થાની જેમ જ સંસારી આત્માને પણ સત્ય કહેશે. વેદાંત આત્માની ત્રૈકાલિક સત્તાને સત્ય માને છે, પણ આત્માની કાલમર્યાદિત કોઈ પણ અવસ્થાને સત્ય માનતું નથી, જ્યારે જૈનો ત્રૈકાલિક આત્મચૈતન્યની જેમ જ આત્માનો મનુષ્યભાવ આદિ જે મર્યાદિત કાલની વિવિધ અવસ્થાઓ છે તેને પણ સત્ય માને છે. ટૂંકામાં અદ્વૈતવેદાંત જે પ્રપંચને મિથ્યા માને છે તેને જૈન સત્ય માને છે. પરમબ્રહ્મનો સમાવેશ નિશ્ચયનયમાં જૈનદર્શનમાં છે અને પ્રપંચનો સમાવેશ વ્યવહારનયમાં છે. અને નિશ્ચય તથા વ્યવહાર બન્નેને જૈન દર્શન સત્ય માને છે. આથી જ નિશ્ચયનયની દૃષ્ટિએ absolute ને જૈન દર્શનમાં સ્થાન છે જ, પણ absolute ને જ જૈન દર્શનમાં સ્થાન નથી. non-absolute પણ જૈનદર્શન માને છે, કારણ કે વ્યવહારને પણ સત્ય માને છે.

શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનમાં એક પરમતત્ત્વ માનવામાં આવ્યું છે, જેને ખરી રીતે તેઓ અવર્ણનીય કહે છે, છતાં પણ કાંઈક વર્ણન કરવું જ હોય તો તેને તેઓ સચ્ચિદાનંદ કહેવાનું પસંદ કરે છે. એમના મતે આ એક જ તત્ત્વમાંથી ચેતન અને જડ બન્ને તત્ત્વોની સૃષ્ટિ છે. અર્થાત્ એક જ તત્ત્વમાં જડ—ચેતનનો કશો જ વિરોધ નથી. શંકરની જેમ તેઓ જડને માયિક નથી માનતા, પણ જ્યારે સત્ તત્ત્વમાં ચેતનાશકિત કે જ્ઞાનશકિત સુપ્ત હોય છે ત્યારે તે જડ કહેવાય છે અને ક્રમે કરી તે વિકસે ત્યારે અંતમાં ચૈતન્ય પૂર્ણ સ્વરૂપમાં બની જાય છે. બાહ્ય જે ભૌતિક વસ્તુઓ છે તે પણ શ્રી અરવિંદના મતે સત્ છે. એને શંકર જેમ શ્રી અરવિંદ માયિક નથી કહેતા. જૈન દૃષ્ટિએ પણ સત્ સામાન્ય તત્ત્વ એક જ છતાં તેના બે વિશેષો છે. એક ચૈતન્ય અને બીજું જડ, આમ એક રીતે અનેકાંતને શ્રી અરવિંદના મતમાં પણ સ્થાન છે જ. શ્રી અરવિંદની જ્ઞાનપ્રક્રિયા અને તત્ત્વપ્રક્રિયા વિષે જરા લંબાણથી વળી કોઈ અવસરે લખવા વિચાર છે.

ભગવાન બુદ્ધના અનુયાયી ધર્મકીર્તિ અને શાંતરક્ષિત જેવા આચાર્યોએ પણ અનેકાંતવાદમાં વિરોધાદિ દોષ જોયો છે, પણ સ્વયં બુદ્ધ વિભજ્યવાદી હતા. આથી જ તેઓએ અનેક પ્રકારના એકાંતોનો નિષેધ કરીને પોતાના માર્ગને મધ્યમ માર્ગનું નામ આપ્યું છે. તેમણે વસ્તુને ક્ષણિક કહી છે એ સાચું છે, પરંતુ સાથે જ ધર્મકીર્તિ અને શાંતરક્ષિત પણ પ્રવાહનિત્યતા માનીને પુનર્જન્મની વ્યવસ્થા ઘટાવે જ છે. આમ અનેકાંતવાદનો નિષેધ કરવા છતાં પાછલેબારણેથી તેનો સ્વીકાર છે જ.

મીમાંસક કુમારિલ એક તરફ એમ કહે છે કે જૈન—બૌદ્ધનો અહિંસા આદિનો ઉપદેશ સારો તો છે, પણ તે ચામડાની બોખ—માંના પાણીની જેમ અગ્રાહ્ય છે, કારણ કે તે વેદવિરોધીઓના મુખથી થયેલ છે. પણ એ જ કુમારિલ જ્યારે વસ્તુવિચાર કરે છે અને ખાસ કરી આત્મવિચાર કરે છે ત્યારે જૈનોના અનેકાંતવાદને સંમત એવા ભેદાભેદનો આશ્રય લે છે, અને દ્રવ્ય—પર્યાયવાદનો આશ્રય લઈ વસ્તુની નિત્યતા—અનિત્યતા સિદ્ધ કરે છે.

નૈયાયિકોને અનેકાંતવાદમાં વિરોધ જણાયો છે, પણ એ જ નૈયાયિકોએ અવાન્તર જાતિના એક પ્રકારને સામાન્ય—વિશેષ કહ્યો છે. જેમ કે ગોત્વ જાતિ એ ગાયોની અપેક્ષાએ સામાન્ય છે, પણ અશ્વત્વની અપેક્ષાએ વિશેષ છે.

રામાનુજ, વલ્લભ આદિ બ્રહ્મના પરિણામવાદને માનનારા હોઈ તે વિષે અનેકાંતવાદી જ કહેવાય, છતાં પણ તેઓ શંકરાચાર્યે કરેલ અનેકાંતવાદના ખંડનમાં સંમત થાય છે તે સાંપ્રદાયિક અભિનિવેશ જ છે.

સમાપ્ત

દલસુખ માલવણિયા

વિષયસૂચિ

		પૃષ્ઠ
ભગવાન મહાવીરના જીવનના પ્રેરક પ્રસંગો	પરમાનંદ	૨૩૯
અનેકાન્તવાદ	દલસુખ માલવણિયા	૨૪૧
પ્રકીર્ણ નોંધ : રાજકીય નેતૃત્વને વરેલા શ્રી ઢેબરભાઈ ખાદી કમિશનના અધ્યક્ષસ્થાને આવે છે, કલ્પનાતીત ઘટના બને છે: કાળગંગા ઉલટી વહેવા માંડી છે, મ્યુનિસિપલ શિક્ષણ-સમિતિના નવા ચેરમેન શ્રી લીલીબહેન દેસાઈને અભિનંદન, એક લોકનિષ્ટ પ્રજાસેવકનું દુ:ખદ અવસાન, અમદાવાદમાં ભરાનાર જૈન સંમેલનનાં મોકલવામાં આવેલ નિમંત્રણો અંગે સ્પષ્ટતા.	પરમાનંદ	૨૪૩
શ્રી. મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત		૨૪૫
સંઘની વાર્ષિક સામાન્ય સભા		૨૪૭

☆ પ્રકીર્ણ નોંધ ☆

રાજકીય નેતૃત્વને વરેલા શ્રી ઢેબરભાઈ

ખાદી કમીશનના અધ્યક્ષસ્થાને આવે છે

આજે જ્યારે સત્તાના રાજકારણે ચોતરફ પોતાનું આધિપત્ય જમાવ્યું છે અને મળેલા સત્તાધિકારને છોડવાને જ્યારે કોઈ તૈયાર દેખાતું નથી અને ચૂંટણીમાં હારેલા રાજપુરુષો પણ એ દિશા તરફ જ મીટ માંડી બેઠેલા જોવામાં આવે છે ત્યારે વર્ષોથી રાજકારણી નેતૃત્વને વરેલા અને રાજકીય મહત્વાકાંક્ષાઓના પૂરકદ્વારસમી લોકસભામાં આજે પણ જેમનું સ્થિર સ્થાન હતું એવા શ્રી ઉછરંગરાય ઢેબરે લોકસભાના સભ્યપદનું રાજીનામું આપીને ખાદી કમિશનના પ્રમુખનું સ્થાન ખાલી કરતા શ્રી વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતાની જવાબદારી ચાલુ એપ્રિલ માસની પહેલી તારીખથી સ્વીકારી છે અને આ રીતે અમુક અંશે તેમણે સ્વેચ્છાએ રાજકીય સંન્યાસ અપનાવ્યો છે તે માટે તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. તેમણે દેશની સેવા અર્થે ભોગવૈભવનો ત્યાગ કર્યો છે તેના કરતાં પણ આજના સંયોગોમાં તેમણે કરેલા લોકસભાના સભ્યત્વના ત્યાગનું મહત્વ મારે મન વધારે છે. રાજકારણનું અનુપાન તો શ્રી ઢેબરભાઈ નાગરજ્ઞાતિના હોઈને તેમને ગળથુથીમાં જ મળ્યું છે. સાથે સાથે તેઓ ગાંધીનિષ્ઠાને ઘનિષ્ઠપણે વરેલા છે. ખાદી કમિશનના પ્રમુખ થવું એટલે રાજકારણના સ્થાને ગાંધીનિષ્ઠાને પસંદગી આપવા બરોબર છે. આવી પસંદગી કરીને તેમણે સત્તાલોલુપ બની બેઠેલા કોંગ્રેસી આગેવાનો સામે એક અનુકરણીય દાખલો બેસાડયો છે. સત્તા સિવાય સેવા શક્ય જ નથી એવી માન્યતા જ્યારે ચોતરફ ઘર કરી બેઠેલી જોવામાં આવે છે ત્યારે સેવાને દૂષિત બનાવી રહેલા સત્તાના રાજકારણના પ્રલોભનથી મુક્ત બનીને ગાંધીજીને અત્યન્ત પ્રિય એવી ખાદીપ્રવૃત્તિને પોતાનો સમય અને શક્તિ સમર્પિત કરવાનો શ્રી ઢેબરભાઈનો નિરધાર અભિનન્દને પાત્ર છે. આ જવાબદારીને ખાદી કમિશનના પ્રારંભથી શ્રી વૈકુંઠભાઈએ યોગ્ય રીતે શોભાવી છે, તે જ જવાબદારીનું સૂત્ર એવી જ અન્ય યોગ્ય વ્યક્તિને હવેથી સોંપવામાં આવે છે. તે વ્યક્તિને એટલે કે ઢેબરભાઈને પોતાના નવા કાર્યમાં પૂરી સફળતા મળો અને ખાદીનું ઉત્પાદન તેમ જ વેચાણ—બન્નેમાં અનેકગણી વૃદ્ધિ થાઓ, એટલું જ નહિ પણ, ખાદી પાછળની જે ભાવના આજે મૃતઃપ્રાય બની બેઠી છે તેને તેમની પ્રેરણા વડે પુનર્જીવન પ્રાપ્ત થાઓ, એવી આપણે તેમના વિષે શુભેચ્છા અને અન્તરની પ્રાર્થના ચિન્તવીએ.

કલ્પનાતીત ઘટના બને છે: કાંળગંગા ઊલટી વહેવા માંડે છે.

આજથી ૫૦ કે ૬૦ વર્ષ પહેલા આપણો દેશ વસ્ત્રની બાબતમાં અત્યંત પરાવલંબી હતો. પરદેશથી—ખાસ કરીને લેંકેશાયરથી—આશરે ૬૫ કરોડનું કાપડ હિંદમાં આયાત થતું હતું અને પ્રજાદેહ પરદેશી કાપડથી ઢંકાતો હતો અને ઉઘાડો દેખાતો હતો. હાથકતામણ લગભગ અલોપ થયું હતું, હાથવણાટનું કાપડ બહુ ઓછા પ્રમાણમાં પેદા થતું હતું અને મિલઉદ્યોગ કેવળ બાલ્યાવસ્થામાં હતો.

આ છેલ્લા ૫૦—૬૦ વર્ષના ગાળામાં દેશમાં મિલઉદ્યોગ ખૂબ વિકાસ પામ્યો; હાથવણાટનું કાપડ પણ ઉત્તરોત્તર વધતા જતા પ્રમાણમાં પેદા થવા લાગ્યું: દેશને પોતાની જરૂરિયાત માટે પરદેશી કાપડની કોઈ આવશ્યકતા ન રહી, એટલું જ નહિ પણ, પરિસ્થિતિમાં એટલો બધો પલટો આવ્યો કે જેટલા પ્રમાણમાં અડધી સદી પહેલાં પરદેશથી કાપડ અહીં આવતું હતું તેટલા જ પ્રમાણમાં હવે અહીંની મિલોના કાપડની પરદેશોમાં નિકાસ થવા લાગી છે; ખુદ ઈંગ્લાંડ પણ આપણું જાડું કાપડ ખરીદવા માંડયું છે. હાથવણાટના કાપડ ઉદ્યોગનો પણ ખૂબ વિકાસ થયો છે અને અમેરિકામાં તેની એટલી માંગ વધવા લાગી છે કે હાથવણાટનું કાપડ પરદેશી હૂંડિયામણ કમાવાનું એક મોટું સાધન બની ગયું છે.

આ તો મિલના કાપડની અને મિલના સુતર વડે બનતા હાથવણાટના કાપડની વાત થઈ, પણ ખાદી—હાથે કાંતેલા સુતરમાંથી હાથ સાળ વડે તૈયાર કરતામાં આવતું કાપડ—તેનો ઉપયોગ આપણને આઝાદી પ્રાપ્ત થઈ તે પહેલાં બહુ મર્યાદિત વર્તુલો સુધી ફેલાયેલો હતો અને અર્થવિજ્ઞાનની દૃષ્ટિએ તેના વધારે વિકાસની કોઈ શકયતા દેખાતી નહોતી. આ ખાદીના ઉદ્યોગને સરકારી ધોરણે વિકસાવવા માટે ૧૯૫૩ની સાલમાં ખાદી બોર્ડ સ્થાપવામાં આવ્યું, જ્યારે ખાદી ઉત્પાદન એક કરોડની આસપાસ મર્યાદિત હતું. ત્રણ વર્ષ બાદ ખાદી બોર્ડનું સ્ટેચ્યુટરી કમિશનમાં રૂપાન્તર કરવામાં આવ્યું. મુંબઈમાં જ્યાં એક વખત પરદેશી માલ આયાત કરતી વ્હાઈટવે લેડલો એન્ડ કું. હતી ત્યાં ખાદી એમ્પોરિયમ ખોલવામાં આવ્યું. આવાં જ એમ્પોરિયમો દિલ્હી, કલકત્તા, મદ્રાસ વગેરે સ્થળોએ ખોલવામાં આવ્યાં. ખાદીમાં વિવિધતા આવવા લાગી. અંબર ચરખાની શોધ ખાદીના વિકાસમાં એક નવું સીમાચિહ્ન બની ગયું. ખાદીની માંગ વધવા લાગી. ખાદીનું વિશિષ્ઠ texture પોત-પરદેશી પ્રવાસીઓને આકર્ષવા લાગ્યું. છાપકામની પણ ખૂબ ખીલવણી થવા લાગી. આને લીધે ખાદીના વૈવિધ્યમાં અને મુલાયમપણામાં ખૂબ વૃદ્ધિ થવા લાગી. આજે ખાદીનું વાર્ષિક ઉત્પાદન ૧૯ કરોડથી આગળ ચાલ્યું છે. આમ છતાં દેશમાં નિપજતી ખાદીનો દેશમાં જ નિકાલ થઈ રહ્યો હતો, પણ તેની પરદેશમાં નિકાસ થવાની કોઈ કલ્પના સરખી આવતી નહોતી.

હવે ખાદીના ક્ષેત્રમાં એપ્રિલ માસની આઠમી તારીખે એક નોંધપાત્ર નવા પ્રસ્થાનની ભારે આવકારદાયક શરૂઆત થઈ છે. બ્રિટન અને યુનાઈટેડ સ્ટેટ્સની વ્યાપારી પેઢીઓ સાથે શરૂ કરવામાં આવેલી વાટાઘાટોના પરિણામે એ બન્ને દેશોએ ખાદી કમિશન મારફત મોટા પ્રમાણમાં ખાદી ખરીદવાના કરાર કર્યા છે. આના પરિણામે બ્રિટન દર વર્ષે ૨૦ થી ૩૦ લાખની ખાદી આયાત કરશે. યુનાઈટેડ સ્ટેટ્સમાં ચાલુ વર્ષ દરમિયાન લગભગ ૩૦ લાખની ખાદી નિકાસ કરવામાં આવશે અને બન્નેની અનુકૂળતા મુજબ એ નિકાસ વધતાં વધતાં દશ વર્ષના ગાળામાં વાર્ષિક બે કરોડના લક્ષ્યાંકને પહોંચી વળશે—આવી સંભાવના કલ્પવામાં આવી છે. આના શુભ મુહૂર્ત તરીકે એપ્રિલ માસની આઠમી તારીખે બે લાખની ખાદીનું શીપમેન્ટ ઈંગ્લાંડ તરફ રવાના કરવામાં આવ્યું છે. અલબત્ત, આ પરદેશ મોકલવામાં આવતી ખાદી રંગીન અને છાપકામ વાળી હશે.

આ રીતે આપણા દેશમાંથી તૈયાર કરવામાં આવેલું કાપડ તો ઠીક ઠીક સમયથી પરદેશ જવા માંડયું જ છે, પણ ખાદી કે જેને પરદેશી કોઈ દિવસ હાથ નહિ અડાડે એમ માનવામાં આવતું હતું તે ખાદી પણ પરદેશમાં આટલા મોટા પ્રમાણમાં નિકાસ થવા માંડી-અને તે વર્ષો પહેલાં પરદેશી કાપડની આયાત કરતી વ્હાઈટવે લેડલો કંપનીના મકાનમાંથી—આ ગંગા ઊલટી વહેવા માંડયા જેવી એક ભારે અદ્‌ભુત અને આશ્ચર્યજનક ઘટના કહેવાય. આ શુભ અવસરનું ઉદ્યાપન કરવા માટે તા. ૮—૪—૬૩ના રોજ ખાદી એમ્પોરિયમમાં બોંબે સબર્બન વીલેજ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફથી ખાદીના પુરોહિત—ઉમ્મરમાં વૃદ્ધ પણ કાર્યક્ષમતામાં યુવાન—એવા શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીના પ્રમુખપણા નીચે એક સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાદીઉત્પાદન અને વેચાણના પ્રારંભથી આજ સુધીના માત્ર સાક્ષી નહિ પણ આયોજક અને પ્રયોજક જેરાજાણીના આનંદને કોઈ સીમા નહોતી. કારણ કે જેની તેમને સ્વપ્ને પણ કલ્પના નહોતી તે નજરોનજર જોવાને તેઓ આજે ભાગ્યશાળી બન્યા છે. આ ઊલટી વહેવા માંડેલી ગંગાના ગૌરવના માત્ર તેઓ જ નહિ પણ ખાદીપ્રિય સર્વ કોઈ ભાઈબહેનો એટલા જ અધિકારી બને છે. દેશમાં ચાલી રહેલી કાયાપલટનું આ એક નાનું સરખું પ્રતીક છે.

મ્યુનિસિપલ શિક્ષણસમિતિના નવા ચેરમન

શ્રી લીલીબહેન પંડ્યાને અભિનંદન

મુંબઈની મ્યુનિસિપલ કોરપોરેશનની શિક્ષણસમિતિના ચેરમેન-અધ્યક્ષ—તરીકે શ્રી લીલીબહેન પંડ્યાની તાજેતરમાં નિમણુક કરવામાં આવી છે. આ પ્રસંગે તેમનું હાર્દિક અભિનન્દન કરતાં તેમનો થોડોક પરિચય આપવો જરૂરી લાગે છે.



લીલીબહેન પંડ્યા

શ્રી લીલીબહેન મુંબઈના કાપડના વ્યાપારી અને ઉદ્યોગપતિ સ્વ. હીરાલાલ અમૃતલાલ શાહનાં પુત્રી થાય અને અસાધારણ કુશળતા ધરાવનાર એન્જીનિયર તરીકે ભારતભરમાં ખ્યાતિ મેળવનાર સ્વ. ડૉ. અનંત પંડ્યાનાં પત્ની થાય. મુંબઈની કૉલેજમાં કેળવણી લીધા બાદ ઈંગ્લાંડમાં રહીને તેમ જ વિજ્ઞાનનો વિષય લઈને લંડન યુનિવર્સિટીની ડીગ્રી તેમણે પ્રાપ્ત કરી છે. યુરોપ તેમ જ અમેરિકાનો તેમણે બહોળો પ્રવાસ ક્યો છે અને ભારતીય સન્નારી પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે તેમણે રશીઆ જઈને અનેક શૈક્ષણિક તેમ જ વૈજ્ઞાનિક સંસ્થાઓનું નિરીક્ષણ કર્યું છે. છેલ્લાં પાંચ વર્ષથી મુંબઈની મ્યુનિસિપલ કોર્પોરેશનની શિક્ષણસમિતિના સભ્ય તરીકે તેઓ સેવા આપી રહ્યા છે. મુંબઈની જાણીતી શિક્ષણસંસ્થા ચંદા રામજી ગર્લ્સ હાઈસ્કૂલના નિયામક મંડળના તેઓ ઘણા વખતથી માનદ મંત્રી છે. વોલ્સીંગહેમ હાઉસ હાઈસ્કૂલના વિજ્ઞાનવિભાગના તેઓ મુખ્ય નિમાયક છે. ઈન્ડો—સોવિયટ કલ્ચરલ સોસાયટીના તેમ જ ઈન્ડો—અમેરિકન સોસાયટીના તેઓ એક સભ્ય છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડ એફેર્સના પણ તેઓ એક સભ્ય છે. બાળકો માટેની ઓર્થોપીડીક હૉસ્પીટલની તેમ જ સોસાયટી ફોર ધી સર્વીસ ઓફ ધી ક્રીપલ્ડ ચિલ્ડ્રનની (અપંગ બાળકોની સારવાર અને સેવા માટેના મંડળની) વ્યવસ્થાપક સમિતિનાં તેઓ એક સભ્ય અને માનદ્ કોષાધ્યક્ષ છે. આ ઉપરાંત તેઓ ચાર ઔદ્યોગિક કંપનીઓમાં ડીરેક્ટર છે અને એ રીતે વ્યાપારઉદ્યોગનો બહોળો અનુભવ ધરાવે છે. આવાં એક બહેનની મ્યુનિસિપલ શિક્ષણ સમિતિના ચેરમેન તરીકેની નિમણુક કરવામાં આવી છે તેના ઔચિત્ય વિષે બેમત હોઈ શકે જ નહિ. સુયોગ્ય વ્યક્તિની યોગ્ય સ્થાને વરણી કરવામાં આવી છે એમ આપણે સુનિશ્ચિતપણે કહેવું જ પડે.

તેમણે પોતાની આ નિયુક્તિ થયા બાદ નવી નીમાયલી શિક્ષણસમિતિ સમક્ષ, પ્રસ્તુત જવાબદારી ઉપર સ્થિર થઈને પોતે શું શું કરવા માગે છે તે વિષે એક પ્રેરક, ભાવનાશાળી અને એમ છતાં વ્યવહારૂ સૂચનોથી ભરેલું પ્રવચન કર્યું હતું. તેમાં તેમણે જણાવ્યું હતું કે શિક્ષણખાતા તરફથી પહેલા પગલા તરીકે નવી નિશાળો બાંધવા પાછળ બે કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત બધી નિશાળોને જરૂરી ફરનીચર અને આવશ્યક શિક્ષણસામગ્રી પૂરી પાડવાનો પ્રયત્ન કરવામાં આવશે. કોઈ ક્લાસરૂમ શિક્ષક વિનાનો ન હોય તેની પૂરી સંભાળ રાખવામાં આવશે. શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ નવા શિક્ષકોની નિમણુંક કરવામાં આવશે. શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય, તેમ જ વિદ્યાર્થીઓ બને તેટલા ઓછા નપાસ થાય તે માટે શૈક્ષણિક પદ્ધતિમાં જરૂરી સંશોધન કરવામાં આવે તે હેતુથી શિક્ષકો માટે એક શૈક્ષણિક કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત મ્યુનિસિપાલીટીમાં ભણતા બાળકો અકાળે કેમ મૃત્યુ પામે છે તેનાં કારણોની પૂરી તપાસ કરવામાં આવશે અને તે અટકાવવા માટે જરૂરી ઉપાયો હાથ ધરવામાં આવશે. વળી બાળકો ચેપી દર્દોના ભોગ ન બને તે માટે અટકાયતી સર્વ ઉપાયોનો અમલ કરવામાં આવશે. આ ઉપરાંત ૭થી ૧૩ વર્ષ સુધીના બાળકોને જાતીય શિક્ષણ આપવા અંગે એક નવી જ યોજના પોતાના ભાષણ દરમિયાન તેમણે રજૂ કરી હતી. આ ઉપરાંત ઉપેક્ષિત બાળકોને ઊંચે લાવવા માટે—સભ્ય બાળકની કક્ષા ઉપર તેમને લાવી મૂકવા માટે—મ્યુનિસિપલ વહીવટ, રાજ્ય સરકાર અને સામાજિક કલ્યાણલક્ષી સંસ્થાઓના સંયુક્ત અને સમન્વિત પ્રયત્નોની આવશ્યકતા ઉપર તેમણે ખૂબ ભાર મૂકયો હતો.

લીલીબહેનને પોતે સ્વીકારેલી નવી જવાબદારીને પહોંચી વળવામાં તેમ જ પોતાના પ્રવચનમાં રજૂ કરેલા વિચારોને અમલી બનાવવામાં પૂરી સફળતા મળો એવી તેમના વિષે આપણી શુભેચ્છા હો!

એક લોકનિષ્ટ પ્રજાસેવકનું દુ:ખદ અવસાન

ઊંડી દિલગીરી સાથે જણાવવાનું કે પાલણપુરના અગ્રણી કૉંગ્રેસી નેતા શ્રી ડાહ્યાલાલ મણિલાલ મહેતાનું હૃદયરોગના આક્રમણના પરિણામે તા. ૨—૪—૬૩ના રોજ મુંબઈ ખાતે ૫૧ વર્ષની ઉમ્મરે અવસાન થયું છે. તેઓ જીવનના પ્રારંભથી કેટલાંક વર્ષ સુધી મુંબઈમાં રહીને એક યા બીજા પ્રકારનો વ્યાપાર વ્યવસાય કરતા હતા. પણ આજથી ૨૦ વર્ષ પહેલાં મુંબઈનો વ્યવસાય સંકેલીને તેઓ પાલણપુર જઈને વસ્યા હતા અને જવાબદાર રાજ્યતંત્ર મેળવવાની પ્રજાકીય હીલચાલમાં તેમણે ઝંપલાવ્યું હતું. આ માટે 'લોકસંઘ' નામની સંસ્થા ઊભી કરવામાં આવી હતી, જેના તેઓ સ્થાપક અને સુત્રધાર હતા. આઝાદી મળ્યા બાદ અને પાલણપુર રાજ્યનું મુંબઈ રાજ્યમાં વિર્સજન થયા બાદ જિલ્લા લોકલ બોર્ડ અને જિલ્લા કૉંગ્રેસ સમિતિમાં અનેક જવાબદાર અધિકારો ઉપર રહીને તેમણે પ્રજાની વિવિધ પ્રકારે સેવા બજાવી હતી. પાલણપુરમાં સ્થિર થયા બાદ તેમણે પોતાનું જીવન કેવળ લોકસેવાને સમર્પિત કર્યું હતું. વળી સહકારી પ્રવૃત્તિઓના સંચાલનમાં પણ તેઓ સારો ભાગ લેતા હતા. પાલણપુરમાં સ્થપાયેલી પ્રજાકીય સરકારના તેઓ એક પ્રધાન હતા. 'તરુણ પાલનપુર' 'નવરાજસ્થાન' તેમ જ 'ઉલ્લાસ' નામના સામાયિકોનું તેમણે જુદા જુદા સમયે સંપાદન કર્યું હતું. ગુજરાત રાજ્યની વિધાન સભામાં છેલ્લી ચૂંટણી પહેલાના ગાળામાં તેઓ એક સભ્ય હતા. ત્યાર બાદ તેમની ઘણી અનિચ્છા હોવા છતાં ગુજરાતના સર્વોત્કૃષ્ટ લેખાતા નેતાની આજ્ઞાને અધીન બનીને છેલ્લી ચૂંટણીમાં તેઓ ઊભા રહ્યા હતા, પણ સ્વતંત્ર પક્ષના ઉમેદવાર સામેની હરીફાઈમાં તેઓ સફળ થઈ શકયા નહોતા. છેલ્લા છ આઠ મહિનાથી તેમની તબિયત સારી રહેતી નહોતી. તેમના પરલોકગમનથી ગુજરાતને —વિશેષત: પાલણપુરને—એક સેવાનિષ્ટ કાર્યકર્તાની ખોટ પડી છે. તેમના પરિચયમાં આવતા સૌ કોઈના દિલ ઉપર તેઓ સૌજન્ય, નમ્રતા અને સેવાભાવની ઊંડી ચિરસ્થાયી છાપ અંકિત કરી ગયા છે.

અમદાવાદમાં ભરાનાર જૈન સંમેલનનાં મોકલવામાં આવેલ નિમંત્રણો અંગે સ્પષ્ટતા

અમદાવાદ ખાતે ચાલુ માસની ૧૩ તથા ૧૪ તારીખે શેઠ કસ્તુરભાઈ લાલભાઈ દ્વારા યોજવામાં આવેલ જૈનોના સંમેલન અંગે 'પ્રબુદ્ધ જીવન'માં તે વિશે પ્રગટ કરવામાં આવેલી નોંધમાં એમ જણાવવામાં આવ્યું હતું કે "આ માટે આખા દેશમાંથી શેઠ કસ્તુરભાઈએ પોતાને યોગ્ય લાગી તેવી આશરે ૫૦૦ વ્યક્તિઓને નિમંત્રણ પાઠવ્યાં છે." આ વિધાનમાં રહેલી ભૂલ તરફ ધ્યાન ખેંચતા શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ જણાવે છે કે "શેઠ સાહેબ કે એમના સાથી કાર્યકરોએ પસંદ કરેલ અમુક વ્યક્તિઓને વ્યક્તિગત આમંત્રણો મોકલવામાં આવ્યા છે. તે ઉપરાંત મોટા ભાગનાં આમંત્રણો મુખ્ય મુખ્ય શહેરો અને ગામોના સંઘોને કે ઉપાશ્રયોના ટ્રસ્ટીઓ કે વહીવટદારોને પોતાના તરફથી, આમંત્રણપત્રમાં સૂચવેલ સંખ્યા પ્રમાણે, પ્રતિનિધિઓ મોકલવાનું લખવામાં આવ્યું છે." આ સુધારણા સૂચવવા માટે રતિભાઈનો હું આભાર માનું છું. **પરમાનંદ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત

વિ. સં. ૨૦૧૮ ☆ ઈ. સ. ૧૯૬૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વિ.સં. ૨૦૧૯ના પ્રારંભ સાથે ૩૫ મા વર્ષમાં પ્રવેશ કરે છે. આ સાથે ૩૪મા વર્ષનો વૃત્તાંત રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ વૃત્તાંત વહીવટની દૃષ્ટિએ વિ. સં. ૨૦૧૮નાં પ્રારંભથી અંત સુધીનો છે અને કાર્યવાહીની દૃષ્ટિએ સંઘની છેલ્લી વાર્ષિક સામાન્ય સભા, તા. ૧૯-૩-૬૨ ના રોજ મળી હતી, ત્યારથી આજ સુધીનો એટલે કે ૩૦ માર્ચ, ૧૯૬૩ સુધીનો છે.

જણાવતાં હર્ષ અને ગૌરવ અનુભવીએ છીએ કે ગત વર્ષમાં સંઘનો વહીવટ એક સરખો વ્યવસ્થિત રીતે ચાલ્યો હતો અને સંઘ હસ્તકની વિવિધ પ્રવૃત્તિઓ એક સરખી ગતિમાન રહી હતી. સંઘની સભ્યસંખ્યા ટકી રહી છે અને સભ્યો સક્રિય રસ ધરાવતા થયા છે એ સંતોષની વાત છે.

સંઘની વિશિષ્ટ ત્રણ પ્રવૃત્તિઓ:

(૧)

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

આ વાચનાલય અને પુસ્તકાલયનો લાભ આસપાસ વસતા ભાઈ-બહેનો અને બાળકો બહુ સારા પ્રમાણમાં લે છે. વાચનાલયમાં સરેરાશ ૧૨૫થી ૧૫૦ ભાઈઓ સામયિકો વાંચવા માટે દરરોજ આવે છે. વાચનાલયમાં આવતા સામયિકોમાં—૫ દૈનિકો, ૨૬ સાપ્તાહિકો, ૧૨ પાક્ષિકો, ૪૬ માસિકો, ૨ ત્રિમાસિકો અને ૨ વાર્ષિકો આવે છે.

પુસ્તકાલય વિભાગમાં ગત વર્ષ દરમિયાન ૩૮૪-૭૩ની કિંમતના પુસ્તકો ખરીદવામાં આવ્યા હતા. પુસ્તકાલયનો ચાલુ લાભ લેનારની સંખ્યા ૩૦૦ ની આસપાસ રહી છે.

ગત વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિના સંચાલન પાછળ રૂ. ૫૨૯૫—૪૫નો ખર્ચ કરવામાં આવ્યો છે. અને આવક રૂ. ૪,૩૬૦-૧૯ ની થઈ છે, એટલે રૂ. ૯૩૫—૨૬ની ખોટ આવી છે. આગલા વર્ષોની ખોટ રૂ.. ૨,૫૫૭—૯૧ તેમાં ઉમેરતા આવકજાવક ખાતે એકંદર ખોટની રકમ રૂ. ૩,૪૯૩—૧૭ની ઊભી રહે છે.

(૨)

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘની વર્ષોથી ચાલતી આ પ્રવૃત્તિ ઉત્તરોત્તર વિકાસ પામતી રહી છે; એટલું જ નહિ પણ, આ પ્રવૃત્તિ ઈતર સંસ્થાઓને પ્રેરણારૂપ બની છે અને પર્યુષણ દરમિયાન બીજી સંસ્થાઓએ પણ આવી વ્યાખ્યાનમાળા યોજવાની શરૂઆત કરી છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવતાં પહેલાં ખૂબ પરિશ્રમ લઈ ઉચ્ચ કોટિનાં વક્તાઓનો અને વ્યક્તિઓનો સંપર્ક સધાય છે. આ વખતે પણ વ્યાખ્યાનમાળામાં વિશિષ્ટ કોટિના વક્તાઓને લાવવામાં આવ્યા હતાં, એમાં સૌથી વધારે મહત્ત્વની વ્યક્તિ જાણીતા સર્વોદય કાર્યકર શ્રી જયપ્રકાશ નારાયણ હતા. તેમના બે વ્યાખ્યાનો ખૂબ ચિંતનશીલ હતાં. પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૨૬-૮-૬૨ થી ૩-૯-૬૨ સુધી એમ નવ દિવસની ગોઠવવામાં આવી હતી. જે કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો તે નજીવા ફેરફાર સાથે સાદ્યન્ત પાર પડયો હતો. સાધારણ રીતે આ વ્યાખ્યાનમાળા પ્રસંગે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી અમદાવાદથી મુંબઈ આવતા હતા અને પ્રમુખસ્થાન શોભાવતા હતા. એકાદ બે અપવાદ સિવાય વર્ષોથી આ ક્રમ ચાલતો હતો. આ વખતે તેમની અસ્વસ્થ તબિયતે તેમને અહીં આવતા અટકાવ્યા હતા. આથી તેમની ગેરહાજરીમાં એ સ્થાનને સુયોગ્ય એવા અધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલાને પ્રમુખસ્થાને લાવવામાં આવ્યા હતાં. તેઓશ્રીએ નવે દિવસની સભાનું સંચાલન કર્યું હતું, એટલું જ નહિ, પણ દરેક વ્યાખ્યાનને અંતે વિષયની સમાલોચના કરી તેમની વિદ્વતા અને મૌલિક ચિંતનનો લાભ શ્રોતાઓને આપ્યો હતો.

વ્યાખ્યાનમાળાનો ક્રમ નીચે મુજબ રહ્યો હતો:

વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
બ્રધર લુસિયન	અહિંસા
માનનીય શાંતિલાલ હ. શાહ	શિક્ષણનું માધ્યમ
શ્રી પાંડુરંગ શાસ્ત્રી	નાચિકેત વૃત્તિ
પ્રીન્સીપાલ શ્રી યશવંત શુકલ	અહિંસક અને નિડર સમાજ-રચનાના પ્રશ્નો
શ્રી વસુબહેન ભટ્ટ	દ્રૌપદી
શ્રી જયપ્રકાશ નારાયણ	અહિંસા અને વિશ્વશાન્તિ
પંડિત દલસુખ માલવણિયા	અનેકાન્તવાદ
શ્રી જયપ્રકાશ નારાયણ	નિષ્પક્ષ લોકશાહી
પ્રીન્સીપાલ અમૃતલાલ ભ. યાજ્ઞિક	સીતા
પ્રીન્સીપાલ ધૈર્યબાળા વોરા	આધુનિક નારીની સમસ્યા
પ્રીન્સીપાલ એ.બી. શાહ	ધર્મ વિરુદ્ધ સંપ્રદાય
ડૉ. જી. ડી. પરીખ	ભારતીય લોકશાહી
શ્રી લીનાબહેન મંગળદાસ	'શ્રેયસ' પાછળ મારી દૃષ્ટિ
અધ્યાપિકા તારાબહેન શાહ	આનંદઘન
શ્રી હરિવલ્લભ પરીખ	ગુજરાતના આદિવાસીઓ
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	મૂર્ખાઈની પરાકાષ્ટા
સ્વામી બ્રહ્માનંદજી	ભગવાન બુદ્ધ અને મહાવીર જીવન કયે રસ્તે?
કાકાસાહેબ કાલેલકર	

આ વ્યાખ્યાનમાળા ગુણવત્તાની દૃષ્ટિએ આગળની વ્યાખ્યાનમાળા કરતાં ચડિયાતી રહી એવી છાપ અનેક ભાઈબહેનોનાં મન ઉપર પડી છે. આના અનેક કારણોમાં એક મુખ્ય કારણ એ કે કુલ્લે ૧૭ વ્યાખ્યાતાઓમાં ૧૦ વ્યાખ્યાતાઓ આ વ્યાખ્યાનમાળામાં પહેલી જ વાર ઉપસ્થિત થયા હતા. આથી વ્યાખ્યાનમાળામાં નવીનતાનું તત્ત્વ સારા પ્રમાણમાં રહ્યું હતું. આ વખતે પહેલી જ વાર બ્રધર લુસિયનનું ભાષણ અંગ્રેજી ભાષામાં હતું. વ્યાખ્યાનોમાં સર્વશ્રેષ્ઠ કહી શકાય એવું વ્યાખ્યાન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું 'મૂર્ખાઈની પરાકાષ્ટા' ઉપર હતું.

આ વ્યાખ્યાનમાળા પાછળ સંઘને રૂપિયા ૧૫૬૧-૫૭નો ખર્ચ થયો હતો. સંઘની પ્રવૃત્તિઓનો ઘણોખરો ખર્ચ આ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રોતાઓ તરફથી મળતી આર્થિક સહાય ઉપર નિર્ભર હોય છે. સંસ્કારિક શ્રોતાજનોએ વર્ષોથી સંઘને આર્થિક ચિંતામાંથી મુક્ત રાખેલ છે. આમ છતાં ય સંસ્થાનો વિશેષ વિકાસ ત્યારે જ શક્ય છે, જ્યારે મોટી આર્થિક સહાય સંસ્થાને મળતી રહે. ગત વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘને રૂ. ૮,૪૬૪-૧૭ની અને વાચનાલય અને પુસ્તકાલયને રૂ. ૯૫૮-૦૦ ની આર્થિક સહાય મળી છે. જેમાંથી સંઘને મળેલી રકમમાંથી દિવાળી પહેલા ૭,૫૬૯-૧૭ વસુલ થયા છે અને વાચનાલય પુસ્તકાલયને મળેલી રકમમાંથી રૂ. ૨૫૨-૦૦ વસુલ થયા છે.

(૩)

પ્રબુદ્ધ જીવન

સંઘનું પાક્ષિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' એ સંઘનું ગૌરવભર્યું પ્રકાશન છે—સંઘની વિશિષ્ટતર પ્રવૃત્તિ છે. પ્રબુદ્ધ જીવન આગામી મે માસની પહેલી તારીખનાં અંકનાં પ્રકાશન સાથે ૨૫ મા વર્ષમાં પ્રવેશ કરશે. પ્રબુદ્ધ જીવન પ્રકાશનનાં પ્રારંભથી જ જાહેર ખબરો લેવાના વિચારથી દૂર રહેલ છે. કાગળ, છપાઈના વધતા ભાવો

સાથે પગારોનો પણ ક્રમશ: વધારો—આવા પ્રતિકૂળ સંયોગોમાં પણ પ્રબુદ્ધ જીવન એક સરખું ટકી રહે અને દશથી બાર પાનાની ગંભીર વિચારસામગ્રી જનતાનાં ચરણે રજૂ કરતું રહે એ ખરેખર સંતોષપ્રદ બીના છે. પ્રબુદ્ધ જીવને એક વિચાર-પ્રેરક પાક્ષિક તરીકે ગુજરાતી ભાષાભાષી સમાજમાં ઉજ્જવળ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે, એટલું જ નહિ પણ, તેમાં પ્રગટ થતાં લેખો અન્ય ગુજરાતી સામયિકોમાં અવારનવાર ઉદ્‌ધૃત થતાં જોવામાં આવે છે. આ હકીકત પ્રબુદ્ધ જીવનના પ્રકાશનની સાર્થકતા પુરવાર કરે છે. આજે સમાજમાં ચિંતનશીલ પ્રકાશનો જવલ્લે જ દેખાય છે-કારણ, આર્થિક મુશ્કેલીઓ સામે એ ટકી શકતા નથી. પ્રબુદ્ધ જીવનને પણ આર્થિક સંકટનો સામનો કરવો જ પડે છે પણ એનો સુજ્ઞ વાચકવર્ગ અને સંઘ પ્રત્યે શુભેચ્છા રાખનાર ભાઈ બહેનો આ મુશ્કેલીમાં સહાય કરે છે. પ્રબુદ્ધ જીવનને વહીવટી વર્ષ દરમિયાન રૂા. ૨૧૬૧-૩૨ની આવક થઈ છે. અને રૂા. ૫,૨૯૬-૫૯નો ખર્ચ થયો છે, પરિણામે રૂા. ૩૧૩૫-૨૭ ની ખોટ આવી છે. સંઘને ભોગવવી પડતી પ્રબુદ્ધ જીવનની આટલી મોટી ખોટ ચિંતાનો વિષય રહ્યો છે. વિશાળ જનસમાજની અગત્યની સેવા કરનાર આ પત્રની ખોટ હળવી કરવાના ઉપાયો આપણે ગંભીરપણે વિચારવા જોઈએ. આનો એક ઉપાય એ છે કે, સંઘના સભ્યો, પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો વધારવા માટે પૂરી કાળજી સેવતા થાય. આવા વિચારગંભીર પત્રની ગ્રાહક સંખ્યા સહજપણે વધવાની કોઈ શક્યતા નથી—સિવાય કે, સભ્યો જ પોતે મન પર આ વાત લે અને સક્રિય પ્રયત્ન કરી સહકાર આપે. સ્થિતિસંપન્ન સભ્યો વિશેષ આર્થિક સહાય કરી પ્રબુદ્ધ જીવનને સદ્ધર બનાવે એવો અમારો આગ્રહભર્યો અનુરોધ છે.

પ્રબુદ્ધ જીવન માટે બે મત નથી કે આ પત્ર વિશાળ જનસમાજની સેવા કરે છે—લોકકલ્યાણની વૃદ્ધિ કરે છે-જન જાગૃતિને ઉપકારક છે—સાંપ્રદાયિકતા અને સંકુચિતતાથી પર રહી જીવનનાં ઉચ્ચ મૂલ્યાંકનોનું દર્શન કરાવે છે અને જીવન પ્રબુદ્ધ બનાવવાનું જેને સ્વપ્ન હોય તેને માટે આ પત્ર એક અનિવાર્ય આવશ્યકતા બની રહે છે.

ગત વર્ષ દરમિયાન યોજાયેલાં સંમેલનો અને સન્માનસમારંભો

(૧) **તા. ૨૩-૩-૬૨** શુક્રવારના રોજ માંડલ નિવાસી શ્રી રતિલાલ મફતભાઈ શાહનું સંઘના કાર્યાલયમાં એક સન્માન સંમેલન યોજવામાં આવ્યું હતું.

(૨) **તા. ૮-૪-૬૨** રવિવારના રોજ સવારના નવ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં જૈન શ્વે. સ્થાનકવાસી સમાજનાં સાધ્વી મહાસતી ઉજ્જવળકુમારીનું "જૈન દર્શન" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

(૩) **તા. ૧૦-૪-૬૨** મંગળવારના રોજ સાંજના સમયે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી બોમ્બે મોટર મર્ચન્ટસ એસોસીએશન (સુખસાગર, હ્યુજીસ રોડ, મુંબઈ) નાં હૉલમાં મહારાષ્ટ્ર વિધાન પરિષદની થયેલી ચૂંટણીમાં ઉત્તીર્ણ થયેલા શ્રી શાંતિલાલ હ. શાહ, (જેમની ત્યાર બાદ શિક્ષણપ્રધાન તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.) શ્રી લીલાધર પાસુભાઈ શાહ તથા શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીનું જાહેર સન્માન કરવા માટે એક સમારંભ ગોઠવવામાં આવ્યો હતો.

(૪) **તા. ૭-૭-૬૨** શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે વડોદરા જીલ્લાના આદિવાસી વિભાગના જાણીતા કાર્યકર્તા શ્રી હરિવલ્લભ પરીખનું 'ગુજરાતના વનવાસીઓ' એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

(૫) **તા. ૨૧-૭-૬૨** શનિવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું "રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય રાજકરણી પ્રવાહો" એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૬) **તા. ૨૫-૭-૬૨** બુધવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહનું 'વિમળમંત્રી' એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૭) **તા. ૬-૮-૬૨** સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં સૌરાષ્ટ્રના આગેવાન કૉંગ્રેસી નેતા શ્રી બળવંતરાય ગોપાલજી મહેતાનું "પંચાયત રાજ્યની સ્થાપના' એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૮) **તા. ૮-૯-૬૨** શનિવારના રોજ સાંજના સમયે નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન જેમણે શોભાવ્યું હતું એ વિદ્વદ્‌વર્ય શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તેમ જ મુંબઈમાં ઉપલબ્ધ એવા વ્યાખ્યાતાઓ તથા સંગીતજ્ઞોનું બહુમાન કરવા માટે સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસના નિવાસસ્થાને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી એક સ્નેહ-સંમેલન યોજવામાં આવ્યું હતું.

(૯) **તા. ૨૨-૧૦-૬૨** સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં શ્રી નવલમલ કુંદનમલ ફીરોદિયાનું તેમણે કરેલી પૃથ્વીની પ્રદક્ષિણા ઉપર એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

(૧૦) **તા. ૫-૧૧-૬૨** સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું "આજની રાષ્ટ્રીય તેમ જ આન્તર-રાષ્ટ્રીય પરિસ્થિતિ'એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૧૧) **તા. ૧૮-૧-૬૩** શુક્રવારના રોજ સાંજના છ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સ્વામી પ્રવ્રાજનીર્શનું "આપણા જીવનમાં હિમાલયનું સ્થાન" એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૧૨) **તા. ૪-૨-૬૩** સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું "રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ' એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

(૧૩) **તા. ૭-૨-૬૩** ગુરુવારના રોજ સાંજના સમયે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસના નિવાસસ્થાને શ્રી શંકરરાવ દેવનો—તેમની 'દિલ્હી-પેકીંગ મૈત્રી યાત્રા' વિષે—એક વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો.

(૧૪) **તા. ૨૨-૨-૬૩** શુક્રવારના રોજ સાંજના પાંચ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી મહાવીર જૈન વિદ્યા-લયની વ્યાખ્યાનશાળામાં શ્રી મણિલાલ બાલાભાઈ નાણાવટીનું સન્માન કરવા માટે એક સન્માન સંમેલન યોજવામાં આવ્યું હતું.

(૧૫) **તા. ૨૨-૩-૬૩** શુક્રવારના રોજ સાંજના ૬।। વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના પ્રમુખ શ્રી અભયરાજજી બલદોટાનું બહુમાન કરવામાં આવ્યું હતું

સંઘ દ્વારા યોજાયેલાં પર્યટનો

(૧) તા. ૨૧-૩-૬૨ બુધવાર ફાગણ સુદી ૧૫ ની રાતના ૮ થી ૧૧ સુધી એમ ત્રણ કલાકનો ધી બોમ્બે સ્ટીમ નેવીગેશનની 'શોભના' સ્ટીમરમાં સંઘના સભ્યો તથા તેમના કુટુંબીજનો માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી એક નૌકાવિહાર યોજવામાં આવ્યો હતો. જેમાં નાના મોટા ૩૦૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

(૨) તા. ૨૨ મી એપ્રિલથી ૨૯ મી એપ્રિલ સુધી—એમ આઠ દિવસનો સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે માથેરાનના પ્રવાસનો કાર્યક્રમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ગોઠવવામાં આવ્યો હતો. આ પર્યટનમાં ભાઈઓ બહેનો અને બાળકો મળી ૪૨ જણાં જોડાયા હતા. માથેરાનમાં શ્રી રમણલાલ ઠક્કરની "રુબી" હોટેલમાં નિવાસ તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પર્યટન ખૂબ આનંદદાયક બન્યું હતું.

(૩) તા. ૫-૩-૬૩ મંગળવારના રોજ રાત્રીના ૮ થી ૧૧ એમ ત્રણ કલાક માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે ધી બૉમ્બે સ્ટીમ નેવીગેશન કું. ની 'શોભના' સ્ટીમરમાં એક નૌકાવિહાર ગોઠવવામાં આવ્યો હતો.

(૪) તા. ૯ તથા ૧૦ માર્ચ, શનિ-રવિ, એમ બે દિવસ માટે વસન્ત પૂર્ણિમાના અનુસંધાનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે મુંબઈથી આશરે ૧૨૦ માઈલ દૂર આવેલા કોસબાડ-હીલ તથા બોરડી જવા આવવાનું એક પર્યટણ ગોઠવવામાં આવ્યું હતું.

વૈદ્યકીય રાહત

વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા ભાઈબહેનોને સંઘ તરફથી ઔષધો તથા ઈન્જેક્શનો ખરીદી આપવામાં આવે છે. આ રાહત સાધારણ રીતે જૈન સમાજ પૂરતી મર્યાદિત રાખવાનું વિચારાયલું હોવા છતાં આ મદદ જૈન જૈનેતરોને કશા પણ ભેદભાવ સિવાય આપવામાં આવે છે. આ ખાતામાં ગયા વર્ષે ભંડોળ નહિ હોવાના કારણે સંઘના જનરલ ફંડમાંથી પહેલાં ૧૧૭-૫૭ અને ત્યાર બાદ રૂા. ૫૦૦-૦૦ કાર્યવાહક સમિતિના નિર્ણયથી લીધા હતા. તેમાંથી રૂા. ૩૬૬-૧૭ની પુરાંત રહેલી અને વર્ષ દરમિયાન ફક્ત રૂા. ૧૩૦-૦૦નો ઉમેરો થયો એટલે રૂા. ૪૯૬-૧૭ થયા, તેમાંથી વર્ષ દરમિયાન રૂા. ૨૧૯-૪૨નો મદદ આપવામાં ખર્ચ થતાં તેમાં ચાલુ વર્ષ માટે રૂા. ૨૭૬-૧૫ની પુરાંત રહે છે. આ રીતે આ ખાતું ચાલુ રાખવામાં આવ્યું છે અને ઉપરના આંકડાઓ ઉપરથી જોઈ શકાય છે કે, આ ખાતામાં થોડા વધારે ભંડોળની જરૂર રહે છે, જેથી જરૂરત ધરાવતા ભાઈ બહેનોને યોગ્ય અને પૂરતા પ્રમાણમાં ઉપયોગી થઈ શકાય.

સંઘમાં માંદાની માવજત માટેનાં સાધનો પણ વસાવવામાં આવ્યા છે અને તેનો લાભ કશા પણ ભેદભાવ સિવાય અનેક કુટુંબોને આપવામાં આવે છે. આ રીતે તેનો પણ સારા પ્રમાણમાં લાભ લેવાય છે.

સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

સંઘ હસ્તક ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો ઉપર સંક્ષેપમાં ખ્યાલ આપવામાં આવ્યે છે. ગત વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૧૧ સભાઓ બોલાવવામાં આવી હતી. સંઘની આર્થિક-પરિસ્થિતિને લગતી વિગતો આ સાથે સાંકળેલા આવકજાવકના હિસાબો અને સરવૈયા ઉપરથી માલુમ પડે તેમ છે. સંઘને ગત વર્ષમાં ખર્ચ રૂા. ૪,૯૨૯-૧૨ નો થયો છે; આવક રૂા. ૧૧૦૭૯-૪૫ ની થઈ છે, અને સરવાળે રૂા. ૬૧૫૦-૨૨ નો વધારો રહ્યો છે. તેમાંથી પ્રબુદ્ધ જીવનની ખોટ રૂા. ૩૧,૩૫-૨૭ બાદ કરતાં રૂા. ૩૦,૧૫-૦૬ નો વધારો રહ્યો તે જનરલ ફંડ ખાતે લઈ જવામાં આવેલ છે. આ રીતે આપણું જનરલ ફંડ રૂા. ૧૯,૫૯૦-૪૬નું હતું, તેમાં આ વર્ષનો વધારો રૂા. ૩૦૧૫-૦૬ ઉમેરતાં વર્ષની આખરે જનરલ ફંડ ખાતે રૂા. ૨૨૬૦૫-૫૨ જમા રહે છે.

સંઘની ગત વર્ષની કાર્યવાહીનો આ વૃત્તાંત છે, જે મર્યાદા સ્વીકારીને સંઘ આજ સુધી પ્રવૃત્તિઓનું સંચાલન કરી રહેલ છે તે જોતાં ગત વર્ષની કાર્યવાહી સંતોષકારક લેખી શકાય. સંઘે ૩૪ વર્ષ પૂરાં કર્યાં છે. વાચનાલય અને પુસ્તકાલયે ૨૩ વર્ષ પૂરાં કર્યાં છે. અને સંઘના મુખપત્ર પ્રબુદ્ધજીવને ૨૪ વર્ષ પુરાં કર્યાં છે આજે અનેક સંસ્થાઓએ પોતાનાં મકાનો કર્યાં છે એ જોઈને સંઘના મિત્રો તેમ જ પ્રસંશકો સંઘ માટે અથવા તો વાનચાલય અને પુસ્તકાલય માટે પોતાનું મકાન ઊભું કરવાનો અનુરોધ કરી રહ્યાં છે. સંસ્થાના સ્થાયિત્વને સંસ્થાના સ્વતંત્ર મકાન સાથે ખૂબ સંબંધ છે. સંઘના આજે ૪૭૦ સભ્યો છે અને તેમાં કેટલાક અર્થ સંપન્ન છે, તેમ જ વિશાળ સમાજમાં સારી લાગવગ ધરાવે છે અને તેથી સંઘ આ બાબત ધ્યાન ઉપર લે તો આ મનોરથની સિદ્ધિ બહુ મુશ્કેલ નથી. સંઘના સભ્યોને આ બાબત ઉપર પોતાનું ચિત્ત કેન્દ્રિત કરવાની અને નવી નિમાયલી કાર્યવાહીને આ દિશાએ સક્રિય બનાવવાની ભલામણ કરવામાં આવે છે. જો આવી કોઈ યોજના સંઘ સમક્ષ રજુ કરવામાં આવે તો સંઘના સભ્યો, મિત્રો અને પ્રસંશકો યોજનાને પાર પાડવા પૂરો સહકાર આપશે એવી આશા રાખવામાં આવે છે.

ગયા વર્ષના અહેવાલમાં પણ છેવટે આવી જ આશા રાખવામાં આવી હતી, પરંતુ તેનું કંઈ સક્રિય પરિણામ આવ્યું નથી તેની સખેદ નોંધ લેવી પડે છે અને આગામી વર્ષમાં ઉપરની મનોકામનાં પૂર્ણ કરવાની શક્તિ ઈશ્વર બક્ષે એવી ભાવના ભાવીએ છીએ.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સંઘની વાર્ષિક સામાન્ય સભા

તા. ૩૦-૩-૧૯૬૩ શનિવાર સાંજના ૫-૩૦ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભા સંઘના ઉપ-પ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસના પ્રમુખપણા નીચે સંઘના કાર્યાલયમાં ભરવામાં આવી હતી અને તે વખતે સંઘની ગત વર્ષની વાર્ષિક સભાનો વૃત્તાંત વંચાયા બાદ તથા મંજૂર રહ્યા બાદ નીચેનું કામ-કાજ હાથ ધરવામાં આવ્યું હતું.

(૧) સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે સંઘની કાર્યવાહીનો ગત વર્ષનો વૃત્તાંત તથા સંઘના તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો રજૂ કર્યા હતા અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. આ બન્ને, આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે.

(૨) ત્યાર બાદ સંઘના મંત્રીઓ તરફથી આગામી વર્ષને લગતાં બંને સંસ્થાઓનાં અંદાજપત્રો રજૂ કરવામાં આવ્યાં હતાં અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

ત્યાર બાદ સંઘના અધિકારીઓ અને કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની નીચે મુજબ ચૂંટણી કરવામાં આવી હતી.

(૧)	શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ	પ્રમુખ
(૨)	„ લીલાવતીબહેન દેવીદાસ	ઉપ-પ્રમુખ
(૩)	„ પરમાનંદ કુંવરજી કાપડીઆ	મંત્રી
(૪)	„ ચીમનલાલ જેઠાલાલ શાહ	„
(૫)	„ રતિલાલ ચીમનલાલ કોઠારી	કોષાધ્યક્ષ
(૬)	„ ચંદુલાલ સાંકળચંદ શાહ	સભ્ય
(૭)	„ પ્રો૰ રમણલાલ ચી. શાહ	„
(૮)	„ પ્રો૰ તારાબહેન આર. શાહ	„
(૯)	„ રમણિકલાલ મણિલાલ શાહ	„
(૧૦)	„ ચીમનલાલ ચકુભાઈ શાહ	„
(૧૧)	„ દામજીભાઈ વેલજી શાહ	„
(૧૨)	„ જયુમતિબહેન મનુભાઈ કાપડિયા	„
(૧૩)	„ મફતલાલ ભીખાચંદ શાહ	„
(૧૪)	„ રમણલાલ લાલભાઈ લાકડાવાળા	„
(૧૫)	„ જયંતીલાલ ફત્તેહચંદ શાહ	„
(૧૬)	„ ભગવાનદાસ પોપટલાલ શાહ	„
(૧૭)	„ પ્રવિણભાઈ મંગળદાસ શાહ	„
(૧૮)	„ દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી	„
(૧૯)	„ કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા	„
(૨૦)	„ ખેતશી માલશી સાવલા	„

(૩) ત્યાર બાદ સંઘ તથા વાચનાલય અને પુસ્તકાલયના હિસાબ-નિરીક્ષક તરીકે મેસર્સ શાહ મહેતા એન્ડ કું. ની નિમણુંક કરવામાં આવી હતી.

સંઘની કાર્યવાહક સમિતિમાં કરવામાં આવેલી સભ્યોની પૂરવણી

તા. ૧૨-૪-'૬૩ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની નવી ચૂંટાયલી કાર્યવાહક સમિતિની પહેલી સભા મળી હતી, જે વખતે નીચેનાં ત્રણ સભ્યોની નવી કાર્યવાહક સમિતિમાં પૂરવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૧) શ્રી નાથાલાલ એમ. પારેખ
(૨) „ કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા
(૩) „ સુબોધભાઈ એમ. શાહ

આ ઉપરાંત સંઘ હસ્તક ચાલતા શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયની સમિતિ માટેના ચાર સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી

(૧) શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
(૨) „ રમણલાલ ચી. શાહ
(૩) „ ચંદુલાલ સાંકળચંદ વકીલ
(૪) „ કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા

આ સમિતિ, ઉપરના ચાર સભ્યો અને નીચેનાં પાંચ ટ્રસ્ટીઓ

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) „ પરમાનંદ કુંવરજી કાપડિયા
(૩) „ રતિલાલ ચીમનલાલ કોઠારી
(૪) „ રમણિકલાલ મણિલાલ શાહ
(૫) „ ચીમનલાલ જેઠાલાલ શાહ

એમ કુલ નવ સભ્યોની બનેલી છે. આ સમિતિના મંત્રી તરીકે શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરાની નિમણુંક કરવામાં આવી હતી.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ

શ્રી 'પ્રબુદ્ધ જીવન'નો સં. ૨૦૧૮ના આસો વદી ૦)) ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.	ખર્ચ	રૂા. ન. પૈ.
લવાજમના રોકડા આવ્યા ...	૧,૩૦૫.૩૨		માણસોને પગારના ...	૧,૫૭૩.૪૪
શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત મોકલવામાં આવે છે તેનાં એડજસ્ટ કર્યા. રૂા. ૨ લેખે કુલ ૪૨૮ સભ્યોના ...	૮૫૬.૦૦		પેપર ખર્ચનાં ...	૪૧૪.૩૧
		૨,૧૬૧.૩૨	છપામણી ખર્ચના ...	૨,૪૨૦.૦૦
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો ...		૩,૧૩૫.૨૭	પોસ્ટેજ ખર્ચના ...	૫૩૫.૬૮
			પરચુરણ ખર્ચનાં ...	૩૫૩.૧૬
		૫,૨૯૬.૫૯		૫,૨૯૬.૫૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સં. ૨૦૧૮ નાં આસો વદી ૦)) ના દિવસે પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.	ખર્ચ	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
ભેટનાં ...		૮,૯૦૧.૧૭	વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ		
લવાજમના ...			પગારના ...	૧,૫૭૩.૪૪	
સં. ૨૦૧૮ના ...	૨,૧૪૪.૦૦		મકાનભાડુ તથા વીજળી ખર્ચ	૧૯૩.૦૯	
સં. ૨૦૧૭ના ...	૧૫.૦૦		પ્રીન્ટીંગ અને સ્ટેશનરી ખર્ચ	૧૩૩.૬૯	
	૨,૧૫૯.૦૦		ટેલીફોન ખર્ચના ...	૧૫૮.૨૮	
બાદ:- સભ્યોને પ્રબુદ્ધ જીવનની કોપી મફત મોકલાવી તેના લવાજમના એડજસ્ટ કર્યા ...	૮૫૬.૦૦		પોસ્ટેજ ખર્ચના ...	૨૦૪.૨૯	
		૧૩૦૩.૦૦	પરચુરણ ખર્ચના ...	૯૨૨.૯૭	
'દર્શન અને ચિંતન' ના પુસ્તક વેચાણ પર કમિશન ની ચોખી આવક ...		૧૬.૮૦			૩,૧૮૫.૭૬
પુસ્તકોના વેચાણના ...		૧૮.૦૦	હિસાબ તપાસવાના ઓનરેરીયમના		૫૦.૦૦
વ્યાજના			ફરનીચર પર ઘસારાના		૩૫.૦૦
ડીબેન્ચરો પર ...	૪૮૨.૫૦		ટ્રસ્ટના હેતુઓ અંગે ખર્ચ		
બેન્કના ફી.ડી. ખાતા પર ...	૩૫૭.૯૮		વ્યાખ્યાનમાળા ખર્ચ		૧,૫૬૧.૫૭
		૮૪૦.૪૮	ડીબેન્ચરના વ્યાજના જૂના લેણાં વસુલ થઈ શકે તેમ ન હોવાથી માંડી વાળ્યા ...		૯૬.૭૯
		૧૧,૦૭૯.૪૫			૪,૯૨૯.૧૨
			વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા ...		૬,૧૫૦.૩૩
					૧૧,૦૭૯.૪૫

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઈ, તા. ૨૫-૩-૬૩

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

સં. ૨૦૧૮ના આસો વદી ૦)) ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.	મિલ્કત અને લેણું	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
શ્રી રીઝર્વ ફંડ ખાતું			ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે)		
ગયા સરવૈયા મુજબ બાકી		૧,૧૦૦.૦૦	ડીબેન્ચરો:		
શ્રી સંઘ હસ્તકના ફંડો			૫ ૧/૨ ટકાના ધી ઈન્ડીયન હ્યુમ પાઈપ કું. લી.ના ૪,૦૦૦	૪૨૩૬.૩૯	
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું:			૫ ૧/૪ ટકાના કેલટેક્ષ ઓઈલ લી. કું. (ઈન્ડિયા)ના ૫,૦૦૦	૫૩૦૬.૦૦	
ગયા સરવૈયા મુજબ બાકી	૩૦,૩૩.૬૬			૯,૦૦૦	૯,૫૪૨.૩૯

ફંડો અને દેવું	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
શ્રી વૈદકીય રાહત ખાતું		
સરવૈયા મુજબ બાકી ૩૬૬.૧૭		
ઉમેરો: વર્ષ દરમિયાન ભેટના ૧૩૦.૦૦		
	૪૯૬.૧૭	
બાદ: વૈદકીય રાહત ખર્ચના ૨૧૯.૪૨	૨૭૬.૭૫	
શ્રી માવજત ખાતું:		
ગયા સરવૈયા મુજબ બાકી ૩૮૫.૭૮		
ઉમેરો: સાધન ઘસારાના વસુલ આવ્યા ૩.૨૩		
	૩૮૯.૦૧	
		૩,૬૯૯.૪૨
દેવું		
અગાઉથી આવેલ લવાજમો	૭૦૩.૦૦	
માવજતના સાધનો અંગે ડીપોઝીટ	૫૧.૦૦	
પરચુરણ દેવું	૧,૨૮૭.૨૫	
		૨,૦૪૧.૨૫
શ્રી જનરલ ફંડ		
ગયા સરવૈયા મુજબ બાકી...	૧૯,૫૯૦.૪૬	
ઉમેરો: શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આવક ખર્ચ ખાતેથી લાવ્યા	૬,૧૫૦.૩૩	
	૨૫,૭૪૦.૭૯	
બાદ: શ્રી પ્રબુદ્ધ જીવનના આવક ખર્ચ ખાતેથી લાવ્યા	૩,૧૩૫.૨૭	
		૨૨,૬૦૫.૫૨
		૨૯,૪૪૬.૧૯

મિલ્કત અને લેણું	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
ફરનીચર અને ફીટીંગ: (ચોપડા પ્રમાણે)		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૫૭૩.૭૪	
બાદ: કુલ ઘસારાના લખી વાળ્યા	૨૨૦.૦૦	
		૩૫૩.૭૪
સ્ટોક:		
પેપર (પ્રબુદ્ધ જીવન અંગેનો)		૨૦૦.૦૦
લેણું: (સદ્ધર)		
શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય ...	૧૬,૯૩.૮૨	
ઈ. ટેક્ષ રીફંડનું લેણું ...	૨૮૯.૫૧	
સભ્ય લવાજમનું લેણું ...	૩૪૫.૦૦	
પરચુરણ લેણું ...	૪૪૯.૬૦	
		૨,૭૭૭.૯૩
રોકડ તથા બેંક બાકી:		
ધી બેંક ઓફ ઈન્ડીયા લિ.ના ચાલુ ખાતામાં ...	૩,૫૩૨.૦૧	
ફીક્સ્ડ ડીપોઝીટ ખાતામાં ...	૭,૮૬૯.૯૬	
	૧૧,૪૦૧.૯૭	
રોકડ સિલક ...	૨૫.૬૦	
		૧૧,૪૨૭.૫૭
શ્રી સત્યમ્ શિવમ્ સુંદરમ્ પુસ્તક પ્રકાશન ખાતું:		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૧,૬૭૦.૬૧	
બાદ: પુસ્તકો વેચાણના કુલ આવ્યા	૬૪૭.૩૦	
		૧,૦૨૩.૩૧
શ્રી બોધિસત્વ પુસ્તક પ્રકાશન ખાતું:		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૨૮૮.૬૨	
બાદ: વેચાણના કુલ આવ્યા ...	૧૬૭.૩૭	
		૧૨૧.૨૫
		૨૯,૪૪૬.૧૯

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈનું સં. ૨૦૧૮ના આસો વદી ૦))ના દિવસનું ઉપરનું સરવૈયુ મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલૂમ પડ્યું છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

મુંબઈ, ૨૫-૩-૬૩

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

સં. ૨૦૧૮ના આસો વદી ૦))ના દિવસે પૂરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
વ્યાજના		
સીક્યુરીટીઓના ...	૧૬૦.૦૦	
ડીબેન્ચરોના ...	૮૫૭.૯૨	
		૧,૦૧૭.૯૨
ભેટના		૨,૦૯૯.૦૦
પુસ્તકોના લવાજમનાં		૧,૦૩૯.૦૦
પરચુરણ આવક		
પસ્તીના વેચાણના ...	૧૨૭.૭૦	
પાસબુક વેચાણનાં ...	૬૧.૯૫	
પુસ્તકો મોડા આવવાથી અથવા ખોવાઈ જવાથી દંડના	૧૩.૯૭	
		૨૦૩.૬૨
સરવાયા ફેરના માંડી વાળ્યા...		૦.૬૫
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો ...		૯૩૫.૨૬
		૫,૨૯૫.૪૫

ખર્ચ	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
વ્યવસ્થા ખર્ચ		
પરચુરણ ખર્ચ ...	૧૦૬.૬૦	
વિમાના પ્રીમીયમના ...	૩૨.૫૦	
ઓડિટરોને સં.૨૦૧૭ના ઓનરેરીયમનાં ...	૫૦.૦૦	
		૧૮૯.૧૦
ઘસારાના		
ફરનીચર પર ...	૯૭.૦૦	
પુસ્તકો પર ...	૬૭૧.૦૦	
		૭૬૮.૦૦
ટ્રસ્ટના ઉદ્દેશ અંગે ખર્ચ		
પેપર લવાજમના ...	૩૭૩.૮૯	
ગ્રંથપાલને પગારના ...	૨,૧૮૩.૦૦	
ઘાટીને પગારના ...	૧,૧૮૪.૧૨	
મકાનભાડા તથા વીજળી ખર્ચ	૫૧૪.૬૩	
બુકબાઈન્ડીંગ ખર્ચ ...	૮૨.૩૧	
		૪,૩૩૮.૩૫
		૫,૨૯૫.૪૫

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

મુંબઈ: તા.૨૫-૩-૬૩

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય–મુંબઇ

સં. ૨૦૧૮ ના આસો વદી ૦)) ના દિવસનું સરવૈયું

ફંડો તથા દેવું.	રૂ. ન.પૈ.	રૂ. ન.પૈ.	મિલ્કત તથા લેણું	રૂ. ન.પૈ.	રૂ. ન.પૈ.
શ્રી સ્થાયી ફંડ:			**ઈન્વેસ્ટમેન્ટસ** (ચોપડા પ્રમાણે)		
ગયા સરવૈયા મુજબ બાકી		૨૪,૫૬૧.૦૦	**સીકયુરીટીઓ**		
શ્રી પુસ્તક ફંડ			૪ ટકાની સને ૧૯૬૭ની (ફેઈસ વેલ્યુ)		
ગયા સરવૈયા મુજબ બાકી ...		૫,૫૦૦.૦૦	સૌરાષ્ટ્ર ડેવલપમેન્ટ લોન ૪૦૦૦	૩,૯૯૩.૭૫	
શ્રી ફરનીચર ફંડ			**પબ્લીક લિમિટેડ કું.ઓના ડીબેન્ચરો**		
ગયા સરવૈયા મુજબ બાકી ...		૨,૪૦૦.૦૦	૪ ટકાના રાવળગાંવ સ્યુગર રે. વે. ફાર્મ લિ. ના ૧,૦૦૦૦		૧,૦૦૦૦.૦
દેવું			૫ ૧/૪ ટકાના ધી સ્ટાન્ડર્ડ વેક્યુમ ઓઈલ કું. ઓફ ઈન્ડીયાના ૫,૦૦૦	૫,૨૭૩.૦૦	
પુસ્તકો અંગે ડીપોઝીટ ...	૪,૫૫૬.૦૦		૫ ટકાના ધી તાતા લોકોમોટીવ એન્ડ ઈન્જી. કું. ના ૬,૦૦૦	૬,૧૬૩.૫૦	
પુસ્તકો અંગે માસિક ડિપોઝીટ	૨૫.૦૦				૨૫,૪૩૦.૨૧
		૪,૫૮૧.૦૦	**ફરનીચર** (ચોપડા પ્રમાણે)		
પરચુરણ દેવું			ગયા સરવૈયા મુજબ બાકી	૨,૪૯૮.૫૨	
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ...		૧,૬૯૩.૮૨	બાદ: કુલ ઘસારાના		
			સં. ૨૦૧૭ સુધીના ૮૭૯.૫૨		
કુલ		૩૮,૭૩૫.૮૨	ચાલુ વર્ષના ૯૭.૦૦		
				૯,૭૬.૫૨	
					૧,૧૨૨.૦૮
			પુસ્તકો: (ખરીદ કિંમતે)		
			ગયા સરવૈયા મુજબ બાકી...	૯,૨૪૯.૯૨	
			ઉમેરો: વર્ષ દરમ્યાન ખરીદના	૩૮૪.૭૩	
				૯,૬૩૪.૬૫	
			બાદ: કુલ ઘસારાના		
			સં. ૨૦૧૭ સુધીના ૫,૧૬૧.૯૨		
			ચાલુ વર્ષના ૬૭૧.૦૦		
				૫,૮૩૨.૯૨	
					૩,૮૦૧.૭૩
			લેણું (સંદર)		
			ઈન્કમટેક્ષ રીફંડ ...	૭૩૩.૨૦	
			નારાયણ બાબુ ...	૭૦.૮૮	
			એલ. એમ. મહેતા ...	૫૭૬.૧૦	
			વ્યાજના લેણા ...	૧૬૬.૬૭	
					૧,૧૪૬.૮૧
			રોકડ તથા બેંક બાકી		
			ધી બેંક ઓફ ઈન્ડીયાના ચાલુ ખાતે ...	૨૮,૬૪.૩૦	
			રોકડ પુરાંત ...	૭૭.૫૨	
					૨,૯૪૧.૮૨
			શ્રી આવક–જાવક ખાતું.		
			ગયા સરવૈયા મુજબ બાકી	૨,૫૫૭.૯૧	
			ઉમેરો: વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો ...	૯૩૫.૨૬	
					૩,૪૯૩.૧૯
					૩૮,૭૩૫.૮૨

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઈનું સં. ૨૦૧૮ના આસો વદી ૦))ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડયું છે.

શાહ મહેતા એન્ડ કું
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

મુંબઈ: તા. ૨૫-૩-૬૩

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા યોજનારાં બે મેળાવડા

(૧) શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે એપ્રિલ માસની તારીખ ૨૦, શનિવારના રોજ સાંજના ૬–૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ) બોંબે મ્યુનિસિપલ શિક્ષણ સમિતિના નવા નિમાયેલાં અધ્યક્ષ શ્રી. લીલીબહેન પંડયા બોંબે મ્યુનિસિપાલિટી દ્વારા અપાતા પ્રાથમિક શિક્ષણ અંગે જાહેર વાર્તાલાપ કરશે. આ વિષયમાં રસ લેતાં ભાઈબહેનોને નિમંત્રણ છે.

(૨) શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આગામી મે માસની તારીખ ૪, શનિવાર સાંજના છ વાગ્યે ન્યૂ મરીન લાઈન્સ ઉપર, ઈન્કમટેક્ષ ઓફિસની પોછળ, આવેલા "મનોહર" માં–ખાદી કમિશનના નવા અધ્યક્ષ શ્રી ઉછરંગરાય ઢેબરનું સ્વાગત કરવામાં આવશે. આ પ્રસંગે શ્રી. ઢેબરભાઈ, પોતે થોડા સમય પહેલાં વિશ્વશાન્તિના ધર્મકાર્ય અર્થે રશિયા ગયા હતા તેનાં સ્મરણો રજૂ કરશે. સંઘના સભ્યોને આ પ્રસંગે હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧, ૧૯૬૩, બુધવાર
ત્રૈમાસિક માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

અખિલ ભારતીય જૈન શ્વે. મૂ. શ્રમણોપાસક સંઘ–સંમેલન

(એપ્રિલ માસની તા. ૧૩–૧૪ના રોજ અમદાવાદ ખાતે ભરાયેલા શ્રી અખિલ ભારતીય જૈન શ્વે. મૂ. શ્રમણોપાસક સંઘ–સંમેલનમાં શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ પ્રમુખસ્થાનેથી કરેલું વ્યાખ્યાન તેમ જ તેમાં પસાર કરવામાં આવેલા ઠરાવો તથા શ્રી કસ્તુરભાઈનું છેવટનું ઉપસંહાર–પ્રવચન ક્રમશ: નીચે આપવામાં આવે છે. આ સમગ્ર કાર્યવાહી સંબંધમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિનો ઠરાવ તથા તંત્રીની સમાલોચના 'પ્રબુદ્ધ જીવન'ના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી)

શેઠ કસ્તુરભાઇ લાલભાઇનું ભાષણ

મારા આમંત્રણને માન આપી દૂર દૂર દેશાવરથી આપ સૌ મત્રે પધાર્યા છો તે જૈનધર્મ અને સંસ્કૃતિ તરફની આપની તમન્ના દર્શાવે છે. હું આપનું હાર્દિક સ્વાગત કરું છું.

મારે એટલું જણાવવું જોઈએ કે આ સમારંભ એક ઔપચારિક ત્ન નથી, પણ આપણા ધર્મ, સંસ્કૃતિ અને સંઘનું બળ ટકાવી વા સારૂં સંઘશુદ્ધિ, શાસનરક્ષા અને એકતા જેવા મહત્ત્વના યોની વિચારણા કરી જરૂરી ઉપાયો શોધવા આપણે એકઠા મળ્યા એ. એ વખતે આ સંમેલનની કાર્યવાહી એવી હોવી જોઈએ કે જેમાં વાણી અને વર્તનનો પૂરો વિવેક હોય. આપણો ધર્મ અનેક મુશ્કેલી વચ્ચે પણ અત્યાર સુધી ગૌરવપૂર્વક ટકી રહ્યો હોય તો તેનું મુખ્ય કારણ આપણી પવિત્ર સાધુસંસ્થા છે, કે જેના ઉપદેશ અને ઉચ્ચ કક્ષાના સંયમવાળા વર્તનને લઈને આપણે માટે તે અતી ઉપકારક બનેલી છે. આ સંસ્થામાં આજે પણ અનેક આચાર્યો, મુનિરાજો તથા સાધ્વી–મહારાજો પવિત્ર જીવન ગાળે છે, એટલું જ નહિ પણ પોતાના ઉપદેશથી લાખો જૈન ભાઈ–બહેનોને પવિત્ર વન ગાળવામાં પ્રેરક બને છે.

આવી અતુલિત ત્યાગ અને સંયમપ્રધાન ઉપકારક સંસ્થા ાને માટે ઉજ્વલિત રહે, તે સારાયે સંઘનું દષ્ટિબિંદુ હોવું ઈએ. તે જ પ્રમાણે આપણા જૈનસંઘના અનેક કાર્યોમાં ધર્મ–ષ્ઠા, વિવેક અને પ્રામાણિકતા સચવાય તે પણ અતિ જરૂરનું છે.

મને કહેતાં દુ:ખ થાય છે કે આજે આપણા સમાજમાં કંઈક નિષ્ટો ઘર ઘાલી બેઠા છે અને વધુ દુ:ખની વાત તો એ છે કે, મણસંઘમાં પણ ક્યાંક ક્યાંક એવી શિથિલતા પેસી ગઈ છે કે જે ાપણા ધર્મ અને સંસ્કૃતિને ટકાવી રાખવામાં આડખીલીરૂપ ઈ પડે.

જૈન ધર્મ એ નિર્ભેળ આત્મશુદ્ધિના ધ્યેયને વરેલો ધર્મ છે અને ણે આત્મસાધનાના કેન્દ્રમાં અહિંસાને સ્થાન આપીને, એના ધન તરીકે સંયમ, તપ, ત્યાગ, વૈરાગ્ય, તિતિક્ષા, વગેરે ગુણોને વવાનો ઉપદેશ આપ્યો છે. જૈન પરંપરા એ પ્રાચીન કાળથી ર્ગ્રંથ પરંપરા તરીકે જાણીતી છે અને નિર્ગ્રંથ વર્ગમાં મૂળ ગુણની બતમાં—ખાસ કરીને બ્રહ્મચર્ય અને અપરિગ્રહની બાબતમાં—ા પણ પ્રમાદને અવકાશ આપવામાં આવ્યો નથી. જ્યારે આ ણોમાં શિથિલતા આવતી જણાઈ, ત્યારે ખુદ ભગવાન મહાવીર-સ્વામીએ એનું નિવારણ કરવા અને ચારિત્રધર્મની પ્રતિષ્ઠા વધારવા અસાધારણ પુરુષાર્થ કર્યો હતો, એ વાતની ઈતિહાસ સાક્ષી પૂરે છે. પરમાત્મા મહાવીરદેવના આ પ્રયત્ને નિર્ગ્રંથવર્ગના ચારિત્રને એવી પ્રતિષ્ઠા અપાવી કે તે સમયના બૌદ્ધ જેવા બીજા હરીફ સંપ્રદાયોએ પણ નિર્ગ્રંથોના ચારિત્રની પ્રશંસા કરી છે.

મતલબ કે આચારશુદ્ધિ એ હંમેશાં જૈનધર્મનો પ્રાણ રહ્યો છે, અને તેથી એણે આચારશુદ્ધિ ઉપર જ વધારેમાં વધારે ભાર આપ્યો છે. આવી ઉત્કટ આચારશુદ્ધિને કારણે જ જૈનધર્મ અને આપણો પૂજ્ય શ્રમણસંઘ વિશેષ ગૌરવશાળી અને આદરને પાત્ર બન્યો છે અને અત્યાર સુધી ટકી રહ્યો છે તેથી જ્યારે પણ આચાર-શુદ્ધિમાં ખામી આવતી લાગે ત્યારે એનું નિવારણ કરવા પુરુષાર્થ કરવો એ સમસ્ત જૈન સંઘની પવિત્ર ફરજ થઈ પડે છે. આપ સૌ જાણો છો કે આ સંમેલન આવા જ ગંભીર અને પવિત્ર હેતુથી બોલાવવામાં આવ્યું છે.

આ સંમેલનમાં આપણે જે જે પ્રશ્નોનો વિચાર કરવાનો છે એમાં મારી રામજ મુજબ, સૌથી મોટો અને સૌથી મુશ્કેલ સવાલ આપણા પૂજ્ય શ્રમણસંઘમાં ક્યાંક ક્યાંક ચતુર્થ બ્રહ્મચર્ય અને પંચમ અપરિગ્રહ મહાવ્રતના પાલનમાં જે અપવાદરૂપ શિથિલતા પ્રવેશી છે તે સદંતર નાબુદ કેવી રીતે થાય, એ છે. આ સવાલ જેટલો મુશ્કેલ છે, એટલો જ શ્રી સંઘના હિતનો વિચાર કરતાં અગત્યનો છે. એટલે એની ઉપેક્ષા આપણે કેવળ જૈન ધર્મ, જૈન સંઘ અને જૈન સંસ્કૃતિના હિતના ભોગે જ કરી શકીએ.

એ વાતનો—મને પૂરેપૂરો ખ્યાલ છે કે શ્રમણસંઘમાં પ્રવેશી ગયેલી શિથિલતા દૂર કરવાનો વિચાર અને પ્રયત્ન કરવાનું કામ મુખ્યત્વે શ્રમણસંઘનું-એટલે કે પૂજ્ય આચાર્ય ભગવંતો આદિનું-પોતાનું જ છે. પણ જ્યારે આ બાબતમાં ઉપેક્ષા સેવાતી જોવામાં આવે ત્યારે છેવટે એક આપદધર્મરૂપે, આપણે આ દિશામાં આપણાથી જે કાંઈ થઈ શકે તે માટે પ્રયત્ન કરવો જ જોઈએ.

આપણો આ પ્રયત્ન આવા જ એક શુભ આશયથી પ્રેરાયેલો પ્રયત્ન છે અને મને કહેતાં આનંદ થાય છે કે, આપણા આ પ્રયત્નમાં આપણા અનેક પૂજ્ય આચાર્ય ભગવંતો અને મુનિમહારાજો તેમજ સંખ્યાબંધ જૈન અગ્રણીઓની ભાવના આપણી સાથે છે. શ્રમણસંઘ કે શ્રાવકસંઘમાંથી જેઓ જેઓ આપણી વર્તમાન ચિંતાજનક પરિસ્થિતિથી માહિતગાર થયા છે એમને એટલું તો

લાગ્યું જ છે કે આ માટે આપણે જરૂર કંઈક કરવું જોઈએ, એટલે મારે આપને કહેવું જોઈએ કે, આ સંમેલન બોલાવવાનો નિર્ણય એ કાંઈ એકાએક લેવામાં આવેલો નિર્ણય નથી, પણ આપણા સંખ્યાબંધ અગ્રણીઓએ મહિનાઓ સુધી કરેલી વિચારણાને અંતે લેવામાં આવેલો નિર્ણય છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી મને લાગ્યા કરતું હતું કે, શ્રમણસંઘની ક્ષતિઓ દૂર કરવા આચાર્ય ભગવંતોએ ભેગા મળી કંઈક નિર્ણય કરવા જોઈએ. પાંચ વર્ષ પહેલાં અમદાવાદમાં બીજું મુનિ સંમેલન ભરવાનું નક્કી થયું. આ સંમેલનનો મુખ્ય હેતુ તો તિથિચર્ચાના પ્રશ્નનો નિકાલ કરવાનો હતો, છતાં હું આશા સેવી રહ્યો હતો કે, આ સંમેલન તિથિચર્ચાના પ્રશ્નનો નિકાલ લાવવામાં સફળ થાય તો શ્રી સંઘને મુંઝવતાં બીજા પ્રશ્નો પણ તેમની આગળ મુકી તેનો ઉકેલ લાવવા પ્રયત્ન થઈ શકે. આ મુનિસંમેલનમાં આરંભ વખતે (વિ. સં. ૨૦૧૪માં અક્ષયતૃતીયાને દિવસે) મેં મારા પ્રારંભિક્ વકતવ્યમાં, મારી આશા તેમ જ ચતુર્વિધ સંઘની કથળતી જતી સ્થિતિ અંગેનું મારું દુઃખ વ્યકત કરતાં કહ્યું હતું કે:-

> "મારી નમ્ર માન્યતા પ્રમાણે, આજનો વખત એટલો તો કપરો આવી લાગ્યો છે કે જ્યારે ઘણા ઘણા પ્રશ્નો જૈન શાસનને હચમચાવી રહ્યા છે. એવા મહત્ત્વના પ્રશ્નોનો તાત્કાલીક સ્પષ્ટ નિર્ણય જૈન શાસનની શોભામાં વધારો કરશે એમ હું માનું છું. આવા પ્રશ્નોનો ઉકેલ મુશ્કેલ હોય અથવા પૂજ્ય આચાર્ય ભગવંતોમાં પરસ્પર મતભેદ હોય એટલા કારણથી તેવા પ્રશ્નોને ચર્ચામાં સ્થાન આપવામાં નહિ આવે, અથવા તો તેનો નિર્ણયાત્મક અને જૈન શાસનને શોભે તેવો નિકાલ કરવામાં નહિ આવે તો, આપ સૌએ લીધેલો પરિશ્રમ અને શાસનની સેવા કરવાની આપની ઈચ્છા કેટલે અંશે બર આવશે એ આપ વિદ્વાન મુનિવરો જ વિચારશો. આપ સૌ તિથિચર્ચાનો નિર્ણય કરવા આ સંમેલનમાં પધાર્યા છો. મારી નમ્ર માન્યતા છે કે, તિથિચર્ચા એ બીજા ઘણા અટપટા અને મુશ્કેલ પ્રશ્નોમાંનો એક જ પ્રશ્ન છે, એટલે માત્ર અમદાવાદ જ નહિ પણ સારા હિંદુસ્તાનનો શ્વેતામ્બર જૈનસંઘ એ આશા સેવે છે કે, આપ સૌ આ સંમેલનમાં આ બધા પ્રશ્નોનો નિકાલ નિશ્ચયાત્મક રીતે આપશો.
>
> **આપણામાં જૈનસંઘના ચાર અંગ કહેલાં છે: (૧) સાધુ સંસ્થા, (૨) સાધ્વી સંસ્થા, (૩) શ્રાવક અને (૪) શ્રાવિકાઓ. આ જાતનો-ચતુર્વિધ સંઘ પોતાની આમન્યાઓમાં રહી વર્તે એ અતિ અગત્યનું છે. એ મહાદુઃખની વાત છે કે આજે આ ચારેય સંસ્થાઓમાં ભારે ચિરાડો પડી છે. તે રોકવામાં નહીં આવે તો જૈનધર્મનું ભાવી જોખવાશે."**

કમનશીબે પંદર દિવસની ચર્ચા - વિચારણાને અંતે આ મુનિ-સંમેલન નિષ્ફળ ગયું, અને ચતુર્વિધ સંઘમાં પડેલી ચિરાડોને રોકવાનો કે આપણને મુંઝવતા પ્રશ્નોનો નિકાલ લાવવાનો કોઈ પ્રયત્ન આપણે ન કરી શકયા.

મુનિસંમેલનની નિષ્ફળતા પછી શ્રમણસંઘના ચારિત્રની શિથિલતાના જે કિસ્સાઓ મારા તેમ જ બીજાઓના જાણવામાં આવ્યા તે સંઘશુદ્ધિ સંબંધમાં તેમ જ જૈનધર્મ અને જૈનસંઘના ભાવિ અંગે ખૂબ ચિંતા ઉપજાવે એવા છે. આવા કિસ્સાઓની વિગતોમાં ઉતરવાની અહીં જરૂર નથી. આ માટે આપણે તરત જ જરૂરી ઉપાયો હાથ ધરવા જોઈએ.

ખરી વાત તો એ છે કે, જે સાધુસમુદાય કે, સંઘાડામાં આવી ક્ષતિ જરા પણ જોવામાં આવે તે સમુદાય કે સંઘાડાના નાયક કે વડીલે એવા દોષિતોની સામે કડક હાથે કામ લઈને સંઘશુદ્ધિને ટકાવી રાખવી જોઈએ. એમ થાય તો આવી જે કાંઈ ક્ષતિઓ પ્રવેશી ગઈ હોય તે દૂર થાય, એટલું જ નહિ, નવી ક્ષતિઓ કરવાની કોઈ હિમત જ ન કરે. પણ અત્યારે સાધુ સમુદાયમાં મોટેભાગે આમન્યાઓનો જે રીતે લોપ થયેલો જોવામાં આવે છે, તેથી આવી શિક્ષાનો અમલ થવો મુશ્કેલ લાગે છે.

આનું મૂળ શું છે તેનો વિચાર કરીએ તો આજે દીક્ષા આપવામાં જે વિવેક રાખવો જોઈએ અને નવદીક્ષિતને કેળવવામાં જે જાગૃતિ રાખવી જોઈએ, એ રાખવામાં આવતાં નથી. દીક્ષાર્થીની દીક્ષા માટેની યોગ્યતાની ઝીણવટભરી તપાસ કર્યા વગર ગમે તેમ દીક્ષા આપી દેવી, તેમ જ દીક્ષાનો વારે વારે ત્યાગ કરનાર વ્યકિતને ત્રીજી કે ચોથી વાર દીક્ષા આપનાર ગુરુઓ મળી આવે એ સ્થિતિ કોઈ પણ રીતે ચલાવી લેવા જેવી નથી. એજ રીતે નવદીક્ષિતને એની સંયમસાધનાના કઠોર માર્ગમાં સ્થિર કરવા માટે તેમ જ એના અધ્યયન માટે જે ઉપેક્ષા સેવવામાં આવે છે તે પણ બરાબર નથી. આમ થવાથી ભગવતી દીક્ષા અને જૈન ધર્મ, બન્નેનું ગૌરવ ખંડીત થાય છે. આ બાબતમાં સત્વર ઉપાય લેવા આચાર્યમહારાજોને આપણે વિનંતી કરવી જોઈએ.

વળી "આપણા ધર્મનું ખરાબ કહેવાશે" એવા ભયથી આવા દોષોને ઢાંકવાનો જે પ્રયત્ન કરવામાં આવે છે, અથવા તો એની જે ઉપેક્ષા કરવામાં આવે છે, તેથી આવા દોષો દૂર થવાને બદલે ઊલટા વધુ વ્યાપક બને છે. તેથી જો સંઘશુદ્ધિ અને ધર્મશુદ્ધિને ટકાવ રાખવી હોય તો દોષિતને દોષિત કહેવાની હિમત આપણે દાખવવી જોઈએ.

હું જાણું છું ત્યાં સુધી, આવા ગંભીર જવાબદારીવાળા કામ માટે શ્રાવક સંઘનું આવું સંમેલન આ પહેલું જ મળે છે અને આપણે બજાવવાની કામગીરી કંઈ સહેલી કે સુખદ નહિ, કઠણ અને કડવી છે. આમાં કોઈને અનધિકાર ચેષ્ટા કરવા જેવું લાગે એમ પણ બનવા જોગ છે પણ પરિસ્થિતિની અનિવાર્યતા એવી છે કે એ આપણને આવા મુશ્કેલ કાર્યની જવાબદારી લેવાની ફરજ પાડે છે. કોઈપણ વ્યકિત કે સંસ્થાને માટે બાહ્ય આક્રમણ કરતાં આંતરિક નબળાઈઓ વિશેષ હાનિકારક સાબિત થાય છે. બહારના ઝંઝાવાત કરતાં અંદરખાનેથી ચુપચાપ આગળ વધતી ઉધઈ ક્યારેક ભારે ભયંકર નુકશાન કરી બેસે છે એ આપણા સ્વાનુભવની વાત છે. આપણો આ પ્રયત્ન, આપણી આંતરિક ક્ષતિઓને દૂર કરીને જૈન સંઘને બાહ્ય અને આંતર રીતે શુદ્ધ અને સશકત કરવાનું પવિત્ર કાર્ય છે, એટલે આવી જવાબદારી ઊઠાવવામાં આપણે કોઈ ભૂલ કરતા નથી એવો મને વિશ્વાસ છે.

મેં શ્રમણસંઘની ક્ષતિઓની વાત કરી એનો અર્થ કોઈ એવો હરગીજ ન કરે કે શ્રાવક સંઘ ખામીઓથી મુકત છે. પહેલી વાત તો એ છે કે, અત્યારે શ્રમણસંઘમાં જે કંઈ ક્ષતિઓ દેખાય છે તે માટે શ્રાવક સંઘની જવાબદારી ઓછી નથી, ઘણીવાર તો આપણો દૃષ્ટિરાગ, આપણી વિવેક વગરની ભકિત કે આપણી સ્વાર્થપરાયણતા જ આવી ક્ષતિઓને ઉત્તેજન આપે છે. એટલે શ્રાવક સંઘ જો જાગ્રત હોય તો સંઘશુદ્ધિની સમગ્ર પરિસ્થિતિમાં ઘણો આવકારદાયક ફેર પડી જાય એમાં શક નથી.

ધાર્મિક કાર્યોમાં, ધર્મોત્સવોના વહીવટમાં તેમ જ જાહેર સંસ્થાઓના સંચાલનમાં, સ્વાર્થવૃત્તિને કારણે આપણામાં કેટલેક સ્થાને વ્યવહારશુદ્ધિ અને ખાસ કરીને અર્થશુદ્ધિમાં જે ઉણપ આવી ગયેલી જોવામાં આવે છે તે અક્ષંતવ્ય છે, અને તેથી શ્રાવક સંઘના તેજ અને પ્રભાવમાં ઘણી ખામી આવી ગઈ છે. જાહેર જનતામાં જૈન મહાજનોનું માન અને વર્ચસ્વ પહેલાં જેવું રહ્યું નથી એનું કારણ મુખ્યત્વે વ્યવહારશુદ્ધિની આ ઉણપ જ છે, એમ મને લાગે છે. આવી વ્યકિતઓથી લોકોને માહિતગાર કરવા જોઈએ. વળી, શ્રાવકસંઘમાં ધાર્મિક ભાવનામાં જે ખામી આવતી દેખાય

છે, અને ધાર્મિક આચારોના પાલન તરફ જે ઉદાસીનતા જોવામાં આવે છે તે પણ ચિંતા ઉપજાવે એવી છે. આ રીતે શ્રાવકસંઘમાં જે કાંઈ ક્ષતિઓ દેખાય તેને દૂર કરવા માટે પણ પ્રયત્ન કરવાની જરૂર છે.

આપણા સમસ્ત શ્રીસંઘના સંગઠનમાં, એક યા બીજા કારણે, જે ઉણપ આવી ગઈ છે તેની જરા પણ ઉપેક્ષા કરવા જેવી નથી. સંગઠન અને એકતાના અભાવે આપણી આંતરિક શક્તિ ખૂબ ઘટી ગઈ છે, અને જૈન ધર્મના પ્રભાવ અને ગૌરવમાં પણ ઉણપ આવી ગઈ છે. મને તો એમ પણ લાગે છે કે શ્રી સંઘનું સંગઠન શિથિલ થવાને લીધે આપણામાં મારા - તારાપણાનો દોષ અને દૃષ્ટિ-રાગ પેસી ગયા છે અને તેથી શ્રી સંઘની શિથિલતાને બહુ ઉત્તેજન મળે છે. એટલે સમસ્ત શ્રીસંઘના સંગઠનને નબળું પાડે એવા જે કાંઈ નાના - મોટા પ્રશ્નો કે કારણો હોય તેનું આપણે બનતી ત્વરાએ નિવારણ કરવું જોઈએ.

આપણે ત્યાં ધર્મનું, સમાજસેવાનું કે શિક્ષણ સાહિત્યના પ્રચારનું કામ કરતી સંખ્યાબંધ સંસ્થાઓ છે, અને એની મારફત દર વર્ષે લાખો રૂપીઆ ખર્ચાય છે. આવી સંસ્થાઓમાંથી જે સંસ્થાઓનો વહીવટ ખામીભર્યો હોય કે જે કામોમાં સાચી સૂઝ કે વિવેકના અભાવને લીધે પૈસા વેડફાતા હોય, તે સ્થિતિમાં તાકીદે સુધારો કરવાની ઘણી જરૂર છે.

જિનમંદિરો એ આપણી ધર્મભાવનાને ટકાવી રાખવાનું અને પોષવાનું મુખ્ય સાધન છે એટલે જ્યાં જ્યાં શ્રાવકસમુદાય વસેલો હોય ત્યાં જિનમંદિર હોય એ જરૂરી છે, પણ જ્યાં નવું જિનમંદિર બનાવવાની જરૂર લાગે ત્યાં એ મંદિર એ ગામને અનુરૂપ જ બનાવવું જોઈએ. નાના કે જૈનોની ઓછી સંખ્યાવાળા ગામોમાં મોટી રકમ ખર્ચીને વિશાળ મંદિર બનાવવું એ બરાબર નથી. આ રીતે આપણા નાણાંનો જરૂર પ્રમાણે વિવેકપૂર્ણ ઉપયોગ થવો જોઈએ. વળી જ્યાં જિનમંદિર મોજુદ હોય ત્યાં વળી બીજું મંદિર ચણાવવાને બદલે એવા પૈસા કળાના ધામ સમાં પ્રાચીન મંદિરોની સાચવણી તેમ જ એના જીર્ણોદ્ધારમાં વાપરવામાં આવે એ ખૂબ જરૂરી છે. નવું મંદિર ચણાવતી વખતે કે જુના મંદિરના જીર્ણોદ્ધાર વખતે એ કામના નિષ્ણાતોની યોગ્ય સલાહ અને દોરવણી પ્રમાણે કામ કરવામાં આવે તો ઘણા પૈસાનો દુર્વ્યય થતો અટકે. આજે વિવેક કે સાચી સૂઝ અને સમજણના અભાવે આવો દુર્વ્યય ઠીક ઠીક પ્રમાણમાં થતો હોય છે એમ મને લાગે છે.

જિન મંદિરોની જેમ આપણા હસ્તલિખિત જ્ઞાનભંડારો પણ આપણી ધર્મભાવનાને પોષવાનું મહત્ત્વનું સાધન છે. આ જ્ઞાનભંડારોમાંની અમૂલ્ય, અને વિપૂલ સાહિત્યસંપત્તિને લીધે જૈન ધર્મ અને જૈન સંઘની નામના દેશ—વિદેશમાં થયેલી છે. એ ખુશી થવા જેવું છે કે, આપણી આ સંપત્તિનું મહત્ત્વ આપણને કેટલેક અંશે સમજાયું છે, અને એ ભંડારોની સુરક્ષા માટે આપણે કેટલીક પ્રશંસાપાત્ર ગોઠવણ પણ કરી છે. આમ છતાં હજી પણ કેટલાય ભંડારો સાર - માટી - લાકડાના ભેજવાળાં સ્થાનોમાં અને લાકડાના પેટી—કબાટોમાં એવી રીતે રાખવામાં આવ્યા છે કે, જ્યાં એ પ્રાચીન પુસ્તકોને ઉધઈ, ભેજ અને આગનો હંમેશાં ભય રહેલો છે. વળી એની જાળવણીની યોગ્ય વ્યવસ્થાને અભાવે એમાંના કેટલાંય બહુમૂલ્ય કે અન્યત્ર અપ્રાપ્ય હસ્તગ્રંથો ચોરાઈ કે વેચાઈ પણ જાય છે. આવા બધા જ્ઞાનભંડારોને સુરક્ષિત અને વ્યવસ્થિત કરવા તરફ પૂરતું ધ્યાન આપવાની ખાસ જરૂર છે. આવા ગ્રંથોની યાદીઓ તૈયાર કરીને છપાવવાની, અને એ ગ્રંથોનો સરળતાપૂર્વક ઉપયોગ કરી શકાય એવી ગોઠવણ કરવાની પણ ખાસ જરૂર છે.

સદ્‌ગૃહસ્થો! જૈન સંઘની અત્યારની સ્થિતિ, સમગ્રરૂપે મને જેવી લાગી તેવી મેં મારી ફરજ સમજીને આપની સમક્ષ રજુ કરી છે. હવે આ સંબંધમાં આપણે શું કરવું છે, આપણે શું કરવાની જરૂર છે તેમ જ આવી પરિસ્થિતિમાં એક જવાબદાર સંઘ તરીકેનું આપણું કર્તવ્ય શું હોઈ શકે એનો વિચાર અને નિર્ણય આપણે સહુએ સાથે મળીને કરવાનો છે.

આ પ્રસંગે મારે આપને એટલું સ્પષ્ટપણે જણાવી દેવું જોઈએ કે કેવળ મારા કહેવાથી કે મારા અનુરોધથી સંઘશુદ્ધિ, સંઘરક્ષા કે સંઘસંગઠનના આ મહાન કામની જવાબદારી સ્વીકારવામાં આવે એમ હું મુદ્દલ ઈચ્છતો નથી. એટલે આપ સૌ શ્રીસંઘની અત્યારની પરિસ્થિતિને જે રીતે સમજતા હો તે ઉપરથી તેમ જ મેં અહીં જે કાંઈ કહ્યું છે તે ઉપરથી આપને એમ લાગતું હોય કે આ માટે અવશ્ય કંઈક સક્રિય અને કારગત પગલાં ભરવાની જરૂર છે, તો જ આવી જવાબદારીનો સ્વીકાર કરવામાં આવે, અને એ જવાબદારી કેવી રીતે પૂરી કરી શકાય એના ઉપાયો નકકી કરવામાં આવે એમ હું ઈચ્છું છું. અહીં વિચાર કરતાં જો આપ સૌને આવી જવાબદારી માથે લેવાનું બરાબર ન લાગે, કે એ માટે આપણે તૈયાર ન હોઈએ અને તેથી આ બાબતને આટલેથી જ અટકાવી દેવાનું આપને ઉચિત લાગે, તો એ માટે મારે આપને વિશેષ આગ્રહ કે દબાણ કરવાં એ બરાબર ન ગણાય. છેવટે તો આવી વસ્તુ અંતરમાંથી જ ઉગવી જોઈએ અને હૃદયપૂર્વક સ્વીકારવી જોઈએ. એમ થાય તો જ આ અંગે અત્યારે કે ભવિષ્યમાં મતભેદ કે ગેરસમજ થતાં અટકે અને બધાના હાર્દિક સહકારથી એમાં ધારી સફળતા મળી શકે.

આ કામ કોઈ એકાદ વ્યકિતનું અથવા તો અમુક વ્યકિતઓના નાનાસરખા જુથથી થઈ શકે એવું નથી. આ માટે તો આખો સંઘ એકરૂપ બનીને નિષ્ઠા, વિવેક, તટસ્થતા, મકકમતા અને હિમતપૂર્વક કામ કરે તો જ થઈ શકે એવું ભગીરથ આ કામ છે. બાકી મારા પોતાના મનમાં તો આ કામના વ્યાજબીપણા, ઉપયોગીપણા તેમ જ જરૂરીપણા વિષે જરાય શંકા નથી. જો હું મારા મનની વાત એક જ વાકયમાં કહેવા માગું તો મારે કહેવું જોઈએ કે - પાધડીનો વળ હવે છેડે આવી ગયો છે, અને જૈન સંઘની શુદ્ધિ અને એકતાની બાબતમાં જરાય ગફલત રાખવા જેવી નથી. હવે શું કરવું તેનો નિર્ણય આપ સૌએ કરવાનો છે.

અંતમાં, મને લાગે છે કે, જો આપણે આપણી ધર્મશુદ્ધિ અને સંઘશુદ્ધિમાં આવી ગયેલી ખામીઓને દૂર કરી શકીએ, અંદર અંદરના મતભેદોને મિટાવી દઈને સંગઠિત બનીએ તેમ જ સહધર્મીપણાને સગપણે શ્રીસંઘમાં ભાઈચારાની ભાવનાની પુનઃ પ્રતિષ્ઠા કરી શકીએ તો આપણા સમસ્ત શ્રીસંઘનો સર્વ પ્રકારે અભ્યુદય થાય, અને જૈન ધર્મની પ્રભાવના તેમ જ જૈન સાહિત્યનાં પ્રચાર માટેના અત્યારના સુવર્ણ અવસરનો લાભ લઈ શકાય. પરમાત્મા આપણને આવું કામ કરવાની શકિત અને બુદ્ધિ આપે એવી હું પ્રાર્થના કરું છું અને આપણે કંઈક ને કંઈક નકકર કામ કરીને જ છૂટા પડીએ એવી શુભ કામના સાથે હું મારું આ વકતવ્ય પુરું કરું છું.

જય જિનેન્દ્ર.

કસ્તુરભાઈ લાલભાઈ

વિષયસૂચિ

		પૃષ્ઠ
અખિલભારતીય જૈન શ્વે. મૂ. શ્રમણોપાસક સંઘ—સંમેલન, શેઠ કસ્તુરભાઈ લાલભાઈનું ભાષણ.	શેઠ કસ્તુરભાઈ લાલભાઈ	૧
પ્રસ્તુત જૈન સંઘ-સંમેલનમાં સર્વાનુમતે પસાર થયેલા ઠરાવો, શ્રી. કસ્તુરભાઈનો ઉપસંહાર.		૪
સંઘ—સંમેલનની એક આલોચના	ઈશ્વર પેટલીકર	૭
કંટક છાયો પંથ (અવલોકન)	પરમાનંદ	૮
પ્રબુદ્ધજીવન પચ્ચીસમાં વર્ષમાં પ્રવેશ કરે છે. સંપાદકીય વકતવ્ય	પરમાનંદ	૯
પ્રકીર્ણ નોંધ : મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન, શ્રી. નાથાલાલ પારેખનો પરિચય, 'રૂચિ'ને હાર્દિક આવકાર, ઉદારચિત શેઠ રામજી શામજી વિરાણીને ધન્યવાદ, પ્રાથમિક શિક્ષણ ઉપર શ્રી. લીલીબહેન પંડ્યાનો યોજાયેલો વાર્તાલાપ	પરમાનંદ	૧૧

પ્રસ્તુત જૈન સંઘ-સંમેલનમાં સર્વાનુમતે પસાર થયેલાં ઠરાવો

ઠરાવ નં. ૧ શ્રમણસંઘની શુદ્ધિ બાબત

શ્રી અખિલ ભારતીય શ્રમણોપાસક સંઘનું આ સંમેલન માને છે કે શ્રી જૈન ધર્મ વીતરાગ દેવ, મૌલિક અને વિપુલ જ્ઞાનસમૃદ્ધિ, પંચાચારના ચાલક, ત્યાગી અને જ્ઞાની ગુરુઓ અને જીવનશોધક આચારોને આધારે જ અત્યાર સુધી ટકી રહ્યો છે; અને અનેક વિષમ સંયોગો વચ્ચે પણ તે પોતાના ગૌરવને ટકાવી શક્યો છે. તેથી આપણા પવિત્ર તીર્થસ્થાનો અને જિનમંદિરોનું બરાબર જતન થતું રહે, આપણા જ્ઞાનભંડારોનું સંરક્ષણ તેમજ તેનો ઉપયોગ થતો રહે, આપણા પૂજ્ય શ્રમણ સમુદાયની પવિત્રતા અને પ્રાભાવિકતા જળવાઈ રહે અને આપણા ધર્મના આચારની ઉચ્ચ પ્રણાલિકામાં કોઈપણ જાતની ક્ષતિ ન આવે—એ માટે સજાગ રહીને પ્રયત્ન કરવો, એ સમસ્ત શ્રી સંઘની પવિત્ર ફરજ છે.

આજના વિષમ કાળમાં, જ્યારે ભૌતિક ભોગોપભોગો તરફ જનતાનું વલણ વધુ ને વધુ ઢળતું જાય છે, ત્યારે અનંત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવેલ મોક્ષમાર્ગની આરાધના કરવામાં દત્તચિત્ત બનીને સંખ્યાબંધ પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજ સાહેબો સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપની સુંદર અને વિવિધ પ્રકારે જે આરાધના કરી રહ્યા છે તેની આ સંમેલન બહુમાનપૂર્વક અનુમોદના કરે છે અને જાહેર કરે છે કે ઓવાં પૂજ્ય સાધુ સાધ્વીજીથી જ શ્રી જૈન શાસન ઉજ્જવળ અને પ્રતિભાસંપન્ન બની રહ્યું છે.

આમ છતાં, પણ આપણાં પૂજ્ય શ્રમણ સમુદાયમાં, કાળાદિ દોષને કારણે ક્યાંક, ક્યાંક થોડી ત્રુટિ પ્રવેશી ગઈ છે, જેથી જૈન શ્રમણત્વને અનુરૂપ જે વિચારશુદ્ધિ, વાણીશુદ્ધિ અને આચાર-શુદ્ધિ જોઈએ તે તરફ અમુક સાધુ—સાધ્વી ઉપેક્ષા સેવી રહ્યા હોવાનું જણાય છે. આ ત્રુટીઓને અટકાવવામાં ન આવે તો પૂજ્ય સુવિહિત સાધુ—સાધ્વીની પ્રતિષ્ઠાને અને જૈન શાસનની પ્રતિષ્ઠાને પણ હાનિ પહોંચવાનો સંભવ છે.

પૂજ્ય શ્રમણસમુદાયની આચારશુદ્ધિમાં ચોથા અને પાંચમા મહાવ્રતના પાલનની તત્પરતા મહત્ત્વનું સ્થાન ધરાવે છે; કેમકે ચોથા પાંચમા મહાવ્રતના પાલનની શિથિલતા જૈનેત્તર જગતની દૃષ્ટિમાં પણ શ્રી જૈન શાસનને હીણું દેખાડનારી બને છે, વળી પંચ મહાવ્રતોમાંના આ છેલ્લા બે મહાવ્રતોના ભંગને લીધે બાકીના પહેલાં ત્રણે ય મહાવ્રતોનો પણ અનિવાર્ય રીતે ભંગ થઈ જાય છે, અને એમ થવાથી સાધુજીવનનો મૂળ પાયો જ ડગમગી જાય છે. તેથી પૂજ્ય આચાર્ય મહારાજોને કે તે તે સમુદાયના નાયક-પદે બિરાજતા મુનિરાજોને, તેમ જ જુદા જુદા સાધ્વીસમુદાયોની પ્રવર્તિનીઓને નીચેની બાબતોનો દૃઢતા અને નિષ્ઠાપૂર્વક અમલ કરવાની વિનંતી કરવામાં આવે છે.

(૧) દીક્ષાર્થીની પસંદગી તથા નવદીક્ષિતની સંભાળ અંગે

દીક્ષા એ અહિંસા, સંયમ, અને તપ પ્રધાન જૈનધર્મે પ્રરૂપેલી આત્મસાધનાનું સર્વશ્રેષ્ઠ સાધન છે, અને તેની પવિત્રતા ઉપર જ જૈન ધર્મ, જૈન સંઘ અને જૈન સંસ્કૃતિની પવિત્રતાનો અને પ્રભાવનાનો આધાર છે. તેથી નવદીક્ષિત સાધુ મહારાજો અને સાધ્વીજી મહારાજો, પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે, મન, વચન, કાયાની સાવદ્ય પ્રવૃત્તિથી અળગા રહીને અણીશુદ્ધ આચારપાલનના માર્ગે પોતાની આત્મસાધક સંયમયાત્રામાં અપ્રમત્તપણે આગળ વધે અને પોતે શ્રમણ સમુદાયની શિથિલતામાં થોડો પણ ઉમેરો કરવાના નિમિત્ત ન બને તે માટે દીક્ષાર્થીઓની પસંદગીના સંબંધમાં તેમજ નવદીક્ષિતોની સંભાળ રાખવા સંબંધમાં નીચેની બાબતો તરફ પૂરેપૂરું ધ્યાન આપવાની જરૂર છે.

(અ) દીક્ષા લેવા આવનાર કોઈ પણ ભાઈ કે બહેનની દીક્ષા લેવાની ભાવના, વૈરાગ્યવૃત્તિ અને બીજી બાબતોની પુરેપૂરી તપાસ કરતાં એ વ્યક્તિ દીક્ષા આપવાને યોગ્ય લાગે તો જ એને દીક્ષા આપવી. દીક્ષા પ્રશસ્ત સ્થાનમાં, જાહેર રીતે, શુભ મુહૂર્તે આપવી, તેમ જ જે ગામમાં દીક્ષા આપવાની હોય તે ગામના ઉપાશ્રયના વહીવટદારોનો સહકાર મેળવીને દીક્ષા આપવી તેમજ દીક્ષાર્થીના માતા, પિતા, ભગિની, ભાર્યા વગેરે નિકટનાં સગાંઓની અનુમતિ મેળવીને દીક્ષા આપવી, પણ અનુમતિ મેળવવા માટે યોગ્ય પ્રયત્નો કર્યા છતાં કોઈ હઠાગ્રહને લીધે અનુમતિ ન મળી શકે તો અપવાદ રૂપે અનુમતિ વગર દીક્ષા લઈ શકે છે. દીક્ષા લેનારે પોતાની સ્થિતિને અનુસાર પોતાનાં વૃદ્ધ માતા, પિતા, સ્ત્રી અને નાના પુત્ર—પુત્રીઓના નિર્વાહનો પ્રબંધ કરેલો હોવો જોઈએ. દીક્ષા લેનારમાં અઢાર દોષ પૈકીનો કોઈ દોષ ન હોય એ ધ્યાનમાં રાખવું અને પદસ્થ, વડીલ કે ગુરુ—ત્રણમાંથી ગમે તે એકને પૂછ્યા સિવાય દીક્ષા આપવી નહિ.

(આ) એક સાધુ મહારાજ કે સાધ્વીજી પાસે એકવાર દીક્ષિત થયેલ વ્યક્તિ બીજા પાસે દીક્ષા લેવા જાય તો એમણે દીક્ષા છોડવાના કારણની તેમજ એની દીક્ષા લેવાની ભાવનાના ગુણ—દોષની પુરતી તપાસ કર્યા બાદ, તેમજ પહેલાં દીક્ષા આપનાર ગુરુ કે ગુરુણીને પૂછી, એને દીક્ષા આપવી. મતલબ કે દીક્ષા એકધર્મસાધનાનું અમૂલ્ય સાધન રહે અને ભાગવતી દીક્ષાનું ગૌરવ પુરેપુરું જળવાય એ રીતે જ દીક્ષા આપવી.

(ઈ) નવદીક્ષિત સાધુ કે સાધ્વીજી પોતાનાં સંયમ અને વૈરાગ્યમાં બરાબર સ્થિર થઈને પરિપક્વ થાય તેટલા સમય સુધી તેઓ લોકસંપર્કથી અળગા અને અલિપ્ત રહીને, પોતાના ક્ષયોપશમમાં વૃદ્ધિ થાય એ રીતે, ધર્મશાસ્ત્રોનું એકાગ્રતાપૂર્વક અધ્યયન કરે એ માટે ખાસ ધ્યાન આપવું, તેમજ એ માટે શ્રીસંઘે જરૂરી સગવડ પણ પૂરી પાડવી.

(૨) ચતુર્થ મહાવ્રત અંગે

ચતુર્થ મહાવ્રતની કોઈ પણ જાતની ક્ષતિને નિભાવી લેવી એ તો એ મહાદોષને વધવાનો અવકાશ આપવા જેવી મોટી ભૂલ છે. જીવનમાં આ દોષ પ્રવેશી જવાથી સમગ્ર સાધુજીવનનો પાયો ડગમગી જાય છે અને જીવન દૂષિત બની જાય છે. તેથી શ્રમણ સમુદાયમાં કોઈ પણ વ્યક્તિમાં આ ક્ષતિ દેખાય તો તેની તપાસ કરીને તે વ્યક્તિને સાધુ સંઘમાંથી મુક્ત કરવી. આ દોષ માટે, અન્ય કારણોની જેમ, શ્રમણોપાસક વર્ગ સાથેનો વિવેક વગરનો ઘનિષ્ઠ સંબંધ કે દૃષ્ટિરાગ પણ ખૂબ જવાબદાર છે. એટલા માટે નીચેની બાબતો તરફ પૂરતું ધ્યાન આપીને એનું પાલન થવું જરૂરી છે.

(અ) સાધુ—મુનિરાજોએ વ્યાખ્યાન અને જાહેર પ્રસંગો સિવાય ક્યારે ય બહેનોનો પરિચય રાખવો નહીં.

(આ) સાધ્વીજીઓ સાથે પણ વ્યાખ્યાનમાં અને જાહેરમાં જ મળવું અને એમની સાથે પણ ઓછામાં ઓછો પરિચય રાખવો, તેમજ એમની પાસે પોતાનું કોઈ પણ કામ કરાવવું નહિ.

(ઈ) શ્રીસંઘમાં એકલવિહારી સાધુઓને કોઈ પણ પ્રકારનું ઉત્તેજન ન જ મળવું જોઈએ. જે સાધુઓ એકલવિહારી બનીને સ્વચ્છંદપણે વર્તતા હોય એમને તે સમુદાયના નાયકે પોતાના સમુદાયની સાથે રહેવા સમજાવવા અને એમ કરીને એમના જીવનમાં પ્રવેશી ગયેલી શિથિલતાને દૂર કરવાની તક આપવી. આમ છતાં જે એકલવિહારી સાધુઓ ન સમજે

તેમનો સમસ્તશ્રીસંઘે હરેક બાબતમાં બહિષ્કાર કરવો. (જે સાધુ—મુનિરાજોને વૃદ્ધાવસ્થાને કારણે એકલા રહેવું પડતું હોય તેઓને આ નિયમ લાગુ પડતો નથી.)

(૩) પંચમ મહાવ્રત અંગે

સાધુજીવનના પ્રાણ રૂપ ત્યાગમાર્ગના વિકાસનો મુખ્ય આધાર પંચમ અપરિગ્રહ મહાવ્રતના અણિશુદ્ધ પાલન ઉપર જ છે. અને એ મહાવ્રતમાં ક્ષતિ આવતાં બીજી અનેક ક્ષતિઓ જીવનમાં પ્રવેશી જાય છે. એટલા માટે નીચેની બાબતોનો પુરેપુરો અમલ કરવા વિનંતી કરવામાં આવે છે.

(અ) શ્રમણસમુદાયની દરેક વ્યક્તિએ પરિગ્રહશીલતાના પાયા રૂપ મૂર્છા પોતાના ચિત્તમાં જાગે એ રીતે કોઈ પણ વસ્તુ પોતાની માલિકીની રાખવાનો કે વસાવવાનો પ્રમાદ સેવવો નહિ.

(આ) મૂર્છા અને પરિગ્રહનું મોટામાં મોટું કારણ પૈસો છે. તેથી શ્રમણસમુદાયની પ્રત્યેક વ્યક્તિએ સદા અપ્રમત્તભાવે પૈસા તરફના મોહથી સર્વથી દૂર રહેવું અને પુસ્તક નિમિત્તે, જ્ઞાનનાં બીજાં ઉપકરણો નિમિત્તે, પુસ્તકાલય નિમિત્તે, ગ્રંથમાળા નિમિત્તે, જ્ઞાનશાળા કે જ્ઞાનમંદિરના નામે કે બીજા કોઈ પણ નિમિત્તે કોઈ પણ આચાર્ય વિગેરે સાધુ મહારાજે કે સાધ્વીજી મહારાજે, જેના ઉપર ખરી રીતે પોતાનો અધિકાર હોય એવી કોઈ પણ રકમ, કોઈ પણ ભળતા નામે કોઈ પણ ગૃહસ્થને ત્યાં પેઢીમાં કે સંસ્થામાં જમે રાખવી નહિ.

(ઈ) જે શ્રમણોપાસકો ભક્તિથી પ્રેરાઈને ધર્મની સાચી સમજણના અભાવે કે બીજા કોઈ કારણે આવી રકમો પોતાની પાસે જમા રાખે છે, તેઓ સાધુ—સાધ્વીઓના વ્રતભંગના દોષના ભાગીદાર તો થાય જ છે, સાથે સાથે પોતે પણ દોષને પાત્ર બને છે; અને પોતાને હાથે જ પોતાના ધર્મની અપભ્રાજનાના નિમિત્ત બને છે. તેથી બધા શ્રાવક ભાઈઓએ આવી અધર્મની ભાગીદારીમાંથી સત્વર ખસી જવું. આમ છતાં જે વ્યક્તિઓ આવો ખોટો સાથ આપવાનું ચાલુ રાખે એવી વ્યક્તિઓનાં નામ જાહેર કરવા.

(ઉ) જ્ઞાનભંડારો શ્રમણસમુદાયની કોઈ એકાદ વ્યક્તિની માલિકીનાં નહિ, પણ શ્રીસંઘની માલિકીનાં રાખવા અને એનો ઉપયોગ યોગ્ય વ્યક્તિ સહેલાઈથી કરી શકે એવી વ્યવસ્થા કરવી.

(ઊ) કોઈ પણ આચાર્ય કે મહારાજ કે મુનિરાજોની નિશ્રામાં ઉજવાતા ઉપધાન, ઉજમણું કે બીજા કોઈ પણ ધાર્મિક ઉત્સવોમાં, દેવદ્રવ્યમાં કે બીજા કોઈ પણ ખાતામાં જે કાંઈ નીપજ થાય તેનો વ્યય, તે નિપજ લાગતાવળગતા ટ્રસ્ટની કે વ્યવસ્થાપક સમિતિની આવક લેખીને, એ ટ્રસ્ટ અગર એ વ્યવસ્થાપક સમિતિ દ્વારા જ કરવો.

ઠરાવ નં. ૨ : શ્રાવક સંઘની કેટલીક ક્ષતિઓ દૂર કરવા અંગે :

શ્રી શ્રમણોપાસક સંઘ એટલે કે, શ્રાવક સંઘ આ જૈન સંઘનું એક અગત્યનું અંગ છે અને શ્રી સંઘની બધી જ ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓની નાની - મોટી રકમોનો વહીવટ એને હસ્તક છે, એટલે કોઈ પણ શ્રાવક ભાઈની બિનઆવડત, બેદરકારી કે સ્વાર્થપરાયણતાને કારણે શ્રીસંઘની કોઈ પણ સંસ્થાને આર્થિક નુકસાન ન થાય તેમજ એના વહીવટમાં કોઈ પણ પ્રકારની ખામી ન આવે અને જે કાંઈ ખામી એમાં પ્રવેશી હોય તે સત્વર દૂર થાય; એ માટે જરૂરી પગલાં લેવાની ખાસ જરૂર આ સંમેલનને લાગે છે. અને તેથી એ ખામીઓ દૂર થાય એ માટે ઓછામાં ઓછા નીચેનાં પગલાંઓનો અમલ થવો જરૂરી છે :—

(અ) કોઈ પણ શ્રાવક ભાઈએ કોઈ પણ ધાર્મિક કે ધર્માદા-સંસ્થાના નાણાં પોતાને ત્યાં જમા રાખવા નહિ.

(આ) શ્રી સંઘની ધાર્મિક, સામાજિક કે શૈક્ષણિક જે જે સંસ્થાનો વહીવટ ખામીભરેલો હોય અથવા કોઈ પણ સંસ્થામાં ગેરવહીવટ કે ગેરરીતીઓ ચાલતી હોય તેની તે તે સંસ્થાએ વિના વિલંબે સુધારણા કરી લેવી. જો તે સંસ્થા તે પ્રમાણે ન કરે તો શ્રીસંઘસમિતિએ એ બાબતમાં યોગ્ય કરવું.

(ઈ) આપણાં મંદિરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ વિગેરેના બાંધકામમાં ઘણી વાર કાર્યકરોની બિનઆવડત કે તેમના બિન-અનુભવને લીધે વિવેક વિના પુષ્કળ નાણાંનો દુર્વ્યય થઈ જાય છે. શ્રી સંઘના નાણાંનો આવો અપવ્યય સત્વર બંધ થાય એવાં પગલાં ભરવા અને આ માટે એક વ્યવહારૂ યોજના રૂપે શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ આવી બાબતોમાં સુયોગ્ય સલાહ અને દોરવણી આપવાની જે ગોઠવણ કરી છે તેનો આવાં કામો વખતે જરૂર લાભ લેવો.

ઠરાવ નં. ૩. શ્રી સંઘસમિતિની સ્થાપના અંગે:

જૈનધર્મે હંમેશા આચારશુદ્ધિ એટલે કે જીવનશુદ્ધિ અને વ્યવહારશુદ્ધિ ઉપર ભાર આપ્યો છે અને જ્યારે જ્યારે શ્રમણ સમુદાયમાં કે ચતુર્વિધ શ્રી સંઘના કોઈ પણ અંગમાં કોઈ પણ જાતની શિથિલતા પ્રવેશતી લાગી છે, ત્યારે ત્યારે આપણા આચાર્ય મહારાજ આદિ સમર્થ પૂજ્ય પુરુષોએ પ્રબળ પુરુષાર્થદ્વારા એ શિથિલતાને દૂર કરીને ધર્મશુદ્ધિ અને સંઘશુદ્ધિને ટકાવી રાખી છે. સમયે સમયે કરવામાં આવેલા આવા પુરુષાર્થને લીધે જ જૈન ધર્મ જૈન સંઘ અને જૈન સંસ્કૃતિ અત્યાર સુધી ગૌરવપૂર્વક ટકી શક્યાં છે.

શ્રી અખીલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રમણોપાસક શ્રીસંઘનું આ સંમેલન દઢપણે અને શ્રદ્ધાથી એમ માને છે કે, શ્રમણસમુદાયમાં ક્યાંક ક્યાંક પેસી ગયેલી શિથિલતા સંબંધી વિચારણા કરવી, એ શિથિલતાને દૂર કરવા સંબંધી ઉપાયો શોધવા અને તેનો અમલ કરવો એ કેવળ શ્રમણસમુદાયનું—એટલે કે આચાર્ય મહારાજ આદિ સાધુસમુદાયનું જ કામ છે.

છેલ્લાં ત્રણેક વર્ષ દરમ્યાન આપણા સંઘના કેટલાક આગેવાન સદ્‌ગૃહસ્થોએ આ ચિંતાજનક પરિસ્થિતિ સંબંધી તેમ જ એના નિવારણના ઉપાયો સંબંધી અનેક પૂજ્ય આચાર્યમહારાજો સાથે તેમજ જુદા જુદા શહેરોના જૈન અગ્રણીઓ સાથે સારા પ્રમાણમાં વિચારણા કરી છે. આ વિચારણા દરમ્યાન એ બધાએ આ માટે અવશ્ય કાંઈ પણ પગલાં ભરવાં જોઈએ, એવી હાર્દિક લાગણી વ્યક્ત કરી છે અને એ લાગણીને કંઈક પણ અમલી રૂપ આપવાના શુભ આશયથી જ આ સંમેલન બોલાવવામાં આવ્યું છે.

આ સંમેલન દઢપણે માને છે કે આ શિથિલતાને દૂર કરવાના ઉપાયો જૈન સંઘે વિનાવિલંબે હાથ ધરવા જ જોઈએ તેમ જ જૈન સંઘના સંગઠનમાં જે ખામી આવી ગઈ છે અને શ્રાવક સંઘમાં પણ જે ક્ષતિઓ પ્રવેશી ગઈ છે તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

આ કામ પરિસ્થિતિ અને સમયને ઓળખીને પૂજ્ય આચાર્ય મહારાજો વિગેરે સાધુસંઘ પોતે જ કરે એ જ સાચો માર્ગ છે, પણ એક યા બીજા કારણે તેમ ન બની શકે તો છેવટે પરિસ્થિતિની અનિવાર્યતા પારખીને, પોતાની પૂરેપૂરી અનિચ્છા છતાં, પૂર્ણ સંકોચ સાથે શ્રાવકસંઘે આ કાર્યની જવાબદારી ઉઠાવવાની તત્પરતા દાખવવી જ જોઈએ. એટલા માટે જ આ સંમેલન બોલાવવામાં આવ્યું છે અને એના ઉપાયોની વિચારણા કરવાનું જરૂરી અને ઉચિત માનવામાં આવ્યું છે.

ઉપરના ઉદ્દેશોને પાર પાડવા જરૂરી પગલાં ભરવા માટે **શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રીસંઘ સમિતિની** આથી સ્થાપના કરવામાં આવે છે.

આ સમિતિ અને તેના કાર્યની સામાન્ય રૂપરેખા નીચે મુજબ છે:—

(૧) **નામ :** આ સમિતિનું નામ **'શ્રી અખિલ ભારતીય જૈન**

શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ સમિતિ' રહેશે. એનું ટુંકું નામ **'શ્રી સંઘ સમિતિ'** કે **'સમિતિ'** રહેશે.

(૨) **સભ્યો :** મુખ્ય મુખ્ય શહેરો અને ગામોના શ્રી સંઘે નક્કી કરેલા પ્રતિનિધિઓ તેમજ વરિષ્ઠ વગદાર જૈન આગેવાનો કે જેમની અત્યારે તેમજ ભવિષ્યમાં વરણી કરવામાં આવે તેઓ આ સમિતિના સભ્યો રહેશે.

(૩) **કાર્યવાહક સમિતિ :** શ્રી સંઘ સમિતિના વહીવટ માટે નીચે મુજબ સાત સભ્યોની કાર્યવાહક સમિતિ નક્કી કરવામાં આવે છે. કાર્યવાહક સમિતિમાં જે જગ્યા ખાલી પડશે તે જગ્યાની પૂર્તિ કાર્યવાહક સમિતિના બાકીના સભ્યો કરી લેશે:—

(૧) શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ	અમદાવાદ
(૨) શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી	અમદાવાદ
(૩) વકીલ શ્રી છોટાલાલ ત્રિકમલાલ પારેખ	અમદાવાદ
(૪) શેઠ શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી	મુંબઈ
(૫) શેઠ શ્રી બાબુભાઈ છગનલાલ	મુંબઈ
(૬) શ્રી મોતીલાલ વીરચંદ શાહ	માલેગામ
(૭) શ્રી મનસુખલાલ ચુનીલાલ મહેતા	સુરેન્દ્રનગર

કાર્યવાહક સમિતિ ચાર સભ્યોને કો-ઓપ્ટ કરશે. કાર્યવાહક સમિતિની સભાનું કોરમ ચાર સભ્યોનું રહેશે અને જે સભ્ય રજા મેળવ્યા સિવાય, લાગલગાટ ત્રણ સભાઓમાં ગેરહાજર રહેશે એને સ્થાને નવા સભ્યની વરણી કરવામાં આવશે. પોતાની કાર્યવાહી માટે કાર્યવાહક સમિતિ જરૂર નિયમો અને પેટા નિયમો ઘડી શકશે.

(૪) **કાર્યાલય :** સમિતિનું કાર્યાલય અમદાવામાં રહેશે અને એના ખર્ચ, સંચાલન વિગેરેની ગોઠવણ સમિતિનું કાર્યવાહક મંડળ કરશે.

(૫) **પ્રાદેશિક સમિતિઓ :** પોતાના કામને બરાબર પૂરું કરવા માટે કાર્યવાહક સમિતિ અમુક અમુક શહેરોમાં તેમજ અમુક અમુક ગામોને આવારી લેતી પ્રાદેશિક સમિતિઓની રચના કરશે.

(૬) **કાર્યક્ષેત્ર :** (અ) શ્રામણસંઘમાં જ્યાં જ્યાં પહેલા ઠરાવમાં જણાવી તેવી ક્ષતિઓ માલુમ પડશે તેને દૂર કરવા માટે સમિતિ પ્રયત્ન કરશે. આ માટે સાધુ સમુદાય કે શ્રાવક વર્ગમાં જે કોઈના જાણવામાં આવી ક્ષતિ આવે, એમણે સમિતિના કાર્યવાહક મંડળને એની જાણ કરવી. પોતાને આવી જાણ થયા પછી સમિતિ એની ઘટતી તપાસ કરશે અને એ માટે સંબંધ ધરાવતા સાધુ સમુદાયના આચાર્યમહારાજ આદિ નાયકને જાણ કરીને તેઓને એ વ્યક્તિ સામે ઘટતાં પગલાં ભરવા વિનંતિ કરશે. પરંતુ જો તે વિષયમાં ઘટતાં પગલાં ભરવામાં નહિ આવે તો સમિતિએ વિભાગની પ્રાદેશિક સમિતિની સલાહ લઈને, એવી ક્ષતિ કરનાર વ્યક્તિની સામે જરૂરી પગલાં ભરશે.

(આ) શ્રાવકસંઘના વહીવટમાં જે કાંઈ ખામી આવેલી માલુમ પડશે એને દૂર કરવાનો અને ગેરવહીવટવાળી કોઈ પણ સંસ્થાને સુધારવાનો તેમજ એની સાચી સ્થિતિથી શ્રી સંઘને માહિતગાર કરવાનો સમિતિ દરેક રીતે પ્રયત્ન કરશે.

(ઈ) શ્રી સંઘની એકતા જોખમાય એવી દરેક પરિસ્થિતિ અને પ્રવૃત્તિઓનું નિવારણ કરીને શ્રીસંઘ સંગઠિત બને એ માટેના જરૂરી તમામ ઉપાયો સમિતિ હાથ ધરશે.

(ઉ) દરેક રીતે જૈનધર્મની પ્રભાવના થાય એ માટે સમિતિ હંમેશાં પ્રયત્નશીલ રહેશે.

(ઊ) શ્રાવક સંઘની ધર્મભાવના ટકી રહે, એમાં અભિવૃદ્ધિ થાય અને એનો અભ્યુદય થાય એ માટેના ઉપાયો વિચારીને સમિતિ એનો અમલ કરશે.

આ સંમેલન અંતઃકરણપૂર્વક ઈચ્છે છે કે—અને આશા રાખે છે કે-અનેક પૂજ્ય આચાર્ય મહારાજો તેમજ સંખ્યાબંધ જૈન આગેવાનોની હાર્દિક ભાવનાના પ્રતિધ્વનિ રૂપે રચવામાં આવેલી આ સમિતિને પૂજ્ય આચાર્ય મહારાજ આદિ શ્રમણ સમુદાયના આશીર્વાદો અને શ્રમણોપાસક શ્રી સંઘની શુભેચ્છાઓ મળશે અને સમિતિએ ઉપાડેલ મહાન જવાબદારીઓને પૂરી કરવામાં એ સર્વનો સંપૂર્ણ સાથ અને સહકાર મળશે.

અંતમાં આ સંમેલન હૃદયપૂર્વક ઈચ્છે છે અને પ્રાર્થે છે કે-શ્રામણસમુદાયમાં ક્યાંક ક્યાંક દેખાતી શિથિલતાને દૂર કરવાની જવાબદારી વહેલામાં વહેલી તકે શ્રામણસમુદાય પોતે જ ઉપાડી લે અને શ્રી સંઘ સમિતિના શિરેથી આ જવાબદારી નજીકના ભવિષ્યમાં જ દૂર થાય. સમસ્ત શ્રી સંઘના પુરુષાર્થથી આવી બધી ક્ષતિઓ સત્વર નિર્મૂળ થઈને જૈન ધર્મ, જૈન સંઘ અને જૈન સંસ્કૃતિના પ્રભાવ અને ગૌરવમાં ખૂબ ખૂબ અભિવૃદ્ધિ થાય, અને વિશ્વના અત્યારના હિંસામય અને સંક્ષુબ્ધ વાતાવરણમાં જૈન સંસ્કૃતિનો **"मित्ति मे सव्वभूएसु"** નો વિશ્વમૈત્રીનો અમર સંદેશો પ્રસરાવીને આપણે આપણને મળેલ જૈનધર્મની અહિંસાની ભાવનાની પ્રભાવના કરીએ.

શાસનદેવ આપણને આવાં બળ અને બુદ્ધિ આપે એવી હાર્દિક ભાવના અને પ્રાર્થના સાથે આ સંમેલન આ ઠરાવ દ્વારા "શ્રી સંઘ સમિતિ" ની સ્થાપના કરે છે.

શ્રી કસ્તુરભાઈનો ઉપસંહાર

આ સંમેલન પૂરું થતાં તેના કાર્યનો ઉપ-સંહાર કરતાં શ્રી કસ્તુરભાઈએ પ્રમુખસ્થાનેથી જણાવ્યું હતું કે, "આ સંમેલનનું કામ સારી રીતે પૂરું થયું છે, અને એ રીતે એ સફળ થયું છે એમ કહી શકાય. પણ આટલી કાર્યવાહીથી આપણને આપણા કામમાં સફળતા મળી ગઈ છે એમ હું માનતો નથી. ખરું કામ હવે જ કરવાનું છે. પહેલાં અને બીજા ઠરાવનો અમલ કરવા માટે સમિતિની જરૂર છે; અને એ માટે ત્રીજો ઠરાવ કરવામાં આવ્યો છે. પણ આ સમિતિ સેવાના કામ માટે છે અને એનું કામ ત્રણ મહિનામાં પતી જાય તો એને લાંબો વખત ચાલુ રાખવાનો વિચાર નથી. જે મુખ્ય કામ માટે એ રચાઈ છે તે કામ પૂરું થાય તો તે પછી એને વિખેરી નાંખવી. અને જો એને સફળતા ન મળે તો પણ વિખેરી નાખવી એવો મારો ખ્યાલ છે. આ સમિતિ કંઈ સત્તા જમાવવા માટે રચવામાં આવી નથી. ખરી રીતે તો આપણે ત્યાં જોઈતા કામ કરનારા જ મળતા નથી. માટે આ સંમેલને પસાર કરેલા ઠરાવોનો અમલ કરવા માટે તમે બધા આ સમિતિને સાથ આપજો. આ આપણું પહેલું પગરણ છે, અને તે શ્રામણસંઘ અને શ્રાવક સંઘમાં જે કંઈ બદીઓ પ્રવેશેલી છે તે દૂર થાય એ માટે જ છે. આ માટે સાત સભ્યોને નિમવામાં આવ્યા છે. પ્રાદેશિક સમિતિઓ તે તે સ્થાનના ભાઈઓની સલાહ લઈને રચવામાં આવશે. ગામેગામનો સહકાર તેમ જ પ્રોત્સાહન મળશે, તેમ જ ઉપાશ્રયોના વહીવટદારો સાથ આપશે તો જ આ કામ થઈ શકશે. હું મારી જાતને નેતા માનતો નથી. આપ બધાએ અહીં મળીને જાતજાતના વિચારો કર્યા અને કેટલાક ચર્ચાસ્પદ ગણાય એવા મુદ્દાઓ અંગે પણ સર્વાનુમતે ઠરાવો કર્યા તે તમારો જૈન શાસન પ્રત્યેનો પૂજ્યભાવ અને જૈન સંસ્કૃતિ તરફની તમન્નાને સૂચવે છે," ત્યાર બાદ આ સંમેલનને સફળ બનાવવા માટે હાર્દિક સહકાર આપવા બદલ દૂર દૂરથી આવેલા પ્રતિનિધિઓનો તેમ જ સંમેલનની કાર્યવાહી પાર પાડવા માટે જેમણે જેમણે જહેમત ઉઠાવી હતી તેમનો વ્યક્તિગત ઉલ્લેખ કરીને તે સર્વનો શ્રી કસ્તુરભાઈએ આભાર માન્યો અને અંતમાં જણાવ્યું કે, "આ કામમાં મારી કંઈ ત્રુટી આવી હોય તો તે માટે હું ક્ષમા ચાહું છું અને મને જે રીતે તમે ઉદાર દિલે અપનાવ્યો તેમ હવે પછી અપનાવતા રહેશો એવી હું આશા રાખું છું."

સંઘ–સંમેલનની એક આલોચના

અમદાવાદને આંગણે તા. ૧૩-૧૪ના રોજ અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રમણોપાસક શ્રીસંઘનું સંમેલન ભરાયું તે શકવર્તી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ પ્રકારનું આ પહેલું સંમેલન છે.

જૈનસમાજમાં ગતાનુગતિક દીક્ષાનો પવન જે વહી રહ્યો છે તેમાં વિવેક જળવાઈ નવેસરથી વિચારણા થવાની જરૂર છે તેમ જૈન સમાજની સુધારક વ્યક્તિઓ અવાજ કાઢતી રહી છે. 'સંદેશ'-ના તા. ૧૬-૬-'૬૨ ના આ જ વિભાગમાં મુંબઈનાં ૨૨ વર્ષનાં શિક્ષિકા શ્રી. ઈન્દુમતીબહેને દીક્ષા લેવાનો નિર્ણય કર્યો ત્યારે તેમના બહુમાનના મેળાવડાના પ્રમુખસ્થાનેથી શ્રી. મણિલાલ મોહનલાલ ઝવેરીએ ટકોર કરી હતી—"ઈન્દુબહેનને મારી વિનંતી છે કે તેઓ આ અંગે હજુ પણ વિચાર કરે, કંઈ હજુ મોડું થઈ ગયું નથી. દીક્ષા લીધા બાદ સમાજસેવાની આવી તક તેમને મળશે નહિ.

શિથિલતા નાબૂદ કરવાનો હેતુ

અમદાવાદમાં મળેલું જૈન સંઘોના પ્રતિનિધિત્વવાળું સંમેલન ખાસ આ હેતુ માટે મળ્યું હતું તેમજ પ્રમુખસ્થાનેથી જૈન શ્રેષ્ઠીવર્ય શ્રી. કસ્તુરભાઈ લાલભાઈએ તેના ઉપર ખાસ ભાર મૂક્યો હતો તે ઉપરથી જોઈ શકાય છે. "આ સંમેલનમાં આપણે જે જે પ્રશ્નોનો વિચાર કરવાનો છે તેમાં મારી સમજ મુજબ સૌથી મોટો અને સૌથી મુશ્કેલ સવાલ આપણા પૂજ્ય શ્રમણસંઘમાં ક્યાંક ક્યાંક બ્રહ્મચર્યના ચોથા અને અપરિગ્રહના પાંચમા મહાવ્રતના પાલનમાં જે અપ-વાદરૂપ શિથિલતા પ્રવેશી છે, તે સદંતર નાબૂદ કેવી રીતે થાય એ છે."

એ વ્યાખ્યાનમાં શ્રી. કસ્તુરભાઈએ સંમેલન ઉપર આવી પડેલ આપદ્‌ધર્મ રજૂ કર્યો હતો. "આ કામ મુખ્યત્વે શ્રમણસંઘનું એટલે પૂજ્ય આચાર્ય ભગવંતો આદિનું પોતાનું જ છે. પણ જ્યારે આ બાબતમાં ઉપેક્ષા સેવાતી જોવામાં આવે ત્યારે છેવટે એક આપદ્‌ધર્મ રૂપે આપણે આ દિશામાં આપણાથી જે કાંઈ થઈ શકે તે માટે પ્રયત્ન કરવો જ જોઈએ. પાંચ વર્ષ પહેલાં અમદાવાદમાં મુનિ-સંમેલન ભરવાનું નક્કી થયું હતું. કમનસીબે પંદર દિવસની ચર્ચા—વિચારણાને અંતે એ મુનિ-સંમેલન નિષ્ફળ ગયું અને ચતુર્વિધ સંઘમાં પડેલી ચિરાડોને રોકવાનો કે મૂંઝવતા પ્રશ્નોનો નિકાલ લાવવાનો કોઈ પ્રયત્ન આપણે કરી શકયા નહિ." ઉપરાંત "આ સંમેલન બોલાવવાનો નિર્ણય એ કંઈ એકાએક લેવામાં આવેલો નિર્ણય નથી, પણ આપણા સંખ્યાબંધ અગ્રણીઓએ મહિનાઓ સુધી કરેલી વિચારણાને અંતે લેવામાં આવેલો નિર્ણય છે. મને કહેતાં આનંદ થાય છે કે આપણા આ પ્રયત્નમાં આપણા અનેક પૂજ્ય આચાર્યો તેમજ સંખ્યાબંધ જૈન અગ્રણીઓની ભાવના આપણી સાથે છે.

જૈન શ્રેષ્ઠીવર્ય કસ્તુરભાઈનું નેતૃત્વ

શ્રી. કસ્તુરભાઈને જૈનેતર પ્રજા એક બાહોશ ઉદ્યોગપતિ તરીકે ઓળખે છે. પરંતુ જૈન સમાજમાં એમનું સ્થાન શ્રેષ્ઠીવર્ય તરીકે આદરભર્યું છે તે કેવળ ઉદ્યોગપતિ છે એ માટે નહિ, પરંતુ શ્રાવક તરીકે એમનું પોતાનું અંગત જીવન માન મૂકાવે છે. જૈન ધર્મમાં એ અનન્ય નિષ્ઠા ધરાવે છે અને પોતાની જાતને એ સુધારક તરીકે ઓળખાવતા નથી, છતાં એ ઓછા સુધારક નથી.

થોડા વર્ષ ઉપર મુંબઈ ધારાસભામાં બાળદીક્ષા પ્રતિબંધક બિલ આવ્યું હતું. એ બિલ આમ તો સર્વ ધર્મને લાગુ પડતું હતું, પરંતુ વ્યવહારમાં જૈનધર્મ સિવાય બાળદીક્ષાના પ્રસંગો બીજે બનતા હોતા નથી. એટલે એને મુખ્યત્વે લાગુ પડતું હતું. જૈન સુધારકોનો એ બિલને ટેકો હતો. પરંતુ કહેવાય છે કે એ બિલ શ્રી. કસ્તુરભાઈની આંટને લીધે કોંગ્રેસ પક્ષે પાછું ખેંચી લેવાનું મુનાસીબ માન્યું હતું.

એવો જ બીજો પ્રશ્ન હરિજનોના મંદિર પ્રવેશનો ઊભો થયો ત્યારે શ્રી કસ્તુરભાઈએ મુનિમહારાજોને જમાનો પારખવાનો મુદ્દો ગળે ઉતરાવ્યો હતો તેમાં એમની સુધારક કુનેહ જોવા મળે છે. હરિજનો હિંદુ હતા—જૈન ન હતા. પછી એમને જૈન મંદિરમાં પ્રવેશવાનો શો અધિકાર હતો! તે મુનિ-મહારાજોની મુખ્ય દલીલ હતી.

શ્રી. કસ્તુરભાઈએ તે વખતે મુનિ-મહારાજોને જમાનો પારખવા સમજાવ્યા. હિન્દુઓને માટે જો જૈનોનાં મંદિર ખુલ્લાં હોય, એમને રોકવામાં આવતા ન હોય, તો હરિજનોને પ્રવેશબંધી ફરમાવવી તે કોઈ રીતે ન્યાયયુકત નથી. મુનિ-મહારાજોએ શ્રી. કસ્તુરભાઈના બોલને સ્વીકારી મંદિર પ્રવેશને માન્ય રાખ્યો અને તે પ્રશ્ન શાંત પડી ગયો.

આવા દક્ષ, ઊંડી ધર્મશ્રદ્ધાવાળા, અને જૈનસમાજના આદરપાત્ર શ્રી. કસ્તુરભાઈ સંમેલન બોલાવે ત્યારે એને બળ-વેગ મળ્યા વિના ન રહે તે સમજાય તેવું છે. વળી તે પગલું ભરે તે પહેલાં સુધારક વર્ગનો કેવળ ટેકો છે એટલાથી એ સંતોષાય નહિ, વિશાળ શ્રાવક સમાજનો અને શ્રમણ વર્ગનો ટેકો હોવાની પણ એ કાળજી લીધા વિના ન રહે. એ પોતે પક્ષાપક્ષીમાં પડતા નથી અને અમુક સાધુ મહારાજ એમના ઉપર વર્ચસ ધરાવે છે, અને તેમના દોરવ્યા બીજાઓનો તેજોવધ કરવા એ કંઈ કરી રહ્યા છે, તેમ એમના ઉપર આળ મૂકી શકાય તેમ નથી. છતાં આવું સંમેલન મળે અને શ્રાવકો એમનાથી ઊંચા ગણાતા શ્રમણોની રીતિનીતિ ઉપર નિયંત્રણ લાદે તે અમુક સ્થાપિત હિતોને પસંદ ન પડે તે ય દીવા જેવું છે. એવા સંજોગોમાં આ સંમેલન અંગે નાનો-મોટો વિરોધ થાય તેમાં નવાઈ નથી. પરંતુ એવો વિરોધ આ સંમેલનને તોડી પાડવામાં સફળ થયો નથી કે શ્રાવક સંઘમાં ભાગલા પડાવી શકયો નથી—એ આ સંમેલનની પહેલી સફળતા છે. તેનો યશ જૈનસમાજ શ્રી. કસ્તુરભાઈને આપે છે.

આ સંમેલનમાં જે નિર્ણયો લેવાયા તેનાં ગતાનુગતિક દીક્ષા અપાય છે, તેમાં વિવેક કરવો અને વૈરાગવૃત્તિને પારખીને દીક્ષા આપવી અને તેવી દીક્ષા મુનિ—મહારાજે સ્થાનિક શ્રાવકસંઘના સહકારથી આપે તેમ ઠરાવાયું છે. આજે જે શ્રમણો છે તેમાં બ્રહ્મચર્ય અને અપરિગ્રહનાં વ્રતોમાં જે શિથિલતા છે તે નાબૂદ કરવા શ્રમણોએ વર્તવાના નિયમોનો ઉલ્લેખ છે. અપરિગ્રહના વ્રતના ભંગમાં જે શ્રાવકો સહકાર આપે છે તેમને દૂર રહેવા સૂચવ્યું છે. ધર્મસંસ્થાની કોઈ રકમ શ્રાવક અંગત રીતે પોતાની પાસે ન સંધરે તેમ ફરજ મૂકી છે. અને છેલ્લે આ સંમેલને જે ઠરાવો કર્યા તે પળાય છે કે નહિ તે જોવા અને ભંગ થાય ત્યાં પગલાં લેવા શ્રી. સંઘસમિતિની સ્થાપના કરી છે.

'સંદેશ'માંથી સાભાર ઉધ્ધૃત ઈશ્વર પેટલીકર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા યોજાનારું સંમેલન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આગામી મે માસની તારીખ ૪, શનિવાર સાંજના છ વાગ્યે ન્યૂ મરીન લાઈન્સ ઉપર ઈન્કમટેક્ષ ઓફિસની પાછળ, આવેલા "મનોહર"માં—ખાદી કમિશનના નવા અધ્યક્ષ શ્રી ઉછરંગરાય ઢેબરનું સ્વાગત કરવામાં આવશે. આ પ્રસંગે શ્રી ઢેબરભાઈ, પોતે થોડા સમય પહેલાં વિશ્વશાન્તિના ધર્મકાર્ય અર્થે રશિયા ગયા હતા તેનાં સ્મરણો રજૂ કરશે. ખાદી—કમિશનના નિવૃત્ત પ્રમુખ શ્રી. વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતા આ સંમેલનનું પ્રમુખસ્થાન શોભાવશે. સંઘના સભ્યોને આ પ્રસંગે હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

'કંટકછાયો પંથ'

એક ગુજરાતી કુટુંબની સળંગ નવલકથા

(પહેલો ભાગ: દુષ્કાળના પડછાયા, બીજો ભાગ: ફોજશાહીનું રાજકારણ; ત્રીજો ભાગ: કેળવણીનો ઉજાસ, ચોથો ભાગ: જાગૃતિકાળનો સંઘર્ષ: લેખક: શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ; પ્રકાશક: ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયો ચકલો સુરત; કુલ ચાર ભાગની કિંમત રૂા. ૨૦).

કદમાં તેમજ અમુક અંશે ગુણવત્તામાં 'સરસ્વતીચંદ્ર' સાથે સરખાવી શકાય એવી ૧૦૧૮ પાનાની—સાહિત્યકાર, પત્રકાર તેમ જ નવલકથાકાર એવા સાક્ષરવર્ય વયોવૃદ્ધ શ્રી ચુનીલાલ વર્ધમાન શાહે લખેલી અને ૧૯૬૧-૬૨ ના ગાળામાં પ્રગટ થયેલી આ નવલકથાનો ઉદ્‌ભવ કેમ થયો તે સંબંધમાં તા. ૧૫-૮-૬૧ ના રોજ લખાયલી પહેલા ભાગની પ્રસ્તાવના માર્ગદર્શક હોઈને નીચે ઉધ્ધૃત કરવામાં આવે છે. તેમાં લેખક જણાવે છે કે, "स्वल्पं तथाऽयुबर्हवश्च विघ्नाः એવા પત્રકારત્વના કાર્યાલયમાંથી—'પ્રજાબંધુ' કાર્યાલયમાંથી—હું ૧૯૫૩માં નિવૃત્ત થયો. એ વ્યવસાયમાં ઈતર મનધાર્યાં કામો માટે પૂરો સમય મળે નહિ અને વ્યવસાયની પાછળ દોડવા માટે અનેક કામો અધૂરાં છોડવાં પડે, એવું બહુ બનતું.

"એવાં કામોમાંનું એક, અવકાશને અભાવે અણવાંચ્યાં રાખેલાં અથવા અધૂરાં છોડેલાં પુસ્તકોનો ઢગ ખડકી રાખ્યો હતો તેને ન્યાય આપવાનું હતું. નિવૃત્તિકાળે એમાંનાં પુસ્તકો વાંચીને ચિત્તને સંતોષવાનો સંકલ્પ હું પાર પાડવા લાગ્યો હતો.

"એ અરસામાં એક વાર અમે સમાનશીલ અને લગભગ સમવયસ્ક એવા બે ત્રણ મિત્રો એક સ્થળે મળી ગયા અને જુદા જુદા પ્રસંગો સંબંધે વાતચીત કરવા લાગ્યા.



શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ

વાતમાંથી વાત નીકળતાં મારા મુખમાંથી પ્રસન્ન ચિત્તનો એક ઉદ્‌ગાર નીકળ્યો. "અહો! આપણે બધા કેવા સદ્‌ભાગ્યશીલ છીએ! આપણે કાલાબ્ધિના એવા જીવનજળમાં તરીએ છીએ કે જેમાં રહી પાંચ સમ્રાટોના સામ્રાજ્યનાં સંચાલનો જોવા પામ્યા; જેમાં ઊડતાં વિમાનોવાળાં, વહેતાં ઝેરી વાયુવાળાં, અને આકાશમાંથી આગના ગોળા વરસાવતાં એવાં બે મહાયુદ્ધો જોયાં; જેમાં મહાત્મા ગાંધી જેવા યુગપુરૂષના સર્વોત્તમ જીવનખંડના આપણે સમકાલીન તથા સાક્ષી થયા; જેમાં સો વર્ષથી જેને માટે લડી રહ્યાં છીએ તે સ્વતંત્રતાનો સાક્ષાત્કાર થએલો જોયો, બલ્કે હજાર વર્ષથી ક્રમે ક્રમે બંધાતી આવેલી નવી—નવી પરદેશી બેડીઓમાંથી મુક્તિ મળેલી જોઈ; જેમાં ખાવા માટે બાર આનાથી માંડીને બાર રૂપિયાની મણ સુધીની બાજરી ખરીદી, એક રૂપિયાના ચાર શેરથી માંડી ચાર રૂપિયાના એક શેર સુધીનું ઘી ખાધું, બાર આનાથી માંડી બાર રૂપિયાના નંગ સુધીનું ધોતિયું પહેર્યું; અને જેમાં ઘૂમટો તાણીને પતિની પાછળ હીંડતી હિંદુ નારીથી માંડી ખુલ્લે માથે—મોંએ માણેકચોકમાં એકલી ઘૂમતી ગુજરાતણ જોવા મળી!"

"નુરત એક સંપાદક મિત્રે કહ્યું: "ખરેખર, અપૂર્વ અને અદ્‌ભુતતાથી સભર એવી એ કાળખંડની સમૃદ્ધિ છે, પણ તે શું તમારે પોતા પાસે જ દાટી રાખવી છે?"

"તમારી પાસે ય તે છે ને!"

"એમ નહિ; તમે નિવૃત્ત થયા છો, નિવૃત્તિનો સમય તેની પાછળ ઉપયોગમાં લઈને એ ઋણને ફેડો, એમ હું મિત્રો તરફથી તમને કહું છું. એ રીતે તમારા માનસ-ભંડોળને બહાર આવવા દો!"

"ત્યાર પછીનાં બે વર્ષ ગુજરાત-સૌરાષ્ટ્રનાં બહુવિધ ઐતિહાસિક પાસાંનો અભ્યાસ કરવા માટે સંખ્યાબંધ પુસ્તકો ઉથલાવવામાં-વાંચવામાં મેં ગાળ્યાં. એ વાંચતી વખતે ક્વચિત્ત નોંધ કરતાં કાર્યની વિશાળતા ડારતી અને પ્રજાજીવનનું તુલનાત્મક દર્શન તો એવી ઝંઝા જગાડતું કે વિચારની સુરેખ છાપ ઊઠે તેવી સ્વસ્થતા ય ચિત્તને અનુભવવા મળતી નહિ. લેખનનો વિચાર છોડી દેવાના તરંગો ય કેટલીક વાર આવ્યા અને ઓસર્યા. છેવટે ૧૯૫૬ માં વિચારધારા સ્થિર થવા પામી અને આ નવલકથા લખવાનો પ્રારંભ કર્યો.

"લેખન પાંચ વર્ષ ચાલ્યું, પણ એ સમયના ગાળામાં તે સતત ચાલ્યું નથી. સતત લખ્યા કર્યું હોત તો એકવિધતા ચિત્તને નિરસતાનો અનુભવ કરાવત. ચિત્તના રસ—પરિપોષ માટે વચ્ચે બીજું લેખન કાર્ય કર્યું, અને રસોદ્રેકને સમયે જ આ કથાનું લેખન કર્યું. તેથી લેખન પૂરું થતાં લાંબો સમય ગયો છે."

આવી આ નવલકથાના સર્જન પાછળ શ્રી ચુનીભાઈની અપૂર્વ તપસ્યા છે. આ નવલકથાના સ્વરૂપને વધારે સ્પષ્ટ કરતાં શ્રી ચુનીભાઈ મારી ઉપરના તાજેતરમાં લખાયલા એક પત્રમાં સવિશેષ જણાવે છે કે, "કથામાં ઈતિહાસદૃષ્ટિને back ground-માં—પશ્ચાદ ભૂમિકામાં—રાખીને ગુજરાતનાં સંસાર—સમાજ-સંસ્કાર, સાહિત્ય—રાજકારણ ઈત્યાદિનું એક યુગચિત્ર આલેખવાનો મેં પ્રયત્ન કર્યો છે. તેમાં પાત્રોનું વૈવિધ્ય સારી પેઠે છે. સાચાં ઐતિહાસિક પાત્રો પણ છે. એ બધું કલ્પનાદ્વારા એક જ કુટુંબમાં તેમ જ અનુસંગી પ્રસંગોમાં સંયોજવું એ મને સળંગ નવલકથા માટે વધારે ઈષ્ટ લાગ્યું છે. કથામાંની જે હકીકતો ઐતિહાસિક પાત્રો તથા પ્રસંગો સાથે સંબંધ ધરાવે છે તે તત્ત્વમાં યથાસ્થિત છે, પણ ઈતર પાત્રો-પ્રસંગો સાથે તે હકીકતોનું જોડાણ કરતાં સુઘટિત કલ્પનાનો ઉપયોગ કર્યો છે. કથામાંના ઈશ્વર મહેતાના કુટુંબનાં પાત્રો (માત્ર ઈશ્વર મહેતા સિવાય) કલ્પિત છે, પરંતુ એ પાત્રો સાથે સંબંધમાં આવનારાં ઘણાં પાત્રો ઐતિહાસિક છે અને તત્કાલિન ઐતિહાસિક ભૂમિકાના આલેખનમાં તત્ત્વ પૂરે છે. વિશેષમાં, કલ્પિત પાત્રો ભૂતપૂર્વ વ્યક્તિઓનાં પ્રતીક રૂપ છે; એટલે કે કલ્પિત હોવા છતાં એક વાર વિદ્યમાન હતાં તેવાં પાત્રોનું વ્યક્તિત્વ તથા વાસ્તવિકત્ત્વ કથાનાં પાત્રોમાં તથા પ્રસંગચિત્રોમાં પુરાય એ દૃષ્ટિથી તેમ કરેલું છે."

આ રીતે જે યુગચિત્ર આલેખવાની પ્રતિજ્ઞાપૂર્વક આ નવલકથાનું નિર્માણ કરવામાં આવ્યું છે. તે યુગચિત્ર આ નવલકથા આદ્યન્ત વાંચતાં આપણા ચિત્ત ઉપર આબેહૂબ ઊઠે છે, અને કલ્પિત પાત્રો પણ તે તે સમયના સંસ્કારને રજૂ કરતા ખરેખરા વાસ્તવિક પાત્રો હોય એવી પ્રતીતિ આપણું ચિત્ત અનુભવે છે. આ પ્રતીતિને સુદૃઢ કરવા માટે લેખકે ૧૭૧૫ માં જેમનું અવસાન થયું હતું તે ઈશ્વર મહેતાથી માંડીને મન્મથ, દીનમણિશંકર, બાલેન્દુ અને બંકીમ સુધીના ૧૯૪૭ની સાલ સુધીના ઈશ્વર મહેતાના વંશજોનું સવિસ્તર વંશવૃક્ષ આપ્યું છે.

આ ગ્રંથની સમીક્ષા કરતાં 'જન્મભૂમિ' ના આલોચક શ્રી કૃષ્ણવીર દીક્ષિત જણાવે છે તે મુજબ નવલકથાનો આરંભ ઈ. સ. ૧૮૧૩માં અમદાવાદમાં લીલો દુકાળ પડેલો અને એણે જે કરુણા સર્જાવેલી તેના આલેખનથી થાય છે. ઈશ્વરદાસ મહેતાની ચોથી પેઢીએ જન્મેલો શંભુરામ અને હઠીસિંગ આ દુષ્કાળની કરુણતાથી ઉદ્વિગ્ન બને છે, અને પછી લેખક ભૂતકાળનો બીજો પડદો ઉઘાડી શંભુરામની આગલી ત્રણ પેઢી પર થઈ ગયેલા ઈશ્વરદાસ મહેતાના જીવનની કથા રજુ કરી મોગલ બાદશાહ ઔરંગઝેબના કાળમાં લઈ જાય છે. મોગલાઈના

પતન પછી અમદાવાદનું પ્રજાજીવન ગાયકવાડી અને પેશવાઈ એ બે સત્તાઓ વચ્ચે દળાતું ચાલ્યું. તેમાંથી અંગ્રેજોએ આવીને અમદાવાદને ઉગાર્યું. ગુજરાતમાં તેમ જ ભારતમાં કંપનીનો અમલ શરૂ થયો. ૧૮૫૭ નો બળવો થયો અને કંપનીનો અમલ ઉતર્યો અને રાણી વિક્ટોરિયા ગાદીનશીન થતાં હિંદુસ્તાન બ્રિટિશ સામ્રાજ્યનું અંગ બની રહ્યું. હિન્દુસ્તાનમાં કેળવણીની ઉષા ઉગી. અંગ્રેજ સંસ્કૃતિનો વાયુ વાવા માંડયો. ગુજરાતમાં સુધારક વૃત્તિનો અરુણોદય થયો. દુર્ગારામ મહેતાજી, ભોળાનાથ સારાભાઈ અને કવિ નર્મદ જેવા વીર પુરૂષોથી ગુજરાત પુનિત બન્યું. અનેક આસમાની સુલતાનીઓ આવી. ધીમે ધીમે સ્વરાજ્યની વૃત્તિનો ઉદય થયો. દાદાભાઈ નવરોજી આવ્યા. ગોખલે અને તિલક ઝળક્યા. પછી ગાંધીજીએ સ્વરાજ્યની લડતનું સુકાન સંભાળ્યું. દીર્ઘ લડત પછી આઝાદી આવી, પણ તે રાષ્ટ્રનું વિભાજન કરીને આવી અને અહિં આ નવલકથા સમાપ્ત થાય છે. અસંખ્ય ઐતિહાસિક ઘટનાઓ, તરેહ તરેહના યુગપલટા અને કંઈક સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય પરિવર્તનો દાખવતા ૧૩૦ વર્ષના (પણ ઈશ્વરદાસ મહેતાના કાળથી ગણીએ તો લગભગ ૨૫૦ વર્ષના) વિશાળ તેમ જ સમૃદ્ધ કાળખંડને આવરી લેતા આવડા મોટા વિશાળ ફલક ઉપર આઠ આઠ પેઢીનાં માનવીના જીવનપ્રસંગોને ગૂંથી લેતી નવલકથાની જબરદસ્ત ઈમારત આવડી વૃદ્ધ વયે ખડી કરવી તે અલબત, જરાયે આસાન કાર્ય નથી, બલકે અતિશય દુર્ઘટ કાર્ય છે. છતાં ખરી ધીરજ અને ખંતથી કંઈક ઈતિહાસગ્રંથો વાંચી, નોંધો ટપકાવી, હકીકતો તારવી તે સર્વનો કુશળતાથી વિનિયોગ કરીને એક મહાકાય નવલકથા લેખકે આપણને આપી છે.

કાલના આવા વિસ્તૃત ફલક ઉપર આલેખાયલી આ કાદંબરીનું વાંચન આપણને એક મહાયાત્રાનો અનુભવ કરાવે છે અને આપણા નિમ્ન માનસમાં પડેલાં ભૂતકાલિન અનેક સંસ્કારોને અને સ્મરણોને જાગૃત કરે છે, કોઈ પણ ઠેકાણે ઐતિહાસિક ક્ષતિનું કે અત્યુક્તિનું દર્શન થતું નથી. વળી આ વિશાળ ચિત્રપટમાં નિરસ કહીએ એવા પ્રસંગો યા ખંડો બહુ ઓછા આવે છે.

આ નવલકથાનું એક મહાનવલ તરીકે મૂલ્યાંકન કરતાં, તેની સમગ્રરચનામાં પ્રમાણભંગનો દોષ આપણું સહજ ધ્યાન ખેંચે છે. આ નવલકથા ચાર ભાગમાં વહેંચાયલી છે. અને ઉપર જણાવ્યું તે મુજબ ૧૮૧૩ થી ૧૯૪૭ સુધીના ૧૩૪ વર્ષના સમયખંડને આવરી લે છે. આની અંદર પ્રારંભથી ૧૮૫૭ના બળવા સુધીમાં લેખકે ૬૦૦ પૃષ્ટ રોક્યા છે. બીજા ૩૫૦ પૃષ્ટ સુરત કૉંગ્રેસ (ઈ.સ. ૧૯૦૮) સુધી લેખક આપણને લઈ જાય છે અને સુરત કૉંગ્રેસથી અંગ્રેજોની આ દેશમાંથી થયેલી વિદાયગીરી સુધીનો ગાળો માત્ર ૯૦ પૃષ્ટમાં સમાવવામાં આવ્યો છે. આમ લેખકનો કલમ જેમ જેમ આગળ વધતી જાય છે તેમ તેમ ઘસાતી જતી જણાય છે અને તેટલા પ્રમાણમાં કથારસમાં મન્દતા આવે છે.

આમ છતાં, પણ ભારતના—વિશેષે કરીને ગુજરાતના—સામાજિક તેમ જ રાજકીય ઈતિહાસનાં મહત્ત્વનાં સર્વ સીમાચિન્હ્નો ક્રમસર બહુ રોચક રીતે અને એમ છતાં વાસ્તવિકતાની મર્યાદા વટાવ્યા સિવાય આ નવલકથામાં રજુ કરવામાં આવ્યાં છે. આજે આકાશયાનમાં બેસીને ટૂંક સમયના ગાળામાં પૃથ્વીના એક પછી એક ખંડ ઉપરથી આપણે પસાર થઈ શકીએ છીએ તેવી જ રીતે આ નવલકથા દ્વારા ગુજરાતના ૧૫૦ વર્ષના સમયપટને આવરી લેતા સામાજિક ઈતિહાસના ખંડોની પરિક્રમાનો કલ્પનાપ્રેરક આનંદ આપણે માણી શકીએ છીએ. આ નવલકથામાં એટલાં બધાં પાત્રોનો તેમ જ એટલી બધી ઘટનાઓનો મેળો છે કે તેની વિગતવાર આલોચના માટે અહિં અવકાશ નથી. આ માટે તો જિજ્ઞાસુએ મૂળ નવલકથા જ વાંચવી રહી.

શ્રી ચુનીભાઈએ ૭૦ વર્ષની ઉમર વટાવ્યા બાદ આ નવલકથા લખવી શરૂ કરી. પાંચ વર્ષે પૂરી કરી અને ગુજરાતી સાહિત્યને ગુજરાત - સૌરાષ્ટ્રના સામાજિક ઉત્થાનનો આશરે દોઢસો વર્ષનો સમગ્રપણે જોતાં ગૌરવપ્રદ એવો ઈતિહાસ પૂરો પાડયો. આ નવલકથાનું નામ 'કંટક–છાયો પંથ' રાખવામાં આવ્યું છે એ યથાર્થ છે, કારણ કે જે ઘટનાપરંપરામાંથી ગુજરાત - સૌરાષ્ટ્રને એ સમયના ગાળા દરમિયાન પસાર થવું પડયું છે તે ઘટનાપરંપરા અનેક આરોહ—અવરોહથી ભરેલી, નાના મોટાં ઝંઝાવાતોથી ક્ષુબ્ધ, અગવડ, અસુખ, અજંપાથી ખરડાયલી એટલે કે ખરેખર કાંટાળી કહી શકાય એવી છે અને એમ વિચારીએ તો કોઈ પણ દેશના ઈતિહાસનો કોઈ પણ ખંડ મોટા ભાગે કાંટાળો જ હોય છે. વર્તમાનની થપાટો વાગતી જાય, આ થપાટોનો સામનો કરતાં કરતાં કદિ નીચે પડતાં, કદિ ઉંચે ચઢતા, સતત ઊભી થયા કરતી નવી નવી પરિસ્થિતિઓ સાથે adjustments સાધતાં—ઠીક અઠીક રીતે ગોઠવાતાં—ભાવી તરફ આગળ વધ્યે જવું - આવી જ દરેક દેશના ઈતિહાસની સમતા--વિષમતા--મીશ્રિત કથા હોય છે. ભારતને આઝાદી મળ્યા બાદ આપણે ત્યાં પણ સુખ, ચેન અને સાહ્યબીનું હજુ તો સ્વર્ગ ઉઘડયાનું જાણ્યું નથી. ઉલટું આપણો માર્ગ પણ ઉત્તરોત્તર વધારે ને વધારે કાંટાળો બનતો જ રહ્યો છે. માનવઈતિહાસનું સ્વરૂપ મોટા ભાગે કાંઈક આવું જ રહ્યું છે અને રહેવાનું છે.

અન્તમાં આવો મહામૂલો ગ્રંથ ગુજરાતી સાહિત્યને ચરણે ધરવા બદલ શ્રી ચુનીભાઈને અનેક ધન્યવાદ ઘટે છે. અહિં એ હકીકતની નોંધ લેતાં સવિશેષ આનંદ થાય છે કે, ૧૯૬૨ ની સાલ દરમિયાન પ્રગટ થયેલી નવલકથાઓમાં સર્વોત્કૃષ્ટ નવલકથા તરીકે ગુજરાત રાજ્યે શ્રી ચુનીભાઈએ લખેલ 'કંટક - છાયો પંથ' ને જાહેર કરેલ છે અને તે માટે નક્કી કરવામાં આવેલ રૂા. ૨૦૦૦/ નું પારિતોષિક તેમને આપવામાં આવનાર છે. આ માટે પણ મુરબ્બી શ્રી ચુનીભાઈને અનેક અભિનંદન !

પરમાનંદ.

શ્રેષ્ઠ ગુજરાતી સાહિત્ય ગ્રંથોને ગુજરાત રાજ્યે આપેલાં ઈનામો

ગુજરાતી સાહિત્યને ઉત્તેજન આપવાની યોજના હેઠળ ગુજરાત સરકારે ૧૯૬૨—'૬૩ ના વર્ષમાં પ્રૌઢ વ્યક્તિઓ તેમજ બાળકો માટે લખાયેલા સાહિત્ય અંગે કુલ રૂા. ૧૮,૦૦૦ ની કિંમતનાં ઈનામો આપ્યાં છે અને નીચેનાં પુસ્તકોને તે સંબંધમાં ઈનામપાત્ર જાહેર કર્યાં છે :—

નવલકથા : રૂા. ૨,૦૦૦ નું પહેલું ઈનામ : ' કંટકછાયો પંથ " ભાગ ૧—૪, લેખક શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ, ૧૦૦૦ નું બીજું ઈનામ : "ધરતીનાં અમી," લેખક : શ્રી પીતામ્બર પટેલ.

નવલિકા : રૂા. ૨૦૦૦ નું પહેલું ઈનામ : " ધરતી આભનાં છેટાં " લેખક શ્રી પન્નાલાલ પટેલ; અને રૂા. ૧૦૦૦ નું બીજું ઈનામ " ત્રિવેણી સંગમ" લેખક શ્રી મનસુખલાલ ઝવેરી.

કવિતા : રૂા. ૨૦૦૦ નું પ્રથમ ઈનામ "હિંડોળ," લેખક શ્રી રતિલાલ છાયા, અને રૂા. ૧૦૦૦ નું બીજું ઈનામ "ઈંગિત" લેખક શ્રી હેમંત દેસાઈ.

ચરિત્ર, આત્મચરિત્ર, સંસ્મરણો: બંને ઈનામો કોઈને આપવામાં આવ્યાં નથી.

નિબંધ, નિબંધિકા, ડાયરી, પ્રવાસગ્રંથ : પહેલું ઈનામ કોઈને આપવામાં આવ્યું નથી. રૂા. ૧૦૦૦ નું બીજું ઈનામ "જિપ્સીની આંખે" લેખક શ્રી કિસનસિંહ ચાવડાને મળે છે.

તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, સામાજિક શાસ્ત્ર : પહેલું ઈનામ કોઈને

[અનુસંધાન ૧૦ મે પાને]

"પ્રબુદ્ધ જીવન" પચ્ચીસમાં વર્ષમાં પ્રવેશ કરે છે

સંપાદકીય વકતવ્ય

આ અંકના પ્રકાશન સાથે પ્રબુદ્ધ જીવન પચ્ચીસમા વર્ષમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગે શું લખવું તે એકદમ સૂઝતું નથી. આવા વિષમ કાળમાં પ્રબુદ્ધ જીવનની કોટિનું કોઈ પણ સામયિક, જાહેર ખબરોની આવકનું અવલંબન લીધા સિવાય, ચોવીસ વર્ષ સુધી એક સરખું ટકી રહે એ તેના સંપાદન તેમ જ સંચાલનમાં જે જે વ્યકિતઓ સાથ આપી રહેલ હોય તે સર્વ કોઈ માટે પરમ સંતોષનો વિષય બને એ સ્વાભાવિક છે, આ સામયિકના સંપાદક તરીકે, જેણે જેણે પ્રબુદ્ધ જીવનની જવાબદારીને પહોંચી વળવામાં લેખો મોકલીને, અનુવાદો કરી આપીને કે, બીજી રીતે મને મદદ કરી છે તે સર્વનો હું આ પ્રસંગે આભાર માનું છું.

આ પત્રમાં, હું માનું છું કે, વિષયવૈવિધ્ય તો ઠીક ઠીક જળવાઈ રહ્યું છે. આ જ પ્રમાણે લેખકોનું વૈવિધ્ય પણ હોવું જોઈએ એ બાબતનું મહત્ત્વ હું જરૂર સ્વીકારું છું. જ્યાં ત્યાં લેખક કે અનુવાદક તરીકે મારું જ નામ જોવામાં આવતું હોય એ જ કારણે કોઈ કોઈના દિલમાં પ્રબુદ્ધ જીવન પ્રત્યે અણગમો પેદા થતો હોય એમ બનવાજોગ છે. આના જવાબમાં મારે એટલું જ જણાવવાનું છે કે, યોગ્ય પુરસ્કાર આપીને લેખો મેળવવાનું, દર વર્ષે રૂા. ૩૦૦૦ અથવા તેથી વધારે ખોટ ભોગવતા પત્ર માટે, શક્ય નથી. નજીકના સાથીઓ અને મિત્રો પાસે લેખો મોકલવા માટે ચાલુ માગણી કરતા રહેવા છતાં તે માગણીને બહુ જ ઓછો આવકાર મળ્યો છે એ હકીકત છે. અનેક શિષ્ટ લેખકો, વિચારકો તેમ જ વિદ્વાનો ઉપર પ્રબુદ્ધ જીવન વિનાલવાજમે મોકલવામાં આવે છે—એ આશાએ કે, પ્રબુદ્ધ જીવન તેમની નજર નીચે આવતું રહે અને તેની લેખસામગ્રીમાં પૂરવણી કરવાની તેમના દિલમાં પ્રેરણા ઉદ્‌ભવે. આ આશાને પણ સફળ બનેલી જોવાનું સદ્‌ભાગ્ય હજુ સુધી મને સાંપડ્યું નથી. આ બધું છતાં પ્રબુદ્ધ જીવન અનેક વિશિષ્ટ વ્યકિતઓના આદર અને સદ્‌ભાવને પાત્ર બન્યું છે. તેના સમર્થન રૂપે, આ અંકમાં જેનું અવલોકન પ્રગટ કરવામાં આવ્યું છે તે 'કંટક-છાયો પંથ' ના લેખક : શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ તરફથી આવેલા એક પત્રમાંથી અહીં થોડો ઉતારો કરું તો તે અસ્થાને નહિ લેખાય. તેમના તે પુસ્તક વિષે મેં તેમની પાસેથી થોડીક માહીતી માગેલી, તેનો જે જવાબ આવેલો તે તો કંટક—છાયો પંથ' નો અવલોકનમાં મેં પ્રગટ કર્યો જ છે. એ ઉપરાંત પ્રબુદ્ધ જીવનને અનુલક્ષીને તેમણે નીચે મુજબ જણાવેલું :-

"આ નિમિત્તે આ પત્ર લખવાનો યોગ મળ્યો છે ત્યારે એ જણાવવાની તક લઉં છું કે, પ્રબુદ્ધ જીવનનું વાંચન મને અને મારા મિત્રોને બહુ—બહુ સંતોષ આપી રહ્યું છે. 'બ્યૂઝ પેપર' તરીકે તેનું તમારું—સંપાદન ગુજરાતી સામયિકોમાં પ્રથમ પંકિતનું લેખાય તેવું છે એમ હું માનું છું. તેમાંના લેખોનાં અને તે પાછળની દષ્ટિનાં તેમ જ સંપાદનની પ્રમાણિકતાનાં જો વખાણ કરવા બેસું તો પાનાનાં પાનાં ભરાય. તેમ કરવા ઈચ્છતો નથી, પણ સંતોષનો ઉદ્‌ગાર દબાવી શકતો નથી."

એક વયોવૃદ્ધ સાહિત્યકાર, પત્રકાર તથા નવલકથાકાર મુરબ્બીની કલમમાંથી, કશી પણ પૂર્વઅપેક્ષા વિના, સ્વાભાવિક રીતે ટપકેલા પ્રશંસાના આ ઉદ્‌ગારો વાંચીને પ્રબુદ્ધ જીવનના આજ સુધીના સંપાદન પાછળ લીધેલા પરિશ્રમનું પૂરું વળતર મળી ચૂક્યાનો સંતોષ મેં અનુભવ્યો છે. આપણું શ્રમ કોઈ સુયોગ્ય વ્યકિતના દિલને સ્પર્શે એમાં જ એ શ્રમની ચરિતાર્થતા છે. આથી વધારે વળતર કે અપેક્ષાનો કોઈ અર્થ નથી.

મારા માટે પ્રબુદ્ધ જીવનનું સંપાદન આત્મવિકાસનું એક મહાન નિમિત્ત બન્યું છે. મેં તે કાર્યને એક ઉપાસના તરીકે સ્વીકાર્યું છે, સંભાળ્યું છે. તેના સંપાદનકાર્ય વડે વિચારના ક્ષેત્રમાં હું આજ સુધી પૂરા અર્થમાં જીવતો રહ્યો છું એમ મને લાગે છે. આ માટે જે સંસ્થાનું એ મુખપત્ર છે તે મુંબઈ જૈન યુવક સંઘનો મારી જાતને હું ખૂબ ઋણી લેખું છું. પ્રબુદ્ધ જીવનમાં સંઘના સભ્યોને રૂચતા—ન રૂચતા અનેક વિચારો પ્રગટ થયા હશે. એમ છતાં મારામાં તેમણે અપૂર્વ વિશ્વાસ દાખવ્યો છે અને કશી પણ રોક-ટોક સિવાય પ્રબુદ્ધ જીવન મને સૂઝે તેમ, તેમણે પૂરા પ્રેમ અને આદરપૂર્વક, ચલાવવા દીધું છે. Self-expression - આત્માની અભિવ્યકિત-નો આનંદ શું છે તે તો શબ્દનિર્માણની-સાહિત્યનિર્માણની—પ્રકિયામાં જે પડ્યા હોય તે જ જાણે. આ આનંદ પ્રબુદ્ધ જીવનના સંપાદન દ્વારા મને સતત સાંપડતો રહ્યો છે અને તેથી મારું જીવન મેં સતત સભર—અર્થપૂર્ણ બનતું અનુભવ્યું છે. આ માટે મુંબઈ જૈન યુવકસંઘનો હું જેટલો આભાર ચિન્તવું એટલો ઓછો છે.

પણ ઉમ્મર ઉમ્મરનું કામ કરે છે. હજી તો બધી શકિતઓ લગભગ સુરક્ષિત છે, પણ એમાં ગમે ત્યારે કોઈ પણ પ્રકારની શિથિલતા આવશે એવા ભણકારા વાગે છે. એટલે આજે તો કાળની ગણતરીમાં ૨૫ વર્ષની પરિપૂર્તિ એ એક સીમાચિહ્ન લેખાય છે—એ સીમાચિન્હને નિર્વિઘ્ને પહોંચું અને એ દરમિયાન આ જવાબદારીમાં ભાગ પડાવનાર કે તેને સમગ્રપણે સ્વીકારી લેનાર બીજો કોઈ સૌમનધર્મી સાથી મળી આવે અને પ્રબુદ્ધ જીવનની જ્યોત એ રીતે ચિરકાળ સુધી પ્રજ્જ્વલિત રહે—આવી શુભકામના હું આ પ્રસંગે અનુભવું છું અને આવી પ્રાર્થના સાથે આ સંપાદકીય વકતવ્યને સમાપ્ત કરું છું.

તંત્રી, 'પ્રબુદ્ધ જીવન'

[૯ મા પાનાથી ચાલુ]

આપવામાં આવ્યું નથી. રૂા. ૧૦૦૦ નું બીજું ઈનામ "પુરાવસ્તુ વિદ્યા" લેખક ડૉ. રમણલાલ મહેતાને મળે છે.

વિવેચન, ભાષા, વ્યાકરણ : રૂા. ૨૦૦૦ નું પહેલું ઈનામ "ગોવર્ધનરામ અને ઉપાયન," લેખક પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, અને રૂા. ૧૦૦૦ નું બીજું ઈનામ "નૈવેદ્ય" લેખક શ્રી ડોલરરાય માંકડ.

વિજ્ઞાન : રૂા. ૨૦૦૦ નું પહેલું ઈનામ 'માનવકિયા, લેખક ડૉ. જે. ડી. પાઠક. બીજું ઈનામ કોઈને આપવામાં આવ્યું નથી.

બાલસાહિત્ય વિભાગ

કાવ્ય જોડકણાં, ચિત્ર પુસ્તકો : પહેલું ઈનામ કોઈને આપવામાં આવ્યું નથી. રૂા. ૧૦૦૦ નું બીજું ઈનામ "મહુલિયો," લેખક શ્રી જયંતીલાલ દવેને મળે છે.

ટૂંકી વાર્તાઓ, પટકથાઓ અને લોકકથાઓ

પહેલું ઈનામ કોઈને આપવામાં આવ્યું નથી; રૂા. ૧૦૦૦ નું બીજું ઈનામ "મૂઠી માણેક," લેખક શ્રી જયભિખ્ખુ, તથા 'રામરાજ્યનાં મોતી' લેખક શ્રી રમણલાલ સોની—બંને વચ્ચે સરખે હિસ્સે વહેંચી આપવામાં આવ્યું છે.

જીવનચરિત્રો તેમજ સામાન્ય જ્ઞાન અને વિદ્યાવ્યાસંગના વિભાગોમાં પારિતોષિકને પાત્ર કોઈ કૃતિઓ નહિ હોવાથી એ બન્ને વિભાગોમાં એકે ઈનામ કોઈને આપવામાં આવ્યું નથી.

° ° °

આ ઉપરાન્ત દિલ્હીની સાહિત્ય અકાદમી તરફથી ૧૯૫૯ થી ૧૯૬૧ ના ગાળા દરમિયાન પ્રસિદ્ધ થયેલાં ઉત્તમ પુસ્તકો બદલ જુદી જુદી પ્રાદેશિક ભાષાઓના આઠ લેખકોને માર્ચ માસની ૩૧ મી તારીખે એવૉર્ડ આપવામાં આવનાર છે, જેમાં ગુજરાતીમાં અધ્યાપક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના 'ઉપાયન ગ્રંથ' (વિવેચનના લેખોનો સંગ્રહ) ને એવૉર્ડ લાયક જાહેર કરવામાં આવેલ છે.

☆ પ્રકીર્ણ નોંધ ☆

મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન

તા. ૨૧-૪-૬૩ ના 'જન્મભૂમિ-પ્રવાસી' માંથી ઉધ્ધૃત કરીને, એપ્રિલ માસની ૧૪ મી તારીખે અવસાન પામેલા મહાપંડિત રાહુલ સાંકૃત્યાયનનો નીચે પરિચય આપવામાં આવે છે:—

સરસ્વતીના લાડકવાયા મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન ૭૦ વર્ષની વયે ગયે અઠવાડિયે દાર્જીલિંગમાં ગુજરી ગયા ત્યારે વિચાર આવ્યો કે આવો બીજો વિદ્વાન ભારતને હવે ક્યારે મળશે? સામ્યવાદરૂપી રાહુ રાહુલજીની પ્રખર વિદ્વતાની આડે આવ્યો ન હોત તો એમની વિદ્વતાનું તેજ વધુ ઝળહળતું હોત. લાલ રંગે રંગાયા, તેથી તેઓ ભદ્ર સમાજમાં કંઈક અછૂત જેવા લાગતા હતા.

રાહુલજીનો જન્મ ઉત્તર પ્રદેશમાં કમેલા ગામમાં ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં તા. ૯મી એપ્રિલ ૧૮૯૩ના રોજ થયો હતો. એમનું મૂળ નામ કેદારનાથ પાંડે. એમણે બનારસ, લાહોર, મદ્રાસ અને લંકામાં કેળવણી લીધી. સોળ વર્ષની વયે જ્યારે આજના ઘણા યુવાનો રૂપેરી સૃષ્ટિના દેવ-દેવીઓના પ્રેમમાં હોય છે, ત્યારે રાહુલજી જ્ઞાનની ખોજમાં પ્રવાસે નીકળી પડયા. પ્લીની, માર્કોપોલો, હ્યુ એન સેંગ, ફાહિયાન અને ઈબ્ન બતૂતની જેમ રાહુલજી નવું જોવા અને જાણવાની અદમ્ય ઝંખના ધરાવતા હતા. ચાર વખત તેમણે તિબેટનો અભ્યાસ-પ્રવાસ કર્યો, ત્રણ વખત રશિયાનો કર્યો, લંકા ગયા. તેમણે પોતાનું જીવન સંશોધન અને વિદ્યાભ્યાસને અર્પણ કર્યું. પૂર્વ યુરોપમાં કેટલાંક વર્ષો ગાળ્યાં અને ઘણી શોધ કરી.

રાહુલજી ૩૬ ભાષાઓ જાણતા હતા. એશિયાની અને પૂર્વ યુરોપની કેટલીક મૃત ભાષાઓ પણ તેઓ જાણતા હતા. તેમણે કોલંબોમાં અને રશિયાની લેનિનગ્રાડ વિદ્યાપીઠમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું હતું. તેમણે વિવિધ ભાષાઓમાં ૧૩૩ જેટલાં પુસ્તકો લખ્યાં છે. 'વોલ્ગાથી ગંગા' એમનું પ્રખ્યાત પુસ્તક છે, અને ઘણી ભાષાઓમાં તેનું ભાષાંતર થયું છે.

રાહુલજીનું કુટુંબ શાકતમાર્ગી હતું. તેઓ પોતે આર્યસમાજ તરફ ઢળ્યા અને પછી બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો. સનાતન ધર્મની રૂઢિઓમાં વ્યક્ત થતા સંકુચિત માનસ પ્રત્યે બુદ્ધિજીવી રાહુલજીએ બળવો પોકાર્યો. એવા જ તેઓ રાજકારણમાં ઉદ્દામવાદી બન્યા અને માર્ક્સવાદનો અભ્યાસ કરીને સામ્યવાદી પક્ષમાં જોડાયા. પરંતુ સામ્યવાદી પક્ષની જડતામાં પુરાઈ રહેવા તેઓ તૈયાર ન હતા. આથી સામ્યવાદી પક્ષે તેમને બરતરફ કર્યા. રાહુલજી ગુજરી ગયા ત્યારે સામ્યવાદી પક્ષના વડા શ્રીધર ડાંગેએ તેમને પક્ષના "સારા સભ્ય" તરીકે ઓળખાવ્યા છે. તેમ છતાં રાહુલજીના સ્વતંત્ર માનસે જે બુદ્ધિગમ્ય ન હોય તેની સામે હંમેશાં બળવો પોકાર્યો હતો અને ખુદ રશિયામાં પણ તેઓ સરકાર સાથે અથડામણમાં આવ્યા હતા.

ઈતિહાસ, રાજકારણ, પુરાતત્ત્વ, નરવંશ શાસ્ત્ર, નવલકથા, બૌદ્ધ ધર્મ એમ ઘણા વિષયો પર રાહુલજીનું જ્ઞાન અગાધ હતું. તેમણે હિંદીમાં પણ ઘણાં પુસ્તકો લખ્યાં છે. તેઓ સંશોધન કરીને જે લખી ગયા છે તે સૌકા સુધી ઘણા વિદ્વાનો મળીને પણ ન આપી શકે.

જેમ હ્યુએન સેંગ અને ફાહિયાન ભારતમાંથી ખચ્ચરો ભરીને પ્રાચીન સાહિત્ય લઈ ગયા હતા તેમ રાહુલજી તિબેટથી ખચ્ચરોની મોટી વણજાર ભરીને પ્રાચીન તિબેટી સાહિત્ય ભારતમાં લાવ્યા હતા. જાપાન, કોરિયા, ચીન, મંગોલિયા, મધ્ય એશિયા, પશ્ચિમ એશિયા, યુરોપ વગેરે ઘણા દેશોનો અભ્યાસ—પ્રવાસ કરીને રાહુલજીએ અગાધ જ્ઞાન મેળવ્યું. રશિયામાં એક રૂસી યુવતીએ તેમને ગુરુ કર્યા અને રાહુલજીએ તેને ગુરુ કરી. વિદ્યાના વિનિમયમાંથી પ્રેમનો વિનિમય થયો અને તેઓ પરણી ગયાં. એક પુત્ર થયા પછી પાછળથી આ લગ્નનો વિચ્છેદ થયો તે એક કરુણતા છે.

રાહુલજી આર્યસમાજ તરફ ઢળીને બૌદ્ધધર્મી થયા અને ભારતની સંસ્કૃતિના ઝંડાધારી હતા, છતાં તેમની દૃષ્ટિ વિશાળ હતી. તેમણે અરબી ભાષા શીખીને ઈસ્લામી સંસ્કૃતિનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો.

રાહુલજીએ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ મોટો ફાળો આપ્યો છે. તેમનાં શ્રેષ્ઠ પુસ્તકો જેલમાં લખાયાં છે.

આ મહાન પંડિતે અરધી સદીથી વધારે વર્ષો સરસ્વતીની આરાધનામાં ગાળ્યાં. લક્ષ્મીને તેમણે કદી રીઝવી ન હતી. આથી દોઢ વર્ષ પહેલાં તેઓ મગજના પક્ષઘાતથી પટકાઈ પડયા ત્યારે તેમની સારવાર માટે, તેમની પત્ની પાસે પૈસા ન હતા. સરકારે, રાજેન્દ્રબાબુએ, નહેરુએ અને બીજા હિતચિંતકોએ ફાળો આપ્યો ત્યારે તેઓ સારવાર માટે મોસ્કો જઈ શકયા.

રાહુલજી મધુપ્રમેહ, લોહીના વધુ દબાણ અને સ્મૃતિભ્રંશથી પીડાતા હતા. જે મગજમાં આટલું બધું જ્ઞાન અને આવી જવલંત સ્મરણશકિત હતી તે સ્મૃતિહીન બની જાય, કોઈને ઓળખી પણ ન શકે એ કેવી કરુણતા? કુદરત તેમના અશાંત મગજને આવી રીતે આરામ આપવા માગતી હશે? પંતુ તેમને આરામ નહોતો જોઈતો. તેઓ આ પંગુતાથી અકળાઈને રડી પડતા. છેલ્લે રાહુલજી મોસ્કોમાં મહિનાઓથી સારવાર લેતા હતા. પરંતુ અંતકાળ પાસે આવ્યો ત્યારે તેઓ માતૃભૂમિમાં પાછા ફર્યા અને હિમાલયની ગોદમાં આવીને—દાર્જીલિંગમાં—પરમ શાંતિમાં પોઢી ગયા."

શ્રી નાથાલાલ પારેખનો પરિચય

મુંબઈ કૉંગ્રેસના આગેવાન કાર્યકર્તા શ્રી નાથાલાલ માણેકચંદ પારેખ જેઓ થોડા સમય પહેલાં મહારાષ્ટ્રની વિધાન પરિષદમાં ચૂંટાયા છે અને જેમને મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિમાં તાજેતરમાં નીમવામાં આવ્યા છે તેમની આજ સુધીની જીવન કારકિર્દીની ટૂંક નોંધ 'જનશકિત'માં થોડા સમય પહેલાં પ્રગટ કરવામાં આવી હતી તે નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે:—

મહારાષ્ટ્ર વિધાન પરિષદની પેટા ચૂંટણીમાં ચુંટાઈ આવેલા કૉંગ્રેસી ઉમેદવાર શ્રી નાથાલાલ માણેકચંદ પારેખ 'લેબલવાળા' તરીકે મુંબઈના નાગરિકોને ખૂબ જ પરિચિત છે. તેમની અનેકવિધ સામાજિક અને રાજકીય પ્રવૃત્તિથી મુંબઈ અજ્ઞાત નથી. તેમની ઉદારવૃત્તિ અને ગરીબોની મદદે ધાવાની ઉત્સુકતા અને ગરીબો માટે કંઈ પણ કરી છટવાની તેમની સેવાવૃત્તિથી મુંબઈગરાઓ જ્ઞાત છે.

માત્ર મુંબઈમાં જ નહિ પણ દેશભરમાં અને જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં ત્યાં શ્રી નાથાલાલભાઈનું નામ ગાજતું જ હોય છે. એમની સેવાપરાયણતા અને દીન-દુઃખીયાઓની વહારે ધાવાની વૃત્તિ પાછળ એક નાનકડો ઈતિહાસ પડેલો છે.

૩૫ વર્ષ પહેલાંની વાત છે. પોતાના આત્મબળ અને વિશ્વાસથી ધીરજ અને ખંતથી આગળ આવેલા શ્રી નાથાલાલ એમ. પારેખ ૩૫ વર્ષ પહેલાં માત્ર 'ફેરીયા' હતા. ૧૯૦૧ ની સાલમાં તેમનો જન્મ સૌરાષ્ટ્રમાં થયો હતો. એમના માબાપ ખૂબ જ ગરીબ હતા. એમની ગરીબાઈ એટલી હતી કે તેઓ તેમને શાળાએ પણ મોકલી શકે તેવી સ્થિતિમાં ન હોતાં.

શ્રી નાથાલાલ પારેખ માત્ર ૧૮ વર્ષની ઉંમરે બ્રહ્મદેશ ગયા અને ત્યાં ત્રણ વર્ષ સુધી નોકરી કરી. પણ તેઓ ભારત પાછા ફર્યા

અને મુંબઈમાં આવ્યા. મુંબઈ ખાતે એક બાટલીવાળાને ત્યાં નોકરીએ લાગ્યા.

થોડાક સમય પછી સ્વતંત્ર ધંધો કરવાની તીવ્ર ઈચ્છા થતાં થોડીક બાટલીઓ ખરીદી અલગ દુકાન શરૂ કરી અને ધીરે ધીરે આગળ વધવા લાગ્યા અને છેલ્લે લેબલો બનાવવાનું કામ હાથ ધર્યું. નવા વ્યવસાયમાં તેઓને ધીરે ધીરે સફળતા મળતી ગઈ અને આજે તેઓ એક અદ્યતન પ્રકારનું ખૂબ જ આધુનિક એવું પ્રીન્ટીંગ પ્રેસ ધરાવે છે.

૧૧ વર્ષ પહેલાં તેઓ કૉંગ્રેસમાં જોડાયા અને ધીમે ધીમે તેઓ ખુબ જ આગળ વધવા લાગ્યા અને આજે તેઓ કૉંગ્રેસ સંસ્થામાં પણ અનેક મોભાનાં સ્થાનો તેઓ ધરાવે છે. તેમનો નમ્ર અને મિલનસાર સ્વભાવ, ધીરજ અને લીધેલું કામ ખંતથી પૂરી કરવાની ધગશ આ ગુણોને લીધે તેઓનાં ચરણોમાં સિદ્ધિ આળોટવા લાગી છે.

શ્રી નાથાલાલ માણેકચંદ પારેખ લેબલવાળા અનેકવિધ સામાજિક પ્રવૃત્તિ ઉપરાંત રાજકીય પ્રવૃત્તિ સાથે પણ ગાઢ સંકળાયેલા છે. બી. પી. સી. સી. ની નાણાંકીય સમિતિનાં અને સુવેનીર સમિતિના તેઓ મંત્રી છે. આ ઉપરાંત માટુંગા ગુજરાતી સેવા મંડળ અને માટુંગા ગુજરાતી કેળવણી મંડળના તેઓ ટ્રસ્ટી અને ઉપ - પ્રમુખ છે. હિન્દુ દીનદયાળ સંઘના પણ ટ્રસ્ટી છે. આ ઉપરાંત જૈન સમાજની અનેકવિધ નાની મોટી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે અને દરેક પ્રવૃત્તિમાં તેઓ આગેવાનીભર્યો ભાગ ભજવી રહ્યા છે. મહારાષ્ટ્ર વિધાન પરિષદની તેમની વરણીને સારીએ મુંબઈનગરીએ વધાવી લીધી છે અને અમે આશા રાખીએ છીએ કે, મહારાષ્ટ્ર વિધાન પરિષદ દ્વારા પણ તેઓ જનતાની યોગ્ય સેવા બજાવશે.

'રુચિ' ને હાર્દિક આવકાર

(વાર્ષિક લવાજમ રૂ. ૧૦, ઠેકાણું 'રૂચિ પ્રકાશન', ચંદ્રલોક, વિલ્સરનેસ રોડ, રીજ રોડ, મુંબઈ—૬)

ગુજરાતમાં ઉત્તમ સામયિકોની સંખ્યા નહિ જેવી છે. બીજી બાજુ વિવિધ કક્ષા અને અભિરુચિવાળો વાચકવર્ગ ગુજરાતમાં દિનપ્રતિદિન વધતો જાય છે. આ સંજોગોમાં સાહિત્યરસિક અને ક્લારસિક વાચકવર્ગને માટે શ્રી ચુનીલાલ મડિયાના તંત્રીપદે શરૂ થયેલ માસિક 'રુચિ' અભિનંદન અને આવકારને પાત્ર છે. શ્રી મડિયાને પત્રકારત્વના ક્ષેત્રનો ઘણો બહોળો અનુભવ છે, એમની લેખનપ્રવૃતિ સતત ચાલ્યા કરે છે, અને સાહિત્યજગતના વિવિધ પ્રશ્નોની જીવંત ચર્ચાવિચારણા 'સંદેશ'ના સાહિત્ય વિભાગ દ્વારા તેઓ નિયમિતપણે કરતા રહ્યાં છે. એ જોતાં આવા એક સૌન્દર્યલક્ષી સામયિકનું તંત્રીપદ તેઓ સંભાળે એ સર્વ રીતે યોગ્ય છે. એમના સુકાન હેઠળ વિવિધ પ્રકારની સાહિત્યિક સામગ્રી આપણને સાંપડતી રહેવાની, કારણ કે એમને આરંભથી જ સારા સારા લેખકોનો સુંદર સહકાર સાંપડ્યો છે. શ્રી દર્શકની ચાલુ નવલકથા 'કુરુક્ષેત્ર' એમને 'રુચિ' માટે મળી છે એ એમનું મોટું સદ્‌ભાગ્ય છે. તદુપરાંત શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રસિકલાલ પરીખ, ચંદ્રવદન મહેતા, ઉમાશંકર જોષી, ભોગીલાલ સાંડેસરા, ગગનવિહારી મહેતા, સ્નેહરશ્મિ, રાજેન્દ્ર શાહ, ઈશ્વર પેટલીકર, નિરંજન ભગત, ઉશનસ્, બાલમુકુન્દ દવે, જયંત પાઠક, દુર્ગેશ શુક્લ, વાડીલાલ ડગલી વગેરે સંખ્યાબંધ સુપ્રતિષ્ઠિત, સિદ્ધહસ્ત કવિ લેખકોની કલમપ્રસાદી એના આરંભના બે ત્રણ અંકોમાં જ આપણને માણવા મળી છે. આ સામયિકમાં કવિતા, નવલકથા, નવલિકા, નાટક, નિબંધ, વિવેચન, સંશોધન, ઈતિહાસ, લલિત કલાઓ, વર્તમાન સામાજિક અને આર્થિક પ્રશ્નો વગેરે વિવિધ ક્ષેત્રોને સ્પર્શતી સામગ્રી આપવામાં આવી છે એ જોતાં 'રુચિ'માં અભિરુચિનું વૈવિધ્ય ઠીક ઠીક જળવાયું છે એમ કહી શકાય. વિદ્વદ્‌ભોગ્ય તેમજ લોકભોગ્ય એવા આ સામયિકને તસ્વીરો, ચિત્રો વગેરે ઉત્તમ કલાકૃતિઓ વડે અને સુશોભનો વડે સચિત્ર અને આકર્ષક બનાવવામાં આવ્યું છે, અને એનું મુદ્રણકાર્ય અને ગોઠવણી પણ ઉઠાવદાર અને સંતોષકારક છે. વ્યવહારપક્ષે, જાહેરખબરોનો પણ 'રુચિ'ને સારો સહકાર એના આરંભથી જ મળ્યો છે એ પણ એક સારી નિશાની છે.

આમ આ રીતે જોતાં આ માસિકનું ભાવિ ઠીક ઠીક ઉજ્જવળ લાગે છે અને જો તે નિયમિત રીતે પ્રગટ થઈ ઉત્તરોત્તર પોતાનું ઊંચું ધોરણ જાળવશે તો સામયિકોના ઈતિહાસમાં તે નોંધપાત્ર સ્થાન મેળવશે એ નિઃસંશય છે.

ભાઈશ્રી ચુનીલાલ મડિયાને 'રુચિ' માટે હું અભિનંદન આપું છું અને એમના આ સુરુચિપૂર્ણ સાહિત્ય—સાહસમાં સર્વ રીતે સફળતા સાંપડે એવી શુભેચ્છા વ્યક્ત કરું છું.

ઉદારચરિત શેઠ રામજી શામજી વીરાણીને ધન્યવાદ

જૈન સમાજ વૈશ્ય સમાજ હોઈને તેને ઉદારતા સ્વાભાવિક રીતે વરેલી છે. ધનવાન જૈનો તરફથી કરવામાં આવતી ઉદાર સખાવતોના સમાચાર અવારનવાર દૈનિક પત્રોમાં વાંચવા—સાંભળવા મળે છે. રાજકોટ નિવાસી શેઠ રામજી શામજી વીરાણી જૈન સમાજની કેટલીક અગ્રગણ્ય લેખાતી ઉદાર વ્યકિતઓમાંની એક છે. આજ સુધીમાં તેમના હાથે અનેક દાન—સખાવતો થયેલી છે. રાજકોટમાં વૃદ્ધ સ્ત્રીઓનો એક આશ્રમ કેટલાક સમયથી ચાલે છે તે તેમની ઉદારતાને આભારી છે. તાજેતરમાં રાજકોટના "સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ" નામની સંસ્થાને તેમણે એક લાખ રૂપિયાની રકમ ભેટ આપી છે અને આ વીરાણી કુટુંબની આવી અનેક સેવાઓની કદર તરીકે તે સંસ્થાના સંચાલકોએ ઉપરોકત સંસ્થાના નામ સાથે શ્રી રામજીભાઈના પિતા સ્વ. શામજી વેલજી વીરાણીનું નામ જોડવાનો નિર્ણય કર્યો છે. શ્રી રામજીભાઈને અંગત રીતે હું જાણું છું તેમની પાસે જ્યારે પણ કોઈ પુણ્યકાર્ય માટે હું ગયો છું ત્યારે તેમણે મારી અપેક્ષાને પૂરી સંતોષી છે. તેમના દાન પાછળ જે કરુણાનો ભાવ મેં જોયો છે, કોઈ પણ દીન દુઃખીને મદદરૂપ થયાનો જે નિર્મળ આનંદ અને ઉમળકો તેમનામાં મેં જોયો છે તેવો ભાગ્યે જ અન્ય કોઈ શ્રીમાનમાં મને દષ્ટિગોચર થયો છે. આ માટે તેમના વિષે મારા દિલમાં હમેશાં આદર રહ્યો છે. આ એક લાખની સખાવત માટે તેઓ જૈન સમાજના અભિનંદન—અધિકારી બને છે.

પ્રાથમિક શિક્ષણ ઉપર શ્રી લીલીબહેન પંડ્યાનો યોજાયલો વાર્તાલાપ

ગત એપ્રિલ માસની ૨૦ મી તારીખ શનિવારે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં મુંબઈ મ્યુનિસિપલ શિક્ષણ સમિતિના તાજેતરમાં નિમાયલાં ચેરમેન શ્રી. લીલીબહેન પંડ્યાએ મુંબઈ મ્યુનિસિપાલીટી દ્વારા અપાતા પ્રાથમિક શિક્ષણ અંગે એક રસપ્રદ વાર્તાલાપ આપ્યો હતો. આ પ્રસંગે પ્રાથમિક શિક્ષણમાં રસ ધરાવતાં કેટલાક ભાઈ—બહેનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે શ્રી લીલીબહેને પ્રાથમિક શિક્ષણ સાથે જોડાયલા અનેક પ્રશ્નોની છણાવટ કરી હતી. સાથે સાથે તેમણે સ્વીકારેલી જવાબદારી સંબંધમાં પોતે શું શું કરવાની મુરાદો સેવે છે, તે મુરાદો પાર પાડવામાં કયા કયા પ્રકારની મુશ્કેલીઓનો સામનો તેમને કરવાનો રહે છે, શિક્ષણના ક્ષેત્રમાં રાજકારણ કેટલી દખલગીરી કરે છે, યોજનાઓ પાર પાડવા માટે પ્રમાણિક માણસો મેળવવા કેટલા મુશ્કેલ છે. શિક્ષણમાં જેને રસ નથી કે સમજણ નથી એવા માણસોની શિક્ષણના ક્ષેત્રમાં દાદાગીરી ચાલે છે ત્યારે કેવા અનર્થો નીપજે છે. આવી કેટલીયે બાબતોની તેમણે ચર્ચા—આલોચના કરી હતી. લગભગ દોઢ કલાક સુધી આ વાર્તાલાપ ચાલ્યો હતો અને પરસ્પરને ઉદ્‌બોધક એવો—લીલીબહેન અને શ્રોતા ભાઈબહેનો વચ્ચે-વિચાર-વિનિમય થયો હતો. શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે લીલી બહેનનો પરિચય કરાવ્યો હતો. છેવટે સંઘના અન્ય મંત્રી તરીકે મેં લીલીબહેનને સંઘવતી પુષ્પહાર પહેરાવીને તેમના મનની મુરાદોની સફળતા ઈચ્છી હતી અને સંઘના નિમંત્રણને માન આપી સૌ કોઈના જીવનને સીધી રીતે સ્પર્શતા બાલશિક્ષણની આવી સુન્દર અલોચના કરવા માટે તેમનો આભાર માન્યો હતો.

પરમાનંદ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧૬, ૧૯૬૩, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

અજાતશત્રુ વૈકુંઠભાઈ
એક જીવનપરિચય

(શ્રી વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતા, ખાદી વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમીશનના અધ્યક્ષસ્થાન ઉપરથી તાજેતરમાં નિવૃત્ત થયા છે. આ પ્રસંગે તેમના આજ સુધીના જીવનનો પ્રબુદ્ધ-જીવનના વાંચકોને પરિચય કરાવતાં મને ઘણો આનંદ થાય છે. મુંબઈના જાહેર જીવનથી પરિચિત એવું ભાગ્યે જ કોઈ હશે કે જે વૈકુંઠભાઈને નામથી ન જાણતું હોય. આમ છતાં એમના આજ સુધીના જીવનની કડિબદ્ધ વિગતો અને તેમાં રહેલાં અનેક ઉદાત્ત તત્ત્વોથી ઘણાખરાં ભાઈ–બહેનો અજાણ છે. મને ખાત્રી છે કે આપણી વચ્ચે કેવું મહામૂલું માનવરત્ન વસે છે તેનું-નીચે આપેલ તેમની સંક્ષિપ્ત જીવનકથા વાંચીને વાંચકને-સુભગ દર્શન થશે અને વિસ્મય, આનંદ તેમજ આદરની લાગણીઓ વડે વાચકનું દિલ પ્રભાવિત બનશે. પરમાનંદ)

શ્રી વૈકુંઠભાઈ જાણીતા ઉદ્યોગપતિ અને સહકારી પ્રવૃત્તિના આદ્ય પુરસ્કર્તા સ્વ. સર લલ્લુભાઈ સામળદાસના જ્યેષ્ઠ પુત્ર થાય. સર લલ્લુભાઈ મૂળ ભાવનગરના નાગર. તેમના મોટા ભાઈ વિઠ્ઠલભાઈ ભાવનગરના દિવાન હતા અને લલ્લુભાઈ વસુલાતી અધિકારી હતા. તે વખતના મહારાજા ભાવસિંહજી સાથે અમુક બાબતમાં મતભેદ પડતાં લલ્લુભાઈ ભાવનગર છોડી મુંબઈ આવીને વસેલા અને મુંબઈમાં એક અગ્રગણ્ય નાગરિક તરીકે તેમજ વ્યાપારી તથા ઉદ્યોગપતિ તરીકે તેમણે સારી પ્રતિષ્ઠા જમાવેલી. વૈકુંઠભાઈનો જન્મ અમદાવાદ ખાતે તેમના મોસાળમાં ૧૮૯૧ની સાલમાં થયેલો. તેમનું જીવન પ્રારંભથી જ એક પ્રકારની તપોભાવના વડે અથવા તો ત્યાગવૃત્તિ વડે પ્રેરિત હતું. આ સંબંધમાં તેમના નાનપણને લગતી એક રમુજી વાત છે. તેમના પિતાએ પોતાની સાથે એક નાટક જોવા માટે તેમને સાથે આવવા કહ્યું: તેમની ઈચ્છા નહોતી. તેમના પિતાએ જરાક કટાક્ષપૂર્વક કહ્યું કે, 'ચાલતો ખરો તારી ઈચ્છા હોય તો નાટક દરમિયાન આંખો બંધ કરીને બેસજે.' આ સાંભળીને એ કુમાર વૈકુંઠભાઈ નાટક જોવા તો ગયા, પણ એ ત્રણ કલાકના નાટક દરમિયાન તેઓ આંખો બંધ કરીને બેસી રહ્યા.

સર લલ્લુભાઈને ચાર સંતાનો હતાં. તેમાં સૌથી મોટાં સુમતિબહેન હતાં. તે પછી વૈકુંઠભાઈ, પછી જ્યોતીન્દ્ર અને પછી ગગનભાઈ અથવા તો આપણે જે રીતે ઓળખીએ છીએ તે રીતે કહીએ તો ગગનવિહારી મહેતા. આ સુમતિબહેન ઉચ્ચ કોટિના કવયિત્રી અને લેખિકા હતા. તેમના પ્રત્યે વૈકુંઠભાઈને અથાક મમતા હતી. તેમનું ૨૧ વર્ષની ઉમ્મરે મૃત્યુ નીપજતાં વૈકુંઠભાઈને જીવનના પ્રારંભમાં જ ઘણો સખ્ત આઘાત લાગ્યો હતો.

વૈકુંઠભાઈની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી ભારે ઉજ્જવળ હતી. યુનિવર્સિટીની પહેલા વર્ષની પરીક્ષામાં તેઓ પ્રથમ વર્ગમાં આવ્યા હતા. બી.એ.માં તેમણે ગણિતને પોતાના ઐચ્છિક વિષય તરીકે પસંદ કર્યો હતો. બોંબે યુનિવર્સિટીમાં અંગ્રેજીમાં સૌથી વધારે માર્ક મેળવવા માટે તેમને 'ઓલીસ પ્રાઈઝ' મળ્યું હતું.

વૈકુંઠભાઈ એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણતા હતા તે દરમિયાન સ્વ. મહાદેવ દેસાઈ જેઓ આગળ ઉપર ગાંધીજીના મંત્રી બન્યા હતા અને સ્વ. બ્રેલ્વી જેઓ આગળ ઉપર 'બોંબે ક્રોનિકલ' ના તંત્રી બન્યા હતા-આ બન્ને તેમના સહવિદ્યાર્થી અને મિત્ર હતા. ઉપર જણાવ્યું તે મુજબ યુનિવર્સિટીના પહેલા વર્ષની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં આવવાથી તેમને કૉલેજની એક શિષ્યવૃત્તિ મળી હતી. તેમની સાથેના મહાદેવભાઈ તેમની પછીના નંબરે પાસ થયા હતા. જેમની આર્થિક સ્થિતિ અતિ સામાન્ય હોવાની વૈકુંઠભાઈને ખબર હતી, અને તેથી પોતાને મળતી શિષ્યવૃત્તિ મહાદેવભાઈને આપવા તેમણે પ્રિન્સીપાલને વિનંતિ કરી હતી. આ વિષે તેમણે મહાદેવભાઈને કશી વાત કરી નહોતી અને પોતાને આ શિષ્યવૃત્તિ કેમ મળી તેને લગતી ખબર મહાદેવભાઈને વર્ષો બાદ પડી હતી. મહાદેવભાઈને સૌથી પહેલું કામ ગુજરાતની સહકારી મંડળીઓના ઈન્સ્પેક્ટરનું મળેલું તે વૈકુંઠભાઈને આભારી હતું. મહાદેવભાઈ તથા બ્રેલ્વી સાથેની તેમની મૈત્રી, તે બન્નેના સ્વર્ગવાસ સુધી એકરસખી ગાઢ અને પરસ્પર અત્યન્ત સ્નેહભરી રહી હતી.



શ્રી વૈકુંઠભાઇ લલ્લુભાઈ મહેતા

વૈકુંઠભાઈએ ધાર્યું હોત તો તેઓ સીવીલ સર્વીસમાં જઈ શક્યા હોત અથવા તો ધંધાવ્યાપારમાં પણ જોડાઈ શક્યા હોત. પણ તેમનું પ્રારંભથી વલણ સામાજિક અને સાર્વજનિક પ્રવૃત્તિ તરફ હતું. ગ્રેજ્યુએટ થયા બાદ શરૂઆતમાં તેમણે સ્વ. ગોખલેએ ઊભી કરેલી સરવન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટીમાં જોડાવાનો વિચાર કરેલો. એવામાં સ્વ. સર હોરમસજી વાડિયા દ્વારા સંચાલિત 'બોંબે ફેમિન રીલીફ'નું કામ તેમની સામે આવીને ઊભું રહ્યું, અને તેમાં તેઓ જોડાયા. તે કાર્ય પુરું થયા બાદ, તેઓ બોંબે પ્રાવિન્સીયલ કો-ઓપરેટીવ બેંકમાં જોડાયા. અહીં શરૂઆતમાં મેનેજર તરીકે અને પછી મેનેજીંગ ડિરેક્ટર તરીકે, એમ ૧૯૧૩થી ૧૯૪૬ સુધી લગભગ ૩૩ વર્ષ સુધી તેમણે કામ કર્યું હતું. ત્યાર બાદ મુંબઈની

ધારાસભામાં તેઓ જોડાયા અને મુંબઈ સરકારના અર્થસચિવ તરીકે તેમણે ૧૯૪૬ થી ૧૯૫૨ સુધી કામ કર્યું.

જે કોઓપરેટીવ બેંકમાં વૈકુંઠભાઈ જોડાયા તે એ વખતનું—મુંબઈ રાજ્ય—જે આજે મહારાષ્ટ્ર રાજ્ય તરીકે ઓળખાય છે તેની સૌથી ટોચની બેંક છે. આ બેંકનું આખું ઘડતર અને ચણતર વૈકુંઠભાઈના અવિરત પ્રયત્નને આભારી છે. આમ છતાં તેઓ કેટલાય સમય સુધી રૂા. ૧૦૦ થી વધારે માસિક પગાર લેતા નહોતા. જો કે તેમના કેટલાક આસિસ્ટન્ટોને—મદદનીશોને—આથી વધારે પગાર મળતો હતો. સમય જતાં તેમના ચેરમેને તેમને વધારે પગાર લેવાની જાણે કે ફરજ પાડી, ત્યારે પણ તેમના દરજ્જાના અધિકારીને સામાન્ય રીતે જે પગાર મળે છે તેથી અડધાથી પણ ઓછો પગાર તેમણે સ્વીકાર્યો હતો. બેંકના કામ ઉપરાંત, તેઓ કો - ઓપરેટીવ-સહકારી-પ્રવૃત્તિને વેગ આપવા પાછળ પોતાનો ઘણોખરો સમય ગાળતા હતા. સહકારી પ્રવૃત્તિને તેમણે પોતાના જીવનના એક મિશન તરીકે સ્વીકારી હતી અને તે પાછળ તેમની અનેક વર્ષોની અખંડ તપશ્ચર્યા રહી હતી. બોંબે સ્ટેટ કો- ઓપરેટીવ યુનિયનના તેઓ પ્રાણ અને આત્મા હતા અને ૧૯૫૩ થી ૧૯૬૦ સુધી તેના તેઓ પ્રમુખ હતા. અનેક સહકારી પરિષદોનું પ્રમુખસ્થાન તેમણે શોભાવ્યું હતું અને સરકાર તેમજ રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા નિમાયલી સમિતિઓમાં પ્રમુખ તરીકે કે સભ્ય તરીકે તેમણે કામ કર્યું હતું. દા. ત. ૧૯૨૯ માં નિમાયલી બોંબે પ્રોવિન્સીયલ બેંકિંગ ઈન્કવાયરી કમિટીના તેઓ સભ્ય હતા. હરિજન સેવક સંઘના મુંબઈના પ્રોવિન્સીયલ બોર્ડના તેઓ સભ્ય હતા. ૧૯૫૨માં ભારત સરકારે નીમેલ ફિનેન્સ કમિશનના તેમજ ૧૯૫૩માં ભારત સરકારે નીમેલ ટેક્સેશન ઈન્કવાયરી કમિટીના તેઓ સભ્ય હતા. ૧૯૫૩-૬૨ સુધી કો—ઓપરેટીવ ટ્રે ઈનિંગ કમિટીના તેઓ ચેરમેન હતા. ૧૯૫૯માં નિમાયેલી એગ્રીકલ્ચરલ કો - ઓપરેટીવ ક્રેડિટ કમિટીના પણ તેઓ ચેરમેન હતા.

સામાજિક તેમજ સહકારી ક્ષેત્રે તેમણે બજાવેલી સેવાની કદર રૂપે બ્રિટિશ સરકાર તરફથી વૈકુંઠભાઈને ૧૯૧૬માં કૈસરે હિન્દનો રજત ચંદ્રક અને આગળ જતાં સુવર્ણ ચંદ્રક અર્પણ કરવામાં આવ્યા હતા. આમ છતાં ૧૯૩૦ માં બ્રિટિશ સરકારે અખત્યાર કરેલી દમનનીતિ સામેના વિરોધ તરીકે તેમ જ એ જ અરસામાં બ્રિટિશ સરકારે મહાત્મા ગાંધીને પરહેજ કર્યા હતા તે સામેના વિરોધ તરીકે આ બન્ને ચંદ્રકો વૈકુંઠભાઈએ બ્રિટિશ સરકારને પરત કર્યા હતા. રાષ્ટ્રીય આન્દોલન દરમિયાન સ્વદેશીના પ્રચાર અંગે તેમણે ખૂબ જોસભેર કામ કર્યું હતું.

હરિજનોના ઉદ્ધારકાર્યને લગતા આન્દોલન સાથે તેઓ પ્રારંભથી જોડાયલા હતા અને આ ક્ષેત્રમાં ત્રીશ વર્ષથી વધારે સમય સુધી તેમણે સેવા આપી હતી. ખાદી અને ગ્રામોદ્યોગને લગતી પ્રવૃત્તિ સાથે તેઓ આજ સુધી એટલા જ ગાઢપણે સંકળાયલા રહ્યા છે. આ કારણે ગાંધીજી સાથે તેઓ નિકટ સંબંધમાં આવ્યા હતા અને ગાંધીજીને પણ તેમના માટે ખૂબ આદર હતો. ગાંધીજી વિષે વૈકુંઠભાઈને ઊંડો ભક્તિભાવ હતો એ કહેવાની જરૂર હોય જ નહિ. તેમની ઘણી અનિચ્છા હોવા છતાં મહાત્મા ગાંધીજીની ઈચ્છા અને સરદાર વલ્લભભાઈ પટેલ અને મુંબઈના મુખ્ય પ્રધાન શ્રી બી. જી. ખેરના અતિ આગ્રહને વશ થઈને ૧૯૪૬માં ઊભા કરવામાં આવેલ મુંબઈના કૉંગ્રેસી પ્રધાનમંડળમાં તેઓ જોડાયા હતા. અહિં તેમણે અર્થસચિવ તરીકે છ વર્ષ સુધી કામ કર્યું હતું અને એક કુશળ અર્થનિષ્ણાત તરીકે તેમણે બહુ સારી નામના મેળવી હતી. આમ છતાં સક્રિય રાજકારણમાં તેમને કોઈ ખાસ રસ નહોતો, અને મહાત્મા ગાંધીજીએ રજુ કરેલા રચનાત્મક કાર્ય પૂરતી પોતાની પ્રવૃત્તિને તેઓ મર્યાદિત રાખવા ઈચ્છતા હતા. ૧૯૫૨ માં મુંબઈના અર્થસચિવ તરીકેની જવાબદારીથી મુક્ત થયા બાદ વૈકુંઠભાઈએ કેન્દ્ર અને પ્રાદેશિક સરકાર વચ્ચે સાધનસામગ્રીની તેમજ આવકની વહેંચણી નક્કી કરવાને લગતા ફીનેન્સ કમિશનમાં તેમ જ ટેક્સેશન ઈન્કવાયરી કમીટીમાં સભ્ય તરીકે મહત્ત્વપૂર્ણ કામગીરી બજાવી હતી. તે જવાબદારી પૂરી કર્યા બાદ ૧૯૫૩ની સાલમાં ભારત સરકાર મારફત ઊભું કરવામાં આવેલ ખાદી અને વિલેજ ઈન્ડસ્ટ્રીઝ બોર્ડ, જે ત્રણ વર્ષ બાદ ખાદી અને વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશનમાં રૂપાન્તર પામ્યું છે અને જેનું કામ ખાદી તેમ જ અન્ય કુટિર - ઉદ્યોગોનો વિકાસ સાધવાનું અને તેને બને તેટલો વેગ આપવાનું છે તેના તેઓ ચેરમેન નિમાયા. આ પદ ઉપરથી તેઓ તાજેતરમાં નિવૃત થયા છે. આ કાર્યના વળતર રૂપે તેઓ કશું પણ લેતા નહોતા. માત્ર સેવાભાવથી જ આ કાર્ય તેઓ કરી રહ્યા હતા. જ્યારે મુંબઈ રાજ્યના તેઓ અર્થસચિવ હતા ત્યારે તેમને જે કાંઈ રકમ પગાર રૂપે મળતી હતી તે બધું પરોપકારના કાર્યોમાં તેઓ વાપરી નાખતા હતા. તેઓ સર્વોદયની હીલચાલ સાથે પણ તેના પ્રારંભથી જોડાયલા હતા અને આજે પણ તેમાં તેઓ ખૂબ રસ લઈ રહ્યા છે. અહીં એ પણ જણાવવું જરૂરી છે કે, તેમની અનેકવિધ રાષ્ટ્રીય તેમ જ સામાજિક સેવાની કદર રૂપે ભારત સરકારે તેમને ૧૯૫૪માં 'પદ્મભૂષણ' પદથી નવાજ્યા હતા. તેઓ ઉચ્ચ કોટિના વક્તા ન કહેવાય, પણ લેખક તો ઉચ્ચ કોટિના છે જ અને અંગ્રેજી ભાષા ઉપર તેઓ અસાધારણ પ્રભુત્વ ધરાવે છે. તેમનું વાંચન અતિ વિશાળ છે. તેમનું લખાણ મોટા ભાગે સહકારી પ્રવૃત્તિ સાથે સંબંધ ધરાવે છે. તેમનું શરીર પાતળું સુકલકડી જેવું છે. જોનારને તેઓ બહુ નબળા લાગે, પણ તેમના વિષે એમ જણાવવામાં આવે છે કે, તેઓ વિદ્યાર્થી અવસ્થામાં ક્રિકેટના અને ત્યાર પછી પણ ટેનિસના બહુ સારા ખેલાડી હતા અને આજે પણ તેઓ સારી શારીરિક કાર્યક્ષમતા ધરાવે છે. એક સરખું-સુખી અને સંતોષી તેમનું આજ સુધીનું ગૃહસ્થજીવન છે. સંતાનનો અભાવ—એને આ ગૃહસ્થજીવનની ઉણપ લેખવી હોય તો લેખી શકાય.

આ તેમના આજ સુધીના જીવનની ટૂંકી, આછી રૂપરેખા છે. તેમના જીવનમાં કોઈ ઢાળઢોળાવ નથી. સુખસમૃદ્ધ પરિસ્થિતિ અને વાતાવરણમાં ઉછરેલા, તેમણે ચડતી પડતીના આરોહ અવરોહ જોયા—જાણ્યા નથી. બીજી રીતે કહીએ તો તેમના જીવનની કળા આજ સુધી એકસરખી ચઢતી અને વિકસતી રહી છે, તેમાં કદિ કોઈ ખાંચો પડયો જ નથી.

તેમના જીવનમાં કોઈ ધાંધલ કે ધમાલ, કોઈ આવેશ કે ઉશ્કેરાટ જોવા મળતાં નથી. શાન્તપણે સરળપણે વહી રહેલા જળઝરણ જેવું અથવા તો સ્થિરપણે એકસરખો પ્રકાશ આપી રહેલ મંદ મંદ બળતા દીપક જેવું તેમનું જીવન પ્રારંભથી આજ સુધી એકસરખી સ્વસ્થતા, પ્રસન્નતા દાખવી રહ્યું છે અને શીતળતા તેમ જ પ્રકાશ ફેલાવી રહ્યું છે. તેમના જીવનમાં આંખો આંજી નાંખે તેવું કશું જ નથી; આંખો ઠારે એવું ઘણું છે. કોઈ સત્તાસ્થાન સિદ્ધ કરવા પાછળ તેઓ કદિ દોડયા નથી. સત્તાનાં એક પછી એક શિખરો સર કરતી એવી કોઈ જીવનલીલા તેમની નથી. પોતાની વિશેષતાઓ તેમ જ મર્યાદા વિષે પૂરા સભાન રહીને તેઓ પોતાનું પ્રવૃત્તિ-ક્ષેત્ર પસંદ કરતા રહ્યા છે અને એ દ્વારા તદનુરૂપ જે કાંઈ કર્તવ્ય તેમની સામે આવ્યું તે કર્તવ્ય તેઓ પૂરી નિષ્ઠાપૂર્વક બજાવતા રહ્યા છે. આ રીતે આગળ ને આગળ વધતાં તેમની સામે વધારે ને વધારે જવાબદારીવાળાં કામો આવીને ઊભાં રહ્યાં છે અને તેને પહોંચી વળવા માટે જરૂરી સામર્થ્ય તેમ જ પુરૂષાર્થ તેઓ દાખવતા રહ્યા છે. આપણા દેશની વિશિષ્ઠ લેખાતી અનેક વ્યક્તિઓમાંના તેઓ એક છે અને એમ છતાં તેમના વ્યક્તિતત્ત્વની ભાત અન્ય વ્યક્તિઓ કરતાં તદ્દન અનોખી રહી છે. સહકારી પ્રવૃત્તિએ તેમના જીવનનો ઘણો મોટો ભાગ રોકયો છે અને તે પાછળ તેમણે પાર વિનાની શક્તિનો યોગ આપ્યો છે. આમ છતાં તેમનું વાંચન અને જ્ઞાન અનેક ક્ષેત્રોના આન્તર્ભાગને સ્પર્શતું રહ્યું છે. નમ્રતા તેમનો અજોડ ગુણ છે. સાદાઈ તેમને સ્વભાવથી વરેલી છે. **त्यक्तेन भुंज्जीथा :** એ સૂત્ર તેમના જીવનમાં આપણને આબાદપણે મૂર્તિમન્ત થતું દેખાય છે. અભિમાનને, આત્મશ્લાઘાને, દંભને-અનુદાત્ત એવા કોઈ તત્ત્વને તેમના વિચાર, વાણી કે વર્તનમાં સ્થાન નથી. પ્રકૃતિથી તેઓ મૃદુ અને સંકોચશીલ છે. મિતભાષિતા તેમની વિશેષતા છે. જાહેર સભામાં તેઓ બોલે છે ત્યારે એટલું બધું તોળી તોળીને તેમ જ ધીમે ધીમે બોલે છે કે શ્રોતાવર્ગ તેમને સાંભળતાં—ઝીલતાં કદિ કદિ ઠીકઠીક કંટાળો અનુભવે છે. આમ છતાં પણ તેમનાં વિચાર-નિરૂપણમાં સુશ્લિષ્ટ ચિન્તન અને ઊંડો અભ્યાસ પ્રતિબિંબિત થતાં લાગે છે. ગૃહસ્થ છતાં સાધુ છે એમ કોઈ વિષે કહેવું હોય તો તે કથન આપણને પરિચિત એવી વિશિષ્ટ લેખાતી વ્યક્તિઓમાં વૈકુંઠભાઈના વ્યક્તિગત જીવન સાથે સૌથી વધારે બંધબેસતું માલુમ પડે છે. આવી જ રીતે કશી જ અત્યુક્તિના આક્ષેપ સિવાય 'અજાતશત્રુ' એ વિશેષણ આપણે વૈકુંઠભાઈના નામ સાથે જોડી શકીએ તેમ છે, કારણ કે તેમના વિષે પ્રતિકૂળ ઉદ્‌ગાર ભાગ્યે જ કોઈ દિશાઓથી કોઈના મોઢામાંથી નીકળતો સાંભળવામાં આવ્યો હશે. ગાંધી-યુગે આપણા દેશને અનેક માનવવિભૂતિઓ આપી છે. આ વિભૂતિઓની હરોળમાં વૈકુંઠભાઈને આપણે વિનાસંકોચે મૂકી શકીએ છીએ.

શ્રી વૈકુંઠભાઈ જ્ઞાતિથી નાગર છે, પણ પ્રકૃતિથી એક ઉચ્ચ કોટિના બ્રાહ્મણ છે. પ્રગાઢ વિદ્વત્તા, ઊંડી કાર્યનિષ્ઠા, અનુપમ સાદાઈ, અપૂર્વ નમ્રતા, સંયમપૂર્ણ શીલવત્તા, હૃદયંગમ મિતભાષિતા, વિરલ ત્યાગવૃત્તિ, અને આદરપ્રેરક પવિત્રતા—આવી તેમની ગુણાઢયતા છે. ગુજરાતમાં તો શું, ભારતભરમાં આવી વ્યક્તિઓ બહુ વિરલ જોવા મળે તેમ છે. આવી એક વિશેષ વ્યક્તિનો પરિચય આપતાં પુણ્યકથા કર્યાનો સંતોષ હું અનુભવું છું.

પરમાનંદ

અમદાવાદના સંઘ-સંમેલનની કાર્યવાહી અંગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો પ્રસ્તાવ

તા૦ ૪-૫-'૬૩ ના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ દ્વારા આયોજિત સંઘ-સંમેલનની કાર્યવાહી અંગે સર્વાનુમતે પસાર કરેલો ઠરાવ નીચે મુજબ છે:—

પ્રસ્તાવ

"અમદાવાદ ખાતે એપ્રિલ માસની ૧૩ મી તથા ૧૪ મી તારીખે શ્રીમાન કસ્તુરભાઈ લાલભાઈની આગેવાની નીચે મળેલ અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના સંમેલનની કાર્યવાહીની તેમ જ તેમાં પસાર કરવામાં આવેલા ઠરાવોની વિગતો જાણીને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંતોષ અનુભવે છે અને જૈન સમાજના એક મહત્વના વિભાગના સામુદાયિક ઉત્થાનના શુભ-ચિહ્ન તરીકે આ સંઘ-સંમેલનને આવકારે છે.

કાળબળને પારખીને એ ઠરાવોમાં કોઈ પણ દીક્ષાર્થીને દીક્ષા આપવા અંગે જે નિયમનો સૂચવવામાં આવ્યાં છે તે વિષે સંતોષ વ્યક્ત કરવા સાથે, સાધુજીવનમાં પેદા થતી શિથિલતા અને અનર્થોનું એક કારણ અપરિપક્વ ઉમ્મરે અપાતી દીક્ષા છે એ ચાલુ અનુભવના આધારે બાળદીક્ષાની સર્વથા અટકાયત થાય એવું નિયમન ઉમેરવાની જરૂર તરફ તેમ જ નાની ઉમ્મરની દીક્ષાભિલાષી વ્યકિત પરિપકવ ઉમ્મરની થાય ત્યાં સુધી તે વ્યકિતને સાધુજીવનને લગતી પૂર્વતાલીમ મળે તથા તેના માટે ધર્મશાસ્ત્રોના અધ્યયનનો પણ યોગ્ય પ્રબંધ કરવામાં આવે એવી શૈક્ષણિક સંસ્થા—એટલે કે સમાજને જે પ્રકારના સાધુઓની આજે જરૂર છે તેવા સાધુઓ તૈયાર કરનારી સંસ્થા—ઊભી કરવાની આવશ્યકતા તરફ આ સંમેલનના પરિણામે ઉપસ્થિત કરવામાં આવેલી સંઘ સમિતિનું મુંબઈ જૈન યુવક સંઘ ખાસ ધ્યાન ખેંચે છે.

શ્રામણ્યસંસ્થા પ્રત્યે જે ઊંડો ભક્તિભાવ સમાજમાં છે તે જોતાં આ કાર્ય, પ્રમુખશ્રીએ કહ્યું તેમ, આપદ્ધર્મ તરીકે અને અનિચ્છાપૂર્વક શ્રાવકોએ એટલે કે સંઘસમિતિએ સ્વીકાર્યું છે. આ યોગ્ય જ છે, કારણ કે શ્રામણ્યસંસ્થાની સુસ્થિતિની રક્ષા એ મુખ્યત્વે સાધુમુનિરાજોનું કર્તવ્ય છે. આમ છતાં પણ વર્તમાન પરિસ્થિતિ જોતાં શ્રાવકોએ કે સંઘસમિતિએ આવો સંકોચ રાખવાની બીલકુલ જરૂર નથી, એટલું જ નહિ પણ એ બાબતનો કાબુ શ્રાવકોએ આજે હાથમાં લેવાની ખાસ જરૂર છે એવો આ સંઘનો સુદ્રઢ અભિપ્રાય છે.

શ્રામણ્યસંસ્થાની શિથિલતા અંગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સવિશેષ જણાવે છે કે આ શિથિલતા પોષવામાં તેમના અનુરાગી શ્રાવકો જ મોટા ભાગે કારણભૂત હોય છે. શ્રામણ્યસંસ્થાનું બંધારણ જ એવું છે કે શ્રાવકોના સહકાર વિના કોઈ અનિચ્છનીય પ્રવૃત્તિ આદરવી સાધુમુનિરાજ માટે શક્ય નથી અને શ્રાવકોની અંધ-શ્રદ્ધા, વેશપૂજા અને ચમત્કારમોહ શ્રમણોના શિથિલાચાર માટે મહદ્ અંશે જવાબદાર છે, અને તેથી શ્રાવકોમાં અને સંઘોમાં પેઠેલાં આ અનિષ્ટોને દૂર કરવાં એ અત્યન્ત જરૂરી છે.

આવી કાયમી દેખરેખ અને વ્યવસ્થાની અપેક્ષા રાખતા કાર્ય માટે એક નવી સમાન્તર સંસ્થા ઊભી કરવાને બદલે છેલ્લાં ૬૦ વર્ષથી અખિલ ભારતીય ધોરણે કાર્ય કરી રહેલ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ મારફત શ્રી કસ્તુરભાઈ લાલભાઈની આગેવાની અને માર્ગદર્શન નીચે પ્રસ્તુત મહાન કાર્ય હાથ ધરવામાં આવ્યું હોત તો, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અભિપ્રાય મુજબ તે વિશેષ આવકારપાત્ર બનત. એમ કરવાથી ઉભયને એકમેકની પ્રતિષ્ઠાનો લાભ મળત અને કોન્ફરન્સને નવી ચાલના મળત.

શ્રામણ્યસંસ્થા વિષે બીજો પણ વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે. તેમની આચારશુદ્ધિ અને ચારિત્ર્યશુદ્ધિ ઉપર ભાર મૂકવામાં આવે તે સાથે વર્તમાન યુગને અનુકૂળ એવા ફેરફાર જૈન સાધુ-ઓના આચારમાં કરવાનું જરૂરી લાગે છે. આ સંબંધમાં કાંઈક અરાજકતા પ્રવર્તી રહેલી ભાસે છે. જુનવાણી આચારોને ચુસ્તપણે વળગી રહેવામાં આવે તે એક છેડાથી માંડીને અનેક પ્રકારની છૂટો લેવામાં આવે તે બીજો છેડો દેખાય છે. વળી સંસ્કૃતિરક્ષાને નામે જૂનવાણી માનસને પ્રોત્સાહન ન મળે તે જેમ જોવાનું રહે છે તેમ વર્તમાનયુગની માંગને નામે કોઈ પણ જૈન સાધુ ચારિત્ર્ય-હીન ન થાય એ પણ જોવાનું રહે છે, આ મહત્વની બાબત પણ સંઘસમિતિએ ધ્યાનમાં લેવાની રહેશે.

આ સૂચનાઓ સાથે, સમયની માંગને પિછાણીને આવું અખિલ ભારતીય સંઘ સંમેલન પોતાની જવાબદારી ઉપર બોલાવવાનું સાહસ ખેડવા માટે શ્રીમાન કસ્તુરભાઈ લાલભાઈનું આ સંઘ હાર્દિક અભિનન્દન કરે છે અને આ કાર્ય પાછળ પોતાની બધી શકિતઓનો યોગ આપીને તેને તેઓ સફળ બનાવશે એવી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આશા સેવે છે."

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

અમદાવાદના સંઘ-સંમેલનનું વિશ્લેષણ

અમદાવાદમાં ગત એપ્રિલ માસની તા. ૧૩ તથા ૧૪ મીના રોજ શ્રી કસ્તુરભાઈ લાલભાઈની આગેવાની નીચે જે સંઘ-સંમેલન ભરાઈ ગયું અને તેમાં જે ઠરાવો પસાર થયા તેની વિગતો પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં આટલા વિસ્તારથી એટલા માટે આપવામાં આવી છે કે, કોઈ એક સમાજનો સ્થિતિચુસ્ત વર્ગ તે સમાજની સાધુસંસ્થાની શિથિલતા અને કશા પણ નિયંત્રણ વિનાની દીક્ષાપ્રવૃત્તિ સામે માથું ઊંચકે એ સામાજિક ઈતિહાસમાં એક અવનવી ઘટના છે, અને તેથી તેનું એક વિશિષ્ટ મહત્ત્વ છે. સાધારણ રીતે કોઈ પણ ધર્મ-સંપ્રદાય સાથે સંબંધ ધરાવતો સમાજ બે વર્ગમાં વહેંચાયેલો માલુમ પડે છે. (૧) સ્થિતિચુસ્ત વર્ગ—Orthodox section (૨) સુધારક વર્ગ Reformist section. સ્થિતિચુસ્ત વર્ગને હંમેશાં કોઈ પણ ફેરફારની—સુધારાની—ભારે ભડક હોય છે. કશો પણ ફેરફાર કરવા જતાં મૂળ વસ્તુને હાનિ પહોંચશે એવો તે હંમેશાં ભય સેવતો હોય છે અને તેથી જે કાંઈ, જે રીતે ચાલતું હોય તેને તે રીતે ચલાવવું—જે સ્થિતિ વિદ્યમાન હોય તેને ટકાવી રાખવી—એવો તેનો આગ્રહ હોય છે. સાધુસંસ્થાને પણ આ જ રીતે નભાવવામાં તે માને છે. તેમાંના દૂષણો તેને નથી જ દેખાતા એમ નથી હોતું. ખાનગીમાં સલાહસૂચના અને કદિ કદિ દબાણથી આ દૂષણોને દબાવવા તે પ્રયત્ન કરતો હોય છે, પણ બહારની દુનિયામાં તેની પ્રતિષ્ઠા—તેનો મોભો—કેમ જળવાઈ રહે એ જ તેનો આગ્રહ અને એ જ તેની ચિન્તા હોય છે, અને તેથી સાધુસંસ્થામાં જે કાંઈ નબળું-નરસું હોય તેને બહાર આવવા ન દેવું, તેને ઢાંકપીછોડો રાખવું-એમાં ખરી ધર્મ સેવા રહેલી છે—આવી તેની માન્યતા અને વલણ રહે છે.

સુધારક વર્ગની નજરે કોઈ પણ દૂષણ નજરે પડતાં તેની સામે તેનું દિલ ઉકળી ઊઠે છે અને આવાં દૂષણોને ખૂલ્લાં પાડવાં—નાબૂદ કરવાં—એ તેને પોતાનું સ્વાભાવિક કર્તવ્ય લાગે છે.


પરંપરાનો પૂજક બની શકતો નથી; દેખાવની પ્રતિષ્ઠાનું તેને કોઈ મહત્ત્વ હોતું નથી. અંધશ્રદ્ધા, વેશપૂજા, ચમત્કાર—આ બધાં સામે તેનું દિલ બળવો કરતું હોય છે. સાધુસંસ્થાની તાને ચલાવી લેવી—નભાવી લેવી—એ સાચા ધર્મનો દ્રોહ બરોબર છે. આ રીતે તે વિચારતો હોય છે.

અમદાવાદના સંઘ-સંમેલનની ઘટના સુધારક વર્ગના કોઈ થી નિર્માણ થઈ હોત તો કશું આશ્ચર્ય પામવા જેવું ન પણ આ જે ઘટના બની છે તે ધાર્મિક ક્ષેત્રે જેમનું બહુધા

વલણ એક શુદ્ધ સ્થિતિચુસ્તનું રહ્યું છે, જેઓ જૈન શ્વે. મૂ. સમાજના સ્થિતિચુસ્ત વર્ગના અનન્ય નેતાનું સ્થાન ધરાવે છે તેવા શ્રી કસ્તુરભાઈની પ્રેરણા અને પુરૂષાર્થમાંથી નિર્માણ થઈ છે અને આજ સુધી સાધુસંસ્થાની અનેક નબળાઈઓને–જેનો સંઘસંમેલનના ઠરાવોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અને તેવી બીજી અનેક નબળાઈઓને–જે આગેવાનો સીધી કે આડકતરી રીતે પોષતા આવ્યા છે તે જ આગેવાનોએ સાધુસંસ્થા સામે મંડાયલા આ મોરચાને ટેકો આપ્યો છે. પ્રસ્તુત ઘટનાની આ અદ્‌ભુત વિશેષતા છે.

શેઠ કસ્તુરભાઈને સ્થિતિચુસ્ત તરીકે ઓળખવામાં હું તેમને જરા પણ અન્યાય કરતો નથી. આજ સુધીની તેમની કારકીર્દી લગભગ આવી જ રહી છે. પ્રગતિશીલ વ્યક્તિઓને સંઘબહાર કરવાની છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન જે કોઈ છૂટીછવાઈ ઘટનાઓ અમદાવાદ ખાતે બની છે, તેમાં તેમનો પૂરો સહકાર અથવા તો આગેવાની રહી છે. જુનવાણી પરંપરાઓની પ્રતિનિધિ સમી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું તેઓ વર્ષોથી પ્રમુખસ્થાન શોભાવે છે. એક પણ નવો વિચાર દાખવતી પ્રવૃત્તિ–પછી તે બાલદીક્ષાની અટકાયતને લગતી હોય કે દેવદ્રવ્યના સામાજિક ઉપયોગને લગતી હોય–આવી કોઈ પણ પ્રવૃત્તિને તેમણે કદિ ટેકો આપ્યો નથી. જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ જેવી મંદ ગતિએ ચાલતી સંસ્થાને તેમના કોઈ સક્રિય સમર્થનનો કદિ પણ લાભ મળ્યો નથી, એટલું જ નહિ, પણ તે સંસ્થા પાસે તેમણે પોતાના સહકારની આશા આપીને જે બે ઠરાવો પસાર કરાવ્યા હતા તેમાં સ્થિતિચુસ્ત માનસની પરમ કોટિનું દર્શન થાય છે. જૈન મંદિરમાં હરિજન પ્રવેશને તેમણે જાહેર રીતે સંમતિ આપી છે–આ એક હકીકતને અપવાદ તરીકે લેખવી હોય તો લેખી શકાય, પણ તેના સંદર્ભમાં તેમનો જૈન સમાજની બહારના વિશાળ સમાજ સાથે જે સંબંધ હતો, તેનો વિચાર કરતાં તેમ જ જૈન મંદિરપ્રવેશને લગતી વાસ્તવિકતાને ધ્યાનમાં લેતાં તેમના માટે આ સિવાય બીજો વિકલ્પ રહેતો જ નહોતો એ હકીકત ધ્યાનમાં લીધા સિવાય ચાલે તેમ નથી. જૈનધર્મ વિષેની તેમની દૃષ્ટિ સમન્વયની નહિ પણ તેના એક પેટા સંપ્રદાયની માન્યતાને મુખ્યતા આપવાની રહી છે. જૈન ના પેટા વિભાગો વચ્ચે એકતા સાધવા જેવી લગભગ સર્વસ્વીકૃત બાબતને હજુ સુધી તેમના આશીર્વાદ સાંપડયા નથી. તીર્થોના ઓમાં તેમણે સમાધાનભર્યું વલણ દાખવ્યાનું કદિ સાંભળ આવ્યું નથી. જૈન શ્વે. મૂ. સમાજની તેમને પ્રાપ્ત થયેલી આગેવાની તેમનાં સ્થિતિચુસ્ત વલણને આભારી છે. તેમન જુદા જુદા ક્ષેત્રે જુદા જુદા પ્રકારનું રહ્યું છે. આવું તેમ સહજમાં ઉકેલી ન શકાય એવું–વ્યક્તિત્વ છે. ધાર્મિક દે માનસ હંમેશાં એક પ્રકારની સંકીર્ણતાને વરેલું માલુમ

તો પછી પ્રશ્ન થાય છે કે, આવી એક સ્થિતિચુસ્ત વ્યક્તિ વર્તમાન સાધુસંસ્થા વિષે આવું ઉદ્દામ પ્ર કેમ ઉદ્યુક્ત થઈ હશે? આ સવાલનો જવાબ મેળવવા માટે આપણે શ્રી કસ્તુરભાઈને વધારે ઊંડાણથી સમજવા જોઈએ–ઓળખવા જોઈએ. અસાધારણ સામર્થ્ય અને ગુણવત્તા, અજોડ કાર્યકુશળતા, સ્પષ્ટતા અને સુદૃઢતા, એક પ્રકારની ધાર્મિકતા અને ધ્યેયલક્ષીતા–આવી અનેક વિશેષતાઓ તેમના ઉદાત્ત વ્યક્તિત્વને વરેલી છે. તેઓ સ્થિતિચુસ્ત છે એમ કહીને તેમના વિષે એકાંગી વિચાર કરવો તે તેમની અન્ય અનેક વિશેષતાની અવગણના કરવા બરોબર છે. તેમનો ઉછેર, સંસ્કાર, ઘડતર, ધાર્મિક લેખાતી અનેક બાબતો અંગેનાં તેમનાં વલણો–આ બધું એક સ્થિતિચુસ્તનું જ રહ્યું છે, આમ છતાં પણ તેઓ જે સમાજના પોતાને અગ્રણી માને છે તેના શ્રેયની–સાચા શ્રેયની–તેઓ અપાર ચિન્તા ધરાવે છે. આ રીતે તેઓ એક સતત સજાગ વ્યક્તિ છે. વળી જ્યારે એ સમાજમાં કે તેના કોઈ પેટા સમુદાયમાં કોઈ પણ અનિષ્ટ ઈનકાર ન થઈ શકે એવાં સ્વરૂપે તેમની નજર સામે આવીને ઊભું રહે છે, ત્યારે તે સામે આંખ આડા કાન કરવા, ઢાંકપીછોડો કરવો, ચાલતું હોય એમ ચાલવા દેવું એ તેમના સ્વભાવમાં નથી, એવી નીતિ તેમને માન્ય નથી. આ પ્રકારની તેમના અન્તરમાં વસેલી સમાજનિષ્ઠા, અને શ્રેયનિષ્ઠા–અને તેટલા પૂરતી સત્યનિષ્ઠા તેમની સાથે ચાલતા બીજા અનેક આગેવાનોથી તેમને જુદા પાડતી એવી–તેમની ગુણવિભૂતિ છે. આને લીધે જ જે સાધુઓને, મુનિરાજોને, આચાર્યોને પરમપૂજ્ય ગણીને તેઓ આજ સુધી વન્દન કરતાં આવ્યા હતા, તેમનામાંના કેટલાકમાં જ્યાં ત્યાં તેમને એક યા અન્ય પ્રકારની શિથિલતા નજરે પડવા લાગી,



તા. ૯–૨–૫૩ના રોજ સંઘના કાર્યાલયમાં પધારેલા શેઠ કસ્તુરભાઈ લાલભાઈ

આવી જ ઘટનાઓ એક પછી એક તેમના કાન સાથે અથડાવા લાગી, પુરાવાઓ સાથે સાધુઓના અનેક દૂષણો તેમની સમક્ષ રજૂ થવા લાગ્યાં. આમ બનતાં તેમના ચિત્ત ઉપર જામેલું સ્થિતિચુસ્તાનું આવરણ ભેદાવા લાગ્યું, તેમનો અંતરાત્મા ક્ષુબ્ધ બન્યો. જૈન સમાજના આગેવાન તરીકે આ મારાથી સહી લેવાય જ નહિ–આવા તીવ્ર ઉત્કટ સંવેદને તેમને હચમચાવી મૂક્યા.

સ્થિતિચુસ્તતા અને સુધારકપણું એ માનવીને માપવાના બહારના ગજ છે, સ્થિતિચુસ્તતા કે સુધારકપણું ટકી જ ન શકે એવું જ્યારે અમુક બાબત અંગે આન્તરદર્શન માનવીને થાય છે ત્યારે તે બાબત પૂરતો તે એકાએક પલટાય છે. પછી તે બાબત પૂરતો તે સ્થિતિચુસ્ત રહેતો નથી અને સુધારક સુધારક રહેતો નથી. અન્તઃ પ્રેરણા તેને નવી દિશાએ પ્રેરે છે, ધકેલે છે. અને તેની આપણે કલ્પના ન કરીએ તેવું અસાધારણ પગલું ભરવા તે તત્પર બને છે. જૈન શ્વે. મૂ. સાધુઓની શિથિલતાના પ્રશ્ન ઉપર વિચાર કરવા માટે અખિલ ભારતના જૈન શ્વે. મૂ. સમાજના પ્રતિનિધિઓનું સંમેલન પોતાની અંગત જવાબદારી ઉપર બોલાવવાનો જે વિચાર આવ્યો તેમાં મને આવું કોઈ અનિવાર્ય બનેલું આન્તરિક પરિવર્તન

નજરે પડે છે. અને તેમની વાતને એક અવાજે એ જૈન આગેવાનોએ ઝીલી લીધી, કે જેમાંના ઘણાખરા ગઈ કાલ સુધી આ સાધુઓનાં પડખાં સેવી રહ્યા હતા અને તેમની નબળાઈઓને અનેક રીતે પોષી રહ્યા હતા. તેમાંના કોઈ કોઈને ત્યાં એક યા બીજા મુનિરાજની રકમો જમે પડી હતી; તેમાંના કોઈ કોઈ એક યા અન્ય સાધુ સાધ્વીઓના શિથિલાચારના સાક્ષી હતા, એટલું જ નહિ પણ, ઢાંકણરૂપ હતા; તેમાંના કોઈ કોઈ જૈન સમાજના એક યા બીજા પ્રશ્ન અંગે સમાજમાં–કોમમાં–વિખવાદ પેદા કરવાની સાધુઓની પ્રવૃત્તિઓના હાથારૂપ બન્યા હતા. આ બધાએ નતમસ્તકે કસ્તુરભાઈના આ નવા કદમને વધાવી લીધું. આ પણ કોઈ સાધારણ આશ્ચર્યની વાત નથી. પ્રશ્ન થાય છે કે, આમ કેમ બની શકયું ? જવાબ એ છે કે, આ આગેવાનોની સાધુનિષ્ઠા કાયમ હોવા છતાં તેમને મન કસ્તુરભાઈ અધિદેવતા હતા; અસામાન્ય એવા મહામાનવ હતા. વળી જે બાબતમાં કસ્તુરભાઈની આંખો ઉઘડી ગઈ તે બાબતમાં આ આગેવાનોને પણ તટસ્થ રીતે વિચાર કરતાં, એ જ પ્રકારનો કાંઈક ઝાંખો ઝાંખો ભાસ થવા માંડયો હતો. તદુપરાંત અન્ય ધાર્મિક બાબતોમાં જે આપણી જેટલા જ કટ્ટર વલણવાળા છે એ જ કસ્તુરભાઈ સાધુસંસ્થા વિષે જ્યારે આમ કહે છે તો આપણે પણ તેઓ જે માર્ગ બતાવે તેને શ્રદ્ધાપૂર્વક અપનાવી લેવો જોઈએ–આ પ્રકારનું એક અત્યન્ત અનુકૂળ એવું સામુદાયિક વલણ પેદા થયું. પરિણામે આજના કોઈ પણ સામુદાયિક પરિષદમાં કોઈને પણ જેટલો ટેકો ન મળે તેવો ટેકો કસ્તુરભાઈને આ સંઘ–સંમેલનમાં મળી ગયો; સર્વ ઠરાવો જેવા રજૂ થયા તે જ આકારમાં સર્વાનુમતે પસાર થયા. કસ્તુરભાઈએ જે કાંઈ માગ્યું તે આ બધાએ હસતા મોઢે તેમના શ્રીચરણે ધરી દીધું. અને બિચારો સાધુસમાજ તો અવાક જ થઈ ગયો. જેમના ટેકે તેઓ આજ સુધી નભતા હતા, અને પોતાની શિથિલતાઓ ચલાવ્યે રાખતા હતા તેઓ તો આંખના પલકારામાં સામે પાટલે જઈને બેઠા. તેમના વતી કોઈ બોલનારું કે કહેનારું રહ્યું જ નહિ. જે કોઈ બોલે, વિરોધ કરે તે પહેલો આંખે ચઢે–આવી સ્થિતિ પેદા થઈ હતી. આમ જે કાંઈ બન્યું તે સાધુસમુદાયે મૂંગે મોઢે જોયા કર્યું અને જાણે કે સાધુસંસ્થાની કસ્તુરભાઈને મૌન સંમતિ મળી ગઈ હોય એવું વાતાવરણ નિર્માણ થયું.

આ રીતે એક નાના ક્ષેત્રમાં મહાન દિગ્વિજયને પામેલા શેઠ કસ્તુરભાઈ, જ્યારે જુલિયસ સીઝરે અમુક દેશ ઉપર હુમલો કરેલો અને કશો પણ પ્રતિકાર કર્યા સિવાય તે દેશનો રાજા શરણે આવ્યો અને એ વિજયને સીઝરે જે રીતે વર્ણવેલો તે રીતે, આપણા કસ્તુરભાઈ ગર્વપૂર્વક કહી શકે છે કે, 'vini, vidi, vici'– 'I came, I saw, I conquered' 'હું આવ્યો, નજરે કરી અને મને જય પ્રાપ્ત થયો' અને આ માટે તેઓ જેટલા ધન્યવાદ માગે તેટલા ધન્યવાદ આપણે તેમને મુક્ત મને આપી શકીએ છીએ.

પૂર્વ પશ્ચિમના ધાર્મિક ઈતિહાસમાં આવી ઘટનાઓ કદિ કદિ બનતી રહી છે. ત્રણ ચાર સદીઓ પહેલાં યુરોપમાં માર્ટીન લ્યુથર થઈ ગયો. તેણે પોપની આપખુદ સત્તા સામે બળવો પોકારેલો. માર્ટીન લ્યુથર એક સામાન્ય પાદરી હતો પણ તે જુદી માટીનો માનવી હતો. તે એક ક્રાન્તિકાર હતો. તેણે પોપને અપ્રતિષ્ઠિત કર્યો; ધાર્મિક ક્ષેત્રે વિચારસ્વાતંત્ર્યનો નવો યુગ પ્રવર્તાવ્યો; નવા પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયની સ્થાપના કરી. કસ્તુરભાઈમાં ક્રાન્તિકારનું આવું ખમીર હજુ સુધી દૃષ્ટિગોચર થયું નથી.

કેટલાક વર્ષો પહેલાં વૈષ્ણવ સમાજમાં બહાદુર નરવીર કરસનદાસ મૂળજી પાકેલા. તેમણે વૈષ્ણવ ગોસાંઈઓમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર સામે જેહાદ જગાવી, જીવના જોખમે તેનો ઉઘાડો પાડયો, લગભગ નાબુદ કર્યો. કસ્તુરભાઈએ પણ જૈન શ્વે. મૂ. સમાજમાં સાધુઓના શિથિલાચાર સામે આવી જ કોઈ જેહાદ શરૂ કરી છે. જેહાદ શબ્દ કોઈ વધારે પડતો ન માને. ઠરાવોમાં ગોળ ગોળ ઘણું કહેવામાં આવ્યું છે. ભારોભાર sugar-coating છે, સંમેલનના ઠરાવોને શર્કરાનો ગાઢ પુટ આપવામાં આવ્યો છે. વળી કોઈ એમ ન કહે કે, માત્ર સાધુસંસ્થા જ આ સંમેલનનું લક્ષ છે, એટલે શ્રાવકસંસ્થાઓની ત્રુટિઓ પણ બીજા ઠરાવો દ્વારા આગળ ધરવામાં આવી છે. આમ છતાં પણ મૂળ અને મુખ્ય બાબત સાધુસંસ્થાની શિથિલતાને પડકારવાની છે. એટલે કસ્તુરભાઈની આ જેહાદ સ્વ. કરસનદાસ મૂળજીની જેહાદ સાથે અમુક અંશે સરખાવી શકાય તેમ છે. ફરક એટલો જ છે કે, એ વખતના વૈષ્ણવ ગોસાંઈઓના ભ્રષ્ટાચાર અને આજના જૈન સાધુઓના શિથિલાચારમાં બહુ મોટી માત્રાનો ફરક છે. એમ છતાં ગુરુસંસ્થાની ભ્રષ્ટતા કે શિથિલતા દૂર કરવી એ લક્ષ બન્ને માટે સમાન હતું અને સમાન છે. કસ્તુરભાઈને આ જેહાદમાં સફળતા મેળવવી હશે તો તેમણે સ્વ. કરસનદાસ મૂળજીનું ખમીર દાખવવાનું રહેશે. કારણ કે, આજના જૈન સાધુઓ, જેમના શિથિલાચારને લક્ષમાં રાખીને આ સંમેલન ભરવામાં આવ્યું છે, તેઓ આજે મૌન ભલે સેવતા હોય, પણ વખત જતાં સંમેલનના ઠરાવોને અર્થવિનાના બનાવવા માટે નરકીબો અજમાવ્યા વિના નહિ જ રહે એ બરોબર ધ્યાનમાં રાખવું ઘટે છે. તેમના ઉપર ઊભી કરવામાં આવેલી ચોકી હંમેશાને માટે તેઓ સહન કરી લે એ માનવીસ્વભાવની વિરુદ્ધ છે. અને તેથી સતત જાગૃતિ અને જરૂર પડે ત્યાં કુઠારપ્રહાર-એ બે ઉપાયો શેઠ કસ્તુરભાઈએ અને તેમણે નીમેલી સંઘ સમિતિએ ધારણ કરવા જ રહેશે અને તો જ સંઘ–સંમેલને પસાર કરેલા ઠરાવો અમલી બનાવી શકાશે.

આ પ્રસંગે ઉદામવાદી યુવક મિત્રોને એટલું જ કહેવાનું પ્રાપ્ત થાય છે કે, વર્ષોથી તેઓ જે ઈચ્છતા હતા અને એ હેતુથી આન્દોલન ચલાવી રહ્યા હતા કે જૈન સાધુઓના અનિયંત્રિત વર્તન અને અયોગ્ય દીક્ષાપ્રવૃત્તિ ઉપર જરૂરી અંકુશો મુકાવા જોઈએ તે ઈચ્છા - અપેક્ષા સફળ થાય એવો સુયોગ આજે ઊભો થયો છે. વસ્તુતઃ જેઓ આન્દોલન ચલાવતા હતા તેઓ કદિ સત્તાસ્થાન ઉપર નહોતા. goods deliver કરવાની સ્થિતિમાં નહોતા. પરિણામે તેમના આન્દોલનનું બહુ ઓછું અને આછું પરિણામ આવ્યું હતું. આજે એ બાબત વિષે, જેઓ સત્તાસ્થાન ઉપર છે, goods deliver કરવાની સ્થિતિમાં છે તેમના દિલમાં ઉકરાટી પેદા થઈ છે, તેઓ પણ સાધુઓના નિયંત્રિતપણાને નાબુદ કરવા ઉદ્યુક્ત થયા છે. તો પછી આ મહાન કાર્યમાં તેમને બને તેટલો સાથ આપવો એ ઉદ્દામવાદી યુવક મિત્રોનો અનિવાર્ય ધર્મ બને છે. Orthodoxy ની-સ્થિતિચુસ્તતાની-કિલ્લેબંધી પણ આ રીતે જ જમીનદોસ્ત કરી શકાશે.

પૂરક નોંધ : જૈનના વિશેષ અંકમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ શ્રી કસ્તુરભાઈ સંઘ–સંમેલનનો ઉપસંહાર કરતાં છેવટના ભાગમાં નમ્રતાપૂર્વક જણાવે છે કે, "હું મારી જાતને નેતા માનતો નથી." આ નમ્રતા કેવળ ઔપચારિક છે. પોતે પોતાની જાતને નેતા માનતા ન હોત તો અંગત જવાબદારી ઉપર આવું સંમેલન બોલાવવાનો તેમણે સ્વપ્ને પણ વિચાર કર્યો ન હોત. આવો ઉપચાર-પ્રયોગ ન કર્યો હોત તો ચાલત.

તદુપરાંત નવી નિમાયેલી સંઘ સમિતિ સંબંધમાં તેઓ જણાવે છે કે, "આ સમિતિ સેવાના કામ માટે છે અને એનું કામ ત્રણ મહિનામાં પતી જાય તો એને લાંબો વખત ચાલુ રાખવાનો વિચાર નથી. જે મુખ્ય કામ માટે એ રચાઈ છે તે કામ પૂરું થાય તો તે પછી એને વિખેરી નાખવી. અને જો એને સફળતા ન મળે તો પણ વિખેરી નાંખવી એવો મારો ખ્યાલ છે. આ સમિતિ

કંઈ સત્તા જમાવવા માટે રચવામાં આવી નથી." અહીં સંઘ સમિતિને ત્રણ મહિનામાં વિખેરી નાખવાનો શ્રી કસ્તુરભાઈએ વ્યક્ત કરેલો વિચાર બિલકુલ ન સમજી શકાય તેવો છે. જે કાર્યની જવાબદારી સંઘ સમિતિને સોંપવામાં આવી છે એ લાંબા વખતનું અને સતત ચોકીની અપેક્ષા રાખતું કામ છે. ત્રણ મહિનામાં આ કામ પતી જાય એ સ્વપ્ને પણ સંભવતું નથી. આ બાબત, વિચક્ષણ એવા શ્રી કસ્તુરભાઈના ધ્યાન બહાર હોય એમ પણ ન જ બને. તો પછી આ ત્રણ મહિનાની મુદતનો અર્થ શું સમજવો?

વળી, એજ ઉપસંહાર-વક્તવ્યમાં શ્રી કસ્તુરભાઈ જણાવે છે કે, "આ સમિતિ કંઈ સત્તા જમાવવા માટે રચવામાં આવી નથી." આ વિધાન પણ ન સમજાય એવું છે. પ્રસ્તુત જૈન સમાજ ઉપર વર્ચસ્ જમાવીને તે દ્વારા ચોક્કસ કાર્ય પાર પાડવું એ હેતુ આ સંઘ-સમિતિની સ્થાપના પાછળ ન હોય તો બીજો શું હેતુ હોઈ શકે? અને શુભ હેતુ ખાતર સમાજ ઉપર કોઈ પણ સંસ્થાની સત્તા જમાવવામાં ખોટું કે, સંકોચ ચિંતવવા જેવું પણ શું છે?

તો વાસ્તવિકતા સાથે સંબંધ નહિ ધરાવતાં એવાં વિધાનો કરવા પાછળ શ્રી કસ્તુરભાઈનો શું આશય હશે? તેનો ઊંડાણથી વિચાર કરતાં એમ ભાસે છે કે, આ નવા પ્રસ્થાન સામે સમાજમાં ક્ષોભ થાય, તર્કવિતર્ક થાય, તેની ટીકાઓ પણ થાય-એ બધાંની કલ્પના કરીને નમ્ર અભિગમપૂર્વક આ કાર્યની શરૂઆત કરવાનું કસ્તુરભાઈએ યોગ્ય વિચાર્યું લાગે છે. આ કડવો ઘૂંટડો લાગતાવળગતાઓના ગળે સહેલાઈથી ઉતરી જાય એ માટે કસ્તુરભાઈ, એક વડિલ જેમ નાના બાળકોને સમજાવે તેમ, ઉપરના વિધાનો દ્વારા એમ સૂચવી રહ્યા છે કે, "જુઓને, જેમને લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે તેઓ પોતાની જવાબદારી સમજી જાય અને પોતાના ઘરની પોતે જ સાફસૂફી કરી લે તો પછી અમારે કશું કરવાપણું રહેતું જ નથી. અને આ રીતે આ કામ ત્રણ મહિનામાં પતી જાય એવી ધારણા છે, અને તેથી આ પાછળ એક નવી સંસ્થા ઊભી કરવી અને સમાજ ઉપર સત્તા જમાવવી એવો અમારો કોઈ આશય નથી." આમ છતાં આજે જૈન શ્વે. મૂ. સમાજના—ખાસ કરીને સ્થિતિચુસ્ત સમુદાયના — કસ્તુરભાઈ એક અને અજોડ નેતા છે એ જેટલું અવિવાદાસ્પદ છે, એટલું જ, એ પણ ચોક્કસ છે કે, આ સંઘ સમિતિ પ્રસ્તુત સમાજ ઉપર પોતાનું વર્ચસ્ જમાવવાની છે અને તેનું કાર્ય ઘણા લાંબા સમય સુધી ચાલવાનું છે. સાથેસાથે એમ પણ બનવા જોગ છે કે, કોઈ પણ સંયોગમાં કસ્તુરભાઈને એમ લાગે કે, આ સંઘ-સમિતિ ધાર્યું કામ પાર પાડી શકે તેમ છે જ નહિ તો આ ત્રણ મહિનાની મુદતબંધીની જાહેરાતનો સંઘ સમિતિને વિસર્જન કરવાની દિશાએ એક સગવડ તરીકે ઉપયોગ કરી શકાય, આવી પણ કસ્તુરભાઈના મનમાં કલ્પના હોય. બાકી તો લોકોત્તર પુરુષના ચિત્તને ઉકેલવાને કોણ સમર્થ છે? અને એમ છતાં તેમના ચિત્તના ઉંડાણને સ્પર્શવાનો આ નમ્ર પ્રયત્ન છે.

પરમાનંદ

વિષયસૂચિ

		પૃષ્ઠ
અજાતશત્રુ વૈકુંઠભાઈ	પરમાનંદ	૧૩
અમદાવાદના સંઘ-સંમેલનની કાર્યવાહી અંગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો પ્રસ્તાવ		૧૫
અમદાવાદના સંઘ-સંમેલનનું વિશ્લેષણ	પરમાનંદ	૧૧
મુનશીનું લાક્ષણિક પ્રવચન	કનૈયાલાલ મુનશી	૧૮
બુદ્ધ ભગવાનનો બોધ	સં. સુકેતુ શાહ	૧૯
કોસબાડની જ્ઞાનયાત્રા	પરમાનંદ	૨૦

મુનશીનું લાક્ષણિક પ્રવચન

(તા. ૬-૪-૧૯૬૩ ના રોજ અમદાવાદમાં યોજાએલા અભિનંદન-સમારંભમાં શ્રી કનૈયાલાલ મુનશીએ આપેલો પ્રત્યુત્તર)

મિત્રોએ મારા વિશે જે સ્નેહભર્યા ઉલ્લેખો કર્યા તેનો જવાબ આપવા હું અસમર્થ છું. આવે પ્રસંગે લંબાણથી બોલવું મુશ્કેલ થઈ પડે છે, એટલે બે શબ્દોથી જ આભાર માની લઉં એમ થાય છે. પણ શિષ્ટાચાર પ્રમાણે ઉત્તર તો વાળવો જ રહ્યો.

બીજાં બેચાર ઠેકાણે યોજવામાં આવ્યો હતો, એમ તમે મિત્રોએ પણ આ સમારંભ યોજ્યો છે; પણ મેં પંચોતેર વર્ષ પૂરાં કર્યાં તેમાં મારું કોઈ પરાક્રમ રહ્યું નથી. મારે વધાર્યે તે વધે એમ નથી, મારે ઘટાડ્યે ઘટે એમ પણ નથી. કાળ કાળનું કામ કર્યે જ જાય છે. હા, એટલું ખરું કે, ઘરડા માણસને એ ઘરડો થયો છે એ સંભળાવવામાં મોજ આવે છે.

આવા સમારંભોમાં જુદાંજુદાં ક્ષેત્રોમાં મને જેમના સંપર્કમાં આવવાનું સૌભાગ્ય મળ્યું છે તે બધાને પરોક્ષ રીતે સ્નેહભાવ કેળવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. મારે મન એનું મહત્ત્વ વધારે છે. મદ્રાસમાં આવો પ્રસંગ યોજાયો. ક્યારે ય એક મંચ પર ભેગા ન થાય એવા રાજાજી અને કામરાજ નાદર ભેગા મળ્યા. લોકોએ હર્ષનાદ કર્યો, અને પ્રસંગ દીપી નીકળ્યો.

મારા માટે આજે ઘણું ઘણું કહેવામાં આવ્યું. એ બધી પ્રશંસાને હું યોગ્ય છું એવું માનવાની અહંતા મારામાં નથી. મેં જે કંઈ કર્યું, જે કંઈ લખ્યું તેનું મૂળ છેલ્લા પંચોતેર વર્ષના ભારતના જીવનમાં છે.

આ વર્ષોમાં ભારતીય પુનર્ઘટનાનો સાગર ઊછળ્યો. હું તો આ સાગરમાં ઘસડાઈ આવેલા છીપલા જેવો છું. એ પુનર્ઘટનાએ હું ઘડાયો, એના વહેણમાં તણાયો અને એના જ પ્રતાપે કિનારે આવી પડ્યો. એ છીપલાનાં રંગ, રૂપ ને ઘાટના સર્જનહાર તો એ પુનર્ઘટનાનાં પરિબળો જ છે.

બાલપણમાં તનમન ને મંજરી મારી કલ્પનામાં ઘડાયા. એવી જાજ્વલ્યમાન સ્ત્રીઓ આજે જોવા મળે છે.

કાક ને મુંજાલ મારી કલ્પનામાં પ્રકટ્યા: એવી પ્રખર માનવતા પણ આંપણે નજરે જોઈ.

૧૯૦૪માં ગુજરાતના ઈતિહાસનું પ્રથમ દર્શન કર્યું ત્યારે તેને Graves of Vanished Era કહી વર્ણવ્યો. આ જમાનામાં ગુજરાતીઓએ—ગાંધીજી અને વલ્લભભાઈએ—મહાન રાષ્ટ્રનું ઘડતર કર્યું.

પછી ૧૯૦૫માં શ્રી અરવિંદની પ્રેરણાથી મારી નોંધપોથીમાં મેં શપથની નોંધણી કરી કે, દેશમાં એક ભાષા થાય અને તેને સ્વાધીનતા મળે એવા પ્રયાસો કરવા. સ્વાધીનતા મળી. એક ભાષા હિંદીને વિધાનમાં સ્થાન આપવામાં પણ હું નિમિત્ત થયો.

૧૯૦૯ માં સોમનાથના વિધ્વંસના ઈતિહાસ પર આંસુ સાર્યાં. ૧૯૨૨ માં એ પુરાતન ભગ્ન મંદિરમાં એક ફોજદારનું ટટ્ટુ બાંધેલું જોઈ આક્રંદ કર્યું. ૧૯૫૧માં એ મંદિરની રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુના હાથે થતી પુનઃસ્થાપના જોવાનો મને લહાવો મળ્યો.

૧૯૧૨-૧૩માં ગુજરાતની અસ્મિતાનો મંત્ર ઉચ્ચાર્યો. ગુજરાત એક અને અતુલ થાય એવાં સ્વપ્નો સેવ્યાં. આજે ગુજરાત એક થયું છે, અતુલ થતાં જોઈશ કે કેમ એ તો પ્રભુના હાથમાં છે.

નાનપણમાં એક ગીત ગાતો:

"વસંત કે આ ગુર્જરીની રસિકતાભરી"

આજે ગુર્જર સાહિત્યની રસિકતા વસંતથી વધારે છે કે ઓછી એનો નિર્ણય વિવેચકોને સોંપું છું. પણ નાનાલાલની કૃતિઓમાં વસંતના સનાતન ટહુકારો મને સંભળાયા કરે છે.

ગુજરાતની વીરગાથાનાં સ્મરણો તાજાં કર્યાં અને કરાવ્યાં. આજે ચીની આક્રમણ થઈ રહ્યું છે ત્યારે એ સ્વપ્નાં સિદ્ધ કરવાનો પ્રસંગ ગુજરાતીઓને સાંપડયો છે.

* * *

આપણી પુનર્ઘટના (Renaissance) નાં ચાર અંગો છે :

પહેલું અંગ : ભૂતકાળની ભવ્યતાનું અર્વાચીનતાને અનુરૂપ પુનર્સર્જન કરવું.

બીજું અંગ : આપણી સંસ્કૃતિનાં મૂલ્યોને તેમના સનાતન સ્વરૂપે જીવનમાં લાવવાનો પ્રયત્ન કરવો.

ત્રીજું અંગ : ઈશ્વરને મનુષ્યની નિકટ લાવવા—પૂજાપાઠથી નહીં, યજ્ઞયાગાદિથી નહીં, પણ નિમિત્તમાત્ર બની ઈશ્વરને મન ને બુદ્ધિ અર્પણ કરવાથી. સમર્પિત જીવન—consecrated life—થી જ સામાન્ય આચાર—વ્યવહારમાં તેનો સાક્ષાત્કાર કરવાથી.

ભારતીય પુનર્ઘટનાનું ચોથું અંગ : સ્વતંત્ર, સ્વાધીન અને સશક્ત ભારતમાતાની ભાવના માટે સર્વસ્વ સમર્પણ કરવાનો સંવેગ. આ સંવેગને બળે ક્રાંતિકારીઓ હસતે મોઢે ફાંસીએ ગયા, ગાંધીજીએ સ્વરાજ્ય મેળવ્યું, આપણા સૈનિકો આજે જીવન સમર્પણ કરવાની તત્પરતા દાખવી રહ્યા છે.

'વંદેમાતરમ્' એ માત્ર કાવ્યની ટૂંક નથી, માત્ર રાષ્ટ્રીય ગાન નથી, જીવનમંત્ર છે. આ વાતનો અનુભવ ચીનનું આક્રમણ થયું ત્યારે થયો. મોટાં-નાનાં, ગરીબ—તવંગરના ભેદાભેદ વગર સૌ કોઈ ચીનીઓનો પ્રતિરોધ કરવા કટિબદ્ધ બન્યા. આ આપણી પુનર્ઘટનાનો અદ્‌ભુત આવિર્ભાવ છે. એમાં આપણી કસોટી પણ છે—ગૌરવ પણ છે.

આવી પ્રતિરોધપરાયણતા જીવંત રાષ્ટ્રનો પ્રાણ છે. આ વખતે ભારત સજીવ છે તેનો સાક્ષાત્કાર થયો. એ પળ જોવાનો સમય પ્રભુએ આપ્યો વેનો હું ઋણી છું.

અને જેટલે અંશે આપણે આ અંગોથી અસ્પૃષ્ટ રહીશું તેટલે અંશે પુનર્ઘટનામાં અંતરાયો આવશે—અને તેટલે જ અંશે ભવિષ્યનો દ્રોહ કરીશું.

* * * *

પુનર્ઘટનાના બળો શબ્દોમાં ઝીલતાં મને અનેક ધન્ય અનુભવો થયા. 'વેરની વસુલાત' દર રવિવારે પ્રગટ થતી હતી ત્યારે એક મિત્રે આવીને કહ્યું, "મારી પત્ની બીમાર છે, એને 'વેરની વસુલાત' વાંચ્યા વગર મરવું નથી માટે એનાં અપ્રગટ પ્રકરણો આપો.'

અમદાવાદની એક યુવતીએ તનમનની કથા વાંચી. તેના લેખકનો પરિચય કેળવવા તત્પર બની. પરિચય કેળવ્યો. પરિણામ વિપરીત આવ્યું. પોતાનું નામ બદલવાની તપશ્ચર્યા તેને સેવવી પડી.

મંજરી ભરૂચના કોટમાં મરવા પડી હતી. મહિને-મહિને તેની કથા ચાલતી હતી. અનેક પત્રો આવ્યા. મંજરીને મારી નાખશો નહીં. આમ અનેક હૃદયોમાં મંજરી વસી હતી.

લાહોરમાં ૧૯૪૨—૪૩ માં પૃથ્વીવલ્લભની ફિલ્મ પહેલી વાર રજૂ થઈ. ત્યારે હું લાહોરમાં હતો. અનેક અજાણ્યા માણસોએ મને જે રીતે અભિનંદન આપ્યાં તે પરથી હું તારવી શક્યો કે પૃથ્વીવલ્લભે લોકોનું હૃદય જીતી લીધું હતું.

આજે 'કૃષ્ણાવતાર' દર પખવાડિયે પ્રગટ થાય છે. કોઈકનો કોઈક પ્રસંગ ભારતના અનેક પ્રદેશમાં કોઈક ને કોઈક હૃદયને સ્પર્શે છે, અને પત્રો આવે છે.

કોઈવાર આનું વિપરીત પરિણામ પણ આવે છે.

એક દહાડો ઉત્તર પ્રદેશથી 'સરોજ'નો પત્ર આવ્યો. ભાંગ્યા-તૂટયા અંગ્રેજીમાં તેણે 'ડાર્લિંગ' એવું સંબોધન કર્યું. તેમાં 'તપસ્વિની'ના નાયક ઉદય પર પોતે પ્રસન્ન છે એવા ઉદ્‌ગારો કાઢયા. ૩૫ વર્ષે મોઢામાં પાણી આવ્યું. 'કુમારી સરોજ'ને પત્ર લખ્યો—લખવો જોઈએ તેવો. તેણે ગુસ્સામાં જવાબ લખ્યો. હું 'કુમારી' સરોજ નથી. હું યુવક છું, યુવતી નથી. ભોગ મળ્યા. મારે ક્ષમા માંગવી પડી કે, ગુજરાતમાં 'સરોજ' નારી જાતિ છે. ઉત્તર પ્રદેશમાં તે નર જાતિ થઈ ગઈ હતી તેનો મને ખ્યાલ નહોતો.

* * * * *

આટલા વર્ષના અનુભવે સિદ્ધ કરી આપ્યું છે કે આપણે ધારીએ છીએ કે આપણે કંઈક કરીએ છીએ, પણ થાય છે એ તો ઈશ્વરની કૃપાથી જ થાય છે.

પચીસ વર્ષ પર મને પ્રેરણા થઈ કે જો ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિએ સમૃદ્ધ થવું હોય તો ભારતીયતાનાં અંગ બનવું જોઈએ. પરિણામે ભારતીય વિદ્યાભવન સ્થપાયું. એ કેમ ફૂલ્યું, કેમ ફાલ્યું એમાં હું તો ઈશ્વરનો જ હાથ જોઉં છું.

અર્વાચીન ભારતમાં આપણી સંસ્કૃતિની પુનર્ઘટના કરવાની જે ભૂખ છે તે એનાથી સંતોષાય છે. અણનોતર્યા મિત્રો, અણધાર્યા પૈસા, અનપેક્ષિત સેવાભાવી કાર્યકરો એની મેળે આવે છે અને મને દિવસે દિવસે પ્રતીતિ વધતી જ જાય છે કે એ ઈશ્વરનું કાર્ય છે, ઈશ્વરેચ્છાથી જ આગળ વધે છે. મનુષ્ય તો નિમિત્તમાત્ર થવાને જ સર્જાયો છે.

તમારો સમય લીધો તે માટે ક્ષમા માગું છું. જે મિત્રોએ આ સમારંભ યોજ્યો તેમનો અને તમારા બધાંનો આભાર માનું છું.

આશા રાખું છું કે ટૂંક સમયમાં, બને તો મારા મિત્ર નવાબસાહેબના રાજ્યકાળમાં, અહીંયા ભારતીય વિદ્યા ભવનનું સદન થાય. આટલું જ કહીને ફરીથી બધાંનો આભાર માની વિરમું છું.

કનૈયાલાલ મુનશી

બુદ્ધ ભગવાનનો બોધ

કેટલાંક મિથ્યા મનથી તો કેટલાંક સાચા મનથી બોલે છે—પણ આવી રીતે ઉત્પન્ન થયેલા વિખવાદમાં મુનિ આટવાતો ન હોવાથી એનામાં કઠોરતા ઉત્પન્ન થતી નથી.

બધા દર્શનોમાં પોતાનું દર્શન શ્રેષ્ઠ છે એમ માનીને ચાલનારો માનવી આ જગતમાં પોતાના દર્શનને મહત્ત્વપૂર્ણ ગણે છે અને બીજા દર્શનોને મહત્ત્વહીન ગણે છે અને પરિણામે એ વિખવાદથી પર થતો નથી.

માણસો પોતપોતાની સાંપ્રદાયિક માન્યતાઓને આધારે બીજાઓ સાથે વાદવિવાદ કરી પોતાને નિપુણ ગણાવે છે અને કહે છે કે, જે તેઓની માન્યતા—મતને જાણે છે તે જ ધર્મ સમજે છે અને આ માન્યતા—મતથી વિરુદ્ધ જનારો અજ્ઞાની છે... આ રીતે વાદવિવાદ કરી તેઓ બીજાને મૂર્ખ કહે છે અને પોતાને જ્ઞાની ગણાવે છે—આ બધામાં કોને સાચો માનવો ?

બીજાના ધર્મને ન સ્વીકારતો માણસ જો મતિહીન, મૂર્ખ અને પશુ ઠરતો હોય તો આ સાંપ્રદાયિક માન્યતાઓને વળગીને ચાલનારા બધા જ મતિહીન અને મૂર્ખ ઠરશે અને પોતાનો મત શ્રેષ્ઠ સમજી વાદમાં ઉતરનારા જો મતિમાન, પ્રજ્ઞાશીલ અને નિપુણ ગણાય તો પછી કોઈ પણ મૂર્ખ ગણાશે નહિ; કેમ કે બધા જ પોતાના મતને શ્રેષ્ઠ સમજે છે.

જેઓ એકબીજાને મૂર્ખ કહે છે તે સાચું નથી એમ હું કહું છું, કારણ કે, પોતપોતાના મતને તેઓ સાચો માની બીજાને મૂર્ખા ઠરાવે છે.

કેટલાંક જેને સત્ય માને છે તેને જ બીજા ખોટું કહે છે—આ રીતે તેઓ વાદવિવાદ અને ઝઘડા કરતા રહે છે. તેઓ એક સત્યનું પ્રતિપાદન કેમ નહિ કરતા હોય ? સત્ય તો એક જ છે, બીજું નથી અને એના માટે સમજુ લોકો વિવાદ કરતા નથી.

ચંચળ માણસ સત્ય વિષે વાદવિવાદમાં પડે છે પણ નિશ્ચળ માણસને કોણ કઈ રીતે વાદવિવાદમાં ખેંચી શકે ?.....તેણે બધી સાંપ્રદાયિકતા ધોઈ નાખી હોય છે.

જે કોઈ પણ ધર્મ પ્રત્યે તકરાર ન રાખનારો, તથ્ય અને સત્યને એ રીતે જોઈ શકનારો અને ખુલ્લા હૃદયથી વર્તનારો હોય તેને આ જગતમાં કઈ રીતે વિકલ્પોમાં પાડવો શક્ય છે ભલા ? તે વિકલ્પોમાં પડતો નથી, એક જ બાબતને અધિક મહત્ત્વ આપતો નથી અને આ જ અતિ શુદ્ધિ છે એમ તે કહેતો નથી—ઉપાદાનોથી થયેલી ગાંઠ-ગ્રન્થી છોડીને આ જગતમાં તે કશાની આશા રાખતો નથી.....જે મમત્વથી પર થયો છે તે કોઈ પણ વસ્તુને જાણી ને કે, જોઈને તેને પકડી બેસતો નથી. તે રાગરાગી—વિષયાસક્ત નથી અને વિરાગરાગી—વૈરાગ્ય પ્રત્યે આસક્તિ રાખનારો પણ નથી; આ જગતમાં કોઈ એક દર્શન કે ધર્મ શ્રેષ્ઠ છે એમ તે સમજતો પણ નથી—તેથી તે વાદવિવાદથી પર થાય છે.

માણસે કોઈ પણ દૃષ્ટિ—દર્શનને ન વળગતાં વિરક્ત થઈને રહેવું...હું બીજાથી સમાન છું, બીજાથી હીન છું કે શ્રેષ્ઠ છું એવી તુલના પણ તેણે કરવી નહિ.

('સુત્તનિપાત'નાં આધારે) સંપાદક : **સુકેતુ શાહ**

(8)

કોસબાડની જ્ઞાનયાત્રા—૨

આદિવાસીઓના બાળશિક્ષણની સમસ્યા

(ગત માર્ચ માસની તા. ૯ તથા ૧૦ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી કોસબાડનું એક પર્યટન ગોઠવવામાં આવ્યું હતું. તે પર્યટનના વર્ણનનો પહેલો હપ્તો તા. ૧-૪-૧૯૬૩ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયો હતો. તેનો બીજો હપ્તો નીચે આપવામાં આવે છે. આ હપ્તો વાંચીને કોસબાડના ગ્રામ બાલશિક્ષા કેન્દ્રને દર સાલ રૂ. ૧૦૦ રૂ. ૫૦, રૂ. ૨૫ કે રૂ. ૧૦ની સહાય કરીને તે સંસ્થાના સહાયક મિત્ર બનવા ઈચ્છતા હોય તેમને તે કેન્દ્રના મંત્રી શ્રી અનુતાઈ વાઘને વિકાસવાડી, કોસબાડ, સ્ટેશન—ઘોલવડ, જિલ્લા થાણા. એ સરનામે તે મુજબ લખી જણાવવા અનુરોધ કરવામાં આવે છે. —તંત્રી)

અહિં અમે શ્રી તારાબહેનના શૈક્ષણિક પ્રવૃત્તિક્ષેત્ર ઉપર આવ્યા હતા, તેથી તેઓ અહિં કેટલાંક વર્ષોથી આદિવાસીઓની બાલપ્રજાના શિક્ષણ અંગે પ્રવૃત્તિઓ ચલાવી રહ્યાં હતાં તેનું સ્વરૂપ શું છે, તે પાછળ કેવા કેવા ખ્યાલો રહેલા છે તે જાણવાનું—સમજવાનું સ્વાભાવિક રીતે અમે કુતુહલ અનુભવી રહ્યા હતાં. અમારી આ જિજ્ઞાસા તેમની આગળ આગલી રાત્રે મેં રજૂ કરી હતી અને બીજે દિવસે સવારે ચા-નાસ્તો પતાવ્યા બાદ તેમની પાસે એકઠા થવું અને તેમણે અમારી જિજ્ઞાસાને તૃપ્ત કરવી એમ નક્કી કરવામાં આવ્યું હતું. આ મુજબ ચા-નાસ્તો પતાવ્યા બાદ ભોજનાલયની ઓશરીમાં અમે બધાં તારાબહેન સમક્ષ એકઠાં થયાં. શરૂઆતમાં તારાબહેનનો પરિચય કરાવતાં મેં જણાવ્યું કે, "ભાવનગરમાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના આકાય નીચે વર્ષો પહેલાં ગીજુભાઈએ મૉન્ટેસરી શિક્ષણપદ્ધતિથી પ્રભાવિત બનીને તે પદ્ધતિ અનુસાર બાલશિક્ષણ આપવા માટે બાલમંદિરની શરૂઆત કરી હતી અને તે કાર્યમાં સમયાન્તરે તારાબહેન જોડાયાં હતાં, ત્યારથી તેમની સાથેના મારા પરિચયની શરૂઆત થઈ હતી. તે સમયથી આજ સુધી તે પ્રવૃત્તિ સાથે તેઓ એકસરખાં જોડાયલાં રહ્યાં છે. તેમણે તથા ગિજુભાઈએ મળીને બાલશિક્ષણ સંઘ ઉભો કર્યો હતો અને ગુજરાતમાં, સૌરાષ્ટ્રમાં તેમ જ મુંબઈમાં નવી શિક્ષણપદ્ધતિનો વ્યાપક પ્રચાર કર્યો હતો; અને પરિણામે સ્થળે સ્થળે બાલમંદિરો ઉઘડવા લાગ્યાં હતાં. સમય જતાં તેમણે મુંબઈમાં દાદર ખાતે શિશુવિહાર અને બાલ અધ્યાપન મંદિરની શરૂઆત કરી હતી. ત્યાર બાદ ૧૯૪૫ ની સાલમાં તેઓ ગામડાંમાં બાલ-શિક્ષણનો પ્રચાર કરવા માટે બોરડી આવ્યા છે અને ત્યાંથી થોડા સમય બાદ, તેઓ અહીં આવીને વસ્યા છે અને આ બાજુ વસતી આદિવાસી પ્રજાને લક્ષમાં રાખીને તેમણે ચોક્કસ પ્રકારની શિક્ષણપદ્ધતિ વિકસાવી છે અને તેના કેટલાએક પ્રયોગો અહિં ચાલી રહ્યા છે. આ રીતે બાળશિક્ષણના ક્ષેત્રમાં છેલ્લાં ૪૦ વર્ષથી તેમણે અનવરત કાર્ય કર્યું છે. તેમની આ સેવાને ધ્યાનમાં લઈને ભારત સરકારે તેમને 'પદ્મભૂષણ' પદથી નવાજ્યા છે. વળી ગયા વર્ષે તેમના ૭૧ માં જન્મદિને ભારતની જનતાએ તેમના આ કાર્ય માટે એક લાખ રૂપિયાની થેલી અર્પણ કરીને તેમનું યથોચિત્ ગૌરવ કર્યું છે. આ તારાબહેન તેમના અનેક સાથીઓના સહકાર દ્વારા અહીં શું કામ કરી રહ્યાં છે, કયા પ્રકારની શિક્ષણ-પદ્ધતિના પ્રયોગો કરી રહ્યા છે તેનો ખ્યાલ આપવા આપ સર્વ ભાઈ—બહેનો વતી હું તારાબહેનને વિનંતી કરું છું."

આ વિનંતીને ધ્યાનમાં લઈને તારાબહેન પોતે અહિં જે કાર્ય કરી રહેલાં છે તેનો, લગભગ એક કલાક સુધીના વિવેચન દ્વારા, ખ્યાલ આપ્યો હતો. આ વિવેચનનો ટૂંકસાર નીચે મુજબ છે:—

શ્રી તારાબહેન મોડકનું વિવેચન

અમારી અહિંની પ્રવૃત્તિનો ખ્યાલ આપું તે પહેલાં તેની પૂર્વભૂમિકા રૂપે થોડો પૂર્વ ઈતિહાસ કહેવો જરૂરી છે. ૧૯૨૬ માં સ્વ૦ ગિજુભાઈ બધેકાએ ભાવનગરમાં 'મૉન્ટેસરી બાલશિક્ષણ સંઘ' એ નામની સંસ્થાની, તેઓ ભાવનગરના દક્ષિણામૂર્તિ બાલ-મંદિરમાં કામ કરતા હતા એ દરમિયાન, સ્થાપના કરી હતી. એ વખતે હું ગિજુભાઈ સાથે અને તેમની નીચે કામ કરતી હતી. આ સંસ્થાનું નામ આગળ જતાં 'નૂતન બાલશિક્ષણ સંઘ' એમ બદલવામાં આવ્યું હતું. આ સંસ્થા તરફથી શરૂઆતમાં ગુજરાતી ભાષામાં અને આગળ જતાં મરાઠી ભાષામાં પણ 'શિક્ષણ પત્રિકા' શરૂ કરવામાં આવી હતી, જે આજે પણ પ્રકાશિત થઈ રહી છે. આ 'શિક્ષણપત્રિકા' માં બાલશિક્ષણને લગતા પ્રશ્નો અને બાળકોની બાબતમાં માતા-પિતાની સમસ્યાઓનો વિચાર તેમ જ ચર્ચા કરવામાં આવે છે. ટૂંકમાં એમ કહી શકાય કે આ પત્રિકા માતા-પિતા તથા શિક્ષકો—એમ એ બન્ને માટે છે. આ સંઘ પોતાનું વિવિધ કાર્ય પોતાની શાખાઓ મારફતે ભારતમાં જુદા જુદા પ્રદેશોમાં—વિશેષે કરીને મુંબઈ રાજ્યમાં કરી રહ્યું છે.

સમયાન્તરે ૧૯૪૫ની સાલમાં ગામડાઓમાં બાલશિક્ષણનો પ્રચાર કરવા માટે સંઘે પોતાનું ગ્રામીણ કેન્દ્ર 'ગ્રામ બાલ શિક્ષણ કેન્દ્ર' મુંબઈ રાજ્યમાં અહિંથી નજીકમાં આવેલા બોરડી ગામમાં ઊભું કર્યું. બોરડીના ગ્રામ બાલશિક્ષણ કેન્દ્રે પોતાના કાર્યનો ગામડામાં બંધ બેસે એવી બાલવાડીની અને પૂર્વપ્રાથમિક અધ્યાપન મંદિરની સ્થાપના વડે પ્રારંભ કર્યો. આ ગ્રામીણ વિભાગમાં કાર્ય કરતાં કરતાં અમો સંસ્થાના કાર્યકર્તાઓ આ બાજુના આદિવાસી લોકોના નિકટ સહવાસમાં આવ્યા. સ્વાભાવિક રીતે એ લોકોના જીવનના પ્રશ્નોનો અભ્યાસ કરવાનું અમારા ભાગે આવ્યું અને અમારું ધ્યાન એ લોકોનાં બાળકોના શિક્ષણને લગતી મુસિબતો તરફ ખેંચાયું. એમની મુસીબતો ઉપર વિચાર કર્યા બાદ વિકાસ-વાડી યોજના નક્કી કરવામાં આવી. વિકાસવાડી યોજના એ પછાત વર્ગના એટલે કે, આદિવાસી લોકોના શિક્ષણનો જ એક પ્રયોગ છે.

અમારા દશ વર્ષના અનુભવ પછી અમોએ નિર્ણય લીધો કે જો આ યોજનાને સફળ બનાવવી હોય તો અમારે આદિ-વાસીઓની વચ્ચે જઈને જ વસવું જોઈએ, અને એમની સાથે હળીમળીને રહેવું જોઈએ, અને એમને પૂરી રીતે સમજવા જોઈએ. એમ કરીએ તો જ અમારી અને તેમની વચ્ચે જે દિવાલ ઊભી છે તે દૂર થઈ શકે, અને તેમના પ્રશ્નો ઉકેલવાનો રસ્તો હાથ લાગે. એ ઉપરથી અમોએ અમારું ગ્રામીણ કેન્દ્ર બોરડીથી કોસબાડ લઈ જવાનો વિચાર કર્યો અને ત્યાં આગળ વસવાટ માટે મકાનો ઊભાં કરવાની જરૂરિયાત અમારી સામે આવીને ઊભી રહી.

આ યોજનાનો એક વિગતવાર ખરડો અમે તૈયાર કર્યો અને તે અમે ભારત સરકાર સમક્ષ રજૂ કર્યો. ભારત સરકારે દ્વિતીય પંચવર્ષીય યોજનામાં આ યોજનાને અન્તર્ગત કરીને ૧૯૫૬ ના નવેમ્બર માસમાં મંજૂર કરી. આ પ્રકારની યોજનામાં બાલશિક્ષણ અંગે જે અભ્યાસક્રમ વિચારવામાં આવ્યો અને તે નક્કી કરવામાં આવ્યો છે તે આ પ્રકારના અનુભવજન્ય નિર્ણયો ઉપર આધારિત છે:—

(૧) આવી શાળામાં શારીરિક પ્રવૃત્તિને સૌથી વધારે પ્રાધાન્ય આપવું ઘટે છે. બાળકોમાં જે ચપળતા અને જાગૃતિ હોય છે તેને બને તેટલું ઉત્તેજન આપવું જોઈએ. આ હેતુથી દોડવું, કૂદવું,

ઝાડ ઉપર ચડવું,—આવી રમતો નિયમિત રીતે રમાવી જોઈએ. આવા પ્રદેશ અને વાતાવરણ સાથે બંધ બેસે તે પ્રકારના સ્કાઉટીંગને અને ડ્રીલ તથા માર્ચને આ શિક્ષણમાં અવકાશ આપવો જોઈએ. અમે શારીરિક યોગ્યતા અને તાકાતને આટલું બધું મહત્ત્વ એટલા માટે આપીએ છીએ કે, પરિશ્રમને લગતી તાકાત અને શારીરિક ક્ષમતા તેમના જીવનમાં કેટલી ઉપયોગી છે અને આજના સ્થિતિકલહમાં ટકાવ અંગે તેનું કેટલું મહત્ત્વનું સ્થાન છે તેનો અમને પૂરો ખ્યાલ આવ્યો છે. શહેરનાં બાળકો માફક આ બાળકો સુંવાળા અને બેઠાડુ ન થાય એ બાબતની પૂરી સાવચેતી રાખવાની જરૂર રહે છે.

(૨) તેમના અભ્યાસ દરમિયાન કુદરતે તેમને જે ભવ્ય સામગ્રી કશું પણ મૂલ્ય લીધા સિવાય આપી છે તેનો બને તેટલો ઉપયોગ કરવો જોઈએ. જે વનસ્પતિ અને પશુઓની દુનિયા ભૂગોળ, ખગોળ અને ભૂસ્તર વિદ્યાના બોધપાઠો બાળકો પોતાના ચાલુ જીવનમાંથી સહેજે તારવી શકે તેમ છે, તેનો તેમને શિક્ષણ આપવામાં પૂરો ઉપયોગ થવો ઘટે છે. તેમના જીવનના અનિવાર્ય વિભાગ તરીકે, આ બધું તેમને ડગલે ને પગલે સ્પર્શે છે અને તેમનામાં સ્વાભાવિક જિજ્ઞાસા પેદા કરે છે. સાથે સાથે, મોટાં શહેરોમાં આવેલી આપણી શાળાઓમાં nature study (કુદરતનો અભ્યાસ) અને તે સાથે સંબંધ ધરાવતા વિષયોનું જે યાંત્રિક રીતનું અને કલ્પનાવિહોણું શિક્ષણ આપવામાં આવે છે તેવો શૈક્ષણિક આકાર અહીં અપાતા શિક્ષણને ન મળી જાય એ પણ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે. બાળકોમાં રહેલી જિજ્ઞાસાને અને અવલોકનવૃત્તિને બને તેટલું ઉત્તેજન મળવું જોઈએ.

(૩) બીજો મહત્ત્વનો વિષય ભાષાશિક્ષણને લગતો છે. નિયમ રૂપે આ બાળકો બોલવામાં બહુ ઓછા શબ્દોનો ઉપયોગ કરે છે. કુટુંબના મોટી ઉમ્મરના સભ્યો પોતાના ચાલુ કામકાજમાં રોકાયેલા હોઈને અંદરોઅંદર તેમ જ પોતાનાં બાળકો સાથે વાતચિત કરવા માટે તેમને બહુ ઓછી નવરાશ હોય છે તેમજ તે માટે તેમનામાં સ્ફૂર્તિ પણ ઓછી હોય છે. આને લીધે આ બાળકો પાસે શબ્દોની મૂડી બહુ નજીવી અને મર્યાદિત હોય છે. આમ હોવાથી જે પ્રકારની શાળા અહિં ચલાવવામાં આવે તેમાં તેમને નવા નવા શબ્દો સાંભળવાની તક પૂરી પાડવી જોઈએ, આ કાર્ય તેમની સાથેના અનૌપચારિક—informal—વાર્તાલાપો દ્વારા સાધી શકાય. આ બાબતમાં તેમની સાથે વાતો કર્યા કરવી, તેમને વાર્તાઓ સંભળાવવી, સહેલી ચોપડીઓમાંથી તેમને મોટેથી વાંચી સંભળાવવું, ગીતો ગાવાં, નાટકો ભજવવાં—આ પ્રક્રિયાઓને મુખ્ય સ્થાન આપવું ઘટે.

આને લગતા શિક્ષણકાર્યમાં બાળકોની જે તળપદી ભાષા હોય તેની ઉપેક્ષા થવી ન ઘટે. જ્યારે પણ કોઈ પણ બાબતને વધારે વિગતથી સમજાવવાની જરૂર પડે ત્યારે શિક્ષકોએ તેમને તેમની તળપદી ભાષામાં તે બાબત સમજાવવી જોઈએ અને વિદ્યાર્થીઓને તેમની જ ભાષામાં જવાબ આપવાની—ચર્ચા કરવાની—છૂટ હોવી જોઈએ. ફૂલો, ફળો, પક્ષીઓ, જીવડાંઓ વગેરે માટે તેમની તળપદી ભાષામાં જે શબ્દો હોય તેની ખાસ નોંધ કરવી જોઈએ. આમ છતાં પણ આખરે આ વિદ્યાર્થીઓને તળપદી ભાષામાંથી શુદ્ધ અને સંસ્કારી ભાષા તરફ લઈ જવાનું આપણું ધ્યેય હોઈને સાધારણ રીતે, શિક્ષકે તે પ્રદેશને લગતી શુદ્ધ ભાષામાં બોલવાનું ચાલું રાખવું જોઈએ. તળપદી ભાષાનો વધારે પડતો આગ્રહ રાખવાથી બાળક પોતાના પ્રદેશની સંસ્કારી ભાષા અને સાહિત્યના લાભોથી વંચિત રહેવા સંભવ છે અને એ રીતે બાળકને લાંબા—ગાળે નુકસાન થવાનું જોખમ રહે છે.

એક બીજી ચેતવણી અમારે અમારા શિક્ષકોને આપવી પડે છે અને તે એ છે કે બાળકોને પોતાને સ્વાભાવિક ઈચ્છા ન થાય અને માગણી ન કરે ત્યાં સુધી તેને વાંચવા અને લખવા તરફ વાળવા નહિ તેમ જ તે બાબતની તેમને ફરજ પાડવી નહિ. તેઓ પોતાના વિચારો અને અવલોકનો મૌખિક રીતે વ્યક્ત કરે તે ઉપર ખૂબ ભાર મૂકાવો જોઈએ. તેમને બારીકીથી અવલોકન કરવાની, યોગ્ય રીતે પોતાના અવલોકનને વ્યક્ત કરવાની અને એ રીતે નવા શબ્દો શિખતા રહેવાની તેમને ફરજ પડે એવાં સચિત્ર પુસ્તકોનો છૂટથી ઉપયોગ થવો જોઈએ. બાળકો સ્વાભાવિક રીતે જાણવા ઈચ્છે તેની ઉપરવટનું જ્ઞાન કે, સિદ્ધાંતો બાળકોના મગજ ઉપર શિક્ષકે કદિ લાદવા નહિ. એક વખત તેમનામાં જાણવાની તીવ્ર ઈચ્છા પેદા થશે, પછી તેઓ પોતે જ વધારે અને વધારે જાણવાની—માહિતીઓ મેળવવાની—માગણી કર્યા વિના રહેવાના નહીં.

(૪) આદિવાસીઓને, સામાન્ય રીતે, સમય કે દિશાનું ભાન હોતું નથી. આને લીધે તેમનાં બાળકોને ગણિત જેવા વિષયો શિખવવા બહુ મુશ્કેલ પડે છે. પદાર્થો ગણીને બતાવવા, બે પદાર્થો વચ્ચેનું અંતર, કોઈ પણ પદાર્થની ઉંચાઈ તેમ પહોળાઈ—આ બધાનો ખ્યાલ તેમને માપી માપીને આપવો—એ જ આ વિષયો શિખવવાની ઉત્તમ રીત છે. એવી જ રીતે કલાક, દિવસો, મહિનાઓ અને વર્ષોની તેમની સમક્ષ ગણીને અને તેમની પાસે ગણાવીને તેમના મગજમાં સમયનો ખ્યાલ ઉતારવો ઘટે છે.

(૫) એક બીજો વિષય છે કે, જેના ઉપર અમે ખૂબ ભાર મૂકતા રહ્યા છીએ અને તે છે સ્વચ્છતાને લગતો. સ્વચ્છતાનો અર્થ અને હેતુ તેમને સમજાવવો જોઈએ, અને તેનો તેઓ કેવો અમલ કરે છે તેની બરોબર તપાસ રાખવી જોઈએ. નહાવું, દાંત સાફ કરવા, મોઢું, નાક, આંખો અને કાન ધોવાં, વાળ ઓળવા, કપડાં ધોવાં—આ માટે શિક્ષકે વ્યવસ્થિત કાર્યક્રમ ગોઠવતા રહેવું જોઈએ. જ્યાં પાણીનું વહેણ વહેતું હોય ત્યાં બાળકોને લઈ જવા જોઈએ અને આ બધી પ્રક્રિયાઓ શિક્ષકે જાતે કરીને તેમને દેખાડવી જોઈએ અને પરસ્પર મદદ કરવાની વૃત્તિને બાળકોમાં ઉત્તેજવી જોઈએ. પગ સાફ કરવા માટે ખડબચડા પથરાઓનો ઉપયોગ કરવો જોઈએ. છોકરીઓના વાળમાંથી જુ દૂર કરવા માટે તેમજ છોકરાઓના વાળ કાપવા માટે પણ ખાસ પ્રબંધ કરવો જોઈએ. આ બાબતમાં બાળકોનો રસ ટકી રહે એ માટે સ્વચ્છતાને લગતી આ બધી પ્રક્રિયાઓને લગતી તપાસની જવાબદારી મોટી ઉમરના છોકરાઓ ઉપર મસર નાંખતા રહેવું જોઈએ.

વસ્ત્રોની સ્વચ્છતાનું શિક્ષણ એ વધારે વિકટ સમસ્યા છે. કુદરતનાં આ બાળકોને ભૂમિમાતાના ખોળામાં આળોટવામાં ખૂબ મજા આવે છે, અને તેથી તેને પહેરાવવામાં આવેલાં બરફ જેવા સફેદ કપડાં પંદર મિનિટમાં તેઓ મેલાં—ગંદા—કરી મૂકે છે. આમ હોવાથી સાબુ વડે કપડાં ધોવા પાછળ ખરચાતી શક્તિ લગભગ અર્થવિનાની બની જાય છે. અનુભવથી અમને એવા નિર્ણય ઉપર આવવાની ફરજ પડી છે કે, 'Whiteness'—ઉજળાપણું—એ જ માત્ર સ્વચ્છતાની નિશાની લેખાવી ન જોઈએ. અને કપડાં પાણીના વહેણમાં ધોવાયેલાં હોય અને સૂકવાયાં હોય—તે ભલે ઉજળાં ન દેખાય તો પણ—સ્વચ્છ લેખાવા ઘટે છે. સ્વચ્છતાની આ કસોટીને પણ શિયાળામાં તેમ જ વર્ષાઋતુમાં વિશેષ હળવી કરવી રહી, કારણ કે એ દિવસોમાં કપડાં કેમે સૂકાતાં નથી અને તેમની પાસે પહેરવાની બીજી જોડી હોતી નથી.

તેમને કપડાંની બીજી ચોખ્ખી જોડ પૂરી પાડવાની બાબતમાં એક ખાસ મુશ્કેલી છે. આ પ્રયોગ અમે કર્યો ત્યારે અમને માલૂમ પડ્યું કે, બાળકો પોતાનાં કપડાં, મેલાં ગંદા હોય તો પણ, તે બદલીને તેમને આપવામાં આવતાં નવાં ચોખ્ખાં કપડાં પહેરવાને

તૈયાર હોતાં નથી, જ્યારે આ બાબતનું બહુ દબાણ કરવામાં આવે છે ત્યારે, તેઓ પહેરવાની તૈયારી તો બતાવે છે, પણ તે પોતાનાં ગંદાં કપડાં ઉપર નવાં કપડાં પહેરે છે અને અંદરના પોતાનાં કપડાં દેખાય તે હેતુથી નવા કપડાંનાં બટન બંધ કરતાં હોતાં નથી. આ પાછળ સ્વમાનની વૃત્તિ અથવા તો પોતાની માલિકીની વસ્તુ ઉપરનો મોહ—આમાંથી ગમે તે વૃત્તિ કામ કરતી હોઈ શકે છે. આખરે અમારે આ ખ્યાલ પડતો મૂકવો પડયો છે અને તેમનાં પોતાનાં કપડાં બરોબર ધોવાય છે અને જરૂર પડે ત્યાં ટાંકા ટેભા લેવાય છે એટલાથી જ અમારે સંતોષ ધારણ કરવો પડયો છે.

આ વિચારસરણી અનુસાર હાથ ધરવામાં આવેલી બાલ-શિક્ષણની પ્રવૃત્તિ અંગે નીચેની મુશ્કેલીઓ અમારી સામે આવીને ઊભી રહી છે.

(૧) ઘરનાં મોટાં બાળકોને—વિશેષે કરીને છોકરીઓને—પોતાથી નાનાં બાળકોને સાચવવા માટે તેમ જ ઘરનું કામ કરવા માટે ઘરમાં જ રહેવું પડે છે.

(૨) મોટાં બાળકોને ઢોર ચરાવવા બહાર જવું પડે છે.

(૩) બાળકોને પણ પોતાની આજીવિકા માટે કમાવું પડે છે.

આને લીધે શાળામાં ઘણાં ઓછાં બાળકો હાજર રહી શકે છે. જે બાળકો શાળામાં આવે છે તેમનું ધ્યાન નિશાળમાં અગર અભ્યાસમાં રહેતું જ નથી, અને ખુલ્લાં નૈસર્ગિક વાતાવરણમાં રહેવાને ટેવાયેલાં બાળકો શાળાના વર્ગની મર્યાદિત જગ્યામાં બંધાઈ રહેવું પસંદ કરતાં નથી. આ સંબંધમાં બાળકો માટે નીચે મુજબની વ્યવસ્થાનો પ્રબંધ કરવાના પરિણામે ઉપર જણાવેલ મુશ્કેલી-ઓનું થોડા ઘણા અંશે નિવારણ કરવામાં અમે સફળ થયા છીએ:—

(૧) ઘોડીઆ—ઘર અને બાલવાડી પ્રાથમિક શાળાઓની સાથે સાથે ચલાવવામાં આવે છે જેથી કરીને મોટાં બાળકો શાળામાં હાજર રહી શકે છે.

(૨) થોડા વર્ગો જ્યાં બાળકો ઢોરો ચરાવે છે ત્યાં જઈને ચલાવવામાં આવે છે.

(૩) શાળામાં સ્વચ્છ અને પ્રકાશિત, ઓરડાઓ છે જ્યાં બાળકોને જુદા જુદા વ્યવસાય આપવામાં આવે છે.

(૪) ભિન્ન ભિન્ન પ્રકારના ટ્રુક સાહિત્યનો visual aids ને લગતા સાહિત્યનો પણ ઉપયોગ કરવામાં આવે છે. દા. ત. ચિત્ર મૉડેલ્સ, પ્રદર્શનો અને પ્રોજેક્ટરો.

(૫) અહિં શિક્ષક બાળકો સાથે મિત્રતાભરી ભાવનાપૂર્વક રહે છે. અહીંઆ કોઈ પણ શારીરિક શિક્ષાનો ભય તેમને હોતો જ નથી.

(૬) રાત્રિના વર્ગો પણ ચલાવવામાં આવે છે, જેમાં ગૃહપાઠ, નૃત્ય, નાટયપ્રયોગો, રમતો વગેરેનો પણ પ્રબંધ કરવામાં આવે છે.

(૭) બાળકો જંગલમાંથી કાંઈ નવી ચીજો ફળ, ફૂલ, પાંદડા જીવડાં, પતંગિયા, પથરા લઈ આવે તે બધું આ માટે ઊભા કરવામાં આવેલ એક સંગ્રહસ્થાનમાં વ્યવસ્થિત રીતે એકઠું કરવામાં આવે છે.

(૮) વિશાળ જગતનો પરિચય આપવા માટે પ્રવાસો ગોઠવ-વામાં આવે છે.

(૯) પુસ્તકાલય દ્વારા જ્ઞાનના માર્ગો ખૂલ્લા કરવામાં આવે છે.

(૧૦) બાળકોને થોડું ઘણું દ્રવ્યોપાર્જન થાય તેવા ઉદ્યોગોને અહીં સ્થાન આપવામાં આવે છે: દા.ત. ઘાસના કવર બનાવવા, પુંઠાનાં બૉક્સ બનાવવાં, ચરખા દ્વારા સુતર કંતાવવું.

આ તો હજુ શરૂઆત છે. જે પ્રશ્નો અમે હાથ ધર્યા છે તે દિશાએ હજુ ઘણું કરવાનું રહે છે. જેમકે; ૭ થી ૧૧ વર્ષની ઉમ્મરનાં બાળકોમાંથી સોએ પંચોતેર જેટલાં પણ શાળામાં નિયમિત હાજરી આપતા નથી, શાળાના વિષયો તરફ બાળકોના દિલમાં હજુ જોઈએ તેટલો રસ પેદા કરી શકાતો નથી, ભાષાનો પ્રશ્ન પણ હજુ પૂરો ઉકેલાયો નથી, અભ્યાસક્રમ તથા શિક્ષણપદ્ધતિમાં નવા નવા ફેર-ફારો સૂઝયા જ કરે છે.

વિકાસવાડીની યોજનો અનુસાર કોસબાડ ખાતે ચલાવવામાં આવતા ગ્રામ બાલ શિક્ષણ કેન્દ્રના સંદર્ભનાં નીચેની સંસ્થાઓ કામ કરી રહી છે:—

(૧) નાનાં બાળકો માટે ઘોડિયા ઘર, (૨) બાલવાડી, (૩) પ્રાથમિક શાળા—પાંચ ધોરણ સુધી, (૪) બેઝીક પ્રાઈમરી ટ્રેનિંગ કૉલેજ, (૫) શાળામાં ભણતા બાળકો, વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકો માટેનાં વસતીગૃહો, (૬) ઉદ્યોગ વર્ગ અને ઉત્પાદક વર્ગ, (૭) સામુદાયિક નૃત્ય, નાટક, ગાયન વગેરે સંગીતની તાલીમને લગતી સંસ્થા, (૮) પ્રકાશન કેન્દ્ર.

અહિંની વિવિધ શૈક્ષણિક સંસ્થામાં કુલ ૨૭ શિક્ષક ભાઈ-બહેનો કામ કરે છે અને મોટા ભાગે તેઓ અહિં જ વસે છે. આ સંસ્થાઓના સંચાલન માટે થતાં ખર્ચને પહોંચીવળવા માટે મહારાષ્ટ્ર સરકાર તર-ફથી અથવા તો સમાજ કલ્યાણ ખાતા તરફથી અમુક પ્રમાણમાં ગ્રાન્ટો અથવા તો મદદો મળે છે, પણ અમારું કુલ વાર્ષિક ખર્ચ આશરે ૩૦,૦૦૦ નું હોય છે, જેમાં સરકારી ગ્રાન્ટ કે મદદ રૂપે મળતી રકમ બાદ કરતાં આશરે રૂા. ૧૦,૦૦૦ ની, બહારથી મળતાં દાનો દ્વારા પૂરવણી કરવાની રહે છે. આ માટે દર સાલ રૂા. ૧૦૦, ૫૦, ૨૫, કે ૧૦ એમ મદદ આપે એવા બને તેટલા સહાયક મિત્રો મેળવવાનો અમારો પ્રયત્ન હોય છે.

અહિં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા આ મુજબ છે:—

વિકાસવાડી અધ્યાપન મંદિર	૭૩ વિદ્યાર્થીઓ
પ્રાથમિક શાળા	૧૨૦ વિદ્યાર્થીઓ
બાલવાડી	૪૩ વિદ્યાર્થીઓ
ઘોડિયાં ઘરમાં	૨૫ બાળકો

આ ઉપરાંત બાલવસતિગૃહમાં ૩૫ બાળકો અને કન્યા વસતિ-ગૃહમાં ૨૫ કન્યાઓ રહે છે.

અહિં ચાલતી અમારી પ્રવૃત્તિની આ રૂપરેખા છે. અન્તમાં એટલું જ કહેવાનું કે જે રીતે દેશની ફલદ્રુપતા તથા આબાદી વધે તે માટે આપણે દેશમાં વહેતી નદીઓનાં જળને નાથીએ છીએ અને નિરર્થક વહી જતા વારીને ઉપયોગમાં લાવીએ છીએ તેવી રીતે અમે પછાત રહી ગયેલી પ્રજાનાં બાળકોની બુદ્ધિ અને શકિતને વિકસાવીને તેઓ રાષ્ટ્રનાં શકિતશાળી ઘટક બને એવો અહિં પ્રયત્ન કરી રહ્યાં છીએ."

તેમનું આ ભવ્ય વિવેચન સાંભળીને અમો સર્વ અત્યન્ત પ્રભાવિત બન્યાં. બાલશિક્ષણને અંગે—વિશેષે કરીને આદિવાસીઓના બાળકોના શિક્ષણ અંગે - અમને જાણે કે નવી દૃષ્ટિ સાંપડી હોય એવો આનંદ અને ધન્યતા અમે અનુભવી. અમારા સંઘના મંત્રી શ્રી ચીમનભાઈએ તારાબહેનનો આભાર માનતાં જણાવ્યું કે, "આપને સાંભળતાં અમારાં બાળકો વિષે અમારા મનમાં તરેહતરેહના પ્રશ્નો ઊભા થાય છે, પણ એ પ્રશ્નોની ચર્ચા માટે અત્યારે સમય નથી, તો મુંબઈ આવો ત્યારે અમારા સંઘમાં એક વાર જરૂર આવો, અને અમારા પ્રશ્નોનો ઉકેલ આપો - એવી અમારી આપને વિનંતિ છે." તારા-બહેને જવાબમાં જણાવ્યું કે, "આવી ચર્ચા વિચારણા માટે મુંબઈના જીવનમાં જોઈએ તેટલી સ્વસ્થતા, શાન્તિ અને મોકળાશ હોતી નથી તો આ વિષયમાં જિજ્ઞાસા ધરાવતા ભાઈ-બહેનોને આવી જ રીતે ફરી વખત અહિં આવવા મારી વિનંતિ છે. એ રીતે જ્યારે તમે આવશો ત્યારે આપણે સાથે બેસીને બાલશિક્ષણને લગતા તમારા મનમાં ઊઠતા સવાલો અને મુશ્કેલીઓની નિરાંતે ચર્ચા કરીશું. તો તે માટે અહિં ફરીથી આવવાનું તમો બધાં ભાઈ બહેનોને મારું નિમંત્રણ છે." આ નિમંત્રણ અંગે કૃતાર્થતા અનુ-ભવતા અહિંથી અમે વિખરાયાં અને સંસ્થાના જુદા જુદા વિભાગોમાં ચાલતી પ્રવૃત્તિઓનો પરિચય લેવા માટે અમે ગતિમાન થયા.

અપૂર્ણ

પરમાનંદ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જૂન ૧, ૧૯૬૩, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

યુદ્ધ અને અહિંસક પ્રતિકાર

[એક મિત્રે તા. ૧૭-૩-'૬૩ના જૈન ભારતીમાં પ્રગટ થયેલ 'યુદ્ધ અને અહિંસક પ્રતિકાર' એ મથાળા નીચે આચાર્ય તુલસીએ લખેલા લેખ તરફ મારું ધ્યાન ખેંચ્યું. એકઠા થયેલા સામયિકોના સંગ્રહમાંથી એ અંક કાઢીને હું વાંચી ગયો અને તેમાં રહેલી અત્યંત વિશદ એવી વિચારણા વડે મારું ચિત્ત પ્રભાવિત બન્યું. આજની યુદ્ધપરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હિંસા-અહિંસાના પ્રશ્નની વ્યવસ્થિત આલોચના કરવાનું કેમ કોઈ જૈન સાધુને સૂઝતું નથી, આવા પ્રશ્ન પાછળ રહેલી મારી નિરાશા આ લેખે દૂર કરી. તેનો શ્રી મેનાબહેન નરોત્તમદાસે કરી આપેલો અનુવાદ નીચે પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું. પરમાનંદ]

યુદ્ધ એ એક ચિરકાલિન સમસ્યા છે. કેટલાક લોકો યુદ્ધમાં જ આ સમસ્યાનો ઉકેલ જુએ છે તો કેટલાક લોકો કઈ રીતે ઉકેલ લાવવો તેના વિકલ્પો જ વિચાર્યા કરે છે. કોઈનું માનવું છે કે શક્તિની સમતુલા જાળવી રાખવી એ યુદ્ધ નિવારવાનો ઉપાય છે, તો કેટલાક લોકોની માન્યતા છે કે અહિંસા એ જ યુદ્ધ ટાળવાનો ઉપાય છે. જેઓ શક્તિની સમતુલા જાળવી રાખવામાં માને છે, તેમને અસ્ત્રશસ્ત્રમાં વિશ્વાસ છે એમ કહી શકાય. તેનો અર્થ એ કે, એમને યુદ્ધમાં વિશ્વાસ છે. અહિંસાવાદી નિ:શસ્ત્રીકરણમાં માને છે. એટલે કે તેમને યુદ્ધમાં વિશ્વાસ નથી. જગતનાં સર્વ જીવો જો અહિંસાવદી હોત તો યુદ્ધ જેવા શબ્દનું અસ્તિત્ત્વ જ ન હોત, પણ એમ નથી. જેમને સામ્રાજ્ય વિસ્તારમાં રસ છે, જેમના હૃદયમાં ભય અને શંકા છે, જેમને ભૌતિક જગત ઉપર પૂર્ણ વિશ્વાસ છે, તેઓ યુદ્ધને અનિવાર્ય માને છે. પરંતુ જેમની આંતરિક આસ્થા પ્રબળ છે તેમણે યુદ્ધને એક ભયંકર સમસ્યા રૂપે ઓળખ્યું છે. તેઓ યુદ્ધ ઈચ્છતા નથી, પણ યુદ્ધનું અસ્તિત્વ જ ન રહે એવો કોઈ ઉપાય હજી સુધી તેમને મળી આવ્યો નથી.

ભૌતિક દૃષ્ટિએ માનવે ખૂબ વિકાસ સાધ્યો છે, પણ અહિંસાવાદની દૃષ્ટિએ તે લગભગ અણવિકસિત જેવો છે. જેમ આજે મનુષ્ય ગુલામી પ્રથાને અમાનુષી કર્મ માને છે, તેમ યુદ્ધ, અપહરણ, શોષણ વગેરેને પણ સંપૂર્ણ માનવજાતિ અમાનવીય કૃત્યો માનવા લાગશે ત્યારે તેનો વિકાસ એક નિશ્ચિત રેખાએ પહોંચ્યો હશે. પણ એ સ્થિતિએ પહોંચવા માટે હજુ તો અનેક શતાબ્દિઓ અને પ્રચુર પ્રયત્નોની આવશ્યકતા છે.

યુદ્ધનો પ્રતિકાર કેવી રીતે?

આજે આપણી પાસે તત્કાળ ઉકેલ માગતો પ્રશ્ન છે, "યુદ્ધનો સામનો શી રીતે કરવો?" હિંસાથી કે અહિંસાથી? શસ્ત્રોથી કે નિ:શસ્ત્રી થઈને? ચીને હિંદુસ્તાન ઉપર આક્રમણ કર્યું ત્યારે દેશમાં ચોતરફ હિંસક પ્રતિકાર અને સશસ્ત્ર પ્રતિરોધ કરવાનો અવાજ ગાજી ઊઠ્યો. આમાં કંઈ આશ્ચર્ય નથી. હિંસક પ્રતિકાર એ ચિરકાળથી ચાલી આવતી પરિચિત પ્રથા છે. એમાં મનુષ્યને પૂરેપૂરો વિશ્વાસ છે. અહિંસક પ્રતિકારથી માનવી હજી પૂરો પરિચિત નથી. યુદ્ધની સામે અહિંસક સામનો થઈ શકે એવી વિચારણા કે ચિંતન પ્રાચીન સાહિત્યમાં ક્યાંય બહુ દેખાતું નથી. ભગવાન મહાવીરના શ્રાવકો અનાક્રમણનું વ્રત લેતા હતા, પણ આક્રમણ થાય તો શસ્ત્રથી સામનો કરવાનો અધિકાર અબાધિત રાખતા. મહારાજા ચેટક બીજા રાજ્યો ઉપર હુમલો નહોતા કરતા. પોતાના રાજ્ય ઉપર હુમલો થાય તો આક્રમણકાર ઉપર એકથી બીજીવાર પ્રહાર ન કરતા. આ અહિંસક પ્રતિકાર તો ન કહેવાય પણ એ દિશા તરફનું એક બહુ સાહસિક પગલું કહેવાય.

બે પક્ષ વિના યુદ્ધ શક્ય નથી

મનુષ્યને યુદ્ધ, શસ્ત્રબળ, કે પાશવિક શક્તિમાં વિશ્વાસ ન હોય તો યુદ્ધનું અસ્તિત્વ જ ન રહે. એકપક્ષીય યુદ્ધ હોતું નથી, બે પક્ષો લડવાને તૈયાર થાય ત્યારે જ યુદ્ધ થાય છે. એક લડે અને બીજો ન લડે તો તેને આક્રમણ કહેવાય, પણ યુદ્ધ નહિં. સામો જવાબ ન મળે તો આક્રમણ આપોઆપ ઠંડુ પડી જાય. જેમ જૂઠી અફવાઓથી હુમલાખોરને બળ મળે છે તેમ સામનો થવાથી પણ તેને વધારે જોર આવે છે. રાક્ષસ સાથે લડો. તમારી શક્તિ તેનામાં દબાઈ જશે, તેની શક્તિ બેવડાશે. તેની સામા તમે ન થાઓ તો તેની શક્તિ ક્ષીણ થઈ જશે. પ્રત્યેક આવેગની આ સ્થિતિ છે. યુદ્ધ પણ એક આવેગ છે. યુદ્ધ એકપક્ષીય હશે તો તે પ્રબળ બની નહિ શકે. યુદ્ધનો આવેગ પ્રબળ ત્યારે જ થાય, જો તે આવેગની સામે જવાબ આપનાર કોઈ પ્રતિઆવેગ હોય. પણ જેઓ "ઝેરનું ઔષધ ઝેર" "કાંટો કાંટાને કાઢે" "શઠં પ્રતિ શાઠ્યમ કુર્યાત્" આવા નીતિવાક્યોમાં શ્રદ્ધા રાખે છે તેઓને એ વાત કેવી રીતે ગળે ઉતરે કે આક્રમણની સામે અનાક્રમણ હોઈ શકે છે?

પાણી છાંટવાથી દૂધનો ઊભરો બેસી જાય છે. આ પ્રક્રિયા બધા જ જાણે છે. પણ એ પ્રક્રિયા સર્વત્ર સફળ થઈ શકે છે તેવું બધા માનવા તૈયાર નથી. યુદ્ધનો અહિંસક રીતે પ્રતિકાર થઈ શકે છે તેવું કોઈ ઉદાહરણ પણ તેમની પાસે મોજુદ નથી. પછી તેમને તેમાં વિશ્વાસ કેમ બેસે? આજ તો આપણા માટે એટલું જ પ્રાપ્ત થાય છે કે આ વિષય ઉપર આપણે વિશુદ્ધ ચર્ચા કરીએ, મન્થન કરીએ. સંભવ છે કે કોઈ ઉકેલ મળી આવે—માખણ ઉપર તરી આવે. કોઈ પણ આક્રમણકાર બીજા ઉપર જ્યારે આક્રમણ કરે છે ત્યારે તે પોતાનો કોઈ સ્વાર્થ સિદ્ધ કરવા માટે કરે છે, અને તે પણ ત્યારે કરે છે કે જ્યારે તે જાણતો હોય છે કે, સામેવાળો નબળો અને કાયર છે. આક્રમણને રોકવાના બે ઉપાય છે. (૧) શક્તિ, (૨) પરાક્રમ. જે શસ્ત્રો વડે સુસજ્જિત છે અથવા જે તદ્દન નિર્ભય છે તે શક્તિસંપન્ન છે. પરાક્રમ શરીરનું પણ હોય ને મનનું પણ હોય. મારો પ્રદેશ બીજો કોઈ લૂંટી લેશે એવો જેના મનમાં ભય રહ્યા કરે છે તે શસ્ત્રબળથી અને શરીરબળથી સામનો કરવા ચાહે છે. જેના ચિત્તમાં કોઈ પ્રકારનો ભય નથી, જે કેવળ માનવીય એકતામાં અદમ્ય વિશ્વાસ રાખે છે તે અભય અને મનોબળ વડે આક્રમણકારનો સામનો કરવાને ઉદ્યુક્ત થાય છે. આક્રમણ બન્ને માટે અસત્ય હોય છે, પણ પ્રતિકારની પદ્ધતિ બન્નેની જુદી હોય છે. મોતથી ડરવું નહિ એ જેમ સૈનિકોને માટે તેમ અહિંસકને માટે પણ પહેલી શરત છે. પરંતુ શસ્ત્રોથી સજ્જ રહેવું અને શરીરબળનો ઉપયોગ કરવો એ સૈનિકની બીજી અને ત્રીજી આવશ્યકતા છે, જેની અહિંસાવાદીને આવશ્યકતા નથી.

અહિંસક પ્રતિકારનો માર્ગ

અહિંસાવાદીને આક્રમણનો પ્રતિકાર કરવા માટે નીચેની શરતો આવશ્યક છે. (૧) નિર્ભયતા, તેને મરણનો ડર ન હોય. (૨) તે કેવળ પ્રેમમય હોય. માનવહૃદય ઉપર અતૂટ શ્રદ્ધા, આક-

મણકાર પ્રત્યે પણ મનમાં ઘૃણા ન હોય. (૩) મજબૂત મનોબળ. અન્યાયનો અસહકારથી પ્રતિકાર કરવામાં ગમે તેવી વિષમ પરિસ્થિતિ હોય તો યે દૃઢ રહે.

અભય, પ્રેમ, અને મનોબળ આ ત્રણ સાધનોથી સંપન્ન વ્યકિત જે દૃઢતાથી આક્રમણને નિષ્ફળ બનાવી શકશે તેવી દૃઢતાથી શસ્ત્રસજ્જ અને શરીરે સમર્થ સૈનિક તેને નિષ્ફળ નહીં કરી શકે. આચાર્ય હેમચંદ્રે આ ભાવથી પ્રેરાઈને જ લખ્યું કે, "યુદ્ધમાં વિજય સંદિગ્ધ હોય છે, પણ જનસંહાર નિશ્ચિત હોય છે. માટે જ્યાં સુધી બીજો ઉપાય સંભવિત હોય ત્યાં સુધી યુદ્ધ ન કરવું." હું આને આવી રીતે વિચારું; "યુદ્ધમાં વિજય નિશ્ચિત હોય તોપણ તે ન કરવું. કેમકે, તે સાચો ઉકેલ નથી." વૈજ્ઞાનિક યુગનો આજનો મનુષ્ય શું વિમાનને છોડી બળદગાડીનો પ્રવાસ કરવાનું પસંદ કરશે? આજનો બુદ્ધિવાદી મનુષ્ય વિશ્વ-રાજ્યની કલ્પના છોડી યુદ્ધ કરવાનું પસંદ કરશે? આજના વિકસિત માનવના કપાળે આ એક મોટું કલંક છે. યુદ્ધવાદને ફગાવી દઈને જ માનવ પોતાને બુદ્ધિવાદી કહેવડાવવાનો અધિકારી બની શકશે.

પ્રત્યાક્રમણનો વિકલ્પ

જે લોકો એમ વિચારે છે કે આક્રમણનો પ્રતિઆક્રમણથી જ સામનો કરવો જોઈએ, એમનું ચિંતન વિચારશૂન્ય છે. અહિંસાવાદીનું ચિંતન એવું વિચારશૂન્ય નથી. એની દૃષ્ટિમાં આક્રમણનો મુકાબલો છે અહિંસક પ્રતિકાર.

કેટલાક લોકો એમ માને છે કે હિંસક પ્રતિકાર કરતાં અહિંસક પ્રતિકાર જરૂર શ્રેષ્ઠ છે, પણ તે કરવો શી રીતે? માત્ર માનવું છે કે, અનુશાસન, અભય, પ્રેમ (મૈત્રી) અને મનોબળનો વિકાસ સાધ્યો હોય તો અહિંસક પ્રતિકાર કરવો જરાયે મુશ્કેલ નથી. જનતાને આ ત્રણ બાબત સમજાવી અહિંસક પ્રતિકાર કરવા તૈયાર કરવી જોઈએ. આક્રમણકારને સહકાર ન આપે, તેના હુકમો ન ઉઠાવે, અને તેના અનુચિત હુકમોનો વિરોધ કરે. ચોથી વાત એ છે કે જ્યાં સુધી આક્રમણકાર પાછો પોતાને દેશ ચાલ્યો ન જાય ત્યાં સુધી આ ત્રણે બાબતમાં શિથિલતા આવવા દેવી ન જોઈએ. આ પ્રતિકારપદ્ધતિ કયારે પણ નિષ્ફળ નહીં જાય. એ ખરું છે કે આક્રમણકાર સાથે અસહયોગ કરવામાં અનેક કષ્ટો સહન કરવાં પડે, તેના હુકમો ન માનવામાં યાતનાઓ ભોગવવી પડે, તેનો વિરોધ કરવામાં અનેક સંકટોનો સામનો કરવો પડે, પણ આ બધું યે સહન થઈ શકે, જો અહિંસા એ પ્રજાનો આત્મધર્મ બની ગયો હોય, અને તેની સાધના માટે અનુશાસન, પ્રેમ, અને મનોબળથી તે સુસજ્જ હોય.

મહાત્મા ગાંધીજીએ અહિંસાને ધર્મ માન્યો હતો. અને કૉંગ્રેસે અહિંસાનો એક નીતિ રૂપે સ્વીકાર કર્યો હતો. મહાત્મા ગાંધીજી જનસમુદાયના પ્રેરક હતા, જ્યારે કૉંગ્રેસે રાજ્યધુરા સ્વીકારી હતી. આ જ કારણથી કૉંગ્રેસ સરકારને આજે શસ્ત્રસજ્જતાને પ્રોત્સાહન આપવું પડ્યું છે અને હિંસક પ્રતિકારનો માર્ગ પસંદ કરવો પડયો છે. અહિંસા જો કૉંગ્રેસનો ધર્મ હોત તો આવું કદી ન થાત. પણ અહિંસા કૉંગ્રેસની નીતિ હતી, ધર્મ નહિ. એટલે આ પરિવર્તન તેને કરવું પડ્યું. ધર્મ હંમેશા અપરિવર્તનીય છે, નીતિ અપરિવર્તનીય નથી હોતી.

અનુવાદક: મૂળ હિંદી:
શ્રી મેનાબહેન નરોત્તમદાસ આચાર્ય તુલસી

"અદ્યતન યુદ્ધ પરિસ્થિતિ અને અહિંસાવ્રતધારી જૈન સાધુઓ"

[પ્રબુદ્ધ જીવનના પહેલી માર્ચના અંકમાં અદ્યતન યુદ્ધ પરિસ્થિતિ અને અહિંસાવ્રતધારી જૈન સાધુઓ—શિર્ષકનો લેખ વાંચીને જાણીતા કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદીએ પોતાના પ્રત્યાઘાતો મારી ઉપરના તેમના તા. ૧૪-૩-'૬૩ ના પત્રમાં નીચે મુજબ જણાવ્યા છે: —પરમાનંદ]

તા. ૧ લી માર્ચનો "પ્રબુદ્ધ જીવન" નો અંક વાંચીને હું અત્યંત ખુશી થયો છું. અહિંસાનું જે દૃષ્ટિબિંદુ તમે રજૂ કર્યું છે તે સાથે હું સંપૂર્ણ સહમત છું. પંડિતજીએ પોતાના લેખમાં વ્યવહારુ ઉકેલ સૂચવ્યો છે અને એ ભલે આજની ઘડીએ યથાર્થ ગણીએ તો પણ તેમના લેખનો ધ્વનિ તો રોગીના રોગને પારખવાનું સૂચન કરનારો અને રોગમાંથી સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવું હોય તો તત્કાલ કેવા ઉપાયો હાથ ધરવા જોઈએ તેનો નિર્દેષ કરનારો છે તેમ મને લાગ્યું. એક કુશળ વૈદની વેધક દૃષ્ટિ વડે પંડિતજીએ સાધુ સમાજની નાડ બહુ જ સાચી રીતે પારખી છે અને પોતે યોગ્ય ગણે છે તેવી દવાનું સૂચન કર્યું છે. આજના સંયોગોમાં આમ કરવું અનિવાર્ય હોય તે હું પણ સ્વીકારું છું.

તમારી ચર્ચાનો મુદ્દો મારી દૃષ્ટિએ તદ્દન અનોખો છે. સાધુ-સમાજની સર્વકોઈ વ્યકિતએ સાધુતાનો અંચળો કેવળ દેખાવ ખાતર જ ધારણ કર્યો હોય તો તો આપણે તેને સાચા અર્થમાં સાધુ કહી શકીએ જ નહિ. પરંતુ આમ નથી તે પણ આપણે સ્વીકારવું પડશે. સાધુ-સમાજમાં ઘણાં પ્રતિભાસંપન્ન સાધુઓ દેખાય છે કે જેઓએ સાધુતાનું સાચું હાર્દ સ્વીકાર્યા પછી જ સાધુતાનો સ્વાંગ સજ્યો હોય. આવા સાધુઓ માટે મનોમંથનની જે ભૂમિકા તમે તમારા લેખમાં ઊભી કરી છે તે મારી દૃષ્ટિએ તમે એક અત્યંત ઉપકારક વિચાર રજૂ કર્યો છે તેમ હું માનું છું.

અહિંસાના આચારને અહિંસાની વૃત્તિ સાથે ઘણો નિકટનો સંબંધ હોય છે. માનવી જન્મે છે ત્યારે પોતાની સાથે જે પ્રાથમિક આવેગો લઈને આ દુનિયામાં અવતરે છે તે આવેગોનું સ્વરૂપ મહદ અંશે પાશવી હોય છે તેમ સ્વીકાર્યા વિના ચાલે નહિ. આ પાશવી સ્વરૂપનું દૈવિ સ્વરૂપમાં રૂપાંતર કરવું, તેની ક્રિયા-પ્રક્રિયાને આપણે ધર્મની ક્રિયા-પ્રક્રિયા કહી શકીએ. આવું રૂપાંતર કરવાની શકિત કુદરતે કેવળ માનવીને જ આપેલી છે. આદી કાળથી માનવી પોતાના જીવન અર્થે જે મથામણો કરી રહ્યો છે તેના તરફ નજર નાખતા જણાય છે કે, એ મથામણોની પાછળનો મૂળ હેતુ તો પશુમાંથી માનવ બનવાનો અને માનવમાંથી દેવ બનવાનો રહેલો છે. માનવીમાં રહેલી તમામ પ્રકારની પ્રાથમિક વૃત્તિઓના ઉર્ધ્વિકરણનો આ એક જવલંત ઈતિહાસ છે.

માણસમાં રહેલી હિંસાવૃત્તિ સમય જતાં છેક જ ઘસાઈ જાય અને તેને સ્થાને અહિંસાવૃત્તિ પેદા થાય તે માટે ભગીરથ પ્રયત્નો કરવામાં સાધુ-સમાજ હંમેશાં અગ્રસ્થાને રહેલો છે. આજે આ પરિસ્થિતિ રહી ન હોય તો તે માટે આપણને દુ:ખ જરૂર થાય, પરંતુ તેથી કરીને સાધુની સાધુતાનો મૂળ હેતુ આપણી નજર પાસેથી સરકી જાય અને પરિણામે તેની વ્યાખ્યા બદલાવા લાગે તો તેમાં તો હું પીછેહઠ દેખું છું. માનવ આત્માની આવી પીછેહઠ સમગ્ર વિશ્વ માટે અકલ્યાણકારી બની રહે તેવું મને ભાસે છે.

હિંસા કરવા માટે શસ્ત્રો જ જોઈએ તેમ માનવાનું કશું કારણ નથી. હિંસા હથિયારમાં રહેલી નથી. હિંસા તો માણસના મનમાં રહેલી છે. એક માણસને બીજા માણસનું ખૂન કરવું હોય તો તે તલવારથી જ થઈ શકે એમ શા માટે માનીએ. જોરાવર માણસ સામા માણસનું ગળું દબાવીને પણ તેનો પ્રાણ લઈ શકે છે. મને તો એમ સમજાય છે કે, આજની રાષ્ટ્રની આપત્તિની વેળાએ આપણો આપદધર્મ પ્રતિકારનો ભલે હોય અને તેવા પ્રતિકાર માટે હથિયારોનો ઉપયોગ ભલે કરવો પડતો હોય પરંતુ સનાતન ધર્મ તો એમ કહે છે કે, આવા આપદધર્મના પ્રસંગોમાં પણ હિંસાવૃત્તિ કેળવવાનું આપણું કામ જોરદાર બની જશે તો માનવી વળી પાછો પ્રાથમિક દશામાં સરી પડીને પશુવત્ જીવન જીવવા લાગશે. આ વિચાર આપણાં સૌ માટે ઘણો ભયંકર ગણાય. ચીનની સરકારે આપણાં ઉપર અણધાર્યું આક્રમણ કર્યું અને એવા આક્રમણનો સામનો કરવા માટે આપણે સૌ જાગૃત બની ગયા છીએ એ આપણાં શૌર્યની અચૂક નિશાની ગણાય, પરંતુ આપણે એ પણ યાદ રાખવું પડશે કે, ખરો શૂરવીર ખરી રીતે હિંસક નથી જ હોતો. હિંસક બનવા માટે ગુંડાવૃત્તિ કેળવવી પડે છે. અને એવી ગુંડાવૃત્તિ તો ભીરૂ વૃત્તિનું એક જુદું સ્વરૂપ જ માત્ર છે. શૂરો ગુંડો થઈ શકતો નથી, કારણ કે તે ભીરૂ નથી. શૌર્ય ક્ષમાથી શોભતું હોય છે. આ સત્ય આજના સંયોગોમાં જો ભૂલી જવામાં આવશે તો તો રાષ્ટ્રની દૃષ્ટિએ આપણે ભારે મોટો અનર્થ વહોર્યો ગણાશે. ચીની રાષ્ટ્રના એક નાનકડા ભાગે માનવતાવિહોણું પગલું ભર્યું તેની પાછળ સમગ્ર ચીનની કરોડોની જનતા રહેલી છે તેમ આપણે માની શકીએ નહીં. આપણાં રાષ્ટ્રનો સમગ્ર વ્યવહાર આ દૃષ્ટિએ ગોઠવાય નહીં તો તો આપણે કોઈ ખોટે માર્ગે ચાલી રહ્યાં છીએ તેમ માનવું પડે.

હરભાઈ ત્રિવેદી

કોસબાડની જ્ઞાનયાત્રા—૩

બોરડીની શિક્ષણસંસ્થાઓ

(ગતાંકથી ચાલુ)

ત્યાર બાદ સંસ્થાના જુદા જુદા વિભાગમાં પ્રસ્તુત સંસ્થાના કાર્યકરો સાથે અમે ફરવા માંડયું. હોળીના કારણે અહિં ચાર દિવસની રજા હોઈને વિદ્યાર્થીઓ પોતપોતાને ગામ ચાલી ગયેલા. શિક્ષકો પણ મોટા ભાગે મુંબઈ કે બોરડી બાજુએ પોતપોતાના વ્યવહારિક કામકાજ અંગે ગયેલા. એટલે અહિં બધાં હાજર હોય અને સંસ્થાનું કામકાજ તેના જુદા જુદા વિભાગોમાં ચાલતું હોય અને આ સંસ્થાના કાર્યનો જે ખ્યાલ આવે તેવો ખ્યાલ મેળવવાનું આજે અમારા માટે શક્ય નહોતું. એમ છતાં સંસ્થાના બે ત્રણ કાર્યકરોએ અમારી સાથે ફરીને જે કાંઈ ખ્યાલ આપી શકાય તે ખ્યાલ આપ્યો. મુ. તારાબહેનના પ્રવચનથી અને ત્યારબાદ અમે જે કાંઈ જોયું અને જાણ્યું તેનાથી અમારા મન ઉપર ખૂબ અસર પડી હતી અને તેથી અમારામાંના એક સહપ્રવાસીને વિચાર આવ્યો કે, આપણે અહિં આવ્યા છીએ તો આ સંસ્થાને આપણે ફલ નહિ તો ફલની પાંખડી એ રીતે કાંઈ ને કાંઈ આપવું જોઈએ. આ બાબત અંદર-અંદર ચર્ચાતી રહી અને સંસ્થા-નિરીક્ષણનું કામ પુરું થયું. બાજુએ ગોખલે એજ્યુકેશન સોસાયટી તરફથી ચાલતું કૃષિવિદ્યાલય હતું. એ પણ રજાના કારણે બંધ હતું.

આમ ફરતાં ફરતાં ૯—૯॥ થઈ ગયા એટલે નહાવા—ધોવાનું મુલતવી રાખીને અમે બધાં બોરડી જવા નીકળ્યાં. મુંબઈથી કોસબાડ આવ્યા ત્યારે પ્રવાસમાં જોડાયલાં ભાઈ-બહેનોની અંદર અંદર વાતો તો ચાલતી હતી, પણ મોકળા મનનું ગાનતાન શરૂ થયું નહોતું. પછી તો બધાંએ રાત એક સાથે ગાળી હતી અને સવારના પણ ત્રણ—ચાર કલાકથી બધાં સાથે જ ફરી રહ્યાં હતાં. આને લીધે એક-મેકથી અજાણપણાનું અથવા તો અપરિચિતપણાનું આવરણ છૂટી ગયું હતું. પરિણામે બોરડી જવા માટે બધાં બસમાં બેઠાં એટલે ગાનતાનની સરવાણી ફૂટવા લાગી. દુહા; સાખી, ગીત, ભજન-જેના દિલમાં જે આવ્યું તે ગાવા લાગ્યું અને અન્ય ભાઈ-બહેનો તેને એક યા બીજી રીતે ઝીલવા લાગ્યાં. બોરડી કોસબાડથી ચાર પાંચ માઈલના અન્તરે આવેલું છે. બોરડીમાં પ્રવેશ કર્યો અને થોડી-વારમાં એક સંસ્થાના મકાનમાંથી બહાર નીકળતા શેઠ રાયચંદ ગુલાબ-ચંદ અછારીવાળાએ અમને જોયા અને બોલાવ્યા. શ્રી રાયચંદભાઈ ધાસના બહુ મોટા વ્યાપારી છે. સાથે સાથે તેઓ એક અતિ ઉદાર દિલના અને પ્રેમાળ હૃદયના ગૃહસ્થ છે. તેઓ રહે છે સંજાણ બાજુએ આવેલા અછારી ગામમાં, પણ આ આખા પરગણાના તેઓ એક વ્યક્તિવિશેષ છે અને તેમની ઉદારતાનો આ બાજુના અનેક ગામોને ખૂબ લાભ મળ્યો છે. કોઈ જગ્યાએ છાત્રાલય તો કોઈ જગ્યાએ હાઈસ્કૂલ, કોઈ જગ્યાએ ઈસ્પીતાલ તો કોઈ જગ્યાએ પ્રસૂતિગૃહ—આવી અનેક જનસેવા સાધતી સંસ્થાઓ તેમની આર્થિક મદદ દ્વારા નિર્માણ થયેલી છે. અમે અત્યારે જે સ્થળે જઈ રહ્યા હતા તે સ્થળ એટલે કે શ્રી જૈન શિક્ષણ પ્રચારક મંડળ દ્વારા ચલાવવામાં આવતું જૈન છાત્રાલય તેમના નામ સાથે જોડાયલું છે અને તેનું નવું મકાન બંધાવવા પાછળ તેમણે રૂ. ૪૧૦૦૦ જેટલી મોટી રકમ આપેલી છે. અમને પાછળથી માલુમ પડયું તે મુજબ આ છાત્રાલયમાં અમારા સ્વાગતની ગોઠવણ કરવામાં આવી હતી અને તે ખાતર જ તેઓ અછારીથી અહિં આવ્યા હતા.

આ છાત્રાલયના મકાન સમીપ અમે પહોંચ્યાં. આ છાત્રાલય ગામની લગભગ મધ્યમાં આવેલું છે. બોરડી, અરબી સમુદ્રના પશ્ચિમ કીનારે પાદડીપને વસેલું એક નાનું નગર છે. આ છાત્રાલયના મકાન પાછળ પણ દરિયો છે. આ નવું મકાન જેમાં ૧૨૦ વિદ્યાર્થીઓને રહેવાની ગોઠવણ છે. આગળ નાનો બગીચો છે અને પાછળ પણ સારા પ્રમાણમાં જગ્યા છે, તે તો ૧૯૫૪માં બંધાવવામાં આવેલું. પણ એ પહેલાં ૧૯૩૬ ની સાલમાં સ્વ. શ્રી વિજયવલ્લભસૂરિની પ્રેરણાથી જૈન શિક્ષણ પ્રચારકમંડળ અહિં ઊભું કરવામાં આવ્યું હતું અને તે મંડળ દ્વારા અહિં એક નાના સરખા બંગલામાં આ છાત્રા-લયની શરૂઆત કરવામાં આવી હતી, અને તેમાં ૨૫-૩૦ વિદ્યાર્થીઓ રહેતા હતા.

બોરડી, થાણા જિલ્લામાં આવેલું એક હવા ખાવાનું મથક છે અને સાથે સાથે એક મોટું શૈક્ષણિક કેન્દ્ર છે. અહિં ગોખલે એજ્યુકેશન સોસાયટી હસ્તક ચાલતી સુનાબાઈ પેસ્તનજી હકી-મજી વિદ્યાલય નામની એક સુવિખ્યાત શિક્ષણસંસ્થા ૪૩ વર્ષથી ચાલી રહી છે, અને આસપાસની વસ્તીની શૈક્ષણિક જરૂરિયાતોને પહોંચી વળવાનો પ્રયત્ન કરી રહી છે. આ સંસ્થાનું શિક્ષણ ગુજરાતી અને મરાઠી એ બે માધ્યમ દ્વારા અપાઈ રહ્યું છે. આને લીધે ભિન્ન ભિન્ન જ્ઞાતિ અને કોમોના વિદ્યાર્થીઓને રહેવા—ખાવાની સગવડ આપતાં અહિં અનેક છાત્રાલયો ઊભાં થયાં છે. તેમાં કેટલાંક જાહેર સંસ્થાગત છે, કેટલાંક ખાનગી માલીકીનાં છે. અમે જે છાત્રાલયમાં આવી પહોંચ્યાં હતાં તે જાહેર સંસ્થા હસ્તકનું હતું. આ છાત્રા-લયમાં રહેતા વિદ્યાર્થીઓ પાસેથી તેમની આર્થિક કક્ષા મુજબ ખાવાપીવા તથા રહેવા માટે ત્રણ મહિનાના રૂા. ૧૦૦, ૭૫, ૪૫, ૩૦ લેવામાં આવે છે અને એથી પણ વધારે વિકટ આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓને મફત પણ રાખવામાં આવે છે અને એમ છતાં દરેક વિદ્યાર્થીને સગવડતા એકસરખી આપવામાં આવે છે. આ છાત્રાલયમાં આસપાસનાં ગામડામાં વસતાં ગુજરાતી કુટુંબોના પાંચમાં ધોરણથી અગિયારમાં ધોરણ સુધીના વિદ્યાર્થીઓને રાખ-વામાં આવે છે અને મુંબઈના પણ કેટલાક વિદ્યાર્થીઓ અહિં રહે છે. આ છાત્રાલયમાં દાખલ થવા માટે આવતી કેટલીય અર-જીઓ જગ્યાના અભાવે નકારવી પડે છે.

આ છાત્રાલયના બધા વિભાગોમાં ફર્યા અને વિદ્યાર્થીઓને અપાતી સગવડો જોઈને અમને ખૂબ સંતોષ થયો. વિદ્યાર્થીઓને રહેવાના ઓરડાઓ પૂરતી મોકળાશ અને હવા—ઉજાસવાળા છે અને તેમની ચીજ—વસ્તુઓ રાખવા માટે તથા વાંચવા—ભણવા માટે જરૂરી ફરનીચર પૂરતા પ્રમાણમાં વસાવવામાં આવેલું હોવાથી વિદ્યાર્થીઓ વ્યવસ્થિત રીતે અને સુઘડતાપૂર્વક રહી શકે છે. અહિં નજીકમાં એક ભવ્ય જિનાલય છે અને તેમાં મુખ્ય મૂર્તિના સ્થાને ભગવાન મુનિ-સુવ્રતસ્વામીની ભવ્ય પ્રતિમા છે. ત્યાં અમે બધાં ગયાં-ભગવાનનાં દર્શન કર્યાં અને થોડી વારમાં છાત્રાલયમાં અમે પાછા ફર્યા.

અહિં અમારા માટે કરવામાં આવેલા ઉપાહારપ્રબંધને અમે વચ્ચેના ચોકમાં એકત્ર થઈને ન્યાય આપ્યો. આ પ્રસંગે છાત્રા-લયના આગેવાન કાર્યકર્તાઓ ઉપસ્થિત થયા હતા. શરૂઆતમાં, મુંબ-ઈની સ્ટેઈનલેસ સ્ટીલની એસોસીએશનના પ્રમુખ શેઠ નરોત્તમદાસ વાડીલાલ દેવચંદ, જે અમારી સાથે હતા તેમણે શ્રી રાયચંદભાઈનો પરિચય આપ્યો અને ગયા વર્ષે તેમણે સમેતશિખરનો એક નાનો સરખો સંઘ કાઢેલો અને ત્યાંનું જળમંદિર સમરાવેલ અને પ્રતિષ્ઠા પણ કરી હતી અને તે પાછળ ભક્તિભાવપૂર્વક તેમણે પુષ્કળ દ્રવ્ય ખરચેલું તે બાબતની તેમણે ખૂબ પ્રશંસા કરી. આગળપાછળની કોઈ સૂચના સિવાય, અમે બોરડી આવવાના છીએ એટલી ખબર મળવા ઉપરથી, અમારા પ્રત્યેના પ્રેમભાવથી પ્રેરાઈને આ સંસ્થાના

કાર્યકરો તરફથી અમારો જે ઉમળકાભર્યો આદરસત્કાર કરવામાં આવ્યો તે અંગે અમારું દિલ એક પ્રકારના વિસ્મય, આનંદ અને આભારની લાગણી અનુભવી રહ્યું હતું. આ મનોભાવને વ્યક્ત કરતું મેં આભારનિવેદન કર્યું અને અહિંથી અમે આગળ ચાલ્યાં. રસ્તામાં શ્રી જેચંદભાઈ મઠીયા તરફથી ચલાવવામાં આવતું. એક અંગત માલેકીનું-વિદ્યાર્થી વિકાસગૃહ આવ્યું. ત્યાં અમે ગયાં. શ્રી બાબુભાઈ વોરા અહિંના ગૃહપતિ છે. અહિં ૮૦ વિદ્યાર્થીઓને-મોટા ભાગે જૈન વિદ્યાર્થીઓને રાખવાની સગવડ છે - અને દરેક વિદ્યાર્થી પાસેથી માસિક રૂા. ૬૦ લેવામાં આવે છે. અહિં પણ વિદ્યાર્થીઓની ભરતી સારી છે.

આ વિદ્યાર્થી વિકાસગૃહ જોઈને અમે ઉપર જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સુનાબાઈ પેસ્તનજી હકીમજી વિદ્યાલય તરફ આગળ વધ્યા. આ સંસ્થાની ૧૯૨૦ ની સાલમાં શ્રી ભીસેએ સ્થાપના કરેલી. અને આજે પણ શ્રી ભીસે આ સંસ્થાના પ્રમુખ-સ્થાને—પ્રાણસ્થાને—વિદ્યમાન છે અને તેથી આ વિદ્યાલયને સામાન્ય રીતે 'આચાર્ય ભીસેની શાળા' તરીકે જ ઓળખવામાં આવે છે. આ વિદ્યાલયના પ્રવેશ દ્વાર પાસે અમે પહોંચ્યા એટલે અમારી રાહ જોતાં આચાર્ય ભીસેએ અને અન્ય પ્રમુખકાર્યકર્તાઓએ અમારું સ્વાગત કર્યું અને આ વિશાળ શિક્ષણવસાહતમાં તેમણે અમને ફેરવ્યા અને આ સંસ્થાનો કેમ ઉદય થયો, કેવી રીતે વિકસતી ગઈ અને આજે કયા કયા પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવે છે તેનો વિગતવાર ખ્યાલ આપ્યો. તેમની પાસેથી અમે જે જાણ્યું અને સાંભળ્યું તેનો ટૂંકસાર નીચે મુજબ છે:—

આ શાળાની શરૂઆત ૧૯૨૦ ની સાલમાં ૩૫ વિદ્યાર્થીઓથી અને ત્રણ ઘોરણથી, નજીકના એક નાના સરખા મકાનમાં કરવામાં આવી હતી. થોડો સમય જતાં બાઈ ધનબાઈ તરફથી આ સંસ્થાને પોતાનાં મકાન માટે રૂા. ૫૦,૦૦૦ નું દાન મળ્યું. આ ઉપરાંત ઘોલ-વડના લોકોએ રૂા. ૩,૫૦૦ અને બોરડીના લોકોએ રૂા. ૬,૫૦૦ એમ રૂા. ૧૦,૦૦૦ એકઠા કરી આપ્યા. તેમાંથી આ મોટી વસાહત ઊભી થઈ. આ બાજુ અનેક શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચલાવતી ગોખલે એજ્યુકેશન સોસાયટી એ મુખ્ય માતૃસંસ્થા છે. તેની હસ્તક અહિં તેમ જ કોસબાડમાં નીચે મુજબની શિક્ષણસંસ્થાઓ કામ કરી રહી છે.

બોરડી: (૧) બાઈ સુનાબાઈ પેસ્તનજી હકીમજી હાઈસ્કૂલ
(૨) રમાશંકર જુગલકીશોર બોરલાઈવાળા શારદાશ્રમ
(૩) બાઈ સુનાબાઈ પેસ્તનજી હકીમજી પ્રાઈમરી સ્કૂલ
(૪) રાવબહાદૂર અનંત શિવાજી દેસાઈ ટોપીવાળા કૃષિ શિક્ષણવર્ગ.

કોસબાડ: (૫) કૃષિ વિદ્યાલય
(૬) સર્વોદય વિદ્યાલય
(૭) ગ્રામપંચાયત કાર્યવાહક પ્રશિક્ષણ વિદ્યાલય.
(૮) મહાત્મા ગાંધી જનતા વિદ્યાલય
(૯) આશ્રમ—શાળા

આ વિદ્યાલયનો ૧૯૪૫ માં રજત મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. તે પ્રસંગે આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રૂા. ૭૫,૦૦૦ એકઠા કર્યા હતા અને તેમાંથી જે મકાન ઊભું કરવામાં આવ્યું હતું તેને 'ગુરુદક્ષિણા મંદિર' નામ આપવામાં આવ્યું છે'.

૧૯૫૫ની સાલમાં આ વિદ્યાલયને મલ્ટીપરપઝ હાઈસ્કૂલ—બુનિયાદી શિક્ષણસંસ્થા—તરીકે માન્યતા આપવામાં આવી હતી અને કૃષિશિક્ષણ માટે રૂા. ૩૭૦૦૦ અને ટેકનિકલ શિક્ષણ માટે રૂા. ૧,૦૨,૦૦૦ ની સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં આવી હતી. આ ઉપરાંત ટેકનીકલ ટ્રેઈનીંગ માટે મેસર્સ ગોદરેજ બૉઈસ એન્ડ કંપની તરફથી રૂા. ૧,૧૦,૦૦૦ નું આ સંસ્થાને દાન મળ્યું હતું.

આ વિદ્યાલયનાં હાઈસ્કૂલ વિભાગમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૦૧૫ ની છે અને પ્રાથમિક વિભાગમાં ૯૧ ની છે. અહિં સહશિક્ષણ સ્વીકારવામાં આવ્યું છે. એ હિસાબે. હાઈસ્કૂલમાં ૮૪૯ વિદ્યાર્થીઓ અને ૧૬૬ વિદ્યાર્થિનીઓ છે, પ્રાથમિક વિભાગમાં ૮૨ વિદ્યાર્થીઓ અને ૯ વિદ્યાર્થિનીઓ છે. 'શારદાશ્રમ છાત્રાલય' નામે ઓળખાતી આ સંસ્થાના હૉસ્ટેલમાં ૧૨૫ વિદ્યાર્થીઓ વસે છે. આ સિવાય બીજા વિદ્યાર્થીઓ બહારની વસ્તીમાંથી તેમ જ બહારનાં કેટલાંક છાત્રા-લયોમાંથી અહિં ભણવા આવે છે. શિક્ષણની સમગ્ર કાર્યવાહી ઉપર જણાવ્યું તે મુજબ દ્વિભાષી - ગુજરાતી તથા મરાઠી છે. કૃષિશિક્ષણ માટે આ વિદ્યાલય પાસે ઘણા મોટા પ્રમાણમાં જમીન છે અને ત્યાં મોટા ભાગે બાગાયત ખેતી ચાલે છે. આ આખી વસાહત પુષ્કળ ઝાડ-પાનથી ભરેલી છે. આ સંસ્થાએ, જ્યાં સુધી આપણો દેશ આઝાદ થયો નહોતો ત્યાં સુધી સરકારી મદદ લીધા સિવાય પોતાની શિક્ષણ પ્રવૃત્તિ ચલાવી હતી. એટલું જ નહિ પણ, આ સંસ્થાના મુખ્ય કાર્યકર્તાઓએ, શિક્ષ-કોએ તેમ જ વિદ્યાર્થીઓએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખૂબ ભાગ લીધો હતો. ભવ્ય વનશ્રી ભરેલી પાર્શ્વભૂમિ, ગામના બધા લોકોનો પૂરો સહયોગ, શિક્ષકોની ત્યાગવૃત્તિ, નિષ્ઠા તથા આત્મીયતા, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે ચાલુ સુદૃઢ સંપર્ક, રાષ્ટ્રીય વૃત્તિનું પ્રાધાન્ય, સર્વ-ધર્મસમભાવ, સર્વાંગીણ વિકાસનો પ્રયત્ન, પ્રયોગશીલતા તથા આધુ-નિકતા, શીલસંવર્ધન માટેનો સતત પ્રયત્ન, તથા ગ્રામીણ જીવન સાથેનો ચાલુ સંપર્ક—આ બધી આ સંસ્થાની વિશેષતાઓ છે.

આ સંસ્થાના તેમ જ તેના આત્મારૂપ આચાર્ય ભીસેના આ રીતે થયેલા પ્રત્યક્ષ પરિચયથી અમો સર્વનાં દિલ અતિ પ્રભાવિત બન્યાં. કોસબાડમાં એક તપસ્વિનીનાં દર્શન થયાં, અહિં એક તપસ્વિનાં દર્શન થયાં. આ રીતે અમે ઊંડી કૃતાર્થતા અનુભવી.

મધ્યાહ્ન થવા આવ્યો હતો. એટલે અહિંથી નવા મિત્રોની રજા લઈને અમે પાછા કોસબાડ આવ્યાં. સ્નાન વગેરે પતાવીને બધાં ભોજન માટે ભોજનશાળામાં એકઠાં થયાં. ગ્રામ બાલશિક્ષણ કેન્દ્રના સર્વ કાર્યકરોને પણ અમારી સાથે ભોજન લેવાનું અમે આગળથી જ નિમંત્રણ આપ્યું હતું, એટલે તારાબહેન વગેરે પણ અમારી સાથે ભોજનસમારંભમાં જોડાયાં. ભોજનમાં જલેબી, પૂરી, ફરસાણ, રાયતું, વગેરે વિવિધ વાનીઓ હતી. આ ભાવતું ભોજન સમાપ્ત થવા બાદ, આગળ ઉપર સૂચવ્યું હતું તે મુજબ અમે આ શિક્ષાકેન્દ્ર માટે અંદર અંદર મળીને રૂા. ૫૦૧ એકઠા કર્યા હતા. તે રકમ અમે અમારા સંઘ તરફથી શ્રી તારાબહેનને સુપ્રત કરી. અને સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે, એ રકમ સુપ્રત કરતાં અમારા રહેવા, સુવા, જમવા વગેરે માટે જે સર્વ પ્રકારે સંતોષકારક એવી સગવડ કરી આપી હતી તે બદલ તારાબહેનનો તથા અન્ય કર્મચારીઓના સંઘ તરફથી હાર્દિક આભાર માન્યો. એ જ વખતે બીજા બે ચાર મિત્રોએ વળી બીજી રૂા. ૫૦ ની રકમ તારાબહેનને ભેટ ધરી. આ બધા બદલ તારાબહેને સંઘનો આભાર માનતાં જણાવ્યું કે, 'અહિં અનેક મંડળીઓ—મોટા ભાગે શિક્ષકોની તેમજ વિદ્યાર્થીઓની—પર્ય-ટન માટે અનેકવાર આવે છે, પણ એ બધાં કરતાં તમો ભાઈ બહેનો-ની આ મંડળી જુદા પ્રકારની છે. સાધારણ રીતે પર્યટણ એટલે એક કે બે દિવસ આનંદ મજા કરવા માટે મુંબઈ છોડીને દૂરના એક યા બીજા સ્થળે ભ્રમણ કરવું—આવી સમજણ હોય છે. તમો ભાઈ-બહેનો જે રીતે અહિં આવ્યા, અને અમારી પ્રવૃત્તિમાં આટલો બધો રસ દાખવ્યો, વળી બોરડીમાં પણ તમોએ બધો સમય ત્યાંની શિક્ષણ-સંસ્થાઓ જોવા નિહાળવામાં જ ગાળ્યો, એ ઉપરાંત માત્ર સ્વયં-પ્રેરિત બનીને આવું મધુર અર્થદાન કર્યું-જે અમારા માટે આ પ્રકારનો પહેલો જ અનુભવ છે. આ બધું જોતાં મારે કહેવું પડે

છે કે, આ તમારું પર્યટન કેવળ આનંદલક્ષી પરિભ્રમણ નથી, પણ એક પ્રકારની જ્ઞાનયાત્રા છે, અને આ માટે તમો ભાઈ બહેનોને હું અનેક ધન્યવાદ આપું છું અને ક્યારે પણ મન થાય ત્યારે આવી રીતે તમો બધાં અહિં આવજો અને અનુકૂળતા મુજબ એક બે દિવસ રહેજો. આવું મારૂં તમને બધાંને નિમંત્રણ છે. આ સંસ્થા તમારી છે; અહિં તમારા માટે બધી સગવડ થઈ શકશે. ફરીવાર આવો ત્યારે થોડી વધારે નવરાશ લઈને આવજો. તમારી સાથે બીજી બાબતો સાથે તમારાં બાળકોના પ્રશ્નો પણ આપણે ચર્ચીશું અને એ રીતે આપણે એકબીજાના કાર્યમાં મદદરૂપ થઈશું.

આ રીતે સુન્દર ભોજન અને ત્યાર બાદ અર્થપ્રદાનવિધિ અને તારાબહેનનું અન્તિમ ભાવભર્યું વક્તવ્ય-આ બધાંથી અમારા આનંદની—અમારી તૃપ્તિની-કોઈ સીમા ન રહી. આ પછી એક દોઢ કલાક આરામ લીધા પછી ચા પીધી, તૈયાર થયાં અને સાંજના ચાર વાગ્યા લગભગ અમારી બસમાં આરૂઢ થઈને અમે મુંબઈ જવા ઉપડ્યા. થોડી વારમાં દહેણું આવ્યું. સ્ટેશન બાજુએ થઈને રેલ્વે લાઈનના પાટા ઓળંગીને રાજમાર્ગ ઉપર અમે આગળ વધવા લાગ્યા. બસના ડ્રાઈવરે આ વખતે તો બસ પૂર ઝડપમાં મારી મૂકી અને નદીનાળાં, ટેકરાટેકરી, અને નાનાં મોટાં જંગલો વચ્ચે, જાણે કે અમે ઉડ્યન કરી રહ્યા હોઈએ એવી રીતે, માઈલ ઉપર માઈલના સીમાચિહ્નો અમે વટાવતાં ચાલ્યાં. આજે તો ધૂળેટીનો દિવસ હતો. કોઈ પણ ગામડું આવે કે લોકોનું ટોળું હોળી ખેલતું દેખાય. કેટલેક ઠેકાણે લોકોનાં ટોળાં અમારા માર્ગનો અવરોધ કરતા ઊભા રહેતાં. ડ્રાઈવર બસ ધીમી પાડવાનો ડોળ કરે અને લોકો કાંઈ માંગણી કરવા જાય કે, અમારી ઉપર રંગ ઉડાવવાનો વિચાર કરે એટલામાં ડ્રાઈવર બસ મારી મૂકે અને તેઓ અવાક થઈને જોઈ રહે અને અમે આગળ ચાલી જઈએ.

વસ્તુતઃ પાછા ફરતાં ગરમી લાગવાનો કોઈ સંભવ જ નહોતો. કારણ કે નમતા પહોરે અમે નીકળ્યા હતા. આવ્યા એ જ રસ્તે પાછા ફરી રહ્યાં હતાં. આ જાણે કે કોઈ મહાકાવ્યનું પુનઃ પઠન કરી જતા હોઈએ અથવા તો કોઈ હૃદયંગમ ચિત્રપટનું પુનઃ નિરીક્ષણ કરતા હોઈએ એવો અમારા માટે મધુર અનુભવ હતો. બસમાં અમારી મંડળી લગભગ બે વિભાગમાં વહેંચાઈ ગઈ હતી. એક વિભાગમાં વ્યવસ્થિત રીતે અન્તકડી શરૂ થઈ ચૂકી હતી. બીજા વિભાગમાં ગાનતાન ચાલતું હતું. અન્તકડી રમતાં ભાઈ બહેનો બે પક્ષમાં વહેંચાઈ ગયેલાં. એક પક્ષની આગેવાની એક ભાઈએ લીધેલી; બીજા પક્ષની આગેવાની એક બહેને લીધી હતી. આ બન્ને પાસે કવિતાનો, ભજનો અને ગીતોનો અખૂટ ભંડાર હતો. કોઈ હારે નહિ, કોઈ થાકે નહિ. અનવરત ધારાએ આ અન્તકડી, અમે ભીંવડી સાત વાગ્યા લગભગ પહોંચ્યા ત્યાં સુધી, ચાલ્યા જ કરી. બીજા વિભાગના ગાનતાનમાં ભરતી ઓટ આવતી હતી. ભરતી આવે ત્યારે અન્તકડીવાળા વિભાગની જાણે કે તેમને ઈર્ષ્યા ન આવતી હોય એમ, એ વિભાગવાળા ભારે શોરબકોર મચાવતા અને બસને ગજવી મુકતા અને અંતકડીને સ્થગિત કરી દેતા. ઓટ આવે ત્યારે થોડો સમય એકદમ શાન્ત બની જતાં અને શૂન્યતા દાખવતા-આમ આનંદ કલ્લોલ કરતાં અમે ભીંવંડી પહોંચ્યા. સૂર્ય હવે તો આથમવાની તૈયારી કરી રહ્યો હતો અને દિવસનાં અજવાળાં સંકેલાવા લાગ્યાં હતાં. ચંદ્ર પણ પૂર્વાકાશમાં ઉદય પામી ચૂક્યો હતો. ભીંવંડીનાં ઉપાહારગૃહમાં બધાંએ ચાનાસ્તો કર્યો. પર્યટનમાં ગાળે ગાળે નાસ્તો તો જોઈએ જ. પર્યટનનું સ્વરૂપ જ આવું છે. ત્રણ કલાક બસમાં બેઠેલાં તેનો થાક આ રીતે ઉતાર્યો અને શરીર હળવાં કર્યાં. અને તાજામાજા થઈને પાછા બસમાં બેઠાં. જોતજોતામાં થાણા આવ્યું. ઘાટકોપરથી સાથીઓ એક પછી એક છૂટા પડવા લાગ્યા. રાત્રે નવ સાડા નવ વાગ્યે સૌ સૌના નિવાસસ્થાને પહોંચી ગયા. આ રીતે અમારું આ કોસબાડ પર્યટન પૂરું થયું. માર્ચ માસની ૯ મી તારીખે શરૂ થયેલી જ્ઞાનયાત્રા બીજે દિવસે રાત્રીના સમાપ્ત થઈ, જેનાં મધુર સ્મરણો આજે પણ ચિત્તને આનંદપુલકિત કરે છે.

સમાપ્ત

પરમાનંદ

સો ટચના સોના જેવા ભારતના અર્થસચિવ મોરારજીભાઈ

(તા. ૭-૪-૧૯૬૩ ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં શ્રી ડી. એફ્. કરાકાએ લખેલો ભારતના અર્થસચિવ શ્રી મોરારજીભાઈનો લાક્ષણિક પરિચય, પ્રસિદ્ધ થયો હતો. તેનો 'પ્રબુદ્ધ જીવન' ના વાચકો માટે એક મિત્રે અનુવાદ કરી આપ્યો, જે નીચે રજૂ કરવામાં આવે છે.—તંત્રી)

મોરારજીભાઈ વિષે તો મને પુસ્તક લખવાનું મન થાય. ઉપરથી સાવ સરળ દેખાતી વ્યક્તિને વધુ ઉંડાણથી જોવા માંડો એટલે તે વધુ ને વધુ જટિલ જણાય છે. ભારતના નાણામંત્રી મોરારજીદેસાઈ વિષેનું લોકોનું મૂલ્યાંકન સમય ને સંજોગો અનુસાર અનેકવાર પલટાયું છે. એમને વિષે કોઈ પણ સમયે નમૂનાનો લોકમત (ગૅલપ પૉલ) લેવામાં આવે તો તે સાચો ન પડે, કારણ કે, એમની બાબતમાં ઘણી વાર ધાર્યા કરતાં જુદું જ પરિણામ આવે છે.

મહાગુજરાતના પ્રશ્ન પરત્વે એમણે અમદાવાદમાં ઉપવાસ કર્યા તે પછી ઘણા રાજકીય નિરીક્ષકોએ એમ ધાર્યું હતું કે, હવે ભારતના રાજકીય તખ્તા પર તેમની ભૂમિકા પૂરી થઈ છે. તે પછી તેઓ મુંબઈ આવ્યા ત્યારે તેમનો અમદાવાદ કરતાં યે વધુ સખત વિરોધ થયો. દ્વિભાષી મુંબઈ રાજ્યના મુખ્ય—પ્રધાનપદની ચૂંટણી બિનહરીફ થવી જોઈએ એવી એમની ઈચ્છાની કોઈએ દરકાર ન કરી. આથી તેઓ એ તખ્તા પરથી નમ્રપણે વિદાય થયા અને એમ લાગ્યું કે હવે તેમને માટે આશ્રામવાસ સિવાય બીજો કોઈ રસ્તો રહ્યો નથી.

પણ થોડા સમયમાં તો વડા પ્રધાને તેમને કેન્દ્ર સરકારના પ્રધાનમંડળમાં જોડાવા દિલ્હી બોલાવ્યા. માથે પરાળનું છાપું ને આસપાસ આશ્રામની શાંતિ એવી સ્થિતિ થવાને બદલે રાષ્ટ્રપતિભવનના સીમાડા પર—૧, વિલિંગ્ડન. ક્રેસન્ટ—એમનું નવું સરનામું બન્યું. વેપાર—ઉદ્યોગ ખાતાની શાંતિમય ન કહેવાય તેવી કચેરી એમની ઑફિસ બની.

મુંદડા કેસ વિષે ન્યાયમૂર્તિ ચાગલાનો અહેવાલ બહાર પડતાં ટી. ટી. કૃષ્ણમાચારીએ નાણાખાતામાંથી વિદાય લીધી અને મોરારજીભાઈને મહત્ત્વનું અને અતિ નાજુક એવું નાણાખાતું સોંપાયું. વડા પ્રધાનને એમનામાં જે શ્રદ્ધા હતી તેનો એ પુરાવો હતો.

આમ ફિનિક્સ પંખીની જેમ પોતાની જ ભસ્મમાંથી ફરી જીવતા થવાની અદ્‌ભૂત આવડત મોરારજીભાઈ ધરાવે છે. મનેં લાગે છે કે આ માણસને માથે ભગવાનનો હાથ છે. જરૂર પડે ત્યારે એ તેમની રક્ષા કરે છે. ભાવી વિષે વધુ પડતી ખાતરી રાખીને વધુ પડતી ઝડપે આગળ વધતાં પણ એ એમને અટકાવે છે. સત્તાના ઉચ્ચ શિખર પર હતા ત્યારે એમણે વિધાનસભાની વલસાડની બેઠક ગુમાવી હતી. અમદાવાદના બનાવ પછી જ્યારે ચારે બાજુ અંધારૂં દેખાતું હતું ત્યારે શ્રી નહેરુએ તેમને દિલ્હી બોલાવ્યા હતા.

કેન્દ્રની કૅબિનેટમાં ઘણાં વર્ષ રહ્યા પછી ગઈ સાલે રાજકીય મોવડીમંડળમાં એમનો ક્રમ ક્યાં આવે તે નક્કી કરવાનો પ્રસંગ આવ્યો. ભારતે નહેરુ સિવાય બીજો કોઈ વડો પ્રધાન હજી જોયો ન હતો, પણ નહેરુની માંદગી વખતે લોકોએ "નહેરુ પછી કોણ?" એવો પ્રશ્ન પૂછવા માંડ્યો. પહેલાં તો લોકો આ પ્રશ્નનો જવાબ મેળવવા નહેરુ સામે જ જોતા હતા, પણ નહેરુ અચકાતા હતા. કદાચ એમને એમ લાગ્યું હશે કે કોઈક વ્યક્તિ પ્રત્યે પસંદગી બતાવવાથી લોકોનો પસંદગીનો અધિકાર ઝૂંટવી લેવા જેવું થાય. વળી બીજા પણ અનેક ઊલટાસૂલટા રાજકીય પ્રવાહો કામ કરતા હતા. આ બધાને પરિણામે, જે મોરારજીભાઈ સ્વાભાવિક અનુગામી જેવા જણાતા હતા તેઓ દેશમાં નવી નેતાગીરી ઊભી કરવા ઈચ્છતાં તત્ત્વોના આક્રમણનું નિશાન બન્યા. શ્રી કૃષ્ણમેનન આ જૂથનું બાહ્ય મુખ હતા.

પંડિત ગોવિંદવલ્લભ પંતના અવસાન પછી નાયબ નેતા ચૂંટવાના હતા ત્યારે આ મૂંઝો ચોક્કસપણે ઊભો થયો. વડા પ્રધાને સ્પષ્ટતાથી એવો નિર્દેશ કર્યો કે સૌથી જૂના કૅબિનેટ પ્રધાન નરીકે મોરારજીભાઈ મારી ગેરહાજરીમાં મારી વતી કામ કરશે. તે દરમિયાન સંસદના બન્ને ગૃહોમાંથી એક એક એવા નાયબ નેતા ચૂંટવામાં આવ્યા. જેમના મનમાં આ તિનમૂર્તિ માર્ગ (જ્યાં નહેરુનું નિવાસસ્થાન છે તે રસ્તાનું નામ) ની ગાદી મેળવવાનો ઈરાદો હોઈ શકે જ નહિ.

આ આખા વિવાદ દરમિયાન મોરારજીભાઈ ઈરાદાપૂર્વક અલગ

રહ્યા. પક્ષની શિસ્તનું વધુ આશ્ચર્યજનક દૃષ્ટાંત તો એ હતું કે, વડા પ્રધાનની ગેરહાજરીમાં તેમની વતી કામ કરતી વેળાએ મોરારજીભાઈએ સંસદમાં કૃષ્ણમેનનનો બચાવ પણ કર્યો હતો. આ જોઈને ઘણા રાજકીય નિરીક્ષકો વિચારમાં પડી ગયા હતા. રક્ષણખાતાને લગતી બાબતમાં મોરારજીભાઈએ મેનનની વહારે ચડવાની શી જરૂર હતી, એવો પ્રશ્ન પણ પુછાવા લાગ્યો હતો. પણ મોરારજીભાઈને જાણનારાઓ તો સમજી ગયા હતા કે, મેનનનો બચાવ કરવાનું કાર્ય, આત્મશિસ્ત અને પોતાના નેતા પ્રત્યેની વફાદારીથી જ પ્રેરાયેલું હતું. મોરારજીભાઈ માને છે કે, નહેરુની વતી કામ કરતા હોઈએ ત્યારે નહેરુ પોતે એ સંજોગોમાં જેમ વર્ત્યા હોત તેમ જ પોતે વર્તવું જોઈએ.

પછી તો સંજોગોએ બહુ વિલક્ષણ ભાગ ભજવ્યો. ડાબી પાંખના ટેકેદારોએ "Popular front" —જનમોરચા—ના નેતા તરીકે ઊંચે ચઢાવેલા મેનન લોકોની દૃષ્ટિમાંથી ઊથલી પડયા અને તખ્તા ઉપરથી અદૃશ્ય થઈ ગયા. જે જે સભામાં તેઓ ભાષણ કરે તેમાં લોકો તેમની સામે પોકારો કરતા અને પ્રશ્નોની ઝડી વરસાવતા. આપણી સરહદ ઉપર થયેલી હોનારતની જવાબદારી સંરક્ષણ પ્રધાન તરીકે મેનનની હતી પણ તેને લીધે દેશના નાણાતંત્ર પર વધારાનો બોજો આવ્યો. આપણા અર્થતંત્રને કુનેહ, કરવેરા અને વિદેશી સહાયથી કુશળતાપૂર્વક ચલાવનાર મોરારજીભાઈને માથે ભારતના કર ભરનારા સમક્ષ પહેલાં કદીયે રજૂ ન થયું હોય તેવું અંદાજપત્ર રજૂ કરવાની અણગમતી જવાબદારી આવી પડી.

ફરીવાર મોરારજીભાઈ ઉપર પ્રહારો થવા લાગ્યા. પણ ફેર એટલો હતો કે, આ વખતનો ઝંઝાવાત ડાબી બાજુથી નહીં પણ જમણી બાજુથી આવ્યો હતો. સામ્યવાદીઓ આ આક્રમણમાં જોડાયા હતા, કારણ કે એમને મન તો મોરારજીભાઈને મારવા માટે જે કોઈ સોટી હાથમાં આવી તે સારી જ હતી. સો ટચના સોના જેવા આ કડક નાણામંત્રી ભારતમાં સામ્યવાદીઓના સૌથી મોટા દુશ્મન હતા. સમાજવાદે જે કાંઈ કઠિનાઈની કલ્પના કરી હશે તેના કરતાં પણ વધુ આર્થિક સખ્તાઈનો યુગ પ્રવર્તાવીને મોરારજીભાઈએ સામ્યવાદીઓના હથિયાર બુઠ્ઠાં બનાવી દીધાં હતાં.

તેમના નવા અંદાજપત્રથી જેમને નુકસાન થયું હશે તેવા લોકો મોરારજીભાઈનો વિરોધ ભલે કરતાં હોય, પણ દેશના સૌથી ધનિક ઉદ્યોગપતિઓના વર્ગમાં રહેલા મોરારજીભાઈના આકરામાં આકરા ટીકાકારોને પણ એટલું તો સ્વીકારવું પડયું છે કે, બીજી અને ત્રીજી યોજનાઓનાં નિર્ણાયક વર્ષો દરમિયાન આંતરરાષ્ટ્રીય નાણાજગતમાં આ દેશનું નામ ઊંચું રાખ્યું હોય તો તે મોરારજીભાઈએ કરેલા નાણાખાતાના સંચાલને.

રૂપિયાનો કાળાબજારનો ભાવ કદાચ નીચો હશે, પરંતુ તેનો સત્તાવાર ભાવ તેની ચાલુ કિંમતે જ ઊભો છે. ડૉલર અને પાઉન્ડ આપણા ચલણની કિંમત ઘટાડવાની આપણને ફરજ પાડી શક્યા નથી.

મોરારજીભાઈના નાણાપ્રધાનપદ દરમ્યાન ભારતને વિદેશી સહાય મોટા પ્રમાણમાં મળી છે. આંતરરાષ્ટ્રીય લોન પાછી વાળવાનું ઘણીવાર અસંભવિત મનાયું હોય તો પણ મોરારજીભાઈની રાહબરી નીચે ભારતે પોતાની બધી જવાબદારીઓ બરોબર અદા કરી છે.

જગતના નાણાક્ષેત્રના નેતાઓ એકવાર એમ માનતા હતા કે મોરારજીભાઈ નાણાની બાબતમાં કોઈ યોગી જેવા છે અને દારૂબંધીથી લોકોને સુધારવાની વાતો જ કર્યા કરે છે. પણ જ્યારે તેઓ મોરારજીભાઈને મળ્યા ત્યારે તેમને જણાયું કે આ માણસમાં તો ઈમાન, શિસ્ત અને ભારોભાર સામાન્ય સમજ જણાય છે અને વિદેશી અખબારોમાં તેમનું જે વર્ણન આપણે વાંચ્યું હતું તે ... આ માણસ સાવ જુદા જ છે.

૧૯૫૮ માં અમેરિકાના નાણામંત્રી ઍન્ડરસને વૉશિંગ્ટન આપણી ઍલચી - કચેરીના પ્રવેશદ્વાર પાસે મોરારજીભાઈ સ પહેલી વાર હાથ મિલાવ્યો ત્યારે હું તેમની સાથે હતો. મેં જો કે એ લોકો એક ઓરડામાં બેસી ભારતની જરૂરિયાતોની ચર્ચ કરી બહાર આવ્યા ત્યારે ઍન્ડરસનના મનમાં નાણાં—ક્ષેત્રના અ ચોખલિયા માણસ વિષે જે કાંઈ શંકાઓ હશે તે બધી નાશ પામી હતી. મને કહેવામાં આવ્યું હતું કે, તેઓ બીજી વાર મળ્યા ત્યારે તેમનું કામ વધુ સરળ થઈ ગયું હતું અને થોડા જ વખતમાં મોરારજીભાઈ અમેરિકનોને કોકાકોલા અને શરાબ જેટલા જ પ્રિય થઈ પડયા હતા.

મેં મોરારજીભાઈને હેનરી લ્યૂસના પરિષદ ટેબલ ઉપર ટીકાખોર અને લગભગ વાંકદેખી દૃષ્ટિવાળા 'ટાઈમ - લાઈફ' જૂથના પત્રકારો સાથે વાતો કરતા જોયા હતા. રોકફેલર - સેન્ટરના એક ગગનચુંબી મકાનના ઉપલા માળે લગભગ એક કલાક સુધી ભારતના નાણામંત્રીએ, વિલક્ષણ શિસ્તબદ્ધ મનનું દર્શન કરાવે તેવા ઠંડા મિજાજથી, અનેક કઠંગા અને આક્રમક ઢબે પૂછાયેલા પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

મોરારજીભાઈ કયારના સમજી ગયા હતા કે હું એકાદવાર પણ મિજાજ ગુમાવીશ તો મારા દેશનો કેસ માર્યો જશે. પરદેશની પહેલી જ મુસાફરીમાં તેઓ ભારતને જે સહાય જોઈતી હતી તે મેળવી શક્યા, અને એથી યે અગત્યની વાત તો એ હતી કે, તેઓ અમેરિકાથી ઢગલાબંધ નાણું લાવ્યા, એમ છતાં પણ આપણા દેશનું સ્વમાન તેમણે પૂરેપૂરું સાચવ્યું.

પરદેશમાં મોરારજીભાઈ ભારતના બહુ રસપ્રદ પ્રતીક બની રહે છે. મહાત્મા ગાંધીએ ઘડેલા ભારતની મનોવૃત્તિ અને ભાવના આપણા કેટલાક રેશમી પોશાકવાળા અને કૉલર-ટાઈમાં સજ્જ થયેલા રાજદ્વારી પુરુષો કરતાં મોરારજીભાઈમાં વધારે સારી રીતે પ્રતિબિંબિત થાય છે. મેં જોયું છે કે, પાકિસ્તાનના પાટનગર રાવળપીંડીમાં તેઓ લોકોને જેટલા પ્રિય થઈ પડે છે તેટલા જ બ્રિટનના વડા પ્રધાનના ચેકર્સ ખાતે આવેલા ગ્રામનિવાસમાં પણ પ્રિય થઈ પડે છે. પાકિસ્તાનના અગાઉના નાણામંત્રી શોઈબે મને કહ્યું હતું કે, મોરારજીભાઈ સાથે કામ પાડવું સહેલું છે. તેમણે કહ્યું કે, "મોરારજીભાઈ તરત જ મુદ્દાની વાત પર આવી જાય છે."

અમલમાં મૂકવી લગભગ અશક્ય જણાય તેવી મહત્ત્વાકાંક્ષી બે મોટી યોજનાઓમાંથી ભારતને પાર ઉતારવું, આંતરિક સંપત્તિ—સાધનોને અંકુશમાં રાખવાં અને છતાં સ્થાનિક શૅરબજારોને (ચીની આક્રમણ થયું ત્યાં સુધી) તેજીમાં રાખવાં, બીજા લોકોના ખીસામાંથી હાથચાલાકીને બદલે વધુ ગૌરવપૂર્વક પૈસા કઢાવવા અને આપણા અર્થતંત્રમાં જગતનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો તે ફક્ત વલિવટી શકિત અને સામાન્ય સમજ સિવાય આ ક્ષેત્રની બીજી કોઈ લાયકાત ન ધરાવતા માણસ માટે જેવી તેવી સિદ્ધિ ન કહેવાય. મોરારજીભાઈની નાણાવિષયક દૃષ્ટિમાં કોઈ સૈદ્ધાન્તિક આદર્શ કે વાદ નથી. તેમનું ગણિત બે ને બે ચાર જેવું સીધું ને સરળ છે.

રક્ષણ પાછળ ખરચવાના પૈસા ન હોય તો રક્ષણમાં કંઈ જ રહેતું નથી. બીજા કેટલાક દેશોએ કર્યું છે તેમ વિદેશી સત્તાઓને વફાદાર રહેવાનું વચન આપીને લશ્કરી સહાય મેળવવાનું સસ્તું બની શકે, પણ કોઈ જ શરતી સહાય અમે નહીં સ્વીકારીએ એવો વડાપ્રધાનનો સિદ્ધાંત લક્ષમાં રાખીને, પોતાના વહાને હંમેશાં વફાદાર રહેનારા મોરારજીભાઈ એ જુએ છે કે, સરકારની નીતિના શબ્દાર્થ અને ભાવાર્થ બન્નેનો ચુસ્ત અમલ થાય.

વ્યકિત તરીકે મોરારજીભાઈમાં બે પ્રકારનું અભિમાન છે—જો કે એનો અર્થ એ નથી કે, એ અભિમાની માણસ છે. એક તો સ્વમાનના તીવ્ર ખ્યાલને લીધે તેમનામાં એક પ્રકારનું અંગત અભિમાન છે. પોતાને જે જોઈએ છે તે સામે ચાલીને તેમની પાસે આવે નહીં ત્યાં સુધી તેઓ રાહ જોશે. બીજા પ્રકારનું અભિમાન તેમનામાં પુષ્કળ પ્રમાણમાં છે અને તે પોતાના દેશનું અભિમાન. નૌકાસૈન્યની પ્રણાલિકાની જેમ તેઓ વહાણ છોડીને સલામતી શોધવા કરતાં પોતાના વહાણ સાથે ડૂબવાનું વધુ પસંદ કરશે.

તેમનો રાજકીય સિતારો ઊંચે જાય કે નીચે જાય, પાછા પડવાના પ્રસંગો આવે, ટીકાઓ થાય કે લોકપ્રિયતામાં ભરતી—ઓટ આવે છતાં તેઓ આ દેશને અનેક ભાવી કટોકટીમાંથી પાર ઉતારવા નિર્માયા છે.

પણ મેં પહેલાં કહ્યું તેમ ઉપરથી સરળ દેખાતા પણ સમજવાં ખરેખર મુશ્કેલ એવા આ માણસના વ્યકિતત્ત્વને પકડમાં લા માટે એક આખું પુસ્તક જોઈએ.

મૂળ અંગ્રેજી : ડી. એફ. કરાકા

કૉન્ફરન્સનું કસ્તુરભાઈ સાથેનું નિષ્ફળ નીવડેલું સંવનન

કેટલાકના મનમાં પ્રશ્ન થાય છે કે જે કાર્ય અમદાવાદમાં ગયા એપ્રિલ માસ દરમિયાન અખિલ ભારતીય ધોરણે સંઘસંમેલન યોજીને શેઠ કસ્તુરભાઈએ કર્યું તે જ કાર્ય તેઓ જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ દ્વારા કરી ન શકત? આ પ્રશ્નનો ખુલાસો મેળવવા માટે જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના શેઠ કસ્તુરભાઈ સાથે અમુક પ્રકારનો સંબંધ ધરાવતા છેલ્લાં ૨૪ વર્ષના ઈતિહાસ તરફ આછી નજર નાખવી જરૂરી છે.

ઈ. સ. ૧૯૪૦ ના ડીસેંબર માસમાં નિંગાળા ખાતે શ્રી છોટાલાલ ત્રિકમદાસ પારેખના પ્રમુખપણા નીચે જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સનું પંદરમું અધિવેશન મળ્યું હતું. આ અધિવેશન વખતે જૈન શ્વે. મૂ. સમાજમાં ઐક્યની સ્થાપના કરવા માટે તેમ જ જે વર્ગો આજ સુધી કૉન્ફરન્સની પ્રવૃત્તિમાં સહયોગ આપતા નથી તેમની સાથે જરૂરી તડજોડ કરીને તેમને કૉન્ફરન્સની પ્રવૃત્તિમાં સામેલ કરવા માટે માલેગાંવવાળા શ્રી મોતીલાલ વીરચંદની આગેવાની નીચે સાત ગૃહસ્થોની એક ઐક્ય સમિતિ ઊભી કરવામાં આવી હતી. આ સમિતિનો મુખ્ય પ્રયત્ન શેઠ કસ્તુરભાઈ લાલભાઈ સાથે વાટાઘાટો કરીને તેમના મનનું સમાધાન કરવાનો અને તેમને કૉન્ફરન્સની પ્રવૃત્તિમાં રસ લેતા કરવાનો હતો; કારણ કે કસ્તુરભાઈ સધાયા તો ઘણું સધાયું એવી પ્રચલિત માન્યતા હતી.

આ વાટાઘાટોના પરિણામે ૧૯૪૨ના જાન્યુઆરી માસમાં ઉપર જણાવેલ ઐક્ય સમિતિએ નીચે મુજબના બે ઠરાવો જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના કાર્યાલય ઉપર મોકલી આપ્યા.

ઠરાવ ૧: "શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ સને ૧૯૩૪ માં અમદાવાદ મુકામે સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે (કૉન્ફરન્સે) અથવા તેની કોઈ પણ પેટાસમિતિએ કરેલા વડોદરા રાજ્યના દીક્ષા સંબંધી અને બીજા દીક્ષા સંબંધીના ઠરાવો આથી રદ કરે છે."

ઠરાવ ૨: "ઐક્ય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિદ્ધાન્તો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે, એટલું જ નહિ પણ તેને હીણપત પહોંચે તેવું બોલવા કે લખવામાં આવશે નહિ."

આ બે ઠરાવો સંબંધે ઐક્ય સમિતિની એવી ભલામણ હતી કે આ બન્ને ઠરાવોને જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સે અધિવેશનના આકારમાં એકત્ર થઈને અક્ષરશ: પસાર કરવા અને એ સાથે એવી ખાત્રી આપવામાં આવી હતી કે, આમ કરવાથી જૈન સમાજના સર્વ પક્ષોના અને ખાસકરીને શેઠ કસ્તુરભાઈ લાલભાઈના સહકારની શક્યતા ઊભી થશે. આવી ખાત્રી આપવાનું કારણ એ હતું કે, આ બન્ને ઠરાવો હકીકતમાં શેઠ કસ્તુરભાઈએ પોતે ઐક્ય સાધનાના સૂત્રધારોને ઘડી આપ્યા હતા અને તે અક્ષરસ: પસાર કરવામાં આવે એવો તેમનો આગ્રહ હતો. આ રીતે શેઠ કસ્તુરભાઈ સાથેના કૉન્ફરન્સના સંવનની appeasement-ની શરૂઆત થઈ હતી.

ત્યાર બાદ ૧૯૪૫ના એપ્રિલ માસમાં મુંબઈ ખાતે કૉન્ફરન્સનું સોળમું અધિવેશન શેઠ મેઘજી સોજપાળના પ્રમુખપણા નીચે ભરાયું. આ અધિવેશનમાં ઉપર જણાવેલ બન્ને ઠરાવો રજૂ કરવામાં આવ્યા. શ્રીમાન કાન્તિલાલ ઈશ્વરલાલ આ અધિવેશનના સ્વાગતપ્રમુખ હતા, અને ઉપરના બન્ને ઠરાવો પ્રસ્તુત અધિવેશનમાં પસાર કરાવવા માટે અને તે રીતે માન્યવર શેઠ કસ્તુરભાઈનો કૉન્ફરન્સની પ્રવૃત્તિમાં સહકાર મેળવવા માટે ખૂબ ઈન્તેજાર હતા. પણ કમનસીબે કૉન્ફરન્સને પીછેહઠ કરાવતા એટલું જ નહિ પણ કૉન્ફરન્સ પાસે નાકલીટી ઘસાવતા અને કેવળ પ્રત્યાઘાતી માનસ ૨જ કરતા આ બે ઠરાવોનો કૉન્ફરન્સના ખુલ્લા અધિવેશનમાં સારા પ્રમાણમાં વિરોધ કરવામાં આવ્યો અને ઠીક ઠીક બહુમતીએ એ ઠરાવો ઊડી ગયા. આ પરિણામથી નાસીપાસ ન થતાં શેઠ કાન્તિલાલ ઈશ્વરલાલે કૉન્ફરન્સ તરફથી પોતાનો પ્રયત્ન ચાલુ રાખ્યો અને ૧૯૫૦ ના ફેબ્રુઆરી માસમાં ફાલના ખાતે તેમના જ પ્રમુખપણા નીચે કૉન્ફરન્સનું સત્તરમું અધિવેશન મળ્યું જેનું ઉદઘાટન શેઠ કસ્તુરભાઈના હાથે કરાવવામાં આવ્યું હતું. અને એ અધિવેશનમાં ઉપર જણાવેલા બન્ને ઠરાવો સારી બહુમતીથી પસાર કરવામાં આવ્યા એને એ ઉપરથી શેઠ કસ્તુરભાઈ હવે કૉન્ફરન્સને પૂરો સહકાર આપશે એવી આશા ઊભી થઈ. ત્યાર બાદ ૧૯૫૧ના મે માસમાં જૂનાગઢ ખાતે શેઠ કાન્તિલાલ ઈશ્વરલાલના પ્રમુખપણા નીચે જ કૉન્ફરન્સનું અઢારમું અધિવેશન ભરાયું તેનું ઉદ્‌ઘાટન પણ, શેઠ કસ્તુરભાઈ લાલભાઈને કૉન્ફરન્સ તરફ ખેંચવાના આશયથી તેમના હાથે જ કરાવવામાં આવેલું અને આ ઉપરથી તેમના સહકારની વધારે આશા બંધાવા લાગી. આમ છતાં ૧૯૫૨ના જૂન માસમાં શેઠ અમૃતલાલ કાલીદાસના પ્રમુખપણા નીચે મુંબઈ ખાતે કૉન્ફરન્સનું ૧૯ મું અધિવેશન ભરાયું, ૧૯૫૩ ના જુલાઈ માસમાં કલકત્તા નિવાસી શેઠ મોહનલાલ લલ્લુભાઈ શાહના પ્રમુખપણા નીચે કૉન્ફરન્સનું ૨૦ મું અધિવેશન ભરાયું. ત્યાર બાદ લુંધિયાણા ખાતે ૧૯૬૦ની સાલમાં બાબુ નરેન્દ્રસિંહજી સિંધીના પ્રમુખપણા નીચે કૉન્ફરન્સનું ૨૧ મું અધિવેશન ભરાયું અને તાજેતરમાં ત્રણ ચાર મહિના પહેલાં પાલીતાણા ખાતે ગયા જાન્યુઆરી માસની આખરમાં શ્રી અભયરાજજી બલદોટાના પ્રમુખપણા નીચે કૉન્ફરન્સનું ૨૨મું અધિવેશન ભરાયું. આ બધાં અધિવેશનો દરમિયાન શેઠ કસ્તુરભાઈએ એક પણ અધિવેશનમાં હાજરી આપી નહિ કે કૉન્ફરન્સ તરફ કોઈ સક્રિય સહકારનો હાથ લંબાવ્યો નહિ. આમ તેમના સંવનનની પ્રક્રિયા ચાલુ હોવા છતાં અને તે દિશાએ શ્રીમાન કાન્તિલાલ ઈશ્વરલાલનો એથાગ પ્રયત્ન હોવા છતાં તેઓ કૉન્ફરન્સની પ્રવૃત્તિથી એટલા ને એટલા જ દૂર રહ્યા છે. તેમના મોં માગ્યા ઠરાવો અક્ષરશ: પસાર થયાને કૉન્ફરન્સે નાકલીટી ઘસ્યાને આજે ૧૩ વર્ષ થવા આવ્યાં છે, અને આમ છતાં ડેવાધિદેવ હજુ રીઝયા નથી. શેઠ કસ્તુરભાઈની કૃપાદૃષ્ટિ હજુ સુધી કૉન્ફરન્સને સાંપડી નથી. આ છે કૉન્ફરન્સના શેઠ કસ્તુરભાઈ સાથેના આજ સુધી નિષ્ફળ નીવડેલા સંવનનનો ઈતિહાસ.

તાજેતરમાં તેઓ જ્યારે સાધુ-સંસ્થાની શિથિલતાઓ દૂર કરવા માટે કંઈ ને કંઈ સક્રિય પગલું ભરવાનો બહુ ગંભીરપણે વિચાર કરી રહ્યા છે એમ અનેક દિશાઓ વાતો વહેવા લાગી ત્યારે શેઠ કસ્તુરભાઈને અનેક દિશાએથી ગંભીરપણે સૂચવવામાં આવેલું કે આ કાર્ય તેમણે કૉન્ફરન્સ દ્વારા હાથ ધરવું. આવું કાર્ય માત્ર કોઈ એક વ્યક્તિનું નહિ પણ અખિલ ભારતીય ધોરણે કામ કરતી કોઈ સંસ્થાનું જ હોઈ શકે. અને આ માટે કૉન્ફરન્સ જેવી સંસ્થાનો ઉપયોગ તેમને સહજ સુલભ હતો. આ માટે, મારી જાણકારી મુજબ કૉન્ફરન્સના કાર્યકર્તાઓ, તેઓ માગે તે સગવડ આપવાને તૈયાર હતા, તેમની આગેવાની—સરદારી સ્વીકારવાને આતુર હતા, આમ છતાં પણ આ સૂચનો, વિનંતીઓ, તેમની નિગાહમાં ન ઉતરી તે ન જ ઉતરી અને કૉન્ફરન્સને બાજુએ રાખીને તેમણે એક સમાન્તર સંસ્થા ઊભી કરી. આથી પણ તેમનો શુભ ઉદ્દેશ પાર પડે, તેમના ભવ્ય પ્રસ્થાનને સફળતા મળે એમ સૌ કોઈ જરૂર ઈચ્છે છે. આમ છતાં પણ આ સમાન્તર સંસ્થાના ઉદ્‌ભવથી કૉન્ફરન્સ અમુક અંશે હતપ્રતે થવાની તેના ઓછાપાતળા વર્ચસ્વનો અમુક અંશે ધક્કો

લાગવાનો—એમાં કોઈ શક નથી. આને લીધે કૉન્ફરન્સ સાથે વર્ષોથી જડાયલી અનેક વ્યક્તિઓ સ્વાભાવિક રીતે ખિન્નતા અનુભવે છે.

કૉંગ્રેસ-બીજા-અનુનય પ્રકરણને યાદ આપે એવા આ સંવનન પ્રકરણનો વિચાર કરતાં કન્યાકુમારીની કથાનું સ્મરણ થાય છે. તેની કથા એવી છે કે, દક્ષિણની એક રાજકુમારીએ ભગવાન શંકરને વરવા માટે તપ આદર્યું. તેની અસાધારણ તપશ્ચર્યાથી શંકર ભગવાન પ્રસન્ન થયા. ભગવાને કહ્યું કે, "માગ માગ". "રાજકુમારીએ તેમના પાણીગ્રહણની માગણી કરી. શંકર ભગવાન આવા બંધનમાં પડવાને તૈયાર નહોતા. 'હમણાં આવું છું.' એમ વાયદો કરીને ભગવાન શંકર પૃથ્વીની પ્રદક્ષિણાએ ચાલી નિકળ્યા. તે ગયા તે ગયા જ છે. રાજકુમારી રાહ જોતી બેઠી છે. શંકર ભગવાન આજની ઘડી સુધી પાછા આવ્યા નથી. એ રાહ જોતી રાજકુમારીને ભારતવાસીઓ કન્યાકુમારી તરીકે ઓળખે છે.

કૉન્ફરન્સે પણ કસ્તુરભાઈને વરમાળા પહેરાવવા માટે તેર તેર ચૌદ ચૌદ વર્ષની તપસ્યા કરી છે. શ્રીમાન ક્રાન્તિલાલ ઈશ્વરલાલ, શ્રી મોતીલાલ ચીરચંદ વગેરે કેટલીક વ્યક્તિઓએ તે માટે પરસેવાનાં પાણી કર્યાં છે. આમ છતાં પણ કૉન્ફરન્સદેવી શેઠસાહેબ કસ્તુરભાઈના કૃપાપ્રસાદને પ્રાપ્ત કરી શકી નથી. કન્યાકુમારી અને કૉન્ફરન્સની પરિસ્થિતિમાં ફરક એટલો જ છે કે, કન્યાકુમારી હજુ પણ ભગવાન શંકરના પ્રતિઆગમનની આશા સેવી રહી છે અને કોને ખબર છે કે, ભગવાન શંકર પાછા આવે પણ ખરા, અને કન્યાકુમારીના કોડ પૂરા કરે પણ ખરા જ્યારે શેઠ કસ્તુરભાઈએ નવી સમાન્તર સંસ્થા ઊભી કરીને તેને વરમાળા પહેરાવીને, કૉન્ફરન્સની આશાને લગભગ હંમેશ માટે નષ્ટપ્રાય બનાવી દીધી છે.

આટલી સમાલોચના બાદ આ નોંધના પ્રારંભમાં રજુ કરવામાં આવેલ પ્રશ્નોના ઉત્તર આપવાપણું રહેતું નથી.

જ્યારે કસ્તુરભાઈએ અમદાવાદ ખાતે ભરાયેલા સંઘ—સંમેલન દ્વારા મેળવેલી સફળતા ઉપર પ્રશંસાના પુષ્પો વરસી રહ્યાં છે અને તેમના યશોગાન વડે દિગન્ત ગાજી ઉઠેલ છે ત્યારે તેમની સાથેનું કૉન્ફરન્સનું આ સંવનન પ્રકરણ, તેમના ગૂઢ વ્યક્તિતત્ત્વની બીજી એક બાજુ સમજવામાં અને એ રીતે તેમના સમગ્ર વ્યક્તિતત્વને યથાસ્વરૂપે ગ્રહણ કરવામાં ઠીક ઠીક ઉપયોગી થશે એમ સમજીને અહીં આ રીતે રજૂ કરવું ઉચિત ધાર્યું છે. પરમાનંદ

વ્યાપાર

આ જ છે જમા ને આ જ છે ઉધાર,
કેવો અળાયબ છે તારો વ્યાપાર !
નફો અળાણપણે થાય ખરો ખોટમ,ાં
તારા આ સમદરિયે ભરતી છે ખોટમાં,
રંકનાય છાના છલકંતા ભંડાર
—કેવો.....

લાખો ઘરાકને પહોંચે છે પળમાં તું
કોઇ તારી હાટ પરે ના જરીયે છેતરાતું,
આપ્યાથી અદકેરો થાતો ઉધ્ધાર
—કેવો.....

ગીતા પરીખ

વિષયસૂચિ

		પૃષ્ઠ
યુદ્ધ અને અહિંસક પ્રતિકાર	આચાર્ય તુલસી	૨૩
અદ્યતન યુદ્ધ પરિસ્થિતિ અને અહિંસાવ્રતધારી જૈન સાધુઓ	હરભાઈ ત્રિવેદી	૨૪
કોસબાડની જ્ઞાનયાત્રા—૩	પરમાનંદ	૨૫
સો ટચના સોના જેવા ભારતના અર્થસચિવ મોરારજીભાઈ	ડી. એફ. કરાકા	૨૭
કૉન્ફરન્સનું કસ્તુરભાઈ સાથેનું નિષ્ફળ નીવડેલું સંવનન	પરમાનંદ	૨૯
વ્યાપાર (કાવ્ય)	ગીતા પરીખ	૩૦
બ્રાહ્મણ—શ્રમણ, ગૃહસ્થ—પરિવ્રાજક શ્રી રાહુલજી	પંડિત સુખલાલજી	૩૦

બ્રાહ્મણ—શ્રમણ, ગૃહસ્થ—પરિવ્રાજક શ્રી રાહુલજી

(સ્વ. પંડિત રાહુલ સાંકૃત્યાયનની જીવનચર્યાની ઝાંખી કરાવતો એક લેખ તા. ૧-૫-૬૩ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થઈ ચૂક્યો છે. તે અંક તૈયાર થયો અને બીજે દિવસે પંડિત સુખલાલજીના સ્વ. રાહુલજી સાથેના અંગત પરિચયની સ્મરણનોંધ જેવો લેખ પ્રાપ્ત થયો. આ લેખમાં આ બન્ને વિદ્વાન વ્યક્તિઓની જીવનપ્રતિભાનું આપણને સુમધુર દર્શન થાય છે અને તેથી તેનું વિશિષ્ટ મૂલ્ય છે. આ કારણે આ લેખ અહિં પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું. પરમાનંદ)

શ્રી રાહુલજીનો આ પરિચય મુખ્યપણે હું મારા પરોક્ષ અને પ્રત્યક્ષ પરિચયમાંથી ઉઠેલી છાપને આધારે લખું છું. તેથી આ પરિચયમાં જ્યાં ત્યાં મારો પોતાનો નિર્દેશ, પૃષ્ઠભૂમિરૂપે, આપવો અનિવાર્ય છે. શ્રી રાહુલજી વિશે પૂર્ણપણે લખવું હોય તો એમના જાત-પરિચય ઉપરાંત તેમના સર્વાંગીણ સાહિત્યનું વિવિધ દૃષ્ટિએ અવલોકન પણ આવશ્યક છે. અત્રે એવો સર્વાંગીણ પરિચય કરાવવાની દૃષ્ટિ નથી.

૧૯૩૦ પહેલાં, જ્યારે હું અમદાવાદ - ગુજરાત વિદ્યાપીઠમાં કામ કરતો ત્યારે, હિંદી પત્રોમાં રામોદરલાલના નામથી છપાતા લેખો પહેલવહેલાં સાંભળ્યા. આ લેખો સિલોનમાંથી લખાતા, અને એમાં મુખ્યપણે બૌદ્ધ પાલિવાડ્મયને લગતી હકીકતો આવતી. આ વિષયમાં કેટલાય લાંબા વખત થયા મારો અતિ તીવ્ર રસ હતો. ગુજરાત વિદ્યાપીઠમાં શ્રી ધર્માનંદ કૌશાંબીજીના સન્નિધાનમાં મારો એ રસ સંતોષાતો. પણ એ સંતોષ સાથે જ ઉત્તરોત્તર બૌદ્ધ વાડ્મય વિશેની મારી જિજ્ઞાસા અદમ્ય અને બળવત્તર થતી જતી હતી. એવે સમયે રામોદરલાલના એ લેખોએ મને વિશેષ આકર્ષ્યો. આમ તો શ્રી કૌશાંબીજીના સન્નિધાનથી જ મારી સિલોન જવાની વૃત્તિ પ્રબળ થઈ હતી; તેમાં રામોદરલાલના આ લેખોએ તે વૃત્તિને પ્રબળત્તર બનાવી, પણ મારો એક સહજ સંકલ્પ હતો કે ચાલુ કામ કદી અધૂરું ન છોડવું. એટલે હું મારા કામ સાથે જોડાઈ જ રહ્યો, અને રામોદરલાલનાં લખાણો પ્રત્યે વધારે ને વધારે આકર્ષતો રહ્યો.

ત્યાર પછી, કાંઈક એવું યાદ છે કે, રામોદરલાલ, રામોદરલાલ મટી 'રાહુલ સાંકૃત્યાયન' નામે લખવા લાગ્યા. ઘણું કરી આ લખાણો તેમની ટિબેટયાત્રા અને ત્યાંના નિવાસ દરમ્યાન લખાયાં હશે. રાહુલજી હવે બૌદ્ધ ભિક્ષુ થયા છે, અને ટિબેટમાં કામ કરે છે, એવી જાણ થતી ગઈ. પછી તો કુતુહલ વધ્યું, ને એમની પ્રથમ ટિબેટયાત્રાની પુસ્તિકા પણ સાંભળી. એમના પ્રત્યે અનેક કારણે મારું આકર્ષણ વધતું ચાલ્યું, પણ હજી સુધી મળવાનો પ્રસંગ આવ્યો ન હતો.

૧૯૩૩ના જૂન - જુલાઈ માસમાં હું બનારસ ગયો; ત્યાં તેમના વિશે ઘણું સાભળ્યું. એવામાં શ્રી કૌશાંબીજી પણ કાશીમાં આવી ગયા. કૌશાંબીજી સાથે મારો બૌદ્ધ શાસ્ત્ર સંબંધી વ્યાયોગ સતત ચાલતો; પણ રાહુલજીના સાક્ષાત પરિચયની અને તેમના ટિબેટના અનુભવો જાણવાની મારી વૃત્તિ પ્રબળ થતી જતી હતી.

ઘણું કરી ૧૯૩૫ માં કયારેક જાણ થઈ કે ટાઉન હૉલમાં રાહુલજીનું ભાષણ છે. તે વખતે મારા સહવાસી એક ગુજરાતી વિદ્યાર્થી હતા, જે બૌદ્ધ પિટકોનો અભ્યાસ પણ કરતા. એમની સાથે હું ટાઉન હૉલવાળી સભામાં ગયો. શ્રી જયચંદ્ર વિદ્યાલંકાર પ્રમુખ; અને રાહુલજી વક્તા. ભાષણ પૂરું થયા બાદ અમે એકમેકને મળ્યા. મારા સહચારી વિદ્યાર્થીભાઈએ રાહુલજીને કહ્યું કે આ સુખલાલજી. રાહુલજીએ તરત જ કહ્યું કે હું તો એમના સન્મતિના સંપાદનથી એમને જાણું છું. મેં એમને એકાદ પ્રશ્ન પૂછયો. ઘણું

કરી એ પ્રશ્ન મધ્યાન્તવિભાગના કોઈ પારિભાષિક બૌદ્ધ શબ્દને લગતો હતો. રાહુલજીનાં ઉત્તરે અમારા વચ્ચે ગાઢ સંબંધનો પાયો નાખ્યો.

ત્યાર બાદ, ઘણું કરી બીજી કોઈ સભામાં પાછા એમને મેં સાંભળ્યા. એ વખતે એમની સરલતા અને નિર્ભયતાનો વધારે પરિચય થયો. તેઓ વ્યંગ્યભાષી અને વ્યંગ્યલેખક પણ ખરા. કાશીમાં અનેક પંથો ને ધર્મોના નાના-મોટા કિલ્લા છે; તદ્દન પુરાણા અને તદ્દન નવા વિચારોનો શંભુમેળો પણ છે; છતાં એકંદર વૈદિક અને સનાતન ધર્મની છાયા પ્રબળ છે, રાહુલજીને સાંભળનાર અનેક પ્રોફેસરો પણ સભામાં હતા. તેઓમાં કેટલાક સુધારક પણ ખરા. છતાં, ત્યાંના વાતાવરણમાં મુખ્ય ગંધ તો વૈદિક પરંપરાની. રાહુલજી પોતે જન્મે બ્રાહ્મણ; અને હવે એ સંસ્કારે શ્રમણ હતા. બૌદ્ધ-શ્રમણ છતાં તેઓ બ્રાહ્મણત્વનાં મુખ્ય લક્ષણ વિદ્યાના ઉપાર્જનથી લેશ પણ ચ્યુત થયા ન હતા; ઊલટું એમ કહી શકાય કે, બ્રાહ્મણત્વના પાયારૂપ વિદ્યા-સંસ્કારે અને જિજ્ઞાસાના ઉત્કટપણાએ જ એમને શ્રમણત્વ તરફ પ્રેર્યા; કેમકે તેઓ વિદ્યાની વિવિધ શાખાઓને આત્મસાત્ કરવા ખાતર જ જાણે બ્રાહ્મણપરંપરા છોડી શ્રમણપરંપરામાં આવ્યા ન હોય એમ લાગતું. આ સભામાં એમણે એમની ટિબેટની કામગીરી વિશે કેટલીક જાણવા જેવી રોમાંચક વાતો કહેલી, અને ત્યાંના ખડતલ જીવનનો ખ્યાલ આપેલો.

કાશી વિદ્યાપીઠમાં આચાર્યપદે હતા શ્રી નરેન્દ્રદેવજી. એમનો વિદ્યાપક્ષપાત અને વિદ્યાવ્યાસંગ એટલો બધો અસાધારણ હતો કે તેઓ પંથ કે પરંપરાની પરવા કર્યા વિના ગમે ત્યાંથી વિદ્યાના માર્ગો હસ્તગત કરે. આને લીધે કદાચ, એમનો રાહુલજી સાથે પરિચય વધારે ગાઢ બન્યો હશે. રાહુલજી એક જ સ્થાને રહે તો તેઓ બૌદ્ધ ભિક્ષુ શાના? અને પરિવ્રાજક પણ શાના? એટલે નવી નવી વિદ્યાયાત્રાઓ અને દેશયાત્રાઓ કરવા તરફ જ એમનું વલણ. મેં એકવાર સાંભળેલું કે રાહુલજીને ટિબેટમાં ફરી જવું હતું, અને શ્રી નરેન્દ્રદેવજીની બહુ થોડી મદદ મળી કે તરત જ તેઓ લાંબો વિચાર કર્યા વિના, ટિબેટ ભણી ઊપડી ગયા. એમની ટિબેટયાત્રાઓ ત્રણથી ઓછી તો નથી જ. ઘણું કરી છેલ્લી યાત્રા વખતે તેઓને મેં કહેલું કે હું સાથે આવી શકું? એમણે કહ્યું કે, આવી શકો, પણ ત્યાંની ઠંડી, ત્યાંનો ખોરાક અને ત્યાં જતાં રસ્તામાં પડતી મુશ્કેલીઓ—એ બધું આવું આવું છે, ઈત્યાદિ. આ વખતે તેઓ નેપાળને રસ્તે થઈ જવાના હતા. તેઓ તો ટિબેટ પહોંચ્યા, પણ તેમની સાથે જે બીજા અનેક ફોટોગ્રાફર આદિ ગયેલા, લગભગ તે બધા થાકી-કંટાળી પાછા ફર્યા; પણ રાહુલજી તો (‘एगो चरे खग्ग—विसाणकप्पो’) એ જૈન—બૌદ્ધ ઉક્તિના પ્રતીક હતા. ટિબેટથી પાછા ફર્યા બાદ કયારેક અમે મારા નિવાસસ્થાને જ, નિરાંતે મળ્યા. એમની ટિબેટની કામગીરી મેં એમના જ મુખે સાંભળી. તેઓએ કહ્યું કે, હું ત્યાંની કડકડતી ટાઢમાં અઢાર કલાક લખતો. ત્યાંની પ્રતિઓના ઉતારા કરવા એ મુખ્ય કામ. કાગળ પૂરતા ન હોય તો ચબરખી જેવું જે કંઈ મળે તેના ઉપર પણ લખું. ટપાલના કાગળોમાં પણ કોરો ભાગ હોય તો તેનો ઉપયોગ કરું. મેં કહ્યું કે, તમારા ફોટાઓ કેટલાક અસ્પષ્ટ આવ્યા છે; ત્યારે એમણે કહ્યું કે, ત્યાંની સાધન—સામગ્રી એવી અધૂરી ને માલ વિનાની કે જે આવ્યું તે જ મારે મન પૂરતું, ઈત્યાદિ.

રાહુલજીનું આ વિદ્યાતપ મને એટલું બધું ઉત્કટ અને મહત્ત્વનું લાગતું કે, હું એમના એ વિદ્યાતપને કારણે જ એમના તરફ વધારે ને વધારે આકર્ષાતો ગયો. પણ આ કંઈ માત્ર મારો એકલાનો જ અનુભવ નથી; જેમ જેમ રાહુલજીએ લાવીને હિંદુસ્તાનમાં મૂકેલ વિવિધ વિદ્યાસાધનોનો વિદ્વાનોને પરિચય થતો ગયો, તેમ તેમ સૌનું ધ્યાન રાહુલજી ભણી આકર્ષાયું. પટનાના બૅરિસ્ટર અને પ્રસિદ્ધ ઈતિહાસજ્ઞ કાશીપ્રસાદ જયસ્વાલ અને બીજા કેટલાય રાહુલજીના અંતરંગ ચાહકો. રાહુલજી જે જે સામગ્રી ટિબેટમાંથી કે નેપાળ આદિમાંથી લાવ્યા, લગભગ તે બધી જ પટનામાં તેમણે મૂકી, અને જે સામગ્રી માટે વિદેશના અને આ દેશના વિદ્વાનો ઝંખે, હાથમાં આવી હોય તો બીજાને ભાગ્યે જ સોંપે, અને જો આપે તો એનું પૂરું વળતર લે; એવી અમૂલ્ય સામગ્રી રાહુલજીએ એક નિર્મમ ભિક્ષુને છાજે એવી રીતે જેને તેને આપી, સોંપી અને છતાં કોઈના ઉપર હાથ રાખ્યાનો જાણે ભાવ જ નહીં.

એમની આ નિર્મળ, ઉદાર, વિદ્યાવૃત્તિનો હું પ્રત્યક્ષ સાક્ષી છું. ટિબેટમાંથી અને નેપાળમાંથી આણેલી ગ્રંથસામગ્રીમાં ત્રણ મહત્ત્વના ગ્રંથો એવા હતા કે મારે તેની સાથે કામ પડેલું. ધર્મકીર્તિના સટીક ‘હેતુબિંદુ’નું સંપાદન કરતો અને સટીક ‘ન્યાયબિંદુ’ નું સંપાદન પંડિત શ્રી દલસુખ માલવણિયા કરતા; આ બન્ને સંપાદનો વખતે એના ઉપરની દુર્વેકમિશ્રકૃત અનુટીકાની જરૂરિયાત ઊભી થઈ. રાહુલજીએ આ અનુટીકાઓના ફોટા પટનામાં જયસ્વાલ ઈન્સ્ટીટયૂટમાં મૂકેલા. અમે એનો ઉપયોગ તો યથાક્રમે કર્યો, પણ નવાઈની વાત તો એ હતી કે, રાહુલજી નેપાળના રાજગુરુ શ્રી હેમરાજજીના સંગ્રહમાંથી દુર્વેકમિશ્રકૃત ‘આલોક’ની એક નકલ લાવેલા; તે એમણે મને જેમની તેમ આપી દીધી, અને ક્યારેય ઉઘરાણી પણ ન કરી; એટલું જ નહીં, પણ જે ગ્રંથ માટે યુરોપના વિદ્વાનો ઝંખતા, એને મૂળ સ્વરૂપમાં મેળવવા ગમે તેટલો ખર્ચ કરવા પણ તત્પર રહેતા, તે ‘પ્રમાણવાર્તિકાલંકાર ભાષ્ય’ ગ્રંથ આખો ને આખો પોતાના હાથે લખેલો મને જરા પણ સંકોચ વિના આપી દીધો, અને કહ્યું કે, તમે જ આનું સંપાદન કરો, ઈત્યાદિ.

રશિયાના સુપ્રસિદ્ધ વિદ્વાન શેર બિહર્સ્કીએ એ ગ્રંથ ખાતર જ રાહુલજીને રશિયામાં આમંત્ર્યા. શેર બિહર્સ્કીનો ઈરાદો એ હતો કે રાહુલજી સાથે મળી તેનું સંપાદન કરવું. રાહુલજી ત્યાં ગયા, પણ એમને લાગ્યું કે તેઓ એવી ધીમી ગતિએ કામ કરી વધારે વખત ત્યાં રહી શકે નહીં. અમુક વખત ત્યાં રહ્યા અને શેરબિહર્સ્કીની એક શિષ્યા સાથે ગૃહસ્થાશ્રમ પણ માંડયો.

રશિયાથી પાછા ફર્યા ત્યારે તેઓ સોવિયેટ ભૂમિ અને સોવિયેટ તંત્રની અનેક બાબતો જાણીને અને કેટલેક અંશે પચાવીને પણ પાછા ફર્યા. એમનું મૂળ માનસ બ્રાહ્મણત્વ સુલભ વિદ્યાનું. તેમાં શ્રમણત્વસુલભ—ખાસ કરી બૌદ્ધપરંપરાસુલભ - પરિવર્તનવાદ યા ક્ષણિકવાદ ભળ્યો. એટલે એમના વિદ્યાનાં માનસિક દ્વારો એટલાં બધાં ખૂલ્યાં હતાં કે તેઓ વિદ્યાની કોઈ એક જ શાખા કે એક જ પરંપરામાં પુરાઈ રહે તેવા ન હતા. તેથી સમાજ, રાજકારણ, ઈતિહાસ, ભૂગોળ, ભાષાઓ, તત્ત્વજ્ઞાન અને બીજાં સંસ્કૃતિના અનેક ક્ષેત્રોમાં નિર્વિઘ્નપણે તેમની ગતિ થતી. આ બધું ચાલતું હોય ત્યારે તેઓની અનેક વિષયોને સ્પર્શતી લેખનપ્રવૃત્તિ પણ એવી જ ત્વરાથી ચાલતી. જે ગ્રંથો પોતે લાવેલા તેમાંથી અનેકનું સંપાદન કરે, કેટલાકનું ટિબેટન ભાષામાંથી મૂળ સંસ્કૃતમાં પરિવર્તન કરે. તે વખતે મને લાગ્યા કરતું હતું કે આ તે રાહુલજી છે કે મહાભારતના વ્યાસ?

રાહુલજીએ ટિબેટ આદિ દેશોથી મૂળમાં ભારતીય એવું ઢગલાબંધ વિવિધ સાહિત્ય આણ્યું છે. એ બધાનું યોગ્ય સંપાદન હજી થવું બાકી છે છતાં તેમણે પોતે અને તેમણે પૂરી પાડેલ સામગ્રી ઉપરથી બીજાઓએ અસાધારણ કહી શકાય એવા ગ્રંથોનું જે સંપાદન કર્યું છે, તેને લીધે ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, પૂર્વોત્તર મીમાંસા, જૈન અને બૌદ્ધ પરંપરાના અનેક વિશિષ્ટ વિદ્વાનોએ રચેલા એવા અનેક તાત્ત્વિક ગ્રંથો ઉપર અભૂતપૂર્વ પ્રકાશ પડયો છે; કેટલીક ઐતિહાસિક કડીઓ સંધાઈ છે; અનેક તાત્ત્વિક પરિભાષાઓનાં સાચાર સ્પષ્ટીકરણો થવા પામ્યાં છે. એકંદર ભારતીય તાત્ત્વિક વાઙ્મયના અધ્યયન—અધ્યાપનમાં અને ઐતિહાસિક શૃંખલાને સમજવામાં રાહુલજીની સામગ્રીએ જે ફાળો આપ્યો છે, માત્ર એ ફાળા પૂરતું જ તેમનું સ્મરણ કરવું હોય અને સાચવવું હોય તો, એમ કહી શકાય કે ભારતીય તત્ત્વવિદ્યાના સાચા ઉપાસકોએ તેમના સ્મરણમાં એક વિશિષ્ટ ગ્રંથમાળા ચલાવવી જોઈએ.

રાહુલજી એ એરોપ્લેન-ગતિએ ચાલનાર અને કામ કરનાર પરિવ્રાજક હતા. એક વાર લખે, પછી, બીજી વાર તપાસવાની ફુરસદ

નહીં. સંપાદનો પણ એટલી જ ત્વરાથી કરે. મારા જેવા મંદ અને ધીરી ગતિને વરેલા જ્યારે એમને ધીરજપૂર્વક કામ કરવાનું કહે, ત્યારે ઉત્તર એમનો એક જ હતો, અને તે એ કે, મારું મુખ્ય કામ સામગ્રી પૂરી પાડવાનું છે. એકએક અક્ષર કે વાક્ય પાછળ સ્થિર સંશોધકોની પેઠે હું વખત આપી નથી શકતો. તે કામ તો ભારત અને ભારતેતર દેશના અનેક વિદ્વાનો કરે છે, અને કરશે.

એક વાર એમણે મને કહ્યું કે, તમે, 'પ્રમાણવાર્તિકાલંકાર ભાખ્ય'નું સંપાદન કરો. મારો ઉત્તર હતો કે, મારે તો ફોટોકોપી, તિબેટનના અનુવાદ આદિ સાથે અને બીજા જૈન - જૈનેતર પૂર્વોત્તરવર્તી ગ્રંથો સાથે સરખામણી કરવી પડે, અને એ કામ એક ઘાએ પતે નહીં; તેથી પુષ્કળ વખત જવાનો. એમણે થોડી રાહ જોઈ; પણ છેવટે એમણે જ એ ગ્રંથ પ્રકાશિત કર્યો. એમાં જે કરવાનું રહી ગયું છે, તે તો કોઈક કરશે જ, પણ રાહુલજીના એ ત્વરિત સંપાદનથી દાર્શનિકોને જે લાભ થવો સંભવિત છે, તે જોતાં એમ કહી શકાય કે, રાહુલજીની વિમાનીગતિ પણ, તેઓ કહેતા તેમ, ઘણી ફળદાયી છે.

શ્રી વિધુશેખર શાસ્ત્રી જેવા, અને બીજા એવા કેટલાયને એમણે સંપાદન માટે પ્રાચીન, પ્રાચીનતર અને સર્વથા દુર્લભ કહી શકાય એવા ગ્રંથો પૂરા પાડ્યા છે. જોકે, આ ગ્રંથો હજી સંપૂર્ણપણે પ્રકાશિત નથી થયા, પણ એ પ્રકાશિત થતાં જ વિદ્વાનો સમક્ષ વિદ્યાનું એક નવું જ વિશ્વ ઉપસ્થિત થવાનું. એમાંથી જે જે ગ્રંથ, જેટલે અંશે, પ્રકાશિત થઈ ઉપલબ્ધ થયો છે, તે જોતાં મને એમ લાગે છે કે રાહુલજી ન હોત તો મૈત્રેય, અસંગ, વસુબંધુ, સંઘભદ્ર આદિ વિદ્વાનોની મૂળ ઉપાસનાનો ખ્યાલ જ કેવી રીતે આવી શકત? અને તે વિના બૌદ્ધ - બૌદ્ધેત્તર વાઙ્મયનું રહસ્ય કેટલું ગૂઢ રહી જાત.

રાહુલજીએ નાલંદા, વિક્રમશીલા, જગતકલા આદિ અનેક બૌદ્ધ વિહારોમાં તે તે કાળે થયેલી વિદ્યાઉપાસનાને આપણી સામે રજૂ કરી તે તે સમયના જીવિત બૌદ્ધ વિહારોને સમજવામાં કેટલી મદદ કરી છે, એ તો ઈતિહાસજ્ઞ જ કહી શકે તેમ છે.

એકવાર મેં કહ્યું: ગુજરાતમાં પણ કેટલાંક તીર્થધામો જોવા જેવાં છે. એમણે તરત એમ કહ્યાનું યાદ છે કે - હું તો અનેક વર્ષો પહેલાં વૈદિક પરિવ્રાજક રૂપે ગુજરાતમાં આવેલો; મેં ડાકોર આદિ તીર્થો પણ જોયેલાં. રાહુલજી છેક નાની ઉંમરે ઘર છોડી કાશી આવેલા ત્યારે જ કદાચ તેઓએ આ વૈષ્ણવી દીક્ષા લઈ ભ્રમણ કરેલું.

૧૯૨૧ પછીની અને ૧૯૩૦ પછીની સ્વરાજ્ય પ્રાપ્તિની સમર્થ હિલચાલ વખતે તેઓ જરાય પાછા ન રહ્યા; અનેક વાર જેલમાં પણ ગયા. છેલ્લી લડાઈ બંધ પડી અને રશિયાથી તેમને આહ્વાન આવ્યું; ઘણું કરી એ આહ્વાન એમની રશિયન પત્નીનું હતું. રાહુલજી એ પત્ની અને પોતાના ઔરસ મનુ નામક પુત્રને ત્યાંથી અહીં લાવવા તત્પર થયા; મુંબઈ આવ્યા. અહીંથી ઈરાન સુધી તો જવાનું શક્ય હતું, પણ રશિયામાં દાખલ થવાનો પરવાનો મેળવવાનું કામ જરાય સહેલું નહોતું. આ અંગે બધી જ હિલચાલ કરવા તેઓ મુંબઈ ઠીક ઠીક રહ્યા. આચાર્ય શ્રી જિનવિજયજીએ તેમને ભારતીય વિદ્યાભવનમાં રહેવા આદિની પૂરી સગવડ કરી આપેલી, પણ રાહુલજીની મિલનસાર પ્રકૃતિનું એ વખતે મને પ્રત્યક્ષ દર્શન થયું. દિવસ અને રાત લખવા - વાંચવાના યોગમાં પુરાયેલા હોવા છતાં તેઓ સવારે ચા વખતે મારા રૂમમાં લગભગ એક કલાક બેસે, અને જે નાની કન્યાઓ કે બીજાં બાળકો આવે તે બધાં સાથે ગુજરાતીમાં બોલવા - સમજવાનો પ્રયત્ન કરે. મને એમણે કહ્યું કે, તિબેટ, સિલોન, આદિમાં મેં બાળકો પાસેથી જ અનેક ભાષાઓનો જીવતો પરિચય કર્યો છે. વળી, તે આમ તો ગંભીર અને ઓછાબોલા, પણ જ્યારે સૌ સાથે ભળે ત્યારે મુક્તમને પોતાના ભંડારો ખોલે.

એકવાર મેં કહ્યું: હમણાં છાપામાં સાંભળ્યું કે, તમે પોતાના વતનમાં ગયા હતા; તો ત્યાં તમારાં પૂર્વ પત્નીને મળ્યા? બુદ્ધ તો યશોધરાને મળવા ગયેલા. શું તમે એ બિચારી એકલવાયી વૃદ્ધ પત્નીને દર્શન આપ્યા? તેઓ કહે કે હા, મારી સામેથી એક વસ્ત્રવેષ્ટિત અસ્થિપંજર પસાર થઈ ગયું! હું એમના કથનનો અર્થ કાંઈક પામી ગયો; કારણ કે, એવી એક કથા બૌદ્ધ અઠ્ઠકથામાં આવે છે, જેમાં રસ્તે ચાલતા અને ધ્યાનમાંથી તરત જ ઊઠેલા ભિક્ષુને કોઈએ પૂછ્યું કે, - ભદંત, આ રસ્તેથી કોઈ સ્ત્રીને પસાર થતાં તમે જોઈ? ભિક્ષુએ કહ્યું; હા, કોઈ એક અસ્થિપંજર તો જતું જોયું હતું! એ સ્ત્રી હતી કે કોણ એ હું ન જાણું. પણ રાહુલજી અનેક વર્ષો બાદ મિત્રોના આગ્રહથી વતનમાં ગયા, પણ કઠોરપણે અલિપ્ત જ રહ્યા. આથી ઉલટું, લગભગ સાત વર્ષ પહેલાં એક બીજો પ્રસંગ બન્યો. હું કાશીમાં મારા મિત્ર ખં. શ્રી માલવણિયાને ત્યાં હતો. અચાનક રાહુલજી આવ્યા. એમણે કહ્યું કે, મને આણુધારી જાણ થઈ એટલે મળવા તો આવ્યો છું, પણ જલ્દી જવું છે. એમ કહી એમણે પરિવારનો પરિચય આપવો શરૂ કર્યો. કહે કે—આ સાથે પત્ની કમળા છે; તે હવે એમ. એ. ની પરીક્ષા આપશે. આ બે બાળકો પૈકી એક જેતા અને કન્યા જયા છે. એની આટલી આટલી ઉંમર, ઈત્યાદિ. આટલું કહ્યા પછી હવે પછીના કામ વિશેષના મારા પ્રશ્નના ઉત્તરમાં તેઓએ કહ્યું કે, મારી સામે અત્યારે મુખ્ય ત્રણ પ્રસ્તાવો છે. એક વિશે અત્યારે નહીં કહું, પણ બીજો અને ત્રીજો પ્રસ્તાવ આ છે ઈત્યાદિ. તે વખતે ભારત સરકાર કદાચ તેમને તિબેટ મોકલવા ઈચ્છતી હોય, એમ લાગ્યું. એક વિશાળ હિંદી કોષ માટે પણ એમને પૂછવામાં આવેલું. જે હો તે, પણ તેઓ કાંઈ આવા બંધિયાર ખાતામાં પુરાઈ રહે તેવા ન હતા. તેથી જ કદાચ તેઓએ મસૂરીમાં નિવાસ કર્યો.

મસૂરીમાં રહ્યા પછી મને ત્યાં આવવા અને વિશેષ રહેવા અનેક વાર લખ્યું; એ પણ સૂચવ્યું કે, અહીં તમારી પ્રકૃતિ પ્રમાણે જ બધું ગોઠવાઈ જશે. હું તો એમના એ સહવાસ-સૌરભથી વંચિત રહી જ ગયો છું, પણ એમના વિદ્યાસૌરભનો લાભ તો પથારીએ પડ્યા પડ્યા પણ લેતો રહ્યો છું. જે 'मध्यएशिया का ईतिहास' માટે એમને સાહિત્ય અકાદમી તરફથી પારિતોષિક મળ્યું, તે બન્ને ભાગો સાંભળતાં સાંભળતાં એમની જ્ઞાનયાત્રા, ભૂગોળયાત્રા, ઈતિહાસયાત્રા અને ધર્મયાત્રા આદિનું આખું ચિત્ર સ્પષ્ટ થયું.

સિલોનથી રાહુલજીનો અચાનક પત્ર આવ્યો કે અહીંની કૉલેજમાં ભારતીય વિદ્યાના મુખ્ય અધ્યાપક તરીકે નિમાયો છું; એ માટે જૈન આગમો જોઈએ, ઈત્યાદિ. ભિક્ષુ આનંદકૌશલ્યાયન, જેઓ ખરી રીતે રાહુલજીની છાયાને લીધે જ ભિક્ષુમાર્ગ તરફ વળેલા, તેઓ પણ ત્યાં હતા. સિલોનથી પાછા આવ્યા અને એમને મધુપ્રમેહ આદિ રોગોએ વિશેષ ઘેર્યા હોય એમ લાગે છે. હવે રાહુલજી ભૌતિક દેહે નથી, પણ અક્ષર દેહે તેઓ વિદ્વાનો અને સામાન્ય પ્રજાના મનમાં સદાય વાસ કરી શકે એટલું એમણે નિષ્કામ કાર્ય કર્યું છે. એ રીતે તેઓએ બ્રાહ્મણત્વ અને શ્રમણત્વનું પોતાના જીવનમાં અદ્વૈત સિદ્ધ કર્યું છે, અને ગૃહસ્થાશ્રમમાંથી પરિવ્રાજકપણું, અને પરિવ્રાજકપણામાંથી ગૃહસ્થપણું - એમ બન્ને આશ્રમોનો જીવનમાં સંગમ પણ સાધ્યો છે. જ્ઞાનેશ્વરના પિતાએ જેમ પરિવ્રાજકપણામાંથી ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો હતો, તેમ રાહુલજીએ પણ સ્વીકાર્યો. પરંતુ જમાનો એટલો બધો આગળ વધી ગયેલો છે અને રૂઢિનાં બંધનોથી એટલો બધો મુક્ત થઈ ગયો છે કે, રાહુલજીને બ્રાહ્મણોએ કે શ્રમણોએ કોઈએ સમાજ, જ્ઞાતિ કે ધર્મબહાર મૂકવાનો વિચાર સુદ્ધાં સેવ્યો નહિ, અને તેમની સાહિત્ય-ઉપાસના, માનવસેવા અને રાષ્ટ્રપ્રેમની જ સૌએ એકધારી પ્રશંસા કરી છે. ભારત જો રાહુલજી જેવા પુરુષાર્થીને જન્મ આપી શકે તો એવી આશા રાખવી અસ્થાને નથી કે એમના જેવા અનેક પુરુષાર્થીઓ આપણને મળે.

સરિતકુંજ, અમદાવાદ-૯ પંડિત સુખલાલજી
તા. ૧-૫-૧૯૬૩

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જૂન ૧૬, ૧૯૬૩, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

* રશિયાની શાંતિયાત્રાનાં ઢેબરભાઈનાં સ્મરણો *

તા. ૪-૧૦-૬૩ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી, શ્રી ઉછરંગરાય ન. ઢેબર દિલ્હી છોડીને મુંબઈ આવ્યા અને ખાદી કમિશનનું અધ્યક્ષસ્થાન તેમણે સ્વીકાર્યું તે બદલ તેમનું સ્વાગત તેમ જ અભિનન્દન કરવા અર્થે સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવીના નિવાસસ્થાન 'મનોહર' માં સંઘના સભ્યોનું એક સંમેલન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ઢેબરભાઈ ગત વર્ષના સપ્ટેમ્બર માસમાં આણુશસ્ત્રપ્રયોગ બંધ કરવાની શ્રી કુશ્ચેવને ભારત તરફથી વિનંતિ કરવા માટે શ્રી રામચંદ્રન સાથે એક પ્રતિનિધિમંડળના આકારમાં રશિયા ગયા હતા તેનાં સ્મરણો પણ રજૂ કરશે એ પ્રકારની જાહેરાત કરવામાં આવી હતી.

આ સંમેલનમાં સંઘના સભ્ય ભાઈ-બહેનોએ બહુ સારી સંખ્યામાં હાજરી આપી હતી. આ પ્રસંગે ખાદીના અગ્રગણ્ય પુરસ્કર્તા ઉમરે વૃદ્ધ છતાં પ્રકૃતિથી યુવાન શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીએ, હાજરી આપીને સંઘની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ કરી હતી.

શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ

શરૂઆતમાં, આગળથી નક્કી કર્યું હતું તે મુજબ, સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઈ ભુજપુરીઆએ ખાદીકમિશનના અધ્યક્ષસ્થાનેથી તાજેતરમાં નિવૃત્ત થયેલા શ્રી વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતાને આજના સંમેલનનું પ્રમુખસ્થાન શોભાવવા વિનંતી કરતાં જણાવ્યું હતું કે, "આજે શ્રી ઢેબરભાઈનું સ્વાગત અને વૈકુંઠભાઈ પ્રમુખસ્થાને—આ તો સોનું અને સુગંધનો સહયોગ થયા જેવું લેખાય. આથી વધારે સુભગ સુયોગ આપણે કલ્પી શકીએ તેમ નથી. આ રીતે આપણે આ બન્ને વ્યક્તિનું બહુમાન કરીએ છીએ જે મારા માટે અતિ આનંદનો વિષય છે."

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

ત્યાર બાદ શ્રી ઢેબરભાઈનું સંઘ તરફથી સ્વાગત કરતાં સંઘનાં મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું હતું કે, "૧૯૩૬ની સાલમાં અમદાવાદના સંઘના બહિષ્કાર પછી રાજકોટમાં જૈન યુવક પરિષદ ભરવામાં આવેલી. તેના પ્રમુખ તરીકેનું કાર્ય બજાવવા માટે રાજકોટ જવાનું બનેલું તે પ્રસંગે શ્રી ઢેબરભાઈ સાથે મારો પ્રથમ પરિચય થયો હતો. તે વખતે તેઓ, મારા સ્મરણ પ્રમાણે, વકીલાત કરતા હતા અને સાથે સાથે જાહેર જીવનમાં ભાગ પણ લેતા હતા. ત્યાર પછી તો તેમણે વકીલાત સાવ છોડી દીધી અને રાજકોટના રાજકારણમાં ઝંપલાવ્યું. કૉંગ્રેસની આગેવાની ધારણ કરી, ૧૯૪૨ ની 'હિંદ છોડો' ની લડતમાં જેલવાસ સ્વીકાર્યો. દેશ આઝાદ બન્યો, સૌરાષ્ટ્રનું એકમ થયું અને નવા રાજ્યના તેઓ મુખ્ય પ્રધાન થયા અને તેમના સુત્રધારણ નીચે સૌરાષ્ટ્ર સંગઠિત બન્યું અને ખૂબ ઉંચે આવ્યું. કૉંગ્રેસના પ્રમુખ બન્યા અને તેમની રાહબરી નીચે કૉંગ્રેસે દેશમાં સમાજવાદી ઢબની રચના નિર્માણ કરવાનો નિરધાર જાહેર કર્યો. છેલ્લી ચૂંટણીમાં ઊભા રહીને તેઓ લોકસભામાં આવ્યા. આ દરમિયાન ખાદી કમિશનના અધ્યક્ષસ્થાન ઉપરથી વૈકુંઠભાઈએ નિવૃત્ત થવાની ઈચ્છા જાહેર કરી અને તે જગ્યા ઉપર આવવા માટે શ્રી ઢેબરભાઈને વિનંતિ કરવામાં આવી. આજના સત્તાલક્ષી રાજકારણના કાળમાં લોકસભાનું પ્રલોભન છોડીને આ સ્થાન ઉપર આવવાનો નિર્ણય કરવો એ સહેલી વાત નથી. સત્તા અને સેવા એ વિકલ્પો વચ્ચે નિર્ણય કરવા જેવી કાંઈક નાજુક એવી આ પરિસ્થિતિ હતી. ઢેબરભાઈ સત્તાનું પ્રલોભન છોડી સેવા તરફ ઢળ્યા અને મુંબઈ આવીને વસ્યા—આથી અમને ખૂબ આનંદ થયો અને તેમના વિષે અમારા દિલનો આદર વધ્યો. આનંદ એટલા માટે કે, તેમના મુંબઈ ખાતે સ્થાયી બનતા નિવાસથી તેમના સમાગમનો અમને વિશેષ લાભ મળશે એવી શુભ પરિસ્થિતિ અમારા માટે હવે સરજાઈ છે. આ રીતે ઢેબરભાઈ પ્રત્યે અમારું દિલ જે આદર અનુભવે છે અને તેમના મુંબઈ આવી વસવાથી અમારું દિલ જે આનંદ અનુભવે છે તે બન્ને લાગણીઓને વ્યકત કરવા માટે અમે આ સંમેલન યોજવાને પ્રેરાયા છીએ. આ પ્રસંગે ઢેબરભાઈની અનેક ગુણવિશેષતાનો ઉલ્લેખ કરીને હું આપનો વિશેષ સમય લેવા માગતો નથી. પણ આજે જ્યારે રાજકારણને વરેલા અને સત્તાસ્થાન ઉપર આરૂઢ થયેલા અને કૉંગ્રેસી રાજપુરુષોના જીવનમાં સાદાઈના સ્થાને ભોગવૈભવ ઠીક ઠીક પ્રમાણમાં પ્રવેશેલો માલૂમ પડે છે ત્યારે, ઢેબરભાઈ એક પછી એક સત્તાસ્થાન ઉપર આરૂઢ થતા ગયા, છતાં તેમના જીવનમાં સાદાઈનું જે તત્ત્વ મૂળથી હતું તે આજ સુધી એકસરખું જળવાઈ રહ્યું છે. સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન હતા ત્યારે પણ તેઓ સેનેટોરિયમના બે-ત્રણ ઓરડાઓમાં રહેતા હતા. કૉંગ્રેસના પ્રમુખ થયા ત્યારે પણ હરિજન—કૉલોની એ જ તેમનું નિવાસસ્થાન હતું. લોકસભાના સભ્ય હોવા છતાં પણ તેમની રહેણીકરણીમાં કશો પણ ફરક પડયો નહોતો. આમ અન્ય રાજકારણી પુરુષોથી અલગ તરી આવતા ઢેબરભાઈ આપણા સવિશેષ આદરને પાત્ર બન્યા છે. તેમને આ પ્રસંગે આપ સર્વેની વતી—અમારા સંઘ વતી આવકારું છું."

શ્રી કાકુભાઈ

ખાદીપ્રવૃત્તિ સાથે જેમનું નામ ગાઢપણે સંકળાયેલું છે એવા શ્રી કાકુભાઈએ, શ્રી પરમાનંદભાઈએ કરેલા ઢેબરભાઈના સ્વાગતનું અનુમોદન કરતાં જણાવ્યું કે, "પરમાનંદભાઈએ લોકસભાનું સ્થાન કાંઈક ઊંચું અને ખાદીકમિશનનું કામ—કાંઈક નીચું,—એવો જે ભેદ અહિં તારવ્યો છે તે સાથે હું સંમત નથી થતો. મારી દ્રષ્ટિએ ખાદીકમિશનના ચેરમેનનું સ્થાન જરા પણ ઓછા મહત્ત્વનું નથી. એક રાજકારણી નેતાએ કાંઈક કટાક્ષમાં એમ જણાવેલું, જે ઝીણામાં ઝીણું કાંતી શકે એ મોટો દેશભક્ત.

આ વર્ણન ઢેબરભાઈને અનેક રીતે લાગુ પડે છે. એક તો ઢેબરભાઈ ચાલુ કાંતનારા છે અને ઝીણામાં ઝીણું કાંતી શકે છે. બીજું સૌરાષ્ટ્રના મુખ્ય સત્તાસ્થાન ઉપર રહીને તેમણે જે કામગીરી દાખવી છે તે કામગીરીને પણ આ જ વર્ણન લાગુ પડે તેમ છે. કોંગ્રેસના પ્રમુખસ્થાનને પણ તેમણે એટલી જ કુશળતાથી શોભાવ્યું છે. અને રાજકારણમાં જેમણે ખૂબ નામના મેળવી હોય એવા માણસોની રચનાત્મક ક્ષેત્રે પણ એટલી જ જરૂર છે. કારણ કે રાજકારણને પહોંચવું જેટલું મુશ્કેલ નથી એટલું રચનાત્મક કામને પહોંચવું મુશ્કેલ છે—આવો મારો અનુભવ છે. ખાદીપ્રવૃત્તિ એ તો ગાંધીજીની મુખ્ય પ્રવૃત્તિ હતી. આ પ્રવૃત્તિ કોઈ બત્રીશલક્ષણાની અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે. ખાદીપ્રવૃત્તિને આજે આવો બત્રીશલક્ષણો પુરુષ મળી ગયો છે એ મારા માટે અતિશય આનંદ અને ધન્યતાનો વિષય છે."

શ્રી. વૈકુંઠભાઈ લ. મહેતા

પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી વૈકુંઠભાઈએ જણાવ્યું કે, "આજના અતિથિવિશેષ જેવા ઢેબરભાઈનો પરિચય આપવાનું કાર્ય શ્રી પરમાનંદભાઈએ તથા કાકુભાઈએ પતાવી દીધું છે એટલે મારી જવાબદારી હળવી બની ગઈ છે. હું માનું છું કે, ખાદીકમિશનના ચેરમેન થવાનો નિર્ણય ઢેબરભાઈએ બહુ મન્થન પછી લીધો હશે. અને તે નિર્ણય પાછળ પોતાને પ્રિય એવી ખાદીપ્રવૃત્તિને પોતાનું સર્વસ્વ અર્પણ કરવાની ઢેબરભાઈની ભાવના અને તૈયારી હશે. અહિં મારે એક બાબતનો ઉલ્લેખ કરવો જોઈએ એમ મને લાગે છે, કેટલેક ઠેકાણે એવો ખ્યાલ છે કે, રાજકારણમાં ઉચ્ચ કોટિના માણસોએ જવું ન જોઈએ. આ ખ્યાલ સાથે હું મળતો થતો નથી. જો રાજકારણી વહીવટ નીતિમત્તાથી ચાલે એવી આપણી અપેક્ષા હોય તો મારું માનવું છે કે, ઉચ્ચ કોટિના માણસોએ જ રાજકારણનો કબજો લેવો જોઈએ. અહિં મારે એ પણ જણાવવું જોઈએ કે સૌરાષ્ટ્ર સરકાર ઢેબરભાઈના અધિષ્ઠાન નીચે સ્વતંત્રપણે અસ્તિત્વમાં હતી તે દરમિયાન સૌરાષ્ટ્ર સરકારે રચનાત્મક કાર્યમાં જે ફાળો આપ્યો છે તેવો ફાળો આજ સુધી કોઈ પણ સરકારે આપ્યો નથી. પરદેશથી આવીને રાજાજીએ પોતાની અમેરિકાની મુલાકાતનો-કેનેડી સાથેની વાતચીતનો ખ્યાલ—ભારતીય વિદ્યા ભવનમાં આવીને આપણને આપ્યો હતો. તેવું નિવેદન હજુ સુધી રશિયા સંબંધે સાંભળવાની જાહેર જનતાને તક મળી નથી. આ તક આજે આપણને મળી છે—શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ઢેબરભાઈને અહિં બોલાવીને આ તક ઊભી કરી છે તે માટે મુંબઈ જૈન યુવક સંઘનો હું આભાર માનું છું. રશિયા ઢેબરભાઈ ગયા—કુશ્ચેવ સાથે તેમને શું વાતચિત થઈ—તેનું શું પરિણામ આવ્યું—આ બધું જાણવા આપણે બહુ આતુર છીએ. તો પછી હું ઢેબરભાઈને વિનંતિ કરું કે તેઓ આપણી સાથે રશિયા વિષેની —કુશ્ચેવ વિષેની—વાતો કહે."

શ્રી ઉછંગરાય ન. ઢેબરનું પ્રભાવશાળી પ્રવચન

ત્યાર બાદ શ્રી ઢેબરભાઈએ મુખ્ય વિષય ઉપર આવતાં પહેલાં જણાવ્યું કે "સજા કરવાનો પ્રેમીજનોને પણ અધિકાર હોય છે. એ અધિકાર શ્રી પરમાનંદભાઈએ આજે પુરેપુરો ભોગવ્યો છે. કોઈ માણસને અવાક કરી દેવો હોય તો તેની હાજરીમાં તેના વિષે કહેવાય તેટલું કહી દેવું. આ રીતે તેમણે મને અવાક કરી દેવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. અલબત્ત, આ પાછળ તેમનો તથા આપ સર્વનો પ્રેમભાવ છે જેની હું પૂરી કદર કરું છું, અને આ સર્વ માટે તમારો હું આભાર માનું છું. તમારી વચ્ચે આવી વસવામાં હું પણ ખૂબ આનંદ અનુભવું છું. હવે આપણે આજના વિષય ઉપર આવીએ.

એક મહાન ઈતિહાસકારે ગાંધીજી વિષે જણાવ્યું છે કે, "ગાંધીજીએ હિંદમાં ક્રાન્તિ તો કરી જ છે, પણ એથી પણ વિશેષ તેમણે હિંદને નવું જીવનદર્શન આપ્યું છે. ક્રાન્તિકાર નવું જીવનદર્શન પણ આપે—આવા દાખલા જગતના ઈતિહાસમાં બહુ વિરલ જોવા મળે છે. આપણે એમણે આપેલા જીવનદર્શનને મૂર્ત કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ, તો એ જીવનદર્શનની પરિપૂર્તિના માર્ગમાં જે કાંઈ કાર્ય આવે તેને તે દર્શનથી છૂટું પાડવું ન જોઈએ અને તેવા કોઈ કાર્ય વિષે ઊંચા—નીચાની આપણે વિવક્ષા કરવી ન જોઈએ. ખાદીકમિશનનાં કાર્યને હું આ પ્રકારનું લેખું છું. હું ધારું છું કે, "મારી પહેલાં કાકુભાઈ તથા વૈકુંઠભાઈ પણ આ જ વાત કહી રહ્યા હતા.

આજે આપણે જે વિષયની ચર્ચા કરવાની છે તેની શરૂઆત કરતાં પહેલા આજની એ વાસ્તવિકતા તરફ આપનું ધ્યાન ખેંચવા માંગું છું કે, આજે આપણે જે વાયુમંડળ વચ્ચે બેઠા છીએ તે વાયુમંડળ સંઘર્ષનું છે. હું એમ માનું છું કે વાયુમંડળની આ પરિસ્થિતિ અલ્પકાલિન છે. કારણ કે મારી દૃષ્ટિએ સુલેહના રસ્તા ઉપર આવ્યા સિવાય, સંઘર્ષનું સમાધાન કર્યા સિવાય માનવી માટે બીજો કોઈ માર્ગ જ નથી. માણસને કોઈ પણ હિસાબે લડાઈ પોષાય તેમ છે જ નહિ, કારણ કે લડાઈ હવે કેવળ આત્મઘાતક શસ્ત્ર બની ગયેલ છે. સૃષ્ટિ ચાલવી જ જોઈએ એ કુદરતનો સંકેત છે અને એ સંકતને મનુષ્યજાતિ આત્મઘાત કરે તે પોષાય તેમ નથી. જે રાષ્ટ્રવાદની સપાટી ઉપરથી આપણે વિચાર કરીએ છીએ તે સપાટી પણ હવે પોષાય તેમ નથી. મનુષ્યનું સ્વાભાવિક વલણ નાના વિસ્તારમાં વિચારવાનું હોય છે, બની શકે તો તે પોતાનો જ વિચાર કરે, પણ સંસારમાં તે પડે એટલે તેને પોતાના કુટુંબ-પરિવારનો અને તેના સંદર્ભમાં પરિવાર સાથે જોડાયલા સમાજનો વિચાર કરવો પડે જ છે. જેમ જેમ તે પોતાના હિતનો વ્યાપક-દૃષ્ટિથી વિચાર કરતો થાય છે તેમ તેમ તેની ચિંતાનું ક્ષિતિજ વિસ્તરતું જાય છે. આ રીતે સમાજમાંથી રાષ્ટ્ર સુધી તે ચિન્તાનું પરિધ લંબાય છે અને આજે વિજ્ઞાને રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે જે ભૌગોલિક અંતર હતા તે તોડી નાખેલા હોઈને અને દુનિયાને એક ખૂણે બનતી ઘટનાનો પ્રત્યાઘાત દુનિયાના બધા ભાગો ઉપર એક સાથે પડતો હોઈને, આજે માનવીને આખા વિશ્વની ચિન્તા કર્યા સિવાય ચાલે તેમ નથી. જે રાજકારણી પુરુષો હિંદુસ્તાનનો ભાગ્યે જ વિચાર કરતા, તેઓ આજે દિલ્હી હાલતા-ચાલતાં આવે છે તે શું કામ આવે છે? આજે લોર્ડ માઉન્ટબેટનને બ્રિટને દિલ્હી ખાતે મોકલેલ છે તે શા માટે? બીજા રાજપુરુષો, આજે દિલ્હીમાં કેમ એકઠા થયા છે? ભારત, બ્રિટન, અમેરિકા—બધા દેશોનાં હિતો એક-મેક સાથે એવા ગાઢપણે સંકળાએલા છે કે, રખેને એક-મેક વિષે ગેરસમજુતી ન થાય એ હેતુથી, દુનિયાની સુલેહશાંતિ કેમ જળવાય એ આશયથી તેઓ ચર્ચાવિચારણા, વાટાઘાટો કરવા આવે છે. એક વખત હિંદ સર્વત્ર ઉપેક્ષિત હતું. આજે તેની કલાકે કલાકે સૌ કોઈ ચિન્તા કરી રહ્યું છે. વળી, ઈંગ્લાંડનું પોતાનું અસ્તિત્વ—અમેરિકાનું પોતાનું અસ્તિત્વ—આજે દુનિયાના અસ્તિત્વ સાથે ગાઢપણે સંકળાઈ ગયું છે.

હું આ જે વાત કરી રહ્યો છું તે પાછળ કોઈ ભય રહેલો છે એમ ન સમજશો. આપણે બધા એક જ વહાણના સફરી બની રહ્યા છીએ. વહાણ ડૂબશે તો બધાં સાથે જ ડૂબવાના છીએ. કોઈને વહાણ ડૂબાડ્યું પોષાય તેમ નથી. સવાલ માત્ર એટલો જ છે કે, આપણને યુદ્ધ પોષાય તેમ નથી. અથવા કેવળ નાના વિસ્તારનો વિચાર કર્યે ચાલે તેમ નથી, એ સમજણ આપણામાં જેટલી ઉગી છે તેટલી સમજણ, આજની દુનિયાની કથળતી જતી સ્થિતિને કયાંથી કેમ કરીને અટકાવવી તે વિષેની હજુ કોઈ પરિપક્વ સમજણ અથવા તો સુઝ આપણને પ્રાપ્ત થઈ નથી. યુદ્ધને લગતો પુરાણો વિચાર આપણને વળગેલો છે. તેની પકડમાંથી આપણે છૂટી શકતા નથી અને તેને લીધે આજની પરિસ્થિતિનો સ્પષ્ટ ઉકેલ આપણને દેખાતો નથી.

એવો અંદાજ છે કે, આજે દુનિયા યુદ્ધસરંજામ પાછળ રોજના પચાસ કરોડ રૂપિયા ખરચી રહી છે; આમ છતાં નવાં ને નવાં વિનાશક સાધનો આપણે સરજી રહ્યા છીએ અને એમ છતાં આનો આપણે કોઈ ઉપયોગ કરી શકીએ તેમ છીએ જ નહિ. એક અંગ્રેજ લેખકે એવો અંદાજ કાઢયો છે કે ૨,૫૦૦ વર્ષ પહેલાં-ગ્રીસના ઉત્થાનકાળ દરમિયાન—એક માણસને યુદ્ધમાં મારવા પાછળ ૨૫૦ રૂપિયાનો ખર્ચ થતો હતો. એ ખર્ચ વધતાં વધતાં આજે સાડા તેર લાખ સુધી પહોંચ્યો છે. હવે જો ત્રીજું વિશ્વયુદ્ધ થાય તો એટલો બધો શસ્ત્રક્રિયામાં વિકાસ થયો છે કે માણસને યુદ્ધમાં મારવામાં રૂપિયા ૨૫૦થી વધુ લાગે તેમ નથી. માણસજાત પાછી ૨૫૦૦ વર્ષ પહેલાની સ્થિતિએ પહોંચી ચૂકી છે.

આણુ બૉંબ પણ જાણે કે, ભૂતકાળની વસ્તુ બનતી જાય છે. આજે હવે બીજું શસ્ત્ર શોધાઈ રહ્યું છે, શોધાઈ ચૂક્યું છે. તેને C. B. R. A. કહેવાય છે Chemical Bacteriological Radio Activity—આ શસ્ત્રના ઉપયોગના પરિણામે એમાંથી છૂટતાં આણુઓ વિશ્વના વાતાવરણમાં મળી જશે અને જે જ્યાં હશે ત્યાં સ્થગિત થઈ જશે; જે કાંઈ સજીવ હશે તે નિર્જીવ બની જશે. આ જોતાં રાજાજીની અને મારી, કેનેડી તથા કુશ્ચેવ સાથેની મુલાકાતો પણ ભૂતકાળની બની ગઈ છે. મને લાગે છે કે, આજની પરિસ્થિતિનો મૂકાબલો હવે આપણે બીજી રીતે કરવો પડશે.

હવે ગઈ સાલના સપ્ટેમ્બર માસમાં હું તથા શ્રી રામચંદ્રન જે મિશન લઈને રશિયા ગયેલા અને કુશ્ચેવને મળેલા તે સંબંધે

વાત કરું. ન્યુકલીયર ટેસ્ટસ—આણુવિષયક શસ્ત્રોના પ્રયોગો—એક પક્ષે પણ બંધ કરવાની તે તે પક્ષના વડાને વિનંતિ કરવી એવું મિશન યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ શ્રી કેનેડીને મળવા ગયેલા રાજાજી તથા દિવાકરનું હતું. તેવી જ રીતે રશિયાના રાજકારણી વડા કુશ્ચેવને મળવા ગયેલું મારું અને રામચંદ્રનનું મિશન હતું. આ મિશન બહુ જ મર્યાદિત હતું. એમાં નિ:શસ્ત્રીકરણની વાત કરવાની નહોતી; આણુબૉમ્બને ખતમ કરો એમ કહેવાનું નહોતું, પણ જ્યારે અમે વાત કરવા બેઠા ત્યારે અમારે અનેક બાબતો ઉપર વાત થઈ. આ વાર્તાલાપ દરમિયાન કુશ્ચેવની નિખાલસતા અને જાગૃતિનો અમને ચિરસ્મરણીય અનુભવ થયો અને એ રીતે કુશ્ચેવની રીતભાતથી અમે ખૂબ પ્રભાવિત બન્યા. અમારા મિશનના મુખ્ય મુદ્દાને બાજુએ રાખીને તેમણે કહ્યું કે, "આજે માત્ર આણુબૉંબનું નિર્માણ બંધ કરવાથી કે આણુબૉંબને ખતમ કરવાથી ચાલે તેમ નથી; આજે અનિવાર્ય જરૂર છે સંપૂર્ણ નિ:શસ્ત્રીકરણની, અને તે વિચારને અમલી બનાવવામાં યુનાઈટેડ સ્ટેટ્સની નીતિ આડે આવે છે:" તેમને સાંભળીને અમારા મન ઉપર એવી છાપ પડી કે, દુનિયામાં જે થોડાંક માણસો ખરેખર શાંતિને ચાહે છે તેમાંના જરૂર કુશ્ચેવ એક છે. એ માણસ નિ:શસ્ત્રીકરણ કરી શકે કે ન કરી શકે, પોતાના પક્ષને એ દિશાએ લઈ જઈ શકે કે ન શકે, આજના વિષમ વર્તુલમાંથી તે નીકળી શકે કે ન નીકળી શકે એ જુદી વાત છે. પણ આ બાબતમાં તેઓ પૂરા જાગૃત છે, આજની પરિસ્થિતિ વિષે પૂરા સજાગ છે. અત્યારની શસ્ત્રપ્રણાલિ, અત્યારની વિચારધારા દુનિયાને ક્યાં લઈ જશે એના જોખમ વિષે જાણકારીનો તેમનામાં અભાવ છે એમ કોઈ ન જ કહી શકે.

અમે જ્યારે તેમને મળવા ગયા ત્યારે તેઓ એક મોટી compaign—આંદોલન—ચલાવી રહ્યા હતા. રશિયામાં કૃષિ-વિકાસ જે રીતે થઈ રહ્યો હતો તેથી તેમને સંતોષ નહોતો, તેથી તે વિકાસને નવો વેગ આપવા માટે તેઓ રશિયાના ગામડે-ગામડે ફરી રહ્યા હતા, અને સામ્યવાદી નેતાની કેમ્પેઈન—આંદોલન—એટલે શું તે તો તમે જાણો છો. સરઘસો, પ્રદર્શનો, ખેતરોની મુલાકાતો, રેડીઓપ્રવચનો—આ બધું ચાલતું હતું. અને તે માટે તેમની એક એક ક્ષણ આગળથી નક્કી થઈ ચૂકી હતી. આમ છતાં જ્યારે તેમણે સાંભળ્યું કે બે હિંદીઓ તેમને મળવા માટે મૉસ્કો આવી રહ્યા છે ત્યારે તેમણે નિયત કાર્યક્રમ રદ કરીને અમારા માટે સમય કાઢયો. ગયા ઑક્ટોબરની ૧લી તારીખે સવારના આઠ વાગ્યે તેમણે અમને મળવા બોલાવ્યા અને અમારી મુલાકાત બે કલાક ચાલી. તેમની વાત કરવાની શૈલી જગજાણીતી છે. તેઓ તીરછી ભાષામાં—સાંભળનારને આરપાર ઉતરી જાય એવી ભાષામાં—બોલે છે. તેમણે અમને મળતાંવેંત વ્યંગ પ્રશ્નથી વાતચિતની શરૂઆત કરી. તેમણે કહ્યું કે "તમે તો તટસ્થ છોને? તો નક્કી કરો કે, આજના ખડકાતા જતા શસ્ત્રસરંજામ પાછળ કોણ જવાબદાર છે? દુનિયામાં ઉપદેશથી આણુશસ્ત્રપ્રયોગો બંધ થવાના છે? યુદ્ધ કોને પરવડે તેમ છે? સાંકડી બુદ્ધિના માણસોને આણુપ્રયોગોથી પણ વધારે મુશ્કેલ પ્રશ્ન રજનના—બુદ્ધિના સાંકડાપણામાંથી—માણસજાતને બહાર આવવાનો છે. રશિયાએ છેલ્લા યુદ્ધમાં એક કરોડ માણસો ગુમાવ્યા છે. દોઢ કરોડ માણસો ઘાયલ થયા છે. એમાંના કેટલાય હજુ જીવે છે. જે દેશની પ્રજાએ આ જોયું છે, જેની સ્મૃતિ હજુ અનેકના ચિત્તમાં જીવતી જાગતી છે તે દેશને યુદ્ધ કેમ પોષાય? અમારી ટૂંકા-લાંબા ગાળાની યોજના પૂરી કરવી હોય તો તે પણ યુદ્ધ આવવાથી અશક્ય બની જાય. આવી જ રીતે હું નથી માનતો કે કેનેડીને પણ યુદ્ધ ખપે છે."

આના અનુસંધાનમાં તેમણે આગળ ચાલતાં જણાવેલું કે, "આ હેતુથી અમારે ત્યાં 'યુદ્ધ'ના પ્રચાર સામે મના કરવામાં આવી છે. પ્રજા રાષ્ટ્રની ઉન્નતિના કાર્યમાં નિમગ્ન રહે એ જ અમારું લક્ષ છે."

પોતાની વાતને આગળ લંબાવતાં તેમણે જણાવ્યું કે, "સવાલ છે આ દુનિયામાં મુડીવાદી અને સામ્યવાદી - એ પ્રકારની બે જીવન-પ્રથા એક સાથે રહી શકે તેમ છે કે નહિ, એ પ્રકારના સહઅસ્તિત્વનો. આનો તોડ ન આવે ત્યાં સુધી આ આણુશસ્ત્રપ્રયોગ બંધ થાય તો પણ મનના અવિશ્વાસ દૂર થાય તેમ નથી."

આણુપ્રયોગો બંધ કરવા સંબંધમાં તેમણે જણાવ્યું કે, "હું જાણું છું કે, તમે મને અમારા પક્ષે આણુશસ્ત્રપ્રયોગ બંધ કરવાનું કહેશો. આમ મેં એક વખત કર્યું છે અને પાછળથી મારે સહન કરવું પડયું છે અને હું પસ્તાયો છું. અમેરિકા ટર્કીમાં, ઈરાનમાં, આણુશસ્ત્રનાં થાણાં નાંખતું હતું ત્યારે મેં વાંધો ઊઠાવેલો, પણ મને કોઈએ સાંભળ્યો નહોતો. હું ફરીથી આવી સ્થિતિમાં મુકાવા નથી માગતો." અમે તેનો એમ. ઉકેલ સૂચવ્યો, કે "તટસ્થ રાજ્યો બન્ને જૂથના સૂત્રધારોને વિનંતી કરે." તેમણે જવાબ આપ્યો કે, "આ સંબંધમાં જે દરખાસ્તો આવશે તે ઉપર હું ગંભીરપણે વિચાર કરીશ અને પછી નિર્ણય લઈશ." આ છે—અમારી કુશ્ચેવ સાથેની મુલાકાત અને વાર્તાલાપનો સારાંશ.

આજે તે બાબતને છ મહીના વીતી ગયા છે અને તે દરમિયાન અનેક બનાવો બની ગયા છે. તેમાં ક્યુબા—પ્રકરણ સૌથી વધારે ધ્યાન ખેંચે તેવું બન્યું છે. વળી ભારત ઉપર ચીને કરેલો હુમલો એ પણ છેલ્લા છ આઠ મહિના દરમિયાન બનેલી એક અસાધારણ ઘટના છે. પણ આ બધી ઘટનાઓના આઘાત-પ્રત્યાઘાતને લગતી ચર્ચામાં હું અહિં ઉતરવા માગતો નથી. અહિં તો આણુશસ્ત્રના પ્રયોગોએ જે Radiation નો—કિરણોત્સર્ગનો ચોતરફ ફેલાવો કર્યો છે અને તેનાં જે ઘાતક પરિણામો, વૈજ્ઞાનિકો આજના જગત આગળ મૂકી રહ્યા છે તે તરફ તમારું ખાસ ધ્યાન ખેંચવા માંગું છું. વૈજ્ઞાનિકોના કહેવા મુજબ આવતા ૪૦-૫૦ વર્ષ દરમિયાન એક કરોડ એવાં બાળકો જન્મ ધારણ કરશે જે શરીરે તેમ જ મનથી વિકૃત હશે, અંગભંગવાળા હશે, જાતજાતની ખોડો લઈને જન્મશે. આપણે પ્રયોગોના ક્ષેત્રથી દૂર રહ્યા છીએ, એટલે આપણને આ પાયમાલીનું કશું ભાન નથી, પણ જે દેશો એ પ્રયોગક્ષેત્રની નજીકમાં છે તેમના દિલમાં આ વિષે પાર વિનાનો ગભરાટ છે, જેની આપણને કોઈ કલ્પના નથી. ત્યાંના લોકો ખોરાક પણ બીતાં બીતાં ખાય છે. રખેને ખોરાક પણ radiation થી ઝેરીલો બન્યો ન હોય. આવી ચિન્તા અને ભયની લાગણીના તેઓ ભોગ બની બેઠા છે.

રશિયામાં કુશ્ચેવને મળ્યા બાદ ત્યાં જે વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રગતિ કરવામાં આવી છે તેને લગતા જવાબદાર વૈજ્ઞાનિકોને અમે મળ્યા અને આજની ચિન્તાજનક પરિસ્થિતિ ઊભી કરવામાં એક માનવી તરીકે તમારી નૈતિક જવાબદારી ખરી કે નહિ એ અને એને મળતા બીજા પ્રશ્નો અમે તેમને પૂછયા. નૈતિક ભૂમિકા ઉપર અમે તેમની સાથે કેટલીક ચર્ચા કરી. તેમનો જવાબ હતો કે, "વિજ્ઞાન અને ટેકનોલોજી માત્ર સાધનો છે, તેના મૂળમાં છે અમુક વિચારસરણી. આ બધાં છે મૂળ વિચારસરણીનાં સંતાનો. સામ્યવાદ કદિ વ્યક્તિનો વિચાર કરતો નથી. સમાજને કેવી રીતે બહાર લાવવો - ઊંચે ઉઠાવવો તેનો જ તે વિચાર કરે છે. રશિયામાં રાજ્ય તરફથી પ્રજાના માનસનું મોટા પાયા ઉપર સંશોધન ચાલે છે. તેમના મત પ્રમાણે આણુબૉંબના જોખમમાંથી કેમ બચવું એ વીસમી સદીનો સવાલ હતો. આજની બધી પ્રક્રિયાઓનું ઉત્પત્તિસ્થાન, મન - તેને કેમ બદલવું - તેને સંયમની સપાટી ઉપર શી રીતે લાવવું—એ ૨૧ મી સદીનો સવાલ રહેવાનો."

આ રીતે આજની પરિસ્થિતિનો વિચાર કરતાં મને લાગે છે કે, જો મનના પ્રવાહને બીજી દિશાએ વાળવામાં ન આવે તો મનુષ્યજાતિ જીવી શકે તેમ છે જ નહિ. સામ્યવાદી માર્ગે ચાલતાં ૧૯૮૪ની દુનિયા કેવી હશે તેનો એક સુપ્રસિદ્ધ લેખકે ખ્યાલ આપ્યો છે; બીજા એક લેખક આલ્ડયુઅસ હકસલીએ Rapid Industrialisation —આજે ત્વરિત વેગે ચાલી રહેલું ઉદ્યોગીકરણ દુનિયાને દશ વર્ષ બાદ ક્યાં લઈ જશે તેનું ચિત્ર આપ્યું છે. આ બન્ને માનવી મનને રચનાત્મક માર્ગે વાળવાની બાબત ઉપર ખૂબ ભાર મૂકી રહ્યા છે અને ગાંધીજીએ આપણને આપેલા જીવનદર્શનની તેઓ ખૂબ નજીક આવી રહ્યા છે. આ રીતે ગાંધીજીએ આપણને જે વિચારસમૃદ્ધિ આપી છે તેનો ખરો ખ્યાલ રશિયાના પ્રવાસ પછી મને આવ્યો."

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે, સંમેલન ઠીક ઠીક સમય લંબાયું હોવાથી, અલ્પ શબ્દોમાં શ્રી વૈકુંઠભાઈનો, શ્રી ઢેબરભાઈનો તથા શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીનો સંઘ તરફથી આભાર માન્યો હતો. શ્રી ઢેબરભાઈ તથા શ્રી વૈકુંઠભાઈનું પુષ્પહારથી સન્માન કરવામાં આવ્યું હતું અને અલ્પાહારને ન્યાય આપીને ભાઈ—બહેનો શ્રી ઢેબરભાઈના પ્રભાવશાળી પ્રવચન વિષે મુગ્ધતા દાખવતા પ્રસન્નતાપૂર્વક વીખરાયાં હતાં.

મંત્રશક્તિથી સર્પદંશના નિવારણ વિષે વધુ વિચારણા

[આ વિષય પ્રબુદ્ધ જીવનમાં અગાઉ ચર્ચાઈ ગયો છે. તેના અનુસંધાનમાં તા. ૨૭-૪-૬૩ના જનસંદેશના અંકમાં આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિકે એ વિષે એક લેખ લખ્યો છે, તે પ્રબુદ્ધ જીવનનાં વાચકો માટે રસપ્રદ નીવડશે એમ સમજીને અહીં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે.—તંત્રી]

મંત્રની શક્તિથી સર્પદંશનું ઝેર ઊતરી શકે કે કેમ તે વિશેનો શ્રી કેદારનાથજી સાથેનો મારો વાર્તાલાપ અગાઉ 'જન સંદેશ'ના તા. ૬-૧૦-૧૯૬૨ના અંકમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. તે અંગેના જુદા જુદા મનનીય દૃષ્ટિકોણો શ્રી પરમાનંદ કાપડિયાએ તથા શ્રી કાકાસાહેબ કાલેલકરે 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૧૦-૧૯૬૨ અને, તા. ૧-૧૨-૧૯૬૨ના અંકમાં અને શ્રી ઈશ્વર પેટલીકરે 'સંસારના ફેબ્રુઆરી ૧૯૬૩ના અંકમાં રજૂ કર્યા છે. મારો પ્રયત્ન મંત્રશક્તિ દ્વારા સ્થૂળ ઝેર કઈ રીતે ઊતરી શકે એ વિવેકબુદ્ધિ દ્વારા સમજવાનો હતો. શ્રી પરમાનંદભાઈએ મંત્રશક્તિથી શ્રી નાથજીએ કહ્યું છે તે રીતે ઝેર ઊતારી શકાય તો તેમાંથી જીવ એક દેહમાંથી બીજા દેહમાં પ્રવેશી શકે એમ પૂરવાર થાય અને પરિણામે પુનર્જન્મ વગેરે પ્રશ્નોને એ દૃષ્ટિએ ઘટાવવામાં શી મુશ્કેલી પડે તે દર્શાવ્યું હતું અને શ્રી નાથજી પાસેથી વધુ ખુલાસો ઈચ્છયો હતો. અને તે પછી તેમણે શ્રી નાથજીની મુલાકાત લીધી હતી. એ મુલાકાતનો ઉલ્લેખ કરતાં 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૨-'૬૩ના અંકમાં તેમણે કહ્યું હતું કે, બુદ્ધિને સ્વાભાવિક રૂપે સ્વીકાર્ય ન બને એવા વિધાનો કોઈ વિશેષ વ્યક્તિ તરફથી જ્યારે થાય છે ત્યારે બુદ્ધિ અને તર્કના ધોરણે જ વિચારનાર વ્યક્તિ તેને પડકાર સમજી લે છે અને તેનો તે પ્રતિ પડકાર કરવા તત્પર થઈ જાય છે અને તેથી તેમને મળ્યા પહેલાં તેમણે જે જે શંકા ઉઠાવેલી તે બુદ્ધિથી પ્રેરાઈને ઉઠાવેલી અને તેમાં ઉતાવળ થઈ ગઈ હોય તેમ તેમને લાગેલું, કારણ દરેક વસ્તુ દરેકની બુદ્ધિને ગમ્ય ન બની શકે છતાં એ હકીકત રૂપે નક્કર સ્વરૂપમાં દેખાય તેનો ઈન્કાર પણ ન થઈ શકે એથી બુદ્ધિથી પ્રેરાઈને આપણે ઉતાવળિયા નિર્ણયો પણ ન બાંધી લેવા જોઈએ. સમજવાનો પ્રયત્ન કરવો એક વસ્તુ છે ને હકીકતનો, બુદ્ધિગમ્ય નથી એમ કહી ઈન્કાર કરવો એ બીજી વસ્તુ છે.

આ જ વિષયમાં વધુ વિચારણા કરતાં શ્રી કાકાસાહેબ કાલેલકરે આવી બાબતનું વધુ સંશોધન કરી એ વસ્તુના મર્મ સુધી પહોંચવાનો અનુરોધ કર્યો હતો અને નિરીક્ષણ, પરીક્ષણ, પ્રયોગ અને નવરચના દ્વારા વૈજ્ઞાનિક ઢબે એને સમજવા માટેના પ્રયાસો થવા જોઈએ એવો એમનો દૃષ્ટિકોણ હતો. શ્રી ઈશ્વર પેટલીકરે આવી વસ્તુથી અંધશ્રદ્ધા અને વહેમ પોષાવાનો સંભવ હોવાથી અને એવા વહેમોથી કેવાં અનિષ્ટ પરિણામો આવે છે તે દર્શાવી સર્પદંશનું ઝેર મંત્રશક્તિથી ઊતરતું હોય તો યે આવી મંત્રવિદ્યા જાણનાર કોઈ વિરલ મંત્રવિદ્ ઉપર આધાર રાખવાને બદલે અત્યારે વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા જ્યારે સર્પનું ઝેર ઉતારવાનું ઔષધ મળે છે ત્યારે તેનો જ ઉપયોગ કરવો અને ગામડે ગામડે પણ તેવું ઔષધ મળે તેવી ગોઠવણ કરવી એ રસ્તો વધુ હિતાવહ છે એવા વિચારો રજૂ કર્યા હતા.

આ બધા દૃષ્ટિકોણોની વધુ ચર્ચા મારે શ્રી નાથજી સાથે થઈ હતી. શ્રી નાથજીનું દૃષ્ટિબિંદુ અત્યંત સ્પષ્ટ છે: મંત્રની શક્તિ દ્વારા સર્પદંશના ઝેરને ઉતારી શકાય છે એ હકિકત નિર્વિવાદ રીતે બનની હોવાથી એને સમજવાનો પ્રયાસ કરીએ તે યોગ્ય છે, પણ માનવ-જીવનના કલ્યાણ અર્થે એ શક્તિનો ઉપયોગ કરવો એ યે એટલું જ જરૂરી છે. બુદ્ધિથી ન સમજી શકાય તેવી ઘટના વાસ્તવમાં બને ત્યારે તેનું આપણે પરીક્ષણ કરીએ, તેનું પૃથક્કરણ કરી સમજવાનો પ્રયાસ કરીએ એ બધું સાચું, પણ તે બનેલી ઘટનાનો ઈન્કાર કઈ રીતે કરાય? વહેમ પોષાય એવી બીકથી એ વસ્તુને કેમ ફેંકી દેવાય? કોઈ ઊંટવેદું કરીને દર્દીને મારી નાખે છે તેથી દર્દીની દવા યોગ્ય અને ખાત્રીદાયક વૈદ પાસે જઈને પણ ન કરવી એવું અનુમાન તારવવામાં તાર્કિક દોષ રહેલો છે. ખરી રીતે તો ઊંટવેદાથી જુદા એવા સાચા ઔષધને જાણનાર વૈદ્યની દવા કરવી એ જ સાચો ઉપાય છે. એટલે ઢોંગ—ધતૂરા કરનાર ભૂવા—જતિને ઉત્તેજન મળશે એવી બીકને લીધે કોઈ સાચા મંત્રવિદની શક્તિનો યે ઉપયોગ ન કરવો એમ કહેવું બરાબર નથી. હા, મંત્રશક્તિથી ઉપચાર થઈ શકે છે કે કેમ તેની ચકાસણી કરવી જોઈએ અને ચકાસણી કર્યા પછી મંત્રશક્તિ દ્વારા જો રોગનું નિવારણ થઈ શકતું હોય તો તેનો પૂરેપૂરો ઉપયોગ કરવો જોઈએ. શ્રી ઈશ્વર પેટલીકર ફ્રીઝ (રેફ્રીજરેટર)માં સર્પદંશનાં શોધાયેલાં ઈંજેકશનોને સાચવી ગામડાની હૉસ્પિટલમાં યે તે મળી શકે તેમ વ્યવસ્થા કરવી જોઈએ એમ સૂચવે છે, એ વાત સર્વ સ્વીકૃત છે જ પણ શ્રી નાથજીનું કહેવું એમ છે કે, આપણાં કેટલાં ગામડામાં ફ્રીઝ છે? એ ઈંજેકશનો આપી શકે તેવા દાકતરોની વ્યવસ્થા પણ આપણાં કેટલાં ગામડાંઓમાં છે? એવી વ્યવસ્થા હોય કે ન હોય એ પ્રશ્નને અહીં બાજુએ રાખીએ તો પણ મંત્રશક્તિ દ્વારા સર્પદંશ જેવી જીવલેણ આફતને ખાતરીપૂર્વક દૂર કરી શકાતી હોય તો તેમ શા માટે ન કરવું? હા, મંત્રશક્તિ દ્વારા આવું બની શકે છે કે કેમ તેની પૂરેપૂરી ચકાસણી કરવી જ જોઈએ અને પૂરેપૂરી ખાત્રી થયા પછી જ તેનો ઉપયોગ કરવો જોઈએ એવું શ્રી નાથજી સ્પષ્ટતાપૂર્વક કહે છે. એ ઉપરાંત બુદ્ધિથી અગમ્ય તેવી શક્તિને સમજવાની ખોજ થવી જોઈએ અને શ્રી નાથજી એ ખોજ કરી રહ્યા છે—જો કે તેમને હજી તે દિશામાં સફળતા નથી મળી. પણ મારું પોતાનું દૃષ્ટિબિંદુ એવું રહ્યું હતું અને રહ્યું છે કે, સ્થૂળ શારીરિક રોગો મંત્રોચ્ચાર દ્વારા નિવારી ન જ શકાય, કારણ કે, કાર્યકારજના વૈજ્ઞાનિક ચોકઠામાં આપણી બુદ્ધિ તેને ગોઠવી શકતી નથી. જેનો બૌદ્ધિક ખુલાસો નથી થતો, તે તે ઘટનાઓને હું સાશંક દૃષ્ટિથી જોતો હતો અને હજીયે જોઉં છું, પણ નજર સમક્ષ બનેલી ઘટનાનો બૌદ્ધિક ખુલાસો ન મળતો હોય તો યે ઘટનાનો—હકીકતોનો ઈન્કાર કઈ રીતે કરવો? એટલે મંત્રશક્તિ દ્વારા સ્થૂળ રોગો દૂર થઈ શકે એ વસ્તુ મારી બૌદ્ધિક સમજમાં આવતી ન હોય તો યે એવી ઘટનાનું નિરીક્ષણ અને પરીક્ષણ કરવામાં મને ઊંડો રસ છે, કારણ કે, એ નિરીક્ષણ—પરીક્ષણ—પ્રયોગો દ્વારા આ ઘટનાઓ સમજી શકાવાનો સંભવ છે અથવા સમજવાની દિશામાં આપણો પ્રયત્ન છે. આ પ્રકારનો વિચારવિનિમય હું શ્રી નાથજી પાસે કરતો હતો તેવામાં જ એક એવી ઘટના બની ગઈ અને શ્રી નાથજીએ એ ઘટનાનું તાત્પર્ય જોવા—સમજવા માટે મને નોતર્યો. શ્રી નાથજી સાથેનો મારો વાર્તાલાપ, તેના વિશે શ્રી પરમાનંદભાઈ તથા કાકાસાહેબનાં મંતવ્યો પ્રસિદ્ધ થયા પછી થોડા દિવસમાં જ સર્પદંશની આ એક ઘટના બની: એક ભાઈને સર્પ કરડ્યો, સાયન હૉસ્પિટલમાં તેને ઉપચાર માટે દાખલ કર્યો, ઉપચાર શરૂ કર્યા પણ તે પછી તરત પોતાની સ્વેચ્છાથી હૉસ્પિટલમાંથી મુક્તિ મેળવી એમના હિતેચ્છુના આગ્રહથી તે ભાઈ શ્રી નાથજી પાસે ગયા અને મંત્રશક્તિ દ્વારા સર્પદંશના વ્યાધિમાંથી મુક્ત થયા. આ વાત સાંભળીને મેં શ્રી નાથજીને વિનંતિ કરી કે, 'એ દર્દીની મુલાકાત મને કરાવી આપો; મારે પ્રત્યક્ષ રીતે એ ઘટના જાણવી છે.' મારી વિનંતિ મુજબ શ્રી નાથજીએ પોતાને ત્યાં જ એ ભાઈને બોલાવ્યા અને મારી મુલાકાત ગોઠવી આપી. એ અહેવાલ હું અહીં વિગતવાર આપું છું—એ ઈચ્છાથી કે, સર્પદંશનું મંત્રશક્તિથી નિવારણ થઈ જ શકે કે કેમ એ અંગેનો વિચારણા આ ઘટના દ્વારા વધુ સ્ફુટ થાય.

એ ભાઈનું નામ છે શ્રી રમેશચંદ્ર મણિલાલ મોદી. એમની ઉંમર ૩૪ વર્ષની છે. મુલાકાત વખતે એમનાં પત્ની સુધાબેન પણ હાજર હતાં. ભાડુંપમાં આગ્રા રોડ ઉપર આવેલા ઈલેક્ટ્રીકલ ઈન્સ્ટ્રુમેન્ટ મૅન્યુફેક્ચરિંગ લિમિટેડ, દિનેશ સિલ્ક ઈન્ડસ્ટ્રીઝના કારખાનામાં શ્રી મોદી ફોરમૅન તરીકે કામ કરે છે. મેં એમને સર્પ ક્યારે, કઈ રીતે કરડ્યો, તેની શી અસર થઈ, પછી હૉસ્પિટલમાંથી શ્રી નાથજી પાસે કઈ રીતે આવ્યા અને શ્રીનાથજીએ મંત્ર દ્વારા કઈ રીતે ઉપચાર કર્યો તે બધું વિગતવાર અને ક્રમબદ્ધ રીતે જણાવવા કહ્યું. જે ઘટના એ ભાઈએ વર્ણવી તેને હું અહીં રજૂ કરું છું.

"હું ભાંડુપ ફેક્ટરીમાં નોકરી કરું છું. તા. ૨૪-૧-'૬૩ ને ગુરુવારના રોજ હું સાંતાક્રુઝમાંનું મારું કામ પતાવી બપોરના ચારેક વાગ્યે પાછો ફેક્ટરીમાં આવ્યો. થોડી વાર પછી મને મારી સાથે કામ કરનારે ચા તૈયાર રાખી છે એમ કહી મને ચા પીવા ઉપરની ચા માટેની રૂમમાં બોલાવ્યો. તેથી હું ચા પીવા ઉપર ચા-રૂમમાં ગયો. તે વખતે મારા હાથ ખરાબ હોવાથી બાજુના રૂમમાં જ્યાં હાથ ધોવાનું બૅસિન છે ત્યાં ગયો. સાબુથી હાથ ધોઈ હું મોં ધોવા લાગ્યો. તે વખતે મારા પગે કંઈક સૂંવાળી વસ્તુ અડકી હોય તેમ લાગ્યું એટલે મોઢું લૂંછતાં લૂંછતાં મેં નીચે પગ તરફ

જોયું તો એક સાપને મારા પગે મેં વીંટાતો જોયો. હું ખૂબ બીનો. મેં લાંબો પાયજામો પહેર્યો હતો એ સાપને મારે પગે વીંટાઈ જવામાં આડો આવતો હતો. તે મારા પગની આસપાસ ભરડો લઈ શકતો નહોતો. એ જોઈને મારાથી જોરથી ચીસ પડાઈ ગઈ. બાજુના રૂમમાંથી મહારાજ દોડતા આવ્યા અને મારા પગે સાપ વીંટાતો જોઈને બીજાને મદદે બોલાવવા દોડયા. સાપને દૂર કરવા મેં પગને ઝટકા માર્યા પણ સાપ દૂર ન થયો. હાથથી ફેંકી દેવાનો વિચાર કર્યો પણ હાથે કરડે તો શું કરવું એવી બીક લાગી એટલે ફરી એક વાર જોરથી પગને ઝાટકો માર્યો. તે ઝાટકે એ સાપ નીચે પડયો, પણ નીચે પડતી વખતે મારા પગના અંગૂઠાને દંશ મારતો ગયો હોય તેમ મને લાગ્યું, કારણ કે, ત્યાર પછી હું બેભાન બની નીચે પડી ગયો. " એ ભાઈને વચ્ચે અટકાવી મેં પૂછયું ! "એ સાપ કેવાં 'ગનો અને કેટલો લાંબો હતો.?" તરત જ એમણે જવાબ આપ્યો : "એ સાપ તપખીરિયાં રંગનો હતો અને ત્રણ ચાર ફૂટ લાંબો હતો." પછી એમનું બ્યાન આગળ કરવા મેં કહ્યું એટલે એમણે એ વાત આગળ ધપાવી.

"પછી હું ભાનમાં આવ્યો ત્યારે હું ટૅક્સીમાં હતો અને મારી સાથે ઈજનેરી શ્રી હુકમાની તથા સ્ટોરકીપર શ્રી પ્રાગજીભાઈ હતા. આપણે ક્યાં જઈએ છીએ એમ મેં પૂછયું ત્યારે એ બન્નેએ કહ્યું કે, ઉપચાર માટે આપણે સાયન હૉસ્પિટલમાં જઈએ છીએ.

"તે વખતે મને પૂરતું ભાન નહોતું. મારા પગ ભારે બનતા જતા હતા અને તેમાં અગન લાગી હોય તેવી બળતરા થતી હતી. અમે હૉસ્પિટલમાં પહોંચ્યા. મને દાખલ કરીને ઈંજક્શન માર્યું અને હૉસ્પિટલમાં રહેવા જણાવ્યું. મોટા દાક્તર આવવાના બાકી હતા. મારા ઘેર મારી પત્નીને ચિંતા થતી હશે એ વિચાર આવ્યો. મિ. હુકમાની તથા પ્રાગજીભાઈએ હૉસ્પિટલમાં રહેવાનું મને જણાવ્યું. પણ ઘેર ચિન્તા થાય તેથી મને ઘેર જવાની પરવાનગી આપવાની મેં વિનંતી કરી. મારી જવાબદારી ઉપર મને હૉસ્પિટલના દાક્તરે ઘેર જવાની રજા આપી.

ઘેર પહોંચ્યા ત્યારે મારો પગ ખૂબ ભારે બની ગયો હતો. દાદરા ઉપર ચડાતું નહોતું., પણ બીજાના ટેકાથી માંડ માંડ ઘેર પહોંચ્યો ... ... "

ફરીથી મેં વચ્ચે જ પૂછયું : "પણ સાપના ઝેરથી મરી જવાની બીક ન લાગી ? સાપનું ઝેર હૉસ્પિટલમાં ઊતરે એવા ઉપચાર કરવાને રોકાવાને બદલે ઘેર જવાનું કેમ પસંદ કર્યું ? તમારા પત્નીને જ હૉસ્પિટલમાં કેમ ન બોલાવ્યાં ?"

એણે કહ્યું : "પત્નીને ચિંતા ન થાય તે માટે જલ્દી ઘેર પહોંચવાનું મને મન થયું હતું. ઘેર જઈને બધાની સલાહ પડે તે ઉપચાર કરીશું એવો વિચાર આવ્યો હતો. હું સવારે જમ્યો નહોતો એટલે ભૂખ્યા પેટે મરી જઉ તો અવગતિયો થાઉં એ બીકે ઘેર જઈને કાંઈક પેટમાં નાખવું એવો વિચાર થયો હતો. અત્યાર સુધી પગ ભારે થયો હતો અને બળતરા થતી હતી પણ પૂરા ભાનમાં હતો એટલે ઝેરથી જલ્દી મરી જઈશ એમ નહોતું લાગતું એટલે ઘેર પહોંચવાની મેં હઠ કરી."

સાપ કરડે અને મરી જવાનો સંભવ હોય ત્યારે પણ વહેમને લીધે પેટમાં કાંઈક નાખવાનું સૂઝે એ વિલક્ષણ વસ્તુ હતી. વહેમની જડ કેટલી ઊંડી હોય છે ! મેં વાત આગળ ચલાવવા કહ્યું એટલે એણે કહ્યું :

" ફેક્ટરીમાં અમારા પન્નાલાલ શેઠને સાપ કરડવાની ખબર પડી એટલે મારી શોધમાં હૉસ્પિટલમાં ગયા અને પછી છેવટે ઘેર આવ્યા. એ વખતે રાતના નવેક વાગ્યા હશે. મારી હાલત જોઈને એમણે મને કહ્યું કે, "મેં શ્રી નાથજીને ફોન કર્યો છે. તેઓ સાપના ઝેરને ઉતારવાનો મંત્ર જાણે છે એટલે આપણે જલ્દી ત્યાં પહોંચી જઈએ. હું, મારા પત્ની અને અમારા પન્નાલાલ શેઠ મોટરમાં વાંદરા કેદારનાથજી પાસે રાત્રે સાડાનવેક વાગ્યે આવી પહોંચ્યા. હું દાદરો ચઢી શકું એમ હતું જ નહીં. શ્રી નાથજી ઉપરથી નીચે આવ્યા. એ વખતે મારો પગ સુજીને ખૂબ ભારે થઈ ગયો હતો અને ઊંચો નીચો પણ થઈ શકતો નહોતો. ટૂંકમાં મારો પગ ખોટો પડી ગયો હતો અને લાકડા જેવો થઈ ગયેલો લાગતો હતો. એટલે મને મોટરમાંથી બે જણે ઊંચકીને બહાર કાઢયો હતો.

પ્રથમ નાથજીએ મને થોડું મીઠું અને મરચું ખાવા આપ્યું અને તેનો સ્વાદ પૂછયો. મીઠું મને સહેજ ખારું લાગતું હતું અને મરચું પણ સહેજ તીખું લાગતું હતું. એ મેં એમને જણાવ્યું. પછી જમીન ઉપર પગ લાંબા કરાવી બેસાડયો. મારા હાથ પાછળ દોરીથી બાંધી દીધા. પછી મંત્રેલું પાણી મારા પગ ઉપર છાંટવા માંડયું. પગ ખોટો પડી ગયો હતો એટલે એ મને સજીવ જ નહોતો લાગતો; જડ બની ગયો હતો પણ પાણી છાંટયું કે, તરત તે જીવતો હોય એવો પ્રથમ ભાસ થયો. મને ખૂબ નવાઈ લાગી. કંઈક ન સમજાય તેવી રીતે પગમાં જીવ આવવા માંડયો હોય તેવો અનુભવ થયો. મેં નાથજીને કહ્યું. નાથજીએ પ્રથમ પગના નીચેના ભાગ ઉપર, પછી વચ્ચેના ભાગ ઉપર અને પછી જાંગ પાસેના ભાગ ઉપર મંત્રેલું પાણી ત્રણ વખત છાંટયું. પગની નીચેના ભાગ ઉપર પાણી છાંટયું કે તરત એ ભાગ પહેલાના જેવો સજીવ બની ગયો અને એ ભાગ છૂટો થયો. પછી વચ્ચેના ભાગ ઉપર પાણી છાંટયું એટલે વચ્ચેનો ભાગ છૂટો થયો અને પછી જાંગ ઉપર પાણી છાંટયું એટલે આખો પગ છૂટો થઈ ગયો. જાણે પહેલાનો જ પગ પાછો મળી ગયો હોય તેવું થયું. મારી નવાઈનો પાર ન રહ્યો. હું ઊભો થયો. પહેલાં કોઈની મદદ વિના ઊભું રહેવું અશક્ય હતું તેને બદલે જાણે કશું જ ન બન્યું હોય તેમ મારો પગ કુદરતી કામ કરતો થઈ ગયો ! પણ ઊભો થયો કે તરત મારા માથામાં સખત અને અસહ્ય દુ:ખાવો થવા લાગ્યો. મેં નાથજીને એ કહ્યું એટલે નાથજીએ મંત્રેલું પાણી માથા ઉપર ઘસવા કહ્યું અને મેં એમ કર્યું કે તરત એ દુ:ખાવો ક્યાં અદ્રશ્ય થઈ ગયો એ પણ ન સમજાયું....."

એ ભાઈ આ વાત કરતા હતા ત્યારે નવાઈના અવાજનો રણકાર ધ્યાન ખેંચે તેવો હતો. મેં આશ્ચર્યથી પૂછયું : "આમ સાજા થતાં કેટલી વાર થઈ ? અને સાચેસાચ પગની જડતા અને માથાનો દુ:ખાવો જતાં રહ્યાં ?"

તરત જવાબ આપ્યો : "વાર કેવી ? પાણી છાંટયું એ સેકન્ડે જ" એમની પત્ની સુધાબેન અત્યાર સુધી બ્યાન સાંભળતાં હતાં તે પણ હર્ષોન્મત્ત થઈ બોલી ઊઠયાં, "સાહેબ, અમને તો બીજો પણ ફાયદો થઈ ગયો ! એમને દર શિયાળે માથું દુ:ખવા આવતું અને એ માટે પાક કરવો પડતો, પણ એ સાપના ઝેરની સાથે માથાનો દુ:ખાવો યે કાયમનો અદ્રશ્ય થઈ ગયો." (જાન્યુઆરીના અંતમાં સાપ કરડયો હતો અને ફેબ્રુઆરીના મધ્યમાં આ વાતચીત થઈ હતી એટલે પોણા ભાગનો શિયાળો વીતી ગયો હતો.)

પછી એ ભાઈએ કહ્યું : "પછી નાથજીએ મંત્રેલી સાકર ખાવા આપી; મને સંપૂર્ણ આરામ થઈ ગયો હતો અને હું પહેલાના જેવો જ સાજો-નરવો થઈ ગયો હતો. નાથજીએ પછી તે આખી રાત જાગવાનું કહ્યું અને બે દિવસ દૂધ, ઘી અને ખટાશ ખાવાની ના પાડી અને મેં એમ કર્યું. બે દિવસ પછી હું ફૅક્ટરીમાં ફરી કામે લાગી ગયો." પછી સમાચાર આપના હોય એ રીતે તેણે કહ્યું : "મને હૉસ્પિટલમાં લઈ ગયા પછી અમારાં કામદારોએ એ સાપને મારી નાખ્યો અને પછી બાળી નાખ્યો. પણ એથી તો હું બીવા લાગ્યો. સાપણીને એ ખબર પડે અને એનું વેર લેવા મને કરડશે તો ! હું થોડા દિવસ ખૂબ સાવધાન રહ્યો. શંકર ભગવાનની કૃપાથી મને કશું ન થયું."

આ બ્યાન પૂરું થઈ ગયા પછી આ વિષે મારે અને નાથજીને વિશેષ વાત થઈ. નાથજીએ જ પહેલાં કહ્યું : "આ વસ્તુની ચકાસણી અને તપાસ ચોકસાઈપૂર્વક થવી જોઈતી હતી. પહેલી વાત તો એ કે, (૧) ખરેખર એ ભાઈને સર્પ કરડયો હતો ખરો ? એને ભ્રમ તો નહિ હોય ને ? (૨) એ સર્પ ઝેરી હતો અને એનું ઝેર શરીરમાં દાખલ થયું હતું ખરું ? સર્પને બાળી નાખ્યો ન હોત તો એ સાપની તપાસ હૅફકીન ઈન્સ્ટીટ્યુટ જેવામાં કરાવત. દાક્તરનું નિદાન થાય ત્યાં સુધી એ હૉસ્પિટલમાં રહ્યો નહિ એટલે આ બધી મહત્ત્વની વિગતો જાણવાનું સાધન ન રહ્યું. નહિતર આ વિગતો દ્વારા ખરી હકીકત જાણવા મળત."

પછી ઊંડા મનનમાંથી ઉદ્‌ગારો કાઢતા હોય તેમ શ્રી નાથજી બોલ્યા : "હમણાં તો ઘણાં વરસોથી સાપ ઉતારવાનો પ્રસંગ નથી

આવ્યો એટલે આ કિસ્સામાં સાપને ઉતારી શકાશે કે નહિ એવી બીક મારા મનમાં હતી. પણ પરમાત્માની કૃપા છે કે એ શકિત હજી જળવાઈ રહી છે. આ કેમ બને છે તે જાણવાનો મને ઘણો રસ છે પણ તે હું જાણી શકયો નથી. ગામડામાં રહેતો ત્યારે તો આવા ઘણા સર્પોને ઉતાર્યા છે. કોઈ પણ કિસ્સામાં નિષ્ફળતા નથી મળી તેમાં હું પરમાત્માની કૃપા જોઉં છું. આ સિવાય હું બીજી કઈ રીતે ખુલાસો આપી શકું? આવી ઘટનામાં મને સફળતા મળે છે ત્યારે હું વધુ વિનમ્ર બની જાઉં છું અને પરમાત્માની કૃપાના ભાવ અનુભવું છું.

"આ સર્પ ઝેરી હતો કે નહિ એ વાતને બાજુએ રાખીએ તો પણ, જડ બની ગયેલો પગ પાણી છાંટતાંવેંત સજીવ થયા એ વસ્તુ જ બુદ્ધિગમ્ય વસ્તુથી પર રહેલી શકિતનો વિચાર કરતાં આપણને કરી મૂકે છે. આ વસ્તુનો વિચાર હું ઘણી વાર કરું છું, પણ મને આ શકિત વિશે કોઈ સમાધાનકારક ખુલાશો નથી મળતો. આ શકિતને સમજવાની ખોજ થવી ઘટે છે. સમજીએ કે ન સમજીએ તો પણ આવી શકિત દ્વારા માનવહિત સધાતું હોય તો શા માટે તેનો ઉપયોગ ન કરવો? વહેમને ઉત્તેજન મળશે એ બીકે આ શકિતનો ઉપયોગ કે વિચાર ન કરવો એ વસ્તુ મને માન્ય નથી."

મેં નાથજીને કહ્યું કે, "આવી ઘટનાઓનું નિરીક્ષણ, પરીક્ષણ, કરીને એનું તારતમ્ય સમજવાનો પૂરેપૂરો પ્રયાસ કરવો જોઈએ. આધાશીશી, કમરની લચક, વીંછીનો ડંખ વગેરે આ પ્રમાણે મંત્રશકિતથી દૂર કરી શકાય છે તેના બહોળા પ્રયોગ થાય હોય તો જ કાંઈક ચોક્કસ નિર્ણય બાંધવામાં એ ઉપયોગી થયા. હકીકતનો ઈન્કાર ન કરી શકાય તે ખરું, પણ એ હકીકતોનું રહસ્ય પામવાનો પ્રયાસ જારી જ રાખવો જોઈએ. રહસ્ય પમાય તો જ સાર્વજનિક ઉપયોગ વિશાળ પાયા ઉપર થઈ શકે."

શ્રી નાથજીએ કહ્યું: "ખોજ કરવી જોઈએ એ સાચું છે પણ કોઈ વસ્તુ બુદ્ધિગમ્ય નથી માટે એ વસ્તુને નિષેધી અને વહેમ ગણી કાઢવી એ બરાબર નથી."

પૂરવણી—નોંધ

આ વાતચીત થયા પછી શ્રી નાથજીએ આ કિસ્સાની વધુ તપાસ સાયન હૉસ્પિટલમાં એક એમના સ્નેહી ડૉકટર પાસે કરાવી હતી. એ ડૉકટરે કહ્યું કે એ ભાઈએ કહ્યું એ પ્રમાણે એ દિવસે એ સાયન હૉસ્પિટલમાં દાખલ થયા હતા અને એને પ્રથમ ઍન્ટી-ટિટેનસનું ઈંજેકશન આપ્યું હતું અને ત્યાર પછી હૉસ્પિટલમાં દાખલ થાય એટલે સર્પદંશના ઝેરનો ઉપચાર કરવામાં આવે છે તે મુજબ તેનો ઉપચાર થાત. પણ એ પહેલાં પોતે સ્વેચ્છાથી ચાલી ગયા એટલે એને હૉસ્પિટલમાં વિધિસર પ્રવેશ આપવામાં આવ્યો નહોતો અને તેથી એ વિષે હૉસ્પિટલની કશી જવાબદારી નહોતી રહી. નહિતર સર્પદંશના દર્દીઓને સાત દિવસ હૉસ્પિટલની તપાસ નીચે રાખવામાં આવે છે અને સર્પની જાત કઈ છે અને એ ઝેર કેવું છે તેની ખાત્રી કરીને એનો યોગ્ય ઉપચાર કરવામાં આવે છે. આ ભાઈને તો પ્રથમ ઈલાજ તરીકે દર્દને ધનુર્વા ન થઈ જાય તે માટે એન્ટીટિટેનસનું ઈંજેકશન આપવામાં આવે છે તે આપવામાં આવ્યું હતું—સર્પદંશના ઝેરના ઉતાર માટે નહિ.

આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિક

વિષયસૂચિ

		પૃષ્ઠ
રશિયાની શાન્તિયાત્રાનાં		૩૩
ઢેબરભાઈનાં સ્મરણો		
મંત્રશકિતથી સર્પદંશના નિવારણ વિષે વધુ વિચારણા	આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિક	૩૬
પંચાયતી રાજ્યોનો અવતાર	જુગતરામ દવે	૩૮
ચિંચવડનું પર્યટન	પરમાનંદ	૪૦

પંચાયતી રાજ્યનો અવતાર

(ગત એપ્રિલ માસની ૧૬મી તારીખે સુરત જિલ્લા પંચાયતના મંગળ આરંભ પ્રસંગે જાણીતા લોકસેવક અને વેડછી આશ્રમના અધિષ્ઠાતા શ્રી જુગતરામ દવેએ કરેલું માર્ગદર્શક પ્રવચન નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

સુરત જિલ્લા પંચાયતના પ્રારંભના—મંગળ પ્રસંગે ગોરપદું કરવાનું માન આપે મારા જેવા રચનાત્મક સેવક અને શિક્ષકને આપ્યું તે માટે હું આપનો આભાર માનું છું. અને આ પ્રયોગ ઉપર જગન્નિયંતા પરમેશ્વરના આશીર્વાદ ઉતરો એવી પ્રાર્થના કરું છું.

આજે આપણને ખુશી મનાવવાનો અને ઉત્સવ—સમા ભ કરવાનો હક્ક છે, કારણ કે પંચાયતનું સ્વપ્નું આ દેશના આગેવાનોની એક પછી એક થઈ ગયેલી પેઢીઓએ લગભગ સો વર્ષથી સેવ્યું હતું અને કલ્પનામાં વિકસાવ્યું હતું, તેને આપણે જ હાથે સાકાર રૂપ આપવાની આજે આપણને તક સાંપડી છે.

મોડા પડયા

છતાં આજની ખુશીની ક્ષણે પણ હું યાદ આપ્યા વિના રહી શકતો નથી કે, આપણે પંચાયત રાજ્યનો આ ભ કરવામાં સારી પેઠે મોડા પડયા છીએ. સ્વાતંત્ર્યનાં પંદર વર્ષોમાં આપણા રાજ્યતંત્રે જે કંઈ વિકાસ સાધ્યો છે તેની અવગણના કરવાનો મારો આશય નથી. ગયા સૈકડો વર્ષોમાં થયાં નહોતાં તેવાં મોટાં અને ગિંજાવી કામો આ વર્ષોમાં ઉપાડવામાં આવ્યાં છે અને મક્કમ હાથે પાર ઉતારવામાં આવ્યાં છે. તે કરતાં જવાબદારીનાં સ્થાનો પર બિરાજનાર નાના મોટા અધિકારીઓને કિંમતી અનુભવ મળ્યો છે. પણ પ્રજાને માટે મોટે ભાગે પ્રેક્ષકનું સ્થાન જ રહ્યું છે. જો સ્વાતંત્ર્ય આવ્યા પછી બે ચાર વર્ષમાં જ આપણે પંચાયતી રાજ્ય શરૂ કરી દીધું હોત તો જે બધાં નિર્માણ કામો દેશમાં થયેલાં આપણે જોઈએ છીએ તેમાંનાં ઘણાંખરાં કામો પ્રજાએ પોતે ઉપાડયાં હોત અને તેના દેશપ્રેમથી ઉભરાતા હૃદયે તેણે સ્વયંસેવકો તરીકે સેવા આપી હોત. તેને બદલે પ્રજાને માત્ર પ્રેક્ષક રહેવાનું જ મળ્યું તેથી તેનું માનસ દરેક બાબતમાં અસંતોષી અને ટીકાશીલ બની ગયું છે. દેશહિત કરતાં અંગત સ્વાર્થ તરફ તાકવાની તેને આદત પડી છે. આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યની દૃષ્ટિએ આ નાનુસૂનું નુકસાન નથી.

ગુજરાત માટે આશાનાં કારણો

ભારતમાં પંચાયત રાજ્યની નીતિ સ્વીકારવામાં આવી છે, પણ તેનો અમલ હજુ બે ત્રણ રાજ્યોમાં જ શરૂ થયો છે; તેમાં ગુજરાત હવે ભળે છે. ગુજરાતનો આ વસ્તુનો પ્રયોગ નમૂનારૂપે થવાનો પૂરો સંભવ છે. તેમાં એક કારણ એ છે કે, ગુજરાતના હાડમાં પંચાયતી તત્ત્વ પડેલું છે. આપણા મોટા ભાગના જાહેર વ્યવહારો મહાજનો દ્વારા ચલાવવાના સંસ્કાર હજુ આપણા સમાજજીવનમાં તાજા છે. હું ધારું છું કે, મહાજનની સંસ્થાએ ગુજરાતના સમાજમાં જે ભાગ ભજવ્યો છે તેવો દેશના બીજા ભાગોમાં ભજવાયેલો ભાગ્યે જ જોવા મળે છે. જો કે, જૂનાં મહાજનો અને લોકશાહી રીતે ચૂંટાયેલી હાલની પંચાયતો વચ્ચે હાથી—ઘોડાનો ફરક છે, છતાં મૂળ બન્ને વસ્તુઓ એક છે.

આપણું કામ નમૂનારૂપ થવાનું બીજું કારણ મને એ લાગે છે કે, ગુજરાત રાજ્યે ઘડેલો પંચાયત ધારો, એક ધારા તરીકે પ્રમાણમાં વધારે સારો અને ઓછી ખામીઓવાળો છે. તેથી આપણે આશા રાખી શકીએ કે આપણા નવા કારભારીઓ માટે તે વાંકોચૂંકો વિનાના સીધા રસ્તાનું કામ સારશે અને પંચાયતી રાજ્યનો રથ તેઓ તેના ઉપર હિંમતભેર દોડાવી શકશે.

બીતાં બીતાં રથ ન હાંકશો

પંચાયતી રાજ્યનો રથ હવે જોડયો છે તો તે બીતાં બીતાં નહિ પણ હિંમતભેર જ દોડાવવાનો છે, એ તરફ હું નવા કારભારીઓનું ધ્યાન દોરવા ઈચ્છું છું. પંચાયતના કાયદાએ તમને અમુક ફરજો સોંપી છે, અમુક સાધનો આપ્યાં છે અને અધિકારીઓની સેનાઓ તમારા હાથમાં મૂકી છે. પંતુ જો તમે એટલામાં જ બંધાઈને તમારું કામ કરતા રહેશો તો તમે બીતાં બીતાં રથ ચલાવ્યો એમ હું માનીશ. એ કર્તવ્યો તો બજાવવાનાં છે જ. પણ તે તો આ પહેલાના તંત્રને હાથે પણ થતાં આવ્યાં છે અને થવાનાં હતાં. કદાચ તમારી પાસે લોકો વધારે નિઃસંકોચપણે પહોંચી શકે તે કારણે તમારે હાથે એ બધાં કામો કંઈક વધારે કાર્યક્ષમતા સાથે થશે એમ માની

લઈએ. પણ તેટલાથી પંચાયતી રાજ્ય હિંમતથી ચલાવ્યું ગણાશે નહિ. સહેજ વધારે કાર્યક્ષમતા આવે એટલા અલ્પ હેતુ ખાતર કંઈ રાજ્યતંત્રમાં આટલો મોટો ફેરફાર કરવાની ખટપટમાં કોઈ ન પડે. આપણે જમાનાઓથી પંચાયતી રાજ્યના જપ કરતા આવ્યા છીએ, આપણા રાષ્ટ્રપિતા પંચાયતી રાજ્યને દેશમાં રામ-રાજ્ય ઉતારવાનું સાધન માનતા, આપણા વડા પ્રધાન પંડિત જવાહર-લાલજી તેને વિષે કહે છે કે, 'આ પંચાયતી રાજ્યના વિચારે હું મારા હૃદયમાં એક પ્રકારનું સ્પંદન અનુભવું છું'—આપણે આ દેશની આખી પ્રજા ગ્રામપંચાયતની ભાવનાથી આપણાં હૃદયનાં ઊંડાણમાં એક પ્રકારનાં ગલગલિયાં અનુભવીએ છીએ; આ બધું આપણા કારભારમાં સહેજસાજ કાર્યક્ષમતા વધે એ કારણે જ ન હોઈ શકે. આપણી ભાવનાઓ અને અભિલાષાઓ કંઈક જુદી જ છે એ દેખીતું છે. એ ભાવનાઓ કઈ છે તે તરફ હું આ પ્રસંગે આંગળી ચીંધવા ઈચ્છું છું.

ક્રાન્તિનાં કાર્યક્રમ હિંમતથી ઉપાડો

પહેલામાં પહેલી આપણી ભાવના એ છે કે, આ પંચાયતી રાજ્યની ફરજો બજાવતાં આપણે આપણા માલિકોને—એટલે કે આપણા મતદારોને—આપણી આખી જનતાને ઘડતા જવાની છે. તેને સ્વરાજ્યના ઘડતર ખાતર તન, મન, ધનથી પરિશ્રમ કરવાનો, ત્યાગ—ભોગ આપવાનો ઉત્સાહ ચડાવવાનો છે.

આ જિલ્લામાં આપણા આ માલિકોમાંનો મોટો ભાગ અત્યંત પછાત દશામાં છે. તેઓ દરિદ્રતા, દુઃખ અને સર્વ સાધનોના અભાવથી એવી દીનહીન દશામાં છે કે, તેને સ્વતંત્રતાની ઉષ્માનો કોઈ રીતે અનુભવ થઈ શકતો જ નથી. તેઓને ઉપર લેવાનું કામ માત્ર થીંગડાં મારવાથી થઈ શકે તેમ નથી એ સિદ્ધ થઈ ચૂક્યું છે. તે માટે તો જમીન અને બીજી સર્વ સંપત્તિઓની નવેસરથી સુવ્યવસ્થા કરવી પડશે. મોટાએ નાનાં માટે ખૂબ ખૂબ ઘસાવું પડશે, અને નાનાએ પણ પોતાથી વધારે નાનાં માટે તે જ રીતે ભોગ આપવા પડશે; અને આખી પ્રજાએ જાનમહેનત, શ્રમ-યજ્ઞ અને સ્વાવલમ્બનના જીવન તરફ વળવું પડશે. આ કામો ક્રાંતિનાં છે. માત્ર કાયદાથી અને અધિકારીઓથી કે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી થઈ શકે તેવાં આ કામો નથી. પ્રજાના સેવકો અને આગે-વાનો, જે તેમના જીવનમાં ઊંડા ઊતરી શકે છે અને પ્રસંગ આવતાં તેમને કડવાં વચનો સંભળાવવાની પણ હિંમત કરી શકે છે, તે જ તે કરી શકે તેમ છે.

આવી આગેવાની કરવી એ હિંમતનું કામ છે; માથું મૂકીને કરવાનું કામ છે. જે સેવકો રોજરોજ ભવિષ્યમાં મળવાના મતોની જ ફિકરમાં રહે છે, હમેશાં સસ્તી લોકપ્રિયતા સંઘરવાની ખટપટમાં જ રહ્યાં કરે છે તેઓ પ્રજાને ક્રાંતિને માર્ગે લઈ જઈ શકશે નહિ. તેઓ તો પ્રજાના લાગવગદાર વર્ગોની ખુશામત કરવા લાગશે, અને તેમને તેમના નાના નાના સ્વાર્થો અને હિતો માટે ઉશ્કેરતા અને તેમનાં ક્ષુદ્ર અભિમાનોને પોષતા રહેશે, તેઓ પ્રજાને ક્રાંતિને માર્ગે કદી ઘડી શકશે નહિ.

ભણેલાઓ દેશસેવામાં પાંચ વર્ષ આપે

જમીન અને પૈસાટકાની સંપત્તિ કરતાં પણ વધારે કિમતી સંપત્તિ એ બુદ્ધિ રૂપી સંપત્તિ છે, હજારો અને લાખો લોકો આજે જાતજાતની વિદ્યા ઉપાર્જન કરી રહ્યા છે, ભણતર ભણી રહ્યા છે, તે છે. ભૂમિ આદિ સંપત્તિઓ સંબંધમાં તો બાપુ જે શિક્ષણ આપી ગયા છે અને આચાર્ય વિનોબા બાર વર્ષથી ગ્રામદાનની હવા ફેલાવી રહ્યા છે તેના ફળ રૂપે કંઈક વાતાવરણ પેદા થયું છે. ખાનગી ભૂમિ, ખાનગી નફાના ધંધાઓ એ બધાની એક જમાનામાં જેવી આબરૂ હતી તેવી હવે રહી નથી. ને સંપત્તિઓવાળાઓનાં મન પણ દિવસે દિવસે તે છોડવાની દિશામાં ઘડાતાં ચાલ્યાં છે, તેવી સંપત્તિ જાહેરના હિતમાં છોડવવાના કાયદાઓ સરકાર કરે છે અને આકરા કરો નાખે છે, તે તેઓ પહેલાં કરતાં ઘણા વધારે પ્રમાણમાં સહન કરતા થયા છે.

પરંતુ બુદ્ધિદાનનો વિચાર હજુ લોકોમાં તેટલો સમજાયો નથી. ભણેલાઓને પોતાની વિદ્યાની કિંમત માગતાં સંકોચ થતો નથી, કારણ કે તેવો આદર્શ તેમની પાસે રજૂ જ થયો નથી. જે કંઈ વિદ્યાઓ ભણવાની આજે સગવડ ઊભી કરવામાં આવી છે તે રાષ્ટ્રે પોતાની અત્યંત દરિદ્રતા છતાં પોતાનાં અતિ ઓછાં સાધ-નોમાંથી તાણીતૂસીને ઊભી કરી છે, એ વિચાર ભૂલી જવાય છે. પંચાયતી રાજ્યના નવા કારભારીઓએ આ નવો ચીલો પાડવાનો છે. ભણેલાઓ પોતે પ્રાપ્ત કરેલી વિદ્યા દ્વારા પોતાના જીવનનાં પહેલાં પાંચ વર્ષ દેશની અવૈતનિક સેવા કરે એવું વાતાવરણ ફેલા-વવાનું છે.

અત્યાર સુધી રાજ્ય કારભાર જે રીતે અને જે પરંપરાથી ચાલ્યો છે તેમાં આવું વાતાવરણ ઊભું થવાની શક્યતા જ નહોતી. કાયદાથી એવું કરવા જાય છે તો અસર અવળી થાય છે. નવા નવા દાક્તરો માટે ડીગ્રી આપતાં પહેલાં એક વર્ષ સેવા આપવાનું થોડા વર્ષથી ઠરાવ્યું છે, તો એ સેવાની રીતરસમ અતિશય ખર્ચાળ અને બાદશાહી બનાવી દેવામાં આવી છે અને પ્રજાજીવનમાં તેનો લાભ ઓછો જ રહેવા પામ્યો છે.

આજે તો બધાં કામો નોકરશાહી રીતે જ કરવાં અને સૌએ પોતપોતાના હક્કો અને અધિકારો પ્રમાણે વેતનની ચીવટથી માગણી કરવી અને એ હક્ક અધિકારો પણ દિવસે દિવસે વધારતા જવું એ આપણી પ્રથા થઈ પડી છે. આ પ્રથા પશ્ચિમના સહવાસથી આપણામાં આવી છે. અને બહુ વર્ષ ગરીબાઈમાં રહ્યા છીએ તેથી તે પ્રથા આપણને વળગી પડેલી છે. પરંતુ આપણાં સંસ્કૃતિ અને સ્વભાવ જુદાં છે—વિદ્યા વેચાય નહિ, તેનું દાન જ હોય—એવાં તે છે. તેથી જ જાહેર સેવકો મોટા પગારો લે તે આજે પણ આપણી પ્રજામાં આદરપાત્ર ગણાતું નથી.

આ વિચારની પાછળ માત્ર પગારના પૈસા બચાવવાનો આશય નથી—જો કે એટલો આશય હોય તો પણ આપણા અતિ ઓછાં સાધનોવાળા દેશને માટે તે નજીવો ગણવા જેવો નથી. તેની પાછળ આપણા નવજુવાનોનાં જીવનમાં રાષ્ટ્રભક્તિ અને સેવાભાવના જાગ્રત કરવાનો આશય છે. આ દેશનાં નવનિર્માણનાં કામોમાં ભણેલા નવજુવાનો આવી ભાવના સાથે ઝુકાવતા હોય તો વાતાવરણ કેટલું ચૈતનમય બને, તેની અસર સામાન્ય જનતા ઉપર પણ કેવી સારી થાય એની કલ્પના કરવી મુશ્કેલ નથી.

એટલું જ નહિ, દરેક કામમાં આ રીતે નવલોહિયા અને નવવિદ્યાઓથી દીક્ષિત સ્વયંસેવકો ઉતરી પડે તો તે કામો ઘરેડનાં અને રગસિયાં ગાડાં મટી તેમાં કેવું ચૈતન આવે તે પણ કલ્પનાશીલ દેશજનોએ કલ્પવા જેવું છે. શિક્ષણક્ષેત્રે આપણી પ્રાથમિક શાળા-ઓનાં અને બાલવાડીઓનાં ઊગતાં બાળકોને આવા સ્વયંસેવકોની પાંચ વર્ષની સેવાનો લાભ મળે તો શિક્ષણ ગુણમાં કેટલું ઉન્નત થાય, આપણા ખેડૂતો, પશુપાલકો અને ખેતમજૂરોની મદદમાં આવા પાંચ વર્ષના દીક્ષિત સ્વયંસેવકો ઉતરી પડે તો તેઓનાં જીવનો તેમ જ તેમનાં ખેતરો અને બાગબગીચા કેટલાં ખિલી ઊઠે તે પણ કલ્પવા જેવું છે. આપણાં નહેરો અને રસ્તાઓ અને બાંધકામો અને કારખાનાઓનાં વાતાવરણ પણ આવા સ્વયંસેવકો મળવાથી કેટલાં નવાં નવાં થઈ જાય?

પંચાયતી રાજ્યના સભ્યો માટે આ દિશામાં નવા રસ્તાઓ પાડવાનો ભારે મોટો અવકાશ, છે પંદર વર્ષ દરમ્યાન આપણી આદતો બહુ ઊંડી પેસી ગઈ છે અને આપણાં માનસો ખૂબ જ ફેરવાઈ ગયાં છે, તેથી તેઓ માટે આ બધું બહું સહેલું રહ્યું નથી. છતાં પંચાયતી રાજ્યનો અવતાર તે અઘરું કાર્ય કરવા માટે છે, માત્ર કારભાર ચલાવવા માટે નથી એ યાદ રાખવાનું છે.

ખાતાં કરમાવાં જોઈએ

ગ્રામપંચાયતના બીજા એક મહાન અવતારકાર્યની પણ આજે આપણે ઝાંખી કરીશું. જેમ જેમ આપણું સ્વરાજ્યનું વૃક્ષ

મોટું થતું જાય છે તેમ તેમ રાજ્યતંત્રનાં ખાતાંઓ વધારે ને વધારે ખર્ચાળ થાય છે. તેમાં વિચાર અને ભાવના ઓછાં થાય છે અને રૂઢિઓ, કાયદાઓ અને કાગળિયાંઓનું સામ્રાજ્ય જામતું જાય છે. અને તે દિવસે દિવસે કરની માત્રા વધારીએ તો જ નભાવી શકાય છે. કેન્દ્રિત રાજ્યકારભારનાં આ કુદરતી પરિણામો છે. વિકેન્દ્રિત રાજ્ય થતાં આ બધું મે ક્રમે ક્ષીણ થતું જાય તો જ આપણે આ પરિવર્તન કરી રહ્યા છીએ તે સાર્થક થાય, જો આપણે નોકરશાહી તંત્રની સંખ્યા તેટલી ને તેટલી ચાલુ રાખીશું, ઉલટા આપણે પંચાયતના કારભારીઓ પોતે તેમના જેવો જ વેશ ધારણ કરી નોકરશાહીની સંખ્યામાં વધારો કરીશું, જો આપણે માત્ર ખાતાંઓની રચના આમથી તેમ અને તેમથી આમ કરીને બેસી રહીશું તો કશો જ ફેર પડનાર નથી. આપણે તો દિવસે દિવસે જાહેર સેવામાંની બને તેટલી પ્રજાકીય લોકસંસ્થાઓ અને સહકારી મંડળો દ્વારા ચાલ્યાં કરે અને રાજ્યને ગંજાવર ખાતાંઓ રાખવાં ન પડે એ સ્થિતિ પર રાજ્યતંત્રને લઈ જવાનું છે, અને તે દિશામાં આપણે જેમ જેમ આગળ વધીએ તેમ તેમ કરનું ભારણ પણ ઘટાડતા જવાનું છે.

ખાતાંઓ અને કરનો સ્વભાવ છે કે તે વધવા હંમેશાં તૈયાર હોય છે પણ ઘટવાની વાત કરીએ તો ગમે તે બહાનું કાઢી તે છટકી જાય છે! ખરેખર તેનો સ્વભાવ અફીણ, દારૂ જેવા આકરા વ્યસનનો જ છે

સંરક્ષણ માટે શાંતિસેના

રાજકારણના પ્રગતિશીલ વિચારકોએ સાચા સ્વરાજ્યનું લક્ષણ એવું બતાવ્યું છે કે તેણે મે ક્રમે કરમાતા જવું જોઈએ. પ ંતુ આજનાં બધાં રાજ્યતંત્રો તેને દૂર દૂર—અતિ દૂરનો આદર્શ માનીને વર્તે છે. તેઓ આપણા પંચાયતી રાજ્યના આ સ્વપ્નાને હસી કાઢશે. તેઓ દલીલ કરશે, રાજ્યનાં બીજાં બધાં ખાતાંઓ સાથે તમે અખતરાઓ કરી શકો, પણ દેશના સંરક્ષણ જેવી બાબતમાં તમને આવા બેજવાબદાર અખતરા કેમ કરવા દઈ શકાય? લાખોની ખડી ફોજો અને તેની પાછળ ગમે તે ક્ષણે લશ્કરી સાધનો બનાવવાનાં કેન્દ્રોમાં ફેરવી શકાય તેવાં રાક્ષસી કારખાનાંનો ટેકો—એ વગર દેશનું સંરક્ષણ તમે કેવી રીતે કરશો? ગ્રામપંચાયતોની તમારી હીલચાલ રાજ્યનીતાકાત ઢીલી પાડે તે ચલાવી લઈ શકાય નહિ. અત્યારના કટોકટીના કાળમાં આ દલીલ આગળ આપણે ઘડીવાર દબાઈ જવું પડશે, અને હિંમતથી તેનો જવાબ વાળી શકાશે નહિ. છતાં પંચાયત રાજ્યે આ બાબતમાં પણ પોતાની યોજના શોધવી પડશે અને ખિલવવી પડશે;—તે છે શાંતિસેનાની. દેશના એકે એક પુરુષને તેમ જ સ્ત્રીને શાંતિસૈનિકની તાલીમ મળે એવી યોજના પંચાયત રાજ્યે કરવાની છે. પ્રજામાં સાહસ અને વીરધર્મનો લાંબા ગુલામી જીવનને લીધે હ્રાસ થયો છે. સ્વરાજ્યના શરૂઆતનાં વર્ષોમાં જ જો આપણે પંચાયતી રાજ્યનો આ ંભ કરવાની હિંમત કરી હોત તો આજ સુધીમાં એક વીર પ્રજાનું આપણે સર્જન કરી શકયા હોત. તેમ કરવા માટે શસ્ત્રો અને ખડી ફોજો કરતાં પણ નીડર, બહાદુર, સાહસી અને રાષ્ટ્રપ્રેમથી ઉભરાતાં સ્ત્રી-પુરુષોની જ જરૂર છે. પ્રજાનું ઘડતર આવું થયું હોય—એકે એક સ્ત્રી-પુરુષને જો શાંતિસૈનિકની તાલીમ પહોંચાડવામાં આવી હોય તો સંકટના સમયમાં પ્રજા વગરહથિયારે, પોતાની વીરતા વડે જ, સંકટ પાર કરી શકે એવો સંભવ છે. અને કદાચ દેશને શસ્ત્ર ધારણ કરવાની ઈચ્છા થાય તો પણ આવી તાલીમબદ્ધ પ્રજાને તે માટે તૈયાર કરી દેવી એ થોડાં અઠવાડિયાનું જ કામ છે.

કેન્દ્રિત રાજ્યતંત્ર આ શાંતિસેનાનું કામ ઉપાડવાની ભાગ્યે જ હિંમત કરી શકે. તેને તેમ કરતાં જાતજાતની અડચણો દેખાશે અને જોખમોનો ડર લાગશે. પરંતુ પંચાયતી રાજ્ય જો સાચી હિંમત સાથે દેશમાં ચાલતું થાય તો તે આ કામ બહુ જ સારી રીતે કરી શકે, ઘણી જ ટૂંકી મુદતમાં સર્વ પ્રજાજનોને શાંતિસૈનિક બનાવી શકે અને આખી પ્રજાનો સીનો ફેરવી શકે.

અત્યારે સરકારે પંચાયતોને માત્ર મ્યુનિસિપલ કામો જ સોંપ્યાં છે, તેને સંરક્ષણ જેવાં રાજ્યનાં ખાસ કર્તવ્યો સોંપ્યા નથી. એનો અર્થ તો એટલો જ થાય કે પંચાયતી રાજ્ય સશસ્ત્ર સૈનિકોની તાલીમનું કામ ઉપાડી ન શકે. પ ંતુ શાંતિસેના એ તો સાદું અને શિક્ષણનું કામ છે. ગ્રામપંચાયત તે કામ જરૂર ઉપાડી શકે અને તે ઉપાડી આખી પ્રજામાં શુદ્ધ વીરતા અને સાહસનો ગુણ ખિલવી શકે, અને પોતાના નિર્બળ દેશબંધુઓની રક્ષા માટે પ્રાણની આહુતિ આપવાનું શૌર્ય સર્વ લોકોમાં પ્રગટાવી શકે. પંચાયતી રાજ્ય આ કરી શકે, એટલું જ નહિ પણ તે કરવા માટે જ તેનો અવતાર છે.

શબ્દો અને ભાવાર્થ

આપણા નવો જન્મ પામતા પંચાયત રાજ્ય સમક્ષ મેં તેના અવતારકૃત્યનું ચિત્ર રજૂ કરવા પ્રયત્ન કર્યો છે. આ ચિત્ર કદાચ પંચાયતીધારાના શબ્દોમાં તમને જોવા મળશે નહિ, પરંતુ તેની લીટીઓની વચ્ચેની ખાલી જગ્યામાંનો ભાવાર્થ જો આપણને વાંચતાં આવડશે તો તેમાં આ ચિત્ર બરાબર જોઈ શકાશે એટલું જ નહિ, એનાથી પણ ઘણી મોટી કલ્પનાઓ અને આશાઓ પણ જોઈ શકાશે.

અત્યાર પહેલાંની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના સંચાલનમાં આપણે ગુજરાતમાં નવી ભાત પાડી શકયા છીએ, જાહેર સેવા માટે પોતાના ચોવીસ કલાક આપનારા અને દેશભક્તિથી પ્રેરાઈને નિ:સ્વાર્થભાવે કામ કરનારા સેવકો જિલ્લે જિલ્લે અને તાલુકે તાલુકે આપી શકયા છીએ. તો જ્યારે તે જ સંસ્થાઓ હવે વધારે વિશાળ સેવાની તકો વાળી બને છે અને જગતના રાજ્યવહીવટમાં આપણું રાષ્ટ્ર એક નવો જ પ્રયોગ કરવા તૈયાર થયું છે, તેવા શુભ સંજોગોમાં ગાંધી અને સરદારનું ગુજરાત તે નિ:સ્વાર્થ સેવાની પ ંપરા જરૂર આગળ ચલાવશે એવી હું આશા રાખું છું.

વેતનનો પ્રશ્ન

આ પંચાયતી રાજ્યની ચર્ચાઓ ચાલુ થઈ ત્યારથી મારા મનમાં એક કલ્પના ઊઠી છે અને તે કેટલાક મિત્રોને મેં ખાનગીમાં કહી છે. આજે આ જિલ્લાના મિત્રો સમક્ષ હું તે જાહેરમાં કહેવાની તક લઉં છું. આ કલ્પના એ છે કે, પંચાયતી રાજ્યના વાહકોએ સરકારમાંથી વેતન લેવાની સવિનય ના પાડવી. તો પછી તેમણે કેમ નભાવવું? વેતન લેવામાં શું ખોટું છે? રાજ્ય અને કેન્દ્રના મંત્રીઓ વેતન કેમ લે છે? વગેરે ઘણી ચર્ચાઓ આ બાબતમાં ઉપાડી શકાય. તે ચર્ચાઓ રસ પડે તેવી છે અને આપણા જાહેર જીવનની શુદ્ધિ અને તેજસ્વીતા માટે તે જરૂરની પણ છે. પ ંતુ આ પ્રસંગે હું તેમાં આપનો સમય નહિ લઉં. હું પ્રેમથી આપની પાસે માત્ર સૂચના મૂકું છું. સૌરાષ્ટ્રના મારા એક મિત્ર વિષે મેં છાપામાં હમણાં જ વાંચ્યું કે, તેમણે વેતન ન લેવાનો નિર્ણય કર્યો છે. મને ખાત્રી છે કે, તેથી તે ભાઈ ઉપર બહુ દુ:ખ નહિ આવી પડે, અને આપણે આવો નિર્ણય કરી શકીએ તો આપણને પણ રોટલાનું એટલું બધું દુ:ખ પડવા સંભવ નથી. માત્ર એવી હિંમત કરવાથી પંચાયતી રાજ્યની હવા બદલાઈ જશે અને જે ધર્મો બજાવવા માટે તેનો અવતાર થયો છે તે માટે જરૂરી વાતાવરણ ઉત્પન્ન કરવાની આપણામાં પાત્રતા આવશે એવી મારી નમ્ર માન્યતા છે.

જેને વિષે આપણા સૌના મનમાં મોટી આશાઓ છે તેવા પંચાયતી રાજ્યનો વિજય થાઓ અને આ કાર્યના પહેલા સેવકો બનવાનું જે ભાઈઓને માન મળ્યું છે તેઓને પ્રભુ યશ આપો એવી મારી પ્રાર્થના છે.

જુગતરામ દવે

ચિંચવડનું પર્યટન

"ઝાઝા માકડ ઝાઝા જુઆ,
ત્યાં મહેતાના ઉતારા હુઆ"

પૂના નજીક આવેલા ચિંચવડ મુકામે જૈન વિદ્યા પ્રસારક મંડળ તરફથી કેટલીક શિક્ષણસંસ્થાઓનું સંચાલન કરવામાં આવે છે. આ શિક્ષણસંસ્થાઓનો સંઘના સભ્યોને પરિચય થાય એ હેતુથી એ સંસ્થા સાથે ગાઢપણે સંકળાયેલા અને ભારત જૈન મહામંડળના પ્રમુખ કાર્યકર્તા શ્રી રિષભદાસ રાંકાએ સંઘના સભ્યોને ચિંચવડ આવવા નિમંત્રણ આપેલું. તે નિમંત્રણનો સાદર સ્વીકાર કરીને એપ્રિલ માસની તા. ૬ તથા ૭ — શનિ તથા રવિ એમ બે દિવસનું સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે એક પર્યટન ગોઠવવામાં આવ્યું હતું. આ પર્યટનમાં પચાસ, ભાઈબહેનો જોડાયાં હતાં. આ માટે ખાસ રોકવામાં આવેલી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ એપ્રિલની છઠ્ઠી તારીખે બપોરે બે વાગ્યે પાયધુનીથી ઉપડી હતી અને સાડા-ત્રણ-ચાર વાગ્યે થાણા પહોંચી હતી. ત્યાં રવિ ઈન્ડસ્ટ્રીઝવાળા સંઘના સભ્ય શ્રી રતિલાલ ઊજમશી શાહે અમો પ્રવાસીઓ માટે ચા-નાસ્તાનો પ્રબંધ કર્યો હતો. તેને ન્યાય આપીને આગળ ચાલ્યા. દોઢેક કલાકમાં ખપોલી પહોંચ્યા. પર્યટન એટલે મુક્ત-વિહાર. વિશેષ કરીને ખાવાપીવા અંગે ચાલુ જીવનમાં ભૂખ નથી લાગતી એવી ફરિયાદ કરતા હોય એવા પ્રવાસીઓની ભૂખ પણ પ્રવાસમાં નીકળતાં ખૂલી જાય છે, અને તેમાં પણ કોઈ ખાવા પીવાનું જાણીતું મથક આવે એટલે સંયમ સરી પડે છે. ખપોલી એક એવું મથક છે. આ બાજુ જતા આવતા લોકો ત્યાંની હોટેલ રેસ્ટોરાંમાંથી વડા ખાધા સિવાય ભાગ્યે જ આગળ વધે છે. આમાં યુવક સંઘના સભ્યો કોઈ અપવાદરૂપ નહોતા. આ રીતે ખપોલીમાં વડા વડે ક્ષુધાશાન્તિ કરીને અથવા તો ખરી રીતે કહીએ તો ખાવાની વાસનાને તૃપ્ત કરીને અમે આગળ ચાલ્યા. ઘાટ ચઢતાં ચઢતાં અદ્‌ભુત સૂર્યાસ્ત નિહાળ્યો. લોનાવલા પહોંચ્યા, ત્યાં પણ સંઘના સભ્ય શ્રી નાનચંદ જૂઠાભાઈ મહેતાએ અમારા માટે એક હૉટેલના બગીચામાં ચા - સેન્ડવીચની ગોઠવણ કરેલી. તેને ન્યાય આપીને અમે આગળ ચાલ્યા. આજે મહાવીર જયન્તી—ચૈત્ર શુદ ૧૩ નો દિવસ હતો. શુકલપક્ષની ત્રયોદશીની રાત્રી હતી. સાડા આઠ વાગ્યા લગભગ અમે ચિંચવડ પહોંચ્યાં. જૈન વિદ્યાપ્રસારક મંડળ હસ્તક ચાલતા ફતેચંદ જૈન વિદ્યાલયની વિશાળ જગ્યામાં અમારો ઉતારો હતો. બહેનો—ભાઈઓ પોતપોતાના ઉતારામાં સ્થિર થયા. ભોજન પતાવ્યું. વિદ્યાલયના—વિશાળ પ્રાંગણમાં સૌ એકઠા થયા અને એક વિશાળ વર્તુળમાં ગોઠવાયાં. અમારી સાથે જૈનધર્મના અધ્યાપક શ્રી સૂરજચંદ્ર ડાંગી હતા. તેમની પાસે કાવ્યો - ગીતો - ભજનો તેમ જ વિનોદી વાતોનો અખૂટ ભંડાર હતો. બીજાં કર્વે કૉલેજના અધ્યાપિકા બહેન હીરાબહેન પાઠક પણ હતાં. તેમની પાસે પણ ગીત—ગરબાની પુષ્કળ સામગ્રી હતી. અમારી બસનો ડ્રાઈવર પણ એક સંસ્કારી વ્યકિત હતી. તે 'બુલબુલતરંગ' નામનું વાદ્ય બહુ સરસ રીતે બજાવી શકતો હતો અને મીઠું ગાઈ પણ શકતો હતો. સંગીતલક્ષી આનંદમાં પુરવણી કરે એવાં બીજા પણ ભાઈ—બહેનો હતાં. માથે આકાશમાં ચંદ્રમા પુરબહારમાં ખીલી ઉઠ્યો હતો. તેની રજતવર્ષા વડે ચોતરફ ધવલતા પથરાઈ ચૂકી હતી. દોઢેક કલાક વાર્તા-વિનોદ ચાલ્યો. રાત્રિના સાડા અગિયાર વાગે બધાં વિખરાયા. બહેનો પોતાના નિવાસસ્થાન ભણી ગઈ. અમો પુરુષોએ છાત્રાલય વિભાગના ઓરડાઓની લાંબી હાર છે તે બાજુ સુવાનું વિચાર્યું હતું. થોડાક ભાઈઓ ઓરડાની અંદર કે ઓશરીમાં સુતા હતાં. બાકીના ઘણાખરા ખુલ્લી જગ્યામાં લાકડાની પાટો ઉપર સુતા હતા, અડધો પોણો કલાક થયો એટલે સુતેલાઓમાં કાંઈક કાંઈક સળવળાટ શરૂ થયો. ઓરડાની અંદર સુતેલા માકડથી હેરાન થઈને બહાર આવ્યા. પછી તો બહાર સુતેલા પણ સળવળવા લાગ્યા. બીછાનામાં આમ તેમ જુએ અને માકડ દેખાય. માકડની સામુદાયિક પજવણીએ આખી મંડળીને જગાડી મુકી. સામે વિશાળ વ્યાખ્યાનશાળા હતી. ત્યાં જઈને કેટલાક સુતા, અમુક ભાઈ-ઓએ સુવાનો વિચાર માંડી વાળીને પત્તે રમવાનું શરૂ કર્યું અને આખી રાત પત્તાં રમવામાં જ પસાર કરી. કેટલાક માકડની પીડાને અવગણીને ઠીક ઠીક નિદ્રાધીન બની ગયા. આ અનુભવનો વિચાર કરતાં નરસી મહેતાને લગતી ઘણું ખરું કવિ પ્રેમાનંદની રચેલી નીચેની પંકિત સહેજે યાદ આવી ગઈ.

'ઝાઝા માકડ ઝાઝા જુઆ, ત્યાં મહેતાના ઉતારા હુઆ." અમારા યજમાન શ્રી રુપભદાસજી અમારા માટે માકડે ઊભી કરેલી પજવણી જોઈને આતે ખિન્ન થતાં દેખાયા. અમે તેમને ભારપૂર્વક આશ્વાસન આપ્યું કે, "આ તો આણધાર્યો કુદરતી કોપ છે, તેમાં તમે શું કરો? આમાં તમારી કોઈ જવાબદારી છે જ નહિ." આમ છતાં તેમની ચિંતાનું પૂરું નિવારણ થઈ ન શક્યું. "આખરે તમે મારા નિમંત્રણથી અહિં આવ્યા અને આ બાબતનો મને કોઈ ખ્યાલ ન આવ્યો!" એ રીતે તેઓ વસવસો કરતા રહ્યા. સજ્જનોની સદા આવી પ્રકૃતિ રહી છે. સાથીને દુઃખ આવી પડે તો તે હંમેશાં તેમાં પોતાનો જ દોષ ચિંતવે છે. અહિં એ જણાવવાની જરૂર છે કે, ઉપર જણાવેલ રકતદાનનો લાભ અમારી સાથેની બહેનોને નહોતો મળ્યો. તેમને જુદા મકાનમાં ઉતારો આપવામાં આવ્યો હતો અને ત્યાં માકડની વસાહત હજુ સુધી અસ્તિત્વમાં આવી નહતી.

જાગતા સુતા સૌને માટે રાત્રિ પુરી થઈ અને પૂર્વાકાશમાં પ્રકાશની લાલી પ્રગટી. સૌ ઊઠ્યા, દાતણપાણી નિત્યકર્મ પતાવ્યું, ચા-નાસ્તો પણ પતાવ્યો. ત્યાર બાદ નજીકમાં એક નદી વહેતી હતી ત્યાં અમારામાંના કેટલાક નહાવા ધોવા માટે ઉપડ્યા. તરી શકાય એટલા ઊંડા જળપટ ઉપર પહોંચવા માટે ચિંચવડ ગામમાં થઈને બીજી બાજુએ જવાનું હતું. અહિંનું દૃશ્ય બહુ રમ્ય હતું. એક બાજુએ એક ભવ્ય ગજાનંન મંદિર હતું. તદુપરાંત આપણે શ્રાવણ મહિનામાં 'ગણપતિ બાબા મોરિયા' એમ બૂમો પાડતા ઘાટીઓને સાંભળીએ છીએ તેમાં મોરિયા શબ્દ છે તે મોરિયા ગોસાવી ગણપતિના ઉપાસક એવા એક સન્ત પુરુષનું નામ છે. આ ગજાનન ઉપાસક મોરિયાગોસાવીની આ મંદિરના ચોગાનમાં સમાધિ હતી. નદી કિનારે બાંધેલો ઘાટ હતો અને ઠીક ઠીક પગથિયાં ઉતરીને ઊંડા એવા જળપ્રવાહમાં નહાવા માટે ઝંપલાવી શકાતું હતું. તરતા ન આવડે તે કિનારે બેસીને નહાઈ શકે તેમ હતું. બીજી બાજુએ જરાક દૂર વહેતા જળપ્રવાહમાંથી પાણી ભરેલાં બેડાં માથે મૂકીને ગામ ભણી જતી પનિહારીઓની હારમાળા નજરે પડતી હતી. અહિં અમે નહાયા, તર્યા, મુંબઈની ભીંસથી છૂટેલાં એવા અમે મુક્ત જીવનનો આનંદ માણ્યો.

સાડાદશ વાગ્યા લગભગ વિદ્યાલયનો વિશાળ વ્યાખ્યાન-શાળામાં બધાં એકઠાં થયાં. અહિં રિષભદાસજીએ જૈન જ્ઞાનપ્રસારક મંડળ હસ્તક ચાલતું ફતેચંદ જૈન વિદ્યાલય, પ્રાથમિક શાળા, બાળમંદિર, ઔદ્યોગિક શિક્ષણ શાળા તથા છાત્રાલયનો પરિચય આપ્યો. વિદ્યાલય સાર્વજનિક છે અને તેમાં ૪૫૦ વિદ્યાર્થીઓ ભણે છે. છાત્રાલયમાં આશરે ૭૫ વિદ્યાર્થીઓ રહે છે. સંસ્થા પાસે ૬૫ એકર જમીન છે. તેમાં કૃષિશિક્ષણ અને કૃષિપ્રવૃત્તિની ખૂબ શકયતા છે. આસપાસ સંખ્યાબંધ ફેકટરીઓ છે. ત્યાં ટેકનીશિયનોની ખૂબ જરૂર પડે છે. આ પરિસ્થિતિ ધ્યાનમાં લઈને જો અહિં પોલીટેકનિક ઈન્સ્ટીટયુટ ઊભું કરવામાં આવે તો તે દ્વારા ઘણા ટેકનિશિયનો તૈયાર કરી શકાય અને કામધંધે લગાડી શકાય. અહિં થોડા દિવસ પહેલાં મહારાષ્ટ્રના શિક્ષણમંત્રી શ્રી શાંતિલાલ શાહ

આવેલા. તે આ સંસ્થાની કાર્યવાહી અને વિકાસશકયતા જોઈને ખૂબ રાજી થયેલા અને તેમણે જણાવેલું કે જો ઉદાર ધનિકો પાસેથી દશેક લાખ રૂપિયા એકઠા કરવામાં આવે તો મહારાષ્ટ્ર સરકાર પાસે પંદર લાખ રૂપિયાની મદદ મંજૂર કરાવવાનો તેઓ પ્રયત્ન કરે. આ સંસ્થા ઉભી કરવામાં અને આજની સદ્ધર સ્થિતિ ઉપર પહોંચાડવામાં આ બાજુએ વસતા— પણ મૂળ રાજસ્થાન બાજુના—જૈન શ્રીમાનોનો ઘણો મોટો ફાળો છે અને આમ છતાં આ સંસ્થાની કાર્યવાહીમાં કે આ સંસ્થા દ્વારા અપાતા શિક્ષણમાં કોઈ સાંપ્રદાયિક ભેદભાવને સ્થાન નથી.

શ્રી રિષભદાસજીએ કરેલી રજૂઆતના અનુસંધાનમાં મેં, હીરાબહેન પાઠકે, શ્રી સૂરજચંદ ડાંગીએ તથા રતિલાલ કોઠારીએ પોતપોતાના વિચારો રજૂ કર્યા તેમ જ જેને જે સૂઝી તે સૂચનાઓ કરી. આ સંસ્થાના નિયામક શ્રી કનકમલ જૈને અમારા આગમન અંગે પોતાનો આનંદ વ્યકત કર્યો અને કોઈ અગવડ પડી હોય તો તે બદલ અમારી ક્ષમા માગી. આ રીતે થયેલા સંસ્થાના પરિચયથી અમો સર્વના દિલ ખૂબ પ્રસન્ન અને પ્રભાવિત બન્યાં.

આ રીતે આ અમારી ગોશ્રી લગભગ બે કલાક ચાલી. ભોજનનો ઘંટ વાગ્યો. આજે અમારા માટે રિષભદાસજીએ બાટી તૈયાર કરાવી હતી. બાટી એ મારવાડી ભોજનની વિશેષતા લેખાય છે. ઘીથી તરબોળ એવી બાટીના ભોજનથી અમારાં ઉદરે ખૂબ તૃપ્તિ અનુભવી. ત્યાર બાદ કલાક દોઢ કલાક સૌએ આરામ કર્યો. ત્રણેક વાગ્યે બધાં તૈયાર થયાં અને આગળથી નક્કી કર્યું હતું તે મુજબ અમે બસમાં બેસીને ઉરૂલીકાંચન તરફ જવા ઉપડયાં.

ઉરૂલીકાંચન અહીંથી આશરે ૩૦ માઈલ થાય છે. વચ્ચે તેર ચૌદ માઈલના ગાળે પૂના આવે છે. ઉરૂલીકાંચનમાં ગાંધીજીએ ઊભું કરેલ નિસર્ગઉપચારધામ છે. વિનોબાજીના નાના ભાઈ-બાલકોબાજી આ સંસ્થાના મુખ્ય સંચાલક છે. અહિં અમે સાડાચાર પાંચ વાગ્યે પહોંચ્યા. નિસર્ગ—ઉપચારધામના જુદા જુદા વિભાગોમાં ફર્યા. આથી ત્યાંની ઉપચાર પદ્ધતિનો અમને કેટલોક ખ્યાલ આવ્યો. બાલકોબાજીને મળ્યાં અને તેમની સાથે અડધો પોણો કલાક ગાળ્યો અને સ્વાસ્થ્યરક્ષા અંગે તેમની સાથે કેટલીક ચર્ચા થઈ. અહિં એક મોટી ગૌશાળા છે અને ત્યાંની ગાયો બળદના કદની માલૂમ પડે છે. અહિં અમારામાંના એક સાથી ભાઈશ્રી મોહનલાલ નગીનદાસ જરીવાળાએ અમને બધાંને તાજું ગાયનું દૂધ પાયું.

આ ઉરૂલીકાંચન, જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના પ્રમુખ શ્રી અભયરાજજી બલદોટાની જન્મભૂમિ છે. અહિં તેમનાં મકાનો છે અને તેમના મોટાભાઈ કુટુંબપરિવાર સાથે અહિં રહે છે. અમે અભયરાજજીને અમારી સાથે પર્યટનમાં જોડાવા વિનંતિ કરેલી પણ તેઓ મુંબઈના વ્યવસાયી રોકાણ અંગે અમારી સાથે જોડાઈ શકયા નહોતા, પણ અહિં અમે આવીએ ત્યારે પોતાને ત્યાં ચા નાસ્તાનો પ્રબંધ કરવા માટે આગળથી તેમણે સૂચના આપેલી તે મુજબ તેમના ભત્રીજા અમને બોલાવવા આવ્યા અને તેમને ત્યાં અમે ચા—નાસ્તામાં અડધો કલાક પસાર કર્યો.

મનમાં ઈચ્છા હતી કે પાછા ફરતાં પૂનામાં થોડું રોકાઈશું, પણ અહિં જ સાંજના સાત વાગી ગયા એટલે પછી પૂનામાં રોકાવા માટે વખત ન રહ્યો. ઉરૂલીકાંચનથી ઉપડયા તે સીધા ચિંચવડ આવ્યા અને ભોજન પતાવ્યું. અહીં પણ ભોજન પતાવ્યા બાદ ચોગાનમાં તેજની તરતી રાત્રીના સમયે બધાં બે ત્રણ કલાક આનંદવિનોદ અને ગાનતાનમાં ગાળીશું એવી મનમાં ધારણા તો હતી પણ આગલી રાતનો ઓછો વધતો ઉજાગરો, દિવસનો પણ અહિં તહીં ફરવા ભટકવાનો પરિશ્રમ—આ બધાંથી મન અને શરીર થાક અનુભવતા હતાં અને જાગવાની કોઈનામાં હોંશ નહોતી. દિવસના ભાગમાં અહિં જરૂરી સાફસૂફી કરવામાં આવેલી અને સુવાની જગ્યા કેટલાકે બદલેલી, તેથી આ બીજી રાતે માકડની કોઈ ઉપાધિ નડી નહીં અને આખી રાત બધાંએ ગાઢ નિદ્રામાં પસાર કરી.

સવારે ચા-નાસ્તો પતાવ્યો. સાત વાગ્યા લગભગ અમે ત્યાંથી પ્રયાણ કર્યું. બસ ઉપડી અને થોડી આગળ ચાલી એટલે લગ્ને લગ્ને કુંવારાની માફક સાથી પ્રવાસીઓએ લોનાવલામાં ચીકી લેવી છે, ખપોલીમાં બટેટાવડા ખાવા છે—એવી બુમરાણ શરૂ કરી. બીજી બાજુએ આજે તો કામધંધાનો દિવસ છે, મુંબઈ બને તેટલા વહેલા પહોંચવું જ જોઈએ—આ બાબતની ઉપેક્ષા કરી ન જ શકાય. એટલે મંડળીના આગેવાન તરીકે મેં ફરમાન કાઢયું કે, "ચીકી માટે લોનાવલા ખોટી થવાનું નથી અને બટેટાવડા માટે ખપોલી પણ ખોટી થવાનું છે જ નહિ." આગેવાનની આમાન્યા જાળવી લોનાવલા તો સાથીઓએ સુખે સમાધિએ પસાર થવા દીધું. આમ થવામાં અમારા સાથી ભાઈ મોતીલાલ ઝવેરીએ ચીકીની લહાણી કરેલી એ પણ એક કારણ હતું. પણ ખપોલીના બટેટાવડા માટે અંદર અંદર ગણગણાટ ચાલતો સંભળાવા લાગ્યો. આપણામાં કહેવત છે ને કે, 'સાસુજી સાનમાં તો વહુજી માનમાં' અહિં પણ મેં વિચાર્યું કે, મારા વિષેની આમન્યાને સુરક્ષિત રાખવી હોય તો સાથેનાની ઉંમર, સમજણ, વગેરેનો વિચાર કરીને છૂટછાટ મૂકવી જોઈએ. એટલે ખપોલી આવે અને અનુયાયીદળ બળવો કરી બેસે એ પહેલાં જ સહપ્રવાસીઓને તેમની શિસ્તબદ્ધ વર્તણૂક માટે ધન્યવાદ આપીને ખપોલીનાં વડા માટે મૂકવામાં આવેલો અંકુશ પાછો ખેંચી લેવામાં આવે છે એમ મેં જાહેરાત કરી અને થનાર બળવાને મૂળમાંથી દાબી દીધો. વાતનો સાર એમ છે કે ખપોલી આવ્યું અને ત્યાં ખાણીપીણી પાછળ લગભગ એક કલાક અમે બગાડયો. આવાં પર્યટનોમાં ગાળે ગાળે આવી ખાણીપીણી વિના ચાલે જ નહિ એ તો મેં શરૂઆતમાં જણાવ્યું જ છે.

અહિંથી પાછા બસમાં સવાર થયા. સૌ પોતપોતાની વાતમાં નિમિગ્ન હતા; ડાંગીજી એક નવદીક્ષિતને ધર્મશાસ્ત્રનો અર્થવિબોધ કરાવતા હતા; હીરાબહેન પાઠક કાવ્યો, ગીતો, ગણગણ્યા કરતા હતા. સહમંત્રી ચીમનભાઈનો વાર્તાવિનોદ અનવરત ધારાએ ચાલતો હતો. આમ બે અઢી કલાક કેમ પસાર થયા તેની કોઈને ખબર ન પડી. ઘાટકોપરથી છૂટા પડવાનું શરૂ થયું. પાયધુની સુધીમાં સૌ કોઈ ઉતરી ગયાં અને ખાલી બસ સુનમુન તેના તબેલા તરફ વિદાય થઈ ગઈ.

આ વૃત્તાંત પૂરો કરું તે પહેલાં બે બાબતોનો ઉલ્લેખ કરવો જરૂરી છે. ચિંચવડની ભોજનશાળામાં કઢી કે છાશ જેવી ખાટી વાનીઓ પીરસવામાં પીત્તળની કે ટીનની ડોલોનો ઉપયોગ થતો જોઈને અમારામાંના હીરાબહેન પાઠકને વિચાર આવ્યો કે આપણે બધાંએ મળીને સ્ટેઈનલેસ સ્ટીલની એક ડોલ આ સંસ્થાને ભેટ આપવી જોઈએ. આ વાત અમારી સાથેના સ્ટેઈનલેસ સ્ટીલના વ્યાપારી શ્રી નરોત્તમભાઈના કાને પહોંચી અને તેમણે પોતા તરફથી જ આવી એક ડોલ, જેની કિંમત રૂ. ૬૦—૭૦ લગભગ થવા જાય છે તે આ સંસ્થાને મોકલી આપવા જણાવ્યું અને તે પણ તેમના નામે નહિ પણ મુંબઈ જૈન યુવક સંઘના નામે, સંસ્થાને ભેટ તરીકે પહોંચી પણ ગઈ છે.

બીજું, શ્રી રિષભદાસજી રાંકા કે જેમણે ચિંચવડ ખાતેના સર્વ આતિથ્યનો ભારે પ્રેમ અને ઉમળકાપૂર્વક ભાર ઉપાડયો હતો તેમનો સંઘ તરફથી અહિં આભાર માનવો ઘટે છે. આ લખતાં સંઘ તરફથી કેટલાંક વર્ષ પહેલાં સૌથી પહેલું યોજાયેલું લોનાવલાનું પર્યટન, જેના ખાનપાનનો ભાર સંઘના સભ્ય શ્રી લખમશી ઘેલાભાઈએ ઉપાડયો હતો તેનું સહેજે સ્મરણ થાય છે. ત્યાર બાદ આ બીજા રિષભદાસજી અમને પ્રાપ્ત થયા કે જેમણે ચિંચવડ ખાતે પોતા તરફથી અમારું બાદશાહી આતિથ્ય કર્યું હતું. આમ તો તેમને હું વર્ષોથી ઓળખું છું. પણ કોઈ પણ એક વ્યકિતની સામાન્ય ઓળખાણ હોવી તે એક વાત છે અને તેના વ્યકિતત્વમાં રહેલાં મધુની—અમૃતતત્ત્વની—ખરી પીછાણ થવી એ જુદી વાત છે. છેલ્લા મહિનામાં એક યા બીજા કારણે તેમની વધારે નજીક આવવાનાં નિમિત્તો મારા માટે ઊભા થયાં છે અને તેના પરિણામે તેમના વિષે મારા દિલમાં આદર તથા સ્નેહભાવની વિપુલ વૃદ્ધિ થઈ છે અને આત્મીયતાનો ભાવ પેદા થયો છે. આ છે અમારી પૂરાં આનંદમાં પસાર કરેલા બે દિવસોની ચિંચવડની યાત્રાનો સંક્ષિપ્ત વૃત્તાંત.

પરમાનંદ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઈ ૧, ૧૯૬૩, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ઉત્ક્રાન્તિમાં મૂલ્યોનાં પરિવર્તન

[શ્રી અરવિંદની તાત્ત્વિક વિચારશ્રેણી નીચેના લેખમાં અતિ સંક્ષેપમાં રજુ કરવામાં આવી છે. તંત્રી]

કોઈ પણ વસ્તુ, કોઈ પણ પ્રસંગ કે કોઈ પણ પરિસ્થિતિનું મૂલ્ય એ મૂલ્યને આંકનારી વ્યક્તિની દૃષ્ટિ ઉપર અવલંબે છે. અને એ દૃષ્ટિ તેણે પ્રાપ્ત કરેલી ચેતનાની સપાટી પર ટેકવાયેલી છે. જે જાતનું ચેતનાનું ઘડતર હોય અને જે જાતની આવશ્યકતા એ ચેતના દ્વારા વ્યક્તિની બાહ્ય સત્તાની સમક્ષ અભિવ્યક્ત થતી હોય તે અનુસાર જ એ વ્યક્તિનાં મૂલ્યોનું નિર્માણ થાય છે. અંતરાત્મારૂપ અંદરની વ્યક્તિ પોતાના પરમ સ્વરૂપમાં અપરિણામી અને નિર્વિકાર હોવા છતાં જગતના અનુભવોની પરંપરામાં તે પોતાનું સ્વરૂપ સદાય બદલતી રહેતી હોઈ, તેણે નિર્ણીત કરેલાં મૂલ્યાંકનો હમેશ પલટાતાં રહે છે. આવું મૂલ્ય-પરિવર્તન માત્ર તે તે મૂલ્યોનાં પ્રમાણ કે માપ (Quality) માં જ નહિ, પરંતુ તેમનાં સ્વરૂપ અને પ્રકાર (Quantity)માં પણ થાય છે, કારણ કે જગતના અનુભવો અને આન્તર અનુભવો દ્વારા વિકાસ પામતી વ્યક્તિની ચેતના કોઈ એક જ તત્ત્વથી ઘડાયેલી હોતી નથી, અથવા કોઈ એક જ તત્ત્વમાં સીમિત બનીને તેમાં જ સ્થિર થઈ જતી નથી. વ્યક્તિની ચેતનામાં એક તત્ત્વ અન્નમય અથવા પાર્થિવ રૂપનું છે તો બીજું તત્ત્વ પ્રાણમય છે, અને વળી એક ત્રીજું મનોમય છે અને તે ઉપરાંત આ તત્ત્વોનાં ઉપતત્ત્વો તો અનેક છે, અને એ સર્વે તત્ત્વો તેમજ ઉપતત્ત્વો એકબીજાં સાથે સારી રીતે સંકળાયેલાં હોવા છતાં, તેમની દરેકની પોતાની જ સ્વતંત્ર સત્તા અને કાર્યરેખા છે. એ દરેક પોતાના સ્વ-સંસ્થાપન અને સ્વ-વિસ્તારને માટે પ્રયત્ન કરે છે અને તેથી વ્યક્તિની કેન્દ્રસ્થ ચેતના જે જે મૂલ્યોને વિકસાવે તે સર્વમાં એ દરેકનો કંઈક ને કંઈક અંશ અંદર પ્રવેશેલો હોય છે.

પ્રાણ અને મનના આવિર્ભાવ વિનાનું અને તેમનાથી તદ્દન જ અસ્પૃષ્ટ હોવા છતાં પણ વ્યક્તિપણાને પામેલું એવું કોઈ કેવળ અન્નમય સત્ત્વ અથવા અસ્તિત્ત્વ જો અહીં હોય અર્થાત્ કોઈ વ્યક્તિની ચેતનાનું ઘડતર એકમાત્ર પાર્થિવતત્ત્વ વડે જ થયેલું હોય તો એ સત્ત્વે અથવા વ્યક્તિએ ખડાં કરેલાં મૂલ્યો અમિશ્રણે અન્નમય અથવા પાર્થિવ સંભવી શકે. આવા પ્રકારની શુદ્ધ પાર્થિવ ચેતનાનું મૂલ્યાંકન કેવું હોઈ શકે તે સમજવું મનોમય બનેલા માનવને માટે ઘણું મુશ્કેલ છે. પ્રથમ તો, એવા પ્રકારની ચેતના હોઈ શકવાનો જ એ નિર્ણય કરી શકતો નથી. એને તો એમ થાય છે કે જેમાં પ્રાણ પ્રગટ થયો નથી, જેમાં જીવનતત્ત્વ સ્થાપિત થયું નથી, જેમાં મનનું કંઈપણ લક્ષણ કે ચિહ્ન જણાતું નથી તેવા પાર્થિવ તત્ત્વમાં ચેતના શાની? અને એ ચેતનાએ ઉપસ્થિત કરેલાં મૂલ્યો શાનાં? ત્યાં તો જેને મૂલ્યાંકનનું તો શું, પણ જ્ઞાતા-જ્ઞેયભાવનું પણ ભાન નથી, તેવી એક માત્ર અચેતના જ છે, જેમાં મૂલ્યોના આધારસમા મનોમય ચિન્તનના તરંગો જ કદી ઊઠતા નથી એવા મૃતજળનો સાગર છે, પરંતુ આવા પ્રકારની કલ્પના તો માત્ર મનોમય ઘડતરની હદમાં સીમિત બનેલી ચેતનાની જ એક નિર્મિતિ છે. મનોમયથી નીચે અને ઉપર બન્ને તરફ વિસ્તરી રહેલાં ચેતનાનાં વિશાળ ક્ષેત્રોને સ્વીકારવાની તેની અસમર્થતા છે. જેને મનોમય ચેતના અચેતન ગણે છે તેવી શુદ્ધ પાર્થિવ ભૂમિકાનું વધુ સૂક્ષ્મતાથી અવલોકન કરતાં જણાય છે કે, તેમાં પણ કોઈ ઊંડી ઊંડી ચેતના ક્રિયા કરી રહી છે, શુદ્ધ પાર્થિવ આકૃતિઓનું નિષ્પાદન કરે છે, તેમને કાળના લાંબા કે ટૂંકા અરસાઓ સુધી ટકાવી રાખે છે અને આખરે એ આકૃતિઓનો વિલય કરીને એજ ઉપાદાનમાંથી નવી આકૃતિઓને પ્રગટ કરે છે. અલબત્ત, બહારની સપાટી ઉપર તો આ બધામાં ચેતના જેવું કશું જ સ્પષ્ટપણે દેખાતું નથી. જે દેખાય છે તે તો એકમાત્ર યાંત્રિકપણે સ્થૂલ પ્રાકૃતિક શક્તિઓને નિયમતું અને પ્રયોજતું અચેતન જ છે. ધાતુ, ખનિજ, મણિ, સ્ફટિક (Crystals) આદિના નિર્માણમાં કોઈ અદ્‌ભુત રચના--કુશલતા અને કોઈ સચોટ, અચૂક બુદ્ધિ ક્રિયા કરી રહી હોય એમ ભાસે છે ખરું, પરન્તુ તેમાં કોઈ દેહધારી ચેતના રહી હોય એમ જણાતું નથી. આમ ન જણાવાનું કારણ એ નથી કે તેમાં ચેતના જ રહી નથી. ચેતના તો તેમાં છે જ, પરંતુ તે હજી પ્રાણમય કે મનોમય બની નથી, તેમ જ તે હજી વ્યક્તિભાવને પણ પ્રાપ્ત થઈ નથી, કારણ કે, વ્યક્તિનું પ્રાકટય તો ક્રાન્તિના ક્રમમાં ઘણું મોડું થાય છે. શુદ્ધ પાર્થિવ ભૂમિકામાં જે ચેતના રહી છે તે તો અતિમાનસ ચેતનાનું અવક્રાન્ત (Involved) સ્વરૂપ છે. આથી એ ચેતના અથવા અચેતનાનાં મૂલ્યાંકનો વ્યક્તિનાં મૂલ્યાંકનો નહીં, પરંતુ સ્થૂલ રૂપોને પોતાના સહજસિદ્ધ સ્વાભાવિક બળથી ઘડતી, વ્યક્તિભાવ-રહિત (Unindividualised) શક્તિનાં મૂલ્યાંકનો છે. અને તેથી આપણને એ શુદ્ધ અન્નમય ભૂમિકા મૂલ્યહીન લાગે છે.

જ્યારે અન્નતત્ત્વમાં પ્રાણ ઉત્ક્રાન્ત થાય છે ત્યારે પણ આરંભદશામાં જ્ઞાતા-જ્ઞેયભાવ રૂપ ભાન અત્યન્ત અલ્પ માત્રામાં પ્રગટ થયેલું હોય છે. પ્રાણનો વ્યક્તિ ભાવ (Individualisation) તો પ્રત્યેક વનસ્પતિ અને પ્રાણીમાં ઘડાયેલો હોય છે, પરંતુ આપણે જેને સભાન અથવા સચેતન વ્યક્તિત્વ કહીએ છીએ તેવું કશું પણ આ દશામાં હોતું નથી. વનસ્પતિ - અવસ્થામાં સ્થૂલજીવનનાં કાર્યો પણ અવચેતનાની ભૂમિકા ઉપરથી જ થાય છે, અને તેમાં ઈન્દ્રિયાત્મકક્રિયા-પ્રતિક્રિયા (senses-actions and reactions) ચાલતી હોવા છતાં પણ પ્રાણી-યોનિમાં જે પ્રકારનું એનું ઘડતર (Organisation) થયું હોય છે તેવું ઘડતર ત્યાં થયેલું હોતું નથી. આથી વનસ્પતિ-યોનિઓમાં જે કોઈ પ્રકારનું મૂલ્યાંકન હોય તો તે માત્ર અવચેતનામાં રહેલી આ ઈન્દ્રિયાત્મક ક્રિયા - પ્રતિક્રિયા દ્વારા કરાયલું જ હોઈ શકે, અને એના વડે ઉદ્‌ભવ પામનારાં મૂલ્યો પ્રાણમય બનેલાં હોવા છતાં પણ એ વનસ્પતિ - અવસ્થાની મર્યાદાઓ વડે અને તેમની અંદર જ ઘડાયેલાં હોઈ શકે. એ અવસ્થાથી આગળ વધીને પ્રાણી-યોનિઓમાં

જ્યારે આપણે આવીએ છીએ ત્યારે ચેતનાનું વ્યક્તિત્વ કંઈક વિશેષ પ્રમાણમાં ખીલેલું જણાય છે અને તેને કારણે વનસ્પતિ અવસ્થાનાં પ્રવાહી અને આકારહીન લાગતાં મૂલ્યો કંઈક વિશેષ ઘટ્ટ અને મૂર્ત બનતાં જાય છે. આમ થવાનું બીજું પણ એક કારણ છે અને તે એ કે પ્રાણી-અવસ્થામાં ઈન્દ્રિયાત્મક મન અર્થાત્ પ્રજ્ઞાનનું આરંભદશાનું પ્રાકટ્ય થાય છે. આ મન વધતા જતા વ્યક્તિભાવને ખૂબ જ સહાયક થાય છે; તેમ જ જેને વેદ अप्रकेतं सलिलम् કહે છે તેવી કોઈ પણ કેન્દ્રભાવવિહીન અવસ્થારૂપ અચેતનમાંથી બહાર આવતી ચેતનાને એ ક્રિયા તેમ જ જ્ઞાનને માટે કેન્દ્ર આપે છે. આ કેન્દ્ર જ આગળ જતાં ઉચ્ચતર પ્રાણી-યોનિઓમાં અને છેવટે માનવ-યોનિમાં સહેતુક સભાન ક્રિયા અને જ્ઞાનના ઉપયોગ વડે, જેને આપણે મનોમય મૂલ્યો કહીએ છીએ તેવાં મૂલ્યોને પ્રગટ કરે છે.

અન્નમય તત્ત્વમાં પ્રાણનો ઉદ્‌ગમ થતાં જ અમુક અંશનું વૈયક્તિક ઘડતર અથવા સ્વરૂપ ખડું થાય છે અને વિશ્વાત્મક, કેન્દ્રહીન અવૈયક્તિક અસ્તિત્વમાં પોતાનું સ્વતંત્ર અસ્તિત્ત્વ ધારણ કરતું, વિશ્વની શક્તિઓની સામે પોતાનું અસ્તિત્ત્વ ટકાવી રાખવા માટે ઝઝુમતું, અને છતાં પણ, પોતાના અસ્તિત્ત્વ માટે વિશ્વ ઉપર આધાર રાખતું વૈયક્તિક, કેન્દ્રયુક્ત જીવન્ત સત્ત્વ ઊભું થાય છે. એની જે કંઈ અતિશય અલ્પ ચેતના અથવા ભાન બહારની સપાટી પર આવ્યું છે તેનો વ્યાપાર એક માત્ર પોતાના અસ્તિત્ત્વને ટકાવી રાખવા પૂરતો જ છે, અને પોતાના વિરોધી અને પોતાના શત્રુસમા ભાસતા જગત સામે તેણે બાથ ભીડવાની છે અને છતાં ય પોતાના જીવનને કાયમ રાખવામાં આવશ્યક એવાં તત્ત્વો એ જગતમાંથી જ મેળવવાનાં છે. અલબત્ત, આ **જીવનધારણાત્મક** ક્રિયા મુખ્યત્વે તો અવચેતના દ્વારા જ ચાલે છે, અને તેમાં તેનો સભાન સાથ તો બહુ થોડો જ છે, પરંતુ તેમ હોવાનું કારણ તો એની ચેતના જ અતિશય અલ્પ છે તે જ છે, પરંતુ આટલી અલ્પ-ચેતન અવસ્થા પણ પ્રાણમય મૂલ્યો પ્રગટ કરવા માટે પૂરતી છે. જગતમાં જે જે કંઈ તત્ત્વો તેના જીવન-ધારણને સહાયક નીવડતાં હોય તેમની તરફ તેને પક્ષપાત થાય છે અને જે તત્ત્વો તેના વિરોધી હોય તેમની તરફ તેને દ્વેષ થાય છે. જે તત્ત્વ તરફ તેને પક્ષપાત હોય તેને તે પ્રાપ્ત કરવા ઈચ્છે છે, અને જેની તરફ તેને દ્વેષ થાય તેનાથી દૂર જવા ઈચ્છે છે. પરંતુ આ બે ઉપરાંત ત્રીજા પ્રકારની પણ વસ્તુઓ હોય છે, જેમની તરફ તેને પક્ષપાત પણ નથી, તેમજ દ્વેષ પણ નથી, કારણ કે તેઓ તેની સહાયક કે વિરોધક હોતી નથી. તેમની તરફ તે ઉદાસીનતા સેવે છે. આમ રાગ, દ્વેષ કે ઉદાસીનતા આરંભમાં પ્રાણમય મૂલ્યો છે. પ્રારંભિક વનસ્પતિ—યોનિઓ અથવા પ્રાણીયોનિઓમાં જગતના અનુભવો પ્રત્યે માત્ર નાડીતન્ત્વાત્મક ગ્રહણશીલતા (Nervous receptivity) જ હોય છે, તેમાં પ્રજ્ઞાન—મનની અથવા ઈન્દ્રિયાત્મક ચેતનાની ગ્રહણશીલતા હોતી નથી. આથી તેની અસર વ્યક્તિના સભાન અસ્તિત્ત્વ પર નહિ, પણ વિશેષત: અવચેતના પર જ થાય છે. નાડીતન્ત્વાત્મક ઘડતર પ્રાણમય ઘડતર છે. અને તેથી જ એવા રૂપની ગ્રહણશીલતા દ્વારા ઊભાં થતાં મૂલ્યો પ્રાણમય મૂલ્યો છે.

ઉદ્‌ભિજ્જ, સ્વેદજ, અંડજ આદિ યોનિઓમાંથી ઉત્ક્રાન્ત થતી અને તે તે યોનિના વૈયક્તિક તેમજ સામૂહિક અનુભવો દ્વારા ઘડાતી ચેતના જ્યારે માનવમાં ખરેખરું મનોમય સ્વરૂપ ધારણ કરે છે ત્યારે મૂલ્યોના સ્વરૂપમાં પણ પૂરેપૂરું પરિવર્તન આવે છે. પૂર્વે જે માત્ર નાડીતન્ત્વાત્મક અને પ્રાણમૂલ્યો હતાં તે ધીમે ધીમે પણ નિશ્ચિતપણે માનસિક મૂલ્યોમાં પલટાય છે. જીવન ટકાવી રાખવાના વ્યવસાયમાંથી જ્યારે તેને કંઈક વિરામ પ્રાપ્ત થાય છે ત્યારે તદ્દન સ્પષ્ટપણે મનોમય મૂલ્યો પ્રગટ થાય છે. પરન્તુ તે પહેલાં પણ પ્રાણમય—મનોમયનાં મિશ્રણોની અનેક સપાટીઓ પર રહેલાં મૂલ્યો આપણને દૃષ્ટિગોચર થાય છે. અહંકેન્દ્રિત મૂલ્યોને માનવ સામાજિક અથવા સામુહિક મૂલ્યોમાં પલટાવે છે, એને પલટાવવાં જ પડે છે, કારણ કે દિન પર દિન વિશાળ બનતી જતી ચેતના અહંના રુંધી નાખતા ચોકઠામાં કાયમને માટે સમાઈ શકતી નથી. તેને પોતાનો સ્વ-વિસ્તાર સાધવાનો છે અને તેમ કરવામાં જગતની અન્ય વ્યક્તિઓના અહં સાથે તેને ઘર્ષણમાં આવવું પડે છે. આમ થતાં ઘર્ષણાત્મક મૂલ્યો પ્રગટ થાય છે. વનસ્પતિ અને પ્રાણી-યોનિઓમાં જીવન અર્થેનો જે સંઘર્ષ (Struggle for existence) છે તેવા જ પ્રકારનો સંઘર્ષ તેને માનવ યોનિમાં પણ અનુભવવો પડે છે, પરંતુ મન અને બુદ્ધિના વિકાસને કારણે એ સંઘર્ષની તીવ્રતા અમુક અંશે ઓછી થાય છે. વળી એ સમજી શકે છે કે અસ્તિત્ત્વનો નિયમ કંઈ માત્ર સંઘર્ષ-રૂપનો જ નથી. સંઘર્ષ તો જગતના અસ્તિત્વનાં અનેક પાસાંમાંનું એક જ પાસું છે. વળી અજ્ઞાન, અશક્તિ, દુ:ખ આદિ રૂપનાં મૂલ્યો પણ કંઈ છેવટનાં મૂલ્યો નથી. અચેતનામાંથી મુશ્કેલીએ ઉત્ક્રાન્ત થતી ચેતનાનાં એ સૌ અનિવાર્ય પગથિયાં છે, ટુંક સમયની વચ્ચેની અવસ્થાઓ છે. પ્રાણમય બનેલા જડતત્ત્વમાંથી અને મનોમય બનેલા પ્રાણમય જડતત્ત્વમાંથી ચેતના બહાર આવે છે, અને વિશુદ્ધ મનોમય મૂલ્યોને ક્રમે ક્રમે પ્રગટ કરે છે. એ ચેતનામાં રહેલું એક જ્ઞાનતત્ત્વ ચિન્તનાત્મક અથવા બૌદ્ધિક મૂલ્યોને જન્માવે છે; તેમાં રહેલું બીજું રસતત્ત્વ સૌન્દર્યાત્મક અને કલાત્મક મૂલ્યોને સર્જે છે; ત્રીજું ઊર્મિ અર્થાત્ ભાવતત્ત્વ ઔર્મિક અથવા ભાવાત્મક મૂલ્યોને ખડાં કરે છે; ચોથું નીતિતત્ત્વ નૈતિક મૂલ્યોને પ્રાદુર્ભૂત કરે છે. આમ અનેક પ્રકારનાં મૂલ્યો પ્રગટ થાય છે. પરંન્તુ એ સર્વ મૂલ્યો હજી સુધી વિશુદ્ધ મનોમય મૂલ્યો જ છે, કારણ કે, ચેતના હજી મનોમય રૂપમાં જ આહીં પ્રગટ થઈને કંઈક અંશે સ્થિર બની છે. તેણે એનાથી પણ વધારે ઊંચે જવાનું છે, અને એ મનોમયમાંથી વિશુદ્ધ આધ્યાત્મિક ભૂમિકાને ઉત્ક્રાન્ત કરવાની છે. વિશુદ્ધ મનોમય મૂલ્યો અમૂર્ત (Abstract) તો છે જ, પરન્તુ એ અમૂર્તતા હજી મનોમય જ છે. એ અમૂર્તતા ગમે તેટલી ઉચ્ચતમ વિરલ દશાને પ્રાપ્ત કરે છે ત્યારે પણ પોતાની મનોમયતાનો ત્યાગ કરતી નથી. એ તો જ્યારે ચેતના જ મનોમય ભૂમિકામાંથી વિજ્ઞાનમય અથવા આધ્યાત્મિક ભૂમિકામાં પોતાની પ્રવૃત્તિના કેન્દ્રની ફેરબદલી કરે છે ત્યારે જ આવા પ્રકારની મનોમયતામાંથી છૂટી શકાય છે. ઊંચામાં ઊંચો બુદ્ધિપ્રધાન ફિલસૂફ કે રસપ્રધાન સૌન્દર્યદર્શી કલાકાર કે ધર્મપ્રધાન નીતિશાસ્ત્રી પણ અધ્યાત્મિક મૂલ્યોને નથી પ્રગટાવી શકતો તેનું આ જ કારણ છે. અધ્યાત્મતત્ત્વ નથી બૌદ્ધિક કે નથી રસાત્મક કે નથી ભાવાત્મક કે ઔર્મ્યાત્મક કે નથી નીત્યાત્મક. એ તો બુદ્ધિ, રસ, ભાવ, ઊર્મિ, નીતિને પ્રગટ કરતું અને ધારણ કરતું અને પોતાનામાં સમાવતું પણ હોવા છતાં પોતે તો એ બધાંથી અતીત છે. આ સર્વના ખૂબ ખૂબ ઊંચા વિકાસમાં એવા માનવનો અધ્યાત્મિકતા તરફ ઘણી વખત ઝોક હોય છે ખરો અને તેને લીધે જ આપણે એની એવી ઊંચી દશામાં એને આધ્યાત્મિક ગણવા લોભાઈએ છીએ, પરંતુ એ સર્વ હજી મનોમય તત્ત્વો જ છે. જ્યાં સુધી અન્તરાત્માનો સાક્ષાત્કાર થયો ન હોય ત્યાં સુધી અધ્યાત્મ જ્ઞાન તરફ અભિમુખ બનેલું મન પણ વિશુદ્ધ આધ્યાત્મિક મૂલ્યોને પ્રગટ કરી શકતું નથી.

ત્યારે આ આધ્યાત્મિક અને અતિમાનસ મૂલ્યો કયા છે અને એ ક્યારે પ્રગટ થઈ શકે છે તે પ્રશ્ન બાકી રહે છે. જ્યાં સુધી ઉત્ક્રાન્તિ મનોમય ભૂમિકા સુધી જ પહોંચેલી રહે છે ત્યાં સુધી આ મૂલ્યો પૂર્ણપણે પ્રગટ થઈ શકતાં નથી. અને તેમનો જે

અલ્પાંશ અહીં પ્રગટ થાય છે તેનું મનોમય મૂલ્યોમાં મિશ્રણ થઈ જતાં તેઓ પોતાની વિશુદ્ધતા ગુમાવી બેસે છે. આત્મા પોતે સ્વસ્વરૂપે વિશુદ્ધ અને અલિપ્ત હોવા છતાં તેનાં સ્ફુરણો, પ્રેરણાઓ, સાક્ષાત્કારો, ઈત્યાદિનું માનવના મનોમય સ્વરૂપમાં અવતરણ થતાં, એ મનોમય અવસ્થાની અજ્ઞાનમય અને અલ્પ ચેતનામાં તેમનું રૂપાન્તર થઈ જાય છે.

સર્વ વસ્તુઓનાં અન્તિમ મૂલ્યો અતિમાનસ મૂલ્યો છે. એ અતિમાનસમાં મનોમયની જેમ ભિન્નતાના આધાર પર રચાયેલાં મૂલ્યો નથી. મનોમયમાં જ્ઞાતા–જ્ઞેયભાવના આધાર પર ઘડાયેલાં મૂલ્યો છે, જ્યારે અતિમાનસમાં અદ્વૈત અર્થાત્ એકત્વના આધાર પર આવિર્ભાવ પામેલાં મૂલ્યો છે. મનોમય ઉપરથી અતિમાનસમાં થતું પરિવર્તન મૂલ્યોનું અંતિમ પરિવર્તન છે. મનોમય મૂલ્યો તેમની ઉચ્ચતમ અવસ્થામાં પણ અહંકેન્દ્રિત છે, જ્યારે અતિમાનસ મૂલ્યો આત્મકેન્દ્રિત છે; કારણ કે, મનોમય ભૂમિકામાં મૂળ એકત્વના ભાનનો અભાવ હોય છે. ભેદ એનો પાયો છે અને વિભાજન અથવા પૃથક્કરણ એના કાર્યની રીત છે. એ જ્યારે કોઈ એકત્વ ઉપર પહોંચે છે ત્યારે પણ તે એકત્વ કોઈ કૃત્રિમ એકત્વ જ હોય છે. આનાથી ઊલટું અતિમાનસ ભૂમિકામાં એકત્વ સહજસિદ્ધ છે. જ્ઞાતાજ્ઞેયભાવનો ત્યાં અભાવ નથી અને હોઈ શકે પણ નહિ, કેમકે એનો જો અભાવ હોય તો કોઈ પણ પ્રકારનું મૂલ્યાંકન જ સંભવી ન શકે; પરંતુ એ દ્વૈતની પાછળ અદ્વૈત અથવા એકત્વનું ભાન અવિચ્છિન્નપણે ચાલુ રહે છે; ક્રિયાનો ત્યાં અભાવ નથી, પરંતુ એ ક્રિયાના આલંબન રૂપે કોઈ વિરાટ અને અતીત નિષ્ક્રિયતા અને નિ:સ્પંદતા રહેલી છે.


આવા અતિમાનસમાં જે મૂલ્યાંકનો છે તે શુદ્ધ આત્માનાં મૂલ્યાંકનો છે, કોઈ વિરાટ નિરવધિ સત્, કોઈ અતીત નિ:સીમ ચિત્-શક્તિ અને કોઈ પરમ અપાર આનન્દ એ ત્રિવિધ અને ત્રણ છતાં એક એવા તત્ત્વ ઉપર અવલંબિત થયેલાં એ મૂલ્યો છે. કોઈ સનાતન વ્યક્તિ કોઈ સનાતન ભૂતભાવને (becoming) ને નિહાળે છે; કોઈ સનાતન ચેતના કોઈ સનાતન સત્તામાં સભાન બને છે; કોઈ સનાતન આનન્દ કોઈ સનાતન ચિત્-શક્તિયુક્ત સત્તાનો ઉપભોગ કરેછે. આ ત્રિવિધ સચ્ચિદાનન્દ અન્ન–પ્રાણ મનોમય ત્રિવિધ ભૂતભાવને (becoming)ને વિજ્ઞાન (Gnosis) દ્વારા અસ્તિત્વમાં આણીને તેને પોતાની અતિમાનસ દૃષ્ટિથી નિહાળે છે અને અતિમાનસ મૂલ્યો પ્રગટ થાય છે. અદ્વૈતાત્મક મૂલ્યો હોવા છતાં તેઓ દ્વૈતભીરુ નથી; નિ:સીમનાં મૂલ્યો હોવા છતાં તેઓ સસીમને તિરસ્કારતાં નથી; આનન્દાત્મક મૂલ્યો હોઈ તેઓ સુખદુ:ખ બન્નેયથી પર છે અને બન્નેને પોતામાં સમાવે છે; સૌન્દર્યાત્મક મૂલ્યો હોઈ તેઓ સુન્દર અને અસુન્દર બન્નેને વ્યાપી રહે છે, નૈતિકાતીત (Supramoral) મૂલ્યો હોઈ તેઓ નૈતિકતા અને નૈતિકેતરતા અને અવનૈતિકતા એ સર્વમાં પ્રતિષ્ઠિત રહે છે. તેઓ કાલાતીત હોવા છતાં કાલને પોતાની દૃષ્ટિની એક પદ્ધતિ ગણે છે; અને સ્થલાતીત હોવા છતાં સ્થલને પોતાના પ્રવર્તનનું ક્ષેત્ર કલ્પે છે. તેઓ સત્યાત્મક હોવા છતાં અસત્ય, અર્ધસત્ય, ભ્રાન્તિ આદિ સર્વ મનોમય કલ્પનાઓને પોતાના તેજમાં—પોતાના મેઘધનુષીરંગોમાં-રંગી પોતાના સ્વસ્વરૂપમાં પલટાવી નાખે છે. આમ સર્વ વિરોધી તેમાં સંવાદી બની જઈ પરસ્પર સુમેળપૂર્વક રહે છે. એનું કારણ એ છે કે વિરોધો તો માત્ર મનોમય ભૂમિકા ઉપર જ વિરોધો છે. આદ્ય સચ્ચિદાનન્દનાં સત્ય-શિવ-સુન્દરાત્મક ત્રિવિધ મૂલ્યોના પ્રકાશમાં અને વિજ્ઞાનમય અતિમાનસ ચેતનામાં એ સર્વ વિરોધોનો લય થઈ જાય છે, કારણ કે, ત્યાં સર્વ ભેદોને પોતામાં સમાવતું અદ્વૈત છે. પરંતુ એ લયનો અર્થ કંઈ એવો નથી કે ત્યાં વૈવિધ્યના અભાવયુક્ત એકરંગિતા છે. એનાથી ઉલટું જ, વિજ્ઞાનમય ચેતના તો સીમાહીન અનન્તની ચેતના હોઈ મનથી કલ્પી પણ ન શકાય એવાં અનન્ત વૈવિધ્યો અને અનન્ત રંગોને પ્રગટ કરે છે અને નિહાળે છે. ત્યાં સમત્વ છે, પરંતુ રસહીનતા કે અરસજ્ઞતા નથી. ચિત્ અને આનન્દ એ બન્ને ય તત્ત્વોની ત્યાં પરમાવસ્થા છે. અને તેથી જ ત્યાં સમસ્ત મૂલ્યોનો સત્-ચિત્-આનન્દરૂપ અથવા સત્ય-શિવ-સુન્દરરૂપ અન્તિમ ભૂમિકા છે. અહીંનાં અન્નમય-પ્રાણમય-મનોમય અપૂર્ણ મૂલ્યોની ત્યાં અન્તિમ પૂર્ણતા અને કૃતાર્થતા છે.

રજનીકાન્ત મોદી

સ્વનામધન્ય શ્રી મનસુખભાઈ

ગીતાકારે એક ભારે પ્રેરક વચન કહ્યું છે: વિશ્વનું કલ્યાણ કરનારનું પોતાનું કયારેય અકલ્યાણ થતું નથી.

તેથી જ લોકકલ્યાણનો માર્ગ એ જ આત્મકલ્યાણનો સાચો માર્ગ બની ગયો છે અને મોટા મોટા આત્મસાધકોએ એ માર્ગનું અનુસરણ અને ઉદ્‌બોધન કર્યું છે. સેવાધર્મને યોગીપુરુષોએ જેટલો ગહન કહ્યો છે એટલો જ આત્મકલ્યાણકર પણ કહ્યો છે, અને એટલા જ માટે ભક્તે કરુણાથી આર્દ્ર બનેલા સ્વરે પોતાના ભગવાનને પ્રાર્થના કરી છે કે હે પરમાત્મા, મારે નથી જોઈતું રાજ્ય, નથી જોઈતું સ્વર્ગ અને નથી જોઈતું નિર્વાણ. દીન-દુખિયાઓના દુ:ખનું નિવારણ કરવામાં હું યતકિંચિત નિમિત્ત બનું એટલી જ મારી આપની પાસે ભિક્ષા છે!



સ્વ૦ મનસુખભાઈ

શ્રી મનસુખભાઈ દોશી લોકકલ્યાણમાં આત્મકલ્યાણનું દર્શન કરતા આવા જ એક સેવાઘેલા નવયુવક હતા. યૌવનના થનગનાટને સેવામાર્ગે વાળીને એમણે પોતાના જીવનને ધન્ય બનાવ્યું હતું, અને સેવામાર્ગને કૃતાર્થ કર્યો હતો. ૪૩ વર્ષની પાંગરતી વયે તો પ્રભુના આ ખોરાએ પોતાનું જીવન સંકેલી લીધું!

એમનું વતન સુરેન્દ્રનગર. પિતાનું નામ શ્રી રાઘવજીભાઈ. અને માતાનું નામ શ્રીમતી ભાભહેન. મહાત્મા ગાંધીજીના અસહકારયુગના ઉષાકાળ સમયે, સને ૧૯૧૯ના જાન્યુઆરીની ૧૦ તારીખે, એમનો જન્મ. એ કર્મયુગની પ્રેરણાનું અમૃતપાન જાણે એમને પારણામાં જ લાધી ગયું. શ્રી મનસુખભાઈ જરાક સમજણા થયા, અને નિશાળે જવા લાગ્યા કે એમનો જાહેરજીવનનો અને લોકસેવાનો રસ જાગી ઊઠયો અને નવીન વિચારધારાઓને ઝીલવી એ તો એમને મન રમત વાત!

તેઓ વિદ્યાર્થી હતા ત્યારથી જ વિદ્યાર્થીસંઘ રચવો, યુવકમંડળની આગેવાની લેવી, નવા વિચારોનો પ્રચાર કરવો, જૂનવાણી પ્રથાઓ તરફ આણગમો દર્શાવવો-એ જ જાણે એમનું જીવનકાર્ય બની ગયું હતું, અને અભ્યાસનું સ્થાન તો ગૌણ બની ગયું હતું.

એક બાજુ જાહેરજીવનની તાલાવેલી અને બીજી બાજુ અભ્યાસની તાણખેંચ-આ બેતરાંથી શ્રી મનસુખભાઈનું મન સદા વલોવાયા કરતું હતું; એવામાં દૂધમલ દાંતવાળા મનસુખભાઈએ મહાત્માજીના ૧૯૩૦ના વિરાટ સ્વાતંત્ર્ય સંગ્રામનો સાદ સાંભળ્યો, અને એમનો શક્તિશાળી આત્મા વધુ જાગી ઊઠયો. ભૂખ્યાને જાણે ભાવતાં ભોજન મળી ગયાં! તેઓ બાળ વાનરસેનાના એક અદના સૈનિક બની ગયા. પછી તો પ્રભાતફેરી, પિકેટિંગ, મીઠાનો સવિનય કાનૂનભંગ, એ જ એમની પ્રવૃત્તિનું કેન્દ્ર બની ગયાં. મનને જો એની મોજ પ્રમાણે મહાલવા મળતું હોય તો ભણતરનું ભલેને ગમે તે થાય! શ્રી મનસુખભાઈ એક સાચા સિપાહી બની ગયા.

પણ હજી ઉંમર નાની હતી. ૧૯૩૮માં હરિપુરા કૉંગ્રેસ આવી. એ કૉંગ્રેસે શ્રી મનસુખભાઈનો કાયાપલટ કરી નાખ્યો: તેઓ રાષ્ટ્રવાદી અને ખાદીધારી બની ગયા. ગાંધીજી એમની પ્રેરણાનું સ્થાન બની ગયા. રાજકોટમાં જવાબદાર રાજ્યતંત્રની લડત

જાગી ઊઠી; તો રાજકોટના સિમાડા જેવા સુરેન્દ્રનગરમાં શ્રી મનસુખભાઈથી શાંત શી રીતે બેસી શકાય ? તેઓ પણ એક ટુકડીના આગેવાન બનીને રાજકોટ પહોંચી ગયા.

આ અરસામાં એમનો અભ્યાસકાળ અથડાતો કુટાતો પૂરો થયો અને જીવનની બીજી વીશીના આરંભમાં તેઓ ધંધા માટે બર્મા પહોંચ્યા. કદાચ એમના માતાપિતાએ વિચાર્યું હશે કે આવા દેશઘેલા અને સેવાઘેલાને દૂર મોકલ્યો જ સારો ! બર્મામાં આ સેવાઘેલા યુવાનને ભગવાન બુદ્ધનો 'બહુજનહિતાય બહુજનસુખાય' નો લોકકલ્યાણનો માર્ગ ગમી ગયો; પણ વધુ અભ્યાસ અને સંપર્કનો લાભ મળે એ પહેલાં એમને સ્વદેશ પાછા ફરવાનું થયું.

દેશમાં પાછા આવ્યા પછી એમણે મોન્ટેસરી પદ્ધતિથી બાળશિક્ષણના પ્રસાર માટે બાલમંદિરની સ્થાપના કરી; મેલેરિયાના ઉગ્ર ઉપદ્રવમાં લોકોને રાહત આપવા માટે વ્યાપારી મંડળ દવાખાનાની સ્થાપના કરી; અને દર્દીઓને દવા અને મુસંબી વિનામૂલ્યે કે અલ્પમૂલ્યે મળી રહે એવી વ્યવસ્થા કરી. પચીસેક વર્ષની વયે પહોંચેલા શ્રી મનસુખભાઈની સેવાપ્રવૃત્તિનો એ ઉષાકાળ.

૧૯૪૩—૪૪માં તેઓ મુંબઈ પહોંચ્યા. ગયા તો હતા એ વેપાર ખેડવા; પણ એમણે મુંબઈમાં જઈને લોકસેવાની ખેતી શરૂ કરી અને મુંબઈમાં રહ્યા રહ્યા સુરેન્દ્રનગરની જનસેવાની પ્રવૃત્તિઓ નિશ્ચિતપણે ચાલતી રહે અને નવી નવી વિકસતી રહે એનું તેઓ ધ્યાન રાખતા ગયા.

અને આ સેવાવ્રતી મહાનુભાવને સેવાવ્રતીઓનું અને સખાવતીઓનું એક જૂથ પણ મળી ગયું; ક્રાળક્રમે એમની સેવાપ્રવૃત્તિઓ શતમુખે વિકસવા લાગી; અને ધીમે ધીમે સુરેન્દ્રનગર કેળવણી અને બીજી સંખ્યાબંધ સેવાસંસ્થાઓનું તીર્થધામ બની ગયું.

એક વખતનું સામાન્ય વઢવાણ કામ્પ આજે બાળમંદિરથી લઈને ઉચ્ચ કેળવણીના વિદ્યાધામો, કન્યાશાળાઓ, છાત્રાલયો અને આરોગ્ય તથા લોકસેવાને વરેલી અનેક સંસ્થાઓથી શોભતું ઝાલાવાડ જિલ્લાનું નમૂનેદાર શહેર બની શક્યું છે, અને હવે તો ત્યાં નાનામોટાં ઉદ્યોગો પણ વિકસી રહ્યા છે. એમાં શ્રી મનસુખભાઈનો ફાળો કંઈ નાનોસૂનો નથી. ખરી રીતે એમણે જ પ્રાણરૂપ બનીને આ બધી સંસ્થાઓને વેગ આપ્યો છે. બાળકેળવણી મંડળ અને સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટીએ., શ્રી મનસુખભાઈની પ્રેરણાથી, જાણે કેળવણીના ક્ષેત્રે સુરેન્દ્રનગરનો કાયાપલટ કરી દીધો છે.

સુરેન્દ્રનગરનાં દવાખાનાં પણ અદ્યતન સગવડવાળાં છે. એકેએક જાતની તબીબી સારવારની ત્યાં જોગવાઈ થઈ ગઈ છે અને બાર લાખના ખર્ચે તૈયાર થઈ રહેલ મહાત્મા ગાંધી હોસ્પિટલ તો શહેરનું નાક અને મનસુખભાઈની સેવાપ્રવૃત્તિનું સ્મારક બની રહે એવું છે. બહેનો માટેનું વિકાસ વિદ્યાલય આજે નિશ્ચિંતપણે કામ કરી રહ્યું છે; કસ્તુરબા સેનેટોરિયમ લોકોને રાહત આપી રહ્યું છે; અંધ વિદ્યાલય, અનાથાશ્રમ અને વૃદ્ધાશ્રમ 'ઈક દીન—દુખી જનોને આશ્વાસનરૂપ બની રહ્યાં છે. આ બધી જનસેવાની પ્રવૃત્તિના કેન્દ્રમાં શ્રી મનસુખભાઈ બેઠેલા દેખાય છે. કહેવું જોઈએ કે સુરેન્દ્રનગરની એકેએક જાહેર સંસ્થાના આણુઆણુમાં શ્રી મનસુખભાઈની નિઃસ્વાર્થ સેવાવૃત્તિની સુવાસ ઘરબાયેલી છે; આ સંસ્થાઓ શ્રી મનસુખભાઈનું જીવંત સ્મારક બની રહેશે.

સુરેન્દ્રનગરની જૈન સંસ્થાઓના વિકાસમાં પણ શ્રી મનસુખભાઈએ ખૂબ સેવાઓ આપી હતી; અને એમની આકાંક્ષા તો સણોસરાની લોકભારતી જેવી લોકશિક્ષણની સંસ્થા સુરેન્દ્રનગરના આંગણે ઊભી કરવાની હતી; અને આ માટે એમણે કેટલીક પૂર્વતૈયારી પણ કરાવી હતી.

અને નવાઈની વાત તો એ છે કે મુંબઈમાં પોતાનો દવાનો વેપાર ખેડતા ખેડતા એમણે જનસેવાની અને સુરેન્દ્રનગરના શતમુખ વિકાસની પ્રવૃત્તિ સફળ રીતે પાર પાડી હતી ! અને મુંબઈના સુરેન્દ્રનગર મિત્રમંડળના તો એ માત્ર મંત્રી જ નહીં, એના આત્મા જ હતા.

પાતળો દેહ, તેજ વેરતી આંખો, હાસ્ય વેરતું મોહક મુખ, સદા વિનોદ વર્ષાવીને કર્તવ્યની ખેતીને નિપજાવી લેતી વાણી અને ઠાવકાઈભરી રીતભાતથી શ્રી મનસુખભાઈનું વ્યક્તિત્વ ભારે આકર્ષક બનેલું હતું.

કામનો ગમે તેટલો ભાર માથે હોય, પણ એનો ભાર શ્રી મનસુખભાઈના મુખ ઉપર ક્યારેય જોવા ન મળે; અને છતાં વેપારનું અને સેવાનું નાનું મોટું કામ વણઅટકયું ચાલ્યા જ કરે, એ શ્રી મનસુખભાઈની બુદ્ધિની અને કાર્યદક્ષતાની અસાધારણ ખાસિયત હતી.

અને દાતાઓને જાણે મનસુખભાઈ કામણ કરી જતા; અને હોંશે હોંશે ધાર્યા કરતાં સવાયું દાન આપીને શ્રી તલકશી દોશી જેવા વયોવૃદ્ધ સદ્‌ગૃહસ્થ હોય કે શ્રી મેઘજી પેથરાજ જેવા કાબેલ ઉદ્યોગપતિ અને ભારે ગણતરીબાજ શ્રીમંત હોય, પણ સૌ મનસુખભાઈની વાતને શિરોમાન્ય કરવામાં આનંદ માનતા. અને મનસુખભાઈના આ અદ્‌ભુત વશીકરણનું કારણ હતું લોકસેવા માટે સદાય તલસતા એમના આત્માના બોલ ! જીભના ભભકભર્યા બોલ ભલે એળે જાય, પણ આત્માના સીધા સાદા બોલ અંતરને સ્પર્શ્યા વિના રહેતા નથી.

લોકસેવાનો કોઈ ડોળ નહીં, કીર્તિની કોઈ આકાંક્ષા નહીં; સ્વાર્થ સાધવાની કોઈ વૃત્તિ નહીં; કેવળ નિર્ભેળ કર્તવ્યપરાયણતા અને સેવાનિષ્ઠા એ જ શ્રી મનસુખભાઈનો સહજ જીવનક્રમ હતો. સેવા માટે જ તેઓ જાણે જન્મ્યા હતા, અને જતાં જતાં પણ પોતાનાં નેત્રોનું દાન કરીને 'જનસેવા એ જ પ્રભુસેવા'ના સૂત્રનો બોધપાઠ આપતા ગયા.

ફૂલ આજે ખીલે છે અને કાલે કરમાય છે, છતાં એની સૌરભ સ્મૃતિ ક્યારેય મુરઝાતી નથી. જીવન લાંબુ હોય કે ટૂંકું એ માનવીના હાથની વાત નથી. એને સેવાપરાયણ અને પ્રભુપરાયણ બનાવવું એ માનવીના પોતાના હાથની વાત છે. શ્રી મનસુખભાઈ એ સેવામાર્ગના પ્રવાસી બનીને ધન્ય બની ગયા. પ્રભુના પ્યારા બની ગયા. લોકસ્મૃતિમાં અમર બની ગયા !

આપણા એ વહાલા બંધુને આપણી સો સો સલામ હો !

"જૈન"માંથી સાભાર ઉદ્ધૃત — રતિલાલ દીપચંદ દેસાઈ

પૂરક નોંધ: જણાવતાં સંતોષ થાય છે કે આ સ્વર્ગસ્થ લોકસેવકનું સ્મરણ કાયમ રાખવા માટે તેમના મિત્રો અને પ્રશંસકો તરફથી એક સ્મારકફંડ શરૂ કરવામાં આવ્યું છે જેમાં અત્યાર સુધીમાં રૂ. ૧૧૦૦૦૦ની રકમ ભરાઈ ચુકી છે. — તંત્રી.

વિષયસૂચિ

	પૃષ્ઠ
ઉત્ક્રાન્તિમાં મૂલ્યોનાં પરિવર્તન	રજનીકાન્ત મોદી ૪૩
સ્વનામધન્ય શ્રી મનસુખભાઈ	રતિલાલ દીપચંદ દેસાઈ ૪૫
આર્થિક મૂલ્યો	ગગનવિહારી મહેતા ૪૭
બેમાં કોણ ઉત્તમ? ક્રિયાપાત્ર કે પરોપકારી?	વાડીલાલ મોતીલાલ શાહ ૪૯
પ્રકીર્ણ નોંધ: અંગત નોંધ, અમદાવાદમાં બે બાળકોને આપાયેલી દીક્ષા, જ્યારે તીવ્ર આર્થિક ભીંસમાં જનતા પીસાઈ રહી છે ત્યારે સમાજના દ્રવ્યનો ધર્મના નામે આવો ધુમાડો શા માટે?, 'પ્રોફ્યુમો પ્રકરણ', શ્રી. કૈલાસ શિખરના આરોહકોને ધન્યવાદ.	પરમાનંદ ૫૦

આર્થિક મૂલ્યો

સદ્‌ગત વિદ્યાબહેન સ્મારક વ્યાખ્યાનમાળામાં મને બોલવાનું નિમંત્રણ આપ્યું તે બદલ હું એના યોજકોનો ઋણી છું. વિદ્યાબહેન સાથેના મારા સંબંધને લીધે હું આને મારું કર્તવ્ય માનું છું, છતાં આ નિમંત્રણ મારે માટે ગૌરવ લેવા સમાન છે એમ પણ જાણું છું. વિદ્યાબહેનના સ્મરણાર્થે વ્યાખ્યાનમાળા યોજાઈ હોય એમાં કંઈક કહેવું એ મારી જવાબદારી સમજું છું.

વિદ્યાબહેનના અવસાનને ચાર વર્ષ વીતી ગયાં છે, પ ંતુ એમના સ્નેહીઓ અને સંબંધીઓનાં હૃદયમાં તો એમનું સ્મરણ તાજું જ છે. મૃત્યુ પછી મનુષ્ય એનાં કાર્યો વડે અને એના સ્મરણ દ્વારા આ પૃથ્વી પર જીવે છે. અમર તો કોઈ થઈ શકતું નથી, પણ પૂતળાં, પ્રતિમા અને ચિત્રો દ્વારા, કે રસ્તાને પોતાનું નામ આપી પોતાના હેદ્દાનો લાભ લઈને મકાન કે હોલ બંધાવીને, કે સામા પૈસા આપીને જીવનચરિત્ર લખાવીને અમરતા તો પ્રાપ્ત નથી થતી !

વિદ્યાબહેન અડગ સમાજસુધારક હતાં, સેવાભાવી હતાં, પરંતુ સાથે સાથે તેઓ સામાજિક અને આર્થિક પ્રશ્નોના અભ્યાસી પણ હતાં. વૃદ્ધાવસ્થામાં પણ તેઓ ભૂતકાળમાં રચ્યાપચ્યાં રહેનાં નહોતાં; બદલાતી જતી સામાજિક પરિસ્થિતિને સ્પર્શતા વિવિધ પ્રશ્નોમાં પૂરો રસ લઈ અનેક કલ્યાણકારી અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેતાં. વિદ્યાબહેનનો અનેક સંસ્થાઓમાં શો ફાળો હતો એ અમદાવાદમાં ભાગ્યે જ કહેવાની જરૂર હોય. કેટલાય માણસોને એમણે સાંત્વન આપ્યાં હતાં, એમનામાં નવજીવનનાં બીજ રોપ્યાં હતાં. સંસારના ચક્રે એમના પર અસર કરી હતી, પ ંતુ એથીય વધારે એમણે બીજાના જીવનમાં ઘણું અર્પણ કર્યું હતું.

જેમનામાં અતિશય અહંભાવ હોય છે, જેઓ પોતાને કદી ભૂલી શકતા નથી, જેમને એવી ભ્રાન્તિ હોય છે કે આખી સૃષ્ટિ એમની આસપાસ નિ ંતર ફર્યા જ કરે છે, અને એમની કીર્તિ અને મહત્તા એ જ બ્રહ્માંડનું ધ્યેય છે એમ જેઓ ધારે છે તેઓ કદી સુખી નથી થઈ શકતાં અને એમને વૃદ્ધાવસ્થા અસહ્ય લાગે છે. પરંતુ, ઓ કમે કમે પોતાના અહંભાવની દિવાલ તોડી નાખી શકે છે, બાહ્ય જીવનમાં અને વિવિધ પ્રવૃત્તિમાં પરોવાઈ શકે છે, કાર્યમાં સતત તલ્લીન રહે છે ત્યારે એમને વૃદ્ધાવસ્થા અસહ્ય લાગતું નથી. મુદ્રાલેખો ઘણુંખ ું તો ભીંત પર, પાટીયા પર દસ્કત-શિક્ષકમાં અને હસ્તાક્ષર-પત્રિકામાં લખવા પૂરતાં જ હોય છે, છતાં ગીતાનો એક શ્લોક જીવનમાં જેટલે અંશે આચરી શકીએ એટલા પ્રમાણમાં જીવન કૃતાર્થ કરી શકીએ અને સુખી પણ થઈ શકીએ એમ મને ઘણાં વર્ષોથી લાગે છે.

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ।।

આવી કાર્યનિમગ્નતા એ કેવળ કર્તવ્યપરાયણના જ નથી; એમાં સર્જનનો રોમાંચ છે, જીવનનું સ્ફુરણ છે.

પ ંતુ કેવા પ્રકારના કાર્યમાં આપણે ગૂંથાઈએ છીએ એ પહેલાં વિચારવાનું છે. સૃષ્ટિના આ ભથી માનવીને માટે અજીવિકાનું કાર્ય મુખ્ય રહ્યું છે. સમાજપ્રથાની શરૂઆત થઈ ત્યારથી મોટા ભાગના લોકોને તો પોતાના નિર્વાહ પૂરતું કેમ મેળવવું અને કુટુંબનું પોષણ કેમ કરવું એ દરરોજનો અને જીવનપર્યન્તનો પ્રશ્ન રહ્યો છે. મારા એક મિત્ર પોતે કેવું માસિક, ત્રૈમાસિક પ્રગટ કરશે, કેવા લેખકોને દેશ–પરદેશમાંથી એમાં લખવાનું કહેશે અને પોતે એમાં કેવાં નાટકો અને વાર્તાઓ લખશે એનું વિસ્તારથી વર્ણન કરતા હતા ત્યારે એમના પિતા એમને પૂછતા કે, "એ બધું સાચું, પણ તારાં છોકરાં ધૂઘરે શી રીતે રમશે ?"

આજે દુનિયામાં થોડાક જ દેશો એવા છે જ્યાં સામાન્ય માણસોને પણ દરેક પ્રકારની સુખસગવડ હોય છે, બેકારીનો પ્રશ્ન મૂંગવતો નથી. અને કુટુંબના ભાવિની ચિન્તા પણ નથી હોતી. આને પરિણામે એ દેશોના લોકો સુખી છે કે નહિ એ જુદો પ્રશ્ન છે, કારણ કે 'સુખ'ની એક સર્વમાન્ય વ્યાખ્યા નક્કી કરવી કઠણ છે. પ ંતુ દુનિયાના ઘણાખરા દેશોમાં લોકસમૂહની પરિસ્થિતિ આથી જુદી જ છે. તેથી જ આપણે કહીએ છીએ કે આપણા મૌલિક પ્રશ્નો આર્થિક છે, જો કે એ 'આર્થિક' પ્રશ્નો કયા છે અને એનું કેમ નિરાકરણ કરવું એ વિશે બધા એકમત નથી હોતા. આજના વાતાવરણમાં આને વિશે અર્થશાસ્ત્રીઓ, રાજદ્વારી પુરુષો (?) અને સામાન્ય લોકોમાં જોશભેર ચર્ચા ચાલે છે; આર્થિક સ્વતંત્રતા અને રાજ્યના અંકુશ, વ્યક્તિગત સાહસ અને રાષ્ટ્રીયકરણ, ધનની અસમાનતા અને સ્પર્ધાનું સ્થાન ઈત્યાદિ અનેક પ્રશ્નો આપણી સમક્ષ છે. આવા પ્રશ્નો મહત્ત્વના છે, મૌલિક છે; પ ંતુ દુર્ભાગ્યે એનો નિકાલ કેવળ નિરીક્ષણ કે પ્રયોગોથી જ થઈ શકતો નથી. એવી કોઈ સામાજિક પ્રયોગશાળા નથી કે જેમાં આ પ્રશ્નોનું પૃથક્કરણ થઈ શકે, એનું પ્રમાણ માપી શકાય અને પરિણામ સિદ્ધ કરી શકાય.

છેલ્લાં પચાસ-સાંઠ વર્ષોમાં સામાજિક પ્રશ્નો વિશે ઘણું જ્ઞાન પ્રાપ્ત થયું છે, ઘણી સામગ્રી એકઠી થઈ છે, છતાં પણ આવા ઘણાખરા પ્રશ્નો મૂલ્યના છે, હકીકત કે યથાર્થતાના નથી; અને મૂલ્ય નૈતિક વૃત્તિ પર, બલ્કે માનસિક વૃત્તિ પર પણ આધાર રાખે છે. અર્થશાસ્ત્રનો આવા મૂલ્ય સાથે કેવો અને કેટલો સંબંધ હોઈ શકે એ કૂટ પ્રશ્ન છે.

કેટલાક અર્થશાસ્ત્રીઓ કહે છે કે અર્થશાસ્ત્ર સાધનોનો, ઉપાયોનો અભ્યાસ છે. દાખલા તરીકે, ભાવ કેમ વધે છે અને ક્યારે વધે છે, ચલણ કે નાણું શી વસ્તુ છે એનું પૃથક્કરણ અર્થશાસ્ત્ર કરી શકે, પ ંતુ એ નાણાનો શો ઉપયોગ કરવો એનો નિર્ણય કરવાનું કામ અર્થશાસ્ત્રનું નથી. અમુક પરિસ્થિતિનું શું પરિણામ આવે તે અર્થશાસ્ત્રી સમજાવી શકે, પ ંતુ એ પરિસ્થિતિ સુધારવા શાં પગલાં લેવાં એનો આધાર એ અર્થશાસ્ત્રીની સામાજિક ફિલસૂફી પર અથવા રાજકીય દૃષ્ટિ પર અથવા તો કેવળ મનુષ્યની અભિલાષા કે સ્વભાવ પર આધાર રાખે છે, ઉપરાંત, જે આર્થિક નીતિને અર્થશાસ્ત્રી આવશ્યક લેખે એનું આચરણ અનેક વસ્તુઓ પર આધાર રાખે છે. રાજકીય પક્ષને ફંડના પૈસા ધનવાન આગળથી અને મત ગરીબ આગળથી મેળવવાના હોય છે, એટલે ભાષણો એક પ્રકારનાં કરવા પડે છે, જ્યારે વર્તન હંમેશાં એ પ્રકારનું નથી હોતું. અલબત્ત, કોઈ પણ નીતિના આચરણમાં અંતરાયો તો આવે જ છે, મુશ્કેલીઓ નડે છે અને પરસ્પરવિરોધી બળો પણ હોય છે; પણ આ સર્વ તત્ત્વો અર્થશાસ્ત્રની સૃષ્ટિથી અલગ છે એમ કહી શકાય, કારણ કે અર્થશાસ્ત્રનો કોઈ નિયમ યથાર્થ રીતે પૂરેપૂરો અમલમાં મુકાય નહિ ત્યાં સુધી તે સાચો છે કે ખોટો છે એનો નિર્ણય કેવી રીતે કરી શકાય ? લાંબે ગાળે એ સાચો પુરવાર થશે એમ કહેવાય છે, પણ વિખ્યાત અર્થશાસ્ત્રી કેન્સ કહેતો એમ, લાંબે ગાળે તો આપણે સૌ કોઈ નહિ હોઈએ ! અને બધા સંજોગો અનુકૂળ હોય તો અમુક પરિણામ આવે એમ મર્યાદિત પ્રમાણમાં પ્રતિપાદન કરવામાં એ પણ યાદ રાખવાનું હોય છે કે દુર્ભાગ્યે બધા સંજોગો કદી સરખા પણ નથી હોતા અને અનુકૂળ પણ નથી હોતા. અર્થશાસ્ત્ર કે ઈતિહાસ સિદ્ધાંતના પાઠ નથી શીખવી શકતા; કેવળ વિવેક, દીર્ઘદૃષ્ટિ અને ધૈર્ય શીખવી શકે.

સામ્યવાદી વિચારકો તો કહે છે કે વર્ગભેદ હોય ત્યાં સુધી આર્થિક દૃષ્ટિમાં નિષ્પક્ષ પરીક્ષા અશક્ય છે. અલબત્ત, એ પોતે આ નિયમમાં અપવાદરૂપ છે. કાર્લ માર્ક્સે જ્યારે પોતાનું મહાન પુસ્તક "Das Kapital" લખ્યું તે સમયની એની આર્થિક વિટંબણાનો એમાં પ્રતિધ્વનિ છે એમ માનવું એ ઘોર પાપ છે. સામ્યવાદી નેતા જે કોઈ સિદ્ધાંતનું પ્રતિપાદન કરે એ સત્ય જ માનવો ઘટે ! અથવા તો, એમ દલીલ થાય કે સંપૂર્ણ સત્ય માનવજીવનમાં અપ્રાપ્ય છે, એટલે જે સામ્યવાદી ધ્યેય માટે અનુકૂળ એ જ સત્ય છે ! છતાં પણ સામ્યવાદની આ ટીકા છેક નાખી દેવા જેવો નથી. આપણે સૌ જે સ્થિતિમાં ઊછર્યા હોઈએ અથવા રહેતાં હોઈએ એના પર આપણી મનોવૃત્તિનો, આપણી વિચારસરણીનો, આપણા વ્યવહાર અને વર્તનનો ઘણો આધાર છે. ગર્ભશ્રીમંત યુવકને તો સ્વાભાવિક એમ જ લાગે કે જે સ્થિતિમાં એ રહે છે તે કુદરતી છે; જે પરિસ્થિતિ ચાલતી આવી છે તે ચાલ્યા જ કરશે અને ચાલ્યા કરવી જોઈએ, તેમ જ જે સ્થિતિ છે તે ઈષ્ટ અને યોગ્ય છે. ખેતરમાં મજૂરી કરનારનું માનસ અને ધનાઢ્ય મિલમાલિકનું માનસ કેવી રીતે એક પ્રકારનું હોઈ શકે ?

પરંતુ મનુષ્યના વિચાર અને અભિપ્રાય એની આર્થિક પરિસ્થિતિનું જ પરિણામ હોઈ શકે એમ સ્વીકારીએ તો પછી બુદ્ધિપૂર્વકના નિર્ણયને અવકાશ જ નથી રહેતો. પછી તો પ્રત્યેક કાર્ય સ્વાર્થવૃત્તિ પર અથવા તો માણસ જેને પોતાનો સ્વાર્થ માને એના પર જ અવલંબિત રહે અને જે પોતાનો નેતા કે પક્ષ કહે એ જ સાચું માનવાનું રહે. આને "શાસ્ત્રીય" વિચારણા તો ન જ

કહી શકાય. આ તો નવા પ્રકારની અંધશ્રદ્ધા થઈ—ધાર્મિક નહિ તો માનસની અને સંપ્રદાયની. આમાં વિવેક વગરની નિષ્ઠા છે અને સત્યનો ઈનકાર છે. આમે પણ સત્યનું સંશોધન મુશ્કેલ છે અને સત્યનું પાલન એથી પણ વધારે દુઃસાધ્ય છે. સત્યનો વિજય સંસારમાં કે રાષ્ટ્રમાં થાય કે નહિ, પરંતુ એને ધ્યેય તરીકે સ્વીકારવામાં-એને માટે મથવામાં જીવનની જે સાર્થકતા છે એની અવગણના આર્થિક હિતો પણ ન કરી શકે.

પાશ્ચાત્ય સંસ્કૃતિએ માનવજાતિની પ્રગતિમાં સૌથી શ્રેષ્ઠ અને આવશ્યક ફાળો આપ્યો હોય તો તે યંત્રની શોધ નહિ પણ વૈજ્ઞાનિક વૃત્તિ—શાસ્ત્રીય પદ્ધતિ છે એમ મને તો લાગે છે. આપણી પોતાની ઈચ્છા, રુચિ તેમ જ લાભ—ગેરલાભને આવી વૃત્તિમાં સ્થાન નથી. જ્ઞાનપ્રાપ્તિ કરવાની સ્પૃહા, સત્યના સંશોધનની અભિલાષા અને નિષ્ઠા આ વૃત્તિની ભીતરમાં છે; અને બીજા બધા મનોરથો, બીજી આકાંક્ષા અને લાલસા અસ્થાને છે અને ત્યાજ્ય છે. નિરીક્ષણ કરીને, પ્રયોગ કરીને, નિષ્પક્ષપણે, દુરાગ્રહ દૂર કરીને, લાગણીને વશ થયા વગર કોઈ પ્રશ્નની પરીક્ષા કરવી, કોયડાનું પૃથક્કરણ કરવું એ શાસ્ત્રીય વિચારણા અને પદ્ધતિના મૂળમાં છે. આપણી દઢ માન્યતા પણ તપાસવી, આપણે જેને સિદ્ધાંતો ધારીએ છીએ એમાં કેટલું તથ્ય છે એ વિચારવું, પ્રમાણ સિવાય અને હકીકત તપાસ્યા સિવાય નિર્ણય પર ન આવવું એ સહેલું નથી, પણ એ વગર વિજ્ઞાનની પ્રગતિ અશક્ય છે. વિજ્ઞાનનું મૂળ જ્ઞાન છે અને જ્ઞાન અંધશ્રદ્ધા, કાલ્પનિક મનોરથો, વહેમ કે અનિશ્ચિતતાથી પ્રાપ્ત નથી થતું.

પરંતુ સામાજિક અને આર્થિક પ્રશ્નોની પરીક્ષા કરવામાં આવી શાસ્ત્રીય પદ્ધતિ, આવી નિષ્પક્ષ દૃષ્ટિ સરળ નથી એ સ્પષ્ટ છે. આપણે રોજનો અનુભવ છે કે આવા પ્રશ્નોની ચર્ચામાં, એની છણાવટમાં લાગણી, પક્ષપાત, અંગત લાભ—ગેરલાભની ગણતરી, તરત આવી જાય છે. એક પુલ બાંધવો હોય ત્યારે તેનો એક થાંભલો કેવો અને કેટલો હોવો જોઈએ, એની લંબાઈ કે પહોળાઈ કેટલી હોવી જોઈએ એ નક્કી કરતી વખતે નિષ્ણાત માણસો ઉશ્કેરાઈ જતા નથી, પણ વિષય જેમ ગહન—પછી તે આર્થિક નીતિનો હોય, સામાજિક સુધારણાનો હોય કે રાજકીય ધ્યેયનો હોય—તેમ ચર્ચા કરનારાઓ સંયમ નથી રાખી શકતા. કેટલીકવાર મને એમ લાગે છે કે કોઈ માણસનું એક બાબતમાં જેટલું અજ્ઞાન હોય છે તેટલો જ એ વિષયમાં એ વધારે દુરાગ્રહી હોય છે અને મતભેદથી કોપાયમાન થાય છે! અલબત્ત, સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ બુદ્ધિપૂર્વક અને વિવેકપુરઃસર કરવામાં બુદ્ધિ તર્કની મર્યાદા સ્વીકારવી આવશ્યક છે. એ જ પ્રમાણે અમુક પરિસ્થિતિમાં કઈ આર્થિક નીતિ ઉત્તમ છે તે કહેવું પણ મુશ્કેલ છે, કારણ કે જે ઉપાયો રાજકીય સંજોગોની અવગણના કરે તે વ્યવહારુ નથી નીવડતા. અર્થશાસ્ત્રના નિયમો ભૌતિકશાસ્ત્ર કે રસાયણશાસ્ત્રના નિયમો જેવા સ્થાપિત કે સ્થિર નથી તેનું મુખ્ય કારણ તો એ છે કે મનુષ્યના સ્વભાવ અને વર્તન વિશે નિશ્ચિત રીતે કંઈ પણ કહેવું મુશ્કેલ છે. પ્રયોગમાં નિષ્ફળ નીવડતો ત્યારે મહાન વિજ્ઞાનિક લૉર્ડ રથફર્ડ કહેતો કે, "શું થાય? આ વાતાવરણમાં પુષ્કળ મનુષ્યસ્વભાવ પથરાયેલો છે."

એ તો સ્પષ્ટ છે કે કોઈ પણ આર્થિક નીતિ બધા સંજોગોમાં અનુકૂળ હોતી નથી, કોઈ પણ આર્થિક સૂત્રો દરેક પરિસ્થિતિમાં સરખા હોતાં નથી. અર્થશાસ્ત્રના નિયમો એવા સર્વવ્યાપી હોય કે દરેક પરિસ્થિતિમાં સાચા હોય તો એનો કંઈ અર્થ નથી. વળી એ નિયમો કેવળ વ્યવહારુ ઉપયોગ માટે જ હોય તો જુદાં જુદાં બજારોની પ્રવૃત્તિનું પ્રતિબિમ્બ બને; છતાં અર્થશાસ્ત્રના પાઠયપુસ્તકોમાં લખ્યા પ્રમાણે બજારો ઉપર નીચે જતા નથી, ભાવો વધતા-ઘટતા નથી. છેલ્લા બે ત્રણ દાયકાથી અર્થશાસ્ત્રમાં ગણિત અને આંકડાનું મહત્ત્વ ઘણું જ વધ્યું છે અને એ ઉચિત પણ છે, કારણ કે આર્થિક સૂત્રોના પ્રતિપાદન માટે આંકડા આવશ્યક છે. પરંતુ મનુષ્યનું વર્તન એની વૃત્તિ પર આધાર રાખે છે; એ લાગણીવશ થાય છે. એને લોભ ઉપરાંત આકાંક્ષા, સ્પર્ધા, સહકારવૃત્તિ એવા વિવિધ હેતુઓ હોય છે, અને પરસ્પરવિરોધી બળો એને આમતેમ તાણે છે.

અર્થશાસ્ત્રમાં જે 'આર્થિક મનુષ્ય" (economic man) એટલે કે કેવળ આર્થિક હેતુથી કામ કરતો માણસ કેન્દ્રસ્થાને માનવામાં આવે છે એવો કોઈ મનુષ્ય હોઈ શકે કે કેમ એ પ્રશ્ન છે. શબ્દોની પેઠે આંકડા પણ માણસને છેતરી શકે છે તેમ જ છેતરવા માટે આંકડાનો ઉપયોગ થઈ શકે છે. અર્થશાસ્ત્રને દેશ અને કાળની મર્યાદા હોય એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. એડમ સ્મિથે ૧૭૭૦માં ઈંગ્લંડ વિશે જે સિદ્ધાન્તો પ્રતિપાદન કર્યા હોય અથવા કાર્લ માર્ક્સે ૧૮૫૦માં ઈંગ્લન્ડ, ફ્રાન્સ કે જર્મની વિશે જે કહ્યું હોય તે ૧૯૬૨માં ભારતને અનુકૂળ હોય એમ માનવાનું કારણ નથી. આફ્રિકામાં વાંદરાની એક એવી જાત છે કે જે માણસના જેવાં જ ઝૂંપડાં બાંધે છે, પણ એની અંદર રહેવાને બદલે એ બહાર રહે છે. બીજા દેશનાં નીતિ અને કાયદાનું અનુકરણ કરવામાં એ જોખમ છે કે જે આવશ્યક છે તેની પર લક્ષ રાખવાને બદલે જે દેખીતું હોય તે આપણે ગ્રહણ કરી શકીએ છીએ. અર્થશાસ્ત્રના અભ્યાસમાં સિદ્ધાંત અને વાસ્તવિકતા બંને આવશ્યક છે; એટલે શાસ્ત્રીય દૃષ્ટિ અને વ્યવહારુ બુદ્ધિ બંનેનો એમાં સમન્વય થઈ શકે છે. એમાં કોઈ વાદ નથી સિદ્ધ થતો; એ તો વ્યવસ્થિત માર્ગ છે, માનસિક શિસ્ત છે, વિચારની પદ્ધતિ છે.

"આર્થિક સ્વતંત્રતા" વિશે હાલ આપણે ત્યાં વિવાદ ચાલે છે. વ્યક્તિની સ્વતંત્રતા એટલે શું? આર્થિક ક્ષેત્રમાં કેટલે અંશે એ આવશ્યક છે—લાભદાયક છે? કેટલે અંશે અને કેવી રીતે એના પર રાજ્યનો અંકુશ હોવો જોઈએ?—એ પ્રશ્નો વિચારવા જેવા છે. ધોરી રસ્તા પર વાહનો અને રાહદારીઓ માટે નિયમન ન હોય તો બધાંને સ્વતંત્રતા નથી મળતી પણ બધું અસ્તવ્યસ્ત થઈ જાય અને અકસ્માતો વધી જાય! એ જ પ્રમાણે રાજ્યમાં ધોરણ વગર વ્યક્તિની સ્વતંત્રતા પણ શક્ય નથી. પરંતુ એનો અર્થ એમ નથી કે જેમ વધારે કાયદા-કાનૂનો હોય, જેમ વધારે અંકુશો હોય એમ વધારે સ્વતંત્રતા પ્રાપ્ત થાય! આર્થિક ઘટનામાં રાજ્ય અને વ્યક્તિ બંનેને અવકાશ છે. પરંતુ એક પક્ષ એવી દલીલ કરે કે જ્યાં કોઈ પણ પ્રકારનો અંકુશ ન હોય ત્યાં વ્યક્તિ સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવી શકે; એટલે કે જેટલા કાયદા-કાનૂન ઓછા એટલો સમાજને લાભ. આમાં પ્રશ્ન એ છે જે "સ્વતંત્રતા" વિશે ચર્ચા કરીએ એ સ્વતંત્રતા કોની? સમાજમાં કયા અંગની અને શા વાસ્તેની? કારખાનામાં પૂરતી હવા કે ચોકસાઈ ન રાખવાની, કામદારો માટે સહીસલામતી માટેનાં સાધનો ન રાખવાની, ગમે તેટલા ક્લાક કામ કરાવવાની માલિકની 'સ્વતંત્રતા' હવે કોઈ સ્વીકારતું નથી. માલમાં ભેળસેળ કરવાની, કાળા બજાર કરવાની છૂટને માટે 'સ્વતંત્રતા' શબ્દ પણ લાંછનરૂપ છે. સામુદાયિક હિત માટે આવી 'સ્વતંત્રતા' અમર્યાદિત ન જ હોઈ શકે. ત્યારે સામો પક્ષ આની વિરુદ્ધ એમ કહે કે સામાજિક યંત્રણામાં મનુષ્ય તો માત્ર એક અંગ છે—કોઈ મોટા સંચામાં એક ખીલો હોય એવો છે. વ્યક્તિનું હિત વ્યક્તિ પોતે સમજે તેના કરતાં રાજ્ય વધારે સમજે. જાણે રાજ્ય એટલે કોઈ દૈવી શક્તિ, કોઈ પ્રચંડ અને અમોઘ સત્તા હોય! રાજ્ય એટલે અનેક મંત્રીઓ, પ્રધાનો, ઊંચા નીચા દરજ્જાના અમલદારો.

ક્રમશઃ

ગગનવિહારી મહેતા

રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું ભાષણ

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં તા. ૬—૭—૬૩ શનિવારના રોજ સાંજના ૬—૧૫ વાગે શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયમાં રસ ધરાવતા ભાઈ—બહેનોને નિમંત્રણ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

બેમાં કોણ ઉત્તમ? ક્રિયાપાત્ર કે પરોપકારી?

[નોંધ: ફિલસૂફ—પત્રકાર વા. મો. શાહે બાવન વર્ષ પહેલાં લખેલો પ્રસ્તૃત લેખ આજે પણ એટલો જ ઉપયોગી જણાય એ જ એની સાર્થકતા છે એમ સમજી લાંબીચોડી પ્રસ્તાવનાનું પીંજણ કરવાની જરૂર રહેતી નથી. સંપાદક]

સામાન્ય રીતે ધર્મના બે રસ્તા મનાય છે: એક ધાર્મિક ક્રિયાઓનો, બીજો પરોપકારનાં કામોનો (જેમ કે, સદુપદેશના રૂપમાં, જાહેર હિતને લગતી હરકોઈ હિલચાલ પાછળ મંડ્યા રહેવાના રૂપમાં વગેરે). આ બે પૈકી પહેલા રસ્તાની બાબતમાં તો એમ છે કે, અમુક ક્રિયા કેવા આશયથી, કેવા ભાવથી, બદલાની કે મોટાઈની આશા વગર કે આશા સાથે કરાયલી છે એ બાબતની ખાત્રી તો માત્ર જ્ઞાની જ કરી શકે. એ સૂક્ષ્મ દેહને લગતી બાબત હોઈ માત્ર આંતરચક્ષુવાળા જ તે ક્રિયાઓની ઉત્તમતા કે આડંબર માટે ખાત્રી આપી શકે. એટલે કોઈ સાધુ યા ગૃહસ્થ ગમે તેવી સખત ક્રિયાઓ પાળતો જોવામાં આવતો હોય તો પણ તે સર્વ પાળવામાં તેનો આંતર આશય શું છે એ વાત નહિ જાણનારા આપણે સામાન્ય જનો એની ક્રિયાઓ માટે અતિ ઊંચો મત દર્શાવવા જે હિમત ધરીએ તે ગેરવાજબી ગણાય. મનના ભાવોને લગતી બાબતોનું શાસ્ત્ર (સાયન્સ) એવું તો ગૂંચવાડાભર્યું છે કે, એમાંની એકાદ બે બાબતો આપણે જાણતા હોઈએ તો પણ તેને શબ્દોમાં મૂકવાનું કામ મુશ્કેલ છે. તેથી ક્યો ગૃહસ્થ કે સાધુ શુદ્ધ ક્રિયા કરે છે કે કેમ તે બાબતમાં આપણે ચોક્કસ અભિપ્રાય બાંધી ન શકીએ; બહુ તો અનેક સંજોગો પર બારીક લક્ષ આપીને અનુમાન બાંધી શકીએ, કે જે અનુમાનો તે સખસનો જેમ જેમ વધુ સહવાસ થતો જાય તેમ તેમ પ્રસંગોપાત ફેરવાય ખરા જ.

પરંતુ બીજો રસ્તો જે પરોપકારનો, તેની ખાત્રી માટે આપણને આંતરચક્ષુની કાંઈ જરૂર પડતી નથી. તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપવા રૂપે, નીતિનો માર્ગ બતાવવા રૂપે, શાંતિનું પાન કરાવવા રૂપે, દુષ્કાળાદિ ત્રાસો વખતે જનસમાજને કે જાનવરોને હરકોઈ રીતે સહાય પહોંચાડવા રૂપે, જનસમાજમાંથી સડો દૂર કરવા માટેના હરકોઈ પ્રયાસ રૂપે, કે એવા કોઈ રૂપે પરોપકાર કરનાર મનુષ્યનો આશય શું છે, એનો ગુપ્ત ભાવ શું છે તે જોવા–જાણવાની આપણને ઝાઝી દરકાર રહેતી નથી; કારણ કે આપણે પાડા-પાડી સાથે કામ નથી, માત્ર દહીં–દૂધની જ ગરજ છે. ગમે તેવી માનની કે ધનની કે મોટાઈની કે સ્વર્ગની ઈચ્છાથી કોઈ મનુષ્ય આપણને સદ્જ્ઞાન કે દાન આપે તે શું આપણને લાભ પહોંચાડતો નથી? અને જો આપણને લાભ પહોંચતો જ હોય તો જેના દ્વારા લાભ પહોંચ્યો તેના આપણે ઓશિંગણ નથી શું? મતલબ કે ગમે તેવા સ્વાર્થી ઈરાદાથી પણ પરોપકાર કરનાર ગૃહસ્થો અને ત્યાગીઓ તો આપણા ઉપકારી અને પૂજ્ય જ છે, જ્યારે ક્રિયાઓમાં રચ્યોપચ્યો રહેલો પુરુષ જો શુદ્ધ આશયથી ક્રિયા કરશે તો જ સુખી થશે, નહિ તો તેનો મનુષ્યજન્મ એળે જશે. તે સખસનો આશય સ્વાર્થી હોય તો, દુનિયાને તે કોઈ રીતે ઉપકારી નથી એ વાત ચોક્કસ જ છે, અને જો તેનો આશય તદ્દન નિર્મળ હોય તો તે નિર્મળતાના પ્રતાપે તેનામાં સ્વાભાવિક રીતે પ્રગટેલા બીજા ગુણો આડકતરી રીતે જનસમાજને ઉપકારી થઈ પડે છે ખરા, એટલા માટે તે પુરુષ ઉપકારી ગણી શકાય.

આ પ્રમાણે 'પરોપકાર' અને 'ક્રિયા' એ બે માર્ગમાં, પરોપકારનો માર્ગ જનસમાજને વધુ ઉપકારી હોઈ લોકો તો તેની જ વધુ પ્રશંસા કરવાના, અને લોકો એમ કહે તેથી કોઈ ક્રિયાવાળાએ લોકો પર આક્રોશ પણ કરવો જોઈતો નથી; કારણ કે આટઆટલું જ્ઞાન પામીને પણ જો ક્રિયા પાળનારા સાધુ કે ગૃહસ્થ પોતાને માટે સ્વર્ગનાં સુખો મેળવવા સારુ ક્રિયામાર્ગ પસંદ કરે છે, તો બિચારી અજ્ઞાનકૂપમાં હેરાન થતી દુનિયા પોતાનાં હિત માટે મહેનત કરનારને (પોતાના સ્વાર્થ ખાતર) વધારે વખાણે એમાં શું આશ્ચર્ય? દુનિયા કાંઈ હૃદયના ભાવો જાણતી નથી કે જેથી ક્રિયાવાળા પુરુષની આંતરનિર્મળતાની હદ માપી શકે અને ક્રિયાવાળા પુરુષની લાયકાત સાથે પરોપકારી પુરુષની લાયકાતનો મુકાબલો કરી કોણ વધારે ઊંચા દેવલોકનો અધિકારી છે તે અટકળી શકે. દુનિયાને મન, પોતાને માટે સ્વર્ગ મેળવવા મથતા ઉત્તમોત્તમ પુરુષ કરતાં દુનિયાને સુખ આપવા મથતા સામાન્ય પુરુષો વધારે-વધારે ઉપકારી લાગે છે; કારણ કે સૌ સૌને પોતાનો સ્વાર્થ લાગેલો જ છે.

આમ છે ત્યારે, અમારા સાધુવર્ગમાં કોણ ક્રિયાપાત્ર છે અને કોણ નહિ, કોણ વધુ મલિનતા ધરી શકે છે અને કોણ થોડી, કોણ વધુ લાંઘણ કરી શકે છે અને કોણ અલ્પ, કોણ અપાસરામાં ઉતરે છે અને કોણ જંગલમાં, કોણ અધોળ જમે છે અને કોણ બશેર,—એ કાંઈ જોવાજાણવાની અમને જરૂર નથી. અમારે જોવા–જાણવાની દરકાર તો આ બાબતની છે ખરી કે અમારા તારનાર તરીકેનો ખિતાબ અમોએ જેમને પંચ સમક્ષ આપ્યો હતો અને એ ખિતાબ આપતી વખતે ભવિષ્યમાં તે પુરુષ દ્વારા અમારો અર્થ સરશે એ આશયથી અમે વાજાં વગડાવી ખુશાલી પ્રદર્શિત કરી હતી તે સાધુજી અમને અનીતિ, અજ્ઞાન, પાપ, ખેદ, ભય, ગભરાટ, અને ક્લેષમાંથી મુકત કરવા માટે ક્યો, કેવો અને કેટલો પરિશ્રમ કરે છે. ઉપકારીપણાંનું અમારું ધોરણ [Standard] તો એ જ છે. જે સાધુઓ એ પરીક્ષાવિષયમાં સારો દેખાવ કરશે તે 'પાસ' છે— બીજાઓ 'નાપાસ' છે;—અમારી પાસે તો નાપાસ છે, 'જ્ઞાની' પાસે પાસ—નાપાસ થવાની વાત વળી જુદી છે.

સંપાદક:
ત્રિભુવન વીરજીભાઈ લેમાણી સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ

સાચા લાગતા વિચારને કદિ કોઇ ઉપર લાદો નહી!

ગમે તેવા સાચા વિચારનો પ્રચાર થતો હોય તો પણ બીજાના ભિન્ન વિચાર પર એક પ્રચલિત વિચારને લાદવાના સાધન તરીકે જુલમનો આશ્રય લેવામાં આવે છે ત્યારે એ વિચારમાં રહેલા આદર્શનો અંત આવે છે અને તે એક ત્રાસ બની જાય છે. બને તેટલા શુદ્ધ સત્યને પણ વિરોધી પર બળથી લાદવામાં આવે તો તે ઈશ્વર સામે પાપ કરવા બરાબર છે. સમગ્ર વિશ્વ પર એક જ ધર્મ કે એક જ ફિલસૂફીને લાદવાનું કદી શક્ય બન્યું નથી અને કદી સંભવિત થશે પણ નહીં.

.....એવો જંગલી અને સંસ્કારી કોઈ જ યુગ થયો નથી જેમાં બહુમતીને ગુલામ બનાવતા દમન સામે વિરોધ કરનારી વ્યક્તિઓનું અસ્તિત્વ જ ન હોય; એટલી હદ સુધી કોઈ ત્રાસ સંપૂર્ણ બન્યો નથી, જ્યારે મદાંધ બનેલા સત્તાધીશોના એક માત્ર કહેવાતા સત્યની સામે પોતાના જ સત્યમાં વિશ્વાસ રાખવાના અને પોતાની વ્યક્તિગત માન્યતાઓને વળગી રહેવાના અધિકારનું કોઈએ રક્ષણ ન કર્યું હોય.

સ્ટીફન ઝ્વીગ

તમે કેટલા જુવાન છો?

તમે કેટલા જુવાન છો? જેટલી શ્રદ્ધા ધરાવો તેટલા, જેટલો આત્મવિશ્વાસ હોય તેટલા, જેટલા આશાવાદી હો તેટલા; અને–

તમે કેટલા ઘરડા થયા? જેટલી શંકા હોય તેટલા, જેટલી ભીતિ હોય તેટલા, જેટલી નિરાશા હોય તેટલા.

સેમ્યુઅલ ઉલ્મેન

પ્રકીર્ણ નોંધ

અંગત નોંધ

હિમાલયમાં આવેલ યમુનોત્તરી અને ગંગોત્તરી એ બે તીર્થ-સ્થાનોનાં પરિભ્રમણનો સુયોગ ઊભો થતાં ગયા મે માસની ૧૧ મીથી જૂન માસની ૧૫ મી તારીખ સુધી મુંબઈ ખાતે મારી ગેરહાજરી રહી અને એ દરમિયાન 'પ્રબુદ્ધ જીવન'ના જે ત્રણ અંકો બહાર પડયા તેમાં દિનપ્રતિદિન બનતી ઘટનાઓ અંગે કશી પણ નોંધ લખવાનું બની ન શકયું તેમજ એ અંકોની લેખસામગ્રી તથા રચના તરફ નજર નાખવાનું પણ બની ન શકયું. આને અંગે પ્રબુદ્ધ જીવનના પ્રસ્તુત અંકોના સંપાદનમાં જે ત્રુટિઓ રહેવા પામી હોય તે માટે પ્રબુદ્ધ જીવનના વાચકોની ક્ષમા યાચું છું.

અમદાવાદમાં બે બાળકોને અપાયેલી દીક્ષા

આજથી ૩૦-૩૫ વર્ષ પહેલાં મુંબઈ-ગુજરાત-સૌરાષ્ટ્રમાં બીન જવાબદારીપૂર્વક લેવાતી અને દેવાતી અયોગ્ય દીક્ષા સામે—વિશેષ કરીને બાલ દીક્ષા સામે—જૈન શ્વે. મૂ. સમાજમાં એક પ્રચંડ આંદોલન ઊભું થયું હતું. એ સમયમાં આવી દીક્ષાઓના જે જૈન આચાર્યો પુરસ્કર્તા હતા તેમાં શ્રી વિજયરામચંદ્રસૂરિ અગ્રસ્થાને હતા. મુંબઈ જૈન યુવક સંઘનો ઉદ્‌ભવ પણ એ જ આંદોલનને વિશેષ વેગ આપવા માટે થયો હતો. આ ઉગ્ર બનેલા આંદોલનના પરિણામે વડોદરા સરકારે બાલ દીક્ષાની અટકાયત કરતો એક કાયદો કર્યો હતો અને નાનાં છોકરાંઓને ભગાડીને છાની છૂપી રીતે અપાતી દીક્ષાની બદી સાવ નાબુદ થઈ હતી, અને નાની ઉમરનાં બાળકોને અપાતી દીક્ષા પણ લગભગ બંધ થવા પામી હતી. તાજેતરમાં ગયા જૂન માસની બીજી તારીખે કલકત્તા નિવાસી એક ગૃહસ્થ શ્રી ધનજીભાઈ શિવજીભાઈ, તેમનાં ધર્મપત્ની તવલ બહેન, તેમનો મોટો પુત્ર ગુલાબચંદ (ઉમર ૧૯), તેથી નાનો પુત્ર કિશોર (ઉમર ૧૨), અને સૌથી નાની પુત્રી ઈંદિરા (ઉંમર ૧૦)—એમ આખા કુટુંબ પરિવારને એ જ દીક્ષાયેલા આચાર્ય વિજય-રામચંદ્રસૂરિએ દીક્ષા આપી છે અને આ રીતે દબાઈ ગયેલી બાલ-દીક્ષાની પ્રણાલિને આ રીતે તેમણે નવું ઉત્તેજન—નવી ચાલના—આપી છે. બાલ દીક્ષાનાં અનિષ્ટો જૈન સમાજના ધ્યાન ઉપર વખતોવખત લાવવા છતાં જૈન સમાજે આ બધું મુંગા મોઢે જોયા કર્યું છે, એટલું જ નહિ પણ, ગયા એપ્રિલ માસમાં મળેલી અખિલ ભારતીય શ્વે. મૂ. સંઘ સંમેલનના ઠરાવમાં દીક્ષાર્થીની યોગ્યતા ઉપર આટલો બધો ભાર મૂકાવા છતાં, એક કુટુંબ પરિ-વારની અન્ય વ્યકિતઓ સાથે દશ અને બાર વર્ષનાં બે અબુઝ બાળકોને તેમની યોગ્યાયોગ્યતાનો કશો પણ વિચાર કર્યા સિવાય મુંડી નાખવામાં આવ્યા છે. અહીં પ્રશ્ન થાય છે કે, જ્યારે મા-બાપ પોતે જ સંસારત્યાગ કરવા તૈયાર થાય ત્યારે તેમનાં બાળકોની સંભાળ લેનાર કોઈ ન રહે તે કરતાં તેમને પણ સાધુ વેશ પહેરાવીને તેમના દીક્ષિત મા-બાપ સાથે જોડાયેલા રાખવામાં શું ખોટું છે? પણ તેનો જવાબ એ છે કે, જે બાળકોની સંભાળ લેનાર અન્ય કોઈ સગાંસંબંધી ન હોય તે બાળકો પુખ્ત ઉંમરનાં ન થાય ત્યાં સુધી આ મા-બાપને દીક્ષા લેવાનો કોઈ અધિકાર જ નથી, અને આવા મા-બાપને કોઈ સમજણવાળો આચાર્ય દીક્ષા આપે પણ નહિ. આ જ ધનજીભાઈ ઘણાં વર્ષોથી દીક્ષા લેવાને ઉત્સુક હોવા છતાં તેમના માતા-પિતાની ઈચ્છાને માન આપીને તેમની હયાતી સુધી સંસારી જીવનમાં ચાલુ રહ્યા હતા. તેવી જ રીતે પોતાનાં બાળકોને યોગ્ય કેળવણી આપીને દ્રવ્યોપાર્જનના માર્ગે વહેતા કર્યા પહેલાં સંસારત્યાગ કરવો તેમના માટે કોઈ પણ રીતે શોભાસ્પદ નહોતો, મા-બાપ તરીકેની ફરજની અવગણના કરવા બરાબર હતો. વિશેષ દુઃખની વાત એ છે કે, ઉપર જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સંઘ સંમેલનના એક ઠરાવમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, "દીક્ષા લેવા આવનાર કોઈ પણ ભાઈ કે બહેનની દીક્ષા લેવાની ભાવના, વૈરાગ્યવૃત્તિ અને બીજી બાબતોની પૂરેપૂરી તપાસ કરતાં એ વ્યકિત દીક્ષા આપવા યોગ્ય લાગે તો જ એને દીક્ષા આપવી" આવું સ્પષ્ટ વિધાન કરવામાં આવ્યું છે, અને ઉપર જણાવેલ બાળકોમાં આવી કોઈ યોગ્યતા હોવાની સંભાવના કલ્પી શકાય તેમ છે જ નહિ, એમ છતાં પણ, સંઘ સંમેલનના ઠરાવોને ઠોકર મારતા હોય એવી તુમાખીપૂર્વક આ આચાર્યે આ બાળકોને દીક્ષા આપવાની ધૃષ્ટતા કરી છે, અને આમ છતાં આશ્ચર્યજનક તો એ છે કે, સામાયિકોમાં પ્રગટ થયેલા સમાચાર મુજબ, એ સંઘ સંમેલનના પ્રણેતા શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ આ આચાર્ય પાસે આવી અણઘટતી બાલ દીક્ષા સંબંધે ખુલાસો માંગવાને બદલે, પ્રસ્તુત દીક્ષા સમારંભને પોતાની હાજરીથી શોભાવ્યો હતો અને આ પ્રકારની અયોગ્ય દીક્ષાનું સમર્થન કર્યું હતું. આ જોઈ જાણીને વિશેષ પ્રશ્ન એ થાય છે કે, જે સંઘ સંમેલનના ઠરાવની આ રીતે છડેચોક અવગણના થઈ રહી છે એ સંઘ-સંમેલન સાધુ સમાજની અનેકવિધ શિથિલતાઓ દૂર કરવાની દિશાએ ખરેખર કોઈ અમલી કાર્ય કરી શકશે ખરું કે કાગળ ઉપર લખાયેલા ઠરાવ માત્ર કાગળ ઉપર જ રહેશે? સંઘ સંમેલનને આ એક પડકાર છે અને તેનો જવાબ તે શી રીતે આપે છે તે હવે પછી જોવાનું રહે છે.

આટલી નોંધ સાથે તા. ૨૦-૬-૬૩ના ગુરુવારના રોજ મળેલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ પસાર કરેલો ઠરાવ નીચે આપવામાં આવે છે:—

"અમદાવાદ ખાતે તા. ૨૦-૬-૬૩ના રોજ શ્રી વિજય-રામચંદ્ર સૂરિએ એક સમગ્ર જૈન પરિવારને દીક્ષા આપી છે, જેમાં મોટી ઉંમરના માત-પિતા ઉપરાંત તેમનાં ત્રણ સંતાનોનો સમાવેશ થાય છે અને તેમાં પણ સૌથી નાનાં બાળકની ઉંમર ૧૨ વર્ષની અને સૌથી નાની બાલિકાની ઉંમર ૧૦ વર્ષની છે. બાલ-દીક્ષા સામે છેલ્લાં ૩૦ વર્ષથી સતત આંદોલન ચાલવા છતાં અને તાજેતરમાં અમદાવાદ ખાતે મળેલા અખિલ ભારતીય જૈન શ્વે. મૂ. સંમેલને દીક્ષાર્થીની યોગ્યતા ઉપર સારો એવો ભાર મૂકેલો હોવા છતાં, આ સર્વની અવગણના કરીને દીક્ષાયેલા આચાર્યે અબુઝ બાળકોને દીક્ષા આપી દેવાની ધૃષ્ટતા કરી છે તે સામે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે અને આ બાલદીક્ષાના અનિષ્ટ સામે જૈન સમાજના વિચારશીલ આગે-વાનોને તેમ જ પ્રગતિવાંછુ યુવકોને પોતાનો વિરોધ વ્યાપક રીતે રજૂ કરવા અને એ રીતે ફરીથી દેખાવ દેતા અનિષ્ટને મૂળમાંથી દાબી દેવા અનુરોધ કરે છે."

જ્યારે તીવ્ર આર્થિક ભીંસમાં જનતા પીસાઈ રહી છે ત્યારે સમાજના દ્રવ્યનો ધર્મના નામે આવો ધુમાડો શા માટે?

આજની ભીષણ સામાજિક પરિસ્થિતિને લક્ષમાં લઈને નીચેની ત્રણ બાબતો નિર્વિવાદ હોય એ રીતે લગભગ સર્વત્ર સ્વીકારવામાં આવી છે:

(૧) જે દ્રવ્યના વ્યયમાંથી લાંબા ગાળાનું સામાજિક કલ્યાણ થઈ શકે તેમ ન હોય અને જે વડે લોકમાનસમાં રહેલી કહેવાતી ધાર્મિક ભાવના અને સામાજિક પ્રતિષ્ઠાની ભૂખ તત્કાળ પૂરતી સંતોષાતી હોય એવાં ધાર્મિક ઉત્સવો, અનુષ્ઠાનો, વરઘોડાઓ કે જમણ-વારો બને તેટલાં ઓછાં કરવાં અને લોકમાનસમાં રહેલી ઉદારતાની ભાવનાને સ્થાયી સામાજિક કલ્યાણ સાધવા, લોકજીવનને રૂંધી રહેલ આર્થિક ભીંસ હળવી થાય, લોકોનાં આધિ-વ્યાધિનું નિવારણ થાય, અને વ્યાપક વહેમ અને અજ્ઞાનનું નિવારણ થાય એવાં કાર્યો પાછળ વધારે ને વધારે વાળતા જવું.

(૨) બીનજરૂરી મંદિરો ઊભા ન કરવાં તેમજ ચાલુ મંદિરમાં ખાસ જરૂર સિવાય મૂર્તિઓનો ઉમેરો ન કરવો અને આ રીતે

ભરેલામાં ભરતી ન કરવી અને એ રીતે મંદિરો અને મૂર્તિઓને નીભાવવા પાછળના સામાજિક બોજામાં વૃદ્ધિ ન કરવી.

(૩) આપણી પ્રજા સદીઓથી અનેક પ્રકારના અજ્ઞાનજન્ય વહેમો, માન્યતાઓ અને અંધ શ્રદ્ધાને પોષતાં પરિબળોથી પીડાય છે અને તેને વશ થઈ તન—મન—અને ધનની પાર વિનાની બરબાદી કરે છે. આ પરિસ્થિતિ કેમ હળવી થાય, જ્યાં વહેમ અને અજ્ઞાન ભરેલાં છે ત્યાં સમ્યક્ વિચાર અને શિક્ષણ આપીને લોકમાનસને આ વહેમ અને અજ્ઞાનથી કેમ મુક્ત કરવું એ સમાજની દરેક જવાબદાર વ્યક્તિનું—વિશેષે કરીને લોકો જેમની પાસેથી માર્ગ-દર્શનની આશા રાખે છે એવા સાધુસમાજનું—અવશ્ય કર્તવ્ય છે.

આ આજના કાળની—આજના સમાજની—માગ છે. તેના સંદર્ભમાં મુંબઈ ખાતે કેટલાક સમયથી નિવાસ કરી રહેલા જૈન આચાર્ય વિજયધર્મસૂરિ તથા તેમના પટ્ટશિષ્ય યશોવિજયજી ઉપાધ્યાયની પ્રેરણા નીચે મુંબઈ ખાતે કેટલાંક સમયથી શું શું બની રહ્યું છે તેનો જૈન સમાજને ખ્યાલ આપવો જરૂરી છે.

મુંબઈ ખાતેના તેમના લાંબા નિવાસ દરમિયાન તેમણે જૈન ધર્મશાળા, ભોજન શાળા વગેરે સમાજને સ્થાયી હિતકારી એવાં કેટલાંક કાર્યો કર્યાં છે, કરાવ્યાં છે તે માટે તેમને જરૂરી યશ આપવો ઘટે, પણ સાથે સાથે તેમણે અનેક પ્રકારનાં ધાર્મિક અનુષ્ઠાનો પાછળ સમાજના દ્રવ્યનો પુષ્કળ વ્યય કરાવ્યો છે, એટલું જ નહિ પણ, લોકોની અંધશ્રદ્ધાને, વહેમને, ધાર્મિક ક્રિયા-દ્વારા ઐહિક લાભો થવાના પ્રલોભનને ખૂબ પ્રોત્સાહન મળે એવાં કાર્યો પણ તેમણે કરાવ્યાં છે, તેમની મારફત થવા પામ્યાં છે જેની ઉપેક્ષા થઈ શકે તેમ નથી. દાખલા તરીકે તેમના મુંબઈ ખાતેના નિવાસ દરમિયાન 'ઉપધાન' ના નામે ઓળખાતા ધાર્મિક અનુ-ષ્ઠાનો અવાર-નવાર યોજાતાં રહ્યાં છે. આ ધાર્મિક અનુષ્ઠાનો ૩૦—૩૫ યા ૪૦ દિવસ સુધીની મુદત માટે યોજવામાં આવે છે, જેમાં મોટા ભાગે એક દિવસ ઉપવાસ અને એક દિવસ વ્રતપૂર્વકનાં ભરચક મિષ્ટાન-ભોજનનો ક્રમ ગોઠવવામાં આવે છે. આ અનુષ્ઠાનોમાં સંખ્યાબંધ સ્ત્રી—પુરુષો જોડાય છે અને દરેક અનુષ્ઠાન પાછળ હજારો રૂપિયાનો ખર્ચ થતો રહે છે.

બે અઢી વર્ષ પહેલાં અષ્ટસિદ્ધિ અને નવનિધિદાયક લેખાતા અને આરાધકની બધી મનોકામનાની પૂરવણીની આશા આપતા એવા ઋષિમંડળ સ્તોત્રની આરાધનાનું તેમના પટ્ટશિષ્ય મુનિશ્રી યશોવિજયજી ઉપાધ્યાયના માર્ગદર્શન નીચે પાયધુની ઉપર આવેલા ગોડીજીના મંદિર—ઉપાશ્રયમાં મોટા પાયા ઉપર આયોજન કરવામાં આવ્યું હતું, અને તેનો ભારે પ્રચાર કરવામાં આવ્યો હતો અને નાના પાયા ઉપર કોઈ કોઈ શ્રીમાનોને ઘેર પણ તેમની દોરવણી નીચે તેને લગતા મંત્રતંત્રની આરાધના યોજવામાં આવી હતી. આથી ધાર્મિક શ્રેયની વૃદ્ધિ થાય છે એમ કહેવામાં આવે છે, પણ ખરી રીતે આરાધકના દિલમાં તે પાછળ ભૌતિક શ્રેયની અભિવૃદ્ધિ થવાની અને ઐહિક —આર્થિક તેમ અન્ય પ્રકારની—મુંઝવણો દૂર થવાની આશા—કલ્પના રહેલી હોય છે.

ગયે વર્ષે અષ્ટગ્રહની યુતિના કારણે અનેક અનિષ્ટો નીપજ-વાની કલ્પના લોકમાનસને ભડકાવી રહી હતી ત્યારે આ જ ઉપાધ્યાય મહારાજની પ્રેરણાથી વિશ્વશાંતિના નિમિત્તને આગળ ધરીને એક ભારે ભવ્ય સમારંભ મુંબાદેવીના મેદાનમાં યોજવામાં આવ્યો હતો અને નવે ગ્રહની કાલ્પનિક મૂર્તિઓ અને તેનું આરાધન ગોઠવવામાં આવ્યું હતું. જૈન દર્શન જેને મિથ્યાત્વ કહે છે તે મિથ્યાત્વને પોષનારો અને લોકોની અજ્ઞાનમૂલક માન્ય-તામાં વધારો કરનારો આ મહોત્સવ હતો અને તે પાછળ આશરે પોણો લાખ રૂપિયાનું પાણી કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં એવી જ એક બીજી ઘટના બનવા પામી છે. વાલકેશ્વર ખાતે બાબુ અમીચંદ પનાલાલનું ભવ્ય જૈન મંદિર છે. સ્થાપત્યની દૃષ્ટિએ મંદિરનું શિલ્પ એક સપ્રમાણ નમૂનો છે. વિદેશના અનેક પ્રવાસીઓ આ મંદિરની મુલાકાતે આવે છે અને મંદિર જોઈને મુગ્ધ બને છે. મંદિરના ગર્ભાગારમાં ઋષભદેવ ભગવાનની ભવ્ય મૂર્તિ બિરાજે છે અને બન્ને બાજુએ જરૂર પૂરતી મૂર્તિઓ પધરાવવામાં આવી છે. ઉપરને માળ પાછળની બાજુએ મધ્યભાગમાં એક નાના સરખા ઉપ—મંદિરમાં ભગવાન પાર્શ્વનાથની મૂર્તિ બિરાજમાન છે. આની ચોતરફ અગાશી હતી અને ત્યાંથી મુંબઈની રમણીય નગરી અને તેને વીંટળાઈને પથ-રાયેલા અરબ્બી સમુદ્રના દર્શન થતાં હતાં. મંદિરની બાજુએ રહેલા ઉપાશ્રયમાં મુનિશ્રી ઉપાધ્યાય યશોવિજયજીનો વર્ષોથી નિવાસ છે. આ મંદિરની ઉપર નીચેની ગોઠવણમાં કોઈ પણ વધારો કરવો એ પૂર્વની સુયોજિત અને પ્રમાણબદ્ધ રચના ઉપર બીન જરૂરી ભાર લાદવા બરોબર હતું. આમ છતાં યશોવિજયજી મહારાજના મગજમાં આવ્યું કે, આ મંદિરમાં કાંઈ ને કાંઈ વધારો કરવામાં ન આવે અને નવી નવી મૂર્તિઓની સ્થાપના કરવામાં ન આવે તો તેમનો ત્યાંનો ચિર નિવાસ અસાર્થક લેખાય. એટલે તેમની પ્રેરણા અને દોરવણી નીચે મંદિરની અગાશીની બન્ને બાજુએ નાનાં ઉપ-મંદિરો ઊભાં કરવાનું અને એક બાજુએ સીમંધર સ્વામી, પુંડરિક સ્વામી, અને ગૌતમ સ્વામીની મૂર્તિઓ ભરાવીને પ્રતિષ્ઠિત કરવાનું અને બીજી બાજુએ પદ્માવતી દેવી, સરસ્વતી અને લક્ષ્મીની મૂર્તિઓ ભરાવીને પ્રતિષ્ઠિત કરવાનું નક્કી કરવામાં આવ્યું. સાથે સાથે મંદિરને આવક થાય એ હેતુથી બીજી કેટલીક તીર્થંકરની મૂર્તિઓ પણ ભરાવવાનું વિચારવામાં આવ્યું. એ મુજબનું બાંધ-કામ શરૂ થયું, અગાશીનો મોટો ભાગ ઢંકાઈ ગયો. ઉપ- મંદિરો બંધાઈ ગયાં અને મૂર્તિઓ પણ તૈયાર થઈને જયપુરથી આવી ગઈ. અને મે માસની ત્રીજી તારીખે પૂર્વ યોજના મુજબ મોટા પાયા ઉપરના સમા ભપૂર્વક તે તે મૂર્તિઓની નિયત સ્થાને પ્રતિષ્ઠા પણ થઈ ચૂકી. આ બધી નવરચના પાછળ સ્વાભાવિક રીતે પુષ્કળ દ્રવ્યનો વ્યય થયો અને ઘીની બોલીના નામે સમાજને સર્વથા અનુપયોગી એવા દેવદ્રવ્યના ભંડારો છલકાયા. આ બધું જ બીલકુલ બીન-જરૂરી હતું. એમ છતાં આવું બધું ઊભું કરવામાં ન આવે અને મોટા પાયાના ઉત્સવ—સમારંભો અને ખર્ચાળ ધાર્મિક અનુષ્ઠાનો યોજવામાં ન આવે અને તે પાછળ ચાર દિવસના ચમકારા જેવો સમાજના દ્રવ્યનો ધુમાડો કરવામાં ન આવે ત્યાં સુધી આપણા ધર્માચાર્યોને અને તેમના પટ્ટશિષ્યોને ચેન ન પડે તે સ્વાભાવિક છે.

ઉપર જણાવેલ મૂર્તિનિર્માણ અને પ્રતિષ્ઠાના અનુસંધાનમાં પદ્માવતીની મૂર્તિનું નિર્માણ અને તેની પ્રતિષ્ઠાને લગતી કેટલીક હકીકતો સવિશેષ નોંધને પાત્ર છે. ધરણેન્દ્રદેવ, તેમની મુખ્ય પત્ની લેખાતી એવી પદ્માવતીદેવી અને તેની બીજી પત્ની વૈરોટ્યા દેવી એ ત્રણ દેવ દેવીને ભગવાન પાર્શ્વનાથના અધિષ્ઠાયક સેવકો કલ્પવામાં આવ્યા છે. આમાં પણ પદ્માવતીદેવીને પ્રમાણમાં વધારે મહત્ત્વ આપવામાં આવે છે અને જ્યાં શ્રી પાર્શ્વનાથની મૂર્તિ મૂળનાયકના સ્થાને હોય છે ત્યાં તેમની બેઠક નીચે પદ્મા-વતીદેવીની નાની સરખી મૂર્તિ બેસાડેલી હોય છે. આમ દેવ-દેવીઓની હારમાળામાં પ્રમાણમાં ગૌણ સ્થાન ધરાવતી એવી પદ્માવતીદેવીનું મહત્ત્વ યશોવિજય મહારાજે એકાએક વધારી દીધું. તેની મોટા કદની એક સ્વતંત્ર મૂર્તિ જયપુરના કોઈ એક કુશળ શિલ્પી પાસે બનાવરાવી. પરિકર સાથે ૫૭ ઈંચની ઉંચાઈ ધરાવતી આ મૂર્તિ સાથે ૨૫-૨૫ ઈંચની બે મૂર્તિઓ—સરસ્વતી અને લક્ષ્મીની પણ—તૈયાર કરાવી. પદ્માવતીની મૂર્તિ પાછળ રૂ. ૩૦૦૦નો ખર્ચ થયો. નવા મંદિરમાં મધ્ય ભાગમાં આ મૂર્તિની પ્રતિષ્ઠા કરવાની હતી. બન્ને બાજુએ સરસ્વતી અને લક્ષ્મીની મૂર્તિ પધરાવવાની હતી. પદ્માવતીની મૂર્તિની પ્રતિષ્ઠાનો આદેશ રૂ. ૨૧૫૦૦ની બોલી

બોલીને સ્વ. જમનાદાસ મોરારજીની બે વિધવા પુત્રવધૂઓ રમાબહેન દલાલ અને ભાનુબહેન દલાલ—એ દલાલ બહેનોએ લીધો. મૂર્તિના શિલ્પનિર્માણનું ખર્ચ પણ તેમણે આપ્યું. પ્રસંગને અનુસરતું સ્વામિવાત્સલ્ય—સામુદાયિક જમણ—પણ તેમણે કરાવ્યું. આ બધાં વિધિવિધાનો, જમણવાર વગેરે પાછળ, પ્રતિષ્ઠા-મહોત્સવ પ્રસંગે જાહેરાત કરવામાં આવી હતી તે મુજબ, આ બે દલાલ બહેનોએ તેમને મળેલા વિપુલ વારસામાંથી રૂા. ૪૦૦૦૦-નું પાણી કર્યું. સંભવ છે કે તેથી પણ વધારે દ્રવ્યવ્યય કરવામાં આવ્યો હોય. અલબત્ત, મૂર્તિનું શિલ્પનિર્માણ મનોહર છે; મૂર્તિ જોતાં ચિત્ત પ્રસન્નતા અનુભવે છે, પણ આવા એક બીનજરૂરી નિમિત્ત પાછળ આટલા બધા દ્રવ્યને વેડફી નાખવું એ એક પ્રકારનો ધાર્મિક વિલાસ છે, અથવા તો સમજણ વિનાની ઉડાઉગીરી છે. આની પાછળ કેવળ વહેમ, સ્વીકારી લીધેલી માન્યતા, અંધ-શ્રદ્ધા સિવાય બીજું કશું તત્ત્વ દેખાતું નથી.

આમાં પણ આશ્ચર્યજનક તો એ છે કે, ઉપર જણાવેલ બે બહેનોમાંના એક ભાનુબહેને વૈધવ્ય પ્રાપ્ત થયા બાદ ઉચ્ચ શિક્ષણ લીધું છે અને એમ. એ. ની ડીગ્રી ધરાવે છે. વળી જૈન મહિલા સમાજના મુખપત્ર 'વિકાસ'નાં તંત્રી છે. આવી બહેન પણ સમયની જે માગ છે તેની ઉપેક્ષા કરીને પરંપરાપ્રાપ્ત અંધ-શ્રદ્ધાના માર્ગ તરફ ઢળી પડે એ જોઈને ભારે દુ:ખ થાય છે અને સમાજ આજે કયા માર્ગે જઈ રહ્યો છે તે વિષે મનમાં અનેક વિચારો આવે છે. આ જ પ્રમાણે સવિશેષ દુ:ખની વાત તો એ છે કે પ્રગતિશીલ વિચારોનું વાહક લેખાતું—જૈન મહિલા સમાજનું મુખપત્ર—'વિકાસ' તેના તંત્રીલેખમાં આ પ્રકારના ધાર્મિક વેવ-લાપણાની —ધનના કરવામાં આવેલા ધુમાડાની—અનુમોદના કરે છે. આમ આજે જાણે કે ઉલટી ગંગા વહી રહી હોય અને પ્રગતિ-શીલ લેખાતાં બળો બધિરતા દાખવી રહ્યા હોય એવી પરિસ્થિતિ આપણી સામે ઊભી થતી નજરે પડે છે. વહેમ અને અંધશ્રદ્ધાનાં બળો આગળ—જુનવાણી અને સ્થિતિચુસ્તતાનાં બળો આગળ-તત્ત્વજ્ઞાનનું શિક્ષણ કેવું નિરર્થક નીવડે છે, સમાજને આગળ લઈ જવાને બદલે પીછેહઠ કરાવતા સાધુઓ ઐહિક તેમ જ આમુ-ષ્મિક લાભની લાલચો આપીને ભોળાં ભાઈ—બહેનોને કેવી રીતે ભરમાવે છે અને સમજુ, બુદ્ધિશાળી, કાળપારખુ લેખાતાં ભાઈ-બહેનો કેવી કેવી રીતે ભરમાય છે—આવી એક સમગ્રપણે અત્યંત દુ:ખદ વસ્તુસ્થિતિનું ચિત્ર નજર સામે ઊભું થાય છે અને સમાજના ભાવી વિષે ઉંડો વિષાદ અને નિરાશા પેદા કરે છે.

આટલી આલોચના બાદ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તા. ૨૦-૬-૬૩, ગુરુવારના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભાએ વાલકેશ્વરના જૈન મંદિરમાં કરવામાં આવેલી બીનજરૂરી મૂર્તિઓની પ્રતિષ્ઠા અંગે કરેલો ઠરાવ નીચે આપવામાં આવે છે:—

"વાલકેશ્વર ઉપર આવેલ જૈન મંદિરમાં બીરાજતા જૈનાચાર્ય વિજયધર્મસૂરિ તથા તેમના પટ્ટશિષ્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયની પ્રેરણાથી દેવ—દેવીઓની બીનજરૂરી મૂર્તિઓ નિર્માણ કરવામાં તેમ જ તેની પ્રતિષ્ઠા કરવામાં આવી છે અને તે પાછળ હજારો રૂપિયાનો જે દ્રવ્યવ્યય કરાવામાં આવ્યો છે તે સામે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પોતાનો વિરોધ રજૂ કરે છે અને આજે જ્યારે જનસમાજ અનેક પ્રકારની તંગીની ભીંસમાં પીસાઈ રહ્યો છે અને મધ્યમવર્ગના લોકો જીવન—મરણના સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યાં છે ત્યારે લોકમાનસમાં રહેલી ઉદા-રતાની વૃત્તિને ભીંસનિવારણના કાર્ય તરફ ન વાળતાં આ પ્રકા-રના બીનજરૂરી દ્રવ્યવ્યયનાં નિમિત્તો ઊભા કરવામાં આવે એ એક પ્રકારનો સમાજદ્રોહ છે એવો આ સંઘનો મક્કમ અભિપ્રાય છે."

'પ્રોફ્યુમો પ્રકરણ'

ગ્રેટ બ્રિટનના પ્રધાનમંડળને સખ્ત આંચકો આપનાર અને તેના મુખ્ય પ્રધાન મેકમિલનના સ્થિર આસનને ડોલાવી નાખનાર 'પ્રોફ્યુમો પ્રકરણ' અંગે ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના તા. ૧૯-૬-૬૩ના અંકમાં પ્રગટ થયેલી નોંધ યથોચિત માર્ગદર્શન આપે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે આ અનિષ્ટ પ્રકરણની ત્રણ બાજુ છે અને તેમાંની એક પણ બાજુ સુખદ નથી. (૧) એક તો યુદ્ધ-મંત્રીના સ્થાન ઉપર રહીને શ્રી પ્રોફ્યુમો હાઉસ ઑફ કૉમન્સમાં અને પોતાના સાથીઓ સમક્ષ હડહડતું જૂઠું બોલ્યો, (૨) શ્રીમતી ક્રીસ્ટીન કીલર નામની અત્યંત ચકોર એવી અભિનેત્રી સાથે તેનો વાંધા પડેતો સંબંધ એ આ પ્રકરણની બીજી બાજુ છે. આ બાઈ માજી યુદ્ધમંત્રીને અને બીજા અગ્રગણ્ય લોકોને તેને આગળ લાવનાર ડૉ. સ્ટીફન વૉર્ડ મારફત મળી હતી. (૩) ત્રીજી બાજુએ છે કે, આ બાઈની પ્રેમપાત્ર પરસ્પર વિરોધી એવી બે વ્યક્તિઓ હતી: એક તો આ માજી યુદ્ધમંત્રી પ્રોફ્યુમો અને બીજો લંડનમાં રહેલો સોવિયેટ નેવલ એટેચી કેપ્ટન ઈવાનોવ અને એ રીતે દેશનું સંર-ક્ષણ તંત્ર જોખમમાં મૂકાયું હતું, કારણ કે, આ બાઈનો આશય પ્રોફ્યુમો પાસેથી લશ્કરી બાતમીઓ મેળવીને કેપ્ટન ઈવાનોવને પહોંચાડવાનો હતો. આમાંની પહેલી બે બાજુ નૈતિક તત્વને સ્પર્શે છે અને એ કારણે ગ્રેટ બ્રિટનની જનતા અત્યંત ઉશ્કેરાઈ ઊઠી છે અને 'ટાઈમ્સ' પણ આ સામે ખળભળી ઊઠ્યું છે અને પ્રજાની આવી આધ્યાત્મિક અવનતિ માટે ત્યાંની સર-કારને જવાબદાર લેખે છે. આમ છતાં પણ લેબર પાર્ટીએ જોખ-માયલા સંરક્ષણની બાજુ ઉપર વધારે ભાર મૂકીને સત્તાસ્થિત સરકારની ઝાટકણી કાઢી છે. જુના વખતમાં એક સ્ત્રી રાજાઓનાં સિંહાસનો ડોલાવી શકતી હતી. આજના જમાનામાં પણ એક સ્ત્રી રાજ્યતંત્ર માટે અણુકલ્પી એવી કટોકટી સરજી શકે છે. આ એક વિસ્મયજનક ઘટના છે. આનો અર્થ એ કે, માનવીની પ્રકૃતિ એની એ જ રહી છે અને જાતીય વૃત્તિનું માનવી ઉપરનું પ્રભુત્વ પણ એનું એ જ કાયમ છે.

'શ્રીકૈલાસ' શિખરના આરોહકોને ધન્યવાદ

મે માસની ૧૪ મી તારીખે ગુજરાતની 'પરિભ્રમણ' સંસ્થા તરફથી ૪૨ જેટલા ગુજરાતી પર્વતારોહકોની એક ટુકડી ગંગોતરી બાજુએ આવેલા ૨૨૭૪૨ ફીટ ઊંચા 'શ્રી કૈલાસ' નામના હિમ-શિખરનું આરોહણ કરવાના હેતુથી રવાના થઈ હતી, તેમાંની કુમારી કોકિલા મહેતા (ઉંમર: ૨૨) તથા નંદિની મહેતા (ઉંમર ૨૦), એમ બે બહેનોએ અને શ્રી રજની પટેલ (૨૬) નામના એક ભાઈએ તા. ૧૨-૬-૬૩ ના રોજ શ્રીકૈલાસ શિખરનું સફળ આરોહણ કર્યું છે અને આ માટે એ આખી ટુકડીને, તેના નેતા ધ્રુવકુમાર પંડ્યાને અને વિશેષ કરીને એ ત્રણ સફળ આરોહકોને ગુજરાતી જનતાના અનેક અભિ-નંદન અને ધન્યવાદ ઘટે છે. ગુજરાતી પ્રજા પ્રવાસની શોખીન તો છે જ અને ભારતના જાણીતા હવા ખાવાનાં પહાડી મથકો ઉપર મે માસ દરમિયાન ઢગલાબંધ ગુજરાતી કુટુંબો જ્યાં ત્યાં નજરે પડે છે. આવી જ રીતે પર્વતારોહણનું સાહસ પણ તેમનામાં કેળવાય એ અત્યંત જરૂરી અને ઈચ્છનીય છે.

ઉપરના સમાચાર વાંચીને જિતાયલા હિમશિખર શ્રીકૈલાસ વિષે લોકો ભ્રમણામાં પડે છે. એ સંબંધમાં ચોખવટ થવાની જરૂર છે. કેટલાક લોકો આ શ્રીકૈલાસને ટીબેટમાં માનસરોવર બાજુએ આવેલા—ભગવાન શંકર અધિષ્ઠિત—કૈલાસ પર્વત સમજે છે, પણ પ્રસ્તુત શ્રીકૈલાસ એ હિમાલયની ભારત બાજુએ આવેલ છે, જ્યારે પરાપૂર્વ પ્રસિદ્ધ કૈલાસ હિમાલયની બીજી બાજુએ આવેલ છે. શ્રીકૈલાસની ઊંચાઈ ૨૨૪૪૨ ફીટ છે જેનું તાજેતરમાં આરોહણ કરવામાં આવ્યું છે, જ્યારે પેલા કૈલાસની ઊંચાઈ આશરે ૨૩૦૦૦ ફીટ છે અને હજુ સુધી તે કોઈ પણ માનવીથી પાદાક્રાંત થયો નથી. ટૂંકમાં એકનું નામ 'શ્રીકૈલાસ' છે, જ્યારે અન્યનું નામ 'કૈલાસ' છે. **પરમાનંદ**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧૬, ૧૯૬૩, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

આર્થિક મૂલ્યો

(ગતાંકથી ચાલુ)

આ ચર્ચામાં ગૂંચવાઈ જતાં પહેલાં એ વિચારવાનું છે કે "આર્થિક સ્વાતંત્ર્ય" એ એક જ સામાજિક મૂલ્ય છે, એ એક જ મનુષ્યનું ધ્યેય છે, કે એનો બીજાં મૂલ્યો, બીજા હેતુઓ અને ધ્યેયો સાથે સમન્વય આવશ્યક છે? વ્યક્તિગત સ્વતંત્રતા જાળવવાના ધ્યેયવાળા સમાજે સમાજની કાર્યદક્ષતા અને એનો વિકાસ, ન્યાય, રક્ષણ એ સર્વને પણ લક્ષમાં રાખવાનાં હોય છે. આ બધાં જ ધ્યેયો એક સાથે સાંપડતાં નથી, સાધ્ય નથી; એમાં પરસ્પર-વિરોધ પણ હોય છે. એકને પ્રાપ્ત કરતાં બીજાનો થોડે ઘણે અંશે ત્યાગ કરવો પડે છે. દેશના રક્ષણ માટે વ્યક્તિની સ્વતંત્રતાનો કે આર્થિક સમૃદ્ધિનો પણ ભોગ આપવો પડે છે. શાંતિ જાળવવી હોય તો ઘણીવાર અન્યાય ખમવો પડે છે. આર્થિક મૂલ્યો એટલાં શ્રેષ્ઠ નથી કે એ માટે બીજી બધી ભાવનાઓને હોમી દઈએ. પાશ્ચાત્ય દેશોમાં ઔદ્યોગિક પરિવર્તન થયું ત્યારે સામાજિક હિતની અવગણના થતી અને આર્થિક સમૃદ્ધિ સાધવા માટે ગમે તેનો ભોગ અપાતો. પરિણામે, હાથવણાટનું કામ કરતા કારીગરો બેકાર થતા અને ભૂખે પણ મરતા, કુમળાં બાળકોને ૧૮-૨૦ કલાક કામ કરવું પડતું, સ્ત્રીઓને કારખાનાંઓમાં કે કોલસાની ખાણોમાં સખત મજૂરી કરવી પડતી. આ તો ભૂતકાળની વાત થઈ; પરંતુ વીસમી સદીમાં પણ સોવિયેટ રશિયામાં આર્થિક પ્રગતિ માટે લાખોનાં બલિદાન અપાયાં હતાં. લાખો ખેડૂતોની સ્ટાલિનના આદેશથી કતલ કરવામાં આવી હતી, ઉદ્યોગો સ્થાપવા માટે ગામડાની પ્રજાને કેટલોક વખત ભૂખમરો વેઠવો પડયો હતો, કામદારોને ગુલામી ભોગવવી પડી હતી. ચીનની સામાન્ય જનતાએ છેલ્લાં તેર વર્ષમાં સામ્યવાદી પ્રયોગોને ખાતર કેટલું સહન કર્યું છે તે હવે કહેવાની જરૂર છે? દિલ્હીના આપણા રાજ્યકર્તાઓ, જેઓ ચીનથી મુગ્ધ હતા તેઓ પણ હવે આ સ્વીકારે છે! જપાનની ઔદ્યોગિક પ્રગતિનો આરંભ એ દેશની યુદ્ધનીતિને ઘણે અંશે આભારી છે. આજે આ ભાવના બદલાઈ ગઈ છે. લોકકલ્યાણ વગર સાચી આર્થિક ઉન્નતિ શકય નથી એ સામાન્ય રીતે હવે સ્વીકારાય છે.

આજે આયોજનો—પછી એ પંચવર્ષીય હોય કે દશવર્ષીય હોય—એનો હેતુ આર્થિક હિત સાધવાનો છે, અને એ સર્વથા યોગ્ય છે. દેશની દરિદ્રતા દૂર કરવી, જનતાની સ્થિતિ સુધરે તેવો પ્રયાસ કરવો એમાં જડવાદ નથી. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું અને ગાંધીજી પણ એ જ ઘણી વાર કહેતા કે ભૂખ્યાની પાસે ઈશ્વર રોટલાના સ્વરૂપમાં પ્રગટ થાય છે. મનુષ્ય કેવળ અન્નને માટે જીવતો નથી, તેમ આજીવન ઉપવાસ પણ કરી શકતો નથી—રસોઈ કરનારને અસ્પૃશ્ય ગણી શકતો નથી. બર્નાર્ડ શૉના 'મેજર બાર્બેરા' નામના નાટકમાં દારૂગોળો બનાવીને પુષ્કળ પૈસા કમાયેલો એન્ડ્રુ અન્ડર—શાફ્ટ એના પુત્રને કહે છે કે મારા કારખાનામાં કામ કરતા માણસોના આત્મા ભૂખ્યા છે, કારણ કે એમના શરીરને પૂરતો ખોરાક મળ્યો છે. એની વિરુદ્ધ અલબત્ત, એમ પણ કહી શકાય કે રોજ મિષ્ટાન્ન ખાતા અને મિજબાનીઓમાં રચ્યાપચ્યા રહેતા લોકોના આત્મા ભૂખ્યા નથી રહેતા. દુઃખ એ છે કે જે રોજેરોજ મિષ્ટાન્ન ખાઈ શકે છે એમને અજીરણ થયું હોય છે, જ્યારે જેમને ખૂબ ભૂખ લાગે છે એમને પૂરતું અન્ન નથી મળતું! લેખકો, કવિઓ, કલાકારો કે વૈજ્ઞાનિકો કેવી પરિસ્થિતિમાં ઊછર્યા હોય છે, કેવી વિટંબણામાં કામ કરે છે તે આપણે સૌ જાણીએ છીએ. પરંતુ તેથી દરિદ્રતાને આદર્શરૂપ લેખવાની જરૂર નથી. જનતાની આર્થિક સ્થિતિ સુધારવી અને પૈસાને પરમેશ્વર ગણવો એ બે એક વસ્તુ નથી. આજની દુનિયામાં આર્થિક ઉન્નતિ વગર રાજકીય સ્વાતંત્ર્ય શકય નથી અને સાચી સંસ્કારિતા પણ અલભ્ય છે.

આયોજનને લક્ષ્ય હોવું જોઈએ. પ્રગતિ પણ ધ્યેય વગર ન થઈ શકે. ગમે તે તરફની ગતિ એ પ્રગતિ નથી. કોઈ સ્પષ્ટ, નિશ્ચિત હેતુઓ માટે વ્યવસ્થિત પ્રયત્ન બુદ્ધિપૂર્વક થાય ત્યારે એને આયોજન કહેવાય અને પ્રગતિ સંભવિત થાય. પરંતુ કેવળ આર્થિક લાભ એ આયોજનનો હેતુ ન હોઈ શકે. કાર્લ માર્કસના અનુયાયીઓ તેમ જ મૂડીવાદીઓ બન્ને આમ માનવામાં ભૂલ કરે છે. લોકો ગુલામો તરીકે પણ સમાન થઈ શકે અને સ્વતંત્ર સ્ત્રી-પુરુષો તરીકે પણ સમાન થઈ શકે. ઉદ્યાનમાં વિવિધતા હોય છે; રણ એક પ્રકારનું હોય છે. લોકસમૂહનું દમન કરીને, એમને રિબાવીને રાજ્ય અથવા થોડા રાજ્યકર્તા અને સત્તાધારીઓ સમૃદ્ધ થાય એને આર્થિક ઉન્નતિ કહી શકાય? આથી જ આર્થિક સમૃદ્ધિની ચર્ચા કરીએ ત્યારે કોની સમૃદ્ધિ અને કેવા પ્રકારની એ વિચારવું ઘટે છે. જે દેશોના લોકો પાસે પુષ્કળ ધન અને સામગ્રી છે એ તો ગમે તે વસ્તુઓ બનાવી શકે છે અને અનેક પ્રકારના સાચાખોટા પ્રચાર દ્વારા નવી નવી અનાવશ્યક અને હાનિકારક માગ પણ ઉપજાવી શકે છે. આ કેટલે અંશે ઈષ્ટ છે એની ચર્ચામાં અહીં નહિ ઊતરીએ, પરંતુ એવી પ્રવૃત્તિનું અનુકરણ આપણે કરવું એ ગંભીર ભૂલ છે. આવા અનુકરણને લીધે મૂલ્યની વિકૃતિ થાય છે અને આયોજનની ઘટના ઊલટાસૂલટી થઈ જાય છે. જે દેશમાં લોકો પૂરતું અનાજ ઉત્પન્ન નથી કરી શકતા, જ્યાં એક માણસ સરેરાશ પંદર વાર કાપડ વર્ષમાં ખરીદી શકે છે, જ્યાં મુંબઈ, કલકત્તા જેવાં શહેરોમાં હજારો માણસોને ચોમાસું હોય કે શિયાળો પણ ફૂટ-પાથ પર રાતે સૂવું પડે છે, ત્યાં ટેલિવિઝન માટે પૈસા ખર્ચવા, ઍટોમિક ઍનર્જીના કાર્યકર્તાઓ અને તેમનાં સુખસગવડ પાછળ લાખો રૂપિયા ખર્ચવા, દેશના સંરક્ષણને નામે કૉફી બનાવવાનાં સંચા અને સિનેમાનાં યંત્રો બનાવવાં, શહેરોમાં રહેતા થોડા સારી

સ્થિતિના લોકોના ઉપભોગ માટે મોંઘી ચીજો બનાવવા પરદેશી હૂંડિયામણ ખર્ચવું—એ બધામાં કોની આર્થિક ઉન્નતિ સધાય છે તેનો વિચાર કરવાનું આપને સોંપું છું. અને આ કાંઈ માત્ર આપણા દેશને ઉદ્દેશીને નથી કહેતો. ઈન્ડોનેશિયામાં પુષ્કળ ગરીબાઈ છે, છતાં લાખો રૂપિયા ખર્ચીને ત્યાં 'સ્ટેડિયમ' કર્યું છે. ઘાનામાં એક મંત્રીની પત્નીએ લંડનમાં સોનાના એક પલંગ માટે ૪૫,૦૦૦ રૂપિયા ખર્ચ્યા હતા. એવી જ રીતે રાજ્યકર્તાની પ્રતિષ્ઠા ખાતર જંગી ઈમારતો અને ભવ્ય મકાનો બાંધવાં એ ઉચિત છે? અને તે પણ પૈસા અમેરિકા પાસેથી ઉછીના લઈને? ટ્રેનમાં ટેલિફોન રાખવાને બદલે જે ટેલિફોન છે તે બરાબર ચાલે અને જેમને જોઈએ છે એમને પાંચ વર્ષે પણ મળે એ વ્યવસ્થા પહેલી ન કરવી જોઈએ?

આયોજનનું મુખ્ય કારણ તો એ છે કે આપણી પાસે ધન અને બીજી સાધનસામગ્રી પૂરતા પ્રમાણમાં નથી, જ્યારે જરૂરિયાતો અનેક છે અને ઘણી જરૂરિયાતો ત્વરાથી પૂરી પાડવી જોઈએ એવી છે. એથી કઈ જરૂરિયાતો અગત્યની છે એનો નિર્ણય પ્રથમ કરવો ઘટે છે; પછી એ દેશના સંરક્ષણ માટે, લોકકલ્યાણ માટે, અનાજના કે રાષ્ટ્રધનના વધારા માટે હોય. કેવળ આડંબર કે પ્રદર્શન પૂરતી, પરદેશથી આવતા નેતાઓ કે ડેલિગેશનોને દેખાડવા પૂરતી સંસ્થાઓ સ્થાપવી કે ઉદ્યોગો ઊભા કરવા એમાં આયોજનનો હેતુ ફલીભૂત નથી થતો. પ્રો. ગેલબ્રેથના શબ્દોમાં કહું તો આવી "સંજ્ઞારૂપ અર્વાચીનતા" (Symbolic Modernisation) થી જનતાનું હિત સધાતું નથી.

બીજી રીતે વિચારીએ તો આર્થિક પ્રગતિનું માપ ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા વડે થાય છે. આમાં તથ્ય છે. આવા ઉત્પાદનને લીધે દેશની સમગ્ર આવક કેટલી વધી, કેટલી વસ્તુઓ દેશમાં વધી, કેટલા માણસોને રોજગારી મળી વગેરેનો અંદાજ આવી શકે. છતાં, આમાં પણ એ ઉદ્યોગો શું ઉત્પન્ન કરે છે, વસ્તીનો કેટલો ભાગ એ વસ્તુઓ ઉપયોગમાં લઈ શકે છે, એ વસ્તુઓ સારી રીતે બની છે કે નહિ, એ બનાવવામાં કેટલો ખર્ચ થાય છે અને શક્તિનો કેટલો વ્યય થાય છે અને શા ભાવે એ વેચાય છે—એ સર્વની પરીક્ષા પણ આવશ્યક છે. સરેરાશ આવકના આંકડા જનતાને સંતોષ આપવા માટે પૂરતા નથી. સામાન્ય લોકોને ખપની વસ્તુઓ કેટલા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે, કેવા પ્રકારની, કેવી રીતે અને શા ભાવે એ વસ્તુઓ ઉત્પન્ન થાય છે—તે તપાસવું પણ મહત્વનું છે. ઉદ્યોગીકરણ આપોઆપ લાભદાયક છે એ ખ્યાલનો સંયુક્ત રાષ્ટ્રસંઘ (United Nations)ના મુખ્ય મંત્રી ઉ થાંને વિરોધ કર્યો હતો. અયોગ્ય સ્થળે, ખરાબ માલ બનાવતું અને બરાબર રીતે ન ચાલતું કારખાનું ઉદ્યોગની વ્યાખ્યામાં ભલે આવે, પણ એથી આર્થિક ઉન્નતિ થતી નથી. શક્તિ કરતાં ઓછું કામ કરતા અને નુકસાન કરતા દશ ઉદ્યોગો કંઈ જાદુથી આર્થિક વિકાસ સાધી શકતા નથી. જે દેશમાં ૮૫ ટકા ઉપરાંતની વસ્તી ગામડામાં વસે છે, જ્યાં આટલી દરિદ્રતા અને બેકારી છે, ત્યાં શહેરોમાં રહેતા થોડા પૈસાદાર માણસોના ઉપભોગ માટે આવશ્યક, અને મોંઘી વસ્તુઓ બનાવવામાં દેશની અલ્પ સાધનસામગ્રીનો વ્યય થાય એવું આયોજન યોગ્ય નથી. વિશાળ મરુભૂમિમાં એક નાનકડું હરિયાળું સ્થાન હોય એવું હજી આપણું ઔદ્યોગિક ક્ષેત્ર છે.

ઔદ્યોગિક ઉત્પાદન શોભા માટે કે બીજા દેશો સાથે સરખામણીના આંકડા રજૂ કરવા માટે નથી. દેશ 'ગરીબ' છે કે 'સમૃદ્ધ' એનો નિર્ણય કરવા કોઈ નિશ્ચિત નિયમો નથી. દેશમાં કેવી સાધનસામગ્રી છે, એનું કેવું વિભાજન થાય છે, લોકોની શી જરૂરિયાતો છે વગેરે પર એનો આધાર છે. આખરે તો બધું ઉત્પાદન લોકોના ઉપયોગ માટે છે. આપણા દેશમાં માણસદીઠ વાર્ષિક આવક સરેરાશ લગભગ ૩૦૦ રૂપિયા છે. આટલું કમાતા માણસના કુટુંબના નિર્વાહ માટે એની આવક અને ખર્ચ કરવાની શક્તિને આયોજનનું મધ્યબિંદુ ગણવું જોઈએ. આવી વસ્તુઓ ઝાઝી નથી. અનાજ, કાપડ, ઘર, દવા, કેળવણી—મુખ્યત્વે એટલી ગણી શકાય. આ દૃષ્ટિએ ખેતીવાડીને પ્રથમ સ્થાન અપાવું જોઈએ. બીજું દૃષ્ટાંત લઈએ તો મોટર નહિ, પણ બસ અને સાયકલ વધારે જરૂરી છે. "જનતાની મોટર" ની યોજનાની ચર્ચા જોસભેર ચાલતી હતી ત્યારે એક મંત્રીએ લોકસભામાં ખાતરી આપી કે "જનતાની મોટર જનતાને માટે જનતા બનાવશે." અને લોકસભાના સભ્યોએ આ અપ્રતિમ ઉક્તિને તાળીઓના ગડગાટથી વધાવી લીધી હતી! પરંતુ જનતાનો કેટલો ભાગ રૂ. ૭,૦૦૦ આપીને, રોજનો ખર્ચ વેઠીને એવી મોટરને નભાવી શકે તેનો વિચાર કોઈએ કેમ ન કર્યો? સૂત્રો દ્વારા ઉદ્યોગો સ્થાપવાનું આ દૃષ્ટાંત છે. આપણી હાલની સ્થિતિમાં પુષ્કળ મૂડી રોકીને વર્ષો પછી બનાવી શકીએ અને વાપરી શકીએ એવાં સાધનો કરતાં ગામડામાં ઉપયોગી થઈ શકે એવા સંચાઓ બનાવવા પર લક્ષ અપાવું જોઈએ. શ્રી કુશ્ચેવે એક વાર ઠીક કહ્યું હતું કે શાણો માણસ કાપડ માપે ત્રણ વાર, પણ કાપે એક જ વાર. કરકસર રાષ્ટ્રને માટે, રાજ્યને માટે પણ ગુણ છે; અને સામુદાયિક ધનનો ખોટી રીતે વ્યય ન થાય તે ખર્ચમાં કાપકૂપ મુકવા જેટલું જ આવશ્યક છે. સરકારની આવકના રૂપિયા ઝાડ પર ઊગતા નથી; આપણી સૌની પાસેથી લઈને એ વપરાય છે. બૉબ હોપે કહ્યું છે એમ "મારે પાઈએ પાઈ બચાવવી પડે છે, કારણ કે મારા રાજ્યનો નિર્વાહ મારી કમાણી અને બચત પર આધાર રાખે છે."

લોખંડની મિલો, સંચાનાં કારખાનાં, કેલસા, વીજળી, તેલ, રેલવે, સ્ટીમર, એરોપ્લેન ઈત્યાદિ આર્થિક પ્રવૃત્તિ અને પ્રગતિનાં પ્રત્યક્ષ પ્રમાણ છે. પરંતુ એ કારખાનાં કેમ ચાલે છે, એમાં કામ કરનાર કેટલા કુશળ, સાહસિક અને મહેનતુ છે, જે વસ્તુઓ બને છે તે ધોરણસર અને ઉત્તમ કક્ષાની છે કે કેમ એ સૌ પરોક્ષ હોય તોપણ એ વિશે લક્ષ અપાય એ એટલું જ અગત્યનું છે. લોખંડ ૩૦ લાખ ટન થાય, સિમેન્ટ ૮૦ લાખ ટન થાય, કાગળનું ઉત્પાદન વધે અને સાકરનું ઘટે એની ચર્ચા નિરંતર થાય છે. તે સાથે મેનેજિંગ એજન્ટોની પ્રામાણિકતા, મેનેજરોની કુશળતા, કામદારોની કાર્યદક્ષતા, કાર્યકર્તાઓનું સાહસ, ઉદ્યોગમાં થતું સંશોધન—એ સર્વ પણ આયોજનની દૃષ્ટિએ અને આર્થિક પ્રગતિ માટે ઓછાં મહત્ત્વનાં નથી. માલ્કમ મગરીજના શબ્દોમાં કહીએ તો gross national product ની સાથે gross national mind કેવું છે તે પણ જોવું જોઈએ.*

આર્થિક પ્રવૃત્તિ કેવળ આર્થિક બળોને લીધે જ ઉદ્ભવતી નથી; એનાં કારણો માત્ર આર્થિક નથી હોતાં. સમાજનાં અનેક અંગો સાથે એ સંકળાયેલી છે. દેશના સંસ્કાર કેવા છે, લોકોના આચારવિચાર કેવા છે, એમની રૂઢિઓ અને એમનાં રીતરિવાજો કેવાં છે, સામાજિક સંજોગો કેવા છે, રાજકીય વાતાવરણ કેવું છે,—એવી અનેક વસ્તુઓ પર આર્થિક પ્રવૃત્તિનો આધાર છે.

* વિશ્વ બેન્કના પ્રમુખ શ્રી યુજિન બ્લેકે બેન્કના ગયા અધિવેશનમાં કહ્યું હતું તે અહીં પ્રસ્તુત છે: "The Bank's work is not to be assessed in terms of the building of cold monuments of stone and steel and concrete; it has had a deeper purpose to enlarge the riches of the earth, to give men right and warmtb, to lift them out of drudgery and despair, to interest them in stirring of ideas and in the grasp of organisation and techniques, toward the realisation of a day in which plenty will be a possibility and not a mere dream."

આ સર્વને લક્ષમાં ન રાખીએ તો આર્થિક પ્રશ્નોનું પૃથક્કરણ અપૂર્ણ ગણાય. આજથી ત્રીસ—ચાળીસ વર્ષ પર આપણે ત્યાં અર્થશાસ્ત્રીઓ 'રાષ્ટ્રીય' વૃત્તિના છે કે નહિ એના પર એમની ગણના થતી. (બ્રિટિશ રાજ્યથી દેશ પાયમાલ થઈ ગયો છે, આપણા દેશમાં gold standard હોવું જોઈએ, હિંદુસ્તાનમાંથી દર વર્ષે પુષ્કળ ધન ઈંગ્લંડ ઘસડાઈ જાય છે— એમ કહો તો તમે 'રાષ્ટ્રવાદી' અર્થશાસ્ત્રી; પણ બ્રિટિશ રાજ્યથી દેશને થોડાક આર્થિક લાભ પણ થયા છે એમ તમે કહો, gold exchange ના પક્ષમાં હો કે કેટલું ધન ચાલ્યું જાય છે એની વિગતમાં ઊતરો તો તમે ગુલામી મનોદશા દર્શાવતા ગણાઓ.) હવે પરિસ્થિતિ જુદી છે. અર્થશાસ્ત્રીઓ કાં તો 'પ્રગતિશાળી' અથવા 'પ્રત્યાઘાતી' હોવા જોઈએ. સાહિત્ય, કલા, સ્થાપત્ય, સંગીત, વિજ્ઞાન વગેરે દરેક વિષયમાં આ લક્ષણ જરૂરનું છે. રાજ્યનો અંકુશ આર્થિક ક્ષેત્રમાં આવશ્યક છે, વેપાર—ઉદ્યોગમાં સરકારનો ફાળો હોવો જોઈએ, રાષ્ટ્રીયકરણ ઈષ્ટ છે એમ જે કહે તે 'પ્રગતિશાળી', બીજા બધા 'પ્રત્યાઘાતી' 'મૂડીવાદી' અને 'સામ્રાજ્યવાદના ગુલામો.' તમે વ્યક્તિગત વહીવટમાં અને ખાનગી સાહસમાં માનતા હો, કે રાજ્યની સત્તા પર અંકુશ હોવો જોઈએ એમ જો કહો તો તમે 'પ્રત્યાઘાતી.' આવા વિવાદમાં ખાનગી સાહસના શા ગુણ-દોષ છે કે સરકારી વહીવટ શા માટે અને ક્યાં જરૂરી છે, કયા ઉદ્યોગો શા કારણસર પોતાને હસ્તક સરકારે લેવા જોઈએ અને કેવી રીતે ચલાવવા જોઈએ, આર્થિક સત્તાનાં શા લક્ષણો છે, કયા પ્રકારનાં અંકુશ કેટલા પ્રમાણમાં ક્યારે આવશ્યક છે—વગેરે પ્રશ્નોની પરીક્ષા ભાગ્યે જ થાય છે. કેવળ શબ્દો વિચારનું સ્થાન લે છે; સમીક્ષાને બદલે સંજ્ઞાવડે વિવેચન થાય છે. આપણે સૌએ જાણે કપાળ પર ચીઠ્ઠી ચોડવાની કે કોટ કે પહેરણ પર 'લેબલ' લગાડવાનું કે હું 'પ્રગતિશાળી' છું! આપણી જાતને આપણે પ્રત્યાઘાતી તો ન જ કહી શકીએ, કારણ, જેમ કંજૂસાઈ પારકાની કરકસર છે, સંકુચિતતા જેમ બીજાની મનોવૃત્તિ છે એમ 'પ્રત્યાઘાતી' પણ બીજા જ હોઈ શકે! આપણે તો 'પ્રગતિશાળી' જ હોઈએ. પછી એ કઈ દિશામાં તે કોણ જાણે! અથવા તો એકસાથે અનેક બાજુએ ભલે ને આપણે પ્રગતિ કરતા હોઈએ.

અર્થશાસ્ત્રમાં વપરાતા રૂઢ શબ્દોના અર્થ શા છે તે સૌ પ્રથમ નક્કી કરવું જોઈએ. 'મૂડીવાદ,' 'વર્ગવિગ્રહ,' 'શોષણ,' 'નફાખોરી,' 'કુગાવો' વગેરે વગેરે શબ્દોની બરાબર વ્યાખ્યા કર્યા વગર આપણે તે વાપરીએ છીએ અને જોસભેર ચર્ચા કરીએ છીએ. 'નફો' શબ્દ જેવો વપરાય એટલે 'પ્રગતિશાળી' અર્થશાસ્ત્રીનું કર્તવ્ય છે કે નફાને વખોડી કાઢવો, કારણ 'નફો' અનિષ્ટ છે, સ્વાર્થનું લક્ષણ છે, સર્વથા ત્યાજ્ય છે; જ્યાં સુધી 'નફા'નો નાશ નહિ થાય ત્યાં સુધી આર્થિક સ્વતંત્રતા નહિ મળે એમ એણે પ્રતિપાદન કરવાનું. 'નફો' અને 'નફાખોરી' વચ્ચે ભેદ છે કે નહિ અને 'નફો' એટલે બદલો કે આવક કેટલે અંશે વાજબી છે એનું સમીક્ષણ ન કરવું જોઈએ? ગયે મહિને મોસ્કોમાં મળેલી સોવિયેટની સભામાં શ્રી કુશ્ચેવે કહ્યું હતું એ મૂળ અંગ્રેજીમાં જ ટાંકવા જેવું છે: "With regard to an individual enterprise the question of profit is of great importance as an economic indicator of its efficiency—" (કોઈ સાહસની કાર્યદક્ષતાના લક્ષણ તરીકે નફાનો પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે.) નફો નિંદ્ય નથી; એ નફો કેવી રીતે થાય છે અને એનો લાભ કોને થાય છે તે વિચારવાનું રહે છે. પરંતુ એની ચર્ચામાં અહીં નહિ ઊતરીએ. એ જ પ્રમાણે જેઓ સમાજવાદના વિરોધી છે તેઓ એવી દલીલ કરે છે કે મનુષ્યસ્વભાવ કદી બદલાય જ નહિ અને પુષ્કળ નફાના લોભ વગર કે ભૂખમરાની બીક વગર આર્થિક પ્રવૃત્તિ અસંભવિત છે. પરંતુ મનુષ્ય કેવળ સ્વાર્થને લીધે જ, પોતાના અંગત લાભ ખાતર જ કામ કરે છે? આપણી પ્રવૃત્તિનો હેતુ, એનું પ્રયોજન, એની પ્રેરણા એક જ પ્રકારનાં હોય છે? યંત્ર જેમ વરાળના કે વિજળીના દબાણથી ચાલે છે તેમ મનુષ્યની આર્થિક પ્રવૃત્તિનો પણ એક જ નિશ્ચિત, સતત હેતુ હોય છે? આપણો રોજનો અનુભવ નથી કે સૌથી ઉત્કૃષ્ટ સર્જન ધનના લોભથી થતું નથી, પરંતુ એ કાર્ય અને પ્રવૃત્તિમાં રસ હોવાથી, સર્જનના આનન્દને લીધે, પોતાની કૃતિના ગૌરવને કારણે, પ્રશંસા કે પ્રતિષ્ઠા માટે અથવા તો કેવળ ઉત્સાહને લીધે કાર્યમાં ઓતપ્રોત થઈ જવાથી આવું સર્જન થાય છે, પછી ભલે તે સર્જન કલાનું કે વિજ્ઞાનના ક્ષેત્રમાં હોય. બીજી રીતે વિચારીએ તો આર્થિક હેતુ કે વૃત્તિ આપણા નિત્ય જીવનમાં મૌલિક છે? શીતળ ચાંદનીના ભાવ બોલાતા નથી, પુષ્પના સૌરભની કિંમત સોનાથી થઈ શકતી નથી, સંધ્યાના રંગ ત્રાજવામાં જોખી શકાતા નથી, પરંતુ એ સૌ અર્થશાસ્ત્રના અભ્યાસીને પણ આનંદ આપે છે. દુઃખની વાત એ છે કે કલાના ક્ષેત્રમાં પણ હવે આર્થિક મૂલ્યો ઘૂસી ગયાં છે. ચિત્ર સારું છે તેના કરતાં તેની કિંમત કેટલી છે તેના પરથી તેની કલાનું માપ અંકાય છે. વિખ્યાત ચિત્રકાર પિકાસોને એક ખૂબ ધનવાન સ્ત્રીએ પૂછ્યું કે, 'લંડનમાં હમણાં તમારું ચિત્ર વેચાતું હતું એમ સાંભળ્યું. એ સાચે જ તમારું તો હતું ને?' પિકાસોએ પ્રશ્ન કર્યો: 'એની કિંમત કેટલી હતી?' પેલી સ્ત્રીએ કહ્યું: 'દોઢ લાખ ડૉલર!' પિકાસોએ તરત કહ્યું: 'ત્યારે તો એ મારું જ હશે.' એ જ પ્રમાણે મકાન સુંદર છે કે નહિ તે ન જોતાં તે બાંધવાનો ખર્ચ કેટલો થયો છે તે જાણીને લોકો મુગ્ધ થઈ જાય છે. એક ફિલ્મ પાછળ કેટલા લાખ ડૉલર ખર્ચાયા છે તેની જાહેરાત થાય છે અને કલાની દૃષ્ટિએ તે કેવી છે તેના કરતાં તેની પાછળ કેટલું ખર્ચ થયું છે તેના પરથી તેનું મૂલ્ય અંકાય છે. કેટલાય ધનવાનો જેમ સોનું, રૂપું કે ઝવેરાત સંઘરે તેમ ચિત્ર અને સ્થાપત્યના નમૂના પણ એકઠા કરે છે. આમાં કલાની વૃત્તિ નહિ, પણ કેવળ મોંઘી, દુર્લભ વસ્તુઓ પ્રાપ્ત કરી પોતાનું સ્વામિત્વ એના પર સિદ્ધ કરવાની અપેક્ષા હોય છે. રવીન્દ્રનાથ ટાગોરનું અવસાન થયું એ પછી મુંબઈના એક ધનાઢ્ય શેઠે મને પૂછ્યું હતું કે, 'ટાગોર કેટલું મૂકતાં ગયા?' રવીન્દ્રનાથ જે દલ્લો મૂકતા ગયા તે એવો છે કે એનો વારસો જે કોઈ એમની કૃતિઓનો ઉપભોગ કરી શકે એમને મળ્યો છે તે એમને શી રીતે સમજાવાય? મિલકત વહેંચી શકાય છે, ધનનું વિભાજન થાય છે, વેપારમાં એક કમાય છે અને બીજો ખુએ છે; પણ કલાની સૃષ્ટિમાં નફા-નુકસાન નથી હોતાં. સંગીતના જલસામાં એકને તૃપ્તિ થાય તેથી બીજો તરસ્યો નથી થતો, એકનો રસ બીજો છીનવી નથી લેતો; ઊલટું, ઘણીવાર સહભોગથી રસ વધે છે, અધિકતર આહ્લાદ થાય છે. તાજમહાલ અસંખ્ય લોકોએ જોયો છે, પણ તેનું સૌન્દર્ય કોઈ ચોરી જઈ શકતું નથી. એ મનમાં, હૃદયમાં, સ્મરણમાં જ સાચવી શકાય છે. અજંટાનું શિલ્પમૂલ્ય એના પરના અગણિત દૃષ્ટિપાતને લીધે ઓછું નથી થતું, વધે છે. સર્જન અને સંપત્તિમાં એ જ મુખ્ય ભેદ છે. આર્થિક પ્રગતિ વિના આપણા દેશની ભીષણ દરિદ્રતા આપણે દૂર તો શું પણ ઓછી પણ કરી ન શકીએ, પરંતુ આર્થિક દૃષ્ટિની મર્યાદા પણ સાથે લક્ષમાં રાખવી જોઈએ.

આનો અર્થ એવો નથી કે સૌ કોઈ અનાસક્તિયોગની સાધના કરે. આપણામાંના ઘણાખરા યોગીઓ નથી, સંતો નથી, કે આપણે કેવળ નિઃસ્પૃહતાથી અને પરમાર્થ માટે જ કામ કરી શકીએ; તેમ માત્ર સ્વાર્થથી બીજાના હિતાહિતની અવગણના કરીને આચરણ કરતા દુર્જનો પણ આપણે નથી. લાડયામડાના, સદ્‌ગુણ—દુર્ગુણ બન્નેથી ભરેલા, અભિલાષા અને આકાંક્ષા રાખનારા, બીજાનાં સુખ-દુઃખમાં ભાગ પણ લેનારા, સ્નેહાળ છતાં ઈર્ષ્યાભરેલા, ઉમંગી છતાં આળસુ

એવાં સ્ત્રી-પુરુષો આપણે છીએ. ફળની, બદલાની, લાભની, કીર્તિની આશા અને સ્પૃહા સામાન્ય મનુષ્યોને સ્વાભાવિક છે. **मा फलेषु कदाचनનો** ઉપદેશ દેનારા પોતે જ હંમેશાં—અથવા તો ઘણું ખરું—એનું આચરણ કરી શકતા નથી. પરંતુ એ તો કોઈકે કહ્યું હતું કે માર્ગદર્શન કરનારા એ માર્ગે જવા બંધાયેલા નથી. રસ્તો ચીંધતું પાટિયું કંઈ થોડું જ એ દિશામાં ચાલે છે? એ ગમે તે હો, પણ વેતન, વ્યાપાર, વ્યાજ, નફો એ બધાં બદલાની ભિન્નભિન્ન પ્રકારની રીતો છે અને મનુષ્યને કામ કરવા ઉત્તેજન આપવાનાં સાધનો છે. અન્ય સાધનોની પેઠે એનો પણ દુરુપયોગ થાય છે, પરંતુ એવા સાધનો અને બળોનો સમાજના કલ્યાણ માટે કેવી રીતે ઉપયોગ કરવો એ કેવળ સૂત્રોને આધારે કે એક કે બીજા 'વાદ'નો આશ્રય લીધાથી ન થઈ શકે. એને માટે જ્ઞાન, શાણપણ, ધૈર્ય, સહિષ્ણુતા જોઈએ; સ્પષ્ટ રીતે વિચાર કરવાની શક્તિ અને દીર્ઘદૃષ્ટિ જોઈએ.

'આયોજન'ના પણ અનેક અર્થ-અનર્થ થાય છે. કેવા પ્રકારનું 'આયોજન' છે, તેનાં ધ્યેય અને હેતુ શાં છે, કઈ યોજનાને ઉચ્ચતર સ્થાન આપવામાં આવે છે અને એ યોજનાનો અમલ કેમ થાય છે—એની તપાસ કર્યા વગર અને એ વિશે શાન્તિથી નિર્ણય કર્યા વગર એક પક્ષ કહેશે કે 'આયોજન' અનાવશ્યક છે અને અનિષ્ટ છે; જ્યારે બીજો કહેશે કે 'આયોજન' વડે જ સૃષ્ટિમાં સ્વર્ગ આણી શકાય. માત્ર આયોજનની ભાવનાથી કેટલાક ઉશ્કેરાઈ જાય છે, જ્યારે કેટલાકની આંખમાં હર્ષાશ્રુ આવે છે. આવી લાગણીને આમાં અવકાશ નથી. આર્થિક તંત્રમાં કોઈ હેતુ માટે, કોઈક સંશ્લેષ સ્થાપવા માટે આયોજન તો એક માર્ગ છે; રાષ્ટ્રની સમૃદ્ધિ વધારવાની એ એક રીતિ છે. કોઈ એક નીતિ ગ્રહણ કર્યા પહેલાં એનાં પરિણામોનો પૂરો વિચાર કરવો એ આયોજન કરનારનું લક્ષણ છે; ભૂલો કર્યા પછી એ સુધારવા મથવું એ એનું લક્ષણ નથી. દુનિયાના લગભગ દરેક રાજ્યે વધતા—ઓછા પ્રમાણમાં એક કે બીજા પ્રકારનું આયોજન સ્વીકાર્યું છે; છતાં સરમુખત્યારીવાળું સર્વોપરી રાજ્ય પણ એના નાગરિકના વ્યક્તિગત જીવન પર સંપૂર્ણ સત્તા મેળવી શકતું નથી. સમાજના હિત અને વ્યક્તિના સ્વાતંત્ર્ય વચ્ચે સમન્વય સાધવાનું આયોજનકારનું આજે મુખ્ય કર્તવ્ય છે. આ યુગમાં અને ખાસ કરીને આપણી પરિસ્થિતિમાં કોઈ ગૂઢ વ્યક્તિવાદ અને ઉદ્દામ સમાજવાદ વચ્ચે પસંદગી કરવાની નથી. બલ્કે, કયા પ્રકારનું સામાજિક તંત્ર વ્યક્તિના વિકાસને રુંધ્યા વિના આર્થિક ઉન્નત્તિ સાધી શકે એનું નિરૂપણ કરવાનું છે. અરાજકતા, અન્યાય અને ગુલામીના ભયમાંથી મુક્ત રહે અને જ્યાં સાહસ અને સંરક્ષણ બંને હોય એવી સમાજ ઘટના રચવી સહેલી નથી, કોઈ પુસ્તકમાં એના પાઠ નથી, છતાં એ પ્રશ્ન અત્યારે મુખ્ય છે. એનો નિવેડો ભલે તરત ન આવી શકે, ભલે એની ગૂંચો ઉકેલતાં ભૂલો થાય, પરંતુ અર્થશાસ્ત્રનો તેમ જ સમાજશાસ્ત્રનો એ જ કોયડો છે અને એના પર અર્થવાહી ઉન્નતિનો આધાર છે. અમેરિકાના મૂડીવાદ કે સોવિયેટ રશિયાના સામ્યવાદની નકલ આપણે કરવાની નથી, કરી શકવાના નથી; છતાં બન્નેના ઉત્તમ અંશો ગ્રહણ કરતાં અચકાવું પણ જોઈએ નહિ. આપણી ભૂમિમાં આપણી આબોહવાને અનુકૂળ વૃક્ષો આપણે રોપવાનાં અને ઉગાડવાનાં છે.

આ વિશે જાપાન પાસેથી આપણે ઘણું શીખી શકીએ. ત્યાંના લોકોની રાષ્ટ્રભાવના, એમનું ઐક્ય, એમનું સામાજિક સંગઠન દેશની આર્થિક ઉન્નતિમાં કારણભૂત છે. એમનાં સાહસ અને અથાગ મહેનતને પરિણામે ભસ્મીભૂત થયેલો દેશ બંદર—સત્તર વર્ષમાં સજીવન થયો છે. એટલું જ નહિ પણ, સમૃદ્ધ બન્યો છે. જાપાનની પ્રગતિ પણ વેગવાળી છે તે આ જ કારણોને લીધે. જાપાનની પ્રજા કોઈ 'વાદ'માં, મંત્રમાં કે સૂત્રમાં માનતી નથી. પશ્ચિમના દેશોની ઔદ્યોગિક રીત ગ્રહણ કરીને પોતાના દેશને અનુકૂળ બનાવવાની કુશળતા અને શક્તિ ત્યાંની પ્રજામાં છે. અને પાશ્ચાત્ય રીતિઓનું માત્ર અનુકરણ હવે તેઓ કરતા નથી, એનાથી સંતોષ પામતા નથી. પશ્ચિમમાં બને છે એથી ઉત્તમ વસ્તુઓ કેવી રીતે બનાવાય એનો સતત પ્રયાસ કરે છે અને એમાં સફળ પણ થયા છે. આવી શોધો અને ઉપાયોને લીધે ઘણા ઉદ્યોગોમાં અમેરિકા, જર્મની કે ઈંગ્લાંડ કરતાં જાપાને વધારે પ્રગતિ કરી છે; નાના ઉદ્યોગો અને મોટાં કારખાનાં વચ્ચે ત્યાં સહકાર સાધી શકાયો છે. વિજ્ઞાનની શોધોનો ઉદ્યોગ માટે ઉપયોગ કરવા તે પ્રજા નિરંતર સંશોધન કરે છે. જાપાનનું આર્થિક તંત્ર દોષરહિત છે અથવા તો એની પ્રજામાં ખામીઓ નથી એમ કહેવાનો આશય નથી, પરંતુ આત્મવિશ્વાસથી, સંપ્રદાયોની અવગણના કરી, દેશના હિત માટે ત્યાંના લોકો જે રીતે તનતોડ કામ કરે છે એ વૃત્તિ, એ નિષ્ઠા, ઉદ્યમ અને ખંત આપણે ગ્રહણ કરવા જેવાં છે. આ માટે કલ્પનાશીલ અને પ્રેરણા આપે એવું નેતૃત્વ જોઈએ અને જનતામાં આસ્થા, ઉત્કંઠા અને શિસ્ત જોઈએ.

આજે દુનિયાભરમાં વિપ્લવ થઈ રહ્યો છે. સમાનતા માટે, આર્થિક પરિસ્થિતિની સુધારણા માટે, સમૃદ્ધિની સાધનસામગ્રી વધારવા માટે સતત પ્રયાસો અનેક દેશોમાં થાય છે. આને માટે આયોજન આવશ્યક છે; પરંતુ એ ભૂલવું ન જોઈએ કે આયોજન મનુષ્ય માટે છે, મનુષ્ય આયોજન માટે નથી. નહિ તો પોતાની શક્તિ ઉપરાંત બંધાવવાની એક ઈમારતનો નકશો કાગળ પર દોરીને સંતોષ માને, મનુષ્યોને બદલે મનુષ્યોનાં ચિત્રોને સાચાં લેખે, વસ્તુને જોવાને બદલે આંકડાની ગણત્રી જ ગણ્યા કરે એના જેવી સ્થિતિ આયોજન કરનારની થાય. બાઈબલમાં કહ્યું છે કે 'જ્યોતિ પ્રગટો! એટલે જ્યોતિ પ્રગટી!' એમ આયોજનપંચ કે રાજ્યનેતાઓ પોકાર કરે કે 'ઉન્નતિ થાઓ! સમૃદ્ધ બનો!' તો એથી પ્રજા આગળ વધતી નથી. એને માટે અડગ નિશ્ચય અને અથાગ પ્રયાસ જોઈએ. આપણું ધ્યેય શું છે એનો નિર્ણય કરીએ તો તે પ્રાપ્ત કરવાના માર્ગો બુદ્ધિપૂર્વક શોધી શકીએ. તેમ જ માર્ગ જાણ્યા વગર કેવળ ધ્યેય આખો વખત લોકો સમક્ષ રજૂ કરવામાં સાર નથી. વ્યક્તિના જીવનમાં અને સમાજની પ્રવૃત્તિમાં સાધન અને સાધ્ય એટલાં સંકળાયેલાં છે કે એકમાં પરિવર્તન થાય તો બીજું પણ બદલાઈ જાય. પર્વત પર જતાં જુદે રસ્તે જઈએ, પગથિમાં ભૂલ કરીએ તો નવાં વિકટ શિખરો નથી દેખાતાં?

મહાદેવ ગોવિન્દ રાનડેએ વર્ષો પહેલાં કહ્યું હતું કે જે પ્રશ્ન ધર્મ-ફિલસૂફી-વિજ્ઞાનનો છે, જે પ્રશ્ન પ્રાચીનકાળથી શાસ્ત્રો, ઋષિ-મુનિઓ અને મહાપુરુષો પૂછતા આવ્યા છે એ જ પ્રશ્ન અર્થશાસ્ત્રનો છે કે અનિષ્ટમાંથી મનુષ્યે કેમ મુક્ત થવું? ભૌતિક પરિસ્થિતિને લીધે જે અનિષ્ટો છે તે કેમ દૂર કરવા? કષ્ટો છે તેનું કેમ નિવારણ કરવું? વિઘ્નો અને અંતરાયો છે એની પર કેવી રીતે વિજય મેળવવો એ અર્થશાસ્ત્રનો પણ મૂળ પ્રશ્ન છે. વિપરીત અને પ્રતિકૂળ આર્થિક સંજોગોમાં પણ વ્યક્તિનું અને જનતાનું કલ્યાણ કેમ સાધવું તે એનો અંતિમ ઉદ્દેશ છે. વિદ્યાબહેનના વિશુદ્ધ, દયાળુ અને પરોપકારી જીવનનો પણ આ જ હેતુ હતો એમ કહું તો તેમાં અત્યુક્તિ નથી. એ કહેતાં હશે કે નહિ, પણ એમનું નિત્યનું આચરણ તો એવું જ હતું અને એ જાણતાં હતાં અને માનતાં હતાં કે

न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति।

સમાપ્ત ગગનવિહારી મહેતા

વિષયસૂચિ

		પૃષ્ઠ
આર્થિક મૂલ્યો	ગગનવિહારી મહેતા	૫૩
પૂ. બાપુજીની ૯૫ મી જન્મજયંતી પ્રસંગે શ્રી. નારણદાસ ખુ. ગાંધીનું મંગળ પ્રવચન	નારણદાસ ખુ. ગાંધી	૫૭
જૈન વિદ્યાપ્રસારક મંડળનો પરિચય	ઋષભદાસ રાંકા	૫૮
ભારતીય સંસ્કૃતિમાં ગુજરાતનું સ્થાન	દલસુખ માલવણિયા	૫૯
આ બાલદીક્ષા સામે મૌન કેમ સેવવામાં આવે છે?	સત્યવતી શાહ	૬૦
ચીની આક્રમણ: એક ચિન્તા—એક ચિન્તન	ભંવરમલ સિંઘી	૬૧

પૂ. બાપુજીની ૯૫મી જન્મજયંતી પ્રસંગે
શ્રી. નારણદાસ ખુ. ગાંધીનું મંગળપ્રવચન

(આગામી ગાંધી જયંતી એટલે કે ૯૫મી રેંટિયા બારસને લક્ષમાં રાખીને રાજકોટ—રાષ્ટ્રીયશાળા તરફથી તા. ૨૭—૬—૬૩થી તા. ૧૪—૯—૬૩—ભાદરવા વદ ૧૨ સુધીનો ૮૦ દિવસનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે. આ કાર્યક્રમનું મુખ્ય અંગ કાંતણયજ્ઞ છે અને તેમાં ભાગ લેવા માટે તેમ જ સહકાર આપવા ઈચ્છતાં ભાઈ-બહેનો દરરોજનું ૮૦ તાર સૂતરનું દાન કરે અને ૮૦ સિક્કા દાન આપે એવી તેમના વિષે અપેક્ષા દાખવવામાં આવી છે. આ કાર્યક્રમના પ્રારંભ પ્રસંગે સૌરાષ્ટ્રની સમગ્ર રચનાત્મક પ્રવૃત્તિના પ્રમુખ સંચાલક મુરબ્બી શ્રી નારણદાસ ખુશાલદાસ ગાંધીએ નીચે મુજબ પ્રવચન કર્યું હતું. **તંત્રી**)

પૂજ્ય શ્રી બાપુજીની ૯૫મી જન્મજયંતી રેંટિયા બારસના ૮૦ દિવસના કાર્યક્રમ તરીકે આપણે ઉજવતા આવ્યા છીએ તેને એક યુગ વીત્યો. ૩૦મા વર્ષમાં આ કાર્યક્રમ પ્રવેશ કરે છે. આથી થોડા સમયમાં વિશ્વનાં અનેક રાજ્યો લડાઈમાં ભાંગી ગયાં હતાં તે પોતાના કાર્યક્રમ ગોઠવી પ્રાણવાન અને સમૃદ્ધ થઈ ગયાં છે, જ્યારે પૂજ્યશ્રી બાપુજીએ આપણી આઝાદી મેળવવા અને તેને જાળવી રાખવા રેંટિયા જેવું સહજ સહેલું સાત્વિક સાધન આપણા હાથમાં મૂક્યું અને દઢ વિશ્વાસથી કહ્યું કે આ વસ્તુ જ આપણને અનેક ભયમાંથી ઉગારી લેશે. આ સાધન દેશને બુદ્ધિમાં ઉતરે નહિ તો હૃદયમાં તો ક્યાંથી ઉતરે? સત્યાગ્રહના સમયમાં તેમના રેંટિયા વિશેના આદેશને થોડેઘણે અંશે આપણે ઉપાડી લીધો હતો અને તેથી રાષ્ટ્રે તે લડતને માટે ભારે શકિત મેળવી હતી તે ભૂલી જઈ, આજે તે સાધન, દેશ, હાથમાંથી સરી જવા દે છે.

આનું એક કારણ એ પણ હોય કે જેણે જેણે ચરખાસંઘ દ્વારા રેંટિયાનું ભારે કામ કર્યું તે આજે રાજધુરા વહન કરવામાં રોકાઈ ગયા છે. આમ હોય તો પણ જેમ ગીતામાં દુર્યોધને દ્રોણાચાર્યને કહ્યું હતું કે "સર્વે મહાવીરો અને આપ પોતે પણ જ્યાં પોતપોતાને સ્થાને કામ કરતા હો ત્યાંથી ભીષ્મનું રક્ષણ કરવાનું કામ મુખ્ય રાખજો" આ પ્રમાણે આજના રાષ્ટ્રકાર્યકર્તાઓ રાજધુરા ભલે વહન કરે કે રાષ્ટ્રનો અન્ય ભાર ભલે ઉપાડે, પણ રેંટિયો ચુકાવો ન જોઈએ, રેંટિયો સચવાવો જોઈએ તેવી ભાવના તેમનામાં છે ખરી. તે માટે ખાદી કમિશન, ખાદી બોર્ડો જેવી સંસ્થાનું સર્જન કરી તેના હાથમાં જોઈએ તેટલું નાણું આપી તે કામ તેને સોંપ્યું છે. તેમાં પણ ઊંચી કોટિના ખાદીભાવનાવાળા કાર્યકર્તાઓ પણ રોકાયા છે, પણ તે મૂડિની વ્યવસ્થા અને સંચાલનમાં જ ઘણે ભાગે અટવાઈ ગયા છે અને ખાદીના ખરા કામથી દૂર રહ્યા છે.

ખાદી કામ પૈસાના જોરે થઈ શકે તેટલું ઠીક થયું છે, ઉત્પાદન ઠીક વધારી દીધું છે, ઘણા માણસોને કામ આપ્યું છે, પણ રેંટિયાના ખરા સ્વરૂપને તેઓ સમજી શકયા નથી, અને ઉલટું તેને વિકૃત બનાવ્યું છે.

રેંટિયો ચલાવનારને પુરી રોજી કેમ મળે, રેંટિયાદીઠ ઉત્પાદન કેમ વધે, ખાદી સસ્તી કેમ કરી શકાય, મીલની સરખામણીમાં ખાદીભાવને કેમ લાવી શકાય—તેવા તેવા પ્રશ્નોને હાથ ધરી તેને અનુરૂપ સાધન બનાવવામાં તેઓ પરોવાયા છે. અંબર રેંટિયો બન્યો છે. તેને તેઓએ ખૂબ વધાવી લીધો છે અને પોતાના હાથમાં એક માહામૂલી ચીજ સાંપડી છે તેવો સંતોષ મેળવવા લાગ્યા છે. અંબરના ગુણદોષમાં અહિં નહિ ઉતરું, પણ તેની પાછળ જે શકિત, જે નાણું ખર્ચાયું છે તેના પ્રમાણમાં તે સફળ થયો નથી. હજારો રેંટિયામાંથી કોઈ રેંટિયો સારો ચાલે તેની કમાણી ઉપર લોકોનું ધ્યાન ખેંચવામાં આવે છે, પણ તેવા રેંટિયાનું પણ સાતત્ય તો ભાગ્યે જ જોવા મળે.

લાખો રૂપિયા ખર્ચાયા છે, હજારોને તેનું શિક્ષણ આપ્યું છે, પણ તે રેંટિયા પાસેથી રાખેલી આશા થોડે અંશે પણ ફળી નથી—આમ કમિશન પોતે માનતું થયું છે અને તે જ મારા કથનને મહોર મારે છે. તેથી કોઈ નવો રેંટિયો શોધવાનું ચિંતવન ચાલી રહ્યું છે તેમ સંભળાય છે. અને આ સાચું હોય તો મારું નમ્ર સૂચન છે કે આવા આવા અધ્રુવ સાધનને મેળવવામાં શકિત વાપરવાને બદલે યરવડા રેંટિયાને તેના ખરા સ્થાને પહોંચાડવામાં તેઓ રોકાઈ જાય. તે સ્થાન છે કરોડો દરિદ્રોને—બેકારોને—તેમની ઝુંપડીએ પહોંચાડવાનું. કરોડો દરિદ્રો અને બેકારો દરરોજના બે આના નથી કમાઈ શકતા તેવા આંકડાના અભ્યાસીઓ તેવા લોકોને બે આના જેટલી કમાણી આપી તેમાં પ્રાણ રેડવાનું કામ છોડી બીજો વિચાર કેમ કરી શકે?

આને પહોંચવા માટે આપણી પાસે ઉત્તમ સાધન પડયું છે, તે યરવડા ચક્ર છે. અંબર રેંટિયામાં તો હજુ ગુણ દેખાય ત્યારે ખરા, પણ યરવડા ચક્રના ગુણ તો ગણતા થાકીએ તેમ નથી.

૧. યરવડા ચક્ર કરોડોની ઝુંપડીએ લઈ જઈ શકાય તેવો છે.

૨. તે ભૂખે મરતા માટે આશીર્વાદરૂપ છે.

૩. તેની કિંમત બહુ થોડી છે.

૪. હિંદમાં ચાલતા કોઈ પણ રેંટિયાથી વજનમાં હલકો છે.

૫. તે ચલાવવામાં બીલકુલ મૂંઝવે તેવો નથી.

૬. તે બીજા રેંટિયા કરતાં ઓછી જગ્યા રોકે છે.

૭. નાનું બાળક પણ સહેજે ચલાવી શકે છે.

૮. હજારો રેંટિયા ટુંકા સમયમાં બનાવી શકાય છે.

૯. તેની બનાવટ અને તેના ભાગો સાદામાં સાદા છે.

૧૦. તેનાથી બારિક સૂતર કાંતી શકાય છે.

૧૧. દુષ્કાળ જેવા આફતના સમયે આશીર્વાદરૂપ આ રેંટિયો જ બન્યો છે તેવો આ વર્ષે પણ આપણે અનુભવ લઈ રહ્યા છીએ. સૌરાષ્ટ્ર ખાદી મંડળ આ વર્ષે રેંટિયા મારફત અનેકને જે કામ પહોંચાડયું છે તેના આંકડા ભારે મહત્ત્વના છે.

૧૨. સમુહકાંતણ, રેંટિયા યજ્ઞ જેવા પવિત્ર કામમાં આ રેંટિયો જ કામ આવે તેવો છે.

૧૩. અંબર રેંટિયો ગમે તેટલા પ્રયાસ હોવા છતાં આ ગોકળગાયની ગતિને પહોંચી શકયો નથી.

૧૪. આ વર્ષે દુષ્કાળગ્રસ્ત પ્રદેશમાં દોઢું કંતામણ આપ્યું અને હજારોની સંખ્યામાં યરવડા ચક્ર ચાલતા થયા, ત્યારે ત્રણ ગણી મજૂરી આપી શકવાનો દાવો કરનાર અંબરની સંખ્યા વધી નહિ. વર્ષે છ લાખની ખાદી કાઠિયાવાડ ખાદી મંડળ બનાવે છે તે દુષ્કાળને કારણે આ વર્ષે બાર લાખને આંકડે પહોંચશે.

આવા આ અનેક ગુણ ધરાવતો રેંટિયો આપણા હાથમાં છે. એટલે આજે નવો રેંટિયો શોધવાની આવશ્યકતા નથી. ખરી આવશ્યકતા છે આ રેંટિયાને કારોડોની ઝુંપડીએ પહોંચાડનાર કાર્યકર્તાઓ તૈયાર કરવાની. કમિશને પોતાનું ધન, આવડત, શકિત, કાર્યકર્તા તૈયાર કરવામાં રોકવાં જોઈએ તે આજના વાતાવરણમાં દુષ્કર છે, પણ તે થાય તો જ રેંટિયો ખરા સ્વરૂપે સ્થાપી શકાય.

આ કામ દુષ્કર તો છે જ, પણ તે જ ખુ કાર્ય છે તેવી પ્રતીતિ થાય તો, ભલે લાંબે સમયે ખાદી-જીવન જીવતા આવા કાર્યકર્તા નીપજે, પણ તે જ ખરો રસ્તો છે. અને જો આ કામની શકયતા જ નથી તેવા નિર્ણય ઉપ અવાય તો આજે હજારો કાર્યકર્તા, જેમાંથી ઘણામાં ખાદી ભાવનાનો અભાવ જ હશે તેવાને કમિશનના સંચાલનના કામમાં રાખવાનો કંઈ અર્થ નથી. તે પરિસ્થિતિમાંથી કમિશને પોતાનું કામ સંકેલી પોતાનું વિસર્જન કરી ગરીબના નામે જે ધન ખર્ચાઈ રહ્યું છે તેમાંથી ઉગરી જવું જોઈએ. કમિશનની આવી નીતિથી રચનાત્મક કામ કરનાર ઉપર માઠી અસર પડે છે તે પણ ધ્યાનમાં લેવી જોઈએ.

રેંટિયા બારસના કાર્યક્રમને યુગ વીત્યો. ખાદીકામ અનેક કસોટીઓમાંથી પસાર થયું છે. તેના કમિશનના ઘણાં કાર્યકર્તા સાક્ષી છે. આજે રેંટિયા બારસના પ્રસંગે રેંટિયાને તેના ખરા સ્થાને સ્થાપવાનો સંકલ્પ કરી પૂજ્ય બાપુજીનું ખુ સ્મારક સાચવી લઈએ. રેંટિયો આપણી વચ્ચે મહાન સંદેશો લઈ આવ્યો છે તે પૂજ્ય બાપુજીનું સૂત્ર નજર સામે રાખીએ. બાકી તો ઈશ્વર જે જે પ્રમાણે જેને જેને દોરવશે તે જ પ્રમાણે થવાનું છે.

આજે આપણે આ કાર્યક્રમ પ્રાર્થનાથી અને સમૂહ-કાંતણથી શરૂ કરીએ છીએ. આ ભમાં, મધ્યમાં અને અંતમાં છેવટ તો પ્રાર્થના અને યજ્ઞ કાંતણ જ છે. બધા તે સમજે અને તેમાં ભાગ લે.

નારણદાસ ખુ. ગાંધી

જૈન વિદ્યાપ્રસારક મંડળનો પરિચય

(પ્રબુદ્ધ જીવનના તા. ૧૬-૬-૬૩ ના અંકમાં 'ચિંચવડનું પર્યટન' શિર્ષક લેખમાં જે શિક્ષણસંસ્થાનો ઉલ્લેખ છે, અને જેના તાંત્રિક શિક્ષણ વિભાગ અને ઔદ્યોગિક શિક્ષણ વિભાગનું ગઈ તા. ૭-૭-૬૩ ના રોજ શ્રી પ્રતાપ ભોગીલાલ ઝવેરીએ ઉદ્‌ઘાટન કર્યું છે તે સંસ્થાનો નીચે પરિચય આપવામાં આવે છે. તંત્રી)

મુંબઈ-પૂના માર્ગ ઉપર પૂનાથી દશ માઈલ દૂર ચિંચવડ ગામ આવેલું છે. ત્યાં જવા માટે રેલ્વે—લાઈન અને સડક બન્ને રસ્તા છે. ચિંચવડ સ્ટેશન છે, અને પૂનાથી ચિંચવડની બસ સર્વીસ પણ છે. પૂના કરતાં ચિંચવડનાં હવાપાણી ઘણા સારાં છે અને પૂનાથી ચિંચવડ સુધીમાં સેંકડો નાના મોટા ઉદ્યોગો ચાલી રહ્યા છે.

રાષ્ટ્રીય તથા ધાર્મિક પાર્શ્વભૂમિ

ચિંચવડ ગામનું ધાર્મિક તેમ જ રાષ્ટ્રીય બન્ને દૃષ્ટિએ મહત્વ છે. અહિં મોરયા ગોસાંવી નામે એક ગજાનનભક્ત થઈ ગયા છે, જેમની નદીકિનારે ગણપતિમંદિરની બાજુમાં સમાધિ છે. એટલે ચિંચવડ હિંદુઓનું તીર્થક્ષેત્ર થઈ ગયું છે. લોકમાન્ય તિલકનું કાર્યક્ષેત્ર ચિંચવડ આસપાસ વિસ્તરેલું હતું, ને ત્યાંની સ્વાવલંબી રાષ્ટ્રીય શાળાએ રાષ્ટ્રીય શિક્ષણમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો. પૂ. ગાંધીજી, કાકાસાહેબ કાલેલકર, જમનાલાલજી બજાજ વગેરેએ આ શાળાને માર્ગદર્શન, સહાય અને સાથ આપી રાષ્ટ્રીય શિક્ષણના પ્રચારમાં વેગ આપ્યો હતો. ચિંચવડ ગામે સ્વાતંત્ર્યની લડતમાં પણ બહુ સારો ભાગ ભજવ્યો હતો.

જૈન વિદ્યાપ્રસારક મંડળ

પૂના, સોલાપુર સતારા, અને અહમદનગર જિલ્લામાં રાજસ્થાન અને ગુજરાતમાંથી આવેલા હજારો જૈનો ધરબાર વસાવીને રહ્યા છે. વર્ષો થયાં તેઓ દુકાનદારી, લેણદેણ, ખેતી વગેરે ધંધો કરતા આવ્યા છે. આ જિલ્લાઓની વસ્તી ઘણે ભાગે દુષ્કાળપીડિત જેવી હોવાથી ત્યાં આવી વસેલા જૈનોની સ્થિતિ પણ લગભગ એવી જ રહી છે. જેમ જેમ લેણદેણ ઉપર નિયંત્રણો આવતાં ગયાં તેમ તેમ તેમની સ્થિતિ વધારે ને વધારે બગડતી ગઈ. તેવા સમયમાં લગભગ પાંત્રીસેક વરસ ઉપર એક જૈન સાધુ પ્રેમરાજજીનું ચિંચવડમાં ચોમાસુ થયું. તે વખતે એક ખેડૂત કે જેની પત્ની મૃત્યુ પામી હતી તે પોતાનાં બે બાળકોને લઈને મહારાજજી પાસે આવ્યો અને કહ્યું કે આ બે બાળકોની રહેવા—ખાવાની ને શિક્ષણની વ્યવસ્થા શ્રી સંઘ કરે. મહારાજશ્રીએ બીજાઓની પણ એવી કરૂણાજનક સ્થિતિ નિહાળી હતી. એટલે એમણે ચિંચવડની આસપાસ વસતા બાળકો માટે કંઈક શૈક્ષણિક વ્યવસ્થા કરવાની શ્રી સંઘને પ્રેરણા કરી, જેમાંથી ઉપરોકત સંસ્થાનો જન્મ થયો. આ સંસ્થાને મહારાજશ્રી તથા શ્રી સંઘે મળી મહારાજશ્રીના ગુરૂ ફત્તેચંદજીનું નામ આપ્યું. એથી એ સંસ્થા ફત્તેચંદજી જૈન વિદ્યાલયના નામથી શરૂ થઈ. તે પછી પનવેલવાસી બાંઠિયા પરિવારે સારી એવી રકમ આપવાથી "બાંઠિયા પ્રાથમિક શાળા" શરૂ થઈ. શરૂઆતમાં આ સંસ્થા ગામમાં ચાલતી હતી, અને તેમાં ધાર્મિક તેમ જ વ્યવહારિક શિક્ષણ આપવામાં આવતું હતું, કેમકે ચિંચવડનું વાતાવરણ રાષ્ટ્રીય હતું, એટલે આ શાળાએ સરકારી પાઠયક્રમ નહોતો સ્વીકાર્યો, તેમ જ સરકારી માન્યતા પણ નહોતી મેળવી. પરંતુ સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી સરકારી પાઠયક્રમ અનુસાર પ્રાથમિક શાળાથી લઈને હાઈસ્કૂલ સુધીના વર્ગો શરૂ કર્યા, અને બહારગામના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય પણ શરૂ કર્યું. આ શાળાનો ઝુકાવ પહેલેથી જ રાષ્ટ્રીયતા તરફનો હોઈને સ્વ. રાજેન્દ્રપ્રસાદજી, સ્વ. જમનાલાલજી, સ્વ. બાલાસાહેબ ખેર વગેરે રાષ્ટ્રપુરુષો તરફથી આ શાળાને માર્ગદર્શન, મદદ અને સહયોગ મળ્યાં, અને શાળા સાથે સમય સમય પર મહાન વિચારક અને રાષ્ટ્રનેતાઓનો સંપર્ક ચાલુ રહ્યો. પુસ્તકીયા જ્ઞાનને બદલે જીવનોપયોગી શિક્ષણ આપવાના જે પ્રયત્નો આ શાળાએ કર્યા તેના પરિણામે રૂપચંદજી (ઉપચંદજી) ભણશાળી જેવા તત્વનિષ્ઠ સેવક આ સંસ્થાને પ્રાપ્ત થયા. અને રામચંદ્રજી લુંકડ, ધોંડીરામજી ખીંવસરા તથા ધનરાજજી ચોરડિયા જેવા કાર્યકરો પણ મળ્યા. શ્રી રતનચંદજી બાંઠિયાએ વર્ષો સુધી આ સંસ્થાનું પ્રમુખસ્થાન સ્વીકારી સેવા આપી. મંત્રી તરીકે કનકમલજી મુણોત, પરશરામજી ચોરડિયા, ઉમેદમલજી પુંગલિયા ભભૂતમલજી સંઘવી, શંકરલાલજી મુથા વગેરે ભાઈઓએ ઉત્તમ કાર્ય કર્યું. ખજાનચી તરીકે શ્રી શંકરલાલજી પોકરણા જેવા વ્યવહારકુશળ હિસાબી અને કડક વ્યકિત મળવાથી સંસ્થાને ખર્ચમાં હંમેશાં મિતવ્યયતા રહી.

નવું વલણ

પ્રારંભમાં આ સંસ્થા ગામમાં હતી. કેટલાયે વિદ્યાર્થીઓને તેમની સ્થિતિ જોઈને ઓછો ખર્ચ લઈ રાખવામાં આવતા. આ તૂટતા ખર્ચની પૂર્તિ કરવા માટે પજુસણ કે એવા તહેવારોના દિવસોમાં ઠ એકત્ર કરવા માટે વિદ્યાર્થીઓને બહાર જવું પડતું. આ રીતે ફંડ ભેગું કરવાની પ્રથા મહારાષ્ટ્રમાં લગભગ દરેક સંસ્થાઓમાં હતી. પણ સમયાંતરે શ્રી ચંદ્રભાણજી ડાકલિયાને લાગ્યું કે આ યોગ્ય નથી થતું. તેમને વિચાર આવ્યો કે આ સંસ્થા સાથે જો ખેતીવાડી જોડવામાં આવે ને વિદ્યાર્થીઓ ખેતરમાં કામ કરે તો તેની આવકમાંથી ખર્ચ જેટલું મળી રહેશે અને બાળકોને ઘેર ઘેર માગવા જવું નહિ પડે. એટલે તેમણે ગામ બહાર નદી કિનારે બીનખેતીની જંગલ જેવી ૬૫ એકર જમીન રૂ. ૧૫,૦૦૦માં ખરીદી, તેનું ટ્રસ્ટ કરી સંસ્થાને અર્પણ કરી. એ જમીનમાંથી ૧૦ એકર મકાનો બાંધવાને માટે અને ૫૫ એક ખેડવા માટે રાખી. સંસ્થા ત્યાં મકાનો બાંધી કામ કરવા લાગી.

પરંતુ જમીન બીનખેતીની જંગલ જેવી હોઈને તેને ખેડવા લાયક બનાવવા માટે હજારો રૂપિયા ખર્ચવા છતાં હજી વધારે ખર્ચ કરવાની જરૂર હતી અને તેટલા રૂપિયા નાખવાની સગવડ ન હોવાથી જમીનમાંથી કરવા ધારેલી આવકની યોજના સફળ ન થઈ. ઉલટું જમીન સરખી કરવામાં જે રૂપિયા નાંખ્યા તેનું કરજ થઈ ગયું, અને સંસ્થા આર્થિક મુશ્કેલીમાં મુકાઈ ગઈ. વળી તેવામાં જ સંસ્થાના કાર્યાધ્યક્ષ શ્રી ધનરાજજી ચોરડિયા અચાનક હૃદયરોગના હુમલાથી અવસાન પામ્યા એ બીજી આપત્તિ આવી પડી.

હું તેમાં કેવી રીતે જોડાયો

એ વખતે હું પૂનામાં રહેતો હતો. સંસ્થાના મંત્રી શ્રી પરશરામજી ચોરડિયા અને ખજાનચી પોકરણાજીએ મને કાર્યાધ્યક્ષ થવા કહ્યું. હું કોઈ પ્રકારનો હોદ્દો સ્વીકાર્યા વિના કોઈ કોઈ સંસ્થામાં સામાજિક કામ કરતો હતો, તે પ્રમાણે આ સંસ્થામાં પણ મેં કોઈ પદ સ્વીકાર્યા વિના કામ કરવાની ઈચ્છા દર્શાવી. પરંતુ બધા મિત્રોના આગ્રહને વશ થઈ મારે એમની વાત માનવી પડી. સંસ્થાના કાર્યકર્તાઓમાં અંદર અંદર કંઈક મતભેદો પણ પ્રવર્તતા હતા. સંસ્થા ઉપર રૂ. ૪૫૦૦૦નું કરજ હતું. વિકાસનું કામ અટકી પડયું હતું. આવી પરિસ્થિતિમાં સંસ્થા ફરીને યોગ્ય રીતે કામ કરતી થઈ જાય એ દૃષ્ટિએ મેં બધાનું કહેવું માન્ય કર્યું, પણ શરત એટલી રાખી કે આ સંસ્થાના દ્વાર બધા સંપ્રદાયો માટે ખુલ્લા રહે અને બધા મિત્રો મને પૂરેપુરો સાથ આપે.

આર્થિક સ્થિતિ સુધરી

આવી વિકટ પરિસ્થિતિમાંથી માર્ગ કેવી રીતે કાઢવો તે વિષે શરૂઆતમાં હું ગભરાઈ ગયો હતો. પણ સમાજની ઉદારતા અને સાથીઓના સહકારે પરિસ્થિતિમાં પલ્ટો આણ્યો. ખેતીની જમીન કે જેમાંથી નફાને બદલે ખોટ જતી હતી તેના ઉપર વધારે ખર્ચ કરવાને પૈસા હતા નહિ, અને એમને એમ કામ ચલાવવામાં કરજનો બોજો વધતો જતો હતો, એટલે પૈસા વધારે નાખવાને બદલે વ્યવસ્થા બદલવાના પ્રયત્નો કર્યા. આમાં શ્રી મોહનલાલજી લુંકડે મોટું સાહસ કર્યું અને એમના પ્રયત્નોથી જમીન ઘટને બદલે આવક દેખાડવા લાગી. શ્રી ચંદ્રભાણજી ડાકલિયાએ એ જમીન ઉપર જો બીજા રૂ. ૨૫૦૦૦ ખર્ચીએ તો વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ની આવક થાય એવી યોજના કમિટિ સમક્ષ મૂકી અને જનરલ સભામાં પણ ઘણીવાર ચર્ચણી, પણ એ સાહસ કરવાની કોઈની

હિમત ન ચાલી. પરંતુ આજે જમીન રૂ. પાંચથી છ હજારની આવક દેખાડે છે, કદિ પણ ઘટ આવતી નથી.

આ ખેતીની જમીનના પ્રશ્ન ઉપરાંત વિદ્યાર્થીઓનો વિકાસ, મકાનો બાંધવાનો ખર્ચ, કરજ [illegible]નો સલાવ વગેરે અનેક પ્રશ્નો સામે પડયા હતા. આવી વિકટ પરિસ્થિતિમાં પણ ફંડફાળા મેળવવા માટે વિદ્યાર્થીઓ ન જ મોકલવા એ નિર્ણય અફર રાખ્યો. સાથીઓને ચિન્તા થવા લાગી કે કયાંક સંસ્થા બંધ કરવાનો વખત નહિં આવે ? પણ ખર્ચમાં કરકસર અને સમાજની ઉદારતાથી કરજ ચૂકવાઈ ગયું અને વિકાસકાર્યોમાં લગભગ રૂપિયા પચાસથી સાઠ હજાર ખર્ચી શકાયા. આજે સંસ્થા સ્વાવલંબી છે, એટલું જ નહિં પણ, જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે સામા રૂ. ૧૦,૦૦૦ ખર્ચ કરે છે.

સંસ્થાનું કાર્ય વ્યવસ્થિત અને સુચારૂ રૂપે ચલાવવામાં સંસ્થાના પદાધિકારીઓ અને સાથીઓનો સહકાર તો રહ્યો જ છે, પણ એ અવૈતનિક કાર્યકરો ઉપરાંત સ્થાયી રૂપે ત્યાં રહીને કામ કરનારાઓનો પણ મોટો સાથ છે. સંસ્થાના શિક્ષણકાર્યમાં મુખ્ય અધ્યાપક શ્રી ચં. ના. શાહ છે, અને છાત્રાલય તથા ઓફિસકાર્યમાં શ્રી કનકમલજી જૈનની સેવા અત્યંત ઉપયોગી બની રહી છે. શ્રી. શાહના આવ્યા પછી મેટ્રીકની પરીક્ષાનું પરિણામ લગભગ ૯૦ ટકાએ પહોંચ્યું છે. સાથે સાથે ખર્ચમાં એમણે ઘણી કરકસર કરી છે તેને લીધે સંસ્થાનું કાર્ય સુખરૂપ ચાલવા ઉપરાંત વિશેષ પ્રગતિ તરફ જઈ રહ્યું છે.

આજે આ સંસ્થા તરફથી બાળમંદિર, પ્રાથમિક સ્કુલ, હાઈસ્કૂલ અને છાત્રાલય ચાલે છે. બન્ને સ્કુલના મળીને લગભગ ૮૦૦ વિદ્યાર્થીઓ છે, અને છાત્રાલયમાં ૭૦ વિદ્યાર્થી રહે છે.

વિકાસ યોજના

ચિંચવડમાં શહેરની જેમ લોકોનું આવવું જવું, વીજળી અને પાણીની સગવડ વગેરે છે, પણ શહેરની હોટેલો ને સીનેમા વગેરેથી બચી ગયું છે. સંસ્થા ગામથી દૂર નદી કિનારે રમણીય સ્થાન ઉપર છે. ઔદ્યોગિક કારખાનાઓ વધી રહ્યાં છે, એટલે સંસ્થામાં નવા નવા ઔદ્યોગિક વિષયો શીખવવાનો પ્રબંધ કરવો જોઈએ એવી સાથીઓની માન્યતા છે, જેથી કરીને ઉદ્યોગો માટે કુશળ કાર્યકર્તાઓ પેદા કરી શકાય. શહેરોમાં જ્યાં ઔદ્યોગિક ઉચ્ચ શિક્ષણનો ખર્ચ વિદ્યાર્થી દીઠ રૂ. ૧૨૫ આવે છે તે જ શિક્ષણ અહીં રૂ. ૬૦માં આપી શકાય. એટલે સમાજ અને રાષ્ટ્રની દૃષ્ટિએ ટેકનીકલ કાર્યકર્તાઓ નિર્માણ કરવાનું કાર્ય ઉપયુક્ત છે અને વિદ્યાર્થીઓ શહેરની બૂરાઈઓથી બચી જાય એ બીજો લાભ છે. જો ચિંચવડમાં શાળાને પોલીટેકનીક કરી નાખવામાં આવે તો રૂ. પચીસ લાખનો ખર્ચ થાય. તેમાંથી રૂ. પંદર લાખ તો સરકાર આપે અને જનતા પાસેથી રૂ. દશ લાખ મેળવવાની આવશ્યકતા રહે. ધાર્મિક તથા શૈક્ષણિક ટ્રસ્ટો પાસેથી તેમ જ ઉદ્યોગપતિઓ પાસેથી આ સહાયતા મેળવવી જોઈએ. આમ કરવાથી આ શિક્ષણ મેળવેલા વિદ્યાર્થીઓને કામ મળવામાં મુશ્કેલી નહિં પડે ને ઉદ્યોગપતિઓને હોંશિયાર કામ કરનારા મળી રહેશે.

ટેકનીકલ હાઈસ્કૂલ કરવાની પરવાનગી સરકાર તરફથી મળી ગઈ હોવાથી નવા સત્રથી ફત્તેચંદ વિદ્યાલયને ટેકનીકલ સ્કૂલમાં બદલી નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેને માટે વર્કશોપ બનાવવાનો રૂ. પચાસ હજારનો ખર્ચ થાય તેમ છે. આ રકમ એકત્ર કરવાની જવાબદારી શ્રી ભરત ગુલાબચંદ, નવલમલજી ફિરોદિયા અને રૂષભદાસજી રાંકા ઉપર નાખવામાં આવી છે. ટેકનીકલ હાઈસ્કૂલ જૂન માસથી શરૂ થઈ જશે.

સંસ્થામાં શિક્ષણની સાથે વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઉપર પણ ધ્યાન રાખવામાં આવે છે અને અહિંના વિદ્યાર્થીઓ પરિશ્રમી, સેવાપરાયણ અને અનુશાસનપ્રિય થાય તેવા સંસ્કારો આપવાના બધા પ્રયત્નો થાય છે.

જો સમાજ તરફથી ઉત્તેજન મળે તો મેં અને મારા કેટલાક સાથીઓએ પૂરો સમય આ સંસ્થાને જ આપવાનો નિર્ણય કર્યો છે. અમારી અપેક્ષા છે કે રાષ્ટ્રને માટે યોગ્ય નાગરિક તૈયાર કરવામાં સમાજ અમોને પૂરો સાથ આપે.

અનુવાદક : **શ્રી મેનાબહેન નરોત્તમદાસ**

મૂળ હિંદી : **શ્રી રિષભદાસ રાંકા**

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આગામી ઑગસ્ટ માસની ૧૬મી તારીખથી ૨૪મી તારીખ સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવશે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

ભારતીય સંસ્કૃતિમાં ગુજરાતનું સ્થાન

(તા. ૫-૬-૬૩ના રોજ અમદાવાદની લાયન્સ ક્લબના ઉપક્રમે શ્રી. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના ડીરેકટર—મુખ્ય સંચાલક પંડિત દલસુખભાઈ માલવણિયાએ આપેલું વ્યાખ્યાન નીચે પ્રગટ કરવામાં આવે છે.—**તંત્રી**)

ભારતીય સંસ્કૃતિમાં ગુજરાતનું સ્થાન એ વિષે થોડો વિચાર અહિં કરવો છે. માનવસમાજે આજ સુધીમાં આંતર—બાહ્ય જે વિકાસ અથવા તો વિવિધ ક્ષેત્રે પ્રગતિ કરી છે અને કરી રહ્યો છે તે સંસ્કૃતિ છે. એ વિકાસ કે પ્રગતિમાં ભારતે જે ભાગ ભજવ્યો છે તેને આપણે ભારતીય સંસ્કૃતિ કહી શકીએ.

પશુજીવન છોડીને માનવસમાજનું નિર્માણ થયું એનો ઈતિહાસ બહુ લાંબો છે. તેમાં આપણે ઊંડા નહિ ઉતરીએ. પણ મનુષ્ય મનુષ્યનું ભક્ષણ કરતો હતો એ સ્થિતિમાંથી આજે આપણે મનુષ્યભક્ષણથી તો ઉગરી ગયા છીએ, પણ મનુષ્ય સંહારની આપણી ભાવના હજી પશુતાની નજીક આપણને મૂકે છે પણ એ સંહારની પ્રક્રિયામાં જે પરિવર્તન થયું છે તેનો વિચાર આપણે જો કરીએ તો આ મનુષ્યની સંસ્કૃતિનો ક્રમિક વિકાસ કેવો થયો છે તેનો આછો ખ્યાલ આવશે. વૈજ્ઞાનિક શસ્ત્રોનું નિર્માણ થવા લાગ્યું છે તેનો બારીકીથી વિચાર કરવાથી એ જણાશે કે મનુષ્ય અત્યારે એટમ અને હાઈડ્રોજન બોમ્બ બનાવતો થયો છે અને મિસાઈલ અને બીજાં પણ જે શસ્ત્રો બનાવે છે તેમાં આનુષંગિકજે ભૌતિક પ્રગતિ છે તે અદ્‌ભુત છે. ભાવનાનો વિચાર કરીએ તો એટમ બોમ્બ જેવા શસ્ત્રો ભલે હિંસક શસ્ત્રો હોય પણ એથી લડાઈનો સંભવ વધવાને બદલે ઘટયો છે એ પણ સ્વીકારવું જોઈએ. મનુષ્યમાં જે પશુતાના સંસ્કારો શેષ છે તેમાંના ભયને કારણે આ બધી પ્રગતિ થઈ છે. છતાં એ એક જ ભયે મનુષ્યને કયાંનો કયાં લાવીને પટકયો છે. એનો વિચાર કરીએ તો એક રીતે ભૌતિક સમૃદ્ધિનું સમગ્ર ચિત્ર આપણી સામે ખડું થાય છે.

માનવસમાજની આવી પ્રગતિમાં ભારતીય સમાજે જે ફાળો આજથી બસો વર્ષ પૂર્વે સુધી આપ્યો છે તે સર્વક્ષેત્રે ગણનાપાત્ર હતો જ. મુસલમાન કાળમાં પણ ભારતીય સંસ્કૃતિનો સર્વક્ષેત્રે જે વિકાસ કર્યો તે ગણનાપાત્ર હતો; પણ અંગ્રેજો આવ્યા પછી એક મોટો તફાવત પડી ગયો. વિદ્યા અને સંસ્કૃતિનું વિતરણ થયું. તે એક ખાસ વર્ગની સંપત્તિ ન રહી. આનું એક પરિણામ તો એ આવ્યું કે બહુજન સમાજ સુધી સંસ્કૃતિ અને તેના સાધનો પહોંચવાનો સંભવ ઊભો થયો- પણ રાજનીતિની દૃષ્ટિએ એકતા સધાયા છતાં જે આંતરિક એકતા ટકાવનાર સંસ્કૃત—પ્રાકૃત ભાષાનું બળ હતું તે ગયું, અને તેનું સ્થાન અંગ્રેજી જેવી પરભાષાએ લીધું અને સ્થાનિક—પ્રાંતિક ભાષાઓએ માથું ઊંચકયું. આથી જેને ભારતીય કહી શકાય એવું જ સંસ્કૃત—પ્રાકૃત સાહિત્યનું અધ્યયન—લેખન—અધ્યાપન વગેરે ક્રમે કરી સમાપ્ત થયું. પરિણામ એ આવ્યું કે આપણી પ્રજા પોતાના અમૂલ્ય વારસાથી વંચિત થઈ અને તે પરદેશી સાહિત્યનું પાન કરવા લાગી, કેળવણીનો લાભ સમગ્ર પ્રજાને મળ્યો તે લાભ ખરો, પણ પ્રજા પોતાના અમૂલ્ય વારસાથી વંચિત રહી અને વિદેશી સંસ્કૃતીનાં ગુણગાન ગાવા લાગી. સદ્‌ભાગ્યે શાણા વિદેશીઓએ જ આપણી આંખ ઊઘાડી અને આપણી સંસ્કૃતિનો વારસો કેટલો બહુમૂલ્ય છે તે આપણને સમજાવ્યું. આપણે હજી આપણા વારસાનું મૂલ્યાંકન કરીએ ત્યાં જ પાછલા સૈકામાં જે વૈજ્ઞાનિક પ્રગતિ થઈ છે તેથી આપણે અભિભૂત થયા છીએ અને તેનો લાભ લેવા પાછળ ગાંડા બનીને પડયા છીએ અને આપણી સંસ્કૃતિના વારસાનું મૂલ્ય સમજવા છતાં તેનું અનુસરણ અશક્ય બન્યું છે. ભારતીય સંસ્કૃતિના પ્રાચીન અવશેષો જે મોહન જો ડેરો વગેરેમાં મળ્યા હતા તે પ્રદેશ હવે પાકીસ્તાનમાં ગયો. પણ એ અવશેષોની કડીરૂપ બનતા અવશેષો

ગુજરાતમાં લોથલ વગેરે સ્થળોએ જે મળ્યા છે તેથી ઈતિહાસના એ ક્ષેત્રમાં ગુજરાતનું મહત્ત્વ વધી ગયું છે.

ભૌગોલિક દૃષ્ટિએ ભારતનો વિચાર કરીએ તો ત્રણ દિશાએ સમુદ્રથી અને ઉત્તરમાં હિમાલયથી તે ઘેરાયેલો હોઈ અટૂલો પડી જાય છે. પણ આવી તેની એકલતા નિવારવા માટેજ તેનામાં જે શકિત આવી છે તેથી તેણે પોતાની સંસ્કૃતિના પ્રચારમાં અને વ્યાપાર- વહાણવટાના ખેડાણમાં અદ્‌ભુત પરાક્રમ કરી બતાવ્યું છે. દુર્ગમ હિમાલયના પહાડોમાં ઘાટીઓના માર્ગોએ અને દરિયાઈ માર્ગોએ ભારતમાં જેમ આક્રમણોનો માર્ગ ખુલ્લો કરી આપ્યો છે તેમ તેના સાંસ્કૃતિક વિસ્તારનો માર્ગ પણ ખુલ્લો કરી આપ્યો છે. પ્રાચીનકાળથી જ ભારતમાં વહાણવટામાં ગુજરાત મોખરે રહ્યું છે. છેક બુદ્ધકાળમાં શિહોરના વિજયકુમારે સિલોનમાં જઈને આપણી સંસ્કૃતિનો ઝંડો રોપ્યો હતો તે તે ઈતિહાસમાં નોંધાયું છે, પણ વણનોંધાયેલ એવી કેટલીયે હકીકતોના પરિણામે જ એમ બન્યું હોય એવું માનવાનાં પ્રબળ કારણો છે. ભરૂચ જેવા બંદરો વિષેની હકીકતો તો હવે બહુ જાણીતી થઈ ગઈ છે અને તાજી હકીકતોનો વિચાર કરીએ તો સૌરાષ્ટ્રના ભાવનગર, જામનગર, મોરબી અને જૂનાગઢના રાજવીઓએ અને વણિકોએ બંદરી વ્યાપારમાં બ્રિટિશરાજને જે શિકસ્ત આપી તે કાંઈ અકસ્માત નથી પણ એ પ્રજામાં બંદરી વ્યાપાર વ્યવહારની જે દીર્ઘકાલીન પરંપરા છે તેનું જ સૂચક છે. ગુજરાત વિષે એક વિદ્વાનનું મંતવ્ય છે કે તે ડાહી અને વ્યવહારુ પ્રજા છે. આ ડહાપણની ભૂમિકામાં તેનો દીર્ઘકાલીન વહાણવટું અને વ્યાપાર જ કારણ છે, એમ માનવું રહ્યું. આથી બહાદુરી સાથે ડહાપણનો સુમેળ આ પ્રજામાં છે જ અન્યત્ર દુર્લભ છે.

અપૂર્ણ

દલસુખ માલવણિયા

આ બાલદીક્ષા સામે મૌન કેમ સેવવામાં આવે છે ?

(અમદાવાદ ખાતે ગયા જૂન માસની બીજી તારીખે પ્રત્યાઘાતી વિચારસરણીના પુરસ્કર્તા અને મુંડનભૂખ્યા મુનિવર શ્રી વિજયરામચંદ્રસૂરિએ એક આખો કુટુંબ—પરિવાર, જેમાં દશ અને બાર વર્ષના બે બાળકોનો સમાવેશ થતો હતો તેને દીક્ષા આપી. તેનો સખ્ત વિરોધ કરતો એક પત્ર જ્યોતિસંઘ પત્રિકાના તંત્રીને ઉદ્દેશીને બહેન સત્યવતી શાહે લખેલો તે, તે પત્રિકામાંથી નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. આ પત્રનો મુદ્દો માત્ર જ્યોતિસંઘ પત્રિકાના તંત્રીએ જ નહિ પણ આજના સામયિકોના દરેક તંત્રીએ ધ્યાનમાં લેવા જેવો છે. તંત્રી)

બહેનશ્રી,

હમણાં જ થોડાક દિવસો પહેલાં તાજેતરમાં જ એક શ્રીમંત કુટુંબે પતિ—પત્ની અને બાળકો સહિત દીક્ષા લીધી. એ સમાચારે સમાજમાં સનસનાટી ફેલાવી હતી. દીક્ષા લે અને તેમાં ય મોટી ઉમ્મરના માણસોને સંસાર તરફ વૈરાગ્ય આવે એ તો સ્વાભાવિક છે; પ તુ જ્યારે આવા કોમળ ફૂલ જેવા પાંગરતાં બાળકોને વૈરાગ્ય તરફ વાળીને અને 'સંસાર અસાર છે' એમ સમજાવીને ખાઈમાં ધકેલી દેવામાં આવે છે ત્યારે તો અમારાં રુંવાડા પણ ઊભાં થઈ જાય છે.

દીક્ષાનો ભાવ, તથા એના સિદ્ધાંતો પણ જાણવાની જેમનામાં બુદ્ધિ નથી, સમજ નથી, એવાં કુમળાં બાળકોને દીક્ષા ગ્રહણ કરાવે એ બળાત્કાર નથી શું ?

બાળ—લગ્નોથી સમાજમાં અરાજકતા ફેલાય છે એ સાવ સાચી વાત છે, તો પછી બાળ દીક્ષાર્થીઓથી સમાજનું ધોરણ કઈ રીતે ઊંચું આવે છે એ એક વિચારણીય પ્રશ્ન છે.

ધર્મની વાત વિચારીએ તો પણ એવું દેખાય છે કે, આવા નાની ઉમરના બાળકોને ધર્મનું જ્ઞાન હોતું નથી. જે જ્ઞાનની સમજ ન હોય તે જ્ઞાનને વગર વિચારે અમલી બનાવી દીક્ષાના સ્વરૂપમાં મૂકવું તે સમાજને માટે શું હિતકર છે ?

આવી નાની ઉમ્મરના બાળકો દીક્ષા ગ્રહણ કરે તો ધર્મની વધુ શુદ્ધિ થતી હશે ? વળી આ બાળકોએ એમની સ્વેચ્છાએ દીક્ષા ગ્રહણ કરી હશે ? શા માટે દીક્ષા ગ્રહણ કરી હશે ? આ બાબતમાં તમારી જેવી અગ્રગણ્ય સંસ્થાઓ કેમ કોઈ પડદો ઉંચકતી નથી ? કેમ મૌન સેવાયું છે ?

કુમળી ફૂલ જેવી કળીઓને પરણાવી દે છે ત્યારે આટલો ઉપાડો લેવામાં આવે છે અને ફૂલ જેવા બાળકોને વૈરાગ્યના વહાણમાં સમજ્યા વગર બેસાડવામાં આવે ત્યારે કેમ મૌન સેવવામાં આવે છે ?

સમાજમાં સ્ત્રી અને પુરુષ એ દેશનું ધન છે. એક નાગરિક તરીકે દરેકને સરખા હક્કો મળેલા છે. તો પછી આવા દેશના ધન જેવા નાગરિકોને ધર્મની અંધશ્રદ્ધાની આડખીલીમાં નાંખી હોમી દેવામાં આવે તો દેશનું, સમાજનું કેટલું કિંમતી ધન લુપ્ત થાય છે એનો વિચાર કરવામાં આવે છે ખરો ?

આવી જ રીતે એક વિધવા માતાને ત્રણ ચાર દિકરીઓ હતી. મોંઘવારીમાં પૂરું કરવાથી અશકત બનેલી એ માએ 'ગઈણીજી'નો સંપર્ક સાધી, એની બે દીકરીઓ—અનુક્રમે ૧૦, અને ૧૩ વર્ષ—ને ખાનગી રીતે દીક્ષા અપાવી વળાવી દીધેલી. એ છોકરીઓનો સંપર્ક સાધતાં છોકરીઓએ જણાવ્યું હતું કે "અમારી માએ અમને ગઈણીસાબ સાથે રહેવા મોકલી છે. અમે એમનું કામ કરીએ છીએ, એમના કપડાં ધોઈએ છીએ, રાત્રે એમના પગ દાબીએ છીએ. અમને ખાવા મળે છે, અને પહેરવાને કપડાં મળે છે. અમારી મા અમારું પોષણ કરી શકતી નહોતી. અમને ખબર નથી કે દીક્ષા એટલે શું ? તમે લઈ જાઓ તો અમે તમારી સાથે આવવા તૈયાર છીએ પણ અમને ખવરાવજો."

આમ કરવાથી કિંમતી અને મહામોંઘી જિંદગી ધૂળમાં રગદોળાઈ જાય છે એવું તમને નથી લાગતું ? સંસ્થાએ આ વાત ઉપર કેમ કોઈ જાતનો પ્રકાશ ફેંકયો નથી ?

સમજપૂર્વકના જ્ઞાન સાથે વૈરાગ્ય આવે તો એ વૈરાગ્ય ટકી રહે છે.. 'સંસાર અસાર છે,' 'સંસારમાં કોઈ સાર નથી.' એવી ભાવનાઓ આવા ઉગતા નવપલ્લવિત છોડવાઓ ઉપર લદાય તો, ધર્મની ઉન્નતિ થવાને બદલે ધર્મ ખોરંબે પડશે એમ તમને નથી લાગતું ?

તમને એમ નથી લાગતું કે બાળદીક્ષા ઉપર કોઈ ધારો અમલી બનવો જોઈએ ? સરકાર સજાગ છે તો પછી આ વિલંબ શા માટે છે ? દીક્ષા ધર્મ એ માનવજીવનના ઉત્કર્ષ અને ઉન્નતિનો માર્ગ હશે, પ તુ ફૂલ જેવા આવા કોમળ ભૂલકાઓ દીક્ષા ધર્મ અંગીકાર કરે કે કરાવવામાં આવે એમાં કશો ઉત્કર્ષ દેખાતો નથી. મને તો એમ લાગે છે કે ઉગતા છોડવાઓને આપણે ક્યડી નાંખીએ છીએ, મુકત હવામાં ખીલવા દેતાં નથી. સમાજનું આ પાપ કહેવાય કે પુણ્ય ?

દીક્ષા ધર્મ જે અંગીકાર કરે છે, તેને 'દીક્ષાર્થી' કહેવાય છે. પણ આ બાળકો સમજતાં હશે કે 'દીક્ષાર્થી' એટલે શું ? સંયમ જેનો ધર્મ છે અને વૈરાગ્ય જેનો મર્મ છે એવી વ્યકિતઓ ભલે ધર્મ ગ્રહણ કરે, પણ જે આટલી નાની વયે સંયમ અને વૈરાગ્યનો મર્મ પણ ન જાણે એ દીક્ષા શી રીતે પાળી શકે ? તમારા જેવી પ્રખર સંસ્થાઓએ સમાજના આવા નૈતિક બલિદાન સામે ઝંડો ફરકાવવો જોઈએ એમ તમને નથી લાગતું ?

સહકુટુંબ દીક્ષા અપાતી હોય, નાનાં કુમળાં અબુધ બાળકો એ દીક્ષામાં સંડોવાયેલા હોય એ પ્રસંગને મહત્ત્વ આપવા માટે પ્રતિષ્ઠિત વ્યકિતઓ હાજરી આપે અને આ પ્રસંગને અવાસ્તવ પ્રતિષ્ઠા મળે એ ઉચિત છે ? મને લાગે છે કે પ્રતિષ્ઠિત વ્યકિતઓએ હાજરી આપીને અપ્રત્યક્ષ રીતે ઉત્તેજન આપવું જોઈએ નહિ.

વર્તમાનપત્રોએ પણ એની જાહેરાત કરી, પુખ્ત ઉમરની વ્યકિતઓ દુનિયાના કડવા મીઠા અનુભવ પછી વૈરાગ્ય તરફ વળે અને દુનિયાનો મોહ છોડવા સમજપૂર્વક તૈયાર થાય એ ખુશી થવા જેવી વસ્તુ છે, આવકારવા જેવી વસ્તુ છે, અભિનંદનને યોગ્ય છે, એમાં કશું અસ્વાભાવિક નથી. પણ નહાનાં ભૂલકાઓનું શું ? વર્તમાનપત્રોમાં પણ સહકુટુંબ દીક્ષા લેવાનાં ઓવારણાં લેવાય અને બાળકોને દીક્ષા આપવામાં આવે છે, એનો ખેદ અથવા નિર્દેશ પણ ન કરવામાં આવે એ અતિ દુ:ખદ બીના છે. વર્તમાનપત્રો કેવળ પ્રસંગોનું બ્યાન કરવા માટે છે કે લોકોના મનનું યોગ્ય ઘડતર કરવા માટે છે ? મને લાગે છે કે આ બાબતમાં વર્તમાનપત્રો પણ પોતાની ફરજ ચૂકયાં છે.

સત્યવતી શાહ

"રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ"

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું મુલતવી રહેલું ભાષણ

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩) તા. ૨૦-૭-૬૩ શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગે શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયમાં રસ ધરાવતા ભાઈ—બહેનોને નિમંત્રણ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

ચીની આક્રમણ: એક ચિન્તા—એક ચિન્તન

"India today is an an amazing example of high thinking and low action".

"ભારત ઉન્નત વિચાર અને અવનત આચારનો એક અદ્‌ભુત નમુનો છે."

જવાહરલાલ નહેરૂ.

ચીની આક્રમણના કારણે દેશ ઉપર સંકટ આવી પડ્યું છે અને જ્યારે સંકટ માથા ઉપર હોય ત્યારે ચિન્તા થાય એ સ્વાભાવિક છે. આજે ચારે બાજુ ચિન્તા અને ક્ષોભનું વાતાવરણ છે, પણ આપણે આ ચિન્તા અને ક્ષોભને ચિંતન અને પુનર્મૂલ્યાંકન કરવા માટેના ઉત્સાહમાં પરિવર્તિત કરવાનાં છે. સંકટ શકિતને પ્રેરે છે, અને ચિંતનથી એ શકિતનો વિકાસ થાય છે. તેમાંથી ઓજસ્વિતા આવે છે.

હજારો વર્ષથી આપણો દેશ શાંતિપ્રિય રહ્યો છે. આપણે કયારેય કદિ કોઈ દેશ ઉપર આક્રમણ કર્યું નથી અને ઈતિહાસમાં તે આપણી એક મહાનતા મનાય છે. બીજા દેશો સમય-સમય પર આપણા ઉપર આક્રમણ કરતા રહ્યા અને આપણને પરાસ્ત કરી આ દેશવાસી બની અથવા પ્રવાસી બની આપણા ઉપર તેમણે રાજ્ય કર્યું છે. આ હકીકત સિદ્ધ કરી આપે છે કે આપણી ધર્મપરાયણતા કે શાન્તિપ્રિયતા એ આપણી દુર્બળતા જ હતી. આમ થવા છતાં પણ, આપણો આદર્શવાદનો ભ્રમ દૂર નથી થયો અને વારંવાર એ ભ્રમ અને ભૂલનું આપણે ગાણું ગાયા કરીએ છીએ. વિજેતાનો ધર્મ, તેની સંસ્કૃતિ, ભાષા વગેરે અપનાવી લઈને એમને પણ આપણા ઈતિહાસનું એક અંગ બનાવી દીધાં, અને વારંવાર સમન્વયનો નવો અધ્યાય ઈતિહાસમાં ઉમેરતા ગયા. કહેવાની મતલબ એ છે કે આપણે આપણી દુર્બળતાને સમજવા અને તેનાં કારણો દૂર કરવાને બદલે તેમાં ગૌરવ માની સંતોષ લેવા લાગ્યા. આ ભ્રમજાળ આપણને વધારે ને વધારે નબળા બનાવતી ગઈ અને વિદેશીઓ તેનો લાભ ઉઠાવતા ગયા. આપણે ત્યાં આદર્શો, સિદ્ધાંતો વગેરેના સમન્વય ઉપરના શાસ્ત્રોનું પ્રમાણ વધતું ગયું પણ જીવનબળ ઘટતું ગયું.

ગત પંદર વર્ષોમાં આપણી આયોજન—યોજનાઓને બાદ કરતાં, આ ઐતિહાસિક ભ્રમજાળમાંથી આપણે છૂટ્યા નથી. શાંતિ, સહઅસ્તિત્વ, પંચશીલ વગેરે નવાં નામો આપીને આજના ઢંગના ધર્મપરાયણ આપણે રહ્યા છીએ. ખુદ આ દેશમાં માનવતાનું સ્વરૂપ કેવું છે અને કેવું થતું જાય છે તેની આપણે પરવા કરતા નથી અને વિશ્વ-માનવતાની દુંદુભિ વગાડી રહ્યા છીએ. જય જગત્‌નું સૂત્ર ગજાવી રહ્યા છીએ, અને તે આપણને એટલું બધું સોહામણું, મોહક અને ગર્વપોષક લાગે છે કે તેની આગળ કે તેની નીચે દૃષ્ટિ પણ કરવા માગતા નથી. પરિણામ એ આવ્યું છે કે આકાશ હાથમાં આવે છે, પણ જમીન ખસકતી જાય છે. આપણે આકાશના વિજેતા અને જમીન ઉપર પરાજિત બની ગયા છીએ. ચીન સાથેના સંબંધનો પણ આપણો આ જ ઈતિહાસ છે. "હિંદી ચીની ભાઈ ભાઈ" નાં સૂત્રો આજે પણ કાનમાં ગૂંજ્યા કરે છે. જેમ આપણે વિશ્વશાંતિ-યજ્ઞમાં જગતના બીજા રાજ્યકર્તાઓને આમંત્રણ આપી એમની ચરણધૂલીથી આ દેશને પવિત્ર કર્યો, તેમ ચીની ચાઉ-એન-લાઈનું પણ ભવ્ય સ્વાગત કર્યું. હજારો વર્ષથી ચાલી આવતી આપણી મહાનતાને નવે સ્વરૂપે સમજાવી, અને જ્યારે વિશ્વ-માનવતાના મહાન આદર્શનો સંતોષ માની તેની છાયામાં આરામ કરી રહ્યા હતા, ત્યાં શાંતિનો ભંગ કરતું આક્રમણ ચીને કર્યું, અને આપણે કહો રાખ્યું "આ અકારણ આ મણ છે, અકસ્માત છે, એટલે આપણે તૈયાર નહોતા." ખેર! ચીને લડાઈ શરૂ કરી અને બંધ કરી. હારજીત જે થવાની હતી તે થઈ. પણ આજે સારી યે સ્થિતિ અસ્પષ્ટ, મૂંઝવણભરેલી અને કેટલી હદે કિંકર્તવ્યમૂઢતા જેવી બની ગઈ છે.

ઈતિહાસ બરાબર ચેતવણી આપતો રહ્યો છે. ચીની આક્રમણ એની તાજી ચેતવણી છે. એ ચેતવણી આપી રહ્યું છે કે આપણે આપણા ઈતિહાસ અંગે, જીવનનો આદર્શ અને નીતિ અંગે ચિંતન-પુનર્ચિંતન કરીએ. ઈતિહાસનો ધક્કો ચિન્તા માટે નહિ પણ ચિંતન માટે હોય છે. આપણી બધી જ વિચારસરણી અને ચિંતન આજે કસોટીએ ચઢયાં છે. જે કંઈ બની ગયું છે તેને માત્ર યુદ્ધવિષયક પડકાર નથી સમજવાનો. વાસ્તવમાં તો જેમ જયપ્રકાશ નારાયણે કહ્યું છે તેમ આ એક સામાજિક પડકાર છે. આપણે કઈ રીતે વિચારીએ છીએ, કઈ રીતે કામ કરીએ છીએ અને આપણી સામાજિક, આર્થિક, રાજનૈતિક વ્યવસ્થા કેવી છે તે બધા ઉપર પુનર્વિચારણા કરવાને પ્રેરણા આપતું આ આહ્‌વાહન છે. ઘણા લોકો આપણી વિદેશ નીતિ ઉપર ફેરવિચારણા કરવાની વાતો કરે છે, પણ વાસ્તવમાં તો આપણી જીવનનીતિ બાબતમાં જ પુનર્વિચારણા અને પુનર્મૂલ્યાંકન કરવાની જરૂર છે. આ બાબતમાં આજે પણ આપણી ચેતના અને ચિંતનના મૂળમાં શું પડ્યું છે? ઠોકર ખાઈને પણ નવી રીતે વિચારવાના નામે પ્રાચીનતાની જ બાંગ જોરશોરથી પોકારાતી સાંભળવામાં આવે છે. જે સંગઠ્ઠન અને અલાયદાપણાના કારણે આપણે નબળા પડયા, હાર્યા, પાછળ પડી ગયા, તેને જ ફરીને મજબૂત કરવાનું નામ જો રાષ્ટ્રીયતા કે જાગૃતિ હોય તો પછી આપણા માટે કોઈ આશા રહી નથી. આ દેશનું એક દુર્ભાગ્ય છે કે જ્યારે માથે સંકટ આવી પડે છે ત્યારે આગળ વધવાને બદલે આપણે પાછળ પગલાં ભરીએ છીએ અને ધર્મક્ષેત્રની ઢાલ આગળ ધરી પોતાને છુપાવવાનો પ્રયત્ન કરીએ છીએ. આજે પણ આપણે એ જ કર્યું છે, અને કદાચ બીજું કંઈ કરી શકીએ એમ પણ ન હોય.

આપણી સામે આજે રાષ્ટ્રીય ચારિત્ર્યનો પ્રશ્ન છે અને એ પ્રશ્ન પાછળ આપણો આખો ઈતિહાસ પડયો છે એમાં જે કમજોરી છે તે ધર્મ અને ઈતિહાસની ભ્રમજાળના કારણે છે, અને જ્યાં સુધી આ ભ્રમજાળને તોડી વાસ્તવિકતાની વિવેકભૂમિ પર આપણે નહિ આવીએ ત્યાં સુધી આપણને ચારિત્ર્ય પ્રાપ્ત થવાનું પણ નથી. પરંપરાગત ઈતિહાસનું મૂળમાંથી નસ્તર કરવાનું આ કામ છે. જેટલું જલ્દિ આ નસ્તર કરીશું તેટલા જલ્દિથી આપણે બચીશું. આ દૃષ્ટિએ આપણી અવસ્થા, વ્યવસ્થા કે સંસ્થાઓનો મહિમામોહ છોડી દઈને યથાર્થવાદીની દૃષ્ટિએ ચિંતન કરવું જોઈએ. જીવનનું સત્ય એ છે કે તદ્દન ઉણપ વિનાનું જીવન જીવવું મુશ્કેલ છે. હજારો વર્ષના ઈતિહાસ ઉપરથી આપણે જાણીએ છીએ કે માનવી કયારે પણ તેમાંથી ઊંચો નથી આવ્યો. આ સત્યનો સ્વીકાર કરીને તેના આધારે જીવન નિર્માણ કરવું જોઈએ. આજે સર્વત્ર આપણે બેવડું જીવન જીવીએ છીએ કે જે ભ્રષ્ટાચારને જ જન્માવે છે. જે બધા કરે છે તે આપણે કરીએ છીએ અને તે જ માનવી સ્વભાવ છે. છતાં બોલી એવી બોલીએ છીએ—પ્રવચન એવા કરીએ છીએ કે જે કયાંય છે નહિ. પ્રવચન કરતી વખતે પણ નહિ કે તેની આગળ પાછળ પણ નહિ. મનુષ્ય જે કરી નથી શકતો તેને ધર્મ બતાવવો, તેના જ ગુણગાન કરવા એ મનુષ્યને દુર્બળ બનાવે છે અને એ આંતર-દુર્બળતા તેની બાહ્ય દુર્બળતા પણ બની જાય છે. આજે આપણે એ બેવડી દુર્બળતાના શિકાર બની ગયા છીએ. આ દુર્બળતા દૂર કરવાની પ્રેરણા કરવા માટે જ જાણે આ સિંહનાદ ગાજ્યો છે, અને એનો જવાબ કેવળ શસ્ત્રાશસ્ત્રો નથી. વિચારોનું શસ્ત્ર પણ આપણને જોઈશે. સામાજિક અને આર્થિક વ્યવસ્થાની સુરક્ષા અભેદ્ય હોવી જોઈશે.

આજે દેશની સૌથી મોટી નબળાઈ એ છે કે ચારેબાજુ ઢીલાશ છે. કર્તવ્ય, જવાબદારી અને આજ્ઞાપાલનની ભાવનાનો સર્વથા હ્રાસ થઈ રહ્યો છે. યોગ્યતા અને ક્ષમતાનો અભાવ થતો જાય છે. દરેક વસ્તુનો ફેલાવો થતો જાય છે અને તેનો લાભ તે લોકોએ લીધો છે

અને લઈ રહ્યા છે કે જેઓના હાથમાં સત્તાનું સંચાલન છે. એ અંધ સંસ્થાનું બળ મતબળ છે. આ સ્થિતિએ દેશમાં ભયંકર ભ્રષ્ટાચાર ફેલાવ્યો છે. રાષ્ટ્રીય ચારિત્ર્યના અભાવમાં ચૂંટણી અને મતદાને ચારેબાજુ નબળાઈ પેદા કરી છે, બધાં અનિષ્ટોને આશ્રય આપ્યો છે. ચીની આક્રમણે આપણું પોત ખુલ્લું કરી દીધું છે. આપણી રાષ્ટ્ર-ભક્તિ કેટલી ઊંડી છે તેની પ્રતીતિ કરાવી દીધી છે. વાસ્તવમાં જે રાજ્યપ્રણાલી આજે ચાલી રહી છે તેમાં ચારિત્ર્ય નથી, ઢીલી નીતિ એ જ એનો આધાર છે. સત્તા અને સ્વાર્થ - જે વસ્તુતઃ બન્ને એક જ છે - ને માટે કોઈ પણ કામ પાપ છે જ નહિ. પછી ચારિત્ર્ય ક્યાંથી આવે ને શા માટે આવે? ચૂંટણીઓ લ્યો. તે કેટલી ખર્ચાળ છે તે કોઈથી અજાણ્યું નથી. કાયદેસરના જે ખર્ચની છૂટ છે તેનાથી તો અનેકગણો વધારે ખર્ચ થાય છે. જે ચૂંટણીને કે ચૂંટાયેલાને ખરીદી શકે છે તે રૂપિઆ આપે છે. લેવાવાળા એ પૂછતા નથી કે આ રૂપિયા ક્યાંથી આવ્યા. કેમકે તેને એ રૂપિયા નથી તો ચૂંટણી ખાતે જમા કરવાના હોતા કે નથી તેની રસીદ આપવાની હોતી. આ ઉપરના રૂપિયાનો ખેલ ઉપર ને ઉપર ચાલ્યા કરે છે, અને ઉપરથી અમને તો કાંઈ ખબર નથી એમ કહી પ્રમાણિકતાની વાતો કરાય છે. રૂપિયાનું આ સાચું સ્વરૂપ છે, પછી તેને લેવાવાળા ભલેને ગમે તે પ્રકારનો આદર્શ ધરાવતા હોય. ફાળાના ચોપડાઓ જો ઉખેળવામાં આવે તો ખબર નથી કે તેમાંથી કેટલી કાળાશ મળી આવે, પણ આ પાપ ઉપર જ ધર્મ અને નીતિનાં ચક્રો ફર્યા કરે છે. આ આધાર પર ચૂંટાએલા પ્રતિનિધિની જવાબદારી કોના પ્રત્યે છે? અને એની એ જવાબદારીને સમજનારા પણ કેટલા હશે? અને જો સમજતા હોય તો એ પૂરી કરવાની યોગ્યતા પણ કેટલામાં છે? જો આજે ભારતમાં કોઈ એવું પદ હોય કે જેને માટે યોગ્યતાનો પ્રશ્ન ન ઉઠાવવાનો હોય તો તે વિધાનસભા કે લોકસભાનું સભ્યપદ અને મંત્રી કે ઉપમંત્રીનું સ્થાન છે. આ પદ અપાય છે યોગ્યતા જોઈને નહિ પણ મતો મેળવવાની વ્યક્તિની તાકાત ઉપર. આજે શાસન નથી ચાલતું, ચાલે છે મતો રૂપી ચક્રો અને તેને ચલાવનાર છે રૂપિયારૂપી એન્જીન.

આજ ચીની આક્રમણ થયું છે, છતાં રાજનીતિ તો મતો કોણ વધારે મેળવી શકશે તેને અનુલક્ષીને જ ચાલી રહી છે. વર્તમાન સ્થિતિથી ત્રસ્ત થએલા લોકમાનસને સમજી જઈ તેનો ફાયદો ઉઠાવી જે પક્ષ અન્ય પક્ષને ફટકો મારી દે તેને લાભ છે. નેતા કે કાર્યકર્તા સંરક્ષણ ફંડ માટે ભાષણ કરીને પોતાને જેટલો આગળ લાવશે કે જનસંપર્ક સાધશે તે જ તેને ભવિષ્યમાં કામ આવવાવાળી ચીજ છે. રાષ્ટ્રીય સંકટની જવાળામાં બધા પોતાની રોટલી શેકી રહ્યા છે. દરેક નેતા બચતની વાત કરે છે, પણ બચતની દૃષ્ટિએ મંત્રીઓ કે ઉપમંત્રીઓને ઘટાડવાની વાત આવે છે તો તે એમ ને એમ ઊડી જાય છે. કોણ આ સંખ્યા ઘટાડે? તેના વિના મુખ્ય મંત્રી કેવી રીતે ટકી શકે? અને આ બચતયોજનાઓને નામે ભરાયેલી સભાના પ્રમુખસ્થાન માટે કે ઉદ્‌ઘાટનો માટે કેટલો ખર્ચ કર્યો તેનો કોઈએ હિસાબ રાખ્યો છે ખરો? છાપામાં છબી આવ્યા વિના આવાં કામો થયાં છે ખરાં? મને ખબર છે કે, છાપાઓમાં છબી આવે તે માટે સંરક્ષણ ફંડની રકમ સ્વીકારવા માટે કોઈ મુખ્ય મંત્રી કે ગવર્નર ન આવે ત્યાં સુધી કેટલાયે દિવસો સુધી એ રકમ એમ ને એમ રાખી મૂકવામાં આવી છે. છાપામાં ફોટા આવે તો જ એ ફંડની સાર્થકતા છે ને? મોટી વ્યક્તિના આગમન માટે ફંડની રકમ અટકાવી રાખી—જ્યારે જવાનો કડકડતી ઠંડીમાં ઉઘાડા શરીરે લડી રહ્યા હતા. આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યનું આ સ્વરૂપ છે. સંરક્ષણ ફંડ ઉઘરાવવાના પણ કાળાબજારો થયાં કે જેને કારણે કયાંક કયાંક તો રાજ્ય-સરકારોને ખાસ હુકમો કાઢવા પડ્યા. જવાનો માટે અપીલો કરી મેળવેલા રક્તદાનનું લોહી બજારભાવે વેચાયું એવી હકીકતો પણ આપણે વાંચવી પડે છે.

ચીને અકસ્માત આક્રમણ કરી આપણને ચિન્તામાં નાખી દીધા. તેણે યુદ્ધવિરામ જાહેર કર્યો, આપણને મુંઝવણમાં મૂકી દીધા. હવે ચિન્તા ઓછી પણ ચિન્તન વધારે કરવાની જરૂરત છે. જીવનના દરેક ક્ષેત્રમાં પરંપરાગત લદાયેલા બોજને હટાવી દઈ, ઈતિહાસના પ્રખર સત્યને સમજી, આપણા આદર્શ, નીતિ અને કાર્યોનું ફેર-મૂલ્યાંકન કરવું જરૂરી છે. ઉપરછલ્લા કામથી નહિ ચાલે. મૂળમાં ઊંડા ઉતરવું જોઈશે. નહિ તો જે થયું છે તે જ થયા કરવાનું છે. પાછલા બે અઢી મહિનામાં જે ઉત્સાહ દેશમાં દેખાતો હતો તે ઠંડો પડી ગયો છે. જેમ જીવન ચાલતું હતું તેમ ચાલ્યા કરે છે. આપણા દૃષ્ટિકોણ કે સ્વભાવમાં શું ફેર પડ્યો? હૃદયને પૂછીએ કે ગઈ કાલની ભૂલો આજે સુધારી ખરી? રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ કરવા શું કર્યું? શું વિચાર્યું? જે ખોખરા સિદ્ધાંતોને ભભકભર્યું રૂપ આપી આપણે પોતાની જાતને—પોતાને દગો દીધો છે એને આજે પણ આપણે છોડી શકયા છીએ? જે આદર્શના તાણાવાણા જીવનની વાસ્તવિક ભૂમિકાને સ્પર્શતા ન હોય તેવા આદર્શોના ગુણગાન ગાઈ છાપાઓની સંખ્યા વધારી, ફાઈલો વધારી, પણ જીવનમાં કંઈ ન વધ્યા. નોકરશાહીને બદલે નેતા-શાહી પેદા કરી જે વધારે અક્ષમ્ય, અયોગ્ય અને અનાચારી છે. નોકર કયારેક પણ ડરતો'તો પણ નેતા તો ડરાવ્યા જ કરે છે.

આજે લોકશાહીનો વાસ્તવિક પ્રકોપ પ્રગટ થવો જોઈએ. આજ સુધી દેશમાં જે કંઈ ચાલી રહ્યું છે તેને તદન બદલી નાખીને આપણે આગળ વધવાનું છે. આપણે ચોકકસ આગળ વધવું છે, ચીનને ભગાડવું છે, અને આપણી આદતો પણ બદલવી છે. આ બધું કરવા માટે એ અગ્નિસ્નાનમાંથી પસાર થઈ આપણી બધી દુર્બળતાઓ દુર્વૃત્તિઓને તેમાં જલાવી દઈ બહાર નીકળવાનું છે. આંખો બંધ કરી સ્વર્ગ જોયા કરવું, અને બીજાઓએ કરેલી સ્તુતિથી આનંદવિભોર બનવું એ આદત આપણે છોડવી જોઈશે. આ દેશનું એ એક મોટું દુર્ભાગ્ય છે કે રસ્તે રસ્તે ને ગલીએ ગલીએ આદર્શવાદીઓની ભીડ જામી છે કે જેઓ અતીત, અનાગત અને વર્તમાનના આદર્શો ગળું ફાડી ફાડીને ઉચ્ચાર્યા કરે છે. એક આદર્શ બીજા આદર્શ સાથે અથડામણમાં આવે છે ને મતિભ્રમ ઉત્પન્ન થાય છે. પણ નેતાઓને તો આવું ગળું ફાડીને બોલનારાઓની જરૂર જ છે. એ તો બધા સાથે બાંધછોડ કરી પોતાનો રથ ચલાવ્યે રાખે છે. રોજ રોજ કાપડની મિલોના લાઈસન્સો આપ્યે રાખે છે અને ખાદીની પૂજા પણ કરે છે. કેમકે તેના સિંહાસનની એક બાજુએ તેને મિલમાલિક ને મજૂરોનો ખપ છે, તો બીજી બાજુએ ખાદીસેવક ને કારીગરનો પણ ખપ છે. બન્ને તંત્રની કઠપુતલીઓ છે. જનતા શું સ્વીકારે ને શું ત્યાગે? જવાબ નથી. કેવળ ભ્રમણા છે.

તો આ અભૂતપૂર્વ સંકટ શું આપણને અભૂતપૂર્વ ચિન્તન કરવાની પ્રેરણા આપશે? ઉપર જણાવેલા મહાનતાના ભારથી લદાએલા આપણા અવાસ્તવિક આદર્શોની ભૂલભૂલામણીમાંથી બહાર નકળી શત્રુને હંમેશને માટે દૂર કરી આપણા વાસ્તવિક જીવનનો ઈતિહાસ રચી શકીશું ખરા?

અનુવાદ: મેનાબહેન નરોત્તમદાસ મૂળ હિંદી: ભંવરમલ સિંઘી

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઓગસ્ટ ૧, ૧૯૬૩, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

દેશપરદેશના રાજકારણનું વિશ્લેષણ

["રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ" એ વિષય પર શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે સંઘના કાર્યાલયમાં તા. ૬–૭–૬૩ના રોજ શ્રી ચીમનલાલભાઈ ચકુભાઈ શાહનું જાહેર વ્યાખ્યાન યોજાયું હતું તેની નોંધ અત્રે આપી છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિથી યથાયોગ્ય રીતે માહિતગાર રહેવામાં આ પ્રવચન ઉપયોગી થઈ પડશે એવી આશા છે. **તંત્રી**]

આપણે ફેબ્રુઆરી માસમાં છેલ્લાં મળ્યા ત્યાર પછીની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનું અવલોકન કરીશું તો આપણને લાગશે કે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ હળવી બની છે. આપણે પ્રથમ પશ્ચિમના દેશોનું અવલોકન કરીએ.

રશિયાનું વલણ એકંદરે યુદ્ધ નિવારવાનું જણાય છે.

રશિયાનું વલણ એકંદરે યુદ્ધ નિવારવાનું, ઠંડા યુદ્ધનું માનસ ઓછું કરવાનું અને શાંતિનું વાતાવરણ પેદા કરવાનું હોય તેમ સ્પષ્ટ જણાઈ આવે છે. આ વલણ માટે બે કારણો રજુ કરી શકાય તેમ છે. રશિયા આર્થિક રીતે સમૃદ્ધ થયું છે અને તેની દ્રષ્ટિ સલામતી પ્રતિ રહે તે સ્વાભાવિક છે. આ એક કારણ છે. બીજું કારણ છે આણુબોમ્બની ભયાનક વિનાશકતાનો પૂરો ખ્યાલ. રશિયા પાસે આણુબોમ્બ વિપુલ પ્રમાણમાં છે. કદાચ અમેરિકા કરતાં ઓછા પ્રમાણમાં હશે, પરન્તુ જે છે તે ઘણા શક્તિશાળી છે. આમ છતાં યુદ્ધમાં આ શસ્ત્રોનો ઉપયોગ થાય તો તેનું કેટલું ભયંકર પરિણામ આવે તેના ખ્યાલથી રશિયા પૂરેપૂરું જાગૃત છે. આ જાગૃતિ આપણને યુદ્ધના પ્રશ્ન વખતે જોવા મળી છે. ક્યુબા વખતે જો રશિયાએ સ્વસ્થતા જાળવીને થોડી પિછેહઠ ન કરી હોત તો દુનિયા એવી ભયંકર સ્થિતિમાં મૂકાઈ જાત કે તેમાંથી પાછા વળવાનું મુશ્કેલ બની જાત. અલબત્ત, ક્યુબાના પ્રશ્નમાં રશિયાએ પીછેહઠ કરી છે એ સ્પષ્ટ છે, પરન્તુ એ પીછેહઠ સમજપૂર્વકની હતી અને તેને પરિણામે કુશ્ચેવની પ્રતિષ્ઠા વધવા પામી છે.

યુરોપની પરિસ્થિતિ અને અમેરિકા

પશ્ચિમના દેશોમાં પરસ્પર મતભેદો વધતા જાય છે. ખાસ કરીને દ'ગોલની નીતિથી આ મતભેદ ઉદ્‌ભવ્યો છે. નાટો દેશોમાં અમેરિકાનું વર્ચસ્વ રહે તે દ'ગોલને પસંદ નથી. દ'ગોલ માને છે કે યુરોપને અમેરિકા પર આધાર રાખવો પડે તે ઈચ્છવાયોગ્ય નથી. યુરોપ પગભર–ખાસ કરીને આણુશસ્ત્રોની બાબતમાં–હોવું જોઈએ, અને તે માટે યુરોપે જાતે આણુશસ્ત્રો તૈયાર કરવા જોઈએ. દ'ગોલના મત મુજબ યુરોપ આણુશસ્ત્રોની બાબતમાં સ્વતંત્ર હોવું જોઈએ, એટલું જ નહિ પરન્તુ તેનું આર્થિક તંત્ર એક હોવું જોઈએ, સાથે રાજકીય તંત્ર પણ એક હોવું જોઈએ. બ્રિટન અમેરિકાની અસર તળે વધારે છે અને તેથી તે આ યોજનામાંથી બાકાત રહે તો જ આ યોજના પૂર્ણપણે અમલી બની શકે તેમ તેમનું માનવું છે. આ યોજનામાં બ્રિટન હોય તો અમેરિકાનું વર્ચસ્વ યુરોપમાં ઓછું કરવાનું ધ્યેય પૂર્ણ રીતે બર આવી ન શકે. દ'ગોલનું દઢ માનવું છે કે જો રશિયા યુરોપ પર આક્રમણ કરે તો અમેરિકા પોતાની સલામતી ખાતર યુરોપની વ્હારે નહિ આવે. આ નીતિને પાર પાડવા માટે દ'ગોલે જર્મનીનો સાથ લેવો શરૂ કર્યો છે અને ફ્રાન્સ અને જર્મની એક બને તો બેલ્જીયમ, હોલાન્ડ, વગેરે દેશોને પણ આ યોજનામાં જોડાવું પડે જ.

દ'ગોલ પોતાની માન્યતાને અમલી બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે, ત્યારે દ'ગોલની એ માન્યતા ખોટી છે તે બતાવવા કેનેડીએ યુરોપનો પ્રવાસ શરૂ કર્યો. આ પ્રવાસ એવા વાતાવરણમાં શરૂ થયો હતો કે તે માટેનું વાતાવરણ અનુકૂળ કહેવાય નહિ, કેમ કે યુરોપમાં કોઈ પણ દેશના વડાની સ્થિરતા નથી, કોઈ તેના સ્થાન પર નિશ્ચિત નથી. આ સંજોગોમાં તેમના પર ઉપજાવેલી અસર સ્થાયી બની શકે નહિ. આવું વાતાવરણ હોવા છતાં કેનેડીએ દ'ગોલનું વર્ચસ્વ વધતું અટકાવવા પ્રયાસ શરૂ કર્યો અને તે પ્રયાસ સફળ થયો એમ અહેવાલો પરથી કહી શકાય તેમ છે. જર્મનીમાં તેમને ઉષ્માભર્યો આવકાર મળ્યો છે. કેનેડીએ જર્મનીના એડેનોર સાથે વાતચીત કરીને અમેરિકાનું દ્રષ્ટિબિંદુ રજુ કર્યું, એટલું જ નહિ પણ, તેના અનુગામીઓ સાથે પણ પરિસ્થિતિની પૂરી છણાવટ કરી. બીજા દેશોમાં પણ કેનેડીને ઉષ્માભર્યો આવકાર મળ્યો. "અમેરિકા છેલ્લી ઘડી સુધી યુરોપની પડખે ઊભું રહેશે" એમ ઠસાવવામાં કેનેડી સફળ થયેલ છે તેમ કહી શકાય તેમ છે, અને તેટલે અંશે દ'ગોલની નીતિનો પાયો નિર્બળ બનવા પામેલ છે.

અમેરિકા અને બ્રિટન બાબતમાં વિચારીએ તો કેનેડી–મેકમીલનના મીલન બાદ બંને વચ્ચેના મતભેદ ઓછા થયા છે, છતાં બ્રિટનમાં એક વર્ગ–કોન્ઝરવેટીવનો એક પક્ષ–એમ માને છે કે ઈંગ્લાંડ અત્યારે અમેરિકા પર વધારે પડતું પરતંત્ર છે. આટલા મોટા પ્રમાણમાં અમેરિકા પરની પરતંત્રતા બ્રિટન માટે ઈચ્છવાયોગ્ય નથી. આમ છતાં અત્યારની ઈંગ્લાન્ડની પરિસ્થિતિ જોતાં, તે અમેરિકાની વિરુદ્ધ કંઈ પણ કરી શકે તેમ નથી.

બીજી બાજુ અમરિકા અને રશિયા પરસ્પર નજીક આવી રહ્યા છે તે ચીન કે દ'ગોલને ગમતું નથી, તે બંને દેશો પરસ્પર નજીક આવે તો તેમની પોતાની નીતિ નિષ્ફળ જાય તેમ તેમને લાગે છે.

આ રીતે યુરોપ વિચિત્ર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલ છે. દ'ગોલની નીતિ સફળ થવાનો આધાર દ'ગોલ તેના સ્થાને કેટલો વખત રહે છે અને પોતાનો પ્રભાવ કેટલો જાળવી શકે છે તેના પર છે. અત્યારે તો દ'ગોલનો પ્રભાવ ઘણો છે, પરન્તુ અત્યારે એક માન્યતા એવી છે કે તે સત્તા પર પાંચ વર્ષથી વધુ સમય નહિ રહી શકે, એટલે તેની નીતિ સફળ થવાનો આધાર ઉપર કહ્યું તેમ તે કેટલો સમય સત્તાસ્થાને રહે છે અને કેટલો પ્રભાવ જાળવી શકે છે તે પર નિર્ભર છે.

રશિયા અને ચીન

રશિયા અને ચીન વચ્ચે વિચારસરણીનો મતભેદ છે અને તે ઉગ્રપણે આગળ આવી રહ્યો છે. આ વિચારસરણીના મત-

ભેદમાં "સામ્યવાદી જગતનું નેતૃત્વ કોના હાથમાં રહેવું જોઈએ એ પ્રશ્ન મુખ્ય જણાય છે. અત્યાર સુધી સામ્યવાદી દેશોમાં પૂર્વ-યુરોપ, એશિયા, આફ્રિકાના સામ્યવાદી દેશોમાં–રશિયાનું નેતૃત્વ પૂર્ણપણે સ્વીકારાતું હતું. આ નેતૃત્વ ચીન જેવા વિશાળ દેશના પીઢ અને અનુભવી નેતા ચાઉ-માઓને ખૂંચી રહેલ છે અને તેમણે આ નેતાગીરી સામે પડકાર કર્યો છે.

ચીન આર્થિક દૃષ્ટિએ રશિયા જેટલું સમૃદ્ધ નથી, એટલું જ નહિ પણ, વિકટ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. આમ છતાં ૧૯૪૨થી નહિ, પરન્તુ છેક ૧૯૨૭થી ચીને ઘણા વિગ્રહો ખેલ્યા છે અને આથીયે વિકટ પરિસ્થિતિમાંથી તે પસાર થયું છે. ૧૯૪૯માં સત્તાસ્થાને આવ્યા બાદ ૧૪ વર્ષમાં ચાઉ–માઓની સરકારે જે પ્રગતિ કરી છે તે આપણે ૧૭ વર્ષમાં કરી તેથી ઓછી નથી. ચીને કોરિયા અને વિયેટનામમાં બે મોટા વિગ્રહો ખેલ્યા. તેને પરિણામે ચીનને ઘડાવાની સારી તક મળી છે, અને તેથી આજે રશિયાની નેતાગીરીને પણ પડકારી રહ્યું છે.

ચીનને રશિયા સાથેના સંઘર્ષનું એક બીજું કારણ પણ હોઈ શકે. વિચારસરણીનો મતભેદ એ તો સારાયે સામ્યવાદી જગતને સ્પર્શતો પ્રશ્ન છે, પરન્તુ તેની સાથે નેશનાલીઝમ–રાષ્ટ્રના હિતનો પ્રશ્ન–પણ સંકળાયેલો રહે છે. કોઈ પણ દેશની ગમે તે વિચારસરણી હોય, પરન્તુ તે પોતાના દેશનું હિત પ્રથમ જુએ અને પોતાના રાષ્ટ્રના ભોગે કંઈ પણ કરવા તત્પર ન બને તે સ્વાભાવિક છે. રશિયાએ અત્યારે જે નીતિ અપનાવી છે તેમાં ચીનને પોતાના રાષ્ટ્રનું હિત જોખમાવાનો ભય લાગતો હોય અને તે કારણે તે રશિયાના નેતૃત્વને પડકારી રહ્યું હોય તેમ પણ બનવાજોગ છે.

જો ચીનને રશિયા સાથે માત્ર વિચારસરણીનો મતભેદ હોત તો તે અત્યારના સંજોગોમાં આટલો ઉગ્ર બનવા ન પામત, કેમ કે ચીનને આલ્બેનિયા બાદ કરતા કોઈ પણ સામ્યવાદી દેશનો ટેકો નથી. બીજી બાજુ ચીન ભારત જેવા એશિયાના મોટા દેશ સાથે સંઘર્ષમાં રોકાયેલું છે. આવા વિકટ સંજોગોમાં પણ ચીન રશિયા સાથેનો મતભેદ કેમ ઉગ્ર બનાવી રહેલ છે એનો તાગ નીકળી શકતો નથી.

ચીન રશિયાને નમાવવા માટે એક મોટું જોખમ વ્હોરી રહ્યું હોય તેમ લાગે છે. રશિયાને પશ્ચિમના દેશો તરફ ઢળતું અટકાવવા માટેની ચીનની આ ચાલ હોય તે પણ બનવાજોગ છે. ચીનની એવી પણ માન્યતા હશે કે રશિયા ઉઘાડી રીતે તેની સાથે સંઘર્ષમાં નહિ પડે, પણ તેની આ માન્યતા ખોટી પડી છે તેમ ક્રુશ્ચોવના ભાષણ પરથી અને સામ્યવાદી પક્ષના નિવેદનો પરથી કહી શકાય તેમ છે.

આલબત્ત, ચીનના રશિયા સાથેના સંઘર્ષનું એક પરિણામ એ આવ્યું છે કે આફ્રિકાના અને એશિયાના અણવિકસિત દેશોમાં ચીનનું કાંઈક વર્ચસ્વ વધ્યું છે. ચીન પોતાના કુશળતાપૂર્વકના પ્રચારને કારણે આ દેશોમાં એવી હવા ઉભી કરી રહ્યું છે કે રશિયામાં હવે ક્રાન્તિકારી વલણ રહ્યું નથી અને તેથી તે સામ્યવાદી જગતના નેતૃત્વને લાયક નથી. આ જાતની માન્યતા ફેલાવવામાં તે કેટલેક અંશે સફળ પણ બન્યું છે. કોલમ્બો દેશો પણ ચીનના વર્ચસ્વ નીચે આવી ગયા છે. આફ્રિકાના દેશોની પરિષદમાં પણ તે જોવા મળ્યું, એટલે આફ્રિકામાં રશિયાનું વર્ચસ્વ ઓછું થઈ રહેલ છે તેમ લાગે છે.

એક તરફ રશિયા અને ચીનનો સંઘર્ષ અને બીજી તરફ દ'ગોલની નીતિથી પશ્ચિમી દેશોમાં વધતો મતભેદ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક નવી પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે, જેનાં પરિણામો દૂરગામી હોવા સંભવ છે અને જેનું માપ કાઢવું અત્યારે શક્ય નથી. આ પરિસ્થિતિમાં વર્ષોના ઠંડા યુદ્ધથી ટેવાયેલ આપણું માનસ નવી પરિસ્થિતિને અનુકૂળ થવામાં મુશ્કેલી અનુભવશે. આ સંજોગોમાં ભારતની તટસ્થતાની નીતિ ધરમૂળથી પુનર્વિચારણા માગી લે છે અને અજાણે પણ તેમાં ફેરફાર થઈ રહ્યો છે. તટસ્થતાની નીતિ હવે એટલી જ રહી છે કે પશ્ચિમી દેશોના આપણા સંબંધમાં રશિયાને ખોટું લાગે તેવું કાંઈ ન કરવું, પણ પશ્ચિમી દેશો સાથેનો આપણો સંબંધ ગાઢ થતો જાય છે તેમાં બીજા તટસ્થ દેશો બહુ રાજી નથી.

રંગભેદ દૂર કરવાની અમેરિકાની નીતિ

અમેરિકામાં અત્યારે જે મહત્ત્વનો બનાવ બની રહ્યો છે અને જેનાં દૂરગામી પરિણામો આવવાનાં છે તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. અમેરિકામાં હબસીઓ પ્રત્યેના વલણમાં ફેરફાર કરનારું ક્રાન્તિકારી પગલું કેનેડીએ ભર્યું છે. દુનિયામાં રંગભેદના પ્રશ્ન બાબતમાં મોટો વિગ્રહ ચાલી રહ્યો છે. આ સંજોગોમાં હબસીઓ પ્રત્યે સમાનતા અપનાવનારું ક્રાન્તિકારી વલણ હિમતપૂર્વક કેનેડીએ અખત્યાર કર્યું છે, એટલું જ નહિ પરન્તુ, ત્યાંની સુપ્રિમ કોર્ટે પણ રંગભેદની નીતિને દૂર કરવાના ચુકાદાઓ આપેલ છે તે આપણે સર્વની ખરેખર પ્રશંસા માગી લે છે. અત્યારે મુખ્યત્વે બે દેશોમાં–સાઉથ આફ્રિકા અને સાઉથ રહોડેશિયામાં–રંગભેદની નીતિ પ્રવર્તે છે. તેના ઉપર કેનેડીના વલણથી મોટો ફટકો પડયો છે.

જે દેશમાં રંગભેદની નીતિ પ્રવર્તતી હોય તે દેશમાંથી રંગભેદ દૂર કરવો અને બે પ્રજાસમુદાય વચ્ચે સમાનતા સ્થાપવી તે કાર્ય સરળ નથી. આપણે ત્યાં અસ્પૃશ્યતાનું દૂષણ વિદ્યમાન છે. તે દૂર કરવા પૂ. બાપુજીએ ભગીરથ પ્રયત્ન કર્યો. કાયદા દ્વારા પણ અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવેલ છે; આમ છતાં પ્રજામાંથી અસ્પૃશ્યતાનું માનસ ગયેલ નથી. રંગભેદ તો અસ્પૃશ્યતા કરતાં પણ વધારે વ્યાપક છે તેને દૂર કરવાનું કાર્ય તો અસ્પૃશ્યતા કરતાં પણ વધારે વિકટ છે.

આમ છતાં કેનેડીએ હબસીઓને બધા જાહેર સ્થાનોમાં સમાનતા આપવાની નીતિ અખત્યા૨ કરી છે અને તેને લગતું બીલ સેનેટ ઉપર મોકલ્યું છે. તેમના આ બીલને સેનેટનો કેટલો ટેકો મળે છે તે જોવાનું રહે છે. એક બે મુદ્દાઓ બાદ કરતાં કેનેડીના આ ક્રાન્તિકારી પગલાને સેનેટનો પણ ટેકો મળશે તેવી અપેક્ષા રહે છે.

પ્રોફ્યુમો પ્રકરણ

ઈંગ્લાંડમાં ઊભા થયેલા પ્રોફ્યુમો પ્રકરણે ત્યાંની વર્તમાન સરકારને હચમચાવી નાખેલ છે; આમ છતાં આ આખાયે બનાવને જાતીય સંબંધોની દૃષ્ટિયે ઈંગ્લાંડમાં સર્વત્ર મહત્વ મળેલું જોવામાં આવે છે. ઈંગ્લાંડના વર્તમાનપત્રોએ પણ આ દૃષ્ટિએ જ આ પ્રકરણનો પ્રચાર કર્યો છે; પરન્તુ એક જ વ્યકિત એવી છે જેણે આ પ્રકરણને અન્ય સ્વરૂપે આલેખ્યું છે. મજૂર પક્ષના નેતા હેરલ્ડ વિલ્સને ઈંગ્લાંડની પાર્લામેન્ટમાં કરેલા નિવેદનમાં આ પ્રકરણને બે રીતે મહત્વ આપ્યું છે: એક તો પ્રોફ્યુમોના આ પ્રકારના વર્તનને કારણે ઈંગ્લાંડની સલામતી જોખમાઈ છે. બીજું પાર્લામેન્ટમાં કોઈ પ્રધાન જૂઠું નિવેદન ન કરી શકે તેવી પરંપરા છે. આ પરંપરાનો પ્રોફ્યુમોએ ભંગ કર્યો અને હાઉસ ઓફ કોમન્સમાં તથા પોતાના સાથીઓ સમક્ષ હડહડતું જૂઠું બોલ્યા. આવી વ્યકિતનું જાહેર જીવનમાં સ્થાન હોઈ ન શકે એ બાબત ઉપર હેરલ્ડ વિલ્સને ભાર મૂકયો. આ સાથે તેમણે એ વાત પણ રજૂ કરી કે બ્રિટનની સલામતી જોખમમાં આવી પડે તેટલી હદે આ પ્રકરણ પહોંચવા છતાં, મેકમીલનની સરકારને ખબર ન પડે તે મેકમીલનની એક દેશના મુખ્ય પ્રધાન તરીકેની લાયકાતનો અભાવ બતાવે છે. આ કારણે આવી સરકાર પણ સત્તાસ્થાને રહેવા લાયક નથી.

આ પ્રકરણમાં મુખ્ય પ્રધાન મેકમીલને કૂનેહભર્યું વલણ અખત્યાર કર્યું છે તેમ કહી શકાય. મેકમીલનની સરકારે આ પ્રસંગમાં રાજીનામું આપ્યું નહિ તેનું એક કારણ કલ્પી શકાય તેમ છે. એક સાધારણ કૂટણખાનું પણ પ્રધાનમંડળને દૂર કરી શકે છે અગર તો સરકારને હચમચાવી શકે છે તેવો દાખલો બ્રિટનના ઈતિહાસમાં બેસે તે ઠીક નહિ એમ સમજીને મેકમીલનની સરકારે રાજીનામું આપ્યું નહિ હોય. બીજા કારણે ખસી જવું પડે તો વાંધો નહિ, પણ આ કારણે તો

ખસવું નહિ એવી માન્યતા મેકમીલનની સરકારની હોય તો તે યથાર્થ છે.

બ્રિટનમાં જાતીય જીવન એટલું વિકૃત બની ગયું છે કે તેની આપણને કલ્પના આવી નહિ શકે. કહેવાતા "હાયર ક્લાસીસ"થી માંડીને સાધારણ વ્યકિત સુધી જાતીય વિકૃતિ ફેલાઈ ચૂકી હોય એમ લાગે છે. ત્યાંની પ્રજા જાતીય જીવનના આવા પ્રશ્નોને ખાસ મહત્વ આપતી હોય તેમ લાગતું નથી; એટલે વર્તમાનપત્રોએ આ બનાવને રોચક સ્વરૂપ આપીને અને લોકોને ગલગલીયાં થાય તે રીતે તેના અહેવાલો રજૂ કરીને, આ બનાવને બહેકાવવા પ્રયત્ન કર્યો છે. કેટલાંક વર્તમાનપત્રોએ તો ક્રિસ્ટીન કીલર અને બીજાં પાત્રોનાં સંસ્મરણો લેવા માટે હજારો પાઉન્ડ આપ્યા છે. બ્રિટનમાં જાતીય અધઃપતનનાં મૂળ કેટલાં ઊંડાં છે તેનો ખ્યાલ આ પરથી આવશે.

ઈન્ડોનેશિયા – મલયેશિયા

મલયેશિયાનું સમવાયતંત્ર રચાયું તે એકંદરે સારું થયું છે. ઈન્ડોનેશિયાએ તેનો પોતાના હિતની દૃષ્ટિએ વિરોધ કર્યો હતો, પણ છેવટ એ વિરોધની સામે થઈને પણ સમવાયતંત્ર રચવામાં બ્રિટન અને મલયેશિયાના દેશોએ ડહાપણ કર્યું છે. આ સમવાયતંત્ર રચાતાં એશિયામાં બ્રિટનના સામ્રાજ્યવાદના રહ્યા સહ્યા અંશોનો અંત આવે છે. મલયેશિયાના રચાયેલ સમવાયતંત્રમાં ચીની પ્રજાનો ઘણો વર્ગ છે તે એક તેનું ભયસ્થાન છે.

કૉંગ્રેસની વર્તમાન પરિસ્થિતિ : ત્રણ પેટાચૂંટણીઓ

હવે આપણે દેશની આંતરિક પરિસ્થિતિ ઉપર આવીએ. "કૉંગ્રસની વર્તમાન પરિસ્થિતિ અત્યંત શોચનિય છે." એમ હળવામાં હળવી રીતે કહેવું હોય તો કહી શકાય. આ પરિસ્થિતિ દેશને માટે અત્યંત ચિંતાજનક છે. એક વસ્તુ સ્પષ્ટપણે દેખાઈ આવે છે કે કૉંગ્રેસનું ચણતર જે નૈતિક પાયા પર હતું તે નૈતિક પાયો દૂર થયો છે. એટલા વ્યાપક પ્રમાણમાં દૂર થયો છે કે કૉંગ્રેસમાં તેની ફરી સ્થાપના થઈ શકશે કે કેમ તે વિષે શંકા રહે છે. કૉંગ્રેસમાં નૈતિક ધોરણ સતત નીચે ઊતરતું જાય છે અને તે ક્યાં જઈને અટકશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે.

આ પતન અટકાવવા માટે હિંમતપૂર્વક ક્રાન્તિકારી પગલાં લેવાવાં જોઈએ, પરન્તુ વર્તમાન નેતાગીરી તેવાં પગલાં લઈ શકશે કે કેમ તે વિષે પ્રજાના મનમાં સંદેહ રહેતો હોય તો તે અસ્થાને નથી. કૉંગ્રેસમાં અંદરો અંદર જૂથવાદ એટલો દૃઢ થતો જાય છે કે આ જૂથવાદ દરેક રાજ્યમાં પોતપોતાની સત્તા ટકાવી રાખવા પ્રયત્ન કરી રહેલ છે અને તેમ કરતાં દેશના હિતને નુકસાન પહોંચતું હોય તો તેની પણ અવગણના કરી રહેલ છે. આ અટકાવવા માટે વરિષ્ટ મંડળ પગલાં લઈ રહેલ છે, પરન્તુ તે થીગડાં મારવા જેવા પગલાં છે– પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પૂરતા નથી. ઝગડાને વિલંબમાં નાખવા પૂરતાં જ પગલાં લેવાઈ રહ્યા હોય તેમ જણાય છે. રાષ્ટ્રીય કટોકટી વખતે રાજ્યકર્તા પક્ષ આટલો નિર્બળ હોય અને તેનું સ્થાન લઈ શકે તેવો બીજો કોઈ રજકીય પક્ષ ન હોય તે દેશને માટે અત્યંત ચિંતાજનક સ્થિતિ છે. આની અસર તાજેતરની લોકસભાની ત્રણ ચુંટણીઓમાં જણાય છે.

છેલ્લી ચૂંટણીઓનું પરિણામ જોઈએ તો સંખ્યાની દૃષ્ટિયે કૉંગ્રેસની હાર થઈ નથી. રાજ્યની ધારાસભાઓમાં મોટા ભાગની બેઠકો કૉંગ્રેસને મળી છે. પાર્લામેન્ટમાં પણ સારી સંખ્યામાં કૉંગ્રેસ આવેલ છે. બંગાળમાં તો સામ્યવાદી બેઠકો પણ કૉંગ્રેસને મળી છે. આમ છતાં તાજેતરમાં પેટા ચૂંટણીમાં ત્રણ બેઠકો માટે કૉંગ્રેસ લડી તેમાં તેને હાર મળી તે બાબત કૉંગ્રેસ માટે ઊંડી વિચારણાનો પ્રશ્ન બની રહે છે.

અમરોહામાં કૉંગ્રેસે હાફીઝ ઈબ્રાહીમખાનને મૂક્યા તેમાં તેની બે રીતે ભૂલ થયેલી છે એમ હું માનું છું. એક તો હાફીઝ ઈબ્રાહીમખાન રાજ્યસભાના સભ્ય હતા તેમને લોકસભાની બેઠક માટે મૂકવામાં આવ્યા તેની એક છાપ લોકો પર એવી પડી કે કૉંગ્રેસને બીજો કોઈ યોગ્ય ઉમેદવાર નહિ મળ્યો હોય એટલે હાફીઝ ઈબ્રાહીમખાનને ઉમેદવાર તરીકે ઊભા રાખવા પડયા. જો પરિસ્થિતિ આવી હોય તો તે શોચનીય છે. કૉંગ્રેસની એ ગણતરી હશે કે અમરોહામાં મુસલમાનો વધારે છે અને જો મુસલમાન ઉમેદવાર હોય તો તેને મુસ્લિમોના મતો મળે અને ક્રિપલાણી સામે તે ટક્કર ઝીલી શકે. આ ગણતરી હોય તો તે કોમવાદને ઉત્તેજન આપ્યું ગણાય. બીજું અમરોહામાં મુસ્લિમ મતદારોની સંખ્યા સારી હોવા છતાં તેઓ બહુમતીમાં નથી. આ વલણના હિંદુ મતદારોમાં એવા પ્રત્યાઘાતો પડયા હોય કે "કૉંગ્રેસ મુસ્લિમ મતો પર જીવવા માગતી હોય તો આપણે શા માટે મુસ્લિમ ઉમેદવારને મત આપવા?" આવા પ્રત્યાઘાતો હિંદુ મતદારોમાં પડયા હોય અને તે કારણે હિંદુઓએ મુસ્લિમ ઉમેદવારને મત ન આપ્યા હોય તો "કોમવાદ" ઊભો કરવા માટે કૉંગ્રેસની જ જવાબદારી ગણાય. અમરોહામાં થયેલ કૉંગ્રેસની હાર કૉંગ્રેસ તંત્રને વિચારમાં મૂકી દે તેવી છે

ફરૂખાબાદમાં પણ કૉંગ્રેસ ઉમેદવારની હાર થઈ તેનાં કારણો તપાસીશું તો લાગશે કે કૉંગ્રેસ ઉમેદવાર ડૉ. કેસકર એટલા લોકપ્રિય ઉમેદવાર ન હતા. ડૉ૦ લોહીઆ સારા અર્થમાં કહીએ તો તોફાની માણસ કહી શકાય. આ સંજોગોમાં ડૉ૦ લોહીઆની જીત થઈ તેમાં કૉંગ્રેસની હાર થઈ છે એમ હું નહિ કહું. આમાં તો કૉંગ્રેસ ઉમેદવારની જ હાર થઈ છે અને કોઈ પ્રજાને માન્ય હોય તેવા ઉમેદવાર ત્યાં મૂકવામાં આવ્યા હોત તો કૉંગ્રેસની હાર ન થાત એમ હું માનું છું.

કૉંગ્રેસની રાજકોટમાં થયેલી હાર ઊંડી વિચારણા માગી લે તેવી છે. રાજકોટમાં કોઈ કૉંગ્રેસ ઉમેદવાર તરીકે ઊભા રહેવા તૈયાર થયું નહિ એ બાબત કૉંગ્રેસની શિસ્તને સ્પર્શે છે. કોઈ પણ કૉંગ્રેસમેનને તેના વિભાગમાં ઉમેદવાર તરીકે ઊભા રહેવાનું કહેવામાં આવે તો શિસ્તની દૃષ્ટિએ તેનાથી ના પાડી શકાય નહિ. રાજકોટમાં ઉમેદવાર તરીકે ઊભા રહેવાનો આગ્રહ કરવામાં આવે અને છતાં કૉંગ્રેસ ઉમેદવાર ના પાડે તે યોગ્ય થયું નથી. છેવટે રાજ્યસભાના સભ્ય શ્રી જેઠાલાલ જોષીને ઉમેદવાર તરીકે ઊભા રાખવા પડયા. આ આખીયે બાબતની પ્રજાના માનસ પર વિપરીત છાપ પડી. જેઠાલાલ જોષી અત્યંત જૂના અને જાણીતા કાર્યકર છે તે વિષે બે મત નથી, પરન્તુ લોકોના મનમાં એવી છાપ પડી કે તે તો રાજ્યસભાના સભ્ય તો છે, છતાં તેને શા માટે ફરી ઉમેદવાર તરીકે ઊભા રાખવામાં આવે છે? આ પરિસ્થિતિનો રાજાજીએ પણ લાભ ઉઠાવ્યો અને તેણે બ્રહ્માસ્ત્ર ફેંકયું: "જેઠાલાલ જોષી તો અત્યારે તમારા વતી રાજ્યસભામાં છે; તો પછી આ વિભાગમાંથી નવા ઉમેદવારને ચૂંટીને લોકસભામાં પણ શા માટે ન મોકલવો? આમ કરવાથી આ વિભાગને એક રાજ્યસભામાં અને એક લોકસભામાં – એમ બે ઉમેદવાર મળશે." રાજાજીનું આ બ્રહ્માસ્ત્ર સફળ થયું. જેઠાલાલ જોષી જેવા કૉંગ્રેસ ઉમેદવારની આ વિભાગમાં હાર થઈ.

કૉંગ્રેસને સાંપડેલી ત્રણ વિભાગમાં હારનું અવલોકન કરીએ તો માલૂમ પડશે કે સ્થાનિક કૉંગ્રેસ કાર્યકરો દરેક સ્થળે મોટેભાગે એક યા બીજા કારણે અક્રિય થઈ પડયા છે; એટલે કૉંગ્રેસના ઉમેદવાર હોવાને કારણે જ – જો ઉમેદવાર યોગ્ય ન હોય તો–કૉંગ્રેસ ચૂંટણીમાં જીતી શકે તેવી પરિસ્થિતિ આજે રહી નથી.

શિહોરની ચૂંટણીમાં શ્રી બળવંતરાય મહેતાનો વિજય થયો; તે વિજયને કૉંગ્રેસના વિજય તરીકે ગણવાને બદલે શ્રી બળવંતરાય મહેતાનો અંગત વિજય ગણવો વધુ યથાર્થ થશે. ભાવનગરની પ્રથમ ચૂંટણી સમયે થોડી ગફલત થઈ અને કંઈક અંશે વધુ વિશ્વાસ રાખ્યો તેના પરિણામમાંથી બોધપાઠ લઈને આ વખ-

તની ચૂંટણીમાં શ્રી મહેતાએ સારી જાગૃતિ સેવી, ઘેર ઘેર જઈને લોકોને સમજાવ્યા અને બધા વર્ગોનો સાથ મેળવવા પ્રયત્ન કર્યો. પરિણામે તેમને આ ચૂંટણીમાં સારી એવી સફળતા મળી.

શ્રી બળવંતરાય મહેતાની લાયકાત અંગે બે મત છે જ નહિ. તેઓ જનામાં જૂના કસાયેલા કાર્યકર છે. પ્રથમ ચૂંટણીમાં તેમની હાર થઈ તે અકસ્માત જ હતો. તેનો ગોહિલવાડની પ્રજાને પણ વસવસો રહી ગયેલો, પરન્તુ શિહોરની ચૂંટણી વખતે તક મળી ત્યારે શ્રી મહેતાને પ્રજાએ જવલંત વિજય અપાવી પોતાનો વસવસો દૂર કર્યો.

ગુજરાતના પ્રધાનમંડળ સામે અસંતોષ છે અને તે કારણે શ્રી બળવંતરાય મહેતાની ચૂંટણીમાં જીત થવા પામી છે એમ કોઈ કહેતું હોય તો તે પાયાવિનાની વાત છે અને તેમાં કોંગ્રેસની કુસેવા રહેલી છે. આવો અર્થ શ્રી બળવંતરાળ મહેતા પણ કરતા નહિ હોય તેમ હું માનું છું. કોઈ પણ કોંગ્રેસ ઉમેદવાર પ્રધાનમંડળ સામે અસંતોષ વ્યકત કરીને, ચૂંટણીમાં જીતે એ માનવા હું તૈયાર નથી.

કોંગ્રેસની પરિસ્થિતિ અંગે એકંદર જોઈએ તો યુ. પી., ઓરિસ્સા, પંજાબ, કેરાળા, બિહારમાં પરિસ્થિતિ અત્યંત શરમજનક છે એમ કહીએ તો ખોટું નથી. બીજા સ્થળોએ પણ સત્તાની સાઠમારી તો જોવામાં આવે જ છે. આ સાઠમારીમાં ઉપર કહ્યું તેમ દરેક જૂથ પોતાના જ હિતને પ્રાધાન્ય આપી રહેલ છે અને કોંગ્રેસ કે દેશના હિતની અવગણના કરી રહેલ છે.

ચૂંટણી ફંડનો પ્રશ્ન

તાજેતરમા ચૂંટણી માટે ફંડો ભેગા કરવાની જે વાતો બહાર આવી છે તે પણ ગંભીર વિચારણા માગી લે તેવી છે. ચૂંટણી માટે ફંડ કરવામાં આવે તે અયોગ્ય નથી, એટલું જ નહિ પણ, જરૂરી છે. દરેક પક્ષને પોતપોતાના પક્ષના પ્રચાર માટે ફંડ કરવું પડે છે, પરન્તુ તે ફંડ એકઠું કરીને પોતાના પક્ષને સોંપવું જોઈએ. તે જ પ્રમાણે કોંગ્રેસ નેતાઓએ એકત્રિત કરેલ ફંડ કોંગ્રેસને જ સોંપાવું જોઈએ. કોંગ્રેસ મારફત જ તેનો ઉપયોગ કોંગ્રેસના પ્રચાર માટે થવો જોઈએ; તેનો હિસાબ રાખવો જોઈએ. કોઈ વ્યકિત ચૂંટણી માટે એકઠું કરાયેલું ફંડ પોતાની પાસે રાખે, પોતાની મરજી મુજબ વાપરે, કોંગ્રેસને તેનો હિસાબ ન આપે તો આવી વ્યકિત તેમ કરવામાં પ્રમાણિક હોય તો પણ અયોગ્ય છે. કોંગ્રેસે આ બાબતમાં પૂરો વિચાર કરવો જોઈએ. ચૂંટણી માટે કોણ ફંડ કરી શકે ? કેવી રીતે કરી શકે ? કોની પાસે તે ફંડ રહે અને કોના માટે તેનો ઉપયોગ થાય ? આ બાબાતમાં કોંગ્રેસે પોતાની નીતિ સ્પષ્ટ કરવી જરૂરી છે.

ગુજરાતની વર્તમાન પરિસ્થિતિ

મારું દ્રઢપણે માનવું છે કે અત્યારના સંજોગોમાં વર્તમાન પ્રધાનમંડળમાં કાંઈ પણ ફેરફાર કરવો તેમાં ગુજરાતનું હિત નથી, દેશનું પણ હિત નથી. સામાન્યપણે બીજા રાજ્યોમાં જેવું પ્રધાનમંડળ છે તેના કરતાં ગુજરાતનું વર્તમાન પ્રધાનમંડળ કોઈ પણ રીતે ઉતરતું છે તેમ માનવાને કોઈ કારણ નથી. અન્ય સ્થળોએ વહીવટી તંત્રમાં જે ખામીઓ છે તેથી વધારે ખામીઓ ગુજરાતના વર્તમાન પ્રધાનમંડળમાં છે તેમ પણ કહી શકાય તેમ નથી. કોંગ્રેસના વહીવટ પ્રત્યે અન્ય સ્થળોએ જેવો અને જેટલો અસંતોષ પ્રવર્તે છે તેટલો અને તેવો અસંતોષ ગુજરાતમાં પ્રવર્તતો હોય તે બનવાજોગ છે, પરન્તુ તેમ છતાં વર્તમાન પ્રધાનમંડળ બદલવા માટે કોઈ પણ ઉગ્ર કારણ ઉદ્‌ભવ્યું છે તેમ કહી શકાય તેમ નથી; એટલે અત્યારના સંજોગોમાં પ્રદેશ સમિતિ કે ગુજરાત કોંગ્રેસ વર્તમાન પ્રધાનમંડળ પ્રતિ અસંતોષ પેદા કરીને ગુજરાતની સેવા કરે છે તેમ હું માનતો નથી.

શ્રી બળવંતરાત મહેતા પ્રથમ ચૂંટણીમાં જીત્યા હોત અને તેમણે પ્રધાનમંડળ રચ્યું હોત તો તે તેટલું જ યોગ્ય થાત, પણ એક યા બીજા કારણે તેમ બન્યું નહિ ત્યારે વર્તમાન પ્રધાનમંડળમાં અત્યારે ફેરફાર કરવો અયોગ્ય જ છે.

ચીન–સરહદ

સરહદ ઉપર તાજેતરમાં યુદ્ધ ફાટી નીકળે તેમ માનવાને કોઈ કારણ નથી. ચીન અત્યારે સરહદ પર ગમે તેટલી તૈયારી કરી રહેલ હોય, પણ તે આક્રમણકારી કોઈ પગલું લે તેમ લાગતું નથી. અલબત્ત અત્યારે સરહદ પર તંગ પરિસ્થિતિ પ્રવર્તે છે તેમ કહી શકાય તેમ છે. કોલમ્બો દરખાસ્તો ભૂલાઈ ગઈ છે અને ઉશ્કેરાટભરી પરિસ્થિતિ વધતી જાય છે. આ સંજોગોમાં આપણે આપણી લશ્કરી તૈયારી તેટલા જ વેગથી ચાલુ રાખવાની રહે છે. ચીન ગમે ત્યારે આક્રમણ કરે એમ સમજીને આપણે ગમે તેવી પળનો સામનો કરવા માટેની પૂરતી તૈયારી રાખવાની રહે છે.

બ્રિટન અને અમેરિકા તરફથી ભારતને તાત્કાલિક સહાય-લશ્કરી અને આર્થિક–પૂરતા પ્રમાણમાં મળી રહી છે; આમ છતાં તે લાંબા ગાળાની સહાય કરે તેમ લાગતું નથી; તેવી સહાય તે ન કરે તો તેમાં કશું ખોટું પણ નથી અને તે માટે આપણે આગ્રહ પણ ન રાખવો જોઈએ.

પાકિસ્તાન

આ તકનો લાભ લઈને પાકિસ્તાન કાશ્મીરનું સમાધાન લાવવા પ્રયત્ન કરી રહેલ છે અને ચીનના પક્ષે જવાનો ભય બતાવી રહેલ છે. અમુક અંશે પાકિસ્તાન ચીન તરફ ઢળવા લાગ્યું છે પણ ખરું; આમ છતાં બ્રિટન કે અમેરિકા તેથી ડરી જઈને કંઈ પણ કરે તે શક્ય નથી. બ્રિટનની દ્રષ્ટિએ ભારત અને પાકિસ્તાન બંને કોમનવેલ્થના સભ્યો છે અને તેથી બ્રિટન બંને તરફ સમાન વલણ પ્રદર્શિત કરે તે સમજી શકાય તેવું છે. આ સંજોગોમાં માનભર્યા સમાધાન માટેની કોઈ પણ તક ભારતે જતી કરવી જોઈએ નહિ, પણ આવી તક અત્યારના વાતાવરણમાં ઉદ્‌ભવે તેમ જણાતું નથી.

કટોકટીભરી પરિસ્થિતિ

દેશમાં અત્યારે કટોકટીભરી પરિસ્થિતિ ચાલુ રાખવામાં આવી છે. આ પરિસ્થિતિ થોડો વખત ચાલુ રાખવી જરૂરી છે., પરન્તુ યુદ્ધ ન હોય તોય તો બહુ લાંબા વખત ચાલુ રહે તે ઈચ્છવાયોગ્ય નથી.

આપણે છેલ્લે મળ્યા ત્યાર બાદ બનેલા બનાવોનું વિહંગાવલોકન આપણે કર્યું. અત્યારે કોઈ પણ દેશની નીતિ સ્થિર જણાતી નથી. આજે બનાવો પણ એટલા ઝડપથી બની રહ્યા છે કે તે મુજબ દરેક દેશે પોતપોતાની નીતિ બદલવી રહે છે. કોઈ એક જ નીતિને સિદ્ધાંત ગણીને વળગી રહેવું શકય નથી.

સંપાદક : **શ્રી એમ. જે. દેસાઈ.** **ચીમનલાલ ચકુભાઈ શાહ.**

સંઘના શુભેચ્છકોને, 'પ્રબુદ્ધ જીવન'ના પ્રશંસકોને–

પર્યુષણ વ્યાખ્યાનમાળા આવી રહી છે. એ પ્રસંગે સંઘના શુભેચ્છકોને તેમ જ પ્રબુદ્ધ જીવનના પ્રશંસકોને નીચે જણાવેલ અમારી વિનંતી ધ્યાનમાં લેવા પ્રાર્થના છે.

આજે ૩૫ વર્ષથી જૈન તેમ જ જૈનેતર સમાજની શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અનેક રીતે સેવા બજાવી રહેલ છે. છેલ્લાં ૩૧ વર્ષથી સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજાતી રહી છે અને તેના સ્વરૂપમાં જેમ વિકાસ થતો રહ્યો છે તેવી રીતે તેની લોકપ્રિયતામાં પણ સતત વૃદ્ધિ થતી રહી છે. છેલ્લાં ૨૫ વર્ષથી સંઘ તરફથી 'પ્રબુદ્ધ જીવન' નામનું મુખપત્ર પ્રગટ થઈ રહ્યું છે. ગુજરાતી ભાષાના સામયિકોમાં પ્રબુદ્ધ જીવને અનોખી ભાત પાડી છે. સંઘ તરફથી શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય પણ આશરે ૨૫ વર્ષથી ચલાવવામાં આવે છે. આ વાચનાલય તથા પુસ્તકાલયનો આસપાસ વસતા લોકો સારા પ્રમાણમાં લાભ લે છે. સંઘ તરફથી વૈદ્યકીય રાહત નાતજાત કે ધર્મના કશા પણ ભેદભાવ સિવાય જરૂર પડાવતા ભાઈ બહેનોને આપવામાં આવે છે તેમ જ વૈદ્યકીય ઉપચારનાં સાધનો પૂરાં પાડવામાં આવે છે. સંઘ તરફથી અવારનવાર વિશિષ્ટ કોટિની વ્યકિતઓના વ્યાખ્યાનો યોજવામાં આવે છે તેમ જ પર્યટણો પણ ગોઠવવામાં આવે છે. આ બધી પ્રવૃત્તિઓને પહોંચીવળવા માટે દર વર્ષે સંઘને આશરે રૂ. ૧૦,૦૦૦ની અપેક્ષા રહે છે. સંઘના શુભેચ્છકો અને 'પ્રબુદ્ધ જીવન'ના પ્રશંસકો દર વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે પોતાનો ઉદાર હાથ લંબાવતા રહ્યા છે. આ વખતે પણ સંઘના ફાળામાં પોતાની બને તેટલી રકમ ભરીને અમારા રૂ. ૧૦,૦૦૦ના લક્ષ્યાંકને પૂરો કરી આપવા વિનંતી છે. સહાયક ભાઈ–બહેનો સંઘના સામાન્ય ફાળામાં અથવા તો સંઘની કોઈ પણ એક પ્રવૃત્તિને તારવીને તે ખાતે પોતાને યોગ્ય લાગે તેવી રીતે રકમ ભરી શકે છે.

સંઘના જે સભ્યોએ હજુ સુધી પોતાનું વાર્ષિક લવાજમ રૂપિયા ૫ ભર્યું ન હોય તેમને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ભરી દેવા વિનંતી છે. પ્રબુદ્ધ જીવનની ઉપયોગીતા જેમના દિલમાં વસતી હોય તેમને પ્રબુદ્ધ જીવનના નવા ગ્રાહકો મેળવી આપવા વિનંતિ છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, **પરમાનંદ કુંવરજી કાપડિયા**
મુંબઈ–૩. **ચીમનલાલ જેઠાલાલ શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

ચિત્રભાનુ–પ્રકરણ

મુંબઈ ખાતે પાયધુની ઉપર આવેલા ગોડીજીના ઉપાશ્રયમાં ચાતુર્માસ કરી રહેલા મુનિ ચંદ્રપ્રભસાગરજી ઉર્ફે ચિત્રભાનુ સામે પ્રજાતંત્રના તંત્રીએ છેલ્લા સાડાત્રણ મહિનાથી કલમનો એવો ઝપાટો ચલાવ્યો છે કે તે વિષે કોઈ જૈન ભાઈ કે બહેન ભાગ્યે જ અજાણ હોઈ શકે અને તેથી 'ચિત્રભાનુ પ્રકરણ' એટલે શું એની 'પ્રબુદ્ધ-જીવન'ના વાચકોને સમજૂતી આપવાની કોઈ જરૂર છે જ નહિ. વચગાળે પ્રજાતંત્રના તંત્રીએ 'આ પ્રકરણનો સુખદ અન્ત' એમ તા. ૧૦–૭–૬૩ના પ્રજાતંત્રમાં જાહેર કરીને આ બાબતને લગતી તહકૂબી જાહેર કરી હતી. પણ આ તહકૂબીનો બે દિવસમાં જ અંત આવ્યો હતો અને ત્યાર બાદ તંત્રીશ્રીએ પોતાની લેખિની વધારે વેગથી ઉપાડી હતી અને તેમનાં લખાણોમાં મુનિશ્રીના ચારિત્ર્ય ઉપર–શીલ ઉપર–ન કલ્પી શકાય એવા આક્ષેપો અને સૂચનોનો વરસાદ વરસાવવો શરૂ કર્યો હતો. ત્યાર બાદ તાજેતરમાં તા. ૨૨-૭-'૬૩ના પ્રજાતંત્રમાં મુનિશ્રી સામેની જેહાદનો એકાએક અંત આવ્યાની જાહેરાત કરવામાં આવી છે. આ તહકૂબી કેવી રીતે કયા સંયોગોમાં ઊભી થઈ એની વિગતો સત્તાવાર રીતે જાણવામાં આવી નથી. પણ આ તહકૂબી અંગે એ જ દિવસના પ્રજાતંત્રમાં પ્રગટ થયેલાં લખાણોમાં મુનિ ચિત્રભાનુના આચાર અને શીલ ઉપર કરવામાં આવેલા કાતિલ પ્રહારો અંગે કોઈ દિલગીરી કે ક્ષમાયાચનાનો ઉદ્‌ગાર જોવામાં આવતો નથી, એટલું જ નહિ પણ, 'એ યાદગાર પ્રસંગ', એ મથાળા નીચેના લખાણમાં એમ જણાવવામાં આવ્યું છે કે "છેવટે પ્રજાતંત્રના ટ્રષ્ટિબિંદુનો આચાર્ય શ્રી હેમસાગરજીએ (ચિત્રભાનુએ પોતાના ગુરુના અવસાન બાદ જેમને પોતાના ગુરુસ્થાને સ્થાપ્યા છે અને ગોડીજીના ઉપાશ્રયમાં જેમની નિશ્રામાં રહે છે) સ્વીકાર કરીને ચીમનલાલ શાહને જૈન શાસનની સેવા બજાવવા માટે આશીર્વાદ આપીને આ પ્રકરણનો અંત લાવવામાં મોટો હિસ્સો આપ્યો હતો." આ પ્રમાણે ચિત્રભાનુ સામે તેમણે સાડાત્રણ મહિના સુધી ચલાવેલી જેહાદની આ આચાર્યશ્રીએ કદર કર્યાનું તંત્રીશ્રી જણાવે છે અને એક વિજેતા તરીકે બહાર આવે છે. તદુપરાંત 'પ્રભુ, એમને ક્ષમા કરો!' એ મથાળા નીચેના અગ્રલેખમાં તેઓ એક સ્થળે જણાવે છે કે "પ્રજાતંત્રમાં જેટલી હકીકતો પ્રસિદ્ધ થઇ છે એનાથી અનેકગણી હકીકતો હજુ સુધી અપ્રગટ રહેલી અમારા હાથમાં પડેલી છે." વળી ચિત્રભાનુ સામેના આ પ્રચાર પાછળ પોતાનો હેતુ જૈન ધર્મનું ગૌરવ વધારવાનો હતો એમ જણાવીને આગળ ચાલતાં તંત્રીશ્રી જણાવે છે કે "આ બાબતમાં અમારો હેતુ સિદ્ધ થયો છે. એથી વિશેષ અમો કંઇ પણ જાહેર રીતે કહેવા માગતા નથી. આ અંગેની વિગતોને જાહેર હિતમાં મૂકવાનું સમાજહિત અને ધર્મની ભાવનાની દ્રષ્ટિએ અમો આવશ્યક લેખતા નહિ હોવાથી એ વિગતોની પ્રસિદ્ધિ માટે આગ્રહ નહિ સેવવાની અમો વાચકોને વિનંતિ કરીએ છીએ અને અમોને ખાતરી છે કે લાગતા વળગતાઓ પણ એવો પ્રસંગ ઊભો કરવાની પરિસ્થિતિ અમારા માટે સર્જશે નહિ."

આ પ્રમાણે સ્વીકારવામાં આવેલા પૂર્ણવિરામ અંગેનાં ઉપર આપેલાં વિધાનો અનેક તર્કવિતર્કો પેદા કરે છે અને તેથી ચિત્રભાનુ–પ્રકરણને સમગ્ર સ્વરૂપે સમજવા માટે આ પૂર્ણવિરામની ભૂમિકા જૈન સમાજ આગળ રજૂ થવી જ જોઈએ એમ લાગ્યા વિના રહેતું નથી. તંત્રીશ્રીએ જૈન સમાજની સેવા કરી છે, તેમનો હેતુ સિદ્ધ થયો છે, આચાર્ય હેમસાગરે તેમને આશીર્વાદ આપ્યા છે–આ બધું છે શું? એવો પ્રશ્ન આ પ્રકરણમાં રસ ધરાવતા સૌ કોઈ જૈન ભાઈ-બહેનને થવો જ જોઈએ. તેથી આ બાબતની વિશેષ તપાસ કરવાનું જરૂરી લાગ્યું. પરિણામે આધારભૂત સ્થળેથી જાણવા મળે છે કે આ બાબતની પતાવટ કરવા માટે કેટલીક વ્યકિતઓ તરફથી ૨૨મી તારીખ પહેલાના અઠવાડિયા દરમિયાન જોરશોરે વાટાઘાટો ચાલી રહી હતી અને તેના પરિણામે મુનિ ચિત્રભાનુ તરફથી તા. ૨૧મી જુલાઈના રોજ "પ્રજાતંત્રમાં મારા વિષે જે લખાણો આવે છે તે બાબતમાં મારી કંઈ પણ ત્રુટિઓ હોય તો તેનું હું પ્રાયશ્ચિત કરું છું અને ભવિષ્યમાં આવું કાંઈ નહિ થાય તેની હું ખાતરી આપું છું." આવી મતલબનો એક પત્ર તા. ૨૧-૭-'૬૩ના રોજ આચાર્ય હેમસાગરજીને રુબ્રત કરવામાં આવ્યો છે અને એ જ પત્રનો ઉલ્લેખ કરીને આચાર્ય હેમસાગર તરફથી "તમારી સાથે વાતચીત થયા મુજબનો ચિત્રભાનુનો અમારી ઉપરનો પત્ર અમને મળી ગયો છે જેની નકલ આ સાથે બીડું છું. જે સુખદ સમાધાન થયું છે તે સાધુ સમાજ તથા જૈન સમાજ માટે ગૌરવરૂપ છે અને જૈન સમાજની તમે જે સેવા કરી છે તે માટે અમારાં તમને અભિનંદન છે અને પ્રભુ જૈન સમાજની આવી સેવાઓ કરવાની તમને તક આપે એવા અમારા તમને આશીર્વાદ છે."–આ મતલબનો પત્ર એ જ દિવસે પ્રજાતંત્રના તંત્રી ચીમનલાલ વાડીલાલ શાહ ઉપર મોકલવામાં અથવા તો હાથોહાથ આપવામાં આવ્યો છે. અહીં સ્પષ્ટ કરવાની જરૂર છે કે આ બંને પત્રોના શબ્દોમાં કોઈ હેરફેર હશે, પણ બંને પત્રની મતલબ–ભાવાર્થ–નિશ્ચિતપણે આ મુજબનો જ છે. આ છે શ્રી ચીમનલાલ વાડીલાલે સ્વીકારેલા પૂર્ણવિરામની–પોતાની તેજીલી ડંખ ભરેલી કલમને એકાએક મ્યાન કરવાની–ભૂમિકા. કહેવાતું સુખદ સમાધાન કેવી રીતે ઊભું થયું તેની વિગતો, કદાચ તેમાં સંડોવાયેલા સાધુઓની આબરૂ જાળવવાના હેતુથી, અપ્રગટ રહે એમ આને લગતી વાટાઘાટ કરનાર ભાઈઓ ઈચ્છે છે એ જાણવા છતાં, જે વિગતોનું અધુરું સૂચન શ્રી ચીમનલાલ વાડીલાલ શાહે પોતાના લખાણોમાં કર્યું છે તે વિગતો જૈન સમાજ આગળ સમગ્રરૂપે રજૂ થવી જ જોઈએ, કે જેથી મુનિ ચિત્રભાનુ અને ચીમનલાલ વાડીલાલ બંને પ્રસ્તુત વિવાદમાં કયાં ઊભા છે તેની જૈન સમાજને પૂરી જાણ થાય–આ હેતુથી અપ્રગટ વિગતોને પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે.

આ રીતે ચિત્રભાનુ–પ્રકરણનો આવેલો અંત 'કજીયાનું મોં કાળું' એમ વિચારીને આ ઝઘડાનો–આ અમર્યાદિત પ્રચારનો–કોઈ પણ રીતે અને કોઈ પણ ભોગે અંત લાવવો જ જોઈએ એવી આપણામાં રહેલી સર્વસામાન્ય મનોવૃત્તિનો સૂચક છે અને ભીનું સંકેલાયા જેવું તેનું સ્વરૂપ છે. આમ ન હોય તો જે લખાણોએ મુનિ ચિત્રભાનુને કાળા ચિતરવામાં કોઈ બાકી રાખી નથી અને સાથે સાથે બીજી અનેક સુપ્રતિષ્ઠિત વ્યકિતઓની આબરૂ અને પ્રતિષ્ઠાને પણ સારા પ્રમાણમાં સંડોવી છે, એટલું જ નહિ પણ, આખી સાધુસંસ્થાની એક પ્રકારની અવહેલના કરી છે અને આખા જૈન સમાજની પ્રતિષ્ઠાને પાર વિનાની હાનિ કરી છે તેવાં લખાણો લખવા બદલ એક જૈન આચાર્ય પ્રજાતંત્રના તંત્રીને અભિનંદન આપે, આશીર્વાદ આપે, તેના વર્તનને જૈન સમાજની એક મોટી સેવા તરીકે મુલવે–આવી સ્વપરવંચના એક જૈન આચાર્યને હાથે થવાનું કદી સંભવે નહિ. આ રીતે આ ચર્ચામાં સંડોવાયેલા અથવા તો સંડોવવામાં આવેલા બિચારા આચાર્ય હેમસાગરજીની સ્થિતિ દયાજનક બની છે. આમ બને તે સાધુસંસ્થા અને જૈન સમાજનું એક દુર્દૈવ લેખાય. ચર્ચાના મુખ્ય પાત્રોમાંના એક શ્રી ચીમનલાલ વાડીલાલ શાહને આવું પ્રમાણપત્ર મળતાં તેમના નાકની દાંડી ઊંચી ચઢી છે, જ્યારે બીજા શ્રી ચિત્રભાનુના નાકની દાંડી, આવો પત્ર તેમને લખી આપવો પડયો તે કારણે, નીચી નમી છે. આવાં સમાધાનો તત્કાળ સુખદ લાગે છે, પણ તેનું લાંબદોર પરિણામ અનેક અનિષ્ટોથી ભરેલું લાગે છે.

આ રીતે આખી ચર્ચા સંકેલાયાનો સાર એ નીકળે છે કે:– (૧) મુનિ ચિત્રભાનુના આચાર અને ચારિત્ર્ય ઉપર પ્રજાતંત્રના

તંત્રી શ્રી ચીમનલાલ વાડીલાલ શાહે મૂકેલા ગંભીર આરોપો એમનો એમ ઊભા રહે છે.

(૨) આ પૂર્ણવિરામનો ગમે ત્યારે છેડો આવી શકે છે. જેમ પહેલાંની તહકૂબી પછીના દિવસની સવારના વ્યાખ્યાનમાં પૂછાયેલા અમુક સવાલનો ચિત્રભાનુએ અમુક જવાબ આપ્યો એ ઉપરથી પ્રજાતંત્રના તંત્રીએ તોડી નાખી, એમ પ્રજાતંત્રના વાચકોના અથવા તો અન્ય અણધાર્યા સંયોગોના દબાણ નીચે અથવા તો ચિત્રભાનુ પ્રજાતંત્રના તંત્રીની અપેક્ષાથી અન્યથા વર્તે કે બોલે એવા કોઈ પણ સંયોગમાં આજનું પૂર્ણવિરામ અલ્પવિરામમાં પરિણમે—આવું તંત્રીના લખાણમાં સૂચન રહેલું છે.

અલબત્ત, લાગલાગટ સાડાત્રણ મહિનાના મુનિ ચિત્રભાનુ સામેના અસ્ખલિત પ્રચારકાર્યે જૈન સમાજમાં અસાધારણ ઉકળાટ, બેદિલી અને વ્યાકૂળતા પેદા કરી હતી અને આ કેમ અટકે એ વિષે સૌ કોઈ સારા પ્રમાણમાં ચિંતા ધરાવતા હતા અને તેથી આજે શ્રી ચીમનલાલ વાડીલાલ શાહે પોતાના લખાણ અંગે સ્વીકારેલું પૂર્ણ વિરામ સૌ કોઈના દિલમાં સ્વાભાવિક રીતે એક પ્રકારની રાહત પેદા કરે છે, પણ જે પૂર્ણ વિરામ ગમે ત્યારે અપૂર્ણ વિરામમાં પલટાવાનો સંભવ છે, અને અદ્યતન પૂર્ણ વિરામ સ્થાયી પૂર્ણ વિરામમાં પરિણમે તો પણ, જે રીતે આ બધું ભીનું સંકેલાયું છે તેમાં ખરેખર સંતોષ ચિંતવવા જેવું કે આનંદ અનુભવવા જેવું કશું દેખાતું નથી.

મુનિ ચિત્રભાનુ ઉપર તેમણે મૂકેલા આક્ષેપો તેમના ચાલુ આચાર તેમ જ તેમના એક જૈન સાધુ તરીકેના ચારિત્ર્યને ગંભીરપણે સ્પર્શે છે. આચારવિષયક આક્ષેપોને આપણે બહુ મહત્વ ન આપીએ, પણ ચારિત્ર્યવિષયક - શીલવિષયક - આક્ષેપો એટલા બધા ગંભીર છે કે તે સામે કોઈ પણ સમજદાર માનવી સર્વથા આંખો મીંચી ન જ શકે. જો એ આક્ષેપોમાં ખરેખર સંપૂર્ણ તથ્ય હોય અથવા તો મહદ્ અંશે તથ્ય હોય તો આ પ્રકારનું સાધુ જીવન એ સાધુત્વની નરી વિડંબના છે એમ જ કહેવું પડે. જો એમાં કશું તથ્ય ન હોય, અથવા તો અંશ માત્ર તથ્ય ઉપર અતથ્યોની ઈમારત ચણવવામાં આવી હોય તો, તેવા આક્ષેપો કરવામાં રાચતું પત્રકારત્વ હીન-કોટિનું છે, કોઈ એક સુપ્રતિષ્ઠિત વ્યક્તિને સમાજમાં એકદમ નીચે ઉતારી નાખવાની પ્રક્રિયારૂપ છે એમ કહેવું પડે. એટલા માટે આ પ્રકારના આક્ષેપોમાં રહેલા તથ્યાતથ્યની કોઈક ગંભીર ચકાસણી થવાની બહુ જરૂર હતી એમ મને અને મારી માફક વિચાર કરતા કેટલાક સાથી મિત્રોને લાગતું હતું, અને તેથી આ માટે અમારી તરફથી જેઓ કોઈ પણ એક પક્ષે ઢળેલા ન હોય, અને જેમની સમાજનિષ્ઠા વિષે બેમત ન હોય એવી ત્રણ કે પાંચ વિશિષ્ટ વ્યક્તિઓની એક તપાસ સમિતિ ઊભી કરવાનો પ્રયત્ન ચાલતો હતો. આવી તપાસ સમિતિ ઊભી થઈ શકી હોત અને તેને બંને પક્ષોએ પૂરો સાથ આપ્યો હોત અને જરૂરી એવી બધી સામગ્રી તે એકઠી કરી શકી હોત તો તેનો નિર્ણય જૈન સમાજને જરૂર માર્ગદર્શક બન્યો હોત, અને આજે જે કેવળ ભીનું સંકેલવાની રીતે ચર્ચાનો અંત આવ્યો છે તેવો અંત ન આવત. આવી સમિતિ ઊભી કરવામાં કેટલીક મુશ્કેલીઓ હોઈને, અમારો આ પ્રયત્ન મૂર્તરૂપ ધારણ કરે તે પહેલાં, આ ચર્ચાનો એક યા બીજા પ્રકારે અંત આવ્યો છે અને હવે તેને ચૂંથવામાં તુરત કોઈ ખાસ લાભ દેખાતો નથી અને તેથી ઉપર જણાવેલ તપાસ સમિતિ માટે હવે કોઈ અવકાશ રહેતો નથી. પણ આજે જેને પૂર્ણ વિરામ લેખવામાં આવે છે તે ચાલુ રહે તો પણ તેનાં બે પરિણામો તો અવશ્ય આવવાનાં જ :

(૧) મુનિ ચિત્રભાનુના ચારિત્ર્ય ઉપરના આરોપો તેમની જીવનયાત્રામાં જ્યાં ત્યાં અને જ્યારે ને ત્યારે અવરોધો ઊભા કર્યા કરશે, કાષ્ટઘંટા માફક તેમના પગમાં જ્યાં ત્યાં અટવાયા કરશે અને તેના વળગાડથી તેઓ કદિ પણ છૂટી નહિ શકે.

(૨) પ્રસ્તુત પ્રકરણમાં આપણે જોયું તેમ એકને કેન્દ્રમાં રાખીને અનેકને સાથે સાથે કાતરતી એ પ્રકારની તેમની લેખન-પ્રવૃત્તિ સત્યોપાસનાના નામે, ધર્મગૌરવના નામે, નિરંકુશપણે ચાલ્યા કરવાની અને તેમાંથી તરેહ તરેહનાં દુઃખદ, ગ્લાનિજનક પ્રકરણો નિર્માણ થતાં રહેવાનાં.

આ છે ચિત્રભાનુ પ્રકરણ ઉપર હાલ તુરત પડેલા પડદાની ફલશ્રુતિ.

પરમાનંદ.

યરવડા ચક્ર વિરુદ્ધ અંબર ચરખો

(પ્રબુધ જીવનમાં ગતાંકના પૂ૦ બાપુજીની ૯૪મી જન્મજયંતી પ્રસંગે શ્રી નારણદાસ ખુ. ગાંધીએ કરેલું મંગળ પ્રવચન પ્રગટ કરવામાં આવ્યું હતું અને એ પ્રવચનમાં અંબર ચરખાનો વિરોધ કરવામાં આવ્યો હતો અને તેની અપેક્ષાએ ચાલુ યરવડા ચક્રની ૧૪ વિશેષતાઓની એક યાદી રજૂ કરવામાં આવી હતી. એ લેખ વાંચીને ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડની ખાદીયોજનાના નિયામક શ્રી ચીનુભાઈ ગીરધરલાલ શાહે અંબર ચરખાનું સમર્થન કરતો એક લેખ પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશનાર્થે લખી મોકલ્યો છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

મુ. શ્રી નારણદાસકાકાની ખાદીની તપશ્ચર્યા એટલી ઊંડી છે કે ખાદી કે ચરખા અંગે તેઓ જે કાંઈ બોલે તેની ખાદી અને ચરખાનું હિત જેને મન વસ્યું છે તેવો કોઈ પણ માણસ ઉપેક્ષા ન કરી શકે. જ્યારથી અંબર ચરખો ક્ષેત્રમાં આવ્યો છે ત્યારથી અંબર ચરખો ખાદી અને ચરખાના ખરા સ્વરૂપથી આખા ખાદી કામને દૂર રાખી દેશે અને તે દ્વારા ખાદી કાર્યને કંઈક ગંભીર નુકસાન પહોંચી જશે તેવું મુ. શ્રી નારણદાસકાકાને હંમેશાં લાગ્યા કરે છે. તેથી કાંઈ નહિ તો વર્ષમાં એક વાર તો અંબર વિરુદ્ધ પોતાનો પુણ્ય-પ્રકોપ ઠાલવ્યા વગર તેમનાથી રહી શકાતું નથી. આ વેળા પણ એમણે એવું જ કાંઈક પ્રવચન કરેલ છે. બીજી બાજુ ખાદીમાં એટલા જ ઓતપ્રોત અને એટલા જ આદરણીય એવા ઘણા કાર્યકરો છે કે જેમને અંબરમાં ગાંધીજીએ વિચારેલા સંશોધિત ચરખાનાં દર્શન થયાં છે. જો કે ઈતિહાસમાં ઘણી વાર એવું બન્યું છે કે એક જ માણસનું કથન સત્ય હોય અને દુનિયા આખી બીજી રીતે વિચારતી હોય તો પણ તે સત્ય ન હોય. એટલે ઘણા લોકો અંબરના પક્ષમાં હોય તેટલી હકીકત મુ. શ્રી નારણદાસકાકાના કથનને સાચી પરિસ્થિતિથી વેગળું ગણી નાખવા માટે પૂરતી નથી.

મુ. શ્રી નારણદાસકાકાએ ચાલુ યરવડાચક્રના ગુણોના ૧૪ મુદ્દા રજૂ કર્યા છે. જો કે એ રજૂઆતમાં એ ગુણો અંબર ચરખાને પણ થોડે ઘણે અંશે લાગુ પડે છે કે નહિ અને અંબર ચરખો કેટલીક દૃષ્ટિએ વધારાના ગુણો ધરાવે છે કે નહિ તેની કોઈ સ્પષ્ટતા નથી. એમ છતાં પણ ૧૪ ગુણોની યાદીની નીચે મુ. શ્રી નારણદાસકાકા જણાવે છે કે "આવા આવા અનેક ગુણ ધરાવતો રેંટિયો આપણા હાથમાં છે, એટલે આજે નવા રેંટિયા શોધવાની આવશ્યકતા નથી." ચાલુ યરવડા ચક્ર હમણાં હમણાં કાંઈ નવી નવાઈનો શરૂ થયો હોય તેવું નથી. ઉપર જણાવેલ ૧૪ ગુણવાળો રેંટિયો ગાંધીજીના જમાનામાં પણ હતો. ખુદ ગાંધીજી પોતે પણ યરવડાચક્રના કાંતનાર હતા, એટલું જ નહિ પણ, યરવડાચક્રમાં નાનાં મોટાં સંશોધન કરવામાં પણ ગાંધીજીનો પ્રત્યક્ષ હાથ હતો. છતાં ખુદ ગાંધીજીને પણ વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા દ્વારા કાપડ ઉત્પાદન માટે યરવડાચક્રની કાર્યક્ષમતા ઘણી ઓછી લાગેલી. તે હકીકત તો લગભગ જીવનના અંત સુધી અવારનવાર ચરખાના સંશોધનકારોને કરેલા તેમના સંબોધનોમાં સૂચિત જ છે. ગાંધીજીનાં નિર્વાણ પહેલાં જ્યારે ગાંધીજી છેલ્લી વાર સેવાગ્રામ છોડતા હતા ત્યારે શ્રી કૃષ્ણદાસભાઈને ચરખા સંશોધન બાબત તેમણે જે શબ્દો કહેલા તે આ અંગેની તેમની બેચેની જાહેર કરે છે. આ રહ્યા તે શબ્દો :—

"શું આપણે એવો ચરખો ન શોધી શકીએ કે લોકો ઘેર ઘેર રાજી થઈને કાંતે, અને કાંતવાનો એમને ઉપદેશ ન આપવો પડે? આપણા દિમાગ જડ થઈ ગયા છે, નહિ તો એવો ચરખો બનાવી લેવો તે કોઈ મુશ્કેલ વાત નથી."

આજનો ચાલુ યરવડાચક્ર અનેક ગુણ ધરાવતો હોવા છતાં પણ, નવો ચરખો શોધવાની આવશ્યકતા છે તેવા પ્રતિપાદન માટે

એક વ્યકિત સમક્ષ તેમણે કરેલાં આવાં સૂચનને આપણે કદાચ વિશેષ મહત્વ ન આપીએ, તો પણ ગાંધીજીએ ક્લ્પેલ સંશોધિત ચરખો કેવો હોવો જોઈએ તે અંગે આપણી પાસે તેમનો તથા ચરખા-સંઘનો સ્પષ્ટ અભિપ્રાય છે. તા. ૨૪ જુલાઈ ૧૯૨૯ના રોજ તે વખતના "યંગ ઈન્ડીઆ"માં ગાંધીજીએ ક્લ્પેલ સંશોધિત ચરખો બનાવવા માટે એક લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરેલ તેમાં આઠ શરતો આપેલી. તેમાંની બધી શરતો અહીં આપીને જગ્યા નહિ રોકું, પરંતુ તેમની એક શરત નંબર-૪ સવિશેષ મહત્વની હતી જે નીચે મુજબ છે :—

"સતત આઠ કલાક કામ કરીને ૧૨થી ૨૦ નંબરનું ૧૬૦૦૦ વાર સૂતર કંતાવું જોઈએ."

આ જાહેરાત વેળા યરવડાચક્ર જેટલી કાર્યક્ષમતાવાળા ચરખા મોજુદ હતા જ. અનેક ગુણ ધરાવતા યરવડાચક્રની કાર્યક્ષમતા આજે પણ આઠ કલાકના ૨૫૦૦ વારથી વધારે નથી. ઉપરની શરત ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાની દ્રષ્ટિએ ચરખાની જરૂરી કાર્યક્ષમતા ગાંધીજીએ ૧૯૨૯માં પણ ૧૬૦૦૦ વાર મૂકી હતી. આજે ૧૯૬૩માં જો કાંઈક ફરક થયો હોય તો તે કાર્યક્ષમતા વધારવા તરફ થયો છે, ઘટાડવા તરફ નહિ. એટલે "આવા આવા અનેક ગુણ ધરાવતો રેંટિયો આપણા હાથમાં છે, એટલે નવો રેંટિયો શોધવાની આવશ્યકતા નથી." એમ કહેવું એ ગાંધીજીએ ધારેલી સમાજવ્યવસ્થાની કલ્પના સાથે બેસતું આવતું લાગતું નથી. એમ તો જ્યારે એક લાખ રૂપિયાનું ઈનામ ચરખા સંઘ તરફથી જાહેર થયું, ત્યારે પણ તે વેળા કોઈકે તો નવી નવી શોધો તરફ આંગળીઓ બતાવ્યો જ હશે. તા. ૨૧-૧૧-૧૯૨૯ના યંગ ઈન્ડિયામાં ગાંધીજીનું નીચેનું લખાણ ખાસ ધ્યાન ખેંચે તેવું છે:—

"કાંતણ—આંદોલનને જન્મ આપનારાઓ એવો રેંટિયો શોધવાના પ્રયત્નો કરી રહ્યા છે, જે વડે ઝૂંપડામાં રહેનારાઓ આજના રેંટિયા કરતાં વધુ પ્રમાણમાં અને વધુ બારીક સૂતર એટલા જ વખતમાં પોતાના ઝૂંપડામાં બેસીને કાંતી શકે. આ પ્રયત્નોમાં જરા યે અસંગતિ નથી. ઘરનાં યંત્રોને સુધારવાની પ્રગતિશીલ પદ્ધતિ પ્રાચીનકાળથી ચાલતી આવી છે. તકલીની જગા રેંટિયાએ લીધી. રેંટિયામાં પણ ધીરે ધીરે સુધારા થતા ગયા તે આજે જુદા જુદા પ્રાંતોમાં ચાલતા જુદા જુદા નમૂનાના જૂના રેંટિયાઓ ઉપરથી જોઈ શકાશે."

ગાંધીજીનું આવું લખાણ હોય એટલા જ માત્રથી ચરખામાં શોધ કરવાની આવશ્યકતા છે તેવું કંઈ પૂરવાર નથી થઈ જતું. પરંતુ કોઈ પણ વસ્તુ પરિપૂર્ણતાએ પહોંચી ગઈ છે અને તેમાં સુધારાની કોઈ આવશ્યકતા નથી એમ કહેવું એ પોતાની ચોક્કસ માન્યતાને વધારે પડતું મહત્વ આપી દેવા જેવું લાગે છે. અપૂર્ણ બુદ્ધિવાળા મનુષ્યની કોઈ પણ શોધને આગળ વધારવા નવાં નવાં સંશોધનની જરૂર રહે જ છે. આ રીતે વિચારતાં મુ. શ્રી નારણદાસ-કાકાનું "આજે નવો રેંટિયો શોધવાની આવશ્યકતા નથી." એ વિધાન કેમે ગળે ઉતરતું નથી.

મુ. શ્રી નારણદાસકાકાનું બીજું મહત્વનું વિધાન એ છે કે લાખો રૂપિયાનો ખર્ચ કરવા છતાં અંબર ચરખો ફળીભૂત થયો નથી. ખાદી કાર્ય મૂળે જ ધીમું કાર્ય છે. તા. ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ પછી ખાદી કાર્યમાં વેગ આપનાર આઝાદી મેળવવાની તમન્નાનો ચમકારો ખાદી ક્ષેત્રમાંથી નીકળી ગયો. બીજી બાજુ તા. ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના દિવસ પછી ખાદીને તેના પ્રણેતાની પ્રત્યક્ષ પ્રતિભા મળતી બંધ થઈ. એટલે હવેના ખાદી કાર્યે વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાના સાચાપણાના નક્કર ખડક પર જ ઊભું રહેવું રહ્યું. બીજી બાજુએ અંબર ચરખાએ હાથ કંતામણના ક્ષેત્રમાં "રીંગ સ્પીનીંગ"—પૂણી કતાઈ—પહેલવહેલી દાખલ કરી. બે આંગળીના ટેરવાથી અત્યાર સુધી કામ કરવામાં આવતું હતું. તેના બદલે હવે કેટલીક યાંત્રિક તેમ જ તાંત્રિક પદ્ધતિઓ દાખલ થઈ છે. આ બધાં માટે હાથકંતામણનું ક્ષેત્ર માનસિક રીતે તૈયાર ન જ ગણાય. તેને સ્થિર થવા માટે કાંઈક સમયની જરૂર રહે જ. અંબર ચરખો આવ્યે માંડ સાતેક વર્ષ થયાં છે. એ સાતે ય વર્ષોથી હું તેની સાથે છું. અને એ સાતે ય વર્ષોમાં મેં પ્રત્યક્ષપણે તેના પર કતાઈ ચાલુ રાખી છે. યરવડાચક્ર પર પણ મેં ઓછી કતાઈ નથી કરી. બંનેના લાભાલાભ, કાંતણ કરવાવાળાને બરાબર સમજાય તેમાં પણ કાંઈ નવાઈ નથી. એક વખત ટેકનિક સમજાઈ જાય તો છેવટનો અંબર ચરખો તેના કાંતનારને આઠ કલાકમાં ૧૬૦૦૦ વાર સૂતર આપી દઈ શકે તેમ છે તે વાત હું પોતાના જાતઅનુભવ ઉપરથી કહી શકું તેમ છું. સમસ્ત દેશ પોતાના કામના કલાકોમાંથી કેટલા કલાકો કાપડ ઉત્પાદન માટે આપી શકે તેમ છે તેનો વિચાર કરીને ગાંધીજીએ ચાલુ યરવડા-ચક્ર કરતાં કાંઈક વધુ કાર્યક્ષમ સાધન બનાવવા તરફ લોકોને પ્રેર્યા હતા. આજે આપણી પાસે એવું સાધન આવી ગયું છે. તેની આજની દેખાતી તત્કાલીન નિષ્ફળતાનાં વિધાનોમાં પણ ઘણું તથ્ય નથી લાગતું. આજે પણ કેટલાંય કુટુંબો છેલ્લા કેટલાંક વર્ષોથી અંબર ચરખા ઉપર સતત માસિક રૂપિયા ૫૦થી ૬૦ રૂપિયા કમાઈ લે છે. કેટલીક જગ્યાએ અંબર ચરખો નિષ્ફળ થતો દેખાય છે તેનું કારણ તે તે જગ્યાઓની સંસ્થા કે કાર્યકર્તાઓની બિનઆવડત સિવાય બીજું કાંઈ મને જણાયું નથી. એવી સંસ્થાઓએ પોતપોતાના કાર્યકર્તાઓમાં જે કાંઈ ઊણપો હોય તેને સુધારવા પ્રયત્ન કરવો જોઈએ.

હવે માત્ર સવાગ વધુ પડતા ખર્ચનો જ રહે છે. એ સાચું છે કે, ખાદી કામ પૈસાના જોરે થઈ નહિ શકે. જો આપણે વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાને લક્ષમાં રાખીને ચરખાને તેની ઉચ્ચતમ કાર્ય-ક્ષમતાએ પહોંચાડીશું અને તેમ કરનાર લોકોના કાર્યમાં અવરોધો નાખ્યા સિવાય આજે શોધાયેલ અંબર ચરખાનો પૂર્ણ ઉપયોગ કરીને ખાદીને પ્રમાણમાં સસ્તી, સારી અને ટકાઉ બનાવશું, ઉત્પા-દન વધારશું અને તેના વેચાણની સારી વ્યવસ્થા કરીશું તો આજના વિષમ કાળમાં પણ આપણે કેન્દ્રિત અર્થવ્યવસ્થા સ્થાપન કરી શકીશું અને ચરખાને તેનું ખરું સ્થાન અપાવી શકીશું.

મુ. શ્રી નારણદાસકાકાએ ગણાવેલ યરવડા ચક્રના ૧૪ ગુણો ઉપરાંત પણ કેટલાક ગુણો અંબર ચરખામાં પડયા છે. તેમાં મોટામાં મોટો ગુણ એ છે કે, સાંજ પડતાં છેલ્લામાં છેલ્લી ઢબનો અંબર ચરખો ૧૫ થી ૨૫ રૂપિયાની કમાણી આપવાની શકિત ધરાવે છે, અને છતાં પણ તે વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાના નિર્માણને અનુકૂળ છે. ખરે જ આપણે વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા સાર્વત્રિક કરવા માંગતા હોઈએ તો સાધનોમાં સુધારા ન જ કરવા તેવો ખોટો આગ્રહ લઈને બેસવાથી અને પોતે એ ખોટા આગ્રહ દ્વારા લોકોનું કંઈક ભલું કરી રહ્યા હોઈએ તેવી રૂચિકર ભ્રમણાથી ખાદી કામને નુકસાન જ પહોંચાડવાના છીએ. માટે જેટલી ઝડપથી આપણે આ બાબતને સમજીને કાર્યક્ષમ સાધનો તરફ વળીશું તેટલી જ ઝડપથી મુ. શ્રી. નારણદાસકાકા જે સમા-જની કલ્પના કરી રહ્યા છે તે તરફ આગળ વધી શકીશું.

ચીનુભાઈ ગી. શાહ
નિયામક ખાદી યોજના
ગુજરાત રાજ્ય ખા. ગ્રા. બૉર્ડ

તાજેતરમાં આપણે ગુમાવેલાં માનવરત્નો

સ્વ૦ સેવામૂર્તિ કપિલાબહેન મહેતા

ગયા જૂન માસની ૧૧મી તારીખે ભગિની સમાજના એક પ્રમુખ કાર્યકર્તા શ્રીમતી કપિલાબહેન મંગળદાસ મહેતાં એક ગંભીર મોટર અકસ્માતનો ભોગ બનતાં સુરત ખાતે અવસાન પામ્યાં છે, અને આ રીતે એક નિષ્ઠાવાન સામાજિક કાર્યકર્તા તરીકેની ઉજ્જવળ કારકિર્દીનો અકાળે અંત આવ્યો છે. તેમના પતિ મુંબઈના એક જાણીતા સોલિસીટર હતા. કપિલાબહેન ૧૯૪૨ ની સાલમાં 'ક્વીટ ઈંડીયા' ની લડતમાં ભાગ લેતાં જેલમાં ગયા હતા અને છ મહિનાનો જેલ-વાસ તેમણે ભોગવ્યો હતો. સમાજસેવા તરફ તેઓ વર્ષોથી ઢળેલા હતા. ભગિની સમાજ તરફથી વર્ષો પહેલાં હરિજનોના ઉદ્ધારકાર્યને અનુલક્ષીને ઊભું કરવામાં આવેલ ચંદનબહેન શાહ સેવા મંદિરના તેઓ કેટલાક સમય સુધી મંત્રી હતા. તેમના પતિના અવસાન બાદ તેમણે પોતાનો બધો સમય અને શક્તિ એક યા બીજા પ્રકારના સેવા-કાર્યને અર્પિત કર્યાં હતાં. તેમના ઉપર આધાર રાખીને ભગિની સમાજે ઉદવાડા ખાતે ૧૯૪૫ની સાલમાં એક સેવાકેન્દ્ર ઊભું કર્યું હતું. આ સેવાકેન્દ્ર તેમના હાથે ખૂબ વિકાસ પામ્યું હતું. તે કેન્દ્ર હસ્તક ઊભું કરવામાં આવેલ કન્યા છાત્રાલયમાં આજે ૧૫૦ કન્યાઓ સાથે વસે છે અને ભણે છે. ઉદવાડાને કેન્દ્રમાં રાખીને તેઓ આસપાસનાં ગામડાઓમાં ફરતા રહેતા હતા. તેઓ કસ્તુરબા સેવા-ક્રામ મરોલીના એક ટ્રસ્ટી હોઈને તે અંગેના કોઈ કામસર નીકળેલા અને તા. ૧૦-૬-'૬૩ ના રોજ માંગરોળ તાલુકામાં આવેલા કેવડી ગામથી થોડે દૂર કરજણ નદી પાસે એક ગંભીર મોટર અકસ્માતના ભોગ બની બેઠા. તેમને ત્યાંથી બેભાન અવસ્થામાં સુરત જનરલ હૉસ્પિ-ટલમાં લઈ આવ્યા અને બીજે દિવસે સાંજે તેમણે દેહ છોડયો. આ રીતે સેવાકાર્યને વરેલા જીવનનો એ જ કાર્યમાં અંત આવ્યો. આજે આપણા દેશમાં સેવાના ક્ષેત્રને વરેલી અનેક બહેનો જોવા જાણ-વામાં આવે છે, પણ કપિલા બહેન જેવી નીતાંત મૌન, કશી પણ જાહે-રાતની અપેક્ષા વિનાની અને અનુપમ નિષ્ઠા તથા પરિશ્રમથી ભરેલી અને ગામડાંની પછાત બહેનોના સુખ દુઃખ સાથે એકરૂપ બનેલી એવી સમાજસેવિકા બહુ વિરલ જોવામાં આવશે.

સ્વ૦ છોટાલાલ ત્રિભોવનદાસ શાહ

તા. ૮-૭-'૬૩ ના રોજ ભાવનગર ખાતે ત્યાંના એક વર્ષોજૂના જાણીતા સામાજિક કાર્યકર શાહ છોટાલાલ ત્રિભોવનદાસનું ૮૩ વર્ષની ઉંમરે અવસાન થયું છે. તેમની અનેક સેવામાં સૌથી વધારે નોંધ-પાત્ર સેવા આજથી પચ્ચીસ વર્ષ પહેલાં તેમણે શરૂ કરેલા દવા-ખાનાને લગતી છે. આ દવાખાનામાં પ્રારંભથી આજ સુધી માત્ર એક પૈસો લઈને દર્દીઓની દવા કરવામાં આવે છે. આ દવાખાનામાં મોટા ભાગે આયુર્વેદની દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે અને ગડગુમડ ઉપર દેશી મલમપટ્ટી તથા પાટાપીંડી કરવામાં આવે છે અને આ દ્વારા અનેક ગરીબ માણસોને લગભગ વિનામૂલ્યે પાર વિનાની રાહત મળી રહી છે.

આ ઉપરાંત છેલ્લાં પચ્ચીસ વર્ષથી તેઓ લોકોની બીજી પણ અનેક રીતે સેવા કરી રહ્યા હતા અને જીંદગીના છેડા સુધી તેમની આ પરોપકાર પ્રવૃત્તિ ચાલુ હતી. તેમનો પોતાનો અનાજનો ધંધો હતો અને આર્થિક સ્થિતિ સારી હતી, એમ છતાં તેમનું જીવન સાદાઈ અને કરકસરથી ભરેલું હતું. વળી, સામાજિક કાર્યો અંગે તેમનામાં ભારે હૈયાઉકલત હતી. તેમનો અભ્યાસ નહિ જેવો હતો; ભાષા ખડબચડી હતી; રીતભાત પણ જરા બરછટ લાગે. પણ તેમ-નામાં ભારે નિડરતા હતી અને એટલું જ સત્યપરાયણ તેમનું જીવન હતું. વ્યાપારથી તેઓ વર્ષોથી અલગ થઈ ગયા હતા. કોઈ પણ પ્રકારનું અભિમાન નહિ, જીવનમાં એક પ્રકારનો વૈરાગ્ય, નજીકના પ્રત્યે પણ કોઈ મોહમમતા નહિ. ફક્ત સેવાની તેમને ધુન લાગી હતી. નિર્બ-ળના તેઓ બેલી હતા અને અસહાયને તેઓ ટેકા રૂપ હતા. આજે દરેક ગામ યા શહેરમાં આ પ્રકારના કોઈ ને કોઈ પરગજુ માનવીનાં દર્શન થાય છે. સદ્‌ગત છોટાભાઈ ભાવનગરનું એક ભૂષણ, નોધારાનો આધાર હતા. તેમના જવાથી જાણે કે, એક મોટી પેઢી ભાંગી પડી હોય એવી ભાવનગરને ખોટ પડી છે. અનેક લોકસેવકો આવશે અને જશે, પણ આવો ધુની, નિષ્ઠાવાન લોકસેવક ભાવનગરને બીજો જલ્દીથી નહિ મળે.

સ્વ. બરજોરજી ફરામજી ભરૂચા

ગયા જુલાઈ માસના પહેલા પખવાડિયા દરમિયાન મુંબઈ ખાતે શ્રી બરજોરજી ફરામજી ભરૂચાનું ૮૩ વર્ષની ઉંમરે અવસાન થયું છે, શ્રી વૈકુંઠભાઈ 'જાગૃતિ' માં તેમનો પરિચય આપતાં જણાવે છે તે મુજબ તેમને શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણી કે, શ્રી શંકરલાલ બેંકર સિવાય આજે ખાદી કાર્યકરોમાં ભાગ્યે જ બીજું કોઈ જાણીતું હશે. જો કે તેઓ સત્તાવાર રીતે કોઈ કોંગ્રેસ કમિટી કે ચરખા સંઘ કે તેમાંથી નીક-ળેલી બીજી પેટા સંસ્થાઓ સાથે જોડાયેલા નહોતા, આમ છતાં પણ, તેમના પ્રવૃત્તિકાળ દરમિયાન સ્વાતંત્ર્ય આંદોલનના અને ખાદી કાર્યના તેઓ એક ભારે સક્રિય અને અત્યંત ભાવનાશીલ પુરસ્કર્તા હતા.

જ્યારે ખાદી કેવળ એક ખડબચડું કાપડ હતું ત્યારે મધ્યમ વર્ગના પારસી ગૃહસ્થ એવા શ્રી ભરૂચા જેમણે ત્યાં સુધીનું બધું જીવન મુંબઈ જેવા મોટા શહેરમાં ગાળ્યું હતું તેમણે ખાદીને અપનાવી હતી અને આજથી ચાલીસ વર્ષ પહેલાં મધ્યય વર્ગના લોકો જે મુલાયમ પ્રકારનાં કપડાં વાપરતા હતા તેમનો તેમણે પરિત્યાગ કર્યો હતો. તેમણે પારસી ઢબનો સંપૂર્ણ ખાદીનો પોશાક ધારણ કર્યો હતો અને તેમની ખાદીની ટોપીનો ઘાટ પણ ચાલુ ગાંધીટોપીથી જુદા ઘાટનો ગોળ વાડકા જેવો હતો; આટલું જ નહિ પણ, તેમણે પ્રેસ અને પ્લેટફોર્મ ઉપર તેમ જ વ્યક્તિગત સમજાવટ દ્વારા ખાદી સિવાયના બીજા કાપડના ઉપયોગથી દૂર રહેવા માટે ભારે જોરદાર પ્રચારકાર્ય ચલાવ્યું હતું. કોઈ પણ શુભ કાર્યમાં જોડાવાને સદા તત્પર એવા શ્રી ભરૂચાએ ખાદીને લોકપ્રિય બનાવવા માટે કેટલાય સમય સુધી ખાદી અને સ્વદેશીના પ્રદર્શનો યોજવાના કાર્યમાં ખૂબ સહકાર આપતા હતા તેમ જ ખૂબ જ મદદરૂપ નીવડતા હતા.

જીંદગીનાં પાછળનાં વર્ષો દરમિયાન શારીરિક ક્ષમતા ઘટી જવાથી તેમને લગભગ નિષ્ક્રિયતા સ્વીકારવી પડી હતી. કોંગ્રેસ સાથેના મતભેદો પણ તેમાં કારણભૂત હતા. પણ તે પહેલાંનાં વર્ષો દરમિયાન તેઓ B. F. B. આવી ટૂંકી સહી વડે દૈનિક પત્રોમાં જાહેર પત્રો લખીને દેશના પ્રશ્નોની તેમ જ ચાલુ ઘટનાઓની વેધક આલોચના કરતા હતા. આ પત્રો એ દિવસોમાં અમે ખૂબ રસપૂર્વક વાંચતાં હતાં. ખાદી કાર્યકરો તેમ જ કોંગ્રેસના વર્તુળોમાં તેઓ એક સંસ્થા સમાન હતા. સૌ સાથે તેઓ પૂરી મીઠાશથી વર્તતા હતા અને જેમનાથી તેઓ જુદા પડતા હતા તેમના પ્રત્યે પણ તેઓ કદિ અસહિષ્ણુતા કે, અનુદાર ભાવ દાખવતા નહોતા. તેમનામાં કોઈ ડોળ, દેખાવ કે દંભ મળે નહિ. સાદા સીધા સરળ એવા શ્રી બરજોરજી ફરામજી ભરૂચા જેમના જેમના તેઓ પરિચયમાં આવેલા તે સર્વની પ્રીતિ અને આદરને પાત્ર બન્યા હતા. તેમના અવસાનથી મુંબઈને એક મિત્ર અને નિષ્ઠા-વાન લોકસેવકની ખોટ પડી છે. **પરમાનંદ**

સ્વ. રસિકલાલ માણેકલાલ શાહનું અકાળ અવસાન

એક વિચારકે મૃત્યુને 'એક વિસામા' તરીકે વર્ણવ્યું છે. જિંદગીભર કાર્યરત રહી, આરામની પરવા નહિ કરનાર માટે વાનપ્રસ્થાશ્રમ પછી 'મૃત્યુ' એ એક વિસામારૂપ હશે; પરંતુ જેનાં કાર્યની હજુ શરૂઆત થાય છે, એને માટે 'મૃત્યુ' વિસામારૂપ નહિ પણ શાપરૂપ

બની જાય છે. આવું જ શ્રી રસિકલાલ માણેકલાલ શાહ વિષે બન્યું. હજુ વનમાં પ્રવેશવાને પણ જેમને બેએક વર્ષની વાર હતી, હજુ તો જેમનાં કાર્યોનાં પાયા પર ઈમારત ચણાવવાની શરૂઆત થવાની હતી, એવા એક યુવાન કાર્યકરને મૃત્યુએ ગયા સોમવારે ઉપા પ્રકટે તે પહેલાં ઉપાડી લીધા.

સ્વભાવે શાંત અને હસમુખા શ્રી રસિકભાઈ સાથેનો મારો પરિચય છેલ્લાં પાંત્રીસ વર્ષથી હતો. અમદાવાદના સંઘે સર્જેલ અને પછી ઉગ્ર બનેલ 'પરમાણુંદ - સંઘબહાર - પ્રકરણ' દરમિયાન શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના જે કાર્યકર્તાઓ આપમેળે કે કાળબળે ખસી ગયા તેમની જગાઓ પૂરવાનું અમારે ફાળે આવ્યું. ત્યારથી અમે એકબીજાની નજીક આવતા ગયા અને છેલ્લાં કેટલાંય વર્ષોથી શ્રી અમદાવાદ જૈન યુવક સંઘ, વિનાબંધારણે પણ 'વ્યાખ્યાનમાળા' પૂરતી પોતાની કાર્યવાહી ચાલુ રાખી રહ્યું છે તેનું વર્ષોથી મંત્રીપદ તેઓ સંભાળી રહેલા. બાળદીક્ષા સામેનો તેમનો આણગમો અને પર્યુષણ વ્યાખ્યાનમાળા માટેનું તેમનું મમત્વ - આ બન્ને પ્રવૃત્તિમાં જેમને જેમને રસ હતો તે સૌને તેઓ જાગૃત રાખતા.

હિંદુસ્તાનમાં વ્યાપારના ક્ષેત્રે પોતાની આગવી કાર્યપદ્ધતિથી સુપ્રસિદ્ધ 'મરકતી કાપડ માર્કીટ' ના એઓ છેલ્લાં બે વર્ષથી મંત્રી હતા. વળી વર્ષેક પહેલાં સહકારી ધોરણે એજ કાપડ માર્કીટે સભ્યો માટે દુકાનોનું ભવ્ય આયોજન કર્યું એ સહકારી સોસાયટીના પણ મંત્રી હતા. ગણતરીબાજ વ્યાપારીઓની પ્રીતિ સંપાદન કરી, મંત્રીપદ માટે યુવાનવયે યોગ્યતા કેળવવી એ ઓછી સિદ્ધિ ન કહેવાય.

રાષ્ટ્રિય પ્રવૃત્તિમાં પણ તેઓ એટલા જ રચ્યાપચ્યા રહેતા. કૉંગ્રેસની ટિકિટ પર દશેક વર્ષ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તેઓ એક સભ્ય હતા. દ્વિભાષી મુંબઈ રાજ્યના ઉકળતા ચરુ વખતે, જ્યારે તળ અમદાવાદમાં દ્વિભાષી મુંબઈની વાત કરવી એ પણ જોખમ હતું ત્યારે, અમદાવાદ કૉંગ્રેસ શહેર - સમિતિનું ઉપપ્રમુખપદ પણ તેઓ સંભાળી શકેલા. માનનીય શ્રી મોરારજીભાઈની અમદાવાદની તોફાની સભાના સમયે તેમને માર પડવા છતાં, તેઓ પોતાના મંતવ્યથી જરાયે ચલિત થયેલા નહિ.

કુશળ વેપારી હોવાની સાથે એમના સ્વભાવમાં અનોખી ઉદારતા હતી. મારો પોતાનો જ અનુભવ કહું તો, જ્યારે જ્યારે કોઈ પણ વિદ્યાર્થી કે વિદ્યાર્થીની માટે 'સહાય' ની ચિઠ્ઠી લખી હશે ત્યારે, વિનાપ્રશ્ને એમણે સ્વીકારી જ લીધેલી અને અન્ય સંસ્થાઓ માટે પણ એ જ હકીકત સાચી હતી. આમ સામાજિક અને રાજકીય ક્ષેત્રે ભિન્ન વિચારો ધરાવતા હોવા છતાં બન્ને ક્ષેત્રના કાર્યકરો સાથે એમને સારો સુમેળ હતો; તેઓ અજાતશત્રુ જેવા હતા.

પંદરેક દિવસ પહેલાં, અમદાવાદથી હું મુંબઈ આવવાનો હતો તે જ દિવસે અમે સવારમાં મળ્યા ત્યારે એઓ કહે કે, 'આ વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કોને કોને આમંત્રણ આપ્યું છે? હું તો ભાગ નહિ લઈ શકું.' મેં કારણ પૂછ્યું, ત્યારે એમણે આફ્રિકા જતા હોવાની વાત કરી ઉમેર્યું: 'ઈચ્છા હોવા છતાંય, ઉતાવળ કરીશ તોયે ભાગ નહિ લઈ શકું.' ત્યારે કોને ખબર કે આ વાક્ય અન્ય રીતે સાચું પડશે? આ વર્ષે અને હવે પછીનાં વર્ષોમાં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અમારી સૌની પાછળ બેસી, શાંતિથી શ્રવણ કરનાર અને વ્યાખ્યાનમાળાને વધુ ને વધુ ફાલતીફુલતી જોઈ પ્રસન્ન થનાર શ્રી રસિકભાઈ સદેહે અમારી સાથે નહિ હોય. અલબત્ત, અમારી સૌની વચ્ચે એમની સ્મૃતિ હશે જ.

તેમના અકાળ અવસાનથી જૈન સમાજે ઉપાકાળે પ્રકટીને સુવાસ પ્રસરાવવા પ્રફુલ્લિત બની રહેલ પુષ્પને ગુમાવ્યું છે. અમદાવાદ શહેરે એક અજાતશત્રુ નાગરિક, અને ગુજરાતની સામાજિક તેમજ રાજકીય પ્રવૃત્તિએ, કંઈક કરી છૂટવા માટે યત્ન કરી રહેલ ઉત્સુક યુવાન કાર્યકર.

ધીરજલાલ ધનજીભાઈ શાહ.

પ્રકીર્ણ નોંધ

ફરજીયાત બચત યોજના વિષે વિનોબાજી

પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલી પદયાત્રા દરમિયાન તા. ૧૯-૬-'૬૩ ના પ્રવચનમાં અનિવાર્ય બચત યોજના Compulsory Savings Scheme સંબંધમાં વિનોબાજીએ નીચે મુજબ જણાવ્યું હતું:

"આજે એક ધારાસભ્યે મારી સામે કેટલાક સવાલો રજૂ કર્યા. તેમણે મારી સામે બે વાત મૂકી, તેમાંની એક હતી અનિવાર્ય બચત Compulsory Savings Scheme વાળી વાત. આ યોજના મધ્યમ વર્ગના લોકો માટે ભારે તકલીફ ઊભી કરે તેવી છે. તેમણે મને તેનું સ્વરૂપ સમજાવ્યું. ઓછી વધતી આવકવાળા માટે બચતના દરમાં ફેરફાર છે. નીચેના લોકોને (એટલે કે અતિ સામાન્ય સ્થિતિના લોકોને) ઓછું દેવું પડે છે, અને ઉપરની સ્થિતિના લોકોને વધારે આપવું પડે છે. નીચેવાળા એટલે કે જેમની આવક પ્રતિ માસ રૂા. ૧૨૫ હોય તે લોકોને ત્રણ ટકા અથવા તો પોણાચાર રૂપિયા દેવા પડશે.

"આ ૧૨૫ રૂપિયાની આવકનો શું અર્થ છે? મધ્યમ વર્ગના કુટુંબ પરિવારમાં એક માણસ કમાતો હોય છે અને તેની ઉપર પાંચ માણસોનો પરિવાર નભતો હોય છે. બાળકોના શિક્ષણનો ખર્ચ વગેરે સર્વ પ્રકારનો ખર્ચ તે રકમમાંથી જ કાઢવાનો હોય છે. પાંચ માણસોના પરિવાર માટે એકસો પચ્ચીસ રૂપિયા એટલે વ્યક્તિ દીઠ પચ્ચીસ રૂપિયા થયા. તેમાંથી પણ અનિવાર્ય બચતની રકમ જો લઈ લેવામાં આવે તો તે વિષે શું કહેવું? આમ છતાં પણ "ચીન સાથે મુકાબલો કરવા માટે આટલું શોષણ કરવું જ પડશે" એમ સરકારનું કહેવું છે.

"બીજી બાબત એ બતાવી કે, ચોખાનો ભાવ પાંત્રીસ રૂપિયાના મણ એટલે કે ચૌદ આને શેર સુધી પહોંચી ગયો છે. ચોખા આટલા બધા મોંઘા કે જે ખાવામાં સૌથી વધારે વપરાય છે! એક બાજુ આ મોંઘવારી અને બીજી બાજુ આ અનિવાર્ય બચત! આ બે વચ્ચે બિચારા સામાન્ય લોકો પીસાઈ જવાના."

ફરજિયાત અથવા તો અનિવાર્ય બચતને લગતા સરકારી કાનૂન અંગેના વિનોબાજીના વિરોધમાં સામાન્ય પ્રજાજનોની લાગણીનો અને મૂંઝવણનો પ્રતિધ્વનિ રહેલો છે. ભારત સરકારે પ્રસ્તુત બચત યોજનાને અમલી બનાવતાં પહેલાં આ વિરોધનો ગંભીરપણે વિચાર કરવો જ જોઈએ અને ફરજિયાત બચત અંગેની આવકની રકમને આવકવેરાના ધોરણ જેટલી મોટી બનાવવી જ જોઈએ અને એ રીતે મૂળ અંદાજાયેલી સરકારી આવકમાં થતા ઘટાડાને બીજી રીતે ભરપાઈ કરી લેવો જોઈએ.

પણ આ યોજના લોકસભામાં બજેટ રજૂ થયું એટલે માર્ચની પહેલી તારીખથી પ્રજા સમક્ષ મૂકવામાં આવી છે અને હવે તો તેને કાનૂની અમલનું રૂપ મળી ચૂક્યું છે અને ભારતના અર્થસચિવ આ યોજનાનું મક્કમપણે સમર્થન કરી રહ્યા છે. તો પ્રશ્ન એ થાય છે કે, સાડાત્રણ મહિના વિનોબાજી ક્યાં ઉંઘતા હતા? તેઓ દેશના એક જવાબદાર નેતા છે, પ્રજાના સુખ દુઃખની સતત ચિંતા ધરાવે છે. આવી જેમની જવાબદારી હોય અને આવી ચિંતા ધરાવવાનો જેમનો દાવો હોય તેમણે સરકારી બજેટ અને તેના પ્રજાજીવન ઉપર પડતા આઘાત-પ્રત્યાઘાતો વિષે સજાગ રહેવું જ જોઈએ અને સરકારના જે પગલાંથી પ્રજાની તકલીફ વધી જશે તેમ લાગે તે પગલું ભરતાં સરકારને વખતસર અટકાવવી જોઈએ. પ્રજાજીવનને સ્પર્શતા આવા વિષય અંગે કોઈ ધારાસભ્ય આવીને વિનોબાજીનું ધ્યાન ખેંચે ત્યારે તેમને ખબર પડે અને પછી આવી બાબત અંગે પોતાનો પ્રકોપ જાહેર કરે એ પ્રજાના સુખદુઃખ વિષેની પૂરી જાગૃતિનો અભાવ દાખવે છે. જ્યારે ધારાસભાની ઓરણ ઉપર આ પ્રશ્ન ટીપાઈ રહ્યો હતો ત્યારે વિનોબાજી તે વિષે જે કંઈ બોલે યા કહે તેની અચૂક અસર પડ્યા વિના ન રહેત. આજે તો આવો વિરોધ અને આવો પ્રકોપ 'હવે તમે ઘણા મોડા છો,

અમલી બનેલી યોજનામાં હવે ફેરફારની શક્યતા નથી' આવા જવાબ વડે અરણ્યરૂદનમાં પરિણમે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

દેસાઈબંધુઓ વળી પાછા ગુજરાત સરકાર સામેના બહારવટે

આજથી બરાબર બાર મહિના પહેલાં અમદાવાદ ખાતે કાળુપુર કોંગ્રેસ સમિતિના ઉપક્રમે ત્રણ મંડળ સમિતિઓના કોંગ્રેસી કાર્યકરોના સંમેલનમાં તા. ૨૯-૭-'૬૩ના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ભૂતપૂર્વ પ્રમુખ અને ગુજરાત વિદ્યાપીઠના ઉપ-કુલપતિ-શ્રી ઠાકોરભાઈ દેસાઈએ ગુજરાતની કોંગ્રેસ સરકાર સામે જેહાદ પોકારતું એક વ્યાખ્યાન કર્યું હતું અને તેની 'ગુજરાત સરકાર સામે એક પ્રકારનું બહારવટું' એ મથાળા નીચે તા. ૧૬-૮-'૬૨ ના પ્રબુદ્ધ જીવનમાં વિગતવાર આલોચના કરવામાં આવી હતી. એ આલોચનામાં શ્રી ઠાકોરભાઈને સાથ આપતા 'સત્યાગ્રહ'ના તંત્રી શ્રી મગનભાઈ દેસાઈનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આજે પણ એ જ દેસાઈ બંધુઓએ વર્તમાન પ્રધાનમંડળ સામે—ખાસ કરીને મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતા, શ્રી રસિકલાલ પરીખ અને શ્રી રતુભાઈ અદાણી સામે—ફરીથી જેહાદ શરૂ કરી છે અને આ પ્રધાનમંડળને—આ ત્રણ પ્રધાનોને-સત્તાસ્થાન ઉપરથી જેમ બને તેમ જલ્દીથી ખસેડવા હાકલ કરી છે.

આની શરૂઆત "હવે આગળ શું?" એ મથાળા નીચે તા. ૨૨-૬-'૬૩ તથા તા. ૧૩-૭-'૬૩ ના 'સત્યાગ્રહ'માં લેખો લખીને શ્રી મગનભાઈ દેસાઈએ કરી છે. શિહોરની તાજેતરમાં થયેલી ચૂંટણીમાં શ્રી બળવંતરાય મહેતાની જીત ગુજરાતની આજના પ્રધાનમંડળને પડકાર રૂપ છે એવું એ જીતને રૂપ આપીને તેમના લખવા મુજબ જેના વિષેનો અસંતોષ દિનપ્રતિદિન વધતો જાય છે એ ડૉ. જીવરાજ મહેતા-અધિષ્ઠિત પ્રધાનમંડળની ફેરબદલી કરવાની જરૂરિયાત ઉપર શ્રી મગનભાઈ દેસાઈએ ઉપર જણાવેલ લેખો દ્વારા ખૂબ ભાર મૂક્યો છે અને શિહોરની ચૂંટણીનું શ્રી બળવંતરાય મહેતા તરફી પરિણામ જે રાજકારણી ફેરફારની અપેક્ષા રાખે છે એ ફેરફારને સત્વર મૂર્ત રૂપ આપવાનો તેમણે અનુરોધ કર્યો છે. 'હવે આગળ શું?' એ પ્રશ્ન પાછળ રહેલો તેમનો આશય આ મુજબનો છે.

આ લેખોમાં રજૂ કરવામાં આવેલા વિચારો ગુજરાતના રાજકારણી વાતાવરણને ક્ષુબ્ધ કરી રહ્યા હતા એવામાં શ્રી ઠાકોરભાઈ દેસાઈએ રાજકોટ ખાતે તાજેતરમાં પત્રકારોને મુલાકાત આપતાં રજૂ કરેલા ઉદ્‌ગારો બેફામ અને બીનજવાબદાર વાણીનો બેનમૂન નમૂનો રજૂ કરે છે. આ મુલાકાતનો સાર તા. ૨૫-૭-'૬૩ના જન્મભૂમિમાં સવાલ-જવાબના આકારમાં નીચે મુજબ આપવામાં આવ્યો છે.

પ્રશ્ન : ગુજરાત કોંગ્રેસમાં અત્યારે જે પરિસ્થિતિ છે તેનો ઉકેલ શું?

ઉત્તર : એનો ઉકેલ એક જ છે. કાં તો ત્રણ પ્રધાનોએ જવું જોઈએ અથવા તો તેમને હાંકી કાઢવા જોઈએ.

પ્રશ્ન : એ ઉકેલ અમલી કેમ બનાવતા નથી?

ઉત્તર : તમે ધારો એટલું એ સહેલું નથી. અમારે આ માટે શ્રી નહેરુને પ્રતીતિ કરાવવાની છે કે આ તંત્ર ચાલી શકે તેમ નથી. આવી પ્રતીતિ અમે કરાવી શક્યા નથી; પરંતુ શ્રી નહેરુ પણ આ ત્રિપુટીને પૂરાં પાંચ વર્ષ સત્તા પર રાખી શકશે નહિ. જો કોંગ્રેસ આ લોકોને કાઢી ન શકે તો તે નિર્જીવ સંસ્થા છે એમ હું માનીશ અને આવી નિર્જીવ સંસ્થા સાથે મારે કેવો સંબંધ રાખવો તે વિચારવું પડશે. અમારી કમનસીબી છે કે, અત્યારની સરકારને વિરોધ પક્ષ ચાહે છે અને કોંગ્રેસ પક્ષ ચાહતો નથી. એ લોકોને વિરોધીઓના ટેકા ઉપર રાજ્ય કરવું છે. એ તો એક વખત સત્તા ઉપરથી ઉતરે પછી તેમને ખબર પડે કે લોકોમાં તેમનું શું સ્થાન છે? મારો શબ્દ લખી રાખજો : 'સત્તા ઉપરથી ઉતર્યા પછી માર્યા માર્યા ફરશે.' સંસ્થામાં રહેવા માટે થોડીક સેવાની મૂડી જોઈએ છે. કોઈ રાજ્યમાં વિરોધી પક્ષની સરકાર ચાલતી હોય તેના કરતાં પણ બદતર રીતે કોંગ્રેસ સરકાર ચાલે છે. અમદાવાદમાં હું પત્રકારો સાથે ઝાઝું બોલતો નથી, કારણ કે બધા પત્રકારોને આ લોકોએ ખિસ્સામાં રાખ્યા છે."

આ રીતે આ બન્ને દેસાઈ બંધુઓએ ગુજરાતની કોંગ્રેસ સામે વળી પાછું ફરીથી બહારવટું શરૂ કર્યું છે અને એ બેમાં પણ શ્રી ઠાકોરભાઈએ બોલવામાં—પોતાના વિચારો રજૂ કરવામાં—શિસ્તની, સભ્યતાની બધી મર્યાદાઓ બાજુએ મૂકી દીધી છે. આના પરિણામે ગુજરાતના રાજકારણમાં ભારે ખળભળાટ પેદા થયો છે અને કંઈ કંઈ પરિણામોની અટકળો શરૂ થઈ છે. ગુજરાતમાં બે વર્ષથી સ્થિર થયેલી સરકારને આજની કટોકટીની પરિસ્થિતિમાં ઉથલાવી નાખવા માંગતી આ હિલચાલથી શું લાભ થવાનો છે તેની કોઈ કલ્પના આવતી નથી. જે કાંઈ બની રહ્યું છે તે કોઈ અમંગળ ભાવીની આગાહી કરે છે અને કોંગ્રેસ અંદરની જૂથબંધીએ ભારતના અન્ય રાજ્યોની જે અવદશા કરી છે તેવી અવદશા તરફ ગુજરાત પણ ઘસડાઈ રહ્યું હોય એમ લાગે છે. સત્તાના રાજકારણે સૌ કોઈને પ્રમત્ત બનાવ્યા છે. સત્તા ઉપર છે તેમાંથી કોઈ સત્તા છોડવાને તૈયાર નથી અને સત્તા ઉપર નથી તેમને સત્તા પ્રાપ્ત કરવાની ઘેલછાએ પ્રમત્ત બનાવ્યા છે. આવા વાતાવરણમાં હાલ તુરત કોઈ સમજણ અને શાણપણભર્યા ઉકેલની આશા દેખાતી નથી. ગુજરાતના સર્વોત્કૃષ્ટ નેતા લેખાતા માન્યવર શ્રી મોરારજીભાઈ "**न कोऽपि शृणोति माम्**" 'મને કોઈ સાંભળતું નથી' એવી અસહાય દશા અનુભવતા લાગે છે. ગુજરાતનું જાણે કે આજે કોઈ ધણીધોરી ન હોય એવી માનસિક અરાજકતા ચોતરફ ફેલાયેલી દિસે છે. ગાંધીજી અને વલ્લભભાઈના ગુજરાતની આવી દશા જોઈને દિલ ઊંડી વ્યથા અનુભવે છે. **પરમાનંદ**

સફળ તપસ્યા

'અમે સાત દિવસના ઉપવાસ કરીએ છીએ—' આ વાક્ય લખેલું મોટું પાટિયું ટીંગાડીને લંડનમાં સાત જણાએ ગયા વર્ષના ઑગસ્ટની અગિયારમીથી અઢારમી લગી ઉપવાસ કર્યા. ઉપવાસ કરવાનો હેતુ આ હતો કે દુનિયાની વસ્તિના બે તૃતીયાંશને પેટપૂરણ ખાવાનું મળતું નથી, છતાં અસ્ત્રશસ્ત્ર ઉપર કોણ જાણે કેટલા હજાર કરોડ રૂપિયાનું ખર્ચ થાય છે—આ હકીકત પ્રત્યે લોકોનું ધ્યાન ખેંચવું અને આ વસ્તુસ્થિતિ બાબત આપણી સૌની, એક એક જણની, અંગત જવાબદારી છે તથા અહિંસાથી આ સમસ્યાનો ઉકેલ આવી શકે એમ સૌને બતાવવું. ઑક્સફૅમ નામે ઑક્સફર્ડમાં સંકટનિવારિણી સંસ્થા છે એને માટે ઉપવાસીઓએ આ રીતે લગભગ ૨૫ પાઉંડ ઉઘરાવ્યા, અને સાત દિવસ પોતે કાંઈ ખાધું નહિ એના કરીને બીજા ૨૦ પાઉંડ એ સંસ્થાને મોકલ્યા.

આવી જ રીતે ટૉનબ્રિજમાં છ જણાએ છઠ્ઠ (૪૮ કલાકનો ઉપવાસ) કર્યો, તો પડખે થઈને જે નિકળે તે થોડાક પૈસા આપી જાય એવું બન્યું. એક સ્ત્રીએ તો બસનું ભાડું આપી દીધું ને ઘેર ચાલીને ગઈ. સાંજના સાતથી રાતના બાર લગીમાં પાંચ પાઉંડ ભેગા થયા. પછી થોડોક સંતોષ અનુભવીને ઉપવાસી સૂઈ ગયા. તેમાંના કેટલાક તો નદીકાંઠાના કઠેડાથી લંબાવેલી તાડપત્રી (ટારપોલિન) નીચે જ સૂતા. બીજે દિવસે તો ટૉનબ્રિજના કેટલાક રહેવાસીઓએ પણ સહઉપવાસ કર્યો. ઘણા વેપારી બાજુએથી વારે વારે નિકળ્યા તે સૌએ પોતા આગળ ખુડદો હતો તે બધો ઉપવાસીના ડબામાં ઠલવી દીધો. એક જણને ભીંડને લીધે પોતાની મોટર ઠીક ઠીક વાર ઊભી રાખવી પડી. એણે એક પાઉંડની નોટ ફગાવી. ઉપવાસીએ ૪૦ પાઉંડ ભેગા કરવાની આશા રાખી હતી તેને બદલે આમ ૭૯ પાઉંડ ભેગા થયા.

બુર્નમાઉથમાં કેટલાક જણે છત્રીસ કલાકના ઉપવાસ તથા જાગરણ કર્યું અને ૨૧૬ પાઉંડ ભૂખમુક્તિની લડત માટે ઉઘરાવ્યા.

નૉરિચમાં બાર કલાકનો ઉપવાસ કરીને કેટલાક જણે ૧૧૦ પાઉંડ ભેગા કર્યા.

લીસ્ટરના ટાઉનહૉલ—ચોકમાં પચાસ જણે ૨૪ કલાકનો ઉપવાસ કર્યો અને લગભગ સો પાઉંડ ભેગા કર્યા.

મુસલમાન રોજા (ઉપવાસ) કરે એટલું જ નહિ પણ જકાત (દાન) આપે એ આવશ્યક ગણાય છે. જૈનમાં દાન, શીલ, તપ ને ભાવ એ ધર્મનાં ચાર અંગ ગણાય છે. ઘણા જૈનને ઉપવાસ કરતા જોયા છે, પણ તપ તો ધર્મનું ત્રીજું અંગ છે; પહેલું અંગ તો દાન છે, ને બીજું અંગ ચારિત્ર છે.

દેસાઈ વાલજી ગોવિન્દજી

ભારતીય સંસ્કૃતિમાં ગુજરાતનું સ્થાન

(ગતાંકથી ચાલુ)

દક્ષિણ ભારત સિવાયના સમગ્ર ભારતમાં મુસલમાનોએ મંદિરોનો ધાણ કાઢી નાખ્યો છે. એમ છતાં પણ કુમારપાલના કાળના અને બીજાં અનેક મંદિરો ગુજરાતમાં સુરક્ષિત રહી શકયાં છે, એટલું જ નહિ પણ, અમદાવાદમાં તો નગરશેઠની પહોંચ ઠેઠ દિલ્હીના બાદશાહ સુધી હતી અને તેથી તેઓ મુસલમાનોએ તોડેલાં જૈન મંદિરને ફરી બંધાવવાનું ખર્ચ બાદશાહ પાસેથી લઈ શકયા. આ તેમની કુનેહ કાંઈ એક પેઢીની ન હોઈ શકે અને એવી કુનેહ કેવળ ગુજરાતમાં જ જોવામાં આવી છે. છેલ્લે છેલ્લે ગાંધીજીનું વ્યવહારુ ડહાપણ આપણે જોયું. એને કારણે સમગ્ર ભારતવર્ષ સ્વાધીન થયું એમ ગૌરવ સાથે આપણે કહી શકીએ અને સરદાર વલ્લભભાઈ પટેલની કુશળતાએ રજવાડાં દૂર કરી ભારતની એકતા સાધી આપી તેના મૂળમાં પણ સૈકાજૂની પરંપરાને જ કારણ કલ્પી શકાય. કેવળ વ્યકિતગત સામર્થ્ય નહિ. વ્યકિતગત સામર્થ્ય ખરું, પણ એના ઘડતરમાં જે પ્રજાગત વારસો હોય છે તે બહુ મોટો ભાગ ભજવે છે.

પારસીઓને ગુજરાતે આશ્રય આપ્યો એ તો તાજી હકીકત કહેવાય અને એથી સરવાળે તો ગુજરાતને ઘણો જ લાભ થયો છે એ હકીકત છે. પણ ભગવાન શ્રી કૃષ્ણને પણ મથુરા છોડી સૌરાષ્ટ્રમાં જ આશ્રય લેવો પડયો હતો. અને આજે કૃષ્ણભકિત સમગ્ર ભારતમાં ફેલાઈ છે, એમ છતાં પણ, બીજા કોઈ પણ માર્ગ કરતાં ગુજરાતને ભકિતમાર્ગ જ વધારે અનુકૂળ થઈ પડે તેના કારણોનો વિચાર કરીએ તો પણ ગુજરાતની વ્યવહારુ મૃદુ-પ્રકૃતિ જ તેના મૂળમાં માલમ પડશે. જૈન ધર્મમાં ભકિતમાર્ગનો જે વિકાસ આજે દેખાય છે તેના મૂળમાં પણ આ વૈષ્ણવભકિત છે એ નિ:શંક છે.

ભગવાન મહાવીર પહેલાં પણ જૈન ધર્મ ઉત્તર અને પૂર્વ ભારતમાં હતો, પણ વચલા કાળમાં કૃષ્ણના સમયમાં નેમિનાથે એ ધર્મની અહિંસાનું જે પ્રકારે પાલન કર્યું તેનો રોમાંચક ઈતિહાસ ગુજરાતમાં સર્જાયો અને આપણે જોઈએ છીએ કે આજની પાંજરાપોળની સંસ્થા જે પ્રકારે સમગ્ર ભારતમાં ફેલાઈ છે તેનાં મૂળ ગુજરાતમાં જ છે.

ભ.મહાવીરે ઉપદેશ આપ્યો બિહારમાં પણ, તે ઉપદેશની અંતિમ વાચના કરાવવાનું અને તે વાચનાને લેખબદ્ધ કરી આપણા સુધી પહોંચાડવાનું કામ ગુજરાતમાં આવેલ વલ્લભીમાં જ થયું. અને ત્યાર પછી એ આગમોની સેંકડો પ્રાકૃત અને અને સંસ્કૃત ટીકાઓનું નિર્માણ ગુજરાતમાં થયું. અને નિ:શંક કહી શકાય કે જૈન દર્શનના વિવિધ વિષયોને સ્પર્શતું સાહિત્ય છે તેનો ઘણો મોટો ભાગ ગુજરાતમાં જ રચાયો છે.

કાલિદાસે ઉજ્જૈનમાં કે તેની આસપાસ રહીને મહાકાવ્યોનું નિર્માણ કર્યું પણ તેની અનેક ટીકાઓ ગુજરાતમાં લખાઈ છે. બાણની કાદમ્બરીનું રહસ્ય એક જૈન મુનિએ ગુજરાતમાં રહીને ઉઘાડી આપ્યું. અન્યથા એ કઠિનતમ ગ્રંથનું યથાર્થ વિવરણ અશકય હતું. શ્રી હર્ષના નૈષધચરિતની ટીકા પણ ગુજરાતમાં લખાઈ છે. તો માઘકવિએ શિશુપાલ વધ જેવું મહાકાવ્ય આપણા ગુજરાતમાં જ રચ્યું છે. આચાર્ય હેમચંદ્રને કલિકાલસર્વજ્ઞનું જે બિરુદ આપવામાં આવ્યું છે તે તેમણે ગુજરાતમાં વિદ્યા-સમૃદ્ધિનું નિર્માણ કર્યું તેથી. હેમચંદ્રના શિષ્ય રામચંદ્ર-ગુણચંદ્રે નાટકક્ષેત્રે તે કાળે સારી પ્રગતિ કરી હતી, અનેક નાટકો લખ્યાં હતાં, એટલું જ નહિ પણ, નવેસરથી નાટયશાસ્ત્રનું પણ નિર્માણ કર્યું હતું.

ભારતીય દર્શનોમાં વૈશેષિક દર્શન અને ન્યાયદર્શન ઉપર વિશિષ્ટ પ્રકારની ટીકાઓનું નિર્માણ જે થયું છે તે કોઈ પણ કાળે ગુજરાતને ગૌરવ અપાવે તેવું છે અને વિશેષતા તો ગુજરાતની એ છે કે જૈનાચાર્યોએ ભારતીય સમગ્ર દર્શનોનો સમન્વય કરીને અનેકાંતવાદ વિશેના જે અનેક ગ્રંથો આપ્યા છે તે તો સમગ્ર ભારતીય દર્શનના મુકુટમણિ જેવાં છે. જેમ વસ્તુપાલ તેજપાલે બંધાવેલા દેલવાડાનાં ભવ્ય મંદિરો ગુજરાતની શિલ્પસ્થાપત્ય સમૃદ્ધિની વિજયપતાકા આજે દુનિયામાં ફરફરાવે છે તેમ આ દાર્શનિક ગ્રંથો પણ વિચારોમાં સમન્વયની ભાવનાનો વિજયડંકો વગાડે છે. તેમાં એક એવી તાત્ત્વિક ભાવનાનો ઉદ્‌ઘોષ છે જે રાજકીય ક્ષેત્રે આજે આપણે સહઅસ્તિત્વની ભાવનામાં પણ જોઈએ છીએ.

નિર્માણ કરીને તેને સાચવી રાખવું એ એક વિશેષ શકિતની અપેક્ષા રાખે છે. ભારતમાં અનેક વિષયોમાં સાહિત્યનું ખેડાણ થયું અને વ્યાપારી ગુજરાતે એનો પણ વ્યાપાર કર્યો છે. પ્રાચીન સાહિત્યની સાચવણી જે ગુજરાતમાં થઈ છે તેથી તો આજે કેવળ ભારત જ નહિ પણ વિશ્વ તેનું ઋણી રહેશે. બર્લિન, લંડન, ન્યૂયોર્ક કે બોસ્ટન, કે વિદેશમાં ગમે ત્યાં ભારતીય હસ્તપ્રતો હશે તેમાંની જે બહુમૂલ્ય સંપત્તિ છે તે ગુજરાતમાંથી તે તે દેશમાં ગઈ છે. અંગ્રેજોના જમાનામાં જ્યારે આપણે આપણી સંસ્કૃતિની નિંદામાં પડયા હતા ત્યારે ગુજરાતે જે ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય સાહિત્ય-વારસો સંધરી રાખ્યો હતો તેમાંથી તે તે દેશના વિદ્વાનો ખરીદ કરીને લઈ ગયા, અને પોતાના જ્ઞાનભંડારોને તેમણે સમૃદ્ધ કર્યા.

ભગવાન બુદ્ધનો મૈત્રીનો સંદેશ ઉત્કૃષ્ટ રૂપમાં આપનાર ગુજરાતના શાંતિદેવ હતા અને તેમનો બોધિચર્યાવતાર ખરી રીતે બૌદ્ધધર્મનો જ નવો અવતાર છે. બૌદ્ધોના મહાયાનના પ્રચારમાં બોધિચર્યાવતાર અને શિક્ષાસમુચ્ચયનો જે ફાળો છે તેનો ખ્યાલ આપણને ભારતમાં બેઠા નહિ મળે, પણ જો આપણે નેપાળ-તિબ્બત-જાપાન જેવા મહાયાની બૌદ્ધ ધર્મવાળા દેશોનો ધાર્મિક ઈતિહાસ જોઈએ તો તે પ્રત્યક્ષ થાય છે.

ગુજરાતીઓ વિષે કહેવાય છે કે તેઓ શરીરે સશકત નથી. આંકડાશાસ્ત્રીની તપાસ માત્ર સ્કૂલ-કૉલેજ સુધીની હોય છે, પણ સમગ્રભાવે આ આક્ષેપમાં તથ્ય નથી. ગમે તે કારણે અંગ્રેજોએ ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી સૈન્યમાં ભરતી કરી નહિ એટલે આપણી પ્રજા લડાયક નથી-એવું પ્રમાણપત્ર મળ્યું છે. પણ સત્યાગ્રહની વ્યવસ્થિત લડાઈઓમાં જે જોમ-જુસ્સો ગુજરાતે દેખાડયો છે અને આજે પણ ગુજરાતની પ્રજા જે રીતે પોતાની રાજ્યવ્યવસ્થા વિષે જાગૃતિ સેવે છે તેનાં મૂળ ઊંડાં હોવા જોઈએ. જે પ્રજા સત્યાગ્રહની લડાઈમાં શૌર્ય દેખાડી શકી તે શરીરે સાવ નમાલી હોય એમ કેમ બને?

સમગ્ર ભારતવર્ષમાં ફરી વળો. ગુજરાતના ખેડૂત અને વ્યાપારી વર્ગ જેવો જાગૃત વર્ગ અન્યત્ર દુર્લભ છે. કુદરતી પાણીની સગવડ ઓછી છતાં પોતાના પરિશ્રમથી ગુજરાતના ખેડૂતે જમીનને સોનું ઓગળતી કરી છે અને વ્યાપારી વર્ગે કાપડથી માંડીને દવા સુધીના અનેક ઉદ્યોગો સ્થાપ્યા છે અને હવે તેલ, પેટ્રોલ મળી આવવાથી ગુજરાતની સમૃદ્ધિમાં અનેકગણો વધારો થશે. પણ આ ગુજરાતની વ્યાપારી બુદ્ધિએ કેળવણીનો પણ વ્યાપાર શરૂ કર્યો છે એ એની વિચિત્રતા છે. કેળવણી અર્થે જેવો દાન-પ્રવાહ ગુજરાતમાં વહ્યો છે તેવો ભારતમાં અન્યત્ર જોવા મળતો નથી.

સમાપ્ત

દલસુખ માલવણીઆ

વિષયસૂચિ

		પૃષ્ઠ
દેશ-પરદેશના રાજકારણનું વિશ્લેષણ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૬૩
ચિત્રભાનુ-પ્રકરણ	પરમાનંદ	૬૭
પરવડા ચક્ર વિરુદ્ધ અંબર ચરખો	ચીનુભાઈ ગી. શાહ	૬૮
તાજેતરમાં આપણે ગુમાવેલાં માનવરત્નો	પરમાનંદ	૭૦
પ્રકીર્ણ નોંધ: ફરજીયાત બચત	પરમાનંદ	૭૧
યોજના વિષે વિનોબાજી, દેસાઈ-બંધુઓ વળી પાછા ગુજરાત સરકાર સામેના બહારવટે.		
સફળ તપસ્યા	વાલજી ગોવિન્દજી દેસાઈ	૭૨
ભારતીય સંસ્કૃતિમાં ગુજરાતનું સ્થાન	દલસુખભાઈ માલવણિયા	૭૩
લાલભાઈ દલતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર		૭૪

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર

[અમદાવાદ ખાતે, પૂનાના ભાંડારકર સંશોધન કેન્દ્રની યાદ આપે તેટલું સમૃદ્ધ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરનું પાંચ લાખ રૂપિયાના ખર્ચે બંધાવવામાં આવેલ મકાનનું ગયા મે માસની ૧૧ મી તારીખે ભારતના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરુના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરાવવામાં આવ્યું હતું તેનો નીચે પરિચય આપવામાં આવે છે. તંત્રી]

સંસ્કૃત, પાલી, અર્ધમાગધી, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના મળીને કુલ ૨૬૦૦૦ જેટલા હસ્તલિખિત ગ્રંથો અને ૧૭૦૦૦ પુસ્તકો ધરાવતી આ સંસ્થા ગુજરાતની આ પ્રકારની કદાચ સમૃદ્ધમાં સમૃદ્ધ સંસ્થા છે, અને સંશોધન માટે વિદ્વાનોને અને સંશોધકોને તે અજોડ તકો પૂરી પાડી રહી છે. કાળના વહેણ સાથે ઘસાઈ ઘસાઈને દિનપ્રતિદિન લુપ્ત થઈ રહેલા પુરાતન અવશેષો અહિ-તહિંથી મેળવી તેની કાળજીભરી સાચવણી કરવાનું કાર્ય પણ આ સંસ્થા કરી રહી છે અને અત્યારે સંખ્યાબંધ પ્રાચીન અવશેષોનું આ સંસ્થા જતન કરી રહી છે.

તામ્રપત્રો, શિલાલેખો, અને જુના હસ્તલિખિત ગ્રંથોના સ્વરૂપમાં ગુજરાતમાં સમૃદ્ધ સાંસ્કૃતિક સામગ્રી પડી છે, પણ તે જુદે જુદે ઠેકાણે વેરાયેલી પડી છે. તેને એક સ્થળે એકત્ર કરીને કાળજીથી સાચવવાની કોઈએ દરકાર કરી નથી. આવી કિંમતી સામગ્રી એક જગ્યાએ એકત્રિત થાય, તેનું જતન થાય અને સંશોધકોને તેનો ઉપયોગ કરવાની પૂરી તક મળે તે માટે ભારતીય વિદ્યાની એક વ્યાપક સંસ્થાની રચના કરવાનો વિચાર મુનિશ્રી પુણ્યવિજયજી અને શેઠ શ્રી કસ્તુરભાઈને આવ્યો. પરિણામે શિક્ષણ પ્રત્યેના અપાર પ્રેમ માટે જાણીતા સ્વ. લાલભાઈ દલપતભાઈનાં કુટુંબીજનો તરફથી ૧૯૫૬ની ૭ મી જૂને લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિર ટ્રસ્ટની રચના કરવામાં આવી. આ ઉપરાંત સંસ્થાના ખર્ચને પહોંચી વળવા માટે વાર્ષિક એક લાખ રૂપિયાની આવક થાય તે રીતે સ્થાયી મિલ્કતોનું એક ટ્રસ્ટ શ્રી મોહિનાબાઈ લાલભાઈના નામે કરવામાં આવ્યું હતું. આ ટ્રસ્ટને શેઠ શ્રી કસ્તુરભાઈના કુટુંબીજનો તરફથી સાડા છ લાખ રૂપિયાની ઉદાર સખાવત આપવામાં આવી છે.

ભાષા, સાહિત્ય, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, ધર્મ, ખગોળશાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર, સ્થાપત્ય કળા, વૈદક વગેરે ભારતીય વિદ્યાનો અભ્યાસ તથા સંશોધન કરવા માટે સંશોધકોને પૂરતી સવલતો પૂરી પાડવાની આ સંસ્થાની નેમ પરિપૂર્ણ કરવા માટે દેશવિદેશથી આવતા વિદ્વાનો માટે એક અતિથિગૃહ ટુંક સમયમાં તૈયાર કરવાની યોજના વિચારવામાં આવી છે.

પાંચ વર્ષના ટુંકા ગાળામાં ૨૬૦૦૦ જેટલા હસ્તલિખિત ગ્રંથો આ સંસ્થાએ એકઠા કર્યા છે, જેમાં પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, જુના ગુજરાતી, હિંદી અને રાજસ્થાની ગ્રંથોનો સમાવેશ થાય છે. આમાંના મોટા ભાગના ગ્રંથો કાગળ ઉપર લખાયલા છે. મુનિશ્રી પુણ્યવિજયજીએ આ સંસ્થાને ૯૦૦૧ હસ્તલિખિત ગ્રંથો ભેટ આપ્યા છે, તે ઉપરાંત શેઠ આણંદજી કલ્યાણજી, નગર શેઠ કસ્તુરભાઈ મણિભાઈ, મુનિશ્રી બાલચંદ્રજી વગેરે પાસેથી પણ આ સંસ્થાને અમૂલ્ય હસ્તલિખિત ગ્રંથો ભેટ મળ્યા છે. રૂા. ૮૦૦૦૦ ની કિંમતના ૬૦૦૦ હસ્તલિખિત ગ્રંથો આ સંસ્થાએ ખરીદ્યા પણ છે.

આ ગ્રંથોની સૂચિ બનાવવામાં આવી છે અને તેનું કાળજીભર્યું જતન થાય છે. આ ગ્રંથો વેદ, આગમ, બૌદ્ધ ધર્મ, તંત્ર, જૈન દર્શન, ભારતીય તત્ત્વજ્ઞાન, ધર્મશાસ્ત્ર, પુરાણો, રાજકારણ, સંગીત, વ્યાકરણ, ગણિત, વૈદક, વગેરે વિષયો અંગેના છે. આવા હસ્તલિખિત ગ્રંથો વધુ ને વધુ પ્રાપ્ત કરવાની આ સંસ્થાને હોંશ છે.

ગ્રંથસંગ્રહ ગમે તેટલો વિશાળ અને સમૃદ્ધ હોય તો પણ તેની સૂચિ વિના તે સંગ્રહ સંશોધકો માટે બહુ ઉપયોગી નીવડી શકતો નથી. આવી વર્ણનાત્મક સૂચિ હોય તો જ આ સામગ્રીનો દેશવિદેશના સંશોધકો ઉપયોગ કરી શકે. આથી સંસ્થા એક વર્ણનાત્મક સૂચિ તૈયાર કરી રહી છે અને તે તૈયાર કરવા તથા પ્રગટ કરવા માટે ભારત સરકારે તેને રૂા. ૨૦,૦૦૦ ની ગ્રાન્ટ આપેલી છે. આ ગ્રંથસૂચિ ટૂંક સમયમાં પ્રગટ કરવામાં આવનાર છે.

જૈન આગમની પણ એક સૂચિ સંસ્થા અત્યારે તૈયાર કરી રહી છે. આ ઉપરાંત આ ગ્રંથો પ્રગટ કરવા માટે પણ સંસ્થાને ગ્રાન્ટ મળી છે. યોગ્ય સંશોધકોને સંસ્થા શિષ્યવૃત્તિ પણ આપે છે.

સંસ્થાના ટ્રસ્ટી તરીકે શ્રી ચીનુભાઈ ચીમનભાઈ, શ્રી અરવિંદ નરોત્તમ લાલભાઈ, અને શ્રી શ્રેણિક કસ્તુરભાઈ છે, જ્યારે મેનેજીંગ બોર્ડમાં શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ (અધ્યક્ષ), શ્રી. બી. કે. મજમુદાર, શ્રી ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી, શ્રી ચીનુભાઈ ચીમનભાઈ શ્રી વિક્રમ સારાભાઈ, શ્રી અરવિંદ નરોત્તમભાઈ, શ્રી શ્રેણિક કસ્તુરભાઈ (મંત્રી), અને શ્રી દલસુખ માલવણિયા (એકસ ઓફિશિયો) છે અને માનદ સભ્યો તરીકે મુનિશ્રી પુણ્યવિજયજી, પંડિત સુખલાલજી સંઘવી અને પ્રાધ્યાપક રસિકલાલ છોટાલાલ પરીખ છે.

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવકસંઘ તરફથી ચાલુ થયેલા ઑગસ્ટ માસની તા. ૧૬ અને શુક્રવારથી તા. ૨૪ અને શનિવાર એમ નવ દિવસની આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે. શરૂઆતના સાત દિવસની વ્યાખ્યાન સભાઓ ફ્રેંચ બ્રીજ પાસે આવેલા બ્લેવાટસ્કી લૉજમાં સવારના ૮॥ થી ૧૦॥ સુધી ભરવામાં આવશે. છેલ્લા બે દિવસની વ્યાખ્યાન સભાઓ ભારતીય વિદ્યાભવનમાં સવારના ૮॥ થી ૧૧ સુધી ભરવામાં આવશે. વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ હજુ સંપૂર્ણપણે નક્કી થયો નથી પણ શ્રી ગુરુદયાલ મલીકજી આચાર્ય રજનીક્ષજી, શ્રી. ઢેબરભાઈ શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી, શ્રી દુલેરાય માટલિયા, વગેરે વકતાઓનાં આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાનો થશે. પહેલા દિવસે પંડિત દલસુખભાઈ માલવણિયા અને ડૉ. રાજેન્દ્ર વ્યાસનાં વ્યાખ્યાનો હશે. છેલ્લા દિવસે મહાસતી ઉજ્જવળકુમારી અને મુંબઈના રાજ્યપાલ શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત વ્યાખ્યાન આપવા માટે પધારશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવકસંઘ

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઇ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો :
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ પરેડિયા
કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂા. ૧

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑગસ્ટ ૧૬, ૧૯૬૩, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

કૈલાસવાસી સ્વામી શિવાનંદ સરસ્વતી

(ગયા જુલાઈ માસની ૧૪મી તારીખે ઋષિકેશ સમીપમાં નિવાસ કરતા સ્વામી શિવાનંદ સરસ્વતી કાળધર્મને પામ્યા છે. તેમના ગાઢ સંપર્કમાં આવેલાં એક અનુયાયી બહેન ડૉ. લક્ષ્મીદેવી પીરચંદાણીએ અંગ્રેજીમાં લખી આપેલી સ્વામીજીના પરિચયની નોંધનો અનુવાદ નીચે આપવામાં આવે છે. સ્વામીજીની અંતિમ માંદગી સમયે પણ આ બહેન સ્વામીજીના સાન્નિધ્યમાં હતાં. આ રીતે સ્વામીજીનો પરિચય આપવા માટે તેઓ સંપૂર્ણ અધિકારી છે. **પરમાનંદ**)

ભારતના ઈતિહાસની દરેક કટોકટીના સમયે—પછી તે ધાર્મિક હો કે રાજકીય હો—તત્કાલીન પરિસ્થિતિને પહોંચી વળવા માટે ઈશ્વરે મહાત્માઓને—મહાન નેતાઓને—આપણી વચ્ચે મોકલ્યા છે. સાધુ વસવાણી, સ્વામી રામદાસ અને સ્વામી શિવાનંદ—આ



ત્રણે એ કોટિના મહાપુરુષો છે અને જ્યારે આધ્યાત્મિક મૂલ્યો લગભગ શૂન્યતાની કક્ષાએ પહોંચી રહ્યાં છે ત્યારે માત્ર ભારતના જ નહિ પણ આખી દુનિયાના આધુનિક માનવીને દોરવા માટે—માર્ગદર્શન આપવા માટે—તેમનું આપણા જગતમાં આગમન થયું છે. આમાંની છેલ્લી બે વિભૂતિઓ તાજેતરમાં નિર્વાણ પામી છે.

અપ્પાયા દિક્ષીતાર જેઓ આજે પણ તામીલનાડમાં એક મહાન ધાર્મિક નેતા અને પંડિત તરીકે બહુ ખ્યાતનામ વ્યક્તિવિશેષ છે, તેમના નામી કુટુંબમાં આજથી ૭૬ વર્ષ પહેલાં સ્વામી શિવાનંદનો જન્મ થયો હતો. તેમનું નામ કુપ્પુસ્વામી પાડવામાં આવ્યું હતું. તેમની આકૃતિ અતિ સુંદર હતી, શરીર ભારે સુદૃઢ હતું અને સ્વભાવ પણ ખૂબ મીલનસાર હતો. કૉલેજમાં તેઓ અગ્રસ્થાને હતા અને શિક્ષણવિષયક, સાંસ્કૃતિક તેમ જ શરીર—વ્યાયામને લગતી કૉલેજની સર્વ પ્રવૃત્તિઓમાં તેઓ અગ્ર ભાગ લેતા હતા. તેમણે ડૉક્ટરી લાઈન—વૈદ્યકીય શિક્ષણની દિશા—ગ્રહણ કરી હતી, કારણ કે તે દ્વારા માનવજાતની સેવા કરવા માટે ખૂબ અવકાશ છે એમ તેમનું માનવું હતું. પોતાના જ્ઞાન અને અનુભવનો અન્યને લાભ આપવાની તેમની ઈચ્છામાંથી 'એમ્બ્રોઝીયા' (અમૃત) એ નામના સામયિકનો ઉદ્‌ભવ થયો હતો. આ સામયિકમાં એ સમયના—આયુર્વેદના અને એલોપથીના સર્વશ્રેષ્ઠ ડાક્ટરોના—આરોગ્ય અને તેની રક્ષાને લગતા ઉપયોગી લેખો પ્રગટ કરવામાં આવતા હતા. અમુક અંશે તેમનામાં રહેલી સાહસિકતાના કારણે, પણ મુખ્યત્વે કરીને મજૂરો તરીકે કામ કરતા નીચેના થરના હજારો હિન્દીઓને મદદરૂપ બનવાના આશયથી, મલાયામાં ટી પ્લેન્ટર્સ એસોસીએશનમાં તેમણે નોકરી સ્વીકારી હતી. તેમની સખ્ત કામગીરી, વ્યવસાયી કુશળતા અને માણસો સાથે કામ લેવાની આવડતને લીધે તેમના યુરોપિયન માલેકોના પણ તેઓ પ્રીતિપાત્ર બન્યા હતા. પોતાના દર્દીઓની તેઓ ખૂબ ચીવટપૂર્વક નોંધો રાખતા અને વૈદ્યકીય સામયિકો ઉપર તેઓ નિબંધો લખી મોકલતા અને તેને લીધે ઈંગ્લાંડની અનેક મેડિકલ એસોસીએશનના તેઓ સભ્ય બન્યા હતા. તેઓ સારી રીતે પૈસા કમાતા, પણ પોતાના ગરીબ દર્દીઓને મદદ આપવા પાછળ પોતાની કમાણીનો મોટો ભાગ તેઓ વાપરી નાખતા. દરેક વ્યકિત તેમની પાસેથી વૈદ્યકીય મદદની અપેક્ષા રાખતો, એટલું જ નહિ પણ, પોતાની અંગત એવી સમસ્યાઓનો પણ તેમની પાસેથી ઉકેલ મેળવવાની આશા સેવતો હતો. આને લીધે દર્દીઓના દર્દનો ઉપચાર કરવા સાથે ડૉ. કુપ્પુસ્વામીએ તેમની આસપાસ વસતા લોકોના અંતરજીવનમાં પણ પ્રવેશ પ્રાપ્ત કર્યો હતો. માણસજાતની નૈતિક અને આધ્યાત્મિક અધોગતિ નિહાળીને તેઓ ઊંડી વ્યથા અનુભવવા લાગ્યા અને માણસ જો જીવનનું નિયમન કરતાં કાનૂનો વિષે પૂરો સભાન બને તો જ આ અધોગતિનું નિવારણ શકય બને એમ તેમને લાગવા માંડ્યું. જેમ જેમ આ બાબતનો તેઓ વધારે ને વધારે વિચાર કરવા લાગ્યા તેમ તેમ તેમને પ્રતીતિ થવા લાગી કે માણસમાં રહેલા પ્રસુપ્ત એવા દિવ્ય તત્ત્વને જાગૃત કરવું એ જ ખરા મહત્ત્વનું કાર્ય છે. પરિણામે તેમણે એક દિવસે મલાયા છોડ્યું અને પોતાની આધ્યાત્મિક ભૂમિ સમા ભારત ખાતે તેઓ પાછા ફર્યા.

માનવીને દિવ્યતા તરફ વાળવાનું સ્વત: સ્વીકારેલું જીવનકાર્ય શરૂ કરવાની પૂર્વ તૈયારી તરીકે તેમણે બે વર્ષ સુધી ભારત આખામાં એક યાત્રી તરીકે સતત પરિભ્રમણ કર્યું અને તે દરમિયાન તેમણે પુષ્કળ કષ્ટ વેઠ્યું, પણ સાથે સાથે અનેક મહાત્માઓના પ્રત્યક્ષ પરિચયમાં તેઓ આવ્યા. આખરે તેમણે સ્વામી વિષ્ણુ દેવાનંદ સરસ્વતી પાસે સંન્યાસ દીક્ષા ગ્રહણ કરી અને તપસ્યા માટે—સાધના માટે—તેઓ ઋષિકેશ નજીક આવેલા સ્વર્ગાશ્રમમાં સ્થિર થઈને રહ્યા. અહીં તેમણે ગંભીરપણે અને એકાગ્ર ભાવે આધ્યાત્મિક સાધના શરૂ કરી. વળી, ધર્મશાસ્ત્રોનું પણ અધ્યયન પણ ઓટલી જ ઉત્કટતાથી તેમણે આરંભ્યું. તદુપરાંત આસપાસ વસતા વિચરતા સાધુસંતોની તેમ જ યાત્રિકોની તેમણે શકય તેટલી સેવા કરવા માંડી. કલાકોના કલાક પ્રાર્થનામાં—ધ્યાનમાં—તેઓ પસાર કરવા લાગ્યા. એ સાધનાના દિવસોમાં તેઓ આ રીતે પ્રાર્થના કરતાં:—"ઓ કૃપાળુ પરમાત્મા! મને સત્યનો સાક્ષાત્કાર કરાવ! મને કામ, ક્રોધ, માન, માયા, લોભથી મુકિત અપાવ! આ પૃથ્વી ઉપર મને તું એવો એક પયગંબર—સંદેશવાહક—બનાવ કે જેથી હું આ દુનિયા ઉપર આનંદ, શાંતિ અને સુખનું વાતાવરણ નિર્માણ કરી શકું! આ મારું મન, શરીર અને ઈન્દ્રિઓ તારી સેવામાં અને તારાં સંતાનોની સેવામાં સમર્પિત થાઓ! વિશ્વબંધુત્વની ભાવના મારામાં જાગૃત થાઓ! સૌ કોઈ વિષે મારામાં આત્મવત્ પ્રેમભાવ પ્રગટો! તને મારા નમસ્કાર હો! ઓ દયાળુ દેવ! તને મારા નમસ્કાર હો!" આ તેમની પ્રાર્થના કેવી રીતે પ્રતિધ્વનિત થઈ, કેવી રીતે સફળ બની તે તેમના પરિચયમાં આવનાર સૌ કોઈ જાણે છે. શિવાનંદજીએ જે કાંઈ ધાર્યું હતું તે

અને તેથી પણ વધારે તેમને સિદ્ધ થયું. એક તેજસ્વી અને સુમધુર અંગ્રેજી બોલનાર સંન્યાસી કે જે આજનો આધુનિક માનવી સમજી શકે એવા આકારમાં પુરાણાં સત્યો રજુ કરી રહેલ છે, ઘટાવી રહેલ છે—આવા એક સંન્યાસી તરીકે તેમની ચોતરફ ખ્યાતિ ફેલાવા લાગી. તેમના લેખો સામયિકોમાં પ્રગટ થવા લાગ્યા. આધ્યાત્મિક ઉત્કર્ષનો માર્ગ દાખવતી વ્યવહારૂ સૂચનાઓ આપતી પુસ્તિકાઓ પ્રસિદ્ધ થવા લાગી.

અનેક લોકો તેમના દર્શને આવવા લાગ્યા. અનેક લોકોએ તેમની સાથે રહેવાની અને તેમના અનુયાયી બનવાની માગણી કરી. પરિણામે ગંગાની આ બાજુએ (સ્વર્ગાશ્રમની સામેની બાજુએ) એક નાના સરખા આશ્રમની શરૂઆત થઈ. આ આશ્રમ આજે એક મોટા વટવૃક્ષની માફક ફાલીફુલી રહ્યો છે. તેની અંદર એક સુંદર શિવાલય છે, એક અન્નક્ષેત્ર, એક હૉસ્પિટલ, એક યોગવેદાન્તના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય, એક અતિથિ-ગૃહ, અને એક અદ્યતન સાધનસામગ્રીવાળું મુદ્રણાલય કે જ્યાં હજારો પુસ્તકો છપાય છે અને મફત વહેંચવામાં આવે છે—આવી તેની અનેક શાખા-પ્રશાખાઓ નિર્માણ થઈ છે. અહિં વસતા સ્વામીજીના અનુયાયીઓની સંખ્યા વધતી ચાલી. દરેકને પોતાની યોગ્યતા પ્રમાણે વિકાસ સાધવાની તક મળવા લાગી. સ્વામીજીનું શિક્ષણ—તેમની દ્વારા અપાતી તાલીમ—સર્વ-સ્પર્શી હતી. તેઓ વ્યક્તિના સમગ્ર વિકાસમાં માનતા હતા. આસન, પ્રાણાયામ, નિષ્કામ કર્મ, પ્રાર્થના અને ઉપાસના અને ધર્મશાસ્ત્રોનો અભ્યાસ—આ તેમની તાલીમના મુખ્ય અંગો હતા. તેઓ સેવા ઉપર ખૂબ ભાર મૂકતા હતા અને આશ્રમની તેમજ ડીવાઈન લાઈફ સોસાયટી (તેમણે સ્થાપેલી સંસ્થા) ની બધી વિગતો ઉપર તેઓ જાતે ધ્યાન આપતા હતા.

સ્વામીજીના વ્યક્તિત્ત્વ વિષે આપણામાં આદર અને પ્રેમ ઉત્પન્ન થાય એવા તેમનામાં અનેક ગુણો હતા, પણ સૌથી વધારે આકર્ષક અને નીતરતો ગુણ હતો તેમનો સર્વસ્પર્શી પ્રેમભાવ. તેઓ કોઈનું દુઃખ જોઈ શકતા નહોતા અને મદદની અપેક્ષા રાખતી કોઈ પણ વ્યક્તિ અંગે, તે મદદને યોગ્ય છે કે નહિ એવો વિચાર કરવા આપણે કદિ પણ થોભવું ન જોઈએ એમ, તેઓ અમને અનેક વાર કહેતા. મદદની અમુકને જરૂર છે એટલું જાણવું તે આપણા માટે પૂરતું છે અને એ મદદ છૂટથી અને આનંદપૂર્વક આપવી ઘટે છે. તેમની ઉદારતાને કોઈ સીમા નહોતી.

આપણું ધ્યાન ખેંચે એવી તેમની બીજી વિશેષતા એ હતી કે, તેમને દિવ્યતામાં અને આપણા દરેકમાં રહેલા શિવતત્ત્વમાં—ભલાઈમાં—ઊંડી પ્રતીતિ હતી. દરેકમાંથી તેનું વિશિષ્ટ અને શ્રેષ્ટ તત્ત્વ બહાર લાવવાની અને અત્યન્ત નિરાશ બનેલા માનવીમાં પણ આત્મવિશ્વાસ પેદા કરવાની તેમનામાં અદ્‌ભુત શકિત હતી. આપણા શ્રેય અને વિકાસને સાધક તેમ જ બાધક એવી દરેક બાબત વિષે માર્ગદર્શન આપવાના હેતુથી તેમણે ૩૦૦ ઉપરાંત પુસ્તકો લખ્યાં હતાં. આ પુસ્તકો આપણા ધર્મશાસ્ત્રોના દોહન રૂપ છે અને સરળ છતાં સચોટ એવા ગદ્યમાં, તેમ જ નાટક, કાવ્ય અને ગીતના આકારમાં લખાયેલા છે. તેમનામાં સહજ એવી વિનોદવૃત્તિ હતી. વળી Detach and Attach; Be good, do good; Adjust and Adept; Be kind, be compassionate; Excell in service, expand in love and advance in knowledge —ખોટાને છોડો, ખરાને વળગો; ભલા થાઓ, ભલું કરો; ગોઠવાઓ અને અનુકૂળ થાઓ; માયાળુ બનો, કરૂણાળુ થાઓ; સેવામાં ચડિયાતા થાઓ, પ્રેમમાં પહોળા થાઓ, જ્ઞાનમાં આગળ વધો—આવા ટુંકા ટુંકા વાકયોમાં પોતાના ઉપદેશને તેઓ સમાવી દેતા. સર્વ કોઈને અને સર્વ પ્રસંગે તેમનો ઉપદેશ અથવા તો સંદેશો આ પ્રકારનો હતો. "સેવા કરો, ચાહો, આપો, પવિત્ર બનો, ધ્યાન કરો અને સાક્ષાત્કાર કરો—" 'Serve, love, give, purify, meditate and realise.' તેમની બુદ્ધિની તીવ્રતા ચકિત કરે તેવી હતી અને તેમની સ્મરણશકિત અસાધારણ હતી. તેમના પરિચયમાં જેટલા વધારે આવીએ તેટલો તેમના વિષે આપણો આદર વધતો. પોતાની મહત્તા વિષે જાણે કે બીલકુલ અજ્ઞાત હોય તેમ દરેક સાથે તેઓ ખૂબ આદરથી અને પૂરી નમ્રતાથી વર્તતા. તેમનામાં બાળક જેવી સાદાઈ હતી, આનંદ-ઉર્મિઓ વડે તેઓ સદા પ્રફુલ્લ પ્રસન્ન દેખાતા.

શિવાનંદજી, જેવી રીતે આપણે તેમને જાણતા હતા તે આકારમાં, આજ હવે મોજુદ નથી. તેમનું શરીર જે પંચભૂતનું બનેલું હતું તેમાં ગયા જુલાઈ માસની ૧૩મી તારીખે મળી ગયું છે, પણ તેમનો આત્મા વિશ્વાત્મા સાથે એકરૂપ બની ગયો છે અને આપણને દોરવા માટે સદા મોજૂદ છે. શિવાનંદજી તેમના કિંમતી ગ્રન્થો દ્વારા પોતાની પાછળ એક મોટો વારસો મૂકી ગયા છે. બ્રહ્મસૂત્ર, ઉપનિષદો અને શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉપરની તેમની ટીકાઓ ભારે સરળ અને ભવ્ય છે. તેમાં પણ છેવટના ગ્રંથની ટીકા તેને લગતી સર્વોત્તમ લેખાતી ટીકાઓ માંની એક છે. 'Essence of Yoga', 'Vedanta in Daily Life', 'Aids to God-Realisation', 'Mind, its mysteries and control' આ તેમના ઉપયોગી ગ્રંથો છે, જ્યારે 'સાધના' પુસ્તક તો દિવ્ય જીવનના દરેક ચાહકે અવશ્ય વાચવું જોઈએ અને જીવનમાં ઉતારવું જોઈએ તેવું છે. તેમની સાદી અને ટૂંકા ટુંકા વાકયો વાળી લેખનશૈલી તેમના ઉપદેશોને આપણા ચિત્ત ઉપર ભારે અસરકારક રીતે મુદ્રિત કરે છે અને લેખકના વ્યકિતત્ત્વના ચિત્રને મારા કોઈ શબ્દો કરતાં વધારે સ્પષ્ટતાથી રજૂ કરે છે. શિવાનંદજી એક સ્થળે જણાવે છે કે, "તમારો ગમે તે ધર્મ હોય, તમારા ગમે તે ઈષ્ટદેવ હોય, તમારી ગમે તે ભાષા કે દેશ હોય, તમારી ગમે તે ઉમર કે જાતિ હોય, તમારા અહંને કેમ દબાવવો, અને તમારા ચિત્તનિમ્ન પ્રકૃતિનો કેમ નાશ કરવો એનો માર્ગ—એનો ઉપાય—જો તમે જાણતા હો તો તમે સહેલાઈથી આગળ વધી શકશો. ખરી શન્તિ અને અનન્ત આનંદ માટે આ એક જ રસ્તો મેં શોધી કાઢયો છે અથવા તો મને જડી આવ્યો છે. આમ હોવાથી દલીલ કે ચર્ચા વડે લોકોને સમજાવવાનો હું પ્રયત્ન કરતો નથી. સાચા ધર્મનો પાયો સત્ય, પ્રેમ અને પવિત્રતા છે. આના સમર્થન માટે ધર્મશાસ્ત્રોમાંથી અનુકૂળ અને પ્રમાણભૂત એવા ઉલ્લેખો શોધવા પાછળ હું મારો સમય ગુમાવતો નથી, પણ તે મુજબ મારા જીવનને ઘડું છું, તેને વ્યવહારમાં—આચારમાં—ઉતારૂં છું અને એ રીતે અન્યને દ્રષ્ટાંતરૂપ બનવા પ્રયત્ન કરૂં છું. દુનિયાનાં બધા ધર્મશાસ્ત્રો ખરી રીતે એક છે. અને તેથી પ્રેમ અને સમભાવનું, ભલાપણા અને માયાળુપણાનું, સેવા અને ઉપાસનાનું આપણે સાથે મળીને ગાન ગાઈએ. નામ અને આકારના બધા અંતરાયો ફગાવી દો! ભૂત માત્રના હાર્દમાં રહેલી એકતાને શોધો! તમારા આધ્યાત્મિક આલિંગનમાં સમગ્ર માનવ-જાતને સમાવી દો!"

આશ્રમમાં હંમેશાં સવારે ઉચ્ચારાતી નીચે આપેલી શિવાનંદજીની વિશ્વસ્પર્શી પ્રાર્થના પણ ભારે પ્રકાશદાયી છે :—

"ઓ દયા અને કરુણાના પરમ આરાધ્ય સ્વામી!
તને મારા નમસ્કાર અને સાષ્ટાંગ પ્રણામ હો!
તું સર્વવ્યાપક, સર્વ શકિતમાન, સર્વ જ્ઞાની છે,
તું સત્, ચિત્ અને એકાન્ત આનંદ છે,
તું સર્વ ભૂતમાત્રનો અન્તર્યામી છે,
અમને તું ઊંડી સમજણ ધરાવતું હૃદય આપ,
સમાન દર્શન, સમધારણયુકત મન,
શ્રદ્ધા, ભકિત અને શાણપણ આપ,
પ્રલોભનોનો સામનો કર અને મનનું નિયંત્રણ કરે,
આવું અન્તર્ગત આધ્યાત્મિક બળ આપ,
અહંકાર, મોહ, લોભ અને મત્સરથી અમને મુકત કર.
દિવ્ય ગુણો વડે અમારા દિલને સભર બનાવ,
આ સર્વ નામ અને રૂપમાં તને નિરખવા દે,
આ સર્વ નામ અને રૂપ દ્વારા તારી સેવા કરવા દે,
તારૂં સ્મરણ અમને સદા કાયમ રહે,
તારા મહિમાનું અમને ગાન કરવા દે,
અમારી જીવ્હા ઉપર તારા નામનું સદા રટણ હો!
સદાને માટે, સદાને માટે તારામાં અમારો વાસ હો!"

અનુવાદક: **પરમાનંદ** મૂળ અંગ્રેજી: **લક્ષ્મીદેવી મીરચંદાણી**

પ્રકીર્ણ નોંધ

સેવાવ્રતી, સાહિત્યોપાસક શ્રી ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ

સન્માન સમારંભ

મુંબઈને–વિશેષત: વિલેપારલેને–સુપરિચિત, પ્રિય અને આદરણીય તેમ જ અનેક સેવાક્ષેત્રોને વરેલા એવા શ્રી ગોકુળભાઈ દોલતરામ ભટ્ટે ૧૯૬૦ ફેબ્રુઆરી તા. ૨૫ મી મહાશિવરાત્રીના રોજ ૬૦ વર્ષ પૂરાં કર્યા હતાં. તેમના જીવનનાં આ સીમાચિહ્નને અનુલક્ષીને એટલે કે તેમની ષષ્ટિપૂર્તિને નિમિત્તે રાજસ્થાન સેવાસંઘે જયપુર ખાતે શ્રી જયપ્રકાશ નારાયણના અધ્યક્ષસ્થાને એક ભવ્ય સમારંભનું આયોજન કર્યું હતું અને તેમને આશરે રૂા. ૧,૨૦,૦૦૦ની થેલી, ભૂદાન પત્ર 'ગ્રામરાજ'ના ૬૧૦૦ ગ્રાહકો અને ૬૧૦૦ સૂત્રાંજલિ અર્પણ કરીને, તેમના વ્યકિતત્ત્વ અને કાર્ય પ્રત્યે પોતાની ગુણજ્ઞતા અને કૃતજ્ઞતા પ્રગટ કરી હતી. આ પ્રસંગની તે દિવસોનાં 'પ્રબુદ્ધ જીવન'માં નોંધ કરવામાં આવી હતી.

આ શ્રી ગોકુળભાઈ ભટ્ટના જીવનનાં પ્રારંભનાં ઉત્તમ વર્ષો તો મુંબઈ અને વિશેષત: તેના ઉપનગર વિલેપારલેમાં દીર્ઘ સમય સુધી ભિન્ન ભિન્ન સેવાકાર્યો પાછળ વ્યતીત થયાં હતાં. મુંબઈ ખાતે ૧૯૨૧ની સાલમાં શરૂ કરવામાં આવેલી રાષ્ટ્રીય શાળાના આચાર્ય તરીકે રાષ્ટ્રીય શિક્ષણનું, કૉંગ્રેસના એકનિષ્ઠ સેવક તરીકે કૉંગ્રેસનું, સત્યાગ્રહની લડતો દરમિયાન સન ૧૯૩૦-૩૨માં વિલેપારલે ખાતે ઊભી કરવામાં આવેલી ઉપનગર સત્યાગ્રહ છાવણીના સંચાલનનું, લડત સિવાયનાં વર્ષો દરમિયાન ખાદી, હરિજન સેવા, સાહિત્ય લેખન-પ્રકાશનનું, મહિલા પ્રવૃત્તિનું, વિલેપારલે મ્યુનિસિપાલિટીના સભ્ય અને સ્વાસ્થ્ય સમિતિના અધ્યક્ષ તરીકેનું, વર્ષો સુધી વિલેપારલે સાહિત્ય સભાનું તેમ જ એવાં બીજાં અનેક સામાજિક અને રચનાત્મક કાર્યોનું તેમણે સંચાલન કર્યું હતું. મુંબઈના ઉપનગરોનું ક્ષેત્ર છોડીને તેઓ ઘણું ખરું ૧૯૩૪ની સાલમાં રાજસ્થાન ગયા. ત્યાં પણ તેઓ સમયાન્તરે રાજસ્થાન પ્રાન્તિક કૉંગ્રસ સમિતિના અધ્યક્ષસ્થાને પહોંચ્યા, તત્કાલીન ભારતીય સ્વરાજ્ય સંસદના તેઓ સભ્ય બન્યા તથા કૉંગ્રસની વરિષ્ઠ કારોબારીના સભ્યપદે નિયુકત થયા. અને એ રીતે અખિલ ભારતના રાજકારણના ક્ષેત્રમાં તેમણે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું. પાછળનાં વર્ષોમાં તેઓ સર્વોદય પ્રવૃત્તિ સાથે–કૉંગ્રેસ સાથેનો સંબંધ કાયમ રાખીને-વધારે ગાઢપણે જોડાયા. અને સર્વોદય વિચારસરણીના સામયિક 'ગ્રામરાજ'ના તેઓ તંત્રી બન્યા.

આમ જ્યારે રાજસ્થાને તેમની ષષ્ટિપૂર્તિ ઉજવી ત્યારે, મુંબઈ ઉપનગરે પણ કંઈક કરવું જોઈએ, આવી ઈચ્છા સાહજિક રીતે તેમના કેટલાક મિત્રોના મનમાં જાગી અને તે ઈચ્છાએ શ્રી 'ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ ષષ્ટિપૂર્તિ સન્માન સમિતિ'નું મૂર્તરૂપ લીધું. આ સમિતિએ શ્રી ગોકુળભાઈની અનેકવિધ સેવાઓનો પરિચય આપતા અને કૃતજ્ઞતાભાવ પ્રગટ કરતા ગોકુળભાઈના મિત્રો અને પ્રશંસકોના હાથે લખાયેલા પ્રશિસ્તિલેખોનો તેમ જ તેમની અનેક પદ્યરચનાઓમાંથી પસંદગી કરીને તેના સંગ્રહનો સમાવેશ કરે એવો એક અભિનંદન ગ્રંથ તૈયાર કરવાનું અને એવો ગ્રંથ તૈયાર થયે શ્રી ગોકુળભાઈનો સન્માન સમારંભ યોજવાનું નક્કી કર્યું. આ અભિનંદન ગ્રંથ તૈયાર કરતાં ત્રણ વર્ષ વહી ગયાં આખરે સુંદર અને સુશ્લિષ્ટ આકાર ધારણ કરતો એવો પ્રસ્તુત અભિનંદન ગ્રંથ તૈયાર થયો, જેના લેખ વિભાગનું સંપાદન શ્રી રતુભાઈ દેસાઈએ કર્યું, અને જેના કાવ્ય વિભાગનું સંપાદન આચાર્ય શ્રી રામપ્રસાદ બ્રે. બક્ષીએ કર્યું.

અને આ અભિનંદન ગ્રંથના અર્પણ વિધિ નિમિત્તે ઑગસ્ટ માસની ચોથી તારીખ અને રવિવારના રોજ સાંજના ૬ વાગ્યે કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે વિલેપારલે ખાતે 'સરલા સર્જન'ની વ્યાખ્યાનશાળામાં એક સન્માન સમારંભ યોજવામાં આવ્યો. અને આ પ્રસંગે શ્રી ગોકુળભાઈના પ્રશંસક અનેક ભાઈ-બહેનો બહુ મોટી સંખ્યામાં ઉપસ્થિત થયાં. સન્માન સમિતિના પ્રમુખ શ્રી વૈકુંઠભાઈ લ. મહેતાએ સ્વાગત કરતાં શ્રી ગોકુળભાઈના વિશિષ્ટ વ્યકિતત્ત્વનો અને અનેક ક્ષેત્રોને સ્પર્શતી તેમની પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો અને તેમને અનુસરીને પ્રારંભમાં શ્રી ચિનુભાઈ દેસાઈએ અને ત્યાર બાદ મહારાષ્ટ્રના શિક્ષણમંત્રી શ્રી શાંતિલાલ હ. શાહ, 'સંદેશ'ના તંત્રી અને ગોકુળભાઈના એક વખતના શિષ્ય કપિલરાય મ. મહેતા, ખાદી કાર્યકર્તા શ્રી દિલખુશભાઈ દિવાળજી, શ્રી ઉછરંગરાય ઢેબર, ડૉ. પી. જી. વર્તક, બહેન દેવયાની ઉપાધ્યાય, શ્રી ગુલાબદાસ બ્રોકર, ગોકુળભાઈના જૂના જેલસાથી શ્રી ઝાવેરી અલી વગેરે અનેક સ્વજનો, મિત્રો, સાથીઓએ શ્રી ગોકુળભાઈના વકતવ્યમાં પ્રશંસા અને કૃતજ્ઞતાના સૂર પુરાવ્યા. કાકાસાહેબ કાલેલકરે પણ પ્રમુખસ્થાનેથી પ્રસંગોચિત પ્રવચન કરીને ગોકુળભાઈનું ગુણગાન કર્યું. શ્રી ગોકુળભાઈએ સૌ મિત્રોના અભિવાદનનો જે વિશિષ્ટ પ્રસંગોએ તેમના બાલ્યકાળથી આજ સુધીના જીવનના ઘડતરમાં ભાગ ભજવ્યો છે તે પ્રસંગોને હળવા સૂરમાં રજૂ કરીને સમારંભના ગંભીર વાતાવરણને હળવું બનાવી દીધું. શ્રી માર્કંડરાય બ. મહેતાએ આભારવિધિ કર્યો. આ સમારંભ બે કલાક ત્રણ કલાક સુધી ચાલ્યો, અને એમાં છેક પ્રારંભથી ઉપસ્થિત રહેલા ભાઈ-બહેનોમાંથી સમારંભ પૂરો થતાં પહેલાં ભાગ્યે જ કોઈ ઊઠીને ગયું કે ચાલી ગયું હતું, આ દર્શાવે છે કે શ્રી ગોકુળભાઈ પ્રત્યેનો અને મિત્રો-પ્રશંસકોની અથાક મમતા અને ઊંડો આદરભાવ.

આ નોંધના અનુસંધાનમાં પ્રસ્તુત પ્રષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથ માટે લખી આપેલો શ્રી ગોકુળભાઈ અંગેનો મારો સંસ્મરણ-નોંધ નીચે પ્રગટ કરતાં આનંદ અનુભવું છું.

"હું વિલેપારલેમાં ૧૯૨૮ની સાલમાં આવ્યો ત્યારથી શ્રી ગોકુલભાઈ સાથે મારો પરિચયનો શ્રીગણેશ થયેલો. એ દિવસોમાં ત્યાં અંગ્રેજી ચાર સુધી શિક્ષણ આપતી રાષ્ટ્રીય શાળા ચાલતી હતી. આ શાળાનું એક સમિતિ દ્વારા સંચાલન કરવામાં આવતું અને તેમાં શ્રી ગોકુળભાઈનું સ્થાન મુખ્ય હતું. તે દિવસોમાં ભાગ લેતા ભાઈઓ સાથે મારો પરિચય વધતો ગયો. થોડા સમય બાદ તે શાળા સમિતિમાં જોડાવાનું બન્યું અને સમય જતાં તે શાળાના મંત્રી તરીકે કેટલાંક વર્ષો સુધી કામ કરવાનું મારા ભાગે આવ્યું. ત્યારની કૉંગ્રેસી પ્રવૃત્તિમાં પણ હું જોડાયો હતો અને તેમાં તો ગોકુળભાઈ મુખ્ય સ્થાને હતા. આમ સમિતિઓને કારણે વર્ષોના વહેવા સાથે અમારો પરિચય વધતો ગયો અને અનેક વિષયોમાં સમાન રસ હોવાને કારણે અમારા સ્નેહ વધારે સુદૃઢ થયો. ગોકુળભાઈએ વિલે પારલેમાં સાહિત્યસભા પણ શરૂ કરેલી. વળી મુંબઈમાં તેમણે રાષ્ટ્રીય શાળા ઊભી કરી હતી અને તેના તેઓ આચાર્ય હતા. શિક્ષણને લગતી કેટલીક જવાબદારી તેમણે માથે લીધી હતી. આમ દિવસનો મોટો ભાગ મુંબઈની રાષ્ટ્રીય શાળાના કામ પાછળ અને બાકીનો સમય વિલેપારલેની અનેકવિધ જાહેર પ્રવૃત્તિ પાછળ એમ-એ દિવસોમાં તેઓ ચોવીસ કલાક તેઓ જાહેર જીવનમાં રોકાયેલા રહેતા હતા.

૧૯૩૦-૩૨ની સવિનય સત્યાગ્રહની લડત દરમિયાન વિલેપારલે એક મુખ્ય કેન્દ્ર બન્યું હતું. સેવામી આનંદ, સ્વ૦ જમનાલાલ બજાજ, સ્વ૦ કિશોરલાલ મ. મશરૂવાલા, સ્વ૦ બાળાસાહેબ ખેર વગેરે આગેવાનો વિલે પારલેમાં ઊતરી આ લડતના મુખ્ય સંચાલકો હતા. વિલેપારલેમાં આ લડત અંગે એક છાવણી

ઊભી કરવામાં આવી હતી. આ છાવણીની આયોજનાની મુખ્ય જવાબદારી શ્રી ગોકુળભાઈને માથે હતી. આ લડતમાં મેં પણ થોડો ભાગ લીધેલો હોઈને ગોકુળભાઈ સાથે વધારે નિકટ પરિચયમાં આવવાનું બન્યું હતું.

આ લડત પૂરી થયા બાદ તેમનું પ્રવૃત્તિક્ષેત્ર મુંબઈ અને વિલે પારલેને બદલે શિરોહી અને રાજસ્થાન બન્યું હતું. તેઓ મૂળ શિરોહીના હતા. વિલેપારલેની કામગીરી દ્વારા રાષ્ટ્રના કૉંગ્રેસી નેતાઓની હરોળમાં તેમણે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આમ વધતી જતી પ્રતિષ્ઠા અને કાર્યશક્તિનો લાભ પોતાના વતન પ્રદેશને આપવો અને રાજસ્થાનમાં કૉંગ્રેસ પ્રવૃત્તિની જમાવટ કરવી એ હેતુથી તેઓ વિલેપારલે છોડીને શિરોહી બાજુ વધારે રહેતા-ફરતા થયા. હું પણ ૧૯૩૬ની સાલમાં વિલેપારલે છોડીને હંમેશને માટે મુંબઈ રહેતો થયો. આમ અમારા ચાલુ સંપર્ક-સમાગમનો અંત આવ્યો. આમ છતાં અમારો સ્નેહસંબંધ પહેલાં જેટલો જ ઉષ્માભર્યો ચાલુ રહ્યો છે. રાજસ્થાન આજે તેમનું મુખ્ય કાર્યક્ષેત્ર બન્યું છે. એમ છતાં વિલેપારલે સાથેના તેમના સંબંધો તૂટ્યા નથી. વિલેપારલે એટલે કે મુંબઈ તેઓ અવારનવાર આવે છે, અને આવે છે ત્યારે પ્રત્યક્ષ કે ટેલિફોનથી તેમને અવારનવાર મળવાનું બને છે. અમારી વચ્ચે સ્થપાયેલો સ્વજનભાવ આજે એકસરખો ટકી રહ્યો છે.

રાજદ્વારી ક્ષેત્રે વર્ષોથી કામ કરતી અનેક વ્યક્તિઓના સીધા પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. આમાંથી કેટલાકની એક સામાન્ય સમાજસેવકમાંથી એક યા બીજા પ્રદેશના પ્રધાનપદે પહોંચવા સુધીની ચડતી થઈ છે. અત્યંત સાદા જીવનમાંથી પૂર્ણ વૈભવશાળી જીવન તેમાંના કેટલાક માણી રહ્યા છે. રહેણીકરણીની નમ્રતાને સ્થાને કેટલાકના વર્તનવ્યવહારમાં સત્તાના રૂઆબે પ્રવેશ કર્યો છે. ભોગ અને બલિદાન માગતા રાજકારણે સત્તાપ્રાપ્તિના રાજકારણમાં પલટો ખાધો છે. આની ચિત્રવિચિત્ર અસર રાજકારણમાં રંગાયેલા માણસો ઉપર પડે એ તદ્દન સ્વાભાવિક છે. આમ અનેક લોકો અનેક રીતે પલટાયા છે. માત્ર ગોકુળભાઈ-જ્યારે મેં તેમને પહેલવહેલાં જોયા-જાણ્યા, તે વિનમ્ર, નિર્મળ, સાદા, સેવાનિષ્ઠ સ્નેહપરાયણ ગોકુળભાઈ સત્તાપ્રતિષ્ઠાનાં અનેક શિખરો સર કરવા છતાં આજે પણ એના એ જ ગોકુળભાઈ રહ્યા છે. સત્યની ઉપાસના અને લોકસેવાની સાધના-આ બે લક્ષ્યની આરાધના પાછળ તેમનું આખું જીવન વ્યતીત થયું છે. કૉંગ્રેસની કારોબારી સુધી તેઓ પહોંચ્યા છે. સમય જતાં કૉંગ્રેસની ક્ષતિઓથી વ્યથિત બનતાં, આજે કેટલાક સમયથી તેઓ સર્વોદય તરફ ઢળ્યા લાગે છે. તેમની અન્તઃપ્રેરણા તેમને જ્યાં ખેંચી જાય છે, ત્યાં તેઓ જાય છે. તેઓ આંતરબાહ્ય એકરૂપ જીવન ગાળે છે અને સ્વપરનો ઉત્કર્ષ સાધે છે. સત્તાના કોઈ પ્રલોભને તેમના મગજને ભમાવ્યું નથી. સેવા એ તેમના જીવનનો પ્રધાન સૂર રહ્યો છે. આજના ભારતમાં તેમની હરોળમાં મૂકી શકાય એવા બહુ ઓછા પ્રજાસેવકો નજરે પડે છે. તેમણે પ્રજા-જીવનનાં અનેક ક્ષેત્રોની જીવનપર્યન્ત અનેકવિધ સેવાઓ કરીને પોતાના જીવનને ધન્ય ચરિતાર્થ બનાવ્યું છે."

છેવટે શ્રી ગોકુળભાઈની ૬૨મી જન્મતિથિને ઉંબરેથી-મહાશિવરાત્રીના રોજ-તેમણે રચેલું કાવ્ય નીચે આપીને આ નોંધ પૂરી કરીએ.

જીવન દૃષ્ટિ

ઉપજાતિ-વસંત

હજી ય ના દૃષ્ટિ મને મળી છે,
જડી ન આંખો હજી ઉઘડી છે,
કળી હજી પલ્લવમાં પડી છે,
ને આમ્રઆશે હજી મંજરી છે,
ત્યારે કહું શું? શીદ પ્રશ્ન પૂછો
કે દ્રષ્ટિ શી જીવનની તમારી?'
લાધે યદિ શિવકૃપાથકી નેત્રરત્ન,
જો અંતરે અમલતા અજવાળું દેય.

× × ×

આ ભાસ આભાસ નક્કી પ્રમાણો,
આ વારિ તેને મૃગનીર જાણો;
દૃષ્ટિ મળ્યે શું દગ સ્થૂળ પામ્યે?
જીવ્યું ફળે શું વિણ આશ છાંડ્યે?
આથી વિશેષ વધુ યાચવું છે ઉચિત?
ને માંગ માંગ કરવું પુરુષાર્થદૈન્ય.

કૉંગ્રેસ સંસ્થાની અદ્યતન અવનતિનું શ્રી એસ. એન. મિશ્રે કરેલું નિદાન

કૉંગ્રેસ સંસ્થામાં વધતી જતી શિથિલતા કેમ અટકાવવી, કેમ દૂર કરવી એનો વિચાર કરવા માટે, ૮૪ સભ્યોના રીકવીઝીશનના પરિણામે, ઑગસ્ટ માસની ૯મી તારીખે ન્યુ દિલ્હી ખાતે અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક મળવાની હતી એ ટાંકણે લોકસભાના સભ્ય શ્રી એસ. એન. મિશ્રે એક નિવેદન તૈયાર કરીને અખિલ મહાસભા સમિતિના સભ્યો ઉપર મોકલ્યું હતું. તે નિવેદનમાં કૉંગ્રેસ પક્ષને આજે જે વ્યાધિ લાગુ પડ્યો છે તેનું નિદાન કરતા ત્રણ મુદ્દાઓને તેમણે મુખ્યપણે આગળ ધર્યા છે: (૧) ધનપ્રભાવિત રાજકારણ, (૨) લોકશાહીનો અને ન્યાયયુક્ત વ્યવહારનો અભાવ અને (૩) સત્તાસ્થાન ઉપર બેઠેલા કૉંગ્રેસીઓ અને બાકીના કૉંગ્રેસીઓ વચ્ચે સતત વધતું જતું અંતર.

(૧) એ નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આજે કૉંગ્રેસના સભ્ય બનવા માટે જે ધોરણ સ્વીકારવામાં આવ્યું છે અને અમલી બનેલ છે તે ધોરણ અનુસાર કૉંગ્રેસ-સંસ્થા સભ્યોની બહુ મોટી સંખ્યા હોવાનો દાવો કરી શકે તેમ છે, પણ તેથી તે એક મહાન સંસ્થા બની શકતી નથી. તેનું પરિણામ જેની પાસે દ્રવ્યનું સાધન વધારે તેના હાથમાં સંસ્થા ઉપરનો કાબૂ વધારે એવી સ્થિતિ પેદા કરવામાં આવે છે અને સરકારી તંત્ર પર પણ એનું જ વર્ચસ્ જામેલું રહે છે. આપણે જ્યાં સુધી આ દ્રવ્યના પ્રભુત્વને ખાળી ન શકીએ ત્યાં સુધી કૉંગ્રેસ કદિ પણ સામાજિક અને આર્થિક પ્રગતિનું સાધન બની ન જ શકે. ઉલટું આને લીધે સંસ્થાનો બહુ જલ્દિથી હ્રાંસ થતો જવાનો અને જોતજોતામાં તે ખલાસ થઈ જવાની.

(૨) પક્ષમાં રહેલી લોકશાહી અને ન્યાયબુદ્ધિ અંગે એ નિવેદન જણાવે છે કે જો કે technically-અંધારણની રીતે-પરસ્પર ચર્ચા-વિચાર વિનિમય-અંગે પૂરું સ્વાતંત્ર્ય છે, એમ છતાં પણ, વાસ્તવિક રીતે એને લગતા વાતાવરણનો મોટા ભાગે અભાવ હોય છે. ખરા દિલની અને મુકત મનની ચર્ચાવિચારણા તેને લગતાં જોખમોથી-અંગત રીતે પ્રતિકૂળ પરિણામ આવવાના જોખમોથી-મુકત હોતી નથી. કેટલેક ઠેકાણે સત્તાના ઠેકેદારો અને અનુયાયી લેખાતા કાર્યકરો વચ્ચે એક પ્રકારની feudal relationship-સત્તાધારી માલિક અને નોકર વચ્ચે હોય એ પ્રકારનો સંબંધ-સ્થાપિત થયેલો માલુમ પડે છે. પરિણામે કૉંગ્રેસ પક્ષ એ સમાનધર્મી સાથીઓનું બંધુમંડળ હોવું જોઈએ એવી સ્થિતિ રહી નથી. અખિલ હિંદ મહાસભા સમિતિ, પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ અને કૉંગ્રેસના વાર્ષિક અધિવેશનના પ્રભુત્વમાં અને મહત્ત્વમાં જે ઘટાડો થયો છે તે માટે પણ આ જ પરિસ્થિતિ જવાબદાર છે. સર્વોચ્ચ કક્ષાએ કૉંગ્રેસની કારોબારી અને મધ્યસ્થ ચૂંટણી સમિતિના વર્ચસને પણ આ જ કારણે ઘણી ક્ષતિ પહોંચી છે.

એ નિવેદનમાં આગળ ચાલતાં જણાવવામાં આવ્યું છે કે કૉંગ્રેસીઓમાં એવી લાગણી મજબુતપણે પ્રસરેલી છે કે જે આગેવાનો સત્તા ઉપર છે તેમની આપખુદી અને માથાભારેપણા સામે કોઈ બચાવનો ઉપાય જ નથી. આપણા દેશમાં કાનૂની રાજ્ય પ્રચલિત કરવા માગીએ છીએ, પણ કૉંગ્રેસની સંસ્થામાં આવું કશું છે જ નહિ. એવી કોઈ ગોઠવણ હોવી જોઈએ કે જે દ્વારા એક સાધારણમાં સાધારણ કૉંગ્રેસી પણ પૂરું રક્ષણ મેળવી શકે અને સર્વોચ્ચ સત્તાધીશ, તે ગમે તેવું સ્થાન કે મોભો ધરાવતો હોય તો પણ, શિક્ષાપાત્ર બની શકે. આવી ગોઠવણ દ્વારા, મહેનત અને વળતર વચ્ચે આજે કોઈ સુમેળવાળો સંબંધ દેખાતો નથી તે સંબંધ સ્થાપિત કરી શકાશે. આવા સુમેળયુકત-ન્યાયયુકત-સંબંધના

અભાવે, સામાજિક ન્યાયયુકત સમાજરચનાની સ્થાપના કરવાની દિશાએ કૉંગ્રેસ પક્ષ અસરકારક સાધન બની શકે કે કેમ તે વિષે કોઈને પણ શંકા આવે એ સ્વભાવિક છે.

(૩) સત્તાસ્થાન ઉપર જેઓ બિરાજે છે તેઓ અને અન્ય કૉંગ્રેસીઓને લગતા પ્રશ્ન અંગે પ્રસ્તુત નિવેદન જણાવે છે કે ઘણા ખરા આગેવાન કૉંગ્રેસીઓ આજે પુષ્કળ સરકારી જવાબદારીઓ વહી રહ્યા છે. આ હકીકત જ સંસ્થાને અને તેના પ્રભાવને નબળા પાડવા માટે જવાબદાર છે. મદ્રાસના મુખ્ય પ્રધાન શ્રી કે. કામરાજે એવી સૂચના કર્યાનું જાણવામાં આવ્યું છે કે મહત્ત્વના કૉંગ્રેસીઓ સત્તાસ્થાન છોડે અને સંસ્થાની પુનર્રચનાના કામમાં લાગી જાય. આ સૂચનાનો જો અસ્વીકાર કરવામાં આવશે તો દેશભરમાં તેના માનસિક પ્રતિકૂળ પ્રત્યાઘાતો પડયા વિના નહિ રહે.

પ્રસ્તુત નિવેદન કૉંગ્રેસકર્મચારીઓ વચ્ચે ઊભી થયેલી આ–ભ્રામક નહિ પણ વાસ્તવિક–દીવાલને નાબૂદ કરવા માટે કૉંગ્રેસ-નેતાગીરીને તત્કાળ પગલાં ભરવા અને મજબૂત હાથે કામ લેવા અનુરોધ કરે છે અને જણાવે છે કે કૉંગ્રેસીઓ સત્તા માટે અંદર અંદર લડી રહ્યા છે અને પડાપડી કરી રહ્યા છે તે આ હકીકતને પુરવાર કરે છે. તદુપરાંત આ નિવેદન ઉચ્ચ સ્થાનોમાં ઘર કરી રહેલ ભ્રષ્ટાચારની બદીને દઢતાપૂર્વક અને જરૂર હોય ત્યાં કડક બનીને નાબૂદ કરવા આગ્રહ કરે છે. આ બાબતો હાથમાં લેવા માટે એક high powered–body–ખૂબ સત્તા ધરાવતી એવી એક સમિતિ–ઉભી કરવા માટે ઘણા લાંબા વખતથી માગણી થઈ રહી છે. જ્યારે આપણા જ કૉંગ્રેસીઓ દેશની આગેવાન વ્યકિતઓ વિષે લાંચરૂશ્વતના આક્ષેપો વહેતા કરવામાં વિરોધપક્ષના લોકો સાથે હાથ મેળવતાં માલુમ પડે છે ત્યારે આવી એક સમિતિ ઉભી કરવાની વાતનો ઈન્કાર કરવાનું અત્યન્ત મુશ્કેલ બની જાય છે.

શ્રી એસ. એન્. મિશ્રાના આ નિવેદનના અનુસંધાનમાં અખિલ હિંદ મહાસભા સમિતિ શું નિર્ણય લે છે અને તેને કેવી રીતે અમલી બનાવે છે તે હવે જોવાનું રહે છે, પણ શ્રી મિશ્રાના નિવેદનમાં કૉંગ્રેસની અદ્યતન અવનતિનું જે નિદાન કરવામાં આવ્યું છે તે ઘણે અંશે સાચું લાગે છે.

"ગઈ કાલના ગરીબ કૉંગ્રેસીઓ આજે તવંગર બની બેઠા છે."

થોડા દિવસ પહેલાં ઈન્દોર ખાતે મધ્ય પ્રદેશના કૉંગ્રેસીઓની ચાર દિવસની તાલીમી શિબિર અને સેમીનારનું જુલાઈ માસની ૩૧મીના રોજ ઉદ્‌ઘાટન કરતાં કૉંગ્રેસ પ્રમુખ શ્રી સંજીવૈયાએ જણાવ્યું કે "કૉંગ્રેસે પોતાની પ્રતિષ્ઠા ગુમાવી છે. કારણ કે, આઝાદી મળ્યા પહેલાં જે કૉંગ્રેસીઓ ગરીબી ભોગવતા હતા તેઓ આજે લક્ષાધિપતિ થઈ ગયા છે. કેટલાક અનેક સિનેમા ઘરોના માલિક બની ગયા છે. કેટલાક મોટી મિલ્કત, મોટરગાડીનો કાફલો અને વાહનવ્યવહારની પુષ્કળ સગવડો ધરાવતા થયા છે. આ બધું તેમને કયાંથી શી રીતે પ્રાપ્ત થયું? આ સવાલનો કોઈ જવાબ મળતો નથી. વિધાનસભાના અને લોકસભાના બહુ થોડા ધારાસભ્યોએ પોતાની અંગત મિલ્કતની કે કમાણી દ્વારા મેળવેલી મિલ્કતની વિગતો દર્શાવતાં વાર્ષિક પત્રકો–annual returns ભરીને મોકલ્યાં છે." કૉંગ્રેસના પ્રમુખના આ ઉદ્‌ગારો ભારે અજાયબી પેદા કરે તેવા છે. એવું શું તેમના જોવા-જાણવામાં આવ્યું કે જેથી, જાણે કે કોઈ ઊંડું દર્દ અનુભવતા હોય એ રીતે કૉંગ્રેસ પ્રમુખને આવા ઉદ્‌ગારો કાઢવાની ફરજ પડી છે? સામાન્ય ચિરસ્તા મુજબ કૉંગ્રેસ પ્રમુખ આમ કદિ બોલે જ નહિ, પણ પ્રજા-જીવનના પ્રાણને કોરી ખાતી ચોતરફની અધોગતિ જેના નિર્માણમાં કૉંગ્રેસીઓનો ફાળો નાનો સુનો નથી તે એવી છે કે સાચા દિલના કોઈ પણ માનવીને અકળાવી નાંખે. કૉંગ્રેસ પ્રમુખના ઉપરના ઉદ્‌ગારો ગણતરીપૂર્વકની વિચારણાનું નહિ પણ અંદર ધુંધવાઈ રહેલા ઉકળાટ અને અકળામણનું અણધાર્યું છતાં સ્વાભાવિક પરિણામ હોય એમ લાગે છે. આ અન્ય કોઈને નહિ પણ આપણ સર્વને એક યા બીજી રીતે લાગુ પડતાં વિધાનો છે એમ આપણે સમજવાનું છે.

Party before Post: **પક્ષ પહેલો, અધિકાર પછી:**

Well done if well done: **सुकृतं यदि सुकृतम् ।**

ઑગષ્ટ માસની તા. ૯ તથા ૧૦મી ના રોજ મળનારી અખિલ હિંદ મહાસભા સમિતિ સમક્ષ રજૂ કરવા માટે મદ્રાસ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી કે. કામરાજ નાદરે કૉંગ્રેસની કારોબારી ઉપર નીચેની દરખાસ્ત મોકલી હતી :

"જે આગેવાન કૉંગ્રેસીઓ– Senior Congressmen –આજે સરકારી તંત્રમાં સત્તા સ્થાન ઉપર હોય તેમણે પોતપોતાનાં સત્તાસ્થાનોનો પરિત્યાગ કરવો જોઈએ અને સંસ્થાકીય કામકાજને સર્વથા સમર્પિત બનવું જોઈએ. "

કૉંગ્રેસની કારોબારીએ આ દરખાસ્તનો સ્વીકાર કરીને તે અંગે નીચે મુજબનો વિગતવાર ઠરાવ ઘડીને અખિલ હિંદ મહાસભાની દિલ્હી ખાતે તા. ૧૦મી ઓગષ્ટના રોજ મળેલી બેઠક ઉપર બહાલી માટે મોકલી આપ્યો હતો : –

"એ. આઈ. સી. સી. (all India, Congress Committee– અખિલ હિંદ મહાસભા સમિતિ) કારોબારી સમિતિએ મોકલેલા નીચે આપેલા ઠરાવ અંગે પુખ્ત વિચાર કરીને તે ઠરાવને આવકારે છે અને તેનું સર્વથા સમર્થન કરે છે. એ. આઈ. સી. સી. આ ઠરાવનો અમલ કરવા માટે જલ્દી પગલાં ભરવાની કારોબારી સમિતિને સત્તા આપે છે.

"રાષ્ટ્રીય મહાસભાએ પરદેશી હકુમતમાંથી મુકિત મેળવવાના કાર્યમાં ઐતિહાસિક ભાગ ભજવ્યો હતો. આઝાદી પ્રાપ્ત થયા બાદ, કૉંગ્રેસે દેશના રાજ્યવહીવટનો ભારે બોજો વહન કર્યો છે અને આપણા લાખો પ્રજાજનોને આઝાદીનાં ફળોના ભાગીદાર બનાવવાનો અને દેશનો સામાજિક અને આર્થિક વિકાસ સત્વર સાધવાનો પ્રયત્ન કર્યો છે.

"આ દરમિયાન દેશની બહારના આક્રમણને લીધે અને દેશની અંદર ઊભાં થતાં વિભાજક અને પ્રત્યાઘાતી બળોને લીધે દેશ એક ગંભીર કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. આ તબક્કે રાષ્ટ્રીય મહાસભાને ઘણી ગંભીર જવાબદારી અદા કરવાની છે. આ જવાબદારી ત્યારે જ સફળતાપૂર્વક અદા થઈ શકે કે, જ્યારે પક્ષ શિસ્ત–બદ્ધ હોય અને સામુદાયિક એકતાપૂર્વક કામ કરી શકે તેવી સ્થિતિમાં હોય. કમનસીબે, તાજેતરના ભૂતકાળમાં પક્ષમાં જૂથબંધીઓ અને તેને લગતા સંઘર્ષો ઊભાં થવાને લીધે કૉંગ્રેસ–સંસ્થામાં ઢીલાપણું પેદા થયું છે. સંસ્થાને નિર્બળ બનાવતાં આ અનિચ્છનીય વલણોની કોઈ પણ રીતે અટકાયત થવી જોઈએ. ગાંધીજીના નેતૃત્વ અને માર્ગદર્શન નીચે નિર્માણ થયેલી કૉંગ્રેસની ભવ્ય પરંપરાને અનુરૂપ હોય એવા પગલાંઓ વડે જ કૉંગ્રેસની આ શિથિલતા નાબૂદ કરી શકાય તેમ છે.

"આ સમસ્યાના સંદર્ભમાં શ્રી કામરાજ એવી દરખાસ્ત લઈ આવ્યા કે, જે આગેવાન કૉંગ્રેસીઓ આજે સરકારી તંત્રમાં સત્તાસ્થાન ઉપર હોય તેમણે પોતપોતાનાં સત્તાસ્થાનોનો પરિત્યાગ કરવો જોઈએ અને સંસ્થાકીય કામકાજને સર્વથા સમર્પિત બનવું જોઈએ. કારોબારીએ આ દરખાસ્તને આવકારી છે અને એ દિશાએ સક્રિય બનવાનો નિર્ણય કર્યો છે.

"સહજપણે અપેક્ષા રાખવામાં આવે એ મુજબ, સૌથી પહેલાં રાજીનામું આપનાર ભારતના મહાઅમાત્ય શ્રી જવાહરલાલ નહેરૂ હતા. કારોબારીએ મહાઅમાત્યના રાજીનામાનો તેની બંને બાજુએથી

વિચાર કર્યો અને સર્વાનુમતે એવા નિર્ણય પર આવી કે, આ રાજીનામાનો સ્વીકાર રાષ્ટ્રના હિતને સર્વથા ઘાતક બને અને આ પગલા પાછળનો મૂળ હેતુ માર્યો જાય.

"આ પ્રક્રિયા દરમિયાન એ બાબત અચૂકપણે ધ્યાનમાં રાખવાની રહે છે કે, દેશનો રાજ્યવહીવટ કોઈ પણ સંયોગોમાં નબળો પડવો ન જ જોઈએ. આ સંયોગોમાં કારોબારી સમિતિએ સર્વાનુમતે ઠરાવ્યું કે મહા અમાત્યે પોતાનું રાજીનામું સ્વીકારવાનો આગ્રહ કરવો નહિ.

"ઘણા મુખ્ય પ્રધાનોએ અને કેન્દ્રના તેમ જ રાજ્યના પ્રધાનોએ સહજ સ્ફુર્તિથી આ અભિપ્રાયને વધાવી લીધો છે અને પોત-પોતાનાં સત્તાસ્થાનો છોડવાની અને સંસ્થાની જવાબદારીઓ સ્વીકારવાની તૈયારી દાખવી છે. આ રાજીનામાંઓ સંબંધમાં નિર્ણય લેવાની જવાબદારી સ્વીકારવા કારોબારી સમિતિએ મહા અમાત્યને વિનંતિ કરી છે.

"પ્રધાનોના હાથે થનારો સત્તાસ્થાનોનો પરિત્યાગ દેશમાં એક નવું વાતાવરણ જરૂર પેદા કરશે, પણ સંસ્થામાં નવા પ્રાણ પૂરવા માટે તેમ જ તેની તાકાત વધારવા માટે આ ઉપરાંત બીજો કાર્યક્રમ વિચારવાનો તેમ જ અમલી બનાવવાનો રહેશે, આવા કાર્યક્રમનો ગંભીરપણે વિચાર કરવો ઘટે છે અને તેની વિગતો નક્કી કરવાની રહે છે. કારોબારી સમિતિએ ઉપરની દરખાસ્તને અમલી બનાવવા માટે સત્ત્વર પગલાં ભરવાનો નિર્ણય કર્યો છે."

કોંગ્રેસ કારોબારીના આ ઠરાવને એ. આઈ. સી. સી. એ સર્વા - નુમતે પસાર કર્યો છે. કોંગ્રેસનો આ ઠરાવ એક નવું જ પ્રસ્થાન સૂચવે છે. આજની શિથિલતા અને સત્તાલોલુપતા નાબૂદ કરવાની દિશાએ આ અતિ મહત્ત્વનું પગલું છે અને તેથી તેને આપણે સહર્ષ આવકારીએ અને મહા અમાત્ય નહેરુ અને કોંગ્રેસની કારોબારી મક્કમપણે અને કડક હાથે કામ લઈને કોંગ્રેસની સંસ્થાને અને તેના હસ્તકના રાજ્યવહીવટને વિશુદ્ધ, સુદૃઢ, અને શંકાતીત બનાવે એવી આશા આપણે વ્યકત કરીએ.

તા. ૧૩-૮-૬૩ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં એ. આઈ. સી. સી.ના આ નિર્ણયનું અભિનંદન કરતો અને તેને આવકાર આપતો અગ્રલેખ 'Well done, if well done' 'सुकृत्तं यदि सुकृतम्' એ મથાળા નીચે પ્રગટ કરવામાં આવ્યો છે. આ મથાળું બહુ સૂચક છે. તેનો ભાવાર્થ એ છે કે પ્રસ્તુત નિર્ણયનો સત્વર અને સુયોગ્ય રીતે જો અમલ કરવામાં આવે તો આ નિર્ણય સર્વ પ્રકારે અભિનન્દન કરવા યોગ્ય છે.—**પરમાનંદ**

—:૦૦:—

બાળદીક્ષા

આજથી પચાસ કે સાઠ વર્ષ પહેલાં એવો જમાનો હતો કે તેને આપણે સુધારા-યુગ કહી શકીએ. ત્યારે રડવું કુટવું, બાળ-વિવાહ, વિધવા વિવાહ, બાળદિક્ષા, સ્ત્રીશિક્ષણ, એવા એવા સામાજિક અનિષ્ટો દૂર કરાવવા ખૂબ પ્રચાર થતો. છાપાંઓમાં પણ આને અંગેનાં થયેલાં ભાષણો છપાતાં ને લોકમાનસ એ તરફ વિચાર કરવા તરફ ખેંચાયેલું રહેતું. આજનો યુગ રાજકારણીય યુગ લાગે છે. પ્રધાનમંડળમાં મતભેદ, વિદેશમાં એલચીઓની નિમણૂંક, પ્રધાનોના પ્રવાસ, પંચવર્ષીય યોજના વગેરે એવું એવું જ દૈનિક પત્રોમાં વાંચવામાં આવશે. કયાંય થયેલો અન્યાય કે કોઈ સામાજિક અનિષ્ઠ બનાવ બન્યો હશે તો તેની હકીકત છાપાંમાં આવશે, પણ તેના ઉપર વધારે ઉહાપોહ થતો નથી. એકાદ દિવસ જરા ચર્ચા થાય, અને પછી ચૂપકીદી. બધાંને રાજકારણમાં રસ છે. સમાજ કયાં જઈ રહ્યો છે. સમાજ માટે શું કરવું જરૂરી છે તે તરફ આજે બહુ ઓછું લક્ષ અપાય છે.

બાળદીક્ષા એ પણ આવા સામાજિક અનિષ્ટોમાંનું એક અનિષ્ટ છે. પચીસ ત્રીસ વર્ષ ઉપર આ પ્રશ્ન ઉપર ખૂબ આંદોલન ચાલ્યું હતું. વડોદરા રાજ્યે બાળદીક્ષા પ્રતિબંધક કાયદો પણ કર્યો હતો. મુંબઈ જૈન યુવક સંઘે આ પ્રશ્નને પ્રાણપ્રશ્નની જેમ હાથ ધર્યો હતો. તે વખતના ઉહાપોહના કારણે કે ગમે તેમ પણ ત્યાર બાદ બાળદીક્ષાના પ્રસંગ બહુ સાંભળવામાં આવતા નહોતા. હમણાં હમણાંમાં એ વસ્તુ ફરીને વિકસતી જતી દેખાય છે. એક બે ઠેકાણે નાનાં છોકરાંઓને ભગાડીને દીક્ષા આપવાના સમાચાર સાંભળ્યા ને અમદાવાદમાં આચાર્ય વિજયરામચંદ્ર સૂરીજીએ જાહેરમાં દશ અને બાર વર્ષનાં બાળકોને દીક્ષા આપી.

દીક્ષાનો હેતુ છે જીવનશુદ્ધિ કરી આત્માને પરમહંસની સ્થિતિ તરફ લઈ જવો. દશ કે બાર વર્ષનું બાળક આત્માની બાબ-તમાં કે જીવનશુદ્ધિની બાબતમાં શું સમજતું હોય? ભવિષ્યમાં શું શારીરિક કષ્ટ સહન કરવું પડશે, શું માનસિક યાતના વેઠવી પડશે તેની એને કશી યે કલ્પના ન હોય. માત્ર આસપાસનાઓની વાતો સાંભળી તેનું મન ભરમાઈ જાય છે અને ભોળાં કુમળાં બાળકને એક સંકુચિત વાડામાં પૂરી દેવામાં આવે છે. પરિણામે તેઓ ધીમે ધીમે શિથિલાચારી થઈ જાય છે અથવા તો જો હિમ્મત હોય તો પંદર વીસ વર્ષ સુધી સાધુ અવસ્થામાં રહ્યા છતાં પણ દીક્ષા છોડી દેવાને તૈયાર થાય છે. આ રીતે આપણે ચારિત્ર્યનું મહત્ત્વ કેટલું ઘટાડી દીધું છે? કહેવાય છે એમ કે મનુષ્યને વાતાવરણની-સંસર્ગની અસર ખૂબ થાય છે. જો બાળપણથી જ સંન્યસ્તાવસ્થા કેળવી હોય તો સહેલાઈથી તે સાધુ આચારોને અનુકૂળ થઈ શકે. તેની બધી શકિતઓ તાજી અને જાગૃત હોય ત્યારે જ વધારે વીર્ય ફોરવી શકે અને સાધ્ય તરફ સહેલાઈથી આગળ વધી શકે. આ વાત અમુક અંશે કદાચ સત્ય હશે, પણ એવો જીવ આજના કાળે તો હજારમાં એક નીકળવો પણ મુશ્કેલ છે. બાકીનાંઓ માટે તો જે વેશ સ્વીકાર્યો તેના આચારવિચાર ઈચ્છાએ કે અનિચ્છાએ પાળ્યે જ છૂટકો થાય છે. આ પ્રમાણે એક બાળકની અણસમજણનો લાભ લઈ તેને અમુક બંધનોમાં નાખી દેવાય છે. કદાચ તેના માતાપિતા અંધશ્રદ્ધાને કારણે એમ માને કે અમે બાળકની જિંદગી સુધારી દીધી, પણ જિંદગી સુધરી કે કેમ તે તો દીક્ષાર્થીનું મન જ કહી શકે. એકંદરે તો ઉમર વધતાં જીવનના આઘાત પ્રત્યાઘાતો અને વાસનાઓની ભરતી ઓટ સામે ટકી રહેવું તેને માટે મુશ્કેલ બને છે, અને એવા પરાણેના દમનથી છાનાછપના અનેક શિથિલાચારો સેવવાના પ્રસંગો બને છે. ત્યારે જ આજે સંમેલનો ભરી સાધુ-ઓને પોતાના આચાર શુદ્ધ પાળવાની વિનંતી કરતા ઠરાવો કરવા પડે છે ને?

સાધુ સંસ્થાને આજના યુવાનોને પણ આદરણીય લાગે એવી ઉચ્ચ કક્ષાએ લઈ જવી હોય તો સમાજના નેતાઓએ આ બાળદીક્ષા પર અવશ્ય પ્રતિબંધ મૂકવો જોઈએ. જીવનના આઘાત પ્રત્યાઘાતો ખમીને જેને અંતરમાંથી વૈરાગ્ય જાગ્યો છે એવી અનુ-ભવી વ્યકિતઓ જો દીક્ષા લેશે તો તેઓ જરૂર જીવનશુદ્ધિની ઉચ્ચ દશાએ પહોંચશે અને ત્યારે એ શાંતમૂર્તિનો પ્રભાવ સહેજે જનતા ઉપર પડશે. બાકી આજે એ જીવનો ઉદ્ધાર કરીએ છીએ એવો ઉપકારનો અંચળો ઓઢી માત્ર પોતાનો પરિવાર વધારવાની તૃષ્ણામાં જે દીક્ષા અપાય છે તેમાં દીક્ષાર્થીનું હિત થાય છે કે નહિ તે તો જ્ઞાની જાણે, પણ શાસનનું હિત તો સધાતું નથી જ. ગુરુ-મહારાજાઓ આ ઉપર વિચારણા કરી દીક્ષાર્થીની યોગ્યતા અને સમજણની કસોટી કરી પછી દીક્ષા આપવા તૈયાર થાય તો તે બધાંને હિતાવહ છે.

'વિકાસ'માંથી ઉદ્ધૃત **મેનાબહેન નરોત્તમદાસ**

મહાન ગુર્જર વૈજ્ઞાનિક: પ્રૉફેસર ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર

પ્રોફેસર ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર (ટુંકામાં ટી. કે. ગજ્જર) નો જન્મ ૧૮૬૩ ના ઑગસ્ટની ત્રીજી તારીખે. એટલે આ છે તેમની જન્મશતાબ્દીનું વર્ષ. વિજ્ઞાન અને ટેકનીકલ કેળવણીના વિષયમાં સંશોધનનું મંડાણ કરી ગુજરાતના યુવકોને તેમાં રસ લેતાં કરવાનું મહામાન પ્રોફેસર ટી. કે. ગજ્જરને જાય છે. ગજ્જરે ગુજરાતમાં વૈજ્ઞાનિક સંશોધનનું બીજ રોપ્યું. તે આજે વૃક્ષરૂપે ફાલતું જાય છે.

ગજ્જર સાહેબે જે સિદ્ધિ હાંસલ કરી તેની યોગ્ય કદર બુઝવા એ જમાનામાં શી પરિસ્થિતિ હતી એ જરા જોઈ જઈએ. ૧૮૫૭ ના બળવા પછીનો એ જમાનો. દેશમાં અંગ્રેજી રાજ્યસત્તાનો આરંભ થઈ ચૂકયો હતો. અંગ્રેજી શિક્ષણ વિસ્તરતું જતું હતું. કેળવણીની સંસ્થાઓ ગણીગાંઠી હતી. મુંબઈ, કલકત્તા અને મદ્રાસમાં યુનિવર્સિટીઓ સ્થપાઈ હતી, પરંતુ એમના પ્રારંભના દિવસો હતા. દેશમાં વિજ્ઞાનનું શિક્ષણ નહીંવત હતું. સંશોધનનું મહત્ત્વ અંકાયું ન હતું. વિજ્ઞાનની સંસ્થાઓ જૂજ હતી. આવશ્યક સાધનો અને સગવડો ખૂબ ઓછાં હતાં. સંશોધન અંગે સહાયક વૈજ્ઞાનિક વાતાવરણનો અભાવ હતો.

શ્રી ત્રિભુવનદાસનો જન્મ સુરત શહેરમાં ગજ્જર કુટુંબમાં થયો હતો. નાના ત્રિભુવનની બુદ્ધિ તીવ્ર અને ચપળ હતી. સોળ વર્ષની વયે મેટ્રિક પાસ કરી આગળ અભ્યાસ માટે એલ્ફીન્સ્ટન કોલેજમાં જોડાયા. વિજ્ઞાનનો અભ્યાસ પસંદ કર્યો અને બી. એસ. સી. માં પ્રથમ વર્ગમાં પાસ થયા. એમ. એ. નો અભ્યાસ વિજ્ઞાનના વિષયો લઈને કર્યો અને પરીક્ષામાં ઉજ્જવળ ફત્તેહ મેળવી.

એ જમાનામાં આપણા દેશની આર્થિક સ્થિતિ ઘણી કઢંગી હતી. આપણો પૈસો પરદેશ ધસડાઈ જતો: આપણા ઉદ્યોગોનું નિકંદન નીકળતું હતું. દેશપ્રેમી ગજ્જરને આ ખટકતું હતું. તેમણે પોતાના વિજ્ઞાનના અભ્યાસનો ઉપયોગ કરી દેશની સ્થિતિ સુધારવા વિચારો કર્યા. તેમણે હિંદમાં થતા કાચા માલમાંથી વિજ્ઞાનનો ઉપયોગ કરી વસ્તુઓ તૈયાર કરવા, એ અંગે દેશના યુવકોને હુન્નરઉદ્યોગની તાલીમ આપી કારખાનાં કાઢવા વિચારો કરવા માંડયા, અને સુરતમાં એ અંગે એક હુન્નર ઉદ્યોગશાળા કાઢી. પણ સહાયના અભાવે આગળ વધી શકાયું નહીં. આમ ગુજરાતમાં ટેકનિકલનું શિક્ષણનું મંડાણ કરનાર ગજ્જર છે.

શ્રી ગજ્જર વડોદરામાં કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા. શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડની કીર્તિ હુન્નરપ્રેમી અને ઉદ્યોગપ્રેમી રાજવી તરીકે બધે હતી. તેમણે કલાભવન ખોલવાનો હુકમ કાઢયો અને યુવાન ગજ્જર તેના પ્રથમ પ્રિન્સીપાલ નીમાયા. આમ ગજ્જરને પોતાને અનુકૂળ કાર્યક્ષેત્ર મળી ગયું. કલાભવનમાં વણાટ, કાંતણ, ઈજનેરી, બ્લીચીંગ, ડાઈંગ, પ્રિન્ટીંગ, ફોટોગ્રાફી વગેરે વિષયો શીખવવાનું શરૂ થયું. પણ તેજસ્વી પુરૂષો સામેનો તેજોદ્વેષ સંસારવિશ્રુત છે. પરિણામે ગજ્જરને વડોદરા છોડવું પડયું, અને મુંબઈમાં વસવાટ શરૂ કર્યો. ગજ્જર સાહેબ રસાયણવિજ્ઞાનના એક સમર્થ આચાર્ય તરીકે, વડોદરા કલાભવનના આદ્યપ્રણેતા તરીકે, મુંબઈમાં વિજ્ઞાનના ઉચ્ચ શિક્ષણ અને સંશોધનને તથા રાસાયણિક ઉદ્યોગને અસાધારણ વેગ આપનાર તરીકે, મુંબઈમાં મહારાણી વિકટોરિયાના આરસના પૂતળા પરથી ડામરના ડાઘ કાઢી નાખનાર ચમત્કારિક રસાયણવિદ તરીકે, જૂનાં પીળાં પડી ગયેલાં મોતીને ધોઈ તદ્દન નવાં જેવા બનાવવાની રીત શોધનાર રસાયણ શાસ્ત્રી તરીકે, પ્લેગકોલેરા જેવાં ભયંકર દર્દોની નવી અને અકસીર ઔષધી શોધી જનસમાજને આપનાર તરીકે, અસામાન્ય શકિતવાળી અને તદ્દન અસામાન્ય પરિસ્થિતિમાં મુકાયેલી પ્રતિભાશાળી વ્યકિત તરીકે પ્રોફેસર ગજ્જરની અનેક સિદ્ધિઓનું પૂરું નિરૂપણ કરવા જઈએ તો એક મોટો ગ્રંથ ભરાય એટલી સામગ્રી મળે. તેવી રીતે જે સહગામી ત્રૂટિઓએ તથા અનેક દુર્ભાગ્ય – સંયોગોએ એમનું ઉત્તર જીવન કરૂણ, નિષ્ફળ અને દુ:ખભર્યું બનાવ્યું તેમજ તેમની તેજસ્વી બુદ્ધિનો લાભ દેશને પૂરેપૂરો ન લેવા દીધો એ વિષે અત્યારે મૌન જ ઉચિત લાગે છે. એમના જીવનની રસાયણસમી પ્રેરણાઓ તેમજ ગંભીર ચેતવણીઓ અવિદિત રહી નથી.

આપણા વિજ્ઞાન સાહિત્યને પોતાની સેવા આપનાર ત્રણ ગુજરાતીઓ–પ્રોફેસર ત્રિભુવેનદાસ ગજ્જર, પ્રોફેસર હસમનરાય કર્પુરરાય મહેતા, અને 'વીસમી સદી'ના તંત્રી હાજી મહમદ અલારખિયા શિવજી. એક વૈજ્ઞાનિક, બીજો સાહિત્યપ્રેમી અને ત્રીજો પત્રકાર. કોઈ પણ મેળ વગરની ત્રિપુટી, પણ અકાળ મૃત્યુને લીધે ત્રણેની આશાભરી કારકીર્દી અધવચ જ કપાઈ ગઈ. બીજા બે કરતાં ગજ્જરસાહેબનું સ્થાન અને વ્યકિતત્ત્વ તદ્દન જુદું અને આખા ગુજરાતમાં તેમજ હિંદમાં અનેરૂં અને પ્રભાવશાળી હતું.

વિજ્ઞાનની પરિભાષા ગુજરાતી ભાષામાં ઉતારવાનો પ્રથમ ભગીરથ પ્રયાસ પ્રોફેસર ગજ્જરે આરંભ્યો હતો. વડોદરાના કલાભવનના શિક્ષણમાં અને પાઠયપુસ્તકોની તૈયારીમાં એમનો શ્રમ તત્પુરતો સફળ થયો હતો. ગુજરાતીમાં વિજ્ઞાનનું અવતારણ કરવાની સૌથી પહેલી અને તે કાળના પ્રમાણમાં ઘણી હિમતભરી અભિલાષાઓના, યોજનાના અને પ્રવૃત્તિઓના ગજ્જર પિતા હતા. ગુજરાતી વિજ્ઞાન સાહિત્યની ઉત્પત્તિનું આ થયું પ્રથમ પ્રકરણ. ગુજરાતી માધ્યમની કલ્પના પણ આપણા કેળવણીકારોને નહોતી ત્યારે ગુજરાતમાં પ્રો. ગજ્જરે કેવા પ્રયાસો કર્યા હતા તેના ભાનથી આપણે નમ્ર અને ઉત્સાહી બનવાનું રહે છે. એ આખા કાર્યની મહત્તા વિષે હવે કોઈને સંશય રહે એમ નથી.

ગુજરાત સાહિત્ય પરિષદની દષ્ટિ વિજ્ઞાન સાહિત્ય તરફ બરોબર વળી – એ પરિષદના પ્રથમ વિજ્ઞાન વિભાગની બેઠક વખતે – તેઓ અત્યંત બિમાર હતા અને ત્રણ માસની અંદર તેમણે દેહ છોડયો (ઈ. સ. ૧૯૨૦, જાલાઈ ૧૬).

ગજ્જરસાહેબ સમાજસુધારક પણ હતા. એ વખતે સ્ત્રીઓની અજ્ઞાનમય દ:ખભરી સ્થિતિમાંથી તેમને ઉન્નતિને માર્ગે દોરવા, વિધવાઓના જીવન સુધારવા ગજ્જરસાહેબ સ્વ. દયારામ ગીડુમલ, બહેરામજી મલબારી સાથે કામ કરતા. સેવાસદન, ચંદારામજી ગર્લ્સ હાઈસ્કૂલની સ્થાપનામાં પોતે સારો રસ લીધો હતો. પોતાનાં બહેન ગં. સ્વ. નાનીબહેનને વિદ્યાભ્યાસ કરાવી તેમણે સ્ત્રી–સેવાના કામમાં રસ લેતાં કર્યા. પરિણામે મુંબઈ, સુરત, રાજકોટની વનિતા–વિશ્રામની સુંદર સંસ્થાઓ ઊભી થઈ.

ગજ્જરનો મુદ્રાલેખ હતો: "અન્યને સારૂં જીવન સમર્પણ કરો."

પૂર્વ હિંદ (બંગાળ)માં જે કામ આચાર્ય પ્રફુલચંદ્રરેએ કર્યું તે કામ પશ્ચિમ હિંદ (ગુજરાત)માં પ્રોફેસર ગજ્જરે કર્યું. બંગાળમાં રસાયણ ઉત્પાદક ઉદ્યોગ ઊભો કરવામાં રે ની મદદ, પ્રેરણા ખૂબ હતી. પ્રો. ગજ્જર એ કામ શરૂ કરવામાં પ્રવૃત હતા: એલેમ્બીકની સ્થાપના કરી, છતાં સંજોગોની પ્રતિકૂળતાએ તેમને એ કાર્ય પૂરેપૂરૂં પાર ઉતારવા ન દીધું. પણ તેમના પ્રયાસોની સાક્ષીરૂપે ગુજરાતનો રસાયણ – ઉત્પાદક ઉદ્યોગ ફાલ્યો ફૂલ્યો છે, આવા પ્રતિભાશાળી ગજ્જરસાહેબની જન્મ-શતાબ્દી, આપણે ઉજવી એ આપણું બડભાગ્ય છે. આ પ્રસંગ આપણા વિજ્ઞાન અને ટેકનોલોજીના અભ્યાસીઓને પ્રેરણા આપે, અને હિંદનું વિજ્ઞાન સમસ્ત જગતને કલ્યાણ રૂપ બને.

નૃસિંહ મૂળજી શાહ

અયુબખાનનું શાસન

પાંચેક વર્ષ પહેલાં પાકિસ્તાનમાં સંસદીય લોકશાહીને ઉથલાવી નાખવામાં આવી ત્યારે સત્તાભ્રષ્ટ થયેલા રાકીકય નેતાઓ સિવાય કોઈએ ચૂંકારો સરખોયે કર્યો નહિ. લિયાકતઅલીખાનની હત્યા પછી દેશમાં અસ્થિરતાનો યુગ બેઠો હતો. આઠ વર્ષથીયે ઓછા સમયમાં વડા પ્રધાન ચાર ચાર વાર બદલાયા હતા. રાજકીય નેતાઓએ ખુરશી શોધી લેવાની રમત માંડી હતી અને સંગીત-ખુરશીની આ રમતમાં તાલ દેવાતા હોય તેમ વચ્ચે વચ્ચે કાશ્મીરને "મુકત" કરવાનાં વચનો અપાતાં હતાં. આ બધાની વચ્ચે એકકે વડો પ્રધાન સરકારની સાચી ફરજો ઉપર ચિત્ત એકાગ્ર કરી શકયો ન હતો.

બધાએ વડા પ્રધાનોમાં જમીન માલિકીના પ્રશ્નને હાથ ધરવાની હિમતનો કે પછી દાનતનો અભાવ હતો. આજની ફેશનને અનુસરીને ૧૯૫૫માં એક પંચવર્ષીય યોજના તો શરૂ કરવામાં આવી હતી, પણ એ સાવ કલ્પનાશૂન્ય યોજના હતી અને તેમાં માત્ર ખર્ચનો હિસાબ કાઢી આપનારા અધિકારીની જ છાપ દેખાતી હતી. પશ્ચિમ પાકિસ્તાનમાં મૂડીરોકાણ કરવાથી વધુ સારાં ને વધુ ઝડપી પરિણામ આવશે એમ કહીને મૂડી ત્યાં જ કેન્દ્રિત કરવામાં આવી. આથી બન્ને વિભાગો વચ્ચેની આર્થિક અસમાનતા વધુ ઘેરી બની અને પૂર્વ પાકિસ્તાનમાં અસંતોષ વધ્યો. પાકિસ્તાનના ઘણા લોકોને તો એમ જ લાગ્યું હશે કે પંચવર્ષીય યોજનાથી અપ્રમાણિકતા અને લાંચરુશવતની તક વધી છે. રાજકીય નેતાઓ કે સરકારી અમલદારો કોઈ આ તકનો લાભ લેવાનું ચૂકતા ન હતા.

૧૯૫૮ના ઓકટોબરમાં જનરલ અયુબખાને સત્તા આંચકી લીધી ત્યાં સુધીમાં વહીવટી તંત્રે અને દેશની સર્વસત્તાધીશ સંસ્થા બંધારણસભાએ પ્રજાના તમામ વર્ગોમાં પૂરેપૂરી અપકીર્તિ પ્રાપ્ત કરી લીધી હતી. આથી જ્યારે આ ઘોડેસવાર સૈનિકે રાજ્યની લગામ પોતાના હાથમાં લઈ દેશને રાજકીય નેતાઓના ગેરવહીવટમાંથી મુકત કરવાનું વચન આપ્યું ત્યારે પાકિસ્તાનભરમાં તેમને અંતરના ઉમળકાથી વધાવી લેવામાં આવ્યા. આમજનતા જ નહિ પણ વિદ્યાર્થીઓના અને પુખ્ત વયના બુદ્ધિજીવીઓના મનમાં પણ મોટી મોટી આશાઓ જાગૃત થઈ. આ આશાઓ ધીમે ધીમે કરમાઈ ગઈ છે અને આજે આખાએ પાકિસ્તાનમાં સુંદર સ્વપ્નું ભાંગી પડયું હોય તેવી મનોવૃત્તિ પ્રસરી રહી છે. એમ લાગે છે કે ઘોડા પર બેસીને ધસમસતો સૈનિક કયાંક આડે રસ્તે ચડી ગયો છે.

અયુબખાનનું શરૂ શરૂનું શાસન ઠીક ઠીક ઉત્સાહપ્રેરક હતું, લશ્કરની વ્યવસ્થિતતા માટેના સ્વાભાવિક પ્રેમથી આ શાસને શહેરોને વધુ સ્વચ્છ દેખાવ આપ્યો. તરત ઉપર ઉપરની સુઘડતા અને સ્વચ્છતાથી પ્રભાવિત બનતા કરાંચીના કેટલાક ખબરપત્રીઓએ ઉકરડા ઝડપથી ખસેડવાનાં રાજકીય પરિણામો વિષે લખાણો મોકલવા માંડયાં. આથીયે વધુ અગત્યની વાત એ કે વહીવટી તંત્રની સાફસૂફી કરવાનો પણ થોડોક પ્રયત્ન થયો. મુલકી નોકરિયાતોની સાફસૂફી કરવામાં આવી અને કેટલાક અગ્રણી રાજકીય નેતાઓ સામે લાંચરુશવતના આરોપસર ખટલા દાખલ કરવામાં આવ્યા. કરચોરોને ચેતવણી આપવામાં આવી કે છુપાવેલી આવક નહિ બતાવો અને સરકારના હકનું સરકારને નહિ આપો તો તમારી સામે કડક હાથે કામ લેવામાં આવશે. એક બે મહિનામાં તો ૧૩૫ કરોડ રૂપિયાની છુપાવેલી આવક જાહેર થઈ અને સરકારી તીજોરીમાં લગભગ ૩૦ કરોડ રૂપિયાનો ઉમેરો થયો. (એ બતાવે છે કે માત્ર કરવેરા વધારીને જ સરકારની આવક વધારી શકાય એવું નથી. આ વાત નવી દિલ્હીના એક પછી એક નાણામંત્રીના ખ્યાલ બહાર ગઈ લાગે છે.) પણ પ્રવૃત્તિના આ પ્રારંભિક જુવાળ પછી અયુબખાનનું તંત્ર હવે હાંફી ગયું લાગે છે. કદાચ તેની પાસે નવા વિચારો ખૂટી પડયા હશે તેથી આમ બન્યું હશે.

પ્રમુખ અયુબખાનની ભૂલ એ થઈ કે પાકિસ્તાનની તમામ બૂરાઈનું મૂળ રાજકીય નેતાઓ અને સંસદીય પદ્ધતિ છે એમ તે માની બેઠા. પરિણામે વ્યવસાયી સૈનિકની રાજકીય અપરિપકવતાના કારણે તેઓ એવા નિર્ણય પર આવ્યા કે જો સંસદીય પદ્ધતિ દૂર કરવામાં આવે અને "પાયાની લોકશાહી"ની સ્થાપના કરવામાં આવે તો ફરી પાછા સૌ સારાં વાનાં થઈ રહે. લુચ્ચા માણસોને કાઢી, વિચારસરણીની પરવા ન કરો, આપણું કામ આગળ ધપાવ્યે રાખો. સારું તંત્ર ચલાવવા માટે જરૂર છે માત્ર ઠીક ઠીક અંશે પ્રમાણિક અને કુશળ અમલદારોની. લશ્કરી કાયદાના અમલ દરમિયાન લશ્કરી ભોજનશાળાઓમાં કેવી દલીલો થતી હશેની કલ્પના કરવાનું મુશ્કેલ નથી, પણ જીવન હવે એવું સરળ રહ્યું નથી..

જો અયુબખાનના શાસને રાજકીય નેતાઓની ખરેખરી નિષ્ફળતાનો ઉપયોગ કર્યો હોત, પ્રજાના અધિકારહીન વર્ગોને વાજબી હિસ્સો મળે તેવો આર્થિક કાર્યક્રમ રચવાની ને તેનો અમલ કરવાની નિષ્ફળતાનો ઉપાય કર્યો હોત, તો તે તંત્ર હાંફી ન જાત. સંસદીય શાસને પશ્ચિમ પાકિસ્તાનની મોટી મોટી જાગીરોને તોડવા કંઈ જ ન કર્યું. તેમ તેણે પૂર્વ પાકિસ્તાનના ખેડૂતોની દુ:ખી સ્થિતિ સુધારવા પણ કંઈ ન કર્યું. પહેલી પંચવર્ષીય યોજનામાં સમાનતા તરફનું વલણ ન હતું. એ વલણ ન હોય તો રાષ્ટ્રીય વિકાસની યોજનાઓ માટે લોકોમાં ઉત્સાહની અપેક્ષા રાખવી નિરર્થક છે. પણ આથીયે વધારે ખરાબ તો એ હતું કે આ યોજનાએ દેશના બે વિભાગો વચ્ચેની અસમાનતામાં વધારો કર્યો. કાં તો અયુબખાન અને તેમના સલાહકારોમાં પાયાના સુધારા કરવાની સમજણ નહોતી અથવા દાનત નહોતી. તેમણે ગણીતસુધારાના કેટલાક કાયદા હાથમાં તો લીધા, પણ તેનાથી જમીન વિનાના ખેડૂતોની સ્થિતિ સુધરી નહિ. એ ખરું કે આવી સમસ્યાઓ સહેલાઈથી ઊકલતી નથી. પણ લશ્કરી કાયદાના શાસનમાં જે લોકો અસાધારણ સત્તા ભોગવે છે તેઓ વિશિષ્ટ અધિકારોની કિલ્લેબંધી પર પ્રહાર કરવા એ સત્તાનો ઉપયોગ કરશે એવી અપેક્ષા સામાન્ય રીતે રખાય છે. જનરલ અયુબખાને સંસદીય શાસનને ઉથલાવી પાડયું ત્યારે પાકિસ્તાનની આમ જનતાની અપેક્ષા તો આવી જ હતી..

પણ આ અપેક્ષા વધુ પડતી હતી. સત્તાપલટો એ ક્રાન્તિ છે એવી ભૂલભરેલી પણ વ્યાપક રીતે પ્રસરેલી માન્યતામાંથી આ ખોટી અપેક્ષા ઉદ્‌ભવી હતી. અલબત્ત, ક્રાંતિકારી જૂથોએ સત્તાના કેન્દ્ર પર સશસ્ત્ર હુમલો કરી સત્તા કબજે કર્યા બાદ, ક્રાન્તિકારી ફેરફારનો કાર્યક્રમ અમલમા મુકયો હોય એવું પણ બન્યું છે, પણ શસ્ત્ર હુમલો કરનારા બધા હમેશાં ક્રાંતિકારી નથી હોતા. ક્રી નિકોલસ કાલ્ડરે 'ફ્રેરેન એફેર્સ'ના તાજેતરના અંકમાં કહ્યું છે તેમ ગયા દસ વર્ષના ઈતિહાસમાં એશિયા અને દક્ષિણ અમેરિકામાં સંસદીય લોકશાહી અને સંસદીય લોકશાહીની જગ્યાએ સરમુખત્યારી આવી હોય તેવા ઘણા બનાવો બન્યાં છે, છતાં ત્યાંના સમાજના પાયામાં રહેલી સત્તાતુલામાં પલટો આવ્યો નથી. નાસર તો કયાંક જ દેખાય છે, મોટે ભાગે તો બધે અયુબ જ જણાય છે.

પ્રમુખ અયુબખાનને કદાચ હવે સમજાઈ ગયું હશે કે દેશનું શાસન ચલાવવામાં, અને ખાસ કરીને અત્યંત મુશ્કેલ પ્રશ્નોના ભાર નીચે દબાયેલા અલ્પ-વિકસિત દેશનું શાસન ચલાવવામાં, કાયદો ને વ્યવસ્થા જાળવવાં એટલું જ પૂરતું નથી, તેમ કોઈ વિચારસરણીવિહીન અને વ્યવહારૂ ગણાતી પદ્ધતિએ સરકાર આર્થિક આયોજનનો સ્વીકાર કરે તે પણ પુરતું નથી. વ્યવસાયી સૈનિક તરીકે અયુબખાન

વિચારસરણીનો ઓછાયો પણ જેમાં હોય તેવી કોઈ પણ વસ્તુ પ્રત્યે શંકાશીલ છે. પણ આયોજનમાં તો પગલે પગલે વિચારસરણીની પસંદગી કરવાની આવે જ છે. કામ કરવા માંડીએ એમ કહેતાં પહેલાં હાથમાં લીધેલું કામ એ યોગ્ય કામ છે કે નહિ તે વિચારવાનું રહે જ છે. આયોજન કરવું તે તો બરાબર, પણ શા હેતુ માટે આયોજન કરવું? આયોજનના લક્ષ્યની પસંદગી હિસાબનીશો પર કે અમલદારો પર છોડી શકાય નહિ. અયુબખાનનું તંત્ર તેણે કાઢી મૂકેલા રાજકીય નેતાઓ કરતાં વધુ સારું કામ નથી કરી શકયું તેનું મુખ્ય કારણ એ છે કે તેણે રાજકીય નેતાગીરીની જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કર્યો છે અને રાજનીતિ નક્કી કરવાનો ભાર અમલદારોના નમી ગયેલા ખભા પર નાખ્યો છે.

પાકિસ્તાનની આજની સ્થિતિ પાંચ વર્ષ પહેલાંની સ્થિતિ કરતાં સારી નથી. અમુક રીતે તો આજની સ્થિતિ વધારે જોખમભરેલી છે. દેશની પૂર્વ પાંખ કોઈ પણ સમય કરતાં આજે વધારે વિરોધી મનોવૃત્તિ ધરાવે છે. બીજી પંચવર્ષીય યોજનાની મૂડીરોકાણની નીતિએ વધુ સમૃદ્ધ પશ્ચિમ પાંખ અને ગરીબ તથા વસ્તીથી ઉભરાતી પૂર્વ પાંખ વચ્ચે અસમાનતા વધારી છે. પાકિસ્તાનના આયોજન–પંચના નાયબ મુખ્ય અર્થશાસ્ત્રી ડૉ. મહબુબુલ હકના કહેવા પ્રમાણે પૂર્વ પાકિસ્તાનની માથાદિઠ આવક પશ્ચિમ પાકિસ્તાન કરતાં ૬૦ ટકા ઓછી છે. આવી પરિસ્થિતિમાં જોખમો દેખીતાં છે. કહેવાનો આશય એ નથી કે પૂર્વ પાકિસ્તાન પશ્ચિમ પાકિસ્તાનથી અલગ થઈ જવાનો કોઈ તાત્કાલિક ભય છે. વળી પાકિસ્તાનની એકતા ઉપર કોઈ જોખમ આવી જ પડે તો તેને આવશ્યક દૃઢતાથી મારી હઠાવવામાં આવે એમાં જરાયે શંકા નથી. પણ અસંતોષને પરિણામે આવો અલગતાવાદી ધડાકો ન થાય તો પણ અસંતોષ એટલો પ્રસરી તો શકે કે જેને લીધે પાકિસ્તાનની સરકારની શકિત ને તેનાં સાધનો દેશની એકતા જાળવવામાં જ ખર્ચાઈ જાય.

આવી ક્ષણે તો ભાવિ ખરેખર ઊજળું જણાતું નથી. અઠવાડિયાં પર અઠવાડિયાં પસાર થતાં જશે તેમ તેમ સંપૂર્ણ પ્રતિનિધિત્વવાળી સરકારની પુનઃસ્થાપના કરવાની અને સંસદીય પદ્ધતિ ફરી ચાલુ કરવાની માગણી કદાચ વધુ ઉગ્ર બનતી જશે. સંસદીય લોકશાહીની પુનઃ સ્થાપનાથી પાકિસ્તાનની સ્થિતિ સુધરી જ જશે એમ માનવું જરૂર ગમે. પણ રાજકીય નેતાઓ અયુબખાનના તંત્રનો વિરોધ કરવામાં જ સંપેલા છે. આથી વિચાર થાય છે કે વધુ સ્પષ્ટ હેતુવાળો બીજો કોઈ ઘોડેસવાર સૈનિક પાછો તખ્તા પર આવશે કે શું?

'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માંથી
સાભાર ઉદધૃત

મૂળ અંગ્રેજી: નંદન કાગલ

'પ્રજાતંત્ર'ના તંત્રી તરફથી મળેલી નોટીસ: તે અંગે સંઘની કા. વા. સમિતિનો ઠરાવ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની તા. ૧૧–૮–૬૩ સોમવારના રોજ મળેલી સભાએ ઉપર જણાવેલી બાબત અંગે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ કર્યો છે:–

"મુનિ ચિત્રભાનુ સંબંધે પ્રજાતંત્રમાં લગભગ ત્રણ મહિના સુધી જે લખાણો આવ્યાં અને તે પ્રકરણનો જે રીતે અંત આવ્યો એ વિષે શ્રી પરમાનંદભાઇએ 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧–૮–૬૩ના અંકમાં 'ચિત્રભાનુ પ્રકરણ' એ મથાળા નીચે જે લેખ લખ્યો છે તેમાં જણાવેલ વિચારો જૈન સમાજના ઘણા વિચારશીલ માણસોના આ પ્રકરણ અંગેના યથાર્થ પ્રત્યાઘાતો રજુ કરે છે એમ સંઘની કાર્યવાહક સમિતિ માને છે.

શ્રી પરમાનંદભાઇનો આ લેખ છપાયા પછી તેમના વિષે પ્રજાતંત્રમાં જે લખાણો પ્રગટ કરવામાં આવ્યાં છે તે વાંચીને મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ ઘણું દુઃખ અને રોષ અનુભવે છે.

વિશેષમાં શ્રી ચીમનલાલ વાડીલાલે એમના વકીલ મારફત શ્રી પરમાનંદભાઇના લેખથી પોતાની બદનક્ષી થઇ છે એમ જણાવી એમની સામે કાયદેસર પગલાં લેવાની નોટીસ આપી છે.

એ નોટીસમાં સૂચવવામાં આવ્યું છે તે મુજબ, જો આવાં કોઇ પગલાં શ્રી પરમાનંદભાઇ સામે લેવામાં આવે તો તેનો બચાવ કરવામાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ શ્રી પરમાનંદભાઇને પોતાથી બનતી બધી મદદ કરવાનો નિર્ણય કરે છે."

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ખાદી બોર્ડની પ્રવૃત્તિ

('પ્રબુદ્ધ જીવન' ના ગતાંકમાં 'યરવડા ચક વિરૂદ્ધ અંબર ચરખો' એ મથાળા નીચે એક લેખ પ્રગટ થયો હતો. તેના અનુસંધાનમાં શ્રી વાલજી ગોવિન્દજી દેસાઈ તરફથી મળેલી ટૂંકી નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. અહિં એ જણાવવું અસ્થાને નહિ ગણાય કે શ્રી વાલજીભાઈ એક વિદ્વાન, બહુશ્રુત, સાહિત્યોપાસક તો છે જ, પણ સાથે સાથે વર્ષોથી હંમેશાં ચોકકસ સમય કાંતવા પાછળ ગાળે છે અને મોટા ભાગે પોતાના કાંતેલા સુતરની જ ખાદી પોતાનાં કપડાં માટે વાપરે છે. આ દૃષ્ટિએ આ સંબંધમાં તેઓ જે કાંઈ કહે તેનું સવિશેષ મહત્ત્વ છે. –પરમાનંદ)

કાંતનારી દિવસના ૧૬,૦૦૦ વાર સૂતર કાંતે અને ૫૦–૬૦ રૂપિયાની માસિક કમાણી કરે તો તેમાં કોઈના બાપનું શું જાય? ઉલટા સૌ રાજી જ થાય. પણ શ્રી કમળાબાઈ નામે અભ્યાસશીલ પત્રકારણે સરકારી હેવાલને આધારે જણાવ્યું છે કે બીજી યોજનાના કાળમાં અંબર રેંટિયા વર્ષમાં ૩૦૦ દિવસ રોજ ૮ કલાક ફરે એવી બોર્ડની ધારણા હતી તેને બદલે તે ૨૦૦ દિવસ સરેરાશ ૨ કલાક ફર્યા, એટલે ધારેલા વખતનો છઠ્ઠો ભાગ અંબર રેંટિયા ચાલ્યા. વળી સાડા ત્રણ લાખ અંબર રેંટિયા કાંતનારીઓને આપ્યા તેમાંથી ઘણી મોટી સંખ્યા વાપર્યા વિનાજ પડી રહી. એટલે ત્રીજી યોજનાનું લક્ષ્ય શું છે તો કે ૮ વર્ષ પહેલાં આપેલા ૩૩ લાખ રેંટિયામાંથી ૨૩ લાખ રેંટિયાને ચાલતા કરવા.

આ અસંતોષકારક પરિણામનું કારણ શું? કારણરૂપે અંબરની રચનામાં કાંઈક દોષ હશે, જેને લીધે તે વારે વારે બગડતો હોવો જોઈએ.

બોર્ડની ખાદીને ૨૦ ટકાની સરકારી મદદ (સબસીડિ) મળે છે, તો પણ કમળાબાઈ કહે છે કે તે એ જ જાતના મિલકાપડ કરતાં બમણી મોંઘી હોય છે, એનું તો કાંઈ નહિ, પણ તે ઓછી ટકે છે એમ કહે છે. એમ હોય તો તે વધારે ટકાઉ થાય તેનો પ્રયત્ન કરવો જોઈએ.

વળી કમળાબાઈ કહે છે કે, શ્રી ઢેબરના કહેવા પ્રમાણે કાંતનારીને આજ ત્રણથી છ આનાનું દનિયું પડે છે. આજનો રૂપિયો જૂની પાવલી બરાબર પણ નથી. એટલે આજના દિવસના ત્રણ - છ આના એટલે પહેલાંના ત્રણ - છ પૈસા થાય. તો પછી ગાંધીજી કાંતનારીને જીવાઈ જોગું કંતામણ મળે એવી ગોઠવણ કરતા હતા તેનું શું થયું?

ખરી વાત તો એ છે કે, ગાંધીજીના કહેવા પ્રમાણે ઘેર ઘેર ચૂલો હોય છે તેમ રેંટિયો હોય, અને જે સૂતર કાંતે તે ખાદી પહેરે અને જે ખાદી પહેરે તે સૂતર કાંતે. આમ ઘેર ઘેર સ્થાપનાનો અધિકારી તો યરવડા ચક જ છે તે દીવા જેવું સ્પષ્ટ છે.

દેસાઈ વાલજી ગોવિંદજી

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ઑગસ્ટ માસની ૧૬ મી તારીખ શુક્રવારથી ૨૪ તારીખ શનિવાર સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન અધ્યાપક ગૌરીપ્રસાદ મુનીલાલ ઝાલા શોભાવશે. શરૂઆતના સાત દિવસની વ્યાખ્યાનસભાઓ ફ્રેંચબ્રીજ ઉપર આવેલા બ્લેવાટ્સ્કી લૉજમાં સવારે સાડા આઠ વાગ્યે ભરવામાં આવશે અને છેવટનાં બે દિવસની વ્યાખ્યાનસભાઓ ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:-

તારીખ	સ્થળ	વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
૧૬ શુક્રવાર	બ્લેવાટસ્કી લૉજ	અધ્યાપક દલસુખભાઇ માલવણિયા	હિન્દુ અને જૈન ધર્મ
,,	,,	ડૉ. રાજેન્દ્ર વ્યાસ	કુમારી હેલન કેલર: અંધની નજરે એક અંધ
૧૭ શનિવાર	,,	શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા	હિમાલયનાં તીર્થસ્થાનો
,,	,,	શ્રી શાન્તિલાલ સી. શાહ	ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનો ફાળો
૧૮ રવિવાર	,,	આચાર્ય હરભાઇ ત્રિવેદી	સમાજસ્વાસ્થ્ય
,,	,,	શ્રી ઉછરંગરાય ન. ઢેબર	વિકસતી સામાજિક અહિંસા
		શ્રી નયનબહેન ભણશાળી	ભજનો
૧૯ સોમવાર	,,	શ્રી રામુભાઇ પંડિત	મિલોવાન જીલાસ: અન્તરાત્માને વફાદાર માનવી
,,	,,	શ્રી કૃષ્ણશંકર દલસુખરામ શાસ્ત્રી	શ્રીમદ્ ભાગવતનું હાર્દ
૨૦ મંગળવાર	,,	પ્રાધ્યાપક ભૂપેન્દ્ર ત્રિવેદી	મીરાંબાઇ
,,	,,	શ્રી મૃણાલિની દેસાઇ	સન્ત જ્ઞાનેશ્વર
૨૧ બુધવાર	,,	આચાર્ય ધીરૂભાઇ ઠાકર	અવધુત આનંદઘન
,,	,,	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ	ઉદીયમાન અભિનવ સંસ્કૃતિ
૨૨ ગુરૂવાર	,,	અધ્યાપક કરસન માણેક	રામ અને કૃષ્ણ: એક તુલનાત્મક વિચારણા
,,	,,	આચાર્ય રજનીશજી	વિશ્વશાન્તિ અને અહિંસા
૨૩ શુક્રવાર	ભારતીય વિદ્યાભવન	પ્રીન્સીપાલ ધૈર્યબાળા વોરા	આપણે કઇ તરફ?
,,	,,	રાજ્યપાલ વિજયાલક્ષ્મી પંડિત	ગાંધીજી વિષેનાં સંસ્મરણો
		શ્રી અજિત શેઠ તથા નિરૂપમા શેઠ	ભજનો
૨૪ શનિવાર	,,	શ્રી ગુરુદયાળ મલિકજી	ઇશુ ખ્રિસ્ત
,,	,,	મહાસતી ઉજ્જવળકુમારી	વિશ્વમૈત્રી

આ વ્યાખ્યાનમાળામાં રસ ધરાવતા ભાઇબહેનોને સભાસ્થળે વખતસર આવી પહોંચવા, વ્યાખ્યાનો ચાલતાં હોય તે દરમિયાન પૂરી શાન્તિ જાળવવા અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘને તેમ જ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને આર્થિક સહાય વડે સીંચિત કરવા પ્રાર્થના.

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ, ૩.

પરમાનંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ જેઠાલાલ શાહ
મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

સંઘના શુભેચ્છકોને, 'પ્રબુદ્ધ જીવન'ના પ્રશંસકોને-

પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલી રહી છે. એ પ્રસંગે સંઘના શુભેચ્છકોને તેમ જ પ્રબુદ્ધ જીવનના પ્રશંસકોને નીચે જણાવેલ અમારી વિનંતી ધ્યાનમાં લેવા પ્રાર્થના છે.

આજે ૩૫ વર્ષથી જૈન તેમજ જૈનેતર સમાજની શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અનેક રીતે સેવા બજાવી રહેલ છે. છેલ્લાં ૩૧ વર્ષથી સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજાતી રહી છે અને તેના સ્વરૂપમાં જેમ વિકાસ થતો રહ્યો છે તેવી રીતે તેની લોકપ્રિયતામાં પણ સતત વૃદ્ધિ થતી રહી છે. છેલ્લાં ૨૫ વર્ષથી સંઘ તરફથી 'પ્રબુદ્ધ જીવન' નામનું મુખપત્ર પ્રગટ થઈ રહ્યું છે. ગુજરાતી ભાષાના સામયિકોમાં પ્રબુદ્ધ જીવને અનોખી ભાત પાડી છે. સંઘ તરફથી શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય પણ આશરે ૨૫ વર્ષથી ચલાવવામાં આવે છે. આ વાચનાલય તથા પુસ્તકાલયનો આસપાસ વસતાં લોકો સારા પ્રમાણમાં લાભ લે છે. સંઘ તરફથી વૈદ્યકીય રાહત નાતજાત કે ધર્મના કશા પણ ભેદભાવ સિવાય જરૂર ધરાવતા ભાઈ બહેનોને આપવામાં આવે છે તેમજ વૈદ્યકીય ઉપચારનાં સાધનો પૂરાં પાડવામાં આવે છે. સંઘ તરફથી અવારનવાર વિશિષ્ટ કોટિની વ્યક્તિઓના વ્યાખ્યાનો યોજવામાં આવે છે તેમજ પર્યટનો પણ ગોઠવવામાં આવે છે. આ બધી પ્રવૃત્તિઓ પહોંચી વળવા માટે દર વર્ષે સંઘને આશરે રૂ. ૧૦,૦૦૦ની અપેક્ષા રહે છે. સંઘના શુભેચ્છકો અને 'પ્રબુદ્ધ જીવન'ના પ્રશંસકો દર વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે પોતાનો ઉદાર હાથ લંબાવતા રહ્યા છે. આ વખતે પણ સંઘના ફાળામાં પોતાની બને તેટલી રકમ ભરીને અમારા રૂ. ૧૦,૦૦૦ના લક્ષ્યાંકને પૂરો કરી આપવા વિનંતી છે. સહાયક ભાઈ-બહેનો સંઘના સામાન્ય ફાળામાં અથવા તો સંઘની કોઈ પણ એક પ્રવૃત્તિને તારવીને તે ખાતે પોતાને યોગ્ય લાગે તેવી રીતે રકમ ભરી શકે છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ-૩

પરમાનંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ જેઠાલાલ શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧, ૧૯૬૩, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

૫ હિમાલયનો સંદેશો ૫

કહેવાય છે કે દુનિયાના બધા પહાડોમાં હિમાલય આધુનિક છે. મને તે માટે દુઃખ નથી તેમ અભિમાન પણ નથી. ભલે તે આજ કાલનો હોય, પણ તોયે તેની ઉંમર ઓછીમાં ઓછી પાંચ દશ લાખ વરસની જરૂર છે જ. પહાડોના પરિવારમાં કોઈ સૌથી વૃદ્ધ અને કોઈ સૌથી નાનો હોવાના જ. આપણા ભાગ્યમાં હિમાલય પિતાની અદાથી આપણને પ્રાપ્ત થયો છે, અને એને માટે હું મને ભાગ્યશાળી ગણું છું. હિમાલયની પર્વતમાળા બે હજાર માઈલ લાંબી અને બસો માઈલ પહોળી છે, અને સંપૂર્ણ હિમાલય એક વિશાળ ચંદ્રરેખાના આકારે છે—એટલી વાતની ખબર ભારતના આબાલવૃદ્ધ સૌને હોવી જોઈએ. હિમાલયની આ બાજુ શિવાલિક પહાડ અને પેલી બાજુ માંધાતા પહાડ છે એ પણ આપણે કદી ભૂલવાનું નથી.

મને એ વાતનું દુઃખ છે, કે આપણામાંના વિદ્વાન ગણાતા ઘણા હિંદુભાઈઓને ખબર પણ નથી કે ત્રિવિષ્ટપ (તિબેટ)ના રાજા કુબેર અને લંકાના રાજા રાવણ બે માજાયા સગા ભાઈઓ હતા. રાવણે કુબેરને હરાવ્યો અને પછી બધું જ હારી ગયેલા ભાઈને તિબેટનું રાજ્ય આપી પોતે લંકાનો રાજા બન્યો અને એક સમ્રાટના વૈભવથી રહેવા લાગ્યો.

લોકમાન્ય તિલક કહે છે કે આર્યોનું મૂળ ઉદ્‌ભવસ્થાન ઉત્તરધ્રુવ તરફ છે. આને માટે એમણે વેદગ્રંથોમાંથી અકાટય પ્રમાણો રજૂ કર્યા છે. જ્યોતિષ અને ભૂસ્તરશાસ્ત્રના સિદ્ધાંતો પણ આનું સમર્થન કરે છે. તો પછી એમની એ વાતનો હું વિરોધ કેવી રીતે કરું? યુરોપના કેટલાક લોકો કહે છે કે આર્યોનું મૂળ સ્થાન સ્વિટ્‌ઝર્લેન્ડની આસપાસમાં કયાંક હતું. અને તેના પૂરાવામાં તેઓ ભાષાશાસ્ત્ર અને શબ્દશાસ્ત્રને આગળ લાવે છે. આર્યોનું મૂળ સ્થાન યુરોપમાં હતું એમ કહ્યા વિના તેમને સંતોષ નથી વળતો. જર્મન પ્રજા કહે છે "અસલી આર્ય તો અમે જ હતા." આર્યજાતિને તેઓ 'Indo-Germanic' કહે છે. જેમનો ઈતિહાસ ઉજ્જવળ છે એમની સાથે પોતાનો સંબંધ જોડવાનો કોઈ પ્રયાસ કરે તો હું તેનો વિરોધ નહિ કરું.

નાનપણમાં અમને એમ શીખવવામાં આવ્યું હતું કે એશિયા અને યુરોપની વચ્ચે જે કાસ્પીયન સમુદ્ર છે તેની આસપાસ આર્યોનું મૂળ સ્થાન હતું. આપણે તરત માની લીધું કે "કાશ્યપીય સાગર" એ જ કાસ્પીયન સમુદ્ર હોવો જોઈએ. આવી આવી ઘણી વાતો સાંભળી છે. આજે મને જો કોઈ પૂછે કે આ બાબતમાં તમે શું માનો છો? તો એક ક્ષણ પણ ખચકાયા વિના કહી દઉં કે અમારું આદિમ સ્થાન હિમાલય છે. તેની પહેલાંના ઈતિહાસ કે પ્રાગ્‌ઈતિહાસ સાથે મને કંઈ લેવાદેવા નથી. આર્યજાતિની ભાવના કહેતી જ આવી છે કે અમારા ઋષિમુનિઓએ હિમાલયમાં તપસ્યા કરી છે. આર્યજાતિના માતપિતા શંકર--પાર્વતી હિમાલયના તિલક સમાન કૈલાસ પર્વત ઉપર વિરાજમાન છે. અમારા દેવ-દેવીઓ હિમાલયમાં વસે છે. એટલા માટે જ કાલીદાસે હિમાલયને "દેવતાત્મા" કહ્યો છે. એ બધાએ દેવો અને ઋષિમુનિઓ માનસ-સરોવરમાં સ્નાન કરવા જાય છે, તેની નજીકમાં જ રાવણહ્રદનું સરોવર છે, અને ગૌરીકુંડ પણ એ બેની નજીક જ છે. ભારતની ચાર નદીઓનું ઉદ્‌ભવસ્થાન અને ચીનની બે મુખ્ય નદીઓનું ઉગમસ્થાન કૈલાસ માનસ સરોવરની આજુબાજુના પ્રદેશમાં જ છે.

અમારા હૃદયની ભાવના જેટલી હિમાલયની આ બાજુના પ્રદેશ સાથે સંકળાયેલી છે એટલી જ હિમાલયની પેલી બાજુના પ્રદેશ સાથે પણ સંકળાયેલી છે.

અને અમારા શાકયમુનિ ભગવાન બુદ્ધની કૃપાદૃષ્ટિ પણ હિમાલયની બંને બાજુએ આશીર્વાદ આપી રહી છે.

હિમાલયનું દર્શન દરેક ભારતીયને પાવન કરે છે. હિમાલયની હવા પ્રાણદાયિની છે. હિમાલયનાં ઝરણોમાં અમૃતજળ વહે છે. હિમાલયની વનસ્પતિઓ અને જડીબુટ્ટીઓ આજે પણ આપણા સાધુઓના બટવામાંથી મળી આવે છે. જ્યાં સુધી આપણા ઋષિમુનિઓ અને ધર્માચાર્યોએ હિમાલય સાથે સંબંધ જારી રાખ્યો, ત્યાં સુધી આપણી સંસ્કૃતિની ઉજ્જવળતા પણ જળવાઈ રહી. આપણા મહાન સમ્રાટો પણ જીંદગીના છેલ્લા દિવસો હિમાલયમાં વિતાવવા આવતા. તે કાળનાં તીર્થસ્થાન અને કલાપૂર્ણ મંદિરોનાં અવશેષો આજે પણ હિમાલયમાં ઠેર ઠેર જોવા મળે છે. કોઈએ એક વાકય કહ્યું છે તે સાચું જ છે કે, "પહાડોનો સંદેશો છે 'સ્વાવલંબન અને સ્વરાજ્ય' અને મેદાનોનો સંદેશો છે 'સામ્રાજ્ય.'"

મોસ્કો, પટના, ઈન્દ્રપ્રસ્થ, પેકિંગ એ બધી સામ્રાજ્યની રાજધાનીઓ છે. માત્ર ગાંધીજીએ કહ્યું કે વિશાળ મેદાન, લોકમાતા નદીઓ, સમૃદ્ધ ખેતી અને બાગબગીચા આપણને અહિંસાનો સંદેશો આપે છે.

આ બધું માનવાને હું તૈયાર છું. પણ હું એમ કહીશ કે માનવ-જીવનના બધા પ્રશ્નોનું ચિન્તન તો હિમાલયના હિમધવલ શિખરોની સંનિધિમાં જ થઈ શકે છે. બુદ્ધ ભગવાન કહેતા કે ધ્યાન કરવા માટે નજર સામે પાણી કે ભૂમિનું મંડલ રચો, અને ચિંતન માટે સંક્રમણ કરો. આપણી સંસ્કૃતિના સંસ્થાપક, સંચાલક અને સંરક્ષક સાધુસંતોએ ધ્યાન માટે હિમાલયના ચિરહિમવિભૂષિત શિખરોને જ પસંદ કર્યાં છે અને ચિંતન માટે ગંગોત્રી, જમનોત્રી, કેદાર, બદરી, મહાબળેશ્વર, અમરકંટક આદિ નદીઓના ઉગમ-સ્થાનોની યાત્રા સૂચવી છે.

જ્યારે મેં પૂર્વ આફ્રિકાનો પ્રવાસ કર્યો ત્યારે હરવખત નીલ નદીના ઉગમસ્થાન ઉપર અને અમર સરોવરને કિનારે મને

આવો જ અનુભવ થયો હતો. લોનાવલામાં ઈંદ્રાયણી નદીનું ઉગમસ્થાન જોવા ગયો ત્યારે ત્યાં મને ભીમા અને ચંદ્રભાગાનાં દર્શન થયાં હતાં. દશ્ય ગમે તેવું હોય, પણ ત્યાં વાયુમંડળમાં અધ્યાત્મની શાંત પ્રભાવશાળી લહેરો વહેતી હોય છે, જે હૃદયને પવિત્ર કરી દે છે.

ધ્યાન અને ચિંતનની પરંપરા આપણે ભૂલી ગયા છીએ. અધ્યાત્મ સાથેનો આપણો સાધનાત્મક પરિચય તૂટી ગયો છે. આપણે કેવળ તાર્કિક અને દાર્શનિક ચર્ચાઓ સુધી જ અધ્યાત્મને વિસ્તારીએ છીએ. એટલે આપણા સંતોની વાણી અને હિમાલયની પ્રેરણા આપણા હૃદયને સંપૂર્ણ જાગૃત નથી કરતી અને આત્મિક સમૃદ્ધિ આપણને પ્રાપ્ત થતી નથી.

પણ આપણામાં ગમે તેટલી ત્રુટિઓ હોય, આપણે આપણા પૂર્વજોના વારસદારો છીએ, એમનું જ લોહી આપણી નસોમાં વહે છે. થોડા જ પ્રયત્નથી આપણી પૈત્રિક અને આધ્યાત્મિક સંપત્તિ આપણે ફરીને પ્રાપ્ત કરી શકીશું. બાહ્ય પ્રકૃતિ અને આપણી માનસિક પ્રકૃતિ જરૂર મદદ કરશે. અંતરાય નડે છે આપણા આધુનિક શિક્ષણની સંકુચિતતાનો. હું માનું છું કે જો આપણે પશ્ચાતાપ કરીએ અને ભક્તિવિનમ્ર બની હિમાલયની યાત્રા કરીએ તો જરૂર હિમાલયનો સંદેશો આપણને સાંભળવા મળશે.

(૨)

મનુષ્યજીવન દિશા અને કાળથી ઘેરાયેલું છે. બંનેનો સંબંધ વિસ્તૃત વિસ્તાર સાથે છે. કહેવાય છે કે, દિશા અને કાળ એક જ ચીજ છે. પણ આપણે એના ઊંડાણમાં ન ઊતરીએ.

હિમાલયનું દર્શન થતાં જ સર્વપ્રથમ તેની ઊંચાઈ, તેનો વિસ્તાર અને તેના અસંખ્ય શિખરોની વિવિધતા ઉપર ધ્યાન જાય છે, પણ એમાં આપણું મન ઠરતું નથી. ધ્યાન કહે છે કે જ્યારે તમે ચિરહિમ શિખરોને જુઓ ત્યારે કાળનું પણ ચિન્તન થવું જ જોઈએ. આ શિખરો સદાકાળ એકસરખા જ સ્થિર ઊભા છે. તેની ઉપરનો બરફનો જથ્થો ક્યારેક ઘટશે, ક્યારેક વધશે. આ શિખરો ઉપર પવન ક્યારેક મંદ વહેશે તો ક્યારેક ઝંઝાવાત મચાવશે, પણ આ બધું બનવા છતાં પણ એ શિખરો ઉપરની શાંતિ ક્યારે પણ ક્ષુબ્ધ નહિ થાય. એ શિખરો ઉપર નથી કોઈ વૃક્ષ-વનસ્પતિ કે નથી કોઈ કિલકિલાટ કરતાં પંખીઓ. વાદળોની લીલા જોવાને પણ આજ સુધી કોઈ ત્યાં પહોંચ્યું નહોતું. કાળા પત્થર અને સફેદ બરફ સિવાય ત્યાં કંઈ જ નથી. ચાર માનો તો ચાર અને છ માનો તો છ ઋતુઓ આ સકળ પૃથ્વીને રમાડે છે, પણ આ શિખરોની ઊંચાઈ ઉપર તેની પણ કંઈ અસર પડતી નથી. એ તો ત્યાં સનાતનકાળ પોતાની સમાધિમાં નિમગ્ન છે.

આવા સ્થાન ઉપર કાળના નાનામોટા વિભાગ પાડવા અર્થહીન છે. આજ અને કાલ, આ સાલ અને ગઈ સાલ, આ યુગ કે બીજો યુગ એવી કાળગણના એને માટે નથી. ત્યાં જો ગણવું જ હોય તો એક છે વર્તમાન ક્ષણ અને બીજો છે અનંત કાળ. વેદાન્તની પરિભાષામાં પણ સત્ય એ જ છે. વર્તમાન ક્ષણ અને અનંતકાળ. બાકી બધું ઉપાધિ છે, માયા છે, મિથ્યા છે.

આ કાળમાં ઈતિહાસ તો શું, પણ પૃથ્વી, સૂર્યમાળા અને તારાસમૂહોનો ઈતિહાસ પણ તુચ્છ અને હાસ્યાસ્પદ બની રહ્યો છે. સાંત દ્વારા અનંતનું ચિંતન થઈ શકે છે, સાક્ષાત્કાર થઈ શકે છે. એ જ સાન્તની ઉપયોગીતા છે. આ પ્રત્યક્ષ ચિર-હિમશિખર અને વર્તમાન ક્ષણ એ બેની સહાયથી આપણે કાળની અનન્તતાનું ચિન્તન કરી શકીએ છીએ. આ આલંબન ન હોત તો ચિન્તન શૂન્ય બની જાત.

હિમાલયના આ શિખરો ઉપર કેવળ બરફ અને બરફ જ છે. બરફની અખંડ એકતા છે. પણ આ જ બરફ જ્યારે પાણી રૂપ બની નીચે વહેવા લાગે છે ત્યારે કેવી અદ્‌ભુત અને વિવિધ સૃષ્ટિ સર્જે છે? દેવદાર, ચીડ અને ચિનારનાં મોટાં મોટાં વૃક્ષો, વાંસ અને પદમનાં નાનાં વૃક્ષો, એનાં ફળ ને ફૂલ, એને આશ્રયે જીવનારા અને જીવનાનન્દનો અનુભવ કરતાં પશુપક્ષી, કીટ પતંગ બધાં જ હિમજળની પ્રજા છે, તેનું સર્જન છે.

અનન્તા કાળ--પ્રવાહ તરફ જ્યારે આપણે નજર ફેંકીએ છીએ ત્યારે ઈતિહાસ સત્ય રૂપમાં પ્રગટ થાય છે અને માનવ જીવનનાં અનંત યુગોથી થતા આવેલા વિકાસ તરફ આપણું ધ્યાન ખેંચાય છે. આ પહાડમાં બેસીને ઋષિમુનિઓએ જે ઈતિહાસ આપણને આપ્યો છે તે કોઈ દશકોનો કે શતકોનો નથી, પણ યુગોનો ને કલ્પોનો છે. કાળનું ચિન્તન કરતાં જો આપણને ભવ્યતાનો સાક્ષાત્કાર ન થયો તો એ ચિન્તન શા કામનું? મનુષ્ય જ્યારે ક્ષુદ્ર બની જાય છે ત્યારે પાપ, કિલ્બિષ અને અધર્મ તેનામાં પ્રવેશે છે. જો આપણે પાપથી મુકત થવા ઈચ્છતા હોઈએ, પાપનું પ્રશપન કરવા માગતા હોઈએ તો આપણે અનેક કલ્પોનું એક સાથે ચિન્તન કરવું જોઈશે. આજે જે સૂર્ય ચંદ્ર દેખાય છે તેવા જ બીજા સૂર્ય ચંદ્ર એની પહેલાં હતા. પહાડ અને સમુદ્ર, મનુષ્ય અને સામ્રાજ્ય, સૂર્ય અને તેની ગ્રહમાળાઓ પેદા થાય છે. આ બધાંનું નિયમન કરવાવાળું છે 'ઋત' અને આ 'ઋત'ને આધાર છે સત્યનો. એના દર્શનથી જ –સાક્ષાત્કારથી જ–મનુષ્ય પાપમુકત થાય છે. હિમાલય જો આપણને કોઈ ચીજની દીક્ષા આપતો હોય તો તે છે ભૂમાની. અને મનુષ્ય ગદ્‌ગદ્ થઈ બોલી ઊઠે છે:-

यो वै भूमा तद् अमृतम् नाल्पे सुखमस्ति ।

આ હિમાલય ઉપર પહોંચીને જ યુધિષ્ઠિરે ભારતના સંતાનોને સંદેશો પાઠવ્યો–"ઋત અને સત્ય પર આધારિત ધર્મમાં તમારી બુદ્ધિ જોડો, અને તેને માટે " **मनस्तु महदस्तु च** " તમારા મનને ચિત્તને હૃદયને જેટલું બની શકે તેટલું વિશાળ કરો. અનન્તની ભાષામાં વિચારો, કર્મ કરો અને તેનાથી અલિપ્ત રહી તેના ઉપર ચિન્તન કરો."

વ્યકિત તરીકે, સમુદાય તરીકે, રાષ્ટ્ર તરીકે, કે સમસ્ત માનવતા તરીકે આજે આપણે જે પ્રવૃત્તિ કરીએ તેના દોષો કે તેની વ્યર્થતા આપણે ત્યારે જ સમજી શકીએ કે જ્યારે આપણે હરેક ચીજને અનંતતાની કસોટી ઉપર કસવા તત્પર બનીએ.

કહેવાય છે કે નૌકાધીશની નજર જ્યાં સુધી ધ્રુવ ઉપર સ્થિર હોય ત્યાં સુધી તેનું નૌકાસંચાલન અને સમુદ્રપ્રવાસ સુરક્ષિત ગણાય છે. રાષ્ટ્રરૂપી વહાણને ઈતિહાસના પ્રવાસમાં સુરક્ષિત રીતે હંકારી જવું હોય તો આપણે ભૂમિ ઉપર હંમેશા સ્થિર દષ્ટિ રાખીને ચાલવું જોઈશે. હિમાલયનાં શિખરોને જોતાં એ સ્થિરતા સહજસિદ્ધ થાય છે અને દરેક ચીજનું તારતમ્ય સ્પષ્ટ થવાથી જીવનની ગતિ અને નીતિ શુદ્ધ થાય છે. હિમાલયની આ બાજુએ આપણે ભારતવાસીઓ રહીએ છીએ. પેલી બાજુએ આપણા ચીની બંધુઓ રહે છે. આજે ભલે આપણી વચ્ચે ઝઘડા થાય, પણ તે અનંતકાળ સુધી ચાલુ રહેવાના નથી, જ્યારે આપણો પડોશ, આપણું સાન્નિધ્ય, આપણું સહજીવન, સાહચર્ય અને સહકાર અનંતકાળ સુધી ટકી રહેવાનાં છે. પાકિસ્તાનની બાબતમાં પણ આ જ વાત છે. જે કર્તવ્ય વર્તમાન ક્ષણે આપણા ઉપર આવી પડ્યું છે, જે અનિવાર્ય છે તેના ઉપરની નિષ્ઠા કાયમ રાખવા છતાં પણ, ચિરજીવનને અનુરૂપ આપણી નીતિ રહેશે. વંશ આપસમાં લડશે આખરે સહયોગ સાધવા અને સહયોગ આગળ ચાલશે એકબીજામાં ઓતપ્રોત થઈ જવા. ધર્મ ચાલશે ધાર્મિકતાના વિકાસ માટે. ધાર્મિકતા સિદ્ધ થતાં ધર્મનો ત્યાગ જ કરવાનો છે. જેમ જ્ઞાન–વિજ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી તેના ગ્રંથોની આવશ્યકતા રહેતી નથી, તેમ ધાર્મિકતા સિદ્ધ થતાં બધા ધર્મોનાં કલેવરોને વિસર્જન કરવાના રહેશે. જે પડે ઈંડાના અંદરના જીવની રક્ષા કરી એ પડને તોડીને જ અંદરથી બચ્ચું બહાર આવશે. ઈંડા ઉપરનું પડ બંધાય છે આખરે તૂટવા માટે જ. જો તે ન તૂટે તો જે જીવની રક્ષા તેણે કરી તેની જ હત્યાનું પાપ તેને લાગવાનું. કેવળ ધર્મના નહિ, વંશના નહિ, પણ તમામ સંકુચિતતા અને એકાંગીતાના ઈંડા તોડીને, ફોડીને બહાર આવી જીવનને કૃતાર્થ કરવાનો સમય પાકી ગયો છે. આ જ માનવજાતિ માટે મુક્તિ મહોત્સવ બનશે. અને આ જ છે હિમાલયના હિમશિખરોનો સંદેશ.

અનુવાદક : **શ્રી મેનાબહેન** મૂળ હિંદી : **કાકાસાહેબ કાલેલકર**

સન્તપુરૂષ સ્વામી રામદાસ

સ્વામીજીનો સંક્ષિપ્ત પરિચય

મેંગલોરથી થોડે દૂર આવેલા કાન્હનગઢની નજીકમાં આવેલા પોતાના આશ્રમમાં ગત જુન માસની ૨૫મી તારીખે સ્વામી રામદાસનો એકાએક દેહવિલય થયો. તેમની ૭૯ વર્ષની જીવન-કારકીર્દીનો સંક્ષિપ્ત પરિચય આપતાં તા. ૧૭-૮-૬૩ નાં 'જ્યોતિ-ર્ધર'માં "સ્વામી રામદાસ' એ માથાળા નીચે શ્રી 'સત્સંગી'એ લખેલો એક લાંબો લેખ પ્રગટ થયો છે. તેમાંથી સ્વામીજીનો સંક્ષિપ્ત પરિચય આપતા ઉપયોગી વિભાગો નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે :–

"શ્રી રામદાસજી એક ઉચ્ચ કોટિના મહાન સંત હતા. એમનું પૂર્વાશ્રમનું નામ વિઠ્ઠલરાવ, પિતાનું નામ બાળકૃષ્ણરાવ અને માતાનું નામ લલિતાબાઈ. બેંગલોર પાસે હોસદુર્ગ ગામમાં તેઓ ૧૮૮૪ના એપ્રિલ માસમાં જન્મ્યા હતા. હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ પૂરો કરી તેઓ મુંબઈ ગયા અને ત્યાંની વી. જે. ટેકનિકલ સ્કૂલમાં સ્પિનિંગ વીવીંગ શીખ્યા. ભણી રહ્યા પછી તેમણે લગ્ન કર્યાં, ને લગભગ ચૌદેક વર્ષ એમનો ગૃહસ્થાશ્રમ ચાલ્યો. આ દરમિયાન એમણે મદ્રાસ, ત્રાવણ-કોર, ગડગ, ગુલબર્ગા, કોઈમ્બતુર, નડીઆદ, અમદાવાદ વગેરે શહેરોની મિલોમાં થોડો થોડો વખત કામ કર્યું હતું. પછી મેંગલોરમાં રહી પદરનું કારખાનું કાઢ્યું. આ કારખાનું નિષ્ફળ નીવડ્યું અને તે દરમિયાન એક બે અનુભવ એવા થયા કે એમનું મન સંસારમાંથી ઉપરામ પામી પરમાર્થ તરફ વળ્યું. આ દરમિયાન એમના પિતા તરફથી એમને 'શ્રી રામ જયરામ જયજય રામ' (આ મંત્રમાં રામદાસજીએ ૐ ઉમેરેલો છે.) એ મંત્રનો ઉપદેશ મળ્યો. પછી એક રાત્રે તેઓ પોતાની પત્ની તથા એકની એક પુત્રીને ત્યજી ચાલી નીકળ્યા. ૧૯૨૨ ની ડિસેમ્બરની ૨૯મી તારીખે પોતાને હાથે જ તેમણે ભગવાં પહેર્યાં અને પોતાનું નામ રામદાસ રાખ્યું. આ પ્રસંગે પોતે ત્રણ પ્રતિજ્ઞા લીધી: (૧) આજથી આજીવન રામની જ સેવામાં અને રામના જ ચિંતનમાં સમર્પી દેવું. (૨) સ્ત્રીમાત્રને માતા ગણી પૂર્ણ બ્રહ્મચર્ય પાળવું. (૩) ભિક્ષાથી જ જીવનનિર્વાહ કરવો. પછી તેઓ કેવળ ભગવાનને ભરોંસે જ ભારતનાં તીર્થધામોની યાત્રાએ નીકળી પડ્યા. પોતે કશી જ યોજના કરતા નહિ અને રસ્તામાં જે કોઈ સાધુ મળી જાય તેને રામે જ મોકલ્યો છે (અથવા તે જ રામ છે) એમ માની તે જ્યાં લઈ જાય અને જેમ લઈ જાય તેમ જતા. આ યાત્રા દર-મિયાન થયેલા અદ્‌ભુત અનુભવોનું વર્ણન તેમણે (In Quest of God) નામના પુસ્તકમાં કર્યું છે. ગીતામાં ભગવાન કહે છે કે,

अनन्याश्चिंतयंतो माम्, ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां, योगक्षेमं वहाम्यहम् ।।

એટલે કે, "જે લોકો અનન્ય ભાવે મારું ચિંતવન કરતાં મને ભજે છે તે નિત્ય મારામાં જ રત રહેલાનાં યોગક્ષેમનો ભાર હું ઉઠાવું છું." શ્રી રામદાસજીની યાત્રા દરમિયાન ગીતાનું આ વાકય અક્ષ-રશ: ખરું છે તેની પ્રતીતિ વાંચનારને થાય છે. કાશ્મીરથી કન્યા-કુમારી સુધીના સમસ્ત ભારતની યાત્રા રામદાસજીએ બે ત્રણ વાર કરી હશે. આ યાત્રામાં બનેલા ઘણા પ્રસંગો એમના બીજા પુસ્તક In The Vision of God માં વર્ણવેલા છે. આ બંને પુસ્તકો અદ્‌ભુત રસથી ભરેલાં છે. આપણે આસ્તિક હોઈએ કે નાસ્તિક, શ્રદ્ધાપ્રધાન હોઈએ કે તર્કપ્રધાન — આ પુસ્તકો વાંચી આશ્ચર્યમુગ્ધ થયા વિના રહી શકતા નથી. ભકત જો ભગવાનનું નિરંતર સ્મરણ કરે છે તો ભગવાન એનું સ્મરણ કરે છે, ભરણ-પોષણ કરે છે, એટલું જ નહિ, પોતાનું સ્વરૂપ એની સમક્ષ ખુલ્લું કરે છે, અને એના દ્વારા અનેકને તારે છે. પોતાના પ્રવાસ દર-મિયાન રામદાસજીનું તો એક જ કામ હતું — ભગવાનનું સતત નામસ્મરણ કરતા રહેવું. નામસ્મરણને જ પ્રતાપે એમને કૃષ્ણ, જીસસ અને બુદ્ધનાં દર્શન થાય છે. શ્રી રમણ મહર્ષિના આશ્રમની પણ તેમણે મુલાકાત લીધી હતી. આ મુલાકાતનું વર્ણન કરતાં તેઓ લખે છે, "મહર્ષિએ પોતાની તેજસ્વી દૃષ્ટિ રામદાસ તરફ ફેરવી અને જાણે એ દૃષ્ટિવાટે જ રામદાસમાં શકિત-સંચાર કરતા હોય (પોતાની આશિષ આપતા હોય) એમ બે ત્રણ મિનિટ સ્થિર નજરે જોઈ રહ્યા; પછી ડોકું ધુણાવ્યું. રામદાસમાં કોઈ અનિર્વચનીય આનંદ ઊભરાવા લાગ્યો, અને આખું શરીર પવનથી પાંદડું કંપે એમ કંપવા લાગ્યું. હે રામ! કેવો અદ્‌ભુત તારો પ્રેમ છે!"



☆ સન્તપુરૂષ સ્વામી રામદાસ ☆

બોધપાત્ર વસ્તુ એ છે કે શ્રી રમણ મહર્ષિ કશું બોલતા નથી, રામદાસજી ફરી 'કોઈ વાર એમને મળતા નથી અને છતાં પોતાને **सर्वं खलु इदं ब्रह्म**નો–સર્વત્ર બ્રહ્મ-દર્શનનો- અનુભવ શ્રી મહર્ષિ દ્વારા થયો એમ તેઓ કહેતા.

"૧૯૩૧માં સ્વામીજીએ મેંગલોરથી થોડે દૂર કાન્હનગઢ સ્ટેશનથી ચારેક માઈલ પર **આનંદાશ્રમ** નામનો આશ્રમ સ્થાપ્યો. ત્યાં તેમને માતાજી કૃષ્ણાબાઈ આવી મળ્યાં અને આશ્રમની દેખરેખ ઉપાડી લીધી. ૧૯૩૭-૩૮માં સ્વામીજી ફરી યાત્રાએ નીકળ્યા.

* * *

"૧૯૩૮ ની ભારતયાત્રા પછી સ્વામીજી અગિયારેક વર્ષ સ્થિર થઈ આશ્રમમાં જ રહ્યા; પણ ભકતોના આગ્રહને લઈ ફરી પાછા મુસાફરીએ નીકળવા લાગ્યા. આ પ્રવાસોમાં માતા કૃષ્ણાબાઈ એમની સાથે રહેતાં. ૧૯૫૪-૫૫માં એમણે પરદેશનો પ્રવાસ પણ ખેડ્યો. જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, ફ્રાન્સ, ઈંગ્લેંડ, અમેરિકા જ્યાં જ્યાં એ ગયા ત્યાં અનેક જિજ્ઞાસુઓ, મુમુક્ષુઓ એમના વ્યકિતત્ત્વથી મુગ્ધ થઈ એમના પ્રશંસકો અને શિષ્યો બની ગયા. એમનો રામમંત્ર દરિયાપારના દેશોમાં પણ ગાજતો થયો. સ્વામીજીમાં કોઈ પણ પ્રકારની સાંપ્રદાયિકતા ન હોવાથી પ્રત્યેક કોમ અને ધર્મના

માણસોને તેમનું આકર્ષણ થતું. કેથોલીક ધર્મના પાદરીઓ પણ એમને પોતાના મઠમાં બોલાવતા. પરદેશોમાં સ્વામીજીએ આપેલા વાર્તાલાપો Ramdas Speaks નામનાં દસ નાનાં નાનાં પુસ્તકોમાં સંઘરાયલા છે. અધ્યાત્મ માર્ગે જનારા પ્રવાસીને આ પુસ્તકોમાંથી પૂરતું માર્ગદર્શન મળી રહે છે; પોતાને ઊઠતી અનેક શંકાઓનું સામાધાન થઈ જાય છે."

સ્વામીજીને ભાવભરી અંજલિ

ન્યાયમૂર્તિ ડી. વી. વ્યાસ, જેઓ સ્વામી રામદાસના એક અનુયાયી છે અને જેમણે સ્વામી રામદાસના તત્ત્વદર્શન અંગે ઊંડું અવગાહન કર્યું છે તેમને સ્વામી રામદાસના વિશિષ્ટ વ્યકિતત્ત્વ અંગે કાંઈક લખી આપવાની વિનંતિ કરતાં તેમના તરફથી ઊંડા ભકિતભાવથી સ્વર્ગસ્થ સંતને અંજલિ આપતો અંગ્રેજીમાં લખેલો એક લેખ મળ્યો છે, જેનો નીચે ગુજરાતી અનુવાદ આપવામાં આવે છે:-

"૧. જે માનવજાતિ સુખ અને આનંદની અનાદિ કાળથી શોધ કરી રહી છે તે માનવજાતિ માટે ૧૯૬૩ના જૂન માસની ૨૫મી તારીખે એક હૃદયઘાતક ઘટના નિર્માણ થઈ ગઈ. એ દિવસે સાંજે દક્ષિણ ભારતના ખ્યાતનામ સંત, આનંદાશ્રમના સ્થાપક અને દુનિયાભરના હજારો નરનારીઓના આત્માઓને પ્રકાશિત કરનાર એક આધ્યાત્મિક જ્યોતિર્ધર સ્વામી રામદાસ એકાએક કાળધર્મને પામ્યા. જ્યારે માનવજાતનું ચિત્ત દ્વેષ અને મત્સર વડે, અસૂયા અને દુષ્ટતા વડે, અવિશ્વાસ અને આશંકા વડે વ્યાકૂળ બની બેઠું છે એવા આ દિવસોમાં જેમની મુખાકૃતિ ઉપર દિવ્ય આનંદની આભા સદા પથરાયલી રહેતી હતી એવા સ્વામી રામદાસ એક અજોડ અનન્ય વ્યકિત હતા. સરળ, પવિત્ર, પાવક, પૂજ્યભાવપ્રેરક, પ્રેમમય દિવ્ય, એવું તેમનું વ્યકિતત્ત્વ હતું. વિશ્વવ્યાપી પ્રેમ અને સેવાની તેઓ મૂર્તિ હતા. બાળક જેવી તેમની નિર્દોષતા વડે, અનુકરણીય એવા તેમના સ્મિત વડે, અસીમ પ્રેમ અને કરુણા વડે તેઓ ભારતભરમાં તેમ જ ભારતની બહાર પણ અસંખ્ય માનવીઓના પ્રેમપાત્ર આરાધ્યદેવતા બન્યા હતા. પરમાત્માના સાક્ષાત્કાર માટે કઠણ વ્રત-ઉપાસના, દુષ્કર તપશ્ચર્યા કે ગાઢ જંગલોમાં જઈને એકાન્ત સેવન કરવાનું તેઓ કદિ નહોતા કહેતા. પરમાત્મા આપણી અંદર છે તેમજ બહાર છે, આ દુનિયાનો દરેક જીવ તેમની જ અભિવ્યકિત છે અને તેમના નામનો અનવરત જાપ કરવા વડે ચિત્તમાં તેમનું સતત સ્મરણ હોવું એ જ તેમને પહોંચવાનો-તેમનો સાક્ષાત્કાર કરવાનો-નિશ્ચિત અને સરળમાં સરળ ઉપાય છે એમ તેઓ હંમેશાં ઉપદેશ આપતા. સ્વામી રામદાસના પ્રકાશદાયી સાન્નિધ્યમાં ખેદ અને ગ્લાનિ, નિરાશા અને વ્યથા, દુન્યવી મુંઝવણ, સંઘર્ષ અને ચિન્તનની અનવસ્થા છોડી જતા અને આનંદનો, પ્રસન્નતાનો, શાન્તિનો, સ્વસ્થતાનો, સમતાનો ચિત્ત અનુભવ કરતું. તેમની ઉપસ્થિતિમાં માણસના મનમાંથી દ્વેષભાવ સરી જતો અને પ્રેમ તેનું સ્થાન લેતો, હિંસા ઓગળી જતી અને તેના સ્થાને કરુણા જાગૃત થતી."

"૨. જો કાળનો કોઈ પ્રારંભ હોય તો કાળના પ્રારંભથી માનવજાત સુખને માટે સતત પ્રયત્ન કરતી રહી છે. બીજા શબ્દમાં સુખ એ જ માણસની અનાદિ કાળની અને કદિ નહિ અટકતી એવી ખોજનો વિષય બનેલ છે. પણ માનવી-અને માનવી શબ્દમાં સ્ત્રીનો સમાવેશ થાય જ છે-જો કે સુખને શોધી રહ્યો છે અને તે પ્રાપ્ત કરવા માટે વલખાં મારી રહેલ છે, એમ છતાં સુખ તેના હાથમાં આવતું જ નથી. આ એક કમનસીબ અને દુ:ખદ હકીકત છે. આનું કારણ, જો આપણે જોવા-સમજવાનો પ્રયત્ન માત્ર કરીએ તો, સહજમાં સમજાય તેવું છે. માનવી એટલો બધો સ્વાર્થી છે, એટલો બધો એકાંતપણે અને ભયંકર રીતે સ્વાર્થી છે કે, તેની સર્વ શારીરિક તેમ જ માનસિક પ્રક્રિયાઓમાં અન્ય સર્વથી અલગ એવી રીતે તે માત્ર પોતાની જાતનો જ વિચાર કરતો હોય છે અને આખી દુનિયા માત્ર તેના માટે જ અસ્તિત્ત્વ ધરાવે છે અને માત્ર તેના જ ભલા અને સુખ માટે આ દુનિયાનું સર્વ કાંઈ બનવું જોઈએ એમ તે વિચારતો હોય છે.

"૩. સૌ કોઈ જાણે છે તે મુજબ વિજ્ઞાને માણસને સાગરના તળિયા સુધી પહોંચવાની તાકાત આપી છે. તેણે તેને આકાશમાં બહુ ઊંચે સુધી ઉડતો કર્યો છે. અત્યાર સુધીમાં અડધો ડઝન વિશ્વયાત્રીઓ આકાશમાં ૧૫૦ માઈલ સુધી ઊંચે ઉડી શકયા છે અને કલાકના ૧૮૦૦૦ માઈલની ગતિ તેઓ સિદ્ધ કરી શકયા છે. એ દિવસ પણ કદાચ દૂર નથી કે જ્યારે માણસ ચંદ્ર સુધી તો ખરો, પણ મંગળ, શુક્ર, અને ગુરુના ગ્રહો કે જે લાખો માઈલના અન્તરે આવેલ છે ત્યાં સુધી પણ પહોંચવાને સમર્થ બને. મુદ્દો એ છે કે, માણસે વિજ્ઞાનની મદદ વડે આકાશમાં બહુ ઊંચે સુધી અને સાગરમાં બહુ ઊંડે સુધી જવાની વિદ્યા સિદ્ધ કરી છે, પણ આ પૃથ્વી ઉપર કેમ ચાલવું, ઈશ્વરે તેને જે ભૌતિક આકાર આપ્યો છે, જે શરીર આપ્યું છે તેનો સારામાં સારો ઉપયોગ કેમ કરવો, જીવન કેમ જીવવું, અન્ય માનવસાથીઓના સંદર્ભમાં કેમ વર્તવું-આ તેને આવડે છે કે નહિ તે આથી પણ વધારે મહત્ત્વનો સવાલ છે. જ્યાં જ્યાં આપણે નજર નાંખીએ છીએ ત્યાં ત્યાં આપણને બેચેની, અશાન્તિ અને વ્યાકુળતા, વહેમ અને ભય, શંકા અને અવિશ્વાસ નજરે પડે છે. માનવજાતનું હૃદય દુ:ખી છે. માનવીનો આત્મા વ્યાધિગ્રસ્ત છે. શા માટે? જવાબ સાવ સીધો છે. માનવીના મનમાં, તેના હૃદયમાં, તેના આત્મામાં ભયંકરમાં ભયંકર બળવો પેદા થયો છે. આ ઈશ્વર સામેનો બળવો છે. માણસે તેના સરજનહાર સામે બળવો પોકાર્યો છે. ઈશ્વરાભિમુખ બનવાની તેનામાં કોઈ ઈચ્છા નથી. ઈશ્વરનો વિચાર કરવાની તેનામાં કોઈ વૃત્તિ નથી, તેને કોઈ ફુરસદ નથી. મહાન શંકરાચાર્યે કહ્યું છે તેમ:-

अंगं गलितं पलितं मुण्डं, दशनविहीनं जातं तुण्ड ।
वृध्दो याति गृहीत्वा दण्डं, तदपि न मुञ्चत्याशापिण्डम् ।।

"૪. આજે જે પ્રકારનું જીવન જીવાઈ રહ્યું છે તે જીવન સમગ્ર જીવનના મૂળ સાથે બેસુરું બની ગયું છે. જીવનનું સંગીત ભારે મેળ વિનાનું બની બેઠું છે. સ્વામી રામદાસના પ્રેરક પ્રકાશોજ્જવલ સાન્નિધ્યમાં માણસના દિલનો આ બળવો શમી જતો હતો. જીવનના પરસ્પર મેળવિનાના સુરો વિલય પામતા હતા અને જીવનની સંગીતમયતા, જીવનની સંવાદિતા, જીવનની એકરૂપતા, જીવનની સમૃદ્ધતા, દિવ્યતા, પવિત્રતા સમજાતી હતી, અનુભવાતી હતી. આવા મહાન સંત, આવા મહાન ઉદ્ધારક, આવા મહાન વ્યાધિનિવારક સ્વામી રામદાસ હતા. આવી મહાન આધ્યાત્મિક જ્યોતિ છેલ્લાં પચ્ચીસ વર્ષથી આનંદાશ્રમમાંથ પ્રકાશી રહી હતી અને જેનું તેજ ચોતરફ વિસ્તરી રહ્યું હતું તે ૧૯૬૩ના જુલાઈ માસની ૨૫મી તારીખે એકાએક બુઝાઈ ગઈ અને અસંખ્ય જિજ્ઞાસુઓ અને મુમુક્ષુઓ દુ:ખ અને ગ્લાનિ વડે વ્યાકૂળ બની બેઠાં. ઈશ્વરની ગતિ-વિધિ અકળ છે અને તેનો પાર પામવો મુશ્કેલ છે, એથી તે જે કાંઈ કરે તેને સ્વીકાર્યે જ આપણો છૂટકો છે. તેને આધીન બનવું એ જ માત્ર આપણું કર્તવ્ય બને છે."

રશિયાના પ્રવાસનાં સંસ્મરણો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૭-૯-૬૩ શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩) તાજેતરમાં રશિયાના પ્રવાસેથી પાછા ફરેલા શ્રી નવલમલ કુંદનમલ ફિરોદિયા પોતાનાં પ્રવાસના સંસ્મરણો રજુ કરશે. આ જાહેર સભામાં આ વિષયમાં રસ ધરાવતાં ભાઈ-બહેનોને સપ્રેમ નિમંત્રણ આપવામાં આવે છે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

બહેન વિમળા ઠકાર સાથેનો પત્રવિનિમય

('પ્રબુદ્ધ જીવન'ના વાચકો બહેન વિમલા ઠકારથી સુપરિચિત છે. ભૂદાન આંદોલનમાં આઠ વર્ષ સુધી લાગલગાટ કામ કર્યા બાદ કેવા વૈચારિક પરિવર્તનના કારણે તે આંદોલન તેમણે છોડયું તેનું વિવરણ ગત વર્ષના 'પ્રબુદ્ધ જીવન'નાં અંકોમાં પ્રગટ કરવામાં આવ્યું છે. ત્યાર બાદ તેઓ યુરોપ ગયાં અને ત્યાં કેટલોક સમય રહીને ભારત ખાતે પાછાં ફર્યાં અને હાલ કેટલાક વખતથી આબુ ખાતે રહે છે અને વાંચન લેખનમાં પોતાનો સમય ગાળે છે. આ બાબત પણ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો જાણે છે. એક યા બીજા નિમિત્તે તેમની સાથે મારો પત્રવ્યવહાર ચાલતો રહ્યો છે. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો અમારા સહચિંતનના ભાગીદાર બને એ હેતુથી તેમની અનુમતિપૂર્વક તેમની ઉપર એપ્રિલ માસની ૩૦ મી તારીખે લખેલો મારો પત્ર અને જૂન માસની ૩૦ મી તારીખે તેમણે મારી ઉપર લખેલો પત્ર—આ બન્ને નીચે આપવામાં આવે છે. ત્યાર પછીનો પત્રવ્યવહાર યથાવકાશ હવે પછી પ્રગટ કરવામાં આવશે. અહીં એ જણાવવાની જરૂર છે કે, મારો પત્ર મૂળ ગુજરાતીમાં લખાયેલો હતો, જ્યારે તેમનો પત્ર મૂળ અંગ્રેજીમાં આવેલો, જેનો અહીં અનુવાદ આપવામાં આવ્યો છે. **પરમાનંદ**)

મુંબઈ, તા૦ ૩૦-૪-'૬૩.

પ્રિય વિમળા બહેન,

તા. ૧-૪-'૬૩ના તમારા પત્ર સાથે તમારા લખાણની નકલ મળ્યાની પહોંચ મેં લખી હતી. ત્યાર બાદ તમારા તરફથી એક કાર્ડ મળેલ છે. તમને પત્ર લખવાનો વિચાર કર્યા કરતો હતો, પણ છૂટા છવાયા રોકાણો આડે તમને પત્ર લખવાનું મુલતવી રહ્યા કરતું હતું.

આજે તમને અન્ય કોઈ મિત્રે પૂછેલા સવાલો અને તમે આપેલા જવાબો—આ બધું ટાઈપ કરેલું લખાણ તમે મારી ઉપર મોકલેલું તે હું ફરીથી વાંચી ગયો. તેમાં ચર્ચેલા મુદ્દાઓનું હું કોઈ વિશેષ વિવેચન કરવા માગતો નથી. એ દ્વારા તમને હું વધારે ઊંડાણથી સમજી શકું છું અને તમારો પણ તે જ ઉદ્દેશ છે એમ હું સમજું છું. આમ છતાં એક બાબત વિષે તમને કાંઈક લખવા મન થાય છે. આ પ્રશ્નોત્તરીમાં એક પ્રશ્ન એ છે કે, "Why did your interest in creating a non-violent society fade away?" (અહિંસક સમાજરચના નિર્માણ કરવા અંગેનો તમારો રસ શા માટે ઓસરી ગયો?) એનો જવાબ આપતાં બીજી બાબતો સાથે સર્વોદય આંદોલનનો ઉલ્લેખ કરતાં તમે જણાવો છો કે "The Sarvodaya movement in India has also become a victim of the nationalistic outlook and spirit. The Sino-Indian border dispute has exposed the Sarvodaya thinkers and workers." (ભારતમાં ચાલેલું સર્વોદય આંદોલન પણ આ કટોકટીના વખતે રાષ્ટ્રવાદી વલણ અને ભાવનાનું ભોગ બની ગયું છે. ચીન—ભારત વચ્ચેના સરહદી ઝઘડાએ સર્વોદય વિચારકો અને કાર્યકરોને ખુલ્લા પાડયા છે.) આના અનુસંધાનમાં હું એમ જણાવવા માગું છું કે, જો સર્વોદય આંદોલનને માત્ર વિચારણાના ક્ષેત્રને વળગીને ચાલવાનું હોત તો તેમાં તમે જે રાષ્ટ્રીય ભાવની સંકીર્ણતા જુઓ છો તેવી સંકીર્ણતા દેખાવાની કોઈ પરિસ્થિતિ જ ઊભી થઈ ન હોત. પણ આખરે તેનું કાર્ય વિચારણાના ક્ષેત્ર પૂરતું સીમિત જ નહિ, તેનું કાર્ય તેની વિશિષ્ટ વિચારણાને અનુરૂપ એવી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલું છે અને તે પ્રવૃત્તિ ભારતના ભૌગોલિક ક્ષેત્ર સાથે પ્રત્યક્ષ સંબંધ ધરાવે છે. એટલે જ્યારે સર્વોદય વિચાર સાથે સંબંધ ધરાવતી વ્યકિતઓને ભારત ઉપર ચીને કરેલું આક્રમણ ખરેખર અનુચિત અને અધર્મમય લાગે ત્યારે ભારતનો પક્ષ લેવો એ તેમને અનિવાર્ય ધર્મ રૂપે પ્રાપ્ત થાય છે. આમ છતાં પણ આ પ્રશ્ન અંગે સર્વોદયવાદીઓનું વલણ અન્ય રાષ્ટ્રવાદીઓની અપેક્ષાએ તટસ્થ રહ્યું છે એવી મારા મન ઉપર છાપ પડેલી છે.

આ પ્રસંગે આજે તમે જે પ્રકારની જીવનવૃત્તિ—જીવન પદ્ધતિ સ્વીકારી છે તે વિષે બે શબ્દ લખવા પ્રેરાઉં છું. એક ચોક્કસ વિચારસરણી તરફ ઢળતાં ઢળતાં, ગઈ કાલ સુધી જે લોકકલ્યાણની પ્રવૃત્તિ સાથે તમે જોડાયેલાં હતાં તેનો ત્યાગ કરીને આબુના એક ખૂણે સ્થિર થઈને બેસવા—રહેવાનું તમે સ્વીકાર્યું છે. આના પરિણામે તમારામાં રહેલી અપૂર્વ કર્તૃત્વશકિતનો દેશને લાભ મળતો બંધ થયો છે. આવી તમે જે જીવનપદ્ધતિ સ્વીકારી છે તે મારે ગળે ઉતરતી નથી. હું માનું છું કે, આમ થવાથી દેશને તો નુકશાન થયું છે જ, પણ તમે તમારી જાતને પણ નુકશાન કરી રહ્યા છો. માનવીમાં રહેલી કર્તૃત્વશકિતને લાંબા સમય સુધી જો તે સંકેલી લે તો પરિણામે તે કર્તૃત્વશકિત આપોઆપ કુંઠિત થઈ જાય છે. મારા વિચાર મુજબ માનવીના વિકાસ માટે તેણે વિચારના ક્ષેત્રમાં વિશ્વવ્યાપી બનવાની જેટલી જરૂર છે તેટલી જ જરૂર કોઈ પણ ક્ષેત્રના ખીલે બંધાઈને પોતાનામાં રહેલી કર્તૃત્વશકિતને લોકકલ્યાણ અર્થે ક્રિયાશીલ બનાવવાની છે. તમો બહેન પુફુલ જયકરને ઓળખો છો. તેણે મને કહેલું કે, વિમળાબહેન કૃષ્ણમૂર્તિની વિચારસરણી ઉપર ઢળ્યા એટલે જે ઉપયોગી કાર્ય તે કરી રહ્યાં હતાં તે છોડી દેવાની શું જરૂર હતી તે મને સમજાતું નથી. મને લાગે છે કે, તમારી વર્તમાન જીવન પદ્ધતિના પરિણામે તમારામાં રહેલી કર્તૃત્વ શકિતને કુંઠિત કરી નાખવાના જોખમને તમે નોતરી રહ્યા છો. મૈત્રી, કરુણા, human relationship ની ભાવનાને સક્રિય મૂર્ત રૂપ આપવા માટે માનવીએ સીમિત કાર્યક્ષેત્રને સ્વીકારવું જ જોઈએ.

જેમને દાદા ધર્માધિકારી જેવા સલાહ આપનાર અને માર્ગદર્શક છે તેમને મારી સલાહની કે સૂચનાની જરૂર છે એવો મારો કોઈ દાવો નથી. મારી મર્યાદા વિષે પણ હું પૂરો સભાન છું. આમ છતાં પણ, તમારા વિષે એક પ્રકારની હું આત્મીયતા અનુભવું છું. તેની પ્રેરણાથી આ બધું મેં લખી નાંખ્યું છે. તેમાં ધૃષ્ટતા જેવું લાગે તો તમારી હું ક્ષમા માંગું છું.

રસિકભાઈ આનંદમાં છે. તમે જાણીને આનંદ પામશો કે, હું અન્ય બે—ચાર સ્વજનો સાથે આગામી મે માસની ૧૧ મી તારીખે એકાદ મહિના માટે ગંગોત્તરી—યમુનોત્તરીની યાત્રાએ જઈ રહ્યો છું. હિમાલયના ભવ્ય સૌન્દર્યનું આકર્ષણ આ સાહસ કરવા મને પ્રેરી રહેલ છે.

તમે આનંદમાં હશો. તમારી તબિયત સારી હશે.

લેખક : સ્નેહાંકિત **પરમાનંદના પ્રણામ**

શિવકોઠી, માઉંટ આબુ,
તા૦ ૩૦-૬-'૬૩.

પ્રિય પરમાનંદભાઈ,

તા. ૨૧મી જુનનો તમારો માયાળુ પત્ર મળ્યો. આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટેના નિમંત્રણ માટે હું તમારો આભાર માનું છું. પણ ૧૯૬૪ના ફેબ્રુઆરી પહેલાં માઉંટ આબુ છોડવાની મારી ઈચ્છા નથી.

મે મહિનામાં તમારી તરફથી મને એક લાંબો પત્ર મળ્યો હતો. તેમાં તમે મારી વિચારણા માટે કેટલાક મુદ્દાઓ રજૂ કર્યા હતા.

સૌથી પહેલાં મારે તમને જણાવવું જોઈએ કે, મારા અંગત જીવન વિષે તમારા મનમાં જે કાંઈ આવે તે તમે લખી શકો છો અને જે કોઈ સુઝે તે પ્રશ્નો તમે નિઃસંકોચપણે પૂછી શકો છો. મારા જીવનમાં ખાનગી એવું કશું છે જ નહિ તેમજ કશી ગૂઢતા પણ છે નહીં. આમ હોવાથી, અહીં હું જે કાંઈ કરી રહી છું તેમાં રસ ધરાવવા બદલ અને તે વિષે તમારા અભિપ્રાયો વ્યકત કરવા બદલ તમારો હું આભાર માનું છું. તમને હું એક મિત્ર સમાન લેખું છું. મૈત્રી હોય ત્યાં કોઈ સંકોચને અવકાશ હોવો ન જોઈએ. સંકોચ કે અચકાટ પરસ્પર ગેરસમજુતી થવાનો ભય સૂચવે છે, જ્યારે પરસ્પર

સમજુતી અને સદ્‌ભાવ એ જ સાચી મૈત્રીનો પાયો છે. આમ હોવાથી, મહેરબાની કરીને, મારી ઉપર તમને જે કાંઈ લખવાનું મન થાય તે લખવા બદલ ક્ષમા યાચવાની ગડમથલમાં પડશો નહિ. આ પ્રકારની સમજુતી ઉપર આપણે હવે આગળ વધીએ. (૧) તમારા લખાણનો પહેલો મુદ્દો સર્વોદય વિચારકો અને કાર્યકરોને લગતો છે. હું આશા રાખું છું કે, મેં આ લોકો સાથે લાગલગાટ આઠ વર્ષ સુધી કામ કર્યું છે, અને ભૂદાન આંદોલનમાં પૂરો સક્રિય ભાગ ભજવ્યો છે. તેથી તેમને હું તમારા કરતાં થોડું વધારે સમજવા અને જાણવાની સ્થિતિમાં છું એ તમે જરૂર કબૂલ કરશો. બીજું તેના આગેવાન નેતાઓ અને કાર્યકરો માટે મને પુષ્કળ આદર અને ઊંડો સદ્‌ભાવ છે. આ બધું છતાં પણ ચીન–ભારત સંઘર્ષ પરત્વે તેમણે અખત્યાર કરેલા વલણ અંગે મને એમ લાગે છે કે, ચીની આક્રમણે તેમને ખુલ્લા પાડયા છે. રાષ્ટ્રીય દૃષ્ટિકોણ અને ભાવનાના આવેગના તેઓ થોડા સમય માટે ભોગ બની બેઠા હતા અને આજે પણ તેમના–માંના કેટલાકનાં ચિત્ત ઉપર તે વૃત્તિ–રાષ્ટ્રીયતાનું સંકુચિત વલણ–સવાર થઈને બેઠેલું છે.

તેઓ કોઈ એક વિચારસરણીના પ્રચારક માત્ર નથી, પણ સાથે સાથે ગ્રામદાન, ભૂદાન જેવા કેટલાક ક્રાંતિકારી ઉપાયો વડે ભારતીય જીવનની સામાજિક તેમ જ આર્થિક બાજુનું પાયાનું પરિવર્તન નિર્માણ કરવાના કાર્યમાં તેઓ રોકાયેલા છે એ વિષે હું પૂરી સભાન છું.

મારૂં એમ કહેવું નથી કે, તેમણે આરામ ખુરશી ઉપર બેઠા બેઠા આક્રમણની સમગ્ર સમસ્યા અંગે તાત્ત્વિક ચર્ચા જ કર્યા કરવી જોઈતી હતી. મને એટલું જ કહેવાનું પ્રાપ્ત થાય છે કે, જો તેમનાં દિલ રાષ્ટ્રવાદ અને દેશદાઝની સાંકડી દિવાલો ઓળંગી શકયા હોત તો તેમણે પ્રસ્તુત પરિસ્થિતિમાં તદ્દન જુદા જ પ્રકારનું વલણ ધારણ કર્યું હોત, અને અહિંસક પ્રતિકાર માટે તેમણે લોકોને તૈયાર કર્યા હોત. જો તેમણે અહિંસાનો આગ્રહ રાખ્યો હોત તો તેમને પ્રતીતિ થઈ હોત કે, રાષ્ટ્રવાદ અને અહિંસાવાદ એ બે વાદો કદી સાથે ચાલી શકે જ નહીં. જે માનવી અહિંસાપ્રેરિત જીવન જીવવા માંગે છે તેનો પછી અમુક ભૌગોલિક પ્રદેશ, પ્રજા, કે રાજ્યથી મર્યાદિત એવો કોઈ સંબંધ રહેતો નથી. તે આખી માનવજાતનો બને છે. અહિંસા એ ક્રાંતિનો માર્ગ છે. આથી હું એમ કહું છું કે, સર્વોદય નેતાઓ આ માર્ગ છોડીને બાંધછોડના માર્ગે ચાલ્યા છે. પ્રસ્તુત આક્રમણને એક નૈતિક સમસ્યા તરીકે લેખવાને બદલે તેમણે તેને પોતાના એવા અમુક દેશ સામેના આક્રમણ તરીકે લેખ્યું છે અને એ ધોરણે પોતાની એવી એક સરકારને તેમણે ટેકો આપ્યો છે.

(૨) તમારો બીજો મુદ્દો મારા અંગત જીવન અંગે છે. હું તમને એ બાબતની નોંધ લેવા વિનંતી કરૂં છું કે, I look upon my life as a human phenomenon, rather than a psychological possession of Vimala—મારૂં જીવન એ વિમલાના માનસિક કબજાનો વિષય નહિ પણ સતત વહી રહેલા સમગ્ર માનવી જીવનના એક તરંગ સમાન છે. એવી રીતે હું મારા જીવનને નિહાળું છું.

હું ૧૯૫૩ માં ભૂદાન આંદોલનમાં જોડાઈ ત્યારે તેને લોક–કલ્યાણની કોઈ એક પ્રવૃત્તિ લેખીને હું તેમાં જોડાઈ નહોતી, પણ એ આંદોલનની જે એક આધ્યાત્મિક બાજુ હતી તે વડે હું મુગ્ધ બની હતી અને તે કારણે હું તે તરફ આકર્ષાઈ હતી. માનવીમાં રહેલી innate goodness વિષેની–પાયાના શુભ તત્ત્વ વિષેની–શ્રદ્ધા ઉપર આધારિત એવા આ ક્રાંતિકારી આંદોલનને માનવજાત પ્રત્યેના પ્રેમથી ભરેલા એવા મારા ચિત્તને આકર્ષ્યું હતું. એને લગતી પ્રવૃત્તિ પાછળ મારામાં રહેલી કર્તૃત્વશક્તિને અભિવ્યક્ત કરવાની કોઈ ખાસ વૃત્તિ નહિ, પણ માનવજાત માટેના પ્રેમને અભિવ્યક્ત કરવાનો આશય હતો.

આ ઉપરાંત, આ બાબતને અથવા તો આ હકીકતને પણ આપણે બરોબર સમજી લેવી જોઈએ કે ' action' is different from 'activity' – સ્વત: નિપજતું કર્મ એ ઈરાદાપૂર્વક ઊભી કરેલી પ્રવૃત્તિથી અલગ વસ્તુ છે. જ્યાં સુધી ભિન્ન ભિન્ન વૃત્તિઓ, ખ્યાલો અને વિચારોથી ચિત્ત ગ્રસ્ત હોય છે, અભિભૂત હોય છે ત્યાં સુધી, ચિત્ત દ્વારા ' action ' ' ખરૂં કર્મ ' નિર્માણ થવું અશક્ય છે. જે કાંઈ બને છે તે કેવળ પ્રત્યાઘાત–સ્વરૂપ પ્રક્રિયા —reaction— હોય છે. ખરૂં ' કર્મ ' શાંતિ અને સમભાવમાંથી જ નિર્માણ થાય છે. પૂરી શાંતિ અનુભવવી અને સ્થાયી સમભાવ પ્રાપ્ત કરવો એ માનવજાતની ભારે મોટી સેવા છે. તમને ખાત્રીપૂર્વક જણાવું છું કે, ઉપરની સ્થિતિ અનુભવગોચર થતાં કર્મ શક્તિ અથવા તો કર્તવ્યશક્તિ બધાં બંધનો અને અવરોધોથી મુક્ત બને છે.

વળી, પૂરી નમ્રતાપૂર્વક તમને હું સૂચવી શકું છું કે, એક માનવી અન્યને મદદ કરી શકે છે એવા અહંભાવને ચિત્તમાં જરા પણ સ્થાન આપવું ન જોઈએ. જે માનવીનું મન પરંપરાગત ખ્યાલો અને લઢણોનું ગુલામ છે તે અન્ય કોઈને શી રીતે મદદ રૂપ થઈ શકવાનું હતું? આવા આપ–નિયુક્ત મદદ કરવાવાળા જેટલા ઓછા, તેટલું સમાજનું શ્રેય વધારે.

છેવટે, આ પણે બરોબર સમજી લઈએ કે, Reality—સત્તા (સત્ તત્ત્વ) એક જબરજસ્ત શક્તિ છે. જે તેના સીધા સંપર્કમાં રહે છે તે સત્ય અને પ્રેમનો શક્તિપુંજ–Dynemo of Truth & Love—બને છે. આવી વ્યક્તિ એક પણ ક્ષણ પ્રમાદમાં વ્યતીત કરી શકે જ નહિ. આવી વ્યક્તિ પાસેથી life–વિશ્વવ્યાપી જીવનતત્ત્વ–અનેક રીતે કામ કઢાવે છે, કામ કરાવે છે.

આટલો લાંબો જવાબ લખવા માટે તમારી ક્ષમા યાચું છું. હું આશા રાખું છું કે, તમે તમારા પત્રમાં ઊભા કરેલા બધા મુદ્દાઓનો આમાં ઉત્તર આવી જાય છે.

મિત્રોને સ્નેહસ્મરણ. **વિમલા**

અન્યત્ર યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો :–

વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
શ્રી અમિતાબહેન મહેતા	ભજનો
શ્રી ગુરુદયાળ મલિકજી	ધર્મ અને .....?
ઉપકુલપતિ શ્રી એલ. આર. દેસાઈ	આપણું આજનું ભણતર
આચાર્ય યશવંત શુકલ	સંસ્કૃતિ
શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ	જાતને ભૂલી જાઓ !
અધ્યાપક કરસનદાસ માણેક	આજના વૈજ્ઞાનિક યુગમાં ધર્મનું સ્થાન
શ્રી કાંતિલાલ ઠક્કર	સત્સંગ
શ્રી નવલભાઈ શાહ	અહિંસા અને વિકેન્દ્રિત ઉત્પાદન
માનનીય ટી. એસ. ભારદે	અધ્યાત્મ અને જીવન
મુનિશ્રી પુણ્યવિજયજી	જૈન આગમોમાં સુભાષિત
આચાર્ય એસ. વી. દેસાઈ	શું બની રહ્યું છે ?
માનનીય ટી. એસ. ભારદે	ભારતીય લોકશાહી
ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા	ગુજરાતની જૈનાશ્રિત ચિત્રકલા
માનનીય રતુભાઈ અદાણી	સામાજિક રચનામાં સહકારનું સ્થાન
અધ્યાપક દલસુખભાઈ માલવણિયા	હિંદુ ધર્મ અને જૈન ધર્મ
આચાર્ય એસ. આર. ભટ્ટ	રાજધર્મ

❋ આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા ❋

જે પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પ્રગટ કરવામાં આવ્યો હતો તે મુજબનો આખો કાર્યક્રમ એક નાના અપવાદ સિવાય સફળતાપૂર્વક સર્વાંશે પાર પડયો હતો. આ વખતે પણ, પર્યુષણ વ્યાખ્યાનમાળાનું સામાન્યત: પ્રમુખસ્થાન શોભાવતા પંડિત સુખલાલજી પોતાની નાજુક તબિયતના કારણે ઉપસ્થિત થઈ શકયા નહોતા અને તેમના સ્થાને નિયુકત કરવામાં આવેલ પ્રાધ્યાપક ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલાએ, નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન અખંડપણે શોભાવ્યું હતું અને પ્રત્યેક વ્યાખ્યાતાનો પ્રારંભમાં પરિચય આપવાનું અને તે તે વ્યાખ્યાતાના વ્યાખ્યાનના અંતે સમુચિત ઉપસંહાર કરવાનું કાર્ય મોટા ભાગે તેમણે પૂરી કુશળતાપૂર્વક સંભાળ્યું હતું. આ સમયની વ્યાખ્યાનમાળામાં ભાગ લેનાર અઢાર વકતાઓમાંથી, પ્રાધ્યાપક દલસુખભાઈ માલવણિયા અમદાવાદથી, શ્રી શાંતિલાલ સી. શાહ પૂનાથી, આચાર્ય હરભાઈ ત્રિવેદી ભાવનગરથી, શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી નંડિયાદથી, આચાર્ય રજનીશજી જબલપુરથી અને શ્રી ગુરુદયાળ મલિકજી અમદાવાદથી—એમ છ વકતાઓ બહારગામથી પધારેલા. બાકીના વકતાઓ મુંબઈના હતા. આ દરેક વકતા પોતપોતાના વિષય અંગે પૂરી તૈયારી કરીને આવ્યા હતા અને દરેકે બહુ સુંદર અને સચોટ રીતે પોતાના વિષયનું નિરૂપણ કર્યું હતું. આ વ્યાખ્યાનમાળામાં જેટલું વૈવિધ્ય વકતાઓનું હતું એટલું જ આકર્ષક વૈવિધ્ય વ્યાખ્યાન—વિષયોને લગતું હતું. ડૉ. રાજેન્દ્ર વ્યાસે અમેરિકન સ્ત્રીવિશેષ 'અંધ અને બધિર એવી હેલન કેલરનો પરિચય આપ્યો હતો. શ્રી રામુભાઈ પંડિતે આપણામાંના ઘણાને બિલકુલ અપરિચિત એવા યુગોસ્લાવિયાના લોકનેતા જેલવાસી મિલોવાન જીલાસની ઓળખાણ કરાવી. અધ્યાપક ભૂપેન્દ્ર ત્રિવેદીએ મીરાંબાઈનાં તો બહેન મૃણાલિની દેસાઈએ સંત જ્ઞાનેશ્વરનાં આપણને દર્શન કરાવ્યાં અને આચાર્ય ધીરૂભાઈ ઠાકરે અવધુત આનંદઘનનો પુણ્ય પરિચય કરાવ્યો. અધ્યાપક કરસનદાસ માણેકે રામ અને કૃષ્ણ અંગેની તુલનાત્મક વિચારણા ભારે રોચક રીતે રજૂ કરી તો શ્રી ગુરુદયાળ મલિકજીએ ઈશુ ખ્રિસ્તના જીવનની ઝાંખી કરાવી. વ્યાખ્યાનમાળાના છેવટના બે દિવસો દરમિયાન પહેલા દિવસે રાજ્યપાલ શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત પાસેથી ગાંધીજીનાં સંસ્મરણો આપણે સાંભળ્યા અને અમાપ પ્રસન્નતા અનુભવી તો મહાસતી ઉજ્જવળકુમારીએ એમની પાવન વાણીમાં વિશ્વમૈત્રીનો સંદેશ સંભળાવીને આપણને કૃતાર્થ કર્યા. આવાં જ મહત્ત્વપૂર્ણ અને વિચારપ્રેરક અન્ય વ્યાખ્યાનો હતાં. મહાભારતના અઢાર પર્વ છે અને ભગવદ્‌ગીતાના અઢાર અધ્યાય છે એવો જ આ વાણીપુંજ—પ્રવચનપુંજ—અઢાર સર્ગનો—અઢાર વ્યાખ્યાનોનો—બનેલો હતો. આવું આ નવ દિવસનું જ્ઞાનસત્ર ઊજવાયું અને તેમાં ભાગ લેનારા વિપુલ શ્રોતાગણના ચિત્ત ઉપર અત્યન્ત મધુર, ચિરસ્થાયી તેમ જ પ્રેરણાદાયી સ્મરણો અંકિત કરી ગયું.

સાધારણ રીતે આ વ્યાખ્યાનમાળાની વ્યાખ્યાનસભાઓનો એક યા અન્ય ભાઈ-બહેનની ભજનપ્રાર્થના વડે પ્રારંભ કરવામાં આવતો હતો. આ વખતે આવો કોઈ પૂર્વપ્રબંધ થઈ શકયો નહેતો. આમ છતાં એક બહેન એવાં અમને અણધાર્યાં મળી ગયા કે, જેમણે અમારા મનમાં સાલતી આ ઉણપની અત્યંત સુભગ રીતે પૂરવણી કરી. આ છે કુમારી માલિની બહેન શાસ્ત્રી, બી. એસ. સી., બી. ટી. તેમણે પ્રત્યેક દિવસે મીરાં, કબીર, સુરદાસ અથવા તો અન્ય કોઈ ભકતકવિનું રચેલું મધુર તેમ જ અર્થગંભીર એવું નવું નવું પદ સંભળાવ્યું અને છેલ્લા દિવસની સભામાં મહાસતી ઉજ્જવળકુમારીનું વ્યાખ્યાન પૂરું થયાં બાદ અડધા કલાક સુધી ભજનપદ સંભળાવવાનો કાર્યક્રમ તેમણે રજૂ કર્યો અને તેમાંનું એક 'વિરાટનો હિંડોળો'એ મથાળાનું કવિ નહાનાલાલનું સુપ્રસિદ્ધ ભજન ભારે સુંદર હલક વડે ગાઈ સંભળાવીને વિશાળ શ્રોતાગણને વિરાટના હિંડોળામાં-ઝુલામાં ઝુલતો કર્યો. આવી જ રીતે સંવત્સરીના રોજની વ્યાખ્યાનસભામાં રાજ્યપાલ વિજયાલક્ષ્મી પંડિતનું વ્યાખ્યાન પૂરું થયા બાદ શ્રી અજિત શેઠ અને તેમનાં પત્ની નિરૂપમા શેઠની જુગલજોડીએ અડધા કલાકનો મધુર કાર્યક્રમ રજૂ કરીને સભાજનોને પ્રમુદિત કર્યા. શ્રી જયાબહેને પણ ત્રણેક વાર ભજનો સંભળાવીને આ સંગીત વિભાગમાં મહત્ત્વની પૂરવણી કરી હતી. આમ વ્યાખ્યાનની ગંભીર બાજુને સંગીતની પૂરવણી વડે રોચક બનાવનાર ભાઈ બહેનોનાં અને તેમાં પણ સવિશેષ માલિની બહેનના અમે ઋણી છીએ અને તેમના તરફથી આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓમાં સતત સહકાર મળતો રહેશે એવી અપેક્ષા વ્યકત કરવા સાથે તેમનો અમે આભાર માનીએ છીએ.

વિશિષ્ટ કોટિના વ્યાખ્યાતાઓ વડે જ આ વ્યાખ્યાનમાળા ગૌરવાન્વિત બને છે અને તે માટે તેમના અમે જરૂર ઋણી છીએ જ અને તેમાં પણ સર્વથી વિશેષ ઋણી અમે પ્રસ્તુત વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને પ્રતિષ્ઠિત એવા અધ્યાપક ઝાલાસાહેબના છીએ. નવે દિવસ સવારના વહેલાં તૈયાર થઈને આવવું અને વ્યાખ્યાનસભાના સમય સાથે ભંધ બેસે એ રીતે કૉલેજનાં પોતાનાં વ્યાખ્યાનોનો સમય ગોઠવી લેવો—આ કોઈ સાધારણ તકલીફનો વિષય નથી. અમારા સંઘ સાથે તેઓ એક સ્વજનના નાતે સંકળાઈ ગયા છે અને એ સંઘનું પરમ સદ્‌ભાગ્ય છે. આ ઝાલાસાહેબ તથા અન્ય વકતાગણ વિષે અમારા દિલમાં રમી રહેલી આભારવૃત્તિ અહિં અમે વ્યકત કરીએ છીએ.

અને છેવટે વિપુલ સંખ્યામાં ઉપસ્થિત થતાં શ્રોતા ભાઈ—બહેનોનો તેમના સહકાર અને શિસ્તબદ્ધ વર્તન માટે આભાર માનવાનો રહે છે. વ્યાખ્યાનમાળા દરમિયાન ટેકસી અને બસની હડતાળના ત્રણ દિવસો આવ્યા અને ગયા અને તેની અસર શ્રોતાઓની હાજરી-ઉપસ્થિતિ—ઉપર અમુક અંશે જરૂર પડી. આમ છતાં પણ એ દિવસો દરમિયાન પણ સભાસ્થળ બ્લેવાટરકી લૉજમાં ઠીક સંખ્યામાં શ્રોતાજનો ઉપસ્થિત થયા હતા. છેલ્લા બે દિવસોની—ભારતીય વિદ્યાભવનના થીએટરમાં ભરવામાં આવેલી—વ્યાખ્યાનસભાઓ શ્રોતાગણની ભીડથી છલકાઈ ગઈ હતી. ખાસ કરીને પહેલા દિવસની સભામાં થીએટરનો એવો એક પણ ખૂણો નહોતો કે જે શ્રોતાઓથી ઠાંસેલો ન હોય. અને આવી સભામાં અખંડ શાંતિ જળવાવી એ કોઈ સાધારણ વાત નથી. આમ છતાં અહિં અવાજ ન જ થાય, જેને જ્યાં સ્થાન મળ્યું તેને વળગીને બેઠા કે ઊભા, સંભળાય તે સાંભળીને તેણે સંતોષ માનવો, કૃતાર્થતા અનુભવવી—આવી શિસ્તવૃત્તિ અમારા શ્રોતાગણમાં સ્થિર થયેલી અમે અનુભવીએ છીએ અને તેથી અમારી નાની કે મોટી સભાઓમાં શાંતિ જાળવવાનો પ્રશ્ન સરળ બની ગયો છે, અને આનો યશ કેવળ શ્રોતાઓના ફાળે જાય છે.

સંઘની આર્થિક સદ્ધરતા પર્યુષણ વ્યાખ્યાનમાળા ઉપર કેટલાય સમયથી નિર્ભર રહી છે, કોઈ મોટું ફંડ કરવા પાછળ દોડવું નહિ અને વાર્ષિક જરૂરિયાત મુજબ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રસ ધરાવતાં ભાઈ બહેનો પાસે ટેલ નાખવી—આવી અમારી નીતિ રહી છે અને સ્વજનો મિત્રો, પ્રશંસકો તરફથી અમને અપેક્ષિત રકમ મળતી રહી છે અને એ રીતે સંઘની પ્રવૃત્તિઓ ભલેને ગણીગાંઠી અને પરિમિત આકારની હોય તો પણ તેમાં જ્યાં સુધી ચેતના હશે, જે સમુદાય સાથે સંઘનો સંબંધ છે તે સમુદાયને તેની ઉપયોગીતામાં જ્યાં સુધી વિશ્વાસ હશે ત્યાં સુધી સંઘને જરૂર આર્થિક સિંચન મળતું જ રહેશે—આવી શ્રદ્ધા અમારામાં કેળવાતી રહી છે. આ વખતનો ફાળો હજુ ચાલુ જ છે તેથી તેની વિગતો રજૂ કરવાની સ્થિતિમાં અમે નથી. એમ છતાં એટલું જણાવવાની સ્થિતિમાં છીએ કે ચાલુ રહેલો ફાળો લગભગ રૂા. ૮૦૦૦ સુધી પહોંચ્યો છે. બાકીના રૂા. ૨૦૦૦ બહુ અલ્પ સમયમાં મેળવી લેવાની અમે આશા રાખીએ છીએ.

આ છે એક મધુર સ્વપ્ન માફક કાળના વહેણમાં સરી પડેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાની અમારી સમીક્ષા અને આભારનિવેદન. આ વ્યાખ્યાનમાળાની વિવેચનાત્મક આલોચના અધ્યાપક ઝાલાસાહેબ આવતા અંકમાં કરશે.

મંત્રીઓ, **મુંબઈ જૈન યુવક સંઘ**

☆ સંઘે યોજેલું સ્નેહસંમેલન ☆

(૧) પંડિત બેચરદાસનું બહુમાન, (૨) વ્યાખ્યાતાઓનું સન્માન, (૩) રાજીનામાં – સ્વીકાર અંગે શ્રી ચીમનભાઈનું માર્ગદર્શન.

તા. ૨૫-૮-'૬૩ રવિવારના રોજ સાંજના પાંચ વાગ્યે શ્રી ભુલાભાઈ દેસાઈ રોડ ઉપર આવેલ 'સાગરતરંગ'માં સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી સુબોધભાઈ એમ. શાહના નિવાસસ્થાને તાજેતરમાં સમાપ્ત થયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓના સન્માન અર્થે પ્રાધ્યાપક ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલાના પ્રમુખપણા નીચે પરિમિત આકારનું એક સ્નેહસંમેલન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે, સ્વાતંત્ર્યદિનના સંદર્ભમાં ભારત સરકાર તરફથી એક વિશિષ્ટ કોટિના સંસ્કૃત પંડિત તરીકે જેમને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું તે પંડિત બેચરદાસ જીવરાજ દોશીની મુંબઈમાં ઉપસ્થિતિ હોવાના કારણે, તેમનું પણ બહુમાન કરવાનું વિચારાયું હતું. આ પ્રસંગે નિમંત્રિત ભાઈ-બહેનો ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં. સૌના દિલમાં સંઘ-આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા ભારે સફળતાપૂર્વક પાર પડયાનો આનંદ વ્યાપેલો હતો.


(૧) પંડિત બેચરદાસનું બહુમાન

પંડિત બેચરદાસનું બહુમાન કરવાનો કાર્યક્રમ પ્રથમ હાથ ધરવામાં આવ્યો હતો. પંડિતજીને આવકાર આપતાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે, "સ્વાતંત્ર્યદિનના ઉપલક્ષમાં આપણા રાષ્ટ્રપતિ તરફથી સંસ્કૃત ભાષાના ચાર વિદ્વાનોને અને અરબ્બી ભાષાના એક વિદ્વાનને 'Certificates of Honour' – સન્માનસૂચક પ્રમાણપત્ર–એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે. સંસ્કૃત ભાષાના વિદ્વાનોનાં નામ છે શ્રી કે. એસ. કૃષ્ણમૂર્તિ, પંડિત બેચરદાસ જીવરાજ દોશી, શ્રી શશીનાથ ઝા, અને ડૉ. પી. એલ. વૈદ્ય અને અરબ્બી ભાષાના વિદ્વાનનું નામ છે શ્રી ઑબેદ ઈબ્ન મહમદ આરબ.

"આમાંના પંડિત બેચરદાસ જે સમુદાય સાથે આપણો ઘનિષ્ટ સંબંધ છે તેમાંના એક ભોઈને, ભારત સરકાર તરફથી અથવા તો રાષ્ટ્રપતિ તરફથી તેમનું કરવામાં આવેલું સન્માન સ્વાભાવિક રીતે આપણા સવિશેષ આનંદ અને ગૌરવનો વિષય બને છે. પંડિત બેચરદાસને વર્ષોથી હું જાણું છું. તેઓ મૂળ વળાના વતની છે. તેમનો જન્મ ૧૮૯૦માં થયેલો. તેમની બાલ્યાવસ્થા તીવ્ર ગરીબીમાં પસાર થઈ હતી. નાનપણથી જ ભણવા તરફ તેમની તીવ્ર અભિરુચિ હતી. એમ છતાં સંયોગોની પ્રતિકુળતા પાર વિનાની હતી. આ પ્રતિકુળતાઓને વીંધીને નાની ઉમ્મરે તેઓ સ્વ. વિજયધર્મસૂરિએ કાશીમાં સ્થાપેલી શ્રી યશોવિજયજી જૈન પાઠશાળામાં ભણવા ગયા અને ત્યાં બાર વર્ષ અભ્યાસ કરીને ન્યાય અને વ્યાકરણમાં તેમ જ અન્ય અનેક વિષયોમાં પારંગત થયા.

"આમ વિદ્યાપારંગત બનીને તેઓ મુંબઈ બાજુ પાછા ફર્યા હતા અને શરૂઆતમાં તેમને ભગવતી સૂત્રનો અનુવાદ કરવાનું કામ મળ્યું હતું. તે કામ તેમને અંગત કારણને લીધે છોડી દેવું પડેલું અને પછી તત્વાર્થ સૂત્રના ટિપ્પણો તૈયાર કરવા માટે તેમને મહાવીર જૈન વિદ્યાલયમાં નિયુકત કરવામાં આવ્યા હતા.

"તેમની વિદ્વતા સાથે તેમનામાં, અન્ય પંડિતોની અપેક્ષાએ, એક વિશેષતા હતી. આ વિશેષતાને સત્યપ્રિયતાના નામે ઓળખવી તેને બદલે અસત્ય-અસહિષ્ણુતાના નામે ઓળખવી એ વધારે યોગ્ય છે. આ કારણે તેમણે અનેક સંકટો નોતર્યા છે અને સ્થિતિચુસ્ત વર્ગના તીવ્ર સંઘર્ષમાં તેઓ આવ્યા છે. તેઓ જન્મથી શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય સાથે જોડાયેલા છે. કાશીની યશોવિજયજી પાઠશાળાના લાંબા નિવાસ દરમિયાન તેમણે મૂળ જૈન આગમોનો તલસ્પર્શી અભ્યાસ કરેલો. આ અભ્યાસના પરિણામે તેમનામાં મૂર્તિપૂજાની વર્તમાન આડંબરવાળી પદ્ધતિ, દેવદ્રવ્યની વર્તમાન રક્ષણપદ્ધતિ, શ્વેતાંબર–દિગંબરના ભેદનો વિચાર, જૈન કથાઓમાં અતિશયોકિતવાળા ફળાદેશોનું વર્ણન વગેરે અનેક વિષયો ઉપર ખૂબ મંથન શરૂ થયેલું અને તે મુજબ તેમના વિચારોમાં પરિવર્તન થવા માંડેલું. આ વિચારો વ્યકત કરવાની ૧૯૧૬ કે ૧૯૧૭ ની સાલમાં તેમના માટે એક અણધારી તક ઊભી થઈ. એ વખતે માંગરોળ જૈન સભાના નામે ઓળખાતી એક જૈન સંસ્થામાં સ્વ. શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયાના પ્રમુખપણા નીચે "જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ" એ વિષય ઉપર તેમનું ભાષણ રાખવામાં આવેલું. આ ભાષણમાં તેમણે પોતાના મનમાં ઘોળાતા અને ઉછાળા મારીને બહાર નીકળવા માગતા વિચારોને સ્પષ્ટપણે વિસ્તારથી જાહેર કરી દીધા. તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનથી માંડી મહાવીર સ્વામી સુધીનો અને પછીથી આચાર્ય હરિભદ્રસૂરિ સુધીનો તેમની જાણમાં હતો એવો ઈતિહાસ તેમણે કહી સંભળાવેલો અને ચૈત્યવાસની વાત જાહેરમાં ચર્ચી, અને દેવદ્રવ્ય ચૈત્યવાસનું પરિણામ છે એમ જણાવી તેનો સાતે ક્ષેત્રમાં ઉપયોગ થઈ શકે છે એવું હરિભદ્રનું વચન પ્રમાણ તરીકે આગળ ધર્યું. એકંદરે જૈન સાહિત્યમાં પ્રથમ શું હતું અને તેમાં વિકાર થવાથી જૈન આચાર–વિચારમાં કેટલી વિકૃતિઓ ઘર કરી બેઠી છે અને જૈન સંઘને કેટલી બધી હાનિ થઈ છે અને એ હાનિ આજે પણ ચાલુ જ છે એ હકીકત તેમણે સ્પષ્ટપણે–નિર્ભયપણે સંભળાવી દીધી. આ ભાષણ તે વખતના તમામ દૈનિકોમાં મોટા મથાળા સાથે છપાયું અને જૈન સમાજ આથી ભારે ખળભળી ઉઠયો અને તેમને સજા કરવા સુધી વાત પહોંચી. અમદાવાદની સાધુશાહી – ગુરુશાહી દ્વારા પ્રેરાયલા અમદાવાદ જૈન શ્વે. મૂ. સંઘના સંઘપતિ સ્વ. શ્રી કસ્તુરભાઈ મણિભાઈ નગરશેઠે પંડિત બેચરદાસને નોટીસો મોકલી. પંડિતજીએ પોતાના વિધાનોની સચ્ચાઈ–જુઠાઈનો ન્યાય તોળવા માટે એક તટસ્થ પંચની માંગણી કરી. પણ અમદાવાદના સંઘપતિએ તેમની આ માંગણી ધ્યાનમાં ન લીધી અને ત્યાંના સંઘે તેમને સંઘબહાર જાહેર કર્યા. ત્યાર બાદ પંડિતજીએ એ અરસામાં 'જૈન સમાજનું તમસ્તરણ' એ મથાળા નીચે ભાવનગરમાં પ્રગટ થતાં 'જૈન' પત્રમાં ચાલુ ધાર્મિક રૂઢીઓ વિરૂદ્ધ એક ભારે બળવાખોર લેખ લખેલો. આ લેખ વાંચીને આખો જૈન સમાજ તેમના ઉપર તૂટી પડેલો. આને લીધે આખા જૈન સમાજના તેઓ ભારે અપમાનના પાત્ર બની બેઠા હતા અને એક નાસ્તિક-મિથ્યાત્વી તરીકે તેમની ચોતરફ અવહેલના થવા લાગી હતી. આ બધું છતાં તેઓ સદા પ્રજ્જવલિત વહિન સમા એ વખતથી આજ સુધી એકસરખા અણનમ ઊભા રહ્યા છે અને પોતાના વિચારો તેઓ જ્યાં ગયા ત્યાં નિર્ભીધપણે અને મુકત મને વ્યકત કરતા રહ્યા છે.



☆ પંડિત બેચરદાસ ☆

પંડિત બેચરદાસની સેવાનો સારો લાભ ગુજરાત વિદ્યાપીઠને મળ્યો છે. ઈ. સ. ૧૯૨૧ આસપાસ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ ત્યારથી તેમાં જોડાઈને તેમણે લાંબા સમય સુધી સાહિત્યસંશોધનને લગતું કામ કર્યું હતું. એ જ વિદ્યાપીઠમાં રહીને પંડિત સુખલાલજીના સહયોગથી

"સંમતિ તર્ક" નું તેમણે છ ભાગમાં સંપાદન કર્યું હતું. આ ઉપરાંત સ્વતંત્ર સંપાદિત અને સંશોધિત એવા સંખ્યાબંધ ગ્રન્થો તેમની પાસેથી ગુજરાતને સાંપડયા છે, જેમાં "ભગવતી સૂત્ર", "મહાવીર વાણી," "પ્રાકૃત વ્યાકરણ", "પ્રાકૃત માર્ગોપદેશિકા", વિશેષ આવશ્યક ભાષ્ય", "મહાવીર ધર્મકથાઓ", "મહાવીરના દશ ઉપાસકો", "દેશી નામમાલા કોષ", "અભિદાન રાજેન્દ્ર કોષ", "સ્યાદ્ વાદમંજરી", "અનેકાંત જયપતાકા", "શાંતિનાથ ચરિત્ર", "મલ્લીનાથ ચરિત્ર", "આવશ્યક નિર્યુકિત." "રાજપ્રશ્નીય" એમ અનેક ઉત્તમ અને પ્રમાણભૂત ગ્રન્થોનો સમાવેશ થાય છે.

"ઈ. સ. ૧૯૩૯ માં પંડિત બેચરદાસે મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજીની વ્યાખ્યાનમાળામાં "ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ" એ વિષય ઉપર પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં. એ જ પ્રમાણે ઈ. સ. ૧૯૫૯ માં બનારસ હિંદુ યુનિવર્સિટીમાં પાર્શ્વનાથ વિદ્યાશ્રમ તરફથી "જૈન આગમો" એ વિષય ઉપર તેમણે વ્યાખ્યાનો આપ્યાં હતાં. ઑકટોબર ૧૯૬૪ માં અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદ્ ભરાવાની છે, જેમાં જૈન ધર્મ અને પ્રાકૃત વિદ્યા વિભાગના પ્રમુખ તરીકે તેમની વરણી કરવામાં આવી છે. કેટલાંક વર્ષોથી પંડિતજી શેઠ લાલભાઈ દલપતભાઈ આર્ટ્સ કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે કામ કરે છે. આમ અન્યત્ર તેમના પાંડિત્યની ઠીક ઠીક કદર થઈ છે, જ્યારે જૈન સમાજે તેમની યોગ્ય આકારમાં હજુ સુધી કશી કદર કરી નથી.

"પંડિત બેચરદાસ, પંડિત સુખલાલજી માફક અમારી એટલે કે મુંબઈ જૈન યુવક સંઘની બીરાદરીના છે. અને તેથી ૧૯૫૪ની સાલમાં મુંબઈ જૈન યુવક સંઘે જ્યારે પોતાનો રજત મહોત્સવ ઉજવ્યો ત્યારે તે બન્ને પંડિતોને સંઘ તરફથી અતિથિવિશેષ તરીકે નિમંત્રવામાં આવ્યા હતા. તે પ્રસંગ ઉપર પંડિત બેચરદાસે પ્રબુદ્ધ જીવન માટે પોતાની સવિસ્તર જીવનકહાણી લખી મોકલી હતી અને રજત મહોત્સવના વિશેક અંકમાં અને પછીના ચાર અંકોમાં એમ પાંચ હફતાથી તે પ્રગટ કરવામાં આવી હતી. તે વાંચતાં માલૂમ પડે છે કે, તેમણે કેવી કઠોર ગરીબી વચ્ચે પોતાનો માર્ગ કાઢયો છે. તેઓ એક સાચા જ્ઞાનતપસ્વી છે અને સત્યની ઉપાસના તેમના જીવનનો મુદ્રાલેખ છે. તેઓ જે કાંઈ કહે છે તે તેમને ભાસેલું સત્ય તો હોય જ છે, પણ સાથે સાથે તેમનું નિરૂપણ કાંઈક કડક કાંઈક કઠોર હોય છે અને તેનું કારણ અસત્ય અંગેની તેમની અસહિષ્ણુતા છે, અજ્ઞાનમાં રાચતા સમાજ વિષેની તેમની ઊંડી બળતરા છે. આ બધા પાછળ બળ છે તેમની તલ-સ્પર્શી વિદ્યોપાસનાનું—નક્કર અને પ્રખર પાંડિત્યનું. આજના આ સ્નેહસંમેલનના પ્રસંગ સાથે તેમનું બહુમાન સંકળાય છે તેથી આ પ્રસંગ કેવળ મનોરંજનનો વિષય નહિ રહેતાં સમયોચિત કર્તવ્યપાલનનો પણ બની જાય છે. આટલા નિવેદન સાથે આપણા સદ્‌ભાગ્યે અહિં ઉપસ્થિત થયેલા પંડિત બેચરદાસનું સંઘ તરફથી હું હાર્દિક સન્માન કરું છું." *

ત્યાર બાદ ઉપરના ભાવને પૂરક એવાં અને પંડિત બેચરદાસના વ્યકિતત્વના અનેક પાસાઓમાંના એક યા બીજા પાસાને આગળ કરીને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તથા શ્રી ગૌરીપ્રસાદ ઝાલાએ વિવેચનો કર્યાં. શ્રી ચીમનભાઈએ આવી વ્યકિતનું બહુ મોટા પાયા ઉપર અનેક જૈન સંસ્થાઓએ એકત્ર બનીને જાહેર સન્માન કરવું જોઈએ એમ સૂચવ્યું. ઝાલાસાહેબે આજના ભાષાસંશોધનમાં પંડિત બેચરદાસનો શું ફાળો છે અને **पुत्रादिच्छेत् पराजयम्** એવા તેમના પુત્ર પ્રબોધ દોશી પિતાના જ ક્ષેત્રમાં કેટલું પ્રતિભાસંપન્ન કાર્ય કરી રહ્યા છે તેનો ખ્યાલ આપ્યો. ત્યાર બાદ સંઘના ઉપ-પ્રમુખ શ્રી લીલાવતીબહેને પંડિતજી વિષે થોડા પ્રશંસાત્મક ઉદ્‌ગારપૂર્વક પંડિતજીનું ચંદનહારથી સન્માન કર્યું. પંડિતજીએ સંઘનો આભાર માનતાં જે ચાલતું આવ્યું છે તેને ચાલવા દેવું અને સારાસારનો—સત્યા-સત્યનો—કશો વિવેક ન કરવો એવી આપણા સમાજની અંધતાસૂચક મનોદશા અને અજ્ઞાનસૂચક જડતા તરફ આંગળી ચીંધીને આ જડતામાંથી—આ અજ્ઞાનમાંથી—આ આંધળી રૂઢિપૂજામાંથી—ઉંચે ઉઠવું જોઈએ અને જે નકામું છે, નિરર્થક છે, હાનિકારક છે તેને ફેંકી દેવું જોઈએ—આવા ભાવો સૂચવતું નાનું સરખું પ્રવચન કરીને ઉપસ્થિત ભાઈ-બહેનોને અત્યંત પ્રભાવિત કર્યાં.

(૨) વ્યાખ્યાતાઓનું સન્માન

ત્યાર બાદ તાજેતરમાં પૂર્ણાહુતિને પામેલી પર્યુષણ વ્યાખ્યાન-માળાને સફળતા અર્પનાર વ્યાખ્યાતાઓનું સન્માન કરતાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે, "ગત વર્ષથી અમે આ એક નવી પ્રથા શરૂ કરી છે. અમારા નિમંત્રણને માન આપીને વ્યાખ્યાતાઓ વ્યાખ્યાનસભાના સમયે આવે છે અને વ્યાખ્યાન આપીને વિદાય થાય છે, પણ તેમની સાથે અમારો કોઈ સીધો સંબંધ નિર્માણ થતો નથી. તેથી અમે વિચાર્યું કે, પર્યુષણ વ્યાખ્યાનમાળાના અંતે બને તેટલું જલ્દિથી આવું સ્નેહસંમેલન યોજવું કે જે વખતે અમારા વ્યાખ્યાતાઓનું અમે કાંઈક સન્માન કરી શકીએ અને અમારી અને તેમની વચ્ચે પરિચયનું અનુસંધાન પેદા થાય. વ્યાખ્યાતાઓમાંના કેટલાક બહારગામથી ચાલુ રોકાણોમાંથી માંડ માંડ બે કે ત્રણ દિવસ કાઢીને આવતા હોય છે. તેઓ આજ સુધી મુંબઈમાં રોકાય એવી આશા વધારે પડતી ગણાય. અહિંના જે હોય તેમના જીવન પણ અનેક રોકાણોથી આવૃત્ત હોય છે. તેથી તે સર્વની ઉપસ્થિતિ ઈષ્ટ હોય તો પણ શકય હોતી નથી. આમ છતાં પણ આજે છ વ્યાખ્યાતાઓ અહીં ઉપસ્થિત થઈ શકયા છે અને ઝાલાસાહેબ પણ આવી શકયા છે. આ સર્વને અમારા સંઘ તરફથી આવકાર આપું છું, તેમનું હાર્દિક સન્માન કરું છું અને આ સંમેલન દ્વારા અઢારે વ્યાખ્યાતાઓનો અને નવે દિવ-સના પ્રમુખસ્થાનની જવાબદારી વહન કરનાર માન્યવર ઝાલાસાહેબનો હું અમારા સંઘ વતી આભાર માનું છું. આ વખતની વ્યાખ્યાનમાળા વિષે દિલ અનેક રીતે સંતોષ અનુભવે છે. ભિન્નભિન્ન ક્ષેત્ર સાથે જોડાયેલા આપણા વ્યાખ્યાતાઓ હતા. ચિંતનપરાયણતા અને વિદ્યા-પરાયણતા એ સર્વમાં સર્વસાધારણ ગુણ હતો. અને તેમના દરેકના વિષયનિરૂપણ પાછળ સુસંબદ્ધ ચિંતન અને વિચારઆયોજન હતું. અને વિષયનું વૈવિધ્ય તો અદ્‌ભુત હતું. આ વ્યાખ્યાનમાળામાં પૂર્વ અને પશ્ચિમનો, રામ અને કૃષ્ણનો, ઈશુ અને ગાંધીનો, જ્ઞાનેશ્વર અને આનંદઘનનો અપૂર્વ સમન્વય હતો. વળી નિયત કરેલો કાર્યક્રમ સર્વાંશે પાર પડયો હતો અને બધી સભાઓમાં અદ્‌ભુત શિસ્ત અને શાન્તિ જળવાયા હતાં. આ વ્યાખ્યાનમાળાને સફળ બનાવવામાં સૌથી મોટો ફાળો વ્યાખ્યાતાઓનો અને તે સર્વના આદરણીય એવા ઝાલા સાહેબનો છે. તેમના વિષે આપણી આદરવૃત્તિ પ્રગટ કરવા સાથે તેમના પ્રત્યક્ષ પરિચયમાં આપણે આવીએ અને સહઆસન, સહઅશન અને સહપાન દ્વારા એકમેક વિષે સ્નેહ અને આદરની પ્રતિષ્ઠા કરીએ એવો આજના મિલનનો હેતુ છે.

"જેમણે પર્યુષણ વ્યાખ્યાનમાળાની પૂર્વ આવૃત્તિઓ જોઈ હશે તેમને જરૂર પ્રતીત થયું હશે કે, આ વ્યાખ્યાનમાળાની કળા ઉત્તરોત્તર વિકસતી રહી છે અને તેમાં નવા રંગો પુરાતા રહ્યા છે. આ પ્રવૃત્તિ દ્વારા મુંબઈ જૈન યુવક સંઘની તાકાત પણ વધતી રહી છે અને કોઈ પણ વિશિષ્ટ વ્યકિતને અહિં સુધી ખેંચી લાવવાની આ સંઘ તાકાત ધરાવે છે. અમારા સંઘનું લક્ષ્ય સંઘની પ્રવૃત્તિઓને વિસ્તારવાનું નહિ પણ ચાલુ પ્રવૃત્તિને વધારે નક્કર, વધારે સઘન બનાવવાનું રહ્યું છે. આ દૃષ્ટિએ વિચારતાં આજે સંઘ એક સાર્વજનિક વાચનાલય—પુસ્તકાલય ચલાવે છે તો તે માટે એક સ્વતંત્ર મકાન હોય તો મને ગમે. સંઘ પ્રબુદ્ધ જીવનનું સંપાદન અને પ્રકાશન કરે છે તો તેની લેખસામગ્રી

* પ્રબુદ્ધ જીવનના વાચકોને લક્ષ્યમાં રાખીને મૂળ વકતવ્યને થોડું વિસ્તાર્યું છે. **તંત્રી.**

વધારે સમૃદ્ધ બને, તે પાક્ષિક પત્રનું સાપ્તાહિકમાં રૂપાંતર થાય, ન્યુસપ્રિન્ટને બદલે સારા કાગળમાં છપાય, તો મને ગમે, સંઘ દ્વારા યોજાતી આ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં બર્ટ્રાન્ડ રસલ જેવા આંતરરાષ્ટ્રીય ચિંતકોને નોતરી શકીએ તો મને ગમે. આ ઉપરથી સંઘ અંગે માત્ર મારા નહિ, મારા સાથીઓના કેવા મનોરથ છે તેનો આપને ખ્યાલ આવશે. "

ત્યાર બાદ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા પાછળ કેવી ઉદાત્ત વિચારસરણી કામ કરી રહી છે તેનો ખ્યાલ આપ્યો અને આગળ વધતાં જણાવ્યું કે આ વ્યાખ્યાનમાળા પાછળ કોઈનું ખંડન કે મંડન કરવાનો હેતુ નથી, પણ આપણા જીવનને સ્પર્શતા અનેક વિષયો પરત્વે નવાં નવાં દૃષ્ટિબિંદુ રજૂ કરીને લોકોને ગંભીરપણે વિચાર કરતા કરવાનો હેતુ રહ્યો છે અને તે પ્રસ્તુત વ્યાખ્યાનો દ્વારા સતત સફળ થતો રહ્યો છે એમ મારે જણાવવું જોઈએ. "

અધ્યાપક ઝાલા સાહેબે આ પ્રસંગે એક ચિંતનપૂર્ણ પ્રવચન રજૂ કર્યું હતું જે હવે પછીના અંકમાં પ્રગટ થનારી તેમની વિવેચનાત્મક આલોચનામાં અન્તર્ગત કરવામાં આવશે.

વ્યાખ્યાતાઓ તરફથી શ્રીમતી મૃણાલિની દેસાઈએ વ્યાખ્યાતાઓનું સન્માન કરવા બદલ મુંબઈ જૈન યુવક સંઘનો આભાર માન્યો અને જણાવ્યું કે, 'વ્યાખ્યાતાઓમાં વાણી પ્રેરનાર શ્રોતાઓ છે. એટલે જેવા શ્રોતા એવો આકાર વક્તાનું વક્તવ્ય ધારણ કરે છે અને તેથી અમારે તો આવા જિજ્ઞાસુ અને શિસ્તબદ્ધ એવા શ્રોતાઓનો ઉપકાર માનવો ઘટે છે. "

ત્યાર બાદ મિતાક્ષરી આભારઉક્તિપૂર્વક સંઘના ઉપ-પ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસે માન્યવર ઝાલા સાહેબને પ્રતીક રૂપે ચંદનહાર પહેરાવીને તેમનું અને તેમનામાં અન્તર્ગત થતા સર્વ વ્યાખ્યાતાઓનું સન્માન કર્યું અને પછી અમારા યજમાન શ્રી સુબોધભાઈએ યોજેલા ઉપાહારને ઉપસ્થિત ભાઈ–બહેનોએ પૂરો ન્યાય આપ્યો અને એ રીતે ખાનપાન તથા વાર્તાવિનોદમાં તેમ જ પરસ્પર હળવા મળવામાં કેટલોક સમય પસાર કર્યો.

(૩) રાજીનામાં–સ્વીકાર અંગે શ્રી ચીમનભાઈનું માર્ગદર્શન

ત્યાર બાદ કામરાજ યોજનાના અનુસંધાનમાં મહાઅમાત્ય નહેરુએ કેન્દ્રના છ પ્રધાનોના અને છ રાજ્યના મુખ્ય પ્રધાનોના રાજીનામાંના કરેલા સ્વીકારના તેજ દિવસે પ્રગટ થયેલા સમાચાર ભારતીય રાજકારણના ક્ષેત્રે એક અસાધારણ મહત્ત્વની ઘટના હોઈને તેનું રહસ્ય સમજાવવા માટે કેટલાક મિત્રો તરફથી કરવામાં આવેલા આગ્રહના પરિણામે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે અખિલ ભારતીય રાજકારણની ભૂમિકાના સંદર્ભમાં પ્રસ્તુત ઘટના અંગેના પોતાના તત્કાલીન પ્રત્યાઘાતો રજૂ કર્યા. તેમણે સંક્ષેપમાં જણાવ્યું કે :–

"નહેરુએ કરેલો આ ધડાકો સૌ કોઈને આશ્ચર્યમાં ગરકાવ કરી નાખે એવો છે. નહેરુ ઢીલા પડતા જાય છે, કશું નિશ્ચયાત્મક પગલું ભરી શકતા નથી, પરિસ્થિતિ ઉપરનો તેમનો કાબૂ ઘટતો જાય છે–આવો આપણ સર્વના મનમાં જામતો જતો ખ્યાલ નહેરુએ આ પગલાથી ખોટો પાડ્યો છે.

"નહેરુના આ પગલાં વિષે કાંઈક તર્કવિતર્કો થશે, અને કેટલાય ખરા ખોટા હેતુઓનો તેમના ઉપર આરોપ કરવામાં આવશે. આ યોજનાની જવાબદારી અતિ ભારે હતી. કામરાજ યોજનાને ખરું અમલી રૂપ આપવું હોય તો નહેરુએ પોતે જ પહેલ કરવી જોઈએ અને એ મુજબ તેમણે રાજીનામું આપવાનો ઈરાદો જાહેર પણ કર્યો હતો પણ તેમને સર્વાનુમતે પોતાના સ્થાન પર ચાલુ રહેવાનો આગ્રહ કરવામાં આવ્યો. આ ઘટનાથી નહેરુનું દેશમાં અને પ્રજાના દિલમાં કેટલું અપ્રતિમ સ્થાન છે તે સ્વાભાવિક રીતે પુરવાર થાય છે.

"જેમનાં રાજીનામાઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે તેમનાં નામની યાદી આ મુજબ છે :–

મધ્યસ્થ મંત્રીઓ

શ્રી મોરારજી દેસાઈ	નાણાંપ્રધાન
શ્રી જગજીવનરામ	વાહનવ્યવહાર ખાતાના પ્રધાન
શ્રી લાલબહાદુર શાસ્ત્રી	ગૃહખાતાના પ્રધાન
શ્રી એસ. કે. પાટીલ	અન્ન અને ખેતીવાડી ખાતાના પ્રધાન
શ્રી ગોપાલ રેડ્ડી	માહિતી અને આકાશપ્રસારણ ખાતાના પ્રધાન
શ્રી કે. એલ. શ્રીમાલી	શિક્ષણ પ્રધાન

રાજ્યના મુખ્ય પ્રધાનો

શ્રી કે. કામરાજ	મદ્રાસ
શ્રી બી. પટનાયક	ઓરિસ્સા
શ્રી ગુલામ મહમદ બક્ષી	જમ્મુ અને કાશ્મીર
શ્રી બિનોદાનંદ ઝા	બિહાર
શ્રી બી. એ. મંડલોય	મધ્યપ્રદેશ

"આમ જેમનાં રાજીનામાઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે તેમનામાંના કોઈ વિષે આમ તો આશ્ચર્ય થતું નથી, પણ મોરારજીભાઈ જેવાને પણ આજની વહીવટી જવાબદારીમાંથી છૂટા કરવાનું નહેરુએ કેમ યોગ્ય વિચાર્યું હશે તેની કલ્પના થઈ શકતી નથી. આવું જ આશ્ચર્ય બીજી રીતે જોતાં બિનોદાનન્દ ઝા, બી. એ. મંડલોય કે ગુલામમહમદ બક્ષીને છૂટા કરવા અંગે અનુભવાય છે. રાજીનામાના સ્વીકારની યાદીમાં હજુ વધારો થવાનો સંભવ છે એવું પણ નહેરુના નિદર્શનમાં સૂચન છે. નહેરુનું આ એક ભારે મક્કમ અને અતિ ગંભીર પરિણામોની આગાહી આપતું પગલું છે અને આજની કૉંગ્રેસની સાફસૂફી અંગે આ પગલામાંથી ફલિત થતાં બીજાં જરૂરી પગલાં લેવામાં આવે તો જરૂર તેમાંથી આપણે શુભ પરિણામની–કૉંગ્રેસના રૂપાંતરની–આશા રાખી શકીએ. આજે કૉંગ્રેસી આગેવાનો સત્તાસ્થાન ઉપર ચોટકી બેઠા છે અને નહેરુ કહે તો પણ કોઈ ખસે તેમ નથી–આવી કૉંગ્રેસી આગેવાનો વિષે પ્રચલિત બનેલી માન્યતા નહેરુએ આ પગલાંથી ખોટી પાડી છે અને સૌ કોઈ નહેરુના હાથ મજબૂત કરવા ઈન્તેજાર છે એવી છાપ આ ઘટના ઉપરથી લોકોના મન ઉપર ઊભી થવાનો સંભવ છે અને એ રીતે કૉંગ્રેસ માટે અનુકૂળ આબોહવા પેદા થવાની આશા ઊભી થઈ છે. છૂટા થયેલા આગેવાનો એકનિષ્ઠાથી કૉંગ્રેસ સંગઠનના કાર્યમાં જોડાઈ જાય તો દેશને મોટો લાભ થવાનો સંભવ છે. કૉંગ્રેસે બીજી હરોળ પેદા કરી નથી તે ખોટ પણ પુરાશે. નહેરુની કલ્પના પ્રમાણે મધ્યસ્થ અને રાજ્યના મંત્રીમંડળોની પુનઃરચના થાય તો તે મંત્રીમંડળો એકરાગી, સંવાદી થશે. છૂટા થયેલા વરિષ્ઠ નેતાઓ નવા મંત્રીમંડળો ઉપર વધારે પડતું વર્ચસ્ ભોગવવા ઈચ્છા ન કરે તો જ આ પરિણામ આવે.

"કૉંગ્રેસે આ પગલું ભરવામાં દેશ કરતાં પક્ષનું હિત જોયું છે એવો વિરોધ પક્ષનો આક્ષેપ પાયાવિનાનો છે. કૉંગ્રેસના સંગઠનમાં દેશનું હિત છે. દરેક રાજકીય પક્ષ પોતાના સ્વાર્થની દૃષ્ટિએ આ પગલાને જોશે. પણ આ એક ભારે હિંમતભર્યું અને આવકારદાયક કદમ છે એમાં કોઈ શક નથી."

આમ સાંજના પાંચ વાગ્યે એકત્ર થયેલું સ્નેહસંમેલન રાત્રીના સાડા સાત વાગ્યે સમાપ્ત થયું અને અઢી કલાક સૌ કોઈએ અનવરત આનંદમાં પસાર કર્યા, અન્યોન્ય કેટલાક નવા પરિચયો થયા અને જૂના પરિચયો તાજા થયા, અને ખાન-પાન અને મિલનના આનંદથી સભર બનેલું આ સુરુચિપૂર્ણ સ્નેહ સંમેલન સર્વ પ્રકારે સાર્થક બન્યું. છેવટે સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે અમારા યજમાન શ્રી સુબોધભાઈ તથા તેમનાં પત્ની નિરુબહેનનો, આ સ્નેહસંમેલન અંગે તેમણે ઉઠાવેલી પાર વિનાની જહેમત અને તેમણે કરેલા બાદશાહી આતિથ્ય માટે, અન્તરોર્મિપૂર્વકનો આભાર માન્યો અને પ્રસન્નતા-પ્રભાવિત બનેલાં સૌ ભાઈ–બહેનો છૂટાં પડ્યાં.

વિષયસૂચિ

		પૃષ્ઠ
હિમાલયનો સંદેશો	કાકાસાહેબ કાલેલકર	૮૫
સન્તપુરુષ સ્વામી રામદાસ		૮૭
બહેન વિમળા ઠકાર સાથેનો પત્રવિનિમય		૮૯
આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા		૯૧
સંઘે યોજેલું સ્નેહસંમેલન: (૧) પંડિત બેચરદાસનું બહુમાન (૨) વ્યાખ્યાતાઓનું સન્માન (૩) રાજીનામાં-સ્વીકાર અંગે શ્રી ચીમનભાઈનું માર્ગદર્શન.		૯૨

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૬૩, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

બહેન વિમળા ઠકાર સાથેનો પત્રવિનિમય

('પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પ્રગટ કરવામાં આવેલ બહેન વિમળા ઠકાર સાથેના પત્રવ્યવહારમાં જે મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં તેમ જ ચર્ચવામાં આવ્યા છે તે મુદ્દાઓની ચર્ચાનું જ્યાં પૂર્ણવિરામ આવે છે ત્યાં સુધીનો પત્રવ્યવહાર નીચે આપવામાં આવે છે અને તે રીતે પ્રસ્તુત પત્રવિનિમયપ્રકરણ સમાપ્ત કરવામાં આવે છે. **પરમાનંદ.**)

મુંબઈ, તા. ૧૫-૭-૬૩

પ્રિય વિમળા બહેન,

તમારો તા. ૩૦-૬-૬૩નો પત્ર મળ્યો. મારા તા. ૩૦-૪-૬૩ના પત્રનો તમે આટલા વિસ્તારથી જવાબ લખ્યો તે જોઈને તેમ જ વાંચીને મને બહુ આનંદ થયો. તમારા આ પત્રનો જવાબ લખવામાં એક અણધાર્યું વિઘ્ન આવવાથી થોડો વિલંબ થયો છે. (અને પછી મારી મોટી પુત્રીની માંદગી અને ઑપરેશનની વિગતો આપી છે જે 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકો માટે તદ્દન અપ્રસ્તુત છે.)

હવે તમારા પત્રનો જવાબ આપું. તમારા પત્રની શરૂઆતમાં આપણા પરસ્પર સંબંધ અંગે તમે જે સૌહાર્દભર્યો ઉલ્લેખ કર્યો છે અને જે કાંઈ મનમાં આવે–તમારા વિષે અને તમારી વર્તમાન જીવનચર્યા વિષે–તે મુકત મને લખવાનું તમે નિમંત્રણ આપ્યું છે તે વાંચીને હું ખૂબ સંતોષ અનુભવું છું અને મારા વિચારો સ્પષ્ટપણે રજુ કરવા પ્રોત્સાહિત બનું છું.

સૌથી પ્રથમ ચીન–ભારત સંઘર્ષના સંદર્ભમાં સર્વોદયી વિચારણા ધરાવતા સમુદાયના વલણ અંગે તમે જે લખ્યું છે તે વિષે મારા વિચારો જણાવું.

એ તો, હું ધારું છું કે, તમે પણ કબુલ કરો છો કે ચીને ભારત ઉપર ગયા નવેમ્બર માસમાં આક્રમણ કર્યું ત્યારે તેનો પ્રતિકાર તો ભારતે કરવો જ જોઈતો હતો, પણ સાથે સાથે તમારી એ અપેક્ષા હતી કે, સર્વોદય વિચારકોએ અને કાર્યકર્તાઓએ આ કટોકટીના પ્રસંગે કોઈ સામુદાયિક અહિંસક પ્રતિકારનો માર્ગ પ્રજા સમક્ષ રજૂ કરવો જોઈતો હતો અને તેને અમલી બનાવવામાં તેમણે પહેલ કરવી જોઈતી હતી. એ વિચારનું સમર્થન કરતાં તમે એમ જણાવો છો કે, "'રાષ્ટ્રવાદ અને અહિંસા પરસ્પર incompatible છે. (એ બે મંતવ્યો એકમેક સાથે મેળ ન બેસે તેવાં છે.) જે અહિંસાપૂર્વક જીવન જીવવા માગે છે તેનો કોઈ ભૌગોલિક મુલક સાથે અથવા કોઈ રાષ્ટ્ર કે રાજ્ય સાથે સંબંધ રહેતો નથી, પણ તે સમગ્ર માનવજાત સાથે સંબંધ ધરાવતો થાય છે." આ તમારાં વિધાનો મને અતિ વ્યાપક લાગે છે. અહિંસાધર્મી વ્યકિત ભાવનામાં વિશ્વમૈત્રીની ઉપાસક હોય, પણ આચરણમાં તેને દેશકાળના ભેદને સ્વીકાર્યા વિના ન ચાલે. પોતાના કાર્યને તેણે પરિમિત આકાર આપવો જ પડે. અહિંસાના આદર્શને હું સ્વીકારું અને તદનુસાર વર્તવાનો પ્રયત્ન કરું, એથી હું મારા કુટુંબનો, ગામનો કે દેશનો મટી જતો નથી, અથવા તો સંયોગોના બંધનો તથા જવાબદારીઓથી હું મુકત થઈ શકતો નથી. તમારી વાત સ્વીકારવામાં આવે તો કોઈ પણ સ્થાનિક પ્રશ્નને અહિંસક ઉપાયો વડે હલ કરવાના વિચારને અવકાશ જ ન રહે. દેશની આઝાદીની અહિંસક ઉપાયો વડે પ્રાપ્તિ કે રક્ષા એ, તમારા વિચાર મુજબ, વદતો વ્યાઘાત જેવું બની જાય. મારો તમને એ પ્રશ્ન છે કે, આપણને લાગે વળગે છે ત્યાં સુધી, ચીન કોરિયા ઉપર આક્રમણ કરે અને ચીન ભારત ઉપર આક્રમણ કરે એ બે પરિસ્થિતિમાં કોઈ ફરક ખરો કે નહિ? ચીન ભારત ઉપર આક્રમણ કરે ત્યારે, આપણા ઉપર ભારત સરકારનું શાસન છે અને એ આપણે સ્વેચ્છાએ સ્વીકારીએ છીએ એ અર્થમાં ભારતીય તરીકે આપણા માટે કોઈ વિશેષ ફરજ–વિશેષ ધર્મ–ઊભો થાય કે નહિ ?

અલબત્ત, ભારતની આવી કટોકટીના પ્રસંગે કોઈ સામુદાયિક અહિંસક પ્રતિકારનો માર્ગ વિનોબાજી અને તેમના સહકાર્યકર્તાઓ રજૂ ન કરી શકયા એને હું આપણી કમનસીબી અથવા તો એક મોટી ત્રુટિ લેખું છું. પણ એ ઉપરથી આ કટોકટીના પ્રસંગે તેમણે દાખવેલું વલણ અને વેડછી અધિવેશનના નિવેદન દ્વારા સર્વોદય કાર્યકર્તાઓની મર્યાદાઓનું સૂચન કરતું તેમણે પ્રજાજનોને આપેલું માર્ગદર્શન, રાષ્ટ્રવાદી– nationalistic શબ્દ વાપરીને જે સંકીર્ણતાનું આપણે સૂચન કરીએ છીએ તેવું, કોઈ અંશમાં સંકીર્ણ હતું એમ મને નથી લાગતું અને તેથી આ બાબતને લગતા તમારા અભિગમ હાથે હું મળતો થઈ શકતો નથી.

અહિંસક પ્રતિકાર અને રાષ્ટ્રવાદ પરસ્પર સર્વથા વિરોધી છે એ પ્રકારનું તમારું વિધાન, તમે સૂચવો છો એ રીતે, હું જેમ સ્વીકારવાને તૈયાર નથી, જો કે હિંસક પ્રતિકારની અપેક્ષાએ અહિંસક પ્રતિકારને હું વધારે આવકારદાયક લેખું છું, તેવી રીતે હિંસક પ્રતિકાર–altruistic motives થી–કલ્યાણકારી હેતુઓથી–પ્રેરિત હોઈ ન જ શકે એ સ્વીકારવાને પણ હું તૈયાર નથી. દા. ત. કોંગો અખંડિત રહે અને તેની એકતા જળવાય એ આશયથી પ્રેરાયલ સંયુકત રાષ્ટ્ર સંસ્થાના કાર્યને મદદરૂપ થવા માટે ભારતે ભારતીય સૈન્યની એક ટુકડી કોંગો મોકલી અને ધાર્યો હેતુ સિદ્ધ કરીને તે પાછી ફરી. આમાં કોંગોની અખંડિતતા વિરુદ્ધ જે પક્ષ હતો તેનો હિંસક પ્રતિકાર કરવાનો આશય હતો, અને એમ છતાં, પ્રસ્તુત સંયોગોમાં ભારત સરકારના એ પગલાને કોઈએ અનુચિત હોવાનું જણાવ્યું નથી. આ ધોરણે આ બાબત ફરીથી વિચારવા મારી તમને વિનંતિ છે.

તમારી વર્તમાન અંગત જીવનપદ્ધતિ અંગે તમારા પત્રમાં તમે જે તાત્ત્વિક વિચારસરણી રજૂ કરી અને action અને activity –સહજપણે પ્રાપ્ત થતું કર્મ અને સ્વેચ્છાએ

ઊભી કરેલી પ્રવૃત્તિ – એ બે વચ્ચેનો ફરક તમે આગળ કર્યો તેની સૂક્ષ્મ ચર્ચામાં હું નહિ ઉતરું, પણ તમે તમારા વિષે કે તમારી માફક વર્તનારાઓ વિષે એમ જે લખો છો કે એમ કરવાથી The Capacity to act is released from all limitations and conditioning – કર્તવ્યશક્તિનો પ્રવાહ બધાં બંધનોથી અને અવરોધોથી મુકત બનીને પૂરા જોસથી વહેવા માંડે છે–અને કૃષ્ણમૂર્તિ પણ પોતાના વાર્તાલાપમાં અનેક વાર કહેતા રહ્યા છે કે, ચિત્તનાં સ્પંદનો સર્વથા સ્થગિત થતાં Immense creative energy is released thereafter—અસાધારણ સર્જકશક્તિનો સ્રોત ત્યાર બાદ મુકતપણે વહેતો થાય છે – આવી Capacity ને– તાકાતને – શકિતના પ્રવાહને–મૂર્ત રૂપે હું ન દેખું ત્યાં સુધી તેને હકીકત રૂપે સ્વીકારવાને હું તૈયાર નથી. તમારી અદ્યતન જીવનવૃત્તિથી તમારું ચિન્તન વધારે વિશદ બને એ સ્વીકારવાને હું તૈયાર છું, પણ જે Dynamo of truth & love ની – સત્ય અને પ્રેમના શકિતસ્રોતની – તમે વાત કરો છો તે તો જનતા સાથેના સક્રિય તાદાત્મ્યમાંથી અને હૃદયપ્રેરિત ક્રિયાશીલ એવી અસાધારણ કરૂણામાંથી જન્મે છે, અને આ માટે, સંભવ છે કે, Complete non-conditioning of mind ને બદલે અમુક પ્રકારનું Conditioning of mind કદાચ વધારે ઉપકારક બને. આના દૃષ્ટાન્ત માટે આપણે દૂર જવું પડે તેમ નથી. ગાંધીજી પૂરા નહિ તો ઘણા અર્થમાં Dynamo of Truth & Love— સત્ય અને પ્રેમના શકિતસ્રોત–સમા હતા એ તો તમે પણ પણ સ્વીકારશો. કૃષ્ણમૂર્તિ ચિન્તનમાં, તર્કમાં, બૌદ્ધિક સુક્ષ્મતામાં ગાંધીજીથી ચડિયાતા છે એમ સ્વીકારવામાં મને વાંધો નથી, પણ તેમનામાં ગાંધીજીની કર્તૃત્વશકિત મને દેખાતી નથી. કૃષ્ણમૂર્તિ જીવનના અન્ત સુધી તાર્કિક વિશ્લેષણો જ કર્યા કરશે, પણ તે કોઈ પણ સંયોગોમાં 'નૌઆખલી' નહિ જ જાય. શ્રી અરવિન્દના જીવનનું પણ આ રીતે વિશ્લેષણ કરી શકાય. અને તમારા માટે પણ મને આ ભયસ્થાન લાગે છે. આ રીતે આગળ ને આગળ ચાલતાં દુનિયાની આધિવ્યાધિનાં તમે ભવ્ય વિશ્લેષણો કરી શકશો અને ધરમૂળના પરિવર્તનની વાતો કરી શકશો, પણ કોઈની પાટાપીંડી કરી શકવાના નથી, કોઈ તરસ્યાને પાણી પાઈ શકવાના નથી, કોઈ ભૂખ્યાને અન્ન આપી શકવાના નથી. Please don't take this literally. આજે હું કહું છું તેના શબ્દોને નહિ પણ તે પાછળ રહેલા ભાવને ગ્રહણ કરવા વિનંતિ છે. તમારી તર્કશકિત ઉત્તરોત્તર વિકસતી જશે, પણ તમારા વિશ્વવ્યાપી ચિન્તન સાથે શારીરિક પરિશ્રમને નહિ જોડો અને એક ખૂણાને કેન્દ્ર બનાવીને તે કેન્દ્રના માનવીઓની સેવામાં જો તમે તમારી જાતને નહિ રોકો તો તમારામાં રહેલી કર્તૃત્વશકિત ધીમે ધીમે કુંઠિત થઈ જવાની અને આકાશગામી વિચારોના ઉડ્યનમાં જ જીવનની સાર્થકતા રહેલી છે–આવા ભ્રમના તમે ભોગ બની જવાના. પરિણામે વિચાર એ જ ખરા મહત્ત્વની વસ્તુ છે, કર્મ કે કર્તૃત્વનું કોઈ મહત્ત્વ છે જ નહિ – આવા નિષ્ક્રિયવાદ તરફ તમે ઢળી પડવાના–આવો ભય તમારા વિષે મારું મન સેવે છે. I know I am rather blunt in my expression, but I feel like that so keenly. (હું જાણું છું કે હું કદાચ કડક તોછડી ભાષા વાપરી રહ્યો છું, પણ મને આમ તીવ્રપણે લાગે છે.)

આના અનુસંધાનમાં એક બીજો પણ વિચાર આવે છે. હું જાણું છું કે, કૃષ્ણમૂર્તિ કરુણા– Compassion – ઉપર ખૂબ ભાર મૂકે છે અને તમે પણ તેને એટલું જ મહત્ત્વ આપતા હશો. પણ કરુણા મૂળ હૃદયનો ગુણ છે અને જ્યાં સુધી તે હૃદયપ્રભાવિત હોય છે ત્યાં સુધી તેમાંથી જનતાનું કલ્યાણસાધક કર્તૃત્વ જન્મતું રહે છે, પણ બુદ્ધિપ્રખર માનવીમાં ઘણી વખત એ ગુણ હૃદયનિર્ભર મટી જઈને બુદ્ધિપ્રભાવિત થવા લાગે છે અને તેનું પરિણામ કરુણાવૃત્તિને ધીમે ધીમે નિષ્ક્રિય બનાવવામાં આવે છે. આના દાખલા તરીકે હું કૃષ્ણમૂર્તિને બર્ટ્રાન્ડ રસેલ સાથે સરખાવવા ઈચ્છું. કૃષ્ણમૂર્તિમાં મને કોઈ કરુણાપ્રેરિત કર્તૃત્વ દેખાતું નથી, કારણ કે તેની કરુણાવૃત્તિ બુદ્ધિપ્રભાવિત બની બેઠી છે, જ્યારે બર્ટ્રાન્ડ રસેલ આણ્વયુદ્ધનું માનવી જગત ઉપર પડનાર પરિણામ વિચારીને પાયામાંથી હલી ઉઠયા છે અને દુનિયાને આ બાબતની ચેતવણી આપવા ખાતર પોતાની જાતને જોખમમાં નાંખવાને તૈયાર થયા છે, કારણ કે તેમની કરુણાનો સ્રોત તેમના હૃદયમાંથી વહી રહ્યો છે. દૂર શા માટે જઈએ? બે વર્ષ પહેલાં આસામમાં બંગાળીઓ અને આસામીઓ વચ્ચે વૈમનસ્યનો દાવાનળ સળગી ઊઠયો હતો. એ પ્રસંગે જવાહરલાલે ઈચ્છા દર્શાવી કે આ દાવાનળ શમાવવા માટે વિનોબાજી તત્કાળ આસામ જાય તો બહુ સારું. એટલે વિનોબાજીએ પોતાની પદયાત્રાને આસામ તરફ વાળી ખરી, પણ આખરે 'એ દાવાનળ શમાવનાર હું કોણ? એ તો ઈશ્વર સંભાળશે' એમ બુદ્ધિદ્વારા મનને સમજાવીને પોતાની પદયાત્રા તેમણે છોડી નહિ. આનો અર્થ હું એમ કરું કે પદયાત્રા તો તેમને વર્ષોથી વળગેલી હતી અને તેમાં બૌદ્ધિક વિચારણા ભળી, જેણે તેમની કરુણાના સ્વાભાવિક વેગને કુંઠિત કર્યો.

ઉપરના વિષયની ચર્ચાને થોડીક આગળ ચલાવું. અહિંસાનો વિચાર સમાજાભિમુખ સમભાવ અને કરુણામાંથી જન્મેલો છે. એમ છતાં તેને જૈન દાર્શનિકોએ બુદ્ધિની એરણ ઉપર ચડાવ્યો અને મોક્ષના આદર્શ સાથે અને કર્મસિદ્ધાન્ત સાથે સંકલિત કર્યો, તેનું પરિણામ એવા એક સંપ્રદાય–વિચારમાં આવ્યું કે જેણે અહિંસાના નિષેધાત્મક વિચારને જ મહત્ત્વ આપ્યું અને પરિણામે તેમાંથી ક્રિયાશીલ કરુણાનો લોપ થઈ બેઠો. કરુણાની પણ માનવીની બુદ્ધિ અને તર્કશીલતા વડે આવી દુર્દશા થાય છે એ બાબત તરફ તમારું નમ્રભાવે ધ્યાન ખેંચું છું.

'ગ્રામરાજ' માં પ્રગટ થતો તમારો ધીરેનભાઈ સાથેનો પત્રવ્યવહાર મેં હમણાં જ વાંચ્યો. ચર્ચા બહુ ગૂઢ અને તાર્કિક ઝીણવટોથી ભરેલી લાગી. સંભવ છે કે કદાચ હું બધું સમજ્યો પણ ન હોઉં, પણ ધીરેનભાઈના કહેવાનો ઝોક હું તમને જે લખી રહ્યો છું તે તરફ ઢળતો હોય એમ મને લાગ્યું. આમ સમજવામાં પણ કદાચ હું ભૂલતો હોઉં.

તમારા પત્રના જવાબ રૂપે લખતાં મને જે સૂઝ્યું તે ઉપર લખી નાંખ્યું છે, અને તમે આપેલી છૂટનો પૂરો લાભ લીધો છે. તેના જવાબરૂપે તમારે શું કહેવાનું છે તેની રાહ જોઉં છું. તમારા લખાણ સાથે અસંબંદ્ધ હોય એવું આ લાંબા કાગળમાં કોઈ કોઈ ઠેકાણે લખાઈ ગયું છે એમ તમને લાગે તો દરગુજર કરશો.

તમારી તબિયત સારી હશે. રસિકભાઈ તમને ચાલુ સંભારે છે અને આપણી વચ્ચે ચાલતી ચર્ચામાં ખૂબ રસ લે છે.

લે. સ્નેહાંકિત પરમાનંદના પ્રણામ

માઉન્ટ આબુ, તા. ૧૫-૮-૬૩

પ્રિય પરમાનંદભાઈ,

તમને જવાબ આપવામાં, મારી નાદુરસ્ત તબિયતના કારણે, વિલંબ થયો છે તે માટે મને ક્ષમા કરશો. એક અઠવાડિયાથી મારી તબિયત સુધારા ઉપર છે.

તમારા પત્રમાં, અનેક વ્યકિતઓ વિષે તમારા અભિપ્રાયો અને તમારા ચિત્તામાં અંકાયેલાં મૂલ્યો તમે વ્યકત કર્યાં છે. તેની અંદર તમે ગાંધીજી અને કૃષ્ણમૂર્તિ વચ્ચે, શ્રી કૃષ્ણમૂર્તિ અને બર્ટ્રાન્ડ રસેલ વચ્ચે સરખામણ કરી છે. તેમ જ શ્રી અરવિન્દ અને વિનોબા વિષે પણ તમે લખ્યું છે. હું તમને જણાવી દઉં કે, તમે જે કાંઈ લખ્યું છે તે મેં પૂરા ધ્યાનપૂર્વક વાંચ્યું છે.

પણ એ લોકો વિષે હું એક પણ શબ્દ લખવા છવ્છતી નથી. હું માત્ર મારા માટે જ અથવા તો મારી પોતાની જાત વિષે જ

બોલી યા લખી શકું છું, અને તે પણ દલીલ કરવા કે પ્રતીતિ કરાવવા માટે નહિ, તેમ જ સામાને સમજાવવા કે તેના વિચારમાં પરિવર્તન કરવા માટે નહિ. જ્યારે અને જો મને પૂછવામાં આવે તો અને ત્યારે જ માત્ર હું મારા જીવન વિષે વાત કરું છું. મેં મારા માટે કોઈ માર્ગ કે ચોકકસ જીવનપદ્ધતિ નકકી કરી નથી. તેમ જ હું જે રીતે જીવન જીવું છું તે નથી કોઈ 'કર્મ'નો માર્ગ કે નથી કોઈ 'અકર્મનો' માર્ગ.

હવે તમારા પત્રમાં જે મુદ્દાઓ અથવા તો પ્રશ્નો તમે ઊભા કર્યા છે તે વિષે લખું. અહિંસા અને રાષ્ટ્રવાદ બન્ને અસંગત છે એમ કહેવું અને એ સાથે આક્રમણનો સામનો અહિંસક રીતે કરવો જોઈતો હતો એવી માગણી કરવી–આ બે વચ્ચે મને કશું વિરોધ જેવું દેખાતું નથી. મારા આગળના કાગળમાં મેં જણાવ્યું છે કે સર્વોદય આગેવાનો સામે જે સમસ્યા ઊભી થઈ હતી તે સમસ્યાને તેઓ એક રાજકારણી સમસ્યા તરીકે નહિ, પણ એક નૈતિક સમસ્યા તરીકે વિચારી તેમ જ લેખી શકયા હોત. હિંસા જ્યારે તમારી સામે આવીને ઊભી રહે ત્યારે જ તમારે તેનો સામનો કરવાનો હોય. સ્વાભાવિક રીતે, જ્યારે તમે ભારતમાં હો ત્યારે ભારત ઉપર આક્રમણ થાય તે તકે જ તમારા માટે તેનો સામનો કરવાની પરિસ્થિતિ ઊભી થાય. જો તમે કોરીઆમાં હો તો તમારે ત્યાં તેનો સામનો કરવાનો રહે. હવે આવી પરિસ્થિતિ તમારી સમક્ષ ઊભી થતાં તે પ્રત્યે તમે કેવો અભિગમ– approach –દાખવો છો એટલે કે માથા ઉપર આવી પડેલા હિંસક આક્રમણનો રાજકારણી હેતુથી પ્રેરાઈને તમે અહિંસક પ્રતિકાર કરો છે કે માનવીજીવન વિષેના ઊંડા આદર વડે પ્રેરાઈને અહિંસક પ્રતિકાર કરો છો એ જ માત્ર મહત્ત્વનો મુદ્દો છે. હું ઝીણવટભરી દલીલબાજીમાં ઉતરવા માગતી નથી, કારણ કે મારામાં તે તાકાત નથી. હું તો એટલું જ કહેવાનો-સૂચવવાનો-પ્રયત્ન કરું છું કે, સાચી અહિંસા કોઈ પ્રાદેશિક કે ભૌગોલિક દિવાલોમાં પૂરાઈ ન જ શકે, તેમજ તેવી કોઈ મર્યાદાને તે સ્વીકારી ન જ શકે. અહિંસા એ પ્રેમ છે. તે બીજું હોઈ પણ શું શકે? કર્મ દ્વારા અભિવ્યકત થતો પ્રેમ એ જ અહિંસા છે. તમે પ્રેમને જંજીરો વડે જકડી શકતા નથી. હિંસક પ્રતિકાર અને કલ્યાણકારી હેતુ–હું દિલગીર છું કે–આ હું સમજી શકતી નથી.

કોઈના પણ લખાણમાં કઠોરતા કે કર્કશતા હોય તેનો મને વાંધો નથી, જો તે પાછળ વિચારનો ગોટાળો ન હોય તો. મને લાગે છે કે, તમે action –કર્મ– નો બહુ સંકુચિત અર્થ કરો છો, એટલું જ નહિ પણ, કયું કર્મ કેવું છે તે તે વિષેનું તમારું માપ પણ fixed up and rigid–આગળથી નિર્ધારિત અને ચોકકસબંધ–છે. વિચારવું આ પણ શું એક કર્મ નથી? મનને બધા અભિનિવેશોથી અને પૂર્વગ્રહોથી મુકત કરવું એ પણ કર્મ છે કે નહિ? સતત જાગૃત અને મુકત મન વડે જીવવું એ સર્વ કોઈ સમસ્યાઓને કોઈ એકદમ અવનવી રીતે ઉકેલવાનો પ્રયત્ન કરવા બરોબર છે. જ્યાં સુધી આવી વ્યકિત સમાજ વચ્ચે રહેતી હોય અને એકાન્તવાસની નિવૃત્તિ તરફ તે વળી ન હોય ત્યાં સુધી તેની ઉપસ્થિતિ અને સહકારિતા 'સામાજિક જીવન'ને અવશ્ય પ્રભાવિત કરવાની જ છે.

કૃપા કરીને એમ ન વિચારશો કે જ્યારે હું કોઈ મુદ્દાઓ ચર્ચું છું અને જીવનને લગતાં સત્યો રજૂ કરું છું ત્યારે હું મારા પક્ષે કોઈ અભિનવ દર્શનનો દાવો કરું છું. આવો મારો કોઈ દાવો છે જ નહિ. હું સત્યની શકિતનો સ્રોત્ર– Dynamo of Truth –છું કે નહિ એ બાબત પણ અપ્રસ્તુત છે. હકીકતમાં તેથી કશો ફરક પડતો નથી.

તમારા મિત્રભાવ માટે તમારો આભાર માનું છું. રસિકભાઈને સ્નેહસ્મરણ.

અનેક સદિચ્છાઓ અને સદ્‌ભાવપૂર્વક

વિમળા

મુંબઈ, તા. ૨૬-૮-૬૩

પ્રિય વિમળાબહેન,

તમારો તા. ૧૫-૮-૬૩ નો પત્ર મળ્યો. વાંચીને સ્વાભાવિક રીતે આનંદ થયો.

મને લાગે છે કે તમારા અંગત જીવન વિષે આપણી વચ્ચે ચાલતી ચર્ચા હવે બંધ કરીએ. પરસ્પર કહેવા યા લખવા જેવું જે હતું તે લખાઈ ચૂકયું છે. તમે તમારા પત્રના અંત ભાગમાં જણાવો છો કે, "મને લાગે છે કે, તમે 'Action' એટલે કે 'કર્મ' શબ્દને મર્યાદિત અર્થમાં સમજો છો." આ તમારું વિધાન કદાચ બરોબર હોય. પરિણામે તમે જેને 'કર્મ' માનતા હો તેના સ્થાને કર્મ અંગેની એટલે કે કર્તૃત્વ અંગેની મારી અપેક્ષા કાંઈક વધારે, કાંઈક જુદી હોય. મેં તો મારી નજરે વિચાર કરતાં તમારી જીવનપદ્ધતિ અંગે મને જે કાંઈ ભયસ્થાન જેવું ભાસ્યું તેનો તમારી સામે અંગુલિનિર્દેશ કર્યો. છે. એટલે પ્રસ્તુત વિષય પુરતું મારું કર્તવ્ય અહિં ખતમ થાય છે અને તેથી આ બાબતની વિશેષ ચર્ચા હવે મને જરૂરી લાગતી નથી.

તમારા વિષે મને એટલી પ્રતીતિ છે કે તમે તમારી જીવન-સાધનામાં પૂરા earnest–સન્નિષ્ઠ–છો, સતત જાગૃત છો અને જ્યારે પણ તમારી ચાલુ જીવનપદ્ધતિમાં ફેરફાર કરવાનું તમારા દિલમાં પ્રબળપણે ઉગશે ત્યારે તેમ કરતાં તમને કોઈ પણ પૂર્વગ્રહ કે પૂર્વાધ્યાસ અથવા તો કોઈ અનુકૂળ–પ્રતિકૂળ પાર્થિવ સંયોગ અટકાવશે નહિ. આખરે ચાલુ જીવન વિષે સતત જાગૃતિ અને ફેરફારની જરૂર દેખાતાં તે માટે પૂરી તૈયારી–આથી વિશેષ કોઈના માટે કશું પણ અપેક્ષિત યા અભિપ્રેત નથી.

થોડા દિવસ પહેલાં શ્રી ત્રીકમલાલભાઈ તથા શ્રી બિદુભાઈ ઓઝા મળ્યા હતા અને તમને અનેક રીતે સંભાર્યા હતા. એ જ પ્રમાણે રસિકભાઈ મળે છે ત્યારે પણ તમે સ્વાભાવિક રીતે અમારી ચર્ચા–વાર્તાનો વિષય બનો છો.

લે. સ્નેહાંકિત પરમાનંદ

માઉન્ટ આબુ, તા. ૩૧-૮-૬૩

પ્રિય પરમાનંદભાઈ,

તમારા સદ્‌ભાવભર્યા પત્ર માટે હું આભાર માનું છું. મારા વિષે આવી પ્રતીતિ દાખવવા બદલ પણ હું તમારો આભાર માનું છું. એ સાચું છે કે, જીવન જે દિશાએ મને લઈ જાય તે દિશાએ આગળ વધવામાં કોઈ મને રોકી શકશે નહિ. જો ચેતના વડે ધબકતું જીવન–vibrant life–બીજી દિશાનું મને દર્શન કરાવશે તો તેને આવકારતાં હું લેશમાત્ર અચકાટ અનુભવીશ નહિ. સદ્‌ભાગ્યે મારી પાસે નથી ધન કે પ્રતિષ્ઠા અને તેથી મારે કશું ખોવાપણું નથી. સદ્‌ભાગ્યે મેં વિચારનું કે જીવન જીવવાને લગતું કોઈ એક ચોગઠું સ્વીકાર્યું નથી અને તેથી મારે કોઈ બાબતને વળગી રહેવાપણું નથી. સદ્‌ભાગ્યે મેં જીવનને લગતી કોઈ ચોકકસ વિચારસરણી નકકી કરી નથી અને તેથી મારી વિચારણામાં એવું કશું નથી કે જેનો બચાવ કરવાની મને ફરજ પડે. વિચારોના કે આદર્શોના માળખામાં રહીને જીવન ઘડવાને બદલે, હું મારા જીવનને તેની પોતાની રીતે વિકસવા દઉં છું.

પૂજ્ય વિનોબાજીની તબિયત સારી રહે છે. શંકરરાવ્ દેવ જણાવે છે કે, તેઓ ખૂબ આનંદમાં છે. જયપ્રકાશજી બિહારમાં ગ્રામ-દાન આન્દોલન પાછળ પોતાનો સઘળો સમય વ્યતીત કરી રહ્યા છે. ધીરેનભાઈ બરહાનપુરમાં તેમની Labour intensive schemes પરિશ્રમીને લગતી સઘન યોજનાઓને અમલી બનાવવાના કાર્યમાં ખૂબ રોકાયલા રહે છે. દાદા એક મહિનાથી નરમ રહે છે અને તેમના પુત્ર સાથે હાલ જબલપુરમાં રહે છે.

હું ૧૯૬૪ ના ફેબ્રુઆરી આખર સુધી અહિં આબુ ખાતે રહેવાની છું. આબુ બાજુએ તમારા આવવાની કોઈ સંભાવના ખરી? રસિકભાઈ સાથે આ બાજુએ એક આંટો કાં આવી ન જાઓ? તમારાં પુત્રીને હવે તદ્દન આરામ આવી ગયો હશે.

અનેક સદિચ્છાઓ અને સદ્‌ભાવપૂર્વક

વિમળા

પર્યુષણ વ્યાખ્યાનમાળા : સમાલોચના

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા શુક્રવાર તા. ૧૬-૮-૬૩થી શનિવાર તા. ૨૪-૮-'૬૩ સુધીના નવ દિવસ સુધી યોજાઈ હતી. આ વર્ષે પણ શરીરસ્વાસ્થ્યની સુકુમારતાને કારણે પૂ. પંડિત સુખલાલજીની ગેરહાજરીમાં વ્યાખ્યાનમાળાનું અધ્યક્ષસ્થાન મારે લેવું એમ શ્રી પરમાનંદભાઈના નિમંત્રણને કર્તવ્યબુદ્ધિથી મેં સ્વીકાર્યું હતું અને નવે દિવસનાં વ્યાખ્યાનો સાંભળવાની કૃતાર્થતા અનુભવી હતી. અંગ્રેજીમાં નીચેની ઉક્તિ જાણીતી છે:

Would that God the giftie give us
To see ourselves as others see us!

જીવનદર્શનનો સાચો દ્રષ્ટિકોણ રજૂ કરતી આ પંક્તિઓનો પણ કોઈ વિરલ અપવાદ હશે? શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રીઓની દ્રષ્ટિથી જોઈએ તો એમણે આપેલું નિમંત્રણ સ્વીકારીને અને નવે દિવસના વ્યાખ્યાનનું સંચાલન કરીને મેં તેમના ઉપર કશોક ઉપકાર કર્યો હોય એમ સામાન્ય રીતે મનાય. પણ સાચી રીતે જોતાં–મારી દ્રષ્ટિએ જોતાં–આ નિમંત્રણ દ્વારા વ્યાખ્યાનમાળામાં સતત ઉપસ્થિત રહેવાથી મને જે વિવિધ અને સમૃદ્ધ વિચાર-સંભારનો લાભ મળ્યો છે તે માટે શ્રી પરમાનંદભાઈ અને તેમના સહકાર્યકર્તાઓનો મારા ઉપર કેવડો મોટો ઉપકાર થયો છે!

જૈન ધર્મનું આ પર્વ, બધાં ધાર્મિક પર્વો હોવાં જોઈએ તેમ, આત્મશોધનનું પર્વ છે. તેમાં ઉપવાસનું અત્યંત ગૌરવ મનાયું છે. શતપથ બ્રાહ્મણમાં એક સ્થળે કહ્યું છે કે: માણસ જ્યારે ઉપવાસ–અનશન–કરે છે ત્યારે દેવો તેની નજીકમાં (ઉપ) વસે છે. માટે અનશનને ઉપવાસ કહેવાય છે. ઉપવાસ કરનારની સમીપમાં દેવો વસે છે તેનો અર્થ એમ કરી શકાય કે ઉપવાસનું વ્રત કરનારી વ્યકિત વ્યવહારિક કે સ્વાર્થવિષયક લાભાલાભ કે સુખ–દુ:ખની ગણતરી કરવાની સ્વાભાવિક વૃત્તિ ઉપર સંયમ મૂકી, જીવનનું ધારણ કરનારાં અને જીવનને વિકસિત અને સમૃદ્ધ કરનારાં તત્ત્વો ઉપર નજર માંડે છે. સત્ય, અહિંસા, અપરિગ્રહ વગેરે સનાતન મૂલ્યો ઉપર નજર માંડે છે; ભગવદ્‌ગીતાની પરિભાષાનો પ્રયોગ કરીએ તો દૈવીસંપત્તિનો ઉન્મેષ તેનામાં થવા માંડે છે. આત્મશોધન કરવાના અનેક માર્ગો છે. ભગવાન મહાવીર જેવા આર્ષ દ્રષ્ટાઓની વાણીનાં શ્રવણ અને મનન દ્વારા જેમ એ થઈ શકે તેમ, જીવન અને માનવજીવનના યથાર્થ દર્શનથી પણ થઈ શકે છે. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પહેલા માર્ગની જરા યે ઉપેક્ષા કર્યા વિના આત્મશોધનનો આ બીજો માર્ગ સ્વીકારાયો છે. તેમાં બુદ્ધ, મહાવીર, ઈશુ જેવા ધર્મપ્રવર્તકોનાં શાસનો, મીરાં, જ્ઞાનેશ્વર, આનંદઘન, જેવા સંતોનાં જીવનવર્ણન અને વચનામૃતો, રામ અને કૃષ્ણ જેવા અવતારી પુરુષોનાં અવતારકાર્યો–જેવા ધાર્મિક કે ધર્મપ્રધાન વિષયોનાં નિરૂપણ ઉપરાંત વ્યવહારિક-સામાજિક, રાજકીય, આર્થિક વગેરે–વિષયોની તેમ જ વૈજ્ઞાનિક વિષયોની વિચારણાઓ રજૂ થાય છે. ખરું કહેતાં તો છેલ્લાં બે વર્ષ દરમિયાન પર્યુષણ વ્યાખ્યાનમાળાએ જે સ્વરૂપ અને આકાર ધારણ કર્યાં છે તે ઉપરથી તેને જ્ઞાનસત્રનું નામ આપી શકાય. કોઈ પણ ભેદભાવ વિના નિમંત્રાયેલા અધિકૃત વકતાઓ પોતપોતાના અભિમત વિષય વિષે અભ્યાસના પરિપાકરૂપ વિચારણાઓ રજૂ કરે અને શ્રોતાઓને વિચાર કરવાની પ્રેરણા આપે એવાં વ્યાખ્યાનો જ્યાં થાય તે જ્ઞાનસત્ર જ કહેવાય.

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાતાં વ્યાખ્યાનો બે–ચાર વર્ષ સુધી સાંભળ્યાં હોય તેને આ વ્યાખ્યાનોમાં 'એનું એ જ આવે છે–કંઈ નવું નથી આવતું' એમ સરવાળે લાગવાનો ભય ખરો? આવો ખ્યાલ જેને આવે તેણે આત્મપરિક્ષણ આરંભી દેવું જોઈએ, કારણ કે આ ખ્યાલ દર્શાવે છે કે તેણે શ્રવણ કર્યું છે, પણ મનન આદર્યું નથી. જેણે મનન આરંભ્યું છે તેને તો એક મુદ્દા સાથે અનેક મુદ્દાઓ ઓતપ્રોત થઈને સંકળાયેલા પડેલા નજરે આવશે, નવાં દ્રષ્ટિબિંદુઓ દેખાશે અને મનનનું ફલક ઉત્તરોત્તર વિસ્તીર્ણ તેમ જ ઊંડું બનતું જણાશે આવી મનનની ટેવ જેણે કેળવી હશે તેને એક જ વિષયનું જુદા જુદા દ્રષ્ટિબિંદુઓથી કરાયેલું નિરૂપણ જુદા જુદા વિષયોના નિરૂપણ જેટલું જ દ્યોતક અને રસપ્રદ લાગશે. બીજું માનવનું અંતરંગ અને બહિરંગ ધડતર જ એવું છે કે તેની સમક્ષ જીવનનાં અંતિમ મૂલ્યોનો ઉપન્યાસ વારંવાર કરવો પડે. સ્થૂળ શરીરના અવયવો માટે તો વિજ્ઞાન કહે છે કે: જે અવયવ લાંબા સમય સુધી નિષ્ક્રિય પડી રહે તે કરમાતું જાય અને અંતે નહિવત્ થઈ જાય. જઠરના અવયવો યોગ્ય રીતે કામ કરતા રહે તે માટે આપણે અન્નના જથ્થાની પણ જરૂર પડે છે. કેવળ વિટામિન ગોળીઓ દ્વારા આવશ્યક શકિત મળી રહે તેમ હોય તો પણ અન્નના જથ્થા વિના આપણે આપણા અત્યારના શરીરનું સ્વરૂપ અને સ્વાસ્થ્ય જાળવી શકીશું નહીં. તે જ પ્રમાણે सत्यं वद। धर्मं चर। વિટામિન–ગોળીઓ જેવાં આ સનાતન સૂત્રોથી જ આપણા મનનું અને હૃદયનું કાર્ય સિદ્ધ થતું નથી. અન્નના જથ્થાની પેઠે આ સૂત્રોનાં તત્ત્વો જેમાં ગર્ભરૂપે સચવાઈ રહ્યાં હોય તેવાં આખ્યાનો કાવ્યો, ઈતિહાસો, પુરાણો, જીવનચરિત્રો, પ્રસંગો વગેરેના પરિશીલનથી આપણું અન્ત:શરીર પોષણ અને વર્ધન પામતું રહે છે. સમગ્ર પ્રજાજીવનના સંસ્કરણ માટે દરેક ક્ષેત્રમાં બહોળી પ્રવૃત્તિની આવશ્યકતા રહે છે: એ પ્રવૃત્તિમાંથી પોતપોતાના અધિકાર પ્રમાણે દરેક વ્યકિત યોગ્ય કે અનુકૂળ લાગે તેટલીનું સેવન કરે છે. અહીં જ એક બીજી બાબતનો ઉલ્લેખ કરી લઈએ: મંત્રીશ્રીએ આભારદર્શનવેળા જણાવ્યું હતું કે કેટલાક ભાઈઓએ આ વ્યાખ્યાનો સાંભળ્યા પછી બે–ચાર કલાક સુધી પોતે ધંધારોજગારમાં ધ્યાન આપી શકતા નથી એમ તેમણે કહ્યું હતું. આ હકીકત પણ વિચારવા જેવી છે. આનો એક અર્થ એ થયો કે વ્યાખ્યાનોમાં નિરૂપાતી વસ્તુ અને નિરૂપણશૈલી બંને સામર્થ્યવાળાં છે - 'સાચાં' છે. જેમ ડૉકટર પેનીસિલીન જેવાં ઔષધનું ઈંજેકશન આપે અને તેનું reaction (પ્રભાવન) ન થાય તો એ ઔષધ સાચું નથી.–બનાવટી છે એમ માનીએ છીએ, તેમ આ વ્યાખ્યાનો શ્રોતાઓમાં બે–ત્રણ કલાક સુધી પોતાનો પ્રભાવ જમાવી અને ટકાવી શકે તે બતાવે છે કે આ "ઈંજેકશન સાચાં" છે. પણ વિશેષ અગત્યનો પ્રશ્ન એ છે કે આ વ્યાખ્યાનોની અસરથી વ્યવહારમાં-ધંધા રોજગારમાં–મન બેસતું નથી એથી શું સમજવું? આ 'વિચાર' અને વ્યવહાર પરસ્પર સંગત નથી એમ સમજવું? વ્યાખ્યાનો સાંભળવા માટે સારાં, પણ વ્યવહારમાં એનો કશો ઉપયોગ નહિ એમ માનવું? ભારતીય જીવનદર્શનની વિશિષ્ટતા એ છે કે આપણે ત્યાં ધર્મ અઠવાડિયામાં એકવાર કે દિવસમાં એકાદ કલાકમાં જ પાળવાનો નથી ધર્મ ચોવીશે કલાક અર્થ અને કામના ક્ષેત્રમાં પણ સૂક્ષ્મ રીતે અનુસ્યૂત રહેવો જોઈએ. આ વ્યાખ્યાનોની સાચી અને સંપૂર્ણ સિદ્ધિ ત્યારે જ થઈ ગણાય, જ્યારે શ્રોતાવર્ગ એની પ્રેરણાથી પોતાના વ્યવહાર–ધંધારોજગાર–વગેરેમાં એની પ્રેરણાને ઝીલી શકે, કેવળ સ્વાર્થલોલુપતા કે લાલસાથી વ્યવહાર કરવાને બદલે માનવતા અને નીતિના પાયા ઉપર વ્યવહારને પ્રતિષ્ઠિત કરે, અહિંસા ઉપર પ્રતિષ્ઠિત કરે. આ રીતનો વ્યવહાર આકાશકુસુમ જેવો કે કેવળ કલ્પનાતરંગ જેવો નથી. આ લખું છું ત્યારે વર્તમાનપત્રોમાં સમાચાર આવ્યા છે કે કુરલાના ચાર–પાંચ વેપારી બંધુઓએ જીવનની જરુરિયાતની ચીજો પડતર કિંમતે–કશા નફા વિના–વેચવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય સાચી દિશામાં પ્રથમ પગલાં તરીકે સ્તુત્ય છે. પણ

વેપારી બંધુઓએ--અને આપણે બીજા બધાએ--જીવનનિર્વાહ કરવાનો છે અને જીવનની અનેક જવાબદારીઓ ઉઠાવવાની છે, એટલે કશાય નફા વિના, માત્ર પડતર કિંમતે, વેપાર તો થોડીક વસ્તુઓનો થાય, થોડાક સમય માટે થાય : એવી પ્રવૃત્તિ પ્રતીકના રૂપની જ હોય. આપણા પ્રજાજીવનના વિષમ કોયડાનું સાચું નિરાકરણ તો ત્યારે થાય જ્યારે લોભ અને લાલસાને કાબૂમાં રાખીને બધી ચીજોનું વેચાણ ન્યાય્ય, નીતિસંમત, વ્યાજબી નફો લઈને કરવામાં આવે. આ દૃષ્ટિ કેવળ વેપારીઓએ જ નહિ, સૌ ધંધાદારીઓએ અપનાવવી જોઈએ--એ જ સાચો માનવતાનો માર્ગ છે. જીવનને ઊર્ધ્વગામી અને સાત્ત્વિક બનાવવું હશે તો આ દિશામાં જ પ્રયાણ કરવું પડશે-- **नान्य : पन्था विद्यते ऽ तेऽयनाय यनाय ।** અસ્તુ.

હવે આ વર્ષનાં વ્યાખ્યાનોની સંક્ષિપ્ત સમાલોચના કરીએ. વ્યાખ્યાનમાળાના પ્રવચનોનો પ્રારંભ અધ્યાપક દલસુખભાઈ માલવણિયાના પ્રવચનથી થયો હતો. તેમનો વિષય હતો, 'હિંદુ અને જૈન ધર્મ,' શ્રી માલવણિયા પ્રતિષ્ઠિત વિદ્વાન છે. તેમણે વૈદિક ધર્મની કેટલીક લાક્ષણિકતાઓ તથા તેની ઉત્ક્રાન્તિમાં નજરે આવતાં પાંચ સોપાનનું નિરૂપણ કર્યું હતું અને તેની સરખામણીએ જૈન ધર્મના ઉદય અને વિકાસનાં મર્મસ્થાનો સમજાવ્યાં હતાં. શ્રી માલવણિયાના વિદ્વત્તાભર્યા નિરૂપણની સરખામણીએ બીજે દિવસે "ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનો ફાળો" એ વિષય ઉપર શ્રી શાંતિલાલ સી. શાહનું નિરૂપણ ભાવપ્રધાન અને ધર્મપ્રેમથી નીતરતું જણાયું હતું. શ્રી શાહે દર્શન, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, કળાઓ વગેરે ક્ષેત્રોમાં જૈન ધર્મનું અર્પણ કેવું છે અને કેટલું છે તે પાશ્ચાત્ય વિદ્વાનોનાં મંતવ્યો ટાંકીને બતાવવાનો પ્રયત્ન કર્યો હતો.

શ્રી માલવણિયાના પ્રવચનના શીર્ષક વિષે, શ્રી માલવણિયાએ જ આરંભમાં જણાવ્યું હતું તે પ્રમાણે, શ્રી પરમાનંદભાઈને પૂરો સંતોષ થયો ન હતો. 'હિંદુ ધર્મ અને જૈન ધર્મ' એ શબ્દયોજનામાં હિંદુ અને જૈન ભિન્ન છે એવું સૂચન ગર્ભિત રીતે સમજાવાને અવકાશ છે. શ્રી માલવણિયાએ વિદ્વાનને છાજે તેવી તટસ્થ વૃત્તિથી જણાવ્યું હતું કે હિંદુ શબ્દનો પ્રયોગ પરદેશીઓએ કર્યો છે. ભારતમાં વસતી કોઈ પણ વ્યકિત ગમે તે ધર્મની હોય, પણ ભારતની બહારના દેશોની દૃષ્ટિએ હિંદુ તરીકે ગણાય છે. આચાર્ય આનંદશંકરે હિંદુધર્મના ત્રણ વિભાગ ગણાવ્યા છે.--વૈદિક, જૈન અને બૌદ્ધ: આનો પણ એમણે ઉલ્લેખ કર્યો હતો. શ્રી પરમાનંદભાઈને થયો હતો તેવો અસંતોષ મને પણ થયો હતો. પણ પહેલા જ વ્યાખ્યાનના પ્રાસ્તાવિકમાં દાક્ષિણ્યનો આશ્રય લઈને મેં એ મુદ્દાનો ઉલ્લેખ કર્યો નહોતો. ઐતિહાસિક દૃષ્ટિએ આપણે ભારતીય જીવનદર્શનમાં વૈદિક પરંપરા, જૈનપરંપરા અને બૌદ્ધપરંપરા પ્રધાનપણે સ્વીકારીએ છીએ. વૈદિકપરંપરામાં પણ શૈવ, વૈષ્ણવ વગેરે સાંપ્રદાયિક પરંપરાઓની પેઠે જૈન અને બૌદ્ધમાં પણ જુદી જુદી સાંપ્રદાયિક પરંપરાઓ છે. હિંદુ સંસ્કૃતિ કે ભારતીય સંસ્કૃતિ તો અનેક અંગોપાંગોના સમન્વયરૂપ સમગ્ર જીવનદૃષ્ટિ છે. તેમાં વૈયકિતક પરંપરાઓનાં વિશિષ્ટ લક્ષણો ઉદાર બુદ્ધિ અને સમભાવપૂર્વક નિરૂપણ, તેમની તુલના કરાય એ આજના સમયમાં અત્યંત આવશ્યક છે. રૂઢ થઈ ગયેલી પણ અનૈતિહાસિક અથવા તો અનભિજ્ઞ જનતામાં ખોટું વૈષમ્ય ઉત્પન્ન કરે તેવી પરિભાષા ન યોજાય તેમાં સૌનું હિત સમાયું છે અને એ જ યોગ્ય છે.

પ્રા૦ ભૂપેન્દ્ર ત્રિવેદીના પ્રવચનનો વિષય હતો 'મીરાં'. શ્રી ત્રિવેદી પ્રૌઢ અને નિષ્ઠાવાન અધ્યાપક છે: તેમણે હમણાં જ મીરાંના પદોનો અને તેના અનુસંધાનમાં મીરાંના જીવનનો અભ્યાસ પૂરો કર્યો છે. એ વિશિષ્ઠ પરિશીલનના નિષ્કર્ષ જેવું મીરાંના જીવનપ્રસંગોનું સુરેખ અને શાસ્ત્રીય પદ્ધતિવાળું નિરૂપણ તેમણે કર્યું હતું. પ્રવચનના અંત ભાગમાં મીરાંના પદોમાં સંભૃત પ્રેમલક્ષણા ભકિતનું ઉદાહરણ સાથે વિવરણ કર્યું હતું.

મીરાં વિષેના પ્રવચન પછી તરત જ બીજું પ્રવચન હતું 'સંત જ્ઞાનેશ્વર' ઉપર. પ્રવચન કરનાર બહેન શ્રી મૃણાલિની દેસાઈએ સંત જ્ઞાનેશ્વરના સમયની ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિનું--વર્ણાશ્રમ ધર્મની જડ અવસ્થાનું--વર્ણન કરીને હીન વર્ણના ઉત્કર્ષ માટે અને સમાજ અને ધર્મમાં પ્રાણ રેડવા માટે સંત જ્ઞાનેશ્વરની 'ગીતા'એ કેવું સમર્થ પ્રદાન કર્યું છે તે સમજાવ્યું હતું. સંત જ્ઞાનેશ્વરે ધર્મમાં, સમાજમાં, સાહિત્યમાં ક્રાંતિ આણી હતી તે મુદ્દાનું ઉદાહરણો સાથે સમર્થન કર્યું હતું. શ્રી મૃણાલિનીબહેન જન્મે મહારાષ્ટ્રીય છે, લગ્ને ગુજરાતી છે. પણ તેમના ગુજરાતી ભાષા ઉપરના પ્રભુત્વે, વેગીલી અને તેજસ્વી શૈલીએ અને માર્મિક હાસ્યવૃત્તિએ શ્રોતાઓને મુગ્ધ કરી દીધા હતા. આ જ પ્રકારનું ત્રીજું પ્રવચન હતું અવધૂત આનંદઘન ઉપર. આચાર્ય ધીરૂભાઈ ઠાકરે આનંદઘનનાં જીવનપ્રસંગો અને કાવ્ય--કૃતિઓનો એક નિષ્ઠાવાન અભ્યાસીની અદાથી પરિચય કરાવ્યો હતો.

ડૉ૦ રાજેન્દ્ર વ્યાસના પ્રવચનનો વિષય હતો "કુમારી હેલન કેલર : અંધની નજરે એક અંધ." ડૉ. રાજેન્દ્ર વ્યાસ નાની ઉંમરે અંધ થયા: ત્યાર પછી તેમણે એમ. એ. એલએલ. બી. અને પી.એચ. ડી. જેવી પદવીઓ પ્રાપ્ત કરી તે જ તેની શૌર્યભરી જીવનદૃષ્ટિ—a heroic View of life—ની સાક્ષી રૂપ છે. ભારતમાં અંધ જનતા, સવિશેષ તો અંધ બાળકોના જીવનની સમશ્યા ઉકેલવાના ભગીરથ કાર્યમાં તે સતત પ્રવૃત્તિશીલ રહ્યા છે: એ પ્રવૃત્તિઓનો ખ્યાલ તેમણે પ્રવચનના અંતમાં વિગતવાર આપ્યો ત્યારે સભાગૃહમાં કોઈ એવી વ્યકિત નહિ હોય જેનું હૃદય સમભાવ અને કરુણાથી આર્દ્ર નહિ બન્યું હોય. પ્રવચનના આરંભમાં તેમણે હેલન કેલરના જીવનના પ્રારંભની મુશ્કેલીઓ અને તે બધી મુશ્કેલીઓ ઉપર વિજય મેળવવાના કેલરના નિશ્ચય અને પ્રયાસનું વર્ણન કર્યું હતું.

સોમવાર તા. ૧૯મીએ શ્રી રામુભાઈ પંડિતે 'મિલોવાન જીલાસ : અન્તરાત્માને વફાદાર માનવી' ઉપર પ્રવચન આપ્યું હતું. શ્રી રામુભાઈએ સામ્યવાદ અને તેના અર્થકારણનો ઊંડો અભ્યાસ કર્યો છે. યુગોસ્લાવિયાના પ્રથમ પંકિતના સામ્યવાદી નેતા મિલોવાન જીલાસની જીવનની રૂપરેખા આપીને ' The New Class ', 'Conversations with stalin ' વગેરે જીલાસની કૃતિઓને આધારે તેના વિચારોનું વિવરણ કર્યું હતું અને પોતાના વિચાર--સ્વાતંત્ર્યને કારણે તેમણે કારાવાસ ભોગવ્યો હતો--સત્તાધીશોનો ખોફ વ્હોરી લીધો હતો—પણ તેમણે નમતું આપ્યું ન હતું તે મુદ્દાની મીમાંસા કરી હતી. આજના સમયમાં જીવનનાં અંતિમ મૂલ્યોની બાબતમાં બાંધછોડ કરવી એ વ્યાવહારિક શાણપણ ગણાય છે અને મૂલ્યોને જીવનમાં અપનાવવા જતાં દુ:ખોના ડુંગરો તૂટી પડે તેવી પરિસ્થિતિ છે ત્યારે પણ, જીલાસ જેવા વીર પુરુષો પાકે છે એ વાતનું સ્મરણ ભાવિ વિષે આશા પ્રેરનારું નિવડે તેવું છે. **बहुरत्ना वसुन्धरा ।** અન્ય દેશોમાં જુદાં જુદાં જીવનક્ષેત્રોમાં વીરત્વ કે સત્ત્વ દાખવી ગયેલાં નરનારીઓનો પરિચય કરાવાય એ પ્રશસ્ય પ્રવૃત્તિ છે.

અધ્યાપક કરસનદાસ માણેકના પ્રવચનનો વિષય હતો 'રામ અને કૃષ્ણ : એક તુલનાત્મક વિચારણા'. શ્રી માણેક સિદ્ધ અને લોકપ્રિય પ્રવચનકાર છે. જૂનાંને નવી દૃષ્ટિએ જોવું અને ઘટાવવું એ એમની એક લાક્ષણિકતા છે, જે તેમનાં વ્યાખ્યાન સાંભળનારાઓની નજરમાં આવ્યા વિના રહે નહિ. રામ અને કૃષ્ણનાં જીવનના કેટલાક--થોડાક જ—જાણીતા પ્રસંગોનો ઉલ્લેખ કરીને પોતાની શૈલીમાં તેમણે કહ્યું કે રામ તો પરંપરાના પાલક છે, કૃષ્ણ જની અને સડેલી

પરંપરાના ઉચ્છેદક છે. કૃષ્ણ બળવાખોર revolutionary છે, તેનો જન્મ કારાગૃહમાં, ઉછેર ગામડામાં અને ત્રિવક્રા કુબ્જા જેવી શહેરની દબાયેલી જનતાનો ઉદ્ધાર અને કંસવધનું કાર્ય રાજધાનીમાં. કૃષ્ણનો અંત પણ એક સામાન્ય પારધીને હાથે. રામ પણ અવતાર, કાર્ય કરવા આવેલા, ઉન્મત્ત બનેલા બ્રહ્મતેજ (પરશુરામ)નું શમન કરીને ક્ષાત્રતેજની સ્થાપના કરી, રાવણનો નાશ કરી ધર્મસ્થાપન કર્યું. શ્રી માણેકની આ પ્રતીકાત્મક અર્થદર્શનરીતિમાં લોકરંજકતાનું ભારે સામર્થ્ય છે: પણ એ રીતિનો અતિરેક થવાનો ભય છે એટલું જ કહેવું અહીં ઉચિત છે.

આચાર્ય હરભાઈ ત્રિવેદી જેવા પ્રૌઢ શિક્ષણશાસ્ત્રીના પ્રવચનનો લાભ પણ આ વર્ષે મળ્યો. 'સમાજસ્વાસ્થ્ય' ઉપર બોલવા માટે 'સમાજઅસ્વાસ્થ્ય' ઉપર હું બોલીશ એમ પ્રતિજ્ઞા કરીને તેમણે આજના વૈયક્તિક, કૌટુંબિક અને સામાજિક જીવનની વિષમતા દર્શાવી હતી: સમાજસ્વાસ્થ્યસ્થાપના માટે અપરિગ્રહવૃત્તિ ઉપર ભાર મૂક્યો હતો. વિનોદ અને મર્મના છાંટણાંથી તેમનું પ્રવચન બોધક તેમ જ રોચક નીવડ્યું હતું.

શ્રી હરભાઈના પ્રવચન પછી તરત જ બીજું પ્રવચન હતું શ્રી ઉછરંગરાય ઢેબરનું. 'વિકસતી સામાજિક અહિંસા' ઉપરનું તેમનું પ્રવચન આદિકાળથી માનવજીવનની ઉત્ક્રાંતિ હિંસામાંથી અહિંસા તરફ વધતી રહી છે એ વિધાનનાં ઉદાહરણો સહિત પ્રતિપાદન જેવું હતું. આણુબૉમ્બથી સજ્જ થયેલા માનવનું ભાવિ અહિંસાના સેવનમાં છે એમ એમણે દર્શાવ્યું હતું. ગંભીર શૈલીમાં કરાયેલા શ્રી ઢેબરભાઈના પ્રવચનથી શ્રોતાવર્ગ ખૂબ સંતોષ પામ્યો હતો એમ દેખાયું હતું. શ્રી ઢેબરભાઈના પ્રવચનમાં વિકસતી અહિંસાનું પ્રતિપાદન થયું હતું તે દૃષ્ટિએ આજના આપણા પ્રજા-જીવનની વિષમતાઓ અને અસ્વાસ્થ્ય-જેનું વર્ણન શ્રી હરભાઈએ આગલા પ્રવચનમાં કર્યું હતું તેનો પ્રશ્ન વિચારણા માગી લે છે. આજે સામાજિક રીતે અહિંસા અને વૈયક્તિક રીતે હિંસા એવું વિલક્ષણ દૃશ્ય નજરે આવતું મને જણાય છે. બીજું આજે આપણે કાયદાને આધારે જ જીવતા હોઈએ એવી સ્થિતિ છે અને આ સ્થિતિ પ્રજાના શીલમાં ઓટ આવી છે તેની સૂચક છે. The greater the deterioration in national character, the greater the need for legislation.

શ્રી ચીમનભાઈ 'ઉદીયમાન અભિનવ સંસ્કૃતિ' ઉપર બોલ્યા હતા. શ્રી ચીમનભાઈ પાસે વિચાર-સંભાર એટલો વિપુલ હોય છે કે સાઠ મિનિટ ક્યાં ચાલી ગઈ તે ભાગ્યે જ ખ્યાલમાં રહે છે. દેશ-પ્રદેશની, ધાર્મિક સંપ્રદાયોની કે માન્યતાઓની પીઠિકા ઉપર નિર્ભર રહેલી સંસ્કૃતિના દિવસ પૂરા થયા છે, આવતી કાલની સંસ્કૃતિ વિશ્વ-સંસ્કૃતિ હશે એમ પ્રતિપાદન કરતાં કરતાં તેમણે આપણા બંધારણમાં ઉલ્લેખાયેલા મૂળભૂત હક્કો વગેરેનું વિવરણ કર્યું હતું. આ વેળા સાચે જ તેમના પ્રવચન માટે સમય ટૂંકો પડ્યો હતો.

શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ 'શ્રીમદ્ ભાગવત્‌નું હાર્દ' એ વિષય ઉપર અર્ધાએક કલાક સુધી પ્રવચન કર્યું હતું. શાસ્ત્રીજીનો પરિચય આપવાની કશી જરૂર ન હોય. બહુશ્રુતતા અને વાગ્વૈભવને કારણે શાસ્ત્રીજીના પ્રવચનો શ્રોતાઓને મુગ્ધ કરે છે. ભાગવત પ્રેમ અને સમર્પણની સંહિતા છે એ શ્રોતાઓને ટૂંકા લાગેલા તેમના પ્રવચનનો કેન્દ્રસ્થ વિચાર હતો. શાસ્ત્રીજીના પ્રવચનનો લાભ વ્યાખ્યાન-માળાના શ્રોતાઓને ભવિષ્યમાં મળતો રહે એમ ઈચ્છીએ.

શ્રી ગુરુદયાળ મલિકજીએ 'ઈશુ ખ્રિસ્ત' વિષે પ્રવચન કર્યું હતું. ઈશુના જીવન અને દર્શનની ભાવાર્દ્રતા મલિકજીના વ્યક્તિત્વમાંથી નીતરતી હોય એમ લાગ્યું હતું. ઈશુના જીવનપ્રસંગો ટાંકીને તેમણે અહંના ત્યાગ અને સમર્પણની ભાવનાના તત્ત્વોનું વિવરણ કર્યું હતું. શ્રી પરમાનંદભાઈએ પણ 'હિમાલયનાં તીર્થસ્થાનો' વિષે કેટલીક માહિતી આપી હતી. શ્રી પરમાનંદભાઈની દૃષ્ટિ બુદ્ધિ-પ્રધાન છે. હિમાલયનાં સ્થળોની યાત્રા, યાત્રામાં અનુભવવી પડેલી અગવડો અને માણેલી મોજ, હિમાલયનાં ભવ્ય-રમ્ય શિખરો અને ત્યાંની પ્રકૃતિની લીલા વગેરેનું વર્ણન તેમણે કર્યું હતું. પણ આ યાત્રા પણ જીવનયાત્રા માટે ઘણું શીખવી જાય છે-સહનશીલતા, ખડતલપણું, અનિશ્ચિતતા, તાળગી અને પ્રફુલ્લતા વગેરે ગુણો વિકસાવે છે તે તરફ તેમણે સવિશેષ લક્ષ દોર્યું હતું. શ્રી પરમાનંદ-ભાઈના અનુભવોની મોજ જેને માણવી હોય તેણે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થયેલી તેમની લેખમાળા વાંચવી.

તા. ૨૩મીએ ભારતીય વિદ્યાભવનમાં પહેલું પ્રવચન હતું શ્રી ધૈર્યબાળા વોરાનું. અને બીજું હતું રાજ્યપાલ શ્રીમતી વિજયા-લક્ષ્મી પંડિતનું. શ્રી ધૈર્યબાળાબહેનનો વિષય હતો, 'આપણે કઈ તરફ?' આરંભમાં તેમણે જણાવ્યું હતું કે મારા પ્રવચનનું શીર્ષક હોવું જોઈએ 'આપણે ક્યાં?' આ દૃષ્ટિએ તેમણે પ્રાગૈતિહાસિક કાળથી માંડીને આજ દિવસ સુધીની ભારતીય સંસ્કૃતિની ઉત્ક્રાંતિનું નિરૂપણ કર્યું હતું. આર્યો ભારતમાં આવ્યા તે પહેલાં અહીં અસૂર અને દ્રવિડ સંસ્કૃતિઓ હતી. આર્યોએ આ સંસ્કૃતિમાંથી ધ્યાન, યોગસમાધિ, તપ વગેરે તત્ત્વો સ્વીકાર્યાં અને અસૂરોને દાસ બનાવ્યા. આમ આરંભથી જ આર્ય અથવા વૈદિક સંસ્કૃતિ આક્રમક રૂપની રહી હતી. તે પછીનો સમય આવ્યો ભગવાન મહાવીર અને બુદ્ધનો. બ્રાહ્મણધર્મે આ બે ધર્મોનાં અહિંસા, તપ વગેરે તત્ત્વો સ્વીકારી લીધાં, બૌદ્ધ ધર્મને તો તેણે ભારતમાંથી ઉન્મૂલિત કરી નાખ્યો. આ 'મોંઢા' હિન્દુધર્મે ઈસ્લામના વર્ચસ્વ પાસે દાસત્વ સ્વીકાર્યું અને ઈસ્લામને પરાજિત કરવાનો પ્રયત્ન કર્યો. આજે હિન્દુધર્મ સામે પશ્ચિમની સંસ્કૃતિનું આવ્હાન આવ્યું છે. પશ્ચિમની સંસ્કૃતિ હૃદયને નહીં પણ બુદ્ધિને સ્પર્શે છે: આ નવા પ્રતિબળ સામે હિન્દુધર્મે જીવસાટે લડવાનું રહ્યું. જૂની પ્રણાલીઓ, માન્યતાઓ, રૂઢિઓ તૂટતી ચાલી છે અને ઊંચનીચના ભેદ વિના માનવ સમાનતા અને ગૌરવના પાયા ઉપર નવું ચણતર થવા માંડ્યું છે. છતાં હિંદુધર્મ એમ હારી જાય તેમ નથી: આજે પણ આપણે નાત જાત, વાડા તડાં વગેરે ચોમેર જોઈએ છીએ, સ્ત્રીની સ્થિતિ બહુ સુધરી નથી. સમાજપરિવર્તનની આજે મોટી આવશ્યકતા છે. આ પરિવર્તન નહીં થાય તો આપણે જ્યાંના ત્યાં રહીશું.

બહેન ધૈર્યબાળાના આ પ્રવચનમાં ભારતીય સંસ્કૃતિનાં ઉત્તરોત્તર આવતાં સોપાનોની ઐતિહાસિક સમીક્ષા નજરે આવે છે. પણ એ સમીક્ષા માટે અપનાવાયેલો દૃષ્ટિકોણ વિલક્ષણ છે. ભારતીય સંસ્કૃતિને તો અનેક સંસ્કૃતિના સંગમસ્થાન – પ્રયાગ-જેવી ગણવામાં આવે છે. પ્રાકૃતમાંથી સંસ્કૃત થવું એનો અર્થ જ એ છે કે, અન્યમાં જે કંઈ શુભતત્ત્વ હોય તેનો સ્વીકાર કરવો. આ લેખમાં જ આગળ કહ્યું છે તેમ વૈદિક, પૌરાણિક, જૈન, બૌદ્ધ વગેરે અનેક અંગોપાંગોથી ભારતીય સંસ્કૃતિનો પુદ્‌ગલ ઘડાયો છે. હિન્દુધર્મે અન્ય ધર્મો કે પરંપરાઓમાંથી સત્ત્વશીલ તત્ત્વો સ્વીકાર્યાં તે તેને ગુણ-પક્ષે ગણાય કે દોષપક્ષે? ભારતીય સંસ્કૃતિના હાથમાં વૈયક્તિક અને સામૂહિક માનવજીવનની કોઈ એવી જડ આવી ગઈ છે જેને લીધે સ્થૂલ કલેવરમાં સમયે સમયે ફેરફાર થતા રહેવા છતાં તેનો આત્મા એવો ને એવો જ રહ્યો છે એમ કેમ ન કહી શકાય?

શ્રી ધૈર્યબાળા વોરાના પ્રવચન પછી રાજ્યપાલ શ્રીમતી વિજયા-લક્ષ્મી પંડિતે 'ગાંધીજી વિષેનાં સંસ્મરણો' રજૂ કર્યાં હતાં. એક આણ-ધડ વેષવાળા નવતર પુરુષના પંડિત મોતીલાલ નેહરુના ધનાઢ્ય અને પાશ્ચાત્ય રંગે રંગાયેલા ઘરમાં અને વાતાવરણમાં થયેલા પ્રવેશે અંતે એક આપ્ત વડીલનું સ્થાન અને ગૌરવ એ પુરુષને આપ્યાં તેનાં સરળ ભાષામાં શ્રીમતી પંડિતે ઉદાહરણો આપ્યાં હતાં. ગાંધીજીની જીવન-દૃષ્ટિ તરફ આંગળી ચીંધતાં તેમણે કહ્યું કે, ગાંધીજી કહેતા કે, આપણા

પ્રાચીનના પાયા ઉપર અર્વાચીનમાં જેટલું સારું હોય તેટલું સ્વીકારીને આપણા ભાવિનું ઘડતર કરવાનું છે. 'I shall keep my windows open'–ગાંધીજીનું આ પ્રસિદ્ધ વાકય તેમણે ટાંકયું હતું અને માનવતાની ભાવના ઉપર ભાર મૂકયો હતો.

છેલ્લે ઉલ્લેખ કરવાનો રહે છે એક જ વિષયને સ્પર્શતાં બે પ્રવચનોનો : આચાર્ય રજનીશજીએ 'વિશ્વશાંતિ અને અહિંસા'નું વિવરણ પ્રભાવશાળી વાણીમાં કર્યું હતું. ઍટમ બૉમ્બના ભય નીચે થરથરતા જગતના ભાવિનો આધાર અહિંસા ઉપર છે. મહાવીરે પ્રબોધેલી અહિંસા કૃત્રિમ કે સ્થૂલ રૂપની નથી. તેમણે પ્રબોધેલી અહિંસા એટલે આત્મજ્ઞાન, અને આત્મજ્ઞાન એટલે સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થવું તે. અસ્ખલિત વાણીમાં આચાર્યશ્રીએ ઉદાહરણો દ્વારા અહિંસાનો મર્મ સમજાવ્યો હતો. બીજું પ્રવચન હતું મહાસતી ઉજ્જવલકુમારીજીનું 'વિશ્વમૈત્રી' ઉપર. તેમના પ્રવચનનો સ્થાયી સૂર એ જ હતો કે, આજે યુદ્ધની તૈયારી માટે જે ખર્ચ થાય છે તેથી ઘણા ઓછા ખર્ચમાં જગતના બધા દેશોમાં માનવ-જીવનને દુઃખ અને દારિદ્રમાંથી ઉગારી શકાય. તેમના પ્રવચનમાં અર્વાચીન વિચારસરણિઓ અને સામયિકોમાં પ્રગટ થતી માહિતીનો વિપુલ ઉપયોગ કરાયો હતો એ જોઈને આશ્ચર્ય અને આનંદ બંને અનુભવાયાં. ડૉ. રાધાકૃષ્ણનનાં પ્રતિષ્ઠા અને ગૌરવનું પ્રધાન કારણ એ છે કે, તેમણે પૌરસ્ત્ય સંસ્કૃતિ અને જીવનદર્શનનું નિરૂપણ પશ્ચિમની જનતા સમક્ષ એ જનતા સમજી શકે તેવી વાણીમાં અને શૈલીમાં કર્યું, જેને પરિણામે આજે પશ્ચિમ પૂર્વ તરફ સમજદારીથી અને માનથી જૂએ છે. એ જ રીતે આજના યુગમાં સાધુઓ અને સાધ્વીઓ આપણાં પ્રાચીન તત્ત્વોને આજની આપણી જનતા સમજી શકે તેવી વાણીમાં, ,તેવે રૂપેરંગે રજૂ કરે તો જ તેને પ્રાચીન સમજાય અને પ્રાચીનનાં સનાતન તત્ત્વો તરફ માન ઉપજે. મહાસતીજી એક આ પ્રકારનાં સાધ્વી છે અને સમર્થ રીતે વકતવ્યને જનતા સમક્ષ મૂકી શકે છે.

પ્રો. ગૌરીપ્રસાદ ચુ. ઝાલા

પ્રકીર્ણ નોંધ

રશીઆના ત્રણ દિવસના પ્રવાસનાં આછાં સ્મરણો

તા. ૭-૯-૬૩ શનિવારના રોજ મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં યોજાયલી જાહેર સભા સમક્ષ શ્રી નવલમલ કુન્દનમલ ફિરોદિયા તાજેતરમાં રશિયાનો પ્રવાસ કરી આવ્યા તેનાં સંસ્મરણો તેમણે વિસ્તારથી રજુ કર્યાં હતાં. ગયે વર્ષે તેઓ તેમનાં પત્ની સાથે દુનિયાના ભિન્ન ભિન્ન દેશોના પ્રવાસે નીકળ્યા હતા અને પૃથ્વીની તેમણે વાસ્તવિક પૂર્વપશ્ચિમ પ્રદક્ષિણા કરી હતી, અને પોતાના એ રસપ્રદ અનુભવો તા. ૨૨-૧૦-૬૨ ના રોજ સંઘના સભ્યો સમક્ષ તેમણે રજુ કર્યા હતા. એ વખતે પૂર્વ જર્મની દ્વારા તેમણે રશીઆ જવાનો પ્રયત્ન કર્યો હતો અને ઠીક ઠીક મહેનતના પરિણામે જ્યારે તેમને અમુક દિવસો માટે રશીઆ જવાની પરવાનગી મળી ત્યારે, ત્યાંની કોઈ હોટેલમાં જગ્યા નહિ મળવાના કારણે, રશીઆ જવાનો વિચાર તેમને પડતો મૂકવો પડેલો. આ વખતે જુલાઈ માસમાં પોતાના વ્યવસાય અર્થે યુરોપ જવાનું બનતાં તેમણે રશીઆ જવાની પરવાનગી મેળવી લીધેલી, પણ આ પરવાનગી મોસ્કોમાં માત્ર ત્રણ દિવસ રહેવાની હતી. આ મુજબ તેઓ લંડનથી વિમાનમાર્ગે મોસ્કો ગયા હતા અને ત્રણ દિવસના ગાળામાં જેટલું જોવાય તેટલું જોઈને તેઓ પાછા ફર્યા હતા. સાધારણ રીતે આપણો એવો ખ્યાલ છે કે રશીઆનું સર્વ કાંઈ ઉત્કૃષ્ટ કોટિનું હોય છે–પછી તે એરપોર્ટ હોય, વાહનવ્યવહારનાં સાધનો હોય કે હોટેલ હોય, પણ શ્રી નવલભાઈનો અનુભવ જુદા જ પ્રકારનો હતો. તેમના કહેવા મુજબ એરપોર્ટ બહુ જ સામાન્ય પ્રકારનું, ટેકસીઓ જુની અને રદ્દી, હોટેલ તેમજ તેમાંની સગવડો તેમ જ તેમાં અપાતો ખોરાક, સર્વીસ વગેરે નિકૃષ્ટ કોટિનું હતું. તેમાંય નિરામિષાહારીને તો પેટ ભરવાનાં ફાંફાં. લોકોનાં કપડાં-લતાં પણ બહુ જ સાધારણ પ્રકારનાં. ત્યાંનાં સ્ટોર્સમાં જીવનની પ્રાથમિક જરૂરિયાતની ચીજો સરખા ભાવે મળે, પણ શોખની ચીજોના ખૂબ જ મોંઘા ભાવ હોય. હલકું કપડું ઠીક ભાવે મળે, પણ ઊંચા કપડાના ભાવ આકાશી હોય. હોટેલમાં પણ અપેક્ષિત સુઘડતા કે સ્વચ્છતા ન મળે. ખોરાકમાં ગણીગાંઠી ચીજો મળે. વિવિધતા ઓછી. હોટેલમાં પીરસાનારી–પ્રત્યેક દિવસનાં ભોજનની–વાનીઓ સરકારે નકકી કરેલી હોય અને તે નાની કે મોટી–સોંઘી કે મોંઘી–બધી હોટેલમાં એક સરખી જ મળે. આમ તેમના મન ઉપર પડેલી છાપ નિરાશાની – અસુવિધાની–હતી. ત્યાંની જાણીતી ગોર્કી સ્ટ્રીટ આપણા હોર્નબી રોડ જેવી તેમને લાગી. મોસ્કોમાં સૌથી મહત્ત્વનું સ્થળ ક્રેમલીન અને રેડ સ્કવેર ગણાય છે. તે આપણા કોઈ રાજા મહારાજાની રિસાયત જેવું લાગે. સ્ટોરોમાં જ્યાં ત્યાં જરૂરની ચીજો લેવા માટે કયુ–લાઈન–લાગેલી જોવામાં આવે. આ ઉપરથી ચીજમાત્રની મોટા ભાગે રશીઆમાં અછત હોય એવું લાગે. બોલ્શાઈ થીએટરમાં પણ તેમને કશું અસામાન્ય કે અસાધારણ ન લાગ્યું. આ બધાની સરખામણીએ લેનીન મ્યુઝીયમ તેમને ભારે ભવ્ય લાગ્યું. તે જોઈને તેઓ ખૂબ રાજી થયા. આવી રીતે મોસ્કોના મધ્ય ભાગથી તા. ૧૧–૧૨ માઈલ દૂર નાના ટેકરા ઉપર આવેલું ત્યાંની યુનિવર્સિટીનું ૨૨ માળનું મકાન, ત્યાંની ગોઠવણ તથા વ્યવસ્થા જોઈને પણ તેમને ખૂબ વિસ્મય તેમજ આલ્હાદ થયો. સૌથી વધારે વિસ્મયજનક ત્યાંની ટ્યુબ રેલ્વે અને તેનાં ભૂગર્ભમાં ઊભાં કરવામાં આવેલાં સ્ટેશનોની રચના લાગી. તેઓ ત્યાં હતા એ દિવસોમાં ભરવામાં આવેલું ભારતનું પ્રદર્શન પણ તેમણે જોયું. એનું આયોજન પણ તેમના કહેવા મુજબ ખૂબ ભવ્ય અને ત્યાંનાં પ્રજાજનોને પ્રભાવિત કરે તેવું હતું. તેમણે જણાવ્યું કે, આ બધું ઉડતી નજરે જોનારના મન ઉપર પડે તે પ્રકારનું ચિત્ર છે, તેને સમગ્ર ચિત્ર કહી ન શકાય.

એક બાબતે તેમનું ખાસ ધ્યાન ખેંચ્યું. ત્યાંના ઘણા ખરા સરકારી તેમ જ બીનસરકારી કામો ઉપર ઓફિસોમાં, સ્ટોરોમાં, હોટેલોમાં તેમ જ ટ્રામ બસોમાં ઘણા મોટા ભાગે સ્ત્રીઓને જ કામ કરતી જોવામાં આવે છે. આનું કારણ વિચારતાં તેમજ ત્યાંના લોકો સાથે વાત કરતાં તેમને એમ માલમ પડયું કે, સશકત પુરૂષોની મોટા ભાગે સૈન્યમાં જ ભરતી કરવામાં આવે છે, અથવા તો કોઈ ને કોઈ લશ્કરી પ્રવૃત્તિમાં ત્યાંનો પુરૂષવર્ગ મોટા ભાગે રોકાયલો રહે છે.

એક બીજો અભિપ્રાય પણ તેમણે રજુ કર્યો કે, જ્યારે પશ્ચિમના અન્ય દેશો સમાજવાદ તરફ ઢળતા જાય છે, leftist–વામ-માર્ગી–બનતા જાય છે ત્યારે રશીઆ અન્તિમ વામમાર્ગ છોડીને દક્ષિણ માર્ગ તરફ ઢળતું જાય છે, rightist થતું જાય છે. લોકોના જીવન ઉપરનાં નિયંત્રણો ઘટતાં જાય છે. સ્ટેલીન એ કુશ્ચેવ નથી અને શરૂઆતનો કુશ્ચેવ આજનો કુશ્ચેવ નથી. તેમના કહેવા મુજબ આપણને રશીઆમાં ફરતાં ભાષાની મુશ્કેલી ખૂબ આડે આવે છે, પણ બીજી રીતે હવે ત્યાં ફરવા હરવામાં કે કોઈને મળવા કરવામાં કોઈ પ્રતિબંધ કે જાસુસી નથી અને પરદેશના સંખ્યા-બંધ લોકો રશીઆમાં જ્યાં ત્યાં ફરતા હોય છે. આ રીતે રશીઆ બાકીની દુનીઆથી અલગ ન રહેતાં દિવસે દિવસે વધારે નજીક આવી રહ્યું છે.

એક બીજી બાબત પણ તેમણે જણાવી ઉપર જણાવેલી shortage–જીવનની જરૂરિયાતની ચીજોની ખૂબ અછત–તરફ કુશ્ચેવનું હવે સવિશેષ ધ્યાન ખેંચાયું છે. આજ સુધી રાજ્યની શકિત શસ્ત્ર સામગ્રીના ઉત્પાદન પાછળ કેન્દ્રિત હતી, પણ હવે તેની

નીતિનો ઝોક ' consumers' goods '–ચાલુ વપરાશની ચીજો–મોટા પાયા ઉપર પેદા કરવા તરફ વળતો જાય છે. લોકોને સુખી કરવાનો અને સંતુષ્ટ રાખવાનો આ એક જ માર્ગ છે એમ હવે તેમને માલુમ પડ્યું છે.

આ પ્રમાણે શ્રી નવલભાઈએ સવા કલાક સુધી પોતાનાં સ્મરણો અને અનુભવો સંભળાવ્યા અને પ્રવાસની કથા હંમેશાં રમ્ય જ હોય છે. એ મુજબ તેમને પૂરાં રસપૂર્વક સાંભળી રહેલાં ઉપસ્થિત ભાઈ–બહેનોએ ઊંડી પ્રસન્નતા અનુભવી.

રત્નચિંતામણિ સ્થા.જૈન હાઈસ્કૂલનો મનોરંજન કાર્યક્રમ

તા. ૧૫-૮-૬૩ ના રોજ ભારતીય વિદ્યાભવનમાં રત્નચિંતામણિ સ્થાનકવાસી જૈન ગર્લ્સ હાઈસ્કૂલના વાર્ષિક દિન ઉદ્યાપન નિમિત્તે સંસ્થાના સંચાલકો તરફથી એક મનોરંજન કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં હાસ્કૂલમાં ભણતી બહેનો તરફથી પ્રાર્થના, એ. સી. સી. પરેડ, એક ગરબો, શૂટીંગના પ્રયોગો, સમૂહ વાદ્યવાદન, લાવણી નૃત્ય, અને ટીખ્ખણી નૃત્ય–આમ વિવિધ વસ્તુઓ રજુ કરવામાં આવી હતી અને સંસ્થાના મંત્રી શ્રી ખીમચંદ મગનલાલ વોરા રચિત નેમ-રાજુલનો લગ્ન પ્રસંગ અને સંસારત્યાગને લગતી ઘટનાનું નિરૂપણ કરતી એક નાટિકા પણ ઉપર જણાવેલ કાર્યક્રમમાં સમાવિષ્ટ કરવામાં આવી હતી.

સાધારણ રીતે આવાં કાર્યક્રમો રજુ કરતી આગળ પડતી જૈનેતર સંસ્થાઓની સરખામણીમાં નૃત્ય, સંગીત, અભિનય, ગાયનવાદન વગેરેમાં જૈન શિક્ષણસંસ્થા કાંઈક પાછળ છે, અન્ય સંસ્થાઓની આ વિષયને લગતી કુશળતાને પહોંચીવળવા માટે હજી જૈન સંસ્થાઓએ ઠીક ઠીક પુરવણી કરવાની છે–આવી છાપ આ વિષયના સમીક્ષકોના મન ઉપર પડેલી જોવામાં આવતી હતી, પણ દિવસાનુદિવસ જૈન શિક્ષણસંસ્થાઓ પણ આ ક્ષેત્રમાં સારો વિકાસ સાધતી રહી છે. પરિણામે આજે જૈન શિક્ષણ સંસ્થાઓ અને જૈનેતર શિક્ષણ સંસ્થાઓના સાંસ્કૃતિક કાર્યક્રમોની રજુઆતમાં ગુણવત્તાની દૃષ્ટિએ કશું અંતર રહ્યું નથી - આ બાબતની પ્રતીતિ કરાવે એવો રત્નચિન્તામણિ સ્થાનકવાસી જૈન હાઈસ્કૂલનો ઉપર નિર્દેશેલો મનોરંજન કાર્યક્રમ હતો અને તે માટે શાળાના સંચાલકો અને શિક્ષકસમુદાયને અને વિશેષે કરીને સંસ્થાના મંત્રી શ્રી ખીમચંદ મગનલાલ વોરાને અનેક ધન્યવાદ ઘટે છે. ખીમચંદભાઈને સવિશેષ ધન્યવાદ એટલા માટે કે તેમને આ બાબતનો ઊંડો રસ છે, અનેક જૈન કથાનકોનું તેમણે નાટકના આકારમાં રૂપાન્તર કર્યું છે, તે બાબતની તેમની હથરોટી જામતી જાય છે અને આ બાળાઓને નાટય તેમ જ નૃત્યની દિશાએ તૈયાર કરવામાં તેઓ ખૂબ રસપૂર્વક ભાગ લે છે. તેઓ લેખક તો છે જ, સિદ્ધહસ્ત કવિ અને કળાકાર બનતા જાય છે.

પ્રીલીમીનરી પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીને યુનિવર્સિટીની પરીક્ષામાં બેસતાં અટકાવો નહિ !

ઉપર જણાવેલી રત્નચિંતામણિ સ્થાનકવાસી ગર્લ્સ હાઈસ્કૂલ તરફથી યોજાયેલા મનોરંજન કાર્યક્રમ પ્રસંગે ભરવામાં આવેલ સભામાં થયેલાં વિવેચન દ્વારા જાણવા મળ્યું કે, સાધારણ રીતે એસ. એસ. સી. ની પરીક્ષા પહેલાં દરેક શાળા તરફથી એક preliminary examination–પૂર્વપરીક્ષા–લેવામાં આવે છે અને તેમાં જે પસાર થાય તેને એસ. એસ. સી. ની રીતસરની પરીક્ષામાં બેસવાની રજા આપવામાં આવે છે. આ નિયમને અનુસરવાને બદલે, રત્નચિન્તામણિ સ્થા. ગર્લ્સ હાઈસ્કૂલના એસ. એસ. સી. ના વર્ગમાં લગભગ ૯૦ વિદ્યાર્થિનીઓ હતી, તેમની પૂર્વપરીક્ષાનું પરિણામ જોતાં આશરે ૧૦ વિદ્યાર્થીનીઓ એવી હતી કે જેમને ચાલુ સ્વીકૃત ધોરણ અનુસાર 'ફોર્મ'–પરીક્ષામાં બેસવાની પરવાનગી આપતું પત્ર–આપી ન શકાય. એમ છતાં સંસ્થાના સંચાલકો તરફથી એસ. એસ. સી. ની બધી વિદ્યાર્થિનીઓને યુનિવર્સિટીની એસ. એસ. સી. ની પરીક્ષામાં બેસવા માટે 'ફોર્મ' આપવામાં આવ્યા, અને ચકિત કરે એવી હકીકત તો એ છે કે, આવું સાહસ ખેડવા છતાં આ સંસ્થાનું પરિણામ ૯૮ ટકા આવ્યું. આનો અર્થ એ થયો કે યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા માટે નાલાયક લેખાય એવી બહેનોને પણ જો તક આપવામાં આવે તો તેઓ અલબત્ત વિશેષ મહેનત કરીને તેમ જ અન્ય કોઈ શિક્ષકની મદદ લઈને પણ પાસ થઈ શકે છે અને તેમનું આખું વર્ષ બગડતું અટકે છે. આ ઉપરથી સરકારે તેમજ યુનિવર્સિટીઓએ ધડો લેવો જોઈએ કે, પ્રીલીમીનરી પરીક્ષાઓ ભલે લેવાય, પણ તેમાં નાપાસ થનાર વિદ્યાર્થીને યુનિવર્સિટીની પરીક્ષાના દ્વાર સુધી જતો અટકાવવામાં આવે છે–આવી વર્ષોથી ચાલી આવતી પરંપરા, ઉપરના પ્રત્યક્ષ પ્રમાણના પ્રકાશમાં, એકદમ બંધ કરવી ઘટે છે. આ પરંપરાથી અનેક વિદ્યાર્થીઓ નાસીપાસી અને નિરાશાના ભોગ બને છે અને તેમના આખા જીવન ઉપર તેની ભારે ઘાતક અસર પડે છે. પ્રીલીમીનરી પરીક્ષા વિદ્યાર્થીઓ માટે ચેતવણી રૂપ ભલે હોય, કે જેથી જે નબળો વિદ્યાર્થી હોય તેને વધારે પ્રયત્ન કરીને યુનિવર્સિટીની પરીક્ષા પસાર કરવાની ચેતવણી મળે, પણ પ્રીલીમીનરીમાં નપાસ થયો એટલે હવે તેના વિષે બીજો કશો વિચાર જ ન થઈ શકે–આ નીતિ કેવળ જડ છે અને ઊગતી અનેક જીવનકારકીર્દીઓ ઉપર કુઠારાઘાત કરનારી છે અને તેથી તેનો તો હવે સત્વર અન્ત આણવો ઘટે છે.

એક ખુલાસો

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પ્રગટ થયેલ 'સંઘે યોજેલું સ્નેહ સંમેલન' એ મથાળા નીચેના લેખમાં પંડિત બેચરદાસ – બહુમાન,–પ્રકરણમાં 'શ્રી માંગરોળ જૈન સભાના નામે ઓળખાતી સંસ્થામાં' પંડિત બેચરદાસે આપેલા અમુક વ્યાખ્યાનનો ઉલ્લેખ છે. આમાં જણાવેલ શ્રી માંગરોળ જૈન સભા અથવા તો શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભા આજે પણ અસ્તિત્વ ધરાવે છે, અને તેની હસ્તક મુંબઈની બહુ જાણીતી એવી શ્રી શકુન્તલા કાંતિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ હાઈસ્કૂલ ચાલે છે. 'આ જાણવા છતાં તમે એ સભા વિષે આ રીતે કેમ લખ્યું ?' એમ એક મિત્ર પૂછે છે. મારે કબૂલ કરવું જોઈએ કે, સંસ્થાનું ઉપર મુજબનું વર્ણન વાંચતાં કોઈને પણ એવો ભ્રમ ઉત્પન્ન થાય કે, આવી કોઈ સંસ્થા આજે અસ્તિત્વ ધરાવતી નથી. અને એટલા પૂરતું એ લખાણ જરૂર ભૂલભરેલું ગણાય. પણ આવો કોઈ ભ્રમ ઉત્પન્ન કરવાની બુદ્ધિ નહિ હોવા છતાં, મેં એમ કેમ લખ્યું હશે અથવા તો મારાથી એમ કેમ લખાઈ ગયું હશે એનો વિચાર કરતાં એટલો ખુલાસો કરવાની જરૂર લાગે છે કે, એ દિવસો એટલે કે ૧૯૧૬-૧૭ની સાલમાં એ સંસ્થા તરફથી અવાર-નવાર જાહેર ભાષણો યોજાતાં અને એ રીતે એ સંસ્થા જૈન સમાજમાં ખૂબજ જાણીતી હતી. આજે એ સંસ્થા અસ્તિત્વ ધરાવતી હોવા છતાં, સામાન્ય જનતાના મનમાંથી, અને એ રીતે મારા મનમાંથી લગભગ ભૂલાઈ ગયા જેવી બની ગઈ છે અને તેની મુખ્ય પ્રવૃત્તિરૂપ શ્રી શકુન્તલા કાંતિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ હાઈ સ્કૂલ એ સંસ્થા જ આજે ખૂબ જાણીતી રહી છે, જેમ કે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ દ્વારા જન્મભૂમિ પત્ર ચાલે છે–પણ લોકો જન્મભૂમિને જ જાણે છે, સૌરાષ્ટ્ર ટ્રસ્ટને સાધારણ રીતે જાણતા નથી. આવી સ્મરણક્ષતિ ઉપર જણાવેલ ભૂલ માટે જવાબદાર છે. આટલા ખુલાસા ઉપરથી તે મિત્રને ખાત્રી થશે કે, મુંબઈ અને માંગરોળ જૈન સભાને અવગણવાનો મારો કોઈ ઈરાદો નહોતો.

પરમાનંદ

શ્રી. હરીશભાઇ વ્યાસનો જાહેર વાર્તાલાપ

તા. ૨૧-૯-૬૩ શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં છેલ્લા ત્રણ વર્ષ સુધી ગુજરાતમાં પદયાત્રા કરીને મહારાષ્ટ્રમાં પ્રવેશેલા સર્વોદય કાર્યકર્તા શ્રી. હરીશભાઇ વ્યાસનો સર્વોદય વિચારણા અંગે જાહેર વાર્તાલાપ યોજવામાં આવેલ છે.

મંત્રીઓ : મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી ભવાનજીભાઈ સાથે સંઘના સભ્યોનું મિલન

તા. ૧૧-૯-૧૯૬૩ ને બુધવારના રોજ ન્યુ મરીન લાઈન્સ ઉપર આવેલા 'મનોહર' માં સાંજના ૬-૧૫ વાગ્યે મુંબઈની પ્રોવીન્શિયલ કૉંગ્રેસ કમિટિના તાજેતરમાં ચૂંટાયેલા પ્રમુખ શ્રી ભવાનજી અરજણ ખીમજી સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોનું એક મિલન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના સભ્ય ભાઈ–બહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં.

શ્રી ભવાનજીભાઈનો પરિચય

પ્રારંભમાં માલિની બહેને પ્રાર્થના સાથે મંગળ ગીત ગાયું અને ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી ભવાનજીભાઈનો પરિચય આપતાં જણાવ્યું કે, "તમારામાંનું કોઈ ભવાજીભાઈને જાણતું ન હોય એમ તો બને જ નહિ. આમ છતાં પણ તેમની નજીકમાં આવવાના પ્રસંગો સાધારણ રીતે બહુ ઓછા બને છે. એ કારણે તેમના વિશિષ્ટ વ્યક્તિત્વની ભિન્ન-ભિન્ન બાજુઓ વિષે તમે અજાણ હો અથવા પૂરા જાણકાર ન હો એમ બનવાજોગ છે. વર્ષો પહેલાં તેઓ મારા મિત્ર અને એ વખતના એક સહકાર્યકર્તા સ્વ. કકલભાઈની બાજુએ રહેતા હતા ત્યારથી તેમને હું જાણું છું. કકલભાઈ એ વખતે આપણા સંઘની કાર્યવાહીમાં તેમ જ જૈન સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં ખૂબ આગળ પડતો ભાગ લેતા હતા. સાન્તાક્રુઝ પશ્ચિમ વિભાગમાં કકલભાઈનો બંગલો હતો અને તેમની બાજુએ ભવાનજીભાઈનો બંગલો હતો. કકલભાઈનો ભવાનજીભાઈ સાથે ખૂબ નિકટનો સંબંધ હતો અને તે કારણે ભવાનજીભાઈને અવાર-નવાર મળવાનું બનતું હતું. એ દિવસોમાં તેઓ પોતાના વ્યાપાર વ્યવસાયમાં ખૂબ નિમગ્ન દેખાતા હતા, અને કૉંગ્રેસી રાજકારણમાં તેમજ મુંબઈના જાહે જીવનમાં તેઓ આટલા બધા આગળ આવશે એવી તે વખતે તેમના વિષે કોઈ કલ્પના મને આવી ન હતી. આ ૧૯૨૫-૩૦ની સાલની વાત છે. ત્યારથી અમારો સંબંધ આજ સુધી એકસરખો ચાલુ રહ્યો છે, આજે અમે એકબીજાને સારી રીતે ઓળખીએ છીએ, એમ છતાં તેમની સાથે નિકટતાનો મારો કોઈ દાવો નથી. તેમને બીજા કરતાં કાંઈક વધારે નજીકથી જોતો–સાંભળતો રહ્યો છું અને તેમના વિષે આદર અનુભવતો રહ્યો છું.



* શ્રી ભવાનજીભાઇ *

"તેમના વિષે જન્મભૂમિ–પ્રવાસીમાં પ્રગટ થયેલી નોંધ ઉપરથી માલૂમ પડે છે કે ભવાનજીભાઈના પૂર્વજો કચ્છમાંથી વિદર્ભમાં આવેલા ખામગામમાં જઈને વસ્યા હતા. ત્યાં ૧૯૦૨ માં ભવાનજીભાઈનો જન્મ થયો હતો. રૂના વ્યાપારની કૌટુંબિક પેઢીમાં કામ કરીને ૧૯૨૬ માં તેઓ યુરોપ ગયા હતા. ત્યાંથી તેઓ પાછા આવ્યા ત્યારે ગુજરાતમાં જળસંકટને લગતી રેલ–રાહતના કામમાં પડેલા સરદાર વલ્લભભાઈ પટેલના તેઓ સીધા સંપર્કમાં આવ્યા અને ત્યારથી તેમને જીવનની નવી દૃષ્ટિ સાંપડી. આગળ ચાલતાં ગાંધીજીના સંપર્કે ભવાનજીભાઈને એક સામાન્ય વેપારીમાંથી એક દેશ સેવકમાં પલટાવ્યા અને તેમણે સવિનય સત્યાગ્રહની લડતમાં ઝંપલાવ્યું. એ અરસામાં મુંબઈની ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બર એ વખતે દેશમાં ચાલી રહેલી સવિનય સત્યાગ્રહની લડત પ્રત્યે અનુકૂળ વલણ દાખવતી નહિ હોવાના કારણે, મુંબઈની વેપારી સંસ્થાઓનું મહામંડળ એ નામની એક સંસ્થા શેઠ મથુરાદાસ મટાણીના પ્રમુખપણા નીચે ઊભી કરવામાં આવી હતી. આ સંસ્થા ઊભી કરવામાં ભવાનજીભાઈનો ઘણો હાથ હતો. આ મહામંડળે અંગ્રેજ સરકારને પડકારી હતી અને તેની આગેવાની નીચે નીકળેલા વેપારીઓના ભારે ભવ્ય સરઘસને સરકારે બોરી બંદર પાસે કલાકો સુધી અટકાવ્યું હતું. એ જ અરસામાં ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરના રાજકારણી ક્ષેત્રે પ્રત્યાઘાતી વલણનો સામનો કરવા માટે ભવાનજીભાઈ અને અન્ય સાથીઓએ મળીને ચેમ્બરની અંદર જ એક રાષ્ટ્રવાદી જૂથ ઊભું કર્યું હતું અને એ જૂથની ચેમ્બરમાં બહુમતી ઊભી થતાં, એ દિવસોમાં વ્યાપારીઓના પ્રતિનિધિ હોવાના દાવા સાથે સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસ ૧૯૩૦ના અંત ભાગમાં લંડન ખાતે યોજાયેલી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન ગયેલા–તેઓ અમારા કે વ્યાપારીઓના કોઈ પ્રતિનિધિ નથી એવો ચેમ્બર પાસે ઠરાવ પસાર કરાવીને એ રાષ્ટ્રવાદી જૂથે સર પુરુષોત્તમદાસને ભારે શિકસ્ત આપી હતી.

"આ સવિનય સત્યાગ્રહની લડતના દિવસોમાં મુંબઈ ખાતે વેપારી બજારોમાં અવાર-નવાર હડતાળો પડતી હતી અને બધા વ્યાપારો ખોરંબે પડતા હતા. આની રૂના વ્યાપાર સાથે જોડાયેલી અંગ્રેજ પેઢીઓના વ્યાપાર ઉપર બહુ ગંભીર અસર પડી હતી અને તેથી ઉશ્કેરાઈ જઈને બ્રિટિશ હિંદની સરકારને દમનનાં સખ્ત પગલાં ભરવા માટે તે અંગ્રેજ પેઢીઓ ભારે દબાણ કરી રહી હતી. આ સામે ભવાનજીભાઈ અને તેમના અન્ય સાથીઓએ આગેવાની લઈને ૧૯૩૨ની સાલમાં અહિંના રૂના વ્યાપારીઓ પાસે ભારે સજ્જડ બહિષ્કાર કરાવ્યો હતો, આથી ઉશ્કેરાઈને અંગ્રેજ સરકારે ભવાનજીભાઈની ધરપકડ કરી હતી. તેના પરિણામે મુંબઈમાં ૧૪ દિવસની બધા વ્યાપારી બજારોમાં હડતાળ પડી હતી. પણ આખરે એ બ્રિટિશ પેઢીઓને 'ભારતને સ્વરાજ્ય આપવું જોઈએ–ભારતને પરદેશી હકુમતમાંથી મુક્ત થવાનો પૂરો અધિકાર છે' એ મતલબનો ઠરાવ કરવો પડ્યો હતો, જેના પરિણામે હડતાળ પાછી ખેંચી લેવામાં આવી હતી અને ભવાનજીભાઈને છૂટા કરવામાં આવ્યા હતા. આમ ભવાનજીભાઈ કૉંગ્રેસી રાજકારણના ગે રંગાતા રહ્યા અને પ્રજાજનોમાં તેમના વિષે ચાહ અને આદર વધતો રહ્યો. ૧૯૪૦ અને ૧૯૪૨ ની 'ક્વીટ ઈન્ડિયા' ની લડતમાં પણ તેમણે ભાગ લીધો અને ઠીક ઠીક સમય સુધી જેલવાસ તેઓ ભોગવતા રહ્યા. ૧૯૪૮ ની સાલમાં ભવાનજીભાઈ ઈન્ડિયન મરચંટસ ચેમ્બરના પ્રમુખ થયા હતા.

"આમ મુંબઈના જાહેર જીવનમાં તેમ જ મુંબઈની કોંગ્રેસમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરવા સાથે કચ્છ અને મુંબઈમાં વસતા કચ્છી-પ્રજાજનોનાં સુખદુઃખની તેઓ સતત કાળજી કરતા રહ્યા હતા. ૧૯૪૨ કે ૧૯૪૩ ની સાલમાં મુંબઈની ગોદીમાં પડેલી સ્ટીમરોમાંના બોંબ ફાટવાથી મોટો ધડાકો થયો હતો અને ગોદી વિભાગમાં તથા વડગાદીમાં વસતા લોકોની જાનમાલની ભારે ખુવારી થઈ હતી. આમાં કચ્છી સમુદાય પણ મોટા ભાગે સંડોવાયો હતો. તે બધા લોકોને રાહત પહોંચાડવાના કાર્યની જવાબદારી મોટા ભાગે તેમણે ઉપાડી હતી. બે કે ત્રણ વર્ષ પહેલાં કચ્છના અંજાર વિભાગમાં ધરતીકંપ થયો અને ખૂબ નુકશાની થઈ હતી. આ વખતે પણ ખૂબ પરિશ્રમ લઈને મુંબઈથી કચ્છના અનેક આંટાઓ ખાઈને, પ્રાદેશિક સરકાર તથા કેન્દ્રિય સરકાર પાસેથી બને તેટલી મોટી રકમો કઢાવીને, અંજાર બાજુના લોકોને તેમણે ખૂબ રાહત પહોંચાડી હતી અને ભાંગેલા લોકોને ઊભા

કર્યા હતા. હજુ હમણાં જ કચ્છમાં વરસાદ નથી અને દુષ્કાળ પડવાના ભણકારા વાગી રહ્યા છે એ જાણીને તેઓ કચ્છ દોડી ગયા હતા. આ તો બે ચાર દાખલા આપ્યા છે, પણ આપણને આઝાદી મળ્યા બાદ તેઓ કચ્છના અતિ નિકટ સંપર્કમાં રહ્યા છે, કચ્છને ઉંચે લાવવા માટે અથાક પરિશ્રમ કરી રહ્યા છે, જ્યારે પણ કચ્છને ભીડ પડી છે ત્યારે તેઓ કચ્છ દોડી ગયા છે અને કચ્છ એટલે ભવાનજીભાઈ અને ભવાનજીભાઈ એટલે કચ્છ એ પ્રકારનું તેમણે કચ્છ સાથે તાદાત્મ્ય કેળવ્યું છે. અને એનું કારણ એ છે કે કચ્છ આઝાદી મળ્યા પહેલાં ભારતથી સાવ અલગ રહ્યું હતું અને ત્યાંના રાજાઓ કેવળ જુનવાણી વલણના હોઈને કચ્છને બને તેટલું પછાત રાખવામાં જ કચ્છનું હિત જોતા હતા. આઝાદી મળ્યા પહેલાં કચ્છનું બાકીના ભારત સાથે રેલ્વે જોડાણ પણ શકય બન્યું નહોતું. પછાત વર્ગો માફક ખૂબ જ પછાત રહી ગયેલા કચ્છને ઉંચે લાવવું, આબાદ કરવું, તેના બધા ઉદ્યોગ વધારવા – એ દિશાના પુરુષાર્થને ભવાનજીભાઈએ પોતાનું જીવનકાર્ય માન્યું છે.

"તાજેતરમાં ત્યાંની સામાન્ય ચૂંટણીમાં ભવાનજીભાઈ હારી ગયા એમ છતાં એ વાતને ભવાનજીભાઈએ જરા પણ મન ઉપર લીધી નથી, કચ્છ વિષેની તેમની મમતામાં જરા પણ ઘટાડો થયો નથી, તેમ જ ચૂંટણી-પરાજયની કાળી ટીલી દૂર કરવાની મથામણમાં ભવાનજીભાઈ બિલકુલ પડયા નથી.

"આવા ભવાનજીભાઈનો મુંબઈની કોંગ્રેસ સાથેનો સંબંધ પણ ઉત્તરોત્તર વધતો રહ્યો છે. મુંબઈની કોંગ્રેસના અધિષ્ઠાતા – તેઓ અહિની કોંગ્રેસના પ્રમુખ હોય કે ન હોય તો પણ – માન્યવર શ્રી એસ. કે. પાટીલના ભવાનજીભાઈ એક અત્યંત વિશ્વાસપાત્ર એવા સાથી છે. શ્રી પાટીલની ગેરહાજરીમાં ભવાનજીભાઈનું અહિની કોંગ્રેસ ઉપર ખૂબ વર્ચસ પ્રવર્તતું રહ્યું છે. તાજેતરમાં તેઓ મુંબઈની કોંગ્રેસના બીનહરીફ પ્રમુખ તરીકે ચૂંટાયા છે. ભાવનજીભાઈ આપણામાંના એક હોઈને આપણા માટે આ અતિ ગૌરવ અને આનંદનો વિષય છે.

"ભવાનજીભાઈને મેં સદા શાંત અને સ્વસ્થ જોયા છે. તેમની વાણીમાં પણ સંયમ અને સ્વસ્થતા અનુભવી છે. ભાગ્યે જ તેમના વચનોમાં આવેશ કે ઉશ્કેરાટનો અનુભવ થાય છે. આપણા કેટલાક નેતાઓ જ્યાં જ્યાંથી મળે ત્યાંથી આગેવાની શોધતા હોય છે. જ્ઞાતિમાં પણ આગેવાન, કોમમાં પણ આગેવાન, સમાજમાં પણ આગેવાન અને કોંગ્રેસમાં પણ આગેવાન. કેટલાકમાં પ્રત્યાઘાતી કોમવાદ અને પ્રાગતિક રાષ્ટ્રવાદનું ન સમજાય એવું વિચિત્ર મિશ્રણ દેખાય છે. ભવાનજીભાઈના વ્યકિતત્વમાં આવી કોઈ વિસંવાદી બાંધછોડ કે આગેવાનીની ઘેલછા જોવામાં આવતી નથી. રાષ્ટ્રને એટલે કે કોંગ્રેસને સંપૂર્ણપણે વફાદાર રહીને જ્યાં જેની જે રીતે સેવા થઈ શકે ત્યાં તેની તે રીતે તેઓ સેવા કરતા રહ્યા છે. સભાઓ ગજાવવી અને લોકોમાં આવેશ પેદા થાય તેવાં ભાષણો કરવા–એ તેમના સ્વભાવમાં નથી. સંયમપૂર્ણ વાણીપ્રયોગ અને મિતભાષિતા આ તેમની વિશેષતા છે. વિદ્વાન કે સાહિત્યકાર નહિ હોવા છતાં પોતાના વિચારોને યોગ્ય રીતે રજૂ કરવા જેટલું તેમનામાં વાણીસામર્થ્ય તેમ જ ભાષાસ્વામિત્વ છે. વ્યાપારી હોવા છતાં તેમનામાં છીછરાપણું નથી; ધનાઢય હોવા છતાં તેમનામાં ઘમંડ નથી; આગેવાન હોવા છતાં તેમનામાં તોછડાઈ કે તુમાખી નથી. નમ્રતા અને સૌજન્યથી તેમ જ ઉચ્ચ કોટિના શીલથી તેમનું વ્યકિતત્વ શોભી રહ્યું છે. ભવાનજીભાઈના કોઈ એક ગુણની મારા મન ઉપર વધારે સચોટ છાપ હોય તો તે છે વિચાર, વાણી અને વર્તનમાં નીતરતું એવું તેમનું શાણપણ.

આવા ભવાનજીભાઈ આપણી વચ્ચે આવે અને એક સ્વજન માફક વાતો કરે એમ હું ઘણા વખતથી ઈચ્છતો હતો. તાજેતરમાં તેઓ બી. પી. સી. સી. ના પ્રમુખ થયા એટલે એ ઈચ્છા બળવત્તર બની. તેમની પાસે ગયો, મારી ઈચ્છા તેમની સામે રજૂ કરી. તેમણે સહજ ભાવે મારી માગણી સ્વીકારી. તેમની ઈચ્છા હતી કે સન્માનવિધિના ઉપચાર સિવાય આપણે પરિવારની રીતે અને પરિવારના આકારમાં મળીએ. અમે એ રીતે આ સંમેલન ગોઠવ્યું છે. આપણી ઈચ્છા અને માગણીને માન આપીને તેઓ આપણી વચ્ચે અહિ આવ્યા છે. તેમને સંઘ તરફથી હું આવકારું છું." *

અન્ય વિવેચનો

ત્યાર બાદ ભવાનજીભાઈના વ્યકિતત્વના ઉપર જણાવેલ પાસાઓમાંથી એક અથવા અન્ય પાસાને આગળ ધરીને અન્ય મિત્રોએ વિવેચન કર્યું હતું. સંઘના પ્રમુખ **શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ**એ ભવાનજીભાઈને આવકાર આપતાં જણાવ્યું કે, "ભવાનજીભાઈ સાથે મારો ત્રણ દાયકાઓનો સંબંધ છે અને લગભગ ઉક્ત સંસ્થાઓમાં તેમની સાથે કે તેમની નીચે કામ કરવાની મને તક સાંપડી છે. ઈન્ડિયન મરચન્ટસ ચેંબરમાં તેમ જ કૉંગ્રેસમાં મેં તેમની સાથે કામ કર્યું છે. કચ્છમાં જાઉં તો જ્યાં ત્યાં મને તેમની સેવાઓ અંકિત થયેલી દેખાય છે. આ બાજુએ ૧૯૫૬ ના દુષ્કાળને લોકો યાદ કરે છે. અમારા કચ્છમાં વિક્રમ સંવત ૧૯૯૬ એટલે કે, ઈ. સ. ૧૯૪૦ માં પડેલા દુષ્કાળને એ જ રીતે ત્યાંના લોકો યાદ કરે છે. કચ્છ માટે આ દુકાળ એટલો જ વિષમ હતો. એ વખતે ભવાનજીભાઈએ લાખો રૂપિયા એકઠા કરીને કચ્છને પાર વિનાની રાહત પહોંચાડી હતી. આવી વ્યકિત આપણી વચ્ચે આવે અને આપણા બનીને આપણી સાથે વાર્તાલાપ કરે એ આપણા સંઘ માટે ગૌરવપ્રદ બનાવ છે."

શ્રી લીલીબહેન પંડ્યાએ મુંબઈના જાહેર જીવનમાં પ્રવેશ કર્યા બાદ પોતાને ભવાનજીભાઈ તરફથી કેટલું ઉપયોગી માર્ગદર્શન અને હુંફ મળતાં રહ્યાં છે અને કુંડલાનો વિકાસ કરવામાં તેઓ ઈજનેર ન હોવા છતાં તેમણે એક ઈજનેરને શોભાવે એ પ્રકારની કેવી કુશળતા તેમણે દાખવી છે તેનો ખ્યાલ આપ્યો.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ચાલુ વિવેચનોમાં પોતાનો સૂર પુરાવતાં, આજે સંઘ સાથે ભવાનજીભાઈએ જે સંબંધ બાંધ્યો છે તે લાંબા સમય સુધી ચાલુ રહે એવી આશા વ્યકત કરી અને આગળ ચાલતાં જણાવ્યું કે, "સરદાર વલ્લભભાઈ પટેલે કૉંગ્રેસમાં વ્યાપારીઓનો સાથ મેળવવા માટે જે અમુક વ્યાપારીઓને ખાસ પસંદ કર્યા હતા તેમાં ભવાનજીભાઈનું અગ્રસ્થાન હતું. વળી, ચેમ્બરને કૉંગ્રેસ તરફ–આઝાદીની લડત તરફ–વાળવામાં તેમણે આગેવાનીભર્યો ભાગ ભજવ્યો હતો. ભારતની પર્લામેન્ટમાં અમે સાથે હતા ત્યારે મેં તો તેમનામાં માત્ર કચ્છનું જ રટણ જોયું હતું. આમ છતાં કચ્છે આ વખતે તેમને ન ચૂંટયા એ એક ભારે આશ્ચર્યકારક ઘટના બની છે. પ્રજાનું મન ભારે ચંચળ હોય છે. તે આજે કોઈને સિંહાસન ઉપર બેસાડે છે અને આવતી કાલે તેને નીચે ફેંકી દે છે. આવી ચંચળ પરિસ્થિતિમાં, તાત્કાલિક વાહ વાહથી ફૂલાઈ ન જવું અને હાર મળે તો હતાશ ન બનવું – રાજકારણના ક્ષેત્રમાં કામ કરનારે આવી ચિત્તની સ્થિરતા–સમતા–કેળવવાની રહે છે અને ભવાનજીભાઈમાં આવી સ્થિરતાનું–સમતાનું–આપણને નિર્વિવાદ દર્શન થયું છે. આજે તેમણે સ્વીકારેલી જવાબદારી નાની સુની નથી. તેઓ શાંત છે, સ્વસ્થ છે, કુનેહથી કામ લેતાં તેમને આવડે છે. આપણે આશા રાખીએ કે, બી. પી. સી. સી. ના પ્રમુખ તરીકે પ્રજાજનો પાસેથી પૂરી સમજાવટ અને કુનેહથી કામ લઈને તેમને – તેમનાં દિલને–કૉંગ્રેસ તરફ તેઓ વાળી લે."

શ્રી કે. પી. શાહે પ્રસ્તુત વિવેચનના અનુસંધાનમાં માટુંગામાં ગુજરાત કેળવણી મંડળ ઊભું કરીને અમુલખ અમીચંદ વિવિધલક્ષી

* પ્રબુદ્ધ જીવનના વાચકોને લક્ષમાં લઈને મૂળ વકતવ્યને જરા વિસ્તાર્યું છે. તંત્રી

વિદ્યાલય જેવી–ભારતભરમાં જેણે નામના મેળવી છે એવી – શિક્ષણ સંસ્થાની રચના કરવામાં અને એ રીતે કેળવણીના ક્ષેત્રે ભવાનજીભાઈએ જે ફાળો આપ્યો છે તેનો ઉલ્લેખ કરીને ભવાનજીભાઈની કાર્યનિષ્ઠાની પ્રશંસા કરી.

સંઘના ઉપ-પ્રમુખ **શ્રી લીલાવતીબહેન દેવીદાસે** પુષ્પ-હારથી ભવાનજીભાઈનું સન્માન કર્યું.

શ્રી ભવાનજીભાઈનું વકતવ્ય

આગળના સર્વ વકતાઓનો અને આવો મિલનપ્રસંગ યોજવા બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો આભાર માનતાં ભવાનજી-ભાઈએ જણાવ્યું કે, "આ પ્રસંગે પરમાનંદભાઈ સાથે મેં જે સમજુતી કરી હતી તેમાં કાંઈક ભંગ થયો છે અને સન્માન વિધિ જેવું કશું નહિ થાય એમ કબૂલાત અપાયા છતાં આખરે કાંઈક સન્માન વિધિ જેવું જ બની બેઠું છે અને આ કરારભંગ માટે મારે નુકશાનીનો શી રીતે દાવો માંડવો એ બાબતમાં હું ચીમનભાઈ પાસે માર્ગદર્શન માંગું છું. પણ હકીકતમાં હું એમ સમજું છું કે, ગમે તેટલી સમજુતી કરો અને ખાત્રીઓ મેળવો, એમ છતાં અંતરનો ઉમળકો દાબ્યો દબાતો નથી અને પ્રેમ આવાં બંધન સ્વીકારતો નથી. એટલે અહિ જે થયું અને બોલાયું એ બધું મારે આ ભાવથી–કશો પણ વિરોધ કર્યા સિવાય– સ્વીકારી લેવું રહ્યું. પરમાનંદભાઈ સાથે મારો ૩૦ વર્ષથી પણ વધારે મુદતનો સંબંધ છે. તેમને અવાર-નવાર મળવાનું થયું છે અને મળવાનું બને ત્યારે ચાલુ ઘટનાઓ સંબંધે વિચાર – વિનિમય થતાં અમે મોટા ભાગે એકમતી અનુભવી છે. એ જ રીતે સંઘ સાથે પણ, વિશેષત: મારા સ્વ. મિત્ર કકલભાઈના કારણે, તેની સ્થાપના થઈ ત્યારથી આજ સુધી, હું ચાલુ સંપર્કમાં રહ્યો છું અને તેથી સંઘના ચોપડે હું સભ્ય છું કે નહિ તેની મને ખબર નથી, એમ છતાં પણ સંઘનો હું આજીવન સભ્ય છું એવો હું અનુભવ કરતો રહ્યો છું * આમ જણાવીને જન્મના પ્રારંભથી આજ સુધીના પોતાનાં જીવનમાં બનેલી અનેક ઘટનાઓનો તેમણે ઉલ્લેખ કર્યો અને પોતે રાષ્ટ્ર સેવા તરફ શી રીતે વળ્યા તેનો તેમણે ખ્યાલ આપ્યો અને ત્યાર બાદ કચ્છની છેલ્લી ચૂંટણીમાં પોતે કયા સંયોગોમાં હાર્યા તેનું વિવરણ કરતાં તેમણે જણાવ્યું કે, "જે રીતે અને જે સાધનોના ઉપયોગ વડે એ ચૂંટણી લડવામાં આવી છે એ જોતાં ચૂંટણીનું એ પરિણામ પ્રજાના મતનું પ્રતિ-બિંબ જરા પણ પાડતું નથી એમ જાણવા અને માનવા છતાં, ચાલુ સભ્યતા મુજબ વિજેતા કુમાર હિંમતસિંહજીને મેં અભિનંદન આપ્યાં હતા, અને આવા જયપરાજય વિષે ઉદાસીન રહીને જેના વિષે મારા દિલની આત્મીયતામાં કશો પણ ફરક પડયો નથી તેવા કચ્છી પ્રજાજનોની સેવા માટે હું સદા ઉત્સુક રહ્યો છું અને રહું છું."

બબ્બે વખત ટાળ્યા પછી બી. પી. સી. સી.નું પ્રમુખપદ સ્વીકા-રવાનું કેમ બન્યું તે સંબંધમાં તેમણે કેટલીક અંગત હકીકતો જણાવીને સ્પષ્ટતા કરી કે, "બી. પી. સી. સી. ના પ્રમુખની ચૂંટણી થવા પહેલાં, કામરાજ યોજનાને આપવામાં આવેલું અમલી રૂપ અને તેના પરિણામે પાટીલ સાહેબનું મુંબઈ પાછા ફરવાનું બન્યું હોત તો આ જવાબદારી કદાચ મેં સ્વીકારી ન હોત, પણ અહિ મારૂં ચૂંટાવું અને દિલ્હીથી પાટીલનું છૂટા થવું એ બન્ને ઘટના, જાણે કે ઈશ્વરી સંકેત હોય એમ, લગભગ એકજ દિવસે બનવા પામી છે.

"મેં મારી જાતને સરદારના શિષ્ય તરીકે લેખી છે અને તેમની પાસેથી શિસ્તનું મહત્ત્વ શિખ્યો છું, અને એટલા માટે જ્યારે હું ચૂંટણીમાં હાર્યો ત્યારે મારે રાજ્યસભામાં જવું એવી મિત્રોની સૂચના હતી અને એ શક્ય પણ હતું, એમ છતાં સામાન્ય ચૂંટણીમાં હારેલ વ્યકિત આવી રીતે રાજ્યસભામાં જઈને બેસે તે મને શિસ્તની દ્રષ્ટિએ કોઈ પણ રીતે યોગ્ય કે વ્યાજબી ન લાગ્યું અને તેથી તેનો મેં કદી વિચાર જ ન કર્યો".

* શ્રી ભવાનજીભાઈ સંઘના વર્ષોથી આજીવન સભ્ય છે જ. તંત્રી

તેમણે આગળ ચાલતાં જણાવ્યું હતું કે, "આજે માત્ર મહારાષ્ટ્ર અને મદ્રાસ એવાં રાજ્યો છે કે, જ્યાં સંસ્થાકીય અને વહીવટી પાંખ વચ્ચે હજુ કોઈ પણ પ્રકારનું ઘર્ષણ પેદા થયું નથી. બાકી બધેય કાંઈ ને કાંઈ ગરબડ ચાલી રહી છે. આપણું ઘર સ્વચ્છ નથી, તંદુરસ્ત નથી. આજે આપણે ગાંધીજીને ભૂલતા જઈએ છીએ. socialist pattern of society—સમાજવાદી ઢબની રચના—ના નામે left તરફ – ડાબેરી બાજુતરફ-આપણે વધારે ને વધારે ઢળતા જઈએ છીએ. જ્યારે દુનિયા ગાંધીજીને વધારે ને વધારે યાદ કરતી થતી જાય છે ત્યારે આપણા નેતાઓના મોઢે ગાંધીજીનું નામ આવવું જોઈએ એટલું આવતું નથી અને ગાંધી વિચારસરણી વિસરાતી જાય છે. રાજકારણને ગંદું માનવામાં આવે છે, સારા માણસો બાજુએ સરતા જાય છે અને તકવાદી માણસો કૉંગ્રેસનાં સત્તાસ્થાનો પ્રાપ્ત કરવા માટે આગળ આવી રહ્યા છે. પરિણામે સંસ્થામાં નિર્બળતા – શિથિલતા – પસરતી જાય છે. આવી કૉંગ્રેસની દુ:ખજનક પરિસ્થિતિ છે અને એમ છતાં કૉંગ્રેસ સત્તા સ્થાન ઉપર છે અને તેનો મુકાબલો કરે એવા અન્ય કોઈ રાજકીય પક્ષના અભાવે, તે સત્તાસ્થાન ઉપર ચાલુ રહેવાની છે. તો આપ ભાઈઓ અને બહેનોને મારી વિનંતિ કે આપ કૉંગ્રેસ – અભિ-મુખ બનો, તેના સભ્યો થાઓ, તે વિષે સક્રિય બનો અને એ રીતે કૉંગ્રે-સની શુદ્ધિ કરવાના મહાન કાર્યમાં આપનાથી બને તેટલો મને સાથ અને સહકાર આપો."

ત્યાર બાદ સંઘના મંત્રી **શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે** ભવાન-જીભાઈનો આભાર માનતાં એક કુટુંબ પરિવારમાં બેઠા હોય અને સ્વ-જનો સાથે મુકત મનથી વાર્તાલાપ કરતા હોય એ પ્રકારનાં ભવાનજી-ભાઈના સરળ છતાં સુશ્લિષ્ટ પ્રસાદાત્મક વકતવ્ય વિષે પોતાના અંતરનો આનંદ વ્યકત કર્યો અને આ રીતે અવાર-નવાર તેઓ અમારી સમક્ષ, અમારી વચ્ચે આવતા રહે અને તેમની સાથે વિચાર-વિનિમય કરવાની તક આપતા રહે એવો તેમણે ભવાનજીભાઈને અનુરોધ કર્યો, અને ત્યાર બાદ સાદા અલ્પાહાર સાથે આ સ્નેહસંમેલન લગભગ પોણા બે કલાક બાદ વિસર્જિત કરવામાં આવ્યું.

અન્યત્ર યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળા

મુંબઈ ખાતે માટુંગા–શિવ વ્યાખ્યાનમાળા સમિતિના ઉપક્રમે યોજાયેલી વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો.

વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	વર્તમાન સમયમાં જૈન ધર્મ
દસ્તુરજી મિનોચહેર હોમજી	સર્વધર્મ સિદ્ધાંતો
ડૉ. રમણલાલ સી. શાહ	હેમચંદ્રાચાર્ય
શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી	રામાયણ
અધ્યાપિકા ઈલાબહેન આચાર્ય	સ્ત્રીઓનું જૈન ધર્મમાં સ્થાન
શ્રી પાંડુરંગ શાસ્ત્રી	તત્વજ્ઞાન
પ્રાધ્યાપક જ્યોતીન્દ્ર હ. દવે	રસશાસ્ત્ર અને જીવન
સ્વામી અખંડાનંદ સરસ્વતી	સ્વામી વિવેકાનંદનો સંદેશ

વિષયસૂચિ

	પૃષ્ઠ
બહેન વિમળા ઠકાર સાથેનો પત્રવિનિમય	૯૫
પર્યુષણ વ્યાખ્યાનમાળા: સમાલોચના પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા	૯૮
પ્રકીર્ણ નોંધ: રશીઆના ત્રણ દિવસના પરમાનંદ	૧૦૧
પ્રવાસનાં આછાં સ્મરણો, રત્નચિંતામણિ સ્થા. જૈન હાઈસ્કૂલનો મનોરંજન કાર્યક્રમ, પ્રીલીમીનરી પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીને યુનિવર્સિટીની પરીક્ષામાં બેસતા અટકાવો નહિ, એક ખુલાસો.	
શ્રી. ભવાનજીભાઈ સાથે સંઘના સભ્યોનું મિલન.	૧૦૩

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન નોંધાયલો ફાળો

* મુંબઇ જૈન યુવક સંઘ *

૧૪૮૦/૨૯ ઝોળીમાં આવ્યા.
૫૦૦/૦૦ શ્રી નવલમલ કુંદનમલ ફીરોદિયા
૩૦૦/૦૦ શ્રી ચીમનલાલ પી. શાહ
૨૫૧/૦૦ શ્રી હીરાબેન દીપચંદ સંઘવી
૨૫૦/૦૦ શ્રી મહેન્દ્રભાઈ દીપચંદ સંઘવી
૨૫૧/૦૦ શ્રી ખીમજી માડણ ભૂજપુરિયા
૨૫૧/૦૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૫૧/૦૦ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૨૫૧/૦૦ શ્રી રમણિકલાલ મણિલાલ શાહ
૨૫૧/૦૦ શ્રી નાથાલાલ એમ. પારેખ
૨૫૧/૦૦ શ્રી મધુરીબહેન અમૃતલાલ શાહ
૨૦૧/૦૦ શ્રી નરોત્તમદાસ વાડીલાલ
૨૦૧/૦૦ એક બહેન તરફથી
૨૦૧/૦૦ શ્રી રમણલાલ ચંદુલાલ શાહ
૨૦૦/૦૦ શ્રી દામજીભાઈ વેલજી શાહ
૨૦૦/૦૦ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૦૦/૦૦ શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૨૦૦/૦૦ શ્રી લીલાધર પાસુ શાહ
૨૦૦/૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૦૦/૦૦ શ્રી નરેન્દ્રભાઈ ગુપ્તા
૧૫૧/૦૦ શ્રી ફત્તોહચંદ લલ્લુભાઈ શાહ
૧૦૧/૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૧૦૧/૦૦ શ્રી લલિતાબહેન લાલભાઈ શાહ
૧૦૧/૦૦ શ્રી ધીરજલાલ મોરારજી અજમેરા
૧૦૧/૦૦ શ્રી જગજીવનદાસ સુખલાલ અજમેરા
૧૦૧/૦૦ શ્રી લખમશી નેણસી
૧૦૧/૦૦ ડૉ. જે. એમ. લાખાણી
૧૦૧/૦૦ ધી જનરલ સ્પેર્સ એન્ડ એન્જીનિયરિંગ કું.
૧૦૧/૦૦ શ્રી કે. એમ. દીવાનજી
૧૦૧/૦૦ શ્રી નૌતમલાલ દીપચંદ શાહ
૧૦૧/૦૦ શ્રી નાનાલાલ જે. કોઠારી
૧૦૧/૦૦ શ્રી વીરચંદ પાનાચંદની કું.
૧૦૧/૦૦ શ્રી ઈશ્વરદાસભાઈ ભાટીયા
૧૦૦/૦૦ શ્રી એમ. બી. વોરા
૧૦૦/૦૦ શ્રી રતિલાલ નરસીભાઈ મહેતા
૧૦૦/૦૦ શ્રી શાદીલાલજી જૈન
૧૦૦/૦૦ શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી
૭૫/૦૦ શ્રી મણિલાલ બાલાભાઈ નાણાવટી
૫૧/૦૦ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
૫૧/૦૦ શ્રી રમણલાલ લાલભાઈ લાકડાવાળા
૫૧/૦૦ શ્રી ભગવાનદાસ પોપટલાલ
૫૧/૦૦ શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ
૫૧/૦૦ શ્રી ખેતસી માલસી સાવલા
૫૧/૦૦ શ્રી સુબોધભાઈ એમ. શાહ
૫૦/૦૦ શ્રી જસુમતીબહેન મનુભાઈ કાપડિયા
૫૧/૦૦ શ્રી લીલાવતીબહેન ચુનીલાલ કામદાર
૫૦/૦૦ મોંઘીબહેન હીરાલાલ શાહ
૫૧/૦૦ સેવંતીલાલ ખેમચંદ
૫૧/૦૦ શ્રી કાંતાબહેન કસ્તુરલાલ ઝવેરી
૫૧/૦૦ શ્રી અંબાલાલ ચતુરભાઈ શાહ
૫૧/૦૦ શ્રી જયંતીલાલ અંબાલાલ શાહ
૫૧/૦૦ શ્રી ગુણપતલાલ મગનલાલ ઝવેરી
૫૦/૦૦ શ્રી ગજરાબહેન
૫૦/૦૦ શ્રી નરશી કોરસીની કું.
૫૧/૦૦ શ્રી હિંમતલાલ લાડકચંદ
૫૧/૦૦ શ્રી તારાબહેન ન્યાલચંદ મહેતા
૫૧/૦૦ શ્રી દેવેન્દ્ર એન. શાહ
૫૧/૦૦ શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ
૫૧/૦૦ શ્રી ચંચળબહેન ટી. જી. શાહ
૫૧/૦૦ શ્રી ચંદ્રાબહેન પારેખ
૫૦/૦૦ શ્રી સુરજબહેન કોઠારી
૪૫/૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૩૫/૦૦ શ્રી વિજયાબહેન દુર્લભજી પરીખ
૩૧/૦૦ શ્રી મંગળદાસ ગોપાલદાસ
૨૫/૦૦ શ્રી લીલાવતીબહેન દેવીદાસ
૨૫/૦૦ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
૨૫/૦૦ શ્રી ચંદુલાલ સાંકળચંદ શાહ
૨૫/૦૦ શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા
૨૫/૦૦ શ્રી માનબાઈ પદમસી
૨૫/૦૦ શ્રી મેનાબહેન નરોત્તમદાસ
૨૫/૦૦ શ્રી મણિબહેન સવચંદ કાપડિયા
૨૫/૦૦ શ્રી ધીરજલાલ મલુકચંદ દોશી
૨૧/૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૫/૦૦ શ્રી મોહનલાલ નગીનદાસ ઝરીવાળા
૨૫/૦૦ શ્રી મહેન્દ્રભાઈ શાન્તીલાલ શાહ
૨૫/૦૦ શ્રી નંદલાલ છગનલાલ
૨૫/૦૦ શ્રી દીપચંદ ટી. શાહ
૨૫/૦૦ શ્રી મણિબેન શિવલાલ
૨૫/૦૦ શ્રી રાયચંદ હીરાચંદ ઝવેરી
૨૫/૦૦ શ્રી તારાબહેન ચીમનલાલ ક્રોફ્
૨૫/૦૦ શ્રી જમનાદાસ જે. શાહ
૨૫/૦૦ શ્રી શાંતિલાલ કાળીદાસ એન્ડ બ્રધર્સ
૨૫/૦૦ શ્રી મણિલાલ ચીમનલાલ સોનાવાળા
૨૫/૦૦ શ્રી જે. પી. શાહ
૨૫/૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૫/૦૦ શ્રી વેણીબહેન કાપડિયા
૨૫/૦૦ શ્રી કાંતિલાલ નથુભાઈ પારેખ
૨૫/૦૦ શ્રી લવણપ્રસાદ ફૂલચંદ શાહ
૨૧/૦૦ શ્રી કેશરીચંદ બબલદાસ
૨૧/૦૦ શ્રી જોરમલ મંગળજી મહેતા
૨૧/૦૦ એક ભાઈ તરફથી
૨૦/૦૦ શ્રી એલ. વી. સંઘવી
૨૦/૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૫/૦૦ શ્રી સુશીલાબહેન કોઠારી
૧૫/૦૦ શ્રી સાંકળચંદ ભાઈચંદ
૧૫/૦૦ શ્રી રેખાબહેન કાપડિયા
૧૧/૦૦ શ્રી રમણિકલાલ વાડીલાલની કું.
૧૧/૦૦ શ્રી કાળીદાસ હરજીવન
૧૧/૦૦ શ્રી ખુશાલચંદ શાકરચંદ
૧૧/૦૦ શ્રી મોહનલાલ કુંવરજી
૧૧/૦૦ શ્રી નેમચંદ નાથાલાલ
૧૧/૦૦ શ્રી લીલાબહેન શાહ
૧૦/૦૦ શ્રી કસ્તુરબહેન મેશેરી
૧૧/૦૦ શ્રી રમેશચંદ્ર ચીમનલાલ
૧૦/૦૦ શ્રી પ્રવીણ શાહ
૫/૦૦ શ્રી કેશવલાલ નગીનદાસ શાહ
૫/૦૦ શ્રી દીપચંદ કેશરીમલ
૫/૦૦ શ્રી રમણિકલાલ મગનલાલ શાહ
૫/૦૦ એક ભાઈ તરફથી
૫/૦૦ શ્રી નાનાલાલ જમનાદાસ
૫/૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫/૦૦ શ્રી જીતેન્દ્ર કાંતિલાલ
૫/૦૦ શ્રી ભાણજી ઠાકરશી
૫/૦૦ શ્રી હીરજી ખીમજી
૫/૦૦ શ્રી જયાબહેન
૫/૦૦ શ્રી બાબુલાલ કેશવલાલ
૪/૦૦ શ્રી શાંતિલાલ અમૃતલાલ
૨/૦૦ એક ભાઈ તથા એક બહેન

૧૦૧૧૧/૨૯ કુલ

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય

૧૦૧/૦૦ મેસર્સ મોતીલાલ કલ્યાણદાસની કું.
૧૦૧/૦૦ શ્રી જીન સ્ટોર્સ કું.
૧૦૧/૦૦ શ્રી શિશિર એન્ડ કું.
૧૦૧/૦૦ શ્રી શાહ પટેલ એન્ડ કું.
૧૦૧/૦૦ શ્રી જે. પી. પારેખ
૧૦૧/૦૦ શ્રી એમ. કાંતિલાલની કું.
૧૦૧/૦૦ શ્રી મીલ્સ સ્ટોર કું.
૧૦૧/૦૦ શ્રી ભોગીલાલ રાયચંદ શાહ
૧૦૧/૦૦ શ્રી હીરાલાલ ગોકળદાસ એન્ડ કું.
૧૦૧/૦૦ શ્રી કમળાશંકર પી. જોષી એન્ડ કું.
૧૦૧/૦૦ શ્રી ચીમનલાલ દેસાઈ એન્ડ કું.
૧૦૧/૦૦ શ્રી જે. ખુશાલદાસની કું.,
૧૫૧/૦૦ શ્રી મશીન ટુલ્સ ટ્રેડર્સ
૧૫૧/૦૦ શ્રી અજમેરા એન્ડ કું.,
૨૫/૦૦ શ્રી મોહનલાલ નગીનદાસ ઝરીવાલા

૧૩૩૯/૦૦ કુલ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑક્ટોબર ૧, ૧૯૬૩, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

વિનોબાજીની ૬૮મી જન્મજયન્તી ઉપર ભારતના પ્રધાન મંત્રીના ઉદ્‌ગારો

"વિનોબાજીએ કરોડો માનવીઓનાં દિલ તથા દિમાગ ઉપર જેટલી અસર પાડી છે તેનો અન્દાજ કાઢવો કઠણ છે. ગામડાંઓમાં ભટકતા હોવા છતાં પણ તેઓ સતત પરિવર્તન પામી રહેલી દુનિયાને જેટલું અધિક સમજે છે તે વિષે આપણ સર્વને આશ્ચર્ય થાય છે. આ બન્ને દૃષ્ટિએ વિનોબાજી જેવું મહાન વ્યક્તિત્વ ધરાવતો માનવી કોઈ પણ ઠેકાણે છે નહિ અથવા તો કદાચ કોઈ ઠેકાણે પેદા થશે પણ નહિ.

"ચીનના હુમલા સંબંધમાં વિનોબાજીએ પોતાના જે વિચારો પ્રગટ કર્યા છે તે મને બિલકુલ યોગ્ય લાગ્યા છે. વિનોબાજીએ કેટલાક લોકો માફક એમ નથી કહ્યું કે, આપણે હથિયાર પડે ચીનનો મુકાબલો કરીશું. બલ્કે તેમણે એ વાત ઉપર જોર દીધું છે કે, આપણે ડરપોક ન બનીએ અને સાહસપૂર્વક દુશ્મનનો મુકાબલો કરીએ. આ રીતે વિનોબાજી લોકોને સાચા રસ્તા ઉપર ચાલવાની સલાહ આપીને જનતાની બુનિયાદી તાકાતને વધારી રહ્યા છે.

"ખામોશી, શાન્તિ અને પ્રેમ વડે લોકો ઉપર અસર પાડવી એ બુનિયાદી ચીજ છે, જે વિનોબાજી કરી રહ્યા છે. આપણા દેશમાં મોટા લોકોની પૂજા તો કરવામાં આવે છે, પણ તેમની વાતોને–ઉપદેશોને–સાંભળ્યા–ન સાંભળ્યા કરવાની પ્રવૃત્તિ ચાલે છે. વિનોબાજીએ ગાંધીજીની વાતોને માત્ર સાંભળી છે એટલું જ નથી, તેમણે પોતાના જીવનમાં ગાંધીજીની વાતોનો અમલ કરી દેખાડયો છે."

આ પ્રસંગ અંગે વિનોબાજીના એક પત્રમાંથી

".....આ બાજુ કાંઈ ને કાંઈ ખબરો તો મળતી હશે. એકાદ અઠવાડિયાથી મારા કાનની સાંભળવાની શકિત કદાચ રજા લઈ રહી છે. મારા મૌખિક પ્રશ્નોના ઉત્તર બાલને મને લખીને આપવા પડે છે, અથવા તો બહુ જોરથી બોલવું પડે છે. મારો એક પગ આ દુનિયામાં છે અને બીજો પગ બીજી દુનિયામાં છે. જેના બન્ને પગો હજુ પણ આ દુનિયામાં છે તેમણે હવે ભાર ઉઠાવવો પડશે."

આપણા વિનોબાજી

શ્રી વિનોબાજીના જન્મદિને 'ભૂમિપુત્ર' નો વિશેષાંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે એ જાણી આનંદ થયો. તમે મને કંઈક લખવા કહ્યું છે. હું તો ભારે વિમાસણમાં પડી છું. વિનોબાજી સાથેનો મારો સહવાસ નહીંવત છે. ૧૯૫૦ સુધી તો એમના નામથી કે કામથી હું પરિચિત સુદ્ધાં નહોતી. ૧૯૫૩ માં ભૂદાન આંદોલનમાં કામ કરવા લાગી. વિનોબાજીનાં પુસ્તકો વાંચી ગઈ. તેમ છતાં ૧૯૫૪ ના અંત સુધી એમની સાથે વાતચીત કરવામાં મને સંકોચ થતો હતો. ૧૯૫૫ થી ૧૯૬૨ સુધીના ગાળામાં એમને મળવાનો તથા એમની સાથે બેચાર દિવસ રહેવાના અનેક અવસર મળ્યા. તે દરમ્યાન જે જોયું તે પરથી એ ધ્યાનમાં આવ્યું કે એમના વ્યક્તિત્વના સમ્યક્ તેમ જ સમગ્ર આકલનની શકિત મારા જેવી તુચ્છ વ્યક્તિમાં છે જ નહીં. કોઈ પણ દૃષ્ટિકોણથી જોઈએ, વિનોબાજીનું ઊર્જિત (આંતરિક બળવાળું) વિભૂતિમત્ત્વ અસામાન્ય છે, અદ્વિતીય છે.

ભકિતયોગી વિનોબાનું દૈનિક જીવન વૈશ્વિક ભકિતનો એક સહજ સુંદર પાઠ છે. જ્ઞાનયોગી વિનોબાનું વૈશ્વિક ચિંતન અધ્યાત્મયુગનો મનોહર અરુણોદય છે. કર્મયોગી વિનોબાની અખંડ કર્મસાધના સાધકોનો પ્રેરણાસ્રોત છે. સંન્યાસી વિનોબાનો સહજ સંન્યાસ બ્રહ્મજિજ્ઞાસુઓનો માર્ગદર્શક છે. સખા વિનોબાનો નિતાંત મધુર સખ્યયોગ માનવનિષ્ઠાનો સજીવ નંદાદીપ છે. શિક્ષક વિનોબા અને જિજ્ઞાસુ વિનોબા મેઘધનુષની અદ્‌ભૂત સેરોની માફક એકમેકમાં ઓતપ્રોત છે. જેમને શિક્ષક બનવાની ઈચ્છા હોય એમણે વિનોબાજીના પાવન સહવાસમાં ભલે ને થોડા દિવસ પણ રહેવું જ જોઈએ. વિનોબાજીના જંગમ વિદ્યાલયમાં જે જ્ઞાનપ્રવાહ અનાયાસ વહેતો રહે છે તે એક અપૂર્વ વસ્તુ છે. સમગ્ર વ્યકિતત્વમાંથી ક્રાંતિકારિતા છલકી રહે છે. જો હું એમ કહું કે વિનોબાજી એક વ્યકિત નહીં બલ્કે એક ઘટના Phenomenon છે તો અશિયોકિત નહીં થાય.

વિનોબાજીએ ઉપાડેલું ભૂદાન આંદોલન આર્થિક ક્ષેત્રમાં અહિંસાનો અનુપમ પ્રયોગ છે, અર્થવ્યવસ્થામાં ક્રાંતિ લાવવા માટે આધ્યાત્મિક અધિષ્ઠાન પર આધારિત અહિંસામૂલક પ્રયોગ છે. મારું માનવું છે કે ક્રાંતિના વિજ્ઞાન તેમ જ કલામાં આ એક મૌલિક ફાળો છે.

જે વ્યકિતને મનુષ્યની મૂળભૂત સત્ પ્રવૃત્તિ પર નિગૂઢ શ્રદ્ધા નહીં હોય તે વ્યકિત ભૂદાન આરોહણની પ્રક્રિયાને સમજી જ નહીં શકે. વિચારપરિવર્તન દ્વારા ભૂમિ વ્યવસ્થામાં પરિવર્તન લાવવાનો આશય પોતે જ આધ્યાત્મિક છે.

જે માણસ પોતાના મનથી સ્વામિત્વની આકાંક્ષા તેમ જ સંગ્રહની અભિલાષાનું વિસર્જન નહીં કરે તે માણસ ભૂદાન-આરોહણમાં દેહથી ભલે ને સામેલ હોય, પણ તે વિનોબાજીનો સાથીદાર નહીં બની શકે.

વિનોબાજીએ ભારતને ગ્રામદાનનો મંત્ર આપ્યો, તેનું તંત્ર સમજાવ્યું, તેને વ્યવહારમાં ઉતારી દેખાડયું. ગ્રામદાન એટલે અર્થવ્યવસ્થાને વ્યકિતગત સ્વામિત્વ તથા સરકારી સ્વામિત્વની પકડમાંથી એક સાથે મુકત કરવાનો સરળ ઉપાય.

ભૂમિનું ગ્રામસ્વામિત્વ તથા ઉદ્યોગધંધામાં આંતરગ્રામીણ સહયોગનું દિશાસૂચન કરીને વિનોબાજીએ Participitative Democracy–સહયોગાત્મક લોકશાહી–નો પાયો નાંખ્યો છે. પક્ષાતીત લોકશાહી તરફ પગલાં કેવી રીતે ભરી શકાય એ સૂચવીને વિનોબાજીએ રાજનીતિશાસ્ત્રને સમૃદ્ધ બનાવ્યું છે.

ક્યાં સુધી લખું? અને શું શું લખું? વિનોબાજીના પ્રત્યેક શ્વાસમાં પ્રેમની સુગંધ છે, પ્રત્યેક વિચારમાં મૂલગામી ક્રાંતિકારી ચિંતનનો ઉન્મેષ છે, પ્રત્યેક વ્યવહારમાં અનાસકત સહયોગની નિર્મળતા છે.

વિનોબાજી વર્તમાન સામ્યવાદી વિચારસરણી તેમ જ જીવનપદ્ધતિ માટે એક જવલંત આહ્‌વાન છે. ભારત સરકાર ચીનના આક્રમણનો મુકાબલો કરીને ભારતની ભૂમિ બચાવી શકશે કદાચ. પરંતુ ભારતના આત્માને જો કોઈ બચાવવા ઈચ્છતું હશે તો તેણે વિનોબાજીએ દાખવેલ માર્ગ પર ચાલવું જ પડશે.

'ભૂમિપુત્ર'માંથી સાભાર ઉધ્ધૃત — વિમલા ઠકાર

સમ્યક્ ચિંતન

આચાર્ય ચાણક્યનું સુપ્રસિદ્ધ વાક્ય છે: 'બુદ્ધિસ્ તુ મા ગાત મમ' —મારું બધું જ ચાલ્યું જાય, પણ એક બુદ્ધિ ન જાય. ગીતામાં સ્થિતપ્રજ્ઞનો મહિમા વર્ણવતાં કહ્યું છે કે તેની પ્રજ્ઞા સદા સ્થિર રહે છે, ગમે તેવી પરિસ્થિતિમાં વિચલિત નથી થતી. આજે ભારતને માટે સૌથી મોટો ખતરો ન વિદેશી આક્રમણનો છે, ન આંતરિક અસંતોષ ને અશાંતિનો છે, બલ્કે આજે ખતરો તો એ છે કે, આ વખતે વિચારોની ગૂંચમાં ફસાઈને ક્યાંક આપણી બુદ્ધિ ડામાડોળ ન થઈ જાય. ગીતાએ કઠોર શબ્દોમાં કહ્યું કે, બુદ્ધિનાશથી સર્વનાશ થઈ જાય છે— બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ।

આપણા સદ્ભાગ્યથી આજે આપણી વચ્ચે વિનોબાજી જેવા સ્થિર બુદ્ધિવાળા સંત ઉપસ્થિત છે. એમની સતત એક જ કોશિશ રહી છે કે, આપણા ચિંતનની દિશા સાચી હોય. એક વાર સમુચિત ચિંતન થાય તો ધૃતિ ને ઉત્સાહયુક્ત આચરણ પણ થશે.

૧૯૪૫ ના આરંભના દિવસો. જેલની ઊંચી દિવાલો પાછળ બંદીવાન ભારતના કેટલાક સુપુત્રો ચર્ચા કરી રહ્યા હતા. કોઈએ કહ્યું: "ભારતનો ઈતિહાસ એમ કહે છે કે, અત્યાર સુધીમાં બધાં આક્રમણ સરહદ પ્રાંત બાજુ વાયવ્ય દિશામાંથી થયાં છે. બસ આ અંગ્રેજોનું જ આક્રમણ એવું હતું જે પશ્ચિમ સમુદ્રની બાજુથી થયું." વિનોબાજી સહજ બોલ્યા: "હા, પણ હવે જે આક્રમણ થશે તે બીજી જ દિશામાંથી થશે, ઈશાનમાંથી થશે."

ગાંધીવિચારના મહાન ભાષ્યકાર કિશોરલાલભાઈના 'ગાંધીજી અને સામ્યવાદ' પુસ્તકની વિસ્તૃત પ્રસ્તાવનામાં વિનોબાજીની કલમે કાળના પરદાને ખસેડીને જોયું કે, "જગતમાં અંતિમ સંઘર્ષ થશે સામ્યવાદ અને સર્વોદય વચ્ચે, કેમકે આ જ બે એવા વિચાર છે, જે સમગ્ર વિચાર છે."

૧૯૪૯ માં જ્યારે ચીનમાં સામ્યવાદી સરકારની સ્થાપના થઈ ત્યારે વિનોબાજીએ તેનું સ્વાગત કરતાં કહેલું કે, "વિચારોને કોઈ પણ રોકી નથી શકતું. ત્યાંના વિચાર અહીં આવશે અને અહીંના પણ ત્યાં જશે."

૧૯૫૧માં તેલંગણાની યાત્રા દરમ્યાન વિનોબાજી વારંવાર કહેતા કે "સામ્યવાદી કોઈ વાઘ-સિંહ નથી કે, તમારી બંદૂકનો શિકાર બનશે. તેઓ તો ચિંતનશૂર છે. એમની પાસે એક વિચાર છે, અને વિચારોનો સામનો વિચારથી જ થઈ શકે છે."

હમેશાં એમ કહેવામાં આવે છે કે, સર્વોદયવાળા Utopian આદર્શવાદી છે. જીવનની રોજબરોજની સમસ્યાઓ તરફ તેઓ ધ્યાન નથી આપતા. કદાચ આ આક્ષેપ કરનારા એ ભૂલી જાય છે કે, વિનોબાજી અને એમના સાથીદારો વિચારે છે આકાશની છાયામાં, પણ ચાલે છે તો ધરતી પર જ. 'જય જગત' નો મંત્ર આખા દેશમાં ગજવતા વિનોબાજી જનતાને આગ્રહ કરતા હતા કે "તમારા ગામનું આયોજન તમે પોતે નહીં કરો, ગામને માટે પર્યાપ્ત અનાજ, કાપડ તથા જીવનની મુખ્ય જરૂરિયાતોનું ઉત્પાદન ગામમાં જ નહીં કરો તો યુદ્ધના વખતમાં કેમ ટકી શકશો?" અને જનતાની સરકારને કહી રહ્યા હતા કે "ગ્રામદાન Defence measure સંરક્ષણનું પગલું છે." જ્યારે 'હિંદી - ચીની ભાઈ - ભાઈ' નું વાતાવરણ પૂરજોશમાં હતું તેવે વખતે પણ વિનોબાજી દેશના સંરક્ષણ માટે ગામેગામને મજબૂત બનાવવાની વાત કહી રહ્યા હતા.

તેઓ કહેતા જતા હતા અને આપણે સાંભળતા જતા હતા. બાર બાર વરસથી તેઓ આપણને ચેતવી રહ્યા હતા, જગાડી રહ્યા હતા. તેમ છતાં આપણે ન જાગ્યા. આખરે પડોશીએ આપણને જગાડ્યા અને આપણે આંખો ચોળીને વિચારવા લાગ્યા કે હવે કંઈક કરવું જોઈએ. કંઈક કરવા પણ લાગ્યા છીએ. પરંતુ જો સમ્યક્ ચિંતન નહીં હોય તો કદાચ આપણે એવો માર્ગ પકડીશું, જે સર્વનાશનો હશે. પણ 'જાગ્યા ત્યારથી સવાર.' હજીયે આપણે જાગીએ અને જાગૃત રહી કામ કરીએ તો ઈતિહાસ આપણને ક્ષમા કરી શકે છે.

વિનોબાજીનું માનવું છે કે, "આપણી પાસે એક એવો વિચાર છે, જે ન અમેરિકા પાસે છે, ન ઈંગ્લાંડ પાસે. એમની પાસે જો કે, શસ્ત્રાસ્ત્રોની ખોટ નથી પણ કોઈ વિચાર છે નહીં. આપણી પાસે સર્વોદય વિચાર છે, જે એક પૂર્ણ વિચાર છે, જે સર્વ પ્રાણીમાત્રનું કલ્યાણ ઈચ્છે છે. બાકીના બધા આંશિક વિચાર છે, સામ્યવાદ પણ આંશિક વિચાર છે, જે માનવતાના એક ટુકડાની, પછી ભલે ને તે ગમે તેટલો મોટો ટુકડો કેમ ન હોય, ભલાઈ ઈચ્છે છે. હિંસા દ્વારા ક્રાંતિ કરવાનો વિચાર ક્રાંતિવિચાર નહીં, બલ્કે ભ્રાંતિવિચાર છે. ક્રાંતિ તો અહિંસાથી જ થઈ શકે છે. અહિંસાના ઉપાસકોએ આજે એ સાબિત કરી દેખાડવાનું છે કે, અહિંસા દ્વારા ભૂમિની વ્યક્તિગત માલિકી નાબૂદ થઈ શકે છે. પાંચ હજાર ગામોનાં ગ્રામદાન અહિંસાની વ્યવહારુતાનો પરિચય અવશ્ય આપી રહ્યા છે, પણ અહિંસાની શક્તિનું દર્શન તો ત્યારે જ થશે જ્યારે પાંચ લાખ ગામોનાં ગ્રામદાન થશે."

બંગાળની એક સભામાં હમણાં જ વિનોબાજીએ કહ્યું હતું કે, "અમેરિકા ને રશિયા જેવા દેશો પાસે હિંસાની શક્તિ છે ખરી, પણ હવે હિંસા પ્રત્યેની એમની ભક્તિ રહી નથી. જ્યારે આપણા જેવા દેશો પાસે હિંસાની શક્તિ નથી, છતાં હિંસાની ભક્તિનો નવેસરથી આરંભ કરી રહ્યા છે. આ તો મૂર્ખાઈની હદ આવી ગઈ!" આપણાં ગામો આત્મનિર્ભર બને, પોતાનું શિક્ષણ, રક્ષણ ને પોષણની જવાબદારી પોતે ઉઠાવતા થાય તો ભારત સરકારે લાચાર થઈને શસ્ત્રાસ્ત્રોની ભીખ માગવી ન પડે. ગ્રામદાન, ગ્રામસ્વરાજ્ય, શાંતિસેનાના કાર્યક્રમને ઉપાડવાથી જ ભારત પોતાના સ્વધર્મનું પાલન કરી શકશે.

આજ સુધી ભારત શાંતિનો જપ કરતું રહ્યું, પણ જપની સાથે આવશ્યક તપ એણે નથી કર્યું. બ્રહ્મદેવને પણ સૃષ્ટિનિર્માણના કાર્ય માટે તપ કરવું પડ્યું હતું. તો આપણે શું શાંતિનો કેવળ ઉદ્‌ઘોષ કર્યા કરીશું તેનાથી વિશ્વશાંતિ ને વિશ્વમૈત્રી સાધી શકીશું? શાંતિની શક્તિના નિર્માણ માટે આપણે જે તપ કરવું જોઈતું હતું તેના અભાવમાં આજે આપણી વાણી જાણે કુંઠિત થઈ રહી છે, બુદ્ધિ ડામાડોળ થઈ રહી છે, મન ભ્રમિત થઈ રહ્યું છે. આપણે અણુપ્રયોગો પર પ્રતિબંધ મૂકતા કરાર પર સહી પણ કરી રહ્યા છીએ અને બીજી બાજુ શસ્ત્રાસ્ત્રો પણ વધારી રહ્યા છીએ. આ બધાં અર્જુન લક્ષણ છે, જે એમ કહી રહ્યાં છે કે આપણે સ્વધર્મ ભૂલી રહ્યા છીએ. અણુયુગની સમસ્યાઓનો અહિંસક ઉકેલ શોધીને વિશ્વને વિચારસૂત્ર અને સ્નેહસૂત્રથી જોડવું એ ભારતનો ધર્મ છે. આજે આપણે ભગવદ્‌ગીતાને શરણે જવું જોઈએ, જેથી આપણે આપણા સ્વધર્મનું પાલન કરી શકીએ.

'ધર્મસંમૂઢચેતાઃ' બાંધવોને વિનોબાજી ગીતા-સંદેશ સંભળાવી રહ્યા છે: "જે હિમાલય પહેલાં તોડવાનું કામ કરતો હતો તે હવે જોડવાનું કામ કરી રહ્યો છે. એણે ભારત અને ચીનને કાયમને માટે પડોશી બનાવી દીધા છે. આપણો સંબંધ હવે 'રોજે કયામત' ચાલુ રહેવાનો છે. આ સંબંધને મધુરતામાં પરિણત કરવાથી વિશ્વશાંતિ થશે અને કટુતામાં પરિણત કરવાથી વિશ્વવિનાશ! હવે આપણે માટે અવસર આવ્યો છે કે ગામેગામમાં ગ્રામસ્વરાજ્યની સ્થાપના કરીને આપણે સર્વોદય વિચારને ચીન મોકલી શકીએ છીએ. હવે આપણે નવી યાત્રા કરવાની છે. 'સર્વોદય વિચારનું ગંગાજળ લઈને ચીન જવાનું છે."

આપણે આપણી આઝાદીને ટકાવવા માગીએ છીએ; તેઓ આપણને—જગતને આઝાદ બનાવવાનો માર્ગ દેખાડી રહ્યા છે. આપણે સંરક્ષણની સમસ્યાથી ભયભીત છીએ; તેઓ આપણને વિચારના આક્રમણની રીત દાખવી રહ્યા છે. આપણે એ ન ભૂલીએ કે આપણે માત્ર ચીનથી બચવું નથી, બલ્કે ચીનને બચાવવું છે. માત્ર પરાજયને ટાળવો નથી, બલ્કે વિજયને પ્રાપ્ત કરવો છે. આ એવો વિજય હશે જેમાં કેવળ ભારતનો જ નહીં, બલ્કે સમસ્ત જગતનો વિજય હશે.

'ભૂમિપુત્ર'માંથી સાભાર ઉધ્ધૃત. નિર્ભિક દેશપાંડે

ગુજરાતનો રાજકારણી ઝંઝાવાત: એક આલોચના

તાજેતરમાં ગુજરાત એક મોટા રાજકારણી ઝંઝાવાતમાંથી પસાર થયું છે, જેના પરિણામે ડૉ. જીવરાજ મહેતાને ગુજરાતના મુખ્ય પ્રધાનપદ ઉપરથી નિવૃત્ત થવું પડ્યું છે અને તેમના સ્થાન ઉપર શ્રી બળવંતરાય મહેતાની નિમણૂંક થઈ છે. ૧૯૬૧માં ભાવનગરમાં રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન થયું એ સમયના કૉંગ્રેસ પ્રમુખ શ્રી સંજીવ રેડ્ડીએ કૉંગ્રેસના વહીવટી તંત્રમાં નવું લોહી આવતું રહે એ હેતુથી વહીવટી તંત્રમાં દશ વર્ષ સુધી અધિકારસ્થાન ઉપર રહેલા કૉંગ્રેસી પ્રધાનો તેમજ ધારાસભ્યો નિવૃત્ત થાય અને તેમનું સ્થાન નવલોહીઆ કૉંગ્રેસીઓ લે, એવી એક સૂચના અધ્યક્ષ તરીકેના પોતાના પ્રવચનમાં કરેલી અને એ સૂચના ગુજરાતના સર્વોચ્ચ નેતા તરીકે લેખાતા માન્યવર શ્રી મોરારજીભાઈએ અપનાવીને તેને ગુજરાતની વિધાનસભા પૂરતી અમલી બનાવવાનો પ્રયત્ન કર્યો અને તે સામે ડૉ. જીવરાજ મહેતા, શ્રી રસિકલાલ પરીખ અને શ્રી રતુભાઈ અદાણીએ વિરોધ કરીને આગામી સામાન્ય ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઊભા રહેવાનો આગ્રહ દાખવ્યો, અને એ પ્રશ્ન ઉપર શ્રી મોરારજીભાઈને નમતું આપવું પડ્યું, ત્યારથી આ ઝંઝાવાતનાં બીજ રોપાણાં હતાં. ત્યારબાદ થયેલી સામાન્ય ચૂંટણીનું પરિણામ ધારણાથી તદ્દન ઉલટું આવ્યું, ગુજરાત કૉંગ્રેસના વરિષ્ઠ મંડળમાં કલ્પાયલું પ્રધાનમંડળ અસ્તિત્ત્વમાં આવી ન શકયું અને ડૉ. જીવરાજ મહેતાને મુખ્ય પ્રધાન તરીકે સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન રહ્યો, અને માન્યવર મોરારજીભાઈના આશીર્વાદ સાથે તેઓ એ પદ ઉપર આરૂઢ થયા. આ અણકલ્પી વિચિત્ર ઘટનાએ કૉંગ્રેસની સંસ્થાકીય પાંખ અને વહીવટી પાંખ વચ્ચે વિસંવાદ ઊભો કરનારી એક નવી પરિસ્થિતિ પેદા કરી. ત્યારબાદ આ વર્ષના પ્રારંભમાં શિહોરના એક કૉંગ્રેસી ધારાસભ્ય પાસે રાજીનામું અપાવવામાં આવ્યું અને તેને લગતી પેટાચૂંટણીમાં શ્રી બળવંતરાય મહેતા ઊભા રહ્યા અને બહુ મોટી બહુમતીપૂર્વક સફળ થયા. આ વિજયથી ભાવનગરના ચૂંટણીપરાજયની તેમણે માની લીધેલી કાળી ટીલી ભૂંસાણી કે ન ભૂંસાણી એ તો કોણ જાણે? પણ એ સાથે આ ઘટનામાંથી રાજકારણી કાવાદાવા અને ખટપટનું એક નવું પ્રકરણ શરૂ થયું. અને ત્યારથી કૉંગ્રેસની બે પાંખો વચ્ચેના ઘર્ષણને નવો વેગ મળ્યો અને સમયાન્તરે બે પાંખો વચ્ચે એક અભેદ્ય દિવાલ ઊભી થઈ. કામરાજ યોજનાને અમલી રૂપ આપતાં એક બાજુએ માન્યવર મોરારજીભાઈનું ભારતના અર્થસચિવ તરીકેનું રાજીનામું ઓગસ્ટની ૨૪ મી તારીખે સ્વીકારવામાં આવ્યું અને બીજી બાજુએ ગુજરાતનું પ્રધાનમંડળ હતું એમ ને એમ કાયમ રહ્યું. પરિણામે આ રીતે સવિશેષ સ્થિર બનેલા ડૉ. જીવરાજને પ્રધાનમંત્રીના સ્થાન ઉપરથી ખસેડવાની છુપી રીતે ચાલી રહેલી હીલચાલ નગ્ન સ્વરૂપમાં બહાર આવી અને પરિસ્થિતિએ ઉગ્ર આકાર ધારણ કર્યો.

અને પછી તો વીજળીવેગે બનાવો બનવા માંડ્યા. સપ્ટેમ્બરની પહેલી તારીખે વિરોધી જુથ અને જીવરાજભાઈ સાથેના મતભેદોનો નીકાલ લાવવાનું કાર્ય માન્યવર મોરારજીભાઈની લવાદી ઉપર છોડવાની માંગણી કરતો ૭૩ સભ્યોની સહીવાળો એક પત્ર ડૉ. જીવરાજને સુપ્રત કરવામાં આવ્યો. બીજી તારીખે મળેલી વિધાનસભાની કૉંગ્રેસ પક્ષની સભામાં એ પત્ર રજુ થતાં તે માંગણીનો ડૉ. જીવરાજ મહેતાએ અસ્વીકાર કરતાં જણાવ્યું કે "મતભેદોનો બંધારણીય રીતે એ ઉકેલ હોઈ શકે કે તે માટે રચવામાં આવેલી કૉંગ્રેસ મધ્યસ્થ સંસદીય બૉર્ડ જેવી સંસ્થાને મતભેદોના પ્રશ્નોનો ઉકેલ સોંપવો અને મુખ્ય મંત્રી માટે જેમની સાથે હંમેશાં સંમત થવાનું શકય ન હોય અગર મતભેદો સાથે સંકળાયેલી વ્યકિતઓનો જેમનામાં વિશ્વાસ હોય અગર ન હોય એવી કોઈ એક વ્યકિતને મતભેદનો ઉકેલ લાવવાનું કામ સોંપવાનો આગ્રહ ન રાખવો એવી આપ સૌ મિત્રોને મારી નમ્ર વિનંતિ છે." આ ઉપરથી વિરોધી જૂથ તરફથી વિધાનસભાના કૉંગ્રેસ પક્ષના નેતાને પક્ષનો વિશ્વાસ સંપાદન કરવાનો અથવા અવિશ્વાસની દરખાસ્ત લાવવા દેવાની પરવાનગી આપવાનો આદેશ કરવા કૉંગ્રેસની મધ્યસ્થ સંસદીય બૉર્ડને અનુરોધ કરતો ઠરાવ રજુ કરવાની માગણી કરવામાં આવી. પણ આવો ઠરાવ પક્ષની બેઠકમાં વિધિસર દાખલ થઈ શકે તે માટે પૂરતા સમયની નોટીસ અપાયેલી નહિ હોવાનું ટેકનિકલ કારણ આગળ ધરીને પ્રમુખસ્થાનેથી પક્ષના નેતા ડૉ. જીવરાજ મહેતાએ રજુ થવા દીધો નહિ. એ ઉપરથી આ જૂથે કૉંગ્રેસ પાર્લામેન્ટરી બૉર્ડ સમક્ષ આ પ્રકારની સીધી માગણી મૂકી. આમ ગુજરાતની કથળતી જતી પરિસ્થિતિનો ઉકેલ શોધવા માટે સંસદીય બૉર્ડે કૉંગ્રેસ પ્રમુખ શ્રી સંજીવય્યાને અમદાવાદ મોકલવાનું ઠરાવ્યું. તેઓ તા. ૨૭ મી સપ્ટેમ્બરે અમદાવાદ આવ્યા તે પહેલાં શ્રી રસિકલાલ પરીખ અને શ્રી રતુભાઈ અદાણીએ રાજીનામાં આપી દીધાં અને તેનો સ્વીકાર પણ થઈ ચૂકયો. સંજીવય્યા અમદાવાદ બે દિવસ રહ્યા, મહત્ત્વની સર્વ વ્યકિતઓને વ્યકિતગત રીતે મળ્યા અને ચર્ચા કરી. તેમણે આખા પ્રશ્નની બધી બાજુઓ વિચારીને યોગ્ય નિર્ણય આપવાની આશા આપેલી, પણ આખરે પક્ષના સભ્યોની બહુમતી ડૉ. જીવરાજની સાથે નથી એ હકીકત ઉપર જ ભાર મૂકવામાં આવ્યો અને પરિણામે ૧૨ મી તારીખે ડૉ. જીવરાજે રાજીનામું આપ્યું. ૧૬ મી તારીખે ડૉ. જીવરાજ મહેતાનું અમદાવાદ શહેરના નાગરિકો તરફથી ગુજરાતના રાજ્યપાલ શ્રી મહેંદી નવાઝ જંગના પ્રમુખપણા નીચે જાહેર સન્માન કરવામાં આવ્યું. ૧૮ મી તારીખે ડૉ. જીવરાજ મહેતાના પ્રમુખપણા નીચે મળેલી વિધાનસભાના કૉંગ્રેસી સભ્યોની સભાએ શ્રી બળવંતરાય મહેતાની સર્વાનુમતે વરણી કરી. આ રીતે ડૉ. જીવરાજ પ્રધાનમંત્રીના પદ ઉપરથી નિવૃત્ત થયા અને તેમની જગ્યાએ શ્રી બળવંતરાય મહેતા આવ્યા. અને આ રીતે આજથી બે માસ પહેલાં રાજકોટમાં પત્રકારોને મુલાકાત આપતાં ગુજરાતના બેલગામ બાદશાહ અને કૉંગ્રેસના નેતા શ્રી ઠાકોરભાઈ દેસાઈએ કરેલી આગાહી પૂરા અર્થમાં સાચી પડી.

આ ૧૮ દિવસના ઝંઝાવાતનું વિગતવાર વિશ્લેષણ કરવું એ આ ઝંઝાવાત નિર્માણ કરવામાં જેણે જેણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તેમને લક્ષમાં રાખીને વ્યકિતગત ગુણદોષની વહેંચણી કરવા બરોબર છે. એથી વિશેષ કોઈ લાભ નથી. આખરે એ હકીકત છે કે, ભાઈ બળવંતરાય એક પ્રકારના ભારેલા અગ્નિ ઉપર આરૂઢ થયા છે. જે રીતે વિચારાયું અને નકકી કરાયલું હતું તે મુજબ, તેઓ બે વર્ષ પહેલાંની સામાન્ય ચૂંટણીમાં સફળ થયા હોત અને ગુજરાતના મુખ્ય પ્રધાનના સ્થાન ઉપર આવ્યા હોત તો તેમને સ્વચ્છ અને સાફ ભૂમિકા ઉપર કામ કરવાની તક મળી હોત, સૌ કોઈનો એકસરખો સાથ મળ્યો હોત, તેમનો માર્ગ સરળ બન્યો હોત. આજની ઘટના આખરે એક પ્રકારની જૂથબંધીમાંથી અથવા તો ખરૂં કહીએ તો મોરારજીભાઈને બધી બાબતમાં માન્ય રાખવાના ઈનકારમાંથી પેદા થઈ છે. રાજકારણના અસ્થિર વાતાવરણમાં નાના જૂથને મોટું થતાં વાર નથી લાગતી, અને સ્વત્વનો આગ્રહ રાખતા પ્રધાનમંત્રીને સંસ્થાકીય પાંખ સાથે અથડામણમાં આવવાની એટલી જ સંભાવના રહે છે. એટલું ખરૂં છે કે, માન્યવર મોરારજીભાઈના આશીર્વાદ સાથે પદારૂઢ થતા ભાઈ બળવંતરાયને તત્કાળ સંસ્થાકીય સાથ અને સહકાર પૂરા પ્રમાણમાં મળવાનાં છે. પણ વર્તમાન ઘટનાએ જીવરાજપક્ષી અને મોરારજી–વિરોધી એવો એક પ્રકારનો વ્યાપક પ્રક્ષોભ પેદા કર્યો છે અને તેની–કૉંગ્રેસને પ્રતિકૂળ એવી–અસર લોકમાનસ ઉપર સારા પ્રમાણમાં

પડી છે. આ લોકમાનસના આઘાત પ્રત્યાઘાતોનો ભાઈ બળવંતરાયે સામનો કરવાનો રહેશે.

આમ વાતાવરણમાં પેદા થયેલું વૈષમ્ય કાયમ રહેવા છતાં, આખરે જ્યારે ભાઈ બળવંતરાયને ગુજરાતના રાજ્યવહીવટનાં સૂત્રો સોંપાયાં છે, ત્યારે તેમણે સ્વીકારેલી નવી જવાબદારીને પહોંચી વળવામાં તેમ જ કૉંગ્રેસી આગેવાનો અને કાર્યકર્તાઓનાં દિલમાં પેદા થયેલા રાગદ્વેષને હળવા કરવામાં તેમને સફળતા મળે અને અંદર અંદરના ક્લેશના કારણે જે ગુજરાત રાજ્યની પ્રગતિ અનેક રીતે અવરુદ્ધ થઈ છે તે ગુજરાત તેમની રાહબરી નીચે પ્રગતિના પંથે આગેકૂચ કરે અને કૃષિ, ઉદ્યોગ અને વ્યાપારના ક્ષેત્રે ખૂબ આબાદ બને એમ આપણે અન્ત:કરણથી ઈચ્છીએ અને તેમના કાર્યમાં આપણે પૂરો સાથ આપીએ.

આ આલોચનના અનુસંધાનમાં બે બાબતોનો ઉલ્લેખ કરવાનું જરૂરી લાગે છે. સાધારણ રીતે એવી માન્યતા પ્રવર્તતી હતી કે સંસ્થાકીય કૉંગ્રેસી સભ્યોનો મુખ્ય વાંધો અને રોષ શ્રી રસિકલાલ પરીખ અને શ્રી રતુભાઈ અદાણી સામે હતો અને ડૉ. જીવરાજ તેમને રક્ષણ આપતા હતા. એ કારણે તેમની સામે આ સભ્યોના દિલમાં પ્રતિકૂળ વલણ ઊભું થયું હતું. જો આ માન્યતા સાચી હોત તો છઠ્ઠી ઑગસ્ટના રોજ આ બન્ને પ્રધાનોના રાજીનામાં સ્વીકારાઈ જવા સાથે આ આખો ઝઘડો શમી જવો જોઈતો હતો. પણ વાસ્તવિકતા કેવળ આટલી મર્યાદિત નહોતી. અલબત, આ બે પ્રધાનો તો એક યા બીજા કારણે કેટલાય વખતથી આ વિરોધી જથને ખૂબ જ ખૂંચતા હતા અને રસિકલાલ પરીખ સામે તો ગુજરાત કૉંગ્રેસના પ્રમુખ શ્રી ત્રીભોવનદાસ પટેલે કૉંગ્રેસ પ્રમુખ સમક્ષ એક તહોમતનામું રજુ કર્યું હતું. અને તે હજુ પણ પુરાવાના અભાવે વણઉકેલાયું પડ્યું છે. પણ આ વિરોધપક્ષનો એટલો જ રોષ ડૉ. જીવરાજ સામે પણ હતો અને તેનું કારણ તેમણે માન્યવર મોરારજી ભાઈના નેતૃત્વનો ઈનકાર કરીને–પડકારીને–એવો મુદ્દો ઊભો કર્યો હતો કે, આ પ્રકારનો સંઘર્ષ એક પ્રદેશના મુખ્ય પ્રધાન અને અન્ય કૉંગ્રેસી સભ્યો વચ્ચે ઊભો થાય તેવા પ્રસંગે કૉંગ્રેસનું પાર્લામેન્ટરી બોર્ડ એક જ એવી સંસ્થા છે કે, જેને આવા સંઘર્ષની પતાવટનું કાર્ય સોંપી શકાય અને નહિ કે મુરબ્બી લેખાતી એવી કોઈ એક વ્યકિતને. આ મુદ્દાનો ન તો પાર્લામેન્ટરી બોર્ડે કશો નિર્ણય કર્યો કે ન તો કૉંગ્રેસ પ્રમુખે કશું નિરાકરણ કે સ્પષ્ટતા કરી, જાણે કે કૉંગ્રેસના મોવડીમંડળને આ પ્રશ્નમાં ઊંડા ઉતરવાની કોઈ ઈચ્છા જ ન હોય! આનું પરિણામ ડૉ. જીવરાજના તત્કાળ રાજીનામામાં આવ્યું, માથાભારી વલણ દાખવતા ગુજરાતના કૉંગ્રેસીઓની જીત થઈ અને ગુજરાતમાં ઊભી થયેલી કટોકટી જોતજોતામાં ઉકલી ગઈ. આ બધું બનવા છતાં પણ, ડૉ. જીવરાજે ઊભો કરેલો પ્રશ્ન આજે પણ વણઉકેલ્યો ઊભો જ છે અને એ વિષે વખતસર સ્પષ્ટતા નહિ કરવામાં આવે તો આવા પ્રશ્ન ઉપર એક યા અન્ય પ્રાદેશિક રાજ્યોમાં કટોકટી ઊભી થયા કરવાની અને એ રીતે પ્રશ્નના મૂળને નહિ સ્પર્શવાની કૉંગ્રેસના મેવડીમંડળની કે કૉંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડની ઉદાસીન નીતિ કૉંગ્રેસી રાજકારણને સરવાળે ખતરનાક નીવડવાની.

બીજું પ્રધાનમંત્રીના પદ ઉપરથી તાજેતરમાં નિવૃત્ત થયેલ ડૉ. જીવરાજ મહેતાને, આ આખા પ્રકરણ દરમિયાન તેમણે દાખવેલી ભવ્ય ઉદાત્તતા અંગે ઉચિત અંજલિ આપવામાં ન આવે તો આ આલોચના અધૂરી લેખાય. ૧૯૬૨ની સામાન્ય ચૂંટણી બાદ તેમનું સત્તારોહાણ ગુજરાત કૉંગ્રેસની આગેવાન લેખાતી વ્યકિતઓને–ખાસ કરીને ગઈ ચૂંટણીમાં પરાજય પામેલી કેટલીક વ્યકિતઓને–આંખના કણા માફક ખૂચતું હતું અને તે જૂથ સાથે જીવરાજભાઈની અથડામણ અનિવાર્ય બની હતી. બનવાજોગ છે કે, સંસ્થાકીય વર્તુલની અણઘટતી અથવા તો વધારે પડતી ઉપેક્ષા કરીને પોતાનું મનધાર્યું જીવરાજભાઈ કરતા રહ્યા હોય અને એ કારણે તેમના પ્રતિપક્ષીઓની નજરમાં તેઓ અળખામણા બન્યા હોય. વળી જ્યારે ૭૩ જેટલા કૉંગ્રેસી ધારાસભ્યોએ એટલે કે કૉંગ્રેસ પક્ષની ઘણી મોટી બહુમતીએ તેમના વિષે પ્રગટપણે અવિશ્વાસ વ્યકત કર્યો, અને તેમાં તેમના સાથી પ્રધાનો પણ જોડાયલા છે. એમ તેમને જ્યારે માલુમ પડ્યું ત્યારે તેમણે તરત જ રાજીનામું આપ્યું હોત તો તેમની નિવૃત્તિ વધારે graceful–શોભાસ્પદ–બની હોત. કારણ કે લોકશાસનમાં સમ્યક્ કે અસમ્યક્ વિચારપ્રેરિત–જેવી હોય તેવી–બહુમતી એ જ આખરે નિર્ણાયક તત્ત્વ બને છે અને વહીવટીતંત્ર સંસ્થાકીય તંત્રની ઉપેક્ષા કરીને લાંબો સમય ટકી શકતું જ નથી. આટલું કહેવાઈ ગયા પછી, આ ઝંઝાવાતમાં જોડાયલી આગેવાન કૉંગ્રેસી વ્યકિતઓમાં શ્રી જીવરાજભાઈની અન્ય સર્વથી અનોખી એવી ગૌરવભરી પ્રતિભા એકદમ તરી આવે છે. આગળ કે પાછળ અને ઝંઝાવાતની ઝડીઓ દરમિયાન, તેમણે પોતાના મગજનો કાબુ કદિ પણ ગુમાવ્યો નથી, તેમનાં વર્તનમાં અનુદાત્ત એવું કદિ કશું પણ જોવામાં આવ્યું નથી. તેમના મોઢેથી વાંધાપડતો એક પણ ઉદ્ગાર કદિ નીકળ્યો નથી, અદ્ભુત એવા વાણી અને વર્તનના સંયમનું તેમણે આપણને દર્શન કરાવ્યું છે અને આ ઉમ્મરે તેમણે જે કામ કર્યું છે–જેમાં તેમણે નથી જોયો દિવસ કે નથી જોઈ રાત - આવો અવિરત પરિશ્રમ અને અસાધારણ કાર્યનિષ્ઠા ભાગ્યે જ અન્ય કૉંગ્રેસી આગેવાન કે નેતામાં જોવા મળે તેમ છે. તેમના નિવૃત્ત થવાની પળે અમદાવાદની જનતાએ જાહેર સભા ભરીને જે ભાવભર્યું તેમનું સન્માન કર્યું છે અને ગુજરાતના રાજ્યપાલ શ્રી મહેંદી નવાઝ જંગે શ્રી જીવરાજભાઈ માટે જે પ્રશંસાના ઉદ્ગાર કાઢ્યા છે તે તેમના વિરોધીઓને શરમિન્દા બનાવે તેવા છે. શ્રી જીવરાજભાઈ આજે પ્રધાનમંત્રીના પદેથી નિવૃત્ત થયા છે તેથી ઉલટા તેઓ વધારે ઉજળા લાગે છે. તેમને આપણે આરોગ્યપૂર્વકનું દીર્ઘાયુષ્ય ઈચ્છીએ અને તેમના હાથે હજુ પણ દેશસેવાના અનેક કાર્યો થતા રહે એમ આપણે અન્તરથી પ્રાર્થીએ!

પરમાનંદ

પૂરક નોંધ: અહિં છેવટે એ પ્રશ્ન થાય છે કે, આવી શ્રી જીવરાજભાઈ જેવી અત્યન્ત આદરપાત્ર વ્યકિતને આમ ગુજરાત રાજ્યના પ્રધાન મંત્રી પદ ઉપરથી એકાએક નિવૃત્ત થવાની શા માટે ફરજ પડી? અથવા તો તેમને અનુસરતી વિધાન સભાના કૉંગ્રેસી ધારાસભ્યોની બહુમતી એકાએક કેમ સરી પડી? હકીકત એમ છે કે, ડૉ. જીવરાજ મહેતા કૉંગ્રેસ પક્ષના નેતા જરૂર હતા, પણ કૉંગ્રેસી ધારાસભ્યોની બહુમતીનો ખરો ટેકો તેમને કદિ હતો જ નહિ. એ તો પ્રારંભથી જ ગુજરાત કૉંગ્રેસના સર્વોચ્ચ નેતા શ્રી મોરારજીભાઈને વરેલી હતી. એટલે જ્યારે જીવરાજભાઈને પ્રતિકૂળ હવામાન એ જ દિશાએથી શરૂ થયું ત્યારે તેમને આજ સુધી અનુસરતી બહુમતી એકાએક સરી પડી. આજથી બે મહિના પહેલાં શ્રી ઠાકોરભાઈ દેસાઈએ રાજકોટ ખાતે ત્યાંના પત્રકારો સમક્ષ એમ જણાવેલું કે, "આ ત્રિપુટીને (એટલે કે ડૉ. જીવરાજ, રસિકલાલ તથા રતુભાઈને) શ્રી નહેરુ પણ પૂરા પાંચ વર્ષ સત્તા ઉપર રાખી શકશે નહિ." આવું રૂઆબદાર વિધાન ઉપર જણાવી તે પ્રકારની વાસ્તવિકતાના આધારે કરવામાં આવ્યું હતું. આખી પરિસ્થિતિનો સમગ્રપણે વિચાર કરનાર માટે આ દીવા જેવું સ્પષ્ટ છે.

પરમાનંદ

વિષયસૂચિ

		પૃષ્ઠ
વિનોબાની ૬૮ મી જન્મજયન્તી ઉપર ભારતના પ્રધાનમંત્રીનાં ઉદ્ગારો, આપણા વિનોબાજી.	જવાહરલાલ નહેરુ વિમળા ઠકાર	૧૦૭
સમ્યક્ ચિંતન	નિર્મળા દેશપાંડે	૧૦૮
ગુજરાતનો રાજકારણી ઝંઝાવાત: એક આલોચના	પરમા-નંદ	૧૦૯
બ્રિટનનો એક અપ્રતિમ દાનવીર	પરમાનંદ	૧૧૧
દિલ્હીથી પેરીસ પદયાત્રા	એમ. બી. કામઠ	૧૧૩

બ્રિટનનો એક અપ્રતિમ દાનવીર

(ગયા ઑગસ્ટ માસની ૨૨મી તારીખે અવસાન પામેલ માત્ર બ્રિટનના જ નહિ, પણ દુનિયાના એક મહાન દાનવીર–ઉદ્યોગપતિ લૉર્ડ ન્યુફીલ્ડના દાનોજ્જ્વલ જીવનની ઝાંખી કરાવતો આ લેખ એ દિવસોના દૈનિક પત્રોમાં પ્રગટ થયેલી વિગતો ઉપરથી સંકલિત કરીને તૈયાર કરવામાં આવ્યો છે. તંત્રી)

ગયા ઑગસ્ટ માસની ૨૩ મી તારીખે ૮૫ વર્ષની ઉંમરે ઈંગ્લાંડની એક વિશિષ્ટ વ્યકિત લૉર્ડ ન્યુફીલ્ડનું લંડનની પશ્ચિમે આવેલ હૅંટરકૉંબ નામના ગામડામાં તેમના પોતાના નિવાસ-સ્થાને અવસાન થયું. બ્રિટીશ ઉદ્યોગના ક્ષેત્રમાં લૉર્ડ ન્યુફીલ્ડ જેવી મહાન વ્યકિતઓ બહુ વિરલ પેદા થયેલ છે અને ઉદારતાના વિષયમાં તેમની સાથે સરખાવી શકાય એવી બ્રિટનમાં કોઈ વ્યકિત હજુ સુધી પાકી નથી. તેમણે પોતાની મોટા પાયા ઉપરની ઔદ્યોગિક કારકીર્દિ દરમિયાન ત્રણ કરોડ પાઉન્ડ એટલે કે ૪૫ કરોડ રૂપિયાનું દાન કર્યું છે.

૧૮૭૭ માં જેનો વૉરચેસ્ટર ખાતે જન્મ થયો હતો એવા આ વિલયમ રીચાર્ડ મોરીસનેં ઑકસફર્ડ જિલ્લાના 'કાવલી' નામના ગામમાં નહિ જેવું ભણતર પ્રાપ્ત થયું હતું. ૧૪ વર્ષની ઉંમરે તેના કૌટુંબિક સંયોગોએ તેને કમાવાની ફરજ પાડી હતી. તેના ઘર પાછળના બગીચામાં બેસીને સાયકલો સમી કરવાના કામથી તેણે શરૂઆત કરી હતી. પ્રારંભમાં તેણે એક ઉમેદવાર તરીકે કામ શરૂ કર્યું હતું અને અઠવાડિયાના પાંચ શીલીંગ તે કમાતો હતો. આઠ મહિના સુધી સખત કામ કર્યા બાદ, અઠવાડિયે એક શીલીં-ગનો પોતાના પગારમાં તેણે વધારો માગ્યો. આ માંગણીનો અસ્વીકાર થતાં તેણે પોતાની થકી કામની શરૂઆત કરી. તેણે વિચાર્યું કે હું મારી જાતે ઉદ્યોગ શરૂ કરીશ તો જેટલું કમાઈ શકીશ એટલું મને કોઈ પણ આપી શકવાનું નથી. અને પાંચ પાઉન્ડની મુડીથી તેણે પોતાનો ઉદ્યોગ શરૂ કર્યો. સાઈકલો સમી કરવી, છૂટક ભાગો એકઠા કરીને સાઈકલો ઊભી કરવી, ભાડે આપવી અને વેચવી એ રીતે તેણે પોતાનો વ્યવસાય ચલાવવા માંડયો. પોતાની સાઈકલો સાથે તે રેસમાં–સાઈકલ ચલાવવાની હરીફાઈમાં–ઉતરવા લાગ્યો અને સાત વાર કંન્ટ્રી–ચેમ્પીયનશીપ તેણે મેળવી.

સાઈકલ ઉપરથી મોટરકાર સુધી પહોંચવામાં બહુ વાર લાગે તેમ નહોતું. જ્યારે મોટર સાઈકલોનો લોકોમાં ઉપયોગ વધવા લાગ્યો ત્યારે તેણે તે રીપેર કરવાનું અને છૂટક વિભાગોમાંથી આખાં માળખાં તૈયાર કરવાનું કામ હાથ ધરવા માંડયું. આખરે, 'ડીઝાઈન' અને પ્રયોગો પાછળ દશ વર્ષ સુધી કામ કર્યા બાદ તેણે મોટરકારનું એક એવું મોડેલ નિર્માણ કર્યું કે જે ટકાઉપણામાં ફોર્ડ મોટરકારને ચઢી જાય અને કિંમતમાં તેની સાથે સારી હરીફાઈ કરી શકે. આ મોટરકાર 'મોરીસ કાર'ના નામે ઓળખાવા લાગી.

૧૯૧૨ ની સાલમાં તેણે કાવલી ખાતે 'ધી મોરીસ મોટર કંપની' એ નામની એક ફેકટરી ઊભી કરી અને પહેલા વર્ષમાં તેણે ૫૦૦ ગાડી પેદા કરી, ૧૯૨૫ ની સાલમાં ૪૮૭૧૨ ગાડીઓ પેદા કરવા સુધી તે પહોંચી ગયો. ૧૯૩૧ માં દુનિયામાં સૌથી મોટી મોટરકાર ફેકટરીઓમાં તેની ફેકટરીની ગણના થવા માંડી. બ્રીટ-નનાં વ્યાપાર તથા ઉદ્યોગના ક્ષેત્રમાં તેણે પ્રથમ પંકિતની નામના પ્રાપ્ત કરી. અને ૧૯૬૨ માં ઉપર જણાવેલ મૉરીસ મોટર કંપની, ઑસ્ટીન મોટર કંપની સાથે જોડાઈ ગઈ અને તે બન્નેનું જોડાણ ભારે માતબર બ્રીટીશ મોટર કોરપોરેશનનું આજે એક અંગ બની ગયું છે.

૧૯૨૬ની સાલમાં બ્રીટનની સરકારે તેમને બેરોનેટ બનાવ્યા અને ૧૯૩૪ માં તેમને ઉમરાવ - લૉર્ડ - બનાવવામાં આવ્યા. લૉર્ડ ન્યુફીલ્ડ હવે ગ્રેટ બ્રીટનના ગણ્યાગાંઠ્યા અત્યન્ત ધનાઢય માણ-સોમાંના એક લેખાવા લાગ્યા. પણ તેમના માટે પોતાના ધનનો કોઈ વૈભવલક્ષી ઉપયોગ નહોતો. તેમનો દૈનિક અંગત ખર્ચ બહુ નજીવો હતો. તેમનું જીવન એકદમ સાદું, વિનમ્ર અને ઊંડી માન-વતાથી ભરેલું હતું. એક વખત તેમણે જણાવેલું કે "ઉપાર્જિત ધનનો વિવેકપૂર્વક–સમજણપૂર્વક ઉપયોગ કરવો તે એટલું સહેલું નથી, જેટલું ધન રળવું સહેલું છે." અને તેમણે આ બન્ને બાબત ઘણા મોટા પાયા ઉપર સિદ્ધ કરી દેખાડી.

૩૫ વર્ષ સુધી, જેટલી જલ્દિથી તેઓ ધન કમાતા ગયા તેટલી જ ત્વરાથી તેઓ શુભ માર્ગે પોતાના ધનનું વિતરણ કરતા ગયા. આ બધા સમય દરમિયાન તેમનો મોટામાં મોટો આદર્શ એ હતો કે પોતાની બુદ્ધિ મારફત કે પોતાના ધન મારફત બને તેટલા વિશાળ જનસમુદાયનું બને તેટલા પ્રમાણમાં કલ્યાણ કરતા રહેવું. અને તેમનો મોટામાં મોટો સંતોષ એ હતો કે, તેમના દ્રવ્યનો પોતાથી ઉતરતા ભાગ્યવાળા લોકોને–કમનસીબ માનવીઓને–સુખી બનાવવામાં ચાલુ ઉપયોગ થઈ રહ્યો હતો.

એક દિવસ ધ્વજદિન ફાળાને લગતી પેટીમાં તેમણે એક લાખ પાઉન્ડનો ચેક નાંખ્યો હતો. આટલું મોટું દાન આ નિમિત્તે કોઈએ કર્યાનું ધ્યાનમાં નથી. માત્ર ઑકસફર્ડ યુનિવર્સિટીને છુટું છુટું મળીને તેમણે એક કરોડ અને સત્તોતેર લાખ પાઉન્ડનું દાન કર્યું હતું. ૧૯૪૩ ની સાલમાં એક કરોડ પાઉન્ડની રકમ જુદી કાઢીને ન્યુફીલ્ડ ફાઉન્ડેશન - એક પ્રકારનું ચેરીટી ટ્રસ્ટ–તેમણે ઊભું કર્યું હતું. બ્રિટનના ઈતહાસમાં આ મોટામાં મોટું અને સૌ કોઈને ચકિત કરે એવું દાન હતું. આ ફાઉન્ડેશનમાંથી સંખ્યાબંધ દેશોને સારો લાભ મળ્યો છે અને ભારતની પણ અનેક સંસ્થા-ઓને તે દ્વારા સારા પ્રમાણમાં આર્થિક સીંચન થયું છે.

વૈદ્યકીય સંશોધન અને શિક્ષણપ્રચારને મદદ કરવી, વૈજ્ઞાનિક સંશોધન અને વ્યવસાયાત્મક તેમ જ વ્યાપારી કેળવણીને વેગ આપવો, Social Studies–સમાજલક્ષી વિષયો–ના અભ્યાસને પ્રોત્સાહન આપવું–આ પ્રકારના ઉદાત્ત હેતુઓ તેમની સમગ્ર દાનપ્રવૃત્તિ પાછળ રહ્યા હતા અને તેમાંથી અનેક હૉસ્પિટલો, કૉલેજો વિદ્યાર્થીઓ માટે, નીચેના થરના લોકો માટે તેમ જ સૈનિકોનાં બાળકો માટે છાત્રાલયો અને નિવાસસ્થાનો નિર્માણ થયાં હતાં.

નાનપણથી તેમને ડૉકટર થવાની હોંશ હતી, પણ તેમના કુટુંબની ગરીબાઈના કારણે તેમનો આ મનોરથ સફળ બની શક્યો નહોતો. આને લીધે સરવાળે તેમના દાનનો પ્રવાહ અન્ય કોઈના દાનના પ્રવાહ કરતાં વૈદ્યકીય વિજ્ઞાન–મેડિકલ સાયન્સ–તરફ વધારે વળ્યો હતો.

૧૯૬૧માં જે પેઢી દ્વારા તેઓ અઢળક ધન કમાયા હતા તે પેઢીનું તેમણે દાન કરી દીધું હતું. આ દાનપત્ર દ્વારા તેમણે એમ જાહેર કર્યું હતું કે, "૧૯૦૪ માં સ્થાપવામાં આવેલ મૉરીસ ગેરેજીઝ લીમીટેડ દ્વારા થતો સઘળો નફો આંધળા, બહેરા અને મુંગા માનવી-ઓને રાહત પહોંચાડવા પાછળ વાપરવામાં આવશે."

આ અસાધારણ પ્રતિભા ધરાવતી વ્યકિતના નામ સાથે અનેક સાચી ખોટી વાતો વહેતી થવા માંડી હતી. તેમના વિષે એક એવી વાત ચાલવા લાગી હતી કે, એક તુંડમીજાજ ધરાવતી ગૉલ્ફ ક્લબે સભ્ય તરીકેના તેમના પ્રવેશપત્રનો અસ્વીકાર કર્યો અને એક દિવસે સવારે લોકોના જાણવામાં આવ્યું કે, લૉર્ડ ન્યુફીલ્ડે એ જ ક્લબનું મકાન તેના સર્વ સાધનસરંજામ સાથે ખરીદી લીધું છે. 'બ્રીટનના ઉદારચરિત મહાનુભાવોમાં લૉ

ન્યુફીલ્ડનું નામ, તેમની વિપુલ કોટિની સખાવતોના કારણે એકદમ આગળ તરી આવે છે."

આ નાના કદનો ભરાવદાર શરીરવાળો અને crease-lined face-વેધક મુખમુદ્રા-ધરાવતો માનવી, તેના જીવનના પ્રારંભમાં જેવો હતો-એકદમ સાદી રહેણીકરણી વાળો-તેવો જ જીવનના અન્ત સમય સુધી ટકી રહ્યો હતો. તેની મહત્તા એ હકીકતમાં રહેલી હતી કે તેને અન્ય સામાન્ય માનવીઓથી અલગ તારવવાનું લગભગ અશકય બનતું. આટલી બધી સાદી અને સર્વ-સામાન્ય તેની રહેણીકરણી હતી. તેની કોટિના અન્ય ધનાઢયો વિષે આપણા મન ઉપર ભાગ્યે જ આવી છાપ પડતી હોય છે. તેણે જાહેર જીવનના લેખાતા પ્રશ્નોમાં કદિ પણ માથું માર્યું નહોતું. એક હાથે ધન કમાવું અને બીજા હાથે શુભકાર્યમાં ખરચતા રહેવું-અને દીનદુખિયાની વહારે ધાવું-આ તેનો એકાન્ત આજીવન વ્યવસાય બની ગયો હતો.

લાખોનો માલીક હોવા છતાં તેની ટેવો અને રીતભાત સાવ સાદી કક્ષાની હતી. સામાન્ય લોકો પીએ એવી જ સીગરેટ તે પીતો હતો. ૧૯૬૨ માં પણ, પચ્ચીસ વર્ષની જુની મોટર ગાડી-ફોફી - જે તેણે પોતાના જ કારખાનામાં બનાવી હતી તે ગાડી તે ચલાવતો હતો. ૨૫ વર્ષના ઉપયોગ પછી પણ ગાડીના કોમ ઉપર કોઈ કાટ ચઢયો દેખાતો નહોતો, અને અંદરની ગાદી ઉપર માત્ર થોડી નહિ જેવી કરચલીઓ પડી હતી. એ વખતે પણ તેની કીંમત ૩૦ પાઉન્ડ હતી.

તેમણે અમુક સંગટગ્રસ્ત પ્રદેશોની રાહત માટે વીશ લાખ પાઉન્ડની એકવાર સખાવત જાહેર કરી હતી. તે અરસામાં-૧૯૩૬ની સાલમાં-તેમના કારખાનામાં કામ કરતા એક કામદારે ઉદ્ગાર કાઢયો હતો કે, "આપણો માલીક હજુ પણ અમારામાંનો એક હોય એમ જ અમને લાગે છે." ઘણીવાર જે કારખાનાના કેન્ટીનમાં-ખાણાવળમાં-તેમના સ્ટાફને મફત ભોજન પૂરું પાડવામાં આવતું હતું તે જ કેન્ટીનમાંથી જ તેઓ બપોરનું ભોજન પતાવી લેતા હતા.

ન્યુફીલ્ડને મળેલી આર્થિક સફળતા પાછળ, જેમ કોઈને મોટો વારસો મળી જાય, કોઈને લોટરીમાં મોટો હાથ લાગી જાય અથવા તો સટ્ટાનો દાવ સવળો પડી જાય અને ધનનો ઢગલો થઈ જાય-આવો કોઈ ભાગ્યનો ચમત્કાર સરજાયો નહોતો. તેની પાઈએ પાઈનું રળતર તેના સતત ઉદ્યોગ-પરિશ્રમનું ફળ હતું. તે બ્રીટનનો આપબળે આગળ આવેલો એક મહાન દાનવીર હતો.

જાહેર જનતા તેમજ સરકાર - બન્નેમાંથી કોઈએ પણ લૉર્ડ ન્યુફીલ્ડના કાર્યની કદર કરવામાં પાછી પાની કરી નહોતી. તેઓ અનેક યુનિવર્સિટીઓની માનવંતી ઉપાધિઓ-ઑનરરી ડીગ્રીઝ-ધરાવતા હતા, અનેક સંસ્થાઓના તેઓ માનદ સભ્ય હતા અને અનેક શહેરોની 'ફ્રીડમ' તેમને મળી હતી. ૧૯૩૯માં તેમની રૉયલ સોસાયટીના 'ફેલો' તરીકે ચૂંટણી કરવામાં આવી હતી અને ૧૯૪૩ માં રૉયલ કૉલેજ ઑફ સર્જનના ફેલો તરીકે તેઓ ચૂંટાયા હતા.

લૉર્ડ ન્યુફીલ્ડ, ૨૬ વર્ષની ઉમ્મરના હતા ત્યારે એલીઝાબેથ મૉડ એન્સ્ટેને પરણ્યા હતા. તેનાથી તેમને કોઈ સંતાન નહોતું. ૧૯૩૮માં તેમણે એક ઠેકાણે લખ્યું હતું કે, "જો મને પુત્ર પ્રાપ્ત થયો હોત તો તેને મેં કોઈ સારી નિશાળમાં ભણવા મૂક્યો હોત, અને પછી તેને પૃથ્વી આસપાસ-ખાસ કરીને પૃથ્વી ઉપર ચોતરફ પથરાયલાં બ્રીટીશ સંસ્થાનોમાં-પરિભ્રમણ કરવા મોકલ્યો હોત, કારણ કે પ્રવાસ મારે મન શિક્ષણનું એક ઉત્તમ સાધન છે, અને પછી તેને મનગમતા વ્યવસાયમાં જોડાવા દીધો હોત."

આવી જેની ઉજ્જવળ કારકીર્દી હતી તેવા આ મહાનુભાવ કમનસીબે જીંદગીભર લગભગ જરૂરી નિદ્રાથી વંચિત રહ્યા હતા. અંઢળક ધનાઢયતા હોવા છતાં નિદ્રાનું સુખ તેમને સાંપડયું નહોતું. ૪૧ વર્ષ સુધી રાત્રીના એક કલાકથી ભાગ્યે જ વધારે સમય તેમને ઊંઘ આવી હશે. તેઓ વિનોદમાં કહેતાં કે "જે કોઈ મને ઊંઘવાનું શિખવે તેને હું એક લાખ પાઉન્ડ આપવાને તૈયાર છું." વિધિનું એ પણ કેવું વૈચિત્ર્ય કે જેણે અનેકને તરેહ તરેહની રાહત પહોંચાડીને સુખમય નિદ્રાનું સ્વાસ્થ્ય અર્પણ કર્યું હતું તે પોતે જ તે સુખથી વંચિત રહ્યા હતા.

આમ છતાં, ભાગ્યે જ બહુ ઓછાને પ્રાપ્ત થાય છે એવી ૮૫ વર્ષની લાંબી આવરદા તેમણે ભોગવી હતી. ગયા જુન માસની ૧૦ મી તારીખે દમમાંથી પરિણમેલા હૃદયરોગના હુમલાના તેઓ ભોગ બન્યા હતા. ઑગસ્ટની ૨૧મી તારીખે બીજો હુમલો આવ્યો અને ૨૨ મી તારીખે આ ઉદારદિલ વિભૂતિનું અવસાન થયું.

આ છે સાઈકલો રીપેર કરવાના સાધારણ કામથી ૧૪ વર્ષની ઉમ્મરે વ્યવસાયી જીવનની શરૂઆત કરનાર, એક મહાન ઉદ્યોગપતિ તરીકે અસાધારણ નામના પ્રાપ્ત કરનાર, અને અનેક લોકસેવાનાં કાર્યો પાછળ ધનનો અસ્ખલિત પ્રવાહ વહાવનાર, માનવતાની મૂર્તિ સમાન શીલસંપન્ન વિશ્વવમાનવ લૉર્ડ ન્યુફીલ્ડના દીર્ઘ જીવનની આછી રૂપરેખા. 'ત્યકતેન ભુંજીથા:' એ સૂત્રને પૂર્ણ રૂપે અમલમાં મૂકનાર આ મહાપુરુષને આપણાં અનેક વન્દન હો!

પરમાનંદ

સંઘ સમાચાર

માન્યવર એસ. કે. પાટીલનું સન્માન

તા. ૭-૧૦-૬૩ સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે ન્યુ મરીન લાઈન્સ પર આવેલ ૨૭, 'મનોહર' માં (નવી ઈન્કમટેક્સ ઓફિસની પાછળ) શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આપણા સર્વના આદરપાત્ર શ્રી એસ. કે. પાટીલનું, તેમણે સ્વેચ્છાએ સ્વીકારેલી અધિકારનિવૃત્તિ બદલ, સન્માન કરવામાં આવશે. સંઘના સભ્યોને આ પ્રસંગે વખતસર હાજર રહેવા વિનંતિ છે.

વજ્રેશ્વરી પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તેમજ તેમના કુટુંબીજનો માટે મુંબઈથી આશરે ૫૦ માઈલ દૂર આવેલ વજ્રેશ્વરીનું એક પર્યટન યોજવામાં આવ્યું છે. પર્યટનમંડળી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં ઑક્ટોબર માસની ૬ ઠ્ઠી તારીખ રવિવારે સવારે બરોબર સાત વાગ્યે પાયધુની પોલીસ ચોકી પાસેથી ઉપડશે. રૉયલ ઑપેરા હાઉસ પાસેના દુધના સેન્ટર આગળ દાદર ખોદાદાદ સરકલની ડાબી બાજુના બસ સ્ટોપ આગળ તથા માટુંગા કીંગ સર્કલ જૈન મંદિર પાસે - આટલાં સ્થળોએ અટકીને સીધી વજ્રેશ્વરી જશે અને તે જ દિવસે સાંજના ત્યાંથી પાછી ફરશે. આ પર્યટનમાં જોડાનારે નાની-મોટી દરેક વ્યકિત દીઠ રૂા. ૮ આપવાના રહેશે. તો આ પર્યટનમાં જોડાવા ઈચ્છનારે સંઘના કાર્યાલયમાં પોતાનું નામ નોંધાવી જવું. અતિ મર્યાદિત સંખ્યા માટે પર્યટન યોજાયલું હોઈને જે સભ્યની પર્યટનમાં જોડાવાની ઈચ્છા હોય તેમને વિનાવિલંબે નામ નોંધાવી તેને લગતી રકમ સંઘના કાર્યાલયમાં ભરી જવા વિનંતિ છે.

મંત્રીઓ : **મુંબઈ જૈન યુવક સંઘ**

ભારત વિષે એશિયાના પૌર્વાત્ય દેશો શું ધારે છે?

ચીન-ભારત સંઘર્ષના સંદર્ભમાં એશિયાના પૌર્વાત્ય દેશો ભારત વિષે શું ધારે છે એ વિષે પુષ્કળ માહિતી આપતું અને નવો પ્રકાશ પાડતું વ્યાખ્યાન જાપાનમાં લગભગ એક વર્ષ રહી આવેલ, અને ત્યાર બાદ એશિયાના અગ્નિકોણમાં આવેલા દેશોમાં પ્રવાસ કરીને તાજેતરમાં પાછા ફરેલા શ્રી સત્યેન્દ્રકુમાર ડેએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં તા. ૧૪-૯-૬૩ શનિવારના રોજ સાંજના સમયે વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાન લગભગ દોઢ કલાક ચાલ્યું હતું. વ્યાખ્યાતા બંગાલી હોવા છતાં તેમણે વ્યાખ્યાન ગુજરાતીમાં આપ્યું હતું. શ્રોતાઓ ઘણી સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. આ વ્યાખ્યાનનો સાર આગળ ઉપર 'પ્રબુદ્ધ જીવન-' માં પ્રગટ કરવા ધારણા છે.

તંત્રી

દિલ્હીથી પેરીસ પગપાળા

(મૉસ્કો અને વૉશિંગ્ટનને લક્ષમાં રાખીને ગત વર્ષના જૂન માસની પહેલી તારીખે વિનોબાજીના આશીર્વાદ મેળવીને ન્યુ દિલ્હીથી પગપાળા યાત્રા ઉપર નીકળેલ બે યુવાનો શ્રી ઈ. પી. મેનન અને શ્રી સતીશકુમારનો તા. ૧૬-૧-'૬૩ના પ્રબુદ્ધ જીવનમાં આછો એવો પરિચય કરાવવામાં આવેલ છે. તે સમયે તેઓ ઈરાનને વટાવીને રશિયામાં પ્રવેશ કરી ચુક્યા હતા. તાજેતરમાં તેઓ પેરિસ પહોંચ્યા છે અને આ લેખ પ્રગટ થાય છે તે દરમિયાન તેઓ કદાચ લંડન ભણી વિદાય થયા હશે. એ બે પદયાત્રીઓ સાથે ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના પેરિસના પ્રતિનિધિ શ્રી એમ. વી. કામઠે ત્યાંની કોઈ હોટેલમાં મુલાકાત ગોઠવી હતી અને દિલ્હીથી પેરિસ સુધીની યાત્રાની કડીબદ્ધ વિગતો તે બે પદયાત્રીઓમાંના એક શ્રી ઈ. પી. મેનન સાથેની પ્રશ્નોત્તરી દ્વારા મેળવી હતી. આ વિગતો તારીખ ૮મી સપ્ટેમ્બરના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં એક સુશ્લિષ્ટ લેખના આકારમાં પ્રસિદ્ધ થઈ છે. આ વિગતોનું વાચન પ્રબુદ્ધ જીવનના વાંચકોને રસપ્રદ બનશે એમ સમજીને તેનો અનુવાદ કરવાને હું પ્રેરાયો છું. આશા રાખું છું કે મૂળ લેખ વાંચતાં મેં એક પ્રકારનું અત્યંત સુખદ એવું કલ્પનાનું ઉડ્યન અનુભવ્યું છે અને જે અનેક કષ્ટો અને અગવડો વેઠીને અને કદી કદી અપમાનો સહન કરીને આ બે પદયાત્રીઓ અણુપ્રયોગબંધીનો, નિ:શસ્ત્રીકરણનો,—વિશ્વશાંતિના વિચારનો પ્રચાર કરી રહ્યા છે તે કારણે તેમના વિષે ઊંડા આદરની સંવેદના મેં અનુભવી છે. એવાં જ ઉડ્યનના સુખની અને આંતરિક સંવેદનાની અનુભૂતિ આ અનુવાદના વાચકો પણ જરૂર કરશે. પરમાનંદ.)

દિલ્હીથી પેરીસ સુધીનો—ખાસ કરીને તમે મૉસ્કો થઈને પગપાળા પેરીસ પહોંચવા માગતા હો તો—ઘણો જ લાંબો રસ્તો છે.

બે હિંદી યુવાનોને આ ૧૦૬૦૦ કીલોમીટરનું અંતર કાપતાં પંદર મહિના લાગ્યા અને તેમના જોડાંની પાંચ જોડીઓ ઘસાઈ ગઈ. આમ છતાં પણ તેમનો અંતિમ મુકામ હજુ પણ ખૂબ દૂર છે.

શ્રી ઈડાથીલ પ્રભાકર મેનન (ઉમ્મર વર્ષ ૨૮) અને શ્રી સતીશકુમાર (ઉમ્મર વર્ષ ૨૭) બે શાંતિયાત્રીઓ, જેઓ ત્રણ જોડ કપડાં અને દિલની ઊંડી પ્રતીતિ સાથે જોડાયલું આત્મબળ—આ સિવાય બીજું કશું સાથે લીધા સિવાય, દુનિયાની બે રાજ્યધાનીઓને લક્ષ્ય બનાવીને કલ્પાયલા લાંબા પ્રવાસ ઉપર ૧૯૬૨ના જૂન માસની પહેલી તારીખે ગ્રીષ્મ ઋતુની એક સવારે દિલ્હીથી પગપાળા નીકળી પડયા હતા, તેમના પ્રવાસની રોમાંચક કથા તેમનામાંના એકના મોઢેથી સાંભળવાનો મને યોગ પ્રાપ્ત થયો હતો. એસેંબલી નેશનેઈલથી બહુ દૂર નહિ અને પ્લેઈસ ડી લા કૉન્કોર્ડની બહુ નજીકમાં 'બૉલવર્ડ સેઈન્ટ જર્મેઈન' રસ્તા ઉપર આવેલ બાર ડયુ ડૉફીનમાં તેમને મળવાની મેં ગોઠવણ કરી અને બ્લૅક કૉફી પીતાં પીતાં અને સેન્ડવીચોળ આરોગતાં આરોગતાં તેમના દીર્ઘપ્રવાસ અંગે તેમની સાથે મેં વાર્તાલાપ કર્યો હતો.

શ્રી મેનને અને સતીશકુમારે આણુવિષયક શાંતિ અને એકપક્ષી નિ:શસ્ત્રીકરણનો પ્રચાર કરવાના હેતુથી આ ભારે જોખમી અને સાહસથી ભરેલી શાંતિયાત્રા ઉપર નીકળવાનો નિર્ણય કર્યો તે પહેલાં તે બંને મિત્રો આચાર્ય વિનોબા ભાવેના ભૂદાન-આંદોલનમાં ભાગ લઈ રહ્યા હતા. શ્રી મેનને વિનોબાજી સાથે પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, મદ્રાસ, માઈસોર અને કેરલનો પ્રવાસ કર્યો હતો અને ભાઈ સતીશકુમાર વિનોબાજી સાથે જોડાયા પહેલાં એક જૈન મુનિ (આચાર્ય તુલસી) પાસે દીક્ષા લઈને જૈન સાધુનું જીવન ગાળી રહ્યા હતા. મેનન બહુ સરળતાથી અંગ્રેજી બોલી શકતા હતા અને બેમાં પ્રમાણમાં તે વધારે તેજસ્વી લાગતા હતા. શ્રી મેનન સાથે ઉપર જણાવેલ પ્રસંગે અને સ્થળે મારે નીચે મુજબ પ્રશ્નોત્તરી થઈ હતી:—

આ યાત્રાની પ્રેરણા તમને કયાંથી મળી?

પ્રશ્ન: પહેલાં તો મને એ જણાવો કે આવી લાંબી યાત્રા ઉપર નીકળવાને તમે શી રીતે પ્રેરાયા?"

ઉત્તર: બર્ટ્રાન્ડ રસલની આ વિષયને લગતી તીવ્ર ભાવના વડે અમે પ્રભાવિત બન્યા હતા. સાન ફ્રાન્સીસ્કોના શાંતિયાત્રીઓ જેમણે ગોલ્ડન ગેઈટ સીટીથી મૉસ્કો સુધી શાંતિ અને નિ:શસ્ત્રીકરણ માટે પદયાત્રા કરી હતી, તેમના વિષે અમારા સાંભળવામાં આવ્યું હતું. આ ઉપરથી અમે નિર્ણય કર્યો કે જો અમેરિકાવાસીઓ આમ કરી શકે છે તો પૃથ્વીના બીજા છેડે રહેતા ભારતવાસીઓ પણ આવું પરાક્રમ કરી શકે છે.

પ્રશ્ન: આ નિર્ણયને તમે અમલમાં શી રીતે મૂક્યો?

ઉત્તર: સૌથી પહેલાં અમે શ્રી રસેલને લખ્યું. તેમનો જવાબ બહુ પ્રેરક અને પ્રોત્સાહક શબ્દોમાં આવ્યો. ત્યાર બાદ આપણા મહાઅમાત્યને અમે લખ્યું. તેમનો જવાબ તો તરત જ આવ્યો, પણ તેમનું લખાણ કાંઈક તટસ્થતા સૂચવતું લાગ્યું. પંડિતજીએ જણાવ્યું કે અમારા વિચારો તથા ભાવનાઓની તેઓ કદર કરે છે, પણ સાથે સાથે આવી યાત્રાથી સિદ્ધ શું થાય, શું પરિણામ આવે એ વિષે તેઓ કાંઈ નિશ્ચયપૂર્વક કહેવાની સ્થિતિમાં નથી. પણ સાથે સાથે પંડિતજીએ ઉમેર્યું કે એક બાબત ચોક્કસ છે અને તે એ કે દુનિયાને સ્પષ્ટપણે કહેવું જ જોઈએ કે શસ્ત્રો પાછળની આ ગાંડી દોટ અટકવી જ જોઈએ.

પ્રશ્ન: તમે બીજી કોની સલાહ લીધી અથવા તો આ વિષે બીજા કોને લખ્યું?

ઉત્તર: આપણા એ વખતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનને અમે આ વિષે લખ્યું. તેમણે પણ અમને ઉત્સાહિત કરતો જવાબ લખી મોકલ્યો. તેમણે જણાવ્યું કે જો અમને મનના ઊંડાણથી લાગતું હોય કે જેમના હાથમાં દુનિયાનું ભાવિ રહેલું છે તેવા આજની દુનિયાના રાજપુરુષોને એમની બેવકૂફી વિષે ભાન કરાવવું જ જોઈએ—ખાતરી કરાવવી જ જોઈએ—તો અમારું આ સાહસ ઉપયોગી અને આવકારયોગ્ય છે અને તેના અમલમાં જ તેનું વળતર રહેલું છે.

પ્રશ્ન: પછી તમે કેવી રીતે આગળ વધ્યા?

ઉત્તર: અમે પાસપૉર્ટ અને વીસા માટે અરજીઓ કરી. સતીશકુમાર મારી સાથે ચાલવાના હતા અને જો કે અમારા પાસપૉર્ટ, અમે દિલ્હીથી ઉપડયા ત્યારે આવ્યા નહોતા, એમ છતાં પણ, પાસપૉર્ટ મળે કે ન મળે, અમે અમારી યાત્રા ચાલુ રાખવાનો નિશ્ચય કરી ચૂકયા હતા.

પાકીસ્તાન

:પ્રશ્ન: પાકીસ્તાનમાં તમે કયાં કયાં રોકાયા હતા?

ઉત્તર: લાહોરમાં, રાવળપીંડીમાં, અને પેશાવરમાં. અમે હંમેશાં સવારના પાંચ વાગ્યાથી નવ વાગ્યા સુધી ચાલતા હતા અને પછી આરામ કરતા હતા અને લોકોને —મોટા ભાગે વિદ્યાર્થીઓને—અમે મળતા હતા. અમારા રસ્તે મોટા ભાગે પોલીસના માણસો સાદાં કપડામાં અમારી પાછળ પાછળ ચાલ્યા કરતા હતા અને તેમની ભલમનસાઈના પરિણામે અમારી સ્વેચ્છાથી પોલીસચોકીઓમાં અથવા તો યુનિયન કાઉન્સિલોના ચેરમેને નક્કી કરેલાં સ્થળોમાં અમે રાતવાસો કરતા હતા. રાવળપીંડી અને પેશાવરમાં અમે રૉટરી કલબના મહેમાન બન્યા હતા.

પ્રશ્ન: ત્યાંના લોકોએ તમારી સાથે કેવો વર્તાવ કર્યો?

ઉત્તર: લોકો અત્યંત માયાળુ લાગ્યા. અમને તો એમ લાગતું હતું કે ભારતના કદિ ભાગલા પડયા જ નહોતા. અમે એવા ઘણાને મળ્યા કે જેઓ હિંદમાં પોતાનાં ઘરબાર છોડીને અહીં આવ્યા હતા અને તેમનાં ઘર જે લત્તાઓમાં હતાં તેમનાં નામ તેમને યાદ હતાં અને ત્યાં રહેતા પોતાના ઓળખીતા

મિત્રોને પણ તેઓ યાદ કરતા હતા. તેઓ એમ પૂછતા કે "તમે અમૃતસર થઈને આવ્યા? તો તમે આ અથવા તે રસ્તામાંથી પસાર થયા હતા?" અને અમે જ્યારે 'હા' એમ જવાબ આપતા ત્યારે આંખોમાં આંસુ લાવીને તેઓ પોતપોતાના ભૂતકાળની વાતો કરવા માંડતા.

પ્રશ્ન: ત્યાંના રાજપ્રમુખ અય્યુબખાનને તમે મળ્યા ખરા?

ઉત્તર: અમે તેમને મળવાનો પ્રયત્ન કર્યો હતો. પહેલાં તો, અમને મળવાને તેઓ કબૂલ થયા હતા. પણ પછી એ જ અરસામાં ફીલીપાઈનના પ્રમુખનું ત્યાં આવવાનું થયેલું, તેમને મળવા વગેરેમાં તેઓ ખૂબ રોકાઈ ગયા અને તેથી તેમને મળવાનો યોગ ઊભો થઈ ન શક્યો. અમે કુલ એક મહિનો પાકીસ્તાનમાં હતા. ત્યાં અમારું ખૂબ આતિથ્ય કરવામાં આવ્યું હતું.

અફઘાનીસ્તાન

પ્રશ્ન: પાકીસ્તાનથી તમે ક્યાં ગયા?

ઉત્તર: પાકીસ્તાનથી અમે અફઘાનીસ્તાન અને તેનું મુખ્ય નગર કાબુલ ગયા. એક હિંદી વ્યાપારીના મહેમાન તરીકે અમે ત્યાં દસ દિવસ રહ્યા. તેણે અમને એક નવા જોડાની જોડ ભેટ આપી. અને એ રીતે ઘસાઈ ગયેલા જોડાની અમે પહેલીવાર ફેરબદલી કરી. અહીં જણાવું કે આજ સુધીમાં અમે ચાલી ચાલીને પાંચ જોડાની જોડ ઘસી નાખી છે.

પ્રશ્ન: કાબુલમાં તમે કોને મળ્યા?

ઉત્તર: મોટા ભાગે વિદ્યાર્થીઓને. અમે ત્યાંના રાજવીને કે મુખ્ય પ્રધાનને મળી ન શકયા, પણ અમે એટમીક એનર્જી કમીશનના પ્રમુખ ડૉકટર ખખ્ખરને મળ્યા. અલબત્ત, કાબુલથી તહેરાન સુધીના આખે રસ્તે અમને અફઘાન લોકો જરૂર મળતા રહ્યા. તેઓ ખૂબ જ આતિથ્યશીલ હતા. ત્યાંની સરકાર તરફથી અમે જે માર્ગે જઈ રહ્યા હતા તે માર્ગ ઉપર આવતા ગામડાંના રાજ્યાધિકારીઓને અમારી બનતી સંભાળ લેવાની સૂચનાઓ આપવામાં આવી હતી, અને તેમણે અમને ખૂબ સાથ અને સહકાર આપ્યો હતો. લગભગ એક મહિના સુધી અમે દરિયાની સપાટીથી ૧૦૦૦૦ ફીટની ઊંચાઈએ પ્રવાસ કરી રહ્યા હતા. લાગલાગટ અમુક દિવસો સુધી અમારી પાસે બહુ ઓછું ખાવાનું હતું. અમને સાકર વિનાની ચા અને પાંઉરોટી મળી શકતાં હતાં. એક ગામમાં લોકો એટલા બધા ગરીબ હતા કે ખાવા માટે થોડું સરખું મેળવવા માટે પણ અમારે અનેક ઘરોનું અવલંબન લેવું પડયું હતું. આ અનુભવ અત્યંત હૃદયસ્પર્શી હતો.

પ્રશ્ન: ત્યાં તમને ખાવા શું મળતું હતું?

ઉત્તર: અમો બંને નિરામિષાહારી છીએ. એટલે માંસનો તો કોઈ પ્રશ્ન જ નહોતો. અમને દ્રાક્ષ મળતી ત્યાં દ્રાક્ષ અમારો મુખ્ય ખોરાક બનતો. પણ ઘણી વખત અમારા પ્રવાસની શરૂઆતના વખતે ખેડૂતો અમને જે કાળી ચા આપતા હતા અને પાઉંના થોડા ટુકડા આપતા હતા તેનાથી, જ્યાં સુધી અમે બીજે ગામ ન પહોંચીએ અને પાંઉના બીજા વધારે ટુકડા મળે ત્યાં સુધી, અમારે સંતોષ માનવો પડતો હતો.

પ્રશ્ન: તમારો માર્ગ તમે સહેલાઈથી શોધી શકતા હતા?

ઉત્તર: હંમેશાં એમ નહોતું બનતું. અફઘાનીસ્તાનની ઉત્તરે આવેલા એક પ્રદેશમાં એક ભયંકર વાવંટોળનો અમારે સામનો કરવો પડેલો અને એક અફઘાન સરકારી અધિકારી રસ્તો દેખાડવા માટે ચાર દિવસ સુધી અમારી સાથે રહ્યો હતો.

પ્રશ્ન: અને ઈરાનમાં શું અનુભવ થયો?

ઉત્તર: અમે ચાલ્યા જ કરતા હતા. જતી આવતી કોઈ મોટરકાર અમારી બાજુએ થઈને પસાર થતી, અને નિરપવાદપણે આવી દરેક મોટરકાર ઊભી રહેતી અને તેમાં બેસી જવા અમને કહેવામાં આવતું અને એવી રીતે મોટરમાં ચઢી બેસવું એ અમારા નિયમની વિરુદ્ધ હતું એમ તેમને જાણ થતાં તેમને ભારે આશ્ચર્ય થતું. પણ દરેક વખત, જો અમે તેમના ગામ અથવા તો શહેરમાં થઈને જઈએ તો, તેમને મળ્યા વિના આગળ ન જવું એમ અમને તેઓ આગ્રહ કરતા. અને તેઓ જે કહેતા હતા તે ખરેખર દિલથી કહેતા હતા. અનેક વાર તેઓ અમારી સામે નાણું ધરતા અને અમે તે સ્વીકારવાનો ઈનકાર કરતા. એક દાખલો આપું. આ ઘટના કવેસ્વીન નામના શહેરમાં બની હતી. આવા એક મિત્રના ઘેર જવાનું બન્યું અને જ્યારે અમે તેના ઘરનું બારણું ઠોકયું ત્યારે તે નમાઝ પઢતો હતો. પણ અમારા આગમનથી તે એટલો બધો આનંદપ્રભાવિત બની ગયો કે તેણે નમાઝ પઢવાનું છોડી દીધું અને એમ જણાવીને તેણે અમને આવકાર્યા કે મહમદ પયગંબરની એ ખાસ ઈચ્છા અને આજ્ઞા હતી કે કોઈ મહેમાન ઘર આંગણે આવે ત્યારે બીજું બધું છોડીને પૂરા વિનય અને આદરપૂર્વક તેનું સ્વાગત કરવું જોઈએ.

પ્રશ્ન: અને સામાન્ય ઈરાની લોકોએ તમને કેવી રીતે આવકાર્યા હતા?

ઉત્તર: અમને તેઓ અત્યંત આતિથ્ય પરાયણ માલુમ પડયા. પણ એક બાબતથી અમે ભારે રમૂજ અનુભવી. અમે જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં અમને રાજકપુર અને નરગીઝ વિષે પ્રશ્નો પૂછવામાં આવતા. આ બંને નહેરુ કરતાં પણ ત્યાંના લોકોમાં વધારે જાણીતાં હતાં. અમને અવારા અને ૪૨૦માંના ગીતો ગાવાનું કહેવામાં આવતું. ત્યાંના લોકો તરફથી રાજકપુર અને નરગીઝ સમક્ષ પોતાના દિલનો પ્રેમભાવ નિવેદિત કરવાનું અમને કહેવામાં આવતું.

પ્રશ્ન: રાજકપુર અને નરગીઝ અન્યત્ર ક્યા દેશમાં આટલા બધા લોકપ્રિય હોવાનું તમને માલૂમ પડયું હતું?

ઉત્તર: અફઘાનિસ્તાનમાં અને ઈરાનમાં અને સોવિયેટ યુનિયનમાં. તેમના નામનિર્દેશ દ્વારા જ અમારી ઓળખાણ કરાવવામાં આવતી હતી.

પ્રશ્ન: ઈરાનના શાહને તમે મળી શકયા હતા?

ઉત્તર: હા. તેમણે અમને મળવા માટે પંદર મિનિટ ફાજલ પાડી હતી. તેમણે જણાવેલું કે તેમણે ભૂદાન આન્દોલન વિષે સાંભળ્યું છે અને તેની તેમના મન ઉપર ખૂબ અસર પડી છે. તમે જાણતા હશો કે તેઓ પોતાના દેશમાં આ દિશાએ કાંઈક કરી રહ્યા છે.

સોવિયેટ યુનિયન

પ્રશ્ન: સોવિયેટ યુનિયનમાં પ્રવેશ મેળવવા માટે તમારે શું શું વિધિઓ કરવી પડી હતી?

ઉત્તર: આ એક લાંબી કથા છે. રશિયનો પાસેથી શરૂઆતમાં ક્રમ લેવું ખૂબ મુશ્કેલ પડયું હતું. પહેલાં તો અમારી પાસે કેટલું નાણું છે, સોવિયેટ યુનિયન અંગે અમારી શી યોજના છે? અને મોસ્કોમાં જઈને અમે શું કરવા માગીએ છીએ.? આ વિષે તેમણે પૂછપરછ કરી. અમે જણાવેલું કે અમારી પાસે કશું નાણું નથી અને અમને નાણાની કોઈ અપેક્ષા નથી, અને અમારી યોજના મૉસ્કો જવાની અને ક્રુશ્ચેવને મળવાની અને અણુશસ્ત્રો બનાવવાનું બંધ કરવાનું કહેવાની અને એકપક્ષી નિ:શસ્ત્રીકરણને લગતી અમારી માગણી અંગે તેમનો જવાબ મેળવવાની છે અને પછી વૉરસૉ તરફ જવાની ઈચ્છા છે.

પ્રશ્ન: તેમણે શું જવાબ આપ્યો?

ઉત્તર: આ બાબત અંગેનો અમારો મક્કમ આગ્રહ જોઈને તેમને ભારે આશ્ચર્ય થયું. તેમણે આપણા એલચીખાતાના લોકો સાથે સંપર્ક સાધ્યો અને એ લોકોએ સ્પષ્ટપણે જણાવ્યું કે અમે જે બાબત સિદ્ધ કરવા માટે નીકળ્યા હતા તે કરતાં અટકાવવાનું તેમના

માટે શક્ય નહોતું, સિવાય કે સૉવિયેટ પ્રદેશમાં વિચરતાં અમને કાંઈ થાય તો તે અંગે અમારા માટે એલચીખાતું જવાબદાર રહેશે.

પ્રશ્ન : ત્યાર બાદ તમને વીસા મળ્યો તો ખરોને?

ઉત્તર : ચાર દિવસ સુધી દલીલબાજી ચાલ્યા બાદ, રશિયનોએ અમને એકાએક બોલાવ્યા અને અમારા પાસપોર્ટ ઉપર સહી કરી આપી.

પ્રશ્ન : તમો સૉવિયેટની સરહદ ઉપર ક્યારે પહોંચ્યા?

ઉત્તર : ૧૯૬૩ના જાન્યુઆરી માસની પહેલી તારીખે—બેસતા વરસના દિવસે. અમે કારપીયન સરહદ ઉપર આવેલા જુલ્ફા ગામે પહોંચ્યા અને અમને માલૂમ પડ્યું કે આર્મીનિઆ, જ્યોર્જિયા અને એઝરબેજન—આ ત્રણ સૉવિયેટ રાજ્યોના પ્રતિનિધિઓને અમારા આગમન વિષે ચેતવવામાં આવ્યા હતા અને તેઓ અમારું સ્વાગત કરવા માટે ત્યાં ઉપસ્થિત થયા હતા અને અમને બાદશાહી ખાણું આપીને તેમણે અમારું સ્વાગત કર્યું હતું.

પ્રશ્ન : ત્યાં ખૂબ ઠંડી નહોતી?

ઉત્તર : અલબત્ત, ત્યાં ખૂબ ઠંડી હતી. સદ્‌ભાગ્યે એક હિંદી વ્યાપારી શ્રી મખ્ખનસિંહ જેમને ત્યાં તહેરાનમાં અમે રહ્યા હતા તેમણે અમારા માટે જરૂરી ગરમ કપડાં તૈયાર કરાવવા માટે લગભગ રૂા. ૬૦૦નો ખર્ચ કર્યો હતો. સૉવિયેટ શાંતિ સમિતિના પ્રતિનિધિઓએ અમને જણાવ્યું કે અમે કદાચ બરફ ઉપર ચાલી નહિ શકીએ અને આખો રસ્તો બરફથી ખૂબ છવાયેલો હતો. અમે જવાબ આપ્યો કે આ બાબતનો માત્ર અમારે જ નિર્ણય કરવાનો છે, એમ જણાવીને અમે ચાલવાનું ચાલુ રાખ્યું. શાંતિસમિતિએ અમારો પંદર કીલો સામાન ખેંચી જવા માટે એક નાની ગાડી મોકલી હતી જે અમારી પાછળ ચાલતી હતી.

પ્રશ્ન : તમે ક્યાં સુધી ચાલ્યા?

ઉત્તર : સોકી સુધી. ત્યાર પછી ચાલવું અશક્ય બની ગયું. અને મૉસ્કો સુધીની એર ટિકિટ—હવાઈ જહાજની ટિકિટ—સ્વીકારવાની અમને ફરજ પડી. એમ છતાં પણ અમે ઘણા દિવસો સુધી ચાલ્યા હતા. જે કોઈ ગામમાં અમે ખોટી થતા, ત્યાં અમને સ્થાનિક અંગ્રેજી ભાષાના શિક્ષકની મદદ મળતી અને તે અમને બીજા ગામ સુધી લઈ જતો અને પછીના અંગ્રેજી શિક્ષકને તે અમારો હવાલો આપતો. અમે પણ બહુ જલ્દિથી રશિયાની ભાષા બોલતા થઈ ગયા હતા.

પ્રશ્ન : અને મૉસ્કોમાં શું થયું?

ઉત્તર : મૉસ્કો પહોંચ્યા બાદ અમારો માર્ગ સરળ થઈ ગયો. ત્યાંની શાંતિ સમિતિએ અમારો કબજો લીધો. ત્યાંના છાપાવાળાઓએ અમારી મુલાકાતો લીધી અને રેડિયો તથા ટેલિવિઝન સમક્ષ અમે ઉપસ્થિત થયા. આ માટે અમારી સામે નાણાંના આકારમાં વળતર ધરવામાં આવતું હતું અને તે સ્વીકારવાનો અમે ઈનકાર કરતા. આને બદલે, જે શાંતિસમિતિ અમારી સંભાળ લઈ રહી હતી, તેને આ નાણું મોકલી આપવાનું અમે સૂચવતા. લુમુંબા યુનિવર્સિટીમાં ઘણા વિદ્યાર્થીઓ સમક્ષ અમે પ્રવચનો કર્યાં હતાં.

પ્રશ્ન : તમે કુશ્ચેવને મળ્યા?

ઉત્તર : અમારો એ ઈરાદો હતો, પણ અમે તેમને મળી શક્યા નહોતા. એમ છતાં પણ તેમણે અમારા કાર્યની કદર કરતો એક પત્ર અમારા ઉપર પાઠવ્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે અમારી માફક જો વધારે વ્યક્તિઓ બહાર આવે તો દુનિયાની શાંતિ સુનિશ્ચિત બને. તેમણે અમને સુપ્રિમ સોવિયેટના ચેરમેન શ્રી રપીરીડીનોવને મળવાનું સૂચવ્યું અને તેમણે અમને ઘણો સમય આપ્યો. રપીરીડીનોવે કહ્યું કે સોવિયેટ યુનિયન અણુપ્રયોગ પ્રતિબંધને લગતા કરારનામા અંગે ખૂબ જ આતુરતા ધરાવે છે અને જો તે એકપક્ષી નિઃશસ્ત્રીકરણને સ્વીકારી શકતું ન હોય તો તેનું કારણ એ છે કે સૉવિયેટ યુનિયન સામે એવા દુશ્મનો છે કે જેમનો ખ્યાલ રાખીને તેણે પૂરા શસ્ત્રસજ્જ રહેવું જરૂરી છે. તેઓ ખૂબ વિનયી માલૂમ પડ્યા હતા.

પ્રશ્ન : રશિયનોએ તમને કોઈ પણ રીતે કાંઈ મદદ કરી હતી ખરી?

ઉત્તર : ઘણી રીતે તેમણે અમને મદદ કરી હતી. હું તમને એ જણાવવું ભૂલી ગયો હતો કે અમે તહેરાનમાં હતા તે દરમિયાન જ ત્યાંના રશિયન એલચીખાતાએ આણ્વિક નિઃશસ્ત્રીકરણને લગતો અમારા નિવેદનનો રશિયન ભાષામાં અનુવાદ કરી આપ્યો હતો અને વહેંચણી માટે તેની ૫૦૦ નકલો અમને પૂરી પાડી હતી. મૉસ્કોમાં અમને મોટરકાર અને એક દુભાષિયો પૂરો પાડવામાં આવ્યો હતો.

પ્રશ્ન : મોસ્કોથી આગળ તમે ક્યાં ગયા?

ઉત્તર : અમે મૉસ્કોથી વૉરસો ગયા. મૉસ્કોથી પોલૅન્ડની સરહદ સુધી પહોંચતાં અમને ૪૫ દિવસ લાગ્યા. એ દિવસોનો શિયાળો અત્યંત ભીષણ હતો. એમ છતાં પણ અમે તે વટાવી શક્યા. આ વખતે અમારી મદદમાં કોઈ દુભાષિયો નહોતો અને અમારી સ્લીપીંગ બેગો અને પંદર કીલો વજનનાં અમારાં કપડાં ઉપાડવા માટે અમારી પાસે કોઈ ગાડી નહોતી. પણ અમને રશિયન ભાષા લગભગ આવડી ગઈ હતી અને એ ભાષામાં અમે અન્ય લોકો સાથે વાતચીત કરી શકતા હતા. અમે ખેતરોમાં આવેલા મકાનોમાં રાત્રી ગાળતા હતા. પણ અમે મૉસ્કો છોડ્યું એ અરસામાં અમે ટેલિવિઝન દ્વારા લોક પ્રત્યક્ષ બન્યા હતા અને રેડિયો ઉપરથી અમારાં નિવેદનો પ્રસારિત થઈ ચૂક્યાં હતાં અને ત્યાંના છાપાઓમાં અમારા લખાણો પ્રગટ થયાં હતાં અને એ રીતે અમને લોકો જાણતા થયા હતા અને તેમણે અમે જ્યાં ગયા ત્યાં અમારું સ્વાગત સરભરા કરી હતી.

પ્રશ્ન : ત્યાંના લોકો તમને મદદરૂપ બન્યા હતા?

ઉત્તર : ખૂબ જ. આગળ જણાવ્યું તે મુજબ, રાજકપુર અને નરગીઝના દેશવાસીઓ સાથે લોકો હસ્તધૂનન કરવાને આતુરતા દાખવતા હતા. અમને મૂંઝવણમાં નાખે એવા પ્રસંગો પણ ઊભા થતા હતા. અમારા સૉવિયેટ પ્રવાસના પહેલા હપ્તા દરમિયાન જ્યોર્જિયા અને આર્મીનિયા કે જ્યાં, અમે ત્યાંના ખેડૂતો સાથે રહ્યા હતા ત્યાં અમને એક નવીન જ સ્થાનિક રીવાજનો અનુભવ થયેલો. જે ઘરમાં મહેમાન ઉતરે તે ઘરના માલિકની સૌથી મોટી દીકરી, રાત્રીના સૂવાનો સમય થાય તે પહેલાં, મહેમાનના ગરમ પાણીથી પગ ધુએ—આવા ત્યાંના રીવાજ મુજબ કુટુંબની મોટી દીકરી અમારી સામે ગરમ પાણી લઈને ઊભી રહેતી. પહેલાં તો અમે એ રીતે પગ ધોવા દેવાની ચોખ્ખી ના પાડતા, પણ પછી માલૂમ પડ્યું કે એ તો ત્યાંનો સ્થાનિક રીવાજ છે અને તેને અમારે માન આપવું જ જોઈએ. એટલે પછી અમે એ પ્રકારની સત્કારવિધિ સ્વીકારી લેતા.

પ્રશ્ન : આવા બીજા કયા રસિક અનુભવો તમને થયા હતા?

ઉત્તર : એવા તો અનેક અનુભવો થયા હતા, પણ તે બધું અહીં વિસ્તારથી રજૂ કરવાનું શક્ય નથી. હું હંમેશની ડાયરી રાખું છું, પણ મારે એટલું જ કહેવાનું છે કે Human friendship is universal—માનવીય મૈત્રી વિશ્વવ્યાપી—સર્વસ્પર્શી છે. દાખલા તરીકે, જ્યોર્જિયામાં સ્ટેલીનનું જ્યાં નિવાસસ્થાન છે એ ગામમાં અમે કોઈ એક હોટેલમાં રહેતા હતા અને મધરાતને સુમારે અમારું બારણું કોઈએ ખખડાવ્યું. મેં બારણું ઉઘાડ્યું ત્યારે કોઈ એક માણસ બહાર રાહ જોતો મારા જોવામાં આવ્યો. સતીશકુમાર સૂતા હતા. તારે શું કામ છે એમ મેં તેને પૂછ્યું અને તેણે જણાવ્યું કે, પોતે ટેક્સી ડ્રાઈવર હતો અને તેણે અમને રસ્તા ઉપરે ચાલતા દીઠેલા અને અમને મદદરૂપ થવું જોઈએ એવો તેનો વિચાર

આવ્યો. તેણે આગળ બોલતાં જણાવ્યું કે અમે અહીં રહેલા છીએ એવી તેને ભાળ મળી તે પહેલાં અમારી શોધમાં તે આખું ગામ ઘૂમી વળ્યો હતો. તેણે અમને થોડા રૂબલ આપવાની ઈચ્છા દર્શાવી, પણ અમે આભારપૂર્વક તેના રૂબલ સ્વીકારવાની ના પાડી.

આ રીતે, પોલીશ સરહદ તરફના અમારા માર્ગ ઉપર અમે કોઈ જંગલના માર્ગે સાંજના આઠ વાગ્યા આસપાસ ચાલી રહ્યા હતા. જ્યાં પહોંચવું હતું તે ગામ હજુ ત્રણ કીલોમીટર દૂર હતું અને અહીં થાકી જવાથી થોડોક સમય આરામ લેવાનું અમે વિચારી રહ્યા હતા. એટલામાં એક વૃદ્ધ આદમી અમારી નજીક આવ્યો અને તેણે અમને ઓળખી કાઢયા. સૉવિયેટ યુનિયનમાં દૂરદૂરના ગામડાંમાં પણ દરેક ઘરના રસોડામાં એક રેડિયો સેટ હોય છે, અને ઘણું ખરું દરેક છઠ્ઠા ઘરમાં ટેલિવિઝનનો એક સેટ હોય છે, અને તેણે અમને તેના મહેમાન થવાનો આગ્રહ કર્યો. બીજી જ બાજુએ ત્રણ કીલોમીટર દૂર આવેલા તેના ઘેર તે અમને લઈ ગયો અને તેની દીકરીને અમારા ભોજનને લગતી વ્યવસ્થા કરવાનું સૂચવીને તે ફરીથી બહાર ગયો. એક કલાક પછી તે પાછો આવ્યો અને નજીક આવેલી કોઈ એક શાળાના મકાન ઉપર પોતાની સાથે ચાલવા તેણે અમને વિનંતિ કરી. બનેલું એમ કે નજીકનાં ગામડાંઓમાં વસતા લોકોને તેણે એકઠા કર્યા હતા અને એ શાળાના મકાનમાં આશરે સોએક આદમીઓ અમને સાંભળવા માટે એકઠા થયા હતા.

પ્રશ્ન : તેઓ શું જાણવા માગતા હતા?

ઉત્તર : અમે જે કંઈ કહીએ તે સાંભળવા તેઓ આતુર હતા. રાજકપુર અને નરગીઝ વિષે, ભારતમાં રહેતી સ્ત્રીઓની સાડી અને તેમના કપાળમાં કરવામાં આવતા તિલક વિષે તેમને જાણવું હતું, અને તે બધાય વારંવાર એમ બોલતા હતા કે નહેરુ ખરેખર બહુ જ સરસ માણસ છે.

પોલાન્ડ

પ્રશ્ન : પછી બીજે તમે ક્યાં ગયાં?

ઉત્તર : પહેલાં પોલાન્ડમાં. ત્યાં અમે એક મહિનો ગાળ્યો. જેમાંથી એક અઠવાડિયું વૉરસોમાં સ્થાનિક શાંતિસમિતિની મહેરબાનીથી એક હોટેલમાં અમે ગાળ્યું. એવી સગવડ ન હોય ત્યારે અમે ગામડાના ખેતરોમાં રાતવાસો કરતા હતા. વૉરસોમાં ત્યાંના ઉપપ્રમુખ અને કાઉન્સીલ ઑફ સ્ટેટ્સના ચેરમેન પ્રોફેસર કુલઝીન્સ્કીને અમે મળ્યા હતા. પોલેન્ડમાં અમને જે ખાસ ગમ્યું તે ત્યાંની સહકારી કૃષિપદ્ધતિ. સૉવિયેટની સામૂહિક ખેતી કરતાં અમને આ ખેતી ઘણી ચડિયાતી લાગી.

પૂર્વ જર્મની

પ્રશ્ન : પૂર્વ જર્મનીમાં તમે કયારે પ્રવેશ કર્યો અને ત્યાં તમને શું અનુભવો થયા?

ઉત્તર : અમે પૂર્વ જર્મનીમાં જૂન માસની ચોથી તારીખે પ્રવેશ કર્યો. એ દેશમાં અમે અઢાર દિવસ પસાર કર્યા. ત્યાંના ચાન્સેલર ઉલબ્રીચને અમે એમ લખી જણાવ્યું હતું કે અમે આપને મળવા માગીએ છીએ, અને તે માટે આપની ઑફિસ આગળ અમે આવીશું અને જ્યાં સુધી આપનો મેળાપ નહિ થાય ત્યાં સુધી અમે ત્યાંથી ખસીશું નહિ. અમને માલૂમ પડયું હતું કે શિખરસ્થ માનવીઓને મળવાનો માત્ર આ જ રસ્તો હતો. કાગળોનો સાધારણ રીતે કોઈ જવાબ ન આવ્યો. પણ જ્યારે અમે પૂર્વ બર્લિનથી છ કીલોમીટર દૂર હતા ત્યારે પૂર્વ જર્મન સરકારનો જવાબ લઈને આવેલા એક મોટરકારમાં અમારી રાહ જોતા કોઈ એક સંદેશવાહકને જોઈને અમને ભારે આશ્ચર્ય થયું. તેણે જણાવ્યું કે ઉલબ્રીચ માંદા છે અને હૉસ્પિટલમાં છે, પણ નાયબ મુખ્ય પ્રધાન શ્રી લોથર-બૉલ્ઝ અમને મળી શકે તેમ છે અને અમે તેમને મળ્યા. તેમણે જણાવ્યું કે પૂર્વ જર્મની ગેરન્ટી—ખાતરી આપવાને તૈયાર છે કે તે પોતે અણુશસ્ત્રો નહિ બનાવે, એટલું જ નહિ પણ, જો પશ્ચિમ જર્મની 'નાટો'માંથી નીકળી જાય તો પૂર્વ જર્મની 'વૉરસો પેકટ'માંથી નીકળી જવાને પણ તૈયાર છે.

પશ્ચિમ જર્મની

પ્રશ્ન : પશ્ચિમ જર્મનીમાં આ સંબંધમાં કેવા પ્રત્યાઘાત હતા?

ઉત્તર : વારુ, પહેલાં અમે પશ્ચિમ બર્લિનમાં ગયા. વીલીબ્રેન્ટ યુનાઈટેડ સ્ટેટ્સમાં ગયા હતા અને તેનો નાયબ અધિકારી અમને મળી ન શકયો. વેસ્ટ બર્લિનમાં કોઈ મહત્ત્વની વ્યકિતને અમારાથી મળવાનું ન બન્યું. પણ ત્યાંના પ્રેસ ઑફિસરે અમને બર્લિન અને તેના ભાગલા કરતી દીવાલ જોવા માટે એક ગાડી આપી હતી. પણ અમે આ માટે બર્લિન ગયા નહોતા.

પ્રશ્ન : પશ્ચિમ જર્મનીમાં શું અનુભવ થયો?

ઉત્તર : ત્યાં અમારી આ યાત્રામાં રસ હોય એવા બહુ ઓછા લોકો હતા. એટલું જ નહિ પણ, જર્મન ભાષામાં છાપેલા અમારા સાહિત્યને ઘણાખરા લોકો હાથમાં પકડવા પણ માગતા નહોતા. રસ્તા ઉપર લોકો અમારા હાથમાં સિક્કા નાખવાનો પ્રયત્ન કરતા, પણ અમારે નાણાંની તો કોઈ જરૂર જ નહોતી. આજ સુધીમાં પશ્ચિમ જર્મની જ અમને એક એવો દેશ માલૂમ પડયો છે કે જ્યાંના લોકો મોટા ભાગે ઉદાસીન હતા અને જ્યાંના રાજ્યાધિકારીઓ પણ અમારી વિરુદ્ધ હતા.

પ્રશ્ન : આથી તમે શું કહેવા માગો છો?

ઉત્તર : જુઓ, અમે ચાન્સેલર એડેનોરને નાની સરખી પણ મુલાકાત માટે લખ્યું હતું, પણ અમને જણાવવામાં આવ્યું હતું કે રાજકારણી હેતુઓસર તેઓ અમને મળી શકે તેમ નથી. તેમને કોઈ પણ રીતે મળવા માટે અમે તેમની ચાન્સેલરી—સચિવાલય-તરફ ગયા હતા, પણ અમને દરવાજા આગળ જ અટકાવવામાં આવ્યા હતા. સવારના આઠથી લગભગ આખો દિવસ અમે ત્યાં રાહ જોતા ઊભા રહ્યા. સાંજના ચાર વાગ્યા લગભગ ત્યાંના ચોકીદારોએ ભારતના એલચી ખાતાને ટેલિફોન કર્યો હશે, કારણ કે એક હિંદી અધિકારી ત્યાં આવી ચઢયો અને બાપુનું નામ દઈને અમારો આ સત્યાગ્રહ છોડી દેવા અમને વિનવવા લાગ્યો. અમે જવાબ આપ્યો કે આ અશકય છે, કારણ કે એક તો બાપુના શાંતિકાર્યને અનુલક્ષીને જ અમે બોન આવ્યા હતા. સાંજના પાંચ વાગ્યે, ત્યાંની પોલીસે અમારા હાથમાંથી પીસ પ્લેકાર્ડઝ—શાંતિનો સંદેશ આપતાં પાટિયાં અને લગભગ એક હજાર પત્રિકાઓ ઝૂંટવી લીધી. પછી અમે એ જગ્યા છોડીને ચાલી ગયા. પણ જર્મનો વ્યકિતગત રીતે—તેમાંના અમુક તો જરૂર-અમારી પ્રત્યે માયાળુ દેખાયા હતા. એક પાદરીએ અમને ગરમ કપડાં પૂરાં પાડયાં હતાં. એક યુવાન ડર્ટમુન્ડથી બોન સુધી અમારી સાથે ચાલ્યો હતો અને એક બીજી બહેન બોનથી એચેન સુધી ચાલી હતી. પણ ત્યાંના લોકો, કોણ જાણે કેમ, અમારી પત્રિકા હાથમાં પકડતાં ભારે ભડક અનુભવતા હતા.

બેલ્જિયમ પછી ફ્રાન્સ

પછી મેનને કહ્યું કે "બેલ્જિયમમાં પગપાળા ૧૧ દિવસનો પ્રવાસ કરીને હવે અમે ફ્રાન્સમાં આવ્યા છીએ. તેણે વિશેષમાં કહ્યું કે ડી'ગોલને તેણે પત્ર લખ્યો હતો અને તેના ઉત્તરની તેઓ રાહ જોતા હતા. એ દરમિયાન Chatres —ચેમેમાં મળનારી શાંતિ પરિષદમાં ભાગ લેવા માટે તેઓ જનાર હતા અને ત્યાંથી એક અઠવાડિયામાં તેઓ પાછા ફરવાના હતા. પછી ડી'ગોલને મળવા માટે શું કરવું તેની યોજના ઘડશે. પછી લંડન, પછી યુનાઈટેડ સ્ટેટ્સ.

થોડા અઠવાડિયામાં આ બે ભાઈઓ વૉશિંગ્ટનથી પશ્ચિમ કિનારા તરફ યુનાઈટેડ સ્ટેટ્સના રાજમાર્ગો ઉપર પગપાળા વિચરતા નજરે પડશે. અને ત્યાંથી જાપાન અને હીરોશીમા તરફ ગતિ કરતા જોવામાં આવશે. આથી તેમણે શું સિદ્ધ કર્યું હશે? કદાચ કશું જ નહિ. પણ આવો જવાબ તો કોઈ ધૃષ્ટ માનવી જ આપી શકે.

અનુવાદક : **પરમાનંદ** મૂળ અંગ્રેજી : **એમ. બી. કામઠ.**

તા. ક. આ યાત્રીઓ સંબંધે તા. ૨૨—૯—૬૩નાં 'જનશકિત'માં નીચે મુજબ સમાચાર પ્રગટ થયા છે:

પેરીસ, તા. ૨૦—'બોમ્બ પર પ્રતિબંધ' માટે શાંતિકૂચ કરતા બે ભારતીય નાગરિકો શ્રી ઈ. પી. મેનન અને શ્રી સતીશકુમાર અહીંથી ગઈ કાલે રાતે લંડન તરફ રવાના થયા છે. શાંતિકુચ કરતા આ ભારતીય નાગરિકોએ પ્રમુખ ચાર્લ્સ દ'ગોલના નિવાસ્થાન સુધી કૂચ કરી હતી અને તેમને ગિરફતાર કરવામાં આવ્યા હતા, ત્રણ દિવસ પછી ફ્રાન્સ ખાતેના ભારતીય એલચી શ્રી અલીયાવર જંગની દરમિયાનગીરીથી તેમને જેલમાંથી છોડવામાં આવ્યા હતા.

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑક્ટોબર ૧૬, ૧૯૬૩, બુધવાર.
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

'પ્રબુદ્ધજીવન'ના વાચકોને નવા વર્ષની શુભેચ્છા!

પ્રબુદ્ધ જીવનનો આ અંક આપના હાથમાં આવશે ત્યારે વિક્રમ સંવત્ ૨૦૧૯ નું વર્ષ પૂરું થયું હશે અને ઘણું ખરું વિક્રમ સંવત્ ૨૦૨૦ નો પ્રારંભ થઈ ચૂક્યો હશે. આ નવું વર્ષ આપ સર્વને સર્વ પ્રકારે સુખદાયી નીવડો અને આપનો ભૌતિક તેમ જ આધ્યાત્મિક ઉત્કર્ષ સાધનારૂં બનો એવી આપ સર્વને અન્તરની શુભેચ્છા અને પ્રાર્થના છે.

ગયા વર્ષના પ્રારંભમાં જ ચીને ભારતની ઉત્તર સરહદ ઉપર હુમલો કર્યો હતો અને ભારત માટે એક અણકલ્પી અસાધારણ યુદ્ધ કટોકટો ઊભી કરી હતી. ત્યારબાદ એક મહિનાની અંદર જ એ યુદ્ધ પરિસ્થિતિ તો સ્થગિત બની ગઈ હતી. આમ છતાં પણ ભારતના શિરે યુદ્ધ તોળાઈ જ રહ્યું હોય એવી કટોકટીની પરિસ્થિતિ તો હજુ ચાલુ જ રહી છે અને પાકિસ્તાન ચીન સાથે મૈત્રી કરારો કરીને આપણી મુંઝવણમાં વધારો કરી રહેલ છે. આવા યુદ્ધલક્ષી સંયોગોને પહોંચી વળવા માટે લશ્કરી તૈયારી પાછળ ભારતને પાર વિનાનો ખર્ચ કરવો પડે છે અને શસ્ત્ર સહાય માટે પશ્ચિમના દેશો તરફ નજર નાખતાં રહેવું પડે છે. આના પરિણામે ભારતનો આર્થિક તેમ જ ઔદ્યોગિક વિકાસ અનેક રીતે અવરૂદ્ધ થયો છે. આવી વિષમ પરિસ્થિતિનો કયારે અન્ત આવશે તેની ખબર પડતી નથી.

બીજી બાજુએ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં ભારે મહત્ત્વનું પરિવર્તન થયું છે. પશ્ચિમના બે જૂથો અમેરિકા અને સૉવિયેટ રશીઆ વચ્ચે ચાલતું શીતયુદ્ધ ઠીક ઠીક હળવું બન્યું છે. આણુશસ્ત્ર પ્રયોગો બંધ કરવાના બે જુથ વચ્ચે થયેલા કૉલકરારે વિશ્વશાન્તિની દિશાએ એક નવી આશા ઊભી કરી છે. ક્યુબા પ્રકરણમાં રશીઆએ કરેલી સમયસરની પીછેહઠના પગલા બાદ રશીઆ અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના સંબંધો દિનપ્રતિદિન સુધરતા રહ્યા છે. બીજી બાજુએ ચીન અને રશીઆ વચ્ચે ઘર્ષણ વધતું જાય છે અને આ બે સામ્યવાદી દેશો વચ્ચે એક મોટી ફાટ પડી છે. પરિણામે દુનિયાના આગળ વધેલા દેશોથી ચીન ધીમે ધીમે અલગ પડતું જાય છે અને તેનું પરિણામ તેની આક્રમક તાકાતને - તેની વિસ્તારલક્ષી મહત્ત્વાકાંક્ષાને - ઉત્તરોત્તર નિયંત્રિત કરવામાં આવ્યું છે. આ રીતે વિચારતાં ભારત ઉપર ચીનના લશ્કરી હુમલાનો હાલ તુરત કોઈ સંભવ દેખાતો નથી.

દુનિયામાં અન્યત્ર નાનાં મોટાં ઘર્ષણો ચાલી રહ્યાં છે. આફ્રિકાના દેશો એક પછી એક સ્વતંત્ર બની રહ્યા છે. એશિયાના અગ્નિ કોણમાં મલયેશિયાનો જન્મ થયો છે, પણ ત્યાં કે અન્યત્ર પાણી ડહોળાયલાં છે, હજુ સુધી કોઈ ઠેકાણે સ્થિરતા આવી નથી. ભારતમાં પણ જ્યાં ત્યાં અશાન્તિનાં, અસંતોષનાં, અસ્વાસ્થ્યનાં પ્રકરણો ઊભાં થયા કરે છે. કૉંગ્રેસમાં પાયાનું પરિવર્તન કરવાના હેતુથી કામરાજ યોજનાનો જન્મ થયો, એમ છતાં કૉંગ્રેસમાં હજુ કશું થાળે પડ્યું નથી. બધું ડામાડોળ દેખાય છે. કોઈ ચોક્કસ નકશો ઉપસતો દેખાતો નથી. આમ ચોતરફ વ્યાપેલી અશાન્તિ અને બેચેની વચ્ચે એક વર્ષ પૂરું થાય છે અને બીજા વર્ષનો પ્રારંભ થાય છે. આ પરિસ્થિતિમાં આપણાં વિચાર, વાણી અને વર્તન એવાં હોવાં ઘટે કે, જેથી અશાન્તિ ઘટે અને શાન્તિને સમર્થન મળે, સંકીર્ણતા ઘટે અને ઉદારતા વધે, આ મારો દેશ અને આ તારો દેશ—એવી ભેદબુદ્ધિ નાબુદ થાય અને એક વિશ્વના આપણે સૌ નાગરિક છીએ એવી વિશ્વબંધુત્વની ભાવનાથી આપણું સમગ્ર આચરણ પ્રભાવિત બને! આપણા દિલમાં નીચે આપેલી વિશ્વમૈત્રીની ભાવનાનું સતત રટણ રહે:—

શિવમસ્તુ સર્વજગત: પરહિતનિરતા ભવન્તુ ભૂતગણા: ।
દોષા: પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખીભવન્તુ લોકા: ।।

દેડકાની મોટા પાયા ઉપર ચાલી રહેલી કતલ:

આપણે ક્યાં જઈ રહ્યાં છીએ?

આઠમી ઓક્ટોબરના 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માં નીચે મુજબના સમાચાર વાંચવા મળે છે:—

"દેડકાના પગની નિકાસ પરદેશી હૂંડિયામણ કમાવાનું એટલું મહત્ત્વનું સાધન માલુમ પડ્યું છે કે ભારત સરકાર દેડકાના ઉછેરને સુધારવા તેમ જ વધારે વેગ આપવા માટે પગલાં ભરવાનું વિચારી રહેલ છે. એમ જણાવવામાં આવે છે કે મહારાષ્ટ્ર અને કેરલમાં દેડકાઓ માટેની પરદેશની માંગ ખૂબ વધી રહી છે. દેડકાના પગને યુનાઈટેડ સ્ટેટ્સ, ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સમાં એક અતિ સ્વાદિષ્ટ ચીજ તરીકે લેખવામાં આવે છે. જૂન અને જુલાઈ એ બે મહિના દેડકાઓના ગર્ભાધાનના મહિના લેખાય છે. તેથી એ બે મહિના દરમિયાન દેડકા પકડવાની અટકાયત કરનારા સરકારે નિયમો ઘડ્યા છે. વળી દેડકાના ઉછેરને સુધારવા માટે પરદેશના કોઈ નિષ્ણાતને રોકવાનું પણ વિચારાઈ રહ્યું છે."

આના અનુસંધાનમાં, આ સમાચાર વાંચવામાં આવ્યા તેના બે દિવસ પહેલાં જ, મુંબઈની મ્યુનિસિપલ કૉર્પોરેશનના એક સભ્ય સાથેની વાતચીતમાં તેમણે પણ જણાવ્યું હતું કે, "આજકાલ મુંબઈની આજુબાજુ ચોતરફ ઢગલાબંધ દેડકાંઓ પકડી પકડીને કોથળામાં ભરીને મુંબઈ તરફ રવાના કરવામાં આવે છે, મુંબઈમાં દેડકા મારવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે અને તેના પગની પરદેશમાં ઘણી મોટી માંગ હોવાથી તેની મોટા પાયા ઉપર નિકાસ કરવામાં આવે છે અને તેનું માંસ મુંબઈની હોટેલોમાં મરઘીના માંસ સાથે સેળભેળ કરીને માંસાહારી લોકોને પીરસવામાં આવે છે."

આપણા ધર્મશાસ્ત્રકારોએ આપણને શીખવ્યું હતું કે, આ જગતમાં સર્વ જીવોને સાથે રહેવા વસવાનો અધિકાર છે. તેથી

ભોગોપભોગ ખાતર કે દ્રવ્યોપાર્જન કરવા ખાતર એક પણ જીવને પીડા પહોંચાડવી કે તેનો વધ કરવો એ પાપ છે, અધર્મ છે, અને આમ છતાં આપણે ત્યાં જીવહિંસા નહોતી થતી કે પશુવધ નહોતો જ થતો એમ આપણે કહી શકીએ એમ નથી. અને એમ છતાં પણ આ આપણે ખોટું કરીએ છીએ, ન કરવા યોગ્ય કરીએ છીએ, અન્ય જીવોના અસ્તિત્વને આ રીતે હાનિ પહોંચાડવી એ ન્યાય નથી, નીતિ નથી, ધર્મ નથી—આવી લાગણી વિશાળ જનસમુદાયમાં વ્યાપી રહી હતી અને તેના પરિણામે લોકોની હિંસક પ્રવૃત્તિ ઉપર એક પ્રકારનો અંકુશ રહેતો હતો, તે અંગે લોકમાનસમાં એક પ્રકારનો ખટકો હતો, શરમ હતી અને તેથી હિંસક પ્રવૃત્તિ સ્વાભાવિક રીતે મર્યાદિત બનતી હતી. અને હિંસા કરવા છતાં સમાજનું મોઢું અહિંસા તરફ રહેતું હતું.

આજના સમયનું—સરકારનું તેમ જ પ્રજામાનસનું—વલણ જ બદલાઈ ગયું છે. આજે માણસ સમગ્ર અસ્તિત્વનો સ્વામી થઈ બેઠો છે. જીવવાનો અને જીવન માણવાનો માત્ર તેને જ અધિકાર છે અને અન્ય જીવોનું અસ્તિત્વ—નાસ્તિત્વ માત્ર તેની ઈચ્છાને જ આધીન છે એમ તે બેધડક માનતો થતો જાય છે. સાથે સાથે તે વધારે ને વધારે અર્થલોલુપ અને જીવ્હાલોલુપ અથવા તો ભોગલોલુપ બનતો જાય છે. જ્યાં તેને અર્થપ્રાપ્તિની સંભાવના દેખાય ત્યાં તે દોડે છે. વળી સ્વાદેન્દ્રિયને તૃપ્ત કરવામાં ભક્ષ્યાભક્ષ્યનો તેના માટે કોઈ ભેદ રહ્યો નથી. માણસજાત સિવાય સજીવ તેમ જ નિર્જીવ સમગ્ર સૃષ્ટિ તેના ઉપભોગનું સાધન બની બેઠી છે. આ જ ચિત્તવિકૃતિ—ખાસ કરીને અર્થલક્ષી ઘેલછા—આપણી સરકારના માનસને ઘેરી વળી છે અને પરિણામે જે જીવસૃષ્ટિ પ્રમાણમાં આજ સુધી સુરક્ષિત હતી તેના ઉપર મોટામાં મોટી તવાઈ આવી છે. મત્સ્યોદ્યોગ ખીલવો, મરઘાઉછેર વધારો, બને તેટલાં જાનવરોની કતલ કરો, માંસની પરદેશ નિકાસ કરો, આ માટે મોટા પાયાનાં કારખાનાં ખોલો, જેમ તલ પીલીને તેલ કાઢવામાં આવે છે તેમ જીવોને પીસીને તેમાંથી બને તેટલું નાણું નિષ્પન્ન કરો—આવી અર્થવિહ્વળતાએ સરકારી માનસને પણ ઘેરી લીધું છે અને પરિણામે ન સાંભળવાનું આપણે સાંભળીએ છીએ અને કલ્પનામાં ન આવે એવું આપણી નજરે નિહાળીએ છીએ.

દેડકાની વધતી જતી કતલ આ વૃત્તિ અને વિચારને આભારી છે. પણ આ સામે શું દલીલ કરવી અને કોની સામે કરવી? કારણ કે આમ કરાય અને આમ ન કરાય તે વિવેકવિચાર કરુણાવિચાર ઉપર આધારિત હતો. આજ સુધીનો સંઘર્ષ કરુણા વૃત્તિ અને અનિવાર્ય માની લીધેલી એવી જરૂરિયાતના વિચાર વચ્ચે હતો. હિંસામાર્ગ ઉપર પ્રવૃત્ત થયેલી વ્યક્તિમાં કરુણાવૃત્તિ જાગૃત કરવામાં આવતી અને તે હિંસામાર્ગ ઉપરથી પાછી વળતી.

પણ આજે લોકોના દિલમાંથી કરુણા જ વિદાય લઈ રહી છે. જેમ મને મારો જીવ ગમે છે તેમ અન્યને તેનો જીવ ગમે છે, તો જેમ મને કોઈ દુ:ખ આપે અને મને ન ગમે તેમ અન્યને આપણે દુ:ખ આપીએ તો તેને ન ગમે, તેથી આપણી પ્રત્યે અન્યના જેવા વર્તનની આપણે આશા રાખીએ તેવું અન્ય પ્રતિ આપણું વર્તન હોવું ઘટે—આમ દલીલ કરીને આપણે અન્યને હિંસાથી અહિંસા તરફ, નિષ્ઠુરતાથી અનુકંપા તરફ વાળતા. આ વિચારસરણીમાં પાયાનું મંતવ્ય એ હતું કે, સૌ જીવ સરખા છે. આજે આ પાયાનું મંતવ્ય ભૂંસાતું ચાલ્યું છે અને માનવી અને માનવેતર સજીવ સૃષ્ટિ વચ્ચે આપણે તફાવત કરવા માંડ્યો છે અને એક ભોક્તા છે અને અન્ય ભોગ્ય છે—આ રીતનો દૃષ્ટિફરક આપણી ઉપર અસવાર થઈને બેઠો છે. આ વિકૃત પરિસ્થિતિમાં દેડકાને બચાવવાની—ન મારવાની વાત કરવી—એ અરણ્યરૂદન જેવી લાગે છે.

પણ આ સંબંધમાં સ્વ. રાજેન્દ્રબાબુએ પોતાના એક વ્યાખ્યાનમાં ચેતવણી આપી હતી તેનો પુનર્ ઉલ્લેખ અહિં અસ્થાને નહિ ગણાય. તેમના કહેવા મુજબ કરુણાવૃત્તિના શક્ય તેટલા વિકાસ અને વિસ્તારમાં જ આપણું અને જે જગતમાં આપણે વસીએ છીએ તેનું ખરું શ્રેય રહેલું છે. આ કરુણાવૃત્તિ કદિ સ્થગિત કે સીમિત રહી શકતી નથી. એ વૃત્તિને માનવજાત પૂરતી સીમિત કરવાનો વિચાર એ રીતે કદી સીમિત રહેવાનો નથી અને તેનું પરિણામ એ આવવાનું છે કે, માણસ પોતપોતાનામાં પણ ભેદ કરવાનો છે અને સબળ નિર્બળને મારવાનો છે, રંજાડવાનો છે, કટોકટીના વખતે માણસ માણસને ખાવાનો છે. અને છેવટે might is right—સબળ તે જ સાચો—એ વિચારનું અંતિમ પરિણામ માનવજાતિના નિકંદનમાં આવવાનું છે. આજની કટોકટીમાં આ ભાવિની આપણને આબાદ ઝાંખી થાય છે. એનો અર્થ એ થયો કે, માનવ જાતિનું રક્ષણ કરુણાવૃત્તિને સીમિત કરવામાં નહિ, પણ વિસ્તૃત કરવામાં રહેલું છે. આ રીતે વિચારતાં દેડકા અને એ જ રીતે અન્ય જીવોની અમર્યાદ હિંસાને જે ઉત્તેજના મળી રહી છે અને તે વિષે જે ઉપેક્ષા સેવાઈ રહી છે તે અંતે તો માણસ જાત માટે જ ભારે ખતરનાક નિવડવાની છે. એ દીવા જેવું સ્પષ્ટ છે.

બૉંબે બેગર્સ એકટનો અક્ષમ્ય દુરૂપયોગ

તા. ૫-૧૦-'૬૩ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં શ્રી યશવંત આર. ઈંગલેનો નીચે મુજબ પત્ર પ્રગટ થયો છે:—

"કેટલાક સમયથી 'બૉંબે બેગર્સ એકટ'નો પોલીસ ભારે દુરૂપયોગ કરી રહી છે. નિર્દોષ માણસોની, તેઓ ભીખારી છે એ બહાના હેઠળ, ધરપકડ કરવામાં આવે છે, જ્યારે વસ્તુત: તેઓ ભીખારી હોતા જ નથી. આવા લોકોની કહેવાતી ભીક્ષાવૃત્તિ બદલ ધરપકડ કર્યા બાદ ક્રિમીનલ પ્રોસિજર કોડ મુજબ તેમજ રાજ્યબંધારણના નિયમો મુજબ પણ ૨૪ કલાકની અંદર તો શું પણ કૉર્ટ ખુલ્લી હોય એવા પછીના દિવસે પણ આવા લોકોને કૉર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતા નથી. આમ જેમની ધરપકડ કરવામાં આવી હોય તેવા લોકોનાં સગાવહાલાંઓને પોલીસ તરફથી ખબર આપવામાં આવતી નથી, એટલું જ નહિ પણ, જે પોલીસ ચોકી ઉપર તેમને અટકમાં રાખવામાં આવે છે ત્યાંથી ટપાલ દ્વારા પણ ખબર આપવામાં આવતી નથી.

"આ એક તાજેતરમાં બનેલો નક્કર દાખલો છે. શહેરનો એક મજૂર, જે થોડાં સમય પહેલાં જ કોઈ એક મોટરના અકસ્માતનો ભોગ બન્યો હતો તે કોટ વિસ્તારમાં આવેલા તેના સોલિસીટરની ઓફિસમાં લંગડાતો લંગડાતો તાજેતરમાં જઈ રહ્યો હતો. તેના હાથમાં તેના કેસને લગતાં કાગળીયાંનું એક બંડલ હતું. સાધારણ રીતે બને છે તેમ આ મજૂર એક ભિખારી છે એમ માની લઈને પોલીસે તેની ધરપકડ કરી અને ગાડીમાં બેસાડીને નજીકના પોલીસ સ્ટેશને અથવા તો receiving centre ઉપર તેને લઈ જવામાં આવ્યો. તેણે પોલીસને આજીજી કરી કે, 'હું કોઈ ભિખારી નથી' અને એ વખતે પોતાની પાસે જે કેસ પેપર્સ – કેસને લગતાં કાગળીયાંઓ—હતાં તે તેણે આગળ ધર્યા. પણ ન તો તેમણે તેને સાંભળવાની દરકાર કરી કે તેનું કહેવું સાચું છે કે ખોટું તે નક્કી કરવા માટે ન તો કેસના કાગળીયા જોવા તપાસવાની તેમણે તકલીફ લીધી.

"આ ઉપરાંત, પછીના કૉર્ટના દિવસે તેને કૉર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો નહિ, પણ પોલીસ તરફથી આરોપીને રજૂ કર્યા સિવાયની માત્ર blanket remand application—તેને અટકમાં ચાલુ રાખવાની કૉર્ટ સમક્ષ અરજી—કરવામાં આવી. તેનાં સગાંવહાલાઓને ખબર પડે અને તેને જામીન ઉપર છોડવાની ગોઠવણ કરવામાં આવે એટલામાં એક પખવાડિયું પસાર થઈ ગયું. આખરે તેને છૂટો કરવામાં આવ્યો.

"આ તો અનેક દાખલાઓમાંનો એક છે કે જેમાં બેગર્સ એકટ

નીચે નિર્દોષ માણસોની ધરપકડ કરવામાં આવે છે. આખરે આ કાયદાનો હેતુ ભીખના ધંધાને અસરકારક રીતે નાબૂદ કરવાનો છે અને નહિ કે આ કાયદા નીચે સંખ્યાબંધ માણસોની ધરપકડ કર્યાનો દેખાવ કરવાનો. એક સારા કાયદાનો આવો છડેચોક દુરૂપયોગ થતો અટકાવવા માટે શું કશું જ થઈ ન શકે ?"

આ પત્રલેખકે રજૂ કરેલી બાબત પ્રજાજનોએ, પોલીસે અને સ્થાનિક સરકારે ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. મને પણ મારી બાજુએ રહેતા એક ગરીબ માણસ સંબંધે આવો જ અનુભવ થયો છે. તે બિચારો રસ્તા ઉપરના ફૂટપાથ ઉપર બેસીને સળીઓ સરખી કરીને ઝાડુ બનાવવાનું કામ કરતો હતો. તેને ભિખારી ગણીને પોલીસ બે વાર ઉપાડી ગયાનું અને કેટલાક દિવસ સુધી અટકમાં રાખ્યાનું મને પાકું સ્મરણ છે. આ બેગર્સ એકટનો અમલ શરૂ થયા પહેલાં પાટીવાળાઓ એટલે કે પાટીમાં લોકોનો સામાન ઉપાડીને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જતા મજૂરો મુંબઈમાં જ્યાં ત્યાં નજરે પડતા અને લોકોને ખૂબ ઉપયોગી થતા. હું જ્યાં રહું છું ત્યાં બાબુલનાથના રસ્તા ઉપર પાટીવાળો મેળવવાની કદિ મુશ્કેલી પડતી નહિ. હવે કેટલાય સમયથી બાબુલનાથના રસ્તા ઉપર આ પાટીવાળા દેખાતા જ નથી અને બહારગામથી આવતાં જતાં સામાન ચઢાવવા ઉતરાવવાની ભારે મુશ્કેલી અનુભવાય છે. કારણ કે આ બેગર્સ એકટનો સૌથી પહેલો શિકાર આ ગરીબ પાટીવાળા બન્યા છે. જેમ ટેકસી, ગાડી, અને હાથગાડીવાળા ગમે ત્યાં ઊભા હોય તો પણ તેઓ વ્યવસાયી ગણાય છે તેમ આ પાટીવાળા પણ વ્યવસાયી જ ગણાવા જોઈએ. પણ તેમની વાત કોણ સાંભળે અને તેમને દાદ કોણ આપે ? આમ શુભ આશયપૂર્વક કરવામાં આવેલો આ બૉંબે બેગર્સ એકટ અનેક અનર્થો, હાડમારી અને સરવાળે લાંચરૂશ્વતનું મૂળ બની રહેલ છે. કલ્યાણલક્ષી કાયદાની આ દુર્દશા સત્ત્વર બંધ થવી ઘટે છે.

જે. પી. બનેલી બે બહેનોને હાર્દિક અભિનંદન

ભારત સરકાર તરફથી રાજ્યની વિશિષ્ટ વ્યકિતઓને જે 'પદ્મભૂષણ,' 'પદ્મશ્રી' વગેરે ઈલ્કાબો આપવામાં આવે છે અને રાજ્ય સરકાર તરફથી દર વર્ષે જે. પી.ની યાદી બહાર પાડવામાં આવે છે તે બેમાં મોટો ફરક છે. એકમાં તે તે ઈલ્કાબો આપીને તે તે વિશિષ્ટ વ્યકિતની જ્ઞાન, વિજ્ઞાન, કલા, શિક્ષણ કે સેવાના ક્ષેત્રમાં રહેલી વિશેષતાની કદર કરવામાં આવે છે અને તે ઈલ્કાબોના સ્વીકારથી તે વ્યકિત ઉપર કોઈ ખાસ જવાબદારી નાખવામાં આવતી નથી, જ્યારે જે. પી. એ કોઈ માનવંતો ઈલ્કાબ નથી, પણ એક વિશિષ્ટ નાગરિક તરીકેની ચોક્કસ કાનુની જવાબદારી અને તે અંગેના કાનુની હક્કોનું પ્રદાન કરતો રાજ્યાધિકાર છે. આ જે. પી.ની યાદીમાં મોટા ભાગે પુરૂષોનાં નામ જોવામાં આવે છે; આને બદલે વર્ષોથી સમાજની સેવા કરતી અને સામાજિક સંસ્થાઓની જવાબદારી વહન કરતી કાર્યકુશળ અને આપણને પરિચિત એવી બહેનોનાં નામ જે. પી. નૌ યાદીમાં જ્યારે જોવામાં આવે ત્યારે આપણને સ્વાભાવિક રીતે સવિશેષ આનંદ થાય છે.

આવાં એક બહેનનું નામ છે શ્રી સુનંદા બહેન વોહોરા. કેટલાંક વર્ષ પહેલા તેઓ મુંબઈમાં વસતાં હતાં ત્યારે મુંબઈમાં ચંદનવાડી વિભાગમાં વસતા કેવળ નીચેના થરના લોકોમાં ખૂબ કામ કરતા હતાં. મુંબઈ ખાતે તેમના પતિનું અવસાન થયા બાદ તેઓ કેટલાક સમયથી અમદાવાદ જઈને રહ્યાં છે અને ત્યાં પણ સામાજિક સેવાને જ તેમણે પોતાની બધી શકિતઓ સમર્પિત કરી છે. અમદાવાદ જિલ્લાનાં ૧૦૦ ગામડાંઓને આવરી લેતો 'અમદાવાદ જિલ્લા સમાજ કલ્યાણ સંઘ' તેમણે અને તેમના સહકાર્યકર્તાઓએ ૧૯૫૮ ની સાલની શરૂઆતમાં ઊભો કર્યો છે અને તેઓ તેના પ્રારંભથી આજ સુધી એક મંત્રી છે. આ સંઘનાં અત્યારે અમદાવાદ જિલ્લામાં જુદાં જુદા સ્થળોએ ૫૫ કેન્દ્રો ચાલે છે અને આ કેન્દ્રોનો ૧૫૦૦ ભાઈ બહેનો તથા બાળકો લાભ લે છે. આ સંઘના કામને અંગે તેમને અમદાવાદ આસપાસનાં ગામડાંઓમાં ખૂબ ફરવાનું રહે છે. આ ઉપરાંત ૧૯૫૮ની સાલના અંત ભાગમાં અમદાવાદ ખાતે ઊભું કરવામાં આવેલ 'અખંગ માનવ મંડળ'ના કાર્યમાં પણ તેઓ એક મંત્રી તરીકે જોડાયલાં છે. આ બંને કાર્ય પાછળ તેમનો બધો સમય પસાર થાય છે. આવાં એક બહેનને ગુજરાતની સરકારે થોડાએક સમય પહેલાં જે. પી.નો ઈલ્કાબ આપીને સ્રીશકિતની યોગ્ય કદર કરી છે. સંભવ છે કે ગુજરાત રાજ્યનાં આ સૌથી પહેલાં જ જે. પી. બહેન હોય.

આ જ પ્રમાણે તાજેતરમાં પશ્ચિમ બંગાળની સરકારે કલકત્તામાં વસતાં સૌ. સુશીલા બહેન સિંધીને પણ જે. પી.ના અધિકારપદ ઉપર નિયુકત કર્યા છે. પશ્ચિમ બંગાળ રાજ્યમાં પણ આ સૌથી પહેલાં જે. પી. બહેન છે. તેઓ તેમજ તેમના પતિ શ્રી ભંવરમલ સિંધી–બન્ને કલકત્તાના અગ્રગણ્ય સામાજિક કાર્યકર્તા છે. બન્ને પ્રખર લેખક તેમજ વકતા છે. શ્રી ભંવરમલ સિંધીના લેખોથી 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકો સુપરિચિત છે. ત્રણ કે ચાર વર્ષ પહેલાં આ ઉભય દંપતી મુંબઈમાં યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે આવ્યાં હતાં. શ્રી સુશીલાબહેન લગ્ન થયા બાદ બી. એ. તેમજ એમ. એ. થયા છે. કલકત્તાની અનેક સ્રીસંસ્થાઓમાં સુશીલાબહેન અગ્ર ભાગ લઈ રહ્યા છે. કુટુંબપરિવાર-નિયોજનની પ્રવૃત્તિ, આ દંપતીના ઉત્કટ રસનો વિષય છે અને એ જ કારણે આજથી ત્રણ વર્ષ પહેલાં સુશીલાબહેનની ભારત સરકાર તરફથી પશ્ચિમ બંગાળ માટે પરિવાર–નિયોજન–શિક્ષાનેત્રી તરીકે પસંદગી કરવામાં આવી હતી. આ ઉપરાંત તાજેતરમાં પશ્ચિમ બંગાળની ફરજિયાત બચત યોજનાની એક સદસ્યા તરીકે તેમની નિયુકિત કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળની કોંગ્રેસ કમીટીના પણ સુશીલાબહેન એક સભ્ય છે. આવી બહેનને જે. પી.ની ઉપાધિ અર્પણ કરીને પશ્ચિમ બંગાળની સરકારે પોતાની ફરજ અદા કરી છે.

આ બન્ને જૈન બહેનોને આપણાં હાર્દિક અભિનંદન હો અને તેમનો સેવાલક્ષી પુરુષાર્થ વિશેષ અને વિશેષ ફળદાયી અને યશસ્વી બનતો રહે એવી આપણી પ્રાર્થના હો !

દિલ્હી–પેકીંગ મૈત્રીયાત્રા સમાચાર

'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને ખ્યાલ હશે કે, શ્રી શંકરરાવ દેવની આગેવાની નીચે દેશપરદેશનાં મળીને આશરે બાર ભાઈ-બહેનોની એક મંડળીએ ગયા માર્ચ માસની પહેલી તારીખે દિલ્હી–રાજઘાટ ઉપરથી પેકીંગ પહોંચવાનું લક્ષ્ય વિચારીને પગપાળા યાત્રા શરૂ કરી હતી. ઉત્તર પ્રદેશ તથા બિહાર વટાવીને તે મંડળીએ પશ્ચિમ બંગાળમાં પ્રવેશ કર્યો હતો અને ત્યાંથી પૂર્વ બંગાળમાં થઈને તે આગળ વધવા માગતી હતી. પણ પૂર્વ બંગાળની પાકિસ્તાન સરકારે આ મંડળીને પોતાની હદમાં પ્રવેશ કરવા ન દીધો. એટલે આ મંડળી આસામ તરફ આગળ વધી. હાલ તે આસામમાં છે અને આસામ - બર્માની સરહદ વટાવી આગળ વધવા માગે છે. સંભવ છે કે પાકિસ્તાન સરકાર માફક બર્માની સરકાર પણ, આ મૈત્રી યાત્રા સામે ચીની સરકારનો વિરોધ લક્ષમાં લઈને, પોતાની હદમાં થઈને આગળ વધવાની યના ફરમાવે. એ સંયોગમાં એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે સમુદ્ર માર્ગે આ મંડળી રંગુન બાજુએ થઈને હૉંગકૉંગ જશે. હૉંગકૉંગ બ્રીટીશ હકુમત નીચે છે. ત્યાં તેમનો અવરોધ થવાનો કોઈ સંભવ નથી. હૉંગકૉંગથી આગળ ચીની સરહદમાં દાખલ થવાનો આ મંડળી પ્રયત્ન કરશે. ચીની સરકાર આ મંડળી સામે પ્રવેશબંધી નહિ ફરમાવે તો, આશા રહે છે કે, આ મંડળી પેકીંગ પહોંચવાની, ચીની પ્રજાના સીધા સંપર્કમાં આવવાની અને ચીની શાસકોને પ્રત્યક્ષ મળવાની અને એ રીતે ચીન–ભારત વચ્ચેની મૈત્રીનો સંદેશો ચીની શાસકો તેમ જ પ્રજા સમુદાય સમક્ષ રજુ કરી શકવાની. પણ જો આ મંડળી સામે ચીની સરકાર પ્રવેશબંધી ફરમાવશે તો શું કરવું તેનો નિર્ણય તે સમયે અને

મૈત્રીયાત્રાના તે તબક્કે લેવામાં આવશે. સામાન્ય રીતે વિચારતાં આ મંડળી પેકીંગ સુધી પહોંચવાનો સંભવ બહુ ઓછો છે, એમ છતાં, 'અમારા ઊંડા દિલનો મૈત્રીભાવ ચીની પ્રજા અને શાસકોને જરૂર સ્પર્શશે અને અમને પેકીંગ પહોંચવામાં કોઈ અન્તરાય નહિ આવે.' એવી શ્રદ્ધાપૂર્વક શ્રી શંકરરાવ દેવ અને તેમના સાથીઓ આગળ વધી રહ્યા છે.

તા. ૧૯-૯-૬૩ ના રોજ શ્રી શંકરરાવ દેવનો આસામનાં મુખ્ય શહેર ગૌહટી નજીક આવેલ મિસા ગામથી લખાયેલો પત્ર હતો. તેમાં તેઓ જણાવે છે કે, "મૈત્રીયાત્રા આસામમાં ચાલી રહી છે. યાત્રા કલ્પનાની બહાર સફળતા પૂર્વક આગળ વધી રહી છે એ જાણીને તમને આનંદ થશે. મારૂં સ્વાસ્થ્ય પણ ઠીક છે. જરૂર મુજબ હું યાત્રામાં ૮-૧૦ માઈલ રોજ ચાલું છું."

'મેરી જીવનયાત્રા : મૈત્રીયાત્રા'

ઉપર જણાવેલ દિલ્હી પેકીંગ મૈત્રી યાત્રાના સંદર્ભમાં અખિલ ભારત સેવા સંઘ (રાજઘાટ, વારાણસી) તરફથી 'મેરી જીવનયાત્રા: મૈત્રીયાત્રા' એ શિર્ષક ધરાવતી એક પુસ્તિકા (મૂલ્ય રૂ. ૧) પ્રગટ કરવામાં આવી છે. આની અન્દર પ્રસ્તુત મૈત્રીયાત્રા દરમિયાન જુદા જુદા સ્થળોએ શ્રી શંકરરાવ દેવે આપેલાં સાત પ્રવચનોનો સંગ્રહ અને દાદા ધર્માધિકારીનું પ્રાક્કથન (પ્રવેશક) સમાવિષ્ટ કરવામાં આવેલ છે. કોઈ પણ એક વિશિષ્ટ આધ્યાત્મ - પરાયણ વ્યકિત આધ્યાત્મિક કક્ષાના કોઈ એક ભવ્ય પ્રસ્થાનને સમર્પિત બને અને તે દિશાએ આગળ ને આગળ વધ્યે જાય તો તે સાથે તેનું જીવનદર્શન કેવું સર્જન-સભર બનતું જાય છે અને અવનવી અન્ત:સ્ફુરણાઓ વડે કેવું સતત નવપલ્લવિત બનતું જાય છે તેની, આ પ્રવચનો વાંચતાં, આપણને પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે. વિશ્વમૈત્રીના હાર્દને જેઓ માત્ર સમજવા જ નહિ, અન્તરમાં ઉતારવા - તે સાથે તદ્‌રૂપ થવા-માગતા હોય તેમણે આ પુસ્તિકાનું જરૂર અધ્યયન કરવું ઘટે છે.

'ભૂમિપુત્ર' ચિરાયુ હો

ભૂમિપુત્રે તાજેતરમાં દશ વર્ષ પૂરાં કર્યાં. તે અંગે ભૂમિપુત્રનો દશાબ્દિ વિશેષાંક પ્રગટ કરવામાં આવ્યો છે અને એ અંકમાં ચિંતન-પ્રેરક વિપુલ સામગ્રી ભરવામાં આવી છે. આ ભૂમિપુત્રને આશિર્વાદ પાઠવતા વિનોબાજીએ નીચે મુજબનો સંદેશો પાઠવ્યો છે :-

"'ભૂમિપુત્ર' ને દશ વર્ષ પૂરાં થયાં. નૂતન વર્ષમાં તેના આ પ્રવેશનું સૌ કોઈ તરફથી સ્વાગત કરવામાં આવશે એવો મારો વિશ્વાસ છે. 'ભૂમિપુત્ર' નો હું પણ એક પાઠક છું. અને તેનું સંપાદન સામાન્યત: સમત્વબુદ્ધિ વડે કરવામાં આવે છે એવી મારી ઉપર અસર પડી છે. ગુજરાતના યુવકવર્ગમાં વાંચવાનો શોખ અન્ય કોઈ પ્રાંતથી ઓછો નથી એમ હું અનુભવથી કહી શકું છું. 'ભૂમિપુત્ર' ચિરાયુ હો ! વિનોબાના જય જગત."

ભૂમિપુત્ર જેવા કલ્યાણકારી સામયિકનો સતત ઉત્કર્ષ થતો રહે અને તે દ્વારા સમ્યક્ ચિંતનનાં પિયુષનું ગુજરાતના નરનારીઓ - યુવક યુવતીઓ-સતત અનુપાન કરતાં રહે એવી આપણી પણ શુભેચ્છા અને અંતરની પ્રાર્થના હો !

આ વિશેષાંકમાં, ૧૯૫૩ માંથી ભૂમિપત્રનો જન્મ થયો ત્યારથી સાત વર્ષ દરમિયાન જે ચાર સાથીઓએ 'ભૂમિપત્ર'નું સંપાદન કર્યું હતું તેમાંના એક શ્રી પ્રબોધ ચોકશીએ ભૂમિપુત્રના ઉગમથી આજ સુધીનો રોચક ઈતિહાસ આપ્યો છે. તેના છેડે ઉપસંહાર કરતાં તેમણે ભાવાત્મક ઉદ્‌ગારો આલેખ્યા છે તેને ઉધ્ધૃત કરવાનું મન થઈ આવે છે. તેઓ જણાવે છે કે, "ખેર, 'ભૂમિ પુત્ર' વિષે શું લખવું અને શું ન લખવું ? પ્રસંગો, ખાટી મીઠી આપવીતીઓ, વિચારો કીડી-યારાંની જેમ ઉભરાય છે, ધક્કામુક્કી કરે છે. જે બહાર નીકળી ગયા તે નીકળી ગયા. નીકળી ગયા તે જ છે તેવું નથી, ને ન નીકળી ગયા તે ન નીકળવા જેવા હતા તેવું યે નથી. અને એ બધું છેવટે તો કેટલી વિસાતનું ? મહાન કાલપુરુષ કદમ બઢાવતો જાય છે. એના અંગુઠાના નખ પર બેઠેલી એક કીડીના મનમાં શું શું આવ્યું ને ગયું તેનાં લેખાંજોખાં કેટલાં કરવાં ? પરમ સાર્થકતા વચ્ચે વ્યર્થતા અનુભવવી અને વિકટતમ વ્યર્થતા વચ્ચે કૃતાર્થતા અનુભવવી એ જ તો આપણા મનખા અવતારનું કપાળે લખાયલું છે ને ?"

'આ છે બાપુનો મારા ઉપર પ્રભાવ'

ગાંધી જયંતી અંગે તા. ૨-૧૦-'૬૩ ના રોજ મુંબઈ ખાતે મણિભવનમાં એકત્ર થયેલાં સંમેલનમાં શ્રી જાનકી બહેન બજાજે નીચે મુજબના પ્રેરક ઉદ્‌ગારો કાઢયા હતા :-

"આમ તો હું કરોડપતિની પત્ની છું, અને કરોડપતિની માતા છું, અને કરોડપતિની સાસુ પણ છું. સંપત્તિને આધારે જીવન જીવવાનું ધાર્યું હોત તો અનેક કહેવાતા સુખોથી હું ઘેરાયેલી હોત, આજે મળતી રબ્બરની પથારીથી સુસજ્જિત ખાટલામાં હું આળોટતી હોત અને પરિણામે ડૉકટરો, નર્સો વચ્ચે રહી તેમનાં આપેલ દવા-દારૂ અને ઈંજેકશનોથી જીવનને ઘસડતી હોત, પણ, જીવનની એક શુભ પળે બાપુએ મને જીવનની દ્રષ્ટિ આપી અને પરિણામે આજે આ ઉંમરે હું દશ માઈલ ચાલી શકું છું, પાંચ છ સીડી ડર વિના ચઢી શકું છું, ખાટી છાશને પણ શરીર નભાવી લે છે અને ચાર પાંચ દિવસ વિના ખોરાકે આસાનીથી હું રહી શકું છું અને રાત્રે લાકડાંની કઠણ પાટ પર નિદ્રા લઈ શકું છું. આ છે બાપુનો મારા પર પ્રભાવ અને બાપુ તરફથી મને મળેલી પ્રસાદી."

આ છે ભોગપરાયણ જીવનની પરાધીનતાનો ઈનકાર અને ખડતલ જીવનની સ્વાધીનતાનો સ્વીકાર.

વજ્રેશ્વરી પર્યટણ

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં જણાવ્યા મુજબ તા. ૬-૧૦-૬૩ રવિવારના રોજ વજ્રેશ્વરી જવા આવવા માટે નકકી કરેલી સ્ટેટ ટ્રાન્સપોર્ટની એક બસ પાયધુની ઉપર એકઠાં થયેલાં ભાઈબહેનો અને બાળકોને લઈને સવારના સાત વાગ્યે ઊપડી હતી. જુદા જુદા નકકી કરેલા સ્થળોએથી બાકીના પર્યટકો જોડાયા હતા. પર્યટકોની કુલ સંખ્યા ૪૨ ની થઈ હતી. સાડા આઠ વાગ્યે સંઘના અગ્રગણ્ય સભ્ય શ્રી રતિલાલ ઉજમશી શાહ (રવીન્દ્ર ઈન્ડસ્ટ્રીઝ-વાળા) ને ત્યાં થાણા ખાતે બધાં રોકાયાં હતાં અને તેમણે પર્યટણ-મંડળીનું ખૂબ ભાવભર્યું આતિથ્ય કર્યું હતું. થાણા પોણો એક કલાક રોકાયા બાદ મંડળી આગળ ચાલી હતી. વર્ષાઋતુ તાજેતરમાં સમાપ્ત થયેલી હોવાથી ચોતરફ બધું લીલુંછમ દેખાતું હતું. સૂર્યના નિર્મળ પ્રકાશમાં ઝાડપાન અને ઘાસની લીલવટ સોનેરી તેજે ચમકતી હતી. રસ્તામાં આવતાં નદી-નાળાંમાં નિર્મળ પાણી વળી રહ્યાં હતાં. વાતાવરણમાં ભારે તાજગી આપતી પ્રસન્નતા છવાઈ રહી હતી. થાણાથી દોઢેક કલાકમાં વજ્રેશ્વરીની બાજુએ આવેલા અકલોલી પહોંચ્યા અને ત્યાં શ્રી દેવજી વેલણ છેડાના આરોગ્યધામમાં ઉતારો કર્યો. દોઢેક કલાક બધાંયે આસપાસ ફરવા હરવામાં ગાળ્યો. કેટલાકે બાજુએ આવેલી નદીમાં તો કેટલાકે ગરમ પાણીના કુંડોમાં સ્નાન કર્યું. સાડા બાર વાગ્યે દવેની હિન્દુ હોટેલમાં બધાંયે સાથે ભોજન કર્યું. ત્યારબાદ બે અઢી કલાક આરોગ્ય ધામના મોટા હૉલમાં આરામ કર્યો. આ દરમિયાન પર્યટણ મંડળીમાં પહેલીવાર જોડાયેલા શ્રી ચંપકભાઈ તથા સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે તરેહતરેહના ટૂચકાઓ અને જોડકણાંઓ સંભળાવીને સૌના મનનું ખૂબ રંજન કર્યું. સાંજના ચારેક વાગ્યે બધાં બે ત્રણ માઈલ દૂર આવેલ ગણેશપુરી ગયા અને બાજુએ આવેલા સ્વ. કેઠાવાળાનું સેનેટોરિયમ પણ જોયું. પાછા ફરતાં વજ્રેશ્વરી માતાનું મંદિર જોયું. આરોગ્યધામ ઉપર બધાંને અલ્પાહાર પીરસવામાં આવ્યો, જેને ન્યાય આપીને સાંજના સાડા છ વાગ્યે ત્યાંથી સૌ રવાના થયાં અને રાત્રીના સાડાનવ આસપાસ મુંબઈ પાછાં આવી પહોંચ્યાં. આમ આખો દિવસ પર્યટણ મંડળીએ ખૂબ આનંદ કલ્લોલમાં પસાર કર્યો અને મુંબઈના ધમાલિયા જીવનમાંથી મીઠી રાહત અનુભવી અને નવી તાજગી પ્રાપ્ત કરી.

પરમાનંદ

એક ગાંધીવાદી પ્રોફેસરની સાથે—

[પ્રબુદ્ધ જીવનનાં ગતાંકમાં શ્રી ઈ. પી. મેનન અને શ્રી સતીશકુમાર જૈનની દિલ્હીથી પેરીસ સુધીની પગપાળા શાંતિયાત્રાની વિગતો પ્રગટ કરવામાં આવી છે. તેના અનુસંધાનમાં તા. ૭-૮-૬૩ના 'ગ્રામરાજ'માં પ્રગટ થયેલ શ્રી સતીશકુમારના એક હિંદી લેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ લેખમાં પશ્ચિમ જર્મનીમાં આવેલ હાનોવર શહેરમાં પ્રૉફેસર હેકમન સાથેના તેમના પરિચયની નોંધ કરવામાં આવી છે. અને દુનિયાના બીજે ખૂણે બેઠેલા ગાંધીવિચારથી અત્યંત પ્રભાવિત એવા એક જર્મન પ્રૉફેસર ચીન—ભારત—સંઘર્ષના સંદર્ભમાં વિનોબાજી વિષે શું ધારે છે, વિચારે છે તેનું આ લેખમાં ભારે માર્મિક નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ લેખ ઉપરની પ્રવેશક—નોંધમાં 'ગ્રામરાજ'ના સંપાદક જણાવે છે કે "આ દેશમાં પણ કોઈ કોઈ પ્રૉફેસર હેકમેન જેવી વ્યકિતઓ છે કે જેમની એવી સ્પષ્ટ ધારણા છે કે વિનોબાજી એવું કોઈ કામ કરવા માગતા નથી કે જેથી નહેરુજી માટે થોડી પણ મુશ્કેલી ઊભી થાય. વિનોબાજીનો વિચારક્રમ એકદમ તર્કસંમત અને સમસ્યાઓના અંતિમ ઉકેલ સુધી પહોંચતો હોય છે. એ વિચાર-ક્રમને જો વ્યવહારમાં ઉતારવાનો હોય તો એક એવી સ્થિતિ ઊભી થવાનો જરૂર સંભવ રહે કે જ્યારે ગમે તેટલો અનિચ્છિત હોય તો પણ, નહેરુ સાથે તેમનો વિરોધ—અથડામણ—અનિવાર્ય બની જાય—આવી સ્થિતિ વિનોબાજી ઊભી થવા દેવા ઈચ્છતા નથી. કારણ કે વિનો-બાજી સમજે છે કે નહેરુની વૃત્તિ, ઢંગ, મર્યાદાઓની અનેક કઠિ-ણાઈઓ હોવા છતાં પણ, તેમના કામનો સમગ્ર પ્રભાવ દેશ તેમ જ દુનિયાને બાપુની દિશામાં લઈ જવાનો હોય છે. આવી વ્યકિતનો હાથ મજબૂત કરવામાં વિનોબાજી માને છે. તેઓ સમજે છે કે આજની પરિસ્થિતિમાં નહેરુ સિવાય બીજી કોઈ એવી વ્યકિત નથી કે જે દુનિયાની વર્તમાન કઠિણાઈઓમાં સુવિચારનો ઝંડો આટલો ઊંચો ફરકાવવાને સમર્થ હોય. વિનોબાજીના આ પ્રકારના વ્યવહારમાં કેટલાક લોકોને દોષ દેખાય છે, અને ખુલ્લી રીતે તેની તેઓ ચર્ચા પણ કરતા હોય છે. તેમને એમ લાગે છે કે નહેરુ ઉપર વિનોબાજીની એટલી અસર નથી જેટલી અસર વિનોબાજી ઉપર નહેરુની છે. જ્યારે પણ સીધું પગલું ભરવાનો—action લેવાનો—પ્રશ્ન આવ્યો છે ત્યારે વિનોબાજીએ તેથી બચવાનું અને બચાવવાનું પસંદ કર્યું છે. વિનોબાજીની નહેરુ પ્રત્યેની આ કોમળતા કેટલાક લોકોને અટપટી લાગી છે. પ્રૉફેસર હેકમન માફક અહીં પણ એવા કેટલાક લોકો છે કે જેઓ એમ માને છે, વિચારે છે કે નહેરુ—વિનોબાના આ મીલનને લીધે ક્રાંતિનો માર્ગ અવરૂદ્ધ બન્યો છે. આવા લોકોની આ ધારણાની યુરોપમાં બેઠેલી પ્રૉફેસર હેકમન જેવી વ્યકિત પણ પુષ્ટિ કરે છે એમ બતાવવા માટે—એ બાબત લોકોની નજર સામે ધરવા માટે—આ લેખ અમે પ્રગટ કરી રહ્યા નથી, પણ આટલે દૂર વસવા છતાં પણ, પ્રૉફેસર હેકમેનનું અધ્યયન તથા દૃષ્ટિ કેટલી સ્પષ્ટ અને તલસ્પર્શી છે તે દેખાડવું એ જ આ લેખ પ્રગટ કરવા પાછળ અમારો મુખ્ય ઉદ્દેશ રહેલો છે." પરમાનંદ]

૨૭ જૂન, વર્ષાઋતુનો સાયંકાળ

અમે હજારો મોટરોથી ખદબદતા હાનોવર શહેર (પશ્ચિમ જર્મની)ની સડકો ઓળંગીને 'હાઉસ યુગેન' (યુવક—ભવન)માં પહોંચ્યા. અહીં સાત વાગ્યે શાંતિવાદી કાર્યકર્તાઓ સાથેના વાર્તા-લાપમાં અમારે ભાગ લેવાનો હતો. આ વાર્તાલાપમાં અનેક યુવક તેમ જ પ્રૌઢ સાથીઓ ઉપસ્થિત થયા હતા. અહિં અમારો પ્રૉફેસર હેકમન સાથે ભેટો થયો. મોટી ફ્રેમવાળા ચશ્મા પાછળ ચમકતી તેજસ્વી આંખો વડે તેમણે ઘણું ઘણું કહી નાખ્યું, જે કદાચ તેઓ શબ્દો દ્વારા કહી શકયા ન હોત. લગભગ બે કલાક સુધી વાર્તાલાપ લંબાયો. દિલ્હીથી હાનોવર સુધીની ૧૩ મહિનાની અમારી કહાણી સાંભળવા સૌ ખૂબ ઈન્તેજાર હતા. ખાસ કરીને સામ્યવાદી દેશોની યાત્રા અને અનુભવો અને સંસ્મરણોમાં સૌને સવિશેષ આકર્ષણ હતું. ગોઆ-વિજય (?)ના પ્રશ્નથી માંડીને ચીન-સંઘર્ષના પ્રશ્ન સુધી અમારો વાર્તાલાપ વિસ્તર્યો હતો. પ્રૉફેસર હેકમન વચ્ચે વચ્ચે ચર્ચામાં ભાગ લઈ રહ્યા હતા. એમના વિચારોમાં જે સંતુલન અને જે સૂક્ષ્મ વિશ્લેષણ હતું તે જોઈને અમારું માથું વારંવાર તેમને નમી પડતું હતું. અમારો વાર્તાલાપ પૂરો થયો અને પ્રૉફેસર સાહેબે કહ્યું કે "આજે તમારે મારા મહેમાન થવાનું છે અને મારા ઘરમાં જ તમારે સુવાનું છે." અમને આ સાંભળીને આનંદ તેમ જ આશ્ચર્યનો અનુભવ થયો. પ્રૉફેસર સાહેબે અમારો હાથ પકડીને કહ્યું કે "મારું પરમ સદ્‌ભાગ્ય છે કે મને તમારા જેવા અતિથિ મળે છે." અમે જવાબ આપ્યો કે "પરમ સદ્‌ભાગ્ય તો અમારું છે કે આપના જેવી વિભૂતિનો અમને આ રીતે સત્સંગ પ્રાપ્ત થાય છે." એ વૃદ્ધ પ્રૉફેસરના નિષ્કપટ અને વિનયશીલ સ્વભાવ પ્રતિ શ્રદ્ધાનત બનીને અમે તેમની સાથે ચાલવા માંડયું. એટલામાં અમારો થેલો એ વૃદ્ધ પ્રૉફે-સરે ઉપાડી લીધો. એ સામે વાંધો ઉઠાવતાં અને મારો થેલો ખેંચતાં મેં કહ્યું કે "આમ બને જ નહિ. હું યુવાન હોવા છતાં આમ ખાલી હાથે ચાલું અને આપ વયોવૃદ્ધ પુરુષના ખભા ઉપર મારો આટલો ભારી થેલો લટકતો રહે." એકદમ પ્રૉફેસર વિનોદી બની ગયા અને બોલ્યા કે "જુઓ! જબરદસ્તી ન કરો. જબરદસ્તી હિંસા કહેવાય. પહેલાં ઘર ઉપર ચાલો અને મહેમાન થેલો ઉઠાવે અને યજમાન ખાલી હાથે ચાલે એ ઠીક કહેવાય—આ બાબત મારા ગળે ઉતારો અને મારા હૃદયનું પરિવર્તન કરો." અને ગમે તેટલી રકઝક કરવા છતાં એ થેલો તેમણે મને પાછો લેવા ન જ દીધો.

ટેબલ ઉપર ભોજન પીરસતાં પીરસતાં પ્રોફેસર સાહેબનાં પત્નીએ કહ્યું કે "આ જ જગ્યાએ આ જ રીતે શ્રી આર્યનાયક-મજીનું આતિથ્ય કરવાનો અવસર અમને પ્રાપ્ત થયો હતો. તેઓ બે દિવસ રોકાયા હતા, જ્યારે તમે તો આવતી કાલે જ ઉપડવાની વાત કરો છો."

મેં જવાબ આપ્યો કે "અમે અહીં રોકાઈ શકીએ એમ હોત તો અમને ખૂબ જ આનંદ થાત. પરંતુ આગળનો આખો કાર્યક્રમ નક્કી થઈ ચૂક્યો છે, એટલે રોકાવાનું અશકય છે. આમ હોવાથી અહીં ફરીથી આવીને આપની સાથે વિચારવિનિમય કરવાની ભાવના મનમાં રાખીને અમે આપની વિદાય માંગીશું." એટલામાં પ્રૉફેસર સાહેબે ગાંધીજીનાં કેટલાંક પુસ્તકો દેખાડતાં કહ્યું કે, "કેટલાય લાંબા સમયથી હું આ પુસ્તકોના વાંચન—ચિંતનમાં ડૂબી ગયો છું. ખાસ કરીને 'સત્યાગ્રહ' પુસ્તકે તો મારી વિચારવાની દિશાને નવો જ ઓક આપ્યો છે. મને એમ કહેતાં ભારે વેદના થાય છે કે ભારત ગાંધીજીના વિચાર ઉપર ચાલ્યું નથી, ચાલી રહ્યું નથી. નહેરુજીની અડધી શ્રદ્ધા ગાંધી વિચાર અને અહિંસા ઉપર છે અને અડધી શ્રદ્ધા રાજનૈતિક સત્તા, સેના તથા શસ્ત્રો ઉપર છે. આવી વચગાળાની સ્થિતિમાં મને વધારે જોખમ દેખાય છે. નહિ આ બાજુ, નહિ એ બાજુ."

"પણ વિનોબાજીએ દેશની સામે ગાંધી વિચારને જાગૃત રાખ્યો છે." મેં પ્રૉફેસર સાહેબની વાતની વચ્ચે પડીને કહ્યું: "વિનોબાજીએ શાંતિસેનાનો ચમત્કારપૂર્ણ વિચાર અમને આપ્યો છે."

"પણ મને એટલાથી પણ સંતોષ નથી." પ્રૉફેસર સાહેબ બોલ્યા.

"વિનોબા અથવા તો શાંતિસેનાના વિષયમાં આપ શું ધારો છો?" મેં પૂછયું.

"ગોઆ અને ચીનના મામલામાં શાંતિસેવાએ શું કર્યું?"

"દેશની જનતા અહિંસક પ્રતિરક્ષા માટે તૈયાર નથી." મેં જણાવ્યું.

"નહિ," પ્રોફેસર સાહેબે સોફા ઉપર પગ લંબાવતાં કહ્યું. "ગાંધીજીએ એમ કદી વિચાર્યું નહોતું. વિનોબા નહેરુની વિરુદ્ધમાં કદી પણ કદમ ઉઠાવતા નથી. તેમણે ચીનની વિરુદ્ધ ભારતની લશ્કરી કાર્યવાહીને પણ મૂક સમર્થન આપ્યું છે. આ અમારા જેવા માટે ભારે આશ્ચર્યનો વિષય બનેલ છે. વિનોબા અને નહેરુ ઘનિષ્ટ મિત્રો છે. એક ક્રાંતિકારી અને બીજા શાસક. શાસક ક્રાંતિ ચાહતો નથી. તે સ્થિતિ-સ્થાપકતાવાદી જ હોય છે. વિનોબા ભૂમિસમસ્યાને લઈને નીકળ્યા, પણ 'ભૂમિક્રાંતિ' ન થઈ. પછી શાંતિસેના અને અહિંસક પ્રતિરક્ષાનું મહાન ચૂત્ર તેમણે આપ્યું અને તેમાં પણ તેમને સફળતા ન મળી." પ્રોફેસરે પોતાની વાત બહુ વિસ્તારથી અને બહુ તર્કપૂર્વક અમને સમજાવવા પ્રયત્ન કર્યો, તેમના કહેવાનો સાર એ હતો કે "ભારત ગાંધીના રસ્તા ઉપર ચાલી ન શક્યું. આ માટે નહેરુ અને વિનોબા બંને જવાબદાર છે."

"જુઓ, ખૂબ મોડું થયું છે, મહેમાનોને હવે સુવા દો!" પ્રોફેસરસાહેબનાં પત્ની વાતચીતમાં ભંગ પાડીને બોલી ઊઠ્યાં. તેમણે અમારા માટે પથારી તૈયાર કરી આપી અને અમને આરામ કરવાની મીઠી સરખી આજ્ઞા આપી. હું પ્રોફેસર સાહેબના ઓરડામાં સૂતો. બરોબર સામેની દીવાલ ઉપર બાપુની એક નાની સરખી ગંભીર છબી લટકતી હતી. "હું કોઈ વાર ભારત આવીને સેવાગ્રામ આશ્રમે જવા ઈચ્છું છું. આર્યનાયકમ્‌જીએ મને આમંત્રણ પણ આપ્યું છે." પ્રોફેસર સાહેબે જણાવ્યું.

ગંભીર, અધ્યયનશીલ અને ગાંધીવિચાર પ્રતિ હૃદયપૂર્વકની શ્રદ્ધા રાખવાવાળા પ્રોફેસર હેકમનના ઘરમાં એક રાત્રી પસાર કરતાં અમને કેટલી બધી પ્રેરણા મળી? એ ૨૭ જૂનની રાત્રીને અમે કદિ પણ ભૂલી શકવાના નથી. પ્રોફેસર સાહેબની પ્રેમસરિતામાં અવગાહન કરીને અમે ધન્યતા અનુભવી. પ્રોફેસર સાહેબે વિનોબાજીની બાબતમાં જે કાંઈ આલોચના કરી તે એ બાબતનો પુરાવો છે કે વિનોબા પ્રતિ, તેમના વિચારો તેમ જ તેમના સાહિત્ય પ્રતિ તેમના હૃદયમાં ઊંડી અભિરુચિ છે. તેઓ ઘણી બારીકીપૂર્વક ભૂદાન-ગ્રામદાન અને શાંતિસેનાના તત્વનું, તેની ગતિવિધિનું તેમ જ પ્રગતિનું અવલોકન કરી રહ્યા છે. એમનું એમ માનવું છે કે વિનોબા, જયપ્રકાશ તથા તેમના સાથીઓએ પોતાના કાર્યને એવો આકાર આપવો જોઈએ કે સરકારને પણ ગાંધીજીના રસ્તા ઉપર ચાલવાની ફરજ પડે.

(અનુવાદક : પરમાનંદ) મૂળ હિંદી : સતીશકુમાર જૈન

卐 卐 卐 卐 卐 卐 卐 卐

નવા વર્ષની શુભેચ્છાઓનું આદાન-પ્રદાન: માન્યવર એસ. કે. પાટીલનું યોજાયલું સન્માન

તા. ૬ઠ્ઠી ઓકટોબર શનિવાર ભાઈબીજના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે ન્યુ મરીનલાઈન્સના રસ્તા ઉપર આવેલા, નવી ઈન્કમટેક્સ ઑફિસની પાછળ, ૨૭, 'મનોહર'માં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોનું સ્નેહમીલન ગોઠવવામાં આવ્યું છે, જ્યારે નવા વર્ષ અંગે સભ્યો વચ્ચે શુભેચ્છાનું આદાન-પ્રદાન કરવામાં આવશે અને આપણા સર્કાના આદરપાત્ર માન્યવર એસ. કે. પાટીલનું, તેમણે સ્વેચ્છાએ અધિકાર નિવૃત્તિ સ્વીકારી તે બદલ, સંઘ તરફથી હાર્દિક સન્માન કરવામાં આવશે. સંઘના સભ્યોને સમયસર, ઉપસ્થિત થવા અનુરોધ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

卐 卐 卐 卐 卐 卐 卐 卐

વિશ્વમૈત્રી

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળાના છેવટના ક્ષમાપના-આદાન-પ્રદાનના દિવસે મહાસતી ઉજ્જવલકુમારીએ આપેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ નીચે આપવામાં આવે છે. તંત્રી)

બાહ્ય અંતર ઘટ્યું છે, આંતરિક અંતર વધ્યું છે.

આજનો યુગ વિજ્ઞાન યુગ કહેવાય છે. વિજ્ઞાન પવન વેગે પ્રગતિ કરી રહ્યું છે. આજે આપણે રોકેટ કે ઉપગ્રહના યુગમાં જીવીએ છીએ. આ યુગમાં એક દેશ બીજા દેશથી અને એક ખંડ બીજા ખંડથી બહુ જ નજીક આવી ગયેલ છે. એશિયા અને યુરોપ સામસામા મકાનના બે ઝરૂખા જેવા થઈ ગયા છે. જે સ્થળે પહોંચતાં મહિનાઓ લાગતા હતા ત્યાં આજે દિવસો અને કલાકો લાગે છે. હમણાં હમણાં જે ઉપગ્રહો ઊડે છે તેમાં તો માણસો સો મિનિટમાં આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પાછા આવે છે. પૃથ્વીની પરિધિ ૨૪,૦૦૦ માઈલની છે. આ લોકો લગભગ ૨૫,૦૦૦ માઈલ ઘૂમી આવે છે. એરોપ્લેનમાં બે કલાકમાં (૧૨૦ મિનિટમાં) જેટલું અંતર કપાય તેટલું ઉપગ્રહ એક મિનિટમાં કાપે છે. એ જ પ્રમાણે આજે સેંકડો નહિ, બલ્કે હજારો માઈલના અંતરે વસનારાઓ સાથે ટેલીફોન અને ટેલીવિઝનની મદદથી સામસામા ઊભા રહીને વાતો કરતા હોઈએ તેમ વાત કરી શકાય છે.

આ પ્રમાણે વિજ્ઞાને બહારનું અંતર ઘણું જ કાપી નાખ્યું છે, પણ અંતરનું અંતર કેટલું કપાણું છે? તે આપણી સમક્ષ વિકટ સમસ્યા છે. અંતરનું અંતર કપાવાને બદલે વધી રહ્યું છે. બે ખંડ સામસામા બે ઝરૂખા જેવા બની ગયા છે-તેટલા નજીક આવ્યા છે એ ખરૂં, પરંતુ એક જ મકાનમાં અડીને રહેલા બે બ્લોકો વચ્ચેનું અંતર વધ્યું છે – વધી રહ્યું છે! આજે કયુબામાં શું થઈ રહ્યું છે તેની સૌને ખબર હશે, પણ પાડોશીના શા હાલ છે તેની પાડોશીને પણ ખબર નહિ હોય. એટલે એક બાજુ સ્થળ સ્થળ વચ્ચેનું અંતર ઘટ્યું છે, તો બીજી બાજુ માનવ માનવ વચ્ચેનું અંતર વધ્યું છે.

આંતરિક અંતર દૂર કરવાનું દૈવી સાધન

આ આંતરિક અંતરને દૂર કરવા માટે ઉપગ્રહ અને રૉકેટ જેવાં સાધનો નથી એમ નથી. મહાપુરુષો તેથી યે ઉચ્ચ કોટિનાં સાધનો આપણને આપી ગયા છે, પરંતુ આપણે તે પ્રતિ ઉપેક્ષા સેવી રહ્યા છીએ. ભૌતિક સાધનોના મોહમાં દૈવી સાધનો ભૂલાઈ ગયા છે. માનવી માનવી વચ્ચેનું અંતર દૂર કરવા માટે ભગવાન મહાવીરે આપણને વિશ્વમૈત્રીનો દિવ્ય સંદેશ આપ્યો છે. અત્યારે 'સહઅસ્તિત્વ' ના નામે ઓળખાતો સિદ્ધાન્ત વિશ્વમૈત્રી પર જ નિર્ભર છે. ભારતમાં સહઅસ્તિત્વના સિદ્ધાંતને પ્રથમથી જ સ્થાન છે. ભારતમાં શક, હૂણ, આર્ય, યહૂદી, પારસી, ઈસાઈ, ચીની, જાપાની, આદિ જાતજાતના લોકો આવ્યા. આપણે સૌને અપનાવ્યા. બધા પર પ્રેમ કર્યો. સૌ સૌને પોતાના રીતરિવાજો અને પોતાના ધર્મો પાળવાની ઉદારતા દર્શાવી. આનું નામ જ સહઅસ્તિત્વ છે. આજે ભારતનો 'પંચશીલ' શબ્દ આખી દુનિયામાં જાણીતો થઈ ગયો છે. 'પંચશીલ' નો અર્થ છે જીવનમાં વિવિધતા અપનાવી, સહુને પોતામાં સમાવવા. એ જ સહઅસ્તિત્વ અર્થાત Coexistence છે. આજે જગત અશાંત છે, યુદ્ધ અને વિનાશના દ્વારે આવીને ઊભું છે. વિશ્વમૈત્રીનું અમૃત જ આ અશાંતિમાંથી જગતનું રક્ષણ કરી શકશે. આજે વિશ્વે બેમાંથી એકની પસંદગી કરી લેવાની રહે છે – યુદ્ધ અથવા સહઅસ્તિત્વ? વિશ્વયુદ્ધ કે વિશ્વમૈત્રી? આ બેમાંથી એકની પસંદગી કરી લેવાની રહે છે. વિશ્વમૈત્રી પસંદ કરવામાં નહિ આવે તો વિશ્વયુદ્ધના શૈતાની પંજા નીચે ચગદાઈ જવાનું રહેશે. વિજ્ઞાનની સાથે ભગવાન મહાવીરે ઉપદેશેલી વિશ્વ-

મૈત્રીની ભાવના ભળશે તો જ વિનાશને આરે ઊભેલું જગત ઊગરી શકશે.

ભારતીય પ્રજ્ઞાની વિશેષતા

આજે વિશ્વનો પ્રત્યેક માનવી વિશ્વશાંતિની ઝંખના કરે છે. પરંતુ એ વિશ્વશાંતિ કાંઈ ઉપરથી થોડી જ ટપકવાની છે ? વિશ્વમૈત્રીના ગર્ભમાં જ વિશ્વશાંતિ છૂપાયેલી છે. વિશ્વમૈત્રી પર જ વિશ્વશાંતિ નિર્ભર છે. વિશ્વમૈત્રીનો સિદ્ધાંત અપનાવીને જ વિશ્વ-શાંતિનું સ્વપ્ન સિદ્ધ કરી શકાશે. વિશ્વમૈત્રીનો સિદ્ધાંત વ્યાપક બનાવવા માટે જગતના બધા ધર્મોએ તેને એક યા બીજી રીતે વ્યવ-વારૂ રૂપ આપેલું છે. જૈનોમાં ક્ષમાપના દિન છે તે બીજી રીતે જોઈએ તો વિશ્વમૈત્રી દિન જ છે. આ પર્વ વિશ્વના તમામ પ્રાણીઓ સાથેના વૈરભાવના ઉપશમન માટે અને સર્વ જીવો સાથે મૈત્રી બાંધવા માટે જ યોજાયેલ છે. શાસ્ત્રોમાં આ પર્વનું ધ્યેય આ પ્રમાણે દર્શાવાયેલ છે :

ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા ખમન્તુ મે;
મિત્તિ મે સવ્વભુએસુ, વેર મઝઁ ન કેણઈ.

'હું સર્વ જીવોને ક્ષમા આપું છું. સર્વ જીવો મને ક્ષમા આપો. સર્વ જીવો સાથે મારે મૈત્રીભાવ છે અને વિશ્વના કોઈ પણ જીવ સાથે વૈરભાવ નથી.' આ રીતે આ દિવસ વૈરભાવનું ઉપ-શમન કરી મૈત્રીભાવ બાંધવાનો વિશ્વમૈત્રી દિન છે. આ દિવસને સફળ બનાવવા માટે 'Forget and forgive, Forgive and forget' એ સિદ્ધાંતને જીવનમાં અપનાવવો જોઈએ. આ પર્વના સંદેશ મુજબ જો બધી વ્યક્તિઓ, બધા સમાજો અને બધા રાષ્ટ્રો પોતાના જૂના ઝઘડાને વર્ષમાં એક વાર શુદ્ધ હૃદયથી નીપટાવતાં શીખી લે તો વિશ્વમાં ભયંકરતા ન રહે, તમામ લડાઈ ઝઘડાઓનો અંત આવી જાય અને સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય પ્રવર્તે.

આ જૈનધર્મનો સિદ્ધાંત કેવળ જૈનોનો જ નથી, પણ સમગ્ર ભારતનો છે. ભારતના ધડતરમાં જ વિશ્વમૈત્રીની ભાવનાની ઊંડી જડ રહેલી છે. 'આત્મવત્ સર્વ ભૂતેષુ, યઃ પશ્યતિ સઃ પશ્યતિ' અથવા 'ઉદારચરિતાનાં તું વસુધૈવ કુટુંબકમ' આવાં સૂત્રો આપણી સંસ્કૃ-તિમાં વણાયેલાં છે. 'નહિ વેરેણ વેરાણી સમન્તી થ કદાચન'—વેરથી કદી વેર શમતું નથી—એ બૌદ્ધ સૂત્ર પણ મૈત્રીનો જ પાઠ શીખવે છે. મહાત્મા ગાંધીજીએ તો 'અહિંસા પરમો ધર્મઃ'ના સિદ્ધાંતને રાજકીય ક્ષેત્રમાં પણ વહેતો મૂકયો. તેઓ કહેતા કે 'I am extending this spirit of non-violence to the field of politics.' અહિંસાની ભાવનાને હું રાજકીય ક્ષેત્ર સુધી લંબાવી રહ્યો છું. વિનોબાજી પણ ભૂદાન, ગ્રામદાન દ્વારા Non-violent economic revolution— અહિંસા દ્વારા આર્થિક ક્રાંતિ-નો સફળ પ્રયોગ કરી રહ્યા છે. શાંતિયાત્રાઓ અને મૈત્રીયાત્રા-ઓના યોજકો પણ આ દેશના જ નાગરિકો છે. આમ દુનિયા સામે અહિંસા—વિશ્વમૈત્રી ઉપર આધારિત એવી એક પછી એક વિચારણાઓ આ દેશમાંથી જ મૂકાતી રહી છે. આવી વિશાળતા એ ભારતીય પ્રજ્ઞાની વિશેષતા છે. આવી ઉદાત્ત અને વ્યાપક વિચારણા અન્ય કોઈ દેશની સંસ્કૃતિ કે સભ્યતામાં ભાગ્યે જ જોવા મળશે.

એક જ વહાણના મુસાફરો

વિશ્વમૈત્રીની ભાવના કેળવવા માટે આપણે આપણા હૃદયને વિશાળ બનાવવું પડશે. પોતાના કુટુંબ પૂરતો, સમાજ પૂરતો કે દેશ પૂરતો વિચાર કર્યે નહિ ચાલે, 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના કેળવવી પડશે. આ વિશાળતાના યુગમાં રાષ્ટ્રવાદની દ્રષ્ટિ ચાલી શકે તેમ નથી. આજે તો 'નેશનેલીઝમ' નહિ, પણ 'યુનિવર્સેલીઝમ' જોઈએ. આજે માનવીને આખાયે વિશ્વની ચિંતા કર્યા સિવાય ચાલે તેમ નથી. વિશ્વમૈત્રી સિવાય આજે માનવ સમાજ જીવી નહિ શકે. જે રાજકારણી પુરુષો ભારતનો ભાગ્યે જ વિચાર કરતાં તેઓ આજે દિલ્હી હાલતાં ચાલતાં કેમ આવે છે ? અનેક દેશના રાજપુરુષો દિલ્હીમાં છે તે શા માટે ? ભારત, બ્રિટન, અમેરિકા વગેરે દેશોનાં હિતો એકબીજા સાથે એવા ગાઢ રીતે સંકળા-યેલાં છે કે આજે કોઈ કોઈની ઉપેક્ષા કરી શકે તેમ નથી. ઈંગ્લેન્ડનું પોતાનું અસ્તિત્વ કે અમેરિકાનું પોતાનું અસ્તિત્વ આજે દુનિયાના અસ્તિત્વ સાથે ગાઢપણે સંકળાયેલું છે. આજના વિશ્વની પરિ-સ્થિતિ એવી છે કે જાણે આખું યે વિશ્વ એક જ વહાણમાં મુસા-ફરી કરી રહ્યું હોય. વહાણ ડૂબે તો તેની સાથે બધાને જ ડૂબવાનું રહે છે; એટલે વહાણ ડૂબાડવું કોઈને પોષાય તેમ નથી. આ પરિ-સ્થિતિમાં જીવવા માટે વિશ્વમૈત્રી સિવાય બીજો કોઈ તરણોપાય જગત પાસે નથી.

'જય જગત'ની ભાવનાને સાકાર રૂપ આપીએ !

વિશ્વમૈત્રીની ભાવના કેળવવા માટે મહાત્મા ગાંધીજીના પટ્ટશિષ્ય અને ભૂદાન યજ્ઞના પ્રણેતા શ્રી વિનોબાજી કહે છે તેમ સૌએ વિશ્વનાગરિકત્વની ભાવના કેળવવી જરૂરી છે. ભારત તો આ દિશામાં આગેકૂચ કરી જ રહ્યું છે. 'વંદે માતરમ્' જ્યારે શરૂ થયું, ત્યારે તેનો અર્થ પૂર્વ બંગાલ પૂરતો જ હતો. બંગાળીઓએ તે શબ્દ સૌથી પહેલાં શરૂ કર્યો. પછી તેનો દેશવ્યાપી અર્થ થયો. પછી 'જય હિંદ' શબ્દ આવ્યો અને આજે તો નાનાં નાનાં બાળકો પણ 'જય જગત્' બોલે છે. શ્રી વિનોબા ભાવે કહે છે તેમ આપણા જયમાં બીજાની હાર ન હોવી જોઈએ. આપણે બંને પક્ષોનો જય ઈચ્છવો જોઈએ. તેમાં જ 'જય જગત્' શબ્દની સાર્થકતા છે.

...તો દુનિયામાં ભૂખમરો-કંગાલિયત અદ્રશ્ય થઈ જાય.

જો વિશ્વમૈત્રીની ભાવના નહિ કેળવવામાં આવે તો ઈર્ષા, દ્વેષ, લડાઈ, ઝઘડા અને યુદ્ધોથી વિશ્વ જીવતું નરકાગાર બની જશે. આજે દુનિયા યુદ્ધના નામે ધ્રૂજી રહી છે. યુદ્ધથી થતી હાની પણ ભયંકર છે. યુદ્ધની અંદર પૈસાનું જે પાણી થાય છે તેની ગણતરી પણ તેટલી જ કંપાવનારી છે. ૧૯૬૦માં અમેરિકામાં સંરક્ષણના ખર્ચનું બજેટ ૭૭ અબજ ડોલર થયું હતું. ૭૭ અબજ ડોલર એટલે લગભગ ૪૦૦ અબજ રૂપિયા થયા. એક વર્ષનું ખર્ચ ૪૦૦ અબજ રૂપિયા, એટલે એક દિવસનું ખર્ચ એક અબજ રૂપિ-યાથી પણ વધારે થતું. લશ્કર અને શસ્ત્રો માટે એક જ દેશ દ્વારા એક દિવસમાં થતો સો કરોડ રૂપિયા ખર્ચ માનવ સેવામાં કામમાં આવે તો દુનિયાનું સ્વરૂપ બદલી જાય. ત્યારે સારું યે વિશ્વ લશ્કર અને શસ્ત્રો પાછળ ખર્ચ કરવાનું મૂકી દે તો દુનિયામાં ભૂખમરો કંગાલિયત રહેવા પામે ખરી ?

યુદ્ધમાં દ્રવ્યનો અનર્ગળ ખર્ચ થવા ઉપરાંત માનવોની જે હાનિ થાય છે તે પણ ભયંકર છે. તેમાં કરોડો નાશ પામે છે. કરોડો અપંગ, ઘાયલ અને કામ કરવા માટે અશકત બને છે. કરોડો નિરાધાર અને ઘરબાર વિનાના બને છે. આજનું યુદ્ધ Push button યુદ્ધ કહેવાય છે. એક નાનકડું બટન દબાવે કે ભયંકર વિનાશકતા સર્જાય. યુદ્ધની આવી વિનાશકતા જોઈને માણસો હવે તેનાથી ગળા સુધી કંટાળી ગયા છે. કોરિયાના યુદ્ધકેદીઓની વ્યવસ્થા કરવા માટે હિંદી સૈનિક દળ ગયેલું. યુદ્ધકેદીઓને મુકત કરીને, તેઓ ચાહે ત્યાં તેમને મોકલવાના હતા. દરેક કેદીને પૂછવામાં આવતું હતું કે તેને કયાં જવું છે ? એક કેદીને પૂછતાં તેણે કહ્યું કે "હું હવે એવા દેશમાં જવા ઈચ્છું છું કે જ્યાં લડાઈ ન હોય. હું છેલ્લા બાર વર્ષથી એક યા બીજે પક્ષે લડી રહ્યો છું. હવે હું યુદ્ધથી એવો કંટાળી ગયો છું કે જ્યાં લડાઈનું નામ નિશાન ન હોય તેવા દેશમાં હું જવા ઈચ્છું છું." સૌ કોઈ આજે યુદ્ધથી કંટાળી ગયેલ છે તેનો યથાર્થ ખ્યાલ આ પરથી સ્પષ્ટ આવી શકશે.

'સવી જીવ કરું શાસન રસી'

આજે દુનિયાના ડાહ્યા માણસો આ વિનાશકતાને અટકા-વવા માટે Anti-nuclear Conference અણુ—પરીક્ષણ—વિરોધી કોન્ફરન્સ અને World without bomb જેવી કોન્ફરન્સો ભરી રહ્યા છે. બ્રિટન, અમેરિકા અને રશિયાએ પરસ્પર અણુ-પ્રયોગો પર પ્રતિબંધ મૂકતા કરારો કર્યા છે. ક્યુબાની કટોકટીનો શાંતિમય ઉકેલ આવ્યો. આ બધાની પૂર્વભૂમિકામાં યુદ્ધની

ભયંકરતા જ રહેલી છે. આ રીતે સૌ કોઈ યુદ્ધને ટાળવા માગે છે, પરંતુ જો ભાવી ભયમાંથી કાયમને માટે મુક્ત થવું હોય તો તે વિશ્વમૈત્રી વડે જ થઈ શકાશે. વિશ્વમૈત્રી એ વિશ્વ માટે વરદાન સમાન છે. આજે યુ.નો. વિશ્વમૈત્રી સ્થાપવાનું જ કામ કરી રહેલ છે. વિશ્વમૈત્રી વિના નથી વ્યક્તિની સુરક્ષા, નથી જગતનું કલ્યાણ, કે નથી આત્માનો ઉદ્ધાર. વિશ્વમૈત્રીની ભાવના વડે જ આત્મા પૂર્ણ વિકાસને પામી શકે છે. આત્માનો વિકાસ એટલે જ મૈત્રી-ભાવના. તીર્થંકર ત્યારે જ બની શકે છે, જ્યારે તેમનામાં વિશ્વ-મૈત્રીની ભાવના પ્રગટે છે. 'સવી જીવ કરું શાસનરસી' એ વિશ્વ-મૈત્રીની મંગળ ભાવના જ તીર્થંકરત્વના રૂપમાં રહેલી છે. ધન્ય છે વિશ્વમૈત્રીનો ઉપદેશ આપનાર એ મહાપ્રભુને. ધન્ય છે વિશ્વ-મૈત્રી દિનની યોજના કરનારા એ મહાપુરુષોને.

પૃથ્વી પર સ્વર્ગ સર્જવાનો રાજમાર્ગ

આજે આપણે સંઘર્ષના વાયુમંડળ વચ્ચે બેઠા છીએ. આપણે એ સંઘર્ષના વાયુમંડળને વિશ્વમૈત્રીના વાયુમંડળમાં પરિવર્તિત કરી દેવાનું છે. સુલેહના માર્ગ પર આવ્યા સિવાય માનવસમાજ માટે બીજો વિકલ્પ રહ્યો જ નથી. એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે:

"Peace and war are built in the minds of men."

"શાંતિ અને યુદ્ધ એ માનવીએ પોતે જ ઊભી કરેલી વસ્તુ છે." મનને શાંતિ–અભિમુખ કરવાનો, સ્નેહ–અભિમુખ કરવાનો, મૈત્રી–અભિમુખ કરવાનો જ ભગવાન મહાવીરનો સંદેશ છે. લોકોના દિલમાં ઓસરતી જતી મૈત્રીભાવનાને સવિશેષ જાગૃત કરવી, પ્રેમની ઓલવાતી જતી જ્યોતિમાં સ્નેહરૂપી તેલનું સિંચન કરવું એ જ આ પર્વનો ઉદ્દેશ છે.

જૈનધર્મે મૈત્રીભાવના, પ્રમોદભાવના, કરુણાભાવના અને માધ્યસ્થ ભાવનાને મુક્તિના સોપાન તરીકે બતાવી છે. આ ભાવ-નાનું વ્યવહારિક રૂપ આ મુજબ છે:

સત્વેષુ મૈત્રી, ગુણિષુ પ્રમોદં, ક્લિષ્ટેષુ જીવેષુ કૃપાપરત્વમ્
માધ્યસ્થભાવં વિપરીતવૃત્તૌ, સદા મમાસ્તુ વિદધાતુ દેવ.

'જીવ માત્ર સાથે મૈત્રી, ગુણી પુરુષો પ્રત્યે પ્રમોદભાવ, દુઃખી જીવો પ્રત્યે કરુણા અને વિપરીત વૃત્તિવાળા પ્રતિ માધ્યસ્થભાવ આ ચારે ભાવના મારા હૃદયમાં સદૈવ વસો". માનવ-માત્રે આ ભાવનાને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો જોઈએ. આ ચાર ભાવનાને વ્યાપક બનાવીને જ વિશ્વમૈત્રીને વ્યાપક બનાવી શકાશે–સાકાર બનાવી શકાશે.

જીવનને ટકાવવા માટે ખોરાક, પાણી અને હવાની જેટલી જરૂર છે, તેથી વધુ જરૂર મૈત્રીની છે. હવા વિના મનુષ્ય જેમ ગૂંગળાઈ જાય છે તેમ મૈત્રી કે પ્રેમ વિના પણ મનુષ્ય ગૂંગળાઈ જાય છે. તેથી જ મૈત્રીભાવના– Spirit of friendship –ને વિશ્વભરમાં વ્યાપક બનાવવાની જરૂર છે. આજે વિજ્ઞાને તાંબાના તારથી દુનિયાને બાંધી છે, પરંતુ જ્યાં સુધી વિશ્વમૈત્રીના તાર વડે દુનિયા નહિ બંધાય ત્યાં સુધી વિજ્ઞાનની બધી સગવડ દુઃખરૂપ-ભારરૂપ બની જશે. વિશ્વમૈત્રી એ એક જ પૃથ્વી પર સ્વર્ગ સર્જવાનો રાજમાર્ગ છે.

મહાસતી ઉજ્જવળકુમારી

વિષયસૂચિ

		પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ: પ્રબુદ્ધ જીવનના વાચકોને નવા વર્ષની શુભેચ્છા, દેડકાની મોટા પાયા ઉપર ચાલી રહેલી કતલ: આપણે ક્યાં જઈ રહ્યા છીએ? બૉમ્બે બેગર્સ એક્ટનો અક્ષમ્ય દુરુપયોગ, જે. પી. બનેલા બે બહેનોને અભિનન્દન. દિલ્હી–પેકીંગ મૈત્રીયાત્રા સમાચાર, 'મેરી જીવનયાત્રા: મૈત્રીયાત્રા,' ભૂમિ-પુત્ર ચિરાયુ હો, આ છે બાપુનો મારા ૫૨ પ્રભાવ. વજ્રેશ્વરી પર્યટન.	પરમાનંદ	૧૧૭
એક ગાંધીવાદી પ્રોફેસરની સાથે	સતીશકુમાર જૈન	૧૨૧
વિશ્વમૈત્રી	મહાસતી ઉજ્જવળકુમારી	૧૨૨
ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનો ફાળો	શાન્તિલાલ સી. શાહ	૧૨૪

ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનો ફાળો

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાંના પૂનાનિવાસી શ્રી શાન્તિલાલ સી. શાહે ઉપર જણાવેલ વિષય ઉપર મૂળ મરાઠીમાં આપેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ નીચે આપવામાં આવે છે, *તંત્રી*).

આપણે આજના વિષય ઉપર આવીએ તે પહેલાં આપણે સર્વસામાન્ય પ્રશ્નોનો વિચાર કરીએ. તેથી મુખ્ય સવાલ એ છે કે સંસ્કૃતિ એટલે શું અને સુસંસ્કૃત સમાજ કોને કહેવો? સુસંસ્કૃત માનવી કોને કહી શકાય?

જેમની વૃત્તિઓ અને ભાવનાઓ સારી હોય છે, જેમની ક્રિયા–વર્તન સારાં હોય છે અને વૃત્તિ અને ભાવનાઓ સારી હોવાને કારણે જેમનું શીલ સારું હોય છે એવા માણસોને આપણે સુસંસ્કૃત માણસ કહીએ છીએ. એમાં કંઈક સંસ્કૃતિનો અંશ હોય છે એમ આપણે માનીએ છીએ. એવા પુષ્કળ મનુષ્યો જે કોઈ એક સમાજ કે રાષ્ટ્રમાં હોય તો તે સમાજ અથવા રાષ્ટ્ર સુસંસ્કૃત છે એમ આપણે સામાન્ય રીતે માનીએ છીએ. એને જ આપણે સુસંસ્કૃત કહી શકીએ, જેના આચાર અને વિચારમાં મેળ હોય, એકતા હોય. આજે આપણે ઠેર ઠેર બકવાદ કે ઉચ્ચાર માત્ર જોઈએ છીએ. એ ઉચ્ચારો સાથે એમના વિચારોનો કદી પણ મેળ બેસતો આપણે જોઈ શકતા નથી. એવા મનુષ્યને આપણે સુસંસ્કૃત કહી ન શકીએ. એનો અર્થ એ જ કે જૈન તત્વજ્ઞાનની પરિભાષામાં વિચારીએ તો ફક્ત જ્ઞાન જ ન જોઈએ, પણ દર્શન અને તે જ રીતે ચારિત્ર્યની પણ આવશ્યકતા છે. બીજા શબ્દોમાં મૂકીએ તો જેને આપતી વખતે "હું આપું છું" અને લેતી વખતે "હું લઉં છું" એવું લાગતું નથી એવી વ્યક્તિને સુસંસ્કૃત વ્યક્તિ કહી શકાય. "જો દેતા વહ દેવ ઔર જો રખતા વહ રાક્ષસ" એમ કહેવાય છે એનો પણ આ જ ભાવ છે.

આ પ્રકારની આપણી ભારતીય સંસ્કૃતિ છે. આ ઉદાત્ત સંસ્કૃતિનો પ્રવાહ હજારો વર્ષોથી સતત ચાલુ જ છે. આ પ્રવાહમાં કેટલીક વાર અંતરાયો પણ ઊભા થયા છે, પરંતુ આ મહાન સંસ્કૃતિનો ઓઘ સામાન્યતઃ આ પ્રકારનો જ વહી રહ્યો છે. એનું મુખ્ય કારણ એ છે કે ભારતીય સંસ્કૃતિએ ફક્ત શારીરિક સુખોનો જ વિચાર કર્યા કર્યો નથી. શરીરની સાથે સાથે નિર્મળ મનને સદાય તંદુરસ્ત રાખવાનો પણ જબરજસ્ત અને હંમેશ અનુરોધ કર્યો છે. ને એટલે જ ભારતભૂમિ તપોભૂમિ બની છે. ડૉ૦ રાધાકૃષ્ણને સાચું જ કહ્યું છે કે 'જે સમાજ કેવળ શરીર તરફ, ઐહિક સુખો તરફ વધુ ધ્યાન ન રાખતાં માનસિક તંદુરસ્તી તરફ વધુ ધ્યાન ને મહત્ત્વ આપે છે એ સમાજ સંસ્કૃત સમાજ છે. જે સમાજ માત્ર શરીરસુખોનો જ ઉપાસક છે, જીવવું એ જ જેનું ધ્યેય છે અને શારીરિક સુસ્થિતિ સિવાય જે બીજું કંઈ વિશેષ દેખતો નથી એ સમાજ સુધરેલો સમાજ છે એમ કેમ કહી શકાય? વાંદરો ચિરૂટ–બીડી ફૂંકવા માંડે, સાઈકલ પર સવાર થઈ શકે કે ટાઈપિંગ કરવા માંડે તોયે વાંદરો તે વાંદરો જ રહેવાનો. સાચો સુધારો મનનો જ હોય, અને આમ મનની સુધારણા ઉપર ભારતીય સંસ્કૃતિ હજારો વર્ષોથી ખૂબ ભાર મૂકતી આવી છે. એથી જ હજારો વર્ષોથી એનું અસ્તિત્વ ટકી રહ્યું છે. આથી ઉલટું, કેટલીક સંસ્કૃતિઓ જન્મી અને સમયાંતરે નષ્ટ થઈ ગઈ છે કે તદ્દન ભૂંસાઈ ગઈ છે. રોમ કે ગ્રીસ, એથેન્સ કે નાઈલની સંસ્કૃતિઓ નેત્રદીપક પ્રગતિ કરીને કાળના ઉદરમાં કેવી રીતે હડપ થઈ ગઈ છે એની બધાને માહિતી છે. રોમે આખું જગત જીત્યું; પણ આત્મા ગુમાવ્યો! એશઆરામમાં રોમ આળોટતું હતું. ભોગ-વિલાસ એ જ તેમના

જીવનનું ધ્યેય બની બેઠું હતું. આવું આધ્યાત્મિક અંધેર ચાલવાને કારણે ધીમે ધીમે નૈતિક મૂલ્યોનો નાશ થતાં સંસ્કૃતિનું જ દેવાળું નીકળેલું ! માત્ર ભારતીય સંસ્કૃતિ ટકી રહી. ભારતીય સંસ્કૃતિ સર્વસંગ્રાહક સંસ્કૃતિ છે. જાતિ અને અનેક પ્રકારની સંસ્કૃતિઓને વરેલા જુદા જુદા દેશવાસી, અનેક લોકોએ આ દેશને પોતાની ભૂમિ બનાવી; અને એમાં એકતા નિર્માણ કરી. ભારતીય સંસ્કૃતિએ આખા જગતને આદર્શ તત્ત્વો આપ્યાં. અનેક સંસ્કૃતિઓએ ભારતીય સંસ્કૃતિમાંથી કંઈક ને કંઈક મેળવ્યું. ધર્મ મેળવ્યો, સંસ્કાર અપનાવ્યાં. જગતને શાંતિ-સુલેહ અને પ્રેમ ને સહકારના અમર તત્ત્વો શીખવ્યાં અને એવા શાંતિ ને મંગલમય જીવનના અસ્તિત્વ માટે આખા જગતને ભારતીય સંસ્કૃતિનું હજુ ય અનુકરણ ને સ્મરણ કરવું પડે છે, ભારતીય સંસ્કૃતિની મહત્તા માટેનો આ કેટલો ઉજ્જવળ પુરાવો છે ?'

આ ભારતીય સંસ્કૃતિનાં ઘડતરમાં–નિર્માણકાર્યમાં જૈન સંસ્કૃતિએ ઘણો ફાળો આપ્યો છે. આ ફાળાનો આ રીતે વિચાર કરી શકાય. (૧) ભારતીય સંસ્કૃતિના તત્વજ્ઞાનમાં જૈન સંસ્કૃતિએ આપેલો ફાળો, (૨) જૈન સંસ્કૃતિએ સાહિત્યમાં આપેલો ફાળો, (૩) જૈન સંસ્કૃતિએ શિલ્પમાં આપેલો ફાળો, (૪) ઔદ્યોગિક પ્રગતિમાં જૈનોએ ભજવેલો ભાગ.

જૈન ધર્મે અને સંસ્કૃતિએ ભારતીય સંસ્કૃતિ ને તત્વજ્ઞાનનો બહુ જ મોટો સુવર્ણ હિસ્સો આપેલ છે. અહિંસાનો સૌ પ્રથમ સિદ્ધાંત રજૂ કર્યો આ જ સંસ્કૃતિએ. આ પ્રતિપાદન સામે કદાચ એવો વાંધો ઉઠાવવામાં આવે કે "ભાઈ, દરેક ધર્મ અહિંસાનું પાલન કરવાનું કહે છે; તેમાં વળી જૈનોએ શું નવું કહ્યું ?" હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ વગેરે બધા ધર્મોએ અહિંસાનો પુરસ્કાર, એક યા બીજી રીતે કર્યો છે. બીજા ધર્મોએ ભલે અહિંસાનો પુરસ્કાર કર્યો હોય, પણ અહિંસાનું વ્રત દૈનંદિન જીવનમાં અને રોજના આચરણમાં મૂકનારો, કડક રીતે અહિંસાનું અને અહિંસાના પરમ ધર્મનું પાલન કરનારો બીજો કયો ધર્મ છે ? મને લાગે છે કે આટલો જવાબ જૈન ધર્મમાં રહેલી અહિંસાની આચરણ-વિશિષ્ઠતા દાખવવા માટે પૂરતો છે. જૈનોએ અહિંસા માટે કરેલો યત્ન અજોડ છે અને આ વારસો જૈનોએ ભારતીય સંસ્કૃતિને આપ્યો છે. ભારતમાં સર્વત્ર હિંસાની પ્રબળતા હતી ત્યારે ય જૈનસંસ્કૃતિના અહિંસાપ્રચારને અને અનેક ઋષિ–મુનિઓના પ્રયાસને રોમા રોલાંએ વખાણીને કહ્યું : "The Rishis who discovered the law of non-violence in the midst of violence, really were greater geniuses than Newton; they were greater warriors than Wellington. Non-violence is the law of our species as violence is the law of brutes."

"જે ઋષિ–મુનિઓએ હિંસાની વચ્ચે અહિંસાનો નિયમ શોધી કાઢયો તે ઋષિ–મુનિઓ ન્યુટન કરતાં પણ વધારે ઉચ્ચ કોટિના શોધકો હતા. તેઓ વેલીંગ્ટન કરતા વધારે શૂરવીર યોદ્ધાઓ હતા. જેવી રીતે હિંસા એ પશુઓનો નિયમ છે એવી રીતે અહિંસા એ માનવજાતિનો નિયમ વિશેષ છે."

જૈનોએ શારીરિક અને માનસિક આ બંને અહિંસાઓ ઉપર ખાસ ભાર મૂકયો. મનમાંય હિંસક વૃત્તિ ને રાખતાં સભ્યતા અને વિનયથી સમાજમાં વર્તવું, વાણી–વચનમાં ય હિંસાવૃત્તિ ન સેવતાં ઈતરનાં મન દુ:ખી ન થાય એવી વાણી ઉચ્ચારવી–આવી જૈન ધર્મની શિખામણ છે. ભલે આપણે વ્યવહારમાં આ તત્વો પાળતાં હોઈએ કે ન હોઈએ, પણ એ ભૂલવું ન જોઈએ કે આખરે એક સંસ્કૃતિને બીજી સંસ્કૃતિએ આપેલી આ ભેટ છે; મહામૂલી ભેટ છે. સમાજમાં રહેવું હોય, સાચું જીવન જીવવું હોય તો દરેક માણસે જાણ્યેઅજાણ્યે પણ આ માનસિક અહિંસાનો અમલ કરવો જ પડે છે. અને આખા સમાજમાં જેટલું અહિંસાનું વધુ પ્રભુત્વ તેટલા પ્રમાણમાં વિનય, સભ્યતા, અને પરસ્પરનો આત્મસાત્ કરવાની વૃત્તિ અને વાતાવરણ ફેલાતાં જાય છે. એમાંથી બંધુભાવ, વિશ્વબંધુત્વ કેળવાય છે. જીવનમાં ને એ દ્વારા સમાજમાં ય અહિંસાનું પ્રમાણ વધતું રહે તેવી સતત જહેમત જૈનો કરતા રહ્યા છે. વિનોબાએ એક જગાએ કહ્યું છે : "એક એક ક્ષણ વડે જે રીતે કલાક, મિનિટ, દિવસ ને વર્ષો ગણાતા જાય છે, ઘડાતા જાય છે, તે રીતે આપણાં જીવનમાં દરેક ક્ષણે વ્યવહારિક જીવનના ધર્મપાલનને કારણે જ સાચું ધર્મપાલન થયું એમ કહી શકાય છે. અને સમાજ, ધર્મ ને રાષ્ટ્ર ટકાવવું હોય તો એકબીજાએ અહિંસકવૃત્તિથી જોતાં શીખવું જોઈએ."

ભારતી સંસ્કૃતિને સમૃદ્ધ કરનારું બીજું તત્વ છે જૈન ધર્મનો અનેકાન્તવાદ. અનેકાંતવાદનો આ યુગમાં પુષ્કળ ઉપયોગ થતો જણાય છે. લોકશાહીના મૂળમાં જ આ અનેકાંતવાદનું તત્વ સમાયેલું છે. આજે આપણે જોઈએ છીએ કે, જાહેર જીવનમાં લોકો પરમતસહિષ્ણુતા દાખવતા નથી. સામ્યવાદીઓની સભા હોય ત્યારે કૉંગ્રેસ કે જનસંઘ કે બીજી કોઈ પણ પક્ષની મતપ્રણાલિ ધરાવતી વ્યક્તિઓ એ સભામાં હાજરી તો શું પણ એ સભામાં શું કહેવાયું છે તે સાંભળવા પણ ઉત્સુક નથી હોતા. ઊલટું, બને તો એ સભા ભાંગી પડે તેવી પેરવી કરવાનો પ્રયત્ન કરતા હોય છે અને કોઈ એક પક્ષનો વિજયકોટ હોય તેવી ગલીમાં ઈતર પક્ષની સભા ન થાય એવી પ્રવૃત્તિ પણ ઠેર ઠેર જોવાય છે. બીજાની સત્ય બાબત ગ્રહણ કરવાની, શાંતચિત્તે બીજાની ભૂમિકા - મતપ્રવાહ-જાણી લેવાની વૃત્તિ આજે ખાસ આવશ્યક છે. પરંતુ આજે આ વૃત્તિ આપણા સમાજ, રાષ્ટ્ર કે દુનિયામાં દેખાય છે ખરી? લોકશાહીના માર્ગ તરફ આપણે આગેકૂચ કરી રહ્યા છીએ, તો એની સફળતા ખાતર આપણે વિરોધ કરતી બાજુ સમજી લેવાની વૃત્તિ રાખવી આવશ્યક છે અને એ માટે અનેકાંતવાદીવૃત્તિ ન હોય તો એ કદાપિ શક્ય નથી. અને આ દૃષ્ટિ માત્ર જૈનોએ જ ભારતીય સંસ્કૃતિને આપેલી છે. અત્યારે દેખાઈ રહેલો કુટુંબ, સમાજ ને રાષ્ટ્ર વચ્ચેનો સંઘર્ષ ટાળવા આ દૃષ્ટિનો ખૂબ ઉપયોગ થવો જરૂરી છે.

ત્રીજું તત્વ છે સમાનતાનું. જૈન ધર્મે સમાનતાનો અને પર્યાયે કર્મવાદનો સિદ્ધાંત ભારતની સંસ્કૃતિને આપ્યો. જન્મે કોઈ પણ વ્યક્તિ ઊંચ કે નીચ નથી, કોઈ પણ માનવી પોતાના પ્રયત્ન વડે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે - એવો બુદ્ધિસંગત - તર્કસંગત સિદ્ધાંત જૈન ધર્મે શિખવ્યો છે. દરેક વર્ગના કે કક્ષાના માનવીને સરખો જ સામાજિક હક્ક છે એવું ભગવાન મહાવીરે ખૂબ ભાર દઈને રજૂ કર્યું હતું. એ વખતની સામાજિક રૂઢિઓને મહાવીર ભગવાને ખૂબ મોટો આંચકો આપ્યો, તે સામે બળવો પોકાર્યો. એ વખતે સામાન્ય માણસને માટે સરસ્વતીનાં દ્વાર ખૂલ્લાં નહોતાં. જેમને સંસ્કૃત આવડતું તેઓ જ જ્ઞાનમંદિરમાં પ્રવેશ કરી શકતાં. એમને જ જ્ઞાનમંદિરમાં પ્રવેશવાનો હક્ક હતો. ભગવાન મહાવીરે એ વિરુદ્ધ બળવો પોકારી સમાનતાના સિદ્ધાંતની, ગમે તેટલાં નાના પાયા ઉપર પણ સામાજિક પ્રતિષ્ઠાપના કરી. અને ધર્મગ્રંથો એ વખતની લોકભાષામાં એટલે કે અર્ધમાગધી ભાષામાં રચવામાં આવ્યાં. આધ્યાત્મિક ક્ષેત્રમાં લોકશાહી સમાજવાદને મહાવીર ભગવાને પ્રવેશ કરાવ્યો અને આજ પરંપરા જૈન સંસ્કૃતિએ ભારતીય સંસ્કૃતિને આપી.

ચોથું તત્વ છે અપરિગ્રહનું. અપરિગ્રહના તત્વને પણ રોજિંદા જીવનમાં અવકાશ આપીને જૈન ધર્મે અપરિગ્રહના શક્ય તેટલા આચરણ ઉપર ભાર મૂકયો છે. જગતનાં બધા સુખદુ:ખ, સર્વ યુદ્ધોનું મૂળ પરિગ્રહવૃત્તિ છે. એક વ્યક્તિને ઈચ્છા થાય છે કે ધનનો ખૂબ ખૂબ સંચય કરવો તો એક રાષ્ટ્ર એમ ઈચ્છે છે કે બીજાં રાષ્ટ્રના વધારેમાં વધારે પ્રદેશનો કઈ રીતે કબજો મેળવવો. ને આ પરિગ્રહવૃત્તિથી સંઘર્ષો નિર્માણ થાય છે, કુટુંબમાં વિખવાદ જામે છે. એનું કારણ પરિગ્રહવૃત્તિ છે. ને આથી જૈન ધર્મે અપરિગ્રહવૃત્તિનો આદર્શ લોક સમક્ષ રજૂ કર્યો છે. એના પ્રતીકરૂપે આજે આપણા મુનિમહારાજોનું સુદર્શન થાય છે, ધર્મના પ્રચારાર્થે ગામે ગામ ને હજારો માઈલ દેશ આખામાં પગપાળા વિહાર કરતા અકિંચન જૈન મુનિઓનું દર્શન થાય છે. મૂડીવાદનાં મૂળ પરિગ્રહવૃત્તિમાં જ છે. આજે ઘેર ઘેર રોગચાળા, બ્લડ પ્રેશર કે હૃદયના વિકારના રોગો પણ શા માટે જન્મે છે? વધુ પડતી માનસિક પરિગ્રહવૃત્તિ અથવા

તૃષ્ણાને કારણે જ! પગે ચાલતાને સાઈકલ, સાઈકલવાળાને સ્કુટર ને સ્કુટરવાળાને મોટર પ્રાપ્ત કરવાની ઈચ્છા નિર્માણ થાય છે. અને એના મોહ ખાતર માનવીનો જીવ બળ્યા કરતો હોય છે. આવી વૃત્તિના ત્યાગની મહત્તા કોઈ પણ વિચારક સમજી શકે એમ છે. આવો આ સિદ્ધાંત જૈન ધર્મની ભારતીય સંસ્કૃતિને એક મોટી દેણ છે. જ્યારે માનવજાતિનો વિધ્વંસ થવાની સ્થિતિ ઊભી થઈ છે ત્યારે આજના યુગમાં અપરિગ્રહવૃત્તિને સવિશેષ મહત્ત્વ આપવું ઘટે છે. 'જગડુએ આ અનાજના કોઠારમાંના કણે કણ માત્ર રંકને અર્થે જ રાખ્યા છે.' એમ કહી પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેતાં જગડુશાનો કિસ્સો આ જ અપરિગ્રહવૃત્તિનું ઉત્તમ ઉદાહરણ છે. સેંકડો સમાજોપયોગી સંસ્થાઓનો જન્મ થયો છે અપરિગ્રહવૃત્તિમાંથી જ. સમાજ, રાષ્ટ્ર ને કુટુંબના ઉત્કર્ષ માટે આ વૃત્તિની ઉપાસના અત્યંત આવશ્યક ગણાય છે.

પાંચમું તત્ત્વ છે ચારિત્ર્ય: જૈન ધર્મે ચારિત્ર્ય ઉપર ખૂબ ભાર મૂક્યો છે. "પ્રથમ કાર્ય કરી બતાવવું અને પછી જ બોલવું." આ ઉપદેશ જૈન ધર્મે સતત આપ્યો છે. ભગવાન મહાવીરના કાળમાં યજ્ઞયાગ ને પશુહિંસાનું ખૂબ જોર હતું. યજ્ઞ કર્યો કે ધર્મ પૂરો થયો એવી માન્યતા એ વખતે પ્રવર્તતી હતી. એનો વિરોધ કરીને મહાવીર ભગવાને કહ્યું કે, ધર્મ કંઈ યજ્ઞયાગની કર્મકાંડવિધિઓમાં નથી, પરંતુ સત્ય ને સાત્ત્વિક આચરણમાં છે." સ્વામી દયાનંદે કહ્યું:" ગંગાનાં પાણીથી સ્વર્ગ મળી જતું હોય તો માછલાં ને દેડકાં તો ક્યારના સ્વર્ગમાં પહોંચી ગયા હોત, ને રાખ અને ભભૂતના લપેડા કરવાથી સ્વર્ગ મળતું હોય તો રાખમાં આળોટતા ગધેડાંઓને ક્યારનુંયે સ્વર્ગ મળી ગયું હોત. રોજિંદા ઉત્તમ આચરણમાં જ ખરો ધર્મ સમાયેલો છે એમ જૈનધર્મે કહ્યું. ધર્મ મંદિરોમાં નથી પણ પ્રત્યક્ષ આચરણમાં જ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય આ રત્નત્રયીને આગળ ધરતા જૈન તત્ત્વજ્ઞાનમાં કોઈ દંભને કે માયામૃષાવાદને સ્થાન નથી. ચારિત્ર્યની આટલી મહત્તા ભાગ્યે જ બીજા કોઈ ધર્મમાં વર્ણવાઈ હશે.

છઠ્ઠું તત્ત્વ છે તપશ્ચર્યા અને સંયમ: તપશ્ચર્યાનું અમોઘ તત્ત્વ જૈનોએ ભારતીય સંસ્કૃતિને આપ્યું. સંયમ અને તપશ્ચર્યાની પાર્શ્વભૂમિ ઉપર સમાજની રચના થાય છે. સમાજ સંયમ ઉપર જ ઘડાય છે. 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' એમ જે કહેવાય છે તે આ સંયમની ભૂમિકા લક્ષમાં રાખીને જ. ઉપવાસ કરીને શરીરને તપ અને કષ્ટની ખડતલ ટેવ પાડવાનું, સંયમની કેળવણી આપવાનું ઉત્તમ શોધન જૈન ધર્મે કર્યું છે. ઉપવાસને નામે બમણું ખાવાનો આદર્શ જૈન ધર્મે નથી આપ્યો. ઉપવાસ એ શરીરશુદ્ધિ ને ચિત્તશુદ્ધિ માટે અત્યંત આવશ્યક છે એવું જૈન ધર્મનું કહેવું છે. સાને ગુરુજીએ સાચું જ કહ્યું છે કે, "વરાળને બંધનમાં રખાય છે તેથી આગગાડી ચાલે છે, તારોને બંધનમાં રખાય છે. તેથી જ સુમધુર સંગીત નિર્માણ થાય છે. નદી સંયમથી વહે છે તેથી જ લાખો એકર જમીનનું સિચન થઈ શકે છે." સંયમનું મહત્ત્વ ગાંધીજી કે લેનિનને ખબર ન હોત તો તેઓ કદાપિ આટલું જીવ્યા ન હોત અને આટલું કામ કરી શક્યા ન હોત! સંયમી માણસ ખૂબ કામ કરી શકે છે. ભોગ આરોગતી વખતે હસતો અને ભોગ આરોગાઈ રહ્યા પછી રડતો એવો આ માનવી–સમાજ છે. સંયમ વડે જીવનને દિવ્યતા પ્રાપ્ત થાય છે. આ તપસ્યા અને સંયમનો દિવ્ય વારસો જૈન સંસ્કૃતિએ આપ્યો.

આમ જૈન સંસ્કૃતિએ ભારતીય સંસ્કૃતિને અહિંસા, અનેકાંતવાદ, સમાનતા, અપરિગ્રહ, ચારિત્ર્ય, તપશ્ચર્યા ને સંયમ જેવાં મહાન તત્ત્વોને એક ચોકકસ વિચારસરણીમાં ગુંથીને તેની બક્ષીસ આપી છે. આ ઉપરાંત સાહિત્ય, શિલ્પ, ભારતનો આર્થિક ને સાંસ્કૃતિક વિકાસમાં જૈનોએ આપેલો પોતાની શકિતનો હિસ્સો પણ ધ્યાનમાં લેવા જેવો છે.

(૨) **સાહિત્ય:** સાહિત્યક્ષેત્રમાં જૈનોનો ફાળો નાનોસૂનો નથી. ભારતની તમામ ભાષાઓમાં એક યા અનેક જૈન સાહિત્યિકોએ પોતાનું આગવું સ્થાન નિર્માણ કર્યું છે. ગુજરાતીનું ભાષા-સાહિત્ય જૈનોની પરિશ્રમ-શીલતાને આભારી છે. અનેક ગુજરાતી સાહિત્યકોએ ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે ને કરી રહ્યા છે. કાનડી ભાષાનું વ્યાકરણ પ્રથમ જૈનોએ જ તૈયાર કર્યું છે. કાનડી ભાષામાં જે ૬૦ ઉત્તમ કવિઓ ગણાય છે તેમાંનો મોટો ભાગ તો જૈનો જ છે. તામિલ ભાષાનાં પંચકાવ્યો ને આણુકાવ્યો પણ જૈનોએ જ સર્જ્યાં છે. પુરાણો, ચરિત્રો, કથાપ્રબંધ, નિબંધકાવ્ય, મહાકાવ્ય, ગદ્યકાવ્યો, નાટકો વગેરે અનેક વાડ્મય પ્રકારોમાં જૈનોએ ઠીક ઠીક ઉમેરો કર્યો છે, અને તે તે ભાષામાં પોતાનું વિશિષ્ઠ સ્થાન કોરી કાઢયું છે.

આ સિવાય તર્કશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, છંદ, વ્યાકરણ, શબ્દશાસ્ત્ર, ગણિત, વૈદક, ભૂગોળ, અર્થશાસ્ત્રોમાં પણ અનેક સારાં સારાં સિદ્ધાંત-ઉપસિદ્ધાંતની સંશોધનપૂર્ણ નિર્મિતિ જૈનોએ કરી છે અને એમાં ય એક બાબત ઉપર એમણે હંમેશ ધ્યાન આપ્યું છે કે આ બધાં તત્ત્વો ને સિદ્ધાંતો સામાન્ય માણસને સમજાય એ શૈલીમાં લખાવાં જોઈએ. પ્રોફેસર બુલરે કહ્યું છે:

"Jains have accomplished so much important in Grammer, Astronomy, that they have won respect even from their enemies, and some of their works are still of importance to European science. The Kanarese literary language and the Tamil and Telugu rest on the foundations laid by Jain monks."

"જૈનોએ વ્યાકરણ તથા ખગોળના ક્ષેત્રમાં એટલું બધું મહત્ત્વનું કાર્ય કર્યું છે કે તેમના પ્રતિપક્ષીઓ પણ તેમના વિષે આદરથી જોતા રહ્યા છે. તેમની કેટલીક કૃતિઓ યુરોપના વૈજ્ઞાનિકોને પણ હજુ ખૂબ ઉપયોગી માલુમ પડી છે. કનડી ભાષાસાહિત્ય અને તામિલ તથા તેલુગુ જૈન સાધુઓએ નાખેલા પાયા ઉપર ઊભેલી છે."

આ પરિચ્છેદ પરથી આપણને ચોકકસ ખ્યાલ આવે છે કે જૈનોએ સાહિત્યમાં વૈભવનો ઘણો ઉમેરો કર્યો છે.

(૩) **શિલ્પ:** ભારતીય શિલ્પસ્થાપત્યના ક્ષેત્રમાં જૈનોને અસાધારણ ફાળો છે. આબુ, રાણકપુર, ગોમટેશ્વર જેવાં સ્થાનમાં શિલ્પ-નિર્માણ ખરેખર મોહક ને આશ્ચર્ય પમાડે તેવાં છે. જ્યારે કોઈ અવરજવરનાં સાધનો ઉપલબ્ધ નહોતાં ત્યારે હજારો ફૂટ ઊંચે આવાં, કળાકારીગીરીના અદ્‌ભૂત નમુનાઓ નિર્માણ કરવા એ સાચે જ અત્યંત નેત્રદીપક પ્રગતિ ગણાય. જૈન મંદિરમાં સ્વચ્છતાનું અદ્‌ભૂત દર્શન થાય છે. એમનાં કોઈ પણ મંદિરમાં જાઓ તો તેની સ્વચ્છતા તમારૂં એકદમ ધ્યાન ખેંચશે. એથી પ્રસન્ન વાતાવરણનો અનુભવ થાય છે જે આત્માને મંગલ વાતાવરણ તરફ જવા પ્રેરે છે.

(૪) **આર્થિક પ્રગતિને અપાતી જૈનોની સહાય:** ભારતમાં ઠેર ઠેર જૈનો વિખેરાયેલા છે. એમનો મુખ્ય વ્યવસાય ઉદ્યોગ ને વેપાર છે. ભારતના ઔદ્યોગિક વિકાસકાર્યને જૈનોએ ખૂબ સહાય કરી છે. અનેક રથી–મહારથીઓ ઉદ્યોગ ધંધાના કુશળ નેતાઓ છે. વળી જૈનોમાં ગુનેગારોનું પ્રમાણ નહીંવત્ છે. અને તેનું કારણ જૈન સંસ્કૃતિના બાળમાનસ પર તદ્દન પ્રારંભથી પડતા ઉત્તમ સંસ્કાર જ છે. વળી અન્ય સંસ્કૃતિ સાથે સંઘર્ષ ઊભો કરવાનું જૈન સંસ્કૃતિની પ્રકૃતિમાં નથી. જૈનો તો જ્યાં જાય ત્યાં એ સંસ્કૃતિમાં સમર્પણ કરી દેવાની વૃત્તિ સેવે છે. મહારાષ્ટ્રમાં આજે કેટલાય ગુજરાતીઓ 'ગુજરાથી' બની ગયા છે ને ત્યાંની સંસ્કૃતિ સાથે પુરૂ તાદાત્ય અનુભવે છે.

આમ જૈન સંસ્કૃતિ વડે નવપલ્લવિત બનેલી ભારતીય સંસ્કૃતિનું સ્વરૂપ વર્ણવતાં સાને ગુરુજીએ પોતાના 'ભારતીય સંસ્કૃતિગ્રંથમાં આ રીતે કહ્યું છે: "ભારતીય સંસ્કૃતિ એટલે સહાનુભૂતિ, ભારતીય સંસ્કૃતિ એટલે વિશાલતા, ભારતિય સંસ્કૃતિ એટલે સત્યના પ્રયોગો. દુનિયામાં જે સુંદર, શિવ અને સત્ય દેખાય તેનું ગ્રહણ કરીને, આત્મસાત્ કરીને આગળ ને આગળ ધપતી આ સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિ એટલે સુમેળ, સર્વ ધર્મોનો સુમેળ. સર્વ જ્ઞાતિ, જ્ઞાનવિજ્ઞાન અને સર્વકાળનો મેળ! સર્વ માનવજાતિના સમુદાયને માંગલ્ય તરફ લઈ જતી આ ભારતીય સંસ્કૃતિનો ઉપાસક મને થવા દો અનેક જન્મ સુધી!"

આપણી પણ આવી જ પ્રાર્થના હો!'

શાન્તિલાલ સી. શાહ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧, ૧૯૬૩, શુક્રવાર.
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

મિલોવાન જીલાસ: આત્માને વફાદાર માનવી

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ.)

સાધનોની સુચિતા અને સત્ય વિષેનો આગ્રહ મુકત દુનિયાના વિચારકોમાં જ સંભવી શકે, યેન કેન પ્રકારેણ શ્રમજીવીઓની સરમુખત્યારી સ્થાપવામાં માનનારા માર્ક્સવાદીઓમાં નહિ—એવી માન્યતા સામાન્યત: પ્રચલિત છે. પરંતુ યુગોસ્લાવિયામાં એક એવો માનવી જન્મ્યો છે કે જેણે સમગ્ર સામ્યવાદી વિચારસરણીને નવાં મૂલ્યો ચીંધ્યાં છે. અલબત્ત, એ મૂલ્યો ચીંધવાનું "પાપ" કરવા બદલ એ જેલની સજા ભોગવે છે; પરંતુ નવો વિચાર રજૂ કરનાર કયો માનવી આ દુનિયામાં હેરાનગતી ભોગવ્યા વિના રહી શકયો છે?

ગાંધીજીએ આપણને અન્યાયનો પ્રતિકાર કરતાં શીખવ્યું; આત્માના અવાજને વફાદાર રહેવાનો અનુરોધ કર્યો અને સત્ય સમજાય ત્યારે ગમે તે ભોગે એ રજૂ કરવાનો આગ્રહ કર્યો. યુગોસ્લાવિયાનો જીલાસ કદાચ હિંદના ગાંધીને માત્ર નામથી જ ઓળખતો હશે, પરંતુ ગાંધીના મૃત્યુ પછી ગાંધીવાદ એક યા બીજા સ્વરૂપે જીવતો રાખવામાં અમેરિકાના માર્ટીન લ્યુથર કીંગ અને યુગોસ્લાવિયાના મિલોવાનં જીલાસે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. બંને જુદી જુદી પરિસ્થિતિમાં આત્માના અવાજને વફાદાર રહ્યા છે. રંગભેદ સામે માર્ટીન લ્યુથરનો અહિંસક સત્યાગ્રહ અમેરિકા જેવા લોકશાહી દેશમાં મોડા-વહેલા પણ કાંઈક શુભ પરિણામો આણી શકશે; પણ જીલાસને તો એવી કોઈ લડત માંડવાની તક જ આપવામાં નથી આવી. એ જે દેશમાં વસે છે તે સરમુખત્યારી સામ્યવાદી દેશ છે. વાણી-સ્વાતંત્ર્ય માટે ત્યાં નહિવત્ અવકાશ છે. બાહ્ય દૃષ્ટિએ એ સમાજમાં સહુ સરખા છે, પરંતુ એમાંય અમુક લોકો બીજા લોકો કરતાં વધુ સરખા છે. વાણી-સ્વાતંત્ર્ય એ સમાજમાં દોહ્યલું છે. સરમુખત્યારની મરજી વિરુદ્ધ 'ઊં' કે 'ચૂં' કરનાર કાયમ માટે પડદા પાછળ સરી જાય છે.

જીલાસ આજે ૫૩ વર્ષનો છે ને ગયે વર્ષે જ નવ વર્ષની લાંબી જેલની સજા પામી એ પાંચમી વાર કારાગૃહમાં પહોંચ્યો છે. ૧૯૩૩માં એ સૌથી પ્રથમ વાર રાજ્ય સામે દેખાવો કરવા માટે પકડાયેલો અને ત્રણ વર્ષની સજા પામેલો. એના વિચારો સામ્યવાદી હોવાથી રાજ્યે એને ખતરનાક માનવી ગણેલો. ૧૯૬૨માં યુગોસ્લાવિયાની સરકારે એને સામ્યવાદ-વિરોધી બનવા માટે જેલમાં પૂર્યો છે—એ જ કોટડીમાં કે જેમાં એણે ૩૦ વર્ષ પહેલાં સજા ભોગવી હતી.

૧૯૨૯-૩૦ની વિશ્વવ્યાપી મંદીને કારણે ઘણા યુવાનો માર્ક્સવાદ પ્રત્યે આકર્ષાયેલા. જીલાસ પણ એમાંનો એક હતો. પહેલી વાર જેલમાંથી છૂટયા પછી એ સામ્યવાદી પક્ષના મહામંત્રી ટીટોનો સાથીદાર બન્યો અને ૧૯૪૦ની સામ્યવાદી પરિષદમાં એ કાર્યવાહક સમિતિનો સભ્ય ચૂંટાયો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન યુગોસ્લાવિયા જર્મનોએ કબજે કરી લીધું. અને જીલાસનાં બધાં સ્વજનો યુદ્ધમાં માર્યા ગયાં. ૧૯૪૪માં એ લશ્કરી મીશનના મોવડી તરીકે મૉસ્કો ગયો અને સ્ટાલિનનાં પ્રથમ દર્શન પામ્યો. જે કાંઈ પ્રસંગો એને સ્ટાલિન સાથે પડયા એથી સ્ટાલિન પ્રત્યેની એની ભકિત ઘટતી ગઈ. સડેલી મૂડીવાદી અર્થવ્યવસ્થા દૂર કરીને અંતે સ્ટાલિને સમાજવ્યવસ્થા ઊભી કરી હતી એ જોઈને જીલાસ ધુંધવાઈ ગયો. સ્થાપિત હિતોનો મૂડીવાદી વર્ગ દૂર થયો હતો; પરંતુ એનું સ્થાન સામ્યવાદી રાજપુરુષોએ લીધું હતું. સામાન્ય માનવી તો બિચારો હતો ત્યાંનો ત્યાં જ રહ્યો હતો.

સ્ટાલિનવાદી સામ્યવાદ સામે બળવો પોકારી સ્વતંત્ર રીતે પોતાના દેશને વિકસાવવામાં જીલાસે ટીટોને મદદ કરી. ઘડીભર તો દુનિયાભરમાં ભય પેઠો કે સ્ટાલિન યુગોસ્લાવિયાને ચપટીમાં ચોળી નાખશે; પરંતુ યુગોસ્લાવિયાએ મજબુત સામનો કર્યો. જીલાસના રશિયન દરમિયાનગીરી વિરુદ્ધ લખાયેલા કડક લેખોએ પ્રજાનું નૈતિક બળ ટકાવ્યું અને વધાર્યું.

૧૯૫૩ સુધીમાં તો જીલાસ યુગોસ્લાવિયાનો એક લોકપ્રિય નેતા બન્યો અને પ્રખર બુદ્ધિવાદી તરીકે પ્રતિષ્ઠા પામ્યો. ચૂંટણીમાં એ પ્રચંડ બહુમતીથી જીત્યો અને યુગોસ્લાવિયાના ચાર ઉપપ્રમુખોમાંનો એક બન્યો, પરંતુ જીલાસ સત્તાપ્રેમી ન હતો. એને તો સાચો સામ્યવાદી સમાજ સ્થાપવો હતો. સામ્યવાદી નેતાઓ અને એમની પત્નીઓ જે અમન-ચમન ઉડાવતાં હતાં એની આકરી ટીકા ખુલ્લંખુલા છાપાં અને સામયિકોમાં જીલાસે કરવા માંડી. લોકોને મુકત મને ટીકા કરવાનો હક્ક હોવો જોઈએ એ હકીકત એણે સ્વીકારી અને વધુ લોકશાહીની માગણી કરી. આથી સામ્યવાદી નેતાઓ જીલાસ પ્રત્યે વીફર્યા અને એને સત્તા પરથી દૂર કર્યો. સામ્યવાદી પક્ષનું ઓળખપત્ર જીલાસે પાછું આપ્યું અને પરદેશી ખબરપત્રીઓને મુલાકાત દરમિયાન પોતાના દિલની સાચી વાત કહી. સરકાર આથી અકળાઈ ગઈ અને એને તુરત જેલમાં પૂર્યો. દોઢ વર્ષે જેલમાંથી બહાર આવ્યા પછી પણ એણે ટીટો સરકારની ટીકા ચાલુ રાખી. ૧૯૫૪ના નવેમ્બરમાં તો એણે એક લેખ દ્વારા હંગેરીયન ક્રાંતિને બિરદાવી અને સામ્યવાદના અંતિમ વિનાશના પ્રથમ પગલાં તરીકે એ ક્રાંતિને ઓળખાવી. ફરી ત્રણ વર્ષ માટે એ જેલમાં ધકેલાયો. પોતાના વિચારોને વફાદાર રહેવાને ખાતર ટીટોના અનુગામી તરીકે સત્તામાં આવવાની તક જતી કરીને પણ જીલાસે કારાગાર વેઠયો.

જીલાસે જેલમાં બે પુસ્તકો લખ્યાં હતાં. એમાંનું એક 'The new class: An Analysis of the Communist System'—૧૯૫૭માં અમેરિકામાં બહાર પડયું. જીલાસને એ પુસ્તક લખવા માટે જેલમાં જ કોર્ટ બેસાડી સાત વર્ષની વધુ સજા ફટકારવામાં આવી અને પક્ષે આપેલા માનચાંદ પડાવી લેવામાં આવ્યાં. આ પુસ્તકમાં કાંઈ નવું નથી. જીલાસની મુખ્ય ટીકા એ જ છે કે મૂડીવાદનો અનુગામી સમાજ પણ મૂડીવાદ જેવાં જ દૂષણોથી પીડાય છે. જીલાસનું આ પુસ્તક અનેક ભાષાઓમાં પ્રસિદ્ધ થયું છે અને એની અસર ખૂબ વ્યાપક બની છે. આજ સુધીમાં એની લાખો નકલો દુનિયાના લગભગ બધા જ બિનસામ્યવાદી દેશોમાં ખપી ગઈ છે.

એની આત્મકથા "Land without Justice" (૧૯૫૮)

માં તો મુખ્યત્વે એની બાલ્યાવસ્થાનો ચિતાર છે. પોતાના પ્રદેશનું એણે એવી સુંદર કાવ્યમય શૈલીમાં વર્ણન કર્યું છે કે જીલાસની આ કૃતિ એક રાજકીય પુરુષ કરતાં જન્મજાત સાહિત્યકારની હોય એવી ભાસે છે.

જેલમાં ગાળેલાં પાંચેક વર્ષ દરમ્યાન જીલાસનું વર્તન ખૂબ સારું હોવાથી ૧૯૬૧માં એને છોડી મૂકવામાં આવ્યો – માત્ર એક શરતે કે એણે રાજ્ય વિરુદ્ધ કાંઈ લખવું નહીં. પણ કોઈ સંવેદનશીલ આત્મા શાંત રહી શકે ખરો ? જેલમાં એણે અનેક સચોટ વાર્તાઓ લખી હતી. સ્ટાલિન સાથેના એના પ્રસંગો તાજા કરી 'Conversations with Stalin' નામનું એક પુસ્તક પણ લખ્યું હતું. જેલમાંથી બહાર આવ્યા પછી તુરત એણે એ પુસ્તક પ્રકાશનાર્થે અમેરિકા મોકલી આપ્યું. આ પુસ્તકે ટીટોને ખૂબ નાખુશ કર્યો. અને રાજ્યને લગતી ખાનગી બાબતો જાહેર કરવાના આરોપસર જીલાસ પર ફરી મુકદ્દમો ચાલ્યો. મે ૧૪, ૧૯૬૨ના રોજ એને ફરી આઠ વર્ષની સજા થઈ અને એ બંડખોર આત્મા પાછો જેલમાં ચાલ્યો ગયો. જીલાસ કાંઈ એકલ-દોકલ અવધૂત નથી. એને પત્ની છે અને એક દીકરો પણ છે. ચારેક પરદેશી ભાષાઓ ઉપર જીલાસ સુંદર કાબૂ ધરાવે છે. મેકિસમ ગોર્કીની ઘણી રશિયન કૃતિઓ એણે માતૃભાષામાં ઊતારી છે, યુદ્ધની નિરર્થકતા પૂરવાર કરતી હૃદયસ્પર્શી વાર્તાઓ પણ એણે લખી છે.

સ્ટાલિનનાં કાળાં કૃત્યો જીલાસે ખૂબ સચોટ રીતે ખુલ્લાં પાડયાં છે. એને મન સ્ટાલિન ઈતિહાસનો સૌથી મોટો ગુનેહગાર છે. એણે કરેલી કત્લેઆમ આગળ હિટલરની જુલમખોરી કાંઈ વિસાતમાં નથી. આમ છતાં બિલાડીના ગયા પછી ઉંદરો જે કૂદંકુદા કરે એવી જ કૂદંકૂદા એને સ્ટાલિનના મૃત્યુ પછીની સામ્યવાદી આંતરરાષ્ટ્રીય પરિષદ્માં તેને દેખાઈ છે. સ્ટાલિનના જીવતાં એની કદમબોસી કરનારો ક્રુશ્ચેવ આજે ડહાપણ કરે છે, પણ એ વખતે 'ચૂં' કે 'ચાં' પણ કરી શકયો ન હતો એનું જીલાસને ખૂબ દુ:ખ છે. આમ છતાં એ માનવીને શ્રદ્ધા છે કે અંતે તો સત્યનો જ વિજય થશે. માનવ આત્મા એવો પ્રબળ છે કે ગમે તેવા જુલમો પણ એને ડગાવી શકશે નહિ. સત્યના જયને ખાતર જીલાસ આજે આટલી યાતના સહન કરે છે. આવતી કાલે એનું શું થશે એ કહેવું મુશ્કેલ છે. સંભવ છે કે સરમુખત્યારી સમાજમાં વસતી યુગોસ્લાવિયાની પ્રજા એના વિષે ફરી કાંઈ સાંભળવા ન પણ પામે; પરંતુ ઉજળી દુનિયા સર્જવા માટે પુરુષાર્થ કરતા માનવોને તો જીલાસનો આત્મભોગ પ્રેરણા પાયા જ કરશે.

રામુ પંડિત

બંગાળના સાહિત્યકારો વચ્ચે

"થોડુંક કાંઈક લખી નાખવાથી સાહિત્યકાર નથી થવાતું; જેને વિશ્વાનુભૂતિ થઈ છે અને જે સર્વભૂતહૃદય બનેલ છે તે જ સાચો સાહિત્યકાર છે." વિનોબા.

સાહિત્યકારની બેનમૂન તટસ્થતા

આ બાર વર્ષમાં સાહિત્યકારો આગળ બોલવાના મને ઘણા પ્રસંગો મળ્યા છે. બંગાળના સાહિત્યકાર આગળ બોલવાનો આ ત્રીજો અવસર છે. હું જાણું છું કે સાહિત્યકારનું કામ સામાન્ય સંસારીજન અને સંસારમુકત સ્થિતિપ્રજ્ઞ જન એ બન્નેથી ભિન્ન પ્રકારનું છે. સંસારીજન અનેક વાસનાઓ અને ભાવનાઓના પ્રવાહમાં તણાય છે. એ વાસનાઓ અને ભાવનાઓ એના ઉપર સ્વાર થઈ બેસે છે, વાસનાઓ અને ભાવનાઓથી તે ઘેરાઈ જાય છે. વાસનાઓ તેને વશ રહેતી નથી, પણ વાસનાઓને વશ તે થઈ જાય છે. શૃંગારભાવ, કરુણાભાવ, વીરભાવ, વગેરે અનેક ભાવો તેનો કબજો લઈ લે છે, તે ભાવોનો તે દાસ બની જાય છે. આનાથી વિપરીત એક સ્થિતપ્રજ્ઞ મુકતપુરુષ આ બધા ભાવોથી અલિપ્ત, તટસ્થ દ્રષ્ટા કે સાક્ષીરૂપે અલગ રહે છે. તેને તેનો પોતાનો એક ચોક્કસ નિર્ણય– હોય છે. જેમ કોઈ ન્યાયાધીશ પોતાની આગળ રજૂ થયેલા કેસોનો નિર્લેપપણે નિર્ણય આપે છે, તેવી રીતે મુકતપુરુષ સ્થિતપ્રજ્ઞ, નિર્ણયશકિતસંપન્ન, અને વાસનાપ્રવાહથી નિર્લેપ રહે છે. પરંતુ, એક સાહિત્યકાર જનતાની બધી ભાવનાઓનો અનુભવ કરતો છતાં–જનતામાં ઓતપ્રોત થઈને રહેતો છતાં–પોતાને એટલો તટસ્થ રાખે છે કે તે પોતાને પ્રકાશન–સમર્થ, ભાવપ્રકાશનસમર્થ બનાવી શકે છે. જનતામાં ભળવા છતાં તે નિર્લેપ રહી શકે છે. તે જળકમળવત્ રહે છે. કમળ જળમાંથી રસ ચૂસે છે, પણ કમળપત્રને જળનો સ્પર્શ થતો નથી. તેના ઉપર પાણી ટકી જ શકતું નથી. દેડકો પાણીમાં ડૂબકી મારે છે ને પાણીમાં ડૂબે છે, કેમકે તે પાણીનો જીવ છે, પણ કમળ પાણીની ઉપર રહે છે, પાણીમાંથી રસ ચૂસતા છતાં તેનાથી ન્યારું રહે છે. સ્થિતપ્રજ્ઞ મુકતપુરુષ સૂર્ય સમાન છે, જે બધાંને પોષણ આપે છે, દેડકાને અને કમળને બન્નેને. પણ તે રહે છે બધાંથી ઊંચે આકાશમાં.

મેં દેડકો, કમળ અને સૂર્ય એ ત્રણની ઉપમા આપી. કમળનું જે કાર્ય છે તેવું સાહિત્યકારનું કાર્ય છે. રસોનો તે અનુભવ લે છે, પણ તેમાંથી તે પવિત્રતા ખેંચી લે છે, રસોથી નિર્લેપ રહે છે. પોતાની નિર્મળતા કાયમ રાખે છે. આવી રીતે રસાનુભવ કરવા છતાં નિર્મળતા કાયમ રાખવી એમાં જ સાહિત્યકારની કુશળતા છે. રસ લેતાં તેમાં ડૂબી જવું એ દેડકાની અવસ્થા છે, અને અત્યંત તટસ્થપણે બધા રસોને જુએ અને તેને પોષણ પણ આપે કે બાળે પણ ખરો એ સૂર્યની ખૂબી છે. તેમાં કિરણોમાં દાહકશકિત પણ છે અને પોષકશકિત પણ છે. તે પોષણ કરવા યોગ્યનું પોષણ કરશે અને બાળી નાખવા યોગ્યને બાળી નાંખશે, છતાં બધાંથી તે ન્યારો રહેશે.

સાહિત્યકારની વૃત્તિ વિશ્વવ્યાપી હોય :

સાહિત્યકાર વિષે મેં કેટલીક કલ્પનાઓ કરી મૂકી છે. મારું માનવું છે કે ભવિષ્યમાં સાહિત્યકારનું એક આગવું સ્થાન હશે. કેમકે તે આત્મજ્ઞાન અને વિજ્ઞાનને જોડનારી સાંકળ સમાન છે. આજે તો એવો સાહિત્યકાર કોઈ વિરલ હશે. થોડુંક લખવાથી સાહિત્યકાર થવાતું નથી. તેનામાં વિશ્વવ્યાપી વૃત્તિ હોવી જોઈએ. શ્રી રવીન્દ્રનાથ ઠાકુર આ યુગના એવા સાહિત્યકાર હતા.

વાલ્મીકિ અને વ્યાસનો આદર્શ

ભાગવતમાં વર્ણન આવે છે, "विश्वानुभूतिः सकलानुभूतिः" સાહિત્યકારમાં વિશ્વની બધી કલાઓની અનુભૂતિ હોવી જોઈએ. વાલ્મીકિ સ્નાન કરવા જઈ રહ્યા હતા અને માર્ગમાં એમણે જોયું કે, શિકારીએ ક્રૌંચપક્ષીના જોડલાને બાણ માર્યું. ત્યારે, "शोकः श्लोकत्वमानत :" વાલ્મીકિના અંતરમાં જે શોક ઉત્પન્ન થયો તે શ્લોક રૂપે બહાર આવ્યો. આ દ્રશ્ય જોતાં એમને થયું કે આ એક ક્રૂર કામ થયું છે, એક નિષ્પાપ પંખીને બાણ મારવામાં આવ્યું છે, બીજું પ્રેમી પંખી વિહ્વળ થઈ રહ્યું છે. આવી નિર્દય હૃદયશૂન્યતા જોઈ એમનો પુણ્યપ્રકોપ પ્રજ્જ્વળી ઊઠયો અને એમની જીભેથી શ્લોક સરી પડયો. તેઓ તે ક્રૌંચ પક્ષી સાથે એકરૂપ થઈ ગયા હતા–વિશ્વાનુભૂતિ સકલાનુભૂતિ થઈ ગઈ.

મહાકવિ વ્યાસ ભગવાનની પણ એક કથા છે. પુત્ર શુકદેવ વ્યાસનો આશ્રય છોડી ચાલ્યા જતા હતા, અને વિરહ–વિહ્વળ વ્યાસ ઋષિ "હે પુત્ર ! તું કયાં જાય છે ?" એમ બૂમો પાડતા એની પાછળ દોડતા હતા. શુકદેવે ઉત્તર ન આપ્યો ને ચાલી ગયા. ભાગવતકાર લખે છે કે, "पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुः" શુકદેવની સાથે તન્મય થઈને વૃક્ષોએ વ્યાસ ભગવાનને જવાબ આપ્યો.

સારાંશ કે જેને વિશ્વાનુભૂતિ થઈ છે, જેનું હૃદય સર્વભૂતમય થઈ ગયું છે, તેના મનમાં સંકુચિતતા નહિ હોય, અને તે જ સાહિત્યકાર છે. એવો સાહિત્યકાર વિરલ હશે. આ હું કહી રહ્યો છું તે આજની પરિસ્થિતિ જોઈને. પણ હવે એવા સાહિત્યકારો ઉદ્ભવવાના છે. આવતી કાલની દુનિયાનો માનવી પરિવર્તિત થયેલો હશે. જ્યારે આ પૃથ્વી ઉપર સ્વર્ગ ઊતરશે ત્યારે દરેક માનવ દિવ્ય માનવ હશે.

સાહિત્યકાર વિષેની અપેક્ષા

સાહિત્યકારનો મારી ઉપર મોટો ઉપકાર થયો છે. એમના આશીર્વાદ પણ મને મળ્યા છે. જે કામ હું કરી રહ્યો છું, ભગવતકૃપાથી જેની મને પ્રેરણા મળી રહી છે, તેનું તમે તટસ્થપણે નિરીક્ષણ કરો, તેમાં જ્યાં દોષ દેખાતો હોય ત્યાં માર્ગદર્શન આપો. ક્ષમા તો તમે કરશો જ. પણ દોષદર્શન અને ગુણવૃદ્ધિ પણ તમે કરો એવી તમને મારી પ્રાર્થના છે.

અનુવાદક : **મૈનાબહેન નરોત્તમદાસ** મૂળ હિંદી : **વિનોબા ભાવે**

નવા વર્ષની શુભેચ્છાઓનું આદાન-પ્રદાન : શ્રી એસ. કે. પાટીલનું સંઘે કરેલું બહુમાન

તા. ૧૯-૧૦-૬૩ શનિવાર–ભાઈબીજ–ના રોજ સાંજના સમયે 'મનોહર'માં મુંબઈના અગ્રતમ રાજપુરુષ શ્રી એસ. કે. પાટીલનું, તેમણે સ્વેચ્છાએ અધિકારનિવૃત્તિ સ્વીકારી તે બદલ, અભિનંદન કરવા માટે તેમ જ નવા વર્ષના પ્રારંભ અંગે શુભેચ્છાઓનું 'સાલ મુબારક'નું આદાન-પ્રદાન કરવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોનું એક મિલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાઈઓ તથા બહેનો બહુ મોટી સંખ્યામાં એકઠાં થયાં હતાં. અને 'મનોહર'નો હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. પ્રારંભમાં સંઘના પ્રમુખ મી. ખીમજી માડણ ભુજપુરીઆએ શ્રીમાન્ પાટીલને સંઘ તરફથી આવકાર આપ્યો હતો. શ્રી ખીમજીભાઈ અને શ્રી પાટીલ



બન્ને વર્ષો જુના નિકટવર્તી મિત્રો. વળી શ્રી પાટીલ અન્ન ખાતાના કેટલાક સમયથી કેન્દ્રીય મંત્રી હતા અને ખીમજીભાઈ ધી બોમ્બે ગ્રેન ડિલર્સ એસોસીએશનના પ્રમુખ, એટલે દેશની અન્નસમસ્યા ઉકેલવાની બાબતમાં તે બન્ને વચ્ચે આજ સુધી મંત્રણાઓ અને પત્રવ્યવહાર ચાલ્યા જ કરતો હતો. આ રીતે તેમની ઓળખાણ આપવાના પૂરા અધિકારી એવા શ્રી ખીમજીભાઈએ મુંબઈના કૉંગ્રેસી રાજકારણમાં તેમ જ દેશની અન્ન સમસ્યા નીપટાવવાની બાબતમાં શ્રી પાટીલે કેવો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તે બાબત અંગે જાત-અનુભવની કેટલીક વાતો રજૂ કરીને ઉપસ્થિત ભાઈ-બહેનોને શ્રી પાટીલના શકિતશાળી વ્યકિતત્વનો ગૌરવપૂર્ણ ખ્યાલ આપ્યો અને સાથે સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પણ શ્રી પાટીલ સમક્ષ ટૂંકમાં રજૂઆત કરી. શ્રી ખીમજીભાઈના વકતવ્યમાં સૂર પૂરાવતાં, સંઘના સભ્ય અને મહારાષ્ટ્ર રાજ્યના શિક્ષણપ્રધાન શ્રી શાંતિલાલ હ. શાહે આજ ભારે વિવાદાસ્પદ બની રહેલી કામરાજ યોજના ઉપર જરૂરી પ્રકાશ પાડવા માટે શ્રી પાટીલને અનુરોધ કર્યો.

ત્યાર બાદ શ્રી પાટીલે પોતાનું પ્રવચન શરૂ કર્યું અને મદ્રાસ બાજુની સ્થાનિક કૉંગ્રેસમાં પ્રવેશેલી શિથિલતાના કારણે થોડા સમય પહેલાં એ બાજુ લડવામાં આવેલા એક prestige electionમાં–પ્રતીક ચૂંટણીમાં – કૉંગ્રેસ પક્ષને મળેલી હાર ઉપરથી કૉંગ્રેસ સંસ્થાને મજબૂત કરવાની આવશ્યકતા તરફ ત્યાંના પ્રધાનમંત્રી શ્રી કામરાજ નાદરનું ખાસ ધ્યાન ખેંચાયું અને આ માટે પોતે જ પ્રધાનમંત્રીની જવાબદારીથી મુકત થઈને આ કાર્યને પોતાની બધી શકિતનો યોગ કેમ ન આપે?–એવો વિચાર તેમના મગજમાં ખૂબ ઘોળાવા લાગ્યો, આ વિચાર આપણા મહાઅમાત્ય સમક્ષ તેમણે રજૂ કર્યો, તેમણે તે વિચારને વધાવી લીધો અને એક નાના બીજમાંથી મોટું વૃક્ષ પેદા થાય તેમ એકાએક આખા દેશને આવરી લેતી એવી યોજના જે કામરાજ યોજનાના નામે ઓળખાય છે તેનો જન્મ થયો, અખિલ હિંદ મહાસભાસમિતિએ આ યોજનાને અપનાવી લીધી, કેન્દ્ર તેમ જ રાજ્યના પ્રધાનો પાસેથી રાજીનામાંઓની માગણી કરવામાં આવી, સૌ કોઈએ રાજીનામું મોકલી આપીને 'party before the post'–સંસ્થા પાસે સત્તા ગૌણ છે' એ વિચારનું - એ ભાવનાનું–સમર્થન કર્યું, આ બધા રાજીનામાંઓ નહેરુના હાથમાં આવી પડયાં, અને આમ થતાં વહીવટી ક્ષેત્રે કેવી સ્થગિતતા આવી ગઈ અને રાજકારણી વાતાવરણમાં કેવી અનિશ્ચિતતા વ્યાપી ગઈ–આ આખા પ્રકરણનો શ્રી પાટીલે આબેહુબ ખ્યાલ આપ્યો. કોનાં રાજીનામાં સ્વીકારવામાં આવશે તેની સામ્યવાદ તરફી લેખાતા પત્રોમાં આગાહીઓ આવતી ગઈ અને તે જ્યારે ઠીક ઠીક પ્રમાણમાં સાચી પડતી ગઈ ત્યારે આપણું રાજકારણ સામ્યવાદી તત્ત્વોથી પ્રભાવિત તો નથીને?–એવો આભાસ ચોતરફ પેદા થવા લાગ્યો. આ વિષે પણ તેમણે કેટલુંક વિવરણ કર્યું, આમ કામરાજ યોજના સાથે સીધી કે આડકતરી રીતે જોડાયેલી અનેક બાબતોની તેમણે સવિસ્તર ચર્ચા–આલોચના કરી. તેમના વિસ્તૃત વિવેચન દરમિયાન બે મુદ્દાઓ ઉપર તેમણે ખાસ ભાર મૂકયો. (૧) અલબત્ત, કૉંગ્રેસ સંસ્થાને સુગ્રથિત બનાવવાની ખૂબ જ જરૂર છે અને તે માટે જે કાંઈ જરૂરી હોય તે અવશ્ય કરવું ઘટે છે, એમ છતાં પણ, દેશની દ્રષ્ટિએ સંસ્થા કરતાં વહીવટીતંત્ર વધારે મહત્ત્વનું છે, વહીવટીતંત્રના ભોગે સંસ્થાને બળવાન બનાવવાનો વિચાર કરવામાં આવતો હોય તો તે બરોબર નથી. આજ સુધીમાં જે કાંઈ બન્યું છે તેનું પરિણામ વહીવટી તંત્રને ઠીક ઠીક શિથિલ બનાવવામાં આવ્યું હોય એમ લાગે છે અને સંસ્થામાં નવા પ્રાણ પુરાવાનાં હજુ કોઈ ચિહ્નો દેખાતાં નથી. દેશ અને દુનિયા કૉંગ્રેસસંસ્થાને નહિ પણ તેના વહીવટને જોવાની છે અને એ ઉપરથી કૉંગ્રેસની કિંમત આંકવાની છે એ બાબત આપણે કદિ ન ભૂલીએ. (૨) સામ્યવાદી તત્ત્વોનો કૉંગ્રેસી રાજકારણ ઉપર જે કાંઈ પ્રભાવ પડતો દેખાય છે તે સ્થિતિ ભારે ખતરનાક છે અને તેથી તેનો પૂરી મજબૂતીથી સામનો થવો ઘટે છે.

આ રીતે આવા મહત્ત્વના વિષય ઉપર એક કલાક સુધી શ્રી પાટીલે અનેક માહિતી અને સૂચનોથી ભરેલું પ્રવચન કર્યું અને જાણે કે અંગત પરિવાર વચ્ચે તેઓ બોલતા હોય તેવા મોકળા મનથી પોતાનાં વિચારો–દેશમાં ઊભી થયેલી એક પ્રકારની કઢંગી પરિસ્થિતિ અંગેના પોતાના પ્રત્યાઘાતો અને સંવેદનો – તેમણે કશા પણ સંકોચ વિના રજૂ કર્યાં. તેમની વાણી અવિરત ધારાએ વહેતી રહી અને રમૂજ, વિનોદ અને મર્મોકિત વડે શ્રોતાઓના દિલને સતત પ્રભાવિત કરતી રહી. એક તો સૌના દિલમાં વલોવાતો એવો સવાલ અને તે વિષે ભીતરની પૂરી જાણકારી ધરાવતા શ્રી પાટીલ અને વળી અપ્રતિમ એવું તેમનું વકતવ્ય–આ રીતે આ પ્રસંગ ઉપસ્થિત સૌ ભાઈ–બહેનોને મન જીવનનો એક સુભગ અવસર સમો લાગ્યો અને સૌએ એક પ્રકારની ધન્યતા અનુભવી. શ્રોતામંડળના દિલમાં વ્યાપી રહેલી આ લાગણીને સંઘના મંત્રી તરીકે આભારનિવેદન કરતાં, મેં યોગ્ય શબ્દોમાં પ્રતિધ્વનિત કરી અને શ્રી પાટીલનો ખૂબ ખૂબ આભાર માન્યો, અને શ્રી પાટીલને તત્કાળ અન્યત્ર રોકાણ હોવાથી અમારી તેમણે રજા લીધી.

ત્યાર બાદ સંઘ સાથે ગાઢ પરિચયમાં આવેલા અને એ રીતે સંઘના સ્વજનસમા સંસ્કૃતના અધ્યાપક શ્રી ગૌરીશંકર ચુ. ઝાલાએ નવા વર્ષ અંગે મંગલમય ભાવનાઓ રજૂ કરતું ટૂંકું છતાં અર્થગંભીર પ્રવચન કર્યું. બહેન માલિની શાસ્ત્રીએ પણ એ જ પ્રકારની ભાવનાઓને વ્યકત કરતું એક સુંદર પદ ગાઈ સંભળાવ્યું અને પછી મધુર આઈસ્ક્રીમના પ્રસાદ સાથે નૂતન વર્ષાભિનંદનના આદાન-પ્રદાનમાં - પરસ્પર શુભેચ્છાઓના વિનિમયમાં - પ્રેમભર્યા વાર્તાવિનોદમાં–કેટલોક સમય પસાર થયો. સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઈ તરફથી આ મંગળ પ્રસંગે પેંડાની લહાણી કરવામાં આવી અને આમ લગભગ બે કલાક પસાર થયા બાદ બધાં ભાઈ–બહેનો ઊંડી પ્રસન્નતાપૂર્વક હસતાં હસતાં અને એકમેક સાથે હાથ મીલાવતાં છૂટાં પડયાં. આ રીતે સંઘ તરફથી અવાર-નવાર યોજાતાં સંમેલનોમાં આ મિલનસંમેલનની ભાત અનોખી હતી. પરમાનંદ

"રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણ"

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું વ્યાખ્યાન


નવેમ્બર માસની ૯ મી તારીખ અને શનિવારના રોજ સાંજના ૬ વાગ્યે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ) શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ છેલ્લા ચાર મહિનાના રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણની આલોચના કરશે. આ વિષયમાં રસ લેતા ભાઇ બહેનોને આ પ્રસંગનો લાભ લેવા વિનંતી છે.

મંત્રીઓ : મુંબઇ જૈન યુવક સંઘ

વાત્સલ્યમૂર્તિ સર લલ્લુભાઈ સામળદાસ

ઑક્ટોબર માસની ૧૪મી તારીખે અને સોમવારના રોજ અંધેરી ખાતે માન્યવર શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીના પ્રમુખસ્થાને સ્વ. સર લલ્લુભાઈ સામળદાસની જન્મશતાબ્દી ઉજવવામાં આવી હતી. આ પ્રસંગને લક્ષમાં રાખીને શ્રી મુનશીએ તૈયાર કરેલા અંગ્રેજી પ્રવચનનો (તે પ્રસંગે આ પ્રવચનના સારરૂપ એવું તેમણે ગુજરાતીમાં ભાષણ કર્યું હતું.), આપણી વચ્ચેથી જે માનવવિભૂતિ ૭૩ વર્ષની ઉમ્મરે આજથી ૨૭ વર્ષ પહેલાં વિદાય થઈ છે તેનો 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને પુણ્યપરિચય થાય એ હેતુથી, નીચે અનુવાદ આપવામાં આવે છે.

હું ભાવનગરમાં ઉછરીને મોટો થયો અને પછી કૉલેજ શિક્ષણ માટે મુંબઈ આવીને રહ્યો. ભાવનગરમાં હું હતો તે દરમિયાન ભાવનગરના દીવાન કુટુંબના એક અગ્રગણ્ય રાજપુરુષ તરીકે તેમના વિષે કંઈ કંઈ વાતો મારા સાંભળવામાં આવેલી, અને તેમને દૂરથી જોયેલા પણ ખરા, પણ તેમને પ્રત્યક્ષ મળવા–જાણવાનું બન્યું નહોતું. પછી ૧૯૧૦ની સાલમાં કૉલેજ ભણતર માટે હું મુંબઈ આવ્યો અને એ પૂરું થયા બાદ વ્યવસાયી જીવનની શરૂઆત પણ મુંબઈમાં જ થઈ અને સમયાંતરે વિલે પારલે રહેવા માટે ગયો. આ સમય દરમિયાન ગગનભાઈ સાથે પરિચય થયેલો, તેમના મોટા ભાઈ ખંડુભાઈ (તેમનું બીજું નામ જ્યોતીન્દ્ર છે.) અને તેમનાં પત્ની મધુરિકાબહેનના પણ સમાગમમાં આવવાનું બનેલું. આ અંગત સંબંધો ઉત્તરોત્તર વધતા જતા હોવાના કારણે તેમના અંધેરી ખાતેના નવાસ્થાન ઉપર મને અવાર નવાર જવા આવવાનું બનવા લાગ્યું અને તેના અનુસંધાનમાં સર લલ્લુભાઈ જેમને અમે બધાં 'લલ્લુકાકા'ના નામથી સંબોધતા તેમને પણ પ્રત્યક્ષ મળવાના, તેમની સાથે વાતો કરવાના, તત્કાલીન રાજકારણી પ્રશ્નોને અનુલક્ષીને ચર્ચા કરવાના પ્રસંગો ઊભા થવા લાગ્યા. તેમને મળતાં કોઈ અભેદ્ય અંતરનો કે સંકોચનો ભાગ્યે જ અનુભવ થતો. ઘરના વડીલ સાથે જેવી સહજતાથી આપણે વર્તીએ અને વાતો કરીએ એવી સહજતાપૂર્વક તેમને અમે મળતા અને તેમની સાથે વાતચીત અને ચર્ચા કરતા. તેમનામાં નહોતો એવો કોઈ મોટાઈનો ખ્યાલ કે આપણને આંજી દે અથવા તો આપણી વાણીને રુંધે એવો નહોતો તેમનામાં કોઈ રૂઆબ. વળી એમનું રસોડું જૂના વખતની ખાનદાનીની ઢબે ચાલતું હતું. એક તો તેમનો બહોળો કુટુંબપરિવાર, વળી મહેમાનો પણ કોઈ ને કોઈ હોય જ, અને જમવાના વખતે જે બહારના કોઈ હાજર હોય તેને જમાડ્યા સિવાય જવા દેવાય જ નહિ–આવી કૌટુંબિક પરંપરા–આવા તેમના પહોળા અને બહોળા રસોડે તેમના કુટુંબપરિવાર વચ્ચે બેસીને અવારનવાર ભોજન કરવાનું પણ બનતું.



સર લલ્લુભાઈ સામળદાસ (કુમારના સૌજન્યથી)

તદુપરાંત હંમેશાં મોટા ભાગે–ખાસ કરીને શનિવાર તથા રવિવારના રોજ–સાંજના સમયે તેમને ત્યાં મોટી મંડળી જામતી. લલ્લુકાકાના અંગત સ્નેહીઓમાંથી કોઈ ને કોઈ તેમ જ તેમનો ત્રણ પુત્રોના અંગત સ્નેહીઓ અને સ્વજનો–આ બધાં તેમના બંગલે એ વખતે એકઠાં થતાં. તેમના કુટુંબીજન જેવા સ્વ. બ્રેલ્વી–એ વખતના બૉમ્બે ક્રોનીકલના તંત્રી–તો ત્યાં એ સમયે અચૂકપણે હાજર હોય જ. આ વખતે પણ કાંઈ ને કાંઈ નાસ્તો તો હોવાનો જ. લલ્લુકાકા મારી જેવા જે કોઈ ત્યાં આવેલ હોય તે દરેકને વ્યક્તિગત રીતે જરૂર બોલાવે, અને તેની અંગત બાબત વિષે વાત કાઢીને ઊંડી સહાનુભૂતિનો અનુભવ કરાવે. જાહેર જીવનનાં કે વ્યાપાર વ્યવસાયનાં અનેક ક્ષેત્રોમાં તેમણે સાધેલી સિદ્ધિઓનો મને પ્રમાણમાં આછો ખ્યાલ હતો. મારે મન તો તેઓ એક વાત્સલ્યપૂર્ણ વડીલ જેવા હતા. જ્યારે પણ તેમને મળવાનું બનતું ત્યારે તેમનું વાત્સલ્યતાભર્યું સ્મિત અને ભાવભર્યા ઉદ્‌ગારો ચિત્ત ઉપર ઊંડી સુવાસમધુર છાપ–અંકિત કરી જતા. તેમને વિદેહ થયાને આટલાં વર્ષો થવા છતાં તેઓ તેમના નામી પુત્રો દ્વારા સ્મરણમાં એટલા બધા જીવન્ત રહ્યા છે–જેવી રીતે પંડિત મોતીલાલ નહેરુ જવાહરલાલ નહેરુ દ્વારા જીવન્ત જ છે એમ આપણે કહી શકીએ–કે તેઓ જાણે કે બહુ થોડા સમય પહેલાં આપણી વચ્ચેથી અદૃશ્ય થયા છે–આવો ભાસ–આવું સંવેદન–તેમના વિષે આપણું ચિત્ત અનુભવે છે.

આવા એક વ્યક્તિવિશેષના વિરલ જીવન–પુરુષાર્થની અનેક બાજુઓનું આકલન કરતું શ્રી મુનશીનું અધ્યક્ષીય પ્રવચન અહીં રજૂ કરતાં એક સ્વર્ગવાસી વડીલના સ્મરણને તાજું કર્યાની–તેમની ચિરપ્રતિષ્ઠિત સ્મૃતિને શબ્દારૂઢ કર્યાની–કૃતાર્થતા હું અનુભવું છું.

પરમાનંદ

'લલ્લુકાકા' એક સત્વનિષ્ઠ સજ્જનની શબ્દપ્રતિમા

'Lallukaka': The Portrait of a Perfect Gentleman.

લલ્લુકાકા–મને તેમનો સર લલ્લુભાઈ સામળદાસ સી. આઈ. ઈ. એ રીતે કદિ વિચાર આવી શકતો જ નથી–આ લલ્લુકાકા રાજ્યખટપટથી ખદબદતા કાઠિયાવાડ અને નવી પેઢી વચ્ચે, જૂના અને નવા યુગ વચ્ચે એક પુલ જેવા હતા. તેમનાં મૂળ ગંગા ઓઝાની પુરાણી દુનિયામાં નંખાયાં હતાં અને તેમનો ઉત્કર્ષ ગાંધી–પ્રભાવિત નવી દુનિયામાં થયો હતો.

જ્યારે મને તેમનું સ્મરણ થાય છે ત્યારે ઊંચી અને પાકા બાંધાની, ભરાવદાર મૂછોવાળી, ઉજળો સફેદ લાંબો કોટ, ડાઘડૂંઘ વિનાની પહોળી રેશમી કિનારવાળી ધોતી, રેશમી મોજાં અને ચળકતાં જોડાં, અને કોઈનું પણ ધ્યાન ખેંચે એવી મોટી પહોળી દબદબાભરી ભાવનગરી પાઘડીમાં સજ્જ થયેલી તેમની આકૃત્તિ મારી નજર સામે હું નિહાળું છું. કોઈ પણ સમયે તેમની મુખાકૃતિ ઉપર મૈત્રીભાવ દાખવતું સ્મિત હોય જ, તેમની આંખોમાંથી માયાળુ ભાવ ટપકતો જ હોય, એક ઉમરાવને શોભે એવા તેમના હાવભાવમાં અભિમાનનો–તુમાખીનો–અંશ પણ નજરે ન પડે. તેમની સમગ્ર રીતભાતમાં જૂની ખાનદાનીની ચમક અનુભવવા મળતી. આ ઉપરાંત અન્ય પક્ષને હંમેશાં ન્યાય આપવા માગતો હોય એવો એક પ્રકારનો–બધી બાબતમાં તેમનો–સુભગ ન્યાયપૂર્ણ અભિગમ રહેતો, વર્તાવ રહેતો, અને અજાણ્યામાં સહજપણે મિત્રભાવ પેદા કરે એવું તેમની પ્રકૃતિમાં વાત્સલ્ય તરવરતું હતું, અને સદ્‌ભાવથી અન્યને પ્રભાવિત કરે એવું તેમના વ્યક્તિત્વમાં સામર્થ્ય ચમકતું હતું.

તેઓ એ નાગર બ્રાહ્મણ જ્ઞાતીના હતા કે જે જ્ઞાતિ રાજ-

કારણમાં, વ્યાપારવ્યવસાયમાં, વિદ્વતામાં, અને ઉચ્ચ કક્ષાની સ્થિતિ-ચુસ્તતામાં—અને મધ્યયુગીન કાળ દરમિયાન યુદ્ધકાર્યમાં પણ—ગુજરાતના ઈતિહાસમાં છેલ્લાં એક હજાર વર્ષથી અત્યંત માનવંતું પ્રતિષ્ઠાપાત્ર સ્થાન ધરાવતી હતી. સમસ્ત ગુજરાતી પ્રજાની કલ્પના ઉપર નાગર બ્રાહ્મણની એવી કોઈ પકડ હતી કે બીજી જ્ઞાતિના કોઈ એક સુપ્રસિદ્ધ સાહિત્યકારે પોતાની વંશવારસગત ત્રુટિને દૂર કરવા માટે—હળવી કરવા માટે—નાગર બ્રાહ્મણ કોમની એક વિધવા સાથે લગ્ન કરવાની ઈચ્છા દાખવી હતી, અને જ્યારે મારી જેવી એક અપ્રસિદ્ધ વ્યક્તિએ ગુજરાતના સાહિત્યના ક્ષેત્રમાં એકાએક મોટી નામના મેળવીએ, ત્યારે કેટલાય સમય સુધી સાહિત્યકોની દુનિયામાં હું પણ એક નાગર બ્રાહ્મણ જ છું એવી માન્યતા પ્રસરી રહી હતી.

૧૯મી સદી દરમિયાન અમુક કુટુંબોએ કાઠિયાવાડના રાજ્યકર્તાઓને દીવાનો પૂરા પાડવાનો કેટલી પેઢીઓ સુધી જાણે કે ઈજારો ભોગવ્યો હતો. આમાંનું એક કુટુંબ લલ્લુકાકાનું હતું. આ કુટુંબ અસાધારણ સુવ્યવસ્થિત એવા ભાવનગર રાજ્યના ઉદય અને વિકાસ સાથે જોડાયેલું હતું. ખરી રીતે તેઓ તેના મોભાના અને આબાદીના પરાક્રમી ઘડવૈયા હતા.

લલ્લુકાકાના પિતામહ પરમાનંદદાસ ૧૮૨૮થી ૧૮૪૭ સુધી ભાવનગર રાજ્યના દીવાન હતા. તેમના મામા ગૌરીશંકર ઉદયશંકર (જેઓ "ગગા ઓઝા" એવા ટુંકા નામથી ઓળખાતા હતા.) ૧૮૪૭થી ૧૮૭૯ સુધી, લલ્લુભાઈના પિતા સામળદાસ જેમના ઉપરથી સ્વ. ગોવર્ધનરામે તેમની સુપ્રસિદ્ધ નવલકથા 'સરસ્વતીચંદ્ર'માં આવતા બુદ્ધિધનના પાત્રની કલ્પના કરી હતી, તેઓ ૧૮૭૯થી ૧૮૮૪ સુધી, અને તેમના મોટાભાઈ વિઠ્ઠલદાસ ૧૮૮૪થી ૧૮૮૯ સુધી ભાવનગર રાજ્યના દીવાનપદ ઉપર હતા. આ બધાય ભારે શક્તિસંપન્ન પુરુષો હતા, અને ઉર્દુ તથા સંસ્કૃત ભાષાના સારા જાણકાર હતા અને પ્રત્યેક પોતપોતાની રીતે જૂની—પુરાણી રાજ્ય ખટપટમાં એક્કા હતા.

એ દિવસોનાં કાઠિયાવાડનાં રાજ્યોનું વાતાવરણ ખટપટથી ભરેલું રહેતું હતું. આ રાજ્યોનો ટકાવ ચાણાક્યસદશ કુટિલતા અને કુશળતા ઉપર જ આધારિત હતો. દાખલા તરીકે લલ્લુકાકાના મામા ગૌરીશંકર ઓઝા આ કળામાં અસાધારણ નિષ્ણાત પુરુષ હતા. સરસ્વતીચંદ્રમાં જે શઠરાયનું પાત્ર આવે છે, તે આ ગગા ઓઝા ઉપરથી કલ્પાયેલું માનવામાં આવે છે, જો કે સરસ્વતીચંદ્રમાંનું એ પાત્રનું આલેખન વધારે પડતું કઢંગું અને કદરૂપું છે. મારી બાલવય દરમિયાન તેમનાં પરાક્રમોની મેં અનેક રસપ્રદ વાતો સાંભળી હતી. તેમના હાથમાં લગભગ પા સદી સુધી ભાવનગરનું ભાવી રમતું હતું. તેમણે રાજ્યને સમૃદ્ધ કર્યું હતું, આગળ વધાર્યું હતું અને પ્રતિષ્ઠા અપાવી હતી. મારા પિતામહ તેમના એક મોટા મિત્ર હતા અને મારા પિતા—જેઓ માણસોના એક સારા પરીક્ષક હતા, જેઓ, જ્યારે તેમની બદલી ગોઘા મુકામે થતી હતી ત્યારે, આ ગગા ઓઝાના ઘણી વાર મહેમાન થતા હતા, તેઓ તેમની બહુલક્ષી કુશળતા વિષે, વિદ્વતા વિષે, રાજ્યરમત વિશે અને પોતાના દુશ્મનોનો જે નિષ્ઠુરતાપૂર્વક તેઓ સામનો કરતા હતા તે વિષે અમને અનેક વાતો કહેતા હતા અને તેવી વાતો કરવામાં તેમને ખૂબ મઝા પડતી હતી. તેમની સંન્યાસી તરીકેની છબી (દીવાનપદેથી નિવૃત થયા બાદ તેમણે સંન્યાસ ધારણ કર્યો હતો) મારા પિતાના ઓરડામાં વર્ષો સુધી લટકતી હતી. એ દિવસોમાં દરેક સ્થિતિચુસ્ત બ્રાહ્મણ યા નાગર અમુક ઉમ્મરે પહોંચ્યા બાદ સંન્યાસ ધારણ કરતો હતો. આથી તેણે રાગ, દ્વેષ, ભય કે ક્રોધનો ત્યાગ કર્યો હતો કે નહિ એ જુદી બાબત છે.

૧૮૬૩માં લલ્લુકાકાનો જન્મ થયો હતો. મેટ્રીક સુધીનું તેમનું ભણતર ભાવનગરમાં થયું હતું. કૉલેજના અભ્યાસ માટે તેઓ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં જોડાયા હતા, અને બી. એ. સુધીનો અભ્યાસ પૂરો થવા આવ્યો એટલામાં સંયોગો તેમને ભાવનગર ઘસડી લાવ્યા અને ૧૮ વર્ષની ઉંમરે તેઓ રાજ્યના વહીવટી અધિકાર ઉપર નિયુક્ત થયા. પછીનાં વર્ષો દરમિયાન રાજ્યવહીવટની કેટલી યે શાખાઓમાં —દુષ્કાળ રાહત, મહેસુલ, રેલ્વેખાતું, સહકારી પ્રવૃત્તિ, અને શિક્ષણના ક્ષેત્રમાં—તેમના ભાગે કામ કરવાનું આવ્યું અને આ રીતે તેમને આ બધાં ખાતાંઓનો બહોળો અનુભવ મળ્યો. આમ છતાં કાઠિયાવાડના કાવાદાવાથી ભરેલા વાતાવરણમાં સ્વતંત્રતાપૂર્વક શ્વાસ લેવાનું—મોકળા મને જીવવાનું—શક્ય નહોતું અને એ કારણે સ્થાનિક વાતાવરણ તેમને માફક આવે એમ નહોતું. અને બન્યું પણ એમ જ. તેઓ આગળ વધતાં વધતાં મહેસુલ ખાતાના અધિકારીના પદ સુધી પહોંચ્યા. તેમનું રાજ્યમાં સ્થાન દીવાનથી બીજું હતું. પણ ભાવનગર મહારાજાની એક યા બીજા કારણે તેમના ઉપર ખફા ઉતરી, અને ૧૮૯૯ના ઓકટોબરમાં તેમને રાજીનામું આપવાની ફરજ પડી. આ સાથે તેમના મોટાભાઈ પણ દીવાનપદેથી ફારેગ થયા.

લલ્લુકાકા જો કે જૂની દુનિયાના વાતાવરણમાં ઉછર્યા હતા, એમ છતાં પણ, ભારતભરમાં શરૂ થયેલી નવજાગૃતિ લલ્લુકાકાના માનસિક ક્ષિતિજને સ્પર્શ્યા વિના —પ્રભાવિત કર્યા વિના—રહે એ શક્ય જ નહોતું. તેમણે પોતાને મળતા અવકાશ દરમિયાન અંગ્રેજી ભાષાસાહિત્યનું જ્ઞાન વધારે પરિપક્વ અને સમૃદ્ધ કર્યું હતું અને તત્વજ્ઞાન, ઈતિહાસ, અધ્યાત્મશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર—આવા અનેક વિષયોનો પણ તેમણે ઠીક ઠીક અભ્યાસ કર્યો હતો. તેમના ઉપર જૉન સ્ટુઅર્ટ મિલના agnosticism નો—અજ્ઞેયવાદનો—સારો પ્રભાવ પડ્યો હતો, જો કે જેમ વીસ વર્ષ બાદ અમારામાંના કેટલાકની બાબતમાં બનવા પામ્યું તેમ, તેઓ પણ ઉંમર વધતાં આસ્તિકતા ઉપર ઢળ્યા હતા. તેઓ ભાવનગરમાં હતા તે દરમિયાન તેમના પ્રયત્નના પરિણામે ભાવનગરમાં સૌથી પહેલી આર્ટસ્ કૉલેજ ઊભી કરવામાં આવી હતી. આ કૉલેજ ગુજરાતી ભાષાભાષી પ્રદેશમાં બીજી હતી. આ કૉલેજ સાથે તેમના પિતાનું નામ જોડવામાં આવ્યું હતું.

જ્યોતિષશાસ્ત્રમાં માનો કે ન માનો, ઑકટોબર મહિનો લલ્લુકાકાના જીવનની ચડતી પડતી સાથે કોઈ વિચિત્ર રીતે જોડાયેલો રહ્યો છે. તેમનો જન્મ ઑકટોબરમાં થયો હતો. આગળ ઉપર તેઓ ઓકટોબર મહિનામાં ભાવનગર રાજ્યની નોકરીમાંથી છૂટા થયા હતા. મુંબઈ તરફ તેમણે એ જ મહિનામાં પ્રયાણ કર્યું હતું અને તેમણે દેહ પણ એ જ મહિનામાં છોડ્યો હતો.

* * * *

૧૯૦૦ની સાલમાં તેઓ મુંબઈ આવ્યા. ખુલ્લા દિલથી અને બધી બાજુએથી દરેક પ્રશ્નને સમજવાની તેમની વૃત્તિએ તે વખતના પૉલીટીશનો સાથે—રાજકારણી અગ્રેસરો સાથે—ગોઠવવામાં—એકરૂપ થવામાં—બાધા ઊભી કરી અને પોતા માટે તેમણે સ્વતંત્ર માર્ગ નિર્માણ કર્યો. એ વખતે ધી લૅન્ડ રેવન્યુ એમેન્ડમેન્ટ બીલ (જમીન મહેસુલ સુધારાને લગતા ખરડા) ઉપર ભારે તીવ્ર રસાકસી ચાલતી હતી. આ ખરડા સામે એ વખતના પ્રતાપી રાજપુરુષ સર ફિરોજશાહ મહેતાની આગેવાની નીચે ભારે ઉગ્ર ઉહાપોહ ચાલી રહ્યો હતો. લલ્લુકાકા મહેસુલી વહીવટની આંટીઘૂંટીઓ બહુ સારી રીતે જાણતા હતા અને તેથી આ ખરડા સંબંધમાં વિરોધપક્ષ સાથે હા એ હા ભણવાનું તેમને યોગ્ય ન લાગ્યું. આ ખરડાના સમર્થનમાં તેમણે એક ભારે તેજસ્વી નોંધ લખી. આ નોંધથી તે વખતના રાજદ્વારી આગેવાનો બહુ નાખુશ થયા, ક્રોધાવિષ્ટ થયા, પણ આ નોંધે મહેસુલી વહીવટના એક નક્કર નિષ્ણાત તરીકે તેમને એકા-એક અસાધારણ નામના પ્રાપ્ત કરાવી.

હવે મુંબઈના રાજદ્વારી જીવનમાં તેમના માટે માર્ગ મોકળો થયો. મુંબઈ સરકારે એ વખતની લેજીસ્લેટીવ કાઉન્સિલમાં વર્ષો સુધી તેમની

ચાલુ નિમણૂંક કરી, અને થોડા સમય માટે તેઓ રાજ્યની કારોબારીના મહેસૂલ ખાતાના સભ્ય પણ બન્યા. તેમણે એગ્રીકલ્ચરલ બેંક માટે એક યોજના ઘડીને સરકાર સમક્ષ રજૂ કરી અને સહકારી પ્રવૃત્તિ પાછળ તેમણે પોતાની કાર્યશક્તિને સવિશેષ કેન્દ્રિત કરી. આ કારણે "ભારતમાની સહકારી પ્રવૃત્તિના પિતા" તરીકે તેઓ યથાર્થપણે ઓળખાવા લાગ્યા.

બહુ થોડા સમયમાં મુંબઈના વ્યાપાર વ્યવસાયના ક્ષેત્રમાં તેમણે ઘણું આગળ પડતું અને માનવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું. સહકારી પ્રવૃત્તિના ક્ષેત્રમાં તેમણે વર્ષો સુધી જે કામ કર્યું તેના પરિણામે તેઓ પહેલવહેલી બોંબે પ્રોવિન્શિયલ લેન્ડ મોરગેજ બેંકના બૉર્ડ ઓફ ડિરેક્ટર્સના પ્રમુખ થયા. ઉદ્યોગ અને વ્યાપારના ક્ષેત્રમાં ઊભી થઈ રહેલી અનેક કંપનીઓ સાથે તેઓ સંકળાતા રહ્યા. વહાણવટાના ક્ષેત્રમાં સૌથી પ્રથમ સાહસરૂપ સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીની સ્થાપના કરવામાં તેઓ વાલચંદ હીરાચંદ સાથે પ્રારંભથી જોડાયેલા હતા. અને એવી રીતે સિમેન્ટ, ઈલેકટ્રિક પાવર, બેંકિંગ અને વીમાને લગતા અનેક સાહસો ઊભા કરવામાં તેમણે અગ્ર ભાગ ભજવ્યો હતો. ૧૯૦૮માં તેમણે બોમ્બે લાઈફ ઈન્શ્યૉરન્સ કંપનીની સ્થાપના કરી અને ત્યારથી ૧૯૩૬ માં નિપજેલા તેમના મૃત્યુ સુધી તેઓ તે કંપનીના ચેરમેન રહ્યા હતા. ઈન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના ઉદ્‌ભવ સાથે પણ તેઓ સંલગ્ન હતા અને ૧૯૧૮ માં તે ચેમ્બરનું તેમણે પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. ૧૯૨૫માં બનારસમાં સૌ પ્રથમ ભરવામાં આવેલી ઈન્ડિયન ઈકૉનૉમિક કૉન્ફરન્સનું પ્રમુખસ્થાન પણ તેમણે જ શોભાવ્યું હતું. શિક્ષણના ક્ષેત્રમાં પણ તેમણે એકસરખો રસ દાખવ્યો હતો. મુંબઈ યુનિવર્સિટીની સેનેટમાં ૧૯૧૮ ની સાલથી તે ૧૯૩૬ની સાલમાં નિપજેલા તેમના મૃત્યુ સુધી તેઓ સભ્ય હતા.

રાજકારણ, વ્યાપાર, ઉદ્યોગ, તેમ જ અર્થકારણને લગતા બધા પ્રશ્નો પરત્વે તેમનું વલણ નીતાંત શાણપણ વડે-sanity of outlook વડે-અંકિત રહેતું. રાજકારણમાં તેઓ પ્રકૃતિ અને વૃત્તિથી લીબરલ (ઉદાર મતવાદી) હતા, એટલે કે દરેક પ્રશ્નની બન્ને બાજુઓ સમજવાની શક્તિ ધરાવવી, પ્રતિપક્ષી પ્રત્યે પણ વ્યાજબીપણે વર્તવું, અને દરેક પ્રશ્નને તટસ્થપણે તપાસવો– આ અર્થમાં તેઓ લીબરલ હતા. આમ હોવાથી તેઓ કદિ પણ કોઈ એક પક્ષનું જ સમર્થન કરવાની વૃત્તિ ધરાવતા સક્રિય પ્રોલિટિશિયન બની ન શકયા, અને એમ છતાં પણ જલિયનવાળા બાગની કતલ અને બારડોલી સત્યાગ્રહ જેવા પ્રશ્નો અંગે ચાલતા સામુદાયિક આંદોલનને તેમણે પૂરો ટેકો આપ્યો હતો.

* * *

લલ્લુકાકા ભાવનગર રાજ્યની નોકરીમાં જોડાયા ત્યાર બાદ તરતમાં જ તેમણે પોતાની પહેલી વારની પત્ની ગુમાવી હતી. ત્યાર બાદ તેમનું લગ્ન વિદુષ્ટા અને સંસ્કારિતા માટે સુવિખ્યાત એવા બહુ જાણીતા દિવેટિયા કુટુંબની એક ભારે સંસ્કારી બુદ્ધિશાળી કન્યા– સત્યવતી–સાથે થયું હતું. અને આ બન્ને પતિ–પત્ની વચ્ચે–એ દિવસોમાં વિરલ જોવામાં આવતું એવું–ઉચ્ચ કક્ષાનું સાહચર્ય નિર્માણ થયું હતું.

સૌ. સત્યવતીબહેનની જીવનદોરી ૧૯૦૭ની સાલમાં અકાળે કપાઈ ગઈ. તેઓ પોતાની પાછળ ત્રણ પુત્રો જે દરેક પોતપોતાના વ્યવસાય ક્ષેત્રમાં ભારે નામના મેળવી છે અને એક પુત્રી સુમતિ–એમ ચાર સંતાનો મૂકી ગયાં હતાં. સત્યવતીનાં મૃત્યુને ચાર વર્ષ પસાર થયાં અને સુમતિબહેન ઊગતી જુવાનીમાં સ્વર્ગવાસી બન્યાં અને એ રીતે એક આશાસ્પદ સાહિત્યલક્ષી કારકિર્દીનો આણધાર્યો અંત આવ્યો. આધુનિક ગુજરાતની તે સૌથી પહેલી–સર્જકશક્તિ ધરાવતી–સ્ત્રી-લેખિકા હતી. 'હૃદય ઝરણાં' નામનો તેમનો કાવ્યસંગ્રહ ગુજરાતી સાહિત્યમાં સમુચિત રીતે બહુ ઊંચું સ્થાન ધરાવે છે. એ દિવસોમાં ઘણા લોકો લલ્લુકાકાને સુમતિબહેનના પિતા તરીકે ઓળખતા હતા.

લલ્લુકાકાની મહત્તા તેમણે જે કાંઈ કર્યું તે કરતાં તેઓ વ્યકિતગત રીતે જે કાંઈ હતા તેમાં વધારે રહેલી હતી. તેમના સંપર્કમાં જે કોઈ આવે તેને તેમનાથી જરા પણ અંતર જેવું ન લાગે, તેમનામાં આત્મીયતાનો અનુભવ કરે એ પ્રકારનું તેમની રીતભાતમાં–તેમના અભિગમમાં–કોઈ અસાધારણ પ્રેમતત્વ રહેલું હતું. અન્ય વિષેના જીવંત વાત્સલ્યભાવને લીધે તેઓ તેમના સમાગમમાં આવનાર સર્વ કોઈના સહજપણે પ્રેમપાત્ર બની જતા.

હું ૧૯૬૨ માં જ્યારે મુંબઈ યુનિવર્સિટીની સેનેટમાં ચૂંટાયો ત્યારે સૌથી પ્રથમ તેમનાં પરિચયમાં આવ્યો. ત્યાં સુધી હું તેમને માત્ર નામથી જાણતો હતો, પણ પછી તો તરત જ તેમનામાં રહેલા માનવતા–પ્રેરિત વાત્સલ્ય વડે તેમણે મારામાં રસ લેવા માંડયો. તેમના કુટુંબના સભ્ય તરીકે તેમણે અમને કેવી હાર્દિકતાથી અપનાવી લીધા તે બાબત હું કદિ પણ ભૂલી શકું તેમ નથી. એ મહિનાઓ કે જ્યારે ૧૯૩૦ની સાલમાં મીઠાના સત્યાગ્રહ અંગે મારી પત્ની અને હું જેલમાં હતાં, એ દિવસો કે જ્યારે જેઓ કાનૂનનો ભંગ કરવા માટે સરકારના ગુનેહગાર ગણાતા હતા તેમના વિષે મૈત્રીભાવ દાખવવાની બાબતમાં ઘણાખરા મિત્રો મન્દોત્સાહ બની બેઠા હતા–એ દિવસોમાં લલ્લુકાકા દર અઠવાડિયે બરોબર નિયમિત રીતે મારાં માતુશ્રીની અને બાળકોની ખબર કાઢવા માટે સાન્તાક્રુઝના અમારા નિવાસસ્થાન ઉપર આવતા હતા. અને અમારા જેલ બહાર આવ્યા બાદ, મારી પત્નીને તેમણે પોતાની પુત્રી તરીકે અપનાવી લીધી હતી.

મને વ્યાપારના ક્ષેત્ર તરફ તેમણે કેવી રીતે ખેંચ્યો તે પણ મને બરોબર યાદ છે. એ તરફ મને કોઈ ખાસ આકર્ષણ હતું નહિ કે છે નહિ. આમ છતાં પણ તેમના આગ્રહને વશ થઈને મારે બૉંબે લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીનું ડિરેકટરપદ સ્વીકારવું પડયું હતું. આ અંગે તેમના દિલમાં ઊંડે ઊંડે રહેલી ઈચ્છાનું જ એ પરિણામ આવ્યું હોવા સંભવ છે કે ૧૯૩૬ માં તેમનું અવસાન થયું ત્યાર બાદ તે કંપનીના ડિરેકટરોએ મારી તે કંપનીના ચેરમેન તરીકે નિમણૂક કરી, પણ ૧૯૩૭ની સાલમાં મને મુંબઈ સરકારના ગૃહખાતાના પ્રધાન થવાનું નિમંત્રણ મળ્યું એટલે આ જવાબદારીથી મુકત બનવાની મને ફરજ પડી હતી.

આ ઉપરાંત જ્યાં કશું જ ન હોય અથવા તો જ્યાં વાતાવરણ કાંઈક તંગ હોય, ત્યાં મૈત્રીનું વાતાવરણ પેદા કરવાની તેમનામાં અનુપમ બક્ષીસ હતી. વાતાવરણમાં ગમે તેટલી કડવાશ હોય, મતભેદો ગમે તેટલા તીવ્ર હોય, લલ્લુકાકા ડીરેકટરોની સભામાં જેવા દાખલ થતા કે વાતાવરણ એકાએક બદલાઈ જતું. તેમનું મુકત દિલનું સ્મિત ચોતરફ સ્મિતભાવને– પ્રસન્નતાને–ફેલાવી દેતું, પ્રસ્તુત વિષય કરતાં કોઈ જુદી જ બાબત ઉપર તેઓ વાતો શરૂ કરતા, અને જેવી તેમની વાતો પૂરી થતી કે તરત જ સૌ કોઈ પોત–પોતાના મતભેદો ભૂલી જતા અને સર્વત્ર સદ્‌ભાવની લાગણી ફેલાઈ જતી. તેમના હાર્દિક સ્મિત અને સદ્‌ભાવ–નીતરતી આંખોના શીતળ પ્રભાવ નીચે કોઈ મતભેદો ટકી શકતા નહિ.

કૌટુંબિક સંબંધનાં વર્તુલને સદા વિસ્તારતા રહેવું–આ લલ્લુકાકાની સૌથી મોટી વિશેષતા હતી. તેમના સ્નેહના–વાત્સલ્યના–વર્તુલમાં શકય તેટલા લોકોને–કંપનીના ડિરેકટરોને તેમજ નોકરિયાત વર્ગના સભ્યોને પણ–તેમણે સમાવ્યા હતા, અપનાવ્યા હતા.

ઉપર મેં જણાવ્યું તે મુજબ લલ્લુકાકા જુના અને નવા ગુજરાત વચ્ચે, ગગા ઓઝા અને ગાંધીજી વચ્ચે એક પુલ જેવા હતા. તેમનામાં જુની દુનિયાની સલુકાઈનું અને એક આદર્શ સદ્‌ગૃહસ્થની સભ્યતાનું સુભગ મિશ્રણ હતું. આથી વધારે ગૌરવભરી અંજલિની, કોઈ પણ વ્યકિત, આશા કે અપેક્ષા રાખી ન જ શકે.

અનુવાદક : પરમાનંદ **મૂળ અંગ્રેજી : શ્રી ક. મા. મુનશી**

❋ શીલ, સમાજ અને સંસ્કૃતિ ❋

આ મથાળા નીચે 'જન્મભૂમિ'માં શ્રી મનુભાઈ પંચોળી (દર્શક) ની નોંધો કેટલાક સમયથી પ્રગટ થઈ રહી છે. તેમાંથી તારવીને નીચેની ત્રણ નોંધો અહિં આપવામાં આવે છે.

સ્થૂલ સેવા યા ત્યાગની ધુનમાં વિસરાયેલો સ્વાધ્યાય

(આ નોંધમાં સમાજપ્રવૃત્તિઓમાં ઘનિષ્ઠપણે રોકાયલા સમાજ-સેવકો અને ત્યાગના માર્ગે વિચરી રહેલા સાધુસન્તોનો આજના સમાજ ઉપર કેમ પ્રભાવ પડતો નથી તેનું માર્મિક નિદાન કરવામાં આવ્યું છે.)

પહાડી જાતિમાં ઘણાં વર્ષોથી કામ કરતાં એક બહેનને મળવાનું થયું. ઘરનાં સુખી છે. પિતા લશ્કરમાં હતા. ભાઈ પણ લશ્કરી અફસર છે, ઘેર સફરજનનો મોટો બગીચો છે. પણ ઘર છોડી પહાડી કન્યાઓને કેળવવામાં, ને ગ્રામજનોને મદદ કરવાના કામમાં આ બહેન લાગેલાં છે. ઘણાને એ ખબર નથી હોતી કે પહાડોમાં ભારે પ્રકૃતિ-શોભા હોય છે, પણ તેની જોડાજોડ વિષાદ થાય તેવી ગરીબી પણ હોય છે. આ બહેન કહેતાં હતાં કે, "મહિનાઓ સુધી દૂધ ને શાક-ભાજી અમને મળતાં નથી. પહાડી માબાપો છોકરાઓનું ભોજન-ખર્ચ પણ આપી શકતાં નથી."

"તો ચલાવો છો કેમ?"

"અમારા સૌનો પગાર એમના ભોજનખર્ચમાં ભેળવીએ છીએ. સામ્યયોગી પરિવારની ઢબે ચલાવીએ છીએ."

ઈન્ટર સુધી પણ અપરિણીત રહી ઉદરપોષણ જેટલું જ લઈ, પહાડી બાળાઓની મોટી બહેન જેવું જીવન ગાળતી એવી આ બહેન પ્રત્યે આદર થયો. બીજી બાજુથી એમ પણ થયું કે સંસ્કૃતિનાં સુગંધી ફૂલો આપવા ખાતર ખાતર થનાર આવાં સ્ત્રીપુરુષોની આજના રાજકીય પક્ષો કે સામાજિક આગેવાનો પર કેટલી અસર છે? આ બહેન જેવી બીજી બહેનોને પણ જોઈ છે; શહેરના જે લત્તાઓમાં જવાનું પણ કોઈ પસંદ ન કરે તેવા લત્તા-ઓમાં ધૂમી અંબર ચરખો શીખવતી ઈશુની સેવિકાઓ જેવી ખાદી-સેવિકાઓ છે ને તેવા જ ખાદીસેવકો પણ છે, કાંતનારાં જેમને જોઈને અર્ધાં અર્ધાં થઈ જાય છે. હું સરકારી ખાદી કે સરકારી ગ્રામો-દ્યોગની વાત નથી કરતો. જેમણે પ્રજાના હૃદયમાં સ્વરાજ-સરકારનાં બીજ રોપ્યાં છે, અને જેમને મન ગાંધી અને ખાદી સંયુકત શબ્દો છે તેવા—આ પહાડી સેવિકા જેવા—ખાદીસેવકોની વાત કરું છું. શા માટે એમનો પ્રભાવ સરકાર ને પ્રજા પર નથી? પક્ષની બેદરકારી આ સંબંધમાં ઉઘાડી છે, પણ એમની પોતાની ઉણપો છે ખરી?

આ બહેનોના મનમાં પણ આવા પ્રશ્નો ઘોળાતા હતા. એ પૂછતી હતી કે આપણું કામ કેમ આગળ વધતું નથી? મેં હળ-વેક રહીને કહ્યું: "ચારિત્ર્યમાં સ્વાધ્યાયનો સમાવેશ થાય છે. એ ખામી આપણને નડી છે. ગાંધી પરિવારે સ્થૂલ સેવાની ધૂનમાં સ્વાધ્યાયને બાજુ પર મૂકી દીધો છે."

"સ્પષ્ટ થતું નથી."

"આ જૈન મુનિઓનો દાખલો વિચારો. તેમનાં જેવું તપોમય જીવન કેટલા જીવે છે? તેમની જરૂરિયાતો અલ્પ છે. તેઓ બ્રહ્મચર્યનું પાલન કરે છે, પણ તેમનો પ્રભાવ સમાજની ગતિવિધિ પર પડે છે ખરો? પડતો દેખાતો નથી. શા સારુ? કારણ એ લાગે છે કે વર્તમાન સમાજના પ્રશ્નો વિષે તેઓ ઊંડો અને તટસ્થ સ્વાધ્યાય કરતા નથી, ઉકેલો આપી શકતા નથી. તે સંબંધમાં તેમનું અજ્ઞાન કોઈ કોઈ વાર તો ઘોર હોય છે. આથી લોકો તેમને વંદન કરે છે, પર-પરાગત વ્યક્તિગત ચારિત્ર્યઘડતરમાં તેમનું માર્ગદર્શન લે છે, પણ સમાજની ગતિવિધિ બાબતમાં તેમને પૂછતા નથી."

થોડીવારે તેમણે રવિશંકર મહારાજની એ તરફ થયેલ પહાડયાત્રા અંગે વાત કરી અને કહે એ તો ખરેખર "પ્રેમની તો મૂર્તિ છે."

મેં કહ્યું: "અમે તો એમને દાદા કહીએ છીએ. નિર્વ્યાજ ને નીતરતા પ્રેમની તેઓ મૂર્તિ છે, પણ તેમની પણ આજે રાજનીતિ પર અસર કેટલી? એમની સલાહ લેવી હોય તો પણ કયે ભરોસે લે? આજની પરદેશનીતિ કે અર્થનીતિ જે રાતોરાત આપણા સમાજને ઊંધિચત્તો કરી શકે છે તે બાબતમાં તેમનો સ્વાધ્યાય કેટલો? ગાંધી પરિવાર તપોનિષ્ઠ છે—રહેશે ત્યાં સુધી તેને લોકો આદર આપશે, પણ દોરવણી નહિ લે. ગામડામાં તેમની અસર છે એટલે તેમને પટાવી, દોરવી, તેમની મદદ પણ અવારનવાર લેશે. કોઈ કોઈ વાર મને એવું લાગે છે કે, શરીરશ્રમ ને સ્થૂલ આચાર પર વધારે ભાર મૂકી ગાંધીપરિવારે પોતાના મૂળ કામને ધક્કો લગાડયો છે. જાણે જેમ ઝાઝો શરીરશ્રમ કરે કે ઝાઝું તપ કરે તેમ ઝાઝો ગાંધી-વાદી. આમ ન હોત તો કૃપાલાણીજીનું ગાંધી પરિવારમાં અસાધારણ સ્થાન ને મહત્ત્વ હોત."

"આથી દુ:ખ થાય છે."

છે જ, પણ કર્મફળના કાયદામાંથી એકાએક કોઈ છટકી શકતું નથી. સમાજરચના અહિંસક ઢબે બદલવાનું આપણે વ્રત લીધું, પણ સમાજ અને તેની રચના અને તેને બદલવાનું શાસ્ત્ર—તેના અનુભવો—તેનું અધ્યયન કર્યું નહિ. પરિણામે આપણો નંબર છેવાડે છે. લાસ્કીની એક શિષ્યાએ રાજનીતિની એક ફક્કડ પ્રવેશિકા લખી છે. તેમાં એક સરસ વાક્ય છે. તે આક્રામના પ્રાર્થનાખંડમાં લખી રાખવા જેવું છે, તે આવું કાંઈક વાક્ય છે: "જેઓ પુલ તોડી નાખવાનું શૌર્ય બતાવે છે તેઓમાં પુલ બાંધવાની લાયકાત પણ સ્વત: હોય તેવું બનતું નથી."

ગામ છાબલીઆ

[આ નોંધમાં એક સેવાનિષ્ઠ આદર્શપરાયણ યુવાન કાર્ય-કરના પુરુષાર્થના પરિણામે છાબલીયા ગામની કેવી કાયાપલટ થઈ તેનો ભારે રોચક અને પ્રેરક ખ્યાલ આપવામાં આવ્યો છે.]

ગામ છાબલિઆની વસતિ ૨૪૦૦, ૨૫૦૦ની. ગામમાં નહિ બ્રાહ્મણ, નહિ વાણીઆ, સુથાર પણ નહિ. બધા જ ઠાકરડા. કોઈ સારો માણસ ત્યાં રહેવા આવે નહિ. કારણ? ગામની આબરૂ જ એવી. એ વસતી ઘરફોડી ને લૂંટનો ધંધો કરવાની. રોજ પોલીસ ત્યાં પગેરું કાઢતી આવે. નિશાળ તો ત્યાં શરૂ થાય જ શાની? ત્યાં કયો માસ્તર રહેવા આવે? સ્વરાજ આવી ગયેલું અને ઘણાં ગામડાં આબાદ થયાં, પણ છાબલીઆ તો એનું એ જ રહ્યું હતું.

એ જ પ્રદેશમાં એક જુવાન માણસ ઈન્કમટેક્સ ખાતામાં નોકરી કરે; નોકરી કરતાં કરતાં આગળ અભ્યાસ પણ ચાલે. એમ. એ.-માં તત્ત્વજ્ઞાનનો વિષય લીધેલો. તત્ત્વજ્ઞાને મનોમંથન કરાવ્યું. તેને થયું કે, નિરર્થક જીવન જીવું છું તે સાર્થક કેમ કરવું? મનોમંથનમાં ને મનોમંથનમાં જિલ્લાની સર્વોદય યોજનાના સંચાલક રતિભાઈ જોષીનો ભેટો થયો. રતિભાઈ પણ જાણવા જેવી વ્યક્તિ. જાતે નાગર, આપબળે વકીલ થયેલા ને વીસનગરમાં સારી વકીલાત જમાવેલી. ગાંધીજીનું ખૂન થયું તે દિવસે એમણે વકીલાત તજી. નાનકડા ગામ વાલમમાં રેંટિયો લઈને બેસી ગયા. આશ્રમ શરૂ કર્યો. ખેતી, ગોશાળા ને ખાદીકાર્ય શરૂ કર્યું. પોતાની આજી-વિકા માટે ફંડ કરવું નહિ તેવો સંકલ્પ કર્યો. આ રતિભાઈની પાસે પેલો તત્ત્વજ્ઞાન લઈને એમ. એ. થયેલો જુવાન આવ્યો. રતિભાઈએ છાબલીઆ ચીંધ્યું. જે ગામના પાદરેથી દિવસે નીકળતાં પણ વિચાર થાય ત્યાં આણે જઈને આસન જમાવ્યું. રોજ ચોરી, મારામારી, ઘરફોડીની વાતો આવે. નાનકડી નિશાળ શરૂ કરી. ત્યાં પણ રોજ ઈતિહાસ તો આ જ ભણવાનો હોય. બે વરસ સુધી એણે માત્ર સાંભળ્યા કર્યું, ટાંચણ કર્યાં. ટાંચણના તારણે એને કહ્યું કે, "આ ઠાકરડાઓની પાસે કામ નથી; રેંટિયો એને ન ગમે. ખડતલ શરીરવાળાને ઝવે તેવું કાંઈક કામ આપવું જોઈએ." એણે સંકલ્પ કર્યો કે ખેતરે ખેતરે કૂવો કરાવીએ. સરકારમાં જઈને, પોતાનાં જાત જામીન આપીને બેતેર હજાર રૂપિયાની કૂવા માટેની તગાવી—ગ્રાંટ મેળવી. લેનારાને કહ્યું: 'પૈસા તમને હાથમાં નહિ આપું. સીમેન્ટ આપીશ, ફરમા આપીશ, કૂવો ગાળવાનું સાધન આપીશ. કોને જોઈએ છે?" ચાલીસ જણ તૈયાર થયા. ચાલીસ કૂવા બન્યા. તેના પર જીરુ, વરિયાળી થયાં. કદી નહિ ધારેલી કમાણી સૌને થઈ, ને સરકારી દેણું પણ ભરાઈ ગયું. બીજે વર્ષે પણ એ જ ક્રમ ચાલ્યો. સાત વર્ષમાં છાબલીઆની સીમની જ નહિ, લોકોની શિકલ બદલાઈ ગઈ. બાબુભાઈ કહેતા હતા કે, "મારાં જૂનાં ટાંચણ પ્રમાણે હું ગયો તે દહાડે ૪૦૦ થી ૫૦૦ જણ એક યા બીજી

રીતે ઘરફોડી અને અન્ય ચોરી કરતા. આજની મારી તપાસ પ્રમાણે હવે એવા માંડ ચાલીસેક હશે."

ભાઈ ઉમાશંકર જોષીને આ વાત કરતો હતો. તે કહે: "મારી એક જાડી શ્રદ્ધા છે કે આ જગતમાં લાંચ રુશ્વત, કાળાં બજાર બધું ચાલી રહ્યું છે, પણ તે છતાં ય જગત જો ટકી રહ્યું છે તો ધર્મનું પલ્લું નમતું હોવું જ જોઈએ. ભલે અધર્મ ખૂબ જોરાવર લાગતો હોય, પણ ધર્મ પાંચ ટકા પણ વધારે હશે–આપણને કદાચ તે નજરે નહિ ચડતો હોય."

અમીઝરણાં ભૂતળમાં જ વહેતાં રહે છે, ને વૃક્ષને ટકાવી રાખનારાં સૂક્ષ્માતિસૂક્ષ્મ તંતુમૂળો ભોંયની અંદર પથરાયેલાં હોય છે.

દેશની સરેરાશ આવક : અંબર ચરખાની દ્રવ્યોપાર્જક શકયતા

(આ નોંધમાં અંબર ચરખાની દ્રવ્યોપાર્જક શકયતાને એક વાસ્તવિક દૃષ્ટાન્ત દ્વારા આગળ ધરવામાં આવી છે.)

ગામ: પેથાપુર, વસંતબહેન ઉદેસિંહ તથા લીલાબા અમથાજી, ઉપર કહી તે વાલમ સર્વોદય યોજના નીચેનું ગામ.

સંસદમાં ચર્ચા થાય છે કે, દેશની સરેરાશ આવક વધી છે કે નહિ? વિટ્રોન ડૉ. લોહિયા કહે છે કે નથી વધી. તેને સામે તેવા જ પ્રખર પંડિતો જવાબ આપે છે. વાગ્‌યુદ્ધો ચાલે છે. ખાતાની ફાઈલો ઉપરતળે થાય છે. અધિકારીઓના જવાબો મંગાય છે. કોઈ કહે છે: સરેરાશ સાડા બાર આના છે, કોઈ કહે છે અઢી આના છે:

ધૂળે ઢંકાયેલા પેથાપુર ગામની આ બે રાજપૂત મહાજનમાં જીવતી વસંતબા અને લીલાબા શું કહે છે?

એપ્રિલમાં એકે રૂ. ૮૧-૯૬ ન. પૈ. મેળવ્યા; બીજી બહેને રૂ. ૭૭-૨૫ નયા પૈસા મેળવ્યા. એ બંને બહેનોની આખા વર્ષની સંયુક્ત સરેરાશ કમાણી ૧૨૫૦ રૂપિયા હતી. તે દરેક બહેને દર મહિને સરેરાશ બાવન રૂપિયા અને સાડા આઠ પૈસા પોતાના ઘેર ટાઢે છાંયે બેસી સ્વમાનપૂર્વક રોજી મેળવી હતી, અને તે માત્ર અંબર ચરખા દ્વારા. આ આંકડા બતાવતાં રતિભાઈની આંખમાં જે સંતોષ દેખાતો હતો તે ઉઘાડો હતો. વકીલાત છોડી આ ગામડાનું કામ લીધું તે સાર્થક થયું તેમ તેમનો અંતરાત્મા કહેતો હશે, અને આ બધી કાંતનારી બહેનોના આશીર્વાદ પણ તેમની પ્રવૃત્તિ પર વરસતા હશે. પણ પ્રશ્ન એ થાય છે કે, જ્યાં રોજિંદી કમાણી અઢી આના છે કે નહિ, પાંચ-દસ પૈસા વધી છે કે નહિ તે વિષે ધુરંધરો વાગ્‌યુદ્ધો કરે છે તેમને આ સાદી વાત કેમ નહિ સમજાતી હોય? અંબર આજે એક રૂપિયાની આવક આપી શકે તેમ છે જ. વ્યવસ્થા કરતાં ન આવડે કે તેની તાલીમ આપતાં ન આવડે તે જૂદી વાત છે; પણ તે તો ભીલાઈ ને રૂડકેલામાં પણ થવાનું. પણ મુદ્દો એ છે કે માણસોને શહેરમાં ધસડી જઈ, તેમને ગંદા નિવાસોમાં રહેવાની ફરજ પાડીને પણ આપણે રોજી આપી શકતા નથી, ને ક્ષુલ્લક આવકવધારા માટે જોરશોરથી ચર્ચા કરીએ છીએ.

ત્યારે અતિ ઓછી મૂડી રોકીને ઘર બેઠા પોતાની સ્વમાન-રક્ષા સાથે જે આવક અપાઈ રહી છે તેનું દર્શન કેમ નથી થતું? તેનું સન્માન કેમ નથી સૂઝતું?

રતિભાઈ મને કહે: "અંબર રૂપિયો રોજી આપી શકે તેમ છે કે નહિ તે પ્રશ્ન જ નથી. અમે તો તાલીમમાં આવે તે દિવસથી જ રૂપિયો આપીએ છીએ. એનો અર્થ એ થયો કે સરવાળે તે રૂપિયાથી થોડુંક પણ વધારે કમાય છે."

જી. ડી. એસ. કૉલે એક જગ્યાએ આ જમાનાની દોડના લક્ષણ–Lure of Business–ને મોટા કદની ઘેલછા તરીકે વર્ણવી છે. વામન અવતારે બલિરાજાને ચાંપ્યો હતો. એમ કહીએ છીએ; પણ ભગવાનના એ વામન સ્વરૂપ ઉપર આપણે જાણે ચાલ્યા નથી; નહિતર અંબરની શકિતનો જે વિકાસ થઈ રહ્યો છે, ને તે દ્વારા રોજીરોટીનો જે વિસ્તાર થઈ રહ્યો છે તેનો મહિમા આપણે જરૂર પિછાણ્યો હોત.

મનુભાઈ પંચોળી

સંઘને તથા વાચનાલય–પુસ્તકાલયને થયેલી અર્થપ્રાપ્તિ

દર વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા આવે છે ત્યારે તેમાં રસપૂર્વક ભાગ લેનારાં ભાઈ - બહેનો સમક્ષ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને ચલાવવા તેમ જ વિકસાવવા માટે જરૂરી એવા ભંડોળ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી અપીલ કરવામાં આવે છે, એટલું જ નહિ પણ, માંગ્યા વિના મા પણ ન પીરસે એ કહેવત અનુસાર, આ માટે વ્યકિતગત અનુરોધ પણ કરવામાં આવે છે, અને આ પ્રકારના પ્રયાસના પરિણામે સંઘની અપેક્ષા મુજબ જોઈતું દ્રવ્ય મળી રહે છે. આમ માગ્યે તો મળે જ છે, પણ જ્યારે માગ્યા વિના એક યા બીજી વ્યકિત તરફથી ઠીક ઠીક રકમ મળી જાય છે ત્યારે કોઈ એક જુદા જ પ્રકારના સંતોષનો અનુભવ થાય છે. દા.ત. સંવત્સરીની સભા પૂરી થતાં એક વડિલ શુભેચ્છક તરફથી એક કવર મળ્યું અને તેમાંથી સો-સો રૂપિયાની દશ નોટ નીકળી. એવી જ રીતે અન્ય એક મુરબ્બી સ્વજનનો પર્યુષણ પછી કેટલાક દિવસ બાદ અણધાર્યો ટેલીફોન આવ્યો કે, "ભાઈ; તમારા સંઘના ફાળા માટે માણસને મોકલીને રૂ. ૫૦૧ મંગાવી લેશો." એવી જ રીતે જે દિશાએથી આર્થિક સહાયની સાધારણ રીતે કોઈ કલ્પના પણ ન આવે એવા અમદાવાદનિવાસી એક મિત્ર શ્રી પ્રભુદાસ બાલુભાઈ પટવારી તરફથી અમારામાંના શ્રી પરમાનંદભાઈને સંબોધીને રૂ. ૧૦૧ ના ચેક સાથે નીચે મુજબનો પત્ર આવ્યો:–

"પ્રબુદ્ધ જીવનમાં આવેલ પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગેની અપીલના જવાબમાં મારો નમ્ર ફાળો મોકલું છું. પ્રબુદ્ધ જીવન અને મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ આજના સમયમાં ઘણી જ ઉપયોગી છે. તમે જે ઉત્સાહ અને ઉમંગથી કાર્ય કરો છો અને જે નિડર વિચારધારા રજૂ કરો છો તે જોઈ બૂબ આનંદ થાય છે. 'પ્રબુદ્ધ-જીવન' નો અંક આવે છે ત્યારે તેમાં કંઈક ને કંઈક નવું અને પ્રેરક હોય છે. પ્રભુ તમને આ કાર્ય માટે પણ લાંબું આયુષ્ય આપે એ પ્રાર્થના સાથે."

આવી રીતે આર્થિક સહાય મળતાં સંઘ દ્વારા થઈ રહેલા કાર્ય વિષે સવિશેષ સંતોષ અનુભવાય છે અને શુભ નિષ્ઠાપૂર્વક કરવામાં આવતું કાર્ય – પછી તે મોટું હોય કે નાનું હોય – સ્વત: બોલે છે અને તેને મદદરૂપ થવાની અન્યને પ્રેરણા આપે છે–આવી એક પ્રતીતિ ચાલુ કાર્ય વિષે સવિશેષ ઉત્સાહિત કરે છે.

આ વખતે સંઘના ફાળામાં કુલ રૂ. ૧૧૦૦૫-૨૯ નોંધાયા છે અને શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ફાળામાં પણ રૂ. ૧૧૪૫ નોંધાયા છે. આવી રીતે સંઘ તેમ જ સંઘ હસ્તક ચાલતા વાચનાલય પુસ્તકાલયમાં આર્થિક પ્રાણ પૂરતાં ભાઈ–બહેનોનો અંત:કરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન નોંધાયેલો ફાળો

૧૦,૧૧૧/૨૯	અગાઉ પ્રગટ કરેલા તે.
૫૦૧/૦૦	શ્રી રામજી શામજી વિરાણી તથા સમરતબહેન શામજી વિરાણી ટ્રસ્ટ.
૨૦૦/૦૦	શ્રી રતિલાલ ઉજમશી શાહ
૧૦૧/૦૦	શ્રી પ્રભુદાસ બાલુભાઈ પટવારી
૫૦/૦૦	શ્રી શિવલાલ કે. મહેતા
૩૧/૦૦	શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા (વૈદ્યકીય રાહત)
૧૧/૦૦	શ્રી ડી. એમ. ભુજપુરીઆ
૧૧,૦૦૫/૨૯	

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય

૧,૩૩૯/૦૦	અગાઉ પ્રગટ કરેલા તે
૧૦૧/૦૦	આઈ. જી. ફેબ્રીકેમ
૫/૦૦	નંદલાલ મગનલાલ શાહ
૧,૪૪૫/૦૦	

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧૬, ૧૯૬૩, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ગાંધીજી વિષેના સંસ્મરણો

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજવામાં આવેલી છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળાના આઠમા દિવસે—સંવત્સરીપર્વના રોજ—ભારતીય વિદ્યાભવનમાં યોજાયેલી વ્યાખ્યાનસભામાં પહેલું વ્યાખ્યાન પ્રિન્સિપાલ બહેન ધૈર્યબાળા વોરાનું હતું. બીજું વ્યાખ્યાન ઉપર જણાવેલા વિષય ઉપર મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતનું હતું. બહેન ધૈર્યબાળાનું વ્યાખ્યાન ચાલતું હતું એવામાં ગુજરાતી ઢબના પોષાકમાં સજ્જ થયેલાં શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત આવી પહોંચ્યાં અને રંગમંચ ઉપર બિછાવેલી ગાદીની કોર ઉપર એક શ્રોતાની માફક બેસી ગયાં. આ દિવસે આખું થિયેટર બહેનો અને ભાઈઓથી ચિક્કાર ભરાઈ ગયું હતું. સ્વાભાવિક ક્રમમાં બહેન ધૈર્યબાળાનું વ્યાખ્યાન પુરું થયું એટલે આ વખતની સમગ્ર પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને અધિષ્ઠત એવા અધ્યાપક શ્રી ગૌરીશંકર ચુ. ઝાલાએ ઉચિત શબ્દોમાં રાજ્યપાલ શ્રીમતી વિજયાલક્ષ્મીને આવકાર આપ્યો. પછી શ્રીમતી વિજયાલક્ષ્મીએ પ્રસન્ન વાણીમાં પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું. બરોબર પોણા કલાક સુધી અખંડ ધારાએ તેમનો મધુર વાણીપ્રવાહ વહેતો રહ્યો. સાધારણ રીતે આવી વ્યક્તિઓનાં વ્યાખ્યાનોમાં ઔપચારિક કૃત્રિમતાનો અનુભવ થાય છે, પણ અહિં આ પ્રસંગે જાણે કે પોતાના પરિવાર સમક્ષ બોલતાં ન હોય, એવી રીતે સહજ સ્વાભાવિકતાપૂર્વક તેમણે ગાંધીજી સાથે જોડાયેલાં અંગત સ્મરણો એક પછી એક રજૂ કરવા માંડ્યાં અને સૌનાં દિલને પ્રસન્નતા વડે ખૂબ પ્રભાવિત કર્યાં, મુગ્ધ બનાવ્યાં. તેમની રીતભાત અને સદ્‌ભાવનિતરતી વાણી વડે તેમણે સૌ કોઈના અંતરમાં આત્મિયતાની લાગણી પેદા કરી અને એ રીતે એ દિવસની વ્યાખ્યાનસભા ચિરસ્મરણીય બની ગઈ.

આ વ્યાખ્યાનનું ટેઈપરેકર્ડીંગ મારા મિત્ર શ્રી રતિલાલ છોટાલાલ શાહે કર્યું હતું. તે ઉપરથી તેમના પુત્ર ભાઈ વિજયકુમારે તેને લિપિબદ્ધ કરી આપ્યું અને આ કામ કાંઈ જેવું તેવું નથી. આ રીતે તૈયાર થયેલા તે મૂળ હિંદી પ્રવચનનો બહેન મેનાબહેન નરોત્તમદાસે અનુવાદ કરી આપ્યો. આ અનુવાદ કરતાં મૂળને કોઈ કોઈ જગ્યાએ થોડું થોડું સંકોચવામાં આવ્યું છે અને એમ છતાં મૂળ ભાવને અનુવાદમાં સફળ રીતે—આબાદ રીતે અવતરિત કરવામાં આવેલ છે. આમ વિવિધ પ્રક્રિયામાંથી પસાર થઈને નિષ્પન્ન થયેલું નવનીત પ્રબુદ્ધ જીવનના વાંચકોના ચરણે ધરતાં હું ખૂબ આનંદ અનુભવું છું. અહીં એ જણાવવું પ્રસ્તુત છે કે ગયા ઓકટોબર માસની બીજી તારીખે ગાંધી જન્મજયંતીના રોજ ઑલ ઈંડિયા રેડિયોના મુંબઈ મથકેથી રાત્રીના સમયે આ જ વ્યાખ્યાનમાંનો ઘણો મોટો ભાગ પ્રસારિત કરવામાં આવ્યો હતો. આ વ્યાખ્યાન સહજ સ્ફૂર્તિથી કહેવાયેલાં સ્મરણોને મુદ્રિત કરે છે અને તે વાંચતાં યા સાંભળતાં ગાંધીજીના તેમ જ પ્રવકતાના વ્યકિતગત વૈશિષ્ટયનો સુમધુર પરિચય કરાવે છે. **પરમાનંદ**)

માનનીય પ્રમુખશ્રી, બહેનો અને ભાઈઓ,

ખબર નથી કે આજે અહીં આવવા માટે મને આમંત્રણ કેમ આપવામાં આવ્યું છે? જ્યારે શ્રી શાંતિલાલ શાહે કહ્યું કે મારે અહીં આવવાનું છે ત્યારે મને આશ્ચર્ય થયું. કેમકે આપ ભાઈ—બહેનોને નવું એવું તે હું શું કહી શકું તેમ છું? મારી પાસે કોઈ એવી નવી વાત નથી કે જે સાંભળવાથી આપને કાંઈ ખાસ લાભ થાય. જે થોડુંઘણું હું જાણું છું તે આપ બધા પણ જાણો છો. છતાં જ્યારે શ્રી શાહે કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે ગાંધીજી વિષેના અંગત સ્મરણો મારે તમારી પાસે રજૂ કરવાં, ત્યારે પણ મને થોડી વિમાસણ થઈ. કેમ કે એવા ઘણા લોકો છે જેમણે ગાંધીજી વિષે મોટાં મોટાં પુસ્તકો લખ્યાં છે. કેટલાંયે એવા છે જેઓ મારા કરતાં ઘણા વધારે ગાંધીજીના વધારે નિકટ સહવાસમાં રહ્યા છે. તો પછી શા કારણે ગાંધીજી વિષે કંઈક કહેવા મને કહેવામાં આવ્યું? છતાં બે બાબતોનો ખ્યાલ કરીને ઘણી ખુશીથી હું અહીં આવી છું, અને આ આમંત્રણ માટે આપની હું ખુબ આભારી છું.



શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત

એક તો એ કે કોઈ પણ નવા જનસમુદાયને મળવાથી ફાયદો થાય છે. જે લોકોના ચાલુ સહવાસમાં સાધારણ રીતે હું આવતી હોઉં, તેથી અન્ય પ્રકારના લોકોને મળવાનો જ્યારે મને અવસર મળે છે ત્યારે મને વિશેષ આનંદ થાય છે. એથી મારા વિચારમાં વધારે વિશાળતા આવે છે અને મને નવી નવી વાતો જાણવા મળે છે. બીજું કારણ એ છે કે હું જોઉં છું કે આજે ગાંધીજીનું નામ બધા લઈ જાણે છે, પણ થોડા અપવાદ સિવાય ગાંધીજીએ દેશ આગળ જે વાત મૂકી અને જેના સ્વીકારથી દેશ સ્વતંત્ર થયો તે વિષે ઊંડી વિચારણા આજે કયાંય થતી દેખાતી નથી. જે એક ગુલામ દેશ હતો, એ દેશ કે જે માત્ર અંગ્રેજોનો જ ગુલામ નહોતો, પણ સદીએ સદીએ જેના ઉપર બીજી સત્તાઓના હુમલા થયા કર્યા હતા અને હુમલા કરનારાઓએ ભારતની જનતાને દબાવી જેના પર રાજ્ય કર્યું હતું એવો આ દેશ આજે ઊંચું માથું કરીને ઊભો છે

અને એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે આખી દુનિયાનું ભાવિ એક રીતે જાણે તેના હાથમાં છે, ભારત શું કરે છે અને શું કહે છે તે ઉપર આજે બધાની નજર રહે છે. આનું શું કારણ? કારણ એ જ કે મહાત્મા ગાંધી આપણને એવા માર્ગે દોરી ગયા, કે જેથી દુનિયાના ફલક ઉપર ભારતે નવી ભાત પાડી, ભારતને નવી પ્રતિષ્ઠા મળી.

એ ગાંધીમાર્ગ ઘણો કઠિન છે, પણ એ માર્ગ આખરે ધ્યેય પર પહોંચાડનારો છે, અને એ ધ્યેય તે છે કે જે ધ્યેય પર પહોંચવા માટે માનવજાતિ હજારો વર્ષથી કોશિષ કરી રહી છે, અને જેને માટે આજે મનુષ્ય તડપી રહ્યો છે. આજે જગત ચારે બાજુ ભયથી ઘેરાયેલું છે. મનુષ્યને પોતાની બુદ્ધિથી, બળથી અને પરમાત્માની સહાયથી—હું માનું છું કે પરમાત્માની સહાય ન હોય તો કોઈ વસ્તુ સિદ્ધ થાય નહિ—આજે એવી વસ્તુઓની હાથમાં પકડ આવી છે કે જેના વડે તે આખી દુનિયાની કાયાપલટ કરી નાખી શકે. પણ આ વસ્તુનો શું ઉપયોગ થઈ રહ્યો છે? જે શક્તિનો ઉપયોગ એવો થવો જોઈએ કે જેના વડે મનુષ્યનું જીવન સરળ બને, બધાંને ખાવા-પીવાનું મળે, બધા ઊંચે આવે, એક સ્વતંત્ર માનવીના જે હક્ક હોઈ શકે તે બધા હક્ક દરેકને મળે. પણ તેના બદલે તે વસ્તુનો લાભ મને જ મળે, મારા જ હાથમાં રહે અથવા મારો જ દેશ તેનો લાભ ઉઠાવે એ રીતે તેનો ઉપયોગ થઈ રહ્યો છે. પછી ભલે દુનિયા મરે કે જીવે.

તો આમાંથી બચવાનો એક જ માર્ગ છે જે ગાંધીજીએ આપણને વર્ષો પહેલાં બતાવ્યો છે. તે વખતે આપણું ધ્યેય હતું રાજનૈતિક સ્વતંત્રતા. આજે આપણું ધ્યેય છે સ્વતંત્રતાને સુરક્ષિત રાખવાનું અને બધી દુનિયાને સ્વતંત્ર કરવાનું. પણ આપ જોતા હશો કે ભારતવર્ષમાં આજે ગાંધીજીના નામની અસર ઓછી થતી જાય છે. જર્મનીમાં આજે લોકો ગાંધીચીંધ્યા માર્ગે લડે છે. દ. આફ્રિકામાં ગાંધીજીનું નામ જીવન્ત છે. અમેરિકાના હબસીઓ પોતાનો સમાનતાનો હક્ક જાળવવા માટે કોનું નામ ઉચ્ચારે છે? ગાંધીજીનું. એ ગાંધીજી કે જેને આપણે ભૂલતા જઈએ છીએ.

આવી પરિસ્થિતિમાં મને એમ થાય છે કે એ સારું છે કે આપણે કયારેક કયારેક એકઠા મળીએ અને યાદ કરીએ કે એ માનવીએ શું કર્યું હતું. મહાત્માની પદવી આપવાથી આપણું કામ પૂરું થતું નથી. એમને તો એવી પદવીની જરૂરે નહોતી. પણ આપણે આપણને પોતાને એ પ્રશ્ન પૂછવાનો છે કે ગાંધીજીએ જે માર્ગ બતાવ્યો, જે માટે એમણે જીવન સમર્પ્યું તે માટે આપણે શું કર્યું? ખેદની વાત તો એ છે કે ગાંધીજીનું મૃત્યુ કેમ થયું એ પણ આજે આપણે ભૂલી ગયા છીએ.

જ્યારે તેમનું અવસાન થયું ત્યારે એમની તબિયત સારી હતી. હજુ વીસ પચ્ચીસ વર્ષ તેઓ વધારે જીવ્યા હોત એવી આશા બંધાતી હતી. એમની પોતાની સવાસો વર્ષ જીવવાની ઈચ્છા પણ હતી. પણ એકાએક એમનું ખૂન કરવામાં આવ્યું, અને તે પણ એક હિંદુના હાથે. એ જે દ્રષ્ટિએ જોતા હતા, જે દ્રષ્ટિએ કામ કરતા હતા તે દ્રષ્ટિને આપણું સંકુચિત મન સમજી શકયું નહિ અને તેના વિરોધમાં એમને મારવામાં આવ્યા. ભલે મારવામાં આવ્યા. જે સિદ્ધાંતને માટે એ જીવ્યા એ સિદ્ધાંતને ખાતર જ એ મર્યા. એમના જેવા મનુષ્ય માટે એ જ ઉચિત હતું!

પણ હવે હું આજના ખરા વિષય ઉપર આવું. ગાંધીજી અમારા કુટુંબમાં પ્રવેશ્યા, અને એમની જે અસર અમારા કુટુંબ ઉપર પડી, અને એમનો અમારા કુટુંબ સાથે કેવો નાતો હતો તે ઘણા લોકો જાણતા નથી પણ હું ઈચ્છું છું કે તે સૌ કોઈ જરૂર જાણે. એ વાતો સંભારવામાં અને સંભળાવવામાં મને આનંદ આવે છે. પણ હું મારા પિતા વિષેની જ વાત કરીશ, બીજાંઓને વચમાં નહિ લાવું. તમે સૌ જાણો છો કે કેવા પ્રકારના ઘરમાં મારો જન્મ થયો હતો. મારા પિતાજી હંમેશાં સમાજવિરોધી હતા. સમાજની પ્રગતિ જેથી રૂંધાતી હોય એવી બાબતમાં તેઓ હંમેશાં વિરોધ કરતા. એમને કોઈનો ડર નહોતો. જે વસ્તુ સાચી લાગતી તેના માટે તેઓ હંમેશાં લડતા. પછી ભલે આખો સમાજ એનો વિરોધી કાં ન હોય? તેઓ પશ્ચિમ તરફ વધારે ઝુકેલા હતા. કેમકે તે સમજતા હતા કે પશ્ચિમીઓમાં કેટલીક ચીજો એવી છે કે ભારતમાં તે લાવવી જોઈએ અને એમનું ઘર બે વિભાગમાં વહેંચાઈ ગયું હતું. એ એક એવું હિંદુ ઘર હતું કે જેમાં પૂજાપાઠ વગેરે ચાલતું હોય એવો એક વિભાગ મારા માતાજી સાથે સંબંધ ધરાવતો હતો અને બીજો વિભાગ મારા પિતાજી સાથે સંબંધ ધરાવતો હતો જે બિલકુલ પશ્ચિમી ઢબનો હતો, જ્યાં ખાવું, પીવું, જવું, આવવું—બધું પશ્ચિમી રીતભાત મુજબનું રહેતું હતું. આવા ઘરમાં મારો જન્મ થયો હતો.

આ બંને પ્રકારની રીતભાતની મારા ઉપર અસર પડી હતી. હું મારા માતાપિતા બંનેની લાડકી દીકરી હતી. કોઈ વાત એવી નહોતી કે જે મારા મોંમાંથી નીકળી અને તેનો અમલ ન થયો હોય. આ કંઈ વખાણવા જેવી વાત નથી, પણ આ તો મારો ઉછેર કેવી રીતે થયો તે બતાવવા હું કહું છું.

આપને બધાંને યાદ હશે કે સને ૧૯૧૮માં જલિયાંવાળા બાગમાં બનેલા બનાવ પછી મહાત્માજીએ સત્યાગ્રહની લડત શરૂ કરવાનું વિચાર્યું. આને માટે તેઓ દેશમાં ચારે બાજુ ફર્યા. તે વખતે મારા પિતાજીના આમંત્રણથી તેઓ અલ્હાબાદમાં અમારે ઘેર આવ્યા. તે વખતે ભારતભરમાં એકથી અન્ય ચડિયાતી એવી અનેક વ્યકિતઓ વિચરતી હતી. તેમાં ગાંધીજી આવ્યા. તેઓ એક નવા જ આદમી હતા. તેમનું નામ હમણાં હમણાં જ બહુ સાંભળવામાં આવતું હતું. મારી ઉંમર ત્યારે સોળ વર્ષની હતી. મારા ઉપર હજુ સુધી એમની કાંઈ ખાસ અસર પડી નહોતી. પણ દક્ષિણ આફ્રિકામાં એમણે જે કામ કર્યું હતું તેનાથી જનતા ઠીક ઠીક પરિચિત હતી. એમણે જ્યારે સભા બોલાવી ત્યારે તેમાં હજારો માણસો હાજર રહ્યા હતા. જલિયાંવાળા બાગના બનાવે ભારતનું શિર નીચું નમાવ્યું હતું અને તેને અંગે બ્રિટિશ સરકાર ઉપર દરેકનાં દિલ રોષે ભરાયેલાં હતાં. આ કારણે પણ ઘણું માણસ એમની સભામાં આવ્યું હતું. આ સભામાં મહાત્માજીએ સત્યાગ્રહસભાની સ્થાપના કરી અને એ સભા દ્વારા તેઓ શું કરવા માગે છે તે લોકોને સમજાવ્યું.

એ હિંદીમાં બોલ્યા, પણ તે વખતની એમની હિંદી એવી તૂટીફૂટી ને અશુદ્ધ હતી કે પૂરી સમજાય પણ નહિ. એમનો ચહેરો એવો હતો કે જે અમને ઉત્તર પ્રદેશવાળાઓને કોઈ અજબ પ્રકારનો લાગતો હતો. ત્યારે તેમણે હજી કચ્છ ધારણ નહોતો કર્યો. તેમણે ધોતી, પહેરણ અને ટોપી પહેરી હતી. આ પહેરવેશ પણ અમારે માટે નવાઈભર્યો હતો. આ બધું હોવા છતાં પણ એમની વાણીમાં એવો કોઈ જાદુ ભર્યો હતો કે મારા જેવી છોકરી કે જેને દુઃખ શું છે તેની ખબર નહોતી, જેને તેઓ શું કહી રહ્યા છે તે પૂરું સમજાતું યે નહોતું, તો પણ આંખ અને કાન ખુલ્લા રાખી એક ધ્યાનથી એમને સાંભળી રહી હતી. પછી એમણે સત્યાગ્રહ સભા માટે ફાળો એકઠો કરવા માંડયો. તે વખતમાં સ્ત્રીઓ બહુ ઓછી બહાર નીકળતી અને જ્યારે નીકળે ત્યારે સંપૂર્ણ જરજવાહીર પહેરીને નીકળે. મારા હાથમાં ઘણી બધી સોનાની બંગડીઓ હતી. મને થયું કે મારી પાસે જે કંઈ છે તે આ આદમીને આપી દઉં. એ દેખાવમાં ગમે તેવા હતા, પણ એમણે લોકોને મુગ્ધ કર્યા હતા. લોકો ફાળો આપતા જતા હતા ને સ્વયંસેવકો ફરી ફરીને ઉઘરાવતા હતા. મેં મારા હાથમાંથી બંગડી ઊતારવા માંડી, પણ કેમે કરીને નીકળે નહિ. તેવામાં એક સ્વયંસેવક આવ્યો. મેં જોર કરીને બંગડીઓ ખેંચી કાઢી

ને તેની ઓળીમાં ફેંકી. પણ પછી માતાજીના ઠપકાની બીકથી ગભરાવા લાગી. મારો બંગડી વગરનો હાથ કોઈ ન દેખે તેવી રીતે સાડીના છેડામાં છુપાવતી ઘરમાં આવી. માતાજીને થયું કે મને હાથ ઉપર કંઈ વાગ્યું લાગે છે, પણ પછી સાચી વાતની તેમને ખબર પડી અને મને ધમકાવવા લાગ્યા. "તું એ સભામાં ગઈ કેવી રીતે? ત્યાં તને કોણ લઈ ગયું?" અમારું ઘર મોટું હતું. કાકા, મામા, ભત્રીજા, વગેરેનું વિશાળ સંયુકત કુટુંબ હતું. બધા જમતા હતા ને હું પણ ગઈ હતી, કોનું નામ દઉં? સાંજના જમતી વખતે ગાંધીજીને મળવાનો પ્રસંગ આવ્યો. મારી ઉપર મારી મા નારાજ હતી તેમ જ ગાંધીજી વિષે તેના મન ઉપર સારી છાપ પડી નહોતી. તેણે એમ કહેલું પણ ખરું કે આ કેવો આદમી છે અને આપણને કયાં લઈ જઈ રહ્યો છે. પણ ગાંધીજીને કોઈ રીતે ખબર પડી ગઈ હતી કે મને ઠપકો મળ્યો છે. એટલે જમતી વખતે તેમની ખાસ રીત મુજબ હસતાં હસતાં મારી માતાજી સામે તેમણે જોયું અને બોલ્યા, "આના બીજા હાથમાં બંગડીઓ કેમ રહેવા દીધી છે? હજુ સુધી તમે ઊતરાવી લીધી નથી?" અને પહેલી જ વાર મારી દ્રષ્ટિ મહાત્માજી ઉપર સ્થિર થઈ ગઈ અને તેમને જોઈને હું મુગ્ધ બની ગઈ. બહુ થોડા વખતમાં અમારા ઘરમાં એમનું સ્થાન કુટુંબના એક મુરબ્બી જેવું થઈ ગયું. અમારે મન તેઓ અમારા વડીલ થઈ ગયા. અને પછી તો અમારા ઘરની નાની કે મોટી કોઈ બાબત એવી નહોતી જે વિષે અમે એમની સલાહ લીધી ન હોય, તેઓ મૃત્યુ પામ્યા ત્યાં સુધી તેમની સાથેનો અમારો આ સંબંધ એવો ને એવો ટકી રહ્યો હતો.

થોડા દિવસ પછી મારા વિવાહની વાત ચાલી. જે ઘરમાં મારો વિવાહ કરવાની વાત ચાલતી હતી તેઓ રાજકોટના રહેવાસી હતા. તે કુટુંબને ગાંધીજી બહુ સારી રીતે ઓળખતા હતા. મારા પતિને પણ તેઓ જાણતા હતા. પણ એ જમાનામાં તો નાતની અંદર જ વિવાહ કરવાનો રીવાજ હતો.–હવે હું એક સારસ્વત બ્રાહ્મણની દીકરી, મારા પતિ પણ સારસ્વત બ્રાહ્મણ હતા, પણ તે મહારાષ્ટ્રના અને હું કાશ્મીરની. એટલે અમારા કાશ્મીરી કુટુંબોએ મારા લગ્નમાં આવવાની ના પાડી. મારાં માતાજીને ચિંતા થવા લાગી. જો લગ્નમાં કુટુંબીઓ નહિ આવે તો લગ્ન કેવી રીતે કરવાં? મહાત્માજી ત્યારે મદદે આવ્યા. એમણે માતાજીને સમજાવ્યા. તમે કુટુંબીઓની ફિકર ન કરો. "તમે તો ઈચ્છો છો કે ધામધૂમથી લગ્ન થાય, અને વીસ પચીસ હજાર માણસ તમારે ઘેર જમે. પણ હમણાં એ સમય નથી. દેશ ચિંતામાં પડયો છે. તેવા સમયે જે આવે તે આવે, જે ન આવે તે ભલે ન આવે." મહાત્માજીએ આ પ્રમાણે મારાં માતાજીને હિમત આપી. લગ્નની ધામધૂમપૂર્વક તૈયારી થવા લાગી. પિતાજીએ વકીલાત છોડી દીધી હતી. અમારે ત્યાં કોઈ જાતની ખામી નહોતી. નાતનું બંધન તોડયું હતું, પણ તેથી કાંઈ દીકરીના લગ્નમાં જે કંઈ રીતરીવાજ કરવાના હોય તે થોડા જ બંધ થાય છે? મારે માટે કરીઆવર અંગે ખૂબ સામાન આવવા લાગ્યો. થોડા દિવસની લગ્નને વાર હતી ત્યાં મહાત્માજીની ચીઠ્ઠી આવી. "કન્યા લગ્ન વખતે કેવાં કપડાં પહેરશે?" જવાબમાં જે પહેરવાનાં હતાં તેનું વર્ણન મોકલવામાં આવ્યું. મહાત્માજીએ કહેવડાવ્યું, "એવી સાડી નહિ, ખાદીની સાડી પહેરે." હવે તે ૧૯૧૯ની સાલ હતી, જે વખતે આજના જેવી ઝીણી એકસરખા સુતરની ખાદી મળતી નહોતી. એક તો ખાદી મળતી'તી જ જૂજ અને જે મળતી તે એવી જાડી કે માથે તો ઓઢી જ ન શકાય. મારી મા બહુ ગુસ્સે થઈ. એણે કહ્યું: "આ આદમી તો બધી બાબતમાં મારા ઘરમાં દખલગીરી જ કર્યા કરે છે. મારા ઘરમાં બધી એણે ઉથલપાથલ કરી નાખી છે અને હવે લગ્નમાં ઝઘડા કરાવવા તૈયાર થયા છે. હું એવું નહિ થવા દઉં. વિધવા જેવી સફેદ સાડી એને પહેરાવું? ખાદી આજે મને કોણ રંગી આપશે?" –જે દાગીનો આપવાનો હોય તે, તે જમાનામાં તો લગ્ન વખતે કન્યાને પહેરાવી અગ્નિની શાખે આપવામાં આવતો. ગાંધીજીએ કહ્યું, "કેવળ ફૂલના હાર સિવાય ન કંઈ પહેરાવવું અને ન કંઈ આપવું." હવે દાગીના થાળ ભરીને તૈયાર કરવામાં આવ્યા હતા. ચાંદીના વાસણોનો તો સુમાર નહોતો. મારી માએ કહ્યું, "આ શું કહેવાય? હું શા માટે ન આપું? મારી દીકરીને લોક ભવિષ્યમાં શું કહેશે? (તે વખતમાં લગ્ન વખતે પિયર કે સાસરેથી જે કન્યાને આપવામાં આવતું તે જ તેનું સ્ત્રીધન હતું. બીજી કોઈ મિલ્કતમાં તેનો હક્ક રહેતો નહિ.) આ બધી ગડબડ ચાલી રહી હતી તેમાંથી 'બા' (કસ્તુરબા)એ રસ્તો કાઢી આપ્યો. બાના જીવનનું જો આપણે નિરીક્ષણ કરીએ તો દેખાઈ આવે છે કે એમના જીવનમાં એ એક કુદરતી બક્ષીસ હતી કે જ્યાં કયાંય સંઘર્ષ જાગે ત્યાં એ પોતાની સહજ બુદ્ધિથી એવી એક વાત મૂકી દે કે જે બંને પક્ષને સ્વીકાર્ય થઈ જાય. એમણે પોતાના હાથે કાંતેલા સુતરની ખાદી રંગીને મને પહેરાવવા માટે આપી, જે બારીક સુતરની ને ઝીણી હતી. આનાથી બધાં કંઈ ખુશી ન થઈ ગયાં, પણ એથી થોડો સંતોષ થયો. અને ગળામાં માત્ર ફૂલનો હાર. જરઝવેરાત જે આપવાનું હતું તે એમ ને એમ અગ્નિ સમક્ષ મૂકીને મને આપવામાં આવ્યું. લગ્નવિધિ પૂરી થઈ તે પછી હું મહાત્માજીને પગે લાગવા ગઈ તે વખતે મેં તે બધો દાગીનો પહેર્યો હતો. કેમકે ત્યાંથી હું સીધી મારે સાસરે ચાલી જવાની હતી. મારી માનાં પેટમાં ગભરાટ હતો કે રખેને મહાત્માજી એ બધો દાગીનો ઉતરાવી લે. પણ મહાત્માજી એવડા મોટા નેતા થયા હતા તે કાંઈ અમસ્તા નહોતા થયા. એમનામાં ઘણી ઊંડી સમજણ હતી, વ્યવહારકુશળ હતા. એમણે કંઈ ન કહ્યું. એટલું જ કહ્યું કે "હું ઈચ્છું છું કે દેશને માટે તમે બંને બધું કરી છૂટવાનો નિર્ણય કરો." તે દિવસથી તે આજના દિન સુધી મારો હંમેશા એ પ્રયત્ન રહ્યો છે કે જે એમનો સિદ્ધાંત હતો તે સિદ્ધાંતને અનુસરીને ચાલવું અને તેને અંગે જે કાંઈ ભોગવવું પડે તે ભોગવવું. અને આજે અમે જે સ્થિતિએ છીએ તે એમના કારણે છે. અમે તો કાંઈ સમજતા નહોતાં, પણ એમનાં વ્યાખ્યાનો સાંભળીને, એમને સમજવાનો પ્રયત્ન કરીને અમે આગળ વધ્યાં અને આજે કંઈક કરી શકયાં છીએ.

કોઈનાં નિકટવર્તી સંબંધીના મૃત્યુ સિવાય બીજા કોઈ કારણે મહાત્માજી કોઈને પત્ર લખતા નહોતા. મારી પર મહાત્માજીનો પહેલો કાગળ આવ્યો, જ્યારે મારા પતિ ગિરફતાર થયા. મારા પતિ જ્યારે સ્વર્ગવાસ પામ્યા ત્યારે એમનો બીજો કાગળ આવ્યો. એ કાગળ એવો હતો કે મહાત્માજી જ લખી શકે. બીજા કોઈની એ તાકાત નથી. એમણે લખ્યું, "હું તને આશ્વાસન આપવા આ કાગળ નથી લખતો. તું તો વીર પિતાની પુત્રી છે અને વીર ભાઈની બહેન છે. તારે માટે તો આ મુબારકબાદીની વાત છે."

હું તમને પૂછું છું કે કોઈ યુવાન સ્ત્રી, કે જેનો પતિ મૃત્યુ પામ્યો છે તેના ઉપર કોઈ આવો કાગળ લખી શકે ખરું? ખેર! મહાત્માજીની મહત્તાની એક બીજી વાત કહું.

૧૯૪૨માં જ્યારે "Quit India"ની –'હિંદ છોડો'ની– ચળવળ ચાલતી હતી ત્યારે અલ્હાબાદમાં બહુ તોફાન થયા કરતાં હતાં. બધા નેતાઓને પકડીને અહમદનગરની જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. એ સમયે વિદ્યાર્થીઓનાં સરઘસ સભા વગેરે થયા કરતાં હતાં. મારી મોટી પુત્રી ચંદ્રલેખા પણ યુનિવર્સિટીમાં હતી અને અલ્હાબાદમાં જ રહેતી હતી. ૧૯ વર્ષની તેની ઉંમર હતી. બે ત્રણ સરઘસ નીકળ્યા ત્યાં સુધી તો કોઈ ખાસ બનાવ ન બન્યો, પણ પછી ખબર આવી કે સરઘસ ઉપર ગોળી ચલાવવામાં આવી છે. યુનિવર્સિટી અમારા ઘરની નજીક હતી અને ત્યાં જ ગોળીબાર

ચાલતો હતો, એટલે હું ત્યાં જવા નીકળી. મારા મનમાં હતું કે કોઈ જખ્મી થયેલ હશે તો તેને ઈસ્પિતાલ પહોંચાડી મલમપટ્ટી કરાવીશ. પણ હું જતી હતી ત્યાં રસ્તામાં જ અમારા ઓળખીતા બે ચાર જણા અમારા ઘર તરફ આવતા મને સામા મળ્યા. તેમણે ખબર આપ્યા કે "સરઘસના બે ભાગ થઈ ગયા હતા અને બીજા ભાગ ઉપર ગોળીબાર થયો હતો, જેમાં મારી મોટી પુત્રી અને ઈંદિરા બંને હતાં અને મારી પુત્રીને ગોળી વાગી છે અને ઈંદિરાને પણ થોડું વાગ્યું છે."

હું ગભરાઈ ગઈ. શું કરવું તે સૂઝ પડે નહિ. બે ચાર ક્ષણ મારે શું કરવું જોઈએ તેનો વિચાર કરવા હું થોભી. હું પ્રમાણીકપણે કહું છું કે મહાત્માજીની અસર અમારી રગેરગમાં એવી વ્યાપી ગઈ હતી કે કંઈ પણ કઠિન પ્રસંગ આવે ત્યારે મહાત્માજી હોય તો આવે પ્રસંગે શું કરે તે વિચાર જ અમને પહેલો આવે. મને તરત થયું, "અહીં તારી સામે ગોળી ચાલી રહી છે, કેટલાએ છોકરાઓ મરતા હશે, સંભવ છે કે મારી પુત્રી પર પણ ગોળી ચાલી હોય, પણ અહીં સામે જે પડયા છે તેને છોડીને મારી દીકરીને ઢુંઢવા જાઉં એ કેમ બને?" અને બસ, મને હિંમત આવી ગઈ. અને નજીકમાં ગોળીબાર ચાલતો હતો ત્યાં જ હું ગઈ. સારું થયું કે હું ત્યાં ગઈ. કેમકે બે ચાર છોકરાઓ ઘાયલ થઈ ચૂકયા હતા. હું તરત જ તેમને ઈસ્પિતાલમાં લઈ ગઈ. આમ જે કોઈ ગાંધીજીના સહવાસમાં થોડા પણ આવતા તેમના ઉપર એમનો એવો જાદુ થતો કે ગાંધીજી જે કહે તે તેના દિલમાં વસી જતું હતું. તમારામાંના કેટલાક જેઓ એમને મળ્યા હશે તેમના ઉપર પણ કદાચ એવી જ અસર થઈ હશે. અને આ અસર કંઈ થોડાઘણા ઉપર નહિ, લાખો માનવીઓ ઉપર પડી હતી કે જે પોતાનાં દુઃખસુખ ભૂલી જતા અને મહાત્માજી શું ઈચ્છે છે એનો જ વિચાર કરતા.

આવો એમના ઉપર બધાને પ્રેમ હતો, આદર હતો, વિશ્વાસ હતો. રાજા રામમોહનરાય અને એમના જેવા સ્ત્રીસમાજને ઊંચે લાવવા માટે જીવન દેનારા અનેક સમાજસુધારકો થઈ ગયા. એમની અસર થોડી થોડી પડી હતી. પણ જ્યારે મહાત્માજીએ સ્ત્રીઓને કહ્યું "નીકળો ઘરની બહાર!" ત્યારે શું થયું? જેમ ચોમાસામાં ગંગા–જમનાનાં પાણી ઉછળી ઉછળીને વહે છે તેમ સ્ત્રીઓ ઘર છોડીને–જનાનો છોડીને–બહાર નીકળવા ઉછળી પડી. એમને વિશ્વાસ હતો કે આ આદમી જે કહે છે તે સાચું છે, કરવા જેવું છે, તેમાં બનાવટ નથી, અને બધાં નીકળી પડયાં. નાની મોટી, ભણેલ, અભણ, વૃદ્ધ, યુવાન, કુંવારી, પરણેલી,–બધી જ. અને તે પણ પુરુષોના પૂરા સહકારપૂર્વક. આ દેશમાં થોડા લોકોને બાદ કરતાં–અને સારા ખરાબ લોકો હંમેશા દરેક સમાજમાં હોય છે–હંમેશા પુરુષોએ સ્ત્રીને સાથ આપ્યો છે. તેથી જ અહિં વિલાયત–અમેરિકાની જેમ પોતાના હક્કો મેળવવા ખાતર સ્ત્રીઓને લડત ચલાવવી પડી નથી. જ્યારે સ્ત્રીને સામાજિક, આર્થિક, કે કાનૂની સ્વતંત્રતા નહોતી ત્યારે પણ સ્ત્રીની પદવી કોઈ દિવસ નીચી નથી થઈ. એ હંમેશાં ગૃહલક્ષ્મી હતી, દેવી હતી. મારા પતિ અને મારા પિતાએ પણ આશીર્વાદ આપી મને બહાર નીકળવાની રજા આપી હતી. શાથી? કેમ કે એમને ગાંધીજી ઉપર અથાક વિશ્વાસ હતો.

ઑલ ઈંડિયા વીમેન્સ કોન્ફરન્સ નવી નવી શરૂ થઈ હતી. મહારાણી ચીમનાબાઈ અને સરોજિની નાયડુ જેવી દશ વીશ ભણેલી બહેનો એ ચલાવી રહી હતી. તેઓ એક દિવસ મહાત્માજી પાસે ગયા અને સ્ત્રીશિક્ષણનો ખૂબ પ્રચાર કરવો, સામાજિક બંધનો તોડવા વગેરે વગેરે કોન્ફરન્સના ધ્યેય વિષે તેમણે ઘણી વાતો કરી. મહાત્માજી બધું સાંભળી રહ્યા. પછી એમણે કહ્યું, "તમે જે કહો છો તે બધું સારું છે, પણ તેમાં "હક્ક" એ શબ્દનો ઉપયોગ બહુ થયો છે, એ શું છે? તમે કહો છો કે આ અમારો હક્ક છે વગેરે. ચાલો માની લીધું. મને તમારા હક્કોની ખબર છે, પણ પછી તમારા તરફથીએ સમાજને, સંસારને કે ઘરને કોઈ ચીજ આપવા જેવી ખરી કે નહિ? તમારું પણ કંઈ કર્તવ્ય છે ખરું કે જેનું તમારે પાલન કરવાનું હોય? કે માત્ર હક્ક, હક્ક, અને હક્ક જ છે?" અને પછી એમણે એક વાત કરી જે હું કદી પણ ભૂલી શકી નથી. તેમણે કહ્યું, "જે મનુષ્ય હક્ક હક્કની બૂમો પાડયા કરે છે તે કદી ઉન્નતિના માર્ગે ચઢતો નથી, પણ જે મનુષ્ય પોતાના કર્તવ્યનું પાલન કરે છે તેને હક્ક આપોઆપ મળી જાય છે. અને જો તે આપભોગ આપીને કર્તવ્ય પાલન કરે છે તો તો તેના હક્કને કોઈ રોકી જ શકતું નથી."

એક બીજી મુખ્ય અને મોટી વાત તે કહેતા કે જે આપણે ભૂલી ગયા છીએ. તે વાત એ હતી કે સિદ્ધાંત કદી પણ ટાળવો નહિ. જો આપણું ધ્યેય શુદ્ધ છે તો તે ધ્યેય પ્રાપ્ત કરવાનો ઉપાય પણ શુદ્ધ હોવો જોઈએ, જેને તેઓ સાધન અને સાધ્યmeans & aims–કહેતા. અને "ડેમોક્રસી" અને "કોમ્યુનિઝમ" વચ્ચે આ જ ફરક છે. ડેમોક્રસી કહે છે: "Means & aims are important." સાધન અને સાધ્યનું સરખું મહત્વ છે. કોમ્યુનિઝમ કહે છે, "Only aims are important. માત્ર સાધ્ય જ મહત્વનું છે. મારે ધારેલે સ્થળે પહોંચવું છે, તો ચાહે તો તમને મારીને ત્યાં પહોંચું, ચાહે તો તમારા ઉપર પગ મૂકીને ત્યાં પહોંચું, પણ કોઈ પણ રીતે ત્યાં પહોંચું એટલે ધ્યેય સિદ્ધ. અને ડેમોક્રસી શું કહે છે? "મારે ત્યાં પહોંચવું છે અને પહોંચીશ, પણ તમારો બધાનો સાથ મેળવીને, તમને પણ સાથે લઈને. મહાત્માજીનો માર્ગ આ ડેમોક્રસીનો હતો અથવા તો શુદ્ધ એવા સાધન અને સાધ્યનો હતો. પણ આપણે બધા આ ભૂલી ગયા છીએ અને ઉપર ઉપરની વાત રહી ગઈ છે.

મહાત્માજી કહેતા કે હું ઈચ્છું છું કે મારા ઘરની બધી બારીઓ ખુલ્લી રહે અને બધી દિશાની હવા મારા ઘરમાં આવે, જેનો હું પૂરેપૂરો ફાયદો ઉઠાવું. પણ મારા બે પગ મારા ઘરમાં રહે, મારી સંસ્કૃતિથી બંધાયેલા રહે. જે લોકો એમ કહે છે "અમારું બધું જ સારું" તો તે ભૂલ છે. જે લોકો એમ કહે છે, "દુનિયામાં બધું સારું જ છે" તો તે પણ ભૂલ છે. અને જે લોકો એમ કહે છે "બીજી દુનિયા સારી છે" તો તે પણ ગલતી છે. શું સારું અને શું સારું નહિ તે તો મોટા સંતો કે મહાત્માજી કોઈ બતાવી શકયા નથી. પણ જરૂરી એ છે કે જેવા સમય વચ્ચે આપણે રહેતા હોઈએ તેનો પૂરો લાભ ઊઠાવીએ અને તે લાભનો સમાજની ઉન્નતિમાં પૂરો ઉપયોગ કરીએ.

અગર મહાત્માજી આજે જીવન્ત હોત તો મને ખબર નથી કે એમણે કયો માર્ગ અખત્યાર કર્યો હોત, પણ એટલું તો નિઃસંદેહ છે કે તેમણે જે રાહ લીધો હોત તે constructive–રચનાત્મક-વિધાયક– રાહ હોત. જગતમાં આજે જે પરિવર્તન થઈ રહ્યું છે તેને નજર સામે રાખીને, તેની સાથે મેળ બેસે અને ભારતને ફાયદો થાય એવો કોઈ માર્ગ જરૂર એમણે શોધ્યો હોત. એટલે આપણી અત્યારે ફરજ છે કે એકબીજાની ટીકા કરવા કરતાં સાથે બેસીને આપણે વિચારીએ કે આપણું ધ્યેય શું છે, આપણો સિદ્ધાંત શું છે, અને આપણને વિશ્વાસ શેમાં છે? જે રાહ પકડવો આપણે જરૂરી માન્યો તે રાહ માટે જીવન જાય તો ભલે જાય, પણ સિદ્ધાંતમાંથી કદિ ડગવું ન જોઈએ. કોના દિલમાં આજે આવી ભાવના છે? બીજી વાત એ છે કે એકતા, સહયોગ અને સંગઠન એવાં મજબૂત કરવાં જોઈએ કે જે આ દેશને ઊંચો લાવી શકે. આ બધી ચીજો આપણી જાતમાં આપણે લાવવાની છે. આ પાયાની વાત છે અને તેને આપણે ટાળી નહિ શકીએ. સોળ વર્ષની ઉંમર સુધી મારો ઉછેર અંગ્રેજી ઢબ પ્રમાણે થયો હતો. બોલીચાલી, ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, બધું. તે બાહ્ય ચીજ હતી. પણ મોકો મળ્યો ત્યારે અસલી ચીજ નીકળી આવી. તો જે પાયાના સંસ્કાર છે તેને કોઈ ફેંકી દઈ નહિ શકે. બહારની હવા ભલે આવે પણ આપણા મૂળ ઊંડા અને મજબૂત હોવાં જોઈએ. એને મજબૂત કરવા માટે આસપાસ જે રદ્દી ચીજો ભેગી થઈ ગઈ હોય તેને દૂર હટાવી દેવી જોઈએ. લડાઈ, ઝઘડા, અને આપણે જ ઊભી કરેલી દિવાલો આપણને નબળા પાડી રહી છે. એ દિવાલો હટાવી દઈએ તો આજે પણ હિંદુ ધર્મમાં–હિંદી સંસ્કૃતિમાં–એટલી તાકાત છે કે જે આપણને ટટ્ટાર ઊભા રાખી શકે. મેં શરૂઆતમાં જ કહ્યું છે તેમ, અનેક લોકો આ દેશમાં આવ્યા. બધા કંઈ ને કંઈ પોતાની છાપ મૂકતા ગયા. એ છાપે આપણને મજબૂત બનાવ્યા છે. છેલ્લે છેલ્લે અંગ્રેજો આવ્યા. તેઓ પણ કંઈક પોતાની છાપ મૂકી ગયા. આપણે અંગ્રેજી દ્વારા વિજ્ઞાન શીખ્યા. આ બધી છાપ અને આપણી પુરાણી વાતોના સમન્વયથી એક નવી ચીજ નીપજાવવી છે–એક સુંદર ડીઝાઈન ઉપસાવવી છે કે જેના વડે આપણું જીવન સરળ, ઉચ્ચ અને ઉર્ધ્વલક્ષી બને. આપણે કોઈની નકલ કરવી નથી. તેમ આપણે દશ હજાર વર્ષ પાછળ પણ જવું નથી. નવા અને જુનાનો મેળ બેસાડી આપણે એક નૂતન ભારત સર્જવું છે. અને એમ કરીશું ત્યારે જ આપણે સાચી રીતે કહી શકીશું કે મહાત્માજીએ દેશને એવી ચીજની ભેટ આપી કે જેણે દેશને અમર કરી દીધો.

અનુવાદક :
મેનાબહેન નરોત્તમદાસ

મૂળ હિંદી :
શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત

પારસમણિના સ્પર્શે

શ્રી ટહેમિનાબહેન ખંભાતાની મુલાકાત

(થોડા દિવસ પહેલાં તા. ૧૪-૧૦-૬૩ ના 'સુકાની' માં નીચે આપેલો લેખ વાંચવામાં આવ્યો. એ લેખમાં જેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સ્વ. ડૉ. બહેરામ ખંભાતા તથા તેમનાં પત્ની શ્રી ટહેમિનાબહેન સાથે લગભગ ૪૫ વર્ષથી મારો એક કુટુંબીજન જેવો સંબંધ રહ્યો છે અને તેથી તેમની સાથેના વર્ષોજુના સ્નેહસંબંધના સ્મરણને તીવ્રપણે જાગૃત કરતો આ લેખ વાંચીને ખૂબ રાજી થયો. ડૉ. બહેરામ ખંભાતા પેટના અલ્સરથી વર્ષોથી પીડાતા હતા. એ વ્યાધિના કારણે દિન પ્રતિદિન કમજોર બનતા જતા બહેરામ-ભાઈને મેં એક વાર લોહી આપ્યું હતું. બીજી વાર પણ લોહી આપવાનું નક્કી થયેલું પણ તત્કાળ તેમની તબિયત બગડી જતાં અદ્ધર રાખવું પડ્યું હતું. ત્યાર પછી તેઓ જ્યારે બીજા કોઈ મિત્ર સાથે મારી ઓળખાણ કરાવતા ત્યારે તેઓ એમ જ કહેતા હતા કે "અમે બન્ને એકલોહીયા ભાઈઓ થયા છીએ." આવો અમારો ઘનિષ્ઠ સંબંધ હતો. તેમના ખૂબસુરત દીકરા જાલને પણ મેં ઘણી વાર જોયેલો. ૧૯૪૩ના જાન્યુઆરી માસમાં ડૉ. બહેરામે પેટના અલ્સર અંગે મોટું ઑપરેશન કરાવેલું. ઑપરેશન સમયે તેમને મળવા જતાં તેમણે ગાંધીજીને મારી સમક્ષ ખૂબ યાદ કરેલા. તે ઑપરેશનથી તેઓ સાજા ન થયા અને ફેબ્રુઆરી માસની પહેલી તારીખે તેમણે દેહ છોડ્યો. આ વખતે પણ હું હાજર હતો. ત્યાર બાદ યરવડા જેલમાં ગાંધીજીના ઉપવાસ આવ્યા ત્યારે ગાંધીજીને મળવા જવાનું બનતાં ડૉ. બહેરામના તેમણે ખબર પૂછેલા, થોડા સમય પહેલાં થયેલા તેમના અવસાનની તેમને ખબર જ નહોતી. મારી પાસેથી આ સમાચાર તેમણે જાણ્યા ત્યારે તેઓ ખૂબ ખિન્ન બનેલા. ડૉ. બહેરામની ગાંધીભક્તિ અપૂર્વ હતી અને ગાંધીજી પણ તેમની હંમેશાં ખૂબ ચિંતા કરતા હતા. જે તેમના પત્રો ઉપરથી સહજપણે માલુમ પડે છે. શક્ય હતું ત્યાં સુધી ડૉ. બહેરામ હંમેશા કાંતતા હતા. ડૉ. બહેરામ જેવા મુલાયમ પ્રકૃતિના માનવી મેં બહુ જ ઓછા જોયા છે. કરુણા તો તેમના શ્વાસે શ્વાસે ભરી હતી. મૃદુતાની તેઓ મૂર્તિ હતા. મહાદેવભાઈ, કિરપલાણીજી, વગેરે ગાંધીકુટુંબના સ્વજનો તેમને ત્યાં અનેકવાર જતા આવતા અને તેમના મહેમાન પણ બનતા. ટહેમિનાબહેન એક પવિત્ર સાધ્વી સ્ત્રીનું જીવન ગાળે છે. તેમની સાથેનો મારો સંબંધ આજે પણ કાયમ છે.

ડૉ. બહેરામ જે દિવસે ગુજરી ગયા તે દિવસે તેમના ઘરની જે રચના હતી, દર્દીઓને તપાસવા અને તેમનો ઉપચાર કરવાની ઓરડીમાં જે ચીજો જે રીતે જ્યાં પડેલી હતી તે બધું આજે પણ તે જ રીતે પડેલું, ગોઠવાયેલું નજરે પડે છે અને આપણે તેમના ઘરમાં દાખલ થઈએ તો ડૉક્ટર તેમના ચિકિત્સાલયમાં બેઠા છે અને હમણાં જ બહાર આવીને આપણને આવકારશે–એવો મન ઉપર ભાસ થઈ આવે છે. આવી ટહેમિનાબહેનની તેમના સ્વર્ગસ્થ પતિ પ્રત્યેની અપૂર્વ નિષ્ઠા છે. આવા એક કુટુંબનો પુણ્ય પરિચય કરાવતો લાભુબહેનનો લેખ અહિં અવતરિત કરતાં એક પુણ્યકાર્ય કર્યાનો હું સંતોષ અનુભવું છું. આ લેખમાં માત્ર નમુનારૂપે ગાંધીજીના અમુક પત્રો આપવામાં આવ્યા છે. પણ ગાંધીજીનો આ દંપતી સાથે ચાલુ પત્ર-વ્યવહાર રહેતો હતો, અને તેથી આવા બીજા અનેક પત્રો શ્રી ટહેમિનાબહેન પાસે આજે મોજુદ છે. **પરમાનંદ**)

પૂ. ગાંધીજીની સ્થૂળ અથવા તો સૂક્ષ્મ અસર જેમના પર પડી છે તેમનાં જીવન પુણ્ય અને સમૃદ્ધ બની ગયાં છે. એ અસર કોઈ કોમ, પ્રાંત કે પ્રદેશ પૂરતી મર્યાદિત રહી નથી. આ દેશના અને વિદેશના હજારો લોકો એમની પવિત્ર અસર નીચે આવી ગયા છે ને હજુ પણ અંતરથી એમની પૂજા કરે છે એમ કહીએ તો અતિશયોક્તિ ન ગણાય. આવાં એક પારસી બહેનનો હમણાં પરિચય થયો, એમનું નામ છે ટહેમીનાબહેન. એમના પતિ બહેરામજી ખંભાતા એક બહુ જ પ્રતિષ્ઠિત ને કુશળ હાડવૈદ્ય હતા. તેઓ હાલ જીવંત નથી, પરંતુ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી પૂ. બાપુના પરમભકત બનીને રહ્યા હતા. એમના જીવન–આદર્શને પહોંચવા માટે એમણે બાપુની મદદ લીધેલી અને બાપુની સલાહ અનુસાર જીવન વ્યતિત કરેલું. એમનાં પત્ની ટહેમીનાબેનને પણ તેઓ બાપુચિંધ્યા માર્ગે દોરી ગયા હતા. જેમના શિરે સમસ્ત રાષ્ટ્રની જવાબદારી હતી તે બાપુ કેટલા બધા લોકોને કેવી રીતે જીવનમાં ઉપયોગી થઈ જતા ને વૈયકિતક રીતે એમનાં જીવનમાં કેટલો ઝીણ-વટભર્યો રસ લઈ એમના જીવનને ઘાટ આપતા તે જાણીએ તો આશ્ચર્ય થયા વિના ન રહે.

પૂ. ગાંધીજીના સંપર્કમાં શ્રી ખંભાતા કેમ આવ્યા ને એમના જીવનઘડતરમાં બાપુએ કેવડો મોટો ફાળો આપ્યો છે તે વિષે શ્રી ટહેમીનાબેનને પૂછતાં એમણે જણાવ્યું :

"મારા પતિ પ્રથમથી જ આધ્યાત્મિક વિચારના હતા. જીવન સેવા માટે છે, મોજમજા માટે નથી તેમ માનતા ને તેથી રામકૃષ્ણ પરમહંસ તથા વિવેકાનંદના સાહિત્યના ઉપાસક હતા. એમના ઉપદેશ પ્રમાણે જીવવાની તેમની કોશિષ ચાલુ હતી. જીવનનો મજા માટે અમે કદી ઉપયોગ કર્યો નથી ને કોઈ કરતું તો અમને આશ્ચર્ય થતું. એવામાં એમણે ગાંધીજીનું નામ સાંભળ્યું ને એમના આફ્રિકાના આશ્રમ તથા સત્યાગ્રહ વિષે જાણ્યું ત્યારે એમના દિલમાં થયું કે જે પરમહંસે કહ્યું છે તે જ ગાંધીજી કરી રહ્યા છે. ગાંધીજીમાં જ તેઓ પરમહંસને તથા વિવેકાનંદને મેળવી શકશે એવી શ્રદ્ધા જન્મવાથી એમણે પૂ. ગાંધીજીની મુલાકાત માગતો એક પત્ર લખ્યો ને એ પત્રમાં પોતાના જીવનના આદર્શો વિષે પણ જણાવ્યું. બાપુએ તો તરત જ મળવા બોલાવ્યા ને એમના આત્મજન તરીકે અપનાવી લીધા.

"અમારું જીવન તો બાપુના આવા સીધા સંપર્કથી સમૃદ્ધ બની ગયું. તેઓ અમારા જીવનની ઝીણીઝીણી બાબતોનું કેટલું ધ્યાન રાખતા, અમારા પ્રત્યે કેટલી મમતા રાખતા ને નાની મોટી બાબતોમાં અમને કેવી રીતે કેળવતા તેનું દર્શન આ પત્રો જોવાથી થશે."

ભાઈશ્રી ખંભાતા,

તમારો કાગળ મળ્યો છે. તમારા આવવાથી હું બહુ જ રાજી થયો છું. ફરી પણ આવજો.

જેમ જેમ દેહ ઉપરનો મોહ ઉતરશે તેમ તેમ તમે શાંત થશો. પેલા તેલનું નામ હજુ મારે હાથ નથી આવ્યું. મેળવી લઈશ.

વર્ધા, ૧–૧૨–'૨૬ **બાપુના આશીર્વાદ**

યરવડા સેન્ટ્રલ પ્રીઝન

ભાઈ ખંભાતા,

તમારો કાગળ મળ્યો. તમને હવે તો સારું હશે. દૂધ ઉપર જ રહો તો સારું છે. ફળના રસ જરૂર લો. સામે આવીને દોહી જાય તો તાજું વગર ગરમ કરેલું દૂધ લેવાય તો ઠીક. મને ખબર આપ્યા જ કરજો.

પેલા એક રૂપૈયાની ગભરામણ શાને? એ લખવામાં ભૂલ ચંદ્રશંકરની છે. પણ તેનો વિચાર પણ કરવાનો નથી. પેલા ૫૦૦નું તો નામ ન આવ્યું? એક રૂપિયો જોઈને કોઈ કહે, ખંભાતા હવે કંજૂસ થયા અથવા ભિખારી, તો કંઈ હરકત નથી. એ સારું ના?

૨૯–૪–'૩૩ **બાપુના આશીર્વાદ**

ભાઈશ્રી ખંભાતા,

મારા અપવાસ ઈશ્વરના હાથમાં છે એટલે એની ચિંતા હોય નહિ. ત્યાં જ ગાય મળે તો તેને સામે રાખી આંચળ સાફ કરાવી સાફ વાસણમાં દોવરાવી દૂધ મેળવો તો બહુ સારું. દૂધ અને ફળના રસ ઉપરાંત કંઈ જ ન લેશો. અને ટહમીનાને આશીર્વાદ.

બાપુ

ભાઈ ખંભાતા,

તમારા બંનેના કાગળની રોજ રાહ જોઉં, જાણું પણ ખરો કે મારો વખત બચાવવા તમે નથી લખતા. છતાં તમારી કુશળતાના સમાચારનો ભૂખ્યો રહું છું. અકસ્માતે તે ભૂખ ભાંગી. તમને અલસર પાછું થઈ આવ્યું એ ખેદની વાત. ઉપચારોથી ઠીક થશે. ખોરાકના શા ફેરફારો કરો છો તે જણાવજો.

૧-૫-'૩૪ બાપુના આશીર્વાદ

ભાઈ ખંભાતા,

હવે ઈસ્પિતાલ ભૂલી જઈએ. ત્યાં તમે સાજા થયા એટલું યાદ રાખી ઈશ્વરનો પાડ માનીએ ને જે થઈ શકે તે સેવા જીવ-માત્રની કરીએ. મારા હાથને તો આરામની જરૂર હતી.

વર્ધા તા. ૨૧-૭-'૩૫ તમને બેઉને
બાપુના આશીર્વાદ

ભાઈ ખંભાતા,

ખરેખર પંડિતને અક્ષરથી ન જ છોડાય. એમની દવા લાગુ ન જ પડે તો જ ગૌરીશંકર પાસે જજો.

પીડા દૂર કરવાના મર્યાદિત ઉપાય કરવાનો ધર્મ તો છે જ, પણ પીડા માત્ર આપણી પરીક્ષા કરવાને આવે છે, એમ સમજીને તે આનંદપૂર્વક સહન કરવાનો પણ આપણો ધર્મ છે.

બાપુના આશીર્વાદ
આશ્રમ, સાબરમતી, મંગળવાર

વહાલાં બહેન,

તમારો કાગળ મળ્યો. હું રાહ જ જોઈ રહ્યો હતો. જ્યારે જ્યારે મિસિસ એડીનું પુસ્તક શરૂ કરું ત્યારે ત્યારે પણ ભાઈ ખંભાતા યાદ આવે જ. તેની તબિયત સુધારા પર છે એ જાણી હું બહુ રાજી થયો છું. જે ખોરાકથી અથવા તો દવાથી આપણને ફાયદો થાય તેનાથી કંટાળવાનું હોય જ શું? મિસિસ એડીના પુસ્તક પર મારો અભિપ્રાય મોકલવાનું હું મુદ્દલ ભૂલ્યો જ નથી, પરંતુ ઉતાવળ નથી એટલે બીજાં કામોમાંથી વખત મળે તેટલો જ તેને આપું છું.

બાપુના આશીર્વાદ
આશ્રમ સાબરમતી, રવિવાર

ભાઈશ્રી બહેરામજી,

તમારો કાગળ મળ્યો છે. તમારી પાસે આવવું એ મારો ધર્મ હતો. મિસિસ એડીનું પુસ્તક મેં શરૂ કરી દીધું છે. વાંચ્યા પછી એ વિષે તમને હું અવશ્ય લખીશ. પણ હાલ તો મારી તમને એટલી ભલામણ છે કે તમારે હાલ વૈદ્ય ડૉક્ટરોની સામાન્ય સલાહ અને સામાન્ય દવાનો ઉપયોગ કરતા રહેવું, ને શરીરનું જતન બની શકે એટલા પ્રયત્નપૂર્વક કરવું. શરીરનું જતન કરવામાં દોષ નથી, પણ તેના ખાતર ધર્મને છોડવામાં મહાદોષ છે. શરીરને આત્માની મુક્તિનું ક્ષેત્ર ગણીને જે નિર્દોષ ઉપાયો થઈ શકે તે કરવા જોઈએ. તમારી તબિયતના ખબર મને લખતા રહેજો. ટહેમીના બહેનને મારા આશીર્વાદ પહોંચાડજો.

બાપુના આશીર્વાદ
આશ્રમ સાબરમતી, રવિવાર

વહાલાં બહેન,

તમારો કાગળ મળ્યો છે. હું ત્રણ માળ ચઢીને આવ્યો તે વાતને તમે નકામી બહુ મોટી કરી નાખી છે. એટલું પણ જો આપણાથી અરસપરસ ન થઈ શકે તો જન્મારો વ્યર્થ ગયો ગણાય. હું તો એવું ઈચ્છું છું કે મારા કોઈ પણ શબ્દોથી ભાઈ બહેરામજીને શાંતિ મળો. દુઃખસુખ તો શરીરની સાથે જોડાયાં જ છે. એ સહન કરવામાં જ આપણું મનુષ્યત્વ સિદ્ધ થઈ શકે છે. મિસિસ એડીની ચોપડી વાંચી જઈને હું અવશ્ય અભિપ્રાય લખીશ. પણ તે દરમિયાન બહેરામજી યોગ્ય દવાનો ત્યાગ ન જ કરે, એવી મારી ખાસ સલાહ છે.

બાપુના આશીર્વાદ

'બાપુની મુલાકાતનાં કંઈક સ્મરણો કહો' એમ જ્યારે મેં એમને કહ્યું ત્યારે એમને એમનો પુત્ર યાદ આવી ગયો. જરા ગદ્‌ગદ્ થઈને તેઓ બોલ્યા :

'મારો પુત્ર જાલ બાપુનો બહુ જ લાડકો હતો. અમારી વાતો સાંભળી સાંભળીને એ પણ બાપુભક્ત થઈ ગયો હતો. એ ત્રણ વર્ષનો હતો ત્યારે અમે પૂનામાં હતાં. એ વખતે પૂ. બાપુ ત્યાં આવેલા. એમણે બહેનોની સભા બોલાવેલી. અમે ત્યાં જતાં હતાં તો એણે પણ બાપુને મળવાની હઠ પકડી. બાપુએ સભામાં બહેનોને ઘરેણાં ત્યાગવાની ને તે ફંડમાં આપી દેવાની અપીલ કરી. બહેનોને માટે આ વાત નવી હતી. હજુ કોઈ ઊભું થતું ન હતું ત્યાં મારા પુત્રે મારી મોટી બહેનને કહ્યું : "માસી, તમારી બંગડી આપો, મારે બાપુને આપવી છે." એની હઠ પાસે મારે ને મારી બેને બંગડી કાઢી આપવી પડી. એ તો સીધો બાપુ પાસે ગયો ને બંગડી એમને આપી એમના ખોળામાં બેસી ગયો. બાપુએ એને રાખીને જ ભાષણ આગળ ચલાવ્યું : "આટલો નાનો છોકરો સોનું આપે છે ને તમે સૌ મૂંગાં બેસી રહ્યાં છો?" એવું કહીને બાપુએ બહેનોનો ઉત્સાહ વધાર્યો ને થોડી વારમાં જ ત્યાં ઘરેણાંનો ઢગલો થઈ ગયો. ત્યાર પછી તો જાલ જ્યાં જાય ત્યાં ભાષણ કરવા લાગી જતો. નવ વરસનો થયો ને દુનિયાની અસર નીચે આવ્યો ત્યારે એણે ભાષણ કરવું બંધ કર્યું. ત્યાર પછી થોડા સમયમાં જ બિમાર પડયો. એની સારવાર માટે અમે યુરોપ જતા હતા, પણ રસ્તામાં જ તે ગુજરી ગયો. એ વખતે સ્ટીમર પર બાપુનો તાર આવેલો :

"જાલ મરી ગયો નથી, પણ આપણી વચ્ચે જ જીવે છે. તમે તમારી મુસાફરી ચાલુ રાખો."

"આમ બાપુ સુખ ને દુઃખ બંને વખતે અમારી ઘણી કાળજી રાખતા. ડૉક્ટર બિમાર પડે તો માંદગીની રજેરજ માહિતી મગાવતા ને શી સારવાર લેવી તે પણ લખતા."

'તમે કંઈ સેવાનું કામ કરતાં કે નહિ?' એવા સવાલના જવાબમાં એમણે કહ્યું કે બાપુએ મને બીજાને ચરખો કાંતતાં શીખવવાનું ને ખાદી પહેરવાનું કહેલું. ચરખો કાંતી શકતી, પણ પીંજવાનું બહુ અઘરું પડતું, છતાં મહેનત કરીને શીખી હતી અને ચાર વરસ સુધી બીજાને શીખવવા પણ જતી હતી.

ખાદી પહેરવા સંબંધમાં એમણે બહુ હૃદયસ્પર્શી વાત કરી. એમણે કહ્યું : ખાદી પહેરવાનું મારે માટે બહુ અઘરું હતું. રેશમી કે મિલનાં પાતળાં વસ્ત્રો પહેરેલાં એનાથી છ છ રતલની ખાદીની સાડી કેમ પહેરાય? પણ બાપુનો આદેશ હતો એટલે મેં પહેરવા માંડી. થોડા વરસો ચાલુ રાખી. પણ પછી ખાદીનો નિયમ મેં મારી જાતે જ થોડો હળવો બનાવી દીધો. મિલનું સૂતર ને હાથનું વણાટ એવું કપડું આવતું. એ સાડી ક્યારેક ક્યારેક પહેરતી. આ રીતે હંમેશ ખાદી પહેરવાનો મારો નિયમ તૂટી જતો. એવામાં બાપુ મુંબઈ આવ્યા. ડો. ખંભાતાએ મને બાપુને મળવા આવવા કહ્યું. મેં કહ્યું, "હું ખાદી પહેરતી નથી ને કેવી રીતે આવું?" ખંભાતા કહે : 'તો બાપુને હું શું કહું?" મેં કહ્યું : "એમ જ નથી આવી એટલું કહેજો." પણ બાપુ એમ શાના માને? એમણે કારણ પૂછ્યું એટલે ખંભાતાએ તો સાચું કારણ કહી દીધું. બાપુ જરાય નારાજ ન થયા. ઊલટાના મમતાથી કહેવા લાગ્યા : "એમાં શું! એનાથી ન પહેરાય તો કાંઈ નહિ, પણ એને કહેજો કે મને મળવા જરૂર આવે ને પેલી મિલની સાડી પહેરીને જ આવે, એથી શરમાવાની એને જરૂર નથી.'

'આપના પતિ ખાદી પહેરતા કે નહિ?' એ સવાલના જવાબમાં એમણે કહ્યું :

'તેઓએ તો જિંદગીના અંત સુધી ખાદી જ પહેરી છે. અને હજુ પણ ઘર વપરાશની ચિજોમાં અમે ખાદી જ વાપરીએ છીએ. એમણે તો એમનું જીવન ગાંધીજીને અર્પી દીધું હતું. નબળી તબિયતને કારણે તેઓ બાપુ સાથે રહી શકતા નહિ, પણ સતત એમના સંપર્કમાં રહેતા. મુંબઈ ખાતેનું ગાંધીજીનું કંઈ પણ કામ હોય તો તેઓ જ કરતા. બાપુના પરદેશી મિત્રો તથા દીનબંધુ એન્ડ્રુઝ, મહાદેવભાઈ જેવાં બાપુના અંગત માણસોનો ઊતારો પણ અમારું ઘર જ હતું. જ્યારે જ્યારે બાપુ ઉપવાસ કરતા ત્યારે ડૉક્ટર પણ ઉપવાસ કરવાની ઈચ્છા રાખતા, પરંતુ બાપુ એમને રજા ન આપતા. છતાં તેઓ શરૂઆતના એક બે દિવસ તો ઉપવાસ અને પ્રાર્થનામાં જ વીતાવતા એવી એમની બાપુભક્તિ હતી."

બાપુના પારસમણિના સ્પર્શની કેટલીક વાતો હું જાણતી હતી. આ વાતોથી હું વધુ પ્રભાવિત અને ધન્ય બની.

લાભુબહેન મહેતા

સમાજ અને સાધના

(શ્રી હરિશ વ્યાસ સર્વોદય વિચારધારાના પ્રચાર અર્થે છેલ્લાં ત્રણ વર્ષ સુધી ગુજરાતમાં પદયાત્રા કરી રહ્યા હતા. ત્યાર બાદ છેલ્લા સાત મહિનાથી તેમણે મહારાષ્ટ્રમાં પ્રવેશ કર્યો અને ફરતા ફરતા, ગયા સપ્ટેમ્બર માસની અધવચમાં તેઓ મુંબઈ આવી પહોંચ્યા અને તે માસની ૨૧મી તારીખે **'સમાજ અને સાધના'** એ વિષય ઉપર મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં યોજાયેલી જાહેર સભામાં વ્યાખ્યાન આપ્યું, જેની તેમણે પોતે જ કરી આપેલી નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

છેલ્લા ચાર વર્ષથી હું સર્વોદય પદયાત્રાએ નીકળ્યો છું. ગુજરાત પૂરો કરીને હમણાં મહારાષ્ટ્રમાં અમે આવ્યા છીએ. વિનોબાજી કહેતા હતા કે માત્ર પોતાના પ્રાન્તમાં જ ફરીએ એટલું પૂરતું નથી. આજુબાજુના પ્રાંતો સાથે દોસ્તી કરવી જોઈએ. એટલા માટે મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનની પદયાત્રા કરવી એમ વિચાર્યું છે. સાડાસાત માસથી મુંબઈમાં છું. હજી એક વર્ષ અહીં રહેવાનું થશે. પદયાત્રાથી ગામડાં અને શહેર, સાક્ષર અને નિરક્ષર, ખેતી અને ઉદ્યોગ, વ્યાપાર અને રોજગાર—એ બધામાં પરેલી સંસ્કૃતિનું અધ્યયન કરવાનું મળે છે. સાડાત્રણ વર્ષમાં ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ જોવાનો મળ્યો. આ રીતે આ પદયાત્રા જીવતી-જાગતી અધ્યયન-યાત્રા બની ગઈ છે. પરંતુ મારે મન તો પદયાત્રા એ એક સાધના છે. એમાંથી મારું જીવન સંપન્ન બની રહ્યું છે. પરંતુ માત્ર પોતાનું જ કરીને બેસી રહું તો સ્વાર્થી કહેવાઉં. આજે સમાજની શી પરિસ્થિતિ છે તેને સમજવાની કોશિશ કરું છું અને સાથે સાથે એનો ઉકેલ પણ શોધું છું.

આજે માણસની સામે ત્રણ મૂળભૂત સમશ્યાઓ છે:

(૧) માણસ અને પોતાની જાત વચ્ચેનો સંબંધ તૂટી રહ્યો છે.

(૨) માણસ અને માણસ વચ્ચેનો સંબંધ ક્ષીણ થતો જાય છે.

(૩) માણસ અને પ્રકૃતિ વચ્ચેનું તાદાત્મ્ય ખોરવાઈ રહ્યું છે.

આજના સમાજની ત્રણ સમશ્યાઓને હું fundamental problems મૂળભૂત સમશ્યાઓ તરીકે જોઉં છું.

ગુજરાતની પદયાત્રાએ વિનોબાજી આવ્યા હતા. અમદાવાદમાં સાબરમતીને કાંઠે ભવ્ય સભા થયેલી. ૪-૫ લાખ માણસ એકઠું થયું હશે. આ માનવમહેરામણ જોઈને થતું હતું કે આમાં શાંતિ કેમ જળવાશે. પણ વિનોબાએ પ્રાર્થનાની શરૂઆત કરતાં કહ્યું, "જે ઊભા હોય તે બેસી જાઓ. બેઠા હોય તે આંખ મીંચી દે. પાંચ મિનિટ મૌન રહેશે. સત્ય, પ્રેમ અને કરુણાનું ધ્યાન કરવાનું છે....." અને ધીરે ધીરે મૌન પ્રસરી ગયું. "ૐ શાંતિ શાંતિ: શાંતિ:" એ મંત્રના ઉદ્‌ઘોષ સાથે જ pin-drop-silence—તદ્દન શાંતિ થઈ ગઈ. જાણે સારોયે માનવમહેરામણ શાંતિના પારાવારમાં ગરકાવ થઈ ગયો. કાં તો સાબરમતીનાં પાણી કલકલ કરતાં વહેતાં હતાં, કાં તો પંખીનો કલરવ ક્યારેક સંભાળતો હતો. બાકી બધું શાંત. સભા પૂરી કરીને અમે મુકામ પર આવ્યા. મેં વિનોબા પાસે જઈને પૂછ્યું—"બાબા, આ બધું નાટક તમે શું માંડ્યું છે!" વિનોબા ગંભીર થઈને કહે, "તું એને નાટક કહે છે?" આણુવિજ્ઞાનયુગમાં સામૂહિક મૌન અનિવાર્ય છે." મેં સરળભાવે પૂછ્યું, "એ કેવી રીતે? જરા સમજાવો.' તો પ્રત્યુત્તરમાં વિનોબા બોલ્યા, "માણસનું બાહ્ય જીવન અને આંતરિક જીવન છિન્નભિન્ન થઈ રહ્યું છે. એ સ્થિતિમાં અંતર્મુખ થયા સિવાય માણસનો આરો નથી. એટલા માટે સામૂહિક મૌન અને સામૂહિક ધ્યાન અનિવાર્ય બની રહ્યાં છે."

અમે ગુજરાતના એક મોટા શહેરમાં પદયાત્રા કરતાં હતાં. ફરતા ફરતા એક વાર અમે એક મોટા વકીલસાહેબને ઘેર પહોંચી ગયા. વકીલસાહેબે અમારું સ્વાગત કર્યું અને પ્રેમથી આવકાર આપ્યો. દૂધ પાયું અને વિનોબાનાં થોડાંક પુસ્તકો યે ખરીદ્યાં. સામેથી વાત કરતાં એ કહે, "વિનોબાએ તો ભાઈ, ભારે કરી! ભૂમિહીનોને તે જમીન અને સાધનો અપાવે છે એ નાનીસૂની વાત છે? મારી એમને તમામ શુભેચ્છાઓ છે!" હું તો આ સાંભળીને પુલકિત બની ગયો. પરંતુ અંદરથી કોઈએ એમને હાક મારી. એટલે વકીલસાહેબ અંદર ગયા. બારીની તરડમાંથી એમની વાત મને સંભળાતી હતી. એક મોટા જમીનદાર સાથે વાતચીત ચાલતી હતી. "આ ગણોતધારામાં મારી જમીન ગણોતિયાઓના હાથમાં જવા બેઠી છે. એમાં તમે કાનૂની મદદ કરશો?" વકીલસાહેબ કહે, "મને કાંઈ વાંધો નથી. પણ પેલા હરિશભાઈ વ્યાસ અહીં આવ્યા છે. એ ભૂદાનના કાર્યકર્તા છે. એ જાય ત્યાર પછી આપણે કામ પતાવી દઈએ." આમ વાત કરીને એ બહાર આવ્યા. મને કહે, "લ્યો ત્યારે, નમસ્કાર, મારે લાયક કાંઈ કામકાજ હોય તો જરૂર જણાવજો." ચાલતાં ચાલતાં મેં ધીરેથી વકીલસાહેબને કહ્યું, "બીજું તો શું કામકાજ હોય? પણ પેલા ગણોતિયા ભૂમિહીન ન થઈ જાય એટલું કરજો." અને વકીલસાહેબ બે કાને અને બે પગે એકદમ ઊંચા થઈ ગયા. દિગ્મૂઢ થઈને મારી સામે તાકી રહ્યા. એમને થયું અંદરની વાત આને કેવી રીતે માલૂમ પડી ગઈ? હું પ્રણામ કરીને ચાલતો થયો.

આજે મનુષ્યની આ પરિસ્થિતિ છે. અભણ માણસ કરતાં ભણેલા માણસની મને ખૂબ બીક લાગે છે. ગામડાનાં અભણ માણસને ખાસ છેતરતાં નથી આવડતું. પણ ભણેલો માણસ તો બુદ્ધિપૂર્વક તર્કશુદ્ધ દલીલો કરીને છેતરે છે. આનાથી માણસની Integration of personality -વ્યક્તિત્વની સમગ્રતા-તૂટી રહી છે. બાહ્ય અને આંતર જીવનના ભાગલા પડી ગયા છે. એને લીધે પહેલાં માણસ આત્મવંચના – Self-deception – કરે છે. પાછળથી – Social-deception – સમાજવંચના. આ સ્થિતિ વધુ વખત ટકશે તો મનુષ્ય મનુષ્ય મટીને શયતાન બની જશે.

માણસને આજ સુધી બીજાનો ભય લાગતો હતો. હવે માણસને પોતાનો જ ભય લાગે છે. અંદરનું બધું બહાર આવી જશે તો? એટલા માટે એ નવરો પડતો જ નથી. એક ઘરમાં અમે ઊતરેલા. જોયું તો બસ રેડિયો સતત વાગ્યા કરે! મેં ઘરધણીને પૂછ્યું, "આમ કેમ? તો એ કહે, "મન સતત engaged રહે એટલા માટે!" માણસ રેડિયો, ક્લબ, હોટેલ, પુસ્તકો અને programmes –કાર્યક્રમોમાં ફસાયેલો રહેવા માગે છે. એને અંતર્મુખ થવું નથી. એટલા માટે Man is either wasting the time or killing the time. માણસ કાં તો સમયને વેડફી નાખે છે કાં એને હણી નાખે છે. જ્યાં આગળ માણસ સમયને હણે છે ત્યાં આગળ સમય કાળ બની જાય છે અને જ્યાં આગળ માણસ સમયને જીવે છે ત્યાં આગળ સમય એ ભગવાનની વિભૂતિ બની જાય છે. We have neither to kill the time, nor to waste the time; but we have to live th time. આપણે સમયને બગાડવો યે નથી અને હણવોયે નથી, પરંતુ સમયને જીવવો છે.

ઘણીવાર ભૂતકાળની સ્મૃતિઓમાં માણસ ખોવાઈ જાય છે, અથવા ભવિષ્યકાળનાં સ્વપ્નો રચવામાં ગૂમ થઈ જાય છે. અતીત અને અનાગત માં ફસાઈ જતાં વર્તમાન, માણસ સામેથી પસાર થઈ જાય છે. વર્તમાનેન વર્તન્તિ વિચક્ષણા: । ડાહ્યા માણસો વર્તમાનમાં જ જીવે છે. એ ભૂત અને ભાવિમાં ખોવાઈ જતા નથી. કૃષ્ણમૂર્તિ ઘણી વાર કહે છે, "Present moment is a moment of revolution." વર્ત-માન ક્ષણ એ જ ક્રાંતિની ક્ષણ છે. એકએક ક્ષણ સાથે જે સમરસ થઈને જીવે છે તે જ જિંદગીને અનુભવે છે.

અમે નાનાં નાનાં છોકરાં હતાં ત્યારે મા અમને મૌન રાખતાં શીખવતી. અમે ય મૌનનું નાટક કરતા. મા આંખ મીંચી દે તો

અમેય આંખ મીંચી દેતા. પછી અમે પૂછતા કે આ મૌન- ધ્યાનમાં તેં શું જોયું? ત્યારે મા એની થઈ ગયેલી ભૂલો કહેતી. "બહેનને મેં આજે મારી એ ઠીક ન થયું." અમે ય સામેથી કહેતા, " નિશાળમાં એક છોકરાના ખિસ્સામાંથી છાનામાના ચણા કાઢી લીધેલા." એટલે મા વળતું પૂછતી, "તારા ખિસ્સામાંથી કોઈ આવી રીતે કાઢી લે તો તને ગમે ખરું કે?" હું ના પાડતો. એટલે મા કહેતી, "આપણી વસ્તુ કોઈ છાનુંમાનું કાઢી લે તો આપણને ન ગમે તો આપણાથી બીજાની વસ્તુ છાનામાના લેવાય ખરો કે?" એટલે અમે અમારો દોષ કબૂલ કરતા. આમ માએ નાનપણમાં અમને Introspection –આંતરનિરીક્ષણ કરવાની કેળવણી આપેલી. ત્યારે તો નાટક જેવું લાગતું. આજે તો એ એક ભવ્ય વસ્તુ બની ગઈ છે.

દુનિયાના લગભગ તમામ ક્રાંતિકારીઓ એક મુકામ પર આવીને ઊભા છે. ખંડિત વ્યકિતત્વનો (Split personality) ઉકેલ શો?

ગાંધી કહે છે, "પ્રાર્થના કરો. વિનોબા કહે છે, "મૌન રાખો.." શ્રી અરવિંદ કહે છે, " ધ્યાન કરો." કૃષ્ણમૂર્તિ કહે છે, Understand what is. વસ્તુસ્થિતિને સમજો. " રમણ મહર્ષિ કહે છે, " હું કોણ છું તે શોધો.". આલ્બર્ટ સ્વાઈટ્ઝર કહે છે, Keep silence. શાંત થાઓ."

આજે મનુષ્યમાં કર્મયોગને બદલે કર્મકાંડ વધી રહ્યો છે. ખેર, કર્મકાંડમાં ભારે ખતરો છે. આ સ્થિતિમાં જવાહરલાલને બદલે જયપ્રકાશ કે રાજાજી આવે તો યે સમશ્યા ઊકલે તેવી નથી. જ્યાં મનુષ્ય મૂઢ અને મૂર્છિત બની જાય છે ત્યાં કર્મ કાંડ પેદા થાય છે. જ્યાં મનુષ્ય જ્ઞાનમય, જાગૃત અને તટસ્થ બનતો જાય છે ત્યાં કર્મયોગ પેદા થાય છે. મૂઢતા સાથેનું કર્મ તે કર્મકાંડ અને જાગૃતિ સાથેનું કર્મ તે કર્મયોગ.

હમણાં રાજનીતિ અને અર્થનીતિની ચર્ચાઓ આપણા મિત્રો કરતાં હતા. ફલાણી વ્યકિત...જિદ્દી છે, એવી વાત થતી હતી. એનો શું અર્થ છે? A good mind is always palpable. But a silly mind is always conservative and invulnerable. સારું મન હંમેશાં પરિવર્તનશીલ અને સતત જાગૃતિવાળું હોય છે. જ્યારે જિદ્દી મન સ્થિતિચુસ્ત અને જડ હોય છે. આ palpable mind જો આપણી પાસે નહીં હોય તો આપણે રાજકારણ, સમાજકારણ યા અર્થકારણમાં અનેક ખતરાઓ પેદા કરીશું. A good mind is never opportunity-seeking, but constantly conscious and living સારું મન ખુશામતખોર કે તકસાધુ નથી હોતું, પણ સતત જીવંત અને જાગૃત હોય છે. એમાંથી જ totality of personality વ્યકિતત્વની સમગ્રતા શકય છે.

મુંબઈની પદયાત્રાએ નીકળ્યો છું. તો અવનવા અનુભવો યે થાય છે. એક ઘરમાં અમે ઊતરેલા. સારોયે દિવસ બારણાં બંધ ને બંધ. એક વાર મેં બહાર જતાં ઘરધણીને પૂછ્યું, "સામા ફ્લેટમાં કોણ રહે છે?" એ કહે, "બારણા ઉપરનું પાટિયું વાંચી લ્યો ને!" મેં એ વાંચી લીધું. પછી પૂછ્યું, "આ શું કરે છે? એમના કુટુંબમાં કોણ કોણ છે?" પેલા ભાઈ કહે, "જુઓ, આપણે એવી પંચાતમાં નથી પડતા. આપણે ભલા ને આપણો ફ્લેટ ભલો! બીજાની આપણે શી નિરબત?" એ સાંભળીને મને આશ્ચર્ય થયું. કૂતરાંયે એકબીજાનાં મોં સૂંઘે છે. કીડીઓ સામી મળે છે ત્યારે મોં સૂંઘવા જાય છે, જ્યારે માણસ માણસની સાથે રહે પણ એકમેકને ઓળખે નહીં, પિછાને નહીં, તો માણસ શેનો? એરિક ફ્રોમે બે પુસ્તક લખ્યાં છે, "The Sane Society" અને "Man for Himself" શાણો સમાજ અને સ્વઅર્થી મનુષ્ય. યુરોપ-અમેરિકાનું જીવતું જાગતું ચિત્ર એણે એમાં દોર્યું છે. અદ્યતન વિજ્ઞાનના આગમન પછી માણસ માણસથી વિખૂટો પડી રહ્યો છે. Nobody is responsible for anybody. કોઈ કોઈને માટે જવા-બદાર નથી. આ સ્થિતિમાં democracies લોકતંત્ર કેવી રીતે જીવશે? સર્વ કંપ રાજસત્તા કોના હાથમાં? લશ્કર અને સરકારના હાથમાં, રાજયસત્તા પબળ બનતી જાય છે અને લોક (People) દુર્બળ અને લાચાર બની રહ્યા છે. શિક્ષણ, આયોજન, સંરક્ષણ, પોષણ, ન્યાય - બધું રાજયના હાથમાં ચાલ્યું જાય છે. લોક લાચાર બનતા જાય છે. એટલા માટે ગાંધી–વિનોબા બૂમ પાડીને કહી રહ્યા છે કે–" "let us have a decentralised pattern of society." વિકેન્દ્રિત સ્વરૂપની સમાજવ્યવસ્થા ચાલો ઊભી કરીએ. લોકતંત્રમાં લોક મજબૂત બને અને રાજયસત્તા ક્ષીણ થતી જાય, એ અનિવાર્ય છે. પોષણ, શિક્ષણ, ન્યાય, આયોજન અને સંરક્ષણની જવાબદારી નીચેના સ્તરે સ્વીકારીને લોકસત્તાની સ્થાપના કરવી પડશે. ત્યારે ગાંધીજીની કલ્પના સાકાર થશે. હિંદસ્વરાજય પછી ગાંધીજી ગ્રામસ્વરાજયની સ્થાપના પર જોર દેતા હતા. એને સાકાર કરવા વિનોબાજી બાર વર્ષથી સતત ઘૂમી રહ્યા છે.

રશિયાનાં બે ભાઈ-બહેનોએ ૪૦-૫૦ મિનિટમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી. ૧૫-૧૭ વાર એમણે પરિક્રમા કરી. વિજ્ઞાને આવી પ્રચંડ તાકાત માણસના હાથમાં આપી છે. સ્થળ અને કાળનાં અંતરો ઘટતાં પૃથ્વી ફૂટબોલ જેવડી બની રહી છે. આ સ્થિતિમાં માણસ માણસથી અલગ રહે એ શી રીતે બનવાનું છે? તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન બન્નેય માનવીય ઐકય માટે પડકાર કરી રહ્યાં છે. સંસ્કૃતિનો વિકાસ કરવો હશે તો માણસે પારિવારિક જીવન તરફ ગયે જ છૂટકો છે. આલ્ડુસ હકસલીએ લખ્યું છે. "Participation in the life of one another is culture." એકબીજાના જીવનમાં ભાગીદાર થવું એ જ સંસ્કૃતિ છે. માણસે ઘરમાંથી મહોલ્લામાં અને ગામમાં કુટુંબભાવને ફેલાવવો પડશે. એટલા માટે વિનોબાજી ગામડામાં ગ્રામદાન અને શહેરોમાં મહોલ્લે મહોલ્લે સર્વોદયપરિવાર બનાવવા માટે જોરશોરથી સમજાવી રહ્યા છે. સુખદુઃખમાં ભાગીદાર થઈને જીવવું એનું નામ ગ્રામદાન અથવા ગ્રામપરિવાર છે. પાંચ હજાર ગામડાંએ એ દિશામાં કદમ ઉઠાવ્યાં છે. વીલેપાર્લે, સાંતાકુઝ, ખાર, વાલકેશ્વર વગેરે વિસ્તારોમાં સર્વોદયપરિવાર રચવાના પ્રયોગો ચાલી રહ્યા છે. દર અઠવાડિયે મહોલ્લાનાં ૨૫-૫૦ ઘરનાં ભાઈ-બહેનો ભેગાં મળીને રવિવારે એકાદ કલાક સમૂહ પ્રાર્થના, સમૂહ - ધ્યાન, સમૂહ -અભ્યાસ અને સમૂહજીવન જીવે. દરેક નાગરિક પોતાની આવકનો એક ભાગ મહોલ્લા માટે આપે. ૧૦૦ રૂપિયે ૧ રૂપિયો આપે. એક ભાઈ એનો હિસાબ રાખે. એમાંથી આપણા મહોલ્લાનો કોઈ માણસ ભૂખ્યો હોય તો ખવડાવીએ; બેકાર હોય તો કામધંધો આપીએ, રોજગારનાં સાધનો અપાવીએ; શિક્ષણ માટે પુસ્તકોફીની મદદ કરીએ; બિમારને દવા-સારવારનીગોઠવણ કરી આપીએ; ઝઘડો થાય તો અંદરોઅંદર મળીને ફેંસલો કરીએ. કોકવાર સમૂહ ભોજન અને સમૂહપર્યટન પણ કરી શકીએ. આમાંથી Community Life પરિવાર - જીવન પેદા થશે. લોકતંત્રની બુનિયાદ આ પરિવારમાં પડેલી છે.

સાંતાકુઝમાં ગોવિંદ પાંડુની કમકમાટી ઉપજાવે તેવી વાત સાંભળી. વાસણ માંજવા, કપડાં ધોવાં, પાણી ભરવું વગેરે કામ કરીને એ જીવતો હતો. બિચારા આ ઘાટીને ટી. બી. નો રોગ થયો. હવે કોણ એનું બેલી થાય? સૌ કામનાં સગાં! એ જનરલ હોસ્પિટલમાં ગયો. તો એને ટી. બી. હોસ્પિટલમાં જવાનું કહ્યું. એક ભાઈ દયાભાવથી એને શીવરી લઈ ગયા. ત્રણચાર કલાક એ બેસી રહ્યો. પણ કોઈએ દાદ દીધી નહીં. ટી. બી. હોસ્પિટલમાં યે એને જગ્યા ન મળી. એટલે કંટાળીને એણે રસ્તામાં પડતું મૂકયું. અને એના ફૂરચા ઊડી ગયા. માણસને માટે રાજય જવાબદાર નહીં, મહાજન જવાબદાર નહીં અને સમાજ પણ જવાબદાર નહીં, તો પછી બાકી રહ્યો અરબી સમુદ્ર! એટલા માટે જવાબદારી અને વફાદારીના તત્ત્વનો નીચેના સ્તર પર વિકાસ કરીને પરિવારો ઊભા કરવા પડશે. નહીં તો લોકતંત્રનાં મૂળિયાં ઊખડી જશે.

પરિણામે લશ્કરશાહી, સરમુખત્યારી કે એકાધિપત્યવાદની પકડમાં આપણે ભીંસાઈ જઈશું.

ત્રીજી વાત કરી લઈએ. મનુષ્ય અને પ્રકૃતિનો સંબંધ. વચ્ચે મને ફૂરસદ મળી ગઈ તો ચોપાટીની રેતી પર જઈને પ્રાર્થના કરી. અને શાંતિથી ધરતીમાતાની ગોદમાં પોઢી ગયો. પાછા ફરતાં કેટલાક ભાઈઓ મળી ગયા. સાહજિક મેં પૂછ્યું, "શું કામ દરિયે આવ્યા હતા?" એક જણ કહે– "ભેળ–પૂરી ખાવા." બીજો કહે, "મોઢા જોવા!" ત્રીજો કહે, "મુંબઈનાં ગટંગ જોવાં!" અરે, પણ આ સામે પેલો સાગર છે, એ જોયો કે નહીં?" મેં પૂછ્યું. પેલા કહે, "એમાં શું જોવાનું છે? પાણી જેવું પાણી!" માણસ સાગર, નદી, ફૂલ, ઝાડ, ફળ, ખેતરો વગેરેને જુએ છે એક વસ્તુ તરીકે. એની સાથે એનો ભાવનાત્મક સંબંધ મટી ગયો છે. મનુષ્ય ભોક્તા બની રહ્યો છે, સર્જક મટી રહ્યો છે. ત્યારે મને કૃષ્ણમૂર્તિ યાદ આવી ગયા.

એકવાર હું કૃષ્ણમૂર્તિને મળવા ગયેલો. ઘરમાં પૂછ્યું, તો જવાબ મળ્યો કે, એ બગીચામાં ગયા હશે. બગીચાના દરવાજા પાસે જઈને મેં જે દ્રશ્ય જોયું તે જોઈને મુગ્ધ બની ગયો. દુનિયાનો એક મહાન તત્ત્વચિંતક, દાર્શનિક અને યાત્રિક શું કરતો હતો? હાથમાં ઝારી લઈને એકેએક છોડને પાણી પીવડાવતો હતો. ક્યાંક પાંદડાં ખરી પડયાં હોય તો કચરાટોપલીમાં નાખી આવતો હતો. કયાંક ગોડ કરવો તો કયાંક કયારાની પાળી સમારવી. જાણે બસ પતંગિયું જ જોઈ લ્યો ને!" ફૂલડે ફૂલડે ફરે, પતંગિયું, ફૂલડે ફૂલડે ફરે." પ્રકૃતિની પૂજામાં એ તલ્લીન હતા. અડધોક કલાક રહીને એ બહાર આવ્યા. મેં એમને જોયા–બસ, man of action! સહજતાથી મેં પૂછ્યું, "Sir, what were you doing in the garden?" તમે બગીચામાં શું કરતાં હતા. એ મરકતા મરકતા કહે, "Oh, I was wooing with the beautiful flowers!" હું તો પેલાં સુંદર પુષ્પો સાથે સંવનન (પ્રેમ) કરતો હતો. આ સાંભળીને હું પ્રસન્ન થઈ ઊઠયો.

આમ આપણે ત્રણ બાબતોનો વિચાર કર્યો. મનુષ્યનું વ્યકિતત્વ વિચ્છિન્ન બની રહ્યું છે એટલા માટે સામૂહિક ધ્યાન આવશ્યક છે. મનુષ્ય મનુષ્યથી અલગ પડી રહ્યો છે. એમાંથી શુષ્કતા, નિરસતા અને પોકળતા પેદા થઈ રહ્યાં છે. એટલા માટે ગામડાંમાં ગ્રામદાન અને શહેરોમાં મહોલ્લા - પરિવાર બનાવીને પારિવારિક જીવન શરૂ કરવું પડશે. ત્રીજું, મનુષ્ય પ્રકૃતિથી વિમુખ બનતો જાય છે. ફળ-ફૂલ, શાકભાજી, પશુ-પંખી, વનસ્પતિ, સાગર એ બધી વિભૂતિઓ છે. એનું પોષણ, સંવર્ધન અને સિંચન કરીને તાદાત્મ્ય સાધીએ. પ્રકૃતિ અને મનુષ્યનું ઐકય સધાશે ત્યારે જ સૌંદર્ય પ્રગટ થશે. મનુષ્યમાં પડેલો સર્જકતાનો સ્રોત, આ ત્રણ બાબતોને અમલી બનાવીશું ત્યારે સહસ્રધારાએ ઉમટશે. ત્યારે જ મનુષ્ય આનંદનો અનુભવ કરશે.

કાયમી સરનામું : **–હરિશ વ્યાસ**
હરીશ વ્યાસ, ભૂમિપુત્ર, પશ્ચિમ ભારત સર્વોદય પદયાત્રા,
રાવપુરા, વડોદરા.

હિન્દુધર્મ અને જૈનધર્મ

(આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાન માળામાં આ એક જ વિષયમાં મુંબઈ, ખાર, અને અમદાવાદમાં તેના વિવિધ પાસાઓને લઈને બોલવાનું બન્યું હતું. સમયની મર્યાદા અને તત્કાળની સ્ફૂર્તિને અનુસરીને બધે ઠેકાણે જુદા જુદા મુદ્દાઓ વિષે બોલાયું હતું, પણ અહિં એ બધાનું વ્યવસ્થિત સંકલન આપવામાં આવ્યું છે.)

હિંદુ અને જૈન ધર્મ વિષે વ્યાખ્યાન દેવું એ સહેલું નથી. પ્રથમ તો પ્રશ્ન એ થાય છે કે હિંદુ ધર્મથી જૈન ધર્મને જુદો શા માટે પાડવો? શ્રી ધ્રુવસાહેબ જેવા જ્યારે હિંદુ ધર્મના ત્રણ ભેદ પાડે છે જેમ કે વૈદિક, જૈન અને બૌદ્ધ, ત્યારે પછી હિંદુથી જૈનને જુદો ધર્મ શા માટે ગણવો? શ્રી ધ્રુવસાહેબની આ વ્યાખ્યા માન્ય કરીને પણ મારે એ કહેવાનું છે કે ભારતમાં અને ભારત બહાર હિંદુ ધર્મ કહેવાથી બહુજનસમાજમાં જે વૈદિક ધર્મ વિશેષે પ્રચલિત છે તેનો જ બોધ થાય છે અને નહિ કે જૈન અને બૌધનો. આથી ભારતના બહુજનસમાજમાં જે વિશેષે પ્રચલિત છે તે વૈદિક ધર્મ એવો હિંદુ ધર્મ એ શબ્દનો સંકુચિત અર્થ મેં અહિં પ્રસ્તુતમાં વિવક્ષિત રાખ્યો છે અને એથી જૈન ધર્મ જુદો છે જ એ હવે કહેવાની જરૂર રહી નથી. વિદ્વાનો એ વાતમાં સંમત છે કે વૈદિક ધર્મના પ્રવાહમાંથી જૈન ધર્મનો ઉદ્‌ભવ નથી પણ એ એક સ્વતંત્ર ધર્મ છે. વધુ સંભવ તો એ છે કે ભારતમાં આર્યો આવ્યા તે પહેલાં–એટલે કે ભારતમાં વૈદિક ધર્મની આયાત થઈ તે પહેલાં પણ ભારતીય પ્રજામાં જે ધર્મ-પ્રવાહ હશે તેની સાથે જૈન ધર્મના પ્રવાહનો વધુ સુમેળ છે.

હિંદુધર્મનો વ્યાપક અર્થ

આમ આદિકાળની વાત જવા દઈએ તો પછીના કાળમાં વૈદિક અને જૈન–બૌદ્ધના પારસ્પરિક આદાન–પ્રદાનમાં તો એવું ઘણું બન્યું છે જે ઘણી બાબતોમાં જૈન ધર્મને ઋણી બનાવે છે. તો ઘણી એવી પણ બાબતો છે જેમાં વૈદિક ધર્મ જૈન ધર્મનો ઋણી છે. વૈદિક ધર્મનું આજનું રૂપ વેદકાળના પોતાના રૂપથી જે પ્રકારના પરિવર્તનને પામ્યું છે તેમાં જૈન–બૌદ્ધ ધર્મનો જેવોતેવો ફાળો નથી. વેદકાળના હિંસક યજ્ઞોને સ્થાને આજે આધ્યાત્મિક યજ્ઞોની વાત થાય છે તેમાં તીર્થંકર અને બુદ્ધની છાપ સ્પષ્ટ છે.–ચાર વર્ણમાં બ્રાહ્મણ જ શ્રેષ્ઠ અને તે જ સર્વેનો ગુરુ એવી જે ભાવના મૂળ વૈદિકની હતી તેને સ્થાને પાળે એનો ધર્મ એ ન્યાયે શુદ્ર પણ સંત બની પૂજાર્હ બને છે. આમાં પણ જૈન–બૌદ્ધ પ્રભાવ સ્પષ્ટ છે. ઉલટ પક્ષે જૈન ધર્મને અનુસરનાર સમાજમાં ઊંચ–નીચની વ્યવસ્થા વૈદિકોની ચતુર્વર્ણની વ્યવસ્થામાંથી નિષ્પન્ન થયેલ રૂપ છે. મંદિરોમાં મૂર્તિ સમક્ષ આડંબરી પૂજનો પ્રકાર પણ વૈષ્ણવ ધર્મને આભારી છે. આમ અનેક પ્રકારે આદાનપ્રદાન થયું છે અને દીર્ઘકાલિન વૈદિક–જૈન–બૌદ્ધના પારસ્પરિક આદાનપ્રદાનને કારણે ભારતમાં એ ત્રણે સંપ્રદાયોમાં ધર્મનું જે એક સર્વસામાન્ય રૂપ તૈયાર થયું તે જ હિંદુ ધર્મ. આ હિંદુ ધર્મ શબ્દ તેના વ્યાપક અર્થમાં છે અને તેવા ધર્મને લક્ષમાં રાખીને ડૉ. ધ્રુવ વગેરેએ હિંદુ ધર્મ શબ્દનો પ્રયોગ કર્યો છે અને તેના ત્રણ પ્રકારો વૈદિક, જૈન અને બૌદ્ધ એમ જણાવ્યા છે.

વ્યાપક હિંદુધર્મના સામાન્ય લક્ષણો

સંકુચિત એટલે કે, વૈદિક હિંદુધર્મની વાત કરતા પહેલા વ્યાપક હિંદુ ધર્મના કેટલાક લક્ષણોનો વિચાર કરીએ. જે ધર્મોનો ઉદ્‌ભવ હિંદુસ્તાનમાં થયો મનાય છે તે સર્વે હિન્દુધર્મમાં સમાવિષ્ટ છે. આમ જૈન-બૌધ તો હિન્દુસ્તાનની જ પેદાશ હોઈ હિન્દુ ધર્મ કહેવાય જ. વૈદિક આર્યો બહારથી આવ્યા પણ તેમણે વેદની સંહિતાઓનું સંકલન તો હિન્દુસ્તાનમાં જ કર્યું છે. આથી તેમનો ધર્મ પણ હિંદુધર્મ જ કહેવાય. પણ પછીના કાળમાં તો આ વૈદિક ધર્મે જ બહુજનસમાજમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. આથી હિન્દુઓના ધર્મની વાત જ્યારે કરવામાં આવે છે ત્યારે મુખ્ય રૂપે તે જ સમજાય છે. આથી હિન્દુધર્મનો સંકુચિત અર્થ વૈદિક ધર્મ અત્રે સ્વીકારવામાં આવ્યો છે. વ્યાપક હિન્દુધર્મના સામાન્ય લક્ષણો વિષે વિચાર કરવો ઉચિત છે. એટલે કે વૈદિક બૌદ્ધ અને જૈન ધર્મની કેટલીક સામાન્ય બાબતો વિશે વિચાર પ્રથમ કરી લઈએ. તે આ પ્રમાણે છે.

કર્મ અને પુનર્જન્મની માન્યતા, બંધ અને મોક્ષની માન્યતા, વિદ્યમાન અવસ્થામાં અસંતોષ અને એથી ઉચ્ચ-પરમોચ્ચ અવસ્થા અને તે પણ આધ્યાત્મિક દ્રષ્ટિએ – એમાં વિશ્વાસ અને એને પ્રાપ્ત કરવા ભક્તિ, ધ્યાન આદિ અનુષ્ઠાનોની મૌલિક એકરૂપતા, ઉકત પરમાત્મરૂપ જે વ્યકિતમાં નિષ્પન્ન થયું હોય તેવી વ્યકિતની

આરાધના ઈત્યાદિ. વળી શાસ્ત્રદૃષ્ટિએ જોઈએ તો એ ત્રણે સંપ્રદાયો સનાતન મનાયા છે. એટલે કે વસ્તુતઃ આ સંપ્રદાયો ક્યારે શરૂ થયા એનો ઈતિહાસ તે તે શાસ્ત્રો માનતા નથી. એમાં તો એવી માન્યતા છે કે એ ત્રણે કાળ પ્રવાહની સાથે સાથે વહ્યા કર્યા છે. હિંદુ-વૈદિક ધર્મમાં અવતારોદ્વારા ધર્મનું સાતત્ય છે તો જૈન બૌદ્ધમાં તીર્થંકરો અને બુદ્ધોની હારમાળાથી એ સાતત્ય સૂચવાયેલું છે. આ અવતાર અને જિનો કે બુદ્ધોની હારમાળા અનાદિ અનંત છે.

ધર્મનું સનાતન સત્ય

પણ આ ત્રણેની આવી માન્યતામાં ભલે ઈતિહાસનું સત્ય ન હોય પણ સત્યનું સત્ય તો છે જ. અને તે એ કે પ્રવાહમાં ધર્મના ભલે નવા નવા રૂપો થાય. પણ ધર્મનું સનાતન સત્ય બદલાતું નથી, અને તે એ કે **જીવનો શિવ સાથેનો સુમેળ બેસાડી દેવો.** અહિં શિવ શબ્દ મેં જાણીજોઈને વાપર્યો છે. શિવનો સામાન્ય અર્થ કલ્યાણ થાય છે અને વિશેષ અર્થ કલ્યાણકારી દેવ પણ થાય છે. ધર્મના સનાતન સત્યમાં આ બન્ને અર્થની સંગતિ છે. યોગ અને ભક્તિ એ ધર્મના બે પ્રવાહો છે. યોગ શબ્દમાં પણ બે અર્થો રહેલા છે. પોતાના આત્મા સાથે જોડાઈ જવાની પ્રક્રિયા એ જેમ યોગ છે તેમ પરમાત્મા સાથે જોડાઈ જવાની પ્રક્રિયા પણ યોગ છે. પરમાત્મા એ પોતાનો વિશુદ્ધ આત્મા માનવામાં આવે કે તેથી જુદો – એ કારણે તેની પ્રક્રિયામાં કશો જ ભેદ પડતો નથી. એ બન્ને સ્થિતિમાં પોતાના આત્મામાંથી રાગ-દ્વેષાદિ આસુરી વૃત્તિઓનો સમૂળો નાશ કરી નાખવો એ પરમ આવશ્યક છે. એમ થયે સાધક પોતાના આત્મા રૂપ પરમાત્માને પામે કે પછી પોતાથી ભિન્ન પરમાત્માને પામે એ બાબત ગૌણ બની જાય છે. પણ તેને એક વાર સ્વાત્માને તો નિર્મળ કરવો જરૂરી જ છે. અને એ બીજું કશું જ નહિ પણ સ્વાત્મોપલબ્ધિ જ છે. ભક્તિ વિષે પણ આપણે સમજી લેવું જોઈએ કે સાધક પરમાત્માને પોતાથી જુદો માનીને પણ ભક્તિ કરી શકે છે અને સ્વાત્માને પરમાત્મા માનીને પણ ભક્તિ કરી શકે છે. ધ્યેયમાં થોડો ભેદ એ પડશે કે ભક્તિના ફળ રૂપે એકમાં સ્વાત્મોપલબ્ધિ કરવાની હોય છે તે બીજામાં સ્વાત્માથી ભિન્ન પરમાત્માની ઉપલબ્ધિ કરવાની હોય છે. પણ એ બન્ને સ્થિતિમાં સ્વાત્માની વિશુદ્ધિ તો અનિવાર્ય જ છે. એટલે કે સ્વાત્મોપલબ્ધિ તો અનિવાર્ય જ છે. અને એ જ ભક્તિની પ્રક્રિયામાં મુખ્ય છે. એ વિના ભક્તિ નિષ્ફળ જાય છે. સ્વાત્મોપલબ્ધિ થઈ એટલે એકને કૃતકૃત્યતા લાગે છે, જ્યારે બીજો એ ઉપરાંત પરમાત્માને પણ પામે છે, તેના સામુજ્યનો આનંદ મેળવે છે. બન્નેનો આનંદ એ આનંદ જ છે. ભેદ એ છે કે એકને બ્રહ્મ કે આત્મરમણમાં જે આનંદ મળે છે તે બીજો પરમાત્માની સામુજ્યતામાંથી મેળવે છે. ધર્મતત્ત્વના આ સનાતન સત્યને જો બરાબર સમજવામાં આવે તો આગળ ધાર્મિક ક્રિયાકાંડો અને વિધિવિધાનોની જે નાના પ્રકારની પ્રક્રિયા શરૂ થઈ છે તે બધાંનું સામંજસ્ય સમજવામાં જરા પણ મુશ્કેલી ઊભી થવા સંભવ નથી.

ઐતિહાસિક અને સાધક

આમ ધર્મો સનાતન હોવાની માન્યતા તે તે ધર્મોની છે પણ તેથી કાંઈ ઈતિહાસના વિદ્વાનોને સંતોષ થાય નહિ. તેઓ તો ધર્મોના ઈતિહાસના ચૂંથણા ચૂંથવાના જ. જેને ધર્મમાં રસ નથી પણ ઈતિહાસમાં રસ છે એટલે કે ધાર્મિક સાધના સ્વયં કરવામાં રસ નથી પણ તટસ્થ ભાવે ધાર્મિક માન્યતાઓના ઉત્થાન-પતનના ઈતિહાસને જાણવામાં રસ છે. તેઓને એ ધર્મોની સનાતનતામાં શંકા ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે. ધાર્મિક પુરુષની શ્રદ્ધા તેને આગળ વધારે છે ત્યારે ઐતિહાસિકની જિજ્ઞાસા તેને અનેક ઠેસો ખવરાવ્યા પછી જ નવાં નવાં ક્ષેત્રો ઊઘાડી આપે છે. ધાર્મિક પુરુષને એ જોવાની જરૂર નથી કે જે ધાર્મિક અનુષ્ઠાન હું કરું છું તે ક્યારથી શરૂ થયું છે. પણ તે માત્ર એટલું જ જુવે છે કે આ મારું અનુષ્ઠાન મને ધ્યેય પ્રતિ અગ્રસર કરે છે કે નહિ. ત્યારે ઐતિહાસિકને એની સાથે બહુ સંબંધ નથી. એ તો એ અનુષ્ઠાનનું મૂળ તપાસવામાં રસ ધરાવે છે. આથી ધાર્મિક પુરુષને આત્મસાક્ષીએ પતી જાય છે પણ ઐતિહાસિકને અનેક પ્રકારની સાક્ષીઓની જરૂર પડે છે. આથી બને છે એમ કે જે બાબત ધાર્મિક પુરુષને સાવ સાદા અંતિમ સત્ય તરીકે માન્ય હોય છે તેને ઐતિહાસિક કાલિક કે દૈશિક સત્ય તરીકે સ્વીકારતા પહેલાં પણ તેની અનેક સાક્ષીએ ચકાસણી કરીને જ આગળ ચાલે છે. આત્માને ઠગવો સહેલો નથી. આત્મપ્રત્યયથી વિરુદ્ધ વર્તનારને એક ડંખ તો રહે જ છે. એટલે આત્માના અવાજને દાબી શકાતો નથી. આથી ધાર્મિક પુરુષ જો તે ખરેખર ધાર્મિક હોય તો આગળ ને આગળ જ વધે છે. આત્મ-વંચના જ કરવી હોય અને આત્માના અવાજને દાબી દઈને જ ધાર્મિક કહેવરાવવું હોય તો વાત જુદી છે. પણ આત્માનો અવાજ ધાર્મિક પુરુષને માર્ગ બતાવે છે એમાં શક નથી. આથી ઊલટું ઈતિહાસના સાક્ષીઓમાં આત્મપ્રત્યયનો જે લાભ છે તે મળતો નથી અને ઐતિહાસિક પોતાના ગમા-અણગમાને આધારે મોટે ભાગે આગળ વધતો હોય છે. આથી અનેક બાબતો વિષે સમાન સામગ્રી છતાં મતભેદોને અવકાશ મળે છે. આ જ કારણને લઈને ધર્મના ઐતિહાસિક આલોચનમાં ઐકમત્ય સ્થાપી શકાયું નથી. પણ અહિં જે કહેવામાં આવશે તે અધિકાંશ ઐતિહાસિકોને માન્ય છે એવું જ મોટે ભાગે કહેવાશે. આમાં ધાર્મિકોની લાગણી કે માન્યતાને દુભવવનો જરાય ઈરાદો નથી.

પ્રસ્તુત ચર્ચાની મર્યાદા

આટલી સામાન્ય ભૂમિકા પછી હવે હિંદુધર્મ એટલે કે અહીં વિવક્ષિત વૈદિક ધર્મ અને જૈન ધર્મની કેટલીક બાબતો વિષે વિચાર કરવો છે.

હિન્દુધર્મ એ એક વિશાળ વટવૃક્ષ છે. જેની વડવાઈઓ એટલે કે સંપ્રદાયો એટલા બધા ફેલાઈ ગયા છે કે તેનું મૂળ શોધવા જતાં અટવાઈ જવાય એવું છે. છતાં પણ તેના પ્રચલિત પ્રધાન રૂપને નજર સમક્ષ રાખી વિચાર કરવાનો છે.

આમ તો શૈવ, વૈષ્ણવ આદિ અનેક સંપ્રદાયો હિન્દુસ્તાનમાં ઊભા થયા છે અને પ્રચારમાં આવ્યા છે. પણ હિન્દુધર્મમાં કૃષ્ણભક્તિએ જે ઉચ્ચ આસન જમાવ્યું છે તે સ્પષ્ટ છે અને એક રીતે જોઈએ તો કૃષ્ણભક્તિમાં જ ગીતાએ સૌની ભક્તિનો સમાવેશ કરી લેવાની ઉદારતા દાખવીને જે સૌનો સમન્વય કર્યો છે તે જ આજના હિન્દુધર્મનું પ્રધાનરૂપ કહી શકાય. આથી અહિં ગીતામાં નિષ્પન્ન એ હિન્દુધર્મનું રૂપ કઈ કઈ ભૂમિકામાંથી પસાર થયું છે તે બાબત મુખ્ય રૂપે હિંદુધર્મની વિવેચનામાં કહેવામાં આવશે. અને જૈન ધર્મના વિચારમાં, સાહિત્ય, પ્રવર્તક પુરુષો આચારવિચાર અને સંપ્રદાયો એ મુદ્દાઓ વિષે હિન્દુધર્મની તુલના કરીને વિવેચન કરવાનો ઈરાદો છે.

અપૂર્ણ

દલસુખ માલવણિયા

વિષયસૂચિ

		પૃષ્ઠ
ગાંધીજી વિષેના સંસ્મરણો	શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત	૧૩૫
પારસમણિના સ્પર્શે	લાભુબહેન મહેતા	૧૩૯
સમાજ અને સાધના	હરિશ વ્યાસ	૧૪૧
હિંદુધર્મ અને જૈનધર્મ	દલસુખ માલવણિયા	૧૪૩

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩
મુદ્રણસ્થાન: ધી રેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રમુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડિસેમ્બર ૧, ૧૯૬૩, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

થૉરો: એક નૉનકૉન્ફૉર્મિસ્ટ

[૧૯૬૨ના મે માસની છઠ્ઠી તારીખ—અમેરિકાના સુપ્રસિદ્ધ તત્વવિવેચક સ્વ. હેન્રી ડેવીડ થૉરોની મૃત્યુતિથિ—ના રોજ ન્યૂયૉર્ક યુનિવર્સિટીમાં આવેલા "The Hall of Fame for Great Americans' 'મહાન અમેરિકનો માટેના કીર્તિમંદિર'—માં થૉરોની આરસપ્રતિમાના અનાવરણ પ્રસંગે યુનાઈટેડ સ્ટેટ્સ ખાતેના ભારતના એલચી શ્રી બી. કે. નહેરુ (શ્રી બ્રિજકિશોર નહેરુ)એ આપેલા વ્યાખ્યાનના અનુવાદ અંગે થોડુંક પ્રાથમિક વિવેચન આવશ્યક છે.

આ વ્યાખ્યાન મારી પાસે લગભગ એક વર્ષથી પડ્યું હતું. તે વ્યાખ્યાન મારાં વાંચવામાં આવ્યું ત્યારથી હું તે વિષે મુગ્ધ બનેલો અને પ્રબુદ્ધ જીવનના વાચકો માટે તેનો અનુવાદ કરવાની મનમાં ઈચ્છા સ્ફૂરેલી. પરંતુ મૂળ અંગ્રેજી વ્યાખ્યાન અર્થસઘન—ટૂંકાણમાં ઘણું સમાવતું—હોઈને તેનો અનુવાદ કરવાનું કામ મારા માટે ઘણું કઠણ લાગ્યું અને તેથી આ માટે હું કોઈ યોગ્ય વ્યકિતની શોધમાં રહ્યો. પણ આજ સુધીમાં એવો કોઈ યોગ ન થયો અને આખરે એ કપરું કામ મેં જ હાથમાં લીધું. પ્રસ્તુત અનુવાદને સુવાચ્ય બનાવવા માટે મેં શકય તેટલો પ્રયત્ન કર્યો છે. એમ છતાં પણ પરિણામની સફળતા વિષે હું સાશંક છું.

આ ભાષણનું મથાળું 'Thoreau : the Nonconformist' એ મુજબનું છે. આમાં 'નૉનકૉન્ફૉર્મિસ્ટિ' એ શબ્દનો ગુજરાતી પર્યાય શોધવા—ઘડવા—નકકી કરવા—મેં ઘણી મથામણ કરી. 'કંઠી મુકત' એવો શબ્દસમાસ એક મિત્રે સૂચવ્યો, પણ અંગ્રેજી શબ્દના અર્થ ગૌરવને ધ્યાનમાં લેતાં એ શબ્દ હળવો લાગ્યો અને મનમાં બરોબર બેઠો નહિ. ચાલુ રીતરસમ, રૂઢિ કે માન્યતા પ્રચલિત અને બહુજન સ્વીકૃત છે એ કારણે, જેને તે રીતરસમ, રૂઢિ અથવા તો માન્યતા સ્વીકાર્ય નથી અને એ જ રીતે કોઈ ધાર્મિક કે રાજકીય સત્તા, તે પોતા ઉપર લદાયલી છે એ કારણે, જેને માન્ય નથી તેને 'નાસ્તિક' શબ્દથી ઓળખાવવો હોય તો ઓળખાવી શકાય. પણ 'નાસ્તિક' શબ્દ ઈશ્વર વિષે અનાસ્થા સૂચવતો હોઈને 'નૉનકૉન્ફૉર્મિસ્ટ' શબ્દના પર્યાય તરીકે સંતોષ આપતો નથી. ગુજરાતી પર્યાય તરીકે 'પરંપરાનિરપેક્ષ' શબ્દ સૂઝે છે, પણ નૉનકૉન્ફૉર્મિસ્ટ શબ્દનો સમગ્ર અર્થ તે દ્વારા સૂચવાય છે કે કેમ તે વિષે પણ મન શંકા અનુભવે છે. સ્વાયત્ત શાસન અથવા તો આત્મશાસન અથવા તો સ્વશાસિત—આવા શબ્દસમાસો ધ્યાન ઉપર આવે છે, પણ નૉનકૉન્ફૉર્મિસ્ટ શબ્દમાં જે નકારભાવ અથવા તો નિષેધભાવ ઉપર ભાર રહેલો છે તે આ શબ્દ-સમાસમાં વ્યકત થતો નથી. આમ આ અંગ્રેજી શબ્દનો સંતોષકારક ગુજરાતી પર્યાય નિશ્ચિત થઈ શકયો નથી. ભાષાશાસ્ત્રીઓ કોઈ યોગ્ય પર્યાય સુઝાડશે તો હું આભારી થઈશ.

સમાજનાં તથા સંપ્રદાયનાં બધાં બંધનો ફેંકી દઈને મનસ્વીપણે વિચરનાર કોઈ પણ સ્વૈરવિહારીને પ્રસ્તુત શબ્દથી ઓળખાવવો ઉચિત નથી. જો એમ કરીએ તો પોતાના ભૌતિક ભોગવિલાસ ખાતર મનમાં ફાવે તેમ વર્તનાર કોઈ પણ સ્વચ્છંદી વ્યકિતને પણ 'નૉનકૉન્ફૉર્મિસ્ટ' કહેવી પડે. 'નૉનકૉન્ફૉર્મિસ્ટ' શબ્દ દ્વારા એવી વ્યકિત સૂચિત છે કે જે ઈશ્વરને અથવા તો સર્વસાધારણ એવા પરમ ચૈતન્યને—આત્મતત્વને—સ્વીકારે છે, જેનું જીવન સત્યપરાયણ હોય છે, જેની રહેણીકરણી ચોક્કસ આદર્શને અનુસરે છે અને એમ છતાં પ્રચલિત સામાજિક કે રાજકીય રહેણીકરણીના ચોગઠામાં જકડાવાની જે ચોખ્ખી ના કહે છે. જે, જ્યારે પોતાનો અંતરનો અવાજ અને પ્રતિષ્ઠિત સમાજકારણ તેમ જ રાજકારણના આદેશ યા અનુશાસન વચ્ચે અથડામણ ઊભી થતાં, અંતરના અવાજને અનુસરવાનું પસંદ કરે છે અને એમ કરવા જતાં સમાજ કે રાજ્ય તરફથી આવતી ગમે તેવી યાતનાઓને પ્રસન્ન ચિત્તે અને નિર્વૈર ભાવે સહી લે છે—આવી જે વ્યકિત હોય તેને જ આપણે 'નૉન-કૉન્ફૉર્મિસ્ટ તરીકે બિરદાવી શકીએ. આવી વ્યકિતઓ જ સમાજમાં ક્રાંતિ સર્જે છે અને જીવનપદ્ધતિના—રહેણીકરણીના—નવા ચીલા પાડે છે અને સ્થગિત બનેલા સમાજને પ્રગતિના—નવજીવનના—પંથે દોરે છે. આવી વ્યકિતનો અંતરનો અવાજ એ કોઈ બુદ્ધિનો સામાન્ય તર્ક કે તરંગ નથી હોતો. તે પાછળ સમાજ માટે ઈષ્ટ અને આવશ્યક એવા પરિવર્તનનું—નવા વળાંકનું—દર્શન અથવા તો સૂચન હોય છે. આજે આવી વ્યકિત એકલી ચાલે છે! આવતી કાલે સમાજ તેણે પાડેલા નવા ચીલાને અનુસરે છે.

આ 'નૉનકૉન્ફૉર્મિસ્ટ,' પરંપરાપ્રાપ્ત દરેક પ્રણાલિનો અનાદર કરે છે અથવા તો પ્રતિષ્ઠિત હકુમતનો હંમેશાં ઈન્કાર જ કરે છે એમ નથી. તેની પાસે દરેક પ્રણાલિના ઔચિત્ય—અનૌચિત્ય—અંગે નિર્ણય કરવાનો ચોક્કસ સ્વતંત્ર—અન્ત: પ્રતિષ્ઠિત, માપદંડ હોય છે. તે માપે માપતાં જે ઉચિત લાગે તે તેના માટે સ્વીકાર્ય—અનુસરવા યોગ્ય—બને છે; જે અનુચિત લાગે તે તેના માટે અસ્વીકાર્ય—ન અનુ-સરવા યોગ્ય—બને છે. એવી જ રીતે જે કોઈ હકુમતથી પોતે શાસિત હોય છે તે હકુમત જ્યાં સુધી ન્યાયનીતિના માર્ગે ચાલતી હોય ત્યાં સુધી તેને તે પૂરો સહકાર આપે છે; જ્યારે પણ તે હકુમત ન્યાય નીતિના માર્ગથી અન્યથા ચાલતી હોવાની તેને પ્રતીતિ થાય છે ત્યારથી તે સામે તેનો અસહકાર શરૂ થાય છે અને આવો અસહ-કાર તે હકુમતના અઘટિત એવા કાનૂનભંગ દ્વારા અથવા તો અહિંસક એવા કોઈ પ્રતિકાર દ્વારા અમલી બને છે. મહાત્મા ગાંધીનું ચરિત્ર કે જે આપણી સામે મોજુદ છે અને જે આપણામાંના અનેક માટે પ્રત્યક્ષ અનુભવનો વિષય છે તેમાં આવા એક મહાન 'નૉન-કૉન્ફૉર્મિસ્ટ'નું—અંતરના આદેશને પ્રાધાન્ય આપીને વિચરવાનો સદૈવ આગ્રહ રાખનારી એવી વ્યકિતનું—આપણને પ્રેરણાદાયી દર્શન

થાય છે. પ્રસ્તુત લેખ થૅારોએ રોપેલા વિચારબીજને ગાંધીજીએ કેવી રીતે અપનાવ્યું, સંવર્ધિત કર્યું અને વ્યવહારુ આકાર આપીને વાસ્તવિકતાના ક્ષેત્ર ઉપર તેનું અવતરણ કર્યું તે સમગ્ર વિચારણાનું વિશદ નિરૂપણ કરે છે અને ચોતરફથી રુંધતા ગૂંગળાવતા, દાબી દેતા એવા રાજકીય, આર્થિક તેમ જ સામાજિક અનુશાસનને વીંધીને વ્યક્તિના વ્યક્તિત્વને પુન : પ્રતિષ્ઠિત કરવાની કેટલી જરૂર છે તે બાબત તરફ સમાજના ડાહ્યા, શાણા અને સમજુ લેખાતા મહાનુભાવોનું ખાસ ધ્યાન ખેંચે છે. **પરમાનંદ]**

૧૮૬૨ના મે માસની છઠ્ઠી તારીખે હેન્રી થૅારોના દેહનો, જ્યાં તેણે પોતાના જીવનનો ઘણો મોટો ભાગ પસાર કર્યો હતો એવી કૉન્કૉર્ડની–ઘટ્ટ વનરાજીથી ભરેલી–પર્વતમાળામાં, અંતિમ વિધિ કરવામાં આવ્યો હતો. ૧૦૦ વર્ષ બાદ આ વિશાળ મહાનગરમાં તે મહાપુરુષને આપણા દિલની આદર–અંજલિ આપવા માટે અને આ Hall of Fameમાં–આ કીર્તિમંદિરમાં–તેની પ્રતિમાનું અનાવરણ કરવા માટે અને આરસની તખ્તી ઉપર તેના ચિરસ્મરણીય નામને અંકિત કરવા માટે આપણે એકત્ર થયા છીએ. થૅારોના મૌલિક તત્વપ્રદાનના સનાતન મૂલ્યનો આ રીતે આપણે જાહેર સ્વીકાર કરીએ છીએ. સાથે સાથે એ હકીકતનો પણ આપણે સ્વીકાર કરીએ છીએ કે, એક જાણીતા મોટા અમેરિકન સામયિકમાં જણાવવામાં આવ્યું હતું તે મુજબ 'એક મનસ્વી વ્યક્તિતત્વવાદી અમેરિકનના વિચારો... દુનિયાભરમાં ફેલાઈ ચૂક્યા છે અને પીડિત, દલિત પ્રજાજનોને પ્રતિકાર કરવા માટે ઉર્ધ્વ કક્ષાનું માર્ગદર્શન તે દ્વારા પ્રાપ્ત થયું છે.'

આ ઐતિહાસિક અવસર ઉપર ભારતના એલચી તરીકે મને મુખ્ય પ્રવચન કરવાનું નિમંત્રણ આપીને આપે મારા દેશનું વિશિષ્ટ પ્રકારે બહુમાન કર્યું છે. આ બહુમાનની હું અંતરના ઊંડાણથી કદર કરું છું, અને એથી પણ વધારે, જે મહાપુરુષની પુણ્યસ્મૃતિને અર્ઘ્ય આપવા બદલ હું એક પ્રકારની કૃતાર્થતા અનુભવું છું તે એ પુરુષ છે કે જેમણે, પુરાણા હિંદુ ધર્મશાસ્ત્રોમાં રહેલા માનવ આત્માના અનન્ય સ્વત્વ અંગે જે નિદાન કરવામાં આવ્યું છે તે નિદાનમાંથી, પ્રેરણા મેળવી છે, એટલું જ નહિ પણ, "સત્યના આચરણ અંગે અંત:કરણની પ્રતીતિ સિવાયની સર્વ કોઈ સત્તા યા હકુમતની જે માનવી અવગણના કરે છે, ઉપેક્ષા કરે છે એવા માનવી મનના અંતરતમ તત્ત્વ તરીકે" પ્રૉફેસર લાસ્કીએ જેને ઓળખાવ્યું હતું, તે તત્ત્વની રાજકારણી સમાજમાં જેમણે પ્રતિષ્ઠા કરી છે. આપણા બંને દેશોને જોડનારી અનેક બાબતો છે અને એ જોડાણ કંઈ કાળ સુધી ટકી રહે તેવું છે. વળી આ બંને દેશોની એ આદર્શોમાં સમાન આસ્થા છે કે જે આદર્શોને આપના Declaration of Independence માં–સ્વાતંત્ર્યના જાહેરનામાં–સરસ રીતે અંતર્ગત કરવામાં આવ્યાં છે. વળી, આ ઉપરાંત ગઈ સદીમાં કૉન્કૉર્ડમાંથી જે વિચારસરણી પ્રસારિત થઈ હતી તે વિચારસરણી અને ભારતના અદ્યતન આકાર વચ્ચે પણ ઘનિષ્ટ સંબંધ રહેલો છે. એક બાજુએ થૅારોના પોતાના પુસ્તકાલયમાં ભારતીય તત્વજ્ઞાનને લગતાં સંખ્યાબંધ પુસ્તકો હતાં અને તેના વિચારવિકાસ ઉપર આ ભારતીય તત્ત્વસાહિત્યની સ્પષ્ટ અસર પડી હતી. બીજી બાજુએ થૅારોની વિચારસરણીનો અદ્યતન ભારતના મહાન શિલ્પી મહાત્મા ગાંધી ઉપર પણ ભારે ગંભીર પ્રભાવ પડ્યો હતો અને તેના પરિણામે, આજે આમારી રાષ્ટ્રીય ચેતના જે તત્ત્વોની બનેલી છે તેમાં થૅારોની વિચારસરણી અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. થૅારોના વ્યક્તિલક્ષી અને સમાજલક્ષી તત્ત્વદર્શનમાંથી પોતે શું અપનાવ્યું છે તે વિષે ગાંધીજીએ મુક્તકંઠે અનેક વાર એકરાર કર્યો છે. પોતે થૅારોના લખાણોથી કેટલા બધા પ્રભાવિત હતા તે વિષે ૧૯૪૨ના જુલાઈ માસ દરમિયાન અહિંના રાજપ્રમુખ રૂઝવેલ્ટ ઉપરના પત્રમાં ગાંધીજીએ ખાસ ઉલ્લેખ કર્યો હતો; તદુપરાંત અમેરિકન પ્રજાજોગા એક જાહેર પત્રમાં તેમણે લખ્યું હતું કે, "આપે થૅારો દ્વારા એક એવા ગુરુની મને પ્રાપ્તિ કરાવી છે કે જેમણે પોતાના "The duty of Civil Disobedience"–'સવિનય કાનૂનભંગનો ધર્મ'–એ મથાળાના નિબંધ મારફત હું જે કરી રહ્યો છું તેનું વૈજ્ઞાનિક સમર્થન પૂરું પાડ્યું છે...." તેથી ગાંધીજીના દેશના એક પ્રતિનિધિ તરીકે થૅારોના આત્માને અંજલિ આપવા માટેની મારી અહિં ઉપસ્થિતિ સર્વ પ્રકારે ઉચિત લાગે છે.

માનવીસમાજના ઈતિહાસ અને વિકાસક્રમના અનેક કોયડામાંનો એક ખાસ ધ્યાન ખેંચે એવો કોયડો એ છે–અને તેની સુખદ, આશાસ્પદ, ઉજળી બાજુ પણ છે જ–કે સમાજની રચના જેમ જેમ વધારે ને વધારે જટિલ બનતી જાય છે અને સમાજની સર્વ કોઈને આવરી લેતી પ્રકૃત્તિ અને સર્વભક્ષીવૃત્તિ વ્યકિત ઉપર પોતાનું જેમ જેમ વધારે ને વધારે પ્રભુત્વ જમાવતી જાય છે તેમ તેમ એ જ પ્રક્રિયા માનવીના અંત:કરણના પ્રખર વ્યક્તિતત્વને આગળ ધરે છે, આગળ ધકકેલે છે. જેમ જેમ સમાજનો સર્વકોઈને એક ઢાળામાં ઢાળવાનો–સ્વભાવ ચોતરફ ફેલાતો જાય છે તેમ તેમ જેને પુરાણા હિંદુઓ 'આત્મન્' શબ્દથી ઓળખતા હતા તે વ્યકિતગત આત્માનો તે સામેનો વિરોધ પણ વધારે સ્પષ્ટતા, વધારે ઉગ્રતા, ધારણ કરતો જાય છે. આજે Spirit of non–conformityની ચાલુ ચીલાઓના ચોગઠાબંધીના ઈનકારની–અસ્વીકારની–ભાવના છે તેણે આધ્યાત્મિક તેમ જ આધિભૌતિક ક્ષેત્રમાં માનવપ્રગતિની પ્રક્રિયાને વધારે વેગવાળી–વધારે સામર્થ્યવાળી–બનાવી છે. ચીનની પૂરાણી વિચારણામાં blooming of many flowers–અનેક પુષ્પોની સ્વતંત્ર ખીલવટ – ના ઉલ્લેખ પાછળ જે મુકત વ્યકિતત્વનો ભાવ રહેલો છે, બુદ્ધ અને શંકરાચાર્ય જેવી મહાન વ્યકિતઓ દ્વારા હિંદુ તત્વજ્ઞાનનું સમયના ગાળે ગાળે જે સંસ્કરણ થતું રહ્યું છે, જીસસ ક્રાઈસ્ટ દ્વારા માનવીના આત્માનું જે પુનરુત્થાન થયું છે, યુરોપમાં Dark Ages–અંધકારપૂર્ણ યુગ–બાદ ખ્રિસ્તી ચર્ચમાં જે ધર્મસુધારણાની હીલચાલ ઊભી થઈ છે, રાજકારણના ક્ષેત્રે પહેલાં યુરોપમાં, પછી આ દેશમાં અને પછી તાજેતરમાં પરાધીનતામાંથી ઊંચે આવતા સંસ્થાનોમાં સરમુખત્યારશાહીને અથવા તો પરદેશી હકુમત પ્રત્યેની અધીનતાને ઉથલાવી નાખતી જે નવજાગૃતિનું દર્શન થાય છે – આ બધાનો, જો તેના પાયામાં રહેલા તત્ત્વના સંદર્ભમાં, વિચાર કરવામાં આવે તો, માલુમ પડે છે કે, આ બધી ઘટના વ્યકિતગત અંત:કરણની ક્રિયાશીલ તાકાતની સૂચક છે અને જે વ્યવસ્થા અન્યાયપૂર્ણ બની જાય છે, તે વ્યવસ્થાને નિર્મૂળ કરવામાં તે તાકાત કેવો મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી શકે છે તેની આબાદ નિદર્શક છે.

થૅારો અને ગાંધીજી બન્ને મોટા નૉનકૉન્ફૉર્મિસ્ટ હતા, પરંપરા–નિરપેક્ષ માનસ ધરાવતા અને અંતરના અવાજને સદા પ્રાધાન્ય આપતા મહામાનવો હતા. થૅારો એવા દેશમાં જન્મ્યો, વસ્યો અને કામ કર્યું કે જે દેશની રાજકારણી માન્યતા એકહથ્થુ જુલ્મી સત્તાનો સામનો કરવાના પ્રજાના અબાધિત અધિકારને સ્વીકારતી. સાઉથ કેરોલીનામાં આવેલા જ્યૉર્જટાઉનની ગ્રાન્ડ જ્યુરીએ ૧૭૭૬માં જે રીતે જાહેર કર્યું હતું તે મુજબ "જ્યારે લોકોને...માલુમ પડે કે, તેમના શાસકોની દુષ્ટતા અને ભ્રષ્ટતાને લીધે, જે કાયદાઓ તેમના પવિત્ર અને અનુલ્લંઘનીય અધિકારોનું રક્ષણ કરવાને સરજાયા હતા તે કાયદાઓનો જુલ્મ કરવાના–લોકોનું દમન કરવાના–સાધન તરીકે દુરૂપયોગ કરવામાં આવે છે અને જ્યારે દરેક સામાજિક અનુબંધનું અને સર્વસામાન્ય ન્યાયનાં બંધનોનું ઉલ્લંઘન કરીને, પ્રજાનું શાસન કરવા

માટે, અને રક્ષણ કરવા માટે નિયુક્ત કરવામાં આવેલા શાસકો લોકોને ગુલામ બનાવવા માટે અને તેમનું નિકંદન કાઢવા માટે ગમે તેવા ઉપાયો હાથ ધરે છે, ત્યારે આ અન્યાયયુક્ત અને અધર્મમય દુ:શાસનમાંથી બચવા માટે તેમ જ આત્મરક્ષા માટે જરૂરી હોય એવા બધા ઉપાયો હાથ ધરવા એ લોકોનો આબાધિત હક્ક છે. એમ કરવું તે માનવીસ્વભાવ અને ઈશ્વરના કાયદા સાથે સર્વપ્રકારે સંવાદી અને સુસંગત છે."

એ દેશ કે જ્યાં સરકારની સત્તા અનેક રીતે મર્યાદિત હતી, જ્યાં એકહથ્થુ સત્તા અનેક રીતે નિયંત્રિત હતી, જ્યાં શાસકના સર્વ કાર્યો માટે ધારાસભા મારફત શાસિત વર્ગની અનુમતિ આવશ્યક હતી, અને આઝાદી પહેલાના ભારતમાં પ્રવર્તમાન હતું તે મુજબ જ્યાં માનવીમાં રહેલી સચ્ચાઈ અને સત્ત્વલક્ષી વૃત્તિમાં બળવો જગાડે–પેદા કરે–એવી કોઈ આપખુદ સત્તાનું જ્યાં કોઈ આક્રમણ સંભવતું નહોતું એવા દેશમાં થૉરો જેવી બળવાખોર–ક્રાંતિકારી–વ્યકિત પેદા થાય એ કાંઈક આશ્ચર્યજનક છે. અને એમ છતાં થૉરોનો એ દેશમાં જ ઉદ્‌ભવ થયો એ હકીકત છે.

કાનૂનભંગના – કોઈ પણ પ્રકારના પ્રતિકારના ઔચિત્ય અંગે થૉરોના આગમન સુધીના કાળમાં જે ખ્યાલો પ્રવર્તમાન હતા અને જે માન્યતાઓ સર્વમાન્ય જેવી હતી તે ખ્યાલો અને મર્યાદાઓથી થૉરો કેટલો આગળ વધેલ છે અને કાનૂનભંગના ખ્યાલને તેણે કેટલું વિસ્તૃત રૂપ–કેટલો વિસ્તૃત આકાર આપ્યો છે એ પ્રશ્નનું વિશ્લેષણ અહિં સવિશેષ પ્રસ્તુત બને છે. થૉરોના પહેલાના વખતના ખ્યાલો અને મર્યાદાઓ આ મુજબની હતી.

(૧) ૧૭૭૬માં સેમ્યુઅલ વેસ્ટે કરેલા વિધાન પ્રમાણે, "પ્રતિકાર કરવાનો હક્ક જાહેર જનતા પૂરતો–The public પૂરતો મર્યાદિત કલ્પવામાં આવ્યો હતો. આવો બંડ કરવાનો અધિકાર અમુક થોડી અસંતુષ્ટ વ્યકિતઓને નહિ, પણ રાજ્યના અંગભૂત એવા સમૂહગત વિશાળ વર્ગને જ હોઈ શકે એમ માનવામાં આવતું હતું.

(૨) જ્યારે કોઈ ભારે અન્યાયના ભોગ બનેલા એવા જનસમુદાયની ઘણી મોટી બહુમતીને તે સામે બંડ ઉઠાવવાનું અતિ આવશ્યક લાગે ત્યારે જ સશસ્ત્ર બળવાના રૂપનો સામુદાયિક પ્રતિકાર વ્યાજબી અને ન્યાયપુરઃસરનો લેખવામાં આવતો હતો. આવા પ્રતિકારહક્કને ન્યુ હેમ્પશાયરના સંસ્થાને 'તરવાર દ્વારા ઈશ્વરને અનુરોધ'–'Appeal to God by the sword'–તરીકે વર્ણવ્યો હતો.

(૩) સરકારનું કોઈ અમુક પગલું પાયાની કાનૂની વ્યવસ્થા સાથે જેટલા પ્રમાણમાં બંધબેસતું ન હોય અથવા તો તે પગલું શાસિત વર્ગની સંમતિ ઉપર જેટલા પ્રમાણમાં અનાધારિત હોય તેટલા પ્રમાણમાં તે સામેના પ્રતિકારનું વ્યાજબીપણું ઠરાવવામાં અથવા તો નક્કી કરવામાં આવતું હતું.

જો પ્રજાજનોના પ્રતિકારહક્કની - થૉરોના સમય સુધીની આ સમીક્ષા બરોબર હોય તો થૉરોએ એ વિચારણાને ઘણે દૂર સુધી લંબાવી હતી અને તેને ઘણું વધારે વ્યાપક રૂપ આપ્યું હતું. કોઈ પણ દુન્યવી રાજ્યસત્તાના વ્યાજબીપણા યા ગેરવ્યાજબીપણા અંગેની તેની વિચારણા કોઈ કાનૂની પ્રક્રિયા અથવા તો પાર્લામેન્ટની –ધારાસભાની અનુમતિ ઉપર નહિ, પણ એથી વધારે ઊંડાગહન એવા નૈતિક તત્ત્વ ઉપર એટલે કે તેના ઔચિત્ય અથવા તો તેની સચ્ચાઈને લગતી અંત:પ્રતીતિ ઉપર આધારિત હતી. "જો કોઈ પણ એક બાબત મારા માટે બંધનકર્તા હોય તો તે માત્ર મને પોતાને જે કાંઈ સત્ય લાગે, યોગ્ય લાગે તે મુજબ વર્તવાની મારી ફરજ અને અધિકારને લગતી છે," આ રીતે વિચાર કરતાં કોઈ પણ દુન્યવી રાજ્યસત્તાને અમાન્ય લેખવાનો આ હક્ક અને ફરજ માત્ર કાનૂની ક્ષેત્રનો વિષય ન રહેતાં એકાએક નૈતિક ક્ષેત્રનો વિષય બની જાય છે. આ ઉપરાંત આ એક એવો હક્ક છે કે જે પ્રત્યેક અને દરેક નાગરિક સ્વયમેવ ધરાવે છે, જેનો કોઈથી ઈનકાર થવો ન જ ઘટે:

ગોર વ્યકિત કોઈ એક વિરોધી નાગરિકદળમાંની એકલ અટુલી વ્યકિત હોય – એ બાબત કોઈ મહત્ત્વ ધ.. .. જેનું અંત:કરણ પોતાના સમાજના રાજકારણી નીતિશાસ્ત્રની અમુક પરંપરા મુજબ અથવા તો અમુક આદેશ મુજબ ચાલવાની અનુમતિ ન આપતું હોય તેને કાનૂનભંગ કરવાનો અને એ રીતે ગેરવ્યાજબી એવી સરકારી હકુમતને પડકારવાનો હક્ક છે જ. આ રીતે વિચારતાં માલૂમ પડશે કે થૉરો બહારની દુનિયાના સંદર્ભમાં વ્યકિતગત વલણ અને વર્તનનું નવું મૂલ્યાંકન – અથવા તો કદાચ પુનર્મૂલ્યાંકન – કરી રહ્યો હતો.

ગાંધીજીએ આગળ ઉપર જણાવ્યું હતું તે મુજબ, આ એક એ પ્રકારનું વલણ હતું કે જે ઉત્કૃષ્ટકોટિની વીરતાની અને સ્વાતંત્ર્યને લગતી અંતિમ કોટિની કલ્પનાની અપેક્ષા રાખતું હતું. આ જ વિચારને લંબાવતા ગાંધીજીએ જણાવ્યું છે કે, "સવિનયસત્યાગ્રહની પદ્ધતિ સ્પષ્ટ છે અને પૂરી સહીસલામત છે, એટલે કે, જરા પણ જોખમવિનાની છે. કારણ કે જે મુદ્દા ઉપર આવો સત્યાગ્રહ ઊભો કરવામાં આવ્યો હોય છે તે મુદ્દો સાચો ન હોય, તો સત્યાગ્રહીઓને – અને માત્ર તેઓને જ–વેઠવાનું હોય છે."

થૉરોની વિચારસરણીમાંથી સ્વાતંત્ર્યની જે કલ્પના - જે આદર્શ-ફલિત થાય છે તે થૉરો જેટલો અન્ય કોઈ વિચારકે એટલી સ્પષ્ટતાથી ભાગ્યે જ રજૂ કરેલ હશે; જેલમાં બેઠાં બેઠાં તે આ પ્રમાણે વિચારી રહ્યો હતો : "મારી અને મારા નાગરિકબંધુઓ વચ્ચે જે પથ્થરની દિવાલ ઊભી છે તે કરતાં પણ વધારે અનુલ્લંઘનીય દીવાલ, જેટલો હું સ્વતંત્ર-આઝાદ છું તેટલા તેઓ ન થાય ત્યાં સુધી, મારી અને તેમની વચ્ચે રહેવાની છે." અથવા તો ગાંધીજીએ આ જ વિચારને કાંઈક વધારે વિસ્તારથી રજૂ કરેલ છે તે મુજબ :–

"જે ખરો પરિપક્વ સત્યાગ્રહી હોય છે તે રાજ્યસત્તાની ઉપેક્ષા કરીને જ ચાલે છે. તે રાજ્યના અનૈતિક કાયદા-કાનૂનની અવગણના કરવાનો દાવો કરતો એક પ્રકારનો બહારવટીયો – **outlaw** –બને છે,.....તે આમ વર્તે છે, કારણ કે પોતે જે છૂટથી ફરવા હરવાની બહારની સ્વતંત્રતા ભોગવતો હોય છે તે તેના માટે અસહ્ય બોજારૂપ બની જાય છે. તે પોતાની સાથે એમ દલીલ કરતો હોય છે કે કોઈ પણ એક નાગરિક જ્યાં સુધી રાજ્યના કાયદા-કાનૂનને અધીન રહીને ચાલે છે, વર્તે છે, ત્યાં સુધી જ તે રાજ્ય તેને અંગત સ્વતંત્રતા ભોગવવા દે છે. આવા નાગરિકને પોતાને મળતી હરવાફરવાની સર્વ પ્રકારની છૂટના બદલામાં રાજ્યના કાયદા-કાનૂનની સંપૂર્ણ અધીનતા તેને સ્વીકારવી પડે છે અને એ રીતે એ છૂટની તે ભારે કિંમત ચૂકવતો હોય છે. આમ હોવાથી તેને એમ લાગે છે કે, રાજ્યના સંપૂર્ણ અથવા તો બહુધા અન્યાયી એવા કાયદાકાનૂનની ગુલામીના-શરણાગતીના–બદલામાં હલનચલનની સ્વતંત્રતા હાંસલ કરવી એ ભારે અનીતિમય-અધર્મમય-સોદો છે."

અને મને કોઈ શક નથી કે ગાંધીજીએ આગળ ઉપર જે નીચે મુજબ જણાવ્યું હતું તે સાથે થૉરો સંપૂર્ણપણે મળતો થયો હોત :

"જો હું માનવ પરિવારને એ બાબતની પ્રતીતિ કરાવી શકું કે દરેક સ્ત્રી અને પુરુષ-શરીરે તે ગમે તેટલો નબળો હોય તો પણ– પોતાના સ્વમાન અને સ્વતંત્રતાનો પોતે જ ચોકીદાર અને રક્ષક છે, તો મારું કાર્ય પૂરું થયું લેખીશ. આ કારણસર વ્યકિતગત પ્રતિકારનું અવલંબન લેતા માનવીની સામે આખી દુનિયા ઊભી હોય તો પણ તે જ સાચો છે અને તેનો બચાવ તદ્દન વ્યાજબી છે."

સવિનયકાનૂનભંગ, સશસ્ત્ર પ્રતિકાર જેટલું જ શકિતશાળી સાધન બની શકે છે એ બાબત સક્રિય સામુદાયિક પ્રદર્શન દ્વારા પુરવાર કરવામાં આવી ન હોત તો સમાજના એક સ્વતંત્ર અને પ્રતિબંધયુકત ઘટક તરીકે વિચરતા અને આચરતા માનવી અંગેની આટલી

બધી અપેક્ષાઓ અને ભાવનાએ ઇતિહાસમાં નોંધાયેલા અનેક કલ્પનાવિહારોમાંને. વિહાર જ લેખાત.

આ સદીના બીજા દશકા દરમિયાન ગાંધીજીના પ્રભાવ નીચે આવ્યું ત્યાર પછીના ભારતની રાષ્ટ્રીય હીલચાલ એ માન્યતા ઉપર આધારિત કરવામાં આવી હતી કે અનિષ્ટ સાથે અસહકાર કરવો એ દરેક વ્યકિતનો અનિવાર્ય ધર્મ છે. ગાંધીજી માત્ર સંયોગવશાત રાજકારણી નેતા હતા અને એટલા જ સંયોગવશાત તેઓ રાષ્ટ્રવાદી હતા, પણ થૉરો માફક તેમનું ચિંતન અને ધ્યાન વસ્તુતઃ વ્યકિતને અનુલક્ષીને હતું અને જે પ્રકારનું સ્વમાનભર્યું સ્વત્વપોષક આઝાદ જીવન, થૉરોના અંતઃકરણ મુજબ અને ગાંધીજીના અંતરના અવાજ મુજબ, માનવી અંગે અપેક્ષિત હતું તેવું જીવન હાંસલ કરવામાં જે પ્રત્યવાયો આડે આવતા હતા તેનું વિશ્લેષણ કરવું, તેનો ઉકેલ બતાવવો એ બાબત ઉપર જ તેમનું ચિત્ત કેન્દ્રિત હતું. પોતાના સમયના ભારતમાં શ્રેયલક્ષી અને સત્યપરાયણ જીવન અખત્યાર કરવામાં આડે આવતી મુશ્કેલીઓનું પૃથક્કરણ કરતાં તેમને સ્પષ્ટપણે માલૂમ પડ્યું કે એ સમયના બધા દર્દોનું મૂળ પરદેશી હકુમત અને પરપ્રજાના શાસનના અસ્તિત્વમાં રહેલું છે; અને તેથી તેઓ એવા નિર્ણય ઉપર આવ્યા કે તેમના કહેવા મુજબની જે સૈતાનિયતભરેલી સરકાર ભારતની પ્રજા ઉપર રાજ્ય કરી રહી હતી તેને નાબૂદ કરવા માટે લોકોએ સર્વ કાંઈ કરી છૂટવું જોઈએ.

તેમણે જાહેર કરેલું કે, "આપણી પરાધીનતા અંગે બ્રિટીશની તોપો એટલી જવાબદાર નથી જેટલો તે હકુમતને આપવામાં આવતો આપણો ઐચ્છિક સહકાર જવાબદાર છે." પ્રજાના વ્યકિતગત અને સામુદાયિક નિરધારનો તેમને સાથ મળ્યો. તેમણે જોયું અને જણાવ્યું કે—તેમના જ શબ્દોમાં કહું તો—"વ્યકિતઓ માફક પ્રજાઓ પણ માત્ર પોતે નોતરેલી યાતનાઓ મારફત - 'ક્રોસ' મારફત—બલિદાન મારફત—ઘડાય છે, સરજાય છે." તેમણે જે માર્ગ દર્શાવ્યો તે સવિનય કાનૂનભંગનો માર્ગ હતો અને તેનું પરિણામ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાયેલું છે. થૉરોએ જે 'ટેકનીક' - પદ્ધતિ—બતાવી તેને સમય અને સંખ્યાની દૃષ્ટિએ હજારગણું વિસ્તૃત રૂપ ગાંધીજી દ્વારા આપવામાં આવ્યું અને તેનું આખરી પરિણામ દુનિયાએ જેની જોડ જાણી નથી એવા અસાધારણ બળવાન સામ્રાજ્યના વિસર્જનમાં આવ્યું. થૉરોના જે વિચારોને તેના વિરોધીઓએ અવ્યવહારૂ ગણીને હસી કાઢ્યા હતા તે વિચારોના વ્યવહારૂપણાનો પુષ્કળ મોટા પાયા ઉપરનો આ નરી આંખે દેખાય તેવો પૂરાવો છે.

એ સમયાનુરૂપ અને સમુચિત છે કે, થૉરોએ જે સાદા સિદ્ધાંતો ઉપદેશ્યા હતા તે તરફ, જે સાદું જીવન તેણે જીવી બતાવ્યું હતું તેના મૂલ્ય તરફ, તેમ જ તેની વ્યકિતલક્ષી ઊંડા દિલની ચિન્તા તરફ આપણે આજે ફરીથી આપણા ચિત્તને કેન્દ્રિત કરીએ. આજની આ દુનિયામાં, માનવજાતના ત્રીજા ભાગે રાજકારણી અને સામાજિક તંત્રના એવા આકારો પસંદ કર્યા છે કે જે આકારો વ્યકિતની અપેક્ષાએ રાજ્યને ઘણું મોટું સ્થાન આપે છે અને જેને લીધે વ્યકિતને પોતાને કોઈ હક્કો છે અથવા તો ઉત્પાદનની વિરાટ યંત્રરચનામાં વ્યકિત ગમે ત્યાં ગોઠવી શકાય એવા spare part—છૂટા ટુકડાથી—કાંઈક વિશેષ છે એ બાબત જ ભૂલાઈ જવાય છે. પરિણામે સામાજિક અને રાજકિય રચનાઓ જ્યાં સુધી વ્યકિતના વિશેષ વિકાસને પોષક બને ત્યાં સુધી જ તેનું ઔચિત્ય અને મહત્ત્વ છે—આ પ્રકારના સ્વતઃ સિદ્ધ જેવા થૉરોની વિચારણાનો, જે વિચારસરણી ઉપર દુનિયાના ત્રીજા ભાગના આ સમાજો આધારિત છે તે વિચારસરણી, મૂળમાંથી ઈનકાર કરે છે.

માનવજાતનો અન્ય ત્રીજો ભાગ માનવીની વ્યકિતગત સ્વતંત્રતા વિષે, આત્માની મૂલ્યવત્તા વિષે તેમ જ માનવીના ઈશ્વર સાથેના સંબંધ વિષે ભારે મોટી ચિન્તા દાખવે છે. આમ છતાં પણ આ સમાજો જીવનની ભૌતિક સંપત્તિ પાછળ પડેલા હોઈને, તેમાં અનિવાર્યપણે રાજ્યને નહિ પણ સામુદાયિક રીતે કોઈ પણ એક વ્યકિત કરતાં ઘણા વધારે મોટા અને જબરદસ્ત તાકાત ધરાવતા તંત્રોને પોતાની જાતે ગૌણ બનાવી દેવાની વ્યકિતને ફરજ પડે એ પ્રકારનું જોખમ રહેલું છે. આ અધીનતા વ્યકિતના સ્વાતંત્ર્યનો હ્રાસ કરે છે અને માત્ર આચરણમાં જ નહિ પણ વિચારણામાં પણ વ્યકિતને જડ ચોગઠાબંધી અને અંધ અનુસરણ તરફ અદમ્ય બળ વડે ધકેલે છે. દ્રવ્યોત્પાદનને લગતા અદ્યતન મીકેનીઝમમાં—યાંત્રિક આયોજનમાં—એક એવું વલણ વધતું જતું દેખાય છે કે જે પોતાની પ્રક્રિયા પરત્વે વ્યકિતને તદ્દન અધીન લાચાર બનાવી દે છે, ઈશ્વરે મનુષ્યને પોતાની પ્રતિકૃતિ સમો પેદા કર્યો એટલા માટે નહિ, પણ વિરાટ યંત્રરચનાના એક ચક્રની તે ગરજ સારે છે એટલા માટે જ વ્યકિતનું ચોક્કસ મૂલ્ય છે એમ માનવાને પ્રેરે છે. એવી આશા રાખીએ કે આ સમાજોમાં પુષ્કળ દ્રવ્યના ઉત્પાદનના પરિણામે તૃપ્તિનો અનુભવ થવા સાથે ઉત્તરોત્તર એવું ભાન થવા માંડશે કે કોઈ પણ એક કક્ષાએ માત્ર રાજ્યસત્તાની પકડમાંથી જ નહિ પણ યંત્રસામ્રાજ્યની પકડમાંથી પણ માનવસમાજને મુકિત મળવી જ જોઈએ.

માનવસમાજના બાકીના ત્રીજા ભાગના લોકોએ પોતાને કયા પ્રકારનો સમાજ ખપે છે તે વિષે હજુ સુધી છેવટની પસંદગી કરી નથી. આ ત્રીજો ભાગ—જેમાં તાજેતરમાં સ્વતંત્ર થયેલા અને આર્થિક રીતે અણવિકસેલા દેશોનો સમાવેશ થાય છે તેઓ સુખ અને સ્વાસ્થ્યભર્યું જીવન અખત્યાર કરે તે પહેલાં તેમને હજુ ઘણી મુશ્કેલીઓ પાર કરવાની છે—વટાવવાની છે. પરદેશી હકુમતના આકારનું જે મુખ્ય નિગ્રહસ્થાન હતું તે તો મોટા ભાગે દૂર થયું છે, નાબૂદ થયું છે; હવે મુખ્ય અંતરાય, માનવીજીવનને દળી રહેલી—રૂંધી રહેલી ગરીબાઈ, જે વ્યકિતને એવી નિમ્ન કક્ષા ઉપર ધસડી જાય છે, જ્યાં માનવીય મૂલ્યોનો કોઈ અર્થ રહેતો નથી—એ પ્રકારની ગરીબાઈને નાબૂદ કરવાને લગતો છે. આ દેશોનો પણ એક મુખ્ય ઉદ્દેશ આ ગરીબાઈનો બને તેટલો જલ્દીથી અંત આણવાનો છે. જેઓ પોતાના દેશોમાંથી આ ગરીબાઈને દેશનિકાલ કરવામાં સફળ થયા છે – પછી તેમણે મૂડીવાદી પદ્ધતિ અખત્યાર કરી હોય કે સામ્યવાદી પદ્ધતિ અખત્યાર કરી હોય—તેમની પરિસ્થિતિનો વિચાર કરતાં એમ ફલિત થતું લાગે છે કે કોઈ પણ સંયોગમાં વ્યકિત તો દબાતી છંદાતી રહેવાની જ છે. તેણે તો રાજ્યના ફરમાનને માન આપીને અથવા તો કોઈ કોર્પોરેશનના કે કાર્ટેલના અતિ વ્યાપક પ્રભુત્વને અધીન બનીને, ગમે તેવી વિચારસરણી અથવા તો સિદ્ધાંતોની હારમાળા આગળ ધરવામાં આવતી હોય તો પણ, જેના સંચાલન ઉપર તેનો કોઈ કાબૂ હોતો નથી, એવા પ્રચંડ યાંત્રિક રચનાના એક નાના ચક્ર તરીકે વપરાવા માટે એક ઑટોમેટન-સ્વસંચાલિત યંત્ર-નું સ્થાન સ્વીકારીને સંતોષ માનવાનો રહે છે. કોઈ પણ પરિસ્થિતિમાં તેનાં જીવનમૂલ્યો વિકૃત પ્રકારનાં રહેવાનાં અને ભૌતિક સુખસગવડો પ્રાપ્ત કરવાની તેની તૃષ્ણા એટલી બધી વધી જવાની કે તે વડે માનવીના વ્યકિતત્વની બીજી અનેક ઉપયોગી તેમ જ કિંમતી બાજુઓ દબાઈ જવાની—તે વડે પ્રભાવિત બની બેસવાની. થૉરો એક બાબત તરફ વારંવાર ધ્યાન ખેંચતા કદિ કંટાળ્યો નહોતો અને તે એ કે સુખી અને સ્વસ્થ જીવન માટેની જરૂરિયાતો વસ્તુતઃ બહુ મર્યાદિત હોય છે. પણ વર્તમાન સમાજે અંગેનો અનુભવ એમ કહેતો માલૂમ પડે છે કે, ભૌતિક સુખસગવડોની ભૂખ એક વખત ઊભી કરવામાં આવે છે, પછી એ ભૂખમાંથી નવી ભૂખો પેદા થવા માંડે છે અને તે એક એવું જટિલ અને વિસ્તૃત રૂપ ધારણ કરે છે કે તેને પાયાની જરૂરિયાતો સાથે કોઈ સંબંધ રહેતો નથી, એટલું જ નહિ પણ, પરિણામે માનવતાલક્ષી પાયાનાં મૂલ્યોનો વસ્તુતઃ ઉચ્છેદ થઈ બેસે છે.

તો આ સમાજોના ડાહ્યા ગણાતા માણસોએ, એક બાજુએ આ ગરીબાઈ - દરિદ્રતાના—શ્રાપમાંથી દુનિયાને મુકત કરવી અને બીજી બાજુએ દ્રવ્ય પાછળની ઘેલછાભરેલી દોટ જે ભયસ્થાનો પેદા કરે છે તેથી દુનિયાને બચાવવી, તે બન્ને શકય છે કે કેમ તેને લગતાં સંશોધન પાછળ જ પોતાની સર્વ શકિતને કેન્દ્રિત કરવી જોઈશે. આ દૃષ્ટિએ આવા માનવીઓ માટે થૉરોની વિચારસરણી ઘણી જ ઉપયોગી છે, કારણ કે તે દ્વારા તેમનામાં એ બાબતનું ભાન સતત જાગૃત રહેવાનું કે દુન્યવી વૈભવ મેળવવા જતાં જો આત્માને ખોઈ બેસવાનું જોખમ હોય તો એ દુન્યવી વૈભવનો કશો જ અર્થ નથી, અને એ કારણે transcendentalist અને the organisation man—આત્મલક્ષી વ્યકિતઃ અને સંસ્થાલક્ષી માનવી—એ બે વચ્ચે હંમેશા એક પ્રકારનો સંઘર્ષ રહેવાનો જ, અને બહારના ભૌતિકવૈભવનો ગમે તેટલો ખડકલો કરવામાં આવે તો પણ આખરે જે અમૂલ્ય છે તે તો વ્યકિતગત આત્મા જ છે; આ ધ્રુવસત્યની કોઈ કાળે ઉપેક્ષા થવી ન જ ઘટે.

અનુવાદક : પરમાનંદ મૂળ અંગ્રેજી : બ્રિજકુમાર નહેરુ

પ્રકીર્ણ નોંધ

પ્રમુખ કેનેડીની કરુણાજનક પ્રાણહત્યા

યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭ વર્ષની ઉમ્મરના જુવાન પ્રમુખ કેનેડી ટેકસાસ પરગણામાં પોતાનાં પત્ની સાથે પ્રવાસ કરી રહ્યા હતા. સાથે મોટરનો મોટો રસાલો હતો. આ પ્રવાસ દરમિયાન કોઈએ પ્રમુખ કેનેડી ઉપર નવેમ્બર માસની ૨૨મી તારીખે ગોળીઓ છોડી જેના પરિણામે તેમણે એકાએક પ્રાણ ગુમાવ્યા. તેમની સાથે પ્રવાસ કરતા ગવર્નર કોનેલી પણ ઘાયલ થયા હતા. આ પ્રાણહત્યાને, યુનાઈટેડ સ્ટેટ્સમાં વસતા હબસીઓને રાજ્યના નાગરિક તરીકેના સર્વ હક્કો અને સમાન દરજ્જે અપાવવાના પ્રમુખ કેનેડીના ભગીરથ પ્રયત્ન સાથે સ્વાભાવિક રીતે સાંકળવામાં આવે છે અને એ રીતે તેમના નામને અબ્રાહમ લીંકન અને મહાત્મા ગાંધીના નામ સાથે ઉચિત રીતે જોડવામાં આવે છે. આ ખુન આજની દુનિયાની એક અસાધારણ અને માનવીના દિલમાં ઊંડી વેદના પેદા કરતી અત્યંત દુ:ખદ દુર્ઘટના છે. પ્રમુખ કેનેડી આજની દુનિયાની ખરેખર એક વિશિષ્ટ વિભૂતિ હતા. તેમના માટે આદર–અંજલિના હું બે શબ્દો લખું તે કરતાં તા. ૨૩મી નવેમ્બરના રોજ આપણા મહાઅમાત્ય નહેરૂએ ઓલ ઈન્ડિયા રેડીઓ દ્વારા જે અંજલિ આપી છે તે જ અહિં ઉધ્ધૃત કરું તે વધારે ઉચિત લાગે છે. તેઓ આ મહાન નરને અંજલિ આપતાં નીચે મુજબ જણાવે છે:–

"ગઈ કાલ–નવેંબર માસની ૨૨મી તારીખ–ભારે આઘાતજનક અને આઘાતકારક દુર્ઘટનાઓથી ભરેલી તારીખ બની છે. લગભગ મધ્યાહ્નકાળના સમયે પૂંચમાં બનેલી ભયંકર દુર્ઘટનાના સમાચાર આપણા સાંભળવામાં આવ્યા, જે દુર્ઘટનાના પરિણામે આપણે હવાઈ અકસ્માતના કારણે સંરક્ષણ દળોમાંના સૌથી વધારે જુના, અનુભવી અને અત્યંત મહત્ત્વના અમુક અધિકારીઓને ગુમાવી બેઠા છીએ.

"ત્યાર બાદ મોડી રાત્રે, યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ કેનેડીના ખુનના મર્મદારક સમાચાર આપણે સાંભળ્યા છે. આ ભારે આઘાતક અને આપણને દિગ્મૂઢ બનાવે તેવી એક ઘટના બની છે.

"પ્રમુખ કેનેડીએ, પોતાની અઢી વર્ષની પ્રમુખ તરીકેની કારકીર્દી દરમિયાન, દુનિયામાં મહત્ત્વનો ભાગ ભજવતી બાબતો અંગે ભારે ઉદારતાભર્યો દૃષ્ટિકોણ દાખવ્યો હતો, અને જેનો પોતાને સામનો કરવો પડયો હતો એવી કેટલીક મુશ્કેલીઓ હોવા છતાં, દુનિયામાં સુલેહશાન્તિ જળવાય, તંગદિલી હળવી બને, અને દુનિયાના વિકાસાભિમુખ રાષ્ટ્રોને મદદ મળે–ટેકો મળે–આ બધા માટે તેમજ બીજી ઘણી રીતે તેમણે અવિરત અને એકસરખો પ્રયત્ન કર્યો હતો અને ખાસ કરીને અમેરિકામાં હબસીઓને અન્ય પ્રજાઓ સાથે સમાન એવો દરજ્જો પ્રાપ્ત કરાવવાના પ્રશ્ન અંગે તેણે પોતાના દેશને જે મહત્વની દોરવણી આપી હતી તે ખરેખર વીરતાભરી હતી, જેની ભારતમાં તેમજ, મને ખાત્રી છે કે, અન્યત્ર પણ ભારે કદર થઈ હતી.

"પોતાના મહાન પદને શોભાવી રહેલ કેનેડી ખરેખર એક મહાન નર હતા એ વિષે બેમત હોઈ ન જ શકે અને તેથી આપણ સર્વ એવી મહાન આશા સેવી રહ્યા હતા કે તેમણે અખત્યાર કરેલી નીતિ દુનિયામાં આજે વ્યાપેલી તંગદિલીને જરૂર હળવી કરશે અને વ્યાપક એવા શીતયુદ્ધનો છેડો લાવશે અને પ્રત્યક્ષ યુદ્ધની તાત્કાલિક શકયતાને એક દૂર દૂરની બાબત બનાવી દેશે.

"તેમનો દેહવિલય દુનિયા માટે એક ભારે ભયંકર કરુણતાભરી ઘટના છે અને આખી દુનિયામાં અને ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સમાં ફેલાયલી સર્વસામાન્ય શોકની લાગણીમાં ભારતની પ્રજા ભાગીદાર બને છે. આ ગંભીર કરુણ દૂર્ઘટનાની ઘડિએ તે બહાદુર સન્નારી–તેમનાં પત્ની–પ્રત્યે આપણે ઊંડા દિલની સહાનુભૂતિ દાખવીએ છીએ. યુનાટેડ સ્ટેટ્સનાં પ્રજાજનો કે જેમણે પોતાના મહાન નેતાને આમ એકાએક અને કરુણાજનક રીતે ગુમાવેલ છે તેમના પ્રત્યે પણ આપણા તરફની આદરભરી સહાનુભૂતિ વ્યકત કરીએ છીએ.

"પ્રમુખ કેનેડીના પરલોકગમનનાં અનિવાર્યપણે આપણી દુનિયા ઉપર અનેક પ્રકારનાં દૂરલક્ષી પરિણામો નિપજવા જ જોઈએ. આમ છતાં પણ હું અંત:કરણપૂર્વક વિશ્વાસ ધરાવું છું કે જે ઉદાર તેમ જ ઉદાત્ત રાજનીતિ તેમણે અખત્યાર કરી હતી તે રાજનીતિ ચાલુ રાખવામાં આવશે અને તેનાં અચૂક શુભ પરિણામો આવશે."

બોમ્બે બેગર્સ એકટના અક્ષમ્ય દુરૂપયોગનો એક બીજો દાખલો

તા. ૧૬–૧૧–'૬૩ના પ્રબુદ્ધજીવનમાંની પ્રકીર્ણનોંધમાં બોમ્બે બેગર્સ એકટના અક્ષમ્ય દુરૂપયોગ વિષે જરૂરી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેનું વિશેષ સમર્થન તા. ૧૩–૧૧–'૬૩ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ કરવામાં આવેલ શ્રી એમ. એન. કાપડિયાના પત્રમાંથી આપણને મળે છે. તે અંગ્રેજી પત્રનો નીચે મુજબ અનુવાદ છે:-

"ભિખારીઓ માટેની મહારાષ્ટ્ર રાજ્યની એડવાઈઝરી કમિટીના સભ્ય શ્રી બી. એમ. મુલગાંવકરે બેગર્સ એકટનો બચાવ કરવા માટે તા. ૩૧-૧૦-'૬૩ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ કરવામાં આવેલા પત્ર દ્વારા બહાદુરીભર્યો પ્રયત્ન કર્યો છે, પણ તેમણે વાપરેલા મીઠાં મીઠાં શબ્દો, આ કાયદાનો મુંબઈની પોલીસ અત્યંત અમાનુષી રીતે અને અપમાનભરી વર્તણુંકથી ઉપયોગ કરી રહી છે, તે સત્યને છુપાવી શકે તેમ છે જ નહિ.

"આ કાયદા નીચે કરવામાં આવતી ધરપકડો વિવેકવિનાની-મનસ્વી રીતની–હોય છે અને ઘણી વાર કેવળ ગરીબ અને બચાવ કરી શકે તેવા ન હોય એવા નાગરિકોને પકડવામાં આવે છે, અને કોઈ પણ સભ્ય શહેરીઓના દિલમાં રોષ પેદા કરે એવા ત્રાસ અને વ્યથાના તેઓ ભોગ બને છે. આ વિધાન મારા પોતાના અંગત અનુભવના આધારે હું કરી રહ્યો છું.'

"થોડા મહિના પહેલાં હોર્નબી રોડ ઉપર મારી નજર સામે એક ઘટના બની જે દ્વારા, મિસ્ટર મુલગાંવકરના કહેવા મુજબ જે કાયદાનો પૂરી કાળજી અને સહાનુભૂતિપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે તે કાયદાની કામગીરીનો મને આબેહૂબ ચિતાર જોવા જાણવા મળ્યો છે.

"એક ૭૦ વર્ષનો બુઢ્ઢો આદમી પોતાના ભત્રીજા સાથે બોરીબંદરના સ્ટેશનના રસ્તે જઈ રહ્યો હતો. મને પાછળથી માલૂમ પડયું તે મુજબ આ બુઢ્ઢો આદમી સેન્ટ્રલ રેલ્વેનો નિવૃત્ત ડ્રાઈવર હતો. એક માણસોનું જૂથ (એન્ટી-બેગર્સ સ્કવેડ–ભિખારી વિરોધી મંડળી–ના ભલા દિલના માણસો)એ બંને કાકા ભત્રીજા ઉપર તૂટી પડયા અને પેલા બુઢ્ઢા આદમીને પોલીસવાનમાં ધકેલી દીધો. જાણે કે કોઈ ગાંસડી કે પોટલું હોય એવી રીતે તેને પેલી ગાડીમાં નાંખીને પછી તે માણસો એ જ રસ્તે ચાલી જતી કોઈ બાઈ માણસ ઉપર તૂટી પડયા અને તેને પણ પેલી ગાડીમાં ફંગોળી દીધી. પેલા ભત્રીજાએ પોતાના કાકાને બચાવવા માટે પ્રયત્ન કરવા માંડયો અને ખરી વસ્તુસ્થિતિ સમજાવવા માટે પોલીસની તે ગાડી ઉપર ચઢી બેઠો. પણ તેને ધકેલીને નીચે ઉતારી દેવામાં આવ્યો. મારી નજર જ્યાં સુધી પહોંચી તે ઉપરથી હું કહી શકું છું કે એ પોલીસની ગાડીમાં કોઈ સામાજિક કાર્યકર્તા હતો જ નહિ, આથી કોઈ સંસ્થાનું અસ્તિત્વ એ મિસ્ટર મુલગાંવકરની કેવળ કલ્પનાનું જ નુત છે.

"પેલો ભત્રીજો રસ્તા ઉપર આંસુ સારતો ઊભો રહ્યો. તાજેતરમાં જ ઉત્તર ભારતથી આવેલા તેના કાકાને પોલીસે આવી બેશરમ રીતે શા માટે પકડયો હતો તે તેની તો કોઈ સમજમાં આવ્યું નહિ. હું તેને એસ્પ્લેનેડ રોડ પોલીસ સ્ટેશને લઈ ગયો અને ત્યાંથી અનેક કોર્ટો અને પોલીસ થાણાઓમાં અમે ઘૂમી વળ્યા. પાંચેક કલાક બાદ, સત્તાધીશોને હું ખાતરી કરાવી શકયો કે તેમણે જેની ધરપકડ કરી

હતી તે એક સમાજ–માન્ય સભ્ય વ્યકિત હતી અને એ રીતે તેને હું છૂટો કરાવી શકયો.

આ 'બેગર્સ' 'ભિખારીઓ' ને પકડીને પૂરવા માટે જે પોલીસવાનનો ઉપયોગ કરવામાં આવે છે તે પોલીસવાન ભાઈશ્રી મુલગાંવકરે કદી નજરે નિહાળી છે કે નહિ તે વિષે મને સંદેહ છે. તેમાં દાખલ થવા માટે કોઈ પગથિયાં હોતા નથી અને જાણે કે જાનવર હોય તેવી રીતે ધરપકડ કરાયેલા માણસને તે તરફ ઘસડવામાં આવે છે અને તેની અંદર ધકેલવામાં આવે છે. આ અનાચારનો–માણસજાત પ્રત્યેના નિર્દય વર્તાવનો–અંત આણવા માટે હું રાજ્ય-સરકારને અપીલ કરી શકું?"

આ પત્રને ટીકા ટીપ્પણની જરૂર નથી. આ અસહ્ય પરિસ્થિતિનો અંત આવવો જ જોઈએ અને તે માટે જાહેર જનતાએ વ્યવસ્થિત રીતે પોકાર ઊઠાવવો જોઈએ. સૌ કોઈ સમજી લે કે બોમ્બે બેગર્સ ઍકટ એવો પહોળો છે કે જે નીચે પોલીસનું મગજ ફરે તો રસ્તે ચાલતા કોઈ પણ સાધુ સંન્યાસીની પણ આવી દશા કરી શકે છે.

મૂર્તિમંત કરુણાનાં દર્શન થયાં!

થોડા દિવસ પહેલાં અમદાવાદ જવાનું બન્યું. જે દિવસે અમદાવાદ પહોંચ્યો તે જ દિવસે અગિયાર વાગ્યા લગભગ પંડિત સુખલાલજીને મળીને ગુજરાત કૉલેજ બાજુએ થઈને મારા નિવાસ-સ્થાન ઉપર હું જતો હતો એવામાં ગામડાના કોઈ પટેલ સામે આવતા જણાયા. તેઓ પોતાની પછેડીમાં એક નાના સરખા કૂતરાને ગોઠવીને ખભા પાછળ ઉપાડીને ચાલ્યા આવતા હતા. આ જોઈને મને કૂતુહલ થયું અને પટેલ નજીક આવ્યા એટલે મેં સહજભાવે પ્રશ્ન કર્યો કે, "પટેલ, આમ આ કૂતરાને ઉપાડીને કયાં જાઓ છો?" તેમણે જવાબ આપ્યો કે, "ભાઈ, આ કૂતરાને લઈને નજીક આવેલા મારા ગામથી હું આવું છું. તેને કોઈએ પીઠ ઉપર લાકડી મારેલી તેથી તે ચાલતાં ખૂબ લંગડાતું હતું. ગામના લોકો કહે છે કે આને ઈસ્પિતાલમાં લઈ જવામાં આવે અને દવા કરાવવામાં આવે તો કદાચ સારૂં થઈ જાય. આ તેમની વાત વિચારીને આને હું ઈસ્પિતા-લમાં લઈ જાઉં છું. જો બીચારાના નસીબમાં હશે તો ઊગરી જશે અને સારૂં થઈ જશે. આટલી મહેનત કરવામાં આપણું શું જાય છે?" વધારે વાત કરતા તેમણે જણાવ્યું કે "આ કૂતરો મારી સાથે હતો એટલે બસવાળાએ મને બસમાં બેસવા ન દીધો. અને તેથી મારે ગામથી ચાલતો આવ્યો છું." મને થયું કે આ પટેલ આ કૂતરાને ઈસ્પિતાલમાં તો લઈ જશે, પણ તેને દવાદારૂનો કાંઈક ખર્ચ તો થશે જ ને? એટલે ખર્ચ માટે મેં બે ત્રણ રૂપિયા આપવા ઈચ્છા દર્શાવી. તેના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે, "ના ભાઈ, મારે એવી કોઈ મદદની જરૂર નથી, ઘેરથી જ ગાંઠે બે રૂપિયા બાંધીને નીકળ્યો છું." તો પણ મેં કાંઈક લેવા આગ્રહ કર્યો, છતાં તેમણે એવી કોઈ મદદ સ્વીકારવાની સ્પષ્ટ ના કહી અને 'ભગવાનની ઈચ્છા હશે તો આને જરૂર સારૂ થઈ જશે' એમ બોલતા પટેલ પોતાના માર્ગે આગળ ચાલતા થયા, અને હું તેઓ વળાંક લેતા રસ્તે અદ્રશ્ય થયા ત્યાં સુધી તેમને જોતો જ રહ્યો. ગામડાનો એક સાદો સીધો માનવી! ન કોઈ ઊંચા ભણતરનો તેનો દાવો. એમ છતાં તેના વદનમાં, તેની વાણીમાં, તેના વર્તનમાં નીતરતી કરુણાનાં મને દર્શન થયાં. અને ધારાસભા તરફ જતાં માર્ગમાં બાજુએ આવેલા ખાબોચીઆના કીચડમાં ખૂંપી ગયેલા ડુક્કરની ચીસો સાંભળીને દ્રવિત બનેલા અને કીચડમાં જઈને એ ડુક્કરને બચાવતા અને એ રીતે કાદવથી ખરડાયલા પોશાકમાં ધારાસભામાં પ્રવેશ કરતા અબ્રાહમ લીંકનનું અથવા તો, યજ્ઞમાં બલિદાન આપવા માટે લઈ જવામાં આવતા ઘેટાંના બચ્ચાને કરુણાપ્રભાવિત બનીને ઉપાડી લેતા ભગવાન બુદ્ધનું મને સ્મરણ થયું. કયાં ભગવાન બુદ્ધ, કયાં અબ્રાહમ લીંકન અને કયાં આ ગામડાનો અશિક્ષિત અને અસંસ્કૃત પટેલ? પણ આ ત્રણેને એક સૂત્રે અનુસ્યુત કરતી કરુણા તો એક જ છે. અને કાળનિરપેક્ષ વ્યકિત તેનું નિરપેક્ષ અસ્તિત્વ કાયમ છે. આમ છતાં પણ આજે જ્યારે કરુણા ચોતરફ લોપાતી જોવામાં આવે છે, જ્યારે માનવેતર જીવસૃષ્ટિ ઉપભોગ, પ્રયોગ કે અર્થ-પ્રાપ્તિનું સાધન બની રહેલ છે, એટલું જ નહિ પણ, ગિરના પ્રદેશમાં કે આફ્રિકાના જંગલમાં અસહાય પશુઓને ફાડી ખાતા સિંહોને જોવામાં માનવી મનોરંજન અનુભવે છે ત્યારે એ ગામડાના પટેલના ઉપર જણાવેલ આચરણમાં પ્રત્યક્ષ થતી–સાકાર બનતી કરુણા ચિત્તમાં વિસ્મય પેદા કરે છે અને હજુ પણ કરુણા જીવંત છે એ અનુભૂતિ મૃતઃપ્રાય બનતી જતી આશામાં નવી ચીનગારી મૂકે છે.

આમ તાજેતરના સ્મરણને જ્યારે હું ટપકાવી રહ્યો છું ત્યારે આજથી ચાર-સાડા ચાર વર્ષ પહેલાં બદ્રિનાથ તથા કેદારનાથની યાત્રાએ જવાનું બનેલું તે યાત્રા સાથે જોડાયલાં બે ત્રણ સ્મરણોને પણ અહિં શબ્દારૂઢ કરવાનું મન થાય છે. જોષીમઠ મૂક્યા પછી વિષ્ણુપ્રયાગ પસાર કરીને હું આગળ જઈ રહ્યો હતો. એ રસ્તો ગાજતી ઘુઘવતી અલકનંદાના કિનારે કિનારે આગળ વધતો હતો. બન્ને બાજુએ ગગનચુંબી રુક્ષકાય ભીષણ પહાડો સુનકાર-પણાનો અનુભવ કરવાતા હતા. આગળ ચાલતાં ચઢવાનું આવ્યું અને અલકનંદા હવે સુગમ ન રહી. મધ્યાહ્નનો સમય હતો. રસ્તે ગરમી ઠીક ઠીક અકળાવતી હતી. માર્ગમાં નહોતું આવતું કોઈ ઝરણું કે નહોતો દેખાતો કોઈ જળપ્રપાત. આગળ ચાલતાં તૃષા પીડવા લાગી પણ તરતમાં પાણી મળવાનો કોઈ સંભવ ન રહ્યો. એવામાં એક ચાની દુકાન આવી. માથે ઠીક ઠીક ઢાંકણ કરીને તેણે પોતાની દુકાન માંડી હતી અને ચા તેમ જ થોડાક ખાદ્યપદાર્થો તે જતા આવતા પ્રવાસીઓને પૂરા પાડતો હતો. એના ઢાંકણ નીચે કોઈ કોઈ યાત્રીઓ આરામ પણ કરતા હતા. મેં તે દુકાનવાળા પાસે પાણી માંગ્યું. તેણે કહ્યું કે, "પાણી તો છે પણ તે પાણીનો ચા બનાવવા માટે તેને ખપ છે અને અલકનંદા બહુ નીચે વહેતી હોવાથી નીચેથી પાણી લાવવું બહુ મુશ્કેલ છે. એટલે મારી પાસેના પાણીમાંથી હું આપી શકું તેમ નથી." બાજુએ એક બીજો પહાડી માણસ ચા બનાવવાને લગતી નાનીસરખી માંડ માંડીને ખુલ્લામાં બેઠો હતો. હું તેની પાસે ગયો અને પાણી માંગ્યું. તેણે કશો પણ વધારે વિચાર કર્યા સિવાય પાણીના ડબ્બામાંથી પ્યાલો ભરીને મને પાણી આપ્યું અને મારી તૃષા એ રીતે મેં છીપાવી. આના બદલામાં મેં તેની સામે ચાર આના ધર્યા. તેણે પૂછયું "આ શા માટે?" મેં કહ્યું કે, "તમે મને પાણી આપ્યું તેના." તેણે એ ચાર આના સ્વીકારવાની ચોખ્ખી ના પાડી અને જણાવ્યું કે, "આ પાણીના મને કશા પૈસા પડયા નથી. જેના મને પૈસા ન પડે તેના બીજા પાસેથી પૈસા કેમ લેવાય?" આ તેના ઉદ્‌ગાર સાંભળીને હું દિગ્‌મૂઢ થઈ ગયો. મારી પાસે તેનો કોઈ જવાબ નહોતો. મુંબઈ કે જ્યાં પાણીનો પાર વિનાનો અપવ્યય થાય છે અને એમ છતાં જ્યાં કોઈ હોટેલ કે રેસ્ટોરામાં પાણી માગીએ છીએ તો, તેને બે પાંચ આનાની કશી પણ કીંમત હોતી નથી એમ છતાંયે એક આના સિવાય કોઈ પાણી પાતું નથી, ત્યાંથી આવનાર મારા જેવા માટે આ અનુભવ કલ્પનાબહારનો હતો. તેની ગરીબી એવી અને એટલી બધી હતી કે તેને પૈસા હોટેલવાળા કરતાં ચાર આનાની તો શું એક આનાની પણ બહુ મોટી કીંમત હતી. આમ છતાં આ ણ-હક્કની એક પાઈ પણ લેવાને તે તૈયાર નહોતો. તો આ બેમાં સભ્યતા કોની ચડે? પેલા મુંબઈના હોટેલવાળાની કે આખુલ્લામાં બેસીને જતા આવતા યાત્રીઓને પાંચ પંદર પ્યાલા ચાના પૂરા પાડીને માંડ માંડ પોતાનું પેટ ભરનાર પહાડી માનવીની? અલબત્ત, પછી ફરતાં અમારી મંડળીએ જ તેની પાસેથી ચા પીને તેને થોડો વકરો કરાવેલો. પણ એ કાંઈ તેની ઉપર અમે કોઈ ઉપકાર કર્યો નહોતો.

મેં જીવતા જાગતા શ્રવણકુમાર જોયા!

એક બીજા સ્મરણની પણ અહીં નોંધ કરું. બદ્રીનાથથી પાછાં ફરતાં રસ્તામાં એક ૧૪-૧૫ વર્ષનો છોકરો મળ્યો. તેની પાછળ લાકડીના ટેકે ટેકે તેના અંધ મા બાપ ચાલતા હતા. આપણે માત-પિતાને કાવડમાં બેસાડીને યાત્રા કરાવનાર શ્રવણકુમારનાં અહોનિશ ગુણગાન ગાઈએ છીએ અને આ તો સતયુગની વાત છે, માતા-પિતાની આવી સેવા આ જમાનામાં કોણ કરવાનું હતું એમ કહીને આજના કાળ વિષે આપણે નિરાશા વ્યકત કરીએ છીએ. પણ જ્યારે

અંધ માતા-પિતાને દોરી જનાર આ ચૌદ પંદર વર્ષના છોકરાને મેં જોયો ત્યારે એ પુરાણકથિત શ્રાવણકુમારનાં મને સાક્ષાત્ દર્શન થયાં.

એ અંધ પિતાને મેં પૂછ્યું કે, "આ તમે બદ્રીનાથ શા માટે જઈ રહ્યા છો? તમને તો ભગવાનનાં દર્શન થવાનાં નથી." તેણે જવાબ આપ્યો કે, "હા ભાઈ, તમે કહો છો તે બરાબર છે. અમે તો ભગવાનને દેખવાના નથી, પણ ભગવાન તો અમને દેખશે ને? અમને તે દેખશે અને અમે કૃતાર્થ થઈશું." આ તેમના કથનનો મારી પાસે કોઈ ઉત્તર નહોતો. "ભગવાન તો અમને દેખશે ને?" એ શબ્દોમાં કેટલી ઊંડી શ્રદ્ધા, કેટલી ઊંડી નિષ્ઠા છે?

આ તે કેવી શ્રદ્ધા?

આવો જ એક બીજો અનુભવ કહું. એ બદ્રીનાથને જ રસ્તે જોશીમઠ તરફ જતાં એક મોટી ઉંમરનો બાપ પોતાના ખભા ઉપર ચાર-પાંચ વર્ષના બાળકને ઉપાડીને તેમ જ બીજા એક હાથમાં જરૂરિયાતની ચીજોથી ભરેલા નાનાસરખા પોટલા સાથે મારી બાજુએથી ગાતો ગાતો પસાર થતો જોયો. મેં તે આધેડ વયના આદમીને પૂછ્યું કે, "તમારા આ નાના બાળકને ખભે ઉપાડીને હિમાલયના પહાડની આવી વિકટ યાત્રા કરવા કેમ નીકળ્યા છો? બરફ પડે, વાવાઝોડું થાય, વરસાદ આવે તો આ બાળકનું શું થાય?" તેણે જવાબ આપ્યો કે, "આની મા થોડા સમય પહેલાં આને મૂકીને મરી ગઈ. પછી મને થયું કે ચાલ, બદ્રીનાથની યાત્રા કરવા જાઉં અને આ બાળકને ભગવાનનાં દર્શન કરાવું, એટલે મારે ગામથી નીકળ્યો છું. ગાતો ગાતો આગળ ચાલું છું. ભાવિક માણસો બે પૈસા આપે છે અને નિર્વાહ થઈ રહે છે અને આંહિ તો ભગવાન બચાવે છે." આ તેના જવાબમાં પણ એવી જ કોઈ અપૂર્વ શ્રદ્ધાનું દર્શન થાય છે. શ્રદ્ધા નિર્બળને સબળ બનાવે છે, અશક્યને શક્ય બનાવે છે. આવી જ રીતે તુંગનાથ બાજુ જતાં એક અપંગ સંન્યાસીને બે ઘોડીના આધાર ઉપર પોતાનો માર્ગ કાપતો મેં જોયો અને તેના કહેવા ઉપરથી માલૂમ પડ્યું કે યમુનોત્તરી તથા ગંગોત્તરીનાં તીર્થો કરીને તથા કેદારનાથનાં દર્શન કરીને તુંગનાથ તરફ તે જઈ રહ્યો છે, **पंगुं लंघयते गिरिम्**। એવું જે ભગવાનની કૃપાનું ફળ ધર્મશાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યું છે તેની આ અપંગ સંન્યાસીને પહાડો ઉપર પહાડો વટાવતો જોઈને ઝાંખી થઈ, કાંઈક પ્રતીતિ થઈ. આમ તો બદ્રીનાથ કેદારનાથની યાત્રા દરમિયાન પ્રાંત પ્રાંતના અનેક સ્ત્રી-પુરુષોને જોયાં. આ સ્ત્રી પુરુષો મોટા ભાગે આધેડ ઉમ્મરના હોય. તેમની દરેકની પાસે થોડા સરખા કપડાનું પોટકું હોય. આપણે જ્યારે આ બાજુએ યાત્રાએ નીકળીએ છીએ ત્યારે પાર વિનાની તૈયારી કરીએ છીએ, ઢગલાબંધ સામાન હોય છે. મજૂરો વિના તો ચાલે જ નહિ, ત્યારે આ યાત્રીકોની સગવડસામગ્રી એક નાના પોટલામાં સમાઈ જાય છે. પાર વિનાનાં કષ્ટો ખમે છે, જે મળ્યું તે ખાઈને કે રાંધીને ચલાવી લે છે. યાત્રીકોની આવી અતૂટ હારમાળાઓ જોઈ અને તેઓ કેવાં સંકટો, અગવડો અને હાડમારીઓનો સામનો કરીને આવે છે તેનો વિચાર કરવા સાથે એ પ્રશ્ને થયો કે આ તે કયું બળ છે કે જે તેમને જાનના જોખમે પણ અહિં આવવાને પ્રેરે છે, ધકેલે છે, તો તેનો એક જ જવાબ મળ્યો કે હિંદુધર્મમાં રહેલી તેમની ઊંડી શ્રદ્ધા. શ્રદ્ધાનું આવું દર્શન થતાં મને પ્રતીતિ થઈ કે આવી શ્રદ્ધા જીવંત છે ત્યાં સુધી હિંદુધર્મના અસ્તિત્વને કદિ પણ વાંધો આવવાનો નથી.

હિમાલયમાં એકે જૈન તીર્થ કેમ નહિ?

આમ હિમાલયનાં તીર્થોમાં ફરતો હતો એ દરમિયાન એક આનુષંગિક વિચાર અવારનવાર આવ્યા કરતો હતો કે જૈનોએ જ્યારે અનેક પહાડોને તીર્થ બનાવ્યા છે ત્યારે હિમાલયમાં જૈનોના હાથે એવું એક પણ તીર્થ કેમ ઊભું થવા પામ્યું નથી? અષ્ટાપદ નામનું એક તીર્થ હિમાલયમાં હોવાનું કલ્પવામાં આવ્યું છે, પણ કાં તો એ કેવળ કલ્પના છે, અથવા તો આજે આખા હિમાલયમાં એવું કોઈ જૈન તીર્થ વિદ્યમાન નથી તેમ જ તેના કોઈ અવશેષો નજરે પડતા નથી. આનું શું કારણ? આનો વિચાર કરતાં એવા અનુમાન ઉપર આવાય છે કે જ્યાં જ્યાં જૈન સાધુઓનો વિહાર શક્ય હતો ત્યાં ત્યાં જૈન મંદિરો તેમ જ જૈન તીર્થો ઊભાં થયાં છે. જ્યાં તેમનો વિહાર તેમના આચારના કડક બંધનોને લીધે અશક્ય બન્યો છે ત્યાં જૈન મંદિરો કે તીર્થો નિર્માણ થયાં નથી. જૈન મુનિઓના ખાનપાનને લગતા આચારનિયમો એવા છે કે જેનું પાલન હિમાલયમાં વિહરનાર માટે તો શું, પણ ભારતની બહાર અન્યત્ર વિચરનાર માટે પણ લગભગ અશક્ય છે. આ જ કારણે, જ્યારે બૌદ્ધ ધર્મનો ભારતની બહાર એશિયાના અનેક દેશોમાં ફેલાવો થઈ શક્યો ત્યારે, જૈન ધર્મનો પ્રચાર અને પ્રસાર ભારતની બહાર બીલકુલ થઈ શક્યો નથી. આમ જૈન મુનિઓનો હિમાલય બાજુ કદિ પણ વિહાર ન થયો અને તેથી જૈન ધર્મનું કોઈ સ્મારક હિમાલયમાં ઊભું થવા ન પામ્યું. આનું આડકતરું પરિણામ એ આવ્યું કે જૈન જનતા હિમાલયની ભવ્યતાથી લગભગ અસ્પૃષ્ટ રહી ગઈ. હું ઈચ્છું કે હિમાલયમાં જ્યાં અન્ય તીર્થો છે તે વિભાગમાં કોઈ સુંદર વિભાગ પસંદ કરીને એકાદ ભવ્ય જૈન મંદિર અને ધર્મશાળા ઊભાં કરવામાં આવે કે જેથી જૈન સમાજનો આમવર્ગ હિમાલય જવા પ્રેરાય અને ત્યાંના અપ્રતિમ પ્રાકૃતિક સૌન્દર્યના પ્રત્યક્ષ પરિચય દ્વારા પરમ તત્ત્વના સીધા સંપર્કમાં આવે. શિબિરોનું પહેલાં હિમાલયમાં કશું જ સ્થાન નહોતું. કેટલાંક વર્ષથી બદ્રીનાથના રસ્તે તેમણે એક ગુરુદ્વારા ઊભું કરેલ છે, એટલું જ નહિ પણ, તે ધર્મનાં સંસ્થાપક ગુરુ ગોવિંદસિંહે પૂર્વજન્મમાં તપસ્યા કરી છે એવી એક કેવળ કાલ્પનિક વાતને હિમાલયના પેટાળમાં આવેલા હેમકુંડ સાથે જોડી દીધી છે અને એ કારણે ઉપર જણાવેલ ગુરુદ્વારના રસ્તેથી ફંટાતા અંદરના ભાગમાં લગભગ ૧૩૦૦૦ ફીટની ઊંચાઈએ આવેલા—વરસનો મોટો ભાગ હિમથી આચ્છાદિત રહેતા હેમકુંડ નામના જળરાશિ—સરોવરના—કિનારે ઊભી કરવામાં આવેલ સમાધિ અથવા તો ધાર્મિક મથકે અનેક શિખો યાત્રાએ જતા થયા છે. હિમાલય તીર્થોનું પણ તીર્થ છે. આપણા આધ્યાત્મિક જીવન સાથે હિમાલયનો અત્યંત નિકટનો સંબંધ છે. તેનું પરિભ્રમણ, અહંકાર ગાળવાનું અને નમ્રતા કેળવવાનું પરમ રસાયણ છે. જેનું વર્ણન માનવીની વાણી માટે અશક્ય છે એવું તેનું અદ્‌ભુત અનુપમેય પ્રાકૃતિક સૌન્દર્ય છે. આવી પવિત્ર ભૂમિના સ્પર્શથી હિંદુ સમાજનો અંગભૂત એવો જૈન સમાજ વંચિત ન જ રહે એમ જૈન સમાજ વિષે મારામાં જન્મથી કેળવાયેલી મમતાના કારણે હું અન્તરથી ઈચ્છું છું અને આ તો જ બને કે જો શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ કે શ્રી શાંતિપ્રસાદ જૈન જેવી કોઈ સાધનસંપન્ન અને પ્રતિષ્ઠાસંપન્ન વિભૂતિ હિમાલયમાં એક જૈન તીર્થ નિર્માણ કરવાનું ધ્યાનમાં લે.

આ તે કેવો પ્રશ્ન?

ગુજરાત યુનિવર્સિટીની બી. કોમ. ની નવેમ્બર માસની ચોથી તારીખે લેવાયેલી પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓને નીચે મુજબનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો:—

"એક ઑડિટર તરીકે તમારા માટે જરા પણ કફોડી સ્થિતિ ઊભી કર્યા સિવાય કંપનીએ કાળા બજારમાંથી કરેલી ખરીદીને માટે આપવામાં આવેલ રકમને તમે કેવી રીતે પાસ કરશો એટલે કે મંજૂર રાખશો? જો તમે આ રીતે અપાયેલી રકમને પાસ કરી ન શકો તો ભવિષ્યમાં આવી કાળાબજારની ખરીદીઓની ચોપડામાં નોંધ કરવા માટે તમે કેવો વિકલ્પ સૂચવશો?"

જ્યાં કાળાબજારનો વ્યવહાર ગેરકાનૂની છે ત્યાં એવો પ્રશ્ન સરકારી માન્યતા ધરાવતી એક યુનિવર્સિટીના પ્રશ્નપત્રમાં પૂછાય એ ભારે આશ્ચર્ય પેદા કરે તેવું છે. આનો અર્થ એમ કરાય કે કાળાબજાર સાથે લેવડદેવડનો વ્યવહાર ગેરકાનૂની હોય તો પણ ચાલુ વ્યવહારમાં તે સર્વત્ર ફેલાયલી બાબત હોઈને તેનું ગેરકાનૂનીપણું ઉપેક્ષાપાત્ર છે, એટલું જ નહિ પણ આમ જ્યારે આવા વેચાણ-ખરીદ વિષે જાહેર રીતે પ્રશ્નો પૂછાય છે ત્યારે કાળાબજારના વ્યવહારને અર્ધસરકારી માન્યતા મળી ચૂકી છે એમ માની લેવાને કોઈ પણ સામાન્ય માનવી પ્રેરાય.

પ. ન્યાંદ

પ્રબુદ્ધજીવનના ગતાંકની મુદ્રણશુદ્ધિ

(૧) પાનું, ૧૩૬, પહેલું કોલમ, છેલ્લી લીંટીમાં 'મારા પિતા વિષેની' ને બદલે 'મારા પોતા વિષે'ની એમ સુધારીને વાંચો.

(૨) પાનું ૧૩૯, પ્રવેશનોંધના બીજા પારીગ્રાફની પહેલી લીંટીના છેડે 'ઉપચાર કરવાની ઓરડીમાં'ને બદલે 'ઉપચાર કરવાના ઓરડામાં' એમ સુધારીને વાંચો.

તંત્રી, પ્રબુદ્ધ જીવન

હિન્દુ લગ્ન અને છૂટાછેડા

(આપણા હિન્દુ કાયદામાં લગ્નવિચ્છેદની છૂટ અપાયા બાદ હિંદુ કુટુંબોમાં લગ્નવિચ્છેદ તરફ લઈ જતી પરિસ્થિતિ ઠેકાણે ઠેકાણે ઊભી થતી સાંભળવામાં આવે છે અને એમ છતાં હિન્દુ કાયદામાં લગ્નવિચ્છેદ અંગે શું પ્રબંધ કરવામાં આવ્યો છે તે વિષે પ્રમાણભૂત માહિતી બહુ જ ઓછા લોકો ધરાવે છે. તો આ બાબતમાં આપણા લોકોને સ્પષ્ટ માર્ગદર્શન મળે એ હેતુથી મારા મિત્ર શ્રી કેશવલાલ એમ. શાહ જેઓ વકીલાતનો વર્ષોથી વ્યવસાય કરે છે અને હિંદુ સમાજને આજની સમસ્યાઓના સંદર્ભમાં અદ્યતન કાયદો કયા સંયોગોમાં કેવા પ્રકારની રાહત આપી શકે છે તે વિષયના અભ્યાસી છે તેમને આ વિષયને લગતી સંક્ષિપ્ત છતાં પ્રમાણભૂત માહિતી પૂરી પાડે એવો એક નિબંધ 'પ્રબુદ્ધ જીવન' માટે તૈયાર કરી આપવા કેટલાક સમયથી હું વિનંતિ કરી રહ્યો હતો. આ વિનંતિને લક્ષમાં લઈને તેમણે સમય કાઢીને તેમ જ ખૂબ મહેનત કરીને જે નોંધ તૈયાર કરી આપી તે તેમનો આભાર માનવા સાથે નીચે પ્રગટ કરવામાં આવે છે. તદુપરાંત આ વિષય અંગે અનેક દિશાઓથી સતત પૂછાવટ થતી હોય છે તે ધ્યાનમાં લઈને આ નોંધની થોડી છુટી નકલો તૈયાર કરાવવાનું પણ વિચારાયું છે. **તંત્રી**)

હિંદુ લગ્ન પછવાડેની દ્રષ્ટિ કરારની નહીં પણ પવિત્ર બંધનની રહી છે અને ભગવાન મનુના કાળથી એ ભાવનાને લક્ષમાં રાખી હિંદુ શાસ્ત્રકારોએ તથા હિંદુ કાનૂનના રચયિતાઓએ લગ્ન વિષે વિસ્તૃત સિદ્ધાંતો તથા કાનૂનો સ્થાપિત કર્યા હતા.

આજે ભારતભરમાં જે હિંદુ લગ્નનો નવો ધારો ૧૮ મે ૧૯૫૫ના રોજ અમલમાં આવ્યો છે, તે પહેલાં ભારતનાં દક્ષિણ, પશ્ચિમ, પૂર્વ, ઉત્તર ને મધ્ય વિસ્તારોમાં લગ્ન વિષે શાસ્ત્રકારોએ તથા ભાષ્યકારોએ નિયત કરેલાં વિવિધ કાનૂનો પ્રવર્તતા હતા; તે ઉપરાંત અનેક કોમો તથા જ્ઞાતિઓમાં, "શાસ્ત્રાત્ રૂઢિર્બલીયસી" એ નિયમ અનુસાર લગ્ન અંગેના તરેહતરેહનાં રીત-રિવાજો ને રૂઢિઓ પ્રવર્તતાં હતાં. પણ હવે એ પ્રાચીન હિંદુ ધર્મશાસ્ત્રોનાં લગ્નનાં કાનૂનો અને રીત રિવાજો આ કાયદાથી રદ થયાં છે. માત્ર જે જે જ્ઞાતિમાં છૂટાછેડા જ્ઞાતિનાં રીત રિવાજ મુજબ પરાપૂર્વથી થઈ શકતાં હોય તેને આ કાનૂનથી મુકિત મળી છે ને તેને મંજૂર રાખવામાં આવ્યા છે. એટલે કે જ્ઞાતિનાં રિવાજ મુજબ જ્ઞાતિ છુટાછેડા આપી શકતી હોય ત્યાં આ કાયદા અન્વયે છુટાછેડા માટે પગલાં લેવાની જરૂર નથી. પણ તે સિવાય આ કાયદા નીચે પગલાં લીધાં હોય તો જ કાયદેસર છુટાછેડા મળે છે. એકબીજાની સંમતિથી મળતા નથી.

વ્યાખ્યાઓ

દરેક કાયદાનું મહત્ત્વનું અંગ તે કાયદામાં વપરાએલાં શબ્દોની વ્યાખ્યાઓ છે. તે મુજબ 'હિંદુ' કોણ? તથા 'હિંદુ લગ્ન' શું? એની વ્યાખ્યાઓ જોઈએ.

આ કાયદા મુજબ બૌદ્ધ ધર્મી, જૈન, શીખ, વિરાશૈવ, લીંગાયત, બ્રાહ્મો અગર પ્રાર્થના સમાજ અગર આર્ય સમાજના અનુયાયીઓ હિંદુ છે.

જેનાં મા તથા બાપ હિંદુ, જૈન, બૌદ્ધ ધર્મી અથવા શીખ હોય એનાં ઔરસ કે અનૌરસ સંતાનો હિંદુ છે. હિંદુ બૌદ્ધ, જૈન કે શીખ ધર્મમાં જેનું ધર્મ પરિવર્તન કે પુનઃપરિવર્તન કરવામાં આવ્યું હોય તે હિંદુ છે.

બે હિંદુ સ્ત્રી–પુરુષ વચ્ચે જો નીચેની શરતો પળાય તો થયેલાં લગ્ન હિંદુ લગ્ન ગણાશે.

(૧) બંન્નેના અન્ય પતિ કે અન્ય પત્ની હયાત ન હોય.

(૨) લગ્ન પ્રસંગે બેમાંથી એકે ગાંડા અથવા મૂઢ ન હોય

(૩) વરે ૧૮ વર્ષ પૂરાં કર્યા હોય ને વધૂએ પંદર વર્ષ પૂરાં કર્યા હોય.

(૪) બંન્ને વચ્ચે 'પ્રતિબંધિત સગાઈ' ન હોય અગર બન્ને 'સપિંડ' સગાઈમાં ન હોય સિવાય કે રિવાજથી આ પ્રકારની સગાઈવાળાં વચ્ચે લગ્ન થઈ શકતાં હોય.

(૫) જો વધૂએ ૧૮ વર્ષ પુરાં ન કર્યાં હોય તો તેનાં લગ્નમાં વાલીની સંમતિ હોવી જોઈએ.

નોંધ: (૧) ત્રણ, ચાર અને પાંચ કલમનો ભંગ કરીને લગ્ન કરવા તે ગુન્હો છે ને સજાને પાત્ર છે

(૨) 'સપિંડ સગાઈ' એટલે માતૃપક્ષે પોતા સહિત ત્રણ પેઢીની અને પિતૃપક્ષે પોતા સહિત પાંચ પેઢીની સગાઈ.

(૩) 'પ્રતિબંધત સગાઈ'ની વ્યાખ્યા લાંબી ને ગુંચવણભરી છે એટલે તે જ્યારે જરૂર પડે ત્યારે વ્યકિતગત કિસ્સામાં સમજી લેવી.

(૬) વર અગર વધૂની જ્ઞાતિમાં લગ્નની જે વિધિ હોય તે વિધિ સંપૂર્ણ થાય ત્યારે લગ્ન પાકાં થયાં ગણાય. જો જ્ઞાતિમાં સપ્તપદી એટલે કે બંન્નેએ સાથે સાત ફેરા ફરવાનાં હોય તો સાત ફેરા પુરાં થાય એટલે લગ્ન પાકાં થયાં ગણાય.

લગ્ન થઈ ગયા પછી હિંદુ ધર્મશાસ્ત્રો મુજબ હિંદુ લગ્ન અવિચ્છિન્ન છે, પરંતુ સમય તથા કાળબળ સમક્ષ એ સિદ્ધાંત ટકી શકયો નથી. ભારતમાં સૌથી પ્રથમ ૧૯૪૭ માં મુંબઈ રાજ્યે હિંદુ લગ્નમાં છૂટાછેડાનો પ્રબંધ કરતો કાનૂન કર્યો. ત્યાર પછી અન્ય કેટલાંક રાજ્યો પણ તેને અનુસર્યા. પણ ૧૯૫૫ નો કેન્દ્રનો ધારો અમલમાં આવતાં ભિન્ન ભિન્ન રાજ્યનાં કાનૂનો નાબૂદ થયાં ને એક મધ્યવર્તી ધારો અમલમાં આવ્યો.

ત્રણ પ્રકારો

લગ્નવિચ્છેદનાં પણ આ કાયદાની દ્રષ્ટિએ જુદા જુદા પ્રકાર છે, તે મુજબ આ કાયદા નીચે લગ્નવિચ્છેદના ત્રણ પ્રકારો છે.

(૧) લગ્ન મૂળથી જ ગેરકાયદેસર હોઈ (Illegal) રદબાતલ જાહેર કરવા.

(૨) લગ્ન મૂળથી જ ગેરકાયદેસર ન હોય છતાં તે રદ થવાને પાત્ર હોઈ (Voidable) રદ કરવાં.

(૩) છૂટાછેડાં

ત્રીજે પ્રકાર જે છૂટાછેડા છે તેનાં પૂર્વ પગલાં તરીકે બે પ્રકારનાં અદાલતી પગલાં લઈ શકાય છે. તેમાં એક છે જેને judicial separaion કાયદેસર અલગ રહેવાનો અધિકાર કરે છે તથા બીજો છે Restitution of conjugal rights (લગ્નનાં હક્ક પૂરાં કરવાનો અધિકાર)

આ છેલ્લાં બે પૂર્વ પગલાંઓ છૂટાછેડાનાં પુરોગામી હોઈ તેની વિગતો પ્રથમ જોઈએ.

જુદા રહેવાનો અધિકાર

નીચે જણાવેલ કોઈ પણ કારણોસર પતિ કે પત્ની કાયદેસર અલગ રહેવાની અરજી અદાલતમાં કરી શકે છે.

(૧) અરજી કર્યા પહેલાંનાં બે વર્ષ દરમ્યાન પતિ કે પત્નીએ એક બીજાને તજી દીધાં હોય.

નોંધ: 'તજી દેવા' નાં અર્થ વિષે ઘણી ચર્ચા વિવિધ ચુકાદાઓમાં થઈ છે. પણ પતિ કે પત્નીએ બીજાની સોબત છોડી હોય, તેની સંમતિ વિના છોડી હોય, સોબત છોડવાનું કોઈ વાજબી કારણ ન હોય તો તેને તજી દીધું ગણાય. એવા પણ કિસ્સા બને કે જેમાં પતી કે પત્ની પોતાની વર્તણુંક કથી બીજા માટે તેની સાથે રહેવું અસહ્ય બનાવે ને તે ઘર છોડી ચાલી જાય. તો પણ તેવા કિસ્સામાં ઘર છોડનારે તજી દીધેલ છે એમ ન કહેવાય પણ જેણે તેને માટે સાથે રહેવું અશકય

બનાવ્યું તેણે તજી દીધું ગણાય. તે ઉપરાંત ઈરાદાપૂર્વકની બેદરકારી બતાવી હોય તો પણ તજી દીધું છે એમ ગણાય.

(૨) પતિ કે પત્નીએ પત્ની કે પતિ પ્રત્યે એવો ક્રુરતાભર્યો વર્તાવ કર્યો હોય કે પત્ની કે પતિનાં મનમાં એવો વાજબી ભય ઉત્પન્ન થાય કે બીજાની સાથે રહેવું તે નુકસાનકારક કે જોખમકારક છે. ક્રુરતા માત્ર શારીરિક વ્યથા પુરતી મર્યાદિત નથી.

(૩) અરજી કર્યા પહેલાં એક વર્ષથી પતી કે પત્ની ભયંકર પ્રકારનાં રોગોથી પીડાતાં હોય

(૪) અરજી કર્યાના પહેલાંનાં ત્રણ વર્ષથી પતી કે પત્ની ચેપી ગરમીનાં રોગથી પીડાતા હોય-સિવાય કે એ રોગનો ચેપ અરજદાર તરફથી ન લાગ્યો હોય.

(૫) અરજી કર્યાના પહેલાં બે વર્ષ દરમ્યાન સતત ગાંડપણ હોય.

(૬) લગ્ન પછી અન્ય વ્યકિત સાથે શારીરિક સંબંધ કર્યો હોય.

ઉપરની ૧થી ૬ સુધીની કોઈ પણ એક હકીકત સાબીત કરનારને કાયદેસર જુદા રહેવાનો અધિકાર મળે છે.

આ પ્રમાણે રહેવાનું હુકમનામું મળ્યાં પછી બે વર્ષ પૂરાં થયે છૂટાછેડાનું હુકમનામું મેળવી શકાય છે. છૂટા રહેનાર પત્નીને ભરણપોષણ મળે છે.

લગ્નનાં હક્ક પુરા કરવાનો દાવો

લગ્નનાં હક્ક પૂરા કરવાની અરજી ઉપરનાં પ્રકારથી ઉલ્ટી-રીતની છે. એમ પતી પત્ની સાથે ન રહેતો હોય કે પત્ની પતિ સાથે ન રહેતી હોય તો અદાલત સમક્ષ અરજી કરી સાથે રહેવાનું હુકમનામું મેળવી શકાય છે. આવી અરજીમાં સામો પક્ષ એમ બતાવી શકે કે સાથે ન રહેવાનાં તેને વાજબી કારણો છે તો અદાલત સાથે રહેવાનો હુકમ આપતી નથી, પણ વાજબી કારણો શું? છૂટાછેડા, લગ્ન રદબાતલ તથા કાયદેસર અલગ રહેવાના અધિકાર માટે જે જે કારણો છે તે જ કારણો લગ્નનાં હક્ક ભોગવવાનાં દાવામાં બચાવ તરીકે રજૂ કરી શકાય.

પણ ખાસ નોંધવાનું એ છે કે અદાલત લગ્નનાં હક્ક પુરા કરવાનું હુકમનામું કરે તે છતાં અદાલત પતી કે પત્નીને એક સાથે રહેવા ફરજ પાડી શકતી નથી. કે અદાલતનાં હુકમનો અનાદર કરવા બદલ સજાનાં પગલાં લઈ શકાતા નથી. પણ બે વર્ષ સુધી આ હુકમનામાનો અમલ ન કરવામાં આવે તો બીજો પક્ષ છૂટાછેડા માંગી શકે છે જેની સાથે આ હુકમનામું થયું હોય તે પત્ની ભરણપોષણ માંગી શકતી નથી.

રદબાતમ લગ્ન

જે લગ્ન વખતે પતિને બીજી પત્ની કે પત્નીને બીજો પતિ હયાત હોય, જે લગ્નમાં પતિ પત્ની પ્રતિબંધિત સગાઈનાં હોય અગર જેઓની સગાઈ સગાઈ હોય તે લગ્ન પ્રથમથી જ ગેરકાયદેસર છે તે કોઈ પણ પક્ષ અરજી કરીને રદબાતલ જાહેર કરાવી શકે છે.

નીચેની હકીકતો અસ્તિત્વમાં હોય ત્યારે લગ્ન થયાં હોય તો તે લગ્ન એક પક્ષની અરજી પરથી રદબાતલ જાહેર કરી શકાય છે. ઉપર જે પ્રથમ વર્ગનું નિર્દેશન છે તેવાં લગ્ન મૂળથી જ ગેરકાયદેસર છે રદબાતલ છે. પણ આ પ્રકાર ાં લગ્ન મૂળથી જ ગેરકાયદેસર ગણાતા નથી પણ નીચેનાં કારણો સાબીત કરીને લગ્ન રદબાતલ જાહેર કરાવી શકાય છે.

(૧) લગ્ન વખતે જ સામો પક્ષ નપુંસક હતો ને અરજી કરવાનાં દિવસ સુધી તે નપુંસકતા ચાલુ રહી હતી

(૨) લગ્ન વખતે એક પક્ષ ગાંડો અગર મૂઢ હતો.

(૩) લગ્નમાં અરજદારની સંમતિ અગર અરજદારનાં વાલીની સંમતિ બળજબરીથી કે દગાફટકાથી લેવામાં આવી હતી.

નોંધ: આ કારણો મુજબની અરજી બળજબરીનો અંત આવ્યા પછી કે દગોફટકો શોધાયા પછી એક વર્ષની અંદર કરવી જોઈએ. બળજબરી પુરી થયાં પછી કે દગોફટકો જણાયા પછી જો અરજદાર સામા પક્ષ સાથે સંપૂર્ણ સંમતિથી પતિ કે પત્ની તરીકે રહેલ હોય તો આ કારણસર અરજી થઈ શકતી નથી.

(૪) પત્ની લગ્ન સમયે અન્ય પુરુષથી ગર્ભવતિ હતી.

નોંધ: આ કારણ મુજબ અરજી તો જ થઈ શકે જો

(૧) પતિ લગ્ન વખતે તે હકીકતથી અજ્ઞાત હોય અને

(૨) આ હકીકત જાણ્યાં પછી એક વર્ષમાં અરજી કરી હોય ને

(૩) આ હકીકત જાણ્યાં પછી પત્ની સાથે સ્વેચ્છાએ શરીરસંબંધ ન રાખ્યો હોય.

લગ્ન રદબાતલનાં આ બે પ્રકારોને સામાન્ય ભાષામાં છૂટાછેડા તરીકે ઓળખવામાં આવે છે. પણ કાયદામાં છૂટાછેડાના પગલાંનો સ્પષ્ટ તે અલગ વિભાગ છે. તેમ જ તેની કાયદેસરની અસરોમાં તફાવત છે. નીચેના કારણો સાબીત કરવામાં આવે તો છૂટાછેડા મળી શકે છે.

છુટાછેડા કયારે મળે

(૧) પતિ કે પત્ની વ્યભિચારી જીવન ગાળે છે

નોંધ : આ કલમમાં Living in Adultery શબ્દો વપરાય છે. શબ્દોએ ઘણી મુશ્કેલી ઊભી કરી છે. તેનો અર્થ એવો કરવામાં આવ્યો છે કે છૂટાછેડાની અરજી કરવામાં આવી હોય ત્યારે જ અગર તો તેજ અરસામાં પતિ કે પત્ની વ્યભિચારી જીવન ગાળતા હોવા જોઈએ. જો આવા સંબંધનાં એક બે પ્રસંગ હોય તો છૂટાછેડા ન મળતાં અલગ રહેવાનો અધિકાર મળે. વળી અરજી કરતી વખતે એવું જીવન ગાળે છે એવું સાબિત કરવું મુશ્કેલ બને છે.

(૨) હિંદુ ધર્મ તજી બીજો ધર્મ અંગીકાર કર્યો છે.

(૩) અરજી કર્યા પહેલાંનાં સતત ત્રણ વર્ષથી :-

(અ) સુધરી ન શકે એવું ગાંડપણ હોય.

(બ) ભયંકર અને સુધરી ન શકે તેવો કોઢ હોય.

(ક) ચેપી રોગ હોય.

(૪) સંસાર તજી ધાર્મિક સંન્યસ્ત લીધું હોય.

(૫) સાત વર્ષથી પત્તો ન હોય.

(૬) લગ્નનાં હક્ક પૂરા કરવાના હુકમનામાનો બે વર્ષથી અમલ ન કર્યો હોય.

(૭) અલગ રહેવાનું હુકમનામું થયા પછી બે વર્ષ સુધીમાં કદી સાથે રહ્યાં ન હોય.

ઉપરના કારણોસર છૂટાછેડાની અરજી પતિ કે પત્ની જેની તરફેણમાં દાવાનું કારણ ઉત્પન્ન થયું હોય તે કરી શકે છે. તે ઉપરાંત માત્ર પત્નીને નીચેનાં કારણોસર છૂટાછેડા માંગવાનો અધિકાર અપાયો છે :-

(૧) આ કાયદો અમલમાં આવ્યા પહેલાં જે લગ્ન થયાં હોય તેના પતિએ બીજાં લગ્ન કર્યાં હોય અગર લગ્ન વખતે આ કાયદો અમલમાં આવ્યા પહેલાંની પત્ની હયાત હોય. એટલે કે આ કાયદો અમલમાં આવ્યાં પહેલાં જો પુરુષને બે પત્ની હોય તો એક પત્ની છૂટાછેડા માટે અરજી કરી શકે છે.

(૨) પતિ, લગ્ન પછી બળાત્કાર, અકુદરતી સંબંધ કે પાશવતા માટે ગુનેગાર હોય.

આ રીતે લગ્ન રદ કરાવવાના વિવિધ પગલાંઓની માહિતી-પૂર્ણ વિગત છે. લગ્ન રદબાતલ કરવાનાં પ્રથમ પ્રકારમાં કોઈ પણ પક્ષ અરજી કરી શકે છે. પરંતુ તે સિવાયનાં બીજાં બધા પ્રકારોમાં એક જ પક્ષ અરજી કરી શકે છે.

કેટલુંક જાણવાજોગ

આ મુખ્ય મુદ્દાઓ જાણ્યા પછી આ કાયદાના અનુસંધાને કેટલીક આનુષંગિક જોગવાઈઓ પણ જાણી લઈએ.

(૧) છૂટાછેડા માટેની અરજી લગ્ન પછી ત્રણ વર્ષ પહેલાં થઈ શકતી નથી સિવાય કે જો છૂટાછેડા તે પહેલાં ન અપાય તો પક્ષકારને અસાધારણ મુશ્કેલી કે હાડમારી પડે તેમ છે, એવું અદાલતને સમજાવી શકાય.

(૨) છૂટાછેડા અપાયા હોય તે પક્ષકારો છૂટાછેડાની તારીખથી એક વર્ષની અંદર બીજા લગ્ન કરી શકતાં નથી. પણ આ મુદતનો બાધ જેમનાં લગ્ન રદબાતલ થયાં હોય તેને લાગુ પડતો નથી.

(૩) જ્યાં લગ્ન રદબાતલ થયાં હોય ત્યાં લગ્નકાળ દરમિયાન

થયેલું બાળક એક ખાસ કલમથી કાયદેસર બાળક છે એવું ગણવામાં આવ્યું છે પણ તેમને અન્યની મિલ્કત પર વારસા હક્ક રહેશે નહિ. પણ જ્યાં છૂટાછેડા હોય ત્યાં લગ્ન કાળ દરમ્યાન થયેલું બાળક કાયદેસર જ ગણાય છે.

(૪) અદાલતની કાર્યવાહી દરમિયાન અને તે પછી સગીર બાળકોનો કબજો ભરણપોષણ તથા શિક્ષણ વિષે અદાલત યોગ્ય ને વાજબી સૂચનાઓ આપી શકે છે ને તે સૂચનાઓ ફેરવી શકે છે કે રદ કરી શકે છે. આ હુકમો કરવામાં શક્ય હોય ત્યાં બાળકોની ઈચ્છા જાણવાને પ્રયત્ન કરવામાં આવશે. આ કલમનો અર્થ સગીર બાળકો માતાને જ કે પિતાને જ સોંપવા તેવું નથી. બાળકોનું હિત ને ઈચ્છા જોઈને હુકમ કરવાનો છે.

(૫) અદાલતની કાર્યવાહી દરમિયાન કે તે પછી અદાલત પતિને, પત્નીને અગર પત્નીને પતિને ભરણપોષણ આપવાનો હુકમ કરી શકે છે. તે રકમમાં વધઘટ કરી શકે છે, પણ જેની તરફેણમાં ભરણપોષણનો હુકમ કર્યો હોય તે ફરી લગ્ન કરે અગર ચારિત્ર્યભ્રષ્ટ થાય તો ભરણપોષણનો હુકમ અદાલત રદ કરી શકે છે.

(૬) આ કાયદા નીચેની અરજી જિલ્લા કોર્ટ અગર જ્યાં સીટી-સિવિલ કોર્ટમાં હોય તો તેમાં થઈ શકે છે. પણ આવી કોર્ટમાં તો જ અરજી થઈ શકે જો તેની હકુમતમાં (૧) લગ્ન થયાં હોય અગર (૨) પતિ કે પત્ની (સાથે કે અલગ) રહેતા હોય અથવા (૩) જ્યાં બંને છેલ્લાં સાથે પતિ પત્ની તરીકે રહ્યાં હોય

(૭) કોઈ પણ બે હિંદુ વચ્ચે આ કાયદાનાં અમલ પછી થયેલાં લગ્ન જો તે વખતે તેને પતિ કે પત્ની હયાત હોય તો રદબાતલ છે તે તે વ્યક્તિ ગુનેગાર છે.

નોંધ : આ કલમનો અર્થ એવો થાય છે કે હવે કોઈ હિંદુ ભારતમાં જ નહિ પણ પરદેશમાં જઈને પણ બીજાં લગ્ન કરે તો તે ગેરકાયદેસર છે ને ગુનેગાર છે.

(૮) આ કાયદા નીચેની કાર્યવાહી કોઈ પણ એક પક્ષ ઈચ્છે તો 'કેમેરા'માં કરવા અદાલત બંધાય છે. મુકદમાની કાર્યવાહીના અહેવાલ અદાલતની પરવાનગી વિના છાપી શકતાં નથી.

(૯) આ કાયદા નીચે થયેલાં હુકમનામાઓ સામે અપીલ થઈ શકે છે.

(૧૦) બે પક્ષકારો સંમત હોય તો પણ અદાલત સંમતિથી હુકમનામું આપી શકતી નથી ને કાયદામાં જે જે કારણો આપ્યા છે તે પુરાવાથી સાબીત થાય તો જ અદાલત છૂટાછેડા આપી શકે છે.

(૧૨) પરસ્ત્રી કે પરપુરુષ સાથેનાં સંબંધને કારણે અરજી કરવામાં આવી હોય તો અરજદારે એ કૃત્યમાં સંમતિ નથી આપી કે એ કૃત્ય તેણે ઉશ્કેર્યું નથી એવી ખાતરી થવી જોઈએ.

(૧૩) મુકદમો માંડવામાં બિનજરૂરી કે અયોગ્ય વિલંબ ન થયો હોવો જોઈએ.

(૧૪) આ કાયદા નીચે હુકમનામું કરતાં પહેલાં બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવા સર્વ પ્રયત્ન કરવાની અદાલતની ફરજ છે.

(૧૫) આ કાયદા અન્યથેની અરજી બંને પક્ષે ચશમ-પોશીથી એટલે કે મળી જઈને કરી ન હોવી જોઈએ.

હિંદુ લગ્નનો કાયદો આજે જે છે તેની આ મુખ્ય રૂપરેખા છે. જેને માત્ર વકીલો જ સમજી શકે અગર કોઈ વ્યક્તિ-ગત કિસ્સામાં વકીલોને ઉપયોગી થઈ પડે એવી ઝીણવટભરી બાબ-તોનો આ લેખમાં ઉલ્લેખ કર્યો નથી. સામાન્ય વ્યક્તિ તે કદાચ સમજી કે અનુસરી પણ ન શકે.

કાયદાનું સામાન્ય જ્ઞાન તે સારુ ઉપયોગી છે ને તે માર્ગદર્શક નીવડે છે. પેટન્ટ દવાઓ પર જેમ લખવામાં આવે છે કે તબીબની સલાહ લઈને ઉપયોગ કરવો તે મુજબ કાયદો એક જ હોવા છતાં દરેક વ્યક્તિગત કિસ્સા પર કાયદાની કલમોની ભિન્ન ભિન્ન અસર હોય છે જે સામાન્ય વ્યક્તિ સમજી શકતી નથી એટલે વ્યક્તિ-ઓએ માત્ર કાયદાની આવી રૂપરેખા ઉપર જ આધાર ન રાખવો.

કેશવલાલ એમ. શાહ

દીવડો

આશા ને ચેતનાનો એ,
દીવડો લઇ ઘૂમવું;
જ્યોત જગે જગાવીને,
ચૈતન્યમાં ભળી જવું,

—હરિશ વ્યાસ

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે કરેલી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના રાજકારણની આલોચના

મુંબઈ જૈન યુવક સંઘના ઉક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આંતરરાષ્ટ્રીય તેમ જ રાષ્ટ્રીય ક્ષેત્રે છેલ્લાં ચાર પાંચ મહિના દરમિયાન બનેલ ઘટનાઓની તા. ૯-૧૧-૧૯૬૩ શનિવા ના રોજ સંઘના કાર્યાલયમાં સવિસ્તર આલોચના કરી હતી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બનેલી ત્રણ મુખ્ય ઘટનાઓ: (૧) બ્રિટનના પ્રધાનમંડળમાં કરવામાં આવેલો ફેરફાર, જેના પરિણામે મેકમીલનની જગ્યાએ લોર્ડ હ્યુમ આવેલ છે, (૨) સાઉથ વીએટનામના પ્રમુખ અને તેના ભાઈનું કરવામાં આવેલું ખુન અને નવા પ્રધાનમંડળની રચના (૩) અલજીરીઆ અને મોરેક્કો વચ્ચે ચાલતો સરહદી સંઘર્ષ આ ત્રણ ઘટનાઓનું તેમણે સવિસ્તર વિવરણ કર્યું હતું અને તેનું રાજકારણી રહસ્ય સમજાવ્યું હતું. ત્યાર બાદ રશિઆ અને ચીન વચ્ચે ચાલી રહેલા તેમ જ ઈન્ડો-નેશિઆ અને મલેશિયા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષનો તેમણે આછો ઉલ્લેખ કર્યો હતો. અને જણાવ્યું હતું કે આ સંઘર્ષોમાંથી તત્કાળ કોઈ યુદ્ધનું જોખમ દેખાતું નથી.

ત્યાર બાદ રાષ્ટ્રીય ક્ષેત્રના રાજકારણની ચર્ચા કરતાં ચીન તરફથી ભારત ઉપર તત્કાળ કોઈ મોટા પાયાના આક્રમણનો સંભવ નથી, પણ પાકીસ્તાનની કાશ્મીર સરહદ ઉપરની હીલચાલ કાંઈક ચેતા પેદા કરે તેવી છે એમ તેમણે જણાવ્યું હતું. પછી કામરાજ યોજનાના પરિણામે કેન્દ્રસ્થ પ્રધાનોને અને છ પ્રાદેશિક મંત્રીઓને છૂટા કરવામાં આવ્યા તેના આઘાત-પ્રત્યાઘાતોનું તેમણે વિસ્તારથી વર્ણન કર્યું હતું અને નવા પ્રધાનમંડળોની રચના કરવા જતાં વાતાવરણ ઉલટું બગડ્યું છે અને જૂથબંધી નાબૂદ થવાને બદલે વધી છે એવો અભિપ્રાય તેમણે વ્યક્ત કર્યો હતો. કેન્દ્રસ્થ પ્રધાનમંડળમાંથી છૂટા થયા બાદ શ્રી એસ. કે. પાટીલનાં જાહેર નિવેદનોની સમીક્ષા કરતાં શ્રી પાટીલનાં કેટલાંક નિવેદનો બેજવા-બદારીભર્યાં હોવાનું તેમણે જણાવ્યું હતું. ત્યાર બાદ જયપુર ખાતે મળેલ અખિલ હિંદ મહાસભા સમિતિના અધિવેશનમાં કોંગ્રેસની કારોબારીએ Democratic socialism થી કોંગ્રેસ શું કહેવા માંગે છે તેનું વિસ્તારથી નિરૂપણ કરતું એવું એક અતિ મહત્ત્વનું નિવેદન રજૂ કર્યું હતું અને તે અંગે છેવટનો નિર્ણય હવે પછી થોડા સમયમાં ભુવનેશ્વર ખાતે મળનાર કોંગ્રેસ અધિવેશનમાં લેવામાં આવનાર છે તેની તેમણે વિગતવાર સમજૂતી આપી હતી. તે નિવેદન મુજબ દેશમાં માત્ર સમાજવાદી ઢબની સમાજ-રચના જ નહિ પણ સમાજવાદ લાવવા માટે નીચેની બાબતો અતિ આવશ્યક હોવાનું આ નિવેદનમાં જણાવ્યું છે તે તરફ તેમણે લક્ષ ખેંચ્યું હતું.

(૧) Planned Economy—આયોજિત અર્થરચના
(૨) તેને માટે જરૂરી અંકુશો
(૩) દોલત અને આવક અંગે દેશમાં પ્રવર્તતી અસાધારણ અસમાનતાની જરૂરી પગલાંઓ દ્વારા સત્વર નાબૂદી
(૪) ઉત્પાદન વધે તેવાં સાધનો ઉપર વધારે ધ્યાન કેન્દ્રસ્થ કરવાની જરૂર
(૫) Social justice—સામાજિક ન્યાયની સાર્વત્રિક સ્થાપના
(૬) સંયુક્ત સહકારી ખેતીને સવિશેષ વેગ
(૭) સામાજિક સેવાઓનો શક્યતમ વિસ્તાર
(૮) ચાલુ દિન પર દિનના જીવનમાં સૌને મળવી જોઈતી સરખી તકો

તેમણે આગળ ચાલતા કારોબારીના નિવેદનમાં રહેલા નીચેના વિધાન ઉપર સવિશેષ ભાર મૂકેલો હતો. Congressmen should become examples of socialist philosophy in their daily life. કોંગ્રેસી કાર્યકરોએ સામાજિક વિચાર-સરણીના જીવંત નમૂના બનવું જોઈએ.

ત્યાર બાદ પંજાબ, કેરળ, ગુજરાત અને કાશ્મીરની રાજ-કારણી પરિસ્થિતિની તેમણે ચર્ચા કરી હતી.

આ રીતે તેમણે કરેલી ઢગલાબંધ માહિતીથી ભરેલી આલોચના સાંભળનાર સૌ કોઈના માટે રસપ્રદ અને બોધપ્રદ નીવડી હતી.

હિન્દુધર્મ અને જૈનધર્મ

(ગતાંકથી ચાલુ)

ઈતિહાસની દૃષ્ટિએ હિન્દુધર્મના પાંચ રૂપો

હિંદુધર્મને માન્ય એવા વેદો ભારતીય સાહિત્યમાં જ નહિ પણ વિશ્વના સાહિત્યમાં પ્રાચીનતમ મનાયા છે, જ્યારે ઉપલબ્ધ જૈનાગમો વિષે એમ નથી. આથી હિંદુધર્મની ઈતિહાસની સામગ્રીના પાયા બહુ ઊંડા જાય છે ત્યારે જૈન ધર્મ વિષે એમ નથી એ સ્પષ્ટ છે. સામગ્રીના કાળનો આ ભેદ છતાં વિદ્વાનોનું માનવું છે કે વેદમાં પ્રતિપાદિત ધર્મ જેના પ્રવાહને આધારે હિંદુધર્મનું નિર્માણ થયું છે તે અને જૈન ધર્મનો મૂળ પ્રવાહ એ બંને જુદા જ છે. વેદ અને વેદપ્રતિપાદિત ધર્મ એ ભારતમાં આયાત થયેલ છે, જ્યારે જૈન ધર્મ ભારતમાં બહારથી આયાત થયો હોય કે ન થયો હોય, પણ તે વેદના આધારે ઉત્પન્ન તો નથી જ થયો, પણ મૂળે એક સ્વતંત્ર ધર્મપ્રવાહ છે એમ પ્રાયઃ સ્વીકારાઈ ગયું છે. હિન્દુધર્મની રચનાનો ઈતિહાસ બહુ રોચક છે. તેને વેદમૂલક કહેવામાં આવે છે અને તે વેદના પ્રવાહમાં પતિત છે એ પણ સાચું જ છે, છતાં પણ તેનો કાયાકલ્પ એ પ્રકારનો છે કે જાણે તેનો જૂના સાથેનો સંબંધ હોળીના હારડામાંના સુતરના તાંતણા જેટલો જ રહ્યો છે. નવો ભાર એટલો બધો વધી ગયો છે કે તેને એ સુતરના તાંતણારૂપ વેદ સંભાળી શકવા સમર્થ છે, છતાં પણ જાણે તેનું કોઈ અસ્તિત્વ દેખાતું નથી. એટલે કે આજના હિંદુધર્મના આચારોમાં એટલું બધું પરિવર્તન થઈ ગયું છે કે તેમાંથી મૂળના વૈદિક આચારો પ્રાયઃ નામશેષ થઈ ગયા છે. વૈદિક આચાર યજ્ઞનો હતો, પણ વેદકાલીન યજ્ઞો અને આજના યજ્ઞોમાં જમીન–આસમાનનું અંતર છે. વેદકાળના યજ્ઞો આજે થાય છે ખરા, પણ તે પ્રદર્શન માટે; આચારના–જીવનમાં વણાઈ ગયેલ આચારના ભાગ રૂપે નહિ. પ્રદર્શન માટે એટલા માટે કહું છું કે પૂના જેવા શહેરમાં માત્ર તે કાળે યજ્ઞો કેવા હતા તે બતાવવા ખાતર ક્વચિત જ જૂની રીતે યજ્ઞો ગોઠવવામાં આવે છે, જેથી અભ્યાસીને તેના સ્વરૂપનું જ્ઞાન થાય. ઉદ્દેશ, તેવા યજ્ઞોના પુનઃ પ્રચારનો નહિ પણ માત્ર ઈતિહાસની જિજ્ઞાસા સંતોષવાનો હોય છે. વૈદિક યજ્ઞોનો પુનઃ પ્રચાર શા માટે ન થાય એવી ભાવનાવાળા કરપાત્રી મહારાજે એ યજ્ઞો જ્યારે જોયા ત્યારે તેમનો પણ ઉત્સાહ શમી ગયો. એ બતાવે છે કે વેદમૂલક છતાં અત્યારનો હિંદુધર્મ વેદની મૂળ માન્યતાથી કેટલો આગળ વધી ગયો છે.

આજે જેને આપણે હિંદુધર્મને નામે ઓળખીએ છીએ તેના ઈતિહાસનો વિચાર કરીએ છીએ ત્યારે તેનાં પાંચ રૂપો સ્પષ્ટ થાય છે :–

(૧) આજથી લગભગ સાડાત્રણ હજાર વર્ષ પૂર્વે જ્યારે આર્યો ભારતમાં આવ્યા ત્યારે જે આચાર અને વિચાર સાથે લાવ્યા હતા તેને વૈદિકધર્મ કે શ્રૌતધર્મ તરીકે ઓળખાવવામાં આવે છે. એ ધર્મને વિદ્વાનો માને છે તેમ ભારતબહારનો ધર્મ જે રૂપે ભારતમાં આવ્યો તે સમજવો જોઈએ. એમાં આડંબરવિનાના હિંસક યજ્ઞો એ ધાર્મિક આચારવિધિ હતો અને વિચારોમાં જોઈએ તો અનેક દેવોની ઉપાસના તે યજ્ઞો દ્વારા થતી. પણ એવી ભૂમિકા સર્જાઈ ગઈ હતી કે તે બધા દેવો નામે ભલે જુદા હોય પણ તત્વે તે એક જ છે. ઉપાસનાનો કોઈ ઉચ્ચ ઉદ્દેશ નહિ પણ શત્રુનાશ અને ભૌતિકસંપત્તિની વૃદ્ધિ એ હતો. પ્રાચીન વેદોમાં આ વિશ્વરચના કોણે કયારે કરી, કેવી રીતે કરી ઈત્યાદિ જિજ્ઞાસાના શમન માટે ઉત્કટ પ્રયત્ન હતો, પણ હજી તેનો નિશ્ચિત ઉત્તર મળ્યો ન હતો. સમાજરચનામાં ચાર વર્ગો હતા એ પણ જણાય છે. હિંદુધર્મની ભૂમિકારૂપે આ પ્રકારના વૈદિકધર્મને મૂકી શકાય.

(૨) વૈદિકધર્મની ભૂમિકાના ઉક્ત રૂપ પછીનો જે વિકાસ છે તે બ્રાહ્મણધર્મને નામે ઓળખાય છે. તે એટલા માટે કે તેનો આધાર વેદના પરિશિષ્ટરૂપે રચાયેલ બ્રાહ્મણ નામના ગ્રન્થો છે. આમાં વેદના મૂળ મંત્રોનો વિનિયોગ ક્યાં, કેવી રીતે કરવો અને વેદમાં જે સૂચિત કથા કે ઘટનાઓ છે તેનો મેળ બેસાડી આપવાનો પ્રયાસ છે. વેદો એ ઋષિઓ–કવિઓની રચના છે તો બ્રાહ્મણગ્રન્થો પુરોહિતોની રચના છે. એ પુરોહિતોનો મૂળ ઉદ્દેશ એટલો જ હતો કે કર્મકાંડ જેમાં યજ્ઞો જ મુખ્ય હતા તેને વ્યવસ્થિત કરવા. આનું પરિણામ એ આવ્યું કે વૈદિક કાળના સીધાસાદા યજ્ઞો એક જટિલ કર્મકાંડરૂપે બની ગયા અને તે નિષ્ણાતોની સહાય વિના અસંભવ બની ગયા. આ કારણે સમાજમાં પુરોહિત વર્ગનું મહત્ત્વ વધી ગયું અને તેમણે ગુરુપદ લીધું. આ યજ્ઞોમાં સામગ્રી વધી ગઈ, વિધિની જટિલતા વધી ગઈ, ઉપરાંત યજ્ઞોની વિવિધતા પણ વધી ગઈ. સમગ્ર સમાજને લાંબા કાળ સુધી યજ્ઞકાર્યમાં ફસાઈ રહેવા વારો આવ્યો. જાણે કે જીવન યજ્ઞમય જ બની ગયું અને યજ્ઞ એ જ પરમાત્મા અને સૃષ્ટિ પણ બની ગયો. અને તેમાં બ્રાહ્મણ વર્ણ જે પુરોહિત વર્ગ હતો તેનું પ્રાધાન્ય થઈ ગયું. આ સમયમાં વિચારોમાં કાંઈ વિશેષ વિકાસ થયો હોય એમ જણાતું નથી. પણ યજ્ઞમાં–કર્મકાંડમાં જ જાણે કે બધું સમાઈ જતું હોય એવું વાતાવરણ સર્જાયું. આજથી ત્રણ હજાર વર્ષ પહેલેના હિંદુધર્મનું આવું રૂપ તે બ્રાહ્મણધર્મ.

(૩) આ પછીનો કાળ તે સંક્રાંતિ કાળ છે. ઉપનિષદ કે વેદાંતને નામે ઓળખી શકાય તેવું હિંદુધર્મનું રૂપ આ કાળમાં હતું. આર્યો જેમ ઉત્તરથી પૂર્વ તરફ આગળ વધતા ગયા તેમ તેમનો ભારતીય પ્રજા સાથેનો સંપર્ક વધતો ગયો અને તેને પરિણામે વિચારોનું પૂર વૈદિકધર્મમાં આવ્યું. કર્મકાંડની જટિલતા અને બ્રાહ્મણોના વર્ચસ્વ સામે એક પ્રકારનો બળવો જાગ્યો. પરિણામે યજ્ઞો વિષે તે ફૂટેલ નૌકા છે એવું ઔકાંતિક વલણ પણ લેનારા વિચારકો પાકયા અને જૂનો ચીલો છોડી આચાર અને વિચારની શુદ્ધિ કરવી જોઈએ એ પ્રકારનું વલણ વધ્યું. આથી આપણે જોઈએ છીએ કે ઉપનિષદોમાં યજ્ઞવિચાર કરતા બ્રહ્મનો વિચાર વિશેષરૂપે થયો છે અને યજ્ઞના કર્મકાંડોમાં રસ ઓછો થઈ આત્મા વિષેના ચિંતન–મનનમાં રસ વધ્યો છે. અને આ સૃષ્ટિની ઉત્પત્તિ ક્યાંથી કેવી રીતે થઈ છે એ વિશેના નાનાપ્રકારના વિતર્કો વિના રોક–ટોક ચાલુ થઈ ગયા છે.

આ કાળમાં આત્મવિચારમાં અગ્રણી બ્રાહ્મણ નહિ પણ ક્ષત્રિયો હતા તે બતાવે છે કે ખરી રીતે બ્રાહ્મણનું વર્ચસ્વ ઓછું કરી ક્ષત્રિઓએ જનસમુદાય ઉપર ધાર્મિક ક્ષેત્રે પણ પોતાનો પ્રભાવ જમાવવો શરૂ કર્યો હતો. આમ બનવું સ્વાભાવિક જ હતું, કારણ જો કર્મકાંડનું મહત્ત્વ ઘટે તો તેની સાથે બ્રાહ્મણોનું પણ મહત્ત્વ ઘટવું અનિવાર્ય હતું.

આ કાળે એક તરફ કર્મકાંડના પ્રબળ સમર્થ બ્રાહ્મણો હતા તો બીજી તરફ તેમના વિરોધમાં આત્મવિચારના સમર્થ ક્ષત્રિયો હતા. આ બંને વર્ગો છેલ્લે પાટલે બેસીને જ્યારે પોતાપોતાના મતનું સમર્થન કરતા હતા ત્યારે પણ એવો ત્રીજો વર્ગ તો હતો જ કે જે ને એમ લાગતું હતું કે આ બંને માર્ગો–યજ્ઞ અને આત્મા–માં ઘણું ઘણું અપનાવવા જેવું છે તો તેનો આત્યંતિક વિરોધ કરવો ઉચિત નથી. યજ્ઞોમાંથી જો જટિલતા દૂર કરવામાં આવે અને તેમાંથી હિંસા દૂર કરવામાં આવે તો આત્મવાદીઓને પણ યજ્ઞનો વિરોધ કરવાનું કારણ રહે નહિ. આચારમાંથી કર્મકાંડનો અતિરેક દૂર કરવામાં આવે અને આત્મધ્યાન વિષે વિશેષ ભાર આપવામાં આવે તો તેમાં કશું ખોટું નથી. પણ સમાજમાં હજુ

આ વચલો માર્ગ લેનારાનું પ્રભુત્વ સ્થપાયું ન હતું. વિચાર અને આચારનો ઊકળતો ચરુ–એ આ ઉપનિષદકાળનું લક્ષણ કહી શકાય. એ ઉકાળાના પરિણામે જે રસાયન નિષ્પન્ન થવું જોઈએ તે હજુ નિષ્પન્ન થયું ન હતું, પણ એક દિશા મળી ગઈ હતી. એટલે આ કાળને હિંદુધર્મના સંક્રાંતિકાળ તરીકે ઓળખાવી શકાય. આવી સ્થિતિ આજથી લગભગ અઢી હજાર વર્ષ પહેલાં પ્રવર્તતી હતી.

(૪) ઉપર કહેલા સંક્રાંતિકાળમાંથી હિંદુધર્મનું જે રૂપ નિષ્પન્ન થયું તે જ રૂપ આજના હિંદુધર્મનું પ્રવર્તક બળ છે. એ નિષ્પત્તિ એકાએક તો થાય જ નહિ. પણ લગભગ હજાર વર્ષ સુધી એ ચરુ ઉકળતો રહ્યો અને તેમાંથી જે રસાયન નિષ્પન્ન થયું તેને આપણે આજના હિંદુધર્મનું રસાયન કહી શકીએ. એ રસાયનની ઝાંખી આપણને ગીતામાં મળે છે. આથી જ હિંદુધર્મના સર્વવર્ગોમાં ગીતા એ માન્ય ગ્રન્થ બની ગયેલ છે. હિંદુધર્મના આ રૂપની વિશેષતા સમન્વયમાં રહેલી છે. આ સમન્વયની સાધના લગભગ હજાર વર્ષ ચાલી છે અને પછી જે નિષ્પત્તિ થઈ તે જ આજનો હિંદુધર્મ છે. આ સમન્વયની સાધનાનો કાળ ઈ. સ. ચોથી પાંચમી સદી સુધી ચાલ્યો.

(૫) હિંદુધર્મનું અંતમાં જે સમન્વિતરૂપ ગીતાથી નિષ્પન્ન થયું તે પ્રાયઃ આજ સુધી જોવા મળે છે. તેમાં ઉતાર–ચડાવ ગમે તેટલા થયા પણ તેની મૂળ ભાવના જે સમન્વયપ્રધાન હતી તે ચાલુ જ રહી છે. તેમાં ઉત્તરોત્તર વિકાસ જ થયો છે.

ગીતાના વિચારના પ્રચારથી હિંદુધર્મનું જે રૂપ નિષ્પન્ન થયું અને જે આજે પણ જોવા મળે છે તેનાં લક્ષણો વિષે હવે વિચાર કરીએ :

(૧) હિંદુધર્મમાં કેન્દ્રસ્થાને કૃષ્ણભક્તિનું મહત્ત્વ જે વધ્યું તે આજે પણ કાયમ છે. મૂળે તે કૃષ્ણ એ યાદવોમાં આરાધ્ય હતા પણ ધીરે ધીરે એમનો પ્રભાવ સમગ્ર હિંદુધર્મીમાં વધ્યો. તે એટલે સુધી કે તેમની વૈદિક વિષ્ણુ સાથે એકતા સિદ્ધ થઈ. આથી મનુષ્ય અને વૈદિક દેવતાનું એકત્વ સધાયું અને એને પરિણામે અવતારવાદનું હિંદુધર્મમાં એક નવું તત્વ ઉમેરાયું. આથી વિભૂતિસંપન્ન કોઈ પણ મનુષ્ય ઈશ્વરના અવતાર તરીકે પૂજ્યપદને પામી શકે છે. આવી ભવ્ય ભાવના ધાર્મિકોમાં ઘર કરી ગઈ. પરિણામે આપણે જોઈ શકીએ છીએ કે જે કોઈમાં વિભૂતિનું દર્શન થયું તેવા મધ્યકાળના સંતો ઈશ્વરના અવતાર તરીકે પૂજાયા. આધુનિક કાળે ગાંધીજીને પણ એક અવતારી પુરુષ તરીકે માનનારાનો તોટો નથી. આમ ઈશ્વર એ કોઈ દૂરની સદૈવ પરોક્ષ વસ્તુ ન રહી પણ આપણી સૌની વચ્ચે જે કોઈ વિભૂતિમત્ હોય તે ઈશ્વર જ છે અને તેની ઉપાસના એ પણ ઈશ્વરની જ ઉપાસના છે આમ મનાવા લાગ્યું. પરિણામે સમાજને સદૈવ ઈશ્વરનું સાન્નિધ્ય માણવાનો અવસર મળી ગયો.

(૨) દાર્શનિક વિચારો ગમે તેવા થયા હોય પણ ધાર્મિક પુરુષોની તો એવી જ શ્રદ્ધા છે અને તે શ્રદ્ધા ગીતાથી જ પુષ્ટ થઈ છે કે વિશ્વમાં જે કાંઈ છે તેમાં કૃષ્ણ–ઈશ્વર–પરમાત્મા સમાવિષ્ટ છે અને તે બધું ઈશ્વરથી જ નિષ્પન્ન છે, આને પરિણામે સાચા શ્રદ્ધાળુ ધાર્મિકજનને રાગ–દ્વેષનું કારણ રહેતું નથી અને સમભાવની સાધનામાં તે દત્તચિત્ત રહે છે. એક ભક્તપુરુષને શ્વાન અને ચાંડાલમાં પણ સમભાવ જ હોય છે, ધૃણાને અવકાશ રહેતો નથી. સ્પૃશ્યાસ્પૃશ્ય વિચાર એ સ્માર્તધર્મના અવશેષરૂપે હિંદુસમાજમાં ખાસ કરી જ્યાં બ્રાહ્મણોનો પ્રભાવ છે ત્યાં જ વિશેષ છે, પણ જ્યાં બ્રાહ્મણ પ્રભાવ ઓછો ત્યાં તે પણ મંદ છે. સાર એ છે કે ગીતાનો સામ્યયોગ એ હિંદુધર્મનું એક મુખ્ય લક્ષણ બની ગયું છે. તે કહેવાતા બધા હિંદુધર્મીમાં ન પણ જોવા મળે, પણ રામકૃષ્ણ-પરમહંસ જેવા સાચા ભક્તોમાં તો અવશ્ય જોવા મળે જ.

(૩) ગીતામાં જ્ઞાન, કર્મ કે ભક્તિયોગનું પ્રાધાન્ય છે એ વિવાદ વિદ્વાનોમાં છે પણ જીવનમાં તો તેમાંની જે એક વસ્તુ હિન્દુધર્મમાં પ્રતિષ્ઠિત થઈ છે તે છે ભક્તિ–એમાં તો કોઈ શક નથી. હિંદુધર્મમાં ધાર્મિક અનુષ્ઠાન તરીકે આજે જે એક માર્ગ પ્રતિષ્ઠિત છે તે ભક્તિ જ છે. અને એ ભક્તિમાં જ જ્ઞાન અને કર્મનો સમાવેશ થઈ ગયો છે. આ ભક્તિમાર્ગનો ચેપ ભારતવર્ષના બધા ધર્મોને લાગ્યો છે.

જ્ઞાન–માર્ગનો આશ્રય બ્રાહ્મણો જ વિશેષ રૂપે લઈ શકતા. કર્મકાંડમાં પણ શૂદ્રોને અધિકાર જ નહોતો. પણ ભક્તિમાર્ગ જ એક એવો છે કે જે સૌને માટે ખુલ્લો છે. એમાં જાતિ–પાંતિ કે સ્ત્રી–પુરુષના કશા પણ ભેદ વિના સૌનો સરખો અધિકાર છે. આથી હિંદુધર્મમાં બહુજનસમાજમાં એ વધારે પ્રચલિત થાય એ સ્વાભાવિક હતું.

(૪) ગીતાનો ખાસ સંદેશ છે લોકસંગ્રહનો. જૈન–બૌદ્ધના એકાંત સંન્યાસ માર્ગમાં સર્વ કર્મથી વિરત થઈ ગૃહત્યાગ આવશ્યક હતો, જ્યારે ગીતાએ જણાવ્યું છે કે "સ્વધર્મે નિધનંશ્રેયઃ પરધર્મો ભયાવહઃ" એટલે કે મનુષ્યે પોતાને જે પ્રાપ્ત થયેલો ધર્મ હોય તેનું જ પાલન કરવું, તેમાં જ મુક્તિ છે, જે કર્મો નિયત કરેલાં છે તે કર્મો સૌએ કરવાં, એ છોડીને જવામાં સાર નથી. કર્મથી બંધન થાય છે તેનું કારણ આસક્તિ છે, નહિ કે તે કર્મ. માટે આસક્તિ છોડીને ફળની આશા વિના પ્રાપ્ત થયેલ કર્તવ્યકર્મ કરવું એમાં જ મુક્તિ છે–ગીતાનો આ સંદેશ હિંદુધર્મમાં પ્રતિષ્ઠિત થયો છે અને આથી સામાજિક અવ્યવસ્થા ઊભી થવાને બદલે તેમાં સામંજસ્ય આવ્યું છે. સાચા હિંદુધર્મીમાં ઊંચ–નીચના ભાવને અવકાશ રહે જ નહિ. જો ગીતાના સંદેશને યથાર્થરૂપે પાળવામાં આવે, અને આપણે જોયું છે કે આથી જ નીચ ગણાતી કોમમાંથી પણ સંતો આપણે ત્યાં પાક્યા છે અને તેમને પણ એટલો જ આદર મળ્યો છે., જેટલો એક બ્રાહ્મણ સંતને. આ પ્રભાવ હિંદુધર્મનો છે, જેનું મૂળ ગીતાના ઉપદેશમાં જ રહેલું છે. વેદથી માંડીને આજ સુધી જે જે દેવો ધર્મમાં સ્થાન પામ્યા તે સૌનો કૃષ્ણ સાથે અભેદ હોય અને જે જે સંતો થયા તે પણ સ્વયં કૃષ્ણના જ અવતાર હોઈ સમાનભાવે પૂજ્ય છે. આ ભાવનાનો પ્રચાર ગીતાથી થયો એટલે દે ..ને લઈને ધાર્મિક મતભેદોને સ્થાન રહ્યું નહિ. પણ જેની પણ પૂજા–ભક્તિ થાય, જે નામે થાય કે જ્યાં પણ થાય–તે સૌ કૃષ્ણની જ ભક્તિ છે. આવા ઉદાર વલણને હિંદુધર્મે અપનાવ્યું છે વળી જે કોઈ કર્મ કરવામાં આવે તે પણ ઈશ્વરભક્તિના જ અંગરૂપે છે આવી સમજ ગીતાએ આપી હોઈ બધાં જ કર્મોમાં ભક્તિરૂપે દૈવીભાવ આવી જવાથી કર્મમાંથી પણ ઊંચ–નીચનો ભાવ લુપ્ત થયો. જે કાંઈ કરો તે ઈશ્વરભક્તિનું જ અંગ છે. આવી ઉદાત્ત ભાવના હિંદુધર્મમાં આવી. આમ થવાથી હિંદુધર્મના વિવિધ સંપ્રદાયોમાં જે વિરોધભાવના હતી તે લુપ્ત થઈ અને સૌ કોઈ પોતાની યોગ્યતા અને શક્તિ પ્રમાણે ઈશ્વરની ભક્તિ જ કરે છે તો તેમાં ઈશ્વરના નામભેદ કે રૂપભેદને આગળ કરી વિખવાદ કરવાને કશું જ કારણ રહ્યું નહિ, આમ હિંદુધર્મનું લોકસંગ્રાહકરૂપ નિષ્પન્ન થવામાં ગીતાનો અપૂર્વ ફાળો છે.

હિંદુધર્મના આટલા વિચાર પછી હવે આપણે જૈનધર્મ વિષે વિશેષ વિચાર કરીએ.

અપૂર્ણ ।

દલસુખ માલવણિયા

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ; મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૫ : અંક ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડિસેમ્બર ૧૬, ૧૯૬૩, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

કરુણામૂર્તિ શ્રીમતી રુકમણી એરૂંડેલનો પરિચય

ભરત નાટયમના ઉપાસક તરીકે વિશ્વનો પ્રવાસ કરી ચૂકેલાં અને ૧૯૨૫ માં અખિલ વિશ્વ યુવક થિયોસોફીસ્ટ મંડળના પ્રમુખ બનેલાં શ્રીમતી રુકમણીદેવી એરૂંડેલ ગયા અઠવાડિયે અમદાવાદમાં 'પશુ કલ્યાણ બોર્ડ'ના પ્રમુખ તરીકે આવ્યાં ત્યારે મને એ વિવિધ-મુખી વ્યકિતત્ત્વનો પરિચય મેળવવાનું દિલ થયું. એટલે એમનાં જુદાં જુદાં પ્રવચનોમાં હાજર રહી એમની મુલાકાત માટે મેં પ્રયાસ કર્યો, પરંતુ એમના એક પછી એક એમ ગોઠવાઈ ગયેલા સળંગ કાર્યક્રમોમાં એ મુલાકાત યોજાઈ જ નહિ. આખરે ૨૯ મીની રાતે મેં એમને શ્રીમતી ભારતીદેવી સારાભાઈને ત્યાં ફોન કર્યો ત્યારે વળતે દિવસે વહેલી સવારે વિમાની મથકે મારે તેમને મળવું એમ નક્કી થયું.

અમદાવાદના વિમાની મથકે મોટરમાંથી ઉતરતાં શ્રીમતી એરૂંડેલે ભોંય પર સરકી પડેલા ફૂલ એક પછી એક ઋજુતા-પૂર્વક વીણી લીધાં અને મુલાકાતને અંતે તમામ કતલખાનાં બંધ થાય તે તેમને ગમે એમ કહ્યું ત્યાં સુધીમાં શ્રીમતી રુકમણીદેવીમાં મને એક સંસ્કારમૂર્તિના અનુકંપાશીલ ઋજુ હૃદયનાં દર્શન થયાં. લગભગ શ્વેત કેશમાં લાલ અને શ્વેત કરેણનાં ફૂલ ડોકાતાં હતાં. એમાં શ્રીમતી એરૂંડેલમાં રહેલ સૌન્દર્યાભિમુખ કલાકારનો આત્મા વસતો હતો. ખભા પર ઘેરા પીળા રંગની શાલ હતી. બે દિવ-સના કાર્યક્રમોથી શ્રમિત થઈ ગયા હોવા છતાં વિમાની મથકે એમણે અત્યંત સ્વસ્થતા અને શાંતિપૂર્વક મારી સાથે વાત કરી, તે વખતે વિમાન આવવાને માત્ર વીશેક મિનિટ જેટલો જ સમય બાકી હતો.

સાઠ વરસની ઉમ્મરનાં શ્રીમતી એરૂંડેલે ૧૯૨૦ માં જ્યારે આજન્મ કેળવણીકાર ડો. એરૂંડેલ સાથે લગ્ન કર્યું ત્યારે સમાજમાં ઘણો ઊહાપોહ થયેલો. ચુસ્ત બ્રાહ્મણ અને સંસ્કૃતના પ્રસિદ્ધ વિદ્વાન શ્રી નીલકંઠ શાસ્ત્રીનાં પુત્રીએ એક અંગ્રેજ સાથે લગ્ન કરી જે ક્રાંતિકારી પગલું ભર્યું તે એ વેળાના સમાજ માટે મોટી ઘટના હતી.

મદ્રાસમાં ભરત નાટયમના ઉપાસક શ્રી મીનાક્ષી સુંદરમ્ પીલાઈના પરિચયમાં આવ્યા પછી તેમણે નૃત્યકલામાં અદ્‌ભુત પ્રવીણતા મેળવી અને ૧૯૩૬માં તો મદ્રાસ ખાતે અદ્યારમાં તેમણે કલાક્ષેત્ર નામની એક સંસ્થા પણ સ્થાપી.

રાજ્યસભાના સભ્ય તરીકે શ્રીમતી એરૂંડેલે કરેલા લાંબા પ્રયાસોના પરિણામે જ 'પશુ કલ્યાણ બોર્ડ' રચાયું છે. અને યોગ્ય રીતે તેઓ કહે છે તેમ, દુનિયાભરમાં આવું 'પશુ કલ્યાણ બોર્ડ' રચવામાં ભારત પ્રથમ છે. એમના પતિ શ્રી એરૂંડેલે એની બેસન્ટે શરૂ કરેલી હોમરૂલ ચળવળમાં મહત્ત્વની કામગીરી બજાવી હતી. શ્રીમતી એરૂંડેલને મેં પૂછ્યું કે, "એ હોમરૂલ ચળવળના દિવસોની તમને ઘણી જીવંત સ્મૃતિઓ હશે તો એ ગત દિવસોના સંદર્ભમાં આજના ભારતના સામાજિક-રાજકીય ચિત્રમાં તમને કોઈ પરિવર્તન દેખાય છે કે કેમ?"

"હા, ઘણાં બધાં પરિવર્તન થયાં છે. આજે નથી આપણે ભારતીય કે નથી પશ્ચિમી. નથી આપણે પ્રાચીન, નથી આપણે અર્વાચીન રહ્યા."

"ચીની આક્રમણે ભારતમાં એકતા આણી છે કે પછી હજુ આપણે વિવિધતામાં એકતાવાળી પેલી જુની વાત ચાલુ રાખવી પડશે?" "ભારતમાં નાતજાત, પહેરવેશ વગેરે વિવિધતા હોવા છતાં એક ઉંડી સાંસ્કૃતિક એકતા છે જ."

"તમે દૂધ પણ લેતાં નથી એવું સાંભળ્યું છે તે સાચું છે?" "કોઈ વાર દુધ લઉં તો છું, પણ મને લાગે છે કે દૂધનો આહાર છેવટે તો એક પ્રકારની હિંસા તરફ દોરી જાય છે." શ્રીમતી એરૂંડેલ નવા સ્થપાયેલા પશુ કલ્યાણ બોર્ડના પ્રમુખ તરીકે પશુઓ તરફ આચરવામાં આવતું ઘાતકીપણું દૂર કરવા માગે છે. ૧૮૯૦માં 'પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ્સ એકટ' (પશુઓ તરફની ક્રૂરતા અટકાવવા અંગેનો ધારો) પસાર થયો જ હતો, પરંતુ એનું ક્ષેત્ર ઘણું મર્યાદિત હતું. એટલે શ્રીમતી એરૂંડેલે રાજ્યસભામાં ૧૯૫૪ માં નવેસર રીતે "પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ્સ બીલ" રજૂ કર્યું. આ બીલને વડા પ્રધાનનો ટેકો મળ્યો. નહેરૂએ પણ કહ્યું કે પ્રાણીઓ પ્રત્યે કરૂણાનો ભાવ જાગૃત કરવો જોઈએ. ભારત સરકારના અન્ન અને ખેતીવાડી ખાતાએ નિર્ણય કર્યો અને એક સમિતિએ દેશ આખાનો પ્રવાસ કરી ભલામણો તૈયાર કરી અને પરિણામે ઉપરનો કાયદો ઘડાયો. જમ્મુ અને કાશ્મીર સિવાય આ ધારો સમગ્ર દેશને લાગુ પડે છે. જીવનનાં તમામ પાસાંને સમગ્રતયા નિહાળતાં શ્રીમતી એરૂંડેલનું કલાકારનું હૃદય બાળ-પણથી જ પ્રાણીઓ પ્રત્યે અનુકંપા ધરાવે છે. એટલે આજે બોર્ડના પ્રમુખ તરીકે તેઓ ખાસ યોગ્યતા ધરાવતી વ્યકિત છે. મેં પૂછ્યું કે "તમે થીયોસોફીના કારણે આ અહિંસાના ખ્યાલ તરફ વળ્યાં કે અહિંસાના ખ્યાલમાંથી થીયોસોફી તરફ વળ્યાં?" શ્રીમતી રુક-મણીદેવીએ કહ્યું કે, "મને બાળપણથી જ પ્રાણીઓ તરફ કરૂણાનો ભાવ હતો અને થીયોસોફીમાંથી અહિંસા કે અહિંસામાંથી થીયો-સોફી તરફ જવા જેવું કંઈ છે જ નહિ. આખરે તો જીવન તે એક સતત સંચારિત પ્રક્રિયા છે."

તબીબી સંશોધન અને પ્રાણીઓ

અસારવા ખાતે એક જાહેર સભામાં વાંદરાઓની નિકા-સથી કરવામાં આવતી પરદેશી હુંડિયામણની કમાણી અંગે શ્રીમતી એરૂંડેલે કંઈક કહેલું. એટલે એ સંબંધમાં મેં પૂછ્યું કે, "એ નિકાસથી થતી પરદેશી હુંડિયામણની આવક જતી કરીએ તો એના વળતરમાં બોર્ડની પ્રવૃત્તિઓ શું અપાવી શકશે?" તેમણે કહ્યું, "અમને તો પરદેશ

તરફથી અમારી પ્રવૃત્તિઓ માટે તબીબી સહાય, એમ્બ્યુલન્સ વાન વગેરે મળવા લાગ્યું છે. પણ વાંદરાઓની નિકાસથી પરદેશી હુંડિયામણ કમાવું તે ભયંકર ચીજ છે. પરદેશી હુંડિયામણ કમાવાના બીજા રસ્તા પણ છે." "પણ તો પછી તમે એમ પણ માનો છો કે તબીબી સંશોધનમાં પ્રાણીઓનો ઉપયોગ ન કરવો જોઈએ?" "અલબત્ત, નહિ. પશ્ચિમના લોકોની સંસ્કૃતિમાં પ્રાણી જગત માટે કરૂણાનો અભાવ હોવાથી જ તબીબી સંશોધન માટે પ્રાણીઓ પર પ્રયોગ થાય છે. આપણે ત્યાં એવું નથી અને મને લાગે છે કે જો પશ્ચિમી વૈજ્ઞાનિકોમાં પણ પ્રથમથી જ પ્રાણીઓ પ્રત્યે કરૂણાભાવ હોત તો આટલાં અજાયબ સંશોધનો કરનારા તે લોકો પ્રાણીઓ પર પ્રયોગો કર્યા વગર પણ તબીબી સંશોધન કરી શકયા હોત, અને હજુ પણ પ્રાણીઓ પર પ્રયોગો કર્યા સિવાય એવું સંશોધન થઈ શકે."

પશુ કલ્યાણ બોર્ડની કામગીરીમાં એક એવો પણ ઉલ્લેખ છે કે, કતલખાનાની ડીઝાઈનો સુધારવી અને પ્રાણીઓને જબ્બે કરતાં પહેલાં ઓછામાં ઓછું દુઃખ પડે તે જોવું. એ માટે ઓજારો બુઠ્ઠાં ન હોય પણ વધારે ધારદાર હોય તે જોવું અને આગળ વધીને બને તો પ્રાણીઓની કતલ કરતા પહેલાં એમને વેદના ન થાય તે માટે ક્લોરોફોર્મ જેવું કંઈક આપીને બેભાન બનાવી દેવાં. એટલે આ બધાંનો ઉલ્લેખ કરી મેં પૂછી લીધું કે, "પ્રાચીન લડાઈમાં હથિયારો તીક્ષ્ણ ન હતાં, જ્યારે આજના યુદ્ધમાં તરત જ મૃત્યુ નીપજાવે તેવાં શસ્ત્રો વપરાય છે, તો તેથી એ હિંસા નથી એમ થોડું કહી શકાશે?" શ્રીમતી રૂકમણીદેવીએ કહ્યું, "જાનવરોને બેભાન બનાવીને કતલ કરવાની વાત અને બને તેટલી માનવતાભરી રીતે તેમને મારવાની વાત હાસ્યાસ્પદ છે. હા, એમને બેભાન બનાવી દેવાય તો એમની વેદના ઓછી થાય, પણ એ હિંસા નથી એમ થોડું જ કહેવાય? હું તો કતલખાનાંની જ વિરુદ્ધમાં છું." એક ભાષણમાં શ્રીમતી એરૂંડેલે કહ્યું કે "કતલખાનાની આસપાસ રમતાં બાળકોમાંથી કેવાં ભાવિ નાગરિકો પેદા થશે?" એ પણ મને યાદ આવ્યું.

સંગ્રહસ્થાન અને પ્રાણીઓ

"પ્રાણીઓ માટે સંગ્રહસ્થાનો ઊભાં કરાય છે. પણ અસીમ આકાશ ને વિશાળ જંગલોની મુકિત એમને મળતી નથી; તો એ પણ એક પ્રકારની હિંસા કેમ ન ગણાય?" એવા મારા પ્રશ્નના જવાબમાં શ્રીમતી એરૂંડેલની પ્રાણીજગત પ્રત્યેની કરુણા અને વ્યવહારિક જગતના પ્રશ્નો એ બંને વચ્ચેના વિરોધાભાસોમાં એમને જે મૂંઝવણ હતી તે પ્રગટ થતી જણાતી હતી. એમણે કહ્યું, "હા, પ્રાણીઓનાં સંગ્રહસ્થાનોમાં એમને વધારે મોકળાશ મળવી જોઈએ. લંડન વગેરે સ્થળે એ લોકો લગભગ કુદરતી વાતાવરણ સર્જે છે અને પ્રાણીઓને પોતાના કુદરતી સ્થળમાં જ રહેતાં હોય તેવું લાગે તે માટે ખાસ કાળજી લે છે." પણ મેં તો આગળ ચલાવ્યું, "એવી પરિસ્થિતિ સંગ્રહસ્થાનમાં સર્જવાથી પંખીઓને એમનું આકાશ મળ્યું કે પ્રાણીઓને એમનાં જંગલ મળ્યા એમ તો કહેવાય જ શી રીતે?" "હા, એ તો ન જ કહેવાય. પ્રાણીસંગ્રહસ્થાનમાં પ્રાણીઓને પૂરવા તો ન જ જોઈએ. પણ એ પ્રવૃત્તિ અત્યારે હું કેવી રીતે ઉપાડી શકું?"

અમદાવાદમાં એક વ્યાખ્યાનમાં શ્રીમતી એરૂંડેલે ગૌતમ બુદ્ધના શબ્દો યાદ કર્યા હતા. "હોજરીને કબર બનાવવી નહિ જોઈએ." અર્થાત માંસાહાર કરવો નહિ જોઈએ. પણ આજે યુવાન વર્ગમાં ફેશન ખાતર પણ માંસાહાર વધતો જાય છે અને શાકાહારી તરીકે રહેવું તે જુનવાણી માનસ ગણાય છે. માંસાહાર કરે તો જ પ્રગતિવાદી ગણાય એવું કાંઈક વલણ અત્યારે પ્રવર્તે જ છે. આવા વલણનો પ્રસાર અટકાવવા મુંબઈમાં જીવદયા મંડળી તરફથી જાન્યુઆરીમાં શાકાહારીઓનું કન્વેશન પણ ભરાવાનું છે. (ઈન્ડિયન વેજીટેરીયન કોંગ્રેસના અધ્યક્ષસ્થાને શ્રીમતી એરૂંડેલ છે) અને ઈંગ્લેન્ડથી વીશેક જેટલા જુવાનિયા આવીને કહેશે કે, "અમે શાકાહાર જ કરીએ છીએ અને પ્રગતિવાદી છીએ." આમ માંસાહાર કરીને પ્રગતિવાદી થવાય તેવો જે મતિભ્રમ પ્રસરી રહ્યો છે તેને દૂર કરવાનો પ્રયાસ થશે. અમદાવાદ ને વડોદરામાં પણ આ પ્રતિનિધિઓ આવે તેવી ગોઠવણ થઈ રહી છે.

આ સંદર્ભમાં મને પંદરેક દિવસ પહેલાંના સમાચાર યાદ આવી ગયા. ગુજરાત સરકાર વેરાવળ બંદરને ભારતનું પ્રથમ નંબરનું 'મત્સ્યબંદર' બનાવવા માગે છે. અને રૂા. ૧૦૬ લાખના ખર્ચે એ બંદરને અદ્યતન 'મત્સ્ય બંદર' બનાવીને વધારેમાં વધારે માછલાં પકડીને, નિકાસ પણ કરવામાં આવશે. એટલે શ્રીમતી રૂકમણીદેવીને મેં પૂછ્યું કે, "આ બધું પણ બંધ થવું જોઈએ તેમ તમે માનો છો?" ભારતમાં મત્સ્ય ઉદ્યોગ વિકસે તે ભારતની સંસ્કૃતિની વિરુદ્ધની વાત છે એમ તેમણે જણાવ્યું અને લગભગ સ્પષ્ટ મત ઉચ્ચાર્યો કે, આપણે એવી ફીશરીઝ ખીલવવી નહિ જોઈએ.

માનવકલ્યાણ પહેલાં કેમ નહિ?

ગો-સેવા મંડળીનો ફાળો ઉઘરાવનારી એક વ્યકિત સ્વામી વિવેકાનંદને મળી હતી અને કંઈક ફાળાની માંગણી કરી હતી, ત્યારે સ્વામી વિવેકાનંદે પૂછેલું. "તમારી મંડળી દુષ્કાળપીડિત માણસોને રાહત આપવા શું કરે છે?" એટલે પેલા ફંડ ઉઘરાવનારે કહેલું, "એ ક્ષેત્રે અમે કોઈ કંઈ કરતા નથી." ત્યારે સ્વામી વિવેકાનંદે એને ફાળો આપ્યો નહોતો અને પોતાને એવા ફંડ ઉઘરાવનારાઓ તરફ સહાનુભૂતિ નથી એમ સંભળાવી દીધું હતું. શ્રીમતી રૂકમણીદેવીને મેં ઉપરના પ્રસંગની યાદ આપીને સ્વામી વિવેકાનંદ વિશે એમનો અભિપ્રાય માગ્યો ત્યારે એમણે કહ્યું કે "હું સ્વામી વિવેકાનંદ સાથે સંમત થતી નથી. બંગાળમાં તો મચ્છીનો આહાર થાય છે, અને વિવેકાનંદ પણ તે રીતે ઉછર્યા હતાં."

શ્રીમતી એરૂંડેલે અમદાવાદના ભાષણોમાં એક વસ્તુ પર ભાર મૂકયા કર્યો હતો કે, "કેટલાક શિક્ષિતોની દલીલ એવી છે કે માનવ-કલ્યાણ પહેલું કેમ નહિ?" માનવકલ્યાણ પછી જ પશુ-કલ્યાણની પ્રવૃત્તિ હાથ ધરવી જોઈએ ને? તો એ "પછી" શા માટે અને માનવકલ્યાણની "સાથે" જ કેમ નહિ? "પછી" નો વારો જ ન આવે ને?" પશુ કલ્યાણ બોર્ડ બિનજરૂરી પ્રાણીઓ માટે પાંજરાપોળ જેવી સંસ્થાઓ વિસ્તારવા માંગે છે અને તબીબી સવલતો પણ વિકસાવવા માગે છે. એટલે આવાં પશુઓ માટે ખોરાકીનો પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઊભો થશે. એટલે શ્રીમતી રૂકિમણીદેવીને મેં પૂછ્યું કે, "પશુ કલ્યાણ બોર્ડ આ બધી સવલતો ઊભી કરવા માગશે ત્યારે નાણાંના ભંડોળનો પ્રશ્ન પણ ઊભો થશે જ ને?" એમણે હા પાડી એટલે મેં દેશની અનાજની તંગીના પ્રશ્નની પણ યાદ આપી.

જીવન એક શાળા

મદ્રાસમાં ભરત નાટયમ્ની કૉલેજ જેવી સંસ્થાનું સંચાલન કરતાં શ્રીમતી એરૂંડેલ સાડીઓના વણાટના કેન્દ્ર તરફ પણ ધ્યાન આપે છે. તે ઉપરાંત બેસંટ હાઈસ્કૂલનું સંચાલન પણ કરે છે. અમદાવાદની થીયોસોફીકલ લોજમાં તેમણે કહેલું કે, "મને જો કોઈ પૂછે કે થીઓસોફી અને ભરત નાટયમ્ ઉપરાંત તમે આ પશુ-કલ્યાણ બોર્ડનાં પ્રમુખ પણ બન્યાં તો એમ કેમ? એવો સવાલ કરનારને હું કહું છું કે, "હું પશુ-કલ્યાણની પ્રવૃત્તિ પણ કરું છું. કેમકે હું 'હું' છું. "ઈટ ઈઝ મી; આઈ કાન્ટ હેલ્પ ઈટ." આવા સમગ્ર દર્શનવાળાં શ્રીમતી એરૂંડેલને આંતરરાષ્ટ્રીયતાના અસ્પષ્ટ ખ્યાલો મંજૂર નથી. તેઓ તો કહે છે, "પ્રથમ ભારતીય સંસ્કૃતિને ઓળખો; પછી વિશ્વનું બધું શુભ તમને સમજાઈ જશે.

હું ભારતીય કલાને ઓળખું છું, એનો આસ્વાદ લઉં છું એટલે વિશ્વના અન્ય દેશોની કલાનો પણ આસ્વાદ લઈ શકું છું." અને આની દૃષ્ટિવાળાં શ્રીમતી રૂક્મિણીદેવીને શાળા – મહાશાળાઓની ચાર દિવાલો વચ્ચે અપાતા શિક્ષણમાં ઝાઝી શ્રદ્ધા લાગતી નથી. એમણે પણ એવી ચાર દિવાલો વચ્ચેનું શિક્ષણ લીધું નથી. તેમનું કહેવું એમ છે કે, "જીવનની શાળા જ બધું શીખવાડે છે." પશુ-કલ્યાણ બોર્ડની પ્રવૃત્તિને એક રાજકીય પ્રવૃત્તિ તરીકે ગણવા તેઓ ના પાડે છે. અને એને એક આધ્યાત્મિક પ્રવૃત્તિ તરીકે ઓળખાવવી જ પસંદ કરે છે. માનવજીવનના સાચા સુખની ચાવી પણ એમને સર્વ ભૂતપ્રાણીમાત્ર પ્રત્યેની અનુકંપામાં જ જણાય છે.

અને આ અનુકંપા જાગૃત કરવા એમનું પશુ-કલ્યાણ બોર્ડ નિશાળોમાં ભણતાં બાળકો માટે પાઠયપુસ્તકો તૈયાર કરવા માગે છે. રેડિઓ, ફીલ્મ વગેરે માધ્યમ દ્વારા દેશની પ્રજામાં પ્રાણીઓ પ્રત્યે દયાભાવ ઉત્પન્ન કરવા માગે છે. ગુજરાતમાં એમની આવી પ્રવૃત્તિને સારો આવકાર મળ્યાનું તેમણે એક પ્રવચનમાં જણાવ્યું હતું.

માણસ આજે બૌદ્ધિક શિક્ષણ લે છે, પણ હૃદયના ગુણો વિકસે તેવું શિક્ષણ અપાતું નથી. એટલે આ નવું બોર્ડ દેશની જનતાને આવું હૃદયનું શિક્ષણ આપીને દયાભાવ, અનુકંપા ને કરૂણાના ભાવો જાગૃત કરવા માગે છે, કેમકે શ્રીમતી રૂક્મિણીદેવીને મન પશુ - પ્રાણી પણ દેશના નાગરિકો જ છે. એટલે જ તો બોર્ડ તરફથી ચાર ચાર મહિને પ્રગટ થનારા સામયિકનું નામ પણ "પશુ-નાગરિક." (એનીમલ સીટીઝન) રાખવામાં આવ્યું છે. યુવક વર્ગમાં દયાના સંસ્કાર દૃઢ કરવા કરૂણા - શિક્ષણ - સમિતિઓ રચાવાની છે. ને એ સમિતિઓને કદાચ આ સામયિક પણ ઉપયોગી થઈ પડશે.

ભારત સરકારની લલિતકળા અકાદમીનાં સભ્ય શ્રીમતી એરૂંડેલ થીયોસોફી અંગે પ્રવચનો માટે દુનિયાના અનેક દેશોના પ્રવાસે જાય છે. આમ જીવનની અખિલાઈનું એમનું દર્શન નૃત્યકળા, થિયોસોફી અને પ્રાણીકલ્યાણ બોર્ડની પ્રવૃત્તિઓને એક સૂત્રથી સાંકળી લે છે. અમદાવાદમાં મધુર અંગ્રેજી ભાષામાં કરેલ પ્રવચનોમાંના એક પ્રવચનમાં એમણે કહેલું, "પ્રાણીઓને કતલખાને લઈ જવામાં આવે છે ત્યારે તેમને ખબર પડી જાય છે કે તેમને કયાં લઈ જવામાં આવી રહ્યાં છે. એમની આંખોમાં તમે તીવ્ર ભયની લાગણી જોઈ શકશો અથવા કેટલીકવાર કતલખાને જ જવાનું છે એવું જાણ્યા પછી એ પ્રાણીઓ તત્ત્વજ્ઞાનીઓની જેમ બધું સ્વીકારી લઈ અત્યંત નમ્ર ભાવે પગલાં મૂકતાં તમને જણાશે." આમ જીવ-જગતમાંના પ્રાણી - નાગરિકો માટે આવું સંવેદનશીલ હૃદય ધરાવનારાં શ્રીમતી રૂક્મિણીદેવીને પશુ કલ્યાણ બોર્ડના પ્રમુખપદેથી એમના આદર્શોને વ્યવહારમાં ઉતારવાની ઠીક ઠીક તક મળી રહેશે.

વિમાનનો ઘુરઘુરાટ સંભળાયો અને થોડીકવારમાં વિમાનમાંથી ઉતરેલા શ્રી કનૈયાલાલ મુનશી પણ લૉન્જમાં આવી પહોંચ્યા. તેમણે શ્રીમતી રૂકમણીને પૂછ્યું, "કેમ ભરત નાટયમ માટે કે એનીમલ વેલફેર માટે?" શ્રીમતી એરૂંડેલનો આભાર માની હું વિદાય થયો ત્યારે મને પ્રશ્ન થતો હતો કે, "શ્રીમતી એરૂંડેલ ભરત નાટયમ માટે કે એનીમલ વેલફેર માટે કે થીયોસોફી માટે?" પણ વળી જીવનની અખિલાઈનું એમનું તત્ત્વજ્ઞાન યાદ આવતાં પ્રશ્નો જંપી જતા હતા.

'ગુજરાત સમાચાર'માંથી ઉધ્ધૃત

સ્વ.મોહનલાલ મોતીચંદ ગઢડાવાળા અને આજનું સૌરાષ્ટ્ર

સૌરાષ્ટ્રના અગ્રગણ્ય પ્રજાસેવક સ્વ. શ્રી મોહનલાલ મોતીચંદની દશમી પુણ્યતિથિ પ્રસંગે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે શ્રી ગઢડા પ્રજા મંડળ તરફથી શ્રી ઉછરંગરાય ન. ઢેબરના પ્રમુખપણા નીચે મુંબઈ ખાતે એક જાહેર સભા યોજવામાં આવી હતી. એ પ્રસંગે બોલતાં સ્વ. મોહનભાઈને મેં નીચે મુજબ અંજલિ આપી હતી :

"સ્વ. મોહનભાઈ ગઢડાના વતની. તેમનો ભાવનગર રાજ્ય સાથે–વિશેષત: ભાવનગર રાજ્યના તે વખતના દિવાન સ્વ. સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાથે–ગાઢ સંબંધ. હું પણ ભાવનગરનો. વળી, હું ૧૯૨૧ની સાલમાં વિલેપારલે રહેવા ગયેલો ત્યારે તેઓ પણ વિલેપારલેમાં જ રહેતા હતા. આમ તેમની સાથે વર્ષોજૂનો મારો સંબંધ હતો અને તે કારણે તેમના બહુલક્ષી વ્યકિતત્વની અનેક બાજુ નજીકથી જાણવા સમજવાની મને તક મળી હતી.

"તેમના વ્યકિતત્વની અનેક બાજુઓમાં રાજપુરુષ તરીકેની બાજુ સૌથી વધારે ધ્યાન ખેંચે તેવી હતી. ભાવનગરમાં તેમના જાહેર જીવનની શરૂઆત થઈ હતી. સર પટ્ટણીનો તેમનામાં ખૂબ વિશ્વાસ હતો. સર પટ્ટણી વિષે તેમનામાં પણ ખૂબ આદર અને ભકિત હતાં. મોહનભાઈ રાજ્ય અને પ્રજા વચ્ચે અથવા તો ભાવનગર રાજ્ય અને અન્ય રાજ્યો વચ્ચે એક કડી સમાન હતા. પ્રજાનું હિત હંમેશાં તેમના હૈયે હતું. સર પટ્ટણી વિદેહ થયા, તો તેમના અનુગામી શ્રી આનંદરાય પટ્ટણી સાથે પણ તેમનો સંબંધ કાયમ રહ્યો. ૧૯૪૮માં દેશી રાજ્યો વિસર્જિત થયાં અને સૌરાષ્ટ્રનું એકમ સ્થપાણું. તો એ વખતના મુખ્ય પ્રધાન શ્રી ઉછરંગરાય ઢેબર સાથે પણ તેમનો એવો જ ગાઢ સંબંધ સ્થપાયો. સૌરાષ્ટ્રનું નવું એકમ થતાં રાજવીઓ સાથે તેમ જ ગરાસીઆ જમીનદારો સાથે તરેહતરેહની ગુંચો ઊભી થવા માંડી. તેવી ગુંચોના ઉકેલની જવાબદારી મોટા ભાગે મોહનભાઈએ જ ઉપાડેલી. એ પહેલાં રાજકોટમાં દિવાન વીરાવાળા સાથે સરદાર પટેલ અને પછી ગાંધીજીની અથડામણ ઊભી થયેલી. તે વખતે વીરાવાળા અને સરદાર તથા ગાંધીજી વચ્ચેની વાટાઘાટો તેમની મારફત જ ચાલેલી. ગાંધીજીને પણ મોહનભાઈની તાકાતમાં તેમ જ નિષ્ઠામાં ઊંડો વિશ્વાસ હતો. જે અશકય લેખાતું તે મોહનભાઈથી શકય બની જતું. જુદા પડેલાને ભેગા કરવા, તૂટતાને જોડવું અને ગૂંચમાંથી ઉકેલ શોધવો એ કામ મોહનભાઈનું લેખાતું. તેમણે ઑથેરી ખાતે ક્ષયનિવારણની હૉસ્પિટલ ઊભી કરવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો હતો. આજના નૂતન ગઢડાના તો તેઓ સર્જક જ હતા. આમ તેમના હાથે અનેક શુભ કાર્યો નીપજ્યાં હતાં, પણ તેમનો મુખ્ય સંબંધ રાજ્યો અને રાજકારણ સાથે હતો. રાજપુરુષો તો આજે આપણા દેશમાં અનેક પાકયા છે, પણ મોહનભાઈને આ બધાથી જુદો પાડતી એવી તેમની બે વિશેષતા હતી. એક તો તેઓ રાજા પ્રજાના કેવળ મૂક સેવક હતા. વ્યાખ્યાનસભાઓ ગજવવી તો શું, પણ તેમાં આગળ પડતો ભાગ લેવો એ પણ તેમનું કામ નહોતું. આમે ય તેઓ બહુ ઓછાબોલા હતા. બીજું તેમની બધી સેવાઓ–રાજકીય ક્ષેત્રે પણ–કેવળ નિ:સ્વાર્થભરી હતી. સર પટ્ટણીથી માંડીને ઢેબર–ગાંધીજી સુધીના સંબંધોમાં તેમણે પોતાનો નાનોસરખો પણ સ્વાર્થ સાધવાની વાત વિચારી હોય એમ કદિ પણ જાણવા સાંભળવામાં આવ્યું નથી. તેમની સેવાઓ અપ્રતિમ હતી, પણ તેમનું સ્થાન મોટા ભાગે પડદા પાછળનું રહેતું અને પ્રજાપરમાર્થ એ તેમનું એકાંત લક્ષ્ય હતું.

"આજે જ્યારે સૌરાષ્ટ્રની રાજકારણી નેતાગીરી છિન્નભિન્ન થઈ રહી છે, નેતાઓમાં પરસ્પર વિશ્વાસ કે આદર રહ્યો નથી, રાજકીય વૈમનસ્ય પ્રત્યેકના ચિત્તને આવરી રહ્યું છે, વર્ષો સુધી ખભેખભા મેળવીને અનેક કાર્યો સાધનાર મિત્રો અમિત્ર જેવા બની ગયા છે અને પરસ્પર મહોબતના તાર તૂટી ગયા છે ત્યારે મોહનભાઈનું સવિશેષ સ્મરણ થાય છે, તેમની ખોટ ઘણી વધારે સાલે છે. તેઓ જીવતા હોત તો આવો વિખવાદ સહી ન શકત, ઊભો થવા ન દેત, દૂર ગયેલાને એક ભાણે જમાડયા સિવાય તેઓ રાહત ન અનુભવત, એમના અભાવમાં આમ જુદા પડેલાને જોડનાર, તૂટેલાને સાંધનાર, અભેદ્ય દિવાલોને ભેદનાર આજે સૌરાષ્ટ્રમાં કોઈ નથી. એ મોહનભાઈને યાદ કરીને આપણે વિખવાદ શમાવીએ અને એકમેક વચ્ચે ઊભા થયેલા અંતરને વિદારીને, વટના–સ્વમાનના ખ્યાલોને બાજુએ મૂકીને, એકમેકની નજીક આવીએ અને વિસારે પડેલી મૈત્રીભાવનાને–સાથીભાવને તાજો કરીએ તો મોહનભાઈને યાદ કર્યાનું કાંઈક સાર્થક થયું લેખાશે."

પરમાનંદ

હિંદુધર્મ અને જૈનધર્મ

(ગતાંકથી ચાલુ)

જૈનધર્મ

જૈનોનું સાહિત્ય સુનિશ્ચિત અર્થ આપતું હોઈ તેમાં વિચારભેદને અવકાશ નથી. એટલે જૈનધર્મના વિવિધ સંપ્રદાયોનો આધાર વિચારભેદ નહિ, પણ આચારભેદ છે. અને વિચારની એકરુપતા, જ્યારથી પણ તેનો ઈતિહાસ મળે છે ત્યારથી, જળવાઈ રહ્યાનું જાણી શકાય છે.

પ્રથમ કહ્યા પ્રમાણે અહિં જૈનધર્મ વિષે તેના સાહિત્ય, પ્રવર્તક મહાપુરુષો, આચાર, વિચાર અને સંપ્રદાયો વિષે વિચાર કરીએ એ પહેલાં જૈનધર્મની કેટલીક બાબતો વિષે હિન્દુધર્મની તુલના કરીને વિચાર કરીએ.

કોઈ પણ ધર્મ એકાએક ઊભો થાય નહિ, વ્યવસ્થિત થાય નહિ. એ ભલે અમુક મહાપુરુષના નામ સાથે જોડાય, પણ ખરી રીતે એનાં મૂળ તો તેથી પણ ઊંડાં હોય છે, તે દેશ કે તે કાળમાં પણ એ મૂળ ભલે ન હોય, પણ અન્યત્ર જરૂર હોવાનાં જ. પણ જે મહાપુરુષ તે મૂળ પકડીને તેની આસપાસના ઝાડ-ઝાંખાડ હટાવીને તે તરફ આંગળી ચીંધે છે તે જ તે ધર્મનો પ્રવર્તક કહેવાય છે. એમ વિચારીએ તો જૈનધર્મનાં જે શાસ્ત્રો છે તે ભગવાન મહાવીર પછીનાં જ છે. તે પૂર્વનું કોઈ સાહિત્ય આપણી સમક્ષ નથી. તેથી તે પૂર્વના જૈનધર્મની પરિસ્થિતિ વિષે જે કાંઈ શાસ્ત્રીય સંકેતો મળે છે તે તે શાસ્ત્રમાં જ મળે છે.

હિન્દુધર્મની જેમ જૈન ધર્મનો આદિકાળ જ્ઞાત નથી થઈ શકતો એટલે એ કાળની વાત જવા દઈએ. પણ જૈનાગમથી ફલિત થતા જૈન ધર્મના સામાન્ય તત્ત્વો વિષે કેટલીક માહિતી અહિં આપું છું.

હિન્દુધર્મના મહાભારતકાળ પર્યંત તે સ્પષ્ટ છે કે તેમાં જેટલું મહત્ત્વ સત્યને આપવામાં આવ્યું છે તેટલું મહત્ત્વ અહિંસાને અપાયું નથી. આ વસ્તુ અપરિગ્રહ અને બ્રહ્મચર્ય વિષે પણ છે. ઉપનિષદના મહર્ષિઓ પણ અપરિગ્રહમાં માનતા હોય એમ લાગતું નથી. ઋષિઓના અબ્રહ્મચર્યની કથાઓનો તોટો નથી. તે કાળે તેવા અબ્રહ્મચર્ય વિષે ધર્મગ્રન્થોમાં કશી જ ટીકા થઈ પણ નથી. વળી બ્રહ્મચર્ય એ સંન્યાસ આશ્રમમાં છેક જીવનની અંતિમ અવસ્થામાં અનિવાર્ય જેવું છે. બ્રાહ્મણોને વિષે તો કહેવાયું છે કે સમગ્ર વિશ્વની રચના કરીને બ્રહ્માએ એ સૃષ્ટિ બ્રાહ્મણોને જ સમર્પી છે. તેમની કમજોરીને કારણે બીજાઓ માલિક બની બેઠા છે, માટે બ્રાહ્મણ આણદીધેલું લઈ લે તો તેમાં કાંઈ તે ચોરી કરે છે એમ નથી. એ તો પોતાની જ વસ્તુ પોતે લેતા હોય છે. આમ પાંચ યમોમાં માત્ર સત્ય વિષે ભાર હિન્દુધર્મમાં પ્રાચીનકાળમાં જોવા મળે છે. પણ આથી ઊલટું જ્યારથી જૈનધર્મનો ઈતિહાસ જાણવા મળે છે ત્યારથી અહિંસા એ જ પરમ ધર્મ છે એમ મનાયું છે અને એ અહિંસામાંથી સત્ય આદિને ફલિત થતા બતાવવામાં આવ્યા છે. અને અહિંસાપ્રધાન પાંચે યમોને સરખી રીતે પાળવા આવશ્યક મનાયા છે. જીવનમાં સંન્યાસ અંતિમ કાળે નહિ, પણ જ્યારે પણ ધર્મ સમજાય અને પાલનની શકિત દેખાય ત્યારે સંન્યાસ લઈ શકાય છે. આથી જીવનના યૌવનકાળમાં સંન્યાસ લેવો એને જૈનધર્મમાં વિશેષ મહત્ત્વ અપાયું છે.

વળી વર્ણધર્મનો વિભાગ જૈનધર્મે પ્રારંભથી જ સ્વીકાર્યો હોય એમ જણાતું નથી. એવો વિભાગ જૈનધર્મમાં અમાન્ય છે. આથી મહાભારતની કે ગીતાની જેમ ક્ષત્રિયો દ્વારા બાંધવો, પિતા કે ગુરુની યુદ્ધમાં થતી હત્યા એ જૈનધર્મ અનુસાર ધર્મમાં કદી જ ગણાઈ નથી. વળી બ્રાહ્મણે કરેલો અપરાધ સૌના અપરાધની સમાન જ છે. તેને કોઈ પણ જાતના વિશેષ હક્કો અપરાધ પરત્વે જૈનધર્મમાં અમાન્ય જ થયેલા છે. શૂદ્રો હિન્દુધર્મની સ્મૃતિઓ પ્રમાણે સંન્યાસી થઈ શકતા નથી કે ગુરુપદને પામી શકતા નથી, પણ જૈનધર્મમાં તેમ નથી. સંન્યાસનો અધિકાર સૌને સરખો છે. સ્ત્રી - પુરુષમાં પણ ભેદ સંન્યાસની બાબતમાં કરવામાં આવ્યો નથી. લોકાનુસરણથી જૈનધર્મના મૌલિક વિચારો સાથે કેટલીક અસંગત એવી બાબતો આચારક્ષેત્રે આવી ગઈ છે. જેવી કે સમાજમાં જાતિ - પાંતિના ભેદ, દીક્ષિત સ્ત્રી એટલે કે સંન્યાસી બનેલી સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતાં સદૈવ નિમ્ન જ રહે, વળી, દિગંબરોમાં તે સ્ત્રીના મોક્ષનો પણ નિષેધ પછીથી કરવામાં આવ્યો તે પણ નગ્નતાના સાંપ્રદાયિક હઠાગ્રહનું જ ફળ છે.

જૈનધર્મમાં સાધુ અને ગૃહસ્થના સમગ્ર આચારોનું ઘડતર અહિંસાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યું છે. જ્યારે હિન્દુધર્મના આચારો વિષે એમ કહી શકાતું નથી. એ અહિંસામાંથી જ દાર્શનિક વિચારધારામાં જૈનધર્મે અનેકાંતવાદનો વિકાસ કર્યો છે, જ્યારે હિન્દુધર્મના વિવિધ દર્શનોમાં મુખ્યરૂપે એક-એક દૃષ્ટિ નજરે પડે છે. એ જુદી જુદી દૃષ્ટિઓનો સમન્વય કરીને જ જૈનધર્મે પોતાનું અનેકાંતવાદી દર્શન ઊભું કર્યું છે.

જૈન સાહિત્ય

જેમ હિન્દુધર્મના સમગ્ર વિચાર અને આચારના પાયામાં વેદ છે તેમ જૈનધર્મના પાયામાં ભગવાન મહાવીરે ઉપદેશેલ આચાર અને વિચારને. સંગ્રહ તે જૈન આગમો છે. વેદ અને આ આગમોનો જે એક મૌલિક ભેદ છે તે જાણવાથી બન્નેની પ્રકૃતિનો વિશેષ ખ્યાલ આવશે. વેદો એ અનેક ઋષિઓના દર્શનની સંહિતાઓનું નામ છે. એ મંત્રો કહેવાય છે. આથી તેમાં અર્થ કરતાં શબ્દનું વિશેષ મહત્ત્વ છે. પરિણામ એ આવ્યું કે વેદના મૂળ શબ્દોમાં કશો પણ ફેરફાર થઈ શકયો નથી. અને ઋગ્વેદાદિ સંહિતાનું જે કાળે સંકલન જે રૂપે થયું છે તે જ રૂપ આજે પણ વિદ્યમાન છે. પણ શબ્દો એના એ જ છતાં વૈદિકોએ એનાં અર્થને મહત્ત્વ ન આપ્યાથી પરિણામ એ આવ્યું છે કે તેના વિવરણમાં અનેક મતભેદો ઊભા થયા અને પરિણામે વૈદિકોમાં પરસ્પરવિરોધી અનેક દર્શનો ઊભા થયાં છે. પ્રજ્ઞાશીલ પુરુષને પોતાને જે કાંઈ દર્શન થયું હોય તે વેદને નામે ચડાવી દેવામાં કશો જ આંચકો આવતો નહિ. પરંતુ જૈન આગમો વિષે આવું નથી. તેમાં ભગવાન મહાવીરના ઉપદેશના શબ્દોનું નહિ પણ અર્થનું મહત્ત્વ છે. આથી તેમના ઉપદેશને આધારે તેમના ગણધરોએ આગમોની રચના કરી. શબ્દો સચવાયા નહિ પણ અર્થ સચવાયો, તાત્પર્ય સચવાયું. તેથી શાબ્દિક રચના ગમે તેવી હોય પણ વિચારભેદને જૈનશાસ્ત્રરચનામાં અવકાશ રહ્યો નહિ. વળી વેદનો કાળ આથી સાડા ત્રણ હજાર વર્ષ જેટલો જુનો છે. આથી અને અર્થની ઉપેક્ષા થવાથી આર્થની બાબતમાં મતભેદ થાય એમાં નવાઈ પણ નથી. પણ જૈનાગમોની રચનાના સમયમાં ભાષામાં વપરાતા શબ્દોએ નિશ્ચિત અર્થ ધારણ કર્યો હતો. આથી પણ જૈન આગમના શબ્દોનો અર્થ કરવામાં મતભેદને અવકાશ રહ્યો નહિ. પરિણામે આપણે જોઈએ છીએ કે જૈનધર્મમાં જે સંપ્રદાયો થયા તેમાં દર્શનભેદ આગર વિચારને ભેદ નથી, આચારનો ભેદ છે. આનું બીજું પરિણામ એ પણ આવ્યું કે ગણધરે રચેલા આગમો પણ તેના તે જ રૂપમાં વેદોની જેમ સચવાયા નહિ.

વળી વેદની ભાષા સંસ્કૃત છે અને શબ્દરૂપની જાળવણી તેમાં છે, પણ આગમોની ભાષા તો લોકભાષા પ્રાકૃત છે. આથી પણ ભગવાન મહાવીરના કાળની પ્રાકૃત આજે આગમોમાં રહી નથી. પણ જે કાળે અંતિમ સંકલન થયું તે કાળની પ્રાકૃત ભાષાની અસર તેમાં પડે તે સ્વાભાવિક છે. ભગવાન મહાવીર અને બુદ્ધ પુરોહિત સમાજની સંસ્કૃત ભાષા છોડીને બહુજનસમાજની ભાષા પ્રાકૃતમાં ઉપદેશ આપ્યો તેની પાછળનો હેતુ પણ એ જ છે કે તેમનો ઉપદેશ ગણ્યાગાંઠ્યા લોકોની મૂડી ન બને, પણ આમજનતા તેનાથી પુરો લાભ ઉઠાવે. પરિણામે વેદો એ માત્ર અમુક જ વૈદિકધર્મને અનુસરનારા બ્રાહ્મણ કુટુંબોની મૂડી બની ગયા અને તેમણે એના બળે ધાર્મિક નેતૃત્વનો ઈજારો લીધો. પણ ભગવાન મહાવીરનો ઉપદેશ લોકભાષામાં હોઈ આવો કોઈ ઈજારો કોઈ લઈ શકયું નહિ. એથી એક લાભ થયો કે તેનો પ્રચાર વ્યાપક બન્યો, પણ આગવી મૂડી ન હોઈ કોઈએ તેને સાચવવાનો પૂરો પ્રયત્ન પણ કર્યો નહિ. આથી તે આજે શબ્દરૂપમાં છિન્નભિન્ન દશામાં મળે છે, જો કે તેના અર્થમાં વિપર્યય નથી થયો.

વેદ અને આગમ સાહિત્યમાં બીજો જે એક ભેદ જાણવા જેવો છે તે એ કે વેદો એ ઉપદેશગ્રન્થો નથી, પણ ઋષિઓની નાના દેવતાઓને કરેલી સ્તુતીઓનો સંગ્રહ છે. આ સ્તુતીઓમાં મોટે ભાગે

કલિત્વ છે, પણ તેનું તાત્પર્ય તો ભૌતિક સમૃદ્ધિની યાચનામાં રહેલું છે. કોઈ પારલૌકિક કે આત્માની ઉન્નતિ—આધ્યાત્મિક ઉન્નતિ—માટેના પોકારો તેમાં નથી. પણ શત્રુ—બાહ્ય શત્રુ—નો નાશ કરી સામ્રાજ્ય - પ્રદેશ વિસ્તારમાં દેવોની સહાય માગવામાં આવી છે. આથી ઉલટું આગમોમાં આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ દેખાડવામાં આવ્યો છે અને ભૌતિક સમૃદ્ધિની તુચ્છતાનું વર્ણન છે. અને જ્યાં પણ કોઈ સ્તુતિ છે ત્યાં આંતરિક શત્રુ રાગદ્વેષને નિવારી મુક્તિલાભની ઝંખના દર્શાવવામાં આવી છે. વેદ અને આગમનો આ મૌલિક ભેદ છે.

વળી વેદમાં જે આરાધ્યદેવો છે તેમાં પણ ઋષિઓએ પોતાના જ જેવા રાગદ્વેષની કલ્પના કરી છે. તેઓ પણ સ્તુતીઓથી પ્રસન્ન થઈ સ્તોતાની મદદે દોડે છે અને તેમને પણ એ જ ભોજન ભાવે છે જે આરાધકને ભાવેછે એવી કલ્પના છે. આરાધકના જે શત્રુ એ દેવોના પણ શત્રુ બની જાય છે અને તેનો નાશ કરવાનું કાર્ય તેઓ કરે છે એવી કલ્પના છે. આથી ઉલટું આગમોમાં જે દેવોની કલ્પના કરવામાં આવી છે તેઓ સ્વર્ગમાં રહે છે પણ સ્તુત્ય નથી. તે દેવો તો સ્વયં તીર્થંકરની ઉપાસના કરવા આવે છે. ઉપાસ્ય હોય તે તો વીતરાગ જ હોવો જોઈએ. અને ઉપાસનાનો હેતુ વીતરાગ બનવું એ છે. આ બધી ભાવનાઓને આધારે વેદ અને આગમનો ભેદ પડે છે. આગમને આધારે જે સમગ્ર જૈન સાહિત્યનું નિર્માણ થયું છે તેમાં ઉકત ભાવનાને જ પોષણ મુખ્યરૂપે આપવામાં આવ્યું છે.

પ્રવર્તક મહાપુરુષો

હિન્દુધર્મમાં અત્યારે રામ, કૃષ્ણ, શિવ-શંકર—આ ત્રણની વિશેષે પૂજા ભગવાનરૂપે થાય છે. તેમાં પણ કૃષ્ણનું મહત્ત્વ સવિશેષ છે. એ ત્રણેય એક જ પરમાત્માના અવતાર છે એવી કલ્પના છે. અને એ પરમાત્મા તો સદા મુકત મનાયા છે. વળી તે તે સંપ્રદાયો તે તે મહાપુરુષોને નામે પ્રચલિત થયા છે. જેમ કે શૈવ, વૈષ્ણવ આદિ. આ પછી પણ જે જે સંતો થયા તેમના નામે પણ રામાનુજી, ચૈતન્ય, રામાનંદી, કબીરપંથી આદિ સંપ્રદાયો થયા. આ સંતો પણ ભગવાન—પરમાત્માના અંશાવતાર હોઈ સ્વયં ભગવાન જેમ જ પૂજાય છે.

ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરીએ તો આ અવતારવાદનો સિદ્ધાંત, ભગવાન મહાવીર અને બુદ્ધ જેવા મનુષ્યો પૂજાવા શરૂ થયા ત્યાર પછી, શરૂ થયો છે. શ્રમણ સંપ્રદાયમાં તીર્થંકર કે બુદ્ધો એ ક્ષત્રિયો હતા, તો રામ અને કૃષ્ણ જે અવતારરૂપે પૂજાયા છે તે પણ ક્ષત્રિયો જ છે. પણ શ્રમણોના તીર્થંકરો અને આ અવતારોમાં જે એક ભેદ છે તે એ છે કે અવતારો સ્વયં મુકત પુરુષના રૂપાંતરો હોઈ તેમને જીવનમાં પોતાની ઉન્નતિ માટે કશી જ આધ્યાત્મિક સાધના કરવાની હોતી નથી, આવશ્યક પણ મનાઈ નથી. આવી દેખીતી કોઈ પણ આધ્યાત્મિક સાધના રામ કે કૃષ્ણના જીવનમાં દેખાતી પણ નથી. હા, શિવ-શંકરના જીવનમાં એ દેખાય છે ખરી. પણ શિવ એ મૂળે વૈદિક દેવ નથી, પણ વૈદિક બ્રાહ્મણોએ એ પ્રભાવશાળી પૂજાતા દેવને પોતાની દેવ શ્રેણીમાં દાખલ કરી દીધા છે. કૃષ્ણ પણ વેદવિરોધી હશે જ, કારણ, કૃષ્ણે ઈન્દ્ર જે વૈદિક પ્રધાનદેવ છે તેના ઉપદ્રવથી લોકોને બચાવવા ગોવર્ધન પર્વત ઉપાડયો હતો, એ સૂચવે છે કે કૃષ્ણને અને ઈન્દ્રને વિરોધ છે. આથી પ્રજામાંથી ઈન્દ્રાદિ વૈદિક દેવોને નિર્મૂળ કરવામાં કૃષ્ણે ઠીક ઠીક ભાગ ભજવ્યો હશે. પ્રજાના મોટા ભાગમાં પૂજાતા આવા મનુષ્યોને વૈદિકોએ અવતારવાદની કલ્પના કરી પરમાત્માની શ્રેણીમાં દાખલ કરી દીધા. પરિણામે આમજનતામાં ક્રમે કરી વૈદિક ઈન્દ્રાદિ દેવો પૂજાપાત્ર રહ્યા નહિ. સમાજની નાના પ્રકારની મર્યાદાઓ સુસ્થિર કરવામાં ભગવાન રામનો ફાળો જેવો તેવો નથી અને ખરેખર તેઓ ભગવાન તરીકે પૂજાય તેમાં કશું જ આશ્ચર્ય નથી. આ જ રીતે મહાભારતમાં રાજનીતિમાં કૃષ્ણે જે ભાગ ભજવ્યો તે તેમને તે કાળના નેતા બનાવવા પુરતો હતો અને આગળ જઈ તે પણ ભગવાન બની ગયા. તે માટે તેમને કોઈ પણ પ્રકારે સંસાર ત્યાગીને આધ્યાત્મિક સાધના કરવાની આવશ્યકતા હોય એવું તેમના અનુયાયીઓએ કદી માન્યું નથી.

આથી વિરુદ્ધ પરિસ્થિતિ શ્રમણોના તીર્થંકરો અને બુદ્ધ વિષે છે. તેઓ કોઈના અવતાર હોય એવી મૂળ ભાવના નથી. પરન્તુ સામાન્ય મનુષ્ય જ જીવનને ઉન્નત બનાવી છેલ્લી હદે પહોંચે એટલે કે વીતરાગ બને ત્યારે તે આદર્શ તરીકે પૂજાય . અને એવો વીતરાગ જ્યારે પ્રજાના કલ્યાણ માટે પ્રયત્ન કરતો હોય છે ત્યારે પ્રજામાં તીર્થંકર કે બુદ્ધ બને છે. આમાં ઈશ્વરનું અવતરણ નથી પણ મનુષ્યનું ઉત્થાન છે. આવા જગતના કલ્યાણ માટે ઉત્થિત મનુષ્યો જ જૈનધર્મમાં તીર્થંકર તરીકે પૂજાય છે. અને તે તે કાળે જૈન ધર્મના પ્રવર્તક મનાયા છે. તેમની સંખ્યા ૨૪ મનાય છે તે તો અ। યુગ પૂરતી. પણ આવી અનેક ચોવીશી થઈ ગઈ અને થશે—આ સાંપ્રદાયિક માન્યતામાં એટલું તો સત્ય રહેલું જ છે કે જે કોઈ મનુષ્ય સ્વયં ઉન્નત થઈ બીજાને ઉન્નતિને રાહે લઈ જઈ શકે તે સૌને તીર્થંકર બનવાનો સમાન અધિકાર છે. આથી જ જૈન ધર્મનું પ્રચલન કોઈ એક મહાપુરુષના નામે નથી મનાયું, પણ તે જિનોનો એટલે કે રાગ દ્વેષને જીતનારાઓનો ધર્મ છે. સૌ વીતરાગો કાંઈ પરકલ્યાણની પ્રવૃત્તિ કરતા નથી, પણ જે કોઈ જન્મ-જન્માન્તરથી જગતકલ્યાણની ભાવનાવાળા થઈને કરુણાનો અભ્યાસ કરે છે અને જગતહિતાર્થે પોતાની સાધના વાળે છે તેવા જ સાધકો તીર્થંકરપદને પામે છે. આમ અનેક રીતે અવતારો અને તીર્થંકરોની ભાવનામાં એક વસ્તુનું સામ્ય તો છે જ કે તે સૌના મનમાં ધર્મોદ્ધાર કે ધર્મનું માર્ગદર્શન આપવાની ભાવના સરખી છે.

જૈન આચાર

જૈન આચારના મૂળમાં દ્રવ્ય નહિ પણ ભાવ છે. એટલે કે બાહ્ય આચરણ કરતા અંતરનો ભાવ એ આચારમાં મુખ્ય છે. આથી વૈદિકોમાં પ્રચલિત સ્નાન આદિ બાહ્ય આચારને સાધકના ધાર્મિક વિધિ વિધાનમાં ઓછો અવકાશ છે. બાહ્ય આચારનું ત્યાં સુધી મહત્ત્વ છે, જ્યાં સુધી તે અંતરના ભાવને ઉત્તરોત્તર નિર્મળ કરવામાં સહાયક હોય. જો આમ ન બનતું હોય તો પછી બાહ્યાચારનો કશો જ અર્થ રહેતો નથી. સમગ્ર જૈન આચારનો ભાર આમ આંતરભાવ ઉપર છે. પણ તે કયો ભાવ એ પ્રશ્ન થાય તો તેનો ઉત્તર એ છે કે આત્મૌપમ્ય અથવા સમભાવ. અહિંસા એ સમભાવ કે આત્મૌપમ્યના પરિણામ રૂપે જીવનમાં આવવી જોઈએ. અને એ અહિંસા જ સર્વ ધર્મોના પણ મૂળમાં મનાઈ છે. કારણ સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય કે અપરિગ્રહ એ સૌ અહિંસામૂલક છે. અથવા તો અહિંસાનો જ વિસ્તાર છે. આ અહિંસાને જ આધારે શ્રાવક કે સાધુના આચારોના નિયમો ઘડાયા છે. અહિંસાના બે પ્રકાર છે: હિંસા ન કરવી એ નિવૃત્તિરૂપ અને સકલજીવો પ્રત્યે મૈત્રી રાખવી અને તેમના કલ્યાણનો પ્રયત્ન કરવો તે વિધાયક રૂપ. જીવનમાં કરુણા, અનુકમ્પા, દયા કે દાન એ બધા અહિંસાના વિધાયક તત્ત્વને આભારી છે. જીવનમાં ત્યાગ કે તપસ્યા તે અહિંસાના નિવૃત્તિરૂપને આભારી છે. આપણે જોઈએ છીએ કે તીર્થંકર ભગવાન મહાવીરે જે ઉગ્ર તપસ્યા કરી અને દીર્ઘ ઉપવાસોની હારમાળા સેવી તે અહિંસાનું નિવૃત્તિરૂપ છે. પણ તીર્થની સ્થાપના માટે ઉગ્રવિહારી બન્યા અને લોકોને આદિ-કલ્યાણ, મધ્ય કલ્યાણ અને અંતે કલ્યાણ એવો ઉપદેશ આપવા જે કષ્ટો સહ્યાં તે બધું અહિંસાના વિધાયક રૂપને આભારી છે. શ્રાવકોમાં જે તપસ્યાની પ્રવૃત્તિ છે તે નિવૃત્તિપરક છે, પણ દયા, દાન, સાધર્મિક વાત્સલ્ય આદિ અહિંસાની વિધાયક પ્રવૃત્તિ છે. જીવનમાં ધ્યાન, સ્વાધ્યાય એ પણ રાગ - દ્વેષાદિ દોષો જેને લઈને હિંસા જન્મે છે તેના નિવારણ માટે જ છે. અને પૂજા આદિ પણ એ રાગદ્વેષને નિવારી વીતરાગ બનેલ મહાપુરુષોની છે. અને તે આદર્શ પ્રત્યે આગળ વધવા માટે જ છે. આથી જો પૂજામાં વીતરાગ આદર્શની પ્રત્યે આગળ વધવાનું અટકાવે એવી કોઈ પણ આડંબરી પ્રવૃત્તિ હોય તો તે ત્યાજ્ય જ ઠરે છે. આમ વિચાર કરીએ તો જીવનમાં પરમ અહિંસક ભાવરૂપ બ્રહ્મની સિદ્ધિ અર્થે જ સકલ આચારનું નિર્માણ જૈનધર્મમાં છે. જૈન ધર્મના આ પ્રકારના અહિંસક વણલની મોટી અસર હિન્દુધર્મ ઉપર થઈ છે એ તથ્ય છે.

જૈનોમાં પ્રચલિત સામાજિક એટલે કે, સમભાવ - સર્વ જીવોને દુઃખ અપ્રિય છે અને સુખ પ્રિય છે માટે સૌને સમાન માની કોઈ પણ જીવની હિંસા કરવી નહિ-આ ભાવનાની અસર ગીતાના સામ્યયોગમાં સ્પષ્ટપણે છે અને મહાભારતનો "આત્મનः પ્રતિકુલાનિ પરેષાં ન સમાચરેત્" ધર્મતત્ત્વનો આ સાર પણ શ્રમણોની અહિંસક ભાવનાને આધારે જ છે એમાં શંકાને સ્થાન નથી.

જૈનોની આવી તાત્ત્વિક અહિંસા છતાં, વ્યવહારમાં જે અનેક મુશ્કેલીઓ પડી તેના નિવારણ અર્થે જે કેટલાક અપવાદો છેદગ્રન્થોના ટીકાગ્રન્થોમાં સૂચવાયા છે તેમાં જૈનધર્મની મૂળ ભાવનાને લાંછન લગાડે અને અહિંસાની નિષ્ઠાના અભાવને સૂચવે તેવું ઘણું છે. પણ આપવાદોની એ વિચારણાનો વિરોધ સ્વયં જૈનોએ જ કર્યો છે અને તેનું અનુસરણ જેમ બને તેમ ન કરવાનો સતત જાગૃતિપૂર્વકનો પ્રયત્ન જૈનાચાર્યો કરતા રહ્યા છે.

અપૂર્ણ

દલસુખ માલવણિયા

"સંસ્કૃતિ-રક્ષકો"

(આ લેખ તા. ૨૩-૧૧-'૬૩ના 'જૈન પ્રકાશ'માંથી ઉધ્ધૃત કરવામાં આવે છે. સાધારણ રીતે બહારના વર્તુળોમાં સ્થાનકવાસી સંપ્રદાય પૂરતા સ્થિતિચુસ્ત જેવા લેખાતા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને અખિલ ભારત સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘના ઠરાવો સામે કલમ હાથ ધરવી પડે એ હકીકત જ આ સંસ્કૃતિરક્ષક સંઘની મનોદશા કેટલી જુનવાણી, પ્રત્યાઘાતી, શબ્દપૂજારી, ગતાનુગતિક અને એકાંગી છે અને કાળબળની સાચી પરખથી કેટલી દૂર છે એ પૂરવાર કરવા માટે પૂરતી છે. પરમાનંદ)

અખિલ ભારત સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, તેના નામ પ્રમાણે, સંસ્કૃતિની રક્ષા કરવાનો દાવો કરે છે. સમ્યગ દર્શનના તંત્રી તેના મુખ્ય કાર્યકર્તા છે. તેની તા. ૨૩-૧૦-'૬૩ના રોજ મળેલ કાર્યકારિણી સમિતિએ નીચે મુજબ પ્રસ્તાવ રજૂ કર્યો છે.

પ્રસ્તાવ નં. ૧૨

"મહાસતી શ્રી ઉજ્જવળ કુમારીજી તથા લલિતાબાઈ સ્વામી આદિ ઠાણાની સાનિધ્યમાં 'શ્રી મનસુખલાલ બાવલભાઈ ટોકરશી અનાજ રાહત સમિતિ'નું ઉદ્‌ઘાટન થયું અને આ પ્રસંગની અનુમોદના તથા પ્રશંસા કરતા તેઓએ પ્રવચનો કર્યાં. પૂ. મહાસતીજીઓની આ પ્રવૃત્તિ છકાયના રક્ષક એવા સાધુ ધર્મની મર્યાદાથી વિરુદ્ધ છે. વળી આ મહાસતીજીઓ રત્ન ચિંતામણિ જૈન સ્કૂલમાં 'નેમરાજુલ'ની નાટિકા ભજવાઈ તે જોવા માટે પણ ગયાં હતાં. પૂ. મહાસતીજીઓની આવી પ્રવૃત્તિઓની આજની આ સભા સખેદ નોંધ લે છે અને ભવિષ્યમાં આવી પ્રવૃત્તિ નહિ કરવા વિનંતિ કરે છે. વિશેષમાં કોન્ફરન્સના મુંબઈના અધિકારીઓ આવા સાંસારિક આરંભ સમારંભના કાર્યમાં સાધુ–સાધ્વીજીને પ્રોત્સાહન આપે છે તે ઘણું શોચનીય છે."

બેઠકના અહેવાલ ઉપરથી જણાય છે કે શ્રી જયંતીલાલ મશ્કરીયાએ આપેલ માહિતી ઉપરથી આ પ્રસ્તાવ કર્યો છે. પ્રસ્તાવ કરતાં પહેલાં સાચી હકીકત જાણવાની તકલીફ આ સંસ્કૃતિ રક્ષક સંઘે લીધી હોત તો કદાચ હકીકતદોષમાંથી બચી જાત. પણ આ પ્રસ્તાવમાં માત્ર હકીકતદોષ જ હોત તો તેને વિષે કંઈ લખવાની પણ જરૂર ન રહેત. પણ આ પ્રસ્તાવ એક મહત્ત્વનો મુદ્દો પણ ઉપસ્થિત કરે છે, એટલે તેને વિષે કંઈક લખવું પ્રાપ્ત થાય છે.

પહેલાં હકીકતો વિષે. મુંબઈ શ્રી સંઘ સ્વધર્મી બંધુઓને મદદરૂપ થવા વિવિધ પ્રકારની સેવાની પ્રવૃત્તિઓ કરે છે, તેમાં બે વર્ષથી એક નવી પ્રવૃત્તિ શરૂ થઈ છે. તે છે અનાજ–રાહતની. ગરીબ કુટુંબોને માસિક રૂા. ૨૦નું અનાજ આપવામાં આવે છે. આવા લગભગ ૧૦૦ કુટુંબોને માસિક રાહત અપાય છે. તે માટે શ્રી મનસુખભાઈ બાવલભાઈએ રૂા. ૫૧૦૦૦ આપ્યા છે. એટલે આ પ્રવૃત્તિની ઉદ્‌ઘાટનવિધિ માટે શ્રી સંઘની એક જાહેર સભા કાંદાવાડી ઉપાશ્રયે મળી હતી. સભા ઉપાશ્રયે હોવાથી મહાસતીજીઓની ઉપસ્થિતિ હતી અને તેમણે પણ આ પ્રસંગે મંગળ પ્રવચન કર્યાં હતાં.

આ ઠરાવમાં બીજી બાબતોનો ઉલ્લેખ છે. તેમાં એમ જણાવ્યું છે કે મહાસતીજીઓ રત્ન ચિંતામણી જૈન સ્કૂલમાં 'નેમ–રાજુલ'નો નાટિકા ભજવાઈ તે જોવા માટે પણ ગયા હતા. જૈન કેળવણી મંડળ શ્રી રત્ન ચિંતામણિ કન્યાશાળા ચલાવે છે અને ત્યાં નિયમિત ધાર્મિક શિક્ષણ અપાય છે. ચાતુર્માસ દરમિયાન કાંદાવાડી ઉપાશ્રયે બીરાજતા સાધુ–સાધ્વીઓને કન્યાશાળાની મુલાકાત લેવા સંચાલકો આમંત્રણ આપે છે અને કન્યાઓને, પધારેલ સાધુ–સાધ્વી ધર્મના બે શબ્દો કહે છે. કોઈ વખત બાળાઓ ધાર્મિક સંવાદો અને ગીતો રજૂ કરે છે. તે મુજબ આ વર્ષે કાંદાવાડી બીરાજતા મહાસતીજી શ્રી ઉજ્જવળકુમારીજી તથા લલિતાબાઈએ શાળાની મુલાકાત લીધી હતી અને તે સમયે બાળાઓએ નેમ–રાજુલ સંવાદ રજૂ કર્યો હતો.

સંસ્કૃતિ રક્ષક સંઘને એમ લાગે છે કે મહાસતીજીઓએ અનાજ રાહત પ્રવૃત્તિના ઉદ્‌ઘાટન સમયે હાજર રહી મંગળ વચન કહ્યાં તે સાધુ ધર્મની મર્યાદા વિરુદ્ધ છે અને કન્યાશાળાની મુલાકાત લઈ નેમ-રાજુલ સંવાદ સાંભળ્યો તેની સંઘે સખેદ નોંધ લીધી છે અને ભવિષ્યમાં આવી પ્રવૃત્તિ નહિ કરવા વિનંતિ કરી છે. વિશેષમાં સંઘનો ઠરાવ જણાવે છે કે કોન્ફરન્સના મુંબઈના અધિકારીઓ આવા સાંસારિક આરંભ સમારંભના કાર્યમાં સાધુ–સાધ્વીજીને પ્રોત્સાહન આપે છે એ ઘણું શોચનીય છે.

મેં ઉપર જણાવ્યું તેમ આ ઠરાવ એક મહત્ત્વનો મુદ્દો ઉપસ્થિત કરે છે. માનવસેવાની કોઈ પ્રવૃત્તિને સાધુ–સાધ્વી આવકારે, તે પ્રસંગે હાજર રહી મંગળ વચન કહે તો, શું એ સાધુધર્મની મર્યાદા વિરુદ્ધ છે? મારી નમ્ર સમજણ મુજબ આ માન્યતા ભૂલભરેલી છે. કદાચ આ તેરાપંથી માન્યતા હશે.

વર્તમાન સમયમાં જૈન સાધુ–સાધ્વી માનવસેવાની પ્રવૃત્તિને આવકારી પણ ન શકે, તે પ્રસંગે હાજર રહી મંગળ વચન પણ ન કહી શકે એવી જો 'સાધુ માર્ગી' 'જૈન સંસ્કૃતિ' હોય તો મને લાગે છે કયાંઈક પાયાની ભૂલ થાય છે. અહિંસાને નામે, માનવપ્રેમ કે માનવદયાને સ્થાન રહેતું ન હોય તો એ અહિંસાની ખોટી સમજણ છે એમ માનવું પડશે. અહિંસાના સર્વથા નકારાત્મક સ્વરૂપ પર ભાર મૂકીને જીવનને પ્રેમ કે દયાવિહોણું બનાવવામાં જ સાધુધર્મ સમાઈ જતો નથી. આવા સંસ્કૃતિરક્ષકો કદાચ સંસ્કૃતિનો નાશ કરવામાં જ વધારે ફાળો આપે છે એમ લાગે છે.

એવી જ રીતે કન્યાશાળામાં ધાર્મિક શિક્ષણ અપાતું હોય ત્યાં સાધુ–સાધ્વી પધારી બાળાઓને બે શબ્દો કહે, તેમના ધાર્મિક સંવાદ કે ગીતો સાંભળે તેમાં સાધુધર્મની મર્યાદાથી કાંઈ વિરુદ્ધ કર્યું હોય તેવું સામાન્ય માણસને તો નહિ લાગે, અતિ જ્ઞાનીની જુદી વાત છે.

સંસ્કૃતિરક્ષક સંઘની આ બેઠકમાં એક બીજો પણ ઠરાવ થયો છે–જે નીચે મુજબ છે:

પ્રસ્તાવ નં. ૯

"કોઈ કોઈ સાધુ તેરાપંથી અને મૂર્તિપૂજક સાધુ તથા મૂર્તિપૂજક સાધ્વી સાથે બેસીને વ્યાખ્યાન આપે છે. આ પ્રવૃત્તિ પરંપરાની પ્રતિકૂળ છે અને સમાજ માટે હાનિકારક પણ છે. આવી પ્રવૃત્તિ રોકવા માટે આચાર્યશ્રીને નિવેદન છે."

આ ઠરાવ ઉપર બહુ વિવેચનની જરૂર નથી. જૈનોની એકતાની વાતો ઘણી કરીએ છીએ. તે દિશામાં કોઈ પગલું લેવાય તેનો વિરોધ કરવો તે કેટલું અયોગ્ય છે તે દેખાઈ આવશે. એક સમય એવો હતો કે જ્યારે તેરાપંથી, મૂર્તિપૂજક અને સ્થાનકવાસી સમાજ વચ્ચે ખૂબ કટુતા હતી. તે ઓછી કરવાનો આજે આપણો પ્રયત્ન છે. ત્રણે ફીરકાના સાધુ–સાધ્વી સાથે બેસી વ્યાખ્યાન આપે તેમાં કઈ પરંપરાને પ્રતિકૂળ પ્રવૃત્તિ થઈ તે સમજાતું નથી. પણ એવી કોઈ પરંપરા હોય તો પણ આજે તેને પ્રોત્સાહન આપવું તેમાં સમાજ કે ધર્મનું હિત દેખાતું નથી. એ ખરું છે કે આવા પ્રસંગે કેટલીક સાવચેતી રાખવી પડે છે. એકબીજાનું દિલ દુભાય એવું કાંઈ કથન કે વર્તન કોઈનું ન થાય તે જોવું જોઈએ. પણ આવા પ્રસંગો જેટલા વધારે થાય તે ઈષ્ટ છે. મુંબઈમાં તો દર વર્ષે મહાવીર જયંતી બધા ફીરકાઓ સાથે મળી ઉજવે છે, ત્યારે બધા ફીરકાના સાધુ–સાધ્વી હાજર રહી પ્રવચન કરે છે.

સંસ્કૃતિ રક્ષક સંઘ સંસ્કૃતિની સાચી રક્ષા કરવા ઈચ્છતો હોય તો તેણે ઘણું કરવાનું છે. સંપ્રદાયવાદને દૂર કરી એક શ્રમણ સંઘ કરવાનું ભગીરથ કાર્ય કોન્ફરન્સે અને શ્રમણ સંઘે ઉપાડ્યું છે તેમાં સાથ આપે તો આ સંસ્કૃતિ રક્ષક સંઘ કાંઈક સત્‌કાર્ય કર્યાનો સંતોષ અનુભવશે. પણ આગમ અને સંસ્કૃતિને નામે ભેદ પડાવવાનું જ કાર્ય કરશે તો સંસ્કૃતિની રક્ષા તો નહિ જ કરે, બીજું ગમે તે કરે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

લોકશાહી દ્વારા સમાજવાદ

(૧૯૫૫ની સાલમાં અવાડી ખાતે ભરાયલા રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે કૉંગ્રેસના ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે ભારતમાં સમાજવાદી સમાજની સ્થાપના થાય—Socialistic pattern of socicty ઊભી થાય-એ ઢબે આયોજન કરવું. આગળ ચાલતાં ૧૯૫૬ની સાલમાં કૉંગ્રેસે પોતાના બંધારણની કલમ ૧માં સુધારો કરીને શાંતિમય અને ન્યાયી સાધનો દ્વારા "સહિયારા સહકારી સમાજવાદી રાજ્ય"નો પોતાના ધ્યેય તરીકે વિધિપુરઃસર સ્વીકાર કર્યો હતો. આ ધ્યેયની વિશેષ સ્પષ્ટતા થાય એ હેતુથી ગયા નવેમ્બર માસની ત્રીજી તથા ચોથી તારીખે જયપુર ખાતે મળેલી કૉંગ્રેસ મહાસમિતિની બેઠકમાં કૉંગ્રેસની કારોબારી તરફથી એક વિસ્તૃત નિવેદન રજૂ કરવામાં આવ્યું હતું અને તેમાં "લોકશાહી દ્વારા સમાજવાદ"થી કૉંગ્રેસ શું કહેવા અને સાધવા માગે છે તેનું વિશદ અને જરૂરી એવી વિગતોથી ભરેલું માર્ગદર્શન કરાવવામાં આવ્યું હતું. આ નિવેદન ઉપર સામાન્ય ચર્ચા થઈ હતી અને એ સંબંધે છેવટનો નિર્ણય લેવાનું થોડા આગામી જાન્યુઆરી માસમાં ભુવનેશ્વર ખાતે મળનાર કૉંગ્રેસ અધિવેશન ઉપર મુલતવી રાખવામાં આવ્યું હતું. રાષ્ટ્રના ભાવિ ઘડતરની દ્રષ્ટિએ આ નિવેદન ઘણું ઉપયોગી હોઈને તા. ૨૩-૧૧-'૬૩ની કૉંગ્રેસ પત્રિકા (અમદાવાદ)માં પ્રગટ કરવામાં આવેલ એ નિવેદનનો ગુજરાતી અનુવાદ અહીં સાભાર ઉદ્‌ધૃત કરવામાં આવે છે. તંત્રી)

૧. ભારતને વિદેશી શાસનમાંથી મુક્તિ અપાવનાર ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસને દેશનું સ્વાતંત્ર્ય હાંસલ કરવા ઉપરાંત સામાજિક ધ્યેયો પણ હતાં. મહાત્માજીના નેતૃત્વ પછી આ સામાજિક ધ્યેયોને રાષ્ટ્રીય આંદોલનમાં મહત્ત્વનું સ્થાન મળ્યું. કૉંગ્રેસના ઠરાવોમાં આ વખતોવખત વ્યક્ત કરવામાં આવ્યું છે, જેમાં ૧૯૩૧માં કરાંચી ખાતે કરવામાં આવેલો ઠરાવ મહત્ત્વનો છે. મહાત્માજીના જુદા જુદા રચનાત્મક કાર્યક્રમો ખાસ કરીને કોમી એકતા, અસ્પૃશ્યતા-નિવારણ, મહિલાઓનું સામાજિક ઉત્થાન, ગ્રામવિકાસ અને ગૃહ-ઉદ્યોગો—આ બધાંએ એક સામાજિક ધ્યેય સિદ્ધ કરવાનું હતું. આ કાર્યક્રમોમાંથી પેદા થયેલાં નવાં બળોએ આઝાદીના આંદોલનને નવી જ તાકાત આપી.

૨. સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી, સ્વાભાવિક રીતે જ સત્તા પરના પક્ષ તરીકે કૉંગ્રેસે આ સામાજિક ધ્યેયને ચોક્કસ આકાર આપવાનો હતો અને એ ધ્યેય સિદ્ધ કરવા ચોક્કસ પગલાં લેવાનાં હતાં. ભારતીય સંવિધાનનું આમુખ અને તેના માર્ગદર્શક સિદ્ધાંત ચોક્કસ દ્રષ્ટિએ જ ઘડવામાં આવ્યાં હતાં અને સંવિધાનની સ્વીકૃતિથી આ ધ્યેયો રાષ્ટ્રીય ધ્યેયો બની જાય છે.

૩. ભારતના સંવિધાનના આમુખ અને માર્ગદર્શક સિદ્ધાંતોમાં નક્કી કરવામાં આવેલી ભારતની નીતિને વેગ આપવા ૧૯૫૫માં આવડી ખાતે મળેલા ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના અધિવેશનમાં નિર્ણય લેવામાં આવ્યો કે કૉંગ્રેસના ધ્યેયને પરિપૂર્ણ કરવા સમાજવાદી સમાજની સ્થાપના થાય એ ઢબે આયોજન કરવું, જેમાં ઉત્પાદનનાં મુખ્ય સાધનો રાજ્યની માલિકીનાં હોય અથવા તો રાજ્યના અંકુશમાં હોય, ઉત્પાદન ક્રમશઃ વધે અને રાષ્ટ્રીય આવકની વાજબી વહેંચણી થાય. ૧૯૫૬માં કૉંગ્રેસે એના બંધારણની કલમ ૧માં શાંતિમય અને ન્યાયી સાધનો દ્વારા "સહિયારા સહકારી સમાજવાદી રાજ્ય"નો એના ધ્યેય તરીકે વિધિપુરઃસરનો સ્વીકાર કર્યો. આમ "સમાજવાદી ઢબના સમાજ"ની સ્થાપનાનો કૉંગ્રેસના ધ્યેય તરીકે સ્વીકાર થયો. અવનવી ઘટનાઓથી પરિપૂર્ણ એવા એના ઈતિહાસમાં કૉંગ્રેસ સતત અને મક્કમ રીતે આ ધ્યેયની દિશામાં સજાગપણે આગેકૂચ કરી રહી છે.

૪. આ પછી "સમાજવાદને માટે આયોજન"ના મુદ્દા પર કૉંગ્રેસ બે ચૂંટણીઓ લડી છે અને ભારતના લોકોએ કૉંગ્રેસની આ નીતિ મંજૂર રાખી છે. વિવિધ પંચવર્ષીય યોજનાઓને આકાર આપતી વખતે આ ધ્યેયને નજર સમક્ષ રાખવામાં આવ્યું છે. અને સંસદે પણ આર્થિક વિકાસની સમાજવાદી પદ્ધતિનો સ્વીકાર કર્યો છે.

૫. કૉંગ્રેસના દ્રષ્ટિકોણની પાયાની બાબતો અને કાર્યક્રમનાં મહત્ત્વનાં પાસાંઓ જેના દ્વારા સમાજવાદના ધ્યેયનો પૂરેપૂરો અમલ કરવાનો છે એના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

૬. ભારતીય સમાજની આર્થિક અને સામાજિક ક્રાંતિ માટે કૉંગ્રેસ કામ કરી રહી છે. લોકોના દ્રષ્ટિકોણમાં અને જે સંસ્થાઓ મારફતે તેઓ કામ કરે છે તેમાં ઝડપી પરિવર્તન દ્વારા આ ક્રાંતિ કરવાની છે. માનવ અને ભૌતિક સાધનોના સંપૂર્ણ અને અસરકારક ઉપયોગ દ્વારા આર્થિક વિપુલતા સિદ્ધ કરવાની છે, જેથી દરેક વ્યક્તિના કલ્યાણની બાંહેધરી આપી શકાય. દરેકને સમાનતા હોવી જોઈએ અને વિકાસમાં વાજબી હિસ્સો મળવો જોઈએ. વિશેષાધિકારો, અસમાનતા અને શોષણ નાબૂદ કરવાં જોઈએ. ભારતના સંવિધાનમાં ઉલ્લેખવામાં આવેલી લોકશાહી મૂલ્યોને જાળવીને અને વિકસાવીને ભારતના લોકોની સંમતિથી શાંતિમય સાધનો દ્વારા આ ક્રાંતિ કરવાની છે. આથી, ટૂંકમાં કૉંગ્રેસની વિચાર-સરણીને લોકશાહી, માનવપ્રતિષ્ઠા અને સામાજિક ન્યાયના પાયા પર રચાયેલો લોકશાહી—સમાજવાદ કહી શકાય.

૭. સમાજવાદી સમાજની સ્થાપના માટે આપણું સૌથી પહેલું ધ્યેય ગરીબ અને એનાં સાથી અનિષ્ટોને નાબૂદ કરવાનું હોવું જોઈએ. આ માટે એવો ઝડપી આર્થિક વિકાસ થવો જરૂરી છે જેમાં ઔદ્યોગિક અને ખેતીના ઉત્પાદનનું ધોરણ સતત વધતું જાય. આપણા ધીમા આર્થિક વિકાસનું કારણ આપણાં માનવ અને ભૌતિક સાધનોના પૂરા ઉપયોગની આપણી અશક્તિ છે, વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસનો પૂરતો લાભ લેવામાં આપણે નિષ્ફળ રહ્યા છીએ, તેથી આમ બને છે એવું કહેવામાં આવે છે.

૮. ઉત્પાદનનું આધુનિક તંત્ર બને તેટલી ઝડપથી ઊભું કરવું જોઈએ, જેથી ઉત્પાદનના ઊંચા ધોરણવાળું આધુનિક અને કાર્યક્ષમ અર્થતંત્ર સર્જી શકાય. ભારતમાં ખેતીની બાબતમાં આપણે પછાત છીએ. ખેતીના વધુ ઉત્પાદન માટે વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસના લાભ મળી શકે એવી જોગવાઈ કરવી જોઈએ. ખાસ કરીને ગામડાના વિસ્તારોમાંના મોટા અને વધતા જતા મજૂરવર્ગને રોજગારીની તકો પૂરી પાડવા વિકેન્દ્રિત નાના અને ગૃહઉદ્યોગોનું સ્થાન આ દેશના અર્થતંત્રમાં મહત્ત્વનું રહેશે. વાજબી વેતન અને જરૂરિયાતો સાથે સમપ્રમાણ ધોરણે રોજગારી નાના અને ગૃહઉદ્યોગ દ્વારા પૂરી પાડી શકાય એ માટે એની ટેકનીકમાં ઝડપી અને સતત સુધારો થતો રહેવો જોઈએ, અને ગ્રામ વિકાસ માટે વીજળી શકય એટલા વધુ વિસ્તારને પૂરી પાડવી જોઈએ.

૯. વિકાસની ગતિ સંતોષકારક રીતે વધારવા અર્થતંત્ર માટે મજબૂત ઔદ્યોગિક પાયો ઊભો કરવા આયોજનનો રાહ અનિવાર્ય છે. સાધનો, કારીગરો અને નિષ્ણાતોની આપણે ત્યાં અછત છે. આ અપૂરતાં સાધનોનો વધુમાં વધુ ઉપયોગ કરી શકાય એ માટે અગત્યાનુક્રમ નક્કી કરવા પડે છે અને યોગ્ય નીતિ ઘડવી પડે છે. અને એના અસરકારક અમલને માટે સંગઠનો ઊભાં કરવાં પડે છે. આથી કૉંગ્રેસે આયોજિત આર્થિક વિકાસના વિચારનો સ્વીકાર કર્યો છે.

૧૦. આયોજિત અર્થતંત્રની શિસ્ત યોજનાનાં સામાજિક ધ્યેય અને ઉત્પાદનનાં લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે જુદી જુદી કક્ષાએ અમુક ધારાધોરણોની અપેક્ષા રાખે છે. આર્થિક પ્રગતિથી આવકની અસમાનતા વધે નહિ અને ઉત્પાદનનાં સાધનો અને સંપત્તિ કેન્દ્રિત ન થાય એની બાંયધરી આપવી જરૂરી છે. જો આમ ન બને

તો, સામાજિક સ્થિરતા ભયમાં મૂકાય. લોકોની નજર સમક્ષ ન્યાયી સમાજવ્યવસ્થાનું એક ચિત્ર છે. જે ધીમે ધીમે હકીકત બનતું જાય છે. સાધનો અને વિકાસની ગતિ વધારવામાં એમનો ઉત્સાહ અને સહકાર એ મહત્ત્વની બાબત બની રહે છે.

૧૧. આ રીતે જોતાં દરેક વ્યકિતની મૂળભૂત જરુરિયાતોની જોગવાઈ વહેલામાં વહેલી તકે પૂરી પાડવાની બાંયધરી આપવામાં આવે એ ખૂબ જ અગત્યનું છે. અને ઓછામાં ઓછી રાષ્ટ્રીય જરુરિયાતો—અનાજ, કપડાં, વસવાટ, શિક્ષણ, આરોગ્યની સગવડો—વહેલામાં વહેલી તકે પૂરી પાડી શકાય એ સ્થિતિ ઊભી કરવી જોઈએ. આ બાબતમાં રાષ્ટ્રે પોતાનું લક્ષ્યાંક નક્કી કરવું જોઈએ અને પાંચમી પંચવર્ષીય યોજનાને અંતે એમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી શકાશે એવી આશા રાખવામાં આવે તો તે વ્યાજબી લેખાય. જો આમ નહિ થાય તો આયોજન અને પ્રગતિ બંને સામાન્ય માનવીને માટે અર્થહીન બની જશે. આવક અને સંપત્તિની હાલની વ્યાપક અસમાનતા આનાથી ઘટાડી શકાય છે. ટોચ અને તળિયા વચ્ચેનું અંતર ટૂંકા ગાળામાં અને નોંધપાત્ર રીતે ઘટાડવા માટેનાં બીજાં પગલાં પણ લેવાં જોઈએ, નીતિ અને સંગઠન બંને ક્ષેત્રમાં આ પગલાં લેવાવાં જોઈએ.

૧૨. ભારત સરકારની ઔદ્યોગિક નીતિમાં નક્કી કરવામાં આવ્યું છે તે મુજબ વેપાર અને ઉદ્યોગનાં ક્ષેત્રમાં જાહેર ક્ષેત્રને વ્યુહાત્મક અને મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. મોટા પાયાના ઉદ્યોગોમાં, ખાસ કરીને ભારે ઉદ્યોગોના તેમ જ આવશ્યક ચીજ-વસ્તુઓના વેપારમાં જાહેર ક્ષેત્રનો પ્રાગતિક ફેલાવો થવો જોઈએ. ખાનગી ક્ષેત્રને પણ દેશના અર્થતંત્રમાં મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. વિકાસના રાષ્ટ્રીય આયોજનના વ્યાપક વ્યુહમાં એણે એનો ભાગ ભજવવાનો છે. ખાનગી ક્ષેત્રમાં ખાસ કરીને ખેતી, નાના ઉદ્યોગો, પ્રોસેસિંગ ઉદ્યોગો અને છૂટક વેપારમાં સહકારી સંસ્થાઓનું મહત્ત્વ વધતું જ રહેશે.

૧૩. ઉદ્યોગોના ક્ષેત્રમાં ઉત્સાહ જળવાઈ રહે એવી જોગ-વાઈની સાથે સાથે લોકો, ઉપભોકતા અને મજૂરોના હિતનું પણ અસરકારક રક્ષણ થવું જોઈએ. ઉદ્યોગોના સંચાલનમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે એ રીતે કામદારને એમાં સામેલ કરવો જોઈએ. આ સ્થિતિ ઊભી કરવાની દિશામાં ઝડપી પગલાં ઉઠાવવાં જોઈએ. આથી કામદારોમાં ભાગીદારીની ભાવના જાગશે અને વધુ ઉત્પાદન માટે પ્રયાસ કરશે.

૧૪. સમાજનાં ઓછી આવકવાળાં જૂથો અને બીજા એવા વર્ગો માટે ભાવની સપાટી એ ખૂબ જ ચિંતાનો વિષય છે. ઘણા-ખરા કિસ્સાઓમાં ભાવના વધવા સાથે સાથે આવકમાં વધારો થતો નથી. ઉત્પાદન વધારવા બધાં જ પગલાં લેવાની બાબતને વધુ મહત્ત્વ આપવાની જરૂર છે. સાથે સાથે જ્યારે અછત ઊભી થાય ત્યારે એમાંથી થતી શોષણખોરી અટકાવવાના પગલાં પણ લેવાં જોઈએ. લોકોના વ્યાપક હિત માટે અનિવાર્ય બને ત્યારે અંકુશનો અમલ થવો જોઈએ. અંકુશની સામે લોકોને વાંધો નથી હોતો, પણ ખામી ભરેલા વહીવટ સામે વાંધો હોય છે. લોકોના સહકાર અને પ્રામાણિક વહીવટથી અંકુશોના અમલને સરળ બનાવવાના બધા જ પ્રયાસો કરવા જોઈએ.

૧૫. ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં ખેતીના અર્થતંત્રનું માળખું, ખેતીના સંબંધો અને કાયદાઓનું ખૂબ જ મહત્ત્વ હોય છે. ભારતનો ઔદ્યોગિક વિકાસ ખેતીના વધતા જતાં ઉત્પાદન સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. ખેતીના ઉત્પાદનમાં જો વધારો થતો ન રહે તો ભારતની વધતી જતી વસતિને માટે અનાજના પૂરવઠા માટે સતત બહારની મદદ પર આધાર રાખવો પડે. એ રીતે ખેતીનું મહત્ત્વ ખૂબ જ છે.

૧૬. કૉંગ્રેસની જમીન અંગેની નીતિ એવી છે કે ખરા ખેડૂતને રાજ્ય સાથેના સીધા સંપર્કમાં મૂકવો અને વચગાળાનાં હિતોને નાબૂદ કરવાં. જાતખેડ માટેની જમીનની ટોચ નક્કી કરવી. ખેત મજૂરો માટે લઘુતમ વેતન અને સહાયક ધંધાઓમાં રોજગારીની સવલત પણ થવી જોઈએ. ગામડાના લોકોના મરજિયાત જોડાણની ભૂમિકાએ રચાયેલું સહકારી ગ્રામીણ અર્થતંત્ર એ જમીનસુધારાનો પાયો હોવો જોઈએ. આખા યે દેશમાં જમીનસુધારાનો અમલ એક સરખો નથી. આગામી બે વર્ષો દરમિયાન જમીનસુધારાનો કાર્યક્રમ પૂરો કરવાના પ્રામાણિક અને નિષ્ઠાપૂર્વકના પ્રયાસો કરવા જોઈએ. ખેડૂતોને ધીરાણ અને બજારની સગવડો આપવામાં સહકારી ક્ષેત્રે મહત્ત્વનો ભાગ ભજવવો જોઈએ. જ્યાં શકય હોય ત્યાં સંબંધ-કર્તા ખેડૂતોની સંમતિથી સંયુકત સહકારી ખેતી કરવી જોઈએ. આ કાર્યક્રમમાં પંચાયતી રાજ અને સામૂહિક વિકાસે મહત્ત્વનો ભાગ ભજવવાનો છે.

૧૭. સામાજિક સેવાના ક્ષેત્રમાંની આપણી પ્રવૃત્તિઓને ચોક્કસ સ્વરૂપે અમલમાં મૂકીને અને સામાજિક સલામતીની દિશામાં હિંમતભર્યાં પગલાં લઈને કંઈક અંશે તકની સમાનતા ઊભી કરીને સામાન્ય માનવી અને લોકસમૂહના નબળા વર્ગની મુશ્કેલીઓ આપણે દૂર કરી શકીએ. સંકટના સમયમાં રાહત અને સહાયનાં પગલાં લેવાં જોઈએ. આ ક્ષેત્રમાં પણ આ અગત્યાનુક્રમની પદ્ધતિના આધારે જ આપણે સાધનોનો સારો ઉપયોગ કરી શકીશું. દાખલા તરીકે ગામડાના વિસ્તારોમાં અમુક ચોક્કસ સમયમાં બધે જ પીવાનું પાણી પૂરું પાડવાની જોગવાઈ કરી દેવી જોઈએ. શૈક્ષણિક સગવડોનો ફેલાવો એ ઉચ્ચ અગત્યાનુક્રમમાં આવતી બીજી બાબત ગણી શકાય. આમાં અને આરોગ્યની બીજી બાબતમાં બાળકને પહેલી પસંદગી મળવી જોઈએ. દરેક બાળકને એની શકિત પ્રમાણે શિક્ષણ મેળવવાની સગવડ મળવી જોઈએ. માબાપની ગરીબીને લઈને શકિતશાળી બાળક એની શકિત પ્રમાણેની ઉચ્ચ કેળવણી મેળવવાથી વંચિત ન રહેવું જોઈએ.

૧૮. વધારે ઊંચા જીવનધોરણની પ્રાપ્તિ અને સામાજિક ન્યાય અને સામાજિક સલામતીની જોગવાઈનો આધાર ઝડપી આર્થિક વિકાસની સફળતા પર આધાર રાખે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના સંપૂર્ણ ઉપયોગથી જ આ શકય બને એમ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના સતત વિકાસની સાથે સંબંધ ન હોય એવા સમાજવાદી સમાજની કલ્પના જ ન થઈ શકે. વૈજ્ઞાનિક અને ટેક-નિકલ શિક્ષણની વ્યાપક ભૂમિકા તૈયાર કરવી જોઈએ અને સંશો-ધનના ક્ષેત્રે ઝડપી પ્રગતિ થાય અને દેશમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવાય અને હવા ફેલાય એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ.

૧૯. આપણા દેશની સામાજિક અને આર્થિક પરિસ્થિતિનું એક પાસું સમાજવિરોધી પ્રવૃત્તિ છે, જેના તરફ પૂરતું ધ્યાન આપવામાં આવ્યું નથી. એની અસર એ થાય છે કે, સંપત્તિનું કેન્દ્રીકરણ થાય છે અને અસમાનતા અને ઈજારાવાદી વલણ વધતાં થાય છે. સટ્ટાથી થતા લાભો, જુદી જુદી જાતની ગેરકાયદેસર આવકો અને કાયદેસરની જવાબદારીઓમાંથી છટકવાની પ્રવૃત્તિથી અપ્રમા-ણિક વ્યકિતઓના હાથમાં કાળું નાણું મોટા પ્રમાણમાં ભેગું થાય છે. અસામાજિક તત્ત્વોની પ્રવૃત્તિઓ અર્થતંત્રમાં વિકૃતિઓ ઊભી કરે છે અને જે વલણો તેઓ ફેલાવે છે તે દેશના રાજકીય અને સામાજિક જીવનના પાયાને હચમચાવી મૂકે છે. સમાજવિરોધી તત્ત્વોની વધતી જતી અનીચ્છનીય પ્રવૃત્તિ લોકશાહી અને સમાજ-વાદને પડકારરૂપ છે. પદ્ધતિસરનાં અને સખત પગલાંથી આનો સામનો થવો જોઈએ.

૨૦. સમાજના આર્થિક સંબંધોમાં પરિવર્તન એટલો જ સમાજવાદનો અર્થ નથી. સમાજના માળખામાં એની વિચાર-

સરણીમાં અને જીવનપદ્ધતિમાં કેટલાક પાયાના ફેરફારોનો એમાં સમાવેશ થાય છે. કોંગ્રેસની વિચારસરણીના સમાજવાદી સમાજમાં જ્ઞાતિ કે વર્ગને સ્થાન નથી. જન્મ, જ્ઞાતિ, વર્ગ, નાણાં કે અધિકારના વારસાથી મળતા વિશેષાધિકારને રદ કરવો જોઈએ. જીવનના દરેક ક્ષેત્રમાં વ્યકિતનું ગૌરવ જળવાય એની બાંયધરી આપવી જોઈએ. કોંગ્રેસીઓએ પોતાનું જીવન સમાજવાદી દર્શનના દૃષ્ટાંતરૂપ બનાવવું જોઈએ.

૨૧. વધુ ભૌતિક સંપત્તિ માનવજીવનને સમૃદ્ધ કે સાર્થક નહિ બનાવે. આર્થિક વિકાસની સાથે સાથે નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો પણ વિકાસ થવો જોઈએ. માનવચરિત્ર અને સંપત્તિનો સંપૂર્ણ વિકાસ આનાથી જ થશે. આ ભૂમિકાએ ધન ભેગું કરવાની વૃત્તિવાળા માળખાને એક એવા સમાજમાં બદલી શકાય કે જે સમાજવાદી હોય છતાં એમાં વ્યકિત અને લોકસમૂહના વિકાસને માટે પૂરતું પ્રોત્સાહન મળી રહે એમ હોય.

૨૨. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની જે સમાજવાદી સમાજની કલ્પના છે કે એમાં ગરીબી, રોગ અને અજ્ઞાનને નાબૂદ કરવામાં આવશે, એમાં સંપત્તિ અને વિશેષાધિકારોની ચોક્કસ મર્યાદા હશે, એમાં બધા જ નાગરિકોને માટે સમાન તક હશે અને નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો વ્યકિત અને લોકસમૂહના જીવનને સમૃદ્ધ કરતાં હશે.

એક અપંગની આકાંક્ષા

(આત્મબળથી સ્વાશ્રયી બનવા માગતા એક અપંગની આકાંક્ષા નીચેના અવતરણમાં શબ્દાંકિત કરવામાં આવી છે, પણ એક રીતે વિચારીએ તો આપણે બધા સામાન્ય માનવીઓ નાની મોટી અનેક નબળાઈઓના અને પરાવલંબિતાના કારણે એક પ્રકારની પંગુતાના ભોગ બનેલા હોઈએ છીએ તો આપણ સર્વના દિલમાં પણ આવી જ આકાંક્ષા—મહેચ્છા—પેદા થવી જોઈએ અને આપણું સમગ્ર જીવન પુરુષાર્થલક્ષી બનવું જોઈએ, અને સામાન્યમાંથી અસામાન્ય બનવા તરફ સતત ગતિશીલ રહેવું જોઈએ. પરમાનંદ)

મારે સામાન્ય માનવી થવું નથી. અસામાન્ય માનવી થવાનો મારો મનોરથ છે, મારો હક્ક છે. હું તક શોધું છું, સહીસલામતી નહિ. રાજ્યને ખરી સંભાળ લેવી પડે અને તેથી રાજ્યનો ઓશિયાળો બનીને જીવવું પડે—એવો હું રાજ્યરક્ષિત દયાપાત્ર નાગરિક બનવા ઈચ્છતો નથી. હું સમજણપૂર્વકનું જોખમ ખેડવા માગું છું, સ્વપ્નો સેવવા અને નવનિર્માણ કરવા, નિષ્ફળતાને ભેટવા અને સફળતાને આવકારવા માગું છું. હું અપંગ છું પણ અસહાય લેખાવા માગતો નથી. સ્વયંસ્ફુરિત કર્તૃત્વશકિતના ભોગે પેટીયું મેળવવાનો હું ઈન્કાર કરું છું. સુરક્ષિત અસ્તિત્વને બદલે જીવનના પડકારને બહાદુરીપૂર્વક ઝીલવાનું, મનોહર કલ્પનાઓમાં રાચવાને બદલે કોઈ નક્કર સિદ્ધિના રોમાંચને માણવાનું હું વધારે પસંદ કરું છું. કદિ પણ કોઈ માલિકની કદમબોશી હું કરીશ નહિ, કદિ પણ કોઈની ધાકધમકીને હું તાબે થઈશ નહિ. કોઈથી પણ ભય પામ્યા કે ખંચકાયા સિવાય, સ્વમાનભેર, ટટ્ટાર ઊભા રહેવું, મારી જાત વિષે મારે જ વિચાર કરવો, અને મારે જ નિર્ણયો લેવા અને દુનિયા સામે છાતી કાઢીને, મારા અનેક દુ:ખી, અંધ, અપંગ, વિકળ ભાઈ—બહેનો માટે, મારા માટે અને તમારા માટે 'મેં આ કર્યું છે.' એમ હિમતપૂર્વક જાહેર કરવું—આ મારો વારસો છે—જન્મસિદ્ધ હક્ક છે. માનવી બનવું—સાચા માનવી બનવું—એનો અર્થ આ છે.

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં મુદ્રણશુદ્ધિ

(૧) પાનું ૧૩૦ પહેલી કોલમમાં છપાયું છે "અને કાળનિરપેક્ષ વ્યકિતને તેનું નિરપેક્ષ અસ્તિત્વ કાયમ છે" તેના સ્થાને આ મુજબ વાંચવું "અને આ કરુણાવૃત્તિનું કાળનિરપેક્ષ અસ્તિત્વ કાયમ છે."

(૨) એ જ પાના ઉપર બીજી કોલમમાં શરૂ થતા પારિગ્રાફથી શરૂ થતી નોંધ ઉપર "આ તે કેવી જીવનનિષ્ઠા!" એ પ્રકારનું મથાળું મૂકવું રહી ગયું છે. આ મથાળું મૂકીને આ નોંધને આગળની નોંધથી જુદી પાડવી. તંત્રી, પ્રબુદ્ધ જીવન

આગામી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ વિદ્વદ્વર્ય શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ

('મૃચ્છકટિક'ની વસ્તુ ઉપર આધારિત એવી 'શર્વિલક' નામની નાટયરચનાની કદર તરીકે ભારત સરકાર તરફથી ૧૯૬૧ની સાલમાં જેમને રૂા. ૫૦૦૦નું પારિતોષિક મળ્યું હતું અને એ જ અરસામાં પ્રગટ થયેલ 'બુદ્ધિ પ્રકાશ' દ્વારા (માર્ચ ૧૯૬૧) જેમનો તેમના એક વડિલ અને સાહિત્યસાથી મિત્ર પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ પરિચય કરાવ્યો હતો એવા શ્રી રસિકલાલ છોટાલાલ પરીખનો પરિચયલેખ, જ્યારે મુંબઈ વિલેપારલે ખાતે ચાલુ ડિસેમ્બર માસની ૨૮, ૨૯ તથા ૩૦મી તારીખે ભરાનાર ગુજરાતી સાહિત્યપરિષદનું તેઓ પ્રમુખસ્થાન શોભાવવાના છે ત્યારે, 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરતાં અને એ રીતે તેમના આજીવન વિદ્યાવ્યાસંગને વરેલા વિરલ વ્યકિતત્વની ઓળખાણ કરાવતાં હું આનંદ તેમ જ સંતોષ અનુભવું છું. પરમાનંદ)

હમણાં જ જેની જાહેરાત થઈ છે તે પાંચ હજાર રૂપિયાનું સાહિત્યિક પારિતોષિક મેળવનાર પુરુષ એ જ ગુજરાતના પ્રૌઢ સુવિદ્વાન શ્રી રસિકલાલ છો. પરીખ. શ્રીયુત રસિકભાઈ વિમળશાહ અને વસ્તુપાળના વંશજ છે, એટલું જ નહિ પણ, એ પોરવાળ વંશના અનેકવિધ સાહિત્ય, કળા અને વિદ્યાવિષયક સંસ્કારોનો વિકસિત વારસો ધરાવનાર પણ છે. તેઓ, આમ તો, પેથાપુરવાસી છે, પણ એમના પિતાશ્રી સાદરામાં એક પ્રતિષ્ઠિત વકીલ તરીકે કામ, કરતા. એમના પિતાશ્રીનો મનોરથ પુત્રને વિલાયત મોકલી બેરિસ્ટર કરવાનો હતો, પણ એ સમય આવે એ પહેલાં જ પિતાશ્રી ગુજરી ગયા. શ્રી રસિકભાઈ પૂના ફરગ્યુસન કોલેજમાં અધ્યયન કરતા. એમનો મુખ્ય અને રસનો વિષય સંસ્કૃત અને સાથે સાથે દર્શન. એમના અધ્યાપકો પૈકી બેનાં નામ જાણવા જેવાં છે, જેમણે રસિકભાઈની મનોવૃત્તિ અજબ રીતે ઘડી એમ કહી શકાય. સ્વર્ગવાસી ડૉ. રાનડે જેઓ અસાધારણ તત્ત્વજ્ઞ તરીકે જાણીતા છે અને બીજા સ્વર્ગવાસી પ્રૉ. ગુણે. પ્રાચીન સંસ્કૃત પ્રણાલિકાના ઉચ્ચત્તમ વિદ્વાન વાસુદેવ અભ્યંકર શાસ્ત્રીએ પણ શ્રીયુત રસિકભાઈને પ્રાચ્ય વિદ્યાપ્રણાલિનો મનોરમ આસ્વાદ કરાવેલો. ફરગ્યુસન કૉલેજના વિદ્યાસંસ્કાર અને ભાવનાપ્રધાન વાતાવરણે એમના મનને જુદી જ રીતે ઘડયું. આને લીધે તેઓએ બેરિસ્ટરીનો વિચાર તો પડતો જ મૂકયો, પણ પોતાના કેટલાક મિત્રો સાથે ગુજરાતમાં આવી શિક્ષણ વિષયક સેવાભાવી પ્રવૃત્તિ ચલાવવાનો સંકલ્પ કર્યો, અને પૂનામાં ચાલતી ડેક્કન એજ્યુકેશનલ સોસાયટીની પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા લઈ અમદાવાદમાં એક ગુજરાત શિક્ષણમંડળ દ્વારા શિક્ષણની પ્રવૃત્તિ શરૂ કરી. આ પ્રવૃત્તિમાં શ્રી ઈંદુલાલ યાજ્ઞિક, સ્વ. રામનારાયણ પાઠક વગેરે અનેક મિત્રો સમ્મિલિત હતા.

થોડા જ વખતમાં ગાંધીજીની સત્યાગ્રહ અને અસહકારની હિલચાલનો જુવાળ એટલો વેગથી વધ્યો કે તેમાં આવા ઉત્સાહી દેશપ્રેમી યુવકો તણાયા વિના ભાગ્યે જ રહી શકે. શ્રીયુત રસિકભાઈ એમના વિશિષ્ટ મિત્રમંડળ સાથે રાષ્ટ્રીય કેળવણીની સ્થાપનાના વખતથી જ ગાંધીજીની પ્રવૃત્તિમાં જોડાઈ ગયા. ગુજરાત વિદ્યાપીઠ અસ્તિત્વમાં આવ્યું; તેમાં મહાવિદ્યાલય અને પુરાતત્ત્વમંદિર એ બે વિશિષ્ટ સંસ્થાઓ. શ્રીયુત રસિકભાઈ એ મહાવિદ્યાલયના એક પ્રાધ્યાપક, અને પુરાતત્ત્વમંદિરના મુખ્યમંત્રી. તે કાળે મહાવિદ્યાલયમાં ભણેલ અને આગળ જતાં જુદાં જુદાં અનેક ક્ષેત્રોએ નામના મેળવેલ હોય એવી અનેક વ્યકિતઓ શ્રીયુત રસિકભાઈ પાસે અભ્યાસ કરી ગયેલ છે. મહાવિદ્યાલયના એ જ અધ્યાપનકાળમાં તેમણે 'વૈદિક પાઠાવલી' તૈયાર કરેલી, જેની ખાસ માગણીને કારણે હમણાં જ બીજી આવૃત્તિ તૈયાર થઈ છે. પુરાતત્વમંદિરનું ત્રૈમાસિક 'પુરાતત્ત્વ' એ શ્રીયુત રસિકભાઈની કલ્પનાનું સાકાર

નિદર્શન છે. ગુજરાત બહાર પ્રવાસ કરતાં જ્યારે ગાંધીજીએ ગુજરાતી 'પુરાતત્ત્વ'ની વિદ્વાનો દ્વારા પ્રસંશા સાંભળી, ત્યારે ગાંધીજીને એમ થયું કે 'પુરાતત્ત્વ' ચલાવવામાં ખોટ સહેવી પડે છે એ ફરિયાદ નકામી છે. તે વખતે શ્રીયુત રસિકભાઈએ સ્વતંત્રપણે અને શ્રી રામનારાયણ પાઠક સાથે મળી જે કામો કરેલાં છે તે ધ્યાન ખેંચે એવાં છે. 'યુગધર્મ' માસિકમાં શ્રી રસિકભાઈના જે લેખો મુદ્રિત છે, તે આજે પણ ભારતીય સંસ્કૃતીના જિજ્ઞાસુને અનેક રીતે સહાયક થઈ પડે એવા છે. ભાસનાં થોડાંક નાટકો અને 'કાવ્યપ્રકાશ'નો અનુવાદ તેમ જ 'પ્રસ્થાન' માસિક—એ એ મિત્રયુગલની જીવંત સ્મૃતિસમ છે.

શ્રીયુત રસિકભાઈની જે મૌલિક વિશેષતા છે, તે તો એ છે કે નાऽमूलं लिख्यते किंचित्। શબ્દો થોડા પણ વકતવ્ય ઘણું; અને આ બધાંની ભૂમિકારૂપે એમના વાચનની નિ:સીમ વિશાળતા તેમ જ બધું પૂરું સમજીને જ આગળ વધવાની ટેવ.

વૈદિક, બૌદ્ધ, જૈન આદિ ભારતીય પરંપરાઓ તેમ જ પાશ્ચાત્ય ભાષા, સાહિત્ય, તત્ત્વજ્ઞાન આદિને સ્પર્શતી વિદેશી પરંપરાઓના વ્યાપક જ્ઞાનને લીધે શ્રીયુત રસિકભાઈમાં એવું સાંસ્કારિક રસાયન જન્મવા પામ્યું છે કે તેને લીધે તેઓ કોઈ પણ નીતિ, પંથ કે દેશની સંકુચિત સીમાઓમાં બંધાઈ રહેતા નથી. આ અને આવી બીજી ઘણી વિશેષતાઓનેં લીધે જ સ્વ. ડૉ. આનંદશંકર ધ્રુવે એમને ગુજરાત વિદ્યાસભાનું સંચાલન સોંપ્યું. શ્રીયુત રસિકભાઈએ, ધ્રુવજીએ કલ્પી ન હોય એટલી એમની આશાને સફળ કરી છે, એ વાત ગુજરાત વિદ્યાસભાના વિકાસનો છેલ્લાં વીશ વર્ષનો ઈતિહાસ જાણનાર કહી શકશે. એન્શ્યન્ટ ઈન્ડિયન હિસ્ટરી અને કલ્ચરને એમ. એ.ના અભ્યાસક્રમમાં દાખલ કરાવી એનું સફળ સંચાલન કરાવ્યું એ શ્રીયુત રસિકભાઈને જ આભારી છે. આ વિષેના અનેક એમ. એ. ગુજરાતમાં અને ગુજરાત બહાર તે તે સંસ્થાઓમાં કામ કરે છે એ શ્રી રસિકભાઈના જ વિદ્યાર્થીઓ. ગુજરાત વિદ્યાસભાએ ભો. જે. વિદ્યાભવન દ્વારા જે ઉચ્ચ અધ્યયન, અધ્યાપન અને સંશોધનની પ્રવૃત્તિ શરૂ કરી અને અત્યારે પણ ચાલુ રાખી છે, તેનો મુખ્ય જશ શ્રીયુત રસિકભાઈને ફાળે જાય છે. ગયા વર્ષમાં ભો. જે. વિદ્યાભવનના નવા મકાનનું ઉદ્‌ઘાટન કરતી વખતે શેઠશ્રી કસ્તુરભાઈએ જે એવી મતલબનું કહેલું કે પૈસા અને બીજું બધું હોત છતાં રસિકલાલ પરીખ આમાં ન હોત તો આ સંસ્થા જે કાંઈ કરી શકી છે તે કરી શકી ન હોત તે અક્ષરશ: સાચું છે.

શ્રીયુત રસિકભાઈ સંસ્કૃત, પ્રાકૃત, પાલી, અંગ્રેજી આદિ ભાષાઓ તો જાણે જ છે; દર્શન, તર્કશાસ્ત્ર, અને તેમાંય યોગશાસ્ત્ર એ પણ એમનો પ્રિય વિષય છે; રાજકારણ અને ઈતિહાસના સંસ્કારો પણ એમના વિશિષ્ટ છે; પણ બધામાં મોખરે તરી આવે એવી એમની કળા એ વાર્તા, કાવ્ય અને નાટકવિષયક છે. તેઓ ગાઈ કે બજાવી જાણતા નથી, અભિનય પણ કરી શકતા નથી, પણ એમનું સંગીત, નૃત્ય અને અભિનયવિષયક જ્ઞાન અને એની સમજ, એ શાસ્ત્રીય તેમ જ ઊંડાં છે. સ્વ. ભાતખંડે અને તેમના મુખ્ય શિષ્ય શ્રી વાડીલાલભાઈ ભોજકનો પાસ શ્રીયુત રસિકભાઈને ઠીક ઠીક લાગેલો છે; ત્યાં સુધી કે એમણે પોતાના પુત્ર પરિવારમાં કોઈને એક પ્રકારની તો કોઈને બીજા પ્રકારની એ વિષેની તાલીમ અપાવી છે. સ્વ. બાપુભાઈ નાયકનું સખ્ય એમણે આ જ દૃષ્ટિએ કેળવેલું. અને વયોવૃદ્ધ શ્રી જયશંકરભાઈ 'સુંદરી', જે સર્વથા નિવૃત્ત જીવન ગાળવા છતાં વતન છોડી અમદાવાદમાં આવી કેટલાંય વર્ષો થયાં નાટયવિદ્યાની પ્રત્યક્ષ પ્રવૃત્તિ પોષી રહ્યા છે, તે એકમાત્ર શ્રીયુત રસિકભાઈના આકર્ષણને આભારી છે. 'મેના ગુર્જરી' નાટકની શ્રીયુત રસિકભાઈની રચના અને શ્રીયુત 'સુંદરી'નું પ્રાયોગિક જ્ઞાન, એ બંનેના સુભગ મિલનને કારણે જ 'મેના ગુર્જરી'એ ગુજરાતમાં અને ગુજરાત બહાર નામના મેળવી છે.

આમ તો શ્રીયુત રસિકભાઈ વિષે શું લખવું અને શું છોડી દેવું એનો ઝડપથી વિવેક કરવાનું કામ મારે માટે અત્યારે સહેલું નથી; છતાં ય એમને વિષે એક વિધાન નિ:શંકરૂપે કરી શકાય કે અત્યારના ગુજરાતમાં જે જે મારા પરિચિત વિશિષ્ટ વિદ્વાનો અને પ્રાધ્યાપકો છે તે બધાયમાં હું શ્રી રસિકભાઈને મૂર્ધન્ય તરીકે લેખું છું. તેથી જ ગુજરાતની ત્રણ યુનિવર્સિટીઓ જ નહિ, પણ મુંબઈ અને પૂનાની વિદ્યાસંસ્થાઓ સુદ્ધાં પોતપોતાની કોઈ ને કોઈ કમિટીમાં શ્રીયુત રસિકભાઈને સાંકળી રાખવામાં ગૌરવ અનુભવે છે. એમણે 'કાવ્યાનુશાસન' આદિ અનેક ગ્રંથોનું સંપાદન કર્યું છે, પણ તેમના અધ્યયનની વિશાળતા અને વિશ્લેષણની મૌલિકતા, એ તેમની પ્રસ્તાવનામાં જોવા મળે છે. મેં એકવાર સભા સમક્ષ ખુલ્લા દિલે કહેલું કે હું મારું લખાણ શ્રીયુત રસિકભાઈ અને પં. શ્રી દલસુખભાઈ માલવણિયા એ બંનેને સંભળાવ્યા વિના ને તેમની સંમતિ મેળવ્યા વિના પ્રસિદ્ધ કરતો નથી એ માત્ર તેમના તટસ્થ વિશાળ અધ્યયન પ્રત્યેના મારા આદરને કારણે.

જે 'શર્વિલક'ને લક્ષી એમને રાષ્ટ્રીય પારિતોષિક મળ્યું છે તે 'શર્વિલક' વિષે લખવાનું આ સ્થાન નથી. તે વિષે તો અહિ એટલું જ કહી શકાય કે જેઓ નાટય—સાહિત્યના રસિક અને પારખુ હોય તેઓ એને સ્વસ્થપણે વાંચી લે. શ્રીયુત રસિકભાઈની તબિયત હંમેશાં એકસરખી નથી રહેતી. ઉમર બહુ ન કહેવાય તોય સાઠ ઉપર તો ગઈ જ છે. વિવિધ વિદ્યાઓનો પરિપાક પણ એમનામાં ઠીક ઠીક છે. તેઓ ભલે પોતાની પ્રિય નાટક આદિ પ્રવૃત્તિઓ ખીલવે; છતાં એમના તેંતાળીસ વર્ષ જેટલા લાંબા પરિચયપટને આધારે હું એમની પાસેથી માત્ર ગુજરાત માટે જ નહિ, પણ સર્વસાધારણ માટે એક તત્ત્વજ્ઞાનવિષયક વ્યાખ્યાનમાળા કે પુસ્તકની અપેક્ષા સેવું છું. જો તેઓ તત્ત્વજ્ઞાનના અનેક વિષયોને આવરી વ્યાખ્યાનો ન આપે કે ન લખે તોય છેવટે તેઓ યોગની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ વિષેની ભૂમિકાઓ ઉપર લખે તોય એમાં ઘણું સારતત્ત્વ આપણને મળશે એમ હું માનું છું. હમણાં જ એમણે વડોદરામાં રસ કે આનંદમિમાંસા વિષય ઉપર વ્યાખ્યાનો આપેલાં, પણ હું જે વ્યાખ્યાનો વિષે અભિલાષા રાખું છું તે ભારતીય આધ્યાત્મિકોની અધ્યાત્મપ્રણાલિઓ વિષે.

શ્રીયુત રસિકભાઈએ નાટક—કળા જેવી દશ્ય અને શ્રાવ્ય કળા ખીલવી ન હોત તો દિલ્હીનું ધ્યાન ભાગ્યે જ આકર્ષાત, અને ગુજરાત તો ઘરના આંગણે પુરબહારમાં ખીલેલ ગુલાબપુષ્પની સુવાસ ભાગ્યે જ મેળવી શકત. પણ એમનામાં જે તત્ત્વજ્ઞ અને દાર્શનિકની ઊંડી સમજની વિશિષ્ટ છતાં અમૂર્ન સુવાસ છે તેનું અભિનંદન દિલ્હી કે બીજી કોઈ બહારની સંસ્થાની અપેક્ષા સિવાય જ આપણે સમજદાર ગુજરાતીઓ જેટલું વહેલું કરીએ તેટલી જ આપણી સાચી ગુણપરીક્ષા ઠરે.

પંડિત સુખલાલજી

વિષયસૂચિ

		પૃષ્ઠ
કરુણામૂર્તિ શ્રીમતી રુક્મણી એરૂંડેલનો પરિચય		૧
સ્વ. મોહનલાલ મોતીચંદ ગઢડાવાળા અને આજનું સૌરાષ્ટ્ર	પરમાનંદ	૩
હિંદુધર્મ અને જૈનધર્મ	દલસુખ માલવણિયા	૪
"સંસ્કૃતિ—રક્ષકો"	ચીમનલાલ ચકુભાઈ શાહ	૬
લોકશાહી દ્વારા સમાજવાદ		૭
એક અપંગની આકાંક્ષા	પરમાનંદ	૯
આગામી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ: વિદ્વદ્‌વર્ય શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ	પંડિત સુખલાલજી	૯

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.